॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ગ્રંથમાળા - ૩૧

વડતાલધામ

મહિમા લીલાગાથા

ભાગ - ૨

મહિમા ● લીલાપ્રસંગ ● દર્શન



પ્રસિદ્ધ કર્તા : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥



શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ - વડતાલધામ

उद्धवज्ञानदातारं धर्मभक्तिवरप्रदम् ।
वन्देऽहं राधिकायुक्तं वृन्दावनविहारिणम् ॥



શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણદેવ - વડતાલધામ

श्रीकान्तं द्वारिकाधीशं लक्ष्मीनारायणं तथा ।
वन्देऽहं स्वेष्टदातारं देशवृत्तालयस्थितम् ॥



શ્રી વાસુદેવનારાયણ, શ્રી ધર્મ-ભક્તિ - વડતાલધામ

धर्मभक्तिवासुदेवं भक्तदोषनिवारकम् ।
वन्देऽहं दुःखहर्तार विद्याशक्तियशःप्रदम् ॥



શ્રી ઘનશ્યામ મહારાજ
અક્ષરભુવન



શ્રી ઘનશ્યામ મહારાજ - અક્ષરભુવન



શ્રી ઘનશ્યામ મહારાજ
હરિમંડપ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



॥ શ્રી હરિકૃષ્ણ ॥

સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

શ્રી લક્ષ્મીનારાયણ દેવ દક્ષિણ દેશ ગાદી

સંસ્થાન : વડતાલ - પીન : ૩૮૭ ૩૭૫

આચાર્ય જા. ર. નં. ૮૧/૨૦૮૦

આશીર્વાદપત્ર

તા.૧૨ - ૧૦ - ૨૦૨૪

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પિઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિશય પ્રિય તેમજ વારંવાર જેમને યાદ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનું કેન્દ્ર સ્થાન બનાવ્યું એવું અક્ષરધામ તુલ્ય "શ્રી વડતાલધામ" તેમનો મહિમા અવર્ણનીય છે. એવા વૃત્તપુરનો મહિમા દરેક ગ્રંથો વગેરેમાંથી સંકલન કરી શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા **"શ્રી વડતાલ લીલા ભાગ – ૧ - ૨"** નું **શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ** અંતર્ગત વડતાલ મંદિર દ્વારા પ્રકાશન થઈ રહ્યું છે. ત્યારે દરેક જીવમાત્રના હૃદયમાં વડતાલધામ પ્રત્યે આ પુસ્તકને વાંચ્યા પછી વિશેષ નિષ્ઠા દ્રઢ થાય તેવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદમાં પ્રાર્થના.

તેમજ આ પુસ્તકમાં સંપાદનની તેમજ સંકલનની સાથે સાથે આર્થિક સેવા કરનાર તમામ ઉપર ભગવાન શ્રીહરિની કૃપા વરસતી રહે તેવી શ્રીહરિના ચરણ કમળમાં પ્રાર્થના સહ શુભાશિર્વાદની સાથે અમારા અતિ ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

શ્રી નિલકણ્ઠ ! હરિકૃષ્ણ ! હરે ! દયાલો, સ્વામિન્ ! પરાત્પરવરાક્ષર ધામવાસિન્ ॥
હારિપ્રસાદ ! પુરુષોત્તમ ! ધર્મપુત્ર ! નારાયણં સુખનિર્ધિપ્રણમામ્યહ ત્વામ્ ॥

વડતાલધામ શ્રીજી મહારાજના પ્રસાદીના દર્શનીય સ્થળ મંદિર પરિસર



હરિમંડપ
(શિક્ષાપત્રી ભુવન)



રામપ્રતાપભાઈનો
બંગલો



નંદ સંતોની
ધર્મશાળા



આચાર્ય સ્થાપન
છત્રી



ગાદીવાળો મેડો



વચનામૃત પ્રબોધન
છત્રી



શ્રી ગણપતિજી
શ્રી હનુમાનજી



જ્ઞાનકૂપ




બુરજ

વડતાલધામ સ્થિત શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો



જ્ઞાનબાગ



ગોમતી તળાવ



સભાની છત્રી
(ગોમતીજી)



સમી પૂજનની છત્રી
(ગોમતીજી)



નારાયણ કુપ
નારાયણ બાગ




ગંગામાનો ઓરડો
(ગૌશાળા પાસે)



આંબાનો ઓટો
(ગોમતીજી)



ગંગાજળીયો કુવો



વડેઉ માતાજી

વડતાલધામ સ્થિત શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો



જોબનબગીની મેડી



ઘેલા હનુમાનજી



કેદારેશ્વર મહાદેવ



સોનાર કુઇ



ગોપી તળાવડી



ખોડિયાર માતાજી




ટાડર તળાવ



ઘના તળાવ



સુંદરપગીનો કુવો



વડતાલધામમાં આવેલ પ્રસાદીના સ્થળોની યાદી

૧. મુખ્ય મંદિર	૨. નરેન્દ્ર ભુવન	૧૦. આંબાનો ઓટો	૧૮. ગોપીતળાવડી
A સભા મંડપ	૩. ત્રણદરવાજા	૧૧. ગંગાજળીયો કુવો	૧૯. ખોડીયારમાતાજી
B હરિ મંડપ	૪. બસ્ટેન્ડ	૧૨. વડેવમાતાજી	૨૦. ટાડણ તળાવ
C અક્ષર ભુવન	૫. સ્મૃતિ મંદિર	૧૩. જોબનપગીની મેડી	૨૧. ઘનાતળાવ
D રામપ્રતાપભાઈ નો બંગલો	૬. ગોમતી તળાવ	૧૪. ઘેલા હનુમાનજી	૨૨. રેલ્વેસ્ટેશન
E શ્રી ગણપતી	૭. સભાની છત્રી	૧૫. કેદારેશ્વર મહાદેવ	૨૩. સુંદરપગીનો કુવો
F શ્રી હનુમાનજી	૮. સમી પુંજનની છત્રી	૧૬. જ્ઞાનબાગ	
G જ્ઞાન કુપ	૯. રઘુવિરવાડી	૧૭. સોનાર કુઈ	
H ભોજનાલાય			

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજીત



શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ

સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

દ્વિશતાબ્દી મહોત્સવ 7 to 15 Nov. 2024

વડતાલધામ

મહિમા લીલાગાથા

॥ વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩૧

વડતાલધામ

મહિમા લીલાગાથા

ભાગ-૨

મહિમા • લીલાપ્રસંગ • દર્શન

દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ પીઠાધિપતિ
૫.પૂ.ધ.ધુ. ૧૦૦૮ **આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા

: સંપાદન-લેખન :

સ્વામી નિત્યસ્વરૂપદાસજી - સરધારધામ

: પ્રસિદ્ધકર્તા :

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી,
મુખ્ય કોઠારી શ્રી પૂ. શા. સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litd.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩૧

વડતાલધામ મહિમા લીલાગાથા

સંપાદક-લેખક : સ્વામી નિત્યસ્વરૂપદાસજી (સરધારધામ)

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ
તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬
E-mail : vadtaldhamvikas@gmail.com, Visit us : vadtalmandir.org

પ્રકાશન તિથિ :
વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ. સં. ૨૦૮૧
તા. ૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦


પડતર કિંમત : ૨૫૦/-

સૌજન્યને આભારી સેવા મૂલ્ય : ૧૦૦/-

પ્રાપ્તિસ્થાન:
શ્રીહરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ
ફોન નં. +૯૧૭૨૦૩૦૯૨૬૨૦

મુદ્રક :
હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

સમર્પણ



સદ્‌ગુરુ કોઠારી શ્રી નંદકિશોરદાસજી સ્વામી - વડતાલધામ

જેમણે વડતાલ ગાદીના આચાર્ય મહારાજશ્રી પાસે, શ્રીમુક્તાનંદ સ્વામીની પરંપરામાં
સંત દીક્ષા ગ્રહણ કરી. જેમણે વડતાલને પોતાની કર્મભૂમિ - ભક્તિભૂમિ બનાવી.
જેમણે સાધુતામય જીવનથી ષડંગી સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે. જેમણે
ધોલેરા, સુરત, મુંબઈ વગેરે મંદિરોમાં મહંતપદે રહેવા છતાં સતત
સેવકભાવે સેવા કરી છે. જેમણે માતૃત્વભાવ સાથે આ સત્સંગ-
સત્સંગીઓનું પોષણ કર્યું છે. જેમના શિષ્ય મંડળ દ્વારા
વડતાલ સંસ્થાની મહત્વની સેવાઓ થઈ છે,
થઈ રહી છે, એવા અજાતશત્રુ સંતભૂષણ પૂજ્ય
"કોઠારી શ્રી નંદકિશોરદાસજી સ્વામીના"
કરકમળમાં,
વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળાનું
આ ગ્રંથપુષ્પ અર્પણ કરીએ છીએ.

કોઠારી સાધુ દેવપ્રકાશદાસ
ચેરમેનશ્રી, વડતાલધામ

શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ
મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યની શ્રીવેદવ્યાસજી પ્રણીત આગાહી

મયા કૃષ્ણેન નિહતાઃ સાઽર્જુનેન રણેષુ યે ।
પ્રવર્તયિષ્યન્ત્યસુરાસ્ તે ત્વધર્મં યદા ક્ષિતૌ ॥૪૨॥
ધર્મદેવાત્ તદા ભક્તાદહં નારાયણો મુનિઃ ।
જનિષ્યે કોશલે દેશે ભૂમૌ હિ સામગો દ્વિજઃ ॥૪૩॥
મુનિશાપાન્ નૃતાં પ્રાપ્તાન્ ઋષીંસ્તાત ! તથોદ્ધવમ્ ।
તતોઽવિતાઽસુરેભ્યોઽહં સદ્ધર્મં સ્થાપયન્નજ ! ॥૪૪॥

હે બ્રહ્મન્ ! અર્જુને સહિત મારા દ્વારા રણમાં હણાયેલાં સવાસનિક અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે ત્યારે **નારાયણમુનિ** (શ્રીસ્વામિનારાયણ ભગવાન) એવો જે હું તે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી પૃથ્વી ઉપર કોશલ દેશમાં સામવેદી-દ્વિજકુળમાં **અવતાર** ધારણ કરીશ.

હે અજ ! હે તાત ! સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું મુનિના શાપથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેલા તે ઋષિઓનું તથા ઉદ્ધવનું અસુરો થકી **રક્ષણ** કરીશ.

સ્કંદપુરાણ : વિષ્ણુખંડ : વાસુદેવ માહાત્મ્ય : ૧૮/૪૨-૪૩-૪૪

પ્રકાશક

૧. શ્રીવેંકટેશ્વર (સ્ટીમ્) મુદ્રણાલય - મુંબઈ ૨. નાગ પ્રકાશક - દિલ્હી
૩. ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાસણી ૪. ગુરુમંડલ ગ્રંથમાલા - કલકત્તા

• અનુક્રમણિકા •

• વડતાલથી ભગવાન શ્રીહરિએ કેરી મંગાવી ગઢડામાં આમ્રોત્સવ કર્યો : ૩૯૫

સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)

- અદ્‌ભુત સ્વરૂપને ધારી રહેલા શ્રીહરિએ ગઢપુરમાં આમ્રરસોત્સવ કર્યો : ૩૯૬

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળીનો ઉત્સવ ઉજવ્યો : ૩૯૮

સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

- ભગવાન શ્રીહરિએ એકાદશીએ સંતો પાસે ઉત્સવ કરાવ્યો અને સંતો રાસ રમ્યા : ૪૦૦
- ભગવાન શ્રીહરિએ હરિભક્તોને ચોર લોકો અને દંભી લોકોની સાવધાની રાખવાનું કહ્યું : ૪૦૧
- ભગવાન શ્રીહરિએ વડતાલના દેવોની પ્રશંસા કરી તથા વણવિચાર્યે કાંઈ ન કરવા વિશે તથા સાચા સત્સંગની વાત કહી : ૪૦૨
- ભગવાન શ્રીહરિએ સંતોને પીરસીને જમાડ્યા : ૪૦૩
- ભગવાન શ્રીહરિએ બંધન ન થાય તે માટે બ્રહ્મમુનિને પોતાની સાથે રહેવા કહ્યું : ૪૦૪
- ભગવાન શ્રીહરિએ સંતોને જમાડ્યા અને અન્નકૂટનો ઉત્સવ પૂરો કર્યો : ૪૦૭
- ભગવાન શ્રીહરિએ બધાને પાંચ પાંચ વખત ઈંટો મંદિર માટે લાવવાની આજ્ઞા કરી : ૪૦૮
- ભગવાન શ્રીહરિએ સંતોને દેશદેશમાં કથા-વાર્તા-કીર્તન કરવાની ભલામણ કરી : ૪૦૮
- ભગવાન શ્રીહરિએ અનાજના કોઠાર ભરવા માટે સંતોને સત્સંગમાં જવા કહ્યું : ૪૦૯
- સંતોએ જોળી માગવાથી કોઠારમાં પુષ્કળ અનાજ આવ્યું અને શ્રીહરિએ અન્ન દેનારાઓને અપાર ફળ આપ્યું : ૪૧૧
- ભગવાન શ્રીહરિએ વડતાલમાં પ્રબોધની તથા રામનવમીના બે સમૈયા નક્કી કર્યા : ૪૧૨
- સત્સંગમાં સ્ત્રી-પુરુષોનાં મંદિર અલગ કરવાનો હેતુ : ૪૧૩
- ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને પોતાની સાથે લઈને ગઢપુર જવા નીકળ્યા : ૪૧૪
- સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને સાંપડેલી ઉપાધિ : ૪૧૪
- ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતાનંદ સ્વામીને ધોલેરા મંદિર કરવા મોકલ્યા : ૪૧૮
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ કાર્તિકી પૂનમનો ઉત્સવ ઉજવ્યો : ૪૧૯
- તારું છોગું આવીને મારા ચિત્તમાં વસ્યું : ૪૧૯

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ પોતના સ્થાને આચાર્યપદની સ્થાપના કરી : ૪૨૧

સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

- ભવિષ્યવાણી : ૪૨૧
- પૂર્વભૂમિકા : ૪૨૧
- બંને દત્તપુત્રોને જ કેમ આચાર્ય તરીકે સ્થાપ્યા ? ૪૩૦
- આચાર્યશ્રીના અધિકારો : ૪૩૨
- આચાર્યશ્રીઓને આપેલો ઉપદેશ : ૪૩૬
- આચાર્ય મહિમા : ૪૩૮

• વડતાલમાં રહીને ભગવાન શ્રીહરિએ સયાજીરાવ સરકારને પત્ર લખ્યો : ૪૪૨

સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

- ભગવાન શ્રીહરિએ આધારાનંદ સ્વામીને સયાજીરાવ સરકારના વિચારો પૂછ્યા : ૪૪૨
- સયાજીરાવ સરકારનો પત્ર વાંચીને શ્રીહરિએ ત્રણ સદ્‌ગુરુને વડોદરા મોકલ્યા : ૪૪૪
- ત્રણેય સદ્‌ગુરુ વડોદરા પહોંચ્યા અને સરકારનો ભાવ જોયો : ૪૪૫
- મુક્તાનંદ સ્વામીએ સરકારને શરીરની વાસ્તવિકતા કહી તેથી તેને સંતોષ થયો : ૪૪૭

• અનુક્રમણિકા •

- ભગવાન શ્રીહરિએ સંતોની આગળ ગાયકવાડ સરકારની શ્રેષ્ઠતા કહી : ૪૪૯
- ભગવાન શ્રીહરિએ સરકાર સયાજીરાવને પત્ર લખ્યો : ૪૫૧

• વડતાલમાં શિક્ષાપત્રી આલેખન કરતા ભગવાન શ્રીહરિ : ૪૫૩
સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

- શિક્ષાપત્રી લખવાનો આરંભ : ૪૫૬
- શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ : ૪૫૭
- શ્રી સત્સંગિજીવન ગ્રંથ : ૪૫૮
- શિક્ષાપત્રી ચિંતન : ૪૭૫
- શિક્ષાપત્રી : માનવજીવન પદ્ધતિની નવી વિભાવના ૪૭૮
- આજના યુગના માણસને માનવી થતાં શીખવે છે : શિક્ષાપત્રી ૪૮૫
- વિશ્વાસઘાતો નો કાર્ય : શિક્ષાપત્રી ૪૯૦
- આજના વર્તમાન યુગનો એક્સ-રે : શિક્ષાપત્રી ૪૯૪

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રબોધિની ઉત્સવ ઉજવ્યો : ૪૯૯
સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૬)

• વડતાલમાં રામનવમી-હરિનવમીનો ઉત્સવ ઉજવ્યો : ૫૦૧
સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૭)

- શ્રીહરિએ વડતાલમાં સહુને સેવાનો મહિમા કહ્યો : ૫૦૨
- એક છોકરો મનને જીતીને આવ્યો, તેથી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા : ૫૦૩
- સવિસ્તારપૂર્વક શલૂક પગીનું આખ્યાન : ૫૦૪
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બરવાળાના લાધા કુંભારનો સંકલ્પ પૂરો કર્યો : ૫૦૬

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ચૈત્રી સમૈયો કર્યો : ૫૦૭
સં. ૧૮૮૪ (ઈ.સ. ૧૮૨૮)

- ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ હરિનવમીનો વિચાર કરીને વડતાલ તરફ પ્રયાણ કર્યું : ૫૦૯
- ભગવાન શ્રીહરિએ પોતાનું સોનેરી મંડિલ ફાડીને સંતોને પગે બાંધ્યું : ૫૦૯
- ભગવાન શ્રીહરિએ સહુ સંઘને પોંશ ભરીને ભરીને સાકર વહેંચી : ૫૧૦
- ભગવાન શ્રીહરિ અને પર્વતભાઈનો દિવ્ય પ્રસંગ : ૫૧૦
- ભગવાન શ્રીહરિએ રામનવમી-હરિનવમીનો ઉત્સવ કર્યો : ૫૧૧

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ફૂલદોલોત્સવ ઉજવ્યો : ૫૧૨
સં. ૧૮૮૫ (ઈ.સ. ૧૮૨૯)

• વડતાલમાં ભગવાન શ્રીહરિ છેલ્લીવાર પધારી પ્રબોધિનીનો ઉત્સવ કર્યો : ૫૧૪
સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)

- જે અમને પૂછવું હોય તે હવે આ શિક્ષાપત્રીને પૂછજો : ૫૧૫
- ભગવાન શ્રીહરિએ કહ્યું : આ છેલ્લી વાર અમે પીરસીએ છીએ : ૫૧૬

• વડતાલમાં શ્રીરણછોડરાયજીની પ્રાણ પ્રતિષ્ઠા : ૫૧૭
સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)

• અનુક્રમણિકા •

- સંપ્રદાયમાં સૌપ્રથમ આચાર્યશ્રી દ્વારા થયેલ વડતાલમાં શ્રી રણછોડરાયની પ્રાણ પ્રતિષ્ઠા : ૫૧૭
- આ છેલ્લો ઉત્સવ છે : ૫૧૮

❁ વડતાલમાં ભગવાન શ્રીહરિના અન્ય લીલાચરિત્રોના પ્રસંગો ૫૨૨

- વડતાલમાં મંદિર નિર્માણ માટે શ્રીહરિ અને સંતોનો સંવાદ : ૫૨૨
- વડતાલમાં રામદાસભાઈની ભવિષ્યવાણી : ૫૨૩
- વડતાલમાં દામોદર ભક્ત અને જેરામ બ્રહ્મચારીનો મીઠો ઝઘડો : ૫૨૩
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ શોભારામની સ્ત્રીને તેજ દેખાડ્યું : ૫૨૩
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બે માસ સુધી કાઠીઓને રાખ્યા : ૫૨૪
- વડતાલમાં વસોના પાટીદારોને પુરૂષોત્તમપણાની વાત કહી : ૫૨૪
- વડતાલમાં જેરામ બ્રહ્મચારીએ કેસુડાનું કલ્યાણ કર્યું : ૫૨૪
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ધર્માદામાં આવેલી ત્રાંબાકુંડી પાછી આપી : ૫૨૫
- વડતાલમાં હિન્દુસ્તાની સંતની ધીરજ જોઈને શ્રીહરિએ ચાર દિવસ વહેલા ધામ આપ્યું : ૫૨૫
- વડતાલમાં બ્રાહ્મણે આવીને શ્રીહરિ પાસે દ્રવ્ય માંગ્યું : ૫૨૫
- વડતાલમાં ભગવાન શ્રીહરિના સોળ ચિહ્નના ધ્યાનથી પરમજ્ઞાનાનંદ સ્વામી સમાધિ સ્થિતિ પામ્યા : ૫૨૫
- વડતાલમાં સુરતના ગોવિંદ શેઠે શ્રીહરિની કૃપા લેવાની ના પાડી : ૫૨૬
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઝવેરભાઈને પુરૂષોત્તમપણાની વાત કહી : ૫૨૬
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ સ્ત્રી-પુરૂષની વાસના ટાળવાની વાત કહી : ૫૨૬
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઉમરેઠના વિપ્રોનો સંકલ્પ પૂરો કર્યો : ૫૨૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ આધારાનંદ સ્વામીને તેજ દેખાડ્યું : ૫૨૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ આણંદના બ્રાહ્મણના અંતરની વાત કહી : ૫૨૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગુલતાનના મહંતને છેતર્યા : ૫૨૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસથી મુકાવ્યો અને મુક્ત કર્યો : ૫૨૮
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ જમાદારને સમાધિ દ્વારા નિશ્ચય કરાવ્યો : ૫૨૯
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બાગ માટે કરસન માળીને ભલામણ કરી : ૫૨૯
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ પદ્મનાભાનંદ સ્વામીને દેશમાં ફરવાની આજ્ઞા કરી : ૫૩૦
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીનાનાથ ભટ્ટની શંકાનું નિવારણ કર્યું : ૫૩૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ વસોના જેસંગભાઈને વરદાન આપ્યું : ૫૩૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિ પાસે પીપળાવના પ્રભાશંકર જાનમાંથી આવ્યા : ૫૩૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રથમ દાસપંક્તિના સંતોના નામ પાડ્યાં : ૫૩૨
- વડતાલમાં સેવાને કારણે માધવદાસ સ્વામી ઉપર શ્રીહરિનો રાજીપો : ૫૩૩
- વડતાલમાં ભગવાન શ્રીહરિને માધવદાસ સ્વામીને ફૂલોના શણગાર પહેરાવ્યા : ૫૩૩
- વડતાલમાં સેવા કરનારને છાતીમાં ભગવાન શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા : ૫૩૪
- વડતાલમાં ગોમતી તળાવ ગાળવાની સેવા : ૫૩૪
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ સંતોને કીર્તન ગવરાવ્યાં : ૫૩૫
- વડતાલમાં ભગવાન શ્રીહરિની પૂજા કરી સંતોએ કીર્તન ગાયા : ૫૩૫
- વડતાલમાં ભગવાન શ્રીહરિ માધવદાસ સ્વામીને સાથળ ઉપર ચરણ અને માથે હાથ મૂક્યો : ૫૩૬

● અનુક્રમણિકા ●

● ભગવાનનાં દર્શન છોડી બીજું જોવું નહીં : ૫૩૬
● વડતાલમાં છોકરાં ભગવાન શ્રીહરિના પ્રસાદીના જળમાં નાહ્યાં ને ચક્રવર્તી થયા : ૫૩૭
● વડતાલમાં ગારાવાળા થયેલ સાચા સેવક પર ભગવાન શ્રીહરિનો રાજીપો : ૫૩૮
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ મંદિરની સેવાનો મહિમા કહ્યો : ૫૩૮
● વડતાલમાં રતનાએ કહ્યું, અત્યારે ધામમાં મહારાજ શું કરતા હશે ? : ૫૩૮
● વડતાલમાં ફુલઝરીબાઈના પ્રેમથી ભગવાન શ્રીહરિની આંખમાં આંસુ આવ્યાં : ૫૩૮
● વડતાલમાં ભગવાન શ્રીહરિ હાથોહાથ થાળી લઈને ભાજી ને રોટલો જમ્યા : ૫૩૮
● ભગવાન ભાવનાના ભૂખ્યા છે ભારે ભોજનના નહિ : ૫૩૯
● વડતાલમાં ભગવાન શ્રીહરિ માટે કરેલો થાળ ડુંગરજી જમી ગયા : ૫૩૯
● ડુંગરજીએ અડધું નાળિયેર જ ભગવાન શ્રીહરિને આપ્યું : ૫૩૯
● ચોળાફળી ચોરીને દાન કર્યું : ૫૩૯
● વડનગરના ઝુમખરામે ભગવાન શ્રીહરિને કોઠું જમાડ્યું : ૫૪૦
● વડતાલના ચોકમાં ભગવાન શ્રીહરિએ બન્ને આચાર્યની પૂજા કરાવી : ૫૪૦
● સંતોએ લક્ષ્મીનારાયણ દેવના ધ્યાનની ના પાડી : ૫૪૦
● ભગવાન શ્રીહરિ વડતાલમાં બ્રાહ્મણનો પંચકણીનો રોટલો જમ્યા : ૫૪૦
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ પછી સંતોને ઊંઘ સંબંધી વાતો કરી ને સંતને મળ્યા તે વાત : ૫૪૧
● ગોપાળજી મહારાજને ભગવાન શ્રીહરિમાં પ્રત્યક્ષભાવ : ૫૪૬
● ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું તમે ને માણકીએ સાથે તપ કરેલું : ૫૪૬
● મૂળજી બ્રહ્મચારીનું હેત : પ્રદક્ષિણા ઉપરથી કૂદી જળપાન કરાવ્યું : ૫૪૬
● વડતાલ સમૈયામાં શાસ્ત્રીઓનો તથા કૃત્યાનો પરાભવ કર્યો : ૫૪૬
● વડતાલના રસ્તે ભગવાન શ્રીહરિએ ગાયોને બોલાવી તેથી દોડી આવી : ૫૪૮
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મરાક્ષસ કાઢ્યો : ૫૪૯
● વડતાલમાં પ્રસાદીના જળમાં નાતા છોકરાને ઈન્દ્રપદ આપ્યું : ૫૪૯
● વડતાલ જતા રસ્તામાં જમાદારને સમાધિમાં પેગંબરોએ ભગવાન શ્રીહરિને ઓળખાવ્યા : ૫૪૯
● વડતાલથી રામપ્રતાપભાઈ રિસાઈને અમદાવાદ ગયા : ૫૫૦
● સુરતના સંઘની દર્શનાતુર ડોસીને ભગવાન શ્રીહરિનાં દર્શન : ૫૫૧
● ઝાલાવાડી સંઘની પરીક્ષા ને ડોસીનો ભગવાન શ્રીહરિ પ્રત્યે પ્રેમ : ૫૫૧
● ભગવાન શ્રીહરિએ સંતોને પરદેશ જવાની આજ્ઞા કરી : ૫૫૧
● ભગવાન શ્રીહરિએ વડતાલના હરિજનોને ધીરજતાની વાત કરી : ૫૫૩
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ એકાદશીનો સમૈયો કર્યો અને પોતાનું ઐશ્વર્ય-પ્રતાપ જણાવ્યો : ૫૫૪
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રકરણ ફેરવીને ઉપાસનાનો માર્ગ ચલાવ્યો : ૫૫૫
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગોમતીજી ગળાવ્યાં : ૫૫૬
● ધ્યાનાનંદસ્વામીના સ્વભાવ તથા નિશ્ચયની વાત : ૫૫૬
● ભગવાન શ્રીહરિએ મનુષ્યચરિત્ર કર્યું અને દાદાખાચરના નિશ્ચયની વાત : ૫૫૭
● કારેલાનો બાવો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીનાં નાક-કાન કાપવા તૈયાર થયો : ૫૫૭
● ગામ વસોના શિવા ગઢવીના નિશ્ચયની વાત : ૫૫૮
● વડતાલમાં ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતાનંદસ્વામીને સુખ-દુઃખની વાત પૂછી : ૫૫૮

• અનુક્રમણિકા •

- વડતાલમાં ભગવાન શ્રીહરિ સાથે કાઠી ભક્તોએ રમૂજ કરી : ૫૬૦
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બે પાટીદારનાં ભૂત કાઢ્યાં ને બદરિકાશ્રમ મોકલ્યાં : ૫૬૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિ ઉપર એક સ્ત્રીએ જંત્ર-મંત્ર કર્યું : ૫૬૨
- વડતાલમાં ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી સાથે રમૂજ કરી : ૫૬૨
- વડતાલમાં અદ્‌ભુતાનંદસ્વામીએ સર્વોપરીપણાની વાત સભામાં કરી : ૫૬૩
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ભુજના સુંદરજીભાઈના દાસપણાની કહેલી વાતઃ ૫૬૪
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની મધુરતા ઉપર કહેલી વાત : ૫૬૫
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ સર્વે સંતને શિક્ષાનાં વચન કહ્યાં : ૫૬૬
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને પોષણ કરવાની શક્તિ આપીઃ ૫૬૭
- વડતાલ મંદિરનો વેરો માફ કરાવ્યો : ૫૬૭
- વડતાલથી પથ્થર મંગાવેલ કસીયાજીને ગોપાળાનંદ સ્વામીએ પરચો આપ્યોઃ ૫૬૯
- ટિટોડીના દૃષ્ટાંતથી ધ્યાનની વાત : ૫૭૦
- આત્મનિષ્ઠાની ઉત્તમદશા : ૫૭૧
- વડતાલમાં સંતોને કહેલ પ્રતિલોમ ધ્યાનની વાતઃ ૫૭૨
- વડતાલમાં ગોપાળાનંદ સ્વામીએ પાટીદારોની પ્રાર્થનાથી વરસાદ કર્યો : ૫૭૩
- ગોપાળાનંદ સ્વામીના પત્રથી મહારાજે સર્વ દેશમાં વરસાદ વરસાવ્યો : ૫૭૩
- વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની વાતોથી ખંભાતના સદાશિવને હવેલીનો મોહ ટળ્યો : ૫૭૪
- વડતાલમાં મહારાજે ફણેણીના સુતારને તેજોમય મુક્તમંડળ સાથે દર્શન દીધાં : ૫૭૪
- વડતાલમાં એક ગરીબ ભક્ત અને ગોપાળાનંદ સ્વામીનો રોચક સંવાદ : ૫૭૪
- વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની કૃપાથી કોગળિયાનો રોગ ગયો : ૫૭૪
- જોળના વિદ્યાર્થીઓને માટલી અક્ષયપાત્ર કરી આપી : ૫૭૫
- ગોપાળાનંદ સ્વામીએ જોળમાં મંદિરની રક્ષા માટે ભૂરિયો નાગ મેલ્યો : ૫૭૫
- ગોપાળાનંદ સ્વામીએ વરતાલના મહંત અક્ષરાનંદસ્વામીનો મોહ ટાળ્યો : ૫૭૬
- ગોપાળાનંદ સ્વામીની વાતોથી ચૈતન્યાનંદસ્વામીને સમજણની કસર ટળી : ૫૭૬
- વડતાલમાં અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતે અનુભવેલી વાતો કરી : ૫૭૭
- વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ સંતોને ભગવાન શ્રીહરિનો મહિમા કહ્યો : ૫૮૧
- વડતાલમાં સદ્‌ગુરુ સંતોની અજોડ આત્મીયતા : ૫૮૨
- સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વડોદરાથી વડતાલ આવ્યા : ૫૮૨
- વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ ચાતુર્માસમાં સંતોને પીરસવાનો નિયમ લીધો : ૫૮૪
- વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ કરેલ પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ : ૫૮૪
- વડતાલમાં નિત્યાનંદ સ્વામીનો અક્ષરવાસ : ૫૮૪
- ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધારી વાતો કરી : ૫૮૬
- વડતાલમાં પવિત્રાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામીની વાતો : ૫૮૬
- વડતાલમાં સંતોને રતનજીબાપુએ શીખામણ આપી : ૫૮૬
- વડતાલમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે કોઠારીશ્રીનું દર્દ મટાડ્યું : ૫૮૭
- વડતાલમાં શુકાનંદ સ્વામી ખંભાતના હરિભક્તને ઉપદેશ કર્યો : ૫૮૭
- વડતાલમાં માંદા સંતોની સેવા કરવાથી ઉમરેઠના રેવાદત્તને બે પુત્ર થયા : ૫૮૭

• અનુક્રમણિકા •

• વડતાલમાં નડિયાદના કૃપારામભાઈએ બે મહિના સંતોની વાણી સાંભળી : ૫૮૭
• વડતાલમાં શુકાનંદ સ્વામીએ મોટાપુરુષની કૃપાદૃષ્ટિની વાત કરી : ૫૮૮
• વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ સંકલ્પના દુઃખની વાત કરી : ૫૮૮
• વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ વચનામૃત ઉપર વાત કરી : ૫૮૮
• વડતાલમાં પૂજારી નારાયણનંદ બ્રહ્મચારીને લક્ષ્મીજીએ બેઠા કર્યા : ૫૮૯
• વડતાલમાં મુંબઈના શાહુકારે સંતોને રસોઈ આપી : ૫૮૯
• વડતાલ દર્શને આવતા ખાનદેશના સંઘની ભગવાન શ્રીહરિએ રક્ષા કરી : ૫૮૯
• વડતાલમાં આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ખંભાતના ગોવિંદભાઈનો શોક ટળાવ્યો : ૫૯૦

• સજની શ્રીજી મુજને સાંભર્યા રે : ૫૯૧
સં. ૧૮૮૮ (ઈ.સ. ૧૮૩૩)

• વડતાલમાં અનોખો જ્ઞાનયજ્ઞ : પ્રથમ સત્સંગ છાવણી : ૫૯૬
સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૫)
- શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્સંગ છાવણીની અદ્‌ભુત પરંપરાની વડતાલથી શુભારંભ : ૫૯૬
- સત્સંગનો ચંદરવો એટલે સત્સંગ છાવણી : ૬૦૧

• વડતાલમાં શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના : ૬૦૭
સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૫)
- શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથરચનાની પૂર્વભૂમિકા : ૬૦૭
- ભગવાન શ્રીહરિએ દર્શન આપી ગ્રંથ રચવાની પ્રેરણા કરી : ૬૦૮
- ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મચારીનો સંવાદ : ૬૦૯
- ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીને દર્શન આપી ગ્રંથ રચવા કહ્યું : ૬૧૦
- શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથલેખનો આરંભ : ૬૧૧
- શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ પૂર્ણ અને તેની વિશેષતા : ૬૧૨
- શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ પર ટીકા અને કથાની વિગત : ૬૧૩
- સદ્‌ગુરુ સંતોના મતે શ્રીહરિલીલાકલ્પતરુ : ૬૧૪
- વડતાલમાં શ્રીહરિલીલાપ્રદીપ ગ્રંથની રચના : ૬૧૪

• વડતાલમાં શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની રચના : ૬૧૬
સં. ૧૯૧૪ (ઈ.સ. ૧૮૫૭)
- આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે : ૬૧૭
- અધૂરા કામે પણ અંતર પૂર્ણ : ૬૧૭
- શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષતા : ૬૧૮
- આ ગ્રંથ સાંપ્રદાયિક સિદ્ધાંતોનો ખજાનો છે : ૬૧૯
- ભગવાન શ્રીહરિની સર્વોપરીતાનો પુરાવો : ૬૨૦
- વડતાલમાં યમયાતના ગ્રંથની રચના કરી : ૬૨૧

• વડતાલમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની રચના : ૬૨૪
સં. ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪)

● અનુક્રમણિકા ●

● વચનામૃતમાં વડતાલ : **૬૨૬**

- વડતાલ પ્રકરણના વચનામૃતોની ટૂંકમાં વિશિષ્ટતાઓ : ૬૨૯

● ધન્ય ધન્ય તે વડતાલધામને રે, મારે વાલે કીધો વિશ્રામ : **૬૩૦**

વડતાલમાં ભગવાન શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રોનું સંક્ષિપ્ત દર્શન

- શ્રી સત્સંગિજીવન : ૬૩૦
- શ્રીહરિલીલાકલ્પતરુ : ૬૩૦
- શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬૩૨
- શ્રી ભક્તચિંતામણિ : ૬૩૪
- શ્રીહરિલીલામૃત : ૬૩૫

❁ વડતાલ બન્યું ઉત્સવ સમૈયાનું તીર્થ : **૬૪૯**

- વડતાલમાં ભગવાન શ્રીહરિએ તમામ એકાદશી ઉજવી : ૬૫૦
- જળઝીલણી ઉત્સવ : ૬૫૧
- વિજ્યાદશમી : ૬૫૧
- પ્રબોધિની એકાદશી - કાર્તિકી સમૈયો : ૬૫૨
- રામનવમી-હરિનવમી : ૬૫૨
- જન્માષ્ટમી ઉત્સવ : ૬૫૪
- અન્નકૂટ ઉત્સવ/દિવાળી ઉત્સવ : ૬૫૬
- હિંડોળા ઉત્સવ લીલા : ૬૫૮
- પુષ્પદોલોત્સવ (રંગોત્સવ) : ૬૫૯
- રથયાત્રા ઉત્સવ : ૬૬૧
- વસંતપંચમી ઉત્સવ : ૬૬૧
- યજ્ઞોપવિત સંસ્કારવિધિ : ૬૬૨
- ગોમતીજી સ્થાપના : ૬૬૨
- ભગવાન શ્રીહરિની જળક્રીડા : ૬૬૩
- આચાર્ય સ્થાપના ઉત્સવ : ૬૬૩
- શ્રીસત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ : સંપ્રદાયનું પ્રથમ પારાયણ ૬૬૩

❁ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું વૃંદાવન : વડતાલ ધામ **૬૬૫**

❁ વડતાલધામ મહિમા લીલા કીર્તનપદો : **૬૬૮**

❁ વડતાલના હરિભક્તો : અતિ પવિત્ર પાવન : **૭૦૯**

● વડતાલના આદ્ય આશ્રિત સત્સંગી શ્રી બાપુભાઈ પટેલ : **૭૨૧**

- બાપુભાઈના ઘેરે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનો પ્રથમ ઉતારો થયો : ૭૨૩
- બાપુભાઈ જોબનપગીના પરિવર્તનથી રાજી થયા : ૭૨૩
- ભગવાન શ્રીહરિની પ્રત્યેક આજ્ઞા બાપુભાઈને શિરોમાન્ય હતી : ૭૨૪
- વડતાલ ગામનું સમર્પણ : ૭૨૪

• અનુક્રમણિકા •

- સત્સંગ સમર્પિત બાપુભાઈનો પરિવાર : ૭૨૫

• પરમ ભક્તરાજ જોબનપગી : ૭૨૬

- જોબનપગીના ગુણો તથા સદાચાર : ૭૨૬
- જાનૈયા જીવણદાસને પાછા સોંપ્યા : ૭૨૭
- ગૌરક્ષક જોબનપગી : ૭૨૭
- જોબનપગીની કળાઓ : ૭૨૮
- બાવા અને બહારવટિયાની ભાઈબંધી : ૭૨૯
- જોબનપગીના બાવન બાતમીદારો : ૭૨૯
- બહારવટિયા અમરાજીએ કહેલી ત્રિશુળની વાત : ૭૨૯
- જોબનપગીની ધાક : ૭૩૦
- જોબનપગી વિશે સાચી-ખોટી વાતોઃ ૭૩૦
- પેટલાદના કશિયાભાઈની તિજોરી લૂંટી : ૭૩૦
- જોબનપગીએ ગાયકવાડ સરકારની અમરેલીની તિજોરી લૂંટી : ૭૩૧
- જોબનપગીએ ઓખામંડળની તિજોરી લૂંટી : ૭૩૨
- જોબનપગીને વડતાલમાં નીલકંઠ વર્ણી સ્વરૂપે ભગવાન શ્રીહરિના પ્રથમ દર્શન : ૭૩૪
- જોબનપગી વડતાલમાં શ્રીહરિની ઘોડી ચોરવામાં નિષ્ફળ ગયા : ૭૩૫
- સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સત્સંગનું પોષણ : ૭૩૬
- ડભાણ યજ્ઞમાં લૂંટનું આયોજન : ૭૩૭
- લાખા વડગામાએ પોતાનું વૃત્તાંત કહ્યું : ૭૩૮
- ડભાણ યજ્ઞમાં જોબનપગીનું પરિવર્તન : ૭૪૦
- જોબનપગીએ ભગવાન શ્રીહરિનું શરણું સ્વીકાર્યું : ૭૪૧
- લાખો કોળી તથા નારાયણગિરિ બાવા સત્સંગી થયા : ૭૪૨
- બહાવટિયાના મિત્ર બાવા નારાયણગિરિ સત્સંગ થયો : ૭૪૩
- ભગવાન શ્રીહરિને વડતાલ પધારવાનું આમંત્રણ : ૭૪૪
- જોબનપગીનો સંશય ટાળવા અનેક સ્વરૂપે ભગવાન શ્રીહરિએ દર્શન આપ્યાં : ૭૪૫
- ભગવાન શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા : ૭૪૬
- વિશ્વકર્માએ વડતાલને સજાવ્યું : ૭૪૭
- ભગવાન શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું : ૭૪૭
- દુષ્કાળમાં જોબન પગી વગેરે ભક્તોની રક્ષા ૭૪૮
- જોબનપગીનો ગર્વ ઉતાર્યો : ૭૪૯
- ભગવાન શ્રીહરિ સાથે જોબનપગીની ગોઠડી : ૭૫૦
- ભગવાન શ્રીહરિએ ધરમપુર જતાં જોબનપગીને સાથે લીધા : ૭૫૨
- જોબન પગી અને અન્ય પાર્ષદોએ અનુભવી શ્રીહરિની લીલા : ૭૫૫
- જોબન પગીના પ્રગટના નિશ્ચયની વાત : ૭૫૫
- ગધેડાની ગાય : ૭૫૬
- જોબનપગી પ્રથમવાર વડોદરામાં ગાયકવાડ સરકારને રૂબરૂ મળ્યા : ૭૫૭
- જોબન પગીની કડવી કાકી મીઠી કાકી બની : ૭૬૩

• અનુક્રમણિકા •

- જોબન પગીને અખંડસ્મૃતિનો વર : ૭૬૪
- ચરણરજનો મહિમા : ૭૬૫
- જોબનપગીના નિયમની દૃઢતા : ૭૬૬
- જોબનપગીનો અક્ષરવાસ : ૭૬૭
- જોબનપગીના પરિવારનું સમર્પણ : ૭૬૯
- જોબનપગીના વહીવંચાના ચોપડાની હકીકત : ૭૬૯
- પગીઓએ વડતાલમાં મંદિર તથા સંતોની રક્ષાનો શ્રીહરિને લખી આપેલો દસ્તાવેજ : ૭૭૧
- ચરોતરના ક્ષત્રિયોની નાતે કરેલો બંદોબસ્ત : ૭૭૧

• નારાયણગિરિ બાવા : ૭૭૨

• વાસણ સુથાર : ૭૭૪

- વાસણ સુથાર અને તેના પરિવારના સદ્‌ગુણો : ૭૭૬
- ભગવાન શ્રીહરિનું પ્રાસાદિક વાસણ સુથારનું ઘર : હવેલી ૭૭૭

• જેસિંગભાઈ પાટીદાર : ૭૭૮

• તખા પગી (બામરોલી) : ૭૭૮

• સુંદર પગી : પ્રથમ નજરે શ્રીહરિમાં ભગવાન ભાળ્યા ૭૮૧

• જગમાલ પગી : ૭૮૨

• રૂડિયો રખડું : ૭૮૩

- રૂડિયા રખડુંનું જીવન તથા પરાક્રમ : ૭૮૪
- બ્રહ્માનંદ સ્વામીની કરુણા : ૭૮૬
- રૂડિયા રખડુમાંથી રૂડો ભગત બન્યા : ૭૮૭
- રૂડાભગત ઉપર ભગવાન શ્રીહરિનો રાજીપો : ૭૮૯

• વખતબા : ૭૯૦

• જીજીબા : ૭૯૨

• સુરજબા અને રળિયાતબા : ૭૯૩

• ઉજમબા : ૭૯૪

• વડતાલના અન્ય ભક્તોના પ્રસંગો : ૭૯૫

- વડતાલમાં ભગવાન શ્રીહરિ કાશીરામભાઈનો થાળ જમ્યા : ૭૯૫
- વડતાલમાં ભગવાન શ્રીહરિ બાઈઓ હરિભક્તોનો થાળ જમ્યા : ૭૯૫
- વડતાલના મીનળ કોળીની ભાવના : ૭૯૬
- વડતાલના એક વણિકને સંપત્તિ મળતા સત્સંગ ગયો : ૭૯૬
- વડતાલના ઠાકોરપગીને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો : ૭૯૭
- બામરોલીના ઠાકોરોએ વૈરાગીઓને મારી ભગાડ્યા : ૭૯૭
- વડતાલના ભક્તો દ્વારા ૨૬ વર્ષની એકધારી ભગવાન શ્રીહરિની ભક્તિ : ૭૯૮
- સંતોની સેવા : ૭૯૮
- નોખી માટીનું વડતાલ ગામ : ૭૯૮

• અનુક્રમણિકા •

- ભવ્યાતિભવ્ય તર્પણ : ૭૯૮
- સૌની સેવા : ૭૯૯
- પ્રસંગોની ઉજવણીને પોતાનું સદ્‌ભાગ્ય માન્યું : ૭૯૯
- હજાર-પંદરસોની વસ્તીએ હજારોની સરભરા વર્ષો સુધી કરી : ૭૯૯
- નોબત વાદનની અનોખી સેવા : ૭૯૯
- વડતાલવાસીઓની ભક્તિ થકી બિરાજ્યા શ્રીહરિકૃષ્ણ મહારાજ : ૮૦૦

❁ વડતાલધામ તીર્થદર્શન ૮૦૧

• ઉપાસનાનું કેન્દ્ર શ્રી વડતાલ મંદિર : ૮૦૨

• શ્રી હરિકૃષ્ણ મહારાજ : 'વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્' ૮૦૨

- ભગવાન શ્રીહરિએ ૧૧ રૂપો ધારણ કર્યા : ૮૦૨
- શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ છે : ૮૦૩
- શ્રીહરિકૃષ્ણ મહારાજ બોલ્યા : ૮૦૪

• શ્રી લક્ષ્મીનારાયણ દેવ : ૮૦૪

• શ્રી રણછોડરાયજી : ૮૦૫

• શ્રી રાધાકૃષ્ણ દેવ : ૮૦૬

• શ્રી ધર્મ-ભક્તિ, શ્રી વાસુદેવનારાયણ : ૮૦૬

- શ્રીવાસુદેવ અને શ્રીહરિકૃષ્ણની એકતા : ૮૦૬

• શ્રી લક્ષ્મીનારાયણ દેવનો મંડપ : ૮૦૭

• મંદિરની પ્રદક્ષિણામાં આવેલી છત્રી : ૮૦૭

• શ્રી હરિમંડપ : ૮૦૮

• શ્રી અક્ષર ભુવન : ૮૧૦

- અલૌકિક અક્ષરભુવન (મ્યુઝિયમ) ૮૧૧

• આચાર્યશ્રી સ્થાપના સ્મૃતિ સ્થાન : ૮૧૪

• શ્રી સભામંડપ : ૮૧૪

• જ્ઞાન કૂપ : ૮૧૫

• સંતોની ધર્મશાળા : ૮૧૬

• બૂરજ : ૮૧૬

• આચાર્યશ્રીની હવેલી તથા ગાદીવાળો મેડો : ૮૧૭

• લીંબડાવાળો ઓટો (છત્રી) : ૮૧૭

• શ્રી નારાયણ મહોલ : ૮૧૮

• શ્રી હનુમાનજી-શ્રી ગણપતિજી : ૮૧૯

• યજ્ઞશાળા : ૮૧૯

• આચાર્યશ્રી સ્મૃતિમંદિર : ૮૧૯

● અનુક્રમણિકા ●

● **જોબનપગીની મેડી :** ૮૨૦

● **વડેઉ માતાની ધર્મશાળા :** (નારાયણગિરિ બાવાનો મઠ) ૮૨૦

● **શ્રી ઘેલા હનુમાનજી :** ૮૨૧

● **ગંગાજળીયો કૂવો :** ૮૨૧

● **જ્ઞાનબાગ :** ૮૨૨

● **પ્રસાદિભૂત શ્રી કેદારેશ્વર મહાદેવજી :** ૮૨૩

● **તાડણ તળાવ :** ૮૨૩

● **ઘના તલાવડી :** ૮૨૪

● **સોનારકુઈ :** ૮૨૫

● **ગોપી તળાવ :** ૮૨૫

● **શ્રી ગોમતીજી (ધારુ તળાવ) :** ૮૨૫

● **ગોમતીજી મધ્યે છત્રી :** ૮૨૬

● **ગોમતીજી કાંઠે પ્રાસાદિક છત્રી :** ૮૨૭

● **શમીપૂજન છત્રી :** (ગોમતીજીને કાંઠે) ૮૨૭

● **જળક્રિડા છત્રી :** (ગોમતીજીને કાંઠે) ૮૨૮

● **શ્રી રઘુવીર વાડી :** ૮૨૮

- શ્રી રઘુવીર વાડીમાં સ્મૃતિછત્રી : ૮૨૮
- સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો આશીર્વાદ - 'બ્રાહ્મી વનસ્પતિ' ૮૨૮

● **શ્રી નારાયણ બાગ અને કૂવો :** ૮૨૯

● **સુંદરપગીનો કૂવો :** ૮૨૯

● **પ.ભ. વાસણ સુથારનું ઘર :** ૮૩૦

● **પ.ભ. કુબેરભાઈનું ઘર :** ૮૩૧

● **ત્રણ દરવાજા :** ૮૩૧

● **તખાપગીનું બામરોલી ગામ :** ૮૩૧

- પ્રસાદીની રાયણ ૮૩૨

● **વડતાલમાં પ્રસાદીના સ્થાનોનું અન્ય ગ્રંથોમાં વર્ણન :** ૮૩૨

- વડતાલમાં ભગવાન શ્રીહરિની સ્નાન લીલાઓ : ૮૫૭

● **તપ્તમુદ્રા (છાપ) મહિમા :** ૮૫૮

● **વૃત્તાલયે સ ભગવાન જયતીહ સાક્ષાત્ :** ૮૬૦

● **ગ્રંથ સંદર્ભ સૂચિ :** ૮૬૨

● **ગ્રંથ સમાપ્તિ સ્તુતિ :** ૮૬૪

વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;
વૃષસુતતણિ મુખ્ય ગાદિ જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે.
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૪)

'વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ;
સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.'
(ભક્તચિંતામણિ : ૭૪/૧૫)

'ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ;
ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર.
હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે;
સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા.'
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૫૭, ૫૯)

એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે;
ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય.'
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૧)

'પરમ પુનિત પૃથ્વિ પૃથ્વિપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ;
પુનિત સુપુરિ સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય.'
(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૬૨)

વડતાલથી ભગવાન શ્રીહરિએ કેરી મંગાવી ગઢડામાં આમ્રોત્સવ કર્યો
સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)

ગઢપુરમાં જ્યાં અમુક સંતો રહેતા હતા તે જગ્યાએ જ સંતોને રહેવાને માટે આથમણા બારના ઓરડાઓ કરાવ્યા. તે દિવસોમાં બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરમાં રહેતા હતા. ત્યારે તેમણે મંદિરની જેટલી જગ્યા છે તેને ફરતો ચારેબાજુ ઈંટોનો મજબૂત કોટ કરાવ્યો. તે કોટ કોઠાએ સહિત કરાવ્યો હતો. તે વખતે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી ઉપર એક પત્ર લખીને મોકલ્યો કે, 'પાકેલી સરસ સરસ કેરી લઈ, સાત આઠ ગાડી સુધી ભરાવીને તમે ગઢપુર મોકલજો.' શ્રીહરિએ તે પત્ર લઈને દેવાભગત નામના પાર્ષદને મોકલ્યા. તે ભગત પત્ર લઈને બ્રહ્માનંદ સ્વામીની પાસે આવ્યા અને તેમને શ્રીહરિનો પત્ર આપ્યો.



બ્રહ્માનંદ સ્વામીએ તે પત્ર વાંચીને તરત માથે ચઢાવ્યો. પીપલગ ગામના પાટીદાર હરિભક્તો અપાર માહાત્મ્યવાળા હતા. શ્રીહરિ તથા સંતો તેમને જેમ કહેતા તેમ તેઓ શ્રદ્ધાએ સહિત કરતા હતા. તેઓ શ્રીહરિ તથા સંતોનું અપાર માહાત્મ્ય જાણનારા ભક્તો છે, એમ જાણીને બ્રહ્માનંદ સ્વામી હેતથી પીપલગ ગામ ગયા, અને સહુ હરિભક્તોને તે પત્ર વાંચી સંભળાવ્યો. તેથી તે ગામના પાટીદાર હરિભક્તો ખૂબ રાજી થયા. પછી તે પાટીદાર હરિભક્તોએ બ્રહ્માનંદ સ્વામીના કહ્યા પ્રમાણે મનનાં અતિ હેતથી જેટલી જોઈએ તેટલી કેરીનાં ગાડાં ભરી દીધાં. કારણ કે, આવો અવસર ફરીવાર ક્યારેય આવતો નથી.

શ્રીહરિ ગઢપુરમાં રહેતા હતા ત્યાં જાળવણી પૂર્વક કેરીથી ભરેલાં સાત ગાડાં ગઢપુર પહોંચાડ્યાં. દાદાખાચરના દરબારમાં ઓરડાની આગળના ચોકમાં જ્યાં લીમડાનું વૃક્ષ છે ત્યાં લાવીને તે કેરીનાં ગાડાં છોડ્યાં. ત્યારે શ્રીહરિ તે જોવા માટે આવ્યા. ત્રીશ ત્રીશ મણ કેરી એક એક ગાડામાં ભરેલી હતી. તે જોઈને શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પછી ગાડામાંથી તે બધી કેરી ઉતારી. શ્રીહરિ પોતે જે ભવનમાં રહેતા હતા, ત્યાં એક ઓરડો વધારાનો હતો ત્યાં બધી કેરી લાવીને તેની રીત પ્રમાણે રખાવી. પાકેલી કેરીને અલગ રખાવી. તેમાંથી દસ-વીશ કેરીને ધોવડાવી.

પછી મીઠી મીઠી કેરી જોઈને શ્રીહરિ જમ્યા અને કેરીનાં વખાણ કર્યાં. તે વખતે ત્યાં જે સંતો હતા તેમને પહેલા એક એક કેરી આપી. જે નજીકમાં પાર્ષદો હતા તે બધાને પણ એક એક કેરી આપી. તે સિવાય દાદાખાચર આદિક જેટલા હરિભક્તો હતા તે બધાને પણ યાદ કરીને શ્રીહરિએ પોતે એક એક કેરી આપી. શ્રીહરિના નાના મોટા બંને ભાઈની જે પત્નીઓ હતી તેમને શ્રીહરિએ પોતે દસ દસ શેર જેટલી કેરીઓ અપાવી. દરબારમાં બીજી જે હરિભક્ત બાઈઓ રહેતી હતી તે બધાને માટે પણ શ્રીહરિએ એક એક કેરીઓ આપી. સહુએ તે પ્રસાદી જાણીને લીધી.

પછી એક મણ જેટલી કેરી શ્રીહરિએ જીવાખાચરના દરબારમાં પહોંચાડીને જીવાખાચરને દીધી. જીવાખાચરે પણ તે કેરી શ્રીહરિની પ્રસાદીની છે એમ જાણીને ઘણા હેતથી મસ્તકે ચઢાવી. તે વખતે જીવાખાચર વારંવાર એમ બોલતા હતા કે, "કાંઈક નવીન અવસર

હોય ત્યારે શ્રીહરિ અમને સંભારે છે. એટલા માટે અમારાં એટલાં બધાં ભાગ્ય છે કે એનો કોઈ પાર નથી, એમ અમે વારે વારે કહીએ છીએ. છતાં પણ અમે આવી બધી બાબતને કુસંગને લીધે ભૂલી જઈએ છીએ. અમને કુસંગનો જોગ રહે છે. તેથી અમારી મતિ કુસંગ જેવી થઈ જાય છે. વળી, કુસંગનો ત્યાગ કરીએ એટલો અમારા જીવમાં ખપ પણ નથી રહ્યો.'' જે મોટા મનુષ્ય હોવા છતાં સત્સંગ પર જેટલો ભાવ રાખે છે તેને શ્રીહરિ ભૂલતા નથી. શ્રીહરિ તો જેને જેટલો ભાવ છે તેના કરતાં કરોડગણું અધિક ફળ આપે છે, અને જીવના તમામ અપરાધને માફ કરે છે.

ગુણગ્રાહકતા તથા સેવાની ગરિમા :

સત્સંગ રહે જાહિ, એક બાત તિનકે જેહિ; ગુણ રખત રહે તાહિ, અસદગતિ નહીં હોત યહ.
ભગવાન રહે જેહ, ગુણ ગ્રાહક રહે તેહિ; તાકી તુલતા હિ તેહ, તેહિ કરીકે ન હોત કેહુ.
ભગવાન સમ બડે હોત ન કેહી, ચાય તેસે દૂજે બડે તેહી; ભગવાન બિન દુજે મેં જેતી, બડતા દેખાવત હે તેતી.
ભગવાન ભગવાન કે જેઉ, સંત રહાયે સાચે તેઉ; હર કોઉ બાત એક કરીતા, સતકાર તાકે કોઉ રીતા.
અજાન તામેં કરત રહાયે, જેહિ જોની મેં જાવત તાયે; બડતા તિતની પાવત હિ તાહી, તામેં નહીં કછુ ઝૂઠ રહાહી.

આ સત્સંગ છે તેની કોઈ એક વાતનો પણ જે કોઈ ગુણ રાખે છે તેની અસદ્ગતિ થાતી નથી. કારણ કે, ભગવાન તો ઘણા ગુણગ્રાહક છે. તેથી જ તેમની તુલના કોઈની સાથે થઈ શકતી નથી. કોઈ ગમે તેટલો મોટો હોય તોપણ ભગવાન સમાન કોઈ મોટા થઈ શકતા જ નથી. ભગવાન સિવાય બીજામાં જેટલી મોટપ દેખાય છે, તે તો તે જીવે કોઈ જન્માંતરમાં ભગવાન તથા ભગવાનના સાચા સંતોનો કોઈ એક બાબતમાં અજાણતા પણ સત્કાર કર્યો હશે, તેના ફળરૂપે તે જીવ જે કોઈ યોનિમાં જાય છે ત્યાં તેને તેટલી મોટપ મળે છે, તેમાં કાંઈ મિથ્યા નથી. આવા મહિમાને જે મિથ્યા માને છે તેને તેનું ફળ મળતું નથી. ભગવાન તથા ભગવાનના સંતની સેવાનું ફળ સત્ય હોય છે. જેની આસ્તિક બુદ્ધિ હોય છે તેને સેવાનું ફળ મળે છે. કારણ કે, આસ્તિક બુદ્ધિમાં જ સેવાનું ફળ રહ્યું હોય છે.

• અદ્‌ભુત સ્વરૂપને ધારી રહેલા શ્રીહરિએ ગઢપુરમાં આમ્રરસોત્સવ કર્યો :

જે દિવસે કેરી આવી તેને વળતે દિવસ જ શ્રીહરિએ કેરીનો રસ કઢાવ્યો, અને ઘઉંની રોટલી કરાવી તેને ઘીમાં બોળાવી. નંદરામજીના મા સુવાસીનીબાઈ નામે છે તેમણે શ્રીહરિને માટે રસ તથા રોટલી કરી. પછી પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે હાથ તથા મુખ ધોઈને મુખવાસ લીધો. તે પછી ચરણમાં ચાખડીઓ પહેરીને સંતોની જગ્યામાં પધાર્યા.

સંતોને માટે જે જગ્યા બાંધી તે આથમણા બારની હતી. તેની ઓસરી ઉપર સંતોની પંગત કરી. તે પંગત ઉત્તર-દક્ષિણ લાંબી કરી હતી. તે વખતે સંતો 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. ત્યાં કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરી અને જે અપાર ફૂલના હાર હતા, તે બધા શ્રીહરિને ધરાવ્યા. પછી શ્રીહરિએ હાથમાં રૂપાનો કટોરો લઈ રસથી ભરી ભરીને ઘણા ભાવથી સંતોની પંગતમાં કેરીનો રસ પીરસ્યો.

શ્રીહરિએ વડતાલથી કેરી મગાવી હતી તેનો રસ કઢાવીને સંતોને જમાડવા પંગત કરી હતી. તે પંગતમાં શ્રીહરિ જ્યારે રસ પીરસી રહ્યા ત્યારે ધોયેલી-એકદમ સફેદ સાકર રસમાં પીરસી. તેમાં કાંઈ કસર રાખી નહીં. સાકર પીરસી રહ્યા પછી હાથમાં ઘીની તાંબડી લઈ રસમાં ઘી પીરસવા લાગ્યા. શ્રીહરિનું તે ઘી પીરસવાનું ચાતુર્ય કહી શકાતું નથી.

શ્રીહરિની નખશિખ મૂર્તિ ચાતુર્યથી ભરેલી હતી :

અપરમપાર રહાય, ચાતુરતા એસી ન કેઉ; દેખે સુને ન આય, દેખત યહ બિસરત નહીં.
શ્રીહરિ જો જો કરત રહાયે, ચાતુરતા બિન રહે ન તાયે; શ્રીહરિ કી મૂર્તિ રહેઉ ઐસી, નખશિખ ચાતુરતા ભરે તેસી.
ચાતુરતા કે બિજ હિ રહેઉ, જેતિ ચાતુરતા યામેં ભરેઉ; ઘૃત પિરસિ રહેઉ જેહિ વેરી, રોટલિ પિરસત ભયે તબ તેરી.

શ્રીહરિમાં ચતુરતા અપરંપાર હતી, એવી ચતુરતા બીજે ક્યાંય દેખીસાંભળી નથી. એક વખત જેણે શ્રીહરિની ચતુરતા જો દેખી હોય તે પછી ક્યારેય ભૂલાતી નહીં. શ્રીહરિ જે કાંઈ ક્રિયા કરતા તે ચાતુર્ય વિનાની એક પણ ન હતી. કારણ કે, શ્રીહરિની મૂર્તિ જ એવી હતી કે તેમાં નખથી શિખા પર્યંત ચતુરતા ભરી હતી. શ્રીહરિ પોતે સમસ્ત ચાતુર્યનું બીજ-કારણ છે. તેથી જ્યાં જ્યાં જેટલી કાંઈ ચતુરતા છે તે બધી શ્રીહરિમાં રહેલી છે. જ્યારે શ્રીહરિ રસમાં ઘી પીરસી રહ્યા ત્યારે રોટલી પીરસવા લાગ્યા. તે પીરસાઈ રહ્યા પછી શ્રીહરિએ સંતોને જમવા માટેની રજા આપી. પરમ નિપુણ સંતો જમવા લાગ્યા. સંતો તથા પાર્ષદો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી

શ્રીહરિ પંગતમાં વારંવાર રસ પીરસતા રહ્યા. પ્યારા શ્રીહરિએ કોઈ દિવસ ન કર્યો હોય તેવો આ રસ જમાડવાનો ઉત્સવ કર્યો હતો.

દરબાર દાદાખાચર અને જીવાખાચરના નજીકના જે સંબંધીઓ હતા તેને પણ શ્રીહરિ આવે પ્રસંગે જમાડતા હતા. શ્રીહરિના દિલમાં જ્યારે ઉમંગ આવે ત્યારે કોઈ નવીન રસોઈ દેતા હતા. જેટલા સંતો-પાર્ષદો હતા તેમને જમાડતા હતા અને ત્યારે દાદાખાચરને જમાડતા, તેમના સંબંધીને પણ ક્યારેક જમાડતા અને ક્યારેક સંબંધી વગરનાને પણ જમાડતા.

બીજે દિવસે શ્રીહરિએ કેરીનો રસ કઢાવ્યો ત્યારે વરિયાળીબાઈએ શ્રીહરિને માટે ભોજન તૈયાર કર્યાં. તેણે રસ, રોટલી અને મોટાં મોટાં વડાં કર્યાં હતાં. તે શ્રીહરિને બોલાવીને ઘણા ભાવથી જમાડ્યા. પછી જ્યાં સંતોને માટે નવાં ભવન બનાવ્યાં હતાં, ત્યાં સંતો અને પાર્ષદોને જમવા માટેની પંગત કરાવી. પછી શ્રીહરિ પીરસવા આવ્યા. શ્રીહરિને સંતો તથા પાર્ષદોને પીરસવાનો ભાવ હતો. તેથી શ્રીહરિએ તેમને ભાવથી પીરસ્યું. દાદાખાચરને પણ તે દિવસે શ્રીહરિએ આવીને પીરસ્યું. જેટલાં ભોજન કર્યાં હતાં તે પંક્તિ બેઠી હતી તેમાં પીરસ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે જમવાની રજા આપી, ત્યારે સંતો તથા પાર્ષદો જમવા લાગ્યા. જ્યાં સુધી બધા જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા.

પછી ત્રીજે દિવસે પણ કેરીનો રસ કઢાવ્યો અને ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુને કેરી જમવા બોલાવ્યા. વળી, જેટલા સંતો હતા તેમને પણ બોલાવ્યા. હરિભક્ત સિવાયના પણ કેટલાક આવ્યા હતા. તે સહુને શ્રીહરિએ કેરી અપાવી. કોઈને ના કહી નહીં. શ્રીહરિની આગળ બેસીને જે જમતા હતા તેને શ્રીહરિ કેરી આપતા હતા. આ રીતે શ્રીહરિએ કેરીનો ઉત્સવ કર્યો. શ્રીહરિની રીત તો અલૌકિક હતી.

શ્રીહરિ આવા તો કેટલીય જાતના ઉત્સવ વારંવાર કરતા રહેતા. જે ઋતુનાં જે ફળ હોય તે કોઈ અવસરે જ્યારે સહેજે આવતાં, ત્યારે તે ફળનો શ્રીહરિ ઉત્સવ કરતા હતા. જ્યારે સંતો તથા હરિભક્તોની જેવડી કાંઈ સભા થતી, તે સમયે જો કાંઈ ફળ આવે તો પહેલા શ્રીહરિ સંતો, વર્ણી તથા હરિભક્તોને ભાવથી તે આપતા, અને પછી પોતે ભાવથી જમતા હતા. શ્રીહરિ જ્યાં રહેતા હોય ત્યાં આવા ઉત્સવ તો રોજ એક વાર તો નિશ્ચિતરૂપમાં થતા હતા. શ્રીહરિ આ રીતે ભક્તજનોની સાથે હરકોઈ બાબતે રોજ એક વાર તો આનંદ ઉત્સવ કરતા હતા. જ્યારે જેઠ માસ અરધો વીત્યો ત્યારે વરસાદનો આદર થયો. ગાજવીજની સાથે ઘણાં વાદળાં થવાં લાગ્યાં અને તેનાથી બધો આકાશ છવાઈ ગયો હતો. સતત વાદળાં રહેવાથી તડકો લેશ પણ ન રહ્યો અને તેનાથી તડકાનો ક્લેશ મટી ગયો. જ્યારે ભીમ એકાદશી આવી ગઈ પછી વરસાદ થવા લાગ્યો.

ઉન્મત્તગંગા નદીમાં બે-ત્રણ વાર પૂર આવ્યું. પછી શ્રીહરિ સંતો, વર્ણી તથા હરિભક્તોની સાથે તેમાં સ્નાન કરવા માટે ચાલીને જતા. તે વખતે શ્રીહરિ સીસમની ઘણી હળવી નવી ચાખડીઓ પહેરતા હતા. તે ચાખડીઓ આધારાનંદ સ્વામીએ પોતે કરીને પ હેરાવી હતી. ચાખડીઓ પહેરીને શ્રીહરિ નાવા ચાલ્યા ત્યારે સેવકે મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું.

શ્રીહરિએ જમણા હાથમાં એક લાકડી લીધી હતી, અને ઝરમર ઝરમર વરસાદના ઝીણા છાટા પડતા હતા. શ્રીહરિએ શ્વેત ચાદર ઓઢી લીધી હતી. શ્વેત ખેસ પહેર્યો હતો, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પાઘ ઉપર શ્વેત ફૂલના તોરા લટકી રહ્યા હતા. શ્વેત ફૂલના જાડા હાર પહેર્યા હતા, તેની શોભા અનુપમ થઈ હતી.શ્વેત ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા. વળી, શ્વેત ફૂલના બાજુ બંને ભુજાઓ ઉપર બેવડા બાંધ્યા હતા અને હાથમાં પહોંચી પણ બાંધી હતી. પાઘનું છોગું પાઘ ઉપર ઘણું શોભતું હતું. માનો, શ્વેત ફૂલનો મુકુટ પહેરાવ્યો હોય તેવું જણાતું હતું.શ્વેત રૂમાલે કરીને કમર કસી લીધી હતી. શ્રીહરિની મૂર્તિ શોભાની ખાણ હતી. તેથી તે મૂર્તિ એક વાર જોયા પછી ભૂલાતી નહીં. તે મૂર્તિનાં દર્શન કરીને જે અંતરમાં ધારી રાખતા હતા, તે મૂર્તિને અખંડ દેખતા હતા. આવી અદ્‌ભુત શ્રીહરિની મૂર્તિ હતી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૯-૪૦)

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળીનો ઉત્સવ ઉજવ્યો

સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

સંવત ૧૮૮૨માં શ્રીહરિએ ગઢપુરમાં રહીને દશેરા અને શરદપૂનમ કર્યા. પછી દિવાળીનો ઉત્સવ વડતાલમાં કરવા માટે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા અને દિવાળીને આઠ દિવસ બાકી હતા ત્યારે કારિયાણી ગામ આવ્યા. શ્રીહરિ ત્યાં આવીને એક રાત રહ્યા. તે વખતે જેટલા હરિભક્ત ગામેતી કાઠી દરબારો હતા તે બધા પોતપોતાના અશ્વ લઈને કારિયાણી આવ્યા. શ્રીહરિ વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા હતા. તે વસ્તા ખાચર શ્રીહરિના અનન્ય હરિભક્ત હતા. તે દેશમાં સંતોના જેટલા મંડળ ફરતા હતા તે બધા પણ આવીને કારિયાણીમાં ભેળા થયા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. સુખદાયક શ્રીહરિ તે વસ્તા ખાચરના દરબારમાં સભા કરીને બેઠા હતા. તેથી આનંદ-ઉત્સવ છવાઈ ગયો હતો.

ત્યારે શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, "તમે સાંભળો, અમે એક વાત કરીએ છીએ. અમે વાત તો વારંવાર કરીએ છીએ પણ તેને તમે સમય ઉપર યાદ રાખતા નથી. અમે જે પ્રબંધ કરીએ છીએ, તેમાં સહુને ઘણું સુખ રહે છે. પરંતુ તેમાં જે સુખ નથી દેખતા તે પ્રબંધને તોડી નાખે છે. પાંચ પાંચ પરમહંસોનું મંડળ કરીને સહુએ રસ્તામાં અલગ અલગ ચાલવું. કેમ જે, ગામડાઓમાં રહેલા હરિભક્તોને આપણે જાળવવા જોઈએ. કોઈ એક ગામમાં તમારે મંડળ ઉપર મંડળ ભેળા થઈને ક્યારેય રસોઈ કરવી નહીં. હરિભક્ત ઉપર દયા રાખીને વિચરણ કરવું. જે જે પ્રદેશમાં નાનાં મોટાં મંદિરો થયાં છે ત્યાંનો બધો ખર્ચ પણ હરિભક્તો ઉપર છે. વળી, અમારે માટેનો જે બધો ખર્ચો થાય છે તથા અયોધ્યાવાસીઓ, સંતો તથા વર્ણીઓને માટે જે કાંઈ ખર્ચ થતો હોય છે તે બધો ખર્ચ પણ હરિભક્તો જ કરે છે. હરિભક્તો જેમ પોતાના ઘર-કુટુંબનું ભરણપોષણ કરે છે તેમ તેઓ આપણા સહુનું ભરણપોષણ કરે છે. માટે સહુ સંતો તથા વર્ણીઓએ તે રીતે જ હરિભક્તોનું વાતચિતે કરીને ભરણપોષણ કરતા રહેવું.



જો વાત કરતા આવડે તો વાતની સમાન જીવને સમાસ-પોષણ કરનારી બીજી કોઈ બાબત નથી. જ્યારે જેવો સમય વર્તતો હોય ત્યારે તે સમયને જોઈને તેવી વાત કરવી જોઈએ. કેમ જે, સમય જોયા વિના જો વાત કરવામાં આવે તો તે કરેલી વાતો ઉત્પાતમાં ખપે છે. જે વાત કરતી વખતે સમય-સંજોગનું અનુસંધાન રાખે છે, તેની ઘણી મોટાઈ વધતી રહે છે. જે મનુષ્ય વાત કરવાનું જેવું જાણતો હોય તેની તેવી મોટપ વધે છે. વાતમાં જેટલી મોટપ રહી છે તે બધી જેને સમય જોઈને વાત કરતા આવડે તેને તે મોટાઈ મળે છે. પરંતુ જો સમય જોયા સિવાય વાત કરે તો તેને તે મોટપ પ્રાપ્ત થતી નથી. આ સમયમાં જે મનુષ્યો સત્સંગ કરે છે તેનાં અપાર ભાગ્ય છે, જેનો કહેતા પાર આવતો નથી."

શ્રીહરિ આટલી વાત કરી પછી ભોજન જમીને પોઢી ગયા. જ્યારે સવાર થયું ત્યારે કારિયાણીથી ચાલતા થયા અને રોજકા, ગાંફ, મોટી બોરુ વગેરે ગામોના ભક્તોને દર્શન દેતા ભગવાન શ્રીહરિ સોજીત્રા ગામ આવ્યા. ત્યાં ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ આવીને દર્શન કર્યાં અને હાથ જોડીને નમસ્કાર કર્યા. અતિશય આનંદ પામેલા તે હરિભક્તોએ અહીંયાં રોકાઈ જાઓ તેમ કહ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "અમારે આજે વડતાલ જવું છે અને આવતી કાલે એકાદશીનો દિવસ છે." તે સાંભળીને હરિભક્તો ચુપ થઈ ગયા. પછી ત્યાંથી ચાલતા થયા તે મહેળાવ ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુએ દર્શન કર્યાં. ગામના તળાવથી પશ્ચિમ બાજુના ભાગમાં સુવ્યવસ્થિત જગ્યા હતી ત્યાં આવીને રંગભીના શ્રીહરિએ ટીમણ

કરવા માટે ઉતારો કર્યો. ૩૧. ત્યાં એક સ્વચ્છ પાણીનો કૂવો હતો. ત્યાં ટીમણ કરીને સહુએ પાણી પીધું.

પછી સુખદાતા શ્રીહરિ ચાલ્યા તે જ્યારે વડતાલ સમીપે આવ્યા, ત્યારે પાર્ષદોને મનમાં ઘણા ઉત્સાહથી શ્રીહરિ પધાર્યા છે તે વાતની જાણ કરવાની ઇચ્છા થઈ. તેથી તેમણે કેટલીક બંદૂકોના અવાજ કર્યા. પછી શ્રીહરિ પધાર્યા છે તેવી વાત જાણીને વડતાલના બધા ભક્તો ખૂબ જ આનંદિત થયા તે કહી શકાતું નથી. વડતાલમાં કેટલાક દેશદેશના હરિભક્તોના સંઘ આવ્યા હતા. તે સહુ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. જેટલાં વાજિંત્રો અને નિશાન લાવ્યા હતા તે સાથે લીધા. જેટલા હજારી ફૂલના હાર લાવ્યા હતા તે પણ સાથે લીધા. હરિભક્તોના દિલમાં અપાર ભાવ હતો. જ્યારે સહુ પા કોશ જેટલે સામે ગયા ત્યારે શ્રીહરિનાં દર્શન થયાં. તે સમયે શ્રીહરિ ઓંઉપર બેઠા હતા. તેમની શોભા એવી અદ્‌ભુત હતી કે જે કહી શકાતી નથી. જેટલા હરિભક્ત આવ્યા હતા તે સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. શ્રીહરિનાં ચરણનો સ્પર્શ કર્યો અને પછી સહુએ જય જયકાર કર્યો. જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. તેનો શબ્દ આખા આકાશમાં ભરાઈ રહ્યો હતો. આ રીતે શ્રીહરિ જ્યારે વડતાલમાં આવ્યા ત્યારે હરિભક્તો અત્યંત પ્રેમથી ગરબીનાં પદો બોલતા હતા. સહુ પહેલા શ્રીહરિ મંદિરમાં આવ્યા અને શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યા.

શ્રીહરિ વડતાલ આવ્યા ત્યારે સંધ્યા સમયે આરતીનો સમય થયો, ત્યારે માધવાનંદ નામે વર્ણીએ આવીને જ્યારે આરતી કરી ત્યારે બધે આનંદ આનંદ થઈ ગયો. પછી જ્યાં સુધી નારાયણધૂન થઈ ત્યાં સુધી શ્રીહરિ લક્ષ્મીનારાયણ દેવની સમીપે ઊભા રહ્યા. જ્યારે નારાયણ ધૂન પૂરી થઈ ત્યારે શ્રીહરિ મંદિરની પાછળના ભાગમાં આવીને બેઠા. તે સમયે ત્યાં મોટા ગાદીતકિયા લાવીને બિછાવી દીધા હતા. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર બેઠા. તે વખતની સુંદર શોભા કહી શકાતી નથી. ત્યાં ત્રણ-ચાર જેટલી મશાલો કરવાથી દિવસ જેવું અજવાળું થયું હતું. વડતાલની નજીક ચારેબાજુ જે કાંઈ ગામો છે તેમાં જેટલા સંતમંડળો રોકાયા હતા, તેણે શ્રીહરિના આવવાના સમાચાર સાંભળ્યા. પછી તે સંતો શ્રીહરિની સંમતિ લઈને વડતાલ આવ્યા.

કારણ કે, સંતો શ્રીહરિની મરજી પ્રમાણે રહેવામાં જ સુખ માનતા હતા અને જેમાં શ્રીહરિની મરજી ન હોય તેમાં દુઃખ માનતા હતા. આવા સંતો નજીકના ગામોમાંથી શ્રીહરિની પાસે વડતાલ આવ્યા. સહુ સંત દર્શન કરીને સભામાં બેઠા. તે સમયે હરિભક્તોની પણ સભા થઈ. સભામાં બેઠેલા સહુએ શ્રીહરિની મૂર્તિમાં પોતાની આંખો પરોવી દીધી. તે સમયે સંતો તથા હરિભક્તોની સભામાં બેઠેલા સહુ ઉપર શ્રીહરિએ અમૃતમયી દૃષ્ટિ ફેરવી, અને એક એકને નિહાળવા લાગ્યા. તેથી સહુના ત્રણેય પ્રકારના જેટલા તાપ હતા તે બધા ટાળી નાંખ્યા. કારણ કે, શ્રીહરિ ભક્તજનોને સુખદાયક છે. બ્રહ્માનંદ સ્વામીએ ઘણા પ્રેમથી અયોધ્યાવાસીઓને રહેવા યોગ્ય ભવન બનાવ્યું હતું અને તે ભવનને મધ્યે ચોક રાખ્યો હતો. તે ભવન ઘણું સુશોભિત કર્યું હતું. શ્રીહરિના બંને બંધુઓનો જેટલો પરિવાર હતો તે બધાને માટે તે ભવન બનાવ્યું હતું.

કારણ કે, ધર્મવંશીને સમાન કોઈ કહેવાય નહીં. સાચા ધર્મવંશી કેવા હોય છે ? તો, ધર્મવંશીઓના વર્તનમાં કોઈ જાતનો દોષ હોતો નથી. ધર્મવંશી થઈને જે પોતાનો દોષ દેખતા નથી તે તો બાળબુદ્ધિ છે. જેટલું વર્તન નિર્દોષ હોય તેટલા તેને ધર્મવંશી જાણવા, આવી ધર્મવંશીને પ્રમાણ કરવાની રીત છે. જેટલું વર્તન નિર્દોષ હોય તેણે કરીને તે તેટલા ધર્મવંશી છે. નિર્દોષપણે વર્તવું એ ધર્મવંશીઓનું સાચું વર્તન છે. ધર્મવંશીઓ સમગ્ર સત્સંગનું ઘરેણું છે. તેથી જ ધર્મવંશીઓને માટે તે ભવન કરાવ્યું હતું. સત્સંગમાં ઠેકઠેકાણે સર્વોપરિ મંદિર થયાં હતાં, પણ આવું કોઈ ભવન ન હતું.

મંદિરને લીધે ધર્મનું મૂળ વધતું રહે છે. કેટલાક તો મંદિરથી દૂર રહે છે તોપણ ધર્મ સહુમાં સમાનપણે રહે છે. કારણ કે, સત્સંગના પવિત્ર શાસ્ત્રોમાં તથા સત્સંગની બધી વાતોમાં ધર્મ રાખવા માટેની વાતો કહી છે. શ્રીહરિના બંને ભાઈઓનો પરિવાર અહીંયાં રહે તેમ જાણીને શ્રીહરિએ તેમને તે નવા ભવનમાં નિવાસ કરાવ્યો. વસો ગામના પ્રભુદાસભાઈ આદિક અને નડિયાદના કેવળરામ આદિક કડિયા તથા વડોદરાના ધરમદાસ આદિક સુતાર હતા, તે બધા સારા હરિભક્ત હતા. તેમણે હેતથી આ ભવન બનાવ્યું હતું. શ્રીહરિએ તે કડિયા તથા સુતારને બોલાવ્યા અને બ્રહ્માનંદ સ્વામીએ જેમ કહ્યું તેમ તેને સારા પોશાક આપ્યા. શ્રીહરિએ તે સહુને ફૂલના હાર પહેરાવ્યા અને ઘણા પ્રેમથી ભેટ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી આદિક મંદિરમાં જે સંતો, પાર્ષદો અને વર્ણીઓ રહેતા હતા તે સહુને શ્રીહરિ ભેટ્યા અને બધાને ફૂલના હાર પહેરાવ્યા. પછી પરમ વિચક્ષણ શ્રીહરિ પોતાના મુકામ ઉપર ગયા. શ્રીહરિ વડતાલના વાસણ સુતારના ભવનમાં નિવાસ કરીને રહેતા હતા. તેમનું ભવન શ્રીહરિને રુચે તેવું હતું. વાસણ સુતારના ઘરના નાના મોટા સહુ મનુષ્ય શ્રીહરિ ત્યાં નિવાસ કરે તેનાથી વારંવાર બહુ જ પ્રસન્ન થતા હતા. શ્રીહરિ જે હરિભક્તને ઘેર જઈને રહેતા, ત્યાં તે ઘરના નાના મોટા સર્વે મનુષ્યોમાંથી એકાદ જણ પણ જો ખુશ ન હોય, તો શ્રીહરિ ત્યાં રહેતા નહિ, આવી શ્રીહરિની રીત હતી.

શ્રીહરિ ગઢપુરથી વડતાલ આવ્યા તેના બીજે જ દિવસ એકાદશી આવી. ત્યારે શ્રીહરિ ગોમતી તળાવ ઉપર ગયા. ગોમતી

તળાવને કાંઠે પૂર્વ દિશા ઉપર એક ઘાટો આંબો હતો. ત્યાં સુંદર ચોતરો હતો. તેના ઉપર ગાદીતકિયા લાવીને બિછાવી દીધા હતા. ત્યાં હરખભર આવીને શ્રીહરિ બેઠા.

જ્યારે શ્રીહરિ ગોમતી સરોવરે આવતા ત્યારે પહેલા તો ગોમતીને ચારેબાજુ ઘણા ભાવથી દેખતા. પછી બીજાને પણ ઘણા પ્રેમથી પ્રસાદીભૂત તીર્થનો મહિમા જણાવતા. તે માટે શ્રીહરિ પોતે આવું કહેતા કે, જે કોઈ ભાવથી આ ગોમતી સરોવરમાં સ્નાન કરે છે તેનાં જન્મ-મરણ છૂટી જાય છે. તે સ્નાન કરનારને જેવો ભાવ હોય તેવું તેને ભગવાન ફળ આપે છે. જેને સારું કે મોળું જેવું ફળ મળે છે તે તેના ભાવને અનુસારે મળતું હોય છે. ભગવાન તથા સત્પુરુષના સંકલ્પમાં જ તે સ્નાનાદિકનું ફળ રહેલું હોય છે.

જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધા ગોમતી કાંઠે શ્રીહરિની આગળ સભા કરીને બેઠા હતા. હરિભક્તો રોજ રોજ ફૂલના અપાર હાર લાવતા હતા, તેમજ વિવિધ પ્રકારનાં મેવા-મીઠાઈ પણ લાવતા હતા. મેવા-મીઠાઈ વગેરે જે કાંઈ આવતું હતું તેને શ્રીહરિ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને ઘણા ભાવથી વારંવાર આપતા હતા. તેમજ સીતારામજી અને બદ્રિનાથજીને પણ જેટલાં જોઈએ તેટલાં મેવામીઠાઈ આપતા હતા. તે બધી વસ્તુએ કરીને શ્રીહરિ તેમને રાજી રાખતા હતા. શ્રીહરિ અન્ન, વસ્ત્ર, ઘરેણાં અને પાર નહિ તેટલી બધી સંપત્તિ, એ બધું આપીને ધર્મવંશી પરિવારનું પોષણ કરતા હતા. કારણ કે, શ્રીહરિનો વિચાર ધર્મનું મૂળ દૃઢ કરવાનો હતો. શ્રીહરિ જે કાંઈ પણ બાબત કરતા હતા તેમાં તેમને ધર્મના મૂળને દૃઢ કરવાનું જ મુખ્ય તાન રહેતું હતું, પણ જેની તુચ્છ બુદ્ધિ હોય તેને તે જણાતું નહીં. જે મનુષ્ય તુચ્છ બુદ્ધિવાળા હોય છે તેઓ પોતાની તુચ્છ બુદ્ધિએ કરીને સત્પુરુષ અને ભગવાનમાં વારંવાર દોષ દેખ્યા કરે છે. જ્યાં સુધી મનુષ્યમાં આવી તુચ્છ બુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમની બુદ્ધિ ક્યારેય શુદ્ધ થતી નથી. તેથી જ તે વારંવાર સંસારમાં ભટક્યા કરે છે.

• ભગવાન શ્રીહરિએ એકાદશીએ સંતો પાસે ઉત્સવ કરાવ્યો અને સંતો રાસ રમ્યા :

વડતાલમાં તે દિવસ એકાદશીનો હતો, તેમ સમજીને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક પંદર-સોળ જેટલા સંતો ઝાંઝ તથા મૃદંગ ઇત્યાદિક વાજિંત્ર લઈને, શ્રીહરિની સન્મુખ બેસીને ઉત્સવ કરવા લાગ્યા. શ્રીહરિ ઉત્સવિયાને ફૂલના હાર આપતા. તેથી તેઓ બહુ પ્રેમથી ઉત્સવ કરતા. તેથી ભક્તિરસ અને ઉત્સવનો ઉમંગ જામતો રહેતો. કેટલાક સંતો તો ગરબીનાં સુંદર પદોને રાસના રૂપમાં ફરીને ઉત્સાહભેર ગાવા લાગ્યા. તેમને શ્રીહરિએ દેખ્યા. તે વખતે સંતોના રાસના ત્રણ-ચાર મંડળ થઈ ગયા. તેઓ વિવિધ પ્રકારના ગરબીનાં પદ પરમ ઉત્સાહથી બોલતા હતા. શ્રીહરિને જ પ્રસન્ન કરવાની સહુને ચાહના હતી. બધા જ સંતોના મનમાં શ્રીહરિને રાજી કરવાનો જે મનોરથ હતો, તે કહી શકાતો નથી.

સહુના મનમાં અત્યંત હરખ હતો. તેથી એક એકથી સરસ પદો બોલતા હતા. તે વખતે કૃપાળુ શ્રીહરિ પોતાના મુખ આગળ રૂમાલ રાખીને મંદ મંદ હસતા હતા. બધા સંતોના દિલના ભાવને જોઈને શ્રીહરિ તે સહુના ઉપર પ્રસન્ન થયા. તે વખતે શ્રીહરિએ હજારીફૂલના અનેક હાર પહેર્યા હતા. રંગભીના શ્રીહરિએ રાસમાં ફરનારા સંતોને તે એક એક હાર રાજી થઈને આપ્યો. પછી તો મધ્યાહ્નથી લઈને દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યાં સુધી બધા નિપુણ સંતો રાસમાં ફરતા રહ્યા. પછી શ્રીહરિ મંદિરમાં આવ્યા. ત્યાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને મંદિરની પાછળ આવીને બેઠા.

તે સમયે શ્રીહરિના હાથમાં મોતી જડિત છડી હતી. કાનમાં ફૂલના ગુચ્છ હતા અને પાઘ ઉપર ભક્તજનોના મનને હરે તેવા ફૂલના તોરા ઝૂકી રહ્યા હતા. ફૂલની ભાતવાળા રેશમી કપડાની અનુપમ ડગલી પહેરી હતી, અને તેવો જ સરસ સુરવાળ પહેર્યો હતો. તેની શોભા અદ્‌ભુત થઈ હતી. તે ડગલીના ઉપર સોના-રૂપાની તૂઈ મૂકી હતી. તેમાં યથાયોગ્ય સુંદર શોભા કરી હતી. તે વખતે ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થઈ.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે સંતો પૂરવ રાગનાં પદ ઘણા ભાવથી ગાવા લાગ્યા. સંતોની જેવી રીત હતી તે પ્રમાણે તેઓ કરતા હતા. પછી સંતો ગોડી રાગનાં પદ ગાવા લાગ્યા. જ્યારે મશાલો થઈ ત્યારે ઘડિયાળીએ ડંકા વગાડ્યા. જ્યારે ડંકા વાગ્યા ત્યારે ચોઘડિયાં વાગવા લાગ્યાં. જ્યારે ચોઘડિયાં વાગી રહ્યાં ત્યારે લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ. જ્યારે આરતી થઈ ત્યારે હરિભક્ત પુરુષો બધા મંદિરમાં આરતીનાં દર્શન કરવા આવ્યા. જ્યાં સુધી આરતી થતી રહી ત્યાં સુધી બધા પુરુષો મંદિરમાં દર્શન કરવા રહ્યા. આરતી પૂરી થઈ ત્યારે પુરુષો મંદિરમાંથી બહાર જતા રહ્યા.

જ્યારે પુરુષો દર્શન કરીને મંદિરમાંથી જતા રહે પછી તે બધી બાઈઓ દર્શન કરવા માટે મંદિરમાં જતી હતી, આવી રીત હતી. કેમ જે, જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી પોતાનો ધર્મ સાચવીને ચાલતી હતી. કારણ કે, આ રીતે રહેવામાં સ્ત્રી-પુરુષોનું ચિત્ત શુદ્ધ રહે છે. બાઈ-ભાઈ સહુનું ચિત્ત જે રીતે શુદ્ધ રહે તે રીતે, એક એક વાતને કરોડો વખત ફરી ફરી તેનો તપાસ કરીને,

શ્રીહરિ શુભ કાયદારૂપી નિયમ બનાવતા હતા. શ્રીહરિએ રચેલા શુભ નિયમોને રૂડી બુદ્ધિવાળા બધા મનુષ્યો પ્રમાણ કરતા હતા. જે કાયદાને શુદ્ધ બુદ્ધિવાળા લોકો પ્રમાણ કરે તે નિયમો જ સાચા કહેવાય. અને જેને શુદ્ધ બુદ્ધિવાળા લોકો પ્રમાણ ન કરે તે કાયદા તો ક્લેશ યુક્ત કહેવાય.

જેમાં મનુષ્યને શાંતિ ન રહે એવા બધા નિયમો-કાયદાઓ તો દુઃખદાયક છે. જે નિયમ આ લોક તથા પરલોકમાં જીવને દિનપ્રતિદિન વધારે ને વધારે સહાય કરે તે જ નિયમ સાચા છે, એવી ભગવાન તથા સત્પુરુષોની સમજણ હોય છે. નિયમો પાળવા ઉપરથી સત્પુરુષ અને અસત્પુરુષ દેખાઈ આવે છે. જે શુદ્ધ બુદ્ધિવાળા છે તે આંખવાળા છે અને દુર્બુદ્ધિવાળા છે તે અંધકારરૂપ છે. કુબુદ્ધિવાળા લોકોએ બનાવેલા જેટલા નિયમો હોય છે તે માનવસમાજને ત્રાસ આપનારા હોય છે. તેમણે બનાવેલા નિયમો ઉપ રથી જ તેમની કુમતિ દેખાઈ આવે છે.

જે જગ્યાએ નરનારીઓ એક થઈને ભેળાં રહેતાં હોય તેમાં જે સુખ માને છે, તે અસત્પુરુષ છે. જે અસત્પુરુષ છે તે સત્પુરુષનો દ્રોહ કરતા રહે છે. અસત્ માર્ગ ઉપર ચાલવાની રુચિવાળો સઙ્કર્ષન પણ શોભતો નથી. અસત્માં રુચિવાળા અસત્પુરુષો સત્પુરુષને ખોટા કહે છે. જ્યારથી આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે ત્યારથી આરંભીને આ જગતમાં સત્પુરુષ અને અસત્પુરુષની પરંપરા ચાલી આવે છે.

• ભગવાન શ્રીહરિએ હરિભક્તોને ચોર લોકો અને દંભી લોકોની સાવધાની રાખવાનું કહ્યું :

શ્રીલક્ષ્મીનારાયણ દેવની આરતી થયા પછી શ્રીહરિએ ઊભા થઈને ઘણા ભાવથી સહુથી પહેલા પોતે નારાયણધૂન બોલાવી. જ્યારે શ્રીહરિ નારાયણધૂન બોલી રહ્યા ત્યારે સંતો તથા હરિભક્તોએ મુખથી જય જયકાર કર્યો. પછી રાત દોઢ પહોર ગઈ ત્યાં સુધી બધા સંતો ઘણા ઉત્સાહથી ગરબીનાં પદ ગાતા રહ્યા. જ્યારે સંતો કીર્તન બોલી રહ્યા, ત્યારે શ્રીહરિએ ઊભા થઈને પહેલા તો તાળી પાડીને સહુને ચૂપ કર્યા.

પછી સહુ હરિભક્તોને કહ્યું કે, "જે જગ્યાએ સંઘ ભેળા થતા હોય છે ત્યાં કેટલાક ચોર પણ આવતા હોય છે, તેમાં જે લોકો ગાફલાઈ રાખે છે તેનાં કપડાં, ઘરેણાં, ધન આદિકને ચોર લોકો ચોક્કસ લઈ જાય છે. તેમાં અમે કાંઈ ખોટું કહેતા નથી. જે લોકો ગાફલાઈ રાખે છે તેની ગાંઠે બાંધેલા ધનને પણ ચોર છોડીને લઈ જાય છે. જે લોકો પોતાના ઉતારાને સાચવતા નથી, તેની અમે કહી તે ધન-વસ્ત્રાદિ વસ્તુને ચોર લઈ જાય છે. એટલે જ અમે રોજ રોજ તમને ચેતવીએ છીએ છતાં તમે ક્યારેય ચેતતા નથી.

પછી જેની વસ્તુ ચોર લઈ જાશે ત્યારે તે દેકારો કરશે, પણ ગયેલી વસ્તુ પાછી આવતી નથી. માટે આ બાબતે તીર્થમાં આવીને ક્યારેય તીર્થનો અભાવ લેવો નહીં. તેમાં તો પોતાનો જ વાંક લેવો. કારણ કે, તેમાં તીર્થ શું કરે ? બીજાની નહીં પણ પોતાની જ ભૂલ સ્વીકારવાની જેની સમજણ હોય છે, તેવાં બાઈ-ભાઈ હરિભક્તોના સત્સંગનું મૂળ ઊંડું રહ્યું છે. તે તેમની સમજણમાં દેખાઈ આવે છે. આવી જે જે બાબત હોય છે તે સમજણમાં યથાર્થ દેખાઈ આવે છે. માટે આપણે આ સત્સંગમાં દિવસે દિવસે પોતાનાં મૂળ દૃઢ અને ઊંડાં કરવાં જોઈએ. કેટલાક તો એવા મૂર્ખ હોય છે કે, પોતે પોતાની જાણે પોતાના સત્સંગનાં મૂળ ઊંડાં માની લે છે.

પરંતુ જ્યાં સુધી સંતો તથા હરિભક્તોની સભામાં જેના વર્તનને પ્રમાણરૂપ ગણવામાં ન આવે, ત્યાં સુધી તેનો પગ સત્સંગમાં સ્થિર રહેતો નથી. સત્સંગસભામાં પ્રમાણ કર્યા વિનાની જે જે બાબતો હોય, તેનો જે સંગ્રહ-અમલ કરે છે, તેને તેની એવી મનસ્વી સમજણ જ સત્સંગથી દૂર કરી દે છે. જેને સંતો ઉપર દિવસે દિવસે વધારે ને વધારે આદરભાવ વધતો રહે છે, તેના સત્સંગનાં મૂળ ઊંડાં છે. જેના ભાવમાં જેટલો ઉત્સાહ ન દેખાય તેટલી તેમાં કસર છે. કારણ કે, તેનો ભાવ જ આવું કહે છે. મનમુખી જેટલું કાંઈ ધ્યાન કરે, મનમુખી અનાજ ન ખાય અને કોઈ મનમુખી જીર્ણ વસ્ત્ર રાખે, એવી કેટલીક બાબતો મનમુખીઓ કરે; પણ અંતે તેમાં ઉત્પાત જ રહે છે. તે બાબત બુદ્ધિમાનને દેખાય છે. મનમુખીની આવી જેટલી કાંઈ બાબતો હોય તે બધી સત્સંગથી વિરુદ્ધ હોય છે.

જ્યાં સુધી આ સત્સંગમાં અમે બેઠા છીએ તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી છે ત્યાં સુધી અમે તો તે દંભી સમાધિવાળાને તરત જ ઓળખી લઈએ છીએ. તથા વૃદ્ધ આત્માનંદ સ્વામી, મોટા પૂર્ણાનંદ સ્વામી પણ સત્સંગમાં જે દંભ કરે છે તેને તરત જ ઓળખી જાય છે. દંભી ચાહે તેવો મોટો હોય અને તેને હજારો મનુષ્ય માનતા હોય, તોપણ જે દંભીના દંભને જાણે છે તે તેનો દૂરથી જ ત્યાગ કરી દે છે. જે લોકો દંભીના દંભને નિર્દંભ માને છે તે બધા તે દંભીની પાછળ પાછળ ભમતા રહે છે, અને તેમને દંભીની મોટાઈ સહુથી અધિક વધારવાનો મનમાં ભાવ રહે છે. તે માટે તેઓ હરકોઈ બાબત કરતા હોય છે.

અમે જ્યાં સુધી બેઠા છીએ ત્યાં સુધી તેવા દંભીના દંભનું ખંડન કરતા રહીએ છીએ. અને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી છે, તે પણ દંભીના દંભને જાણે છે, તેણે કરીને જેટલા દંભી છે તે બધા દબાઈને રહ્યા છે. અમારી જે જે વાત હોય તે દંભીને જ્યારે જાણ્યામાં આવે છે, ત્યારે તે જે નિર્દંભી લોકો હોય તેની આગળ અમારી તે વાતને પોતાનો મહિમા વધારવા કહે

છે. જેટલા દંભીઓ છે તે અમારી વાત ઉપર વધારે ને વધારે ચાલે છે. પણ તેનો હેતુ તો માત્ર નિર્દંભ એવા હરિભક્તોને દબાવવાનો જ હોય છે. નિર્દંભી ભક્તો તથા જે મોટા મોટા ચતુર કહેવાતા ભક્તો પણ દંભીની માયામાં લેવાઈ જાય છે. દંભી તથા નિર્દંભી બંને પ્રકારના હરિભક્તો આ સત્સંગમાં ભેળા જ ઊઠતા-બેઠતા રહે છે, પણ જિંદગીભર તેમનું અંતર એકબીજાની સાથે મળતું નથી.

સ્વાતિ નક્ષત્રનો વરસાદ એકસરખો વરસે છે, તેમાં અધિક-ન્યૂનતા નથી. પણ જેવું પાત્ર હોય તેવું તેમાં ફળ ઊપજે છે. જેટલી સત્સંગની વાત છે તથા જેટલી સચ્છાસ્ત્રની વાત છે અને જેટલી સત્પુરુષની વાત છે; એ ત્રણેયની વાતનો સિદ્ધાંત એકસરખો હોય છે, પણ જે જેવું પાત્ર હોય તેમાં તેવું ફળ પ્રગટ થતું ચોક્કસ દેખાઈ આવે છે, તે ફળ ઉત્પન્ન થયા સિવાય દેખાતું નથી. તે ફળ દેખાય કે ન દેખાય તેને તો તેનું અંતર અને વર્તન કહી દે છે. જેને જેવું અંતર હોય તે તેની રુચિમાં દેખાઈ આવે છે. મનુષ્યની રુચિ તેના અંતરના ભાવને કહી દે છે અને જેનું જેવું વર્તન હોય છે તે પણ કહી દે છે. રુચિ તો સૂર્ય સમાન છે. તેથી તે જેનું જેવું અંતર હોય તે દેખાડી દે છે.

જેણે કરીને દંભી લોકો ઓળખાય જાય એવી શ્રીહરિએ ચાર ઘડી વાત કરી. શ્રીહરિની વાત વિના દંભી ક્યારેય ઓળખાતા નથી. કેટલાંય વર્ષથી સાધુ થયા હોય, કેટલાંય વર્ષ સુધી શ્રીહરિનાં દર્શન કર્યાં હોય, કેટલાંય વર્ષ સુધી કષ્ટ સહન કર્યું હોય, વળી શ્રીહરિ વારંવાર જેને ઘણું ભેટ્યા હોય, ઘણાં વર્ષ સુધી શ્રીહરિને જેણે જમાડ્યા હોય અને ઘણાં વર્ષ સુધી શ્રીહરિએ જેને જમીને સવારે-સાંજે થાળ આપ્યો હોય, વળી શ્રીહરિએ પહેરેલાં ફૂલના હાર, વસ્ત્ર અને ફૂલના બાજુ, તોરા, ગુચ્છ, આ બધું જેને કેટલીય વાર આપ્યું હોય, વળી જેણે કેસરયુક્ત ચંદન લઈને કેટલાય વર્ષ સુધી શ્રીહરિની પૂજા કરી હોય તથા કેટલીય વાર આરતી કરી હોય, આવું ગણતા પાર ન આવે એટલું શ્રીહરિનું અપાર સુખ જેણે જેણે લીધું હોય એવા નિર્દંભ સંત-હરિભક્તનો પણ દંભીઓ નિષેધ કરતા રહે છે.''

જ્યારે અધરાત થઈ ત્યાં સુધી શ્રીહરિએ સંતો તથા હરિભક્તોને દર્શન દઈને તૃપ્ત કર્યા, અને પછી પાર્ષદોની સાથે ત્યાંથી ઊઠ્યા. જે કુબેરસિંહ ચોપદાર હતા તેને શ્રીહરિ ઉપર બહુ હેત હતું. શ્રીહરિ જે જગ્યાએ સભૈયો કરતા હતા તે જગ્યાએ કુબેરસિંહ બધું કામ છોડીને આવી જતા. તે કાયમ શ્રીહરિની આગળ ચાલતા હતા. જ્યાં જ્યાં શ્રીહરિ જતા ત્યાં ત્યાં હાથમાં રૂપાની છડી લઈને 'જય જય.. જય જય..' એમ શબ્દ બોલતા રહેતા. શ્રીહરિની જેવી મરજી હોય તેને તે તરત જાણતા હતા. મરજી જાણવી તે ઘણી કઠણ વાત છે. રાજદરબારમાં મરજી પારખનાર કોઈક જ હોય છે.

અધરાત થઈ ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. તેમાં આગળ મશાલવાળા ચાલતા હતા. એવી રીતે શ્રીહરિ વાસણ સુતારને ઘેર ગયા. ઉતારે જઈ ઓરડામાં શ્રીહરિ પલંગ ઉપર પોઢ્યા. ત્યારે દીવો બળતો હતો. અતિશય પ્રેમી હરિભક્ત શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તે સેવકો સેવાની રીત જાણતા હતા. જ્યારે શ્રીહરિ પોઢી ગયા ત્યારે સેવકોએ સેવા બંધ કરી.

● ભગવાન શ્રીહરિએ વડતાલના દેવોની પ્રશંસા કરી તથા વણવિચાર્યે કાંઈ ન કરવા વિશે તથા સાચા સત્સંગની વાત કહી :

સવારમાં જ્યારે મંદિરમાં મંગળા આરતી થઈ અને ચોઘડિયાં વાગ્યાં ત્યારે તેને સાંભળીને શ્રીહરિ જાગ્યા. પછી ઊઠીને તરત જ એકદમ દોડતા થયા. તે વખતે મસ્તક ઉપર શ્રીહરિએ મલમલનો શ્વેત ફેંટો બાંધી દીધો. તથા ચાદર સહિત શ્વેત ચોફાળ શરીર ઉપર હેતથી ઓઢી લીધો.

સુખદાતા શ્રીહરિએ શ્વેત ખેસ પહેર્યો હતો. હાથમાં રૂમાલ લીધો હતો અને બધા પાર્ષદો સાથે હતા. આવી રીતે શ્રીહરિ મંદિરમાં આવ્યા. મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. દર્શન કરીને બોલ્યા કે, ''જેવો આ ચરોતર દેશ છે તેવું જ આ મંદિર થયું છે અને તેવા જ આ લક્ષ્મીનારાયણ દેવ અહીં વિરાજ્યા છે. તે પ્રભુ અનેક જનોના મનને ખેંચી લે છે. ગાયકવાડ જેવા કોઈ રાજા ન કહેવાય, તેને પણ આ ભગવાન અહીં પોતા તરફ ખેંચે છે. આ દેવ કેટલીય વાર જીવોને પોતાના તરફ આકર્ષે છે એવો આમનો પ્રતાપ દેખાય છે. જે પુરુષ પરસ્ત્રીના સંગમાં સુખ માને છે અને જે સ્ત્રી પરપુરુષના સંગમાં સુખ માને છે, એવાં પાપી નરનારીને આ ભગવાનનાં દર્શન કરવામાં પોતાનું જ પાપ અંતરાય કરે છે. એવા જે વ્યભિચારી લોકો છે તેને માટે તો સત્સંગ સિવાયના બીજાં તીર્થો રહ્યાં છે. જે પ્રસિદ્ધ હોય તેનું તો નામ ન કહે, તોપણ તે સહુને સમજાઈ જાય છે. માટે પ્રસિદ્ધનું નામ ન કહીએ તોપણ તે સહુને દેખ્યામાં તો આવે જ છે.

વણ વિચાર્યે કાંઈ ન કરવું :

કોઈમાં ગમે તેટલા દોષ હોય પણ તે જો જગતમાં મોટા કહેવાતા હોય, તો તેના દોષ કહેવામાં બુદ્ધિમાન માણસોને પણ કેટલોક

વિચાર કરવો પડે છે. કેમ જે, જો વિચાર્યા વિના કહે તો પોતે નિર્દોષ હોય તોપણ તેને અપાર દુઃખ આવે છે. લક્ષ્મણજી અને શ્રીરામચંદ્રજી સમાન આ બ્રહ્માંડમાં કોઈ નિર્દોષ કહેવાય નહિ, પણ જો શૂર્પણખાને વિરૂપ કરી તો તેણે કરીને રાવણે સીતાનું અપ હરણ કર્યું હતું. પછી તે બાબતે જ રામ અને રાવણને અનેક પ્રકારનું યુદ્ધ થયું હતું. વાલ્મીકિ ઋષિએ રામાયણ ગ્રંથની રચના કરી તેમાં ત્યારે જે જે વાત બની હતી તે બધી તેમણે કહી છે. કોઈ મનુષ્ય ગમે તેટલો નિર્દોષ હોય, પણ જો તે વિચાર્યા વિના કાર્ય કરે તો તેને અપાર દુઃખ આવે છે. તે દુઃખને કહેતાં તેનો પાર આવતો નથી. કંસના જેવો કોઈ સમર્થ કહેવાય નહીં. શિશુપાળ પણ તેવો જ હતો. સહઝાર્જુન અને બાણાસુર પણ તેવા જ શક્તિશાળી હતા, પણ એ બધાએ વગર વિચાર્યું કામ કર્યું (પ્રભુ સાથે વૈર કર્યું) તો દુઃખ આવ્યું. કૌરવોએ પણ વિચાર્યા વિના કામ કર્યું તો તે બધાનો નાશ થયો હતો.

વિચાર્યા વિના જે જે બાબત કરવામાં આવે છે તેમાં અપાર ક્લેશ રહ્યો હોય છે. માટે જે જે કાંઈ કરવું તે વિચારીને જ કરવામાં આવે તો તેમાં ક્યારેય દુઃખ આવતું નથી. જેટલું દુઃખ આવે છે તે બધું વિચાર્યા વિના કરેલી બાબતમાંથી જ આવે છે. જે વ્યક્તિ દુઃખ ન આવે તે રીતે જેટલું કાર્ય કરે છે તેટલું તેને સુખ રહે છે. જેમાં કોઈ જાતનો દોષ ન હોય એવી કેટલીક બાબતો હોય છે. તે જો કરવામાં આવે છે તો તે મનુષ્ય નિર્દોષ રહે છે, અને તેથી તેની તેવી કીર્તિ થાય છે. તે કીર્તિ કરોડો સૂર્યના જેવી વધતી રહે છે, પણ તેની કીર્તિ ક્યારેય સમાપ્ત થાતી નથી. જે દિવસથી અમારો જન્મ થયો છે અને અમારા જીવમાં જ્યારથી જ્ઞાન થયું છે ત્યારથી અમને નિર્દોષ કાર્યમાં જ રુચિ થાય છે. જેમાં કોઈ જાતનો દોષ દેખાય તેમાં અમને રુચિ થાતી નથી. અમને નિર્દોષ કાર્ય કરવાના જ સંકલ્પ થતા રહે છે. તેથી જેમાં દોષ હોય છે તેનો અમે ત્યાગ કરીએ છીએ.

જીવ ચેતન છે અને તે ચેતનના સંબંધે સ્થાવર-જંગમ ચેતનવંતા દેખાય છે. ચેતનના યોગે કરીને બધું જગત રમણીય અને રસયુક્ત દેખાય છે. ચેતન વિના બધું નીરસ રહે છે. ચેતનના તે ચૈતન્યનું કારણ એક ભગવાન છે. આવી અનેક પ્રકારની જે જે બાબતો છે તેણે કરીને અપાર બ્રહ્માંડો ભર્યા છે. તેમાં જે નિર્દોષ બાબતો છે તેનું કારણ તો એક ભગવાન છે. તેમ છતાં જે ભગવાનમાં દોષ લગાવે છે તેને વ્યાસ આદિક મોટા પુરુષો તેની સમજણ દેખીને અસુર કહે છે. સમજણે કરીને દૈવી કે આસુરી જેવી જેવી બુદ્ધિ હોય તે દેખાઈ આવે છે. તેના વચનમાં કાંઈ છૂપું રહેતું નથી. જુદાં-જુદાં પાત્રોમાં કસ્તૂરી, કપૂર અને કેસર ભર્યા હોય, અને ડુંગળી જેવી દુર્ગંધવાળી વસ્તુઓ પણ પાત્રોમાં ભરી હોય, ત્યારે જે પાત્રમાં જે વસ્તુ હોય તે તેના ગુણે કરીને દેખાઈ આવે છે. જે ભગવાન સમાન બીજા કોઈને ન જાણે તે દૈવી જીવ છે. જેટલા લોકો ભગવાનમાં દોષ જુએ છે તે આસુરી જન કહેવાય છે. એવા અસુરોને કોઈ વર્ણાશ્રમનો મેળ હોતો નથી. જે જેવા હોય તે તેના વચનમાં દેખાઈ આવે છે.

વચન તો સૂર્ય સમાન છે. તે વચન બોલતાની સાથે જ જણાઈ આવે છે. ભગવાન જેવા છે તેવા જ્યારે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ દેખાતા રહે ત્યારે તેનું નામ સત્સંગ થયો કહેવાય. જેટલા ભગવાનના ઉત્તમ ભક્ત થયા છે તે સહુએ આવો સત્સંગ કર્યો હતો. ભગવાન સમાન બીજા કોઈને જાણે નહિ તેનું જ નામ સાચો સત્સંગ થયો છે. આ અમે સત્ય કહીએ છીએ. જે ભગવાનમાં ક્યારેય દોષ ન જુએ, આવી જેની સમજણ હોય છે તે મનુષ્યને દૈવી કહેવાય છે. જે દૈવી મનુષ્ય છે તે કસ્તૂરી, કપૂર અને કેસર જેવાં છે અને જે અસુર છે તે લસણ ને ડુંગળી જેવાં છે. શાસ્ત્ર દ્વારા દૈવી મનુષ્ય અને આસુરી મનુષ્યો દેખી શકાય છે.''

• ભગવાન શ્રીહરિએ સંતોને પીરસીને જમાડ્યા :

શ્રીહરિ મંગળા આરતીનાં દર્શન તથા વાતો કરી તરત મંદિર ઉપરથી ચાલ્યા અને ઉતારે આવીને સ્નાન કર્યું. સ્નાન કરીને પોતાના અંગને રૂમાલથી કોરું કર્યું. શરીર કોરું કર્યા પછી શ્રીહરિ ઊભા થઈને પીતાંબર વસ્ત્ર પહેર્યું. સફેદ શાલનો જોટો હતો, તે સુખદાયક શ્રીહરિએ ઓઢી લીધો અને ચરણમાં શીશમની ચાખડીઓ પહેરી લીધી. ભવનની પાછળ રહેલા વાડામાં રોજ શ્રીહરિ નહાતા હતા. શ્રીહરિ રોજ સવારે તથા સાંજે નહાતા. સવારમાં પીતાંબર પહેરતા. વાસણ સુતારના ઘરની પાછળના વાડામાં સુંદર મંડપ બાંધ્યો હતો. તે પવિત્ર રાખેલી જગ્યામાં શ્રીહરિ રોજ પૂજા કરતા હતા. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી શ્રીહરિને માટે થાળ તૈયાર કરતા. શ્રીહરિ વિષ્ણુને નૈવેદ્ય ધરાવીને રોજ જમતા હતા. જે હરિભક્તનો થાળ હોય તે આવીને ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરતા.

મછિયાવ ગામના દરબાર બાપુભાઈ સારા હરિભક્ત હતા. તેઓ દેહત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. તેથી તેમની પાછળ સંતો માટે કેટલાક દિવસ ચાલે તેટલા સેવદળના લાડુનું ગાડું ભરીને વડતાલ લાવ્યા હતા. તે લાવનારા જેઠીભાઈ પાકા હરિભક્ત હતા. સહુથી સારા કમોદ જાતના ચોખા લાવ્યા હતા. તેનો ઘણો સુગંધીદાર ભાત કરાવ્યો અને શાક તથા રાયતાં વિવિધ પ્રકારનાં કરાવ્યાં હતાં. ભજિયાં, વડાં કરાવ્યાં અને ફૂલવડી નાખી દહીંની અતિશય ભાવથી કઢી કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં સંતોની પંગત કરાવી. તે વખતે ત્યાં શ્રીહરિ પીરસવા આવ્યા. શ્રીહરિ સેવદળ

પીરસવા લાગ્યા. તે સિવાયના જેટલાં ભોજન હતાં તેને સંતો પીરસવા લાગ્યા. સંતો ત્યારે નારાયણધૂન કરતા હતા. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સંતો જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. પછી પાણીથી કર-ચરણ ધોયાં અને રૂમાલથી હાથ લૂછ્યા.

પછી શ્રીહરિ આવીને પાટ ઉપર બેઠા. સંતોની સભા થઈ. તે વખતે જેની રસોઈ હતી તે હરિભક્ત વિવિધ પ્રકારની પૂજા લાવ્યા હતા. હરિભક્તોએ હેતથી શ્રીહરિની પૂજા કરીને કપૂરની આરતી ઉતારી. તે પછી તરત જ તેમણે સંતોની પૂજા કરી.

• ભગવાન શ્રીહરિએ બંધન ન થાય તે માટે બ્રહ્મમુનિને પોતાની સાથે રહેવા કહ્યું :

જ્યારે હરિભક્ત સંતોની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સહુ સંતોના પ્રત્યે કહ્યું, ''સહુ સંતો સાંભળો. અમારે ક્યારેક એક કે બે માસ આવીને અહીં વડતાલમાં રહેવું હોય તો રહી શકીએ તેવી અહીં એક પણ જગ્યા નથી. બ્રહ્માનંદ સ્વામી અહીં રહ્યા છે, તેને ત્રણ વર્ષ થઈ ગયા. તેમણે શિખર અને ઘુમટ સિવાયનું મંદિર કર્યું છે. આ બધી જગ્યાને ચારેકોર કોટ કર્યો છે, હવેલી કરાવી છે અને સાધુને માટે ભંડાર પણ કર્યો છે. બ્રહ્માનંદ સ્વામીએ લક્ષ્મીનારાયણ દેવનો કોઠાર કરાવ્યો છે. તેમણે આટલું બાંધકામ કરાવ્યું છે.'' પછી શ્રીહરિએ આગળ કહ્યું કે, ''સ્વામી ગમે તેવા હોય પણ અમે જે જે દેશોમાં ફર્યા છીએ ત્યાં બધું દેખીને કહીએ છીએ કે, 'કોઈ માણસ સ્થાનમાં બંધાઈ જાય તો તેની તેને ગમ રહેતી નથી.' જ્યાં સુધી જે અમારી આજ્ઞામાં રહે છે ત્યાં સુધી તેમને બંધન થતું નથી અને તે વિના તો બંધાતા જ રહે છે. આપણા જેટલા સંતો છે તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી, એ બધા ઘણા સમર્થ અને બુદ્ધિમાનોમાં સર્વ શ્રેષ્ઠ છે.

આ સત્સંગમાં જેટલા પ્રપંચી-દંભી છે તે બધા પોતાને અધિક દેખાડવા માટે પ્રપંચ કરતા રહે છે. તે તેના વર્તન ઉપરથી દેખાય છે. ગમે તેવો માયાવી હોય તોપણ તે વર્તનમાં છુપો રહેતો નથી. બે, ચાર, દસ કે વીશ વર્ષે પણ પ્રપંચી માણસ દેખાઈ આવે છે. જે માની લોકો છે તે પ્રપંચીને સર્વોપરિ જાણીને તેની પાછળ પાછળ ફરે છે, પણ જે તેના પ્રપંચને ઓળખતા હોય છે તે તેની પાછળ ક્યારેય ફરતા નથી. પ્રપંચીને ઓળખનારા સાચા ભક્તો પોતાનું માન વધે કે લગાર પણ ન વધે, તેની દરકાર કર્યા વગર પ્રપંચીને નઠારો જાણે છે. પ્રપંચમાં જે મોટાઈ છે તે તો છજા ઉપરના છોડ જેવી છે.

બ્રહ્માનંદ સ્વામી તો મહા કવિ છે. અમારે તેમને મંદિરના કામમાં બંધાવા દેવા નથી. કારણ કે, જે બંધાઈ જાય છે તેને તેની ખબર પણ રહેતી નથી. જે અમારા વચનમાં જેટલા બંધાઈને રહે છે તે તેટલા નિર્બંધ રહે છે, તે વાત તમારે સહુએ જાણી રાખવી. પહેલાં જે નિર્બંધ હોય તેને પણ જો બંધન થાય છે, તો તેને અમારાં જેટલાં વચનો છે તે કહી બતાવે છે. માટે બ્રહ્માનંદ સ્વામી ! તમારે ગઢપુરમાં રહીને ભગવાન સંબંધી કાવ્ય, ગ્રંથ તથા કીર્તન બનાવવાં; તે જ ઉચિત છે. આ વાત સિવાય તમારા માટે ક્યારેય બીજી કોઈ વાત ઉચિત નથી.''

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને તે સ્થાનનું જે બંધન હતું, તે જેમ માતા પુત્રના દોષ છોડાવે છે, તેમ હેતે કરીને છોડાવ્યું. આ રીતે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને ઘણો પ્રેમ આપીને વાત કરી. કેમ જે, તેમના જીવમાં જે કાંઈ બાળબુદ્ધિ હતી તેની તેમને ગમ રહી ન હતી. શાસ્ત્રોમાં સંભળાય છે કે, બ્રહ્માદિક જેવા પણ ભગવાનની આગળ બાળબુદ્ધિમાં ખપે છે.

જીવમાં જે દોષ રહ્યા છે તે જીવને દેખાતા નથી. શ્રીહરિના સંકલ્પ સિવાય જેટલા બીજા સંકલ્પ થતા રહે છે, તેટલા તેના જીવમાં દોષ રહ્યા છે. તે અમે જેમ સમજીએ છીએ તેમ કહીએ છીએ. વ્યાસમુનિ, શુકદેવજી, નારદજી અને સનકાદિકો પણ આ રીતે સમજે છે. જે આવી સમજણ હોય છે તે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યની સમજણ કહેવાય છે. અમારી જે બધી વાત છે તે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને દેખાડવા માટે છે. જેટલા લોકો ભગવાન સિવાય બીજે મમત્વ કરે છે, તે બ્રહ્મા જેવા સમર્થ હોય તોપણ કુબુદ્ધિવાળા છે. સચ્છાસ્ત્ર તથા સત્પુરુષની આવી સમજણ છે. જેની એવી સમજણ હોય તેને સત્પુરુષ જાણવા.

ભગવાનના શરણાગત થયા પછી પણ જેને કામ સુખમાં જેટલી પ્રીતિ રહે છે તે તેટલા કામના ભક્ત છે, એમ ચોક્કસ જાણવું. તેઓ જતે કાળે કામના લોકને જરૂર પામશે અને પછી તે ગધેડાં, કૂતરાં અને પાડાનાં જન્મને પામશે, તે વાત ચોક્કસ છે. તેમાં કાંઈ ખોટું નથી. મનુષ્ય જેટલું પોતાનું ચિત્ત ધનમાં રાખે છે તેટલું તેને અંતર્યામી પ્રભુ તલ તલ જેટલું ચોક્કસ જાણે છે. ચિત્તનો તો એવો સ્વભાવ છે કે તે જેને ચિંતવે તેમાં ચોંટી જાય છે. જેને લીધે જેમાં ચિત્ત ચોંટ્યું હોય તેવા શરીરને તે પામે છે. જેની જેવી મતિ હોય તે તેવા શરીરને પામે છે. વળી, જેની જેવી મતિ હોય તેને અનુસારે તેના માટે તેવાં અગણિત ધામ રહ્યાં છે, તે શાસ્ત્રમાં કહ્યાં છે. એ શાસ્ત્રમાં કહેલું અહીંયાં નજર કરીએ ત્યારે દેખાઈ આવે છે, પરંતુ જેટલા બુદ્ધિથી અંધ હોય છે તેઓ તો આવી વાતને દેખતા નથી. જે લોકો મનમાં ભગવાનનો ડર રાખતા નથી, તે મનુષ્યશરીરને પામ્યા હોય તોપણ પશુ જાતિમાં ખપે છે, અને તે લખચોરાશીમાં

ફરતા રહે છે.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ બે હાથ જોડી શ્રીહરિને કહ્યું કે, ''આપ તો મારી જીવનદોરી છો. માણસમાં જે પ્રકારના દોષ હોય છે તે તેને તેવા જ દેખતો નથી. જ્યારે આપ જીવને દોષ દેખાડો છો ત્યારે જ તેને તે દોષ દેખ્યામાં આવે છે. માટે આપના સમાન બીજું કોઈ જીવ માટે હિતકારી નથી. વળી આપ જીવના બધા દોષોને વારંવાર માફ કરો છો. હે નાથ ! ભક્તજનના દોષોને માફ કરવા માટે આપે મનુષ્યદેહ ધારણ કર્યો છે. આપના સિવાય બીજા કોઈ તે દોષોને માફ કરી શકે નહીં; એવા આપ તો અમાપ રહ્યા છો. મનુષ્યની જેટલી સમજણ છે તે બધી દોષમય જ રહી હોય છે. માણસમાં અને આપનામાં એટલો બધો ફરક છે, તે અમને દેખાય છે. તે સિવાય આપમાં જે અપાર મોટાઈ રહી છે તેનો કહ્યે પાર આવતો નથી, અને કહ્યા વિના તે દેખ્યામાં આવતી નથી. તેથી અપાર શાસ્ત્ર રહ્યાં છે.

જેની જેવી બુદ્ધિ હોય છે તે પ્રમાણે જ તે સમજે છે, છતાં સહુ પોતાના મનમાં પોતાને અધિક માને છે. જે સમજણ આપની સમજણ સાથે તથા શુક-સનકાદિક જેવા સત્પુરુષોની સમજણ સાથે મળતી ન આવે તે ત્યાગ કરવા યોગ્ય છે. હે મહારાજ ! આપની વાતોએ કરીને અમને આવું સમજાય છે. છતાં પણ જ્યારે જગતની વાતમાં મળી જઈએ છીએ ત્યારે તે ભૂલી જવાય છે. જ્યાં સુધી દેહના ગુણની સાથે એક થઈને વર્તીએ છીએ ત્યાં સુધી તે આત્માના ગુણોને ભૂલવાડી દે છે.''

જ્યારે બ્રહ્માનંદ સ્વામી આગળ કહ્યું તે રીતે કહી રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ''વ્યાસ મુનિએ રચેલા જે પુરાણો છે તે અમને પ્રિય લાગે છે. ભગવાને જેટલા અવતારો ધરીને જેવાં જેવાં ચરિત્ર કર્યાં છે તે બધાં વ્યાસજીએ પુરાણમાં વર્ણવ્યાં છે. બીજા પણ ઘણા મોટા થયા છે છતાં વ્યાસજીના જેવું વર્ણન કોઈએ કર્યું નથી. માટે બીજા ઋષિઓનું સામર્થ્ય તેટલું ઓછું ગણાય છે. જેમાં જેટલું સામર્થ્ય હોય તેને તેનો રચેલો ગ્રંથ કહી દે છે. કેમ જે, જેમાં જેટલું સામર્થ્ય હોય છે તે તેના વચનમાં નિશ્ચિતરૂપે દેખાઈ આવે છે. જેની બુદ્ધિ નિર્દોષ હોય છે તે જેમાં જેટલા ગુણ રહ્યા હોય તેને ગ્રહણ કરી લે છે. જે મનુષ્ય જેટલા ગુણોને ગ્રહણ કરે છે તથા દોષોનો ત્યાગ કરે છે તે માણસ હંસ જેવો છે, અને તે તેની રુચિ ઉપરથી દેખાય આવે છે. જે માણસો દોષોને જ ગ્રહણ કરે છે તે તો બગલા જેવા દુર્બુદ્ધિ કહેવાય છે. એવા દુર્બુદ્ધિ લોકો ચારણીના જેવા સ્વભાવવાળા હોય છે તેથી ગુણોનો ત્યાગ કરી દોષોને જ ગ્રહણ કરે છે.

શુકદેવજી, સનકાદિક, જડભરત, કપિલદેવજી અને દત્તાત્રેય વગેરે સાધુ પુરુષોનું વર્તન અદ્‌ભુત હતું. તેમનો સ્વભાવ અતિશય શાંત હતો અને તેમની વાત પણ તેવી શાંતિદાયક હતી, અને બહુ જ દાન્ત અર્થાત્ તેઓ અત્યંત ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા હતા. તેથી જ કોઈના દિલમાં ક્યારેય ઉદ્વેગ કરતા નહીં. જે કહેવાતા ત્યાગીઓ સંસારનો ત્યાગ કરીને બીજા કોઈને પણ ઉદ્વેગ કરાવે છે, જે ધન સંગ્રહ કરે છે તથા સ્ત્રી રાખે છે તેવા જીવો તો ધન અને સ્ત્રીનો ત્યાગ કરનારા સાચા ત્યાગીના મળ જેવા છે. જે ત્યાગી થઈને ભગવાન સિવાયનું જેટલું બીજું વ્યસન રાખે છે તે બધા સાચા ત્યાગીના મળ જેવા છે. તે તેમનાં વ્યસનો જ જણાવી દે છે. વ્યાસજીના જેટલા ગ્રંથો છે તેમાં જેટલી કહેવા યોગ્ય વાતો છે તે બધી કહી દીધી છે. કોઈ કરોડો ગ્રંથ કરે પણ બધાનું મૂળ તો ચોક્કસ વ્યાસજીના ગ્રંથ જ હોય છે. માટે વ્યાસજીના ગ્રંથને સાંભળતા તૃપ્તિ થાતી નથી. તેવા બધા ગ્રંથોને વંચાવવા માટે આપણે અહીંયાં લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સમીપે કોઈ એક જગ્યા કરવી છે.'' આ રીતે શ્રીહરિએ વાત કરીને તે ગ્રંથો વંચાવવા માટેની જગ્યાનો તત્કાળ આરંભ કરાવ્યો.

વડતાલમાં દિવાળીને દિવસે કરેલ દીપમાળાની શોભા :

પછી જ્યારે દિવાળીના દિવસો આવ્યા ત્યારે અલૌકિક દીપમાળા કરી. નિષ્કુળાનંદ સ્વામીએ તે દીપમાળા કરી હતી, તેમાં ઘણી જાતની શોભા રચી હતી. નિષ્કુળાનંદ સ્વામીએ જે દીપમાળા કરી હતી, તે વર્ણન કરી શકાતી નથી. જે જે ભગવાનનાં દિવ્ય ધામ જ્યાં જ્યાં છે તે બધાં જ ધામની જેટલી કાંઈ શોભા કહેવાય છે તે બધી આ દીપમાળામાં રચી હતી. તે દીપમાળાને મધ્યે શ્રીહરિ બેસતા હતા. શ્રીહરિએ સારાં વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ઊંચો મંચ હતો તેના ઉપર ગાદીતકિયા ગોઠવ્યા હતા. ત્યાં શ્રીહરિ બેઠા ત્યારે લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. તે સમયની મુખની શોભા કહી શકાતી નથી.

દીપમાળાની વચ્ચે સંતો તથા હરિભક્તોની સભા થઈ. તે સહુ શ્રીહરિની સન્મુખ જોઈ રહ્યા હતા. સહુએ શ્રીહરિના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિને પરોવી દીધી હતી. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે તે બધી દીપમાળા પ્રગટાવી. તેમાં વિવિધ પ્રકારનાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં અને બિલોરી હાંડીઓનો પણ કોઈ પાર ન હતો. તે બધી હાંડીઓને પ્રગટાવી. તેનાથી દીપમાળાની શોભા શ્વેતદ્વીપના સમાન થઈ. તે સમયનું વાતાવરણ તો શોભાના રસની ખાણ જેવું હતું. જ્યારે સંધ્યા આરતી થઈ ત્યારે ઘણી જાતનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં તેનો અપાર શબ્દ થયો. તે શબ્દ ત્રિલોકીની અંદર વ્યાપી ગયો.

તે સમયે બધા દેવતાઓનાં વિમાનોથી આકાશ છવાઈ ગયું. દેવતાઓ મુખથી શ્રીજીમહારાજનો જય જયકાર કરીને પુષ્પોની વૃ

ષ્ટિ કરવા લાગ્યા. જેટલી દેવાંગનાઓ હતી તે બધી ગાન કરીને નૃત્ય કરવા લાગી.

ઉત્સવિયા સંતો પાસે વાજિંત્ર સાથે પદ બોલાવીને દિવાળીનો ઉત્સવ કરાવ્યો :

દિવાળીની સાંજે જ્યારે આરતી તથા નારાયણધૂન થઈ રહી, ત્યારે જેટલા ઉત્સવિયા(સંગીત સાથે કીર્તનગાનારા) સંત હતા તે બધા ઉત્સવ કરવા લાગ્યા. સહુ શ્રીહરિની આગળ ઝાંઝ-મૃદંગ લઈને બેસી ગયા. તેમાં પ્રેમાનંદ સ્વામી આદિક અમુક સંતો વાજિંત્રને વગાડવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, બંને શિવાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ધ્યાનાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, ત્યાગાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, સર્વજ્ઞાનાનંદ સ્વામી, નિર્મલાનંદ સ્વામી, જેને ભગવાનનો યશ પ્યારો છે એવા ભૂમાનંદ સ્વામી, દામોદરાનંદ સ્વામી, જિષ્ણવાનંદ સ્વામી અને નારાયણાનંદ સ્વામી વગેરે સંતો દિવાળીનાં પદ ગાવા લાગ્યા.

તેમાં મુક્તાનંદ સ્વામીના કરેલા પદ પહેલા ગાયા. મુક્તાનંદ સ્વામી જ્યાં સુધી પોતાના પદ ગાતા હોય ત્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી પોતાના પદ ગાતા નહીં. આ રીતે તેઓ મુક્તાનંદ સ્વામીની અપાર મર્યાદા રાખતા હતા. પછી જ્યારે મુક્તાનંદ સ્વામી કહે ત્યારે બ્રહ્માનંદ સ્વામી પોતાના પદ ગાતા હતા. તે રીતે જ કવિ પ્રેમાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીની અદબ રાખતા. તેથી પોતે પહેલા પોતાના પદ ગાતા નહીં. જ્યારે બ્રહ્માનંદ સ્વામી કહે ત્યારે પ્રેમાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈને પોતાના પદ ગાતા હતા. શ્રીહરિ તે ત્રણેય કવિઓના પદને સાંભળીને વારંવાર તેની પ્રશંસા કરતા હતા.

દિવાળીને દિવસે દેશદેશના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. જેના દિલમાં જેવો ભાવ હતો તેવી પૂજા તેઓ લાવ્યા હતા. જે વડતાલ ગામના હરિભક્તો હતા, તે બધા પણ પૂજા કરવા આવ્યા.

જ્યાં સુધી શ્રીહરિ બેઠા હતા ત્યાં સુધીમાં કેટલાક હરિભક્તો શ્રીહરિને રાજી કરવા માટે બપોરિયાં (ગંધક અને દારૂનું મિશ્રણવાળું એવું કોડિયું કે જેને પ્રગટાવતાં બપોર જેવો પ્રકાશ થાય છે.) પ્રગટાવતા હતા. તેમાં કેટલાક ભક્તો વડોદરા અને સુરતના હતા તથા કેટલાક અમદાવાદના હરિભક્તો હતા, જે વારાફરતી બપોરિયાં પ્રગટાવતા હતા. તે સમયે બપોરિયાંના પ્રકાશને દેખીને શ્રીહરિ હરિભક્તો પ્રત્યે બોલ્યા કે, "જીવનો પ્રકાશ આ બપોરિયાં જેવો છે." એમ કહી પછી પોતે ઉતારે જવા ચાલ્યા.

હરિભક્ત કુબેરદાસ પટેલ ચાંગા ગામના પાટીદાર હતા. બોનજીબા નામે તેમની મા ઘણા સારા હરિભક્ત હતા. તેમણે શ્રીલક્ષ્મીનારાયણ દેવની આગળ તે દિવસે અન્નકૂટ પુરાવ્યો હતો. તેમાં વર્ણીએ બહુ પ્રકારનાં પકવાન ધરાવ્યાં હતાં. તેનો ગણ્યે પાર આવતો નહીં. મેવા પણ બહુ ભાતના કર્યા હતા. જે રીતે ખૂબ જ શોભે તે રીતે બધાં ભોજન ઘણા પ્રેમથી ધરાવ્યાં હતાં. તેમાં સહુ પ્રથમ ગોવર્ધનપૂજા કરી હતી. ગોવર્ધન ઉત્સવની જે રીત હતી તે પ્રમાણે તે ઉત્સવ કર્યો. ગોવર્ધન ઉત્સવ જ્યારે કરી રહ્યા, તે પછી બધો અન્નકૂટ પુરાયો. તે ધરાવેલા અન્નકૂટની શોભા કહી શકાતી નથી. બધી જાતનાં ભોજન, શાક, રાયતાં, અથાણાં વગેરે બધું શ્રીલક્ષ્મીનારાયણ દેવ અન્નકૂટમાં જમી રહ્યા, ત્યારે વર્ણીએ તેમની આરતી કરી. તે સમયે જેટલાં વાજિંત્ર હતાં, તે વાગવાં લાગ્યાં.

આરતી વખતે શ્રીહરિ દર્શન કરવા આવ્યા. ત્યારે જેટલા સંતો હતા તે પણ બધા સાથે હતા. શ્રીહરિ તથા સંતો શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી રહ્યા ત્યારે જે હરિભક્ત પુરુષો હતા તે સહુએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત પુરુષો દર્શન કરી રહ્યા તે પછી બધી હરિભક્ત બાઈઓએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત બાઈઓ દર્શન કરી રહી ત્યારે ભગવાન આગળથી અન્નકૂટ ઉપાડી લીધો. આમ જ્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવ તે અન્નકૂટને જમી રહ્યા પછી શ્રીહરિ અન્નકૂટનો પ્રસાદ જમ્યા. અન્નકૂટમાં જેટલાં ભોજન કર્યાં હતાં તેમાંથી જોઈએ તેટલું શ્રીહરિએ કાંઈક થોડું થોડું લીધું. જેટલો અન્નકૂટ હતો તે બધો ઘીમાં કરેલો હતો. શ્રીહરિને તેલમાં બનાવેલાં ભોજન રુચતાં નહીં. શ્રીહરિને જે ન રુચતું હોય તે ધરતા તોપણ તે જમતા નહીં. હા, ભક્તજનનો જેટલો ભાવ હોય તેટલું તેમાંથી અવશ્ય ગ્રહણ કરતા.

ઘણાને અપાર ધન મળ્યું હોય છે તોપણ ભગવાન માટે વાપરવામાં સંકોચ કરે છે. જોકે, આ શરીરનો તો કોઈ નિર્ધાર નથી, પણ તેનો તે ક્યારેય વિચાર કરતા નથી. આવા લોભી માણસને ગમે તેટલું ધન મળ્યું હોય તોપણ તે નકામું જ છે. એવું નિરર્થક પડેલું ધન રડતું રહે છે. જમીનમાં દાટેલું દ્રવ્ય એ રીતે બંદીખાનામાં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે ધનના ધણીને શાપ આપતું રહે છે. તે ધનના શાપથી તે ધનવાન નિર્વંશ જાય છે. તે સહુના દેખ્યામાં આવે છે. એવો લોભી ધનવાન રાત-દિવસ શરીરથી દુખિયો રહે છે, છતાં પણ તેની લોભવૃત્તિ કૂણી પડતી નથી.

લોકો પાસેથી ઉઘરાવીને જે નિમિત્તે દ્રવ્ય ભેગું થયું હોય, તે નિમિત્તે જેઓ તે ધનને નથી વાપરતા તેઓને તે દ્રવ્ય જેનું જેનું હોય તેના ઘરે વારંવાર જન્મ ધરીને તેને આધીન થઈ તે દ્રવ્ય ચૂકતે કરવું પડે છે. વળી, જે નિમિત્તે ધન ભેગું કર્યું હોય તે ધનને ત્યાં જ

વાપરવાના બદલે બીજા નિમિત્તે જે કોઈ જેટલું વાપરે છે, તેટલી તેની અપકીર્તિ થાય છે. અને જો તે અપકીર્તિની પણ શંકા ન રાખે તો તેને અગણિત દુઃખ આવે છે.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સહુ સંતોની પંક્તિ થઈ હતી. શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરના પાછળના ભાગમાં જ્યાં પંગત થવાની હતી ત્યાં ચોક લીપીને તેમાં રંગોળી પૂરાવી હતી, અને સુશોભિત મંડપ રચ્યો હતો, જેની શોભા કહી શકાતી નથી. વળી, ફળ સાથેના કેળના સ્તંભ રોપાવ્યા હતા. તેથી જાણે કેળનો બાગ ન હોય તેવી શોભા બની. તેમાં કાંઈ ફરક ન રહ્યો. પછી તેમાં સંતોની પંક્તિ કરાવી. તે વખતે સહુ સંતો નારાયણધૂન બોલવા લાગ્યા. શ્રીહરિ ત્યાં રહેલી પાટ ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. મસ્તક ઉપર રૂમાલ બાંધ્યો હતો.

જે હરિભક્તોએ અન્નકૂટ કર્યો હતો, તે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેમણે કેસરયુક્ત ચંદન લાવી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલના તોરા ધરાવ્યા. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા અને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા. સોનેરી કોરનો ભારે કસુંબલ રેંટો ઓઢાડ્યો અને પછી કપૂરની આરતી કરી. સહુ મુખથી શ્રીહરિનો જય જયકાર કરવા લાગ્યા. જ્યારે આરતી કરી રહ્યા તે પછી સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને કુંકુમનો ચાંદલો કર્યો. હજારી ફૂલના હાર તે વખતે સંતોને પહેરાવ્યા. તે સમયે શ્રીહરિ અનંતકોટિ બ્રહ્માંડની જેટલી શોભા હોય તે બધી શોભાને દબાવીને વર્તતા હતા, એવા શ્રીહરિ શોભતા હતા. પછી શ્રીહરિ સંતોને પીરસવા માટે ઊઠ્યા. પકવાનો તો ગણ્યે પાર ન આવે તેટલાં હતાં. તેથી તે બધાને ભેળા કરી દીધાં અને તે લઈને શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીએ પોતાના છંદમાં જે પકવાન અને ભોજનનું વર્ણન કર્યું છે, તેમજ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિ જમતા તે ભોજનનું વર્ણન કર્યું છે, અને પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિ જે થાળ જમતા તેનાં નામ લઈને વર્ણન કર્યું છે. તે બધાએ જે વર્ણન કર્યું તેના કરતાં કોટિ ગણો અધિક આ અન્નકૂટ થયો હતો. તેથી તે કોઈના વર્ણન કરવામાં આવી શકતો નથી. જેનો પાર આવે તેમ ન હોય તેમાં નામ લઈને કેટલા કહેવા. જે માપમાં આવે તેવું હોય તે વર્ણવીને કહી શકાય.

● ભગવાન શ્રીહરિએ સંતોને જમાડ્યા અને અન્નકૂટનો ઉત્સવ પૂરો કર્યો :

સંતોને પીરસવામાં શ્રીહરિને અપાર હેત હતું. જ્યારે સંતોની પંગતમાં શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ સહુ સંતોને 'વાલા સંતો ! હવે જમો' એમ ઘણા પ્યારથી જમવાની આજ્ઞા કરી. પછી સંતો જમવા લાગ્યા. શ્રીહરિ પાંચ વખત પંગતમાં પીરસવા ફર્યા. સંતો જ્યારે જમતા બંધ થયા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. સંધ્યા વખત થયો ત્યારે શ્રીહરિએ કરચરણ ધોયાં. તે વખતે મશાલો પ્રગટી. શ્રીહરિએ પહેરેલાં કપડાં બદલ્યાં અને સભામાં શોભે તેવાં વસ્ત્ર પહેરીને મંદિરના પાછળના ભાગમાં ચોતરા ઉપર ગાદી બિછાવી હતી ત્યાં આવીને બેઠા. શ્રીહરિની પાછળના ભાગમાં સુંદર તકિયો મૂક્યો હતો. તે વખતે શ્રીહરિનાં દર્શન કરવા માટે સંતો તથા હરિભક્તોની સભા થઈ. પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "હવે સાંજનો વખત થયો છે એટલે પૂરવ રાગના તથા ગોડીનાં પદ બોલો. કેમ જે, સમય વિનાની વાત શોભતી નથી.

સમય જોઈને વાત કરવા વિશે :

કોઈ પણ બાબત કરવાની હોય ત્યારે તેનો સમય જાણવો જોઈએ. જેવો સમય હોય તેવી વાત કરે, તેમાં સહુને ભરપૂર રસ આવે છે. સમય જોયા વિના જેટલી વાત કરવામાં આવે છે તે બધી રસ વગરની લાગે છે. જે જે બાબતનો જેવો સમય હોય તેને જાણનારા તે સમયને અનુરૂપ કામ કરે છે. તે રીતે વાત કરનારાની વાત અમૂલ્ય હોય છે. તેની બરાબરીમાં કોઈ આવતું નથી. જે સમય જોઈને વાત કરે છે એવા માણસને તુલ્ય કરોડો માણસ પણ થતા નથી. ભગવાન સંબંધી કથા-વાર્તામાં જેનો જીવ જેટલો ચોંટે છે, તેટલો તે દેવ-મનુષ્યો કરતાં પણ કરોડ ગણો અધિક છે. અમે જેવું જાણીએ-સમજીએ છીએ તેવું તમારી સહુની આગળ કહીએ છીએ. વાત કરી કરીને એટલી જ કરવાની છે કે, 'ભગવાનમાં જીવ ચોંટાડવો.' એટલું સમજ્યા વિના કરોડો પ્રકારની બાબત કરવામાં આવે તો તે બધી બાબત વ્યર્થ છે. કારણ કે, તે તો નિશ્ચિતરૂપમાં વારંવાર સંસારમાં જ ભટકાવે છે.

ભગવાનની જેટલી વાત છે તે બધી સંસારને તારનારી છે. ભગવાનની વાતો અમૃત, કલ્પતરુ તથા ચિંતામણિ કરતાં પણ અપ ાર અધિક છે. તેના જેવી બીજી કોઈ વાત નથી. એવી શ્રીહરિની વાત સૌથી મહત્ત્વપૂર્ણ છે. આવું સમજીને જે મનુષ્ય ભગવાનની વાતમાં પોતાનું મન ચોંટાડે છે તેની સમજણનાં મૂળ સત્સંગમાં ઊંડે સુધી ચોંટેલાં છે. જેની સમજણનાં મૂળ જેટલાં સત્સંગમાં ચોંટ્યાં હોય તથા જેટલાં ભગવાનની વાતમાં ચોંટ્યાં હોય તેટલાં જ તેનાં મૂળ ખરેખર ચોંટેલાં છે. માટે જે રીતની જે બાબત હોય તેને તે

રીતે જ જાણવી જોઈએ. જ્યારે કથા તથા કીર્તનનો સમય હોય ત્યારે જે ભક્ત અતિશય ભાવ સહિત તે જ કામ કરે, તથા ભગવાનની કેટલીય જાતની સેવા કરવામાં જેનો અપાર ભાવ દેખાતો હોય તે હરિભક્તોમાં મોટેરો છે.

જેને ભાવમાં જેટલી ન્યૂનતા રહે છે તે ભક્તમાં પણ ન્યૂનતા રહે છે. ન્યૂનતા અને મહત્તા, બંને ભાવમાં રહી છે. તેથી જ ભાવના સમાન બીજો કોઈ ધર્મ કહેવાતો નથી. ભાવ વગરના અપાર ધર્મ હોય તોપણ તે નિર્જીવ છે. ભાવ સહિતનો ધર્મ અને ભાવ સહિતની બીજી જે જે બાબતો હોય તે સર્વે સર્વોપરિ કહેવાય છે. અર્થાત્ ભાવ વિનાનું બધું નિર્જીવ હોય છે. હવે તમે સહુ આરતી તથા ધૂન કરો. અમે તો આટલી વાત કરી. જે સમયે જેવી વાત મનમાં ઊપજે છે તે સમયે તેવી વાત કરતા રહીએ છીએ. સમય વિના કોઈ વાત ઊપજતી નથી અને સમય વિના તે શોભતી પણ નથી.''

• ભગવાન શ્રીહરિએ બધાને પાંચ પાંચ વખત ઈંટો મંદિર માટે લાવવાની આજ્ઞા કરી :

આ પ્રમાણેની શ્રીહરિની વાત સાંભળીને જે સંતો તથા હરિભક્તો હતા, તે સહુએ ઘણા ભાવથી આરતી તથા ધૂન કર્યા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, ''સહુ સંતો તથા હરિભક્તો ભેળામળીને ગરબીનાં પદ બોલો.'' ત્યારે સહુએ ગરબીનાં પદ ગાયાં. તેથી તેના ધ્વનિથી બધું આકાશ ગર્જી ઊઠ્યું. તે સમયે સંતોની સાથે શ્રીહરિ પણ પદ બોલતા હતા અને તાલમાં તાળી દેતા હતા. તેથી ત્યાં ભક્તિનો મહારસ જામ્યો હતો. ભગવાન શ્રીહરિએ પહેલાં જે જે અવતારો લીધા હતા તેમાં ક્યારેય આવો રસ જમાવ્યો ન હતો. અક્ષરધામ, ગોલોક તથા વૈકુંઠમાં જેવો રસ રહ્યો છે તેવો રસ અત્યારે આ સત્સંગમાં શ્રીહરિ નિત્ય જમાવતા હતા. તે રસમાં જ મધ્યરાત્રી સુધીનો સમય વીતી ગયો, અને શ્રીહરિ પણ ત્યાં સુધી બેસી રહ્યા. પછી જ્યારે શ્રીહરિ ઊઠ્યા ત્યારે બધા સંતોને તથા જેટલા વર્ણી તથા પાર્ષદો હતા, તેમને ભેટ્યા.

સહુને મળ્યા પછી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. જ્યારે સવાર થયું ત્યારે જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરીને પોતપોતાને ગામ જવા માટે ચાલતા થયા. તેમાં જે વાહન લાવ્યા હતા તે બધા વાહનમાં બેસીને હરખભેર ચાલ્યા. જે વાહન વગર આવ્યા હતા તે વાહન વિના ચાલતા થયા. પોતપોતાનું ભાતું તે સહુએ ખભે ઉઠાવી લીધું હતું. જે હરિભક્ત બાઈઓ પગે ચાલીને આવી હતી, તે પણ બધી પોતપોતાના ભાતાના પોટલાને બાંધીને પોતાના મસ્તક ઉપર રાખીને ચાલતી થઈ. તે સમયે તેમના દિલમાં આનંદ છવાયેલો હતો. તે સહુએ જે રીતે શ્રીહરિનાં દર્શન કર્યા હતાં, તેને તે રીતે પ્રેમથી સંભારતા હતા.

જે વીતેલા ત્રણ વર્ષથી વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર બનાવવાનો આરંભ કર્યો હતો, ત્યારથી શ્રીહરિ વડતાલમાં જ્યારે જ્યારે ઉત્સવ કરતા, ત્યારે રોજ સવારે અને સાંજે સંતોને તથા હરિભક્ત નરનારીઓને પ્રેમથી કહેતા હતા કે, ''સહુએ પાંચ પાંચ વખત ઈંટો મંદિર માટે લાવવી. હવે અમે ફરીવાર કહેશું નહીં. હા, જે પોતે કામ ન કરી શકે તેવા હોય, તેને અમે કહેતા નથી. અમે પણ રોજ ઈંટો લાવશું. આ સેવા તો બ્રહ્મા જેવાને પણ દુર્લભ છે, માટે સહુએ આ દુર્લભ સેવા કરવી.''

• ભગવાન શ્રીહરિએ સંતોને દેશદેશમાં કથા-વાર્તા-કીર્તન કરવાની ભલામણ કરી :

શ્રીહરિએ આગળ જેમ કહ્યું હતું તેમ સહુ સંતો તથા બાઈ-ભાઈ બધાં હરિભક્તો મંદિરની સેવા કરતાં હતાં. ગમે તેવા મોટા રાજા હોય કે અન્ય ચાહે તેવા લોકો હોય, તેમને પણ સેવા કરવામાં અધિક ને અધિક ભાવ થાય તેમ શ્રીહરિ વાત કહેતા હતા. જો વાત કહેતા આવડે તો તેમાં બહુ ચમત્કાર રહ્યો હોય છે. વાતે કરીને જ આ સત્સંગ, ભૂમિ ઉપર સર્વોપરિ થયો છે. સત્સંગ સમાન બીજું કોઈ નથી. જેટલી સરસ અને નિર્દોષ બાબતો છે તે બધી સત્સંગમાં રહી છે. સત્સંગ સિવાયના જે બીજા છે તેમાં તો સર્વે દોષયુક્ત બાબતો નિવાસ કરીને રહે છે, છતાં તેમના મનમાં તેનો ક્યારેય ત્રાસ થતો નહીં. જેને પોતાના દોષોનો બિલકુલ ત્રાસ હોતો નથી તેનું જ નામ કુસંગ કહેવાય છે. તે કુસંગ સત્સંગ કર્યા વિના ક્યારેય યથાર્થ દેખાતો નથી.

સત્સંગ તો સૂર્યના સમાન ઉજ્જ્વળ છે. તેથી સત્સંગ સમાન બીજું કાંઈ નથી. જ્યાં સુધી મનુષ્યને સત્સંગ સમાન બીજું પણ કાંઈક લાગે છે, અને જ્યાં સુધી સત્સંગ રુચતો નથી ત્યાં સુધી તે મોહરૂપી અંધારી રાતમાં પડ્યો છે. પછી જ્યારે તેને સત્સંગમાં રુચિ થાય છે ત્યારે તેને સંસારનું ભટકણ છૂટી જાય છે. આ જીવને સંસારનું ભટકણ સત્સંગ કર્યા સિવાય કરોડો કલ્પ વીતી જાય તોપણ છૂટે તેમ નથી. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાન તેમજ અન્ય જેટલાં સત્સંગમાં શુભ સાધનો રહ્યાં છે તે સત્સંગનું શરીર છે. વળી તે ધર્મ-જ્ઞાનાદિક સાધનોને જ સત્સંગનાં ખરાં આભૂષણ, વસ્ત્ર તથા સમૃદ્ધિ કહ્યાં છે. અને જે ભગવાનની મૂર્તિ છે તે તો સત્સંગનો આત્મા-પ્રાણ છે.

આ રીતે જ્યારે સત્સંગને જાણે છે, ત્યારે તે પૂરો સત્સંગી કહેવાય છે. જેને જિંદગીભર આ સમજણનો નાશ ન થાય અર્થાત્

ક્યારેય સમજણ ફરે નહિ ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. પરંતુ જો આગળ કહી તેવી સમજણ ફરી જાય તો તે વિમુખમાં ગણાય છે. સત્સંગના વર્તને કરીને જ મનુષ્ય સત્સંગી કહેવાય છે. જ્યારે માણસનું તે વર્તન ફરી જાય છે ત્યારે તે વિમુખમાં ખપે છે. જ્યાં સુધી જીવ શરીરમાં રહે છે ત્યાં સુધી સહુ લોકો તે શરીરમાં પ્રેમ કરતા રહે છે. એ જ રીતે જેટલા શુભ ગુણો છે તે બધા જીવરૂપ છે. તે શુભ ગુણવાળો માણસ જ્યાં જાય છે ત્યાં ત્યાં તે ગુણ તેનું સન્માન કરાવે છે.

જે લોકો નીતિનો ત્યાગ કરે છે તે બ્રહ્મા જેવા મોટા હોય તોપણ તે અપયશને પામે છે. માટે નીતિ સમાન બીજું કોઈ ઊંચું વર્તન કહેવાતું નથી. મનુષ્ય નીતિ રાખીને જેટલું વર્તે છે તેટલો તેનો યશ વધે છે. માટે જેટલો યશ કહેવાય છે તે બધો નીતિમાં રહ્યો છે. તેમજ જેટલો અપયશ છે તે બધો અનીતિમાં રહ્યો છે. તેથી જેને યશનો ખપ હોય છે તે નીતિને ગ્રહણ કરે છે. જેને યશનો ખપ ન હોય તેને જ અનીતિ રુચે છે. જેટલો અપયશ છે તે બધો અનીતિનો જ કહેવાય છે. જીવ નીકળી ગયા પછીનું શરીર જેવું શોભે તેવો અનીતિમાં રુચિવાળો માણસ શોભે છે. ગમે તેવા મોટા અધિકારને પામ્યો હોય તોપણ અનીતિવાળાને કોઈ વખાણતું નથી. મોટા અધિકારને પામ્યા પછી જેટલા લોકો તે નીતિનો ત્યાગ કરી દે, છતાં તે અનીતિવાળા અધિકારીને જે લોકો માને છે તે પણ નીતિ વગરના હોય છે. રુચિ ઉપરથી જે માણસ જેવો હોય તે દેખાઈ આવે છે.

સં.૧૮૮૨ના કાર્તિક સુદિ બીજની તિથિએ દીનદયાળુ પ્રભુ શ્રીહરિ વડતાલમાં મંદિરની પાછળના ભાગમાં સવારના પહોરમાં આવીને બેઠા હતા. તે વખતે અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. જેટલા સંતો તથા હરિભક્તો હતા તે બધા સભા કરીને બેઠા અને અતિ ભાવથી સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં.

તે વખતે શ્રીહરિ બોલ્યા, "વડતાલ તથા અમદાવાદમાં મોટાં મંદિર થયાં છે તે હરિભક્તોની સહાયતાથી જ થયાં છે. હરિભક્ત વિના મંદિરના ખર્ચ ક્યારેય કોઈ પૂરા કરશે નહીં. પણ તે ભાવ વિના થતું નથી. જે કોઈ પણ બાબત હોય તે બધી ભાવ વિના ક્યારેય થાતી નથી. ભાવ ક્યારે થાય ? તો, જેટલું પોતાનું મનાય એટલો તેમાં ભાવ થાય છે. ગમે તેવા હોય તોપણ જો પોતાના મનાય તો તેને માટે અપાર ભરણપોષણ આદિ જે કાંઈ કરવાનું થાય તેનો અભાવ આવતો નથી. ઊલટાનો દિવસે દિવસે તેમાં નવો ભાવ રહે છે. તે રીતે જ આ બધા હરિભક્તો સત્સંગને પોતાનો માને છે. તેથી અમારે માટે, સંતોને માટે અને મંદિર માટે ગમે તેટલું કરવું પ ડે, તોપણ આ હરિભક્તોને તલભાર પણ કઠણ મનાતું નથી. પણ જેને સમજણમાં જેટલો ફેર હોય તેને તેટલું કઠણ પડે છે. જેટલી ભગવાનની વાતો છે તે બધી ભાવ વધારનારી છે. માટે હરિભક્તોને તે વાતે કરીને સમજાવવા.

જેમ આ લોકમાં અન્ન-જળ મનુષ્યનું જીવન છે તેમ હરિભક્ત બાઈભાઈઓને ભગવાન સંબંધી કથા, કીર્તન અને વાતો એ જ પ રલોકનું જીવન કહેવાય છે. જે ભગવાનની કથા, કીર્તન તથા વાતોમાં જેટલો ભાવ કરે છે તથા ભગવાન અને સંતોની સેવા કરવામાં જેને જેટલો ભાવ હોય છે તેટલો તેનો સત્સંગ સાચો છે, એમ તેનો ભાવ કહી દે છે. ભગવાનની કથા, કીર્તન તથા વાતમાં અને ભગવાન તથા સંતોની સેવામાં જો લગાર પણ ભાવ ન હોય તો તેના ભાવ પ્રમાણે તેનો તેવો ઉદ્ધાર થાય છે. જે જે દેશમાં જેટલા હરિભક્તો રહેતા હોય તે સહુને સત્સંગ ઉપર ભાવ વધારવા માટે સંતો ફરતા રહે છે. તે સંતો એવા છે કે, હરિભક્તોની આગળ કથા, કીર્તન તથા વાતો કરીને દિવસે દિવસે તેમનામાં ભગવાન પ્રત્યેનો ભાવ વધારતા રહે છે. સહુ હરિભક્તોને સંતો ઉપર તેમને ત્યાગી જાણીને વિશ્વાસ રહે છે. માટે જેવો સંતોનો ત્યાગ હોય તેવો હરિભક્તોને ભાવ-વિશ્વાસ રહે છે. હરિભક્ત સિવાયના બીજા લોકો પણ આપણા સંતોને સારા ત્યાગી જાણીને તેમની વારંવાર પ્રશંસા કરે છે."

• ભગવાન શ્રીહરિએ અનાજના કોઠાર ભરવા માટે સંતોને સત્સંગમાં જવા કહ્યું :

શ્રીહરિએ સંતોને કહ્યું કે, "અનાજ વગરના આ મંદિરમાં સંતો તથા વર્ણીઓ રહે છે. પણ મોટું મંદિર દેખીને કેટલાયે અન્નના ભૂખ્યા લોકો આવતા રહે છે. જો અનાજ ન હોય તો ભૂખ્યાનો સત્કાર ક્યારેય થઈ શકતો નથી. અન્નથી સત્કાર થઈ શકે છે. જે બીજાનો સત્કાર કરે છે તેનો સહુ લોકો સત્કાર કરે છે. તેમાં પણ જે અન્નથી સત્કાર કરે છે તેની ત્રિલોકીમાં અપાર કીર્તિ થાય છે. કોઈ વારંવાર કરોડો સાધન કરે તોપણ અન્ન આપનારાના જેવી કીર્તિ થાતી નથી, આવી અન્ન આપવામાં કીર્તિ રહી છે. મંદિર કે જગ્યા બાંધીને જે રહેતા હોય તેની અમે આ બધી વાત કરીએ છીએ. જે ત્યાગીને મંદિર કે એવી કોઈ જગ્યા ન હોય અને જેની પાસે અનાજ આદિ વસ્તુ ન હોય એવા ત્યાગીની હું આ વાત કરતો નથી. કેમ જે, તેવા ત્યાગીની પાસે તો કોઈ માંગણ પણ આવતા નથી. મંદિર તથા જગ્યામાં રહેનારા ચાહે તેવા ત્યાગી હોય તોપણ તેને અજ્ઞાની લોકો ત્યાગી સમજતા નથી. તેથી તેવા અજ્ઞાની લોકો અન્નાર્થીઓને પ્રેરણા આપીને તેમની પાસે મોકલતા રહે છે. તેથી જો મંદિરમાં અનાજ ન હોય તો તે અભ્યાગતનો સત્કાર થતો નથી

અને જો સત્કાર કરવામાં ન આવે તો તે ગમે તેવી બૂમો પાડે છે. આવનારા માંગણને ઝાઝી કાંઈ ગમ હોતી નથી. તેને રોકવામાં આવે તોપણ બૂમો પાડતા રહે છે. મંદિરમાં અનાજના કોઈ કોઠાર ન ભર્યા હોય તોપણ મંદિરમાં રહેનારાની પાસે અભ્યાગત અન્ન માગે છે. જે અભ્યાગત હોય છે તેને કાંઈ લાંબો વિચાર હોતો નથી. તેને અન્ન મળે કે ન મળે તે તો માગવામાં જ ભલાઈ માને છે.

ખરેખર તો જેણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હોય, કેવળ ભગવાનમાં જ જેને પ્રેમ રહેતો હોય, તે સિવાયના બધી જાતના રાગો જેણે તજી દીધા હોય આવો જે હોય તેને જ અભ્યાગત કહેવાય છે. સાચા અભ્યાગતને કાંઈ મળે કે ન મળે તોપણ લગારેય ક્રોધ કરતા નથી. આવા ત્યાગીને અમે ચોક્કસ અભ્યાગત કહીએ છીએ. વળી જેને ભગવાન સિવાય બીજા કોઈની સહાય ન હોય તેને અમે ગરીબ અભ્યાગત કહીએ છીએ. જે આવીને કડવાં વેણ બોલે તેને અમે ગરીબ અભ્યાગત કહેતા નથી. તેઓ જ્યાં જાય છે ત્યાં તિરસ્કારને જ પામતા રહે છે. જે અભ્યાગત રસભર્યા અમૃત જેવાં વચન બોલતા હોય તે જ્યાં જ્યાં જાય છે ત્યાં લોકો તેનો સત્કાર કરે છે.

જે જે લોકોના વચનમાં અમૃત ભર્યું હોય છે તે જ્યાં જાય છે ત્યાં સત્કારને પામતા રહે છે.. સત્કાર અને તિરસ્કાર, તે બંને તો વચનમાં જ રહ્યા છે તેવું દેખાય છે. બીજાના જેટલા દોષ જોવામાં આવે છે તેટલો અંતરમાં તમોગુણ રહે છે. હરકોઈ નિમિત્તે જ્યારે માણસમાં લોભ નિવાસ કરે છે ત્યારે તેને સાચા-ખોટાના વિવેકનો વિચાર રહેતો નથી. કારણ કે, લોભમાં એવો ગુણ રહ્યો છે કે તેને લીધે સત્-અસત્ બાબત દેખ્યામાં આવતી નથી. જે માણસ સાચાને પણ જેટલા ખોટા કહે છે તેટલો તેના અંતરમાં તમોગુણ ભર્યો રહે છે.

જ્યારે એક એક ટીપું પડી પડીને વરસાદ થાય છે ત્યારે તે વરસાદથી આ બધી ભૂમિ તૃપ્ત થઈ જાય છે. વળી, જેટલાં તળાવ તથા નદીઓ હોય છે તે બધાં પણ તે બિંદુરૂપ વરસાદના પાણીથી ભરાઈ જાય છે. તે વરસાદનાં બિંદુઓની જેવી રીત કહી તેનો સિદ્ધાંત હવે અમે કહીએ છીએ. આ ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ બહુ મોટા છે. તેમના જેવો કોઈ રાજા પણ કહેવાય નહીં; કેમ જે, આ ભગવાન જ્યારે વરસાદ કરે છે ત્યારે જ લોકો અનાજને ઉપજાવી શકે છે. જ્યારે નીપજમાં અનાજ આવે છે ત્યારે જ બધા રાજાઓ પણ સમૃદ્ધિને પામે છે અને મનુષ્યો પણ સર્વ પ્રકારે સમૃદ્ધિમાન થઈને રહે છે. જેટલા ભલા માણસો છે તે આવું બધું સમજે છે. આવી સમજણ વિના તો કોઈ મોટો રાજા થાય તોયે શું અને કરોડપતિ થાય તોપણ શું ? તેમને મનુષ્યદેહ મળ્યો તોયે શું ફાયદો ? તે લોકો કરોડો કલ્પ સુધી અજ્ઞાનરૂપી ઘોર અંધારામાં અવરાઈને રહે છે. છતાં અજ્ઞાનને લીધે તેને કાંઈ દેખાતું નથી.

કોઈ પુરાણોને ભણે અથવા જેટલાં શાસ્ત્રો હોય છે તે બધાને ભણે, પણ તે લોકોને સત્સંગ થયા વિના અજ્ઞાનનું અંધારું ક્યારેય ટળતું નથી. સત્સંગ વિના બ્રહ્માના લખેલા લેખથી પણ અજ્ઞાનરૂપ અંધારું ટળતું નથી. જે સમજીને અજ્ઞાન ટાળે છે તેનું જ અજ્ઞાન-અંધારું ટળે છે. આ વાત ક્યારેય મિથ્યા થવાની નથી. પુરાણને ભણેલા પણ પુરાણમાં કહેલી વાતને જ્યાં સુધી ગ્રહણ ન કરે ત્યાં સુધી તે પુરાણીનું અજ્ઞાન ટળતું નથી, અને પુરાણ વાંચનારા પુરાણીની ગમે તેવી મધુર વાણી હોય તોપણ તેનું ગ્રહણ કર્યા વિના તેના વચનમાત્રથી શ્રોતાઓનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી. જ્યારે પુરાણોમાં કહેલી વાતને ગ્રહણ કરે છે ત્યારે જ તે શ્રોતા-વક્તાનો ઉદ્ધાર થાય છે. આ વાત ચોક્કસ નિર્ધારિત છે.

મંદિરમાં અનાજના કોઠાર ભરવા માટે તમે સંતો ગામે ગામ જઈને સહુને એ રીતે કહો કે, વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મોટું મંદિર થયું છે માટે જેને જેટલી શ્રદ્ધા હોય તેટલું તમે અનાજ આપજો. ગામમાં જે મુખી હોય તેની પાસે જઈને તેને કહેવું. વળી જે ખેતી કરનારા ખેડૂત હોય અને બીજો કોઈ ઉદ્યમ-ધંધો કરનારા હોય તેની પાસે જઈને પણ કહેવું. તેથી તેઓ ભગવાન અને દેવ માટે પા શેર, અરધા શેર કે તેથી પણ વધારે આપવાનો શ્રદ્ધા-ભાવ કરશે. ભગવાન અને દેવ સિવાય જેમાં ભગવાનનું નિમિત્ત કે સંબંધ ન હોય એવી બાબતમાં પણ ગૃહસ્થો જ્યાં ત્યાં અનાજ આપતા રહે છે. તેના મનમાં તે બાબતે કોઈ શંકા થતી નથી. પરંતુ જ્યારે ભગવાન નિમિત્તે કાંઈક દેવાનું થાય ત્યારે તેમાં તેનું મન શંકા કરે છે. જેને ભગવાન ઉપર ભાવ થાય છે તેના અંતરમાં ભગવાન વસે છે. જેના મનમાં ભગવાન નિવાસ કરે છે ત્યારે તે ભગવાન નિમિત્તે જેટલું કાંઈ કરવામાં આવે તેટલું જ સાર્થક થયું એમ માને છે. વળી, જેના ઉરમાં ભગવાન વાસ કરે છે તેને જે જે પદાર્થ ભગવાન વિના બીજે વપરાય તેથી તેના મનમાં સુખ રહેતું નથી. જેનો જેવો ભાવ હોય તે તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે. જેવા અંતર્યામી છે તેવો જ ભાવ છે. કારણ કે, ભાવને લીધે જેનું જેવું અંતર હોય તે દેખાયા વિના રહેતું નથી. ગામે ગામ જેટલાં બાઈ-ભાઈ હરિભક્તો છે તેનું અંતર જેવું હોય છે તે તેના ભાવમાં દેખાઈ આવે છે. સહુ લોકોના અંતરનો ભાવ જોવા માટે અમે પ્રકરણ ફેરવીએ છીએ. તેમાં જેનું જેવું અંતર હોય છે તે ભાવ ઉપ રથી જણાઈ આવે છે. આવું જે પ્રકરણ ફેરવવું તે તો બુદ્ધિનું કામ છે અને પ્રકરણ ફેરવવાથી જેવી બુદ્ધિ હોય છે તે દેખાઈ આવે છે.

• સંતોએ જોળી માગવાથી કોઠારમાં પુષ્કળ અનાજ આવ્યું અને શ્રીહરિએ અન્ન દેનારાઓને અપાર ફળ આપ્યું :

શ્રીહરિએ સંતોને જે રીતે કહ્યું હતું તે રીતે સંતોએ કર્યું. લક્ષ્મીનારાયણ દેવના મંદિર ફરતાં જે ગામ હતાં ત્યાં સહુ પ્રેમથી ગયા. જે જે ગામમાં ગામના જે કોઈ મુખી હતા તેઓ શ્રીહરિના સંતોને દેખીને મનમાં ખુશ થય. મુખીએ ગામના લોકોને બોલાવીને કહ્યું કે, "આ જે સંતો આવ્યા છે તેઓ પહેલાં ક્યારેય અનાજ માગવા આવ્યા નથી. માટે અત્યારે ભગવાન તમને જેટલું અનાજ અપાવે તેટલું બાજરી, ડાંગર, જુવાર, કોદરી, બાવટો ઈત્યાદિક જેને જેવો ભાવ હોય તે પ્રમાણે ભાવથી અનાજ આપજો. આ સંતો અને બીજા સંતોમાં રાત-દિવસ જેટલો ફરક છે. આ સંતો ધન અને સ્ત્રીનો ત્યાગ રાખે છે. તેમને ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ નથી. તેમણે બધાં વ્યસન અને કેફનો મળની જેમ ત્યાગ કર્યો છે. આ સંતો ભગવાન સિવાયની બીજી બધી બાબતોને સંસારમાં ભટકાવનારી માને છે. એટલે કે ભગવાનને જેવી ગમે તેવી આ સંતોની અલૌકિક રીત છે.

શાસ્ત્રમાં તે વાતો લખી છે. શાસ્ત્રમાં લખ્યા સિવાયની એક પણ વાત રાખી નથી. ભગવાનને શું ગમે છે ? શું નથી ગમતું ? તે બાબત શાસ્ત્રમાં લખી હોય છે. ભગવાનને નીતિ અપાર ગમે છે અને જેટલી અનીતિ કહેવાય છે તે ભગવાનને કોઈ દિવસ રુચતી નથી. ભગવાનની ગમતી જે આ રીત છે તે કરોડો કલ્પે પણ ક્યારેય ફરતી નથી. જેટલું સુખ છે તે બધું નીતિમાં રહ્યું છે. અને જેટલું દુ:ખ કહેવાય છે તે બધું અનીતિમાં રહ્યું છે. આ સંતો આવી રીતે દૃઢતાથી નિરંતર સમજે છે.

આ સંતો સિવાયના બીજા ત્યાગીઓ, આ સંતોને સેવનારા હરિભક્તો સિવાયના બીજા પંડિતો તથા અન્ય લોકો આ ત્રણેય નીતિમાં સમજે તો છે, પરંતુ સમજવા છતાં પણ એ ત્રણેય નીતિમાં વર્તતા નથી. નીતિના મતને અનુસારે જ્યાં સુધી વર્તતા નથી ત્યાં સુધી તેમાં અપાર ફરક રહે છે. "

ગામના મુખીએ જ્યારે આવી વાત કરી ત્યારે જેને નીતિ તથા ધર્મ સારાં લાગતાં હતાં તે બધાએ એક એક ઘરથી એક એક મણ અનાજ ભાવથી સંતોને આપ્યું. પણ જેને ધર્મ ઉપર રુચિ ન હતી તેવા લોકોએ તો જેવો ભાવ હતો તે પ્રમાણે આપ્યું. જેટલા ભાવિક હરિભક્તો હતા તેમણે તો પોત પોતાના ગામથી પાંચ, દસ, પંદર, વીશ, પચીશ અને ત્રીશ મણ સુધીનું કેટલુંય અનાજ આપ્યું. વળી, તેને પોતાના ગાડામાં ભરીને શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં પહોંચાડી પણ દીધું. ત્યારે તેને જોઈને શ્રીહરિ તેના ઉપર બહુ જ રાજી થયા. જેણે જેણે મંદિરમાં અનાજ આપ્યું હતું, તેનાં નામ લખાવીને લાવ્યા હતા. કેમ જે, શ્રીહરિની પાસે તે સર્વેનાં નામ યાદ કરી શકાય તે માટે ફરવા ગયેલા સંતો તેમનાં નામ લખી લાવ્યા હતા. જે જે નામ લખ્યાં હતાં તેને શ્રીહરિએ ભાવથી વાંચ્યાં. પછી જેનાં નામ લખ્યાં હતાં, તેમના અનાજમાંથી એક એક કણ લઈને પોતાના મુખમાં મૂક્યો અને જમ્યા.

શ્રીહરિ-સંત જમાડવાથી અપાર ફળ થાય છે :

શ્રીહરિ મુખ જેંવત ભયે, કણ કણ પ્રતિ હિ જેહ; એક એક જજ્ઞ કે યહ, ફલ દેત ભયે તેહ.
નિષ્કામી સંત જિતનેઉ, વર્ણિ રૂસી રહે રીત; જેંવત નિત્ય અન્ન જિનકે, હરિ કુ ધરિ કર પ્રીત.
સંત જેંવત જેતે, વર્ણિ જેંવત જેતે જેહિ; ગ્રાસ ગ્રાસ તેતે, જજ્ઞ કે ફલ હોત નિત્ય.
હરિ કે હોઉ રહેઉ, હરિ કે અર્થ મેં આત જેઉ; જેંવત હે અન્ન તેઉ, શ્રીહરિ નિમિત્ત હોત યહ.

પછી શ્રીહરિએ એક એક કણે એક એક યજ્ઞનું ફળ અનાજનું દાન કરનારાઓને આપ્યું.. તે રીતે જે નિષ્કામી સંતો અને નિષ્કામી વર્ણી નિત્ય જેના અન્નને ભગવાનને હૃદયમાં ધારીને પ્રેમથી જમતા હતા, તેના એક એક કોળિયે એક એક યજ્ઞનું ફળ અનાજ આપ નારાને રોજ થાતું હતું. જે ભગવાનના જ થઈને રહેતા હોય અને ભગવાનના ઉપયોગમાં આવતા હોય એવા સંતો જે અન્ન જમે છે તે ભગવાનના જ ઉપયોગમાં આવે છે. એવી રીતે જે લોકો સમજે છે તે પાકા જ્ઞાની કહેવાય છે. જેને આવી સમજણમાં ફરક રહે છે તેના જ્ઞાનમાં કસર કહેવાય છે. સમજણમાં જે જેટલી કસર રાખે છે તે ભાવમાં દેખાઈ આવે છે. વચનમાં, આંખમાં, શ્રોત્રમાં અને સેવા કરવામાં ભાવ દેખાઈ આવે છે. જેનો જેવો ભાવ હોય છે તે ક્યારેય છુપાવ્યો છુપાતો નથી અને જેવો ભાવ હોય છે તેવું તેને ફળ મળે છે, આ વાતમાં કાંઈ ખોટું નથી. આવી વાતને જે ખોટી જાણે છે તે મનુષ્યો સંસારમાં ભટકતા રહે છે. જીવને સંસારમાં ભટકાવનારા આવા જે જે કારણો છે તેને અમે જોઈ-વિચારીને કરોડો વાર બતાવી દીધાં છે. જેનું જેવું કારણ હોય તે યથાર્થ બતાવવું ઘણું કઠણ છે. જે જે વાતનું જે કારણ હોય એ જ્યારે પ્રત્યક્ષ દેખાઈ આવે છે ત્યારે તે વાત રસ ભરેલી લાગે છે. તેથી જ તેને સાંભળ સાંભળ કરવા છતાં તૃપ્તિ થાતી નથી.

• ભગવાન શ્રીહરિએ વડતાલમાં પ્રબોધની તથા રામનવમીના બે સમૈયા નક્કી કર્યા :

શ્રીહરિ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં ચોતરા ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા તેના ઉપર બેઠા. અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે સમયે જેટલા સંતો તથા હરિભક્તો હતા તે સહુની ત્યાં સભા થઈ. પછી શ્રીહરિ સંતો તથા હરિભક્તો પ્રત્યે બોલ્યા કે, ''આ વડતાલધામ જેવું બીજું કોઈ ધામ નથી. બીજાં જેટલાં ધામ છે ત્યાં હજારો હરિભક્તો આવે ત્યારે ઉતારા માટેનું ઘણું દુઃખ રહે છે. તેમજ સ્નાન માટેનું પણ દુઃખ કહ્યું જાતું નથી અને બજારમાં આવતા-જતા પણ કહી ન શકાય તેટલું દુઃખ રહે છે. એવાં ધામ જ્યાં છે ત્યાં ધાર્યા પ્રમાણેનો સમૈયો ક્યારેય થાતો નથી. તેવા સ્થાનમાં હરિભક્તો ઘણા દુઃખી થાય છે. હરિભક્તોને અપાર સુખ આપવા માટે તો અમે નિર્ધારિત રૂપમાં સમૈયા કરીએ છીએ.

હરિભક્તોને વડતાલમાં તો અપાર સુખ આવે છે. ઉતારા કરવાનું કોઈ દુઃખ રહેતું નથી. સ્નાન કરવા માટે ગોમતીનું પણ સુખ છે. જ્યારે વડતાલમાં સમૈયો થાય છે ત્યારે નડિયાદ ગામના વેપારીઓ જાત જાતની દુકાનો કરે છે. તેથી જેને જે જોઈએ તે મળી રહે છે. નડિયાદ ગામના ફોજદાર જ્યારે વડતાલમાં સમૈયો હોય ત્યારે મંદિરની સંભાળ રાખવા માટે પોતાના પોલીસને મોકલે છે, અને તે પોલીસ બધા સંઘની સંભાળ રાખે છે. માટે વડતાલમાં દર વર્ષે બે મોટા સમૈયા કરવા. તેથી આજ દિવસથી અમે તે બે સમૈયા બાંધીએ છીએ; તો તેના ઉપર સહુએ આવવું. પ્રબોધની એકાદશીનો સમૈયો તો અમે અત્યારે કરીએ છીએ.

પ્રબોધની એકાદશીને દેવદિવાળી કહેવાય છે અને તે ધર્મદેવનો જન્મદિવસ છે. માટે તેનો ઉત્સવ કરવાનો હોય છે. અને તે પછીની પૂનમને દિવસ ભક્તિમાતાનો જન્મ થયો હતો એટલે તે દિવસે તેનો ઉત્સવ કરવાનો રહે છે. રામનવમીને દિવસ પ્રભુ રામચંદ્રજીનો જન્મ થયો હતો અને તે દિવસે અમારો પણ જન્મ થયો હતો. હવે પછી દિવાળી તથા હુતાશનીનો ઉત્સવ મુખ્ય રહેશે નહીં. તેનો ઉત્સવ તો જ્યાં જોગ આવશે ત્યાં કરશું.''

પછી મંદિરથી પૂર્વ દિશામાં દસ દિવસની અંદર જ શ્રીહરિને રહેવા માટે ઘણો સુંદર એક બંગલો (હરિમંડપ) તૈયાર કરાવ્યો. શ્રીહરિ તે બંગલામાં આવીને રહ્યા અને શાસ્ત્ર સાંભળવાનો અભ્યાસ રાખ્યો. સવારથી લઈને રાજભોગ સુધી રોજ ઘણા ભાવથી કથા સાંભળતા. નિત્યાનંદ સ્વામી ત્યાં રોજ કથા વાંચતા હતા. જ્યારે શ્રીહરિ કથા કરાવતા ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને શ્રીહરિ અચૂક બોલાવતા. ક્યારેય તેમને ભૂલતા નહીં. બીજા જેટલા સંતોહરિભક્તો હતા તે સવારે તથા સાંજે ઘણા ભાવથી પાંચ પાંચ વાર ઈંટો લાવતા હતા. તે બધી ઈંટો મંદિરના ઉપયોગમાં આવતી હતી. તે વખતે ચિંતવ્યા કામ તરત થઈ જતા હતા.

મુનિવર નિત્યાનંદ સ્વામીની કથા સાંભળીને મુક્તાનંદ સ્વામી રોજ તેમનાં વખાણ કરતા. અને શ્રીહરિને એમ કહેતા કે, ''આવી કથા બીજા કોઈને આવડે નહીં. નિત્યાનંદ સ્વામીને વ્યાસ મુનિનો જેવો અભિપ્રાય છે તેવો કહેતા આવડે છે. અમે બધા કથા કરીએ છીએ પણ આવી ઝીણવટભરી વાત જાણતા નથી. ઝીણવટ વિના કથામાં રસ આવે નહીં. આટલી ઝીણવટથી શાસ્ત્રનું રહસ્ય કોઈ જાણતું નથી. બધી વાત શાસ્ત્રમાં રહી છે, તેના ઉપરથી આ બધું દેખાઈ આવે છે. પૂર્વના કોઈ અવતારે માંસ, મદિરા, ચોરી અને પરસ્ત્રીનો સંગ, એ આદિકનો ત્યાગ કરાવ્યો નથી. તે સ્પષ્ટ દેખાઈ આવે છે. જ્યારે આ જગતની રચના થઈ ત્યારે જે માણસ અધર્મને માર્ગે ચાલે તેને દંડ દેવાને માટે જમપુરીની રચના કરી છે. છતાં પણ અધર્મી લોકો અધર્મ જ કરતા રહે છે.''

ત્યારે શ્રીહરિ બોલ્યા, ''જે અધર્મનું આચરણ કરે છે તેને માટે તો જન્મ-મરણ રચ્યાં છે તથા લખચોરાશીનાં દુઃખ પણ કર્યાં છે. મનુષ્ય જેવું અધર્માચરણ કરે છે તેવાં ફળને તે પામે છે. ભગવાન સમાન બીજો કોઈ દયાળુ નથી. જે મનુષ્ય જેવાં કર્મ કરે છે તેને તેવું ફળ આપે છે. પણ ભગવાનને કોઈના ઉપર કોપ થાતો નથી. મનુષ્ય જ્યારે દુઃખની પૂરી તપાસ કરે છે ત્યારે તેને આવેલાં દુઃખનો ખુલાસો થાય છે. મનુષ્ય જ્યાં સુધી દુઃખમાં પણ સુખ માનતો રહે છે, ત્યાં સુધી એ મનુષ્ય જેવું માગે છે તેવું તેને ભગવાન આપે છે. કેમ જે, ભગવાન તો કલ્પવૃક્ષ જેવા છે. મનુષ્ય જેવી ઇચ્છા કરે છે તેને તેવું આપે છે, છતાં પણ જે અખતર ડાહ્યા છે તે ભગવાનમાં દોષ દેખાડે છે. જેટલાં સચ્છાસ્ત્રો છે તે અમૃત જેવાં છે. તે બધાં ભગવાનને વારંવાર નિત્ય નિર્દોષ કહે છે. પરંતુ જે અખતર ડાહ્યા છે તે ભગવાનને દોષ લગાડે છે. એવા ભગવાનમાં દોષ દેખાડનારા ગમે તેવા ભણેલા હોય, તોપણ તેનો ક્યારેય ઉદ્ધાર થતો નથી.

જે લોકો ભગવાનને નિર્દોષ જાણે છે તેનો ઉદ્ધાર થાય છે, તેમાં લગાર પણ મિથ્યા નથી. જે લોકો મન, કર્મ, વચને કરીને સત્સંગનો સત્કાર કરશે, સત્સંગ ઉપર પ્રેમ રાખશે અને સત્સંગને સહુથી શ્રેષ્ઠ જાણી તેના સમાન બીજું કાંઈ નહિ માને; તે બધાનો ઉદ્ધાર થશે, અને તેમની લખચોરાશીનો પણ નિકાલ થઈ જશે. જે લોકો સત્સંગ ઉપર જ્યાં સુધી દ્વેષ રાખશે ત્યાં સુધી તે દ્વેષ રાખનાર ગમે તેવા મોટા હશે, તોપણ તેને જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ કરોડો કલ્પ સુધી ભોગવવું પડશે. જે સત્સંગનો

જ્યાં સુધી સત્કાર કરે છે ત્યાં સુધી તેની અપાર કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે. માટે જેને અપાર કીર્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે સત્સંગનો સત્કાર કરતા રહેવું જોઈએ.''

• સત્સંગમાં સ્ત્રી-પુરુષોનાં મંદિર અલગ કરવાનો હેતુ :

નિત્યાનંદ સ્વામી જે જે ગ્રંથની કથા વાંચતા હોય કે કીર્તન ગાતા હોય કે જે જે વાત કરતા હોય તેમાં, ઉદ્ધવજી ભગવાનના મહિમાને જેવા યથાર્થ ભાવથી સમજતા હતા, તેના કરતાં પણ અતિ અપાર ભગવાન તથા સત્સંગના મહિમાને નિત્યાનંદ સ્વામી જાણતા હતા. આ બાબત તેઓ જે વાત કરતા તેમાં પ્રગટ દેખાઈ આવતી હતી. કારણ કે, જેના અંતરનો જેવો ભાવ હોય તે વાત કરવામાં દેખાઈ આવે છે. શ્રીહરિ જ્યારે જેટલા દિવસ નિત્યાનંદ સ્વામીની પાસે કથા વંચાવતા, ત્યારે તેટલા દિવસ રાજી થઈને બંને વખત પોતે થાળ જમીને તેમને પ્રસાદી આપતા હતા. તેમજ શ્રીહરિ ઘણા આદરથી પ્રસાદીનાં વસ્ત્ર પણ વરસો વરસ દેતા હતા. આ ભૂમિ ઉપરના જેટલી જાતના મેવાઓ છે શ્રીહરિની પાસે આવતા, અને જગતમાં જેટલી જાતની મીઠાઈઓ છે તે શ્રીહરિની પાસે અપરંપાર આવતી. તે મેવા-મીઠાઈનેજમીને શ્રીહરિ નિત્યાનંદ સ્વામીને પ્રસાદીના રૂપમાં વારંવાર આપતા હતા.

સાચી સમજણ અને મહિમા તે બે ગુણ નિત્યાનંદ સ્વામીમાં મોટા હતા. બીજા ગુણ પણ અપાર હતા. જેને અલ્પ બુદ્ધિ હતી તેઓને નિત્યાનંદ સ્વામી મહા માની દેખાતા. કેમ જે, સ્વામીના દેહની રીત એવી હતી, પણ તેમનું હૃદય તો માખણ જેવું કોમળ હતું. જેનો ખરોપા કો સત્સંગ હોય તેની સાથે જ સ્વામી પોતાનું અંતર મેળવતા(દિલનું હેત કરતા). પરંતુ જેનો સત્સંગ ઉપલક દેખતા તેની સાથે તેમનું અંતર મળતું નહીં. જેનો ઉપરછલ્લો સત્સંગ હોય તે સત્સંગનો પક્ષ રાખતા નથી, અને તેવા લોકો સત્સંગના દ્રોહીના પણ ઘણાં વખાણ કરતા હોય છે. જેનો જેવો સત્સંગ હોય છે તે તેની વાતમાં દેખાઈ આવે છે. જેને જેટલો સત્સંગનો પક્ષ હોય તે કામ પડે ત્યારે જણાઈ આવે છે. જે હરિભક્ત હોવા છતાં બીજા કોઈ હરિભક્તનાં દુઃખને દેખીને મનમાં જેટલાં દુઃખ અનુભવતા ન હોય તો તે તેટલા પૂરા હરિભક્ત નથી.

જે પોતે હરિભક્ત હોવા છતાં બીજા હરિભક્તનું મનમાં ભૂંડું ઇચ્છે તેટલો તેમાં કુસંગ રહ્યો છે. જે હરિભક્ત જેવો હોય તે હેત અને કુહેતમાં દેખાઈ આવે છે, તે છાનું રહેતું નથી. કારણ કે, આ સત્સંગ તો સૂર્યરૂપ છે. સત્સંગની વાત તો શુદ્ધ પાણી જેવી છે. જીવમાં કુસંગરૂપ મેલ ઘણો રહ્યો છે. સંતો તે મેલને સત્સંગની વાતે કરીને વારંવાર રાત-દિવસ ધોયા કરે છે. જેટલો કુસંગનો પાશ લાગે છે તેને સંતો વાત કરીને દેખાડી દે છે. પરંતુ જે જીવ સંતોનો ગુણ ગ્રહણ કરે છે તેને કુસંગનો પાશ ટળી જાય છે. હરિભક્તમાં જેટલો કુસંગ પ્રવેશ કરે છે તે સંતોને દેખાઈ આવે છે. સત્સંગની રીત કરતાં જે હરિભક્તો અધિકપણે કે ન્યૂનપણે વર્તતા હોય તે પણ સંતોને દેખ્યામાં આવે છે. પરંતુ જ્યારે સંતો તેની આગળ વાત કરે છે ત્યારે તેને તે વાત મનાતી નથી.

જેટલા સંતોની વાતને માને છે તેટલા જ હરિભક્ત છે. જે સંતોની વાતને નથી માનતા તે હરિભક્ત જ નથી. જ્યાં સુધી હરિભક્ત સંતોની વાતને માને છે ત્યાં સુધી તે હરિભક્ત સાચો ગણાય છે, અને જે નથી માનતા તે હરિભક્ત કાચા છે. આ રીતે કહ્યું તેવી સાચા અને કાચા હરિભક્તની રીત છે. જ્યારે જેનામાં મોહ પ્રવેશ કરે છે ત્યારે તે મોહ તેને કોઈને કોઈ વાતનું બહાનું કાઢીને સંતની વાત માનવા દેતો નથી.

જેને સાચા સંતની વાત જેટલી મનાય નહિ તેટલો તે હરિભક્તમાં કુસંગનો ભાગ રહ્યો છે તેમ જાણવું.. હરિભક્તોમાં પરસ્પર જેટલો કુસંપ રહે છે તેટલો તેમાં કુસંગ છે. હરિભક્તોમાં પરસ્પર જેટલો સંપ રહે છે તેટલો તેમાં સત્સંગ છે, તેમ નિશ્ચિત જાણવું. ગામેગામમાં સંતોને રહેવા માટે જે મંદિર કર્યાં છે તેનું કારણ પણ કુસંપ-કુસંગ ટાળીને સંપ-સત્સંગ કરાવવો તે જ છે. પુરુષ હરિભક્તો સાંજ-સવાર મંદિરમાં આવે છે અને ત્યાં બેસીને કીર્તન તથા કથાવાર્તા કરે છે. અને જે હરિભક્ત બાઈઓ હોય છે, તેમને સાંજ-સવાર કથા-કીર્તનાદિ કરવા માટે સંતોના મંદિરથી બાઈઓનાં મંદિર અલગ રાખ્યાં છે કે, જેમાં પુરુષોનો પ્રવેશ નથી હોતો. (ત્યાં બેસીને કથા-કીર્તનાદિ કરવાં.) પરંતુ જે નરનારીમાં જેટલો કુસંગ રહ્યો હોય તેટલાં તે સવાર-સાંજ મંદિરમાં જાય ત્યાં પણ ભેગાં રહે છે. માટે જે ખરા સત્સંગી સ્ત્રી-પુરુષ છે તે તો સવાર-સાંજ પોતપોતાના મંદિરમાં જુદા બેસી ભાવથી ખૂબ કથા-કીર્તનાદિ કરે છે.

સાચા હરિભક્તોના હૃદયમાં શ્રીહરિને રાજી કરવાનો જ ભાવ રહે છે. તેઓ ભગવાન સિવાયની બીજી જે જે બાબત કહેવાય છે તે બધી વાતોના મૂળનો નાશ કરતા રહે છે. આવો અભ્યાસ જીવનભર રાખીને ભગવાનમાં જીવને ચોંટાડે છે. કારણ કે, તે હરિભક્તો ભગવાન સિવાયનું જે કાંઈ કહેવાય છે તે સર્વને સંસારનું બંધન માને છે. હરિભક્ત બની જવાથી કાંઈ સાચા હરિભક્ત થઈ જવાતું નથી. સમજણે કરીને હરિભક્ત થવાય છે. આ બ્રહ્માંડનાં જેટલાં સુખ છે તે ચાહે તેટલાં સારાં દેખાતાં હોય, તોપણ તે સર્વને જે સંસારમાં ભટકાવનાર બંધનરૂપ માને છે તે જ સાચા હરિભક્ત છે. વળી, એવા જે સાચા હરિભક્ત છે તે ભગવાનમાં જ

સુખ માને છે અને ભગવાન સિવાયની બીજી બાબતમાં દુઃખ માને છે. પોતાનોદેહ તથા દેહના સંબંધીમાં ક્યારેય સુખ માનતા નથી. તથા પ્રિયવ્રત જેવા નિપુણ ભક્ત પણ આ કહ્યા તેવા જ હતા. એવા તો ઘણા રાજાઓ ભક્ત થઈ ગયા છે, જેનો ગણે પાર આવતો નથી. તે બધાએ ભગવાન સિવાય બીજી વસ્તુને લગાર પણ પ્રિય રાખી ન હતી. જેટલા પાકા હરિભક્ત થયા છે તેની સમજણની સીમા આ યથાર્થરૂપમાં કહી છે. જ્યાં સુધી તેવી સમજણ ન આવે અને ભગવાન સિવાય બીજું પ્રિય રહે, ત્યાં સુધી તેના માથે વિઘ્ન છે. પરંતુ આવી સમજણની વાતોનું મનન કર્યા વિના તે એક પણ વાત ક્યારેય સહાય કરતી નથી.

• ભગવાન શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને વડતાલની સેવા સોંપી અને બ્રહ્માનંદ સ્વામીને પોતાની સાથે લઈને ગઢપુર જવા નીકળ્યા :

અમદાવાદમાં નરનારાયણ દેવના મંદિરની સેવા કરવા માટે આનંદાનંદ સ્વામી રહેતા હતા. શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને ત્યાંથી બોલાવીને કહ્યું, ''અમે કહીએ છીએ કે તમે આ વડતાલના મંદિરની સેવા કરજો. જે કાંઈ બાબત હોય તે અમને પૂછીને અમારી રજા લઈને કરજો. બ્રહ્માનંદ સ્વામીને હવે અમે ગઢપુર લઈ જઈએ છીએ. જે દિવસથી બ્રહ્માનંદ સ્વામી આ મંદિરની સેવા કરવાને માટે રહ્યા છે તે દિવસથી કીર્તન રચવાનું બંધ થઈ ગયું છે. મંદિર કરવા કરતાં પણ ભગવાનની મૂર્તિનાં નવાં કીર્તનો કરવાં તે અધિક છે. કેમ જે, કીર્તનોમાં ભગવાનનાં ચરિત્રો કહ્યાં હોય છે તથા મૂર્તિની જેવી શોભા રહી હોય તેનું વર્ણન કીર્તનમાં કહ્યું હોય છે. તેમજ કીર્તનમાં પ્રગટ ભગવાનની મૂર્તિ જેવી છે તેવું તેનું નખશિખ વર્ણન કર્યું હોય છે, તેનો કહેતા પાર આવતો નથી. જેવી આ પ્રગટ ભગવાનની મૂર્તિ છે તેવી ને તેવી મૂર્તિ પોતાના હૃદયમાં અતિ દૃઢપણે જેને ચોંટી જાય છે, તેને કાંઈ કરવાનું બાકી રહેતું નથી. ભૂમિ પર આવીને પ્રગટ ભગવાને જે વાતો-ચરિત્રો કર્યા હોય તેનો જ્યારે ગ્રંથ થાય છે, ત્યારે તે બધી વાત કાયમ પ્રગટ રહે છે. તીર્થો તથા મંદિરનો જેવો મહિમા છે તેવો યથાર્થરૂપમાં ગ્રંથો દ્વારા જણાય આવે છે. વળી, જેટલા નિર્બાધ ગ્રંથો છે તે કીર્તનો તથા વાતોનું મૂળ છે.

જે ગ્રંથમાં જેટલો બાધ હોય તે ગ્રંથ તેટલા રૂપમાં પ્રમાણ થતો નથી. જેમાં બાધ રહ્યો હોય એવાં કીર્તન, વાત અને પ્રબંધ પણ પ્રમાણરૂપ થતાં નથી. જે નિર્બાધ હોય છે તે જ સર્વ લોકમાં પ્રમાણ થાય છે.'' આવી વાત કરીને શ્રીહરિએ વડતાલ મંદિરની સેવા કરવા માટે આનંદાનંદ સ્વામીને પ્રેમથી રાખ્યા. શ્રીહરિ પછી વડતાલથી અશ્વ ઉપર બેસીને ચાલ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૧ થી ૭૦)

• સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને સાંપડેલી ઉપાધિ :

પછી ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે તો તમારું તમામ કળા-કૌશલ્ય આ મંદિર નિર્માણ કરવામાં વાપરી દીધું છે. બહુ જ ભક્તિભાવથી કાર્ય કર્યું છે. પરંતુ તમારા જેવા વિદ્વાન કવિરાજ આ કાર્યમાં જ જો પ્રવૃત્ત બની રહે, તો પછી સંપ્રદાયની પુષ્ટિ જે સાહિત્યથી થવી જોઈએ તે અટકી જાય. અમારા સ્વરૂપના મહિમાનાં, ભક્તિનાં જે કીર્તનો તમે રચતા હતા, તે કામ કેટલાય સમયથી બંધ થઈ ગયું છે. એટલે હવે તમારે અમારી સાથે જ રહેવાનું છે.''

બ્રહ્માનંદ સ્વામી મહારાજનો હેતુ સમજી ગયા. ગઢપુરમાં સભામાં જ પોતે કહ્યું હતું : ''સ્વામી ! અમે તમારી માતા બનીશું, તમને સાચવીશું. કોઈ રીતે તમને કષ્ટ નહીં પડવા દઈએ.'' આજે ખરેખર મહારાજ મારી રક્ષા કરી રહ્યા છે.

સ્વામીએ તરત જ કહ્યું : ''ભલે મહારાજ ! મારે તો આપની આજ્ઞા એ જ જીવન છે. હું આપની મૂર્તિ સિવાય બીજે ક્યાંઈ બંધાવા ઈચ્છતો નથી. મારી ઝોળી મેં તૈયાર જ રાખી છે.''

ભગવાન શ્રીહરિ સ્વામીની સરળતાથી, આજ્ઞા પાળવાની તત્પરતાથી પ્રસન્ન થયા.

ભગવાન શ્રીહરિ તો અંતર્યામીપણે સઘળી હકીકત જાણતા હતા. પરંતુ બ્રહ્માનંદ સ્વામી માટે આ ખોટી ઉપાધિ ઊભી થઈ હતી, તે મહારાજને ટાળવી હતી. તેથી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને વડતાલ છોડીને પોતાની સાથે આવવા આજ્ઞા કરી.

'શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત' ગ્રંથમાં સદ્‌ગુરુ પ્રસાદાનંદ સ્વામી આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખે છે :

વડતાલમાં મહારાજ પાટ ઉપર બિરાજ્યા તે વખતે સહુ સંત મંડળ બ્રહ્મચારી પાર્ષદ મહારાજને પગે લાગી બેઠા, ત્યારે શ્રીજીમહારાજ સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી સામું જોઈને બોલ્યા જે, ''મંદિરના કામ તો સહુ કરશે; પણ અમારા કાવ્ય કીર્તનો કોણ કરશે ? અમારે તો કીર્તનો બંધ થયાં. ને તમે તો મંદિરમાં બંધાઈ જાવ પણ ખરા. મારે કોઈને બંધાવા દેવા નથી. જેમ માતા બાળકની અગ્નિથી, જળથી અને સર્પથી રક્ષા કરે છે. તેવી રીતે માયાના શુભગુણોમાં પણ અમારે કોઈને બંધાવા દેવા નથી.'' તે સાંભળી શ્રી બ્રહ્માનંદ

સ્વામી હાથ જોડીને બોલ્યા કે, ''હે મહારાજ ! મારી પણ એમ જ ઇચ્છા છે, જે તમારી પાસે રહીને તમારા, તમારા કુળના ને ભક્તના ગુણ ગાવા.'' મંદિર સંબંધી કામ તમારે વચને કરીને કરીએ તેમાં જરાયે બાધ નથી; પણ તમારા પ્રત્યક્ષ દર્શન તે મને નથી થતાં. ત્યારે મહારાજ કહે ''ચાલો અમારા ભેળા'' એમ કહીને સ્વામીને ફૂલના હાર આપ્યા ને મહારાજ થાળ જમવા પધાર્યા. થાળ જમીને મહારાજ પાટ ઉપર બિરાજ્યા એટલે સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પૂજાનો સામાન મંગાવ્યો ને મહારાજને ચંદનની ચર્ચા કરી ભારે પોશાંગ પહેરાવ્યો, ફૂલના હાર પહેરાવ્યા, ને ચરણે ચંદન ચર્ચીને છાતીમાં લીધા. પછી મુક્તાનંદસ્વામી આદિ સર્વ સંતોની પૂજા કરી, હાર પહેરાવી, વસ્ત્ર ઓઢાડ્યાં ને દંડવત્ કર્યા તે પછી મહારાજે સ્વામીને ફૂલના હાર આપ્યા. બીજે દિવસે સવારે વહેલા જાગીને મહારાજ ઘોડીએ (માણકીએ) અસ્વાર થયા ને બ્રહ્માનંદ સ્વામીને ચડવા માટે પણ ઘોડો આપ્યો ને ચાલનારા સંત અને પ ાળા તે પણ સહુ તૈયાર થયા ને વડતાલથી સહુ ચાલ્યા તે વિષે ભક્તચિંતામણીમાં પણ લખ્યું છે : **આવી'તી બ્રહ્માનંદને ભાગ્ય, તે ઉપાધિનો કરાવ્યો ત્યાગ; એવે સમામાં વિઘ્ન ટાળી, નિજ સમીપની સેવા આપી.** (વિશ્રામ-૮૪)

હવે એક હસ્ત લિખિત પ્રતમાંથી પણ ઉપરની હકીકત થોડા તફાવતવાળી મળેલ છે તે નીચે મુજબ છે.

મારવાડ પ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડવાથી એ દેશના ઘણાંક લોકોની સાથે બ્રહ્માનંદ સ્વામીની જન્મભૂમિના ખાણ ગામની આસપ ાસના જ્ઞાતિજનો અને કેટલાક સંબંધીઓ ગુજરાત પ્રદેશમાં ગુજરાન માટે આવેલા હતા, એ વખતે મંદિરનું બાંધકામ ધમધોકાર ચાલતું હતું, તેમાં કેટલા મજુરી કરી નિભાવ કરવા મારવાડી સંબંધીઓ પણ મંદિરનું કામ કરતા હતા. સાત આઠ માસ કામ કરતા ચોમાસું આવતા દેશમાં વર્ષાદ થયાના સમાચાર આવતા સહુ મારવાડીઓ વતનમાં જવાના હતા. પણ પ્રતિષ્ઠા ઉત્સવના દર્શન કરવાને થોડાક (બીજા ઘણાંજનો મારવાડમાં ગયા હતા.) રોકાણા હતા. ત્યારે કોઈ વિઘ્ન સંતોષીએ ઈર્ષાભાવે શ્રીજીમહારાજને કહેલ કે, ''મહારાજ બ્રહ્માનંદ સ્વામી તો આ દેશમાં (ગુજરાતમાં) ભગવાન થઈને પૂજાય છે, તેમના દેશ (મારવાડ) ના લોકો અને સગા-સંબંધીઓને તેડાવી મંદિરમાં રાખ્યા છે, તો પાછળથી તેઓ મંદિરના ધણી થઈ બેસશે.'' ઉપરના વચનો સાંભળી શ્રીજીમહારાજે અંતર્યામીપણું સઘળું જાણતા છતાં મનુષ્ય ચરિત્ર કરી સ્વામીની નિસ્પ્રેહીતા બતાવવા કહ્યું કે, ''બ્રહ્મમુનિ ! તમે મંદિરના કારખાનામાં રોકાવાથી અમારા કાવ્ય કીર્તનો થતા નથી, માટે હવે તમો ગઢડા જાવ.'' સ્વામીએ એ આજ્ઞા શિર ચડાવી. પોતાના આસન ઉપર પણ નહીં જતાં પોતાની પૂજા અને પત્તર પૂજનનો સામાન મંગાવી શ્રીજીમહારાજ તથા સંતોની પૂજા કરીને કેડ બાંધી (ભેઠબાંધી) મહારાજને દંડવત્ કરી ચાલવાની રજા માંગી. મહારાજે પણ બાથમાં લઈ મળી હાર પહેરાવી ચાલવાની રજા આપી.

ત્રણ ત્રણ વરસોથી મોટા ત્રણ શિખરો અને દશાવતારોના સ્થાનોવાળું દરિયા જેવું મંદિર ચણાવતા, હજારો રૂપિયાનો વહેવાર કરી, મહાન પ્રતિષ્ઠા ઉત્સવમાં આવેલા સંબંધીજનો તેમજ મંદિરના અનેક વહેવારી પ્રશ્નોનો કંઈ પણ ઉકેલ નહીં કરતા, પોતે જળકમળવત્ સ્થિતિએ અલિપ્ત હોવાથી શ્રીજી આજ્ઞા શિર ચડાવી પોતાની સાથે માત્ર પાંચ સાધુને એક પાર્ષદ લઈ સહુને ઉંચે સાદે જય સ્વામિનારાયણ કહી વડતાલથી ગઢપુરની વાટે ચાલી નીકળ્યા, તે નજીકના ગામ સીંજીવાડે રાત્રિ રહ્યાં, ત્યાંના જગરૂપ બારોટ વગેરે સહુ વડતાલ સમૈયા ઉપર ગયેલ હોવાથી સત્સંગીની હાજરી નહોતી, પણ ત્યાંના મંદિર તરીકે ઓળખાતા ઓરડામાં પોતે રાત્રિ રહ્યાં.

સ્વામી જ્યારે જ્યારે શ્રીજીનું ધ્યાન ધરી મૂર્તિના કીર્તનો ગાતા ત્યારે શ્રીજીમહારાજના પોતાને પ્રત્યક્ષ દર્શન થતા અને તેથી તેઓ બ્રહ્માનંદમાં કાયમ રહેતા. આજ રાત્રે નિત્ય વિધિ કરી સહુ સંતો સૂતા એટલે સ્વામી પોતાનો સિતારા લઈને એકાંતમાં બેસી શ્રીજી સ્મરણ કીર્તનો ગાવા લાગ્યા. બે ચાર ચોસર પદો ગાયા પણ શ્રીજીની મૂર્તિના દર્શન ન થયાં તેથી સ્વામી બહુ અકળાયા ને મનમાં ઉદ્વેગ થવા લાગ્યો કે શું મારા ઉપર શ્રીજી મહારાજ નારાજ થયા હશે ? શું મારી કોઈક વહેવારિક કસૂર કે અપરાધ સમજી શ્રીજીમહારાજ મારા ઉપર મનમાં ખીજાયા હશે ? અનેક તર્કવિતર્ક થતાં શ્રીજીમહારાજ લીલાચરિત્રોનાં અને પ્રાર્થનાનાં અનેક કીર્તનો ગાયા પણ શ્રીજીના દર્શન થયા નહિ. પ્રાતઃકાળ થતાં પ્રભાતિયા ગાયાં પહેલાં એક નવુ ચોસર પદ રચી ગદ્‌ગદ કંઠેથી અપરાધની માફી માંગતા હોય તેમ નીચેના પદો ઊંચા આલાપથી ગાવા લાગ્યા;

પ્રાર્થના પદ - રાગ વેળાવળ

પદ-૧

મેં વારી તવ નામપર, મેરમ મતવાલા;
પીર મીટાયે દીન કી; તુમ દીન દયાલ...ટેક૦
સુનિયે ધાહ ગરીબકી, હો ગરીબ નવાજા;

દુઃખ દરિયા ઉતાર દે, કરી મહેર જહાજા...મેં વારી૦૧
દોષ ન દેખત દાસકે, એહી બિરદ તુંહારો;
જગપતિ અપનો જાન કે, ઉર કષ્ટ નિવારો...મેં વારી૦૨
જેસેહી તૈસે હી રાવ રે, કપટી કુલહીને;
જ્યું કૌ નીગૂની કામિની, સમરથ પતિ કીને...મેં વારી૦૩
બ્રહ્માનંદ કી બિનતી, સાયબ સુન લેરી;
ત્રિભુવન નાયક તોરી એ, સંકટ કી બેરી...મેં વારી૦૪

પદ-૨

વાસુદેવ દુઃખ વારીએ , સમરથ છોગાળા;
દુષ્ટ વિનાશન બિરદ હે , સેવક રખવાળા...ટેક૦
દુઃખ દરિયા સંસાર સેં, તુમ બીનું કોન તારે ?
નટવર નાવ સમાન હો, હમ શરન તુમારે...વાસુદેવ૦૧
હમ હી તુમારે આશરે, તુમ હમારે નાથા;
તુમ બીન કૌ ન મેટહી, સંકટ સમરાથા...વાસુદેવ૦૨
ઉંચે તંબુ તાનીએ, સબ ભાર તનીકું;
ચાકરકી મોટપ કહા, સબે લાજ ધનીકું...વાસુદેવ૦૩
સરે ન બીગરે ઓરસેં, કારજ કછુ કબહી;
બ્રહ્માનંદ સુખ હોવહી, તુમ કરી હો તબહી...વાસુદેવ૦૪

પદ-૩

દીનાનાથ દયાળ હો, દીનન કે બંધુ;
દયા કરી જે દાસ પર, સુંદર સુખ સિંધુ...ટેક૦
કોઉકું બલ ગઢ ગામકો, કોઉકે પરિવારા;
હમકું બલ એક રાવરો, પુરુષોત્તમ પ્યારા...દીનાનાથ૦૧
મન વચન કર્મ, કરી કે ગ્રહ્યો, એક શરન તુમારો;
અંતર બહાર અરીન કું, તુંમ નાથ નિવારો...દીનાનાથ૦૨
અચળ ભરોસો આપકો, નિશ્ચે મન માંહી;
હિતકારી સંસાર મેં, તુમ બિન કોઉ નાંહી...દીનાનાથ૦૩
જૈસે પુતરી કાષ્ટ કી, નાચત ઘર માથે;
બ્રહ્માનંદ કળ યાહીકી, કારીગર હાથે દીનાનાથ...દીનાનાથ૦૪

પદ-૪

શ્યામ રંગીલે સાંવરે, સબકે સુખકારી;
આપનો બિરદ બિચારકે, કરો મેહેર મુરારી...ટેક૦
અરજી દાસ ગરીબકી, સાંઈયાં સુંની લીજે;
ભજન વિરોધી દુષ્ટકે, મદગંજન કીજે...શ્યામ૦૨
અંતર તાપ મીટાઈએ , કીજે સુખ સાતા;
કરુણા સાગર કૃષ્ણ હો, શરણાગત ત્રાતા...શ્યામ૦
જેહિ વિધી રાજી નાથ, તુમ તેહી વિધિ હમ રાજી;
હાર જીત વૃદ્ધિ હાન કી, તુમરે હથ્થ બાજી...શ્યામ૦
બ્રહ્માનંદ કહે નાથજી કીજે દુઃખ દૂરા;

મૂર્તિ મનોહર રેનદિન, રહો નેન હજુરા...શ્યામ૦

ઉપરના ચારે પદો પ્રાર્થનાના આર્તનાદથી, નિર્માનિપણે, દાસભાવથી સ્વામીએ રચી ગાયા, છેલ્લા પદની કડીમાં આપશ્રીની મનોહર મૂર્તિ રાત્રિ દિવસ અખંડ મારા નેત્ર સન્મુખ રહો. એ જ માંગણી કરી, શ્રીજીમહારાજ સ્વામીની ધીરજની કસોટી કરવા દર્શન દેતા નથી. આવા પ્રાર્થનાના પદો સાંભળી મહારાજ કેમ દર્શન નહીં દેતા હોય તે ચિંતામાં સ્વામી અકળાઈ ગયા. પછી પ્રાતઃકાળ થતાં પ્રભાતી રાગના નીચેના પદો રચીને વિરહાશ્રુથી સિતારને ભીંજવી સ્તુતિ કરવા લાગ્યા ! :

હે, પ્રભુ ! તું હવે તારા બિરદ સામું જો.

પ્રભાતિ - રાગ ભૈરવ

પદ-૧

અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરૂદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર, અવિચળ ટેક તમારી રે...અધમ૦૧
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે...અધમ૦૨
જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુવો વિચારી રે...અધમ૦૩
અનળ અહિ જો ગ્રહે અજાણે, તો છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે...અધમ૦૪
બ્રહ્માનંદની એ જ વિનંતિ, મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી, જોયે સાંજ સવારી રે...અધમ૦૫

પદ-૨

મનમોહન સુંદરવર મારા, અવગુણિયા વિસરાવા રે;
અધમોદ્ધારક પતિત જન પાવન, બિરુદ તમારૂં ચહાવા રે...મન૦૧
સહુ દેખતાં શામળિયા તમે, માડી થયા છો માવા રે;
છોરૂની ચિંતા રાખીને, મા દેશો મુંઝાવા રે...મન૦૨
બાળક હોય તે જેમ તેમ બોલે, લીએ કટાણે ખાવા રે;
જનની રોષ ન લેખે જાણે, અણસમજુ હોય આવા રે...મન૦૩
શેરડીએ રમતાં અથડાતાં, છોરા રાખે દાવા રે;
સબળ થઈ કોઈ લીએ ચુંટીઆ, તો માતા જાય મેલાવારે...મન૦૪
મનગમતું સર્વે મેલીને, એક તમને રીઝાવા રે;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, ગુણ તમારા ગાવા રે...મન૦૫

ઉપરનું બીજું પ્રભાતી પદ પૂરું થતાં ત્રીજા પદની કડી સ્વામી ગોઠવવા લાગ્યા, ત્યાં જ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ આવી સ્વામીનો સિતાર હાથમાં ઝાલી, આંસુથી પલળેલા સ્વામીના ગાલોને પોતાના ખેસના છેડેથી લૂઈ, માતા જેમ બાળકના માથા ઉપર વ્હાલથી હાથ ફેરવીને પંપાળે અને ગાય જેમ હીંહોરા કરી વચ્છને જીભ વડે ચાટે, તેમ વાત્સલ્ય પ્રેમ લાવીને "બેટા, એ બેટા ! કેમ અકળાય હું તારી 'મા' તારી પાસે જ છું." એમ કહી સ્વામીના બંને હાથ ઝાલી, ઊભા કરી, બાથમાં ઘાલી છાતી સાથે ચાંપી, આંખમાના આંસુ લૂઈ નાંખી, અતિ ઉમળકાથી કરુણામય નેણે સ્વામી સામે જોયું, સ્વામી અતિ આવેશમાં આવી ગયેલ હોઈ દેહની શુદ્ધિ ભુલી ગયા હતા. શુદ્ધિમાં આવતા દંડવત્ કરવા લાગ્યા અને પ્રેમાશ્રુથી શ્રીજીના ચરણ પલાળી દઈ, ચરણારવિન્દ પકડીને નીચે બેસી ગયા, આમ બે ઘડી શાન્ત રસનું સુખ આપ્યા પછી શ્રીજીમહારાજ બોલ્યા "બ્રહ્મમુનિ ! મેં તો તમારી ધીરજ જોવા અને મારા સંતો કેવા નિસ્પૃહી છે તેવું બીજાઓને બતાવવા આ મનુષ્યચરિત્ર કરેલ હતું તમે તો એક સ્વરૂપે સદાય મારી પાસે છો, અને બીજે સ્વરૂપે બહાર જણાઓ છો. આહીં બે દિવસ રોકાજો. ત્યાં અમો સહુ આવીને મળશું. પછી સાથે ગઢપુર જઈશું." એમ કહી સ્વામીને પોતાના ખંભા ઉપરનું રેશમી શેલું ઓઢાડીને શ્રીજી અદશ્ય થયા.

સ્વામી સ્વસ્થ થયા, આનંદના ફૂવારા છૂટ્યા અને માન્યું કે, મહારાજ તો સદાય મારા ઉપર રાજી જ છે. ખેશ પ્રત્યક્ષ મળેલ તે આંખે અડાડી સંકેલી પૂજામાં મેલી, સહુ સંતોને જગાડી સ્નાનાદિક ક્રિયા કરી પછી ત્યાં બે દિવસ રોકાયા. ત્યાં તો ત્રીજે દહાડે શ્રીજી સવારી આવતા મહારાજ માણકી ઉપર અને સ્વામી એક રોઝા ઘોડા ઉપર બેસી સહુ સાથે ગઢપુર આવ્યા.

બ્રહ્માનંદ સ્વામીને સીંજીવાડામાં દર્શન આપી વડતાલમાં સવારની સભામાં શ્રીજીએ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીને વાત કરેલ જે, ''બ્રહ્મમુનિએ ગઈ રાત્રે પ્રભાતિયા બહુ જ સરસ બનાવી ગાયા છે,'' એ વાતની યાદી રાખી જ્યારે મહારાજ ગઢડે પધાર્યા ને બીજે દિવસે જ્યારે લક્ષ્મીબાગની બેઠકે બિરાજ્યા ત્યારે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ મહારાજ આગળ પહેલા પ્રભાતિયા સાંભળવાની અરજ કરી, તેથી મહારાજે સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીને તે સીંજીવાડામાં બનાવેલા બે પ્રભાતિયા બોલવાની આજ્ઞા કરી પછી સ્વામી સિતારમાં એ બે પદો બોલ્યા, એટલે મહારાજે પોતાની પ્રસાદીનો થાળ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને તથા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને આપ્યો.

ગઢડા આવ્યા પછી મહારાજે પ્રગટ મૂર્તિના કીર્તનો રચવાની આજ્ઞા કરી, સ્વામીએ તે જ દિવસે મૂર્તિવર્ણન અને ચિહ્ન ચિંતવણીના આઠ પદો રચી સંભળાવેલા હતા.

શ્રી ઘનશ્યામને, દક્ષિણ પદમાં ઉર્ધરેખા અતિ છાજે રે,
પાનીની બેઉ કોરે પ્રસરી, રૂપાળી બહુ રાજે રે.
ડાબે પડખે ઉર્ધ્વરેખાની, પાસે બે ચિન્હ દેખી લેજો રે,
બ્રહ્માનંદ કહે એ પદ પંકજ, અંતરમાં રેજો રે.

ઉપર પ્રમાણે શ્રીજી મૂર્તિના નખશિખા પર્યંતના ઘણાં પદો સ્વામી એ વખતે રચી શ્રીજીને સંભળાવ્યા હતા.

(સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી જીવનકવન)

● ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતાનંદ સ્વામીને ધોલેરા મંદિર કરવા મોકલ્યા :

આ પ્રબોધિની ઉત્સવ ઉપર ધોલેરાથી પૂંજાભાઈ આવ્યા હતા. તેમણે શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું : ''મહારાજ ! ધોલેરામાં મંદિરના શ્રીગણેશ તો મંડાયા છે, પરંતુ કોઈ મોટેરા સંત-મહંત તરીકે જો મોકલો તો કામ જલદી ઊપડે.''

ભગવાન શ્રીહરિને તેમની વાત યોગ્ય લાગી. શ્રીહરિએ સભામાં જ કહ્યું : ''ધોલેરામાં મંદિર થાય છે તેના કોઈ મંહત થવા તૈયાર છે ?''

પરંતુ કોઈ કાંઈ બોલ્યા નહીં. તે વખતે સભામાં મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી બીમાર હોવાથી હાજર ન હતા. હાલમાં જે પ્રસાદીનો કોઠો છે તેમાં આ બંને સદ્‌ગુરુ સંતો સૂતા હતા. અહીં નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આવ્યા અને તેમણે શ્રીહરિએ સભામાં જે કહ્યું હતું તે વાત કરી. તેથી અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી ! જો કોઈ જવા તૈયાર ન હોય અને મહારાજનું વચન હેઠું પડતું હોય તો હું જવા તૈયાર છું. પણ મારી સાથે બીજા કોઈ આવશે નહીં. કારણ કે ધોલેરાનું પાણી ખારું છે, તેથી ત્યાં કોઈને ફાવે તેવું નથી.''

અદ્‌ભુતાનંદ સ્વામીની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી અદ્‌ભુતાનંદ સ્વામીને લઈને સભામાં આવીને બેઠા. શ્રીહરિએ તરત જ અદ્‌ભુતાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી અને તેમને પૂછ્યું : ''સ્વામી ! ધોલેરા મંદિરમાં કોઈ મહંત થવા તૈયાર થતા નથી, તો તમે જાવ.''

અદ્‌ભુતાનંદ સ્વામીએ તરત જ ઊભા થઈને બે હાથ જોડી મહારાજને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા છે એટલે હું મહંત તરીકે જવા તૈયાર છું.''

ભગવાન શ્રીહરિ તેમની આજ્ઞાપાલનની તીવ્રતા જોઈ તેમના ઉપર એકદમ પ્રસન્ન થઈ ગયા અને પોતે આસન ઉપરથી ઊઠીને, પોતે માથે પહેરેલું મહામોઘું સોનેરી મોળિયું ટોપી સાથે તેમને માથે મૂક્યું અને બુરાનપુરી કિંમતી શેલું પોતે કેડે વીટ્યું હતું તે પણ તેમને ઓઢાડ્યું. વળી, પોતે જે શાલિગ્રામની નિત્ય પૂજા કરતા, તે શાલિગ્રામ પણ પૂજવા આપ્યા. આ રીતે ભગવાન શ્રીહરિ અદ્‌ભુતાનંદ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા અને સાધુ હોવા છતાં તેમને કિંમતી મોળિયું અને શેલું પહેરાવ્યા. ત્યારબાદ ભાઈ આત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને ત્યાગાનંદ સ્વામીએ પણ તેમની સાથે જવાની હા પાડી.

(અદ્‌ભુતાનંદ સ્વામીએ આ પ્રસાદીનું મોળિયું હતું તે તેમની સાથે આવેલા વીસ સંતોમાં કટકા કરી વહેંચી આપ્યું હતું. શેલું સેવકોને પૂજા વહેંચતી વખતે સજ્જામાં પધરાવ્યું. ટોપી હતી તે સ્વામી કૃષ્ણજીવનદાસ પાસે આવી અને શાલિગ્રામ તેમની પાસે

આવ્યા પરંતુ તે ભંડારમાંથી ચોરાઈ ગયા. આમ, શિષ્ય પરંપરામાં તેમની પાસે એક પણ સંભારણું રહ્યું નહીં. - અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવનચરિત્ર, સંપાદક : શા. હરિજીવનદાસજી, વડતાલ સં. ૨૦૨૯)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ કાર્તિકી પૂનમનો ઉત્સવ ઉજવ્યો :

વડતાલમાં હરિભક્તોની ભીડ જામી. ભગવાન શ્રીહરિએ કહ્યું : "આપણે સૌ આંબાવાડિયે જઈએ, ત્યાં આંબા નીચે ઉતારા સૌને કરાવીએ અને સભા પણ ત્યાં જ ગોઠવીએ." તે પ્રમાણે બધી વ્યવસ્થા ત્યાંના ભક્તોએ કરી દીધી.

એક મોટા આંબા નીચે શ્રીહરિ માટે પાટ ઢાળી દીધી. તે ઉપર મશરૂનાં ગાદલાં બિછાવ્યાં. મશરૂના તકિયા ગોઠવ્યા. ભગવાન શ્રીહરિ તે ઉપર બિરાજમાન થયા. સૌ સંતોને મળ્યા. વૃદ્ધ સંતોને મહારાજ ભેટ્યા અને તેમનો થાક ઉતારી દીધો.

વડતાલના હરિભક્તોએ સૌ સંઘ માટે ભોજનની વ્યવસ્થા કરી રાખી હતી. ગંગામાની રસોઈના શ્રીહરિ બહુ જ વખાણ કરતા. ગંગામાં પણ જ્યારે મહારાજને જમાડતાં ત્યારે પોતાના એકના એક દીકરાને જમાડતા હોય તેવા વહાલથી જમાડતા. કેટલીક વખત આગ્રહ કરી મુખમાં કોળિયા મૂકતાં પરાણે જમાડતાં. એટલે જ શ્રીહરિ તેમને 'મા' કહેતા.

ભગવાન શ્રીહરિ જમી રહ્યા પછી આંબા નીચે પધાર્યા. મશાલો અને દીવાથી ત્યાં પ્રકાશનો ઝગમગાટ થઈ ગયો હતો. અર્ધી રાત્રિ સંતો સાથે પ્રશ્ન-ઉત્તરમાં વીતી ગઈ. પછી મહારાજ પોઢવા પધાર્યા.

પૂર્ણિમાની સવારે પ્રાતઃવિધિથી પરવારી શ્રીહરિ સીધા વનરાયની ઘટામાં જ્યાં સભાસ્થાન હતું ત્યાં પધાર્યા. સંતો પણ મહારાજ સાથે જ આવી ગયા. હરિભક્તો આબાલ-વૃદ્ધ-યુવાન સર્વે મહારાજની પ્રતીક્ષા કરી રહ્યા હતા. સ્ત્રીભક્તો મહારાજના દર્શનની આતુરતામાં અકળાતી ચંચળ નેત્રે શ્રીહરિની આવવાની દિશા તરફ મીટ માંડી રહી હતી.

• તારું છોગું આવીને મારા ચિત્તમાં વસ્યું :

ભગવાન શ્રીહરિ સભામાં પધાર્યા. સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતાં. હાથમાં રૂમાલ ધારણ કર્યો હતો, મસ્તક ઉપર શ્વેત પાઘ પહેરી હતી. પાઘનું ફરફરતું છોગું અનેકનાં ચિત્તને આકર્ષી મહારાજની મોહક મૂર્તિની અંતરમાં સ્મૃતિ કરાવતું હતું. 'સ્વામિનારાયણ ભગવાન'ની જયનો ઘોષ થયો. સૌ ઊભા થયા. શ્રીહરિએ પણ પાટ ઉપર બિરાજમાન થઈ ભક્તોને સ્મિતભરી દૃષ્ટિથી પાવન કર્યા. આ દૃષ્ટિએ અનેકનાં અંતર દિવ્ય આનંદમાં તરબોળ કરી દીધાં. એ સસ્મિત દૃષ્ટિ પોતાના ઉપર જ સદા રહે તેવી ભાવનાથી સ્થિર નેત્રે મહારાજના દર્શન કરી રહ્યા હતા.

ત્યાં સભામાં બ્રહ્માનંદ સ્વામીનો પહાડી સૂર સંભળાયો :

તારું છોગું મારે આવીને ચિત્તમાં રહ્યું;
જગના જીવન રૂડું છોગું જોઈને અંતરમાં અજવાળું થયું...તારું
સુંદર શ્યામ સોહાગી તારું, મુખ નીરખીને દુઃખ દૂર ગયું...તારું
આનંદ સહિત થયું સુખ અંતર, એક જીભે નવ જાય કહ્યું...તારું
બ્રહ્માનંદ કહે એ છોગા સારુ, લોકડિયાનું અમે મેણું સહ્યું...તારું

દુક્કડ અને સરોદના સૂર સાથે બ્રહ્માનંદ સ્વામીના શબ્દોએ જાદુ કર્યું. સૌની દૃષ્ટિ ભગવાન શ્રીહરિની પાઘના છોગા ઉપર સ્થિર થઈ ગઈ. મહારાજે પણ પાઘના છોગા ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું : "છોગું ઉપર છે અને સ્વરૂપ નીચે છે. છોગું જડ છે અને સ્વરૂપ ચૈતન્ય છે."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! બધું જ ચૈતન્ય. ચૈતન્યના સંબંધે બધું જ ચૈતન્ય, દિવ્ય, મધુર !"

ભગવાન શ્રીહરિ હસ્યા. બ્રહ્માનંદ સ્વામી પણ રંગમાં આવી ગયા :

તારું મોલીડું જોઈને, હું તો ઘેલી થઈ;
મોંઘા મૂલનું નૌતમ મોલીડું, નવલ કલંગી શિર ઝૂકી રહી...તારું
ભૂધર તારું મોલીડું ભાળી, ઘાયલ થઈને સૂધ ભૂલી ગઈ...તારું
ઔષધ મૂળી અંગ ન લાગે, કૂટી કૂટીને થાક્યા વૈદ કંઈ...તારું
બ્રહ્માનંદના નાથ ન મેલું, શિરને સાટે મેં તો કીધું સઈ...તારું

ભગવાન શ્રીહરિના અંગ ઉપરના વસ્ત્રો, આભૂષણોની દિવ્યતા, તેની મોહિની બ્રહ્માનંદ સ્વામીના અંતરને ભેદી રહી હતી.

અંતર નિચોવીને સ્વામી ગાતા હતા. હરિભક્તો, સંતો બધા જ સ્થિર થઈ ગયા હતા તે આ દિવ્યતાના પ્રસારણથી ચૈતન્યમય બની ડોલવા લાગ્યા. સ્વામીએ કીર્તન પૂરું કર્યું અને ભગવાન શ્રીહરિ તેમની પ્રેમભક્તિથી ભીના બની બોલ્યા : ''સાંભળો, સૌ સંતો ! હરિભક્તો ! ભગવાનના સ્વરૂપનો જ્યારે આત્મામાં સાક્ષાત્કાર થાય ત્યારે તે સ્વરૂપના દિવ્ય આનંદની અનુભૂતિમાં જગત વીસરાઈ જાય. તે સ્વરૂપની આજે તમને પ્રાપ્તિ થઈ છે. તે સ્વરૂપને વેદ નેતિ નેતિ કરી ગાય છે, કારણ કે તે અતિ અપાર છે, પર થકી પર જે અક્ષર તેથી તે પર છે. આ પૂર્વે અનેક અવતારો પૃથ્વી ઉપર પ્રગટ થઈ ગયા છે અને જે ભક્તોને જે જે અવતાર સાથે પ્રીતિ થઈ ને તેની તેમને ઉપાસના કરી, તે ભક્તોને તે અવતારો પોતાના ધામ સુધી ગતિ કરાવી શક્યા. પરંતુ જે સર્વોપરી પ્રાપ્તિ, અમારું સ્વરૂપ અને અમારા અક્ષરધામના અવિચળ સુખની તો આજે તમને જ થઈ છે.''

આ પ્રસંગની નોંધ લેતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'શ્રી ભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

એક અતિ મોટો ત્યાં આંબલો, ઘણો ઘાટો છાંયો જેનો ભલો; તિયાં ઊતરિયા અવિનાશ, સર્વે બેઠા આવી દાસ પાસ. ૨૫
પછી બોલિયા પ્રાણ આધાર, તમે સાંભળો સહુ નરનાર; આજ તો છે દશમીનો દન, તમે કરો ભોજન સહુ જન. ૨૬
એમ અલબેલે આગન્યા દીધી, સર્વે દાસે તે સાંભળી લીધી; એક ભક્ત બ્રાહ્મણ ગંગાબાઈ, જેને ભાવ ઘણો પ્રભુ માંઈ. ૨૭
રૂડી કરતાં આવડે રસોઈ, કીધાં જમણ મરજી જોઈ; પૂર્યો ભોજન વ્યંજને થાળ, લાવ્યા બેઠા હતા જ્યાં દયાળ. ૨૮
પછી જીવન જમવા કાજ, ઊઠ્યા મુખે હસીને મહારાજ; કર્યા ભાવ કરીને ભોજન, પછી દીધું જને આચમન. ૨૯
દીધી પ્રસાદી નિજ દાસને, પછી અલબેલો આવ્યા આસને; બળે બહોળી મેતાબું મશાલ, બેઠા મુનિના મધ્યમાં લાલ. ૩૦
કરતા પ્રશ્ન ઉત્તરની વાત, એમ વહી ગઈ અર્ધ રાત્ય; પછી પુરમાં પધાર્યા નાથ, સખા પોતાના લઈને સાથ. ૩૧
તિયાં જઈ પોઢ્યા પ્રાણપતિ, થોડું સોઈ જાગ્યા જનવતિ; તર્ત ઘોડે થયા અસવાર, સર્વે સંઘની લીધી છે સાર. ૩૨
પછી આવ્યા આંબલે મહારાજ, દાસને દેવા દર્શન કાજ; બાલ જોબન વૃદ્ધ વનિતા, આવ્યાં હરિ પાસે હરખતાં. ૩૩
લાવ્યાં વસ્ત્ર વિવિધ ભાત્યનાં, આભૂષણ જૂજવી જાત્યનાં; ચંદન પુષ્પ તુલસી ને ધૂપ, દીપ સમીપ નૈવેદ્ય અનુપ. ૩૪
એહ આદિ અનેક સામગરી, લાવ્યાં સહુ સહુના થાળ ભરી; જિયાં બેઠાતા જગજીવન, તિયાં આવ્યા સહુ હરિજન. ૩૫
મુનિ સહિત મહારાજને નીખ્યાં, નીખીં જન મન માંહિ હખ્યાં; પછી પૂજા કરી નરનાર્યે, પૂજ્યા પ્રભુ ષોડશ ઉપચારે. ૩૬
પુરુષે પૂજા તે મુનિની કીધી, દંડવત પ્રદક્ષિણા દીધી; પછી બેઠા સામા જોડી હાથ, નયણે નીરખે છે નટવર નાથ. ૩૭
પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજ્યો સહુ જન; તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ. ૩૮
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત; ભક્ત જક્ત માંહિ છે જો ઘણા, ઉપાસક અવતાર તણા. ૩૯
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજધામ પહોંચાવે; પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ. ૪૦
એવાં સુણી વાલાનાં વચન, જન કહે પ્રભુ ધન્ય ધન્ય; સહુ અંતરે આનંદ પામ્યા, ગયો શોક સંશય સહુ વામ્યા. ૪૧
એમ બહુ દિન સુખ દીધાં, ઘણું જનને મગન કીધાં; પછી બોલિયા પ્રાણજીવન, જાઓ સહુ સહુને ભોવન. ૪૨
રહેજ્યો નિર્ભય સહુ નરનારી, રાખજ્યો વ્રતમાન વિચારી; કાર્તિક સુદિ એકાદશી દને, કર્યો ઉત્સવ જગજીવને. ૪૩
એવી લીલા કરી વરતાલે, વાલો પધાર્યા દેશ પાંચાલે; સહુ જનને થાવા આનંદ, ગાય પ્રેમેશું નિષ્કુળાનંદ. ૪૪

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૯)

ભગવાન શ્રીહરિના વચનોમાં પોતાના સર્વોપરી સ્વરૂપનો, તે સ્વરૂપની દિવ્યતાનો, પોતાના સર્વોપરી ધામનો, તે ધામની પ્રાપ્તિ સૌને કરાવવાનો રણકાર હતો. ભગવાન શ્રીહરિ પોતાના સર્વોપરી સ્વરૂપના જ્ઞાનના, મહિમાના તેમના સર્વોપરી અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાના આ વચનો સાંભળી સભાજનોમાં આનંદ પ્રસરી ગયો. સર્વેના શોક, સંશય દૂર થયા. શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠામાં જેને કાચપ હતી તેની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. સર્વોપરી પ્રાપ્તિની પ્રતીતિ થઈ. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ થયો !

બપોર સમય થઈ ગયો. ભગવાન શ્રીહરિ સભામાંથી ઊઠી પોતાના ઉતારે પધાર્યા.

પૂનમના ઉત્સવ બાદ મહારાજા સયાજીરાવ ગાયકવાડનો આમંત્રણપત્ર લઈને નારુપંત નાના આવ્યા. તેમણે મુક્તાનંદ સ્વામી દ્વારા મહારાજને પત્ર આપ્યો અને સયાજીરાવ સરકારનું ભાવભીનું આમંત્રણ સ્વીકારવા વિનંતી કરી. ભગવાન શ્રીહરિએ શ્રીમંત સરકારનું આમંત્રણ સ્વીકાર્યું. અને કાર્તિક વદિ ત્રીજને દિવસે પોતે વડોદરા પધારશે તેમ જણાવ્યું. નારુપંત નાના આથી ખૂબ જ રાજી થયા અને તરત ભગવાન શ્રીહરિની આજ્ઞા લઈ પૂર્વ તૈયારીઓ કરવા વડોદરા જવા નીકળી ગયા.

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિએ પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરી સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

• ભવિષ્યવાણી :

આચાર્યપદ ધર્મવંશમાં સ્થાપન કરશે એવી ભવિષ્યવાણી સં.૧૮૪૮માં જેઠ માસમાં સ્વયં ધર્મદેવે ઉચ્ચારી હતી. જોઈએ ગ્રંથરાજ 'શ્રી સત્સંગિજીવન'ના શબ્દોમાં : '**आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् । स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ।।**' - હે રામપ્રતાપ તથા ઈચ્છારામ ! મહા યશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના આચાર્યત્વપદની સ્થાપના કરશે અને પછી પોતાના પરમશ્રેષ્ઠ બ્રહ્મધામમાં પ્રયાણ કરશે.

(શ્રી સત્સંગિજીવન : ૧/૩૯/૧૦)

વળી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'શ્રી ભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે કે, ધર્મદેવે સં. ૧૮૪૮ના જેઠ માસમાં જયારે ધામમાં જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્ર રામપ્રતાપ અને ઈચ્છારામને પોતાની પાસે બોલાવીને કહે છે :

નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળે જેહ; એમ કરી મોટા મોટા કામ, પછી પધારશે નિજધામ.


(શ્રી ભક્તચિંતામણિ : પ્ર-૨૬/૧૮)

• પૂર્વભૂમિકા :

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં ભગવાન શ્રીહરિ આ બાબતને જ પુષ્ટ કરતા કહે છે :- "સત્સંગમાં અમે જે શુદ્ધ વર્તન રખાવ્યા છે તે નિર્દોષ જનોને પ્રિય લાગે છે. સદોષ જનો સત્સંગમાં પાર પડે નહિ. નિર્મળ મણિ હોય તેના પર મલિન રજ પડી હોય તો તરત જણાઈ આવે છે. તેમ સત્સંગ મણિ સમાન નિર્મળ સ્થાપ્યો છે. તેનાથી અપાર જનો નિર્મળ થાય છે. અને દોષ માત્ર ટાળી દે છે. ગૃહસ્થ આચાર્ય હોય ત્યારે વર્તન તે પ્રમાણે હોય. ધન-નારીના પ્રસંગથી તેમાં દોષ જોવાય નહિ. ગૃહસ્થના નોરમાં તેમને ચાલવું પડે. ત્યાગી પોતાનો ત્યાગીનો ધર્મ પાળી આચાર્યની સેવા કરે.

'કઠિન મેં કઠિન વચન હે એહા, ત્યાગિ કું ગૃહી ગુરુ કરના તેહા। આપે ધન ન રાખે રખાવે, ગુરુ અર્થ જાઈ ધન લેવાવે ।।'

ત્યાગીને કઠણમાં કઠણ એ છે જે ગૃહસ્થને ગુરુ કરવા. પોતે ધન રાખે નહિ અને ગુરુને માટે જઈ દાન લઈ આવે.



ત્યારે નિત્યાનંદ મુનિ બોલ્યા કે અમે એ પ્રમાણે નિશ્ચય કર્યો છે કે વચન પ્રમાણે ચાલવું છે. શાસ્ત્ર અને શાસ્ત્રાનુસાર લોકની રીત એ તમારા વચન જ છે એમ અમે માન્યું છે. બધા સંત હરિભક્તો એ પ્રમાણે સમજે છે. એવા વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને ઉરમાં ચરણ આપ્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૯, તરંગ : ૫૭)

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં આગળ પણ પૂર-૨૬/૫૧-૫૨માં આ જ વાતને પુષ્ટ કરતા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતોનો અભિપ્રાય ભગવાન શ્રીહરિએ પૂછ્યો ત્યારે તેઓએ પણ ઉપરોક્ત ભગવાન શ્રીહરિની વાતમાં જ પોતાનો સૂર પુરાવ્યો છે.

પ્રસંગ એવો છે કે, શ્રીજીમહારાજ લક્ષ્મીવાડીએ સભા કરીને બિરાજમાન હતા ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "આ અયોધ્યાવાસી આવ્યા તેથી સૌ સંત-હરિભક્તો ખૂબ જ રાજી થયા છે. અને આસુરી લોકો ફાવે તેમ બોલતા હતા, તે ખોટા પડવાથી તેમનાં મુખ કાળાં થયાં છે. હવે તો આ ધર્મકુળ સત્સંગમાં રહે તો અમને બધાને ગમતું છે. શુક સનકાદિક મોટા ત્યાગી થયા તેમણે વ્યવહાર ક્યારેય સંભાળ્યો નથી. બ્રહ્મા વિપ્ર અને ગૃહસ્થ છે છતાં તે ત્યાગીના પિતા છે, એમ પ્રસિદ્ધ વાત છે. બધા ત્યાગી તેમને પૂજે છે. તેમાં કોઈ સંશય કરતું નથી. કારણ કે વિપ્ર બધાના ગુરુ કહેવાય. તેમને ધર્મ ને ભગવાન પ્રત્યે પ્રેમ હોય છે. વર્ણાશ્રમના ધર્મ તથા ભગવાનના અવતારના નિમિત્તને તે શાસ્ત્ર દ્વારા જાણે છે. શાસ્ત્રરૂપી દ્રવ્ય તે સર્વોપરિ છે." આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ કહ્યું ત્યારે ભગવાન શ્રીહરિ બોલ્યા કે : "તમે સંત હરિભક્તો ધર્મની ગાદી ઉપર જે યોગ્ય હોય તેનો નિર્ણય કરો." ત્યારે મુક્તમુનિ, બ્રહ્મમુનિ, નિત્યમુનિ, ગોપાળમુનિ વગેરે મોટા સંતો તથા મોટા હરિભક્તો બોલ્યા કે, ધર્મવંશમાં જેને ધર્મ ઉપર રુચિ હોય ને પ્રગટ ભગવાનનો નિશ્ચય હોય તે યોગ્ય છે.

ધર્મ કિ ગાદી ઉપર હિ જોઉ, ધર્મવંશિ એક જેહિ। બૈઠાવના હમ કહત હિ, સબકું રુચત હિ તેહિ॥

એવા કોઈ એક ધર્મવંશીને ગાદી ઉપર બેસાડવા એ અમને સૌને ગમે છે. ત્યારે શ્રીહરિ કહે કે, તમને ગમે તે પ્રમાણે અમે કરીશું.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૨૬, તરંગ : ૫૧-૫૨)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણમાં વડોદરાના વિદ્વાનોએ એક શંકા કરી હતી, જે વિદ્વાન સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથમાં આલેખેલી છે તે જોઈએ :

दीक्षयेद गृहिणं त्यागी युक्तमेतत्प्रतीयते । नीचस्थानगतो ह्युच्चस्थानि दीक्षां तु नार्हति ।।
मते वस्त्यागिदीक्षापि गृहस्थेनैव दीयते । अयुक्तमेतत्तु कथं क्रियते प्रश्न एष नः ।।

વડોદરાના વિદ્વાનો ભગવાન શ્રીહરિને કહે છે કે, ત્યાગી ગૃહસ્થને દીક્ષા આપે એ તો યોગ્ય છે, પરંતુ ગૃહસ્થ ત્યાગીને દીક્ષા આપે તે યોગ્ય નથી. તો તમારા સંપ્રદાયમાં ગૃહસ્થ આચાર્યશ્રી ત્યાગીઓને દીક્ષા આપે છે. તો આવું અયોગ્ય આચરણ તમારા સંપ્રદાયમાં કેમ કરવામાં આવે છે ? એ અમારો પ્રશ્ન છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬-૭)

इति पृष्टः स तैरूचे महासदसि संस्थितः । युष्माभिः पृच्छयते सत्यं श्रूयतां यत्तदुत्तरम् ।।

આ પ્રમાણે તે રાજપંડિતોએ પૂછેલા અને વિશાળ સભામાં વિરાજમાન થયેલા એવા સત્પુરુષોના પતિ તે ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા : "હે પંડિતો ! તમોએ પૂછેલો પ્રશ્ન ખરો છે. માટે તેનો ઉત્તર અમે કહીએ છીએ તે સાંભળો."

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮)

चतुर्णामपि वर्णानां जन्मना ब्राह्मणो गुरुः । स चेदुक्तगुणैर्युक्तो विशेषेण गुरुर्मतः ।।
महाभागवतः श्रेष्ठो ब्राह्मणो वै गुरुर्नृणाम् । सर्वेषामेव लोकानामसौ पूज्यो यथा हरिः ।।

બ્રાહ્મણ જાતિનો પુરુષ ચારેય વર્ણનો જન્મથી જ સહજ ગુરુ માનેલો છે. અને તે વિપ્ર જો પૂર્વે કહેલા ગુણોથી સર્વથા સંપન્ન હોય તો તે વિશેષપણે જ ગુરુ માનેલો છે.

શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે, આ લોકમાં સર્વ પ્રાણધારીઓમાં બ્રાહ્મણ જન્મથી જ અતિ શ્રેષ્ઠ છે. માટે સર્વ લોકમાં તે ભગવાનની જેમ જ પૂજવા અને માનવા યોગ્ય છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૬-૫૭)

इति कृष्णोक्तलक्ष्मा यः स हि श्रेयान् गुरुर्मतः । स एव श्रेयसे सर्वैः श्रयणीयो मुमुक्षुभिः ।।

શ્રીકૃષ્ણ પરમાત્માએ કહેલા લક્ષણવાળો જે બ્રાહ્મણ પુરુષ હોય તે સર્વથી શ્રેષ્ઠ ગુરુ માનેલો છે. અને તે જ ગુરુ સર્વ મુમુક્ષુજનોએ પોતાના કલ્યાણ માટે આશ્રય કરવા યોગ્ય છે. (શ્રીહરિદિગ્વિજય:૪૫/૫૯)

स्ववर्णाश्रमधर्मांश्च वेदोक्तान् क्वापि न त्यजेत् । चतुर्वर्णाश्रमाणां स गृहस्थो ब्राह्मणो गुरुः ।।
शिष्यशाखानिबन्धश्च गृहस्थस्यैव सम्मतः । न तु त्यागवतः क्वापि निषेधस्त्वस्य वर्तते ।।
स्मृतिवाक्यं च भवति त्यागवान्न गुरुर्भवेत् । श्रीमद् भागवते साक्षादुक्तं भगवतापि हि ।।
न शिष्याननुबध्नीयाद् ग्रन्थान्नैवाभ्यसेत् बहून्। अतो वर्णी गृही त्यागी सर्वोऽपि गृहिणं भजेत् ।।
अतो ज्येष्ठाश्रमः प्रोक्तो गार्हस्थ्यं स्मृतिषु ध्रुवम् । त्रयाणामप्याश्रमिणां पितेव च गृही मतः ।।

વળી, વેદોક્ત એવા પોતાના વર્ણાશ્રમના ધર્મોનો ક્યારેય પણ ત્યાગ ન કરે તેવો ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ પુરુષ ચારેય વર્ણ અને ચારેય આશ્રમનો ગુરુ માનેલો છે.

શાસ્ત્રોમાં શિષ્ય-શાખાઓ બાંધવી તે ગૃહસ્થ ગુરુને જ માનેલી છે. પરંતુ ત્યાગી પુરુષને ક્યારેય શિષ્ય-શાખાઓ બાંધવી તે શાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ છે. ત્યાગીને તો ગુરુપરંપરા ચલાવવાનો નિષેધ કરેલો છે.

અને **'त्यागवान्न गुरुर्भवेत् ।'** ત્યાગી પુરુષ પોતે ગુરુ ન થાય આવું સ્મૃતિવાક્ય પણ છે. તેમજ શ્રીમદ્ ભાગવતમાં પણ શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતે જ કહ્યું છે કે -

न शिष्याननुबध्नीयाद्..... वर्णी गृही त्यागी सर्वोऽपि गृहिणं भजेत् ।।

મોક્ષાર્થી એવો વૈરાગી ત્યાગી પુરુષ શિષ્ય-પરંપરાને ન બાંધે તેમજ મોક્ષમાં વિરોધી એવા ઘણા ગ્રંથોને પણ ન ભણે. માટે બ્રહ્મચારી ગૃહસ્થ અને ત્યાગી એ સર્વે મનુષ્યો ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ કરે.

અને આ કારણથી જ સ્મૃતિમાં ગૃહસ્થાશ્રમને સર્વ આશ્રમોથી શ્રેષ્ઠ આશ્રમ કહેલો છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થી અને સંન્યાસી આ ત્રણેય આશ્રમીઓનો ગૃહસ્થ આશ્રમી પિતા તુલ્ય માનેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૦ - ૬૪)

सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः । प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।
सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः । सहस्रशो वालखिल्या ऋषयो ह्यकृतस्त्रियः ।।
अष्टाशीतिसहस्राणि ऋषयो ह्यूर्ध्वरेतसः । सर्वेऽप्येते त्यागिनोऽपि गृहिणं गुरुमाश्रयन् ।।
केचित्सङ्कर्षणं केचित् ब्रह्माणं वरुणं शिवम् ।
योगीश्वरं वसिष्ठं च गुरुं सूर्यं च शिश्रियुः । एतेषां चरितं तत्तत्पुराणादिषु दृश्यते ।।

અને સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં 'ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા' એવો શિષ્ટાચાર છે. અને આ શિષ્ટાચાર સત્યુગથી લઈને આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે.

ત્યાગીમાં શ્રેષ્ઠ સનકાદિકો, નારદમુનિ, ઋભુ, હંસ, અરુણિ, યતિ આ બધા મહર્ષિઓ સ્ત્રીઓ પરણ્યા સિવાયના હતા, ત્યાગી હતા. તથા હજારોહજાર વાલખિલ્યાદિ ઋષિઓ ત્યાગી હતા. છતાં પણ તેઓએ ગૃહસ્થને જ ગુરુ કર્યા હતા.

તેમાંના કેટલાકે ગૃહસ્થ સંકર્ષણને ગુરુ કર્યા હતા. કેટલાકે ગૃહસ્થ બ્રહ્માને, વરુણને, શંકરને, યાજ્ઞવલ્ક્યને તથા વસિષ્ઠને દેવગુરુ-બૃહસ્પતિને તથા સૂર્યને એમ જુદાં જુદાં સમયમાં ગૃહસ્થને તે તે સમયના ત્યાગીઓએ ગુરુ બનાવ્યા હતા. અને આ સર્વનું ચરિત્ર તે તે ભાગવતાદિક પુરાણોમાં જોવા જાણવામાં આવે છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫-૬૮)

श्रेयस्करं कृष्णमन्त्रं गृह्णीयाद् गृहिणो गुरोः । अत्र प्रमाणवाक्यं च सापेक्षं चेदुदीर्यते ।।
वर्णी गृही वनी वापि त्यागी बहुविधोऽपि यः । गृह्णीयाद् गृहिणो मन्त्रं कृष्णस्यैव विमुक्तये ।।

આત્યંતિકી મુક્તિને આપનારો કૃષ્ણમંત્ર તો ગૃહસ્થ ગુરુ થકી જ ગ્રહણ કરવો. આ વિષયમાં જો તમારે પ્રમાણ-વચનની જરૂર હોય તો અમે કહીએ છીએ.

'બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થ અથવા બીજા પણ અનેક પ્રકારથી ત્યાગાશ્રમમાં રહેલા હોય તે સર્વેએ પોતાની મુક્તિ માટે કૃષ્ણ મહામંત્ર ગૃહસ્થ ગુરુ થકી જ ગ્રહણ કરવો.'

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૩-૮૪)

एवं तृतीयरात्रे हि पञ्चरात्रे बहुन्यपि । वचांसि सन्ति चान्यानि विष्णुधर्मोत्तरादिषु ।।

આ પ્રમાણે પંચરાત્ર શાસ્ત્રમાં તૃતીય રાત્રમાં તથા પંચમ રાત્રમાં પણ ઘણા વચનો છે. તેમજ વિષ્ણુ ધર્મોત્તરાદિક ગ્રંથોમાં પણ બીજા ઘણા વચનો છે. માટે અમારા સંપ્રદાયમાં ગૃહસ્થ આચાર્યશ્રી ત્યાગીને દીક્ષા આપે છે, તે મર્યાદા યથાશાસ્ત્ર અને સર્વોત્તમ સનાતન

ધર્મમર્યાદાને અનુસરીને જ પ્રવર્તાવેલી છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૬)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (પદ્મપુરાણ, સ્વર્ગખંડ : ૫૨/૫૧)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મવૈવર્તપુરાણ, ગૌતમીમાહાત્મ્ય : ૧૦/૪૭)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મપુરાણ : ૮૦/૪૭)

'वर्णानां ब्राह्मणो गुरुः' - (ચાણક્યનીતિ : ૫/૧)

'ब्राह्मणः सर्ववर्णानां गुरुरेव द्विजोत्तम ।' (પદ્મપુરાણ, બ્રહ્મખંડ : ૧૪/૨)

'गृहस्थः सर्ववर्णेषु श्रेष्ठो गुरुरुदाहृतः ।' - (સિદ્ધાંતશેખર)

'सर्वशास्त्रार्थवेत्ता च गृहस्थो गुरुरुच्यते ।' - (જ્ઞાનાર્ણવ)

महाभागवतश्रेष्ठो ब्राह्मणो वै गुरुर्नृणाम् । सर्वेषामेव लोकानामसौ पूज्यो यथा हरिः ।।

મહાભાગવત અર્થાત્ ભગવદ્ભક્ત હોવાથી શ્રેષ્ઠ બ્રાહ્મણ માનવમાત્રના ગુરુ છે. એટલા માટે જ સમસ્ત માનવ સમાજને ભગવાનની જેમ બ્રાહ્મણ પૂજ્ય છે.

(હરિભક્તિવિલાસ)

विप्रो विप्रेतरगुरुर्न विप्रो जायते ध्रुवम् । न च विप्रेषु पूजार्हस्तस्माद् विप्रं गुरुं चरेत् ।।

બ્રાહ્મણો ચારેય વર્ણના અર્થાત્ ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને બ્રાહ્મણના પણ ગુરુ બની શકે છે. બ્રાહ્મણ વર્ણથી અન્ય વર્ણો કયારેય પણ ગુરુ બનવાને યોગ્ય નથી. અને અન્ય વર્ણો બ્રાહ્મણોની મધ્યે પૂજાને યોગ્ય નથી. એટલા માટે ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા જોઈએ.

(કૌશિકસંહિતા)

उद्धर्तुं चैव संहर्त्तुं समर्थो ब्राह्मणोत्तमः । तपस्वी सत्यवादी च गृहस्थो गुरुरुच्यते ।।

તપસ્વી, સત્યવાદી તથા ગૃહસ્થ ઉત્તમ બ્રાહ્મણ જ બધાનો ઉદ્ધાર કરવા અને સંહાર કરવા સમર્થ હોવાથી ગુરુ કહેવાય છે.

(શૈવાચારપ્રદીપિકા : ૨/૧૫, આગમસંહિતા)

जितेन्द्रियः सत्यवादी ब्राह्मणः शान्तमानसः । पितृ-मातृहिते युक्तः सर्वकर्मपरायणः ।।
आश्रमी देशवासी च गुरुरित्यभिधीयते ।।

જીતેન્દ્રિય, સત્યવાદી, શાંતચિત્તવાળો, માતા-પિતાનો હિતેચ્છુ, સમસ્ત કર્મોમાં કુશળ, ભારતવર્ષ નિવાસી ગૃહસ્થ બ્રાહ્મણને ગુરુ કહેવાય છે.

(ગુરુગીતા)

रोगिणो वंशहीनाच्च भार्याहीनात्तथैव च । मन्त्रक्षिप्तात्तथा मन्त्रं न गृह्णीयात्कदाचन ।।

રોગી, વંશહીન, સ્ત્રીહીન અને મંત્રને ભૂલી જનાર વ્યક્તિ પાસેથી મંત્ર ક્યારેય ગ્રહણ ન કરવો. અર્થાત્ તેને ગુરુ ન બનાવવા.

(બ્રહ્મવૈવર્તપુરાણ - કૃષ્ણજન્મખંડ : અધ્યાય : ૮૩, શ્લોક : ૪૪)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત 'શ્રીહરિલીલા પ્રદીપ' ગ્રંથ ઉપરોક્ત વચનોને પુષ્ટિ કરી આપે છે :

त्वदाश्रितानां नस्त्यागिनां गृहिणां तथा । प्रसन्नताऽस्ति सर्वेषां भूयसी श्रीहरे ! ध्रुवम् ।।
अस्माकं त्यागिनां तस्मिन् गृहस्थेऽपि गुरौ क्वचित् । न बाधोऽस्ति यतस्तेषां गृह्यार्यत्वं श्रुतोदितम् ।।

હે શ્રી હરે ! આપના આશ્રિત અમો ત્યાગીઓ તથા ગૃહસ્થો સર્વે આમાં અત્યંત પ્રસન્ન છીએ. ધર્મવંશી ગુરુ ગૃહસ્થ હોય તો પણ અમો ત્યાગીઓને તે ક્યારેય પણ બાધકર્તા નથી.(અર્થાત્ સ્વીકાર્ય જ છે.) ત્યાગીઓના પણ ગૃહસ્થ જ ગુરુ હોય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. આ પ્રમાણે સમસ્ત સભા વતી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને કહ્યું.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૧૦, અધ્યા.- ૨, શ્લો.- ૧૨-૧૩)

आत्मनिष्ठां परां प्राप्ताः सन्ति ब्रह्मशिवादयः । शिष्यतां भेजिरे येषां नारदः सनकादयः ।।

શ્રીજીમહારાજ બોલ્યા જે, ''બ્રહ્મા, શિવને પરંપરાથી જ સંતોના જેવી આત્મનિષ્ઠા દૃઢ પ્રાપ્ત થઈ છે. તે બ્રહ્માદિક તો નારદ સનકાદિક જેવા (મોટા સાધુ)ના પણ ગુરુ છે. બ્રહ્માદિકના શિષ્ય નારદ સનકાદિક છે તે બ્રહ્માદિકને ભજે છે.''

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : તરંગ - ૧૮૪)

ગઢડા મધ્ય પ્રકરણના ૫૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે :

"...શિવ બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહિ, એ તો નારદ જેવાના પણ ગુરુ છે..."

વડતાલ પ્રકરણના ૨૦મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે :- "...અને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાયા..." એમ આ વચનામૃતમાં શ્રીજીમહારાજનું અતિ મોટું પ્રત્યક્ષ પ્રમાણ છે - રાજા જનકના ગુરુ પંચશિખ ઋષિ પણ ગૃહસ્થ હતા. અને પંચશિખ ઋષિના ગુરુ કપિલદેવ ભગવાન (શ્રીજીમહારાજની માફક પ્રથમાશ્રમી-બ્રહ્મચારી) જ હતા.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખકમળમાંથી નીકળેલ હરેક શબ્દ એક વેદવાક્ય છે. એ શબ્દોથી અક્ષર સુધી અને અક્ષરથી એ અક્ષરની મૂળ સંજ્ઞા સુધી અને સંજ્ઞાથી ધ્વનિ સુધીની અંતતઃ અંશતઃ કે પૂર્ણતઃ પણ જો કોઈ સફર (પર્યટન કે સૂક્ષ્મ તપાસ) કરી આવે તો પણ એક વાત નિર્વિવાદપણે સ્વીકારવી જ પડે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના દરેક શબ્દોમાં અને સંકલ્પોમાં વૈદિક સિદ્ધાંત રહેલો છે.

ગઢપુરમાં નિવાસ કરતા શ્રીહરિએ એક સમયે જન વિનાના એકાંત સ્થળમાં બેસીને મનથી પોતાના અવતારના પ્રયોજનનો વિચાર કર્યો.

धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल । तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ।।७।।

મેં અવતાર ધારણ કરી જે કાર્ય કરવા યોગ્ય હતું તે સર્વે સંપાદન કરેલું છે, તો પણ ભવિષ્યમાં થનાર મનુષ્યોનું કાંઈક હિત મારે કરવું. હું પૃથ્વીમાંથી અંતર્હિત થાઉં, ત્યારે આ મારા આશ્રિતો આધાર વિનાના થશે. તેમને માટે, મારા ભક્તોના આલંબન માટે કંઈ પણ કરવું. દયા અને વાત્સલ્યના નિધિ ભગવાન શ્રીહરિએ આ પ્રકારે વિચારીને પૃથ્વીમાં સર્વ મનુષ્યોનું ત્રણ પ્રકારે હિત કરવાનો વિચાર કર્યો.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૭)

कारयित्वा मन्दिराणि तत्र स्वप्रतिमा अहम् । स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ।।
स्वधर्मे वर्तमानानां पुंसां तत्सेवनादिह । सिद्धिमेष्यति सर्वेषां पुरुषार्थचतुष्टयम् ।।
भक्तिमार्गस्य पुष्ट्यर्थं मन्त्रदीक्षाप्यपेक्ष्यते। अतो धर्मान्वये शुद्धे गुरूतां स्थापयेय च ।।

હું મંદિરોમાં મારા અર્ચાવતારોની પ્રતિષ્ઠા કરાવું પછી મારી પ્રતિમાઓને મનુષ્યો હાલમાંના ભક્તજનો અને ભાવિ ભક્તજનો સેવા કરશે જ. આ લોકમાં પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય આચારમાં વર્તતા સર્વે પુરુષો તે પ્રતિમાઓનું સેવન કરવાથી ચાર પુરુષાર્થની સિદ્ધિ પામશે. ભક્તિમાર્ગની પુષ્ટિને માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે. માટે સર્વ પ્રકારે દોષ રહિત ધર્મના વંશમાં ગુરુપણું સ્થાપન કરું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના બોધ માટે શતાનંદમુનિ મારાં ચરિત્રોનો મહાન ગ્રંથ કરશે. મારાં આશ્રિતજનો તે ગ્રંથથી સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત જાણશે. માટે આ પ્રકારે કરીને જ પૃથ્વીથી પોતાના અક્ષરધામને વિષે જઈશ.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૧૦-૧૧-૧૨)

સ્વયં અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંબોધેલ વચનામૃત અને તેઓશ્રીના આદેશથી લખાયેલ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનના ૬૦ ટકા સૈદ્ધાન્તિક શબ્દોમાં જો શિક્ષાપત્રીની આચારસંહિતાના ૪૦ ટકા શબ્દોની સહૃદયતાની ભીનાશ ભેળવીને ૩ મિનિટ હલાવો તો અચૂક હૃદયસ્પર્શી અને જીવનસ્પર્શી ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનકવનની સંહિતા નીકળે.

આ વિશ્વમાં સંપ્રદાયો તો ઘણા છે, ગુરુઓ અને આચાર્યો પણ ઘણા છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ, એ સર્વમાં એની આગવી વિશેષતાઓને કારણે અલૌકિક પ્રકાશ કરે છે. એમનો મહિમા જેમ સમજવા જેવો છે તેમ એમના વિધિનિષેધો પણ સમજવા જેવા છે. ઉપલક દૃષ્ટિથી જોનાર-વિચારનારને તો એમ લાગે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયનું 'આચાર્યપદ' પોતાના બે ભાઈઓના બે પુત્રોને વહેંચી આપ્યું છે. પણ જો જરા ઊંડા ઊતરીને અને સંપ્રદાયનાં શાસ્ત્રો તેમજ ઈતિહાસની સાંખ્યે વિચાર કરવામાં આવે તો આ માન્યતા નખશિખ ભૂલભરેલી અને ખોટી છે એવી પ્રતીતિ તરત જ થાય તેમ છે.

પોતાના અનુગામી આચાર્યોની પ્રતિષ્ઠા ભગવાન શ્રીહરિએ વડતાલમાં કરેલી છે. વિ.સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ, મધ્યાહ્નકાળ વીતે તે પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળ (હાલ છત્રી સહિત સ્થાને જ્યાં આરસનો મોટો ચતુષ્કોણ ઓટો સ્મૃતિરૂપે કરવામાં આવેલ છે ત્યાં) બિરાજમાન થઈને આશ્રિતજનોની વિશાળ મેદની વચ્ચે વેદોક્ત શાસ્ત્રોના વિધિથી એમણે અનુગામી આચાર્યોની પ્રતિષ્ઠા કરી હતી એમનો પૂર્વ ઈતિહાસ જાણવા-સમજવા જેવો છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુરુ ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી જ્યારે ધર્મપ્રચારાર્થે પ્રયાગક્ષેત્ર(ત્રિવેણી

સંગમ - અલ્હાબાદ)માં વિચરતા હતા ત્યારે એમને ધર્મદેવ અને ભક્તિદેવી મળ્યાં હતાં. બંનેએ એમની પાસેથી ભાગવતી વૈષ્ણવી દીક્ષા લીધી.

अष्टाक्षरौ कृष्णमन्त्रौ तस्मै सोऽपि मुमुक्षवे । उपादिशन्मुनिर्दत्त्वा तुलसीकाष्ठजे स्रजौ ।।४।।
श्रीकृष्णेति त्वमादिश्च गतिर्मद्वयमन्ततः । मनुराद्य इति प्रोक्तो वैष्णवत्वविधापकः ।।५।।
ब्रह्माहमादि च पदं दान्तं कृष्णेति तत्परम् । सोऽस्मीत्युक्तो द्वितीयोऽपि मनुरिष्टफलप्रदः ।।६।।

શ્રીરામાનંદ સ્વામીએ મુમુક્ષુ ધર્મદેવને તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરાવી અને પછી તેમને આઠ અક્ષરો છે જેમાં એવા શ્રીકૃષ્ણ પરમાત્માના બંને અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. શ્રીરામાનંદ સ્વામીએ પ્રથમ વૈષ્ણવધર્મની સિદ્ધિ કરાવનાર મંત્રનો ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **શ્રીકૃષ્ણ** અને **ત્વમ્** પદ અનુક્રમથી પ્રથમ પ્રાપ્ત થાય છે, તથા **गतिः** એ પદ મધ્યમાં અને **मम** એ બે મકાર અંતમાં આવે છે તેવા વૈષ્ણવ પણાની સિદ્ધિ કરાવનાર **'श्रीकृष्ण त्वं गतिर्मम'** એ મંત્રનો રામાનંદ સ્વામીએ ધર્મદેવને ઉપદેશ કર્યો. ત્યારબાદ સમગ્ર મનોરથોને પૂર્ણ કરનાર મહામંત્રનો પણ ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **ब्रह्माहं** એ પદ પ્રથમ પ્રાપ્ત થાય છે અને તે પછી **दा** પદ જેના અંતમાં રહેલું છે એવું **कृष्ण** પદ પ્રાપ્ત થાય છે અને તે પછી **सोऽस्मि** પદ જેનાં અંતમાં આવેલું છે. આ પ્રકારે ઈચ્છિત ફળને આપનાર **'ब्रह्माहं कृष्णदसोऽस्मि'** આ મહામંત્રનો ઉપદેશ કર્યો.

(શ્રી સત્સંગિજીવન :૧/૧૬/૪-૫-૬)

થોડા વખતમાં જ ધર્મદેવ, રામાનંદ સ્વામીના અંતરનો પરમ પ્રેમ અને સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શક્યા. રામાનંદ સ્વામીએ એમને પોતાના સર્વ શિષ્યોમાં જ્યેષ્ઠપદે નિયુક્ત કર્યા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો પોતાનો અધિકાર પણ એમને એકને જ આપ્યો. એ પછી રામાનંદ સ્વામી સૌરાષ્ટ્રમાં આવ્યા અને ધર્મદેવ-ભક્તિદેવી છપૈયા ગયા. આ પ્રસંગ પછી ભગવાન શ્રી સ્વામિનારાયણને વિ.સં. ૧૮૫૮ના કારતક સુદ - ૧૧ના રોજ જેતપુર મુકામે રામાનંદ સ્વામીએ પોતાના અનુગામી આચાર્ય તરીકે નિયુક્ત કર્યા ત્યાં સુધી બીજા કોઈ શિષ્યને એમણે જ્યેષ્ઠપદે નિયુક્ત કર્યા ન હતા કે કોઈને પોતાનો દીક્ષા આપવાનો અધિકાર આપ્યો ન હતો. શ્રીજીમહારાજનું જન્મવૃત્તાંત રામાનંદ સ્વામીએ જ્યારે જાણ્યું કે પોતાના જ્યેષ્ઠ શિષ્ય ધર્મદેવના એ પુત્ર છે ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. ને એકદમ બોલી ઊઠ્યા : ''હે નીલકંઠ વર્ણી ! તમે તો મારા પ્રિય અને જ્યેષ્ઠ શિષ્ય ધર્મદેવના પુત્ર છો, એટલે અમારા જ છો.''

રામાનંદ સ્વામી પાસે એ વખતે ઉંમરમાં અને અનુભવજ્ઞાનાદિની દૃષ્ટિએ નીલકંઠ વર્ણી કરતાં વરિષ્ઠ ગણાય એવા ઘણા સમાધિનિષ્ઠ ત્યાગી-ગૃહી શિષ્યો હતા. પરંતુ પીપલાણામાં રામાનંદ સ્વામીએ માત્ર ૧૯ વર્ષ અને ૭ માસ જેટલી ઉંમરના નીલકંઠ વર્ણીને ભાગવતી દીક્ષા આપી પછીના એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં એમને પ્રતીતિ થઈ ગઈ કે જેમના પ્રાદુર્ભાવ અને આગમનની એ લાંબા વખતથી રાહ જોઈ રહ્યા હતા તે પરબ્રહ્મ પરમાત્મા પોતે જ નીલકંઠ વર્ણી રૂપે પોતાના શિષ્ય તરીકે વર્તી રહ્યા છે. એમના આનંદની અવધિ આવી ગઈ, પરંતુ તે સાથે જ પરાત્પર પુરુષોત્તમ નારાયણ પોતાના શિષ્યભાવે વર્તી રહ્યા છે તે અનુભવજ્ઞાનથી એમને થોડો ક્ષોભ પણ થયો. સર્વ ગુરુઓના એ મહાગુરુને સંપ્રદાયનું તેમનું જ સ્થાપેલું ગુરુપદ તેમને જ ટૂંક સમયમાં સોંપી દેવા એ અધીરા થઈ ગયા. બીજે જ વર્ષે પ્રબોધિની એકાદશીને દિવસે, રામાનંદ સ્વામીએ જ જગદ્‌ગુરુ જગદીશ્વર ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધર્મધુરા સોંપી દીધી ત્યારે ભારે રાહત અને અપાર શાંતિ અનુભવી. ધર્મધુરા સોંપી ત્યારે પણ રામાનંદ સ્વામીએ ધર્મદેવને ખાસ યાદ કર્યા હતા અને કહ્યું : ''ધર્મદેવના પુત્રને સંપ્રદાયની ધર્મધુરા સોંપતા મને અનહદ આનંદ થાય છે.''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં આલેખાયેલી આ હકીકત ઉપરથી નિષ્પન્ન થાય છે તે સંપ્રદાયની ધર્મધુરા ધર્મદેવના પરિવારમાં પરંપરાને ધોરણે પ્રસ્થાપિત કરવાનો નિર્ણય, મૂળે તો રામાનંદ સ્વામીનો જ હતો. વડતાલમાં આચાર્યપદ સ્થાપનાની પ્રતિષ્ઠા કરી તેના આગલા દિવસે એટલે કારતક સુદ - ૧૦ને દિવસે સંપ્રદાયના આશ્રિત ત્યાગીઓ અને ગૃહસ્થોની વડતાલ મંદિરના વિશાળ ચોકમાં ભક્તિમાતાના શ્રાદ્ધ ઉત્સવ આયોજીત સભામાં રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય મુક્તાનંદ સ્વામીએ ઉપર્યુક્ત ઈતિહાસકથા સવિસ્તાર કહી સંભળાવી હતી. (આ પ્રસંગનું સવિસ્તર હકીકત વર્ણન, સંપ્રદાયના માન્ય શાસ્ત્રો જેવા કે, શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિલીલામૃત વગેરે ગ્રંથોમાં કરવામાં આવેલું છે.)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે જ પ્રથમ સર્વના મન-અભિપ્રાય જાણવા માટે સંપ્રદાયના આચાર્યપદે આશ્રિતવર્ગના કોઈ બ્રહ્મચારી, કોઈ સાધુ યા કોઈ ગૃહસ્થાશ્રમીને બેસાડવાનો વિચાર રજૂ કર્યો ત્યારે 'સત્સંગની મા'નું બિરુદ પામેલા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ સભામાં સર્વ આશ્રિતો વતી કહ્યું : ''ત્યાગીએ એટલે સાધુ, સંન્યાસી અને વૈરાગીએ તો સ્ત્રી, દ્રવ્ય, સારું ખાન-પાન અને

માન-સન્માનથી હંમેશા દૂર-સુદૂર જ રહેવું જોઈએ. કદાચ, એનો યોગ થાય એવા પ્રસંગો જીવનમાં ઉપસ્થિત થાય તો પણ શક્ય એટલા પ્રયત્ને એ પ્રસંગો એમણે ટાળવા જોઈએ યા એમાંથી વહેલી તકે બહાર નીકળી જવું જોઈએ. આ ચાર બાબતોનો યોગ ત્યાગી માટે પરધર્મ છે, અને જીવનમાં પરધર્મ તો દરેક માટે હંમેશા પ્રાણહારક જ નીવડે છે એવું સત્શાસ્ત્રો અને અનુભવી સત્પુરુષો કહે છે.'' મુક્તાનંદ સ્વામીએ કોઈ સંપ્રદાયનું નામ ઉચ્ચારણ કર્યા સિવાય આચાર્યપદે બેઠેલા ત્યાગીઓને આ બાબતોના યોગને પરિણામે કેવી યાતનાઓ સહન કરવી પડી હતી અને કરવી પડે છે એના દૃષ્ટાંતો પણ સભામાં કહ્યા હતા.

આમ, કોઈ ત્યાગીને સંપ્રદાયની ધર્મધુરા સોંપવાની વાત મુક્તાનંદ સ્વામીએ મૂળમાંથી જ કાપી નાંખી હતી. એ જ પ્રમાણે ગૃહસ્થાશ્રમીની આચાર્યપદે નિયુક્તિ કરવામાં શાસ્ત્રદૃષ્ટિએ તથા વ્યવહારિકદૃષ્ટિએ જે મુશ્કેલીઓ આવે તેમ છે તેની વિગતો દર્શાવી. તેમજ ગૃહસ્થાશ્રમીને ધર્મધુરા સોંપવાથી થતી મુશ્કેલીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત શ્રીહરિલીલા પ્રદીપમાં જણાવ્યા મુજબ ભગવાન શ્રીહરિની ઈચ્છાને જાણનાર સદ્ગુરુ સંતો શ્રીહરિને કહે છે :

कस्मैचिद्गृहिणो दद्यास्त्वं गुरुत्वं यदा प्रभो । तदा त्यागिजनाश्चैनं मानयेयुर्न सर्वथा ।।

''હે પ્રભો ! જ્યારે તમો કોઈ ગૃહસ્થને પોતાનું ગુરુપદ આપો ત્યારે ત્યાગીજનો ગૃહસ્થને સર્વપ્રકારે માને નહિ.''

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૮)

ભગવાન શ્રીહરિને સદ્ગુરુ સંતો, આગળ વાત કરતાં કહે છે :

धर्मवंश्यो नरस्तस्माज्जनानामेव सर्वशः । गुरुत्वेऽत्र त्वदीयानां योग्यो वर्वर्ति सत्पते ।।

तस्मान्नोऽत्र त्वदीयानां त्यागिनां गृहिणां तथा । भूयस्येव समग्राणां स्वामिन्नस्ति प्रसन्नता ।।

''હે સત્પતે ! તેથી સર્વપ્રકારે ધર્મવંશનો પુરુષ આ ગુરુપદમાં તમારા આશ્રિતજનોને અતિશય યોગ્ય જણાય છે. તે માટે અમો તમારા આશ્રિત સમસ્ત ત્યાગીજનો તથા સર્વે ગૃહસ્થોને ધર્મવંશમાં ઘણી પ્રસન્નતા છે.''

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૯-૧૦)

स्थातुं तव पदे योग्यो धर्मवंशोद्भवः पुमान् । प्रादुर्भूतो भवान् यस्मिन्सर्वकारणकारणम् ।।

यथा सिहांगना दुग्धं स्वर्णपात्रे हि तिष्ठति । तथा त्वदीयमेतद्वै धर्मवंश्ये समर्हति ।।

''તમારા સ્થાનમાં રહેવા માટે ધર્મવંશ કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષ જ યોગ્ય છે, જેમાં સર્વકારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં રહે છે તેવી રીતે તમારું પદ ધર્મવંશમાં જ યોગ્ય છે.''

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૧-૧૨)

धर्मवंशीयतुल्योऽन्यो न वै स्यात् कोऽपि धर्मज । त्वदीयधर्मधुर्वाहे शक्तोऽस्त्येव स नेतरः ।।

''હે ધર્મનંદન ! ધર્મવંશી તુલ્ય અન્ય કોઈપણ હરિભક્ત ન થાય. અને આ તમારી ધર્મધુરાનું વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે બીજો કોઈપણ શક્તિમાન નથી.''

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૩)

ભગવાન શ્રીહરિને મુક્તાનંદ સ્વામી કહે છે : ''જો ધર્મકુળનો ગૃહસ્થાશ્રમી પુરુષ હોય તો કોઈ મુશ્કેલી ઊભી થવાનો સંભવ નથી. કારણ કે જે કુળમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે સ્વભક્તોના લાલન-પાલન અને અનેક જીવોના કલ્યાણ માટે મનુષ્યદેહ ધારણ કર્યો હોય એ કુળ હંમેશા પવિત્ર અને પાવનકારી જ ગણાય છે.'' આ રીતે દશમીની સભા પછી ધર્મવંશ કુળમાંથી જ 'આચાર્યપદ' માટે કોઈ પુરુષની વરણી કરવાનો એક જ વિકલ્પ ખુલ્લો રહ્યો હતો.

બીજે દિવસે એકાદશીના રોજ ભગવાન શ્રીહરિએ પ્રથમ પિતા ધર્મદેવનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી વિધિવત્ ઉજવ્યો. આ હકીકતને સુજ્ઞજનોએ હંમેશા ધ્યાનમાં રાખવી ઘટે કે સંપ્રદાયના 'આચાર્યપદ'ની પ્રતિષ્ઠા શ્રીજીમહારાજે ધર્મદેવના જન્મોત્સવના પાયા ઉપર કરેલી છે.

એ પછી '**लक्ष्मीनारायणस्याथ मन्दिरप्राङ्गणे सभा । अपराह्णे महत्यासीत्सुधर्मेव सुरालये ।।**' (શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧) 'શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના આંગણામાં સ્વર્ગમાં સુધર્મા નામની દેવસભાની જેમ સાંજના સમયે મોટી સભા થઈ.' જેમાં હાલ જ્યાં આરસનો ઓટો-છત્રી છે તે જગ્યાએ ગાદી-તકિયાવાળી એક મોટી પાટ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજમાન થયા. પાટની પાસે મોટાભાઈ રામપ્રતાપજી અને નાનાભાઈ ઈચ્છારામજી પોતાના પુત્રો સાથે બેઠા હતા. સભામાં એક બાજુ ત્યાગીઓ અને એક બાજુ ગૃહસ્થ હરિભક્તો બેઠા હતા અને ત્યાંથી થોડે અંતરે દૂર એક બાજુ સ્ત્રીભક્તો બેઠા હતા. આજે સભામાં અનુગામી આચાર્યની વરણી થવાની છે એ વાત સર્વત્ર પ્રસરી ગઈ હતી તેથી સૌના મુખ

ઉપર આતુરતા અને જિજ્ઞાસાનાં ચિહ્નો વર્તતાં હતાં. શ્રીજીમહારાજના મુખકમળ ઉપર પણ **'स्वां धर्मधुरां धातुकामो वृषान्वये'** (શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧૦) 'સંપ્રદાયની મારી ધર્મધુરા હવે હું ધર્મવંશ કુળમાં સ્થાપિત કરું' એવો ભાવ અંકિત થયેલો હતો. ભગવાન શ્રીહરિએ પોતાના રામપ્રતાપ તથા ઈચ્છારામ એ બે ભાઈઓ પાસે **'धर्मान्ववाये तां निदध्यामधुनेति मे इच्छास्त्यतोऽहं'** (શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧૬) 'ધર્મદેવના કુળમાં સંપ્રદાયની ધર્મધુરાનું સ્થાપન કરું એવી મારી ઈચ્છા છે.' એમ કહીને એક એક પુત્રની માગણી કરી. આચાર્યપદ તો એક જ ગણાય અને હોય છતાં શ્રીજીમહારાજે પોતાના બે ભાઈઓ પાસે એક એક પુત્રની માગણી કરી ત્યારે એ સાંભળીને સભાજનોના મનમાં શંકા જાગી : ''મહારાજ પોતાના અનુગામી તરીકે બે આચાર્યો સ્થાપશે કે શું ?'' પરંતુ એ પછી જ જે પ્રસંગ બન્યો અને ભગવાન શ્રીહરિએ જે કહ્યું - કર્યું તેથી એ આશ્ચર્ય અને શંકાઓનું તરત જ નિરાકરણ થઈ ગયું. ભગવાન શ્રી સ્વામિનારાયણની માગણી પ્રમાણે મોટાભાઈ રામપ્રતાપજીએ પોતાના ત્રણ પુત્રો પૈકી વચેટ પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજીને અને નાનાભાઈ ઈચ્છારામજીએ પોતાના પાંચ પુત્રો પૈકી બીજા પુત્ર શ્રી રઘુવીરજીને દત્તપુત્ર તરીકે ગ્રહણ કરવા માટે શ્રીજીમહારાજને શાસ્ત્રોક્ત વિધિ કરીને સોંપણી કરી. શ્રીજીમહારાજે બંને પુરુષોને પોતાના પુત્રપદે ગ્રહણ કરીને પોતાના સ્થાને બેસાર્યા.

आस्थाप्य तावात्मन एव पीठे वस्त्रैरनर्घ्यैः सुविभूषणैश्च । सम्मान्य सर्वैर्निजभक्तपुम्भिस्तयोर्मुदाचीकरदर्चनं सः ।।

''ભગવાન શ્રીહરિએ પોતાના બંને પુત્રોને પોતાના આસન ઉપર બેસાડીને અમૂલ્ય વસ્ત્રો અને શ્રેષ્ઠ વિભૂષણો સત્કારપૂર્વક આપીને; સર્વે પોતાના ભક્તો પાસે પણ મહાઆનંદથી પોતાના બંને પુત્રોનું ચંદનપુષ્પાદિથી પૂજન કરાવ્યું.''

(શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૨૨)

આમ, સદ્ધર્મના સ્થાપનના ઉદ્દેશથી આ ધરા ઉપર અવતરેલા સ્વયં-સ્વતઃ સ્વતંત્રપણે વર્તનારા ભગવાન શ્રીહરિએ નરનાટ્યને અનુસરી ત્યાગી-ગૃહી જનોનો અભિપ્રાય લઈ પોતે પૂર્વે કરેલા સંકલ્પ અનુસાર સંપ્રદાયની અવિરત મોક્ષપરંપરા વહેતી મૂકી.

પછી આચાર્યપદે નવપ્રતિષ્ઠિત પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સભાજનોને ઉદ્દેશીને શ્રીજીમહારાજ ધીરગંભીર સ્વરે બોલ્યા : ''હે પુત્રો ! હે ભક્તજનો ! મેં પૃથ્વીમાં અનેક મોટાં મંદિરો કરાવેલાં છે. તથા સર્વે મંદિરોમાં તે તે મંદિરમાં રહેલા અર્ચાવતારોની પૂજાનો પ્રવાહ નિરંતર ચાલે તેને માટે ક્ષેત્રબગીચા વગેરે આજીવિકાઓ કરાવેલી છે. તે મંદિરોમાં બે મંદિરો મુખ્ય છે. તેમાં એક શ્રીનગરમાં (અમદાવાદમાં) નરનારાયણનું જે મંદિર છે અને બીજું આ વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણનું જે મંદિર છે. તે બન્ને મંદિરોના મધ્યવિભાગથી પૂર્વમાં કલકત્તા સુધી અને પશ્ચિમમાં દ્વારિકાપુર સુધી સમસૂત્ર રેખાના અંતર્ગત પુરગ્રામના નામ લખવાપૂર્વક કરેલા વિભાગથી ભારત નામનો ખંડ (દેશ) મેં બે પ્રકારે કલ્પેલો છે. તે તે નામથી 'આ નરનારાયણના દેશનો વિભાગ, આ લક્ષ્મીનારાયણના દેશનો વિભાગ' એમ બે સંજ્ઞાથી કહેવાય છે. આ દક્ષિણ ખંડમાં જનોએ પુણ્ય-પ્રાપ્તિને માટે આપેલું જે જે ધનધાન્ય, વસ્ત્રાદિ વસ્તુ તે તે લક્ષ્મીનારાયણનું જ છે. આ પ્રકારે ઉત્તરખંડમાં પણ જનોએ ધર્મ માટે આપેલું જે ધનધાન્યાદિ વસ્તુ હોય તે તો નરનારાયણનું જ છે. આ પ્રમાણે મેં મર્યાદા બાંધી છે. **'एकैकखण्डे गुरुता स्वाश्रितानां नृणां मया । पृथक्पृथग्युवाभ्यां तु दीयते धर्मगुप्तये ।।'** - એક એક ખંડમાં મારા આશ્રિત જનોના ગુરુપદને મેં ધર્મના રક્ષણ માટે તમોને બન્નેને જુદું જુદું આપ્યું છે.'' (શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૨૪ થી ૨૯)

ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સ્પષ્ટતા કર્યા પછી શ્રીજીમહારાજે શુકાનંદમુનિ પાસે બે પત્રિકાઓ (ચિઠ્ઠીઓ) લખાવી. તેમાં એક પત્રિકા ઉપર 'શ્રીનરનારાયણ દેવ' અને બીજી પત્રિકા ઉપર 'શ્રીલક્ષ્મીનારાયણ દેવ' નામ લખાવ્યું. પછી બંને પત્રિકાઓ ભેગી કરીને પોતાના આસન સામે સભામાં વચ્ચે એક પાત્રમાં મુકાવી અને એ પાત્ર પોતાના હસ્તકમળમાં રાખીને તેમાંથી નવપ્રતિષ્ઠિત આચાર્યોને એક એક પત્રિકા ઉપાડવાની આજ્ઞા કરી :

तदैकैकां जगृहतुः पत्रिकां तौ पृथक् पृथक् । गृहीत्वा तत्र कृष्णस्य नामैक्षेतामनाकुलौ।।
प्राप्तासीद्रघुवीरेण लक्ष्मीनारायणस्य तु । पत्र्ययोध्याप्रसादेन नरनारायणस्य च ।।

''તે સમયે બંને ભાઈઓ જુદા જુદા એક એક પત્રિકા ગ્રહણ કરતા હતા. પત્રિકા ગ્રહણ કરીને પોતપોતાની પત્રિકામાં આકુળતાએ રહિત, શ્રીનરનારાયણ નામના અને શ્રીલક્ષ્મીનારાયણ નામના ભગવાનનું નામ જોતા હતા. રઘુવીરે તો લક્ષ્મીનારાયણની પત્રી પ્રાપ્ત કરી અને અયોધ્યાપ્રસાદે તો નરનારાયણની પત્રી પ્રાપ્ત કરી.''

(શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૨-૩૩)

પછી બંને આચાર્યોશ્રીએ એક એક પત્રિકા ગ્રહણ કરી. તેમાં 'શ્રીનરનારાયણ દેવ' નામવાળી પત્રિકા પ.પૂ. ધ.ધુ. આચાર્ય

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રાપ્ત થઈ અને 'શ્રીલક્ષ્મીનારાયણ દેવ' નામવાળી પત્રિકા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પ્રાપ્ત થઈ. ત્યારપછી ભગવાન શ્રીહરિએ સભાજનો પ્રત્યે કહ્યું :

तद्दृष्ट्वा हरिरूचे स्वानाश्रितान् सकलान् जनान् । युष्माकमेतौ हि गुरू कृतावद्यदिनान्मया ।।
नरनारायणस्य स्युः खण्डे ये मदुपाश्रिताः । ते त्वयोध्याप्रसादस्य शिष्या इत्यवधार्यताम् ।।
लक्ष्मीनारायणस्याथ खण्डे स्युर्ये मदश्रिताः । रघुवीरस्य ते शिष्याः सर्व इत्यवधार्यताम् ।।

(શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૪ થી ૩૬)

"આજ દિવસથી આરંભીને મેં બંને આચાર્યોને તમારા ગુરુપદે સ્થાપન કર્યા છે. તેમાં જે નરનારાયણ દેશના આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે અને લક્ષ્મીનારાયણ દેશના આશ્રિતો હોય તે રઘુવીરજીના શિષ્યો છે." પછી શ્રીજીમહારાજે દૂર સ્ત્રીભક્તોની સભામાં બેઠેલા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મપત્ની સુનંદાબાઈ અને શ્રી રઘુવીરજી મહારાજના ધર્મપત્ની વિરજાબાઈ - એમને અનુક્રમે શ્રીનરનારાયણ દેવના દેશના અને શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશના સ્ત્રીભક્તોના ગુરુ તરીકે સ્થાપિત કર્યા. અને જેવી રીતે સભામાં પુરુષ આશ્રિતવર્ગે બંને આચાર્યોની પૂજા કરી હતી તે પ્રમાણે એ બંનેની પૂજા કરવાની સ્ત્રીભક્તોને આજ્ઞા કરી. પછી ભક્તજનોને ઉપદેશ આપતાં શ્રીજીમહારાજ કહે છે :

उभावेतौ धर्मवंश्यौ युष्माभिर्धर्मदेववत् । मान्यौ सेव्यौ स्वशक्त्यान्नवस्त्रभूषाधनादिभिः ।।
एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम् । तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ।।

"હે ભક્તજનો ! ધર્મવાશમાં થ્યેલં બાને મંરં પુત્રે ધર્મતેવની મંફક મંનવં. પૅંસંની શક્સિ પ્રમંણે અન્ન, વસ્ત્ર, ભૂષંણ, ધનંતિથી દેવં કરવં યેંગ્ય છે. અં મંરં બાને પુત્રે સથ અં વાશમાં થ્નંરં ગુરુપતમાં રહેલંએંનેં અંશ્રય જે કરશે સે ભક્સેંને હુા તેહાંસે મંરં ધંમમાં લઈ જઈશ."

(શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૮-૩૯)

આમ, ભક્તજનોને ઉપદેશ આપીને ફરીથી શ્રીજીમહારાજ બંને આચાર્યોને ઉદ્દેશીને બોલ્યા : "હે પુત્રો ! તમારે પોતપોતાના ખંડ (દેશ)ના જનોને શિષ્યો કરવા પણ એકબીજાના દેશના ન જ કરવા. અને પોતપોતાના ખંડમાં રહેલા જનોએ આપેલા અન્ન, વસ્ત્રાદિ તમોએ ગ્રહણ કરવા; પરસ્પરની અપેક્ષાએ બીજાનું ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ. શ્રીલક્ષ્મીનારાયણ દેશના આચાર્યે નરનારાયણ દેશના ભક્તોએ અર્પણ કરેલાં અન્ન, વસ્ત્રાદિ ગ્રહણ કરવાં નહિ અને નરનારાયણદેશના આચાર્યે લક્ષ્મીનારાયણ દેશના હરિભક્તોએ અર્પણ કરેલાં અન્ન-વસ્ત્રાદિ ગ્રહણ કરવાં નહિ. (સાધુ-પાળા આદિ અનુયાયી જનોએ સહિત પોતાના ભોજન પર્યાપ્ત અન્નના ગ્રહણમાં તો પરસ્પર બાધ નથી એમ જાણવું. આથી વધારે અજાણથી લીધું હોય તો એકબીજાએ પાછું મોકલી દેવું. લક્ષ્મીનારાયણ ખંડના જને નરનારાયણાદિની પ્રતિમા આગળ અર્પેલું તેમ જ નરનારાયણ ખંડના જને લક્ષ્મીનારાયણાદિની પ્રતિમા આગળ અર્પેલું ધનાદિ બંને આચાર્યોએ પરસ્પર પાછું ન મોકલવું. તે તો ગ્રહણ કરવું. આટલો વિશેષ અર્થ અહીં જાણવો.) જે સાધુઓ-બ્રહ્મચારીઓ અને પાળાઓ છે તે તો તમારે બંનેને શિષ્યભાવમાં સમાન છે. (એમને પૂજ્યપણે તમે તુલ્ય છો.) તે આ સાધુ વગેરે ત્યાગીઓ પક્ષપાત વિના તમારી બંનેની સેવા કરવાને યોગ્ય છે. અને જે સાધુ વગેરે પક્ષપાત કરશે તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થશે અને અધોગતિને પામશે. વળી તમારા બંનેના શિષ્યો અને દ્રવ્ય છે પ્રયોજન જેને એવા વિવાદના નિર્ણયમાં ધર્મનિષ્ઠ બે ગૃહસ્થો શ્રી લક્ષ્મીનારાયણદેશમાં રહેલા અને બે ગૃહસ્થો નરનારાયણના દેશમાં રહેલા; કર્તવ્યઅર્થનો નિર્ણય તેમને સોંપવો. સાધુ વગેરેને ક્યારેય પણ વિવાદના અર્થનિર્ણયમાં જોડવા નહિ. વળી પોતાના આશ્રિત સ્ત્રીઓના નિમિત્ત અર્થવિવાદના નિર્ણયમાં તમારા બંનેની સ્ત્રીઓએ સધવા સ્ત્રીઓ પતિ-પુત્રોવાળી બે બે સ્ત્રીઓ કરવી. વિધવા સ્ત્રીઓને ક્યારેય પણ તેના નિર્ણયમાં યોજના કરવી નહિ. જે ગૃહસ્થજનના કાર્યના નિર્ણયમાં ગૃહસ્થભિન્ન-ત્યાગી સાધુઓ અને વિધવા હોય તે ગૃહસ્થનું કાર્ય સિદ્ધ થાય નહિ પરંતુ કર્તવ્યાર્થનો વિનાશ જ થાય. તમો બંનેએ મેં માનેલા આઠ ગ્રંથો વેદાદિને આશરીને હંમેશાં સંપ્રદાયને અનુસરીને વર્તવું, પોતપોતાના શિષ્યજનોને વર્તાવવા."

यच्चैतद्वां मया दत्तं तदिस्त स्वभुजार्जितम् । स्वत्वं कस्याप्यतो नात्र पितुर्भ्रात्रोश्च वै तयोः ।।
तपस्विनमिवर्षिं मां जानीतं बदरीपतिम् । स्वेच्छागतं स्वधाम्नोऽत्र गन्तारं तत्र वै पुनः ।।
यस्मै दित्सा ममैवासीत्तस्मै स्वातन्त्र्यतो मया । दत्तमेतत्स्वकं सर्वं नातो भागोऽत्र कस्यचित् ।।

(શ્રી સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૪૭ થી ૪૯)

"મેં તમો બંનેને આ મંદિરાદિ અર્પણ કર્યા છે તે પોતાના પ્રતાપથી સંપાદન કરેલાં છે. માટે આ મેં અર્પણ કરેલા અર્થમાં પિતા ધર્મદેવનું કે આ ભાઈ રામપ્રતાપ અને ઈચ્છારામ બંનેમાંથી કોઈનું પણ માલિકીપણું નથી જ. મને બદરીપતિ ઋષિ નારાયણની માફક તપઃપ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારી જાણો. પોતાના ધામથી આ લોકમાં પોતાની ઈચ્છાથી આવેલો છું અને ફરીથી પણ સ્વધામમાં જઈશ એમ જાણો જ. મારે જેને આપવાની ઈચ્છા હતી તેને મેં સ્વતંત્રપણે મારું આ પૂર્વે કહેલું આપ્યું. માટે મારા આપેલામાં કોઈનો પણ તમારા ભાઈઓ વગેરેનો ભાગ નથી જ. તમારા બંનેના ઘણા પુત્રો થાય તો પણ ગુરુપણાના સ્થાનમાં ગુણી એક પુત્ર સ્થાપવો.

આ ગુરુતાના પદમાં પુત્રની સ્થાપનામાં મોટો પુત્ર જ સ્થાપવો આવો નિયમ નથી પરંતુ પુત્રોમાં જે ગુણવાન હોય તેની જ સ્થાપના કરવી. જે પુત્રમાં ધર્મનિષ્ઠ જનોની પ્રીતિ હોય જે પુત્ર પોતાના આશ્રિત જનોના ધર્મનું રક્ષણ કરવામાં સમર્થ હોય પોતાના ઉદ્ધવ સંપ્રદાયમાં કહેલા ધર્મમાં નિષ્ઠાવાળો હોય તે પુત્ર ગુરુતાના પદમાં સ્થાપન કરવા યોગ્ય થાય. જો પોતાનો પુત્ર તેવા લક્ષણે યુક્ત ના હોય ત્યારે તો મારી માફક દત્તવિધિથી ધર્મવંશના બીજા ભાઈના પુત્રને પોતાના પુત્રપણે સ્વીકાર કરીને ગુરુતા પદમાં સ્થાપન કરવો. ગુણે રહિત પોતાના પુત્રને સ્થાપન કરવો નહિ. આ મારી આજ્ઞા મારા આશ્રિત સર્વે સત્સંગીઓએ યથાયોગ્ય પાલન કરવી. જે મારા કહેવાથી વિરુદ્ધ વર્તશે તે મારા શિષ્યોની પંક્તિથી બહાર કાઢેલો જાણવો.''

પછી સભામાંથી એકી સાથે અવાજો સંભળાયા : ''મહારાજ ! આવું આચાર્યપદ, જગતમાં હજુ સુધી બીજે ક્યાંય જોયું-વાંચ્યું કે સાંભળ્યું નથી. આવી 'નો'તી દીઠી નો'તી સાંભળી એવી રીત' ભગવાન શ્રીહરિ સિવાય બીજું કોણ પ્રવર્તાવી શકે ?''

ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં વિ.સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ આચાર્ય સ્થાપના પ્રસંગે સભામાં સર્વ આશ્રિતોને જે ઉપદેશ આપેલો હતો અને જે આજ્ઞા કરેલી હતી તે એમણે પછી 'દેશવિભાગનો લેખ' એ નામે જાતે લખાવીને ગ્રંથિત કરાવીને બંને આચાર્યોને અર્પણ કર્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યપદના પ્રતિષ્ઠોત્સવની પૂર્ણાહુતિ શ્રીજીમહારાજે વિ.સં. ૧૮૮૨ કારતક સુદ - ૧૫ના રોજ ભક્તિમાતાનો જન્મોત્સવ ઉજવીને કરી હતી. મુમુક્ષુ જીવાત્મા જ્યારે ધર્મનું યથાર્થ પાલન કરતો થાય છે ત્યારે એને સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે અને સદ્‌ગુરુના વચનોમાં વિશ્વાસ રાખીને નિષ્કામભાવે જ્યારે એ શ્રેયોમાર્ગે આગળ વધે છે ત્યારે એના અંતરમાં પરાભક્તિ ઉદય પામે છે. અને જ્યારે આમ ધર્મ અને ભક્તિનો સુભગ યોગ થાય છે ત્યારે ધર્મ-ભક્તિનંદન ભગવાન શ્રીહરિના દર્શનયોગનો એ અધિકારી બને છે. સંપ્રદાયના આચાર્યપદની પ્રતિષ્ઠાના મહોત્સવના આ બંને સંકેતો સૌ કોઈએ સમજી વિચારીને અંતરમાં ઉતારવા જેવા છે.

❁ ધર્મકુળ વંશમાંથી શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને જ કેમ ગાદી ઉપર આરૂઢ કરી સારાંય સંપ્રદાયના આચાર્ય તરીકે સ્થાપ્યા ?

હવે એક પ્રશ્ન એવો પણ ઉદ્‌ભવે કે શ્રીજીમહારાજે ભૂમંડળ પર વિદ્વત્તામાં જેમનો કોઈ જોટો ન જડે તેવા પરમહંસોમાંથી કોઈને પોતાના સ્થાને આરૂઢ ન કરતાં ધર્મકુળમાંથી શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને જ કેમ ગાદી ઉપર આરૂઢ કરી સારાંય સંપ્રદાયના આચાર્ય તરીકે સ્થાપ્યા ? તેનો એકજ ઉત્તર છે કે, ૨૬૨ વચનામૃતોમાં અનેક તાત્ત્વિક પ્રશ્નો પૂછાયા છે. જે પ્રશ્નો સામાન્ય પંડિતોથી તો થવા અશક્ય જ છે.

જે પ્રશ્નો ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ કરેલા છે. પરંતુ વચનામૃતોમાં જેટલાં પણ પ્રશ્નો પૂછાયા છે તે પ્રૌઢ અવસ્થાએ પહોંચેલા સંતો-હરિભક્તોએ પૂછેલા છે. સારાય સંસારની પરિસ્થિતિ જાણ્યા-માણ્યા પછી ઉદ્‌ભવેલાં પ્રશ્નો સંતો-ભક્તોએ પૂછ્યા છે. અનેક શાસ્ત્રોના અધ્યયન પછી ઉઠેલી શંકાઓના સમાધાન માટે પ્રશ્નો પૂછાયા છે, પરંતુ ૨૬૨ વચનામૃતોમાં પૂછાયેલા તમામ પ્રશ્નો પૈકી ફક્ત ૪ પ્રશ્નો બાકાત છે. જે ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં તથા ગઢડા અંત્ય પ્રકરણના ૧૪ અને ૧૮માં વચનામૃતમાં આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા પૂછવામાં આવ્યા છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે કે, ''આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ?''

એ પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ''હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?''

આ પ્રશ્નો પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર ૧૬ વર્ષની અને શ્રી રઘુવીરજી મહારાજની ઉંમર ૧૩ વર્ષની હતી. હવે ૧૬ વર્ષના અને ૧૩ વર્ષના કિશોરને આવી મોક્ષની અને ભગવદ્‌પ્રાપ્તિની તીવ્ર ઝંખના ભાગ્યે જ જોવા મળતી હોય છે. અને આવા મોક્ષ ઉપયોગી પ્રશ્નો હૃદયમાં ઉદ્‌ભવતાં હોય છે. કેટલી પરમાત્માને પ્રાપ્ત કરવાની આતુરતાં અને ભજન કરવાની ઝંખના હશે ત્યારે આવા પ્રશ્નો આટલી નાની વયે તેમના અંતરમાં ઉઠ્યાં હશે !!!

વળી, ગઢડા અંત્ય પ્રકરણના ૧૪માં વચનામૃતમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પૂછ્યું કે, ''એકની તો બુદ્ધિ પણ ઘણી હોય, ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પુગતી હોય અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય, ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય અને ઘણી

બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે, અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે તેનું શું કારણ છે ?'' આ પ્રશ્ન પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર ૧૯ વર્ષની હતી.

ગઢડા અંત્ય પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ''જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી ?'' આ પ્રશ્ન શ્રી રઘુવીરજી મહારાજે ૧૬ વર્ષની વયે પૂછ્યો હતો.

આટલી નાની વયમાં આટલાં બધા આંતરિક દોષો તરફ જાગૃત વર્તતા અને તેમને ટાળવા માટે સતત પ્રયત્નશીલ રહેનારા આ બંને આચાર્યશ્રીઓને શ્રીજીમહારાજે સારાંય સંપ્રદાયના ગુરુપદે સ્થાપ્યા હતા, તે નિર્વિવાદ વાત છે.

હવે આપણે અહીં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ગુણોનું વર્ણન કરતા સંદર્ભોને જોઈશું :

● શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રીરઘુવીરજીને ધર્મમાર્ગમાં દૃઢ અને ધીર-ગંભીર જોયા. તેથી શ્રીહરિના દિલમાં ઈચ્છા થઈ અને તે બંનેને દત્તક પુત્ર કર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર -૧, તરંગ - ૨)

● અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બંને શ્રીહરિના દત્તક પુત્ર સુખના ધામરૂપ છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૧, તરંગ - ૪)

● અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી, બંને ઘણા સુજ્ઞ હતા. તે શ્રીહરિના દત્તપુત્ર હતા અને તેમના ઉપર સ્વામી (મુક્તાનંદ સ્વામી) ને ઘણું હેત હતું. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૧૧, તરંગ - ૧)

● અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી મારા સંબંધને પામ્યા છે, મારા સંબંધી છે એટલે મને રાજી રાખવા માટે બંનેને મમત્વ રહે. સહુથી વધારે તાન મને રાજી રાખવાનું હોય છે, છતાં તેમણે કોઈ પણ રીતે ધર્મનો લોપ-ભંગ કરાય નહિ. કારણ કે ધર્મમાં જ બધા અર્થ-પુરુષાર્થ-પ્રયોજનો રહ્યા છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૧૧, તરંગ - ૨)

● આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ઘણા જ સમર્થ છે. તેમની બુદ્ધિમાં મોક્ષ બાબતનું જ્ઞાન ઘણું જ છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૧૪, તરંગ - ૧)

● ઈચ્છારામજીના પરમ સુધીર પુત્ર રઘુવીરજી હતા તે પણ આવી ગયા હતા. રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજી બંને સારા સ્વભાવના હતા અને ભેળા આવ્યા હતા. શ્રીહરિની મરજીમાં રહેવાની વાતને અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી સારી રીતે જાણતા હતા અને બીજાને કહેતા હતા. તેણે કરીને તે બંને શ્રીહરિને ગમી ગયા હતા. અને જે આપણો આ સત્સંગ છે તે, તે બંનેનું અતિશય હેત કરનારો હતો. મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું કે, ''આ બંને સત્સંગના મૂળ જેવા છે.'' અમારા નાનાભાઈ ઈચ્છારામજી નામે છે. તેના પુત્ર ઉદાર સ્વભાવના રઘુવીરજી છે. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી, તે બંને મોહ તથા પ્રમાદનો ત્યાગ કરીને અમે જેમ કહીએ તેમ વર્તી રહ્યા છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૨૮, તરંગ - ૪૮)

● ''...જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા તેવા તો જણાણા જ નહિ !''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૨/૫૭)

● ''...રઘુવીરજી મહારાજ પૃથ્વી ઉપર રહ્યા, ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું. કેમ જે, મહારાજ એમને વશ તે જેમ ધારે તેમ કરે...'' ''...અમે મહારાજને અરજી નાખી છે; જે રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો ને ગય રાજા જેવો એક રાજા કરો તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દશ કરોડ મનુષ્ય પ્રભુ ભજે, એમ સંકલ્પ કર્યો છે.''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૨/૬૩)

● ''...પણ રઘુવીરજી મહારાજે ચાર મહિના સાધુને રાખીને કથા કરાવી ને વાતો જ કરાવી એમ કોઈ કરશે નહિ ને કરાવશે પણ નહિ.''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૨/૭૪)

● ''...અને સ્વામી કહે એક દિવસ મહારાજે મને કહ્યું હતું જે, ''ધર્મકુળમાં રઘુવીરજી જેવા કોઈ નથી'' તે વાત સાચી કેમ જે એની રે'ણી કે સ્થિતિ તે ક્યાંય ન મળે; ને ત્યાગની છટા પણ મહારાજના જેવી જ હતી. એવા હવે નહિ થાય, કદી મહારાજ મોકલે તેની વાત નહિ.''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૧૫૬)

● ''...આવો જોગ મળ્યો છે ને પછી બીજાને વળગે છે, તે કાંઈ સમજતા નથી. તે રઘુવીરજી મહારાજ આદિ (આચાર્યશ્રી તથા) મોટા મોટા સાધુ કોવૈયાને પાદર બેઠા હતા, તેને મૂકીને ત્રણસો માણસ દરિયો જોવા દોડ્યું! ત્યારે તો દરિયા જેવાય રઘુવીરજી

મહારાજ આદિ નહિ ને ? પણ જ્ઞાન ક્યાં ? આને મૂકીને બીજાને વળગે છે, તેમાં શું પાકશે ?''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૧૮)

● ''...અને મહા વદીમાં વાત કરી જે, અમારી પોર આ દહાડાની અરજી ભગવાન પાસે છે જે, ''એક ગય રાજા જેવો રાજા ને રઘુવીરજી જેવા બે આચાર્ય મોકલો; નીકર આ લોકમાં બે કરોડ માણસ ભગવાન ભજે છે તેને સુખ નહિ આવે, તે પાપી નહિ આવવા દે.''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૪૧)

❁ આચાર્યશ્રીના અધિકારો :

દેશવિભાગનો લેખ એટલે જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માઓના આત્યંતિક કલ્યાણને માટે પોતે બનાવેલા મંદિરો તથા તેમાં સ્થાપિત કરેલા દેવો અર્થાત્ પોતાના સ્વરૂપોની સેવા પોતાના આશ્રિત ભક્તજનો પોતપોતાના સ્વધર્મમાં રહીને કાયમને માટે 'યાંવત્ ચંદ્ર દિવાકરૌ' કરતા રહે એવા હેતુથી પોતાના સ્થાપિત મંદિરો તથા ભવિષ્યમાં થાય તેવા મંદિરો આદિકની સુરક્ષા માટે તેમજ ભક્તિમાર્ગની પુષ્ટિ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ.જી. ૪/૪૦માં કહ્યા મુજબ વડતાલને વિષે વિ.સં. ૧૮૮૨ કારતક સુદ - ૧૧ના રોજ પોતાના બંને ભાઈઓના એક એક પુત્રને દત્તવિધાનથી પુત્રપણે સ્વીકારીને પોતાની એક ગાદીના ઉત્તર-દક્ષિણ એવા ભારત દેશના બે વિભાગમાં આવેલા ઉત્તર વિભાગ - શ્રી નરનારાયણ દેવ દેશ - અમદાવાદ અને દક્ષિણ વિભાગ એટલે શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ - વડતાલ આ પ્રમાણે તેમની સીમાઓના પ્રદેશો નક્કી કરીને વિભાગપૂર્વક પોતાના સ્થાને સ્થાપન કરેલા ધર્મવંશના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી તથા આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પૂર્વોક્ત બંને દેશમાં આવેલા મંદિરો આદિક અર્પણ કર્યા.

આ સાથે તે બંને દેશના વિભાગની સીમાઓને સૂચવતા મધ્યરેખામાં આવતા ગામોના નિર્દેશપૂર્વક બંને આચાર્યોને પોતપોતાનાં વિભાગના અધિકારનો ખ્યાલ આપી તેમને બંનેને પરસ્પર વર્તવાની રીતિ કહેલી, તથા પોતાના આશ્રિત એવા ત્યાગી ગૃહસ્થ વગેરેને પણ જે પ્રકારે શ્રીજી મહારાજે સ્વસ્થાપિત બંને આચાર્યશ્રીઓનો અનન્યાશ્રય રાખી પોતપોતાના ધર્મમાં રહીને તેમની સેવા કેવી રીતે તન-મન-ધનાદિકથી કરવી તે વિષે આજ્ઞા કરેલી, તથા આ બંને આચાર્યશ્રીઓએ પોતાના ધર્મવંશમાંથી જ પોતાના ઉત્તરાધિકારી તરીકે કેવા પુત્રની સ્થાપના કરવી વગેરે બાબતનો ઉપદેશ બંને આચાર્યશ્રીઓને કરેલો હતો.

ત્યાર પછી બીજા જ વર્ષે સં. ૧૮૮૩ના માગશર સુદિ - ૧૫ને દિવસે ગઢડામાં બિરાજીને શ્રીજી મહારાજે પૂર્વોક્ત ઉપદેશ પણે કહેલા અર્થની બે પત્રિકાઓ શુકાનંદ મુનિ પાસે વિસ્તારપૂર્વક લખાવીને તથા તેમાં બંને આચાર્યોની પરસ્પર હસ્તાક્ષરની સહી કરાવીને તથા સંપ્રદાયના અગ્રગણ્ય ત્યાગી સંતો, બ્રહ્મચારીઓ તથા ગૃહસ્થ આશ્રિતોની પણ મતુ-સાખ્ય અર્થાત્ સાક્ષીની સહી કરાવીને તે પ્રમાણે વર્તવા-વર્તાવવાનો કાગળ આ 'દેશવિભાગનો લેખ' બંને આચાર્યશ્રીઓને આપેલો તે લેખ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં લખાવેલું પોતાના સંપ્રદાયનું બંધારણ હોવાથી ભક્તજનોને અતિ ઉપયોગી જાણીને અહીં શબ્દશઃ રજૂ કર્યો છે. આવા જ હેતુથી સદ્. ગોપાળાનંદ સ્વામીએ આ દેશવિભાગના લેખને અનુસરતા અર્થનો પત્ર સં. ૧૮૮૮ના ફાગણ વદી- ૩ને દિવસે શુકાનંદ મુનિ દ્વારા લખાવીને - સાધુ, બ્રહ્મચારી, પાળા તથા સત્સંગી સમસ્ત પ્રત્યે મોકલાવેલો અને તેમાં આજ્ઞા કરેલી હતી કે આ પત્રને જ્યાં સુધી પુરેપુરો ન સમજાય ત્યાં સુધી દિવસમાં એકવાર દરરોજ વાંચવો. (પાઠ કરવો.)

શ્રીહરિના આશ્રિતોને આ પત્રની પોતાના જીવનમાં દૃઢતા નિરંતર થતી રહે તેવા હેતુથી સ્વયં શ્રીજી મહારાજે પોતાના જમણા હાથતુલ્ય શુકાનંદ સ્વામી પાસે લખાવેલો આ 'દેશવિભાગનો લેખ' દરરોજ થોડો થોડો પણ વાંચવાથી તેની આજ્ઞાનું અનુસંધાન રાખવું સરળ બને છે. તે માટે અહીં આ લેખને પેરેગ્રાફ સહિત તેમજ ક્રમાંક સહિત (મૂળ લેખમાં ક્રમાંક ન હોવા છતાં સરળતાથી સમજાય તેવા હેતુથી જ પેરેગ્રાફાદિ સહિત) અક્ષરશઃ અહીં રજૂ કરેલો છે.

॥ શ્રી ભક્તિધર્માત્મજ 'શ્રીકૃષ્ણ નારાયણ' ॥

૧. લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ. વ. પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવીર ઈચ્છારામ.

૨. જત તમો બે ભાઈએ અમો દત્તપુત્ર કરીને અમારા સત્સંગી સર્વેના આચાર્ય સ્થાપ્યા છે.

૩. ને અમારાં મંદિર શ્રીનરનારાયણનાં તથા શ્રીલક્ષ્મીનારાયણનાં તથા શ્રીરાધાકૃષ્ણ આદિકનાં તથા સત્સંગીમાં જે ધર્માદાની પેદાશ તે તમો બે ભાઈને આપી છે ને તેની તમો બે ભાઈને વેંચણ કરી આપી છે.

૪. તેની વિગત્ય સીમાડાનાં ગામ લિખ્યાં છે. પૂર્વ દિશાને વિશે : ૧. શ્રી કલકત્તા, ૨. શ્રી કાશી, ૩. શ્રી ઉજ્જૈણ, ૪. શ્રી

ખાચરોદ, ૫. શ્રી રતલામ, ૬. શ્રી પેટલાવાદ, ૭. શ્રી દેવદ, ૮. શ્રી ગોધરા, ૯. શ્રી ડાકોરજી, ૧૦. મોજે સઈયત, ૧૧. મોજે બોરડિ, ૧૨. મોજે અલેણા ૧૩. મોજે કડી, ૧૪. મોજે ખડોલ, ૧૫. મોજે સાસતાપર, ૧૬. મોજે મહુધા, ૧૭. મોજે ઘુમજ, ૧૮. મોજે શુંઝ, ૧૯. મોજે કેસરું, ૨૦. મોજે વાંઠવાણી, ૨૧. મોજે અરેરિ, ૨૨. મોજે ખાતરજ, ૨૩. શ્રી મેમદાવાદ મોટું, ૨૪. મોજે છાપરા, ૨૫. શ્રી ખેડા, ૨૬. મોજે કોશિયા, ૨૭. મોજે પિપલી, ૨૮. મોજે મેલજ, ૨૯. મોજે બરોડા, ૩૦. મોજે વઉઠા, ૩૧. મોજે વિરપર, ૩૨. મોજે પીસાવાડું, ૩૩. મોજે કૌકું, ૩૪. મોજે ધોલિ, ૩૫. મોજે ભુંભલી, ૩૬. મોજે વેજલકું, ૩૭. મોજે સરઘવાળું, ૩૮. મોજે ધનાલું, ૩૯. મોજે ફેદરા, ૪૦. મોજે ખડોલ, ૪૧. શ્રી ધંધુકું, ૪૨. મોજે કોટડું, ૪૩. મોજે ગુંજાર, ૪૪. મોજે મોરસિયું, ૪૫. મોજે વાગડ, ૪૬. મોજે દેવલિયું, ૪૭. મોજે નાગનેસ, ૪૮. મોજે વાણિયાવદર, ૪૯. મોજે કરમડ, ૫૦. મોજે મિણાપર, ૫૧. મોજે ચાસકા, ૫૨. મોજે કુંડલા, ૫૩. મોજે ભાણેજડું, ૫૪. મોજે કોરડા, ૫૫. મોજે સુદામડા, ૫૬. મોજે સેજકપર, ૫૭. મોજે ચોટીલા, ૫૮. મોજે બામણબોર, ૫૯. મોજે કવાડવું, ૬૦. શ્રી રાજકોટ, ૬૧. મોજે રૈયા, ૬૨. મોજે વાજડી, ૬૩. મોજે ઢોકલીયું, ૬૪. મોજે સરપદડ, ૬૫. મોજે ઝીલરિયું, ૬૬. મોજે વિસામણ, ૬૭. મોજે ડાંગરા, ૬૮. મોજે જાળીયું દેવાણિનું, ૬૯. મોજે તમાસિરોણ, ૭૦. મોજે વણથલી વાણિયાની, ૭૧. મોજે ચાવડા, ૭૨. મોજે અલૈયા, ૭૩. મોજે ખિમરાણું, ૭૪. શ્રીનવાનગર આદિક પશ્ચિમ દિશાને વિશે ને પૂર્વ દિશાને વિશે શ્રી કલકત્તા પર્યંત સિમાડાનાં ગામ લિખ્યા છે, તે સર્વે શુભસ્થાન શ્રીવડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ તેની હદમાં છે. તથા એ સિમાડાનાં ગામની પધોરના રસ્તાનાં ગામ લિખ્યા વિનાનાં છે તે તથા એ સિમાડાનાં ગામથી દક્ષિણ દિશાની કોરનો દેશ સર્વે છે તે તથા શ્રી નવાનગરની ખાડીથી દક્ષિણ દિશાની કોરે, ૭૫. મોજે ખંભાલિયું તથા ૭૬. શ્રી બેટ આદિક દેશ છે તે સર્વે, શ્રી લક્ષ્મીનારાયણની હદમાં છે.

૫. તે સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ, અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણેક, મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જે આવે તે તથા ધરતી, વાડી, તૃણ, તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડી ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે, તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે.

૬. ને સિમાડાનાં ગામ શ્રીકલકત્તા તથા નવાનગર પર્યંત લિખ્યા છે તેથી ઉત્તર દિશાની કોરનો દેશ સર્વે છે. તે શુભસ્થાન શહેર અમદાવાદવાસી શ્રીનરનારાયણ તેની હદમાં છે. તથા શ્રીનવાનગરની ખાડી ઉતાર ઉત્તર દિશાની કોરે શ્રીમાંડવી બંદર તથા શ્રીલખપત બંદર આદિક દેશ સર્વે છે તે શ્રીનરનારાયણની હદમાં છે.

૭. ને સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ, અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર, પશુ તથા વાહન તથા માણેક, મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જે આવે તે તથા ધરતી, વાડી, તૃણ, તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રીનરનારાયણની છે ને શ્રીનરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડી ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે, તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રીનરનારાયણની છે.

૮. (૧) એવી રીત્યે દેશવિભાગે સહિત મંદિરોની વેંચણ કરીને ચીઠ્ઠીયું બે પાનાની નાંખીયું. (૨) તેમાં શ્રીનરનારાયણનાં મંદિરની ચીઠ્ઠી પાંડે અયોધ્યાપ્રસાદને ભાગે આવી છે, તે શ્રીનરનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યાં પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદની છે. (૩) શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની ચિઠ્ઠી પાંડે રઘુવીરને ભાગે આવી છે. તે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યાં પ્રમાણે આવે તે પાંડે રઘુવીરની છે.

૯. ને સત્સંગીમાં તથા કુસંગીમાં ધર્માદાની ઉઘરાત કરવા જાય તે પોતપોતાની હદમાં જાય પણ કોઈ કોઈની હદમાં જાય નહિ.

૧૦. ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેવો હોય તો બેય આચાર્યને પોતપોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠી બાંધવી, પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો નહીં ને કંઠી બાંધવી નહિ.

૧૧. ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોળા લુગડાંવાળા પાળા થાવું હોય તો પોતપોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોળા લુગડાંવાળા પાળા કરવાને તેની જે મિલકત ઘર હોય તે તથા જમીન, વાડી તથા આંબા આદિક વૃક્ષ હોય તે લેવું, પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા કરવા નહિ ને તેની મિલકત ઘર તથા જમીન વાડી વૃક્ષ આદિક કાંઈ લેવું નહિ, એમ અમારી આજ્ઞા છે.

૧૨. ને અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા, તે કોઈ કાળે દર દાવો કરશે નહિ.

૧૩. ને અમારી શિક્ષાપત્રી પ્રમાણે તમો રહેજયો.

૧૪. ને એ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોતપોતાના ધર્મમાં રહી તમારી સેવા કરશે ને સરકાર, દરબાર આદિક કોઈના વાંક તળે આવે એવું અજોગ્ય કામ કોઈ કાળે કરશે નહિ. તેમ ગમે તેવો આપતકાળ પડશે તો સત્સંગીમાં ભીખ માંગી ખાશે, પણ આચાર્યને માથે આવે એવું કોઈનું કરજ કરશે નહિ, ને કોઈ જાણે અજાણે કરશે તો કરનાર ભોગવશે, એમ અમારી આજ્ઞા છે.

૧૫. ને સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાળાને આચાર્ય સ્થાપ્યા છે તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે.

૧૬.(૧) ને શ્રીધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન, કર્મ, વચને આજ્ઞામાં રહેજ્યો. (૨) ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ. ને અતિ કષ્ટને પામશે.

૧૭. (૧). ને કોઈ હરિભક્ત, શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં રહેતો હોય, ને તેણે મંત્ર ઉપદેશ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય, તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રીનરનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવાં, પણ તેનો કશો દોષ ધારવો નહિ, જે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરુ કરી મંત્ર ઉપદેશ લીધો છે ને હવે કેમ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને ગુરુ માની દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ; શા માટે જે એવી અમારી આજ્ઞા છે. (૨) ને પ્રથમ જે કાંઈ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીન, વાડી, મેડી, મંદિર, ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ. કેમ જે, તે શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલું છે માટે તે આચાર્યને જ રહે, પણ તેની ફેરવણી થાય નહિ.

૧૮. (૧) તે જ પ્રમાણે, કોઈ હરિભક્ત શ્રીનરનારાયણના દેશમાં રહેતો હોય, ને તેણે મંત્ર ઉપદેશ શ્રીનરનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ તે આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય, તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં ઉચાલો લેઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવાં, પણ તેમાં કશો સંશય રાખવો નહિ, શા માટે જે એવી અમારી આજ્ઞા છે. (૨) ને પ્રથમ જે કાંઈ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીન, વાડી, મેડી, મંદિર, ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ, કેમ જે તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલું છે માટે તે આચાર્યને જ રહે, પણ તેની ફેરવણી થાય નહિ, એવી રીત્યે અમારી આજ્ઞા છે.

૧૯. ને કોઈ ગરાસિયાને બેય દેશમાં ગામ, જમીન, વાડી હોય, ને કોઈ વેપારીને બેય દેશમાં દુકાનું હોય, ને કોઈ ખેડુને બેય દેશમાં ખેડ હોય, ને તેને દશોંદ વિશોંદ દેવી પડે તે જે આચાર્યના દેશમાં જે ગામ, જમીન, વાડીની કમાણી આવે તથા જે વેપારની કમાણી આવે તથા જે ખેડની કમાણી આવે તે આચાર્યને તેના દેશની કમાણીની દશોંદ વિશોંદ દેવી, તેમાં ફેર પાડવો નહિ, એમ અમારી આજ્ઞા છે.

૨૦. (૧) ને શ્રીલક્ષ્મીનારાયણની હદમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાક હોય ને તે સત્સંગી હોય અથવા કુસંગી હોય ને તેને શ્રીનરનારાયણ આદિક દેવની આગળ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય, તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ, વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે, તેનો કોઈ બાધ નથી. પણ શ્રીલક્ષ્મીનારાયણની હદમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ, ફેરવી ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ. (૨) ને જો કદાચિત આપે તો શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહીં ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારી હદમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે, એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રીલક્ષ્મીનારાયણની હદનું જોરાવરી આપે તો શ્રીનરનારાયણને અર્થે રાખવું નહિ, ને પોતાને જાણે તત્કાળ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું.

૨૧. (૧) તે જ પ્રમાણે, શ્રીનરનારાયણની હદમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાક હોય ને તે સત્સંગી હોય

અથવા કુસંગી હોય ને તેને શ્રીનરનારાયણ આદિક દેવની આગળ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય, તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ, વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે, તેનો બાધ નથી. પણ શ્રીનરનારાયણની હદમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ. (૨) ને જો કદાચિત આપે તો શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહિ ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારી હદમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે, એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રીનરનારાયણની હદનું જોરાવરી આપે તો શ્રીલક્ષ્મીનારાયણને અર્થે રાખવું નહિ, ને પોતાને જાણે તત્કાળ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું, એમ અમારી આજ્ઞા છે. તેમાં કોઈ કાળે ફેર પાડવો નહિ.

૨૨. ને શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીનરનારાયણની હદના સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું, તેનો બાધ નથી. પણ કાંઈ દક્ષણા તથા ગામ, જમીન, વાડી તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ, વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર, ઝવેર તથા મેડી, ઘર આદિક આંબા આદિક તથા વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે, હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહિ, ને કોઈ જોરાવરી મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ, પોતાને જાણે તત્કાળ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું.

૨૩. તે જ પ્રમાણે, શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને શ્રીલક્ષ્મીનારાયણની હદના સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું, તેનો બાધ નથી. પણ કાંઈ દક્ષણા તથા ગામ, જમીન વાડી તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ, વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર, ઝવેર તથા મેડી, ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે, હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહિ, ને કોઈ જોરાવરી મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ, પોતાને જાણે તત્કાળ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું, એમ અમારી આજ્ઞા છે.

૨૪.ને કોઈ હરિભક્ત, ઉચાલા વિના બીજા દેશમાં કમાણી અર્થે રોજગાર કરવા જાય તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે જેના દેશમાં બાયડી છોકરા સહિત ઉચાલો હોય તે દેશના આચાર્યને દેવું, એમ અમારી આજ્ઞા છે.

૨૫. ને તમારી વતનમાં સરવાર દેશને વિશે તમો બેય ગાદીના આચાર્યનાં સગા સંબંધી છે તથા તેના આશ્રિત જે મનુષ્ય હોય તે બેય ગાદીના આચાર્યમાં જેને જે સાનુકુળ આવે તેની પાસે મંત્ર ઉપદેશ લેઈ સેવક થાય ને ગુરુ માને ને પોતાની મરજીમાં આવે તે તેને આપે તેનો બાધ નથી.

૨૬. ને બેય ગાદીના આચાર્યની એ જુની વતન છે તે સારું તમારે પોતાની જમીન, વાડી તથા મેડી, ઘર, ગામ આદિક જે હમણા છે તથા વેચાતું અથવા ઘરેણે રાખવું પડે તે પોતપોતાને જાણે પોતપોતાનું રાખજો તેનો બાધ નથી.

૨૭. ને તમારાં સગા સંબંધી ને તેના આશ્રિત મનુષ્ય તે વિના હર કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લઈ સેવક થવું હોય, તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્ય પાસે થાવું ને તેને ગુરુને નાતે ગામ, જમીન, વાડી તથા મેડી, ઘર તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર, આંબા આદિક વૃક્ષ જે કાંઈ આપવું હોય તે, શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને આપવું ને આચાર્યને તેજ પ્રમાણે લેવું એમ અમારી આજ્ઞા છે.

૨૮. ને આ લિખ્યું તમો બેય ગાદીના આચાર્યને રાજી રજાવંદ કરી અમે અમારી અક્કલ ખુશીથી જથાયોગ્ય વેંચી આપી લિખ્યું કર્યું છે, તેમાં તમારા સગા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથી.

૨૯. ને તમારા સગાભાઈ કોઈ તમ પાસે આવે તેને ખરચ નિમિત્ત આપવું, તે ધર્મવાળા સાધુ તથા ધર્મવાળા સત્સંગીને પૂછવું ને તમારે પણ દલમાં ધારવું ને ઘટે તે પ્રમાણે દેવું.

૩૦. ને તમારી ગાદી ઉપર બેસારવો તે તમારો પુત્ર હોય અથવા શ્રીધર્મકુલનો બીજા તમારા ભાઈનો પુત્ર હોય, તે સર્વ પ્રકારે ધર્મમાં કુશળ રહે એવો હોય, ને સર્વ સાધુ તથા સર્વ બ્રહ્મચારી તથા સર્વ સત્સંગીને પોત પોતાના ધર્મમાં રખાવે એવો સમર્થ હોય, તેને ગાદી ઉપર બેસારવો, તે પણ ધર્મવાળા સાધુ તથા સત્સંગી, સત્સંગની વૃદ્ધિને ઈચ્છે એવા ને સર્વ પ્રકારે પ્રમાણિક હોય તેની મરજી લેવી, ને તમારી નજરમાં પણ આવે ને અમારા સંપ્રદાયના ગ્રંથમાં મલતું આવે એવો હોય તેને એક એક જણને ગાદી ઉપર બેસારવો. ને તેથી વધારે પુત્ર હોય ને તે ગાદીવાળા પાસે આવે તારે તેને ખર્ચ નિમિત્ત ઉપર લિખ્યા પ્રમાણે સાધુ તથા સત્સંગીની

મરજી લેઈને દેવું, પણ તે ઉપરાંત કોઈનો કશો દરદાવો નથી, એમ અમારી આજ્ઞા છે.

૩૧. ને તમે બેય ગાદીના આચાર્યને પરસ્પર કોઈ લેણદેણ આદિક વ્યવહારમાં વાંધો પડે, ને તે સારું સામસામા જવાબ સવાલ કરવા પડે, અથવા તે વાંધો પાર પાર પાડવા પંચાત્ય કરવી પડે તો, જે સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા છે તેમને એ કજીયામાં નાખવા નહિ ને એમને પોતાને જાણે પણ એ કજીયામાં પડવું નહિ, કેમ જે એ વ્યવહારમાર્ગને વિષે એ ત્યાગી છે તે અમંગળરૂપ છે. તથા એ ત્યાગીને એવો વ્યવહાર માર્ગ તે અમંગળરૂપ છે. તે સારું એવો વાંધો પાર પાડવામાં, જવાબ સવાલ કરવા તથા પંચાત્ય કરવા શ્રીનરનારાયણની હદના બે ગૃહસ્થ તથા શ્રીલક્ષ્મીનારાયણની હદના બે ગૃહસ્થ બાઈડી છોકરાંવાળા, પ્રમાણિક, ધર્મનિષ્ઠ હોય તેને નાંખવા, તે કજીયો પાર પાડશે.

૩૨. ને કદાચિત બેય આચાર્યના ઘરની બાઈયુંને પરસ્પર કોઈ જાતનો કજીયો હોય તો તેમાં બોલવા તથા કજીયો ઉકેલવા, સાંખ્યજોગી વિધવા બાઈયુંને નાંખવી નહિ. કેમ જે, વિધવા અમંગળરૂપ છે. ને બેય તરફની સુવાસની બાઈયું, પ્રમાણિક ધર્મવાળીયું હોય તેને તે કજીયાની વાતમાં નાંખવી. તે સામસામાં જવાબ સવાલ કરશે ને કજીયો ઉકેલશે, એમ અમારી આજ્ઞા છે.

૩૩.આવી રીતે બેય આચાર્યને લિખ્યાં કરી આપ્યાં છે. ને જે જે રીત્યની આજ્ઞાઓ કરી છે તે પ્રમાણે જ બેય આચાર્યને સદૈવ નિરંતર ચાલવું ને ચલવવું પણ તેમાં કોઈ કાળે કોઈ રીત્યનો ફેર પાડવો નહિ, ફેર પાડે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે ને તે ધર્મવંશનો નથી.

૩૪. ને સર્વે સાધુ તથા સર્વે બ્રહ્મચારી તથા સર્વે પાળા તથા સર્વે સત્સંગીને અમારી આજ્ઞા છે જે, અમોએ આ લિખ્યાં કરી આપ્યાં છે તેમાં કોઈ કાળે ફેર પાડશે પડાવશે નહિ ને પોતાના આચાર્યની આજ્ઞામાં નિરંતર રહેશે ને બેય ગાદીના આચાર્યને પરસ્પર કલેશ થાવા દેશે નહિ. ને કોઈ અવળા સવળું બતાવી પરસ્પર કલેશ કજીયો કરાવશે ને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળ તુલ્ય જાણવો.

૩૫. સં. ૧૮૮૩ના વર્ષે માર્ગશીર્ષ સુદિ ૧૫ને દિવસે શુભસ્થાન શ્રીગઢડા મધ્યે ખાચર દાદા એભલના દરબારમાં લિખ્યું છે. લેખક સાધુ શુકમુનિઃ ॥ ॥શ્રીઃ॥

લિખિતં પાંડે અયોધ્યાપ્રસાદ ઉપર લિખ્યું તે સહી છે. (વડતાલ પ્રત)

લિખિતં પાંડે રઘુવીર ઉપર લિખ્યું તે સહી છે. (અમદાવાદ પ્રત)

અત્ર સાખ્ય :

૧ સાધુ મુક્તાનંદજીની	સાખ્ય
૧ સાધુ નિત્યાનંદજીની	સાખ્ય
૧ સાધુ આનંદાનંદજીની	સાખ્ય
૧ સાધુ ગોપાળાનંદજીની	સાખ્ય
૧ સાધુ બ્રહ્માનંદજીની	સાખ્ય
૧ સાધુ મહાનુભાવાનંદજીની	સાખ્ય
૧ બ્રહ્મચારી મુલજીની	સાખ્ય

એ આદિક સાધુ સમસ્ત તથા બ્રહ્મચારી સમસ્તની સાખ્ય છે.

૧ લેખક શુકમુનિઃ ॥	
૧ ખાચર દાદા એભલની	સાખ્ય
૧ ઠકર લાધા રામજીની	સાખ્ય
૧ ગોપી વિશ્વંભરની	સાખ્ય

૧ ભટ્ટ રઘુનાથ ગોપીના દસક્ત છે

॥ શુભ ॥

❁ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં શ્રીજીમહારાજે આચાર્યશ્રીઓને આપેલો ઉપદેશ :

પછી આચાર્યોને વચન શિખનાં શ્રીહરિ કહે, અમારી ગાદીયે ગુરુપદ ધરી જે જન રહે;
અસંબંધી સ્ત્રીથી વચન ન વદે દૃષ્ટિ ન ધરે, ન એકાંતે ક્યારે દરશન દિયે સ્પર્શ ન કરે.

ધરે એવો વેષ પ્રગટ દરસે પંડિત તણો, ન રાખે તે મેલો રજગુણ ન રાખે પણ ઘણો;
નહી મૂછો મોટી નહિ વળિત વાંકીય ધરવી, શિરે મોટી ચોટી કદિ પણ વધારી ન કરવી.
મહાંતો જે સંતો તવ ચરણમાં મસ્તક ધરે, ન છાજે તે માટે રજગુણ તમારા તન પરે;
ન થાવું સ્વચ્છંદી સહુ મળી કહે તે સમઝવું, કરે લોકો નિંદા તરત તક તે કૃત્ય તજવું.
સવારે ને સાંજે હરિગુણ કથાની તક સહી, તજીને તે ટાણે જહિતહિ તમારે જવું નહીં;
નહી રસ્તે જાતાં નટવિટ તમાસા નિરખવા, નહી જોવા મેળા અવર જન લાગે પરખવા.
ગજેંદ્રે અસ્વારી કરી નગરમધ્યે વિચરતાં, ધરો દૃષ્ટી નીચી નજર ચહુ પાસે ન કરતાં;
સ્વનારીને વશ્ય સ્વમતિ બળ ખોઈ થવું નહી, કહે સંતો રસ્તો બળથી તજી બીજે જવું નહી.

ગૃહસ્થ આચાર્ય ઘણા ફરે છે, શિષ્યો તણા તે ધનને હરે છે; દીસે ભવાયાસમ વેષ કેવા, તમે ન થાશો કદિ છેલ એવા.
સત્સંગિ શ્રીમંત ગરીબ હોય, તે જાણજો બેય સમાન તોય; જણાય જૂદી સનમાન રીતી, તથાપિ તે સાથ સમાન પ્રીતી.
શ્રદ્ધાથિ આપે જન તે જ લેવું, વિશેષ લેવા નહિ દુઃખ દેવું; જે ધર્મ પાળે સતસંગિ મોટો, ન ધર્મ પાળે ધનવંત ખોટો.
કરે તમારી પધરામણી તો, કરો ન આપ્યાતણી પંઠણી તો; તેડાવશે તે જન ઘેર જાવું, શ્રદ્ધાથિ આપે લઈ તુષ્ટ થાવું.
વિદ્યા તણો તો અભિયાસ રાખો, જ્યાં ત્યાં ઘણી ગ્રામ્યકથા ન ભાખો; સદ્ધર્મના ગ્રંથ રચો રચાવો, સત્સંગની પુષ્ટિ સદા કરાવો.
આચાર્ય તો ધર્મ થકી જ શોભે, શોભે નહી દ્રવ્ય વિશેષ લોભે; આચાર્ય જો વૈભવથી મનાય, તો સર્વ શ્રીમંત જનો પુજાય.
માહાત્મ્ય જાણો વળિ સંત કેરું, હું જાણું છું તેહ તણું ઘણેરું, સંતપ્રતાપે સતસંગ થાય, સંતપ્રતાપે શુભ સંપ્રદાય.
સંતો કરે દંડપ્રણામ જ્યારે, ઉભા થવું તર્ત તહાં તમારે; ન કોઈને તો કરવો ટુંકારો, ન કોઈને ગાળ કદી ઉચારો.
જો કોઈમાં ચૂક કદાપિ આવે, તજ્યાનું જો પંચ મળી બતાવે; બોલી મિઠાં વેણ કરો વિદાય, જેથી ઘણો તે નહિ દ્રોહિ થાય.
સન્માન દે શિષ્ય રુચી સમાન, માગો ન લેવા કદિ શ્રેષ્ઠ માન; જે માનવી માન ઘણું ચહાય, જરૂર એનું અપમાન થાય.
નિર્માનિને માન ઘણું મળે છે, માની તણું માન સદા ટળે છે; ગંભીરતા સાગર જેવિ રાખો, અજ્ઞાનિના બોલ સદૈવ સાંખો.
જે માન મોહાદિ અધર્મ અંગ, અમે કર્યું છે બહુ માનભંગ; તે વૈર લેવા કરશે ચડાઈ, જો ચેતશો તો વધશે વડાઈ.
કહે મળી સદ્‌ગુરુ પંચ સંત, કે પંચ સત્સંગિ સુબુદ્ધિમંત; તે વાતને અંતર માની લેવી, ક્રિયા સદાયે કરવી જ એવી.
ભાસે ક્રિયા જે નિજચિત્ત શુદ્ધ, તથાપિ સત્સંગ થકી વિરુદ્ધ; તેવી ક્રિયા તો તજવી જરૂર, કરો નહી આગ્રહ રાખિ ઊર.
જે ધર્મ પાળે જન તે અમારો, પાપીથિ હું દૂર સદા થનારો; સગો અમારે નહિ કોઈ કાળે, સગો ગણું જે શુભ ધર્મ પાળે.
છે ધર્મ પોતે જ પિતા અમારા, તેના જ શત્રુ જન જે થનારા; તે સાથ હું કેમ કરું જ પ્રીત, પ્રીતિ કરે તેહ કુપુત્ર રીત.
હતા સહુએ ગુરુઓ કરેલા, તે સર્વ જાણ્યા કપટે ભરેલા; તેને તજી શિષ્ય થયા અમારા, તે શિષ્ય જાણો સરવે તમારા.
સદા તમે સદ્‌ગુરુની જ રીત, તે માટ રાખો ચિત્તમાં ખચીત; બીજા ગુરૂથી વ્રત શાં વિશેષ, વિચારજો તે મનમાં હમેશ.
રાખો સદા વૃદ્ધ તણો પ્રસંગ, તજો ઘણો સંગ જુવાન અંગ; શાસ્ત્રો સુણો વાંચી વળી વિચારો, તે તો સદા ધર્મ ભલો તમારો.
તમે સહુને ઉપદેશ આપો, શિષ્યો તણા સંશય સર્વ કાપો; આચાર્યના તો ગુણ નિત્ય એ છે, સચ્છાસ્ત્રવાદી કવિયો કહે છે.
જુઠી જ કાયા વળિ જૂઠિ માયા, પદાર્થ જૂઠાં જગમાં જણાયાં; એવો તમારો સુણિ ઉપદેશ, વૈરાગ્ય થાશે જનને વિશેષ.
જો દ્રવ્ય માટે લડશો તમે જ, તો વ્યર્થ થાશે ઉપદેશ એ જ; પછી કહ્યું કેમ કરી મનાશે, તેથી તમારો વિશવાસ જાશે.
અન્યોન્યના દેશ વિષે તમારે, જવું પડે કોઈ સમે જ ત્યારે; ત્યાંના જનો ભોજન દે જ જેવું, તે લેવું ને દ્રવ્ય કદી ન લેવું.
જો ધાતુના લાલજી હોય પાસ, તેને ઘરે ભેટ તહાં જ દાસ; એવે પ્રકારે કરિ કાંઈ બાનું, લેવું નહીં દ્રવ્ય કદી તહાંનું.
જે મંદિરે સ્થાપિત મૂર્તિ હોય, ત્યાં આવિને ભેટ ધરે જ કોય; તે દેવનો માલ સદા ગણાય, તેમાં નહી બાધ કશો જણાય.
બે દેશમાં જે નૃપરાજ હોય, જે દેશમાં હોય નિવાસ તોય; તે જો બિજાને કદિ ભેટ મૂકે, લેનારા દેનાર સ્વધર્મ ચૂકે.
જે ગામ આચારજ દેશમાંય, આચાર્ય આપે કદિ જાય ત્યાંય; ત્યારે તહાં જો નૃપ કાંઈ દેય, તો તે સ્થળે તેહ સુખેથી લેય.
બીજે સ્થળે દે ફળઆદિ મેવા, તે તો તમે લાયક જાણી લેવા; તથાપિ તેવે પણ કાંઈ બાને, ઝાઝું ન લેવું કદિ એહ સ્થાને.
આજ્ઞા ઉલંઘી કદિ કોઈ લેશે, કે પુણ્ય જાણી હરિભક્ત દેશે; તો પુણ્ય સાટે બહુ પાપ થાય, એકે અમારો નહિ તે ગણાય.
ગુરૂનું નાણું કરજે ન લેવું, તથા ગુરૂએ કરજે ન દેવું; સુણો તમે સૌ ગુરુ શિષ્ય ભાઈ, અમારી આજ્ઞા અતિ સૌખ્યદાઈ.
ન વસ્ત્ર કે વાહન માગિ લેવું, જો કોઈ માગે ગુરુએ ન દેવું; આ શાસ્ત્રનું વેણ તમે ઉથાપિ, તે માટ એવું ન કરો કદાપી.

સત્સંગિ કે કોઈ કુસંગિ હોય, તમે ગણો શિષ્ય સમસ્ત તોય; અન્યોન્યના દેશ વિષે રહે તે, લેવું નહી દ્રવ્ય કદાપિ દે તે.
વિદ્યાની શાળા ભલી ભાત થાપો, વિદ્યા તણું દાન વિશેષ આપો; જે કામ માટે પરઠી મજૂરી, તેમાં ન દેશો જરિયે અધૂરી.
ન રાખવી થાપણ કોઈ કેરી, જમાન થાવું નહિ કોઈ ફેરી; અન્નાર્થી આવે જન જે ભિખારી, તો અન્ન દેવું કરુણા જ ધારી.
કોઇ વિષે ક્રૂર કદી ન થાવું, ગરીબના વત્સલ તો ગણાવું; ભિક્ષા જમો આપદ કાળમાંઇ, માથે કદી દેણું કરો ન કાંઇ.
જે ભૂમિમાં છે સરવાર દેશ, તે ભાગ તો ઉત્તરમાં હમેશ; તથાપિ જૂનું વતને તમારું, વિશેષ કાંઇ કહું તેહ સારું.
સગા તથા આશ્રિત હોય તેના, તે શિષ્ય થાશે પ્રિય જેહ જેના; તે કાંઇ આપે સુખથી જ લેવું, તેમાં નથી કિંચિત બાધ જેવું.
તે દેશમાં ખેતર કે ગરાસ, વેચાતું રાખો લઇ કોઈ પાસ; કે કોઈ રાખો કદિયે ઘરાણે, તો કોઈ તેમાં નહિ શંક આણે.
સગા વિનાના ધનમાલ દેય, તે લક્ષ્મિનારાયણના ન લેય; આજ્ઞા અમારી શુભ એહ જાણો, વિચારીને અંતર માંહિ આણો.
આચાર્ય બેને કદિ કાંઇ વાંધો, પડ્યાથી તૂટે વ્યવહાર સાંધો; તો બેયને જેની પ્રતીત આવે, એવા ગૃહસ્થો વચમાં ઠરાવે.
શબ્દો તણા અર્થ અનેક થાય, માટે પડે સંશય તેહમાંય; તો તેહનો નિર્ણય પંચ પાસે, કરાવવો ઉત્તમ એહ ભાસે.
આચાર્યને હોય સુતો ઘણાય, આચાર્ય તો સદ્‌ગુણી તે જ થાય; જો ગાદિને યોગ્ય ન હોય એવો, તો ધર્મવંશીથકિ દત્ત લેવો.
જો આ અમારાં વચનો વિચારી, તે પાળશો તો અતિ સૌખ્યકારી; એકે ઘડી કેમ કુસંપ થાશે, દુરાગ્રહે દુઃખ ઘણું જણાશે.
આચાર્ય બે છો બહુ બુદ્ધિમંત, વળી તમે છો શુભ ધર્મવંત; તથાપિ મેં વંશપરંપરાને, માટે કહ્યું છે બહુ એહ સ્થાને.
આચાર્યપત્ની પણ એ જ રીતે, પાળે સદાચાર વિશેષ પ્રીતે; સંબંધિયોથી નર અન્ય જેહ, તેને તજે અષ્ટપ્રકાર એહ.

(શ્રીહરિલીલામૃત : ૮/૪૭/૮-૫૭)

આચાર્યની સ્થાપના કરી ભગવાન શ્રીહરિએ સભા સજી સુવર્ણ સિંહાસન પર બિરાજમાન થયા અને કહ્યું : "તમે અમારી ગાદીએ ગુરુપદે બિરજો છો. સંબંધ વિનાની સ્ત્રીઓ સાથે દૃષ્ટિ ધરી ન બોલવું. એકાંતે ન રહેવું સુંદર સોમ્ય વેષ ધારણ કરવો. રજોગુણી ન થવું. સંતો-મહંતો તમારા ચરણમાં વંદન કરતા હોય તેથી શરીર પર રજોગુણ ન ઘટે. લોક નિંદિત કૃત્ય ન કરવું. મેળા જોવા ન જવું.

સત્સંગી શ્રીમંત ને ગરીબ હોય તેને સમાન જાણવા. સન્માનની રીત જુદી જાણવી પણ પ્રીતિ સમાન રાખવી. શ્રદ્ધાથી આપે તે સ્વીકારવું. ધર્મપાલન કરે તે સત્સંગી મોટો બાકી ધનવાન હોવા છતાં ખોટો જાણવો. પધરામણી કરાવવા ધનની બોલી ન કરવી. શ્રદ્ધાથી આપે તે લેવું. વિદ્યાભ્યાસ રાખવો. ગ્રામ્યકથાનો ત્યાગ કરવો. આચાર્ય ધર્મથી શોભે છે, દ્રવ્યથી નહિ. સંતનું માહાત્મ્ય જાણવું હું પણ બહુ જાણું છું. સંતપ્રતાપથી સત્સંગ થાય છે. સંતપ્રતાપથી શુભ સંપ્રદાય છે. સંતો દંડવત્ કરે તો તુરત ઊભા થવું. કોઈને તુંકારો ન કરવો. ગાળ ન દેવી. કોઈની ભૂલ થાય તો પાંચ મળી મીઠા વેણ કહેવા. સાગર જેવી ગંભીરતા રાખવી. અજ્ઞાનીના બોલ સહન કરવા. પાંચ સારા સદ્‌ગુરુ સંત ને પાંચ બુદ્ધિમાન સત્સંગીની વાત અંતરમાં ધારવી. ધર્મ પાળે તે અમારા છે. પાપથી હું સદા દૂર રહું છું. ધર્મ અમારા પિતા છે. તેના શત્રુ થાય તે સાથે હું કેમ પ્રીત કરું ? કપટી ગુરુઓ છોડી બહુજનો અમારા શિષ્ય થયા છે તે સર્વે તમારા છે. ઉપદેશથી તેઓના સંશય દૂર કરો. જગની માયા જૂઠી જાણી જનોને વૈરાગ્ય થશે. દ્રવ્ય માટે તમે લડશો તો ઉપદેશ વ્યર્થ જશે. લોકોને તમારા પરથી વિશ્વાસ દૂર થશે.

બંને આચાર્યને એકબીજાના દેશમાં કોઈ કામ માટે જવાનું થાય ને ત્યાંના ભક્તો જે ભોજન કરાવે તે લેવું પણ તેનું દ્રવ્ય ન સ્વીકારવું. ઠાકોરજીને દ્રવ્ય ધરે છતાં તે પણ ન સ્વીકારવું અને મંદિરમાં કોઈ ભેટ ધરે તે દેવનું દ્રવ્ય ગણાશે માટે તે સ્વીકારવું નહિ. ગુરુનું દ્રવ્ય કરજથી ન લેવું. ગુરુએ કરજે આપવું નહિ. વિદ્યાશાળા સ્થાપવી. કોઈની થાપણ ન રાખવી. કોઈના જમાન ન થવું. અન્નાર્થીને અન્ન આપવું. ગરીબોના વત્સલ થવું. આપત્તિમાં ભિક્ષા માગી જમવું. ક્યારેય કરજ ન કરવું. આચાર્ય વચ્ચે કંઈ વાંધો પડે તો તેના સમાધાન માટે સારા ગૃહસ્થીને વચ્ચે રાખવા. જે આચાર્યને બહુ પુત્ર હોય તેમાં સદ્‌ગુણી પુત્ર ગાદીને યોગ્ય છે. ગાદીને યોગ્ય ન હોય તો ધર્મવંશી થકી દત્તક લઈ બીજાને આચાર્ય પદે નિમવો. એક ઘડી કુસંપ થશે તો બહુ દુઃખ આવશે. તમે બંને આચાર્યો બુદ્ધિમાન છો, ધર્મવાન છો, છતાં ધરાપરંપરાને માટે મેં તમને કહ્યું છે. આચાર્ય પત્નીએ પણ એ જ રીતે ધર્મ પાળવો. સગાં-સંબંધી વિનાના મનુષ્યોનો અષ્ટપ્રકારે ત્યાગ કરવો.

● આચાર્ય મહિમા :

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાના સ્થાન ઉપર ધર્મવંશી આચાર્યની સ્થાપના કરીને શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોને આદેશ આપ્યો છે કે : **'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या**

मुमुक्षवः ।।' - અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત દીક્ષાગુરુપરંપરા-આચાર્ય પરંપરા સ્વીકારવામાં આવે છે. અને વડતાલના ૧૮માં વચનામૃતમાં દીક્ષાગુરુપરંપરા બતાવવા તરફ શ્રીજીમહારાજનો અનુરોધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, ધર્મવંશી આચાર્ય દ્વારા કળિયુગમાં મારે અનેકનો ઉદ્ધાર કરવો છે. આ રહ્યા તેઓના મુખકમળમાંથી નીકળેલા અતૂટ શબ્દો :

મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર; એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર.

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦/૪)

આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે; એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લીજિયે રે.

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭/૨૦)

માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે; મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે.

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭/૧૬)

એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે; એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર રે.

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮/૧૭)

પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે; ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે.

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯/૬)

અને કહ્યું છે કે, અમે આજે વિદ્યમાન ધર્મવંશી આચાર્ય દ્વારા પ્રત્યક્ષ રહીને દર્શન દઈએ છીએ.

અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈભાઈ રે; એથી અમે અળગા ન રૈ'યે રે, એમાં રહીને દર્શન દૈયે રે.

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦/૧૪)

અરે ! સ્વયં ભગવાન શ્રીહરિ કહે : 'મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેવો હું પ્રગટ પ્રમાણ રહ્યો છું એવો ને એવો જ હું ધર્મવંશી આચાર્યમાં રહ્યો છું.' - **'सदैतयोरहं भक्ता मदर्चास्विव हि स्थितः । सेवनीयाविमौ तस्माज्जनैर्मत्प्रीतिकाङ्क्षिभिः ।।'** - આ લોકમાં હું હંમેશા મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેમ પ્રત્યક્ષ રહ્યો છું તેમજ આ બંને ધર્મવંશી આચાર્યોમાં રહ્યો છું. માટે મારી પ્રીતિ સંપાદન કરવાની જે જનોને ઈચ્છા હોય તેમણે બંને ધર્મવંશી આચાર્યોની સેવા કરવી. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં ધર્મવંશી આચાર્ય સાથે નિત્યસંબંધ દર્શાવતા કહે છે : **'मानसाख्यस्य सरसो हंसानां वर्तते यथा। नित्यं हि धर्मवंश्यानां सम्बन्धो मेऽन्यदुर्लभः ।।'** - જેમ હંસોને માનસ સરોવરનો નિત્ય સંબંધ છે તેમ ધર્મવંશી આચાર્યોને અન્યને દુર્લભ એવો મારો નિત્ય સંબંધ છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૪)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પરમાત્માની પ્રાપ્તિ માટે આનાથી સરળ અને સુંદર બીજો કોઈ ઉપાય નથી એમ કહ્યું છે. જોઈએ સ્વામીના જ શબ્દો : **'ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર; પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮/૪)

પ્રેમસખી સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી તો કહે છે : 'ધર્મવંશી આચાર્ય વિના બીજે શિર કૂટવા સિવાય કશું મળવાનું નથી.' જોઈએ તેમના જ શબ્દોમાં :- **'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર, નરનારી... શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ, ત્યાં'તો તરત થાશો પાવન, નરનારી...જેને૦'**

અરે ! ધર્મવંશી આચાર્ય તો કળિયુગમાં મુક્તિના દાતા છે : **'ચાલો ચાલો ધર્મવંશીને દ્વાર, સાહેલી માગીએ મોક્ષને; આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળિમાં મુક્તિ દેનાર...સાહેલી૦'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મકુળના આશ્રય ઉપર જ ભાર મૂકે છે. ધર્મવંશી આચાર્યશ્રીના આશ્રય વિના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો તિલક-ચાંદલો કરવાનો કે કંઠી પહેરવાનો અધિકાર નથી. આ રહ્યા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વયંના શબ્દો : **'कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले । धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ।।'** - અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૪૧)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુ સ્વીકારવા બાબતમાં મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રી સત્સંગિજીવન' બતાવે છે કે : **'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ।।'** - ગુરુ બનવાનાં સંપૂર્ણ ગુણોએ યુક્ત - શુભ લક્ષણોથી

સંપન્ન હોવા છતાં જો તે ધર્મવંશી ન હોય તો જન્મમરણના સંસૃતિ સંકટથી મુક્તિની ઈચ્છાવાળા મુમુક્ષુએ તેમને ગુરુ ન કરવા, ગુરુ તરીકે ન સ્વીકારવા. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૬/૨૩)

આ જ વચનામૃતને 'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના શબ્દોમાં જોઈએ :

'तत्राद्यः सम्प्रदायस्तु स्वगुरूणां परंपरा । गुरुस्तत्रादिमो ज्ञेय उद्धवोऽध्वप्रवर्तनात् ।।
बोध्यः स रामानंदो हि कृष्णार्पित गुरुत्व धूः । स्वामिनस्तस्य च ज्ञेयः साक्षात् रामानुजो गुरुः ।।
श्रीरङ्गाख्ये महाक्षेत्रे समाधौ च गुरोस्ततः । प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।।
मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका । धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ।।'

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : ત. ૨૧૮ / વચ. વ૨.૧૮)

શ્રીજીમહારાજ કહે છે કે, ગુરુપરંપરા જાણવી જોઈએ. કેવી રીતે ? તો રામાનંદ સ્વામી ઉદ્ધવના અવતાર હતા ને શ્રીકૃષ્ણ પરમાત્મા થકી સાક્ષાત્ ગુરુપદને પામ્યા હતા. તોપણ શ્રીરંગક્ષેત્રેને વિષે રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા હતા. જ્યારે બીજી બાજુ રામાનંદ સ્વામીના શિષ્ય શ્રીજીમહારાજ પોતે થયા અને તે સ્વયં ભગવાન શ્રીહરિએ ધર્મકુળના અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી મહારાજ બંને આચાર્યમાં પોતાના ગુરુપરંપરાપદની સ્થાપના કરી.

પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'શ્રીહરિવાક્યસુધાસિંધુ - સેતુમાલા ટીકા' ગ્રંથમાં લખે છે તે જોઈએ તેમના જ શબ્દોમાં : **'मया धर्मवंश्ये । धर्मवंशभवे । सूते दत्तविधिना पुत्रत्वेनाङ्गीकृते अयोध्याप्रसादे रघुवीरे च स्विका मदीया गुरुता । आचार्यधुरा निहिता समाहिता ।।'** - શ્રીજીમહારાજ સ્વયં કહે છે : ''મેં પોતે ધર્મવંશમાં જન્મેલા, દત્તવિધિથી પુત્રપણાથી સ્વીકારેલ એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ આ બંને પુત્રોને મારું ગુરુપદ-આચાર્યપદ સમ્યક્ પ્રકારે આપેલું છે, એમ જાણવું.''

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : ત. ૨૧૮ / વચ. વ૨.૧૮)

આ આખી બાબતમાં એક વાત યાદ રાખજો કે, અન્ય સંપ્રદાયોમાં જ્ઞાનગુરુ અને દીક્ષાગુરુ એકજ હોય; પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક વિશિષ્ટતા એ છે કે જ્ઞાનગુરુ સંતો છે અને દીક્ષાગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી છે. જ્ઞાનગુરુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનું પાલન કરતા કરાવતા થકા શુદ્ધ સર્વોપરી ઉપાસનાનું જતન કરે છે અને દીક્ષાગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણના દરેક પ્રકારના મૂળભૂત સિદ્ધાંતોને જાળવે છે. આ રહસ્યને હંમેશાને માટે યાદ રાખજો તો તમે ક્યારેય થાપ નહિ પામો. અન્યથા લોંગ કોટનું એકજ બટન ઊંધું દેવાય તો બીજા બધાજ બટનો ખોટા દેવાય છે, આ વાતને સહુ કોઈ જાણે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પંચવર્તમાનયુક્ત સંતોની બહુ મોટી ગરિમા અને પ્રતિષ્ઠા છે. પંચવર્તમાનયુક્ત સંતો તો ભાગવતધર્મનું પોષણ કરનારા છે. આ રહસ્ય સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃતમાં કહ્યું છે. આથી મોટું ક્યું પ્રમાણ હોઈ શકે ? તો હવે જોઈએ સ્વયં શ્રીજીમહારાજના શબ્દોને...:

પછી શ્રીજીમહારાજ બોલ્યા, ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળિયા પાતાળ સુધી પહોંચાડવા માટે અને એની શાખાઓને આસમાન સુધી અંબાડવા માટે શ્રીજીમહારાજની દિવ્ય અલૌકિક પરંપરાના પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ રાત્રિ-દિવસ એક કરી પુરુષાર્થ કરે છે. અને તેમના દીક્ષિત સંતોએ પણ ગામડે ગામડા ખુંદી ભૂખ-તરસ, માન-અપમાન અને અનેક પ્રકારના કષ્ટોને સહન કરીને પણ, તેમજ હરિભક્તોએ પોતાના ભૌતિક સુખનો ત્યાગ કરીને કળિયુગની ભયાનક હોનારતોમાં પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડલાને લીલો રાખ્યો છે, અને ઉની આંચ પણ આવવા દીધી નથી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે બતાવેલું છે. આ વાતથી એ સાબિત થાય છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ વિશ્વની તમામ પ્રણાલિકાઓના બંધારણ કરતા શ્રેષ્ઠ છે. કારણ કે અન્ય કોઈ પ્રણાલિકાનું બંધારણ સંપૂર્ણ કુદરતી નથી, માનવ સર્જિત પણ છે. અને માનવ સર્જિત બંધારણ ગમે તેટલી બુદ્ધિ કસીને ઘડેલું હોય તોપણ થોડા જ વર્ષોમાં ખોખલું અને પાંગળું પુરવાર થાય છે. આજે વિશ્વમાં ભાગ્યે જ કોઈ દેશ એવો હશે જેનું સંવિધાન ઘડાયું હોય પછી એમાં ફેરફાર નહિ નોંધાયો હોય. બદલતા જતા જમાના સાથે કદમ મિલાવવા માનવ નિર્મિત બંધારણના નિયમોની સાંકળને

મરોડવી જ પડે છે. વિચક્ષણ બુદ્ધિશાળીઓએ ઘડેલા વિલક્ષણ બંધારણોને કાળની સૂક્ષ્મ કાતર કદ પ્રમાણે વેતરી નાખે છે. ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ સર્વકારણના કારણ, સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં બનાવેલું છે એ બંધારણમાં લગારેય ફેરફારને અવકાશ નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ એક કુદરતી દેણ છે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વજ્ઞ હતા. તેમણે જે અપરિવર્તનીય મૂળભૂત સિદ્ધાંતો આપ્યા છે તેમાં પરિવર્તનને લગારેય અવકાશ હોઈ શકે નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલા બંધારણને તોડવું એ નીચમાં નીચ કક્ષાનું પાપ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શુદ્ધ ઉપાસના-ભક્તિનો સર્વોપરી સંપ્રદાય છે. તેના ઘણા કારણોમાંનું બીજું કારણ એ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની જ થઈ શકે છે. અર્થાત્ સ્ત્રીભક્તોના ગુરુ સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અજોડ અને અદ્વિતીય બંધારણ છે. જે અન્ય કોઈ સંપ્રદાયમાં સહજ જોવા મળતું નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણની ત્રીજી વિશિષ્ટતા એ છે કે સ્ત્રીભક્તો માટે અલગ-પોતાની રીતે નિર્વિઘ્ન ભજનભક્તિ કરી શકે તેવા મંદિરો અથવા મંદિરોમાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અદ્વિતીયતા પાછળ સ્ત્રીભક્તોની મર્યાદા અને મોક્ષની દૃષ્ટિએ અતિ ઉચ્ચ અને પરમપાવનકારી યોજના ભગવાન શ્રી સ્વામિનારાયણની છે.

શ્રીજીમહારાજે મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે જે વિવિધ બંધારણો બાંધ્યા હોય તેમાંનું એક મહાન કાર્ય બ્રહ્મચર્યની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું હતું. તત્કાલીન સમયમાં ધર્મના પ્રત્યેક ક્ષેત્રમાં બ્રહ્મચર્ય કથળી ગયું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે ત્યાગીઓ કે સંતોથી સ્ત્રીઓનો સ્પર્શ જ ન થાય, સ્ત્રીઓનું મુખ ન જોવાય, એ સ્થિતિમાં સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કેવી રીતે થાય ? સ્ત્રીઓને દીક્ષામંત્ર કેવી રીતે ત્યાગી વર્ગ આપી શકે ?

આ જટીલ સમસ્યાનું સમાધાન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પિતા ધર્મદેવના કુળમાં જ આચાર્યપદની સ્થાપના કરી છે. સંપ્રદાયમાં સ્ત્રી મુમુક્ષુને દીક્ષા આપવાનો અધિકાર આચાર્યશ્રીની આજ્ઞાથી અને અનુમતિથી એમના ધર્મપત્ની માટે સુરક્ષિત રાખ્યો. કારણ કે સ્ત્રીભક્તોને પુરુષ આચાર્ય દીક્ષા આપે તો અનેક દૂષણો પેદા થવાની સંભાવના જરૂર રહે છે; જ્યારે ઉપરોક્ત રીતથી દૂષણોને અત્રે બિલકુલ અવકાશ મળતો નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના બંધારણ પ્રમાણે આચાર્યશ્રી કેવળ પુરુષભક્તોના ગુરુ બની શકે છે. અને આચાર્યપત્ની જે પ.પૂ. માતુશ્રી (ગાદિવાળાશ્રી) કેવળ સ્ત્રીના ગુરુ બની શકે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના ત્યાગી અને ગૃહસ્થ તમામ આશ્રિતો માટે ગુરુની નિયુક્તિ કરેલી છે. વિશ્વના તમામ સંપ્રદાયો કરતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અનોખી ભાત દર્શાવે છે કારણ કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'ગુરુ' એ એક સ્વયં પરમાત્માની જ દેણ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સર્વોપરી છે. તેના ઘણા કારણોમાંનું એક કારણ એ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની જ થઈ શકે છે. અર્થાત્ સ્ત્રીભક્તોના ગુરુ સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અજોડ અને અદ્વિતીય બંધારણ છે. અન્ય કોઈ સંપ્રદાયમાં જોવા મળતું નથી.

●●●

વડતાલમાં રહીને ભગવાન શ્રીહરિએ સયાજીરાવ સરકારને પત્ર લખ્યો સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

ભગવાન શ્રીહરિ જેતલપુરથી નીકળી રામનવમી કરવા માટે મહેમદાવાદ, દેવાણ તથા ડભાણના હરિભક્તોને દર્શન દઈને વડતાલ પધાર્યા. શ્રીહરિ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરવા આવ્યા હતા. તેથી દેશદેશનાં હરિભક્ત બાઈભાઈઓ પણ ત્યાં આવ્યાં હતાં. જેટલા સંતો હતા તે પણ વડતાલમાં આવ્યા. શ્રીહરિ વડતાલમાં જ્યાં બેસતા ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થતી હતી.

સવારના પહોરમાં શ્રીહરિ સંતો તથા હરિભક્તોની પાસે રોજ રોજ ગોમતી તળાવને ગળાવતા હતા. શ્રીહરિ પોતે પણ પોતાના એક મોટા રૂમાલમાં ગોમતીનો ગાળ લઈને કાઢતા હતા. તેમજ હરિભક્તોને દર્શન દેતા હતા. જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી સંતો તથા હરિભક્ત પુરુષોથી દૂર રહીને ગોમતીનો ગાળ રોજ તળાવમાંથી કાઢતી હતી. સહુ ગાળ કાઢતાં કાઢતાં ઉત્સાહથી કીર્તન ગાતાં હતાં. માનો, કોઈ મહામંગળમય પ્રસંગ હોય તેવું વર્તાતું હતું. સંતો તથા હરિભક્તોમાં પરસ્પર અપાર હેત હતું. શ્રીહરિ જે રીતે સહુને ઉત્સાહ રહે, તે રીતની વાતો કરતા હતા. જ્યારે જેવો સમય હોય તેવી શ્રીહરિ વાતો કરતા. જ્યારે શ્રીહરિ સભા કરીને બેઠા હોય ત્યારે હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવતા. બધા હાથમાં ફૂલના હાર લઈને આવતા, તેમનો જે ઉત્સાહ હતો તે તેમની આંખોમાં દેખાઈ આવતો હતો. સંતો જે કીર્તન ગાતા હતા, તે પણ અતિશય ઉત્સાહથી ગાતા હતા.

એક દિવસ શ્રીહરિ વાંકા લીમડાની છાયા નીચે પાટ ઉપર બિરાજમાન થયા હતા. બધા સંતો તથા હરિભક્તોની સુંદર સુશોભિત સભા બેઠી હતી. દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે વડોદરાથી આધારાનંદ સ્વામી ત્યાં આવ્યા અને દંડવત્પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિ ઊભા થઈને તેને ભેટ્યા. શ્રીહરિએ ખૂબ રાજી થઈને પોતે પહેરેલા ગુલાબના હાર, બાજુબંધ, પહોંચી વગેરે આધારાનંદ સ્વામીને આપ્યા. 'મૂર્તિઓ તૈયાર થવામાં હવે કેટલીવાર છે ?' એમ શ્રીહરિએ જ્યારે પૂછ્યું, ત્યારે આધારાનંદ સ્વામીએ બધી વાત કહી. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા.


પછી શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, ''વડોદરાના હરિભક્ત જે નાથભક્ત છે તે અમદાવાદ અમારી પાસે આવ્યા હતા. તેમણે સંતોને જમાડવાને માટે પ્રેમથી ઘેબરની રસોઈ કરાવી હતી. તે વખતે અમે જ્યારે સંતોને પીરસતા હતા ત્યારે નાથભક્તને કહીને, તમારે માટે સંભારીને ઘેબરનો પ્રસાદ, નિષ્કુળાનંદ સ્વામી તથા કપિલેશ્વારાનંદ સ્વામી તે બંનેને આપ્યો હતો. તેમાં ઘેબરનો એક ભાગ નાથભક્ત તરફથી અને બીજો ભાગ અમારા તરફથી તમારા માટે આપ્યો હતો. હવે તમને જ્યારે યાદ આવે ત્યારે તે ઘેબરનો પ્રસાદ લઈ લેજો.'' આવું કહીને શ્રીહરિ મુકુંદાનંદ વર્ણીની સાથે થાળ જમવા ચાલતા થયા. તે વખતે ચરણમાં ચાખડીઓ પહેરી હતી અને તેનો 'ચટ ચટ' આવો અવાજ થતો હતો. પછી શ્રીહરિ જે હરિભક્તોની રસોઈ હતી, તેણે કરાવેલો થાળ જઈને જમ્યા.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જે હરિભક્તની રસોઈ હતી તેને રાજી કરવા માટે સંતોની પંગત થઈ, તેમાં પોતે પીરસવા આવ્યા. શ્રીહરિ જે દિવસથી વડતાલ આવ્યા હતા, તે દિવસથી હરિભક્તો રસોઈ આપતા હતા. જ્યારે હરિભક્તો સંતોને રસોઈ આપતા ત્યારે તે હરિભક્તને અધિક ઉત્સાહ વધે, અને તેને કાયમને માટે સાંભરતું રહે, તેટલા માટે શ્રીહરિ રોજ સંતોને પીરસતા હતા. જ્યારે શ્રીહરિ પીરસવા આવતા ત્યારે સંતોને ઉત્સાહ વધતો, અને હરિભક્તોને પણ દર્શન કરીને ઉત્સાહ વધતો હતો. આમ ઉત્સાહ વગરની તો કોઈ વાત હતી જ નહીં.

જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે શ્રીહરિ પોતાને ભવને આવ્યા અને પલંગ ઉપર પોઢી ગયા. તે ભવનની આગળનો જેટલો ચોક હતો તે પાકો બાંધેલો હતો. તેથી તેને પાણીથી ભરાવી દીધો. વીરણવાળાના બે પંખા પાણીથી ભીંજવીને બે પાર્ષદ અતિશય પ્રેમથી શ્રીહરિ ઉપર શીતળ પવન ઢોળવા લાગ્યા. તેમાંથી પુષ્કળ સુગંધ છૂટતો હતો. શ્રીહરિ ત્યાં બે ઘડી સુધી પોઢી રહ્યા અને પ છી જાગ્યા. માટીના નવા ચંબુ-કુંજામાં સુગંધી પાણી ભર્યું હતું. તે પાણી બરફ જેવું ઠંડું થયું હતું. ચંબુ એવો ઘણો કિંમતી હતો. નવું ચોરસ કપડું પલાળીને એ ચંબુની ચારેબાજુ લપેટી દીધું હતું. જે ચંબુમાંથી પાણી ઝરતું હતું, તે ચંબુમાંથી ઠંડું પાણી શ્રીહરિએ પીધું.

• ભગવાન શ્રીહરિએ આધારાનંદ સ્વામીને સયાજીરાવ સરકારના વિચારો પૂછ્યા :

શ્રીહરિએ જ્યારે જળપાન કર્યું, તે પછી આધારાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું કે, ''તમે પત્રની કાંઈ વાત જાણો છો ખરા !? સયાજીરાવ મહારાજ ગાયકવાડે અમારા ઉપર પત્ર લખ્યો છે. તે પત્રમાં ખૂબ વિનય લખી જણાવ્યો છે અને તેણે



અમને દર્શન આપવા પધારવા માટે કહ્યું છે. તેમણે લખ્યું છે કે, 'મને મનુષ્યશરીરમાં સુખ દેખાતું નથી અને રાજ્યમાં તો ઘણું દુઃખ દેખાય છે. આવાં દુઃખના સમયમાં આપનાં દર્શન થાય તો અમને અપાર લાભ થશે. આજ સુધી તો અમે શરીરમાં બહુ વ્યાધિ વધે એવું જ કરતા રહ્યા છીએ. તેને માટે જેટલા ઉપાય કરીએ છીએ તેમાં સુખ માનીએ છીએ. માણસ નહિ કરવાના કામમાં સુખ માનીને તે કરતો રહે છે. જેટલા અસત્પુરુષો છે તે બધા દુઃખમાં જ સુખ માને છે. સત્પુરુષના યોગ વિના ક્યારેય શુભ મતિ થતી નથી. આ મનુષ્યશરીર સુંદર છે, પણ જીવ તેને અસત્પુરુષના સંગથી ખુએ છે. જેટલા અસત્પુરુષ છે તે અશુભ બાબતમાં અને આ શરીરમાં જ અતિશય સુખ મનાવે છે.

અત્યાર સુધી અમે અસત્પુરુષોને જ સત્પુરુષ માનતા રહ્યા છીએ. તે લોકો આ શરીર તથા જગતને સત્ય કહે છે. જેને ધનનો લોભ હોય તે ચાહે તેવા હોય તોપણ તેના માટે સાચી વાત બોલવી બહુ કઠણ છે. માટે હવે સાચી વાતને સાંભળવા માટે અમે આપનાં દર્શન ઇચ્છીએ છીએ. મિથ્યા વાતોને સાંભળતા તો અપાર કલ્પ વીતી ગયા છે. અસત્ય વાતમાંથી જે સુખ મળે છે તે તો અસત્ય જ હોય છે અને તેમાં ઘણું દુઃખ રહ્યું છે. તેવાં દુઃખમાં જ સુખ માનીએ, એવા અમે બુદ્ધિમાન છીએ. અમારી બુદ્ધિ તો એવી છે કે તેનાથી સંસારનું ભટકણ ચાલુ રહે. જે કરવાથી અપાર વ્યાધિ વધે, તેમાં અમે સારું માનીએ છીએ.

જ્યારે આપનાં દર્શન થશે ત્યારે અમારી બુદ્ધિ શુભ થશે. અમારા વડોદરા શહેરમાં જેટલા લોકો છે તે સહુને પણ આપનાં દર્શન થશે. અમારા જે હાથી તથા ઘોડા વગેરે છે, તે બધા આપની સેવામાં કામ લાગશે, તો તેના પણ અવર્ણનીય મહાન ભાગ્ય ગણાશે. પુષ્પ, ફળ આદિક જે કાંઈ પણ વસ્તુ આપની સેવામાં ઉપયોગી થાય, તેનાં સદ્‌ભાગ્ય કહી શકાતા નથી. જ્યાં જ્યાં આપ વારંવાર ચરણ મૂકશો, તે ભવન, બજાર અને વન વગેરેનાં ભાગ્યનો પાર આવશે નહીં. આ જીવના અનંત જન્મનાં જેટલાં કાંઈ દુઃખો કહેવાય છે તે બધાં આપનાં દર્શન કરવાથી જ દૂર થઈ જાય છે.

શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "સરકારને આટલો બધો ભાવ શાથી થયો છે ? તે વાતને તમે જાણતા હો તો હવે અમને કહો." જોકે સરકારને જે ભાવ થયો તેનું કારણ આધારાનંદ સ્વામી જાણતા હતા, પણ રાજદરબારની વાત જેટલી ગુપ્ત રહે તેટલો તેમાં રસ રહે છે. જો વાત ખોલી નાખવામાં આવે તો તે નીરસ થઈ જાય છે. આ વાત આવી છે એમ જાણીને તથા તે વાતમાં રસ ઘણો વધતો રહે એટલા માટે મેં વાત ગુપ્ત રાખી હતી, પણ અંતર્યામીથી વાત ગુપ્ત ક્યાંથી હોય ? ગમે તેવી ગુપ્ત વાત હોય તોપણ તે અંતર્યામીથી ક્યારેય ગુપ્ત રહેતી નથી. છતાં પણ અપાર રસ રાખવા માટે એવું સમજીને વાત ગુપ્ત રાખી હતી.

પછી શ્રીહરિએ મને એમ કહ્યું કે, "પૂરી વાત જાણ્યા સિવાય અમે મોટા રાજદરબારમાં પ્રવેશ કરતા નથી. અમને આજ પહેલા એક તો અમદાવાદના સૂબાએ તથા બીજા પાદરાના કાનોજીએ; એમ બે વખત રાજાએ રાજદરબારમાં બોલાવ્યા હતા. અમે તેમનો વિશ્વાસ રાખીને ત્યાં ગયા હતા. પણ તે વખતે તેનો જેવો ભાવ હતો તે દેખાઈ આવ્યો હતો. સન્માન કરવામાં જેનો જેવો ભાવ હોય તે ક્યારેય છૂપો રહેતો નથી. કેમ જે, જેનો જેવો ભાવ હોય તેને તેની આંખો જ કહી દે છે. જ્યારે આ રામનવમીનો સમૈયો પૂરો થાય ત્યારે અમે સદ્‌ગુરુઓને વડોદરા મોકલશું. તેમાં સરકારનો જેવો ભાવ હશે તે બધો જાણવામાં આવી જશે. જેને સાચો ભાવ થાય છે, તેને તે ભાવ દિવસે દિવસે વધતો રહે છે. જેને કોઈ પણ વાતના સ્વાર્થને લીધે જ ભાવ થયો હોય, તેનો સ્વાર્થ જ્યારે સિદ્ધ ન થાય ત્યારે પહેલાં જેવો ભાવ હોય તેવો પછી રહેતો નથી. ભગવાનના ધામ સંબંધી સુખને મેળવી આપનારો જે ભાવ છે તેનો જો સ્વાર્થ હોય તો તે ભાવ દિવસે દિવસે વધતો રહે છે. પરંતુ આ નાશવંત લોકનું કે ક્ષણિક શરીરનું સુખ મેળવવા માટેનો જ

જો સ્વાર્થ હોય તો તે ભાવ કાયમ ટકતો નથી.

જેવા પ્રકારના સ્વાર્થ હોય તેના ઉપરથી ભાવ નિર્મૂળ છે કે સમૂળ તે જણાય છે. માટે વડોદરા નરેશનો જેવો ભાવ હશે તે સદ્‌ગુરુ સિવાય કોઈ જાણી શકશે નહીં. પછી આધારાનંદ સ્વામીને શ્રીહરિની જેવી મરજી જણાણી, તે પ્રમાણે તેમણે શ્રીહરિથી ખાનગી નારુપંત નાના ઉપર પત્ર લખ્યો. તેમાં શ્રીહરિની જેવી મરજી હતી તેવું પત્રમાં લખીને પત્ર મોકલી દીધો. તે પત્ર વાંચીને નારુપંત નાના ખુશ થયા અને પછી તે પત્ર તેમણે સરકારની પાસે લઈ જઈને વાંચી સંભળાવ્યો.

• સયાજીરાવ સરકારનો પત્ર વાંચીને શ્રીહરિએ ત્રણ સદ્‌ગુરુને વડોદરા મોકલ્યા :

નારુપંત નાના ઉપર જે પત્ર લખ્યો હતો તે પત્ર તેમણે સયાજીરાવ સરકારને વાંચી સંભળાવ્યો. તેથી તેઓ ઘણું ખુશ થયા. પછી શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે સરકારે પ્રેમથી કર્યું. સરકારે શ્રીહરિના ઉપર પત્ર લખ્યો અને તેમાં લખ્યું કે, 'અમારા ઉપર કાંઈ દીવાનનું ચલણ નથી. ગમે તેવો દીવાન કે બીજો કોઈ સમર્થ હોય, તોપણ મારી મરજી લોપીને ક્યારેય કોઈ ઉપાધિ કરી શકે તેમ નથી. માટે મહારાજ, હું આપને વિનંતી કરીને કહું છું કે, હરકોઈ રીતે મને એક વાર આપનાં દર્શન થાય એવી મારા ઉપર કૃપા કરો.' સયાજીરાવ સરકારે આવો પત્ર લખીને નારુપંત નાનાને આપ્યો અને એક ઘણો કિંમતી ચંદેરી (બેટવા નદીને કાંઠે આવેલા ચંદેરી ગામની બનાવટનું ઝીણું સુતરાઉ કાપડ. પહેલાં આ કાપડ બિહારના અમરાવતી ગામમાં ઊગેલા રૂની એક ઊંચી જાતમાંથી વણવામાં આવતું. તેના બારીક તાર રૂપાની ભારોભાર વેચાતા. તેથી તે કાપડ ઘણું કિંમતી ગણાતું. આ કાપડના વણકર ઊંડાં ભોંયરાંમાં કામ કરતા. ધૂળ ન ઊડે એટલા માટે તેની દીવાલો ભીની રાખવામાં આવતી.) જાતનો દુપટ્ટો શ્રીહરિ માટે ભેટ આપ્યો. તે સિવાય કેટલીયે જાતના મેવા શ્રીહરિને માટે આપ્યા અને જાત જાતનાં સારાં અત્તર અને સુગંધવાળાં ઘણાં ઊંચાં કહેવાતાં તેલ પણ આપ્યાં.

શ્રીહરિને રાજી કરવાને માટે તેમણે ભાવ સહિત ઘણો આદર દેખાડ્યો. ભાવમાં કસર ન દેખાય એવી સેવા તે કરવા લાગ્યા. આ મનુષ્યદેહનો જે રીતે લાભ લઈ શકાય તે રીતે સરકારે લાભ લેવામાં કાંઈ કસર રાખી નહિ, અને અનેક રીતે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. વળી, નારુપંત નાનાને માટે તંબુ અને ઘોડેસવાર સૈનિકની વ્યવસ્થા કરી દીધી. સરકારના મનમાં જેવો ભાવ હતો તે પ્રમાણે ઘણા મૌખિક વચનો પણ કહ્યાં. પછી તે નારુપંત નાના રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવ્યા. તેમના મનમાં ઘણો ઉત્સાહ હતો. તેઓ વડતાલમાં મંદિરની જગ્યાની પાસે, નૈઋત્ય દિશામાં જે બુરજ હતો તેનાથી પચ્ચીસ ડગલાં દૂર, વચ્ચે રસ્તો રાખીને જ્યાં કેટલીક આંબલીનાં ઝાડ હતાં ત્યાં તેમણે તંબુ ખડો કરાવ્યો. અને ત્યાં રહેલા કૂવા સુધી સૈનિકોનો પડાવ થયો. તેની સાથે ઘણા અશ્વ હતા.

મંદિરના મંડપની ઉત્તર દિશાએ અડીને એક મંચ કર્યો હતો. જ્યારે દિવસ પાછલી ચાર ઘડી બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા અને તે મંચ ઉપર બેઠા. શ્રીહરિ અતિશય પ્રસન્ન હતા. સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. શ્રીહરિની આગળ બધા સંતો તથા હરિભક્તોની ઘણી મોટી સભા થઈ. જેટલાં વાજિંત્ર હતાં તે ચારેબાજુ વાગી રહ્યાં હતાં. અને જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા ફૂલના હાર લાવ્યા હતા. સહુના દિલમાં અપાર પ્રેમ ભર્યો હતો. તે ફૂલના હાર શ્રીહરિને અર્પણ કરતા હતા. તે હરિભક્તો એટલા આવ્યા હતા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. તે વખતની સભાની અપાર શોભા થઈ હતી. તે વખતે સંતો ખૂબ જ પ્રેમ તથા ઉત્સાહભર્યા ગરબીનાં પદ ગાતા હતા. માનો, સર્વત્ર આનંદનો સાગર ઊભરાઈ રહ્યો હતો.

બરાબર તે જ સમયે નારુપંત નાના શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. આવીને તેઓ શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. તેમના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. તેઓ સરકારનો જે પત્ર લાવ્યા હતા તે શ્રીહરિના હાથમાં આપ્યો. જે રીતે સરકારે નમસ્કાર કહ્યા હતા તે પણ હાથ જોડીને કહ્યા. વળી, ઊંચામાં ઊંચું ઘણું કિંમતી જે ચંદેરી શેલું હતું તે શ્રીહરિને ઓઢાડ્યું અને કહ્યું કે, 'આ શેલું સરકારે આપને માટે આપ્યું છે.' તેમજ સરકારે જેટલી જાતના મેવાઓ મોકલ્યા હતા તે પણ અર્પણ કર્યા. આ રીતે સરકારે જે જે વસ્તુ મોકલી હતી તે બધી શ્રીહરિની આગળ સમર્પણ કરી. પછી જ્યારે શ્રીહરિએ સરકારનો પત્ર વાંચ્યો ત્યારે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના પ્રત્યે ઘણા ભાવ સહિત કહ્યું, "સરકારને જે ઘણો દૃઢ ભાવ થયો છે તેનું કારણ તો અનંત પ્રકારના વ્યાધિ છે. કેમ જે, જે અંતરમાં વ્યાધિ-પીડા હોય છે તે ઔષધ કરવાથી ક્યારેય મટતા નથી. શરીરના વ્યાધિ માટે તો ઔષધ ઉપાય બની શકે છે, પરંતુ અંતરના વ્યાધિનું ઔષધ તો સમજણ જ છે. તે અંતરના વ્યાધિના ખરા વૈદ્ય તો અમે જ છીએ અને અમારા જેટલા સંત છે તે પણ અંતરના વ્યાધિના ઉપાયને જાણે છે."

ત્યારે નારુપંત નાના બોલ્યા કે, "સરકારને આપનાં દર્શનનો ઘણો ભાવ છે, તે દેખાઈ આવે છે. સરકારને આપનાં દર્શન કરવાનો જે ભાવ છે તેનું અમને એક ચોક્કસ કારણ દેખાઈ આવે છે. સરકાર એવું માને છે કે, 'સ્વામિનારાયણની જેટલી વાતો છે તે બધી

નિર્દોષ દેખાય છે. ભગવાનના અવતાર ઘણા થયા છે અને તે જે વાતો કરતા હતા તે બધી નિર્દોષ કહેવાય છે, પણ તેના કરતાંએ સ્વામિનારાયણની વાત ઘણી વધારે નિર્દોષ છે અને તે નિર્દોષતાને તેમનું વર્તન પોકારીને કહે છે. જે જે ભગવાનના અવતારો થયા છે તેમનું વર્તન જ પોકારીને કહે છે. ભગવાનના અવતારો અનેક થાય છે. તે વર્તનમાં અધિક-ન્યૂન કહેવાય છે, પણ ભગવાન તો એકના એક છે. ભગવાન તો પોતે પોતાના ધામમાં રહે છે. તે ધામનો ક્યારેય ત્યાગ કરતા નથી. પરંતુ પોતાના ભક્તનું નિશ્ચિત હિત કરવાને માટે ધામમાં રહ્યા થકાં ભૂમિ ઉપર પ્રગટ થઈને ભક્તજનને દર્શન આપે છે. આ રીતે પરમ સુખદાયી શ્રીહરિ પોતાના ભક્તો જ્યાં હોય ત્યાં જઈને અથવા પ્રગટ થઈને દર્શન આપે છે. માટે અમને પણ શ્રીહરિ જરૂર દર્શન આપશે. તેમાં કાંઈ ખોટું નથી.

આવું સયાજીરાવ સરકાર માને છે. મહારાજ ! સરકારે આપને કહ્યું છે કે, 'જ્યારે સમૈયો પૂરો થાય ત્યારે મને દર્શન આપવા માટે આપ સદ્‌ગુરુઓને વડોદરા મોકલજો.' સરકાર સદ્‌ગુરુના મુખની વાત દસ-પંદર દિવસ સુધી જ્યારે સાંભળશે ત્યારે સરકારનો જેવો ભાવ છે તે જણાશે. સમાગમમાં રહ્યા સિવાય જેનો જેવો ભાવ હોય તે ક્યારેય જાણ્યામાં આવતો નથી.'' એમ નારુપંત નાનાએ શ્રીહરિને કહ્યું. શ્રીહરિએ રામનવમીનો સમૈયો અતિશય અદ્‌ભુત અને આશ્ચર્યમય કર્યો. સમૈયો પૂરો થઈ ગયો, પણ શ્રીહરિ તો વડતાલમાં જ રહ્યા અને ત્યાં બ્રહ્મચારીને રહેવા માટેની જગ્યા કરાવી. તે પછી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સોમલા ખાચર, દાદા ખાચર અને સુરા ખાચર, એટલા જણને શ્રીહરિએ વડોદરા મોકલ્યા.

● ત્રણ સદ્‌ગુરુ વડોદરા પહોંચ્યા અને સરકારનો ભાવ કહ્યો :

શ્રીહરિએ જે સંતોને વડોદરા મોકલ્યા તેઓ સાંકરદા જઈને રાત રહ્યા. પછી બીજે દિવસ વડોદરા જ્યારે આવ્યા ત્યારે શહેરના જે હરિભક્તો હતા તે બધા સંતોની સન્મુખ વિશ્વામિત્રી નદીના પુલ સુધી ગયા. જે હરિભક્તો આવ્યા તે બધા સંતોનાં ચરણમાં પ ડ્યા અને મનમાં ખૂબ રાજી થયા. જે ફૂલના હાર લાવ્યા હતા તે સહુ સંતોને પહેરાવ્યા. રામચંદ્ર વૈદ્ય મુક્તાનંદ સ્વામી માટે એક સુંદર મ્યાનો લાવ્યા હતા. તેમાં સ્વામીને બેસાડ્યા. તેમજ નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને મ્યાના જેવી એક ગાડી હતી તેમાં બેસાડ્યા. અને હરિભક્તની બીજી ગાડીઓ હતી તેમાં બેસાડવા યોગ્ય બીજા જે સંતો હતા તેમને બેસાડ્યા. દાદાખાચર આદિ જે હરિભક્ત મોટા કાઠી દરબારો ત્રણ ચાર સાથે હતા, તે બધા તો પોતાના અશ્વ ઉપર બેઠા હતા. સહુ શહેરમાં આવ્યા ત્યારે જે હરિભક્ત હતા તે બધા સંતોની આગળ કીર્તન ગાતા આવતા હતા.

શહેરની વચ્ચે જે માંડવી વિસ્તાર કહેવાય છે ત્યાં થઈને સહુ મંદિરમાં આવ્યા. અને નારુપંત નાનાએ સરકારને સમાચાર કહેવડાવ્યા. તેમાં કહ્યું કે, ''સ્વામિનારાયણ ભગવાનના જે મોટા સંતો છે તે આપને દર્શન આપવા માટે આવ્યા છે. તે સહુ આપને 'જય સ્વામિનારાયણ' કહે છે. ભગવાન સ્વામિનારાયણે આપનો પત્ર વાંચ્યો તેથી તેઓ ખૂબ રાજી થયા છે. આપના ભાવને દેખીને જ મોટેરા સંતો અહીં આવ્યા છે. આપને પ્રગટ પરમેશ્વરમાં જે ભાવ છે તે જેમને નથી ગમતો એવા મોટા દીવાન કે ઉમરાવ, તે ભાવને ટાળી દેશે. વળી, જેટલા પંડિત, પુરાણી અને મતપંથ છે તે બધા પોતાનું પેટ ભરવા માટે આપના ભાવને તોડાવી નાંખશે. કેમ જે, તે બધા સત્સંગથી ડરે છે. કારણ કે, કુસંગને સત્સંગ ઉપર ખાર હોય છે.

જેટલા કુસંગીઓ છે તે બધા સત્સંગ ઉપર જે લોકોને ભાવ હોય તે તોડવા શક્ય તેટલા પ્રયત્ન કરે છે, પણ તેનું જ્યારે કાંઈ ચાલે નહિ ત્યારે તે બેસી રહે છે. જોકે આપ આ બધી વાતને જેટલી જાણો છો તેટલી તો અમે પણ જાણતા નથી. જે માણસ જેવો હોય તેને આપ તેની બોલી ઉપરથી જ ઓળખી લ્યો છો. જેના દિલમાં જેવો ભાવ હોય છે તેને તો તમે તેની આંખમાંથી જ ઓળખી જાઓ છો. જેનાથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો ન હોય, તેની સાથે કોઈ લોકો ક્યારેય પ્રેમ રાખતા નથી. આ દુનિયામાં લોકો જેટલું હેત રાખે છે, તેમાં ગમે તેટલી ચોકસાઈ કરતા રહે, અને તે ચોકસાઈમાં કોઈ જાતની કસર ન રહેવા દે, તોપણ જતે કાળે તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી; એવો જ આ બધો લોક-સમાજ છે. જીવ આ મનુષ્યદેહ પામીને અવિનાશી સુખ મેળવવા માટે જો પ્રયત્ન કરતો રહે, તો આ મનુષ્યદેહથી તે અવિનાશી ફળ પામી શકે છે. આ સત્સંગની જેટલી વાત છે તે બધી અવિનાશી સુખ અપાવનારી છે.

સત્સંગ વગરની જેટલી બાબતો છે તે બધી સંસારમાં ભટકાવનારી છે. આ રીતે જે સમજે છે તેણે શાસ્ત્રમાં કહેલાં સાધનમાત્ર કરી લીધાં છે. આ કહી તે સમજણ જે કોઈ દૃઢ કરી લે તો તેણે ભૂમિ ઉપરના સર્વે ગ્રંથ ભણી લીધા છે. ગ્રંથમાં કહેલાં જેટલાં સાધન છે તે બધાંને તત્પર થઈને કરતો રહે, તેમજ ભૂમિ ઉપરના બધા ગ્રંથોનો અખંડ પાઠ કરતો રહે, તોપણ સત્સંગ સિવાયની બીજી વાતને જ્યાં સુધી સારરૂપ માને છે ત્યાં સુધી તે બધાં સાધનો નિષ્ફળ જાય છે. આ ચોક્કસ કરેલી વાત છે. સત્સંગની વાત આવી ઘણી ઊંચી છે અને સત્સંગ સિવાયની જેટલી વાતો છે તે સારહીન છે.''

તે સાંભળીને સરકાર બોલ્યા કે, ''સત્સંગની જેવી વાત છે તે સંતસમાગમ કર્યા વિના સમજવી ઘણી કઠણ છે. હવે હું આ સંતો

આવ્યા છે તેમનો સમાગમ કરીશ. તે સંતોના મુખથી સત્સંગની વાત જેમ હોય તેમ સાંભળીશ. સદ્‌ગુરુઓની વાત સાંભળવાથી ચોક્કસ મને તે સમજાશે અને સત્સંગ સિવાયનું બધું ખોટું થઈ જશે. જેટલી સાર-અસાર બાબતો છે, તે સત્સંગની વાતે કરીને જેને સમજવું જ હોય તેના દેખ્યામાં આવે છે; પરંતુ જે સમજવા ચાહતા જ ન હોય તેને દેખ્યામાં આવતી નથી. સત્સંગના જે આ સંતો આવ્યા છે તેમની સેવા જે રીતે કરવાની હોય તે રીત તમે જેવી જાણતા હો તેમ કહેજો. અમે તેમની સેવા ભાવથી કરશું. સંતોની જેવી રીત હોય તે કહ્યા વિના અમને ખબર પડે નહીં. સેવાની રીત જાણ્યા સિવાય ક્યારેય સેવા થઈ શકે નહીં. આ સંતોની સેવામાં જે કાંઈ ખામી રહેશે, તે બધો દોષ તમારો ગણાશે. સંતોની સેવાની જે રીતને તમે ન જાણતા હોવ તે બીજા જાણકારની પાસે વારંવાર જઈને તમે પૂછી લેજો.

જેટલા દિવસ સંતો અહીં વડોદરામાં રહે તેટલા દિવસ દૂધપાક બનાવે. રસોઈ સરકાર તરફથી આપવી. તમને વારેવારે કાંઈ કહેવું ન પડે. જ્યારે તમારી ઇચ્છા થાય ત્યારે મોતીચૂર, જલેબી, સાકરનો શીરો, માલપૂડા, બીરંજ, બાસુંદી વગેરેની રસોઈ પણ ક્યારેક ક્યારેક કરાવજો. વળી, તમારી ઇચ્છા થાય ત્યારે બરફી તથા પેંડાની રસોઈ પણ કરાવજો. સંતો આપણી રસોઈ જમે, તેમાં હું સંતોની મોટી કૃપા માનું છું. જ્યારે સંતો કહ્યા પ્રમાણે રાજીપે જમશે ત્યારે અમારે રહેલાં બધાં જ સંકટોનો નાશ થશે, તેમાં કોઈ ફેર નથી. હું રોજ રોજ સંતોને રાજભવનમાં પધરાવીને કેસરયુક્ત ચંદન તથા ફૂલહાર વગેરે અર્પણ કરીને તન-મનથી પૂજા કરીશ. અને તમે જે કહો તે રીતે રોજ સવારમાં ઘણા પ્રેમથી વાહન મોકલીશ. કારણ કે, આવા સંત બીજા કોઈ નથી. આવા સંતોની સેવામાં જે કાંઈ આવે છે તેના સમાન બીજું કાંઈ શ્રેષ્ઠ ગણાતું નથી. અને જે સેવામાં ઉપયોગી ન થાય તે બધું નિરર્થક છે.''

સદ્‌ગુરુઓ તથા સરકારનો પ્રથમ મેળાપ :

આગળ કહ્યા મુજબ સયાજીરાવ સરકારે નારુપંત નાનાની આગળ જે વાત કહી હતી, તે બધી તેમણે મુક્તાનંદ સ્વામી પાસે આવીને કહી. પછી નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નાથભક્ત અને સદાશિવભાઈ, એ બધા ભેળા મળીને વિચાર કરવા લાગ્યા કે, આપણે સરકારની મરજી સાચવવા માટે અહીં આવ્યા છીએ. વળી, સરકાર લોક અને મોટા શ્રીમંતો, એ બધાને જે રીતે સત્સંગ ઉપર ભાવ થાય, અને તેમને સત્સંગ રહે તેમજ સત્સંગની બધી વાત તેમને અતિશય પ્રિય લાગે, પણ ક્યારેય સત્સંગમાં અરુચિ ન થાય. વળી, દિવસે દિવસે જે રીતે ભાવ વિશેષ વધતો રહે, તેમ આપણે વિચારવું જોઈએ.

વળી, જે લોકો પોતાના મુખથી સત્સંગનો અભાવ બોલતા હોય તેના પ્રત્યે સરકાર વગેરેને ભાવ ન થઈ જાય, પણ તે વિમુખોનો મનમાં અભાવ વર્તે, સરકાર તથા શ્રીમંતોને સત્સંગ જેવો છે તેવો જણાય, અને સરકારને ભાવ ઉત્પન્ન થાય; તેટલા માટે રોજ સરકારે આપેલી રસોઈ ચાલતી રાખવી. પછી સત્સંગના સંતોને માટે સરકાર તરફથી રોજ રસોઈ થતી હતી. ત્રણેય મોટા સદ્‌ગુરુઓને માટે મ્યાના તથા સુખપાલને મોકલતા, અને બીજા સંતોને માટે કેટલીક ગાડીઓને સરકાર મોકલતા હતા. સરકારના રાજભવનમાં એક દેવ મંદિર હતું. તે દેવ મંદિરની આગળના ભાગમાં સંતોને માટે ઘણા ભારે બિછાના રોજ બિછાવી દેવામાં આવતા હતા. તે સદ્‌ગુરુ સંતોને તેના ઉપર બેસાડતા હતા.

જ્યારે સંતો આવીને તે સ્થળે બેસતા ત્યારે તેમનાં દર્શન કરવાને માટે સરકાર સયાજીરાવ આવતા હતા. તેમનું મુખ સદ્‌ગુરુઓને જોઈને ખૂબ જ પ્રસન્ન રહેતું હતું. સરકાર સદ્‌ગુરુનાં ચરણમાં પોતાનું મસ્તક ધરતા અને વારંવાર બંને હાથ જોડતા. એ રીતે તેઓ સંતોની આગળ નમતા હતા. સંતોના આસનને અડે નહિ તે રીતે સરકારનું આસન પ્રેમથી બિછાવડાવતા હતા. જ્યારે સ્વસ્થ થઈને સરકાર આસન ઉપર બેઠા ત્યારે તેમણે નારુપંત નાના પ્રત્યે કહ્યું, ''આ સદ્‌ગુરુઓનાં જે નામ હોય, તે મને કહો. હું તેમને ઓળખતો નથી. ઓળખ્યા વિના ભાવ થાતો નથી.''

નારુપંતે ત્રણ મોટા સદ્‌ગુરુઓના સદ્‌ગુણ કહ્યા :

પછી નારુપંત નાનાએ સહુ પહેલા મુક્તાનંદ સ્વામીને બતાવ્યા અને કહ્યું કે, ''જે સ્વામિનારાયણ એવા નામથી ભગવાન છે, તેઓ જ્યારે પ્રથમ સત્સંગમાં આવ્યા ત્યારે આ મુક્તાનંદ સ્વામીની સાથે રહ્યા હતા. આ મુક્તાનંદ સ્વામી, ભગવાન સ્વામિનારાયણથી પહેલાં સત્સંગમાં આવ્યા હતા. આ સત્સંગ મૂળભૂત જ્યારથી પ્રવર્ત્યો તેને આ મુક્તાનંદ સ્વામી જાણે છે. તેમનામાં સાધુતાના નિશ્ચિત અપાર ગુણને જોઈને, તેમનો સમાગમ કરવામાં ભગવાન સ્વામિનારાયણે પ્રથમ પોતાનું ચિત્ત બાંધ્યું હતું. કારણ કે, સાધુતાના ગુણમાં ભગવાન હોય છે. એમને ભગવાન સિવાય બીજું કોઈ અધિક નથી. જેટલા મહાપુરુષો હોય છે તે બધા અત્યંત નિર્બંધ અને આકાશ સમાન નિર્લેપતાના ગુણવાળા હોય છે. તેમ છતાં એવા મહાપુરુષો જેનામાં જ્યાં સુધી શુભ ગુણ દેખાતા રહે ત્યાં સુધી તે શુભ

ગુણવાળા સંતો-ભક્તોમાં બંધાઈને રહે છે. આ મુક્તાનંદ સ્વામીને મેં પણ ગુરુ કર્યા છે અને તે આપને દર્શન દેવા માટે આવ્યા છે.

બીજા આ નિત્યાનંદ સ્વામી છે. તેમની સાધુતાના ગુણ કહી શકાતા નથી. શ્રીહરિ તેમને કાયમ પોતાની પાસે રાખે છે. તેમણે ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. ગમે તેવો કોઈ પંડિત હોય, તોપણ તેને સંસારમાં બંધન રહે છે. ગમે તેવા કોઈ આચાર્ય હોય તેને પણ સંસારનું બંધન હોઈ શકે છે. તેઓ ઘણી પ્રકારનાં વ્યસનમાં બંધાઈને રહ્યા હોય છે.. જેમ ચાહે તેવો કોઈ સિંહ હોય પણ તે જો પાંજરામાં પડ્યો હોય તો તેનું કાંઈ જોર ચાલતું નથી. તે સિંહ જ્યાં સુધી પાંજરામાં હોય ત્યાં સુધી તેની સાથે કોઈ ગમે તેવો વ્યવહાર કરે તોપણ તેનું કાંઈ ચાલતું નથી. તેમ ગમે તેવો પંડિત કે આચાર્ય હોય તોપણ તે સંસાર તથા વ્યસનનાં પાંજરાંમાં પડ્યા હોવાથી તેનું જોર આ નિત્યાનંદ સ્વામી આગળ ચાલતું નથી. કારણ કે, આ સ્વામી તો બધી રીતે નિર્બંધ છે.

અને જે આ ત્રીજા ગોપાળાનંદ સ્વામી છે. તેઓ તો બોલતા, ચાલતા કે કોઈ પણ ક્રિયા કરતા હોય તેમાં અખંડ પ્રગટ ભગવાનના સ્વરૂપમાં પોતાના મનની વૃત્તિને જોડી રાખે છે. આ દાદાખાચર ગઢપુરના કાઠી દરબાર છે. તેમને છ ગામમાં ગરાસ છે.. જે સ્વામિનારાયણ ભગવાન છે તે આમના દરબારમાં રહે છે. આ સોમલાખાચર બોટાદ ગામમાં રહે છે. તે બોટાદ ગામમાં આમનો ભાગ છે. તે એવા સંયમી છે કે પોતાની પત્નીનો પણ સંસર્ગ રાખતા નથી અને નારીમાત્રથી દૂર રહે છે. તેઓ નિરંતર સ્વામિનારાયણ ભગવાનની પાસે રહે છે. વળી તેની પાસેના આ સુરાખાચર છે, તે ત્રણ ગામના માલિક છે. તેમણે પણ સોમલાખાચરની જેમ જ સ્ત્રીનો ત્યાગ રાખ્યો છે. સત્સંગમાં હરિભક્તો જ્યાં જેટલા સમૈયા કરાવે છે, ત્યાં સ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો જાય છે. તે રીતે જે કાઠી હરિભક્તો છે, તે પણ બધા અશ્વ ઉપર બેસીને ભગવાન સ્વામિનારાયણ બોલાવે ત્યારે તેમની સાથે ઉમંગથી જાય છે. સ્વામિનારાયણ ભગવાન જ્યાં જાય છે ત્યાં આ કાઠીઓ સ્વામિનારાયણ ભગવાનની મરજી પ્રમાણે રહે છે.

ભગવાન સ્વામિનારાયણ આ દાદાખાચરના દરબારમાં કેટલાય વર્ષથી રહે છે. જો કે તેઓ તો સ્વતંત્ર મનવાળા છે. તેઓ માણસના મનમાં પ્રેમ છે કે નહિ તેને દેખતા રહે છે. જો તેના મનમાં પ્રેમ ન દેખાય તો ત્યાં એક પળમાત્ર પણ ટકતા નથી. સેવા કરવાની થાય ત્યારે તેના મનમાં ભાવ છે કે નથી તે દેખાઈ આવે છે. તે છુપાયો રહેતો નથી. કારણ કે, સેવા ભાવની કસોટી છે. ઉપર ઉપર રહેલી ભાવના તો એક-બે દિવસ જ ટકે છે, પણ ત્રીજે દિવસે રહેતી નથી. ભાવ વગરનાની આવી રીત છે.'' જ્યારે નારુપંત નાના પહેલે દિવસે મળ્યા ત્યારે સરકારની આગળ મોટા સંતોનો તથા મોટા હરિભક્તોનો આ રીતે પરિચય કરાવ્યો. સરકારે એક એક શ્રીફળ લઈને સદ્‌ગુરુની આગળ મૂક્યું અને ફૂલના હાર પહેરાવ્યા. સરકારે પોતે સદ્‌ગુરુઓની પૂજા કરી અને બીજા સંતોની પૂજા નારુપંત નાનાએ ચંદન ચર્ચી તથા ફૂલના હાર પહેરાવીને ઘણા પ્યારથી કરી.

દાદાખાચર આદિક જે મોટા ભક્ત હતા તેની પૂજા પણ કરી. તેમના મનમાં જે ભાવ હતો તે કહી શકાતો નથી. જ્યારે બધી પૂજા થઈ રહી ત્યારે સયાજીરાવ સરકારે હાથ જોડીને મુક્તાનંદ સ્વામી પ્રત્યે કહ્યું, ''ભગવાન સ્વામિનારાયણ મારા ઉપર કૃપા કેવી રાખે છે ? તે આપ મને કૃપા કરીને કહો. તેમણે મારા ઉપર કૃપાપત્ર પણ લખ્યો નથી. પત્ર લખવાથી જે કૃપા હોય છે તે દેખાઈ આવે છે. નારુપંત નાના તેમની પાસેથી આવ્યા તોપણ તેઓ કૃપાપત્ર લાવ્યા નથી. કૃપા વિના પત્ર લખે તો તેમાં ભાવ ઊપજે નહીં. જોકે લૌકિક વાતમાં એવું હોય છે કે, જે પોતાના ઉપર પત્ર લખે તે મળ્યા પછી તેણે સામો પત્ર લખવો જોઈએ. તેણે કરીને પરસ્પર આવીને મળ્યા હોય તેવો ભાવ ઊપજે છે. પણ શું કહું ? સ્વામિનારાયણ તો જોગી છે ને ! એટલે આ રીતને તેઓ જાણતા નથી.'' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, ''ભગવાન સ્વામિનારાયણ આપના પત્રને વાંચીને ખૂબ જ રાજી થયા છે. આપે આપેલો દુશાલો તથા મેવાઓ નારુપંત નાનાએ ભગવાન સ્વામિનારાયણને સહુ સંતો તથા હરિભક્તોને દેખતા આપ્યા, ત્યારે ભગવાન સ્વામિનારાયણ આપ સરકારના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા છે.''

• મુક્તાનંદ સ્વામીએ સરકારને શરીરની વાસ્તવિકતા કહી તેથી તેને સંતોષ થયો :

પછી મુક્તાનંદ સ્વામીએ સયાજીરાવ સરકારને કહ્યું, ''જો અમે સંતો ન આવ્યા હોત તો શ્રીહરિ આપને પત્ર લખત. તમે ગાયકવાડ સરકાર થયા છો. તમે અપાર તપ કર્યું હશે ત્યારે તમને આ રાજ્ય મળ્યું છે. તેમાં પણ તમે સત્સંગ ઉપર રુચિ રાખો છો, આવી રુચિ તો કરોડો કલ્પનાં પાપને નાશ કરનારી છે. જે રાજા સત્સંગની ઉપર રુચિ કરે છે, તેની અત્યંત અનુપમ કીર્તિ થાય છે. સત્સંગ ઉપર જે રુચિ રાખે છે તેના જેવી કીર્તિ બીજા કોઈની થાતી નથી.

સત્સંગ સિવાય અન્ય બાબતમાં જેટલી રુચિ રહે છે, તે બધી સંસારમાં ભટકાવનારી છે. જ્યારે સત્સંગ ઉપર જે રુચિ છે, તે તો સંસારના ભટકણને છોડાવનારી છે. વ્યાધિ વિના જીવને સત્સંગ ઉપર રુચિ થતી નથી. જે વ્યાધિ કહેવાય છે તે ગણતા પાર ન આવે એટલા છે. તે વ્યાધિ મનુષ્ય ઉપાય કરે છતાં પણ જ્યારે ન મટે ત્યારે સત્સંગના ઉપર રુચિ કરાવે છે. પરંતુ કોઈ ઉપાય કરવાથી જો

વ્યાધિ મટી જતો હોય તો તે જીવ સત્સંગ કરતા નથી. મનુષ્યમાત્રની એક એવી રીત છે કે રોગ કે દુઃખ આવ્યા વિના તે સત્સંગ ઉપર પ્રીતિ કરતો નથી. તેથી તો તે જમપુરીમાં જાય છે અને ત્યાં જમનો અતિશય માર ખાય છે. મનુષ્ય જેવાં જેવાં પાપ કરે છે તે પ્રમાણે અનેક પ્રકારના નરકના કુંડ રહ્યા છે, જેનો ગણે પાર આવતો નથી.

ભાગવતના પંચમ સ્કંધમાં મહાત્મા શુકદેવજીએ પરીક્ષિત રાજાની આગળ જીવનું હિત કરવા માટે મોટા મોટા અઠ્યાવીશ નરકના કુંડ કહ્યા છે. જ્યારે પરીક્ષિત રાજાને ઋષિનો શાપ થયો ત્યારે તેણે ભગવાનમાં રુચિ કરી. તેના મૃત્યુને આડા હવે સાત દિવસ જ રહ્યા છે, એવું તેણે જ્યારે દેખ્યું ત્યારે જે અગણિત રાજસમૃદ્ધિ હતી, તેમાંથી મન પાછું વાળીને ભગવાનમાં ચિત્ત જોડ્યું અને તે સિવાય બીજું બધું વિસારી દીધું. પછી તો રાજ્યની સમૃદ્ધિ કરતાં ભગવાનમાં અપરંપાર સુખ છે, એવું તેણે જાણ્યું અને બીજામાં દુઃખ જાણ્યું. મોટા માણસોને જો કોઈ વ્યાધિ ન થાય તો તેમને ભગવાનના સ્વરૂપમાં રુચિ કરવી એ વાત ઘણી કઠણ પડે છે. માટે દુઃખ છે તે મનુષ્યનો ગુરુ છે.

ઇન્દ્ર જેવા અને શિવજી જેવા મોટાઓએ પણ વગર વ્યાધિએ ક્યારેય ભગવાનમાં રુચિ કરી નથી. વ્યાધિ એક એવી બાબત છે કે તે ન ખાવાની ચીજ પણ ખવડાવે છે, તેમાં માણસ કોઈ જાતની શંકા રાખતો નથી. વ્યાધિરૂપ ગુરુ એવો બળવાન છે. જેને મુશ્કેલી દરમ્યાન જેવા ગુરુ મળે, તેવી તેને રુચિ કરાવે છે. જેને ભગવાન સિવાય અન્ય પદાર્થમાં રુચિ હોય એવા ગુરુ જો મળી જાય, તો તે ભગવાનથી વિરુદ્ધ રુચિ કરાવે છે અને સંસારમાં ભટકાવે છે. મોક્ષના માર્ગે તો ગમે તેવો ચતુર હોય અને ગમે તેટલાં પુરાણ આદિ શાસ્ત્રને ભણેલો હોય, તોપણ તે અંધ જ ગણાય છે. જેને ભગવાનના સ્વરૂપમાં રુચિ હોય એવા ગુરુ જો મળે, તો તે મનુષ્યને મોક્ષના માર્ગ ઉપર રુચિ કરાવે છે. વળી, તે ગુરુ વાતે કરીને તેનો વ્યાધિ પણ હરી લે છે. તે ગુરુ વાતો કરીને શિષ્યનું દુઃખ એવું મટાડે છે કે, તે ફરીવાર ક્યારેય થાય નહીં.

ઔષધિ જેવો સ્નેહ શ્રીહરિમાં થાય તો સર્વે રોગ જાય :

ઔષધ-દવા લેવાથી વ્યાધિ મટતો નથી, તોપણ માણસને ઔષધની અરુચિ થાતી નથી. મનુષ્યને જેવી ઔષધમાં રુચિ હોય છે તેવી રુચિ જો ભગવાનમાં કરે તો મનુષ્યના જેટલા રોગ છે તે બધાનો નાશ થઈ જાય છે. બાકી તો, આ બ્રહ્માંડમાં જેટલાં શરીર છે તે બધાં વ્યાધિમય જ છે. આ શરીરમાં અને બ્રહ્માંડમાં જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તે ગમે તેવા સમર્થ હોય, તોપણ તેનો વ્યાધિ મટતો નથી. જે મનુષ્ય ભગવાન સંબંધી વાતમાં રુચિ કરે છે, ત્યારે તે વ્યાધિરૂપી સમુદ્રને તરી જાય છે. જે ભક્તજનોએ ભગવાનમાં રુચિ કરી હતી તે બધા વ્યાધિરૂપી મહાસાગરને તરી ગયા છે.

પૂર્વે જે કોઈને જાણે કે અજાણે પ્રગટ ભગવાનનો યોગ થયો હતો તે સર્વનો ભગવાને મોક્ષ કર્યો છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. અરે ! પશુ, પક્ષી કે વૃક્ષ સુધીની ગમે તેવી કુજાતિમાં જીવ જન્મ્યો હોય, તોપણ ભગવાનના સંબંધે કરીને તેનો મોક્ષ થાય છે. ભગવાનના સંબંધવાળી બાબત જેવી બીજી કોઈ બાબત નથી. બીજા કોઈ ગમે તેવા મોટા હોય, તોપણ તેને જે ભગવાનની સમાન જાણે નહિ, તો એવા સંત-હરિભક્તની સમાન બીજા કોઈ થઈ શકે નહીં.

વળી, જે કોઈ સંત, વર્ણી કે હરિભક્ત, સાક્ષાત્ ભગવાનને મળ્યા હોય તેને તુલ્ય પણ ભગવાનને નહિ મળેલા બીજા કોઈ થઈ શકે નહીં. ઘણા એવા પણ હોય છે કે જે પોતે ભગવાનને ન મળ્યા હોય, તોપણ તેઓ ભગવાનને મળેલા ભક્તોની મોટાઈ ક્યારેય લગાર પણ જાણતા નથી. તેથી તેમની સાથે રુચિ કરતા નથી, ઊલટી તેની સાથે હંમેશાં અરુચિ રાખે છે; આવા જે મનુષ્ય છે તેણે સત્સંગ કર્યો હોય તોપણ તે નિષ્ફળ થઈ જાય છે.''

સરકારે મુક્તાનંદ સ્વામીએ કહેલી બધી વાતને સત્ય માની અને તે વાત સાંભળીને મનમાં ઘણું પ્રસન્ન થયા. સંતોની વાતો સાંભળીને સરકારના મનમાં તે વાતોમાં અપાર રુચિ થઈ. તેથી તેઓ રોજ સંતોને મ્યાના આદિક વાહનમાં બેસાડીને બોલાવતા અને સંતોની પૂજા કરતા. તેમજ જેટલી પૂછવા યોગ્ય વાત હોય તે સરકાર સંતોને પૂછતા હતા. પોતાના ઉપર શ્રીહરિનો રાજીપો દિવસે દિવસે જેમ વધારે થાય તેમ પંદર દિવસ સુધી સરકાર પ્રશ્ન પૂછતા રહ્યા. સદ્‌ગુરુ સંતો તેનો જવાબ આપી શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા. સરકારને શ્રીહરિનાં દર્શન કરવાનો ભાવ અપરંપાર હતો.

તેથી જ દિલમાં અધિક ઉત્સાહ રહેતો હતો. જ્યારે સરકારના દિલનો ભાવ ફરતા ન દેખાયો ત્યારે સદ્‌ગુરુઓ સરકાર ઉપર રાજી થયા. પછી તેમને કહ્યું કે, ''તમારો ભાવ જોઈને ભગવાન શ્રીહરિ અહીં જરૂર આવશે. અમે શ્રીહરિની પાસે જઈને શ્રીહરિને તમારા તરફથી વિનંતી કરશું. હવે પછી જે પ્રબોધની એકાદશીનો ઉત્સવ આવશે તે વડતાલમાં કરીને શ્રીહરિ અહીં વડોદરા જરૂર આવશે.''

• ભગવાન શ્રીહરિએ સંતોની આગળ ગાયકવાડ સરકારની શ્રેષ્ઠતા કહી :

મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓએ સત્સંગની વાતો કરીને સયાજીરાવ સરકારને પ્રસન્ન કર્યા, અને પછી બધા વડતાલ આવ્યા. શ્રીહરિ તે વખતે વડતાલમાં રહ્યા હતા. ત્રણેય સદ્‌ગુરુઓએ શ્રીહરિને પગે લાગીને સરકારનો જેવો ભાવ હતો, તે બધો કહ્યો. સદ્‌ગુરુઓના મુખથી સરકારનો ભાવ સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "હવે આપણે જરૂર સરકારને દર્શન દેવાં છે. બીજા કેટલાક એવા રાજાઓ છે કે જે ગાયકવાડ કરતાં પણ રાજ્યની દૃષ્ટિએ મોટા છે અને ધનવાન છે, પણ ગાયકવાડ વિદ્વાન બ્રાહ્મણનો સત્કાર કરી, તે જેવો વિદ્વાન હોય તે રીતનું ચોક્કસ વર્ષાસન બાંધી દે છે. તેણે કરીને શાસ્ત્રવિદ્યા ટકી રહી છે.

વર્ણાશ્રમના જે ધર્મો છે તે બધા પણ શાસ્ત્રે કરીને રહ્યા છે. વર્ણાશ્રમના ધર્મ વિના તો બ્રાહ્મણથી લઈને ચાંડાળપર્યંતના બધા લોકો જરૂર એક થઈ જાય છે. આમાં કાંઈ ખોટું નથી. રાજાની જેવી રુચિ હોય તે પ્રમાણે શાસ્ત્રે કહેલું વર્તન લોકો કરે છે. ભગવાનની જેવી રુચિ હોય તે શાસ્ત્રો દ્વારા દેખી શકાય છે. જે રાજા ભગવાનની રુચિ પ્રમાણેના જ બધા કાયદા કરીને તે પ્રમાણે પ્રજાને ચલાવે છે, તેને પ્રજાની રક્ષા ઉપર તાન રહે છે; આવા રાજાને જ ખરા અર્થમાં રાજા કહેવાય, પણ જે રાજા પ્રજાનું ધન હરવા માટે જ વારંવાર કાયદા બદલતા રહે, તેવા રાજાને કોઈ પ્રજા દિલમાં ચાહતી નથી. પ્રજાની રક્ષા કરવા ઉપર જે રાજાને તાન હોય, એવા રાજાને પ્રજા વારંવાર ખૂબ ચાહે છે. જેને પ્રજા ચાહે છે તે જ સાચો રાજા કહેવાય છે. જે પ્રજાને પીડે છે તે તો તેનો શત્રુ ગણાય છે.

કોઈ રાજા પ્રજાનો મિત્ર છે કે શત્રુ છે તે તો તેણે કરેલા કાયદા ઉપરથી દેખાય છે. જે રાજા પ્રજાની રક્ષા કરે છે તે પ્રજાનો મિત્ર કહેવાય છે. પ્રજાનું ધન હરી લેવાનું જે રાજા ચાહે છે તે તો પ્રજાનો શત્રુ છે એવું દેખાય છે. જે રાજા પ્રજાનું ધન લઈ લેવા માટે કેટલાય કાયદાઓ બનાવતો હોય તો તે રાજા ગમે તેવો મહાન હોય તોપણ પ્રજા તેને ચાહતી નથી. એકે એકના ઉપર તેના કરતાં મોટા રાજાઓ હોય છે. તે મોટો રાજા તેનાથી નાના રાજાનો ગુરુ કહેવાય છે, જેની આગળ બીજાનું ચાલતું નથી.

કોઈ મોટામાં મોટો રાજા ગણાતો હોય, પણ તેનો ગુરુ તો સ્ત્રી અને ધન હોય છે. કોઈ ઇન્દ્ર જેવો મોટો રાજા હોય, તોપણ તે સ્ત્રી અને ધન કહે તે પ્રમાણે દીન થઈને ચાલે છે. આવી સાચી વાતને તો કોઈ ડાહ્યો માણસ હોય તે જ સમજે છે. જે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખે છે તેવા મહાપુરુષ તો સ્ત્રી અને ધનનો પણ ગુરુ ગણાય છે. સત્સંગ સિવાયના જે ત્યાગી છે તે ગમે તેવા મહાન ગણાતા હોય, કપડાંનો પણ ત્યાગ કર્યો હોય, ક્યારેય અનાજ ન ખાતા હોય, કેટલાક અષ્ટાંગ યોગને સાધી રહ્યા હોય, કોઈ નિરંતર તીર્થમાં જ ફરતા હોય. વળી કોઈ ફળ, ફૂલ, કંદ વગેરેનો જ આહાર કરતા હોય, કોઈ પંચાગ્નિ તાપતા હોય, કોઈ ઊંચા હાથ રાખીને તપ કરતા હોય, પણ તે બધી સાધનાઓ સ્ત્રી, ધન કે રાજ્યને માટે જ કરતા હોય છે. જેને સત્સંગ થયો નથી તે ગમે તેવો સિદ્ધ હોય, તોપણ ધનને માટે થઈને ગામે ગામ અને દેશેદેશમાં ભટકતા રહે છે. તેને જેમ ધન નચાવે છે તેમ તે નાચે છે. જેમ ધન કહે તેમ કરતો રહે ત્યારે તે જગતમાં સાચો સિદ્ધ કહેવાય છે. આ જગતમાં જેની પાસે જેટલું ધન હોય તે પ્રમાણે તે ધનવાનની આગળ મોટા મોટા સરદારો પણ આવીને નમે છે, પણ જેની પાસે ધન ન હોય એવાને તે નમતા નથી. નિર્ધન માણસ ગમે તેવો સારો હોય તોપણ ધનવાન માણસ તેને પ્રતિષ્ઠાહીન કરી દે છે. ધન મળ્યા પછી પણ જેમાં ધનનો ગર્વ બિલકુલ ન આવે એવો માણસ તો મનુષ્યમાં કે દેવતાઓમાં પણ ખોળ્યે મળે નહિ તેટલો દુર્લભ છે. જેમાં જેવા ગુણ હોય તેવું તેને ધન સહજ ભાવે અને વગર પ્રયત્ને આવીને મળે છે.

જેમાં જેવા ગુણ હોય તેને તે રીતનું ધન મળે છે. જેની પાસે જેટલું ધન છે તેનો ખરો ગુરુ તો ગુણ છે. 'જેને ધનની બિલકુલ આશા જ નથી, તેના જેવો તો દુનિયામાં બીજા કોઈ સુખી નથી'; એમ મોટા પુરુષો કહે છે. કારણ કે, તેઓ ધનમાં દોષ દેખે છે. જે ધનમાં દોષ દેખે છે તે જ સાચા ત્યાગી કહેવાય છે. જે ધનમાં ગુણ માને છે તે તો કાચા ત્યાગી છે. ગમે તેવું ધન હોય તોપણ તેમાં અપાર દોષ રહ્યા છે. છતાં પણ જે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય છે તેનાં બધાં જ કામમાં ધન સહાય કરે છે. જેની પાસે જેટલું ધન અધિક હોય તેટલું તેને સુખ રહે છે, તેથી જ ધનથી આવતું દુઃખ દેખાતું નથી. ધન હોય તો તે ધનને લીધે બીજું અપાર ધન મેળવી શકાય છે. ધન હોય તો જ ગામ, ગરાસ અને વ્યવહાર કરી શકાય છે. જો પોતા પાસે ધન હોય તો બીજા લોકો તેને 'ભાઈ ભાઈ' કહીને બોલાવે છે. જેટલું જેની પાસે ધન અધિક હોય તેટલી તેની મોટાઈ કહેવાય છે; આવું હોવા છતાં પણ તે ધન મરણ પછી ઉપયોગમાં આવતું નથી. જાણે કે અજાણે શુભ માર્ગમાં જેટલું ધન વપરાય છે તે ધન એ જીવ જ્યાં જાય છે ત્યાં તેને તેટલું સહાય કરે છે.

ગાયકવાડ સરકાર તો પોતાનું અરધોઅરધ ધન સહજ સ્વભાવે પુણ્યદાનમાં રોજ રોજ વાપરે છે. આટલું પુણ્ય-દાન બીજા રાજ્યોમાં ક્યાંય થાતું નથી. તે દાન-પુણ્ય જ્યાં સુધી થતું રહેશે ત્યાં સુધી આ ગાયકવાડ સરકારના રાજ્યનાં મૂળ જામેલાં રહેશે. જ્યાં સુધી ગાયકવાડનું રાજ્ય રહેશે ત્યાં સુધી બ્રાહ્મણોનું સન્માન થશે, સાધુઓનું પણ બહુમાન થશે અને ભગવાનનાં મંદિર કે મૂર્તિઓનું પણ બહુ સન્માન થતું રહેશે. પણ જ્યારે કોઈક વાતે કરીને તેમનામાં યવનના જેવા વિચારો પેસશે, ત્યારે તેમને દેવ અને બ્રાહ્મણોની

આજીવિકાને તોડવાની મતિ થશે. તે સમયે તો ભગવાન જ દેવ તથા બ્રાહ્મણની સહાય કરશે. કારણ કે, જીવ-પ્રાણીમાત્રની નાડી અંતર્યામી એવા પરમેશ્વરના જ હાથમાં રહી છે. જ્યાં સુધી પરમેશ્વર પોતાના દિલમાં તેનું રાજ્ય લઈ લેવાનું ધારતા નથી, ત્યાં સુધી તે તે રાજાની અનીતિ ચાલતી રહે છે.'' શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુઓની આગળ જે આ વાત કહી તેમાં એમ કહ્યું કે, ગાયકવાડના રાજ્ય જેવું બીજું કોઈ રાજ્ય નથી. સત્સંગ સમાન બીજું કાંઈ નથી, પણ ઘણા વિપ્રો આવું વિવેકથી દેખતા નથી, તેથી તેમના માનનો ભંગ થાય છે. જેનું જેનું માનભંગ થાય છે તે સત્સંગનું અપમાન કરવાથી થાય છે. સત્સંગ તો કલ્પવૃક્ષ અને ચિંતામણિના સમાન નિશ્ચિત છે. તેથી જે માણસ સત્સંગને જેવો સમજે છે તેવું તેને ફળ મળે છે. કેટલાંકના જીવનમાં તે બાબત પ્રત્યક્ષ દેખવામાં આવી છે, પણ નામ લેવામાં રસ રહેતો નથી અને રસ વિના વાત નીરસ લાગે છે.

વિવેક વગરના જે મૂર્ખ મનુષ્ય હોય છે, તે નીરસ વાતમાં પણ રસ માને છે. પણ જે મનુષ્ય વિવેકી અને ચતુર હોય તે રસ-નીરસની બાબતમાં સમજે છે. તેથી તેમને જેમાં અપાર રસ ભર્યો હોય એવી વાત પ્રિય લાગે છે. તે વાતનું એક એક વચન પ્રીતિ ઉપજાવે છે અને તેવી પ્રિય વાતને સાંભળતા તૃપ્તિ થાતી નથી. વધારે વધારે જે રુચિ ઉપજાવે એવી વાતને રસદાર કહેવાય છે. રસ ભરેલી ઘણી વાતો હોય છે, તેમાં જેને અરુચિ થાય છે તે તો મૂર્ખનો સરદાર કહેવાય કે, જેને રસભરી વાત સારી લાગતી નથી. સત્સંગ અને ભગવાનની જેમાં સર્વોપરિ મોટપ કહેવાતી હોય, તે વાત રસભરી કહેવાય છે. કેમ જે, તેની મોટપ જેવી બીજી કોઈ મોટપ નથી. સત્સંગ અને ભગવાન સિવાય બીજે જેટલી મોટપ દેખાય છે, તેને સત્સંગ તથા ભગવાનની મોટપ સમજયામાં આવી નથી. મનુષ્યની જેવી બુદ્ધિ હોય, તે વચન બોલવામાં પ્રત્યક્ષ દેખાઈ આવે છે.

જે ગ્રંથમાં સત્સંગ તથા ભગવાન સિવાય બીજા કોઈને અધિક કહ્યા હોય, તો તે ગ્રંથ ગમે તેવો ઉત્તમ ગણાતો હોય, તોપણ તે ત્યાગ કરવાને લાયક છે. સત્સંગમાં અને ભગવાનમાં અરુચિ કરાવનારી ચાહે તેવી વાત હોય તથા તેવો જે ગ્રંથ હોય તે ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે, તેવી વાતો તથા ગ્રંથ, સંસારમાં વારંવાર ચોક્કસ ભટકાવનારાં છે. સત્સંગ અને ભગવાનના માહાત્મ્યની વાત સમજાય જાય તો તેનાથી અનેક કલ્પોથી જીવને વળગેલાં પાપો નાશ થઈ જાય છે. જે મનુષ્ય સત્સંગ તથા ભગવાનની સમાન બીજી કોઈ બાબતને માનતો નથી, તો તે આ ભૂમિ ઉપર જેટલા ગ્રંથ રહ્યા છે તે તમામને ભણી ચૂક્યો છે, તેમ જાણવું. જે કોઈ સત્સંગ અને ભગવાન કરતાં બીજાને અધિક જાણે છે તે જીવ ગમે તેટલા ગ્રંથને ભણેલો હોય, બ્રહ્માના જેવો બુદ્ધિમાન હોય, કેટલાય યુગ પૂર્વે પણ કોઈએ જે પરાક્રમ ક્યારેય ન કર્યું હોય એવું પરાક્રમ તે કરી દેખાડતો હોય, તોપણ તે સંસારના ભટકણથી છૂટતો નથી.

ભગવાન તથા સત્સંગથી જ જીવને સંસારનું બંધન ચોક્કસ છૂટી જાય છે. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ તથા ભગવાનથી દૂર રહે છે, ત્યાં સુધી તે સંસારના ફેરામાં જરૂર ફરતો રહે છે, અને તેને અમાપ દુઃખ સહન કરવું પડે છે. જેટલું લખચોરાશીનું દુઃખ કહેવાય છે, તે બધું તેને સહન કરવું પડે છે. માણસ જ્યાં સુધી સત્સંગ તથા ભગવાનમાં કુબુદ્ધિ રાખતો રહે છે, ત્યાં સુધી તેને જન્મ, મરણ અને જમપુરીનું દુઃખ વારંવાર સહન કરવું પડે છે. મનુષ્યને સત્સંગ તથા ભગવાનમાં સુદૃઢ પ્રેમ કરાવવા માટે જન્મ, મરણ, જમપુરી તથા લખચોરાશીનું અપાર દુઃખ રચ્યું છે, અને તેમાં અપાર રોગ પણ કર્યા છે. કુબુદ્ધિવાળો મનુષ્ય આ દુઃખનો વિચાર કરતો નથી. તેથી વારંવાર મોહની મદિરાનું પાન કરતો રહે છે. સત્સંગ અને ભગવાન સિવાયની જે કોઈ બાબત છે, તે બધી મોહમદિરારૂપ છે. સત્સંગના જોગ સિવાય મનુષ્યને પોતાની કુબુદ્ધિ ઓળખાતી નથી. સત્સંગ વિના મનુષ્ય ગમે તેટલા ગ્રંથ ભણે તોપણ તેની કુબુદ્ધિ જાતી નથી.''

શ્રીહરિએ આવી બધી વાતો કરી. તે વાતમાં સત્સંગના જેવી બીજી કોઈ વાત ન હતી. એવો આ સત્સંગ મહિમાપૂર્ણ છે. આવો સત્સંગ તથા આવા ભગવાનને પામીને જે તેમને છોડી દે છે, તેના જેવો બીજો કોઈ મૂર્ખ કહેવાય નહીં. સમુદ્રને કિનારે લાંગરેલા નાવમાંથી ઊતરતાં ઊતરતાં જે બૂડી જાય તેના જેવો તે અભાગિયો છે. કોઈ ગમે તેટલો સત્સંગ કરે પણ કામ, ક્રોધ, લોભ અને માન જેવા દોષોને જ્યાં સુધી મિત્ર માને છે, ત્યાં સુધી તે જ્યારે ત્યારે આ સત્સંગનો ત્યાગ કર્યા વિના ક્યારેય રહેશે નહીં. કામાદિક જે અંતઃશત્રુઓ કહેવાય છે, તેની સાથે કરેલી મિત્રતા તો એવી છે કે, તે સત્સંગનો ત્યાગ કરાવ્યા વિના રહેતી નથી. તે બધા અંતઃશત્રુઓ સત્સંગની સાથે વૈર બંધાવે છે અને સત્સંગમાં અરુચિ કરાવે છે. માટે તે અંતઃશત્રુઓ સત્સંગના શત્રુ છે, તેમ રાત-દિવસ દેખતા રહેવું. જેમ માણસ સર્પના ઝેરનો ડર રાખે છે અને બીજાને રખાવે છે, તેમ અંતઃશત્રુનો ડર રાખવો અને બીજાને પણ રખાવવો.

સત્સંગથી જે મન દૂર કરાવે તે બધું જરૂર કુસંગ કહેવાય છે. જે સત્સંગમાં પ્રીતિ કરાવે છે તેના સમાન બીજો કોઈ મિત્ર નથી. તે મિત્ર જીવને સત્સંગમાં વધારે ને વધારે દિવસે દિવસે પ્રીતિ કરાવે છે અને સત્સંગની અરુચિ આવવા દેતો નથી. સત્સંગ કરીને પણ જે હરિભક્ત હરિભક્તની રીતમાં ન ચાલતા હોય, અને જે સંત સંતની રીતમાં ન ચાલતા હોય, અને જે ધર્મવંશી હોય તે ધર્મવંશની

રીતમાં જેમ કહ્યું છે તેમ નિર્દંભપણે ન ચાલતા હોય તો તે સાચા સત્સંગી, સાચા સંત કે સાચા ધર્મવંશી નથી. જેને જેને જે જે રીતે રહેવાનું કહ્યું છે તેણે તે તે રીતે અનુપમ વર્તન રાખવું. કેમ જે, વર્તનથી જ સત્સંગનો સંબંધ રહે છે. સારા વર્તનરૂપી સંબંધ છે તે જ સંસારરૂપી પાણી ભરેલા કૂવામાંથી જીવને તારનાર છે. આ સંસારરૂપી સાગરને તરવા માટે જ સત્સંગનો સંબંધ છે. આવો એ સત્સંગ અપાર પાપોને હરનારો છે. 'સત્સંગ કર્યા સિવાય પણ સંસારનું બંધન કપાઈ જાય છે' એમ જે કોઈ કહે છે તેને કરોડો કલ્પ સુધી સંસારનું બંધન રહે છે.

• ભગવાન શ્રીહરિએ સરકાર સયાજીરાવને પત્ર લખ્યો :

ભગવાન શ્રીહરિએ સયાજીરાવ સરકાર ઉપર વડોદરા એક પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, 'તમારા જેટલા મનોરથ છે, તે બધા અમે પૂર્ણ કરશું. જેને સત્સંગ ઉપર અભાવ વર્તે છે તેવા લોકોને કોઈ સત્સંગ ઉપર ભાવ રાખે તે ગમતું નથી. કેટલાક માણસોને અનીતિને માર્ગે ચાલવામાં ઘણી રુચિ હોય છે. તેથી તેને સત્સંગની વાત રુચતી નથી. તેણે કરીને જેટલા અનીતિને માર્ગે ચાલનારા છે તે સહજ સ્વભાવે સત્સંગનો અભાવ બોલતા રહે છે.

જે સત્સંગના વચનનું સમર્થન-પ્રમાણ કરે છે તે લોકો નીતિમાન છે. તેમનું નીતિમાનપણું તેમની રુચિ ઉપરથી દેખાય છે. જેને અમૃત પ્રિય લાગે છે તે અમૃતની પ્રશંસા કરે છે. જેને અમૃત ઉપર રુચિ હોય છે તે કોઈ બાબતને અમૃત જેવી દેખતા નથી. જેટલી સત્સંગની વાત છે તે પણ અમૃત સમાન છે. જેને અનીતિ ઉપર ભાવ હોય તેને સત્સંગની વાત રુચતી નથી. તેને લીધે તે સત્સંગના અનેક પ્રકારે દોષ કહેતા રહે છે અને જ્યારે તેનું કાંઈ ચાલે નહિ ત્યારે ચૂપ બેસી રહે છે. અમારે વિષે તમારો ભાવ અચળ કરવા માટે અમે વિલંબ કર્યો છે. માટે હવે જે રીતે સત્સંગ ઉપર ભાવ થાય તેવો તમારે વિચાર કરવો. જેટલા કુસંગીઓ છે તેઓ જેનું જેટલું ચાલે અને જેની જેટલી બુદ્ધિ હોય તે પ્રમાણે તેટલા ઉપાય એક વરસથી કરતા રહ્યા છે. સત્સંગ સિવાયની બીજી અપાર બાબતો છે, તેમાં સહુ લોકો રુચિ કરે છે. તેને લીધે જ તેને સંસારનો પાર આવતો નથી.

સંસારરૂપી સાગર તરવા માટે સત્સંગ સિવાય બીજું કોઈ જ નાવ આ બ્રહ્માંડમાં નથી. જીવને વારેવારે મનુષ્યદેહ મળતો નથી. સત્સંગ કરવા માટે જ આ મનુષ્યદેહ છે. બ્રહ્માંડમાં જેટલા વૈભવ છે તે વારંવાર જીવને મળી શકે છે, પણ એક સત્સંગ મળતો નથી; સત્સંગ આવો દુર્લભ છે. જ્યાં સુધી એક સત્સંગ ન મળે ત્યાં સુધી બધા લોકો સંસારમાં ભટકતા રહે છે. જીવનો મોક્ષ થવાનું દ્વાર તો એક સત્સંગ જ છે. સત્સંગ વિના બીજા જે દ્વાર છે, તે તો સંસારમાં ભટકાવનારા છે. આ રીતની સમજણ જિંદગીભર ન ફરે એવી જેની નિષ્કપટ સમજણ હોય તે જ સાચા પંડિત, પુરાણી, શાસ્ત્રી વગેરે છે. અને તેણે શાસ્ત્ર, પુરાણાદિક નામથી કહેવાતા ગ્રંથમાત્ર ભણી લીધા છે. સત્સંગ સિવાયની ચાય તેવી સમજણ હોય તે બધી સંસારમાં ભટકાવનારી દેખાય, તેનું જ નામ સત્સંગ થયો કહેવાય છે. એવી સમજણવાળો જેને સત્સંગ હોય તેને અમે અમારો માનીએ છીએ. આગળ કહી તેવી સમજણ જેમાં હોય તેનો સત્સંગ સાચો છે અને તેવી સમજણ વગર તો તેનો સત્સંગ કાચો છે. જે સમજણની સમાધિ છે તે જ સાચી છે અને સમજણ વિનાની સમાધિ કાચી છે. સમજણ વિના કોઈ મનુષ્ય ભગવાનના અપાર પ્રતાપને દેખે, તોપણ તેને તે મનાતો નથી. કારણ કે તેને સત્સંગની સમજણ નથી. સાચી સમજણનું મૂળ નિશ્ચળ હોય છે. માટે આ સમજણ આપનારો સત્સંગ અમૂલ્ય છે.

જેને દિવસે દિવસે સત્સંગ ઉપર વધારે ને વધારે ઘણી પ્રીતિ થાતી હોય, એવી સમજણ જેનામાં હોય તે જ અમારો સાચો મિત્ર છે અને એ જ અમારો સાચો સંબંધી છે. આવી સમજણ વગરના દેહનાં સંબંધીને અમે સંબંધી માનતા નથી. દેહના સંબંધીઓમાં પણ જે સત્સંગને અધિક માને છે તેને જ અમે સાચા સંબંધી માનીએ છીએ. જે જેટલા સત્સંગને માને છે તે તેટલા સાચા સંબંધી છે અને તે સિવાયનાને અમે સંબંધી માનતા નથી. પૂર્વે પ્રહ્લાદજી ભક્ત થયા હતા. તેની સમજણ અમાપ હતી. તે પ્રહ્લાદજી સત્સંગ અને ભગવાન સિવાયના બીજા કોઈને અધિક માનતા નહીં. માટે પ્રહ્લાદજી સમજણે કરીને સર્વોપરિ હતા. તેઓ સત્સંગ અને ભગવાનને ચિંતામણિ તથા કલ્પવૃક્ષ કરતાં કરોડગણા અધિક માનતા હતા. તેથી તેઓ સત્સંગ તથા ભગવાનને સમાન બીજા કોઈને માનતા નહીં. જેમાં જેટલું મોક્ષરૂપી ફળ રહ્યું હોય છે તે વાત તેટલી સર્વોપરિ રહી છે. જે જેટલી રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તે આ અમારી વાતને તેટલી પ્રમાણ કરતા રહે છે. જે મનુષ્ય જે રીતનો હોય તેવો તેનો ગ્રંથ હોય છે. તેમજ જેવો મનુષ્ય હોય તેવા જ તેના દેવ હોય છે અને જેને જેવું રુચે છે તે તેવી સેવા કરે છે. કેટલાક દેવ સાત્ત્વિક કહેવાય છે, તેની સેવા સાત્ત્વિક લોકો કરે છે.

કેટલાક દેવ રાજસી કહેવાય છે, તો જેટલા લોકો રાજસી છે તે બધા રાજસી દેવની સેવા કરે છે. જે તામસી લોકો હોય છે તે તામસી દેવને સેવે છે. રુચિ ઉપરથી જે માણસ જેવો હોય તે દેખાઈ આવે છે, તે છૂપો રહેતો નથી. કારણ કે, જેવી જેની રુચિ હોય તેની તેવી રીત દેખાઈ આવે છે. જે સાત્ત્વિક ગ્રંથ હોય તેમાં સાત્ત્વિક લોકો રુચિ કરે છે. રાજસી ગ્રંથ હોય તેમાં રાજસી મનુષ્ય રુચિ

કરે છે. અને તામસી ગ્રંથ જે હોય તેમાં તામસી લોકો રુચિ કરે છે. તે રુચિ કરવા ઉપરથી જે જેવા હોય તે દેખાઈ આવે છે. અને જે સાત્ત્વિક મનુષ્ય હોય છે તે સ્વર્ગમાં નિવાસ કરે છે. જે રાજસી મનુષ્ય હોય છે તે મનુષ્યલોકમાં નિશ્ચિતપણે નિવાસ કરે છે. જેટલા તામસી મનુષ્ય છે તે જ્યારે મરણ પામે છે ત્યારે પાતાળલોકમાં જઈને નિવાસ કરે છે. સાત્ત્વિક, રાજસી અને તામસી એ ત્રણેય પ્રકારના જીવો સત્સંગ કરતા રહે છે. પણ જ્યારે તે સત્સંગને જ સૌથી અધિક અને ત્રણ ગુણરહિત જાણે છે ત્યારે તેઓ ત્રણ ગુણથી રહિત એવું જે ભગવાનનું ધામ છે તેમાં નિવાસ કરે છે.' આવું સયાજીરાવ સરકારને શ્રીહરિએ પત્રમાં લખ્યું હતું.

ભગવાન સ્વામિનારાયણે સયાજીરાવ મહારાજના પત્રમાં જે રીતે પ્રીત બંધાય તેવી શુભ શુભ વાતો લખી હતી. જે રીતે સત્સંગમાં પ્રેમની વૃદ્ધિ થાય, અને સત્સંગ સિવાયનું બધું જગત અનિત્ય દેખાય તેવો પત્ર લખ્યો હતો. તે પત્રને બીડીને વડોદરા સરકારને પહોંચાડી દીધો. સરકારે તે પત્ર આવ્યો એટલે પહેલા તેને પોતાને માથે ચડાવ્યો અને પછી વાંચ્યો. પત્ર વાંચીને મનમાં રાજી થયા અને મનમાં નક્કી થયું કે, 'જે દિ' તે દિ' શ્રીહરિ આવીને મને દર્શન આપશે.' પત્ર વાંચીને આવો નિશ્ચય કર્યો. વચનમાં જે ભાવ હતો તે ઓળખાયો. શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે સયાજીરાવ મહારાજ સત્સંગ ઉપર રસપૂર્વક ભાવ રાખવા લાગ્યા. વળી, સત્સંગ સિવાયની બીજી બધી બાબતો અનિત્ય છે એમ જાણીને પોતાના ચિત્તની તમામ વૃત્તિને પ્રેમથી શ્રીહરિના સ્વરૂપમાં જોડવા લાગ્યા. પોતાના ચિત્તમાં સત્સંગ સમાન અન્ય કાંઈ ન રહે, આવો અભ્યાસ સરકાર પોતે શ્વાસોચ્છ્વાસ નિત્ય કરવા લાગ્યા.

બ્રહ્માનંદ સ્વામીને વડતાલના મંદિરનું જે અપાર મમત્વ હતું તે શ્રીહરિએ જોયું. કેમ જે, બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યા સિવાય કોઈ લગાર પણ કામ કરે તો તરત જ જેવો મનુષ્ય હોય તેવી તેને શિક્ષા કરતા. આખા સત્સંગમાં જેટલાં મંદિરો છે, તેમાં શ્રીહરિ જ સહુથી મુખ્ય હતા. પછી શ્રીહરિના બંને ભાઈઓ જ્યારે સત્સંગમાં આવ્યા ત્યારે તેનો જેટલો પરિવાર હતો તે પણ શ્રીહરિની સમીપે આવ્યો. પછી તેમના નિર્વાહની બાબતમાં વિચારવાની જરૂર પડી. કેમ જે, ધર્મકુળ ચાહે તેવું કહેવાતું હોય, તોપણ નિર્વાહનાં સાધન વિના તેમને સત્સંગમાં ટકવું કઠણ હતું. ત્યાગી સિવાયનાને સત્સંગમાં ગમે તેવું હેત હોય, તોપણ ચોક્કસપણે ટકવું કઠણ છે. શ્રીહરિએ એમ જાણી મનમાં ખૂબ જ દયા લાવીને સત્સંગમાં ધર્મકુળનો નિભાવ જે રીતે થાય તેવું વિચાર્યું.

ધર્મકુળના નિર્વાહની વ્યવસ્થા :

કોઈ મનુષ્ય ગમે તેવો સમર્થ હોય, તોપણ કાંઈ પરિશ્રમ કર્યા સિવાય ક્યારેય કુટુંબનો નિર્વાહ થઈ શકતો નથી. કેમ જે, ઉદ્યમ વિના કોઈનો પણ નિર્વાહ થતો નથી. તેથી તેવા જનો બહુ હેરાન થાય તોપણ તેને અન્નવસ્ત્ર મળતાં નથી. અનંતકોટિ બ્રહ્માંડોમાં જેટલા જીવ રહ્યા છે તે જીવ જેવા જ દેવો છે અને તેવા જ રાજા છે. તેમાં જેની જેવી ખેતી-આજીવિકાની રીત હોય તેવું ભગવાન તેનું પોષણ કરે છે. અન્ન અને વસ્ત્ર વિના ધર્મકુળને બહુ દુઃખી દેખીને શ્રીહરિએ ધર્મકુળને સત્સંગમાં પૂજ્ય કર્યું છે. પરંતુ જ્યાં સુધી ધર્મકુળ ધર્મમાં રહે ત્યાં સુધી તે સત્સંગને માટે પૂજ્ય છે. શ્રીહરિએ સત્સંગ સમાન ધર્મકુળ કે બીજા કોઈનો પ્રતાપ પોતાને મુખે કહ્યો નથી. માટે જેને સત્સંગ પ્રમાણ કરે તેને જ સાચું ધર્મકુળ જાણવું. જે સત્સંગની રીતે ચાલે છે તેને જ સત્સંગ પ્રમાણિત કરે છે. ધર્મવંશી થયા તો તેનાથી શું થયું ? જ્યારે તે ધર્મની રીતમાં ચાલે ત્યારે તેને માનવા જોઈએ. આ સત્સંગનો તો એવો પ્રતાપ છે કે જેથી અમાપ ધન મળતું રહે છે. જે જે વૈભવો મળે છે તે તો સત્સંગના પ્રતાપથી છે. આ રીતે જ્યાં સુધી માનતા રહે ત્યાં સુધી ધર્મવંશીની કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે.

અન્ન-વસ્ત્ર વિનાના હરિભક્તોની જે બહુ ભાવથી સંભાળ જેટલી રાખે, તેટલા તે ધર્મની ગાદીને યોગ્ય છે. શ્રીહરિના બંને ભાઈના એક એક પુત્રને ગાદીને યોગ્ય જાણીને તેમને સત્સંગના બે આચાર્યના રૂપમાં શ્રીહરિએ ગાદીએ બેસાડ્યા. શ્રીહરિએ પોતાના દત્તપુત્ર કરીને જેને ગાદીએ બેસાડ્યા હતા તેના અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એવાં નામ હતાં. ત્યાગી અને ગૃહસ્થ હરિભક્ત પુરુષોને તે બંને મંત્ર આપતા. જ્યારે ગૃહસ્થ હરિભક્તો આચાર્ય પાસેથી મંત્ર લે ત્યારે શ્રીફળ આદિક ભેટ અર્પણ કર્યા સિવાય ક્યારેય મંત્ર લેતા નહીં. જે ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્ત હોય તે જ્યારે મંત્ર લે ત્યારે હાથની વીંટી કે મેવા-મીઠાઈ આદિક ભેટ ધરતા. મંત્ર લેવામાં જેવો ઉત્સાહ અને આદર હોય તેવું તેને ફળ મળે છે. જેમ કે, છીપ જેટલા ઉત્સાહ અને આદરથી ઊછળીને વૃષ્ટિબિંદુને ઝીલે છે તેવું તેમાં મોતી થાય છે. શ્રીહરિ જેવા જીવના અંતરમાં અંતર્યામીપણે નિવાસ કરીને રહ્યા છે, તેવા જ મંત્રમાં પણ નિવાસ કરીને રહ્યા છે.

શ્રીહરિ વડતાલથી ગઢપુર જવા માટે ચાલી નીકળ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે સંતોને શ્રીહરિ સાથે લઈને ચાલ્યા. પાંચમે દિવસે સહુ ગઢપુર પહોંચ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૧૦૯ થી ૧૧૮)

●●●

વડતાલમાં શિક્ષાપત્રી આલેખન કરતા ભગવાન શ્રીહરિ
સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૫)

સં. ૧૮૮૨માં ભગવાન શ્રીહરિ વડતાલમાં કાર્તિકી પૂનમનો ઉત્સવ કરી વડોદરા પધાર્યા. વડોદરામાં ભગવાન શ્રીહરિની સયાજીરાવ સરકારે વડોદરાના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા કાઢીને સન્માન કર્યું. પછી સયાજીરાવ સરકારે મહારાજનો હાથ પકડી રાજમહેલમાં પધરામણી કરાવી. મસ્તુબાગમાં મહારાજે વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કર્યો તેમજ સયાજીરાવ સરકાર તથા ભક્તજનોને પોતાનું અલૌકિક દર્શનનું સુખ આપી વડોદરામાં ત્રણ દિવસ લાભ આપીને વિદાય લેવા ભગવાન શ્રીહરિ તૈયાર થયા. મહારાજ અહીંથી વિદાય લેવાના હતા એટલે સુવર્ણની અંબાડીથી શોભતો ગજરાજ મહારાજ સન્મુખ ઝૂક્યો. મહારાજ તેના ઉપર બિરાજમાન થયા. શ્રીહરિની સવારી ચાંપાનેરી દરવાજા પાસે થઈને ગોવર્ધનનાથજી મંદિર, તંબોળીવાડ, લક્કડ પીઠું, ખારવાવાડ, ડભોઈયા વાડી, સોની વાડી, કંસારા વાડી, કેવડાબાગ થઈ મસ્તુબાગમાં રાત્રિનિવાસ કર્યો. સવાર પડી ત્યારે મસ્તુબાગમાં શ્રીમંત સયાજીરાવ સરકાર તથા રાજ્યના અધિકારીઓ વગેરે ભક્તજનો પણ પ્રાતઃવિધિથી પરવારી મહારાજ પાસે આવી ગયા. તેઓ જાણતા હતા કે આજે મહારાજ વિદાય માગવાના છે. મહારાજે સરકારનો સત્કાર કરતાં કહ્યું : "સરકાર ! આપે અહીં ત્રણ દિવસ સુધી અપાર લાભ લીધો અને પ્રજાજનોને પણ અપાવ્યો. હવે અમે આજે આપની વિદાય માગીએ છીએ."

તે સાંભળી શ્રીમંત સરકારની આંખો ભીની થઈ ગઈ. તેમણે કહ્યું : "મહારાજ ! ફરી એક માસ રહેવાય તેવી રીતે આપ પધારો, એવું વચન આપો તો મારા અંતરમાં શાંતિ થાય."

ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : "ભગવાનની ઈચ્છા હશે તો એવો યોગ આવી જશે." પછી ભગવાન શ્રીહરિની વિદાય નિશ્ચિત હતી તેથી શ્રીમંત સરકારે પોતાની ચતુરંગી સેના તથા વાજાં, પડઘમ, ત્રંબાળું ઢોલ, તૂરી, રણશીંગા, રામ ઢોલ, શરણાઈ, ડંકા, નોબત તૈયાર જ રાખ્યાં હતાં. વડોદરાની જનતા પણ મહારાજના આ વિદાય દર્શન માટે મસ્તુબાગમાં આવવા લાગી. સમગ્ર મસ્તુબાગ ભાવિક જનતાથી ઉભરાવા લાગ્યો.

ભગવાન શ્રીહરિ પોતાના તંબૂમાંથી તૈયાર થઈને નીકળ્યા. ગજરાજ ઝૂક્યો. સીડી મુકાણી અને મહારાજ ઉતાવળે ગજરાજ ઉપર ચડી સુવર્ણની અંબાડીમાં બિરાજી ગયા. પાછળ નારુપંત નાના મહારાજને ચામર ઢોળવા લાગ્યા. મહારાજે અંબાડી ઉપરથી ઈશારો કરીને નાજા જોગિયાને પાસે બોલાવ્યા અને તેમને સૂચના આપી કે, "છાણીમાં સવારીને વિદાય કરવાની છે. તે સમયે હાથી ઝૂકે કે તરત જ માણકી ઘોડી હાથ પાસે તૈયાર રાખજો." આટલું કહ્યું ત્યાં હાથી ઊભો થયો.

ભગવાન શ્રીહરિના હાથીની પાછળ બીજા હાથી ઉપર શુકાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી બેઠા હતા. તોપના અવાજ થયા, બંદૂકો ફૂટી, નોબત વાગી અને નિશાન-ડંકાના અવાજ સાથે પડઘમ વગેરે વાગવા લાગ્યા. ચતુરંગી સેનાની જે પ્રથમ સવારી નીકળી હતી, તે મુજબ જ આ સવારીની વ્યવસ્થા હતી. મહારાજના હાથીની સાથોસાથ મહારાજના પાર્ષદો પોતાના ઘોડાને રેવા ચાલમાં ચલાવતા



સવારીની વ્યવસ્થામાં વિક્ષેપ ન થાય તે પ્રમાણે ચાલતા હતા. ભગવાન શ્રીહરિની આ દિવ્ય શોભાયાત્રાના દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિકો ઊમટ્યા હતા. શ્રીમંત સરકાર પોતાના અશ્વ ઉપર બેસી મહારાજની વિદાયના અશ્રુભીની આંખે દર્શન કરી રહ્યા હતા. સવારી આગળ ચાલવા લાગી. વડોદરા નગરની હદ છોડી અને મહારાજ વિદાય થયા. છાણી આવ્યું. મહારાજ વડોદરા પધાર્યા ત્યારે અહીંથી જ ગજરાજ ઉપર બિરાજ્યા હતા.

ભગવાન શ્રીહરિએ મહાવતને હાથી ઝુકાવવા કહ્યું. પછી તે મહાવત ભગવાન શ્રીહરિ સન્મુખ ઊંચું જોઈ, બે હાથ જોડી અતિ દીન વાણીથી બોલ્યો : ''ખુદાવંદ ! મેં આપકે કદમોંકા ગરીબ ગુલામ હું, ઔર આપકી બંદગી કરુંગા, તો મુજે બી આપકે વો સબ ફિરસ્તે માફક ભિસ્તકમેં ભેજ દીજિયો.''

ત્યારે ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈને કહ્યું : ''મહાવત ! તમે અમને આ દેખો છો તેવા નિરંતર સંભાર્યા કરજો. અને દારૂ, માટી, ચોરી તથા અવેરીનો ત્યાગ કરી અમારું 'સ્વામિનારાયણ' નામ લઈ ભજન કર્યા કરજો; તેથી તમારું પણ આ સાધુ જેવું કલ્યાણ થશે, તથા તમારી ઈકોતેર પેઢીનો પણ ઉદ્ધાર થશે.'' એમ કહી પ્રસન્નપણે પોતાની કોટમાંથી હાર કાઢીને તે મહાવતના મસ્તક ઉપર નાંખ્યો. તેથી તે મહાવત અતિ રાજી થયો.

પછી હાથીને ઝુકાવ્યો. તરત જ નાજા જોગિયાએ માણકી ઘોડી હાથી પાસે લાવીને તૈયાર રાખી. આજુબાજુ પાર્ષદો પોતાના ઘોડા ઉપર મહારાજની માણકીને વીંટળાઈને ઊભા હતા. મહારાજ સીડીના ત્રીજા પગથિયા ઉપરથી જ છલાંગ મારી અને માણકી ઉપર બેસી ગયા ! માણકીના પેંગડામાં મહારાજે પગ મૂક્યો અને માર્ગ દેવા ઈશારો કર્યો. તરત જ સમુદ્ર માર્ગ આપે તે પ્રમાણે રસ્તો થઈ ગયો અને માણકી વાયુવેગે વાજોવાજ ઊપડી. જેમ આકાશમાંથી તારો ખરે કે જેમ તોપનો ગોળો છૂટે કે જેમ વીજળીનો ઝબકારો થઈ જાય તેમ અતિ વેગમાં માણકી ઘોડી સરરર કરતી દોડી ગઈ. એમ જોતજોતામાં માણકી સવારીના સમૂહને અગોચર બની ગઈ! મહારાજના છેલ્લા શબ્દો સંભળાયા : 'જય સ્વામિનારાયણ !'

તે થોડે છેટે સુધી તો ભગવાન શ્રીહરિના પાઘમાં ખોસેલા પુષ્પના તોરા ઊછળતા હતા અને શ્વેત અંગરખાની ચાળો બે તરફ વેગમાં ફરક ફરક થતી હતી. તેથી જાણીએ હંસ ઊડીને આકાશમાં જતો હોય એમ જણાયા અને પછી અદૃશ્ય થઈ ગયા.

સૌ કોઈ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા ! ભગવાન શ્રીહરિના પાર્ષદોએ પણ પાછળ પોતાના ઘોડા દોડાવી મૂક્યા. કાઠી દરબારો પણ મારતે ઘોડે મહારાજને આંબી જવા ઉપડ્યાં !

બરાબર આ જ સમયે દીવાનના ચાર સરદારો ભગવાન શ્રીહરિ હાથી ઉપરથી ઊતરે કે તરત જ તેમને પકડી લેવા - તેવી સૂચનાનો અમલ કરવા મહારાજના ઝૂકેલા હાથી પાસે આવી ગયા. પરંતુ એટલામાં તો મહારાજ માણકી ઉપર સવાર થઈને ત્યાંથી રવાના થઈ ગયા હતા. દીવાનનો છેલ્લો દાવ પણ આમ ધૂળમાં મળી ગયો !

ગજરાજ ધીરેથી ઊઠ્યો. ભગવાન શ્રીહરિને પોતાની પીઠ ઉપર પધરાવી તેને ચાલતાં કઠણ નહોતું પડતું એટલું તેને ઊઠતાં પડ્યું. તેને પણ મહારાજની વિદાય અસહ્ય થઈ પડી. નારુપંત નાનાએ તેની સૂંઢ ઉપર હાથ ફેરવ્યો. મહારાજ જે દિશામાં ગયા હતા તે દિશામાં સૂંઢ ફેરવી અશ્રુ સારતો ગજરાજ સવારી સાથે ત્યાંથી પાછો ફર્યો.

(શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ : અધ્યાય - ૧૦ના આધારે...)

(શ્રીમંત સરકાર જ્યારે હાથીખાનામાં જતાં ત્યારે ભગવાન શ્રીહરિના પ્રસાદીના ગજરાજને નમસ્કાર કરતા. તેને હંમેશા મિષ્ટ ભોજન જમાડવાની અને સાથે સાથે દૂધ પણ આપવાની તેમણે મહાવતને સૂચના આપી હતી. ત્યારપછી પોતે કોઈ દિવસ આ ગજરાજ ઉપર સવારી કરી ન હતી.)

પાછળ રહેલા સદ્‌ગુરુ સંતો તથા સંઘમાં આવેલા હરિભક્તોને વડતાલ પહોંચાડવાની વ્યવસ્થા કરી રાખી હતી. તેમને માટે સિગરામ, મેના, ગાડાં વગેરે તૈયાર રાખ્યાં હતાં. તેમનું સર્વેનું પૂજન કરી, તેમને દંડવત્ કરી સૌને વાહનોમાં બેસાર્યા અને વડતાલ જવા વિદાય કર્યા.

નારુપંત નાના સીધા જ રેસિડન્ડ મિ. વિલિયમ્સને ત્યાં ગયા. ભગવાન શ્રીહરિએ તેમને તે પ્રમાણે સૂચના આપી સંદેશો મોકલ્યો હતો. નારુપંત નાનાને જોઈ મિ. વિલિયમ્સે પૂછ્યું : ''ભગવાન સ્વામિનારાયણ ગયા ?''

નારુપંત નાનાએ કહ્યું : ''હા, હમણાં જ છાણીથી વડતાલ પધાર્યા. દીવાને ફરી તેમને પકડવાનું કાવતરું કર્યું હતું. પણ એ તો ભગવાન છે. એમ કોઈની જાળમાં આવે એવા નથી. એટલે હાથી ઉપરથી ઊતરી, સીધા માણકી ઉપર બિરાજી રવાના થઈ ગયા. દીવાનના માણસો જોતા રહ્યા !''

એટલું કહીને તેમણે કહ્યું : ''આ પરિસ્થિતિને લઈને તેઓ આપને મળી શક્યા નથી. પરંતુ એક સંદેશો કહેવરાવ્યો છે કે તમારો

પુત્ર થોડા જ સમયમાં પાછો આવી જશે. તેની તમો ચિંતા કરશો નહીં.''

વિલિયમ્સને આ સાંભળી આશ્ચર્ય થયું. ભગવાન સ્વામિનારાયણે મારા પુત્ર વિશે ક્યાંથી જાણ્યું કે તે લાપતા થઈ ગયો છે ! પરંતુ નાના સાહેબના આ શબ્દોથી તેમના આનંદનો પાર ન રહ્યો. એટલામાં તેમની પત્ની આવી, તેને પણ આ સમાચાર સાંભળી આનંદ થયો.

(વિલિયમ્સનો પૂત્ર જહોન, લખનૌ અને અયોધ્યાના નવાબોને તાબે કરવા માટે મોકલાવેલ એત ટુકડીનો સરદાર હતો. પરંતુ નવાબના સૈનિકોના હાથમાં તે પકડાઈ ગયો. અંગ્રેજ સરદારોએ તથા વિલિયમ્સે તેનો પત્તો કાઢવા ઘણાં ફાંફા માર્યા. અઢી-ત્રણ માસ થયા પણ તેનો પત્તો લાગ્યો નહીં. છેવટે તેણે મનોમન ભગવાનને પ્રાર્થના કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણે તેની પ્રાર્થના સાંભળી અને લખનૌના નવાબને પ્રેરણા કરી. તેથી તેમણે જહોનને ભગવાન શ્રી સ્વામિનારાયણ વડોદરાથી વિદાય થયા તેના બીજે જ દિવસે છોડી મૂક્યો. લખનૌમાં રહેતા અંગ્રેજ લશ્કરના સેનાપતિએ તેને તે જ દિવસ લશ્કરી બંદોબસ્ત સાથે વડોદરા મોકલી દીધો. એક અઠવાડિયામાં જહૉન વડોદરા આવી ગયો અને પોતાના માતા-પિતાને મળ્યો. તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદ અમૂલ્ય લાગ્યા !)

ભગવાન શ્રીહરિ છાણીથી નીકળી સાંજે સંધ્યા આરતી સમયે વડતાલ પહોંચી ગયા. સખા તથા પાર્ષદો પણ સાજે જ હતા. ભગવાન શ્રીહરિનું સ્વાગત વડતાલમાં અગાઉથી આવી ગયેલા હરિભક્તોએ હનુમાનવાળે દરવાજે કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયઘોષ કર્યો.

હાથીથી ઉતર્યા હરિ જ્યારે, બેઠા માણકી ઘોડીયે ત્યારે; ચાલ્યા ઝડપથી ધર્મકુમાર, રહ્યા સાથે સહુ અસવાર.
થઈ શીતળ આરતી જ્યારે, વરતાલ આવ્યા વાલો ત્યારે; હનુમાન તણે દરવાજે, આવી જય કહી મિત્રસમાજે.

(શ્રીહરિલીલામૃત : ૮/૪૮/૨૦-૨૧)

ઉચ્ચ સ્વરે થયેલો જયઘોષ સાંભળી મંદિરમાં રહેલા સંતો-હરિભક્તો તથા વડતાલના નગરજનોને થયું કે મહારાજ પધાર્યા લાગે છે. તેથી આ ભાવિક દર્શનાતુર બની મહારાજના દર્શન કરવા દોડી આવ્યા. હનુમાનવાળે દરવાજે ભારે ભીડ જામી. પુષ્પોની, પુષ્પહારોની વૃષ્ટિ થઈ અને લક્ષ્મીનારાયણ દેવના જયઘોષ પણ સંભળાયા.

ભગવાન શ્રીહરિ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવના દર્શન સ્થિર નેત્રે કરી રહ્યા. તે વખતે નારાયણાનંદ બ્રહ્મચારીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ દૂધ-પૂરી જમવા પધારો. થાળ તૈયાર છે.''

શ્રીહરિએ કહ્યું : ''હમણાં સ્નાન કરીને પછી જમવા આવીશું.''

એટલામાં માધવાનંદ બ્રહ્મચારી સ્નાન કરવા માટે ગરમ પાણી લઈને આવ્યા. દક્ષિણ તરફની જે રૂપચોકી છે ત્યાં બેસી મહારાજે સ્નાન કર્યું. પછી પીતાંબર પહેરી મહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની કોળીમાં પધાર્યા અને ત્યાં જ દૂધ-પૂરીનો થાળ જમ્યા. જમ્યા પછી મહારાજે અક્ષરાનંદ સ્વામીને કહ્યું : ''આ બધા મહેમાનો અમારી સાથે આવ્યા છે તેમને ઉતારાની, જમવાની વ્યવસ્થા કરો. આવતી કાલ સુધીમાં બીજા પણ મહેમાનો આવી પહોંચશે. તેમની પણ વ્યવસ્થા કરવાનું ધ્યાન રાખશો.''

બીજે દિવસે વડોદરાથી સંતો, હરિભક્તો આવી પહોંચ્યા. વડોદરામાં ભગવાન શ્રીહરિની શ્રીમંત સયાજીરાવ સરકારે પધરામણી કરી. ધર્મસભામાં શ્રીહરિએ તમામ પ્રશ્નોના શાસ્ત્રોનાં પ્રમાણો આપી, ઉત્તર કરી સૌને સંતોષ પમાડ્યો અને સરકાર પણ ભગવાન શ્રીહરિના પરમભક્ત બની ગયા.

આ બધા પ્રસંગોથી સૌને હવે પ્રતીતિ થઈ કે સંપ્રદાયનું ગૌરવ વધ્યું છે. સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ ઉદ્‌બોધેલ જ્ઞાન સર્વોત્કૃષ્ટ છે અને સંતો પણ સૌ સાધુતાનું શીલ સાચવવા સાવધાન વર્તે છે.

પછી દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર વગેરે કાઠી ભક્તોને પોતપોતાના ગામ જવા ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી. ધર્મવંશીઓને પણ ગઢપુર મોકલ્યા. અત્યંત રાજી થઈને સૌને આશીર્વાદ આપતાં મહારાજે કહ્યું : ''તમો સૌ અમારે અર્થે ધન, ધામ, કુટુંબ, પરિવાર અને વ્યવહારનો ત્યાગ કરી અમારી સાથે ને સાથે જ ફરો છો, તો હવે ઘેર જઈ તમારા વ્યવહાર કાર્યમાં જોડાઈ જાઓ. તમો તમારો વ્યવહાર કરશો તોપણ તમારી વૃત્તિ તો અમારા સ્વરૂપમાં સદા રહેશે જ.'' એ પ્રમાણે પ્રસન્નતાપૂર્વક સૌને વિદાય આપી.

પછી ભગવાન શ્રીહરિએ કહ્યું : ''હવેથી અહીં જેતલપુરના ગંગામાં, નડિયાદના રેવાબા અને વસોના જમનાબા - ત્રણે વારાફરતી અમારો થાળ બનાવશે.'' એમ કહી મહારાજે એ ત્રણેને રહેવા માટે મંદિર પાછળ તે સમયે હવેલી હતી તેની નીચે બે ઓરડા હતા, તે અક્ષરાનંદ સ્વામીને કહીને અપાવ્યા. શ્રીહરિ નિત્ય આ ઓરડાની ઓસરીમાં થાળ જમવા પધારતા.

એક દિવસ ગોપાળજીએ શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આપની સેવા કરવાનો અમને હજુ સુધી લાભ મળ્યો નથી. તેથી આપ જો આપનો થાળ કરવાની સેવા આપો, તો અમને સૌને આપની સેવા-ભક્તિ કર્યાનો આનંદ થશે.''

ભગવાન શ્રીહરિ તેમનો ભાવ જોઈ કહ્યું : "ભલે, તમારો થાળ દર ત્રીજે દિવસે અમે જમીશું, જેથી સૌને લાભ મળે." એટલું કહીને પછી તેમને કહ્યું : "ગુજરાતી રસોઈ રેવાબા પાસે શીખી લેજો."

રેવાબા તથા ગંગાબાએ ગોપાળજીના પત્ની મેનાને ગુજરાતી રસોઈ પ્રેમપૂર્વક શીખવી.

કાર્તિક વદ એકાદશી આવી (વડતાલના ત્રીજા વચનામૃતની શરૂઆત થઈ) એટલે મહારાજે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કર્યો. પ્રાગજી દવે કથાકાર તરીકે વ્યાસપીઠ ઉપર બિરાજ્યા. તેઓ વાંચતા અને પ્રસંગોપાત્ત મહારાજ તેના ઉપર વાતો કરતા.

• શિક્ષાપત્રી લખવાનો આરંભ :

દરરોજ સાંજે કથા વંચાતી. આ કથા વાંચન દમ્યાન ભગવાન શ્રીહરિએ વિચાર કર્યો કે મારા આશ્રિત બ્રહ્મચારી, સાધુ, પાર્ષદો, ગૃહસ્થો, રાજાઓ, સધવા અને વિધવા સ્ત્રીઓ તથા આચાર્યો તે સૌને પાળવાના નિયમનો એક ગ્રંથ - આચારસંહિતા રચવી જોઈએ. આ સંહિતામાં શ્રુતિ અને સ્મૃતિ તથા અન્ય સર્વ શાસ્ત્રોનો સાર સમાવી લેવો. આ પ્રમાણે વિચાર કરી કાર્તિક વદમાં ભગવાન શ્રીહરિએ 'નારાયણ મહોલ'માં બિરાજમાન થઈ શિક્ષાપત્રી લખવાની શુભ શરૂઆત કરી.

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં લખે છે :

ઘણા જીવના કલ્યાણ કાજે, વિચાર્યું મનમાં મહારાજે; શીક્ષાપત્રી રચું એક સારી, સર્વ શાસ્ત્રનો સાર ઉદ્ધારી...૫૧
જેમ પાર પમાડવા હેતુ, રચે સાગર ઉપર સેતુ; શીક્ષાપત્રિ પ્રમાણે જો ચાલે, ભવપાર પામે કળિ કાળે...૫૨
એવું અંતર માંહિ વિચારી, લખવા માંડી પત્રિ મુરારી; કૃપાનાથે કૃપા કરી ત્યાંય, કર્યો આરંભ કાર્તિકમાંય...૫૩
નારાયણમોલ માંહિ પ્રભાતે, લખે પત્રિ પ્રભુ ભલિ ભાતે; સાલ બ્યાશીયાની હતી જ્યારે, આવી વસંતપંચમી ત્યારે...૫૪
થઈ તે દિન પત્રી તે પૂરી, એમાં કાંઈ રહી ન અધુરી; લખ્યા ચારે વરણ તણા ધર્મ, લખ્યો ત્યાગી ગૃહસ્થનો મર્મ...૫૫
ધર્મ ભક્તિ ને જ્ઞાન વૈરાગ, લખ્યો તેહના ભેદનો ભાગ; લખ્યા આચાર્યના ધર્મ તેહ, લખ્યું આ રીતે વર્તે ન જેહ...૫૬
સતસંગથી તે છે વિમુખ, નરકે જઈ પામશે દુઃખ; બિરાજી હરિમંડપ માંય, શિક્ષાપત્રિ શોધી પછિ ત્યાંય...૫૭
નિત્યાનંદ આદિક વિદવાન, કહે સૌ પ્રત્યે શ્રીભગવાન; આમાં ભૂલ જે કાઢે એકાદી, તેને આપું હું થાળ પ્રસાદી...૫૮
પછિ સર્વેયે પત્રી તપાસી, પણ ભૂલ કશી નહિ ભાસી; ત્યારે સર્વે બોલ્યા શિર નામી, આપ સર્વજ્ઞ અંતરજામી...૫૯
વાણિ આપની તે વેદવાણી, એમાં ભૂલ કશી નવ જાણી; સવિત્રાનંદ આદિક સારા, જે જે સંત હતા લખનારા...૬૦
તેની પાસે ઘણીક લખાવી, દેશદેશ પ્રત્યે મોકલાવી; સર્વ સંત તથા બ્રહ્મચારી, સૌને આપિ બોલ્યા ધર્મ ધારી...૬૧
ભણેલા નિત્ય પાઠ તે કરજો, ન ભણેલા તે શ્રવણ આદરજો; મારિ વાણિ સ્વરૂપ છે મારું, માનજો હિત ચાહિ તમારું...૬૨
પાઠ નિયમ ચુકે કોઈ દાસ, કરે એક દિવસ ઉપવાસ; એવું ઉચ્ચરી નિયમ ધરાવ્યા, પાઠ કરવાના નિત્ય ઠરાવ્યા...૬૩

(શ્રીહરિલીલામૃત : ૮/૪૮/૫૧-૬૪)

ભગવાન શ્રીહરિ વડતાલ નારાયણ મહોલમાં એકાંતમાં બેઠા. એકાગ્રમને કરીને સાર સાર વિષયને ગ્રહણ કર્યો. પછી ડાબા સાથળ ઉપર લાકડાનું એક હળવું પાટિયું રાખ્યું. તેના ઉપર એક કાગળ મૂક્યો અને જમણા હાથમાં એક કલમ લીધી. થોડી ગરદન ઝૂકાવીને પત્રી લખવાનો આરંભ કર્યો. પછી તે શિક્ષાપત્રીમાં સમગ્ર શાસ્ત્રનો સાર સાર કાઢીને ભરવા લાગ્યા. સતત ત્રણ માસ પછી બરાબર સં.૧૮૮૨ મહા સુદ વસંતપંચમીનો દિવસ આવ્યો ત્યારે શ્રીહરિએ તે શિક્ષાપત્રી હરિમંડપમાં પૂર્ણ કરી. (વડતાલના વચનામૃત પૂર્ણ થયાં) પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી આદિ વિદ્વાનોને બોલાવ્યા. તે સંતો ઉપર અપાર કૃપા કરીને પોતે લખેલી શિક્ષાપત્રી શોધવાને માટે આપી.

ત્યારે તે જોઈને સંતોએ કહ્યું, "મહારાજ ! આપ શું કહો છો ? આ તમારી વાણી તો વેદ સ્વરૂપ છે. આમાં ખામી ક્યાંથી હોય?" પછી શ્રીહરિએ હરખથી સવિત્રાનંદ સ્વામી આદિ સંતોને બોલાવ્યા. તે લહિયા સંતોની પાસે શિક્ષાપત્રીની પ્રતિઓ-કોપી લખાવી અને બધા દેશમાં મોકલાવી. દેશ-દેશમાં રહેલા હરિભક્તો અને પોતાના પ્યારા સંતો સુધી તે શિક્ષાપત્રી પહોંચાડી દીધી. વળી, સહુને આજ્ઞા કરી કે, 'આ મારી વાણી તે મારું સ્વરૂપ છે. માટે સહુએ તેને સુખરૂપ માનવી. આ શિક્ષાપત્રીનો સહુએ નિત્ય પાઠ કરવો. જે ન ભણ્યા હોય તેણે નિત્ય સાંભળવી. પાઠ કરવાનો કે સાંભળવાનો યોગ ન આવે તો ભાવથી આ શિક્ષાપત્રીની પૂજા કરવી. અને જો શિક્ષાપત્રીનું વાંચન, શ્રવણ કે પૂજન - એ ત્રણમાંથી એક પણ જે દિવસ ન થઈ શકે, તો તે દિવસ ઉપવાસ કરવો, આવી મારી આજ્ઞા છે; તેને તમારે શિરોમાન્ય કરવી.'

આ રીતે સં. ૧૮૮૨ની વસંતપંચમી, એ સંપ્રદાયના ઈતિહાસમાં એક સિમાચિહ્ન તરીકે ગણાશે. કારણ કે સંપ્રદાયના વ્યવસ્થિત બંધારણનો, સંપ્રદાયના તમામ આશ્રિતજનોને નિયમબદ્ધ કરવા તે દિવસે શિક્ષાપત્રી દ્વારા પાયો નંખાયો, જેથી ભવિષ્યમાં સત્સંગ એ કેવળ બાહ્યાચાર જ ન બની રહે. પોતાના તમામ આશ્રિતજનોને શિક્ષાપત્રી રૂપી સૂત્રથી ભગવાન શ્રીહરિએ બદ્ધ કરી દીધા; તેમની બાહ્ય અને આંતરશુદ્ધિની સિદ્ધિ માટે ! આંતરશુદ્ધિથી અંતઃદૃષ્ટિ થાય અને ત્યારપછી જ ભગવાન શ્રીહરિના સ્વરૂપની ઉપાસનાનું મહત્ત્વ અને રહસ્ય સમજાય. સત્સંગીઓની આધ્યાત્મિક પ્રગતિ માટે શિક્ષાપત્રીના નિયમોનું પાલન ભગવાન શ્રીહરિએ આવશ્યક માન્યું અને મનાવ્યું. અંતે શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિ લખે છે :

'नेत्थं आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ।।' - અને જે કોઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાયથી વિમુખ છે. એમ સર્વે આશ્રિતોએ જાણવું. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૭)

ભગવાન શ્રીહરિને માત્ર બાહ્યાચાર, દંભ કે અંધશ્રદ્ધા ગમતા ન હતા. તે દૂર કરી પોતાના આશ્રિતજનોને આધ્યાત્મિક ઉન્નતિની પરિસીમા ઉપર મૂકી દેવા હતા. જેથી સંપ્રદાયમાં સદાય શુદ્ધિ સચવાય અને કદી પણ જડતા પેસે નહીં. આ રીતે સંપ્રદાયમાં શિક્ષાપત્રીનું અતિ મહત્ત્વનું સ્થાન ગણાય છે.

लक्ष्मीनारायणादीनां तत्र प्रासादिकं हरिः । सिषेच स्वीयभक्तेषु रङ्गं सद्रेचकेन सः ।।
रङ्गं निषिच्य नितरां तानार्द्रीकृत्य सर्वशः । गुलालं ललितं सोऽलं तेषु चिक्षेप भूपते ।।

પછી ભગવાન શ્રીહરિએ વસંતપંચમીનો ઉત્સવ ધામધૂમથી કર્યો. શિક્ષાપત્રીનો પાઠ કરાવ્યો. તે ઉત્સવમાં શ્રીહરિ લક્ષ્મીનારાયણાદિનો પ્રસાદીભૂત રંગ સુંદર પિચકારી વડે પોતાના ભક્તો ઉપર છાંટતા હતા. શ્રીહરિ પુષ્કળ રંગ છાંટી સર્વ ભક્તજનોને ભીના કરીને, તે ભક્તો ઉપર સુંદર ગુલાલ છાંટતા હતા. શ્રીહરિએ આવી રીતે ભક્તો ઉપર ખોબા ભરી ભરી વારંવાર ગુલાલ નાંખી પોતાના ભક્તજનોને પદ્મરાગ મણિની માફક રક્તવર્ણા કરી દીધા તે સમયે શ્રીહરિ લક્ષ્મીનારાયણની મહાપૂજા ગીત-વાજિંત્રોના ધ્વનિ સાથે નારાયણાનંદ, માધવાનંદ વગેરે વર્ણીવર્યો પાસે કરાવતા હતા.

તે દિવસે શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યા. તેમજ તેમને કોમળ કામળાઓ તથા પુષ્કળ દક્ષિણા આપી. પછી શ્રીહરિ મુનિઓ વગેરેને વિવિધ પ્રકારનાં ભોજનો પીરસીને જમાડતા હતા. પછી પોતે સ્નાન કરી, સુંદર ભોજનો જમતા હતા.

વસંતના ઉત્સવ ઉપર જે જે હરિભક્તો આવ્યા હતા તે તમામને ભગવાન શ્રીહરિએ પોતપોતાના ગામ પાછા જવાની આજ્ઞા કરી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨૦)

●

● શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ :

लिखामि सर्वदेशेषु धर्मशिक्षार्थपत्रिकाम् । तेन सर्वे हि मद्भक्ता वर्तिष्यन्ते तथाऽन्वहम् ।।२४।। अभिप्रायोऽस्ति मे यादक् तादशं तं तु तेऽखिलाः । ज्ञास्यन्ति च भविष्यन्ति तथा विध्वस्तसंशयाः ।।२५।। अन्तर्हिते मयि क्षोण्या मद्भक्तानामशेषतः । सा भाव्याऽऽलम्बनं स्पष्टं मद्वाग्रूपा हितावहा ।।२६।। विचार्यैवं हरिः सारं सच्छास्त्राणां स्वसद्धिया । उद्धृत्यैवाऽलिखत्पत्रीं सद्धर्मं पोषयन् क्षितौ ।।२७।। कल्पद्रुमलतातुल्या तथा चिन्तामणेः समा । याऽस्ति स्वेष्टार्थसंपूर्तौ जनानां स्वानुवर्त्तिनाम् ।।२८।। सच्छास्त्रसारनिभृता चतुर्वर्गप्रदायिनी । मोक्षविघ्नद्रुमोच्छेदे गङ्गाम्बुस्रोतसा समा ।।२९।। धर्मज्ञानविरागादिप्रकाशेऽर्कप्रभोपमा । तापशान्तौ तथाऽऽनन्दे चन्द्रज्योत्स्नास्मयापहा ।।३०।।

सहजानन्दवक्त्राब्जान्निर्गता भवहारिणी । तद्रूपा भक्तसंपूज्या सर्वशास्त्रवरीयसी ।।३१।। हरिर्लिखित्वेति मुदैव शिक्षापत्रीं तथा तत्प्रतिमाष्टकं सः । विधाप्य सद्भिर्निजशान्तिकारीं संप्रेषयामास दिशोष्ट राजन् ।।३२।। तां तत्र तत्राऽथ तदीयभक्ताः प्रपद्य मोदं नितरामवापुः । कृत्वा ततस्तत्प्रतिमां च सर्वे पृथक् पृथक् ते बिभरांबभूवुः ।।३३।। भक्तास्ते हरिनिरतास्तदुक्तरीत्या सोत्कण्ठं सततमथैव वर्तमानाः । श्रीधार्मिं हरिमखिलावतारहेतुं विज्ञाय ध्रुवमभजन्निजेष्टदेवम् ।।३४।।

'સર્વ દેશોમાં ધર્મની શિક્ષાના અર્થવાળી પત્રિકા લખીને હું મોકલાવું તેથી મારા સર્વ ભક્તો તે પ્રમાણે દરરોજ વર્તે. (૨૪) મારા સમગ્ર ભક્તો મારો જેવો અભિપ્રાય છે તેવો અભિપ્રાય તે પત્રિકામાંથી જાણશે અને તે જાણીને નિઃસંશય થશે. (૨૫)

હું પૃથ્વી ઉપરથી અંતર્ધાન થાઉં પછી મારા સમગ્ર આશ્રિતોને પૃથ્વી ઉપર મારી વાણી રૂપી શિક્ષાપત્રી, તેમના આધારરૂપ થઈને હિતનું વહન કરનારી સ્પષ્ટ પ્રકારે થશે. (૨૬) હે રાજન્ ! પૃથ્વી ઉપર સદ્ધર્મનું પોષણ કરતા શ્રીહરિ આ પ્રમાણે વિચાર કરી,

પોતાની બુદ્ધિથી સત્શાસ્ત્રોના સારનો ઉદ્ધાર કરી, પત્રી લખતા હતા. (૨૭)

જે શિક્ષાપત્રી, સ્વ અનુસાર વર્તનારા ભક્તજનોને તેમની મનોવાંછિત કામના પૂરી કરવામાં કલ્પદ્રુમલતા સમાન તથા ચિંતામણિ સમાન છે. (૨૮) સત્શાસ્ત્રના સારથી પૂર્ણ, ચાર પ્રકારના અર્થ આપનારી છે. મોક્ષમાં વિઘ્નરૂપ દ્રુમોને છેદવામાં ગંગાના જળના પ્રવાહ સમાન; (૨૯)

ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય વગેરે પ્રકાશવામાં સૂર્યની પ્રભાસમાન, તાપની શાંતિ કરવામાં તથા આનંદ કરવામાં ચંદ્રની જ્યોત્સ્નાના ગર્વનો નાશ કરનારી; (૩૦) શ્રીસહજાનંદના મુખ કમળમાંથી નીકળેલી, સંસારનો નાશ કરનારી, શ્રીસહજાનંદના સ્વરૂપરૂપ, ભક્તોએ પૂજેલી, સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ; (૩૧)

હે રાજન્ ! સર્વને શાંતિકારી શિક્ષાપત્રી, શ્રીહરિ હર્ષપૂર્વક લખીને તથા તેની નકલો સવિત્રાનંદ વગેરે આઠ સાધુઓ પાસે કરાવીને, આઠે દિશામાં રહેતા પોતાના આશ્રિત જનોને મોકલતા હતા. (૩૨)

તે તે દેશના ભક્તો તે શિક્ષાપત્રી મેળવીને અત્યંત આનંદ પામ્યા. પછી સર્વ ભક્તો તે શિક્ષાપત્રીને જુદી જુદી લખી પોતા પાસે રાખતા હતા. (૩૩) પછી શ્રીહરિએ કહેલી રીત પ્રમાણે વર્તતા, પોતાના ઈષ્ટદેવ ધર્મપુત્ર શ્રીહરિને સર્વ અવતારોના કારણ જાણીને યથાર્થ રીતે તેમનું ભજન કરતા હતા. (૩૪)

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨૦)

● શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ :

પછી સાંજ સમયે શ્રીહરિએ એકાંત સ્થાનમાં બેસીને સમગ્ર સ્વાશ્રિત ભક્તોનું હિત ચિંતવન કરતા સતા તેમને માટે પત્રિકા લખવાનો નિશ્ચય કર્યો. 'સમગ્ર દેશોમાં પણ ધર્મની શિક્ષા માટે પોતાના આશ્રિત જનોને ધર્મોપદેશ કરવાના પ્રયોજનવાળી પત્રિકા લખીને મોકલાવું. જે મારી લખેલી પત્રિકાને વાંચવાથી મારા ભક્તો તે પ્રમાણે જ વર્તશે. સમગ્ર મારા ભક્તો મારો જેવો અભિપ્રાય છે તેવો અભિપ્રાય શિક્ષાપત્રીથી જ જાણશે અને સંશયે રહિત પણ થશે. હું પૃથ્વીથી અંતર્હિત થાઉં ત્યારે પૃથ્વીમાં સર્વે મારા જનોને સ્પષ્ટ મારા વાક્યરૂપી પત્રી આધારરૂપ થશે.' આ પ્રકારે વિચારીને ધર્મની પોતાના શરીરની માફક રક્ષા કરનારા શ્રીહરિએ પોતાના સેવક શુકાનંદ મુનિ પાસે કાગળ, ખડિયો અને કલમ મંગાવી. સ્વામી શ્રી સહજાનંદ ભગવાન પૃથ્વીમાં ભાગવત ધર્મ સ્થાપન કરવા માટે સર્વે શાસ્ત્રોનો સારાંશ અતિ શ્રેષ્ઠ બુદ્ધિથી ખેંચીને દહીંથી માખણની જેમ શિક્ષાપત્રી લખતા હતા.

શ્રીસહજાનંદ સ્વામીએ જમણા સાથળ ઉપર કાગળ મૂકવાની પાટીએ સહિત કાગળ મૂકીને તેને ડાબા હાથથી પકડીને, કલમ લીધેલી હોવાથી સંકુચિત અગ્રભાગવાળી આંગળીઓવાળા જમણા હાથમાં કલમ લઈને, લગારેક નીચે મુખ રાખીને આગળ કહેશે એ પ્રકારે શિક્ષાપત્રી લખી.

ક્ષમા-દયાદિ અનંત ગુણોના મહાસાગર ભક્તિધર્મના પુત્ર અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ શ્રીહરિને હું નમસ્કાર કરું છું. જે શ્રીહરિએ ભાગવતધર્મથી યુક્ત પોતાના ભક્તોના સદ્ધર્મનું રક્ષણ કરવા માટે શિક્ષાપત્રી ઉપદેશેલી છે તે શ્રીહરિ મારા શ્રેય માટે થાઓ. સર્વતંત્ર સ્વતંત્ર પરમેશ્વર મંગલાચરણ કરે છે તે વિઘ્નની શાંતિ માટે નથી. કારણ કે, ભગવાનના સંકલ્પમાં કોઈ વિઘ્ન હોય જ નહિ, જેના વિનાશ માટે મંગલાચરણ કરવું પડે. આ તો સ્વયં ભગવાન છે જેની વાણી મંગલરૂપ છે. જેનું હસવું મંગલમય છે. જેમનાં નેત્રો મંગલ આપનારાં છે, હાથના વિલાસો મનુષ્યોને પરમ મંગલરૂપ છે, મુખારવિંદ મંગળ કરનારું છે, પગનું ચાલવું વગેરે સર્વે જેનું મંગલમય છે તે ભગવાન મનુષ્યલીલાથી મંગલાચરણ કરે છે, માટે આ મંગલાચરણ શિષ્ટાચારની રક્ષાપૂર્વક લોકોના જ્ઞાન માટે છે.

સદ્ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪મા અધ્યાયમાં ગૂંથી લીધી છે :

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि । वृन्दवनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ।।१।।

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું તે શ્રીકૃષ્ણ કેવા છે, તો - જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે, અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યા છે અને વૃન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ।।२।।

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः। यावयोध्याप्रसादख्यरघुवीराभिधौ सुतौ ।।३।।

શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને

રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

मुकुन्दनन्द्युख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदश्रयाः ।।४।।

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दद्यो ये स्युः साधवश्चाखिला अपि ।।५।।

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ॥૫॥

स्वधर्मरक्षिका मे तैः सर्वेर्वाच्याः सदशिषः । श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ।।६।।

એ સર્વે-તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः । अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ।।७।।

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ।।८।।

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને વિષે તથા પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ।।९।।

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

अतो भवदिभर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः । प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ।।१०।।

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

॥ સર્વે સત્સંગીઓના સામાન્ય ધર્મ ॥

कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः। सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ।।११।।

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે - અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् । न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ।।१२।।

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् । मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ।।१३।।

અને સ્ત્રી, ધન અને રાજય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥

आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा । अयोग्याचरणात्क्वापि न विषोद्बन्धनादिना ।।१४।।

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ।।१५।।

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું ॥૧૫॥

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा। अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ।।१६।।

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો

શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું ॥૧૬॥

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तद्नाज्ञया ।।१७।।

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ।।१८।।

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહી અને પીવાં પણ નહી. ॥૧૮॥

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न । जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ।।१९।।

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये । नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदचन ।।२०।।

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि । वेदनां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ।।२१।।

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् । यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ।।२२।।

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું ॥૨૨॥

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि । प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ।।२३।।

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् । परधर्मो न चाचर्यो न च पाषण्डकल्पितः ।।२४।।

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः। स्यात्तन्मुखान्न वै श्रव्याः कथा वार्ताश्च वा प्रभोः ।।२५।।

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેનાં મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ॥૨૫॥

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् । कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ।।२६।।

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

चौरपापिव्यसनिनां सङ्गः पाखण्डिनां तथा । कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ।।२७।।

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः । पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ।।२८।।

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः । कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ।।२९।।

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા અને ન સાંભળવા. ॥૨૯॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा । स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ।।३०।।

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा । अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ।।३१।।

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदचन । मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ।।३२।।

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च । स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ।।३३।।

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નિસરવું નહિ અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात्कार्या न पूरुषैः । न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ।।३४।।

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम् । लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ।।३५।।

અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् । पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ।।३६।।

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः । विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ।।३७।।

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥૩૭॥

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः । तद्वस्त्रं वसनं नैव परिधार्यं मदश्रितैः ।।३८।।

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा । अज्ञनिन्दभयात्रैव त्याज्यं श्रीकृष्णसेवनम् ।।३९।।

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મેરહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः । पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पूरुषाः ।।४०।।

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો અને મંદિરમાંથી નિસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले । धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ।।४१।।

અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः । कार्यं पूजावशिष्टेन केसरादियुतेन च ।।४२।।

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેશર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः । कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ।।४३।।

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

सच्छुद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके । द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ।।४४।।

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા જે સત્શૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવા. ॥૪૪॥

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे । धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ।।४५।।

અને તે સત્શૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ટની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥૪૫॥

त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता । तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदश्रितैः ।।४६।।

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી- એ બે વાના પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः । उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ।।४७।।

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् । मदश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ।।४८।।

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदियाद्रवेः । विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ।।४९।।

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् । स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ।।५०।।

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले । असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ।।५१।।

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥૫૧॥

कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् । कार्यः सधवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ।।५२।।

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया । मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ।।५३।।

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી, તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ॥૫૩॥

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् । शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ।।५४।।

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः । तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ।।५५।।

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે

કરીને માનસી પૂજા પર્યન્ત સર્વે ક્રિયા કરવી. ॥૫૫॥

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः । द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ।।५६।।

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ, તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ॥૫૬॥

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः । तथानधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ।।५७।।

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ કીર્તન કરવું. ॥૫૭॥

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः । कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ।।५८।।

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः । सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ।।५९।।

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् । न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ।।६०।।

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

सर्वैरशक्तौ वार्धक्यादगरीयस्यापदाऽथवा । भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्यं यथाबलम् ।।६१।।

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃધ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥૬૧॥

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ।।६२।।

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ॥૬૨॥

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ।।६३।।

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉંચે સ્વરે કરીને કીર્તન કરવું. ॥૬૩॥

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् । वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ।।६४।।

અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા, તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજીંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવા.॥૬૪॥

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः । संस्कृतप्राकृतगन्थाभ्यासश्चापि यथामति ।।६५।।

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમણે જે પ્રકારે પૂર્વ કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુધ્ધિને અનુસારે કરવો. ॥૬૫॥

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि । योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ।।६६।।

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः । सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ।।६७।।

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः । देशकालानुसारेण भाषणीयो न चान्यथा ।।६८।।

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.॥૬૮॥

गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् । अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ।।६९।।

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી-તેમણે ગુરુ, રાજા, અતિવૃધ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके । उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ।।७०।।

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥૭૦॥

विवादे नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् । पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ।।७१।।

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ॥૭૧॥

तमायान्तं निशम्याशु प्रत्युदगन्तव्यमादरात् । तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ।।७२।।

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि । आचर्यं तर्हि तत्रैव धर्मः सर्वार्थदोऽस्ति हि ।।७३।।

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો.॥૭૩॥

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् । कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ।।७४।।

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् । समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ।।७५।।

અને કોઈની પણ જે ગુહ્ય વાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि । एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ।।७६।।

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસિને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥૭૬॥

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ।।७७।।

અને તે વિશેષ નિયમ તે કિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ॥૭૭॥

साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ।।७८।।

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् । कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ।।७९।।

અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શિવરાત્રિનું વ્રત જે તે આદરથકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः । उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ।।८०।।

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः । श्रीविट्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ।।८१।।

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી તે જેતે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ॥૮૧॥

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः । सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ।।८२।।

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા, અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि । सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ।।८३।।

અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः । एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ।।८४।।

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ પૂજ્ય પણે કરીને માનવા. ॥૮૪॥

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् । जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ।।८५।।

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

रवेरिन्देश्चोपरागे जायमानेऽपराः क्रियाः । हित्वाऽऽशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ।।८६।।

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् । देयं दनं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ।।८७।।

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः । पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ।।८८।।

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

भाव्यं शमदमक्षान्ति-सन्तोषादिगुणान्वितैः । ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ।।८९।।

અને જે બ્રાહ્મણ વર્ણ હોય, તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥૮૯॥

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः । भवितव्यं तथा शूद्रैर्द्विर्जसेवादिवृत्तिभिः ।।९०।।

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શૂદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् । स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः।।९१।।

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાધ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા. ॥૯૧॥

अज्ञानाज्ज्ञानतो वापि गुरु वा लघु पातकम् । क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ।।९२।।

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું ॥૯૨॥

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् । पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ।।९३।।

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુસહસ્ર નામ ॥૯૩॥

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ।।९४।।

તથા શ્રી ભગવદ્ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય ॥૯૪॥

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्कयऋषेः स्मृतिः । एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ।।९५।।

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ એ જે આઠ સત્શાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि । श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ।।९६।।

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સત્શાસ્ત્ર જે તે સાંભળવા, અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સત્શાસ્ત્ર જે તે ભણવા તથા ભણાવવા તથા એમની કથા કરવી. ॥૯૬॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये । ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ।।९७।।

અને તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ । सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ।।९८।।

અને વળી એ આઠ સત્શાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः । भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ।।९९।।

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતા દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે ; અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ।।१००।।

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथाभक्तिविरागयोः ।।१०१।।

અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય. ॥૧૦૧॥

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः । धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ।।१०२।।

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી; એવી રીતે તે સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

धर्मो ज्ञेयः सदचारः श्रुतिस्मृत्युपपादितः । माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ।।१०३।।

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો; અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु । ज्ञानं च जीवमायेशस्वरूपाणां सुष्ठु वेदनम् ।।१०४।।

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ।।१०५।।

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવું. ॥૧૦૫॥

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः । जीवस्य चाहंममताहेतुर्मायाऽवगम्यताम् ।।१०६।।

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. ॥૧૦૬॥

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ।।१०७।।

અને જે ઈશ્વર છે, તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે. ને સ્વતંત્ર છે ને

સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ।।१०८।।

અને તે ઈશ્વર તે કયા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ॥૧૦૮॥

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ।।१०९।।

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા, અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. ॥૧૦૯॥

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः । बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ।।११०।।

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. ॥૧૧૦॥

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् । क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ।।१११।।

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે. ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા. ॥૧૧૧॥

अतश्चास्य स्वरूपेषु भेदे ज्ञेयो न सर्वथा । चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ।।११२।।

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું, ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ।।११३।।

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ, તે જે તે - પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય, તેમણે કરવી અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. ॥૧૧૩॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ।।११४।।

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

कृष्णस्तद्वताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदेऽपि च ।।११५।।

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું. અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી, માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।।११६।।

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् । प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ।।११७।।

અને શ્રીમદ્ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો -વર્ષ એકવાર સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો-વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः । विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा ।।११८।।

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુસહસ્ર નામ આદિક જે સત્શાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गददिषु । यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ।।११९।।

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः । आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ।।१२०।।

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાના તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવા. ॥૧૨૦॥

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् । तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ।।१२१।।

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું ; અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥૧૨૧॥

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः । मदश्रितानां कथिता विशेषानथ कीर्तये ।।१२२।।

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

॥ આચાર્યના વિશેષ ધર્મ ॥

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन । स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ।।१२३।।

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારા મોટાભાઈ અને નાનાભાઈ - તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता न हि । क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ।।१२४।।

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके । भिक्षयाऽऽपदितक्रम्या न तु कार्यमृणं क्वचित् ।।१२५।।

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરૂં ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો. પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च । जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तत्रैष विक्रयः ।।१२६।।

અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् । इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ।।१२७।।

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી. ॥૧૨૭॥

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ।।१२८।।

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः । मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ।।१२९।।

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદર થકી માનવા તથા સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

मया प्रतिष्ठापितानां मन्दिरे महत्सु च । लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ।।१३०।।

અને મોટા જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યા એવા જે શ્રીલક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણના સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः । आदरात्स तु सम्भाव्यो दनेनान्नस्य शक्तितः ।।१३१।।

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च । प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ।।१३२।।

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

॥ આચાર્ય પત્નીના વિશેષ ધર્મ ॥

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः । कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ।।१३३।।

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો; પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् । न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दृश्यं मुखं न च ।।१३४।।

અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે પોતાના સમીપ સબંધ વિનાના જે પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા) ॥૧૩૪॥

॥ ગૃહસ્થના વિશેષ ધર્મ ॥

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः । स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ।।१३५।।

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ; અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

मात्रा स्वस्त्रा दुहित्रा वा विजने तु वयःस्थया । अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ।।१३६।।

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः । भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ।।१३७।।

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ॥૧૩૭॥

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः । दैवं पित्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ।।१३८।।

અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો; અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાધ્ધાદિક જે પિતૃકર્મ તે જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું ॥૧૩૮॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।१३९।।

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય; તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः । मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ।।१४०।।

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો ; અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः । यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ।।१४१।।

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જેતે કરવો ; અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि । सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ।।१४२।।

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવા અને જો સંભાવના ન થાય તો ન રાખવા. ॥૧૪૨॥

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनापि च । भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ।।१४३।।

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्ध्यधनस्य तु । भाषाबन्धो न कर्तव्यः संसाक्ष्यं लेखमन्तरा ।।१४४।।

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે, આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના

કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा । अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ।।१४५।।

અને પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું ॥૧૪૫॥

द्रव्यस्याऽऽयो भवेद्यावान् व्ययो वा व्यावहारिके । तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ।।१४६।।

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः । अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ।।१४७।।

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો. અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः । उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ।।१४८।।

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિત ફળનું આપનારૂં છે. ॥૧૪૮॥

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा । बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ।।१४९।।

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન, જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું ॥૧૪૯॥

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् । ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ।।१५०।।

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર, તેથકી કરજ ન કાઢવું; અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવા નહિ. ॥૧૫૦॥

श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि । तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ।।१५१।।

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમના દર્શન કરવાને અર્થે ગયે સતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમ જે; તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું ॥૧૫૧॥

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मकारिणे । न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ।।१५२।।

અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું , અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી; તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું; અને દુષ્ટ એવા જે જન, તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा । लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ।।१५३।।

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ॥૧૫૩॥

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः । त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ।।१५४।।

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો, અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥૧૫૪॥

आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः । तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ।।१५५।।

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા ; તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः । देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ।।१५६।।

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવા. ॥૧૫૬॥

॥ રાજાના વિશેષ ધર્મ ॥

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः । प्रजाः स्वाः पुत्रवत् पाल्या धर्मः स्थाप्यो धरातले ।।१५७।।

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा । व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ।।१५८।।

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જેતે લક્ષણે કરીને યથાર્થપણે જાણવા અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ, તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ॥૧૫૮॥

॥ સધવા સ્ત્રીના વિશેષ ધર્મ ॥

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत्। अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ।।१५९।।

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ; અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ, તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ॥૧૫૯॥

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु । प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ।।१६०।।

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. ॥૧૬૦॥

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् । साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ।।१६१।।

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् । त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ।।१६२।।

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં; પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

॥ વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ ॥

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः । आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ।।१६३।।

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ; અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् । तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ।।१६४।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો; અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ ॥૧૬૪॥

स्तनन्धयस्य नुः स्पर्शे न देषोऽस्ति पशोरिव । आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ।।१६५।।

અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી; અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃધ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃધ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न कापि नुः । व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ।।१६६।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તે થકી કોઈપણ વિદ્યા ન ભણવી; અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् । देयं ताभिर्न तत्क्वापि देयं चेद्धिकं तदा ।।१६७।।

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહ નિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મ કાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું ॥૧૬૭॥

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले । मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ।।१६८।।

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણી માત્ર તેમને ક્યારેય જાણીને જોવા નહીં. ॥૧૬૮॥

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा । न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ।।१६९।।

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુધ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः । शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ।।१७०।।

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો ; અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः । साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ।।१७१।।

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંતસ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् । न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ।।१७२।।

અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવા જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् । स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ।।१७३।।

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला । दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ।।१७४।।

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

॥ બ્રહ્મચારીના વિશેષ ધર્મ ॥

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः । तैः स्पृश्या न स्त्रियो भाष्या न च वीक्ष्याश्च ता धिया ।।१७५।।

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રી માત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन । तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ।।१७६।।

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा । न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ।।१७७।।

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા, ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् । न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ।।१७८।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ; અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક પ્રાણી માત્ર, તેમને જાણીને જોવા નહિ. ॥૧૭૮॥

न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् । न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ।।१७९।।

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ; અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં. ॥૧૭૯॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि । तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ।।१८०।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું; ને

સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું. ॥૧૮૦॥

स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या । निवारणीया साऽऽभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ।।१८१।।

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ ॥૧૮૧॥

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् । तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ।।१८२।।

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય, એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

तैलाभ्यङ्गे । न कर्तव्यो न धार्यं चायुधं तथा । वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ।।१८३।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈન્દ્રિયને જીતવી ॥૧૮૩॥

परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि । न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ।।१८४।।

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥૧૮૪॥

अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् । वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ।।१८५।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ, જે તે સર્વકાળે વર્જવો. ॥૧૮૫॥

चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् । पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ।।१८६।।

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી. ॥૧૮૬॥

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् । अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ।।१८७।।

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલા વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

॥ સાધુના વિશેષ ધર્મ ॥

साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत्। स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ।।१८८।।

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંતઃ શત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા. ॥૧૮૮॥

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः । न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ।।१८९।।

અને સર્વે જે ઈન્દ્રિયો તે જીતવી ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् । न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ।।१९०।।

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ.॥૧૯૦॥

न च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि । एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ।।१९१।।

અને તે સાધુ તેમણે, આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ॥૧૯૧॥

अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् । न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ।।१९२।।

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર વિચિત્ર ભાતનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ-દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય, તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું-ઓઢવું નહિ. ॥૧૯૨॥

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् । व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ।।१९३।।

અને ભિક્ષા તથા સભા પ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ; અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः । ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ।।१९४।।

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. ॥૧૯૪॥

तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम । अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ।।१९५।।

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ॥૧૯૫॥

आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि । अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तैः ।।१९६।।

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હવા તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ॥૧૯૬॥

वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः । ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ।।१९७।।

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબૂલ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः । प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ।।१९८।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥૧૯૮॥

दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा । ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ।।१९९।।

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ ॥૧૯૯॥

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् । निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ।।२००।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું ॥૨૦૦॥

गालिदनं ताडनं च कृतं कुमतिभिर्जनैः । क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ।।२०१।।

અને તે સાધુ અને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च । देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ।।२०२।।

અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચારચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યાં) ॥૨૦૨॥

इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया । साम्प्रदयिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ।।२०३।।

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ॥૨૦૩॥

सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।।२०४।।

અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે - તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે ॥૨૦૪॥

इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः । यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ।।२०५।।

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું ॥૨૦૫॥

वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा । ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ।।२०६।।

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ।।२०७।।

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥

शिक्षापत्र्याः प्रतिदिन पाठोऽस्या मदुपाश्रितैः । कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ।।२०८।।

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતા આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ॥૨૦૮॥

वक्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् । मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ।।२०९।।

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥

युक्ताय सम्पदा दैव्या दतव्येयं तु पत्रिका । आसुर्या सम्पदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ।।२१०।।

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવીસંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય તેને આપવી; અને જે જન આસુરી સંપ દાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ।।२११।।

સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીના મહા શુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે, તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता । दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ।।२१२।।

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેનો નાશ કરનારા એવા, ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા, ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા, એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૪)

શિક્ષાપત્રી ચિંતન

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તોએ શિક્ષાપત્રીને 'ગાગરમાં સાગર'ની ઉપમા યથાર્થ આપી છે. કારણ કે આ શિક્ષાપત્રીમાં ૩૫૦થી વધારે શાસ્ત્રોનો સાર તથા ૩૯૭૨ જેટલા અનેક શાસ્ત્રોના વાક્યોનું આલેખન થયેલ છે. તેથી તો શિક્ષાપ ત્રીની ઘણી મોટી મહત્તા છે. આ પૃથ્વી પરનું કોઈ એવું સત્શાસ્ત્ર નથી કે જેની કોઈ ને કોઈ કલમ આ શિક્ષાપત્રીમાં ન લખાયેલ હોય. ટૂંકમાં દરેક સત્શાસ્ત્રની કોઈને કોઈ વાત શિક્ષાપત્રીમાં ગ્રહણ થઈ જ છે. આમ, શિક્ષાપત્રી સર્વશાસ્ત્રનો સારરૂપ 'ઘી' છે. એટલે તો કહ્યું છે : **'सच्छास्त्राणां समद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।।'**

અને હા, સાથોસાથ

'सर्वजीवहितावहः' (શ્લોક-૭) સર્વ જીવપ્રાણીમાત્રના માટે મોક્ષરૂપિણી આ શિક્ષાપત્રી છે.

શિક્ષાપત્રી ખરેખર એક અજોડ શાસ્ત્ર છે. શાસ્ત્રનો અર્થ જે : **'शासु अनुशिष्टौ'** સઁ **'शसि वाक्यप्रबन्धे'** આ બંને ધાતુને **'ष्ट्रन्'** પ્રત્યય કરી શાસ્ત્ર શબ્દની ઉત્પત્તિ થાય છે.

'शासनात्शंसनात् शास्त्रमित्यभिधीयते ।' - જેના દ્વારા શાસન થઈ શકે જેના વાક્યોથી નિયમન થઈ શકે તેને શાસ્ત્ર કહેવાય. આ વ્યાખ્યા સાંગોપાંગ રીતે શિક્ષાપત્રીને ઘટે છે.

અ હવે શિક્ષાપત્રીના અર્થને વિચારીએ તો...

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ભાષ્યમાં ખૂબજ સુંદર અર્થ બતાવેલો છે : **'शिक्षायाः पत्री शिक्षार्था वा पत्री ।'**

'शिस्' ધાતુને ભાવાર્થક કૃદન્ત **'धञ्'** પ્રત્યય કરી **'अजाद्यतष्टाप्'** સૂત્રથી સ્ત્રીત્વવિવક્ષાર્થે **'टाप्'** પ્રત્યય કરી શિક્ષા શબ્દ નિષ્પન્ન થાય. પત્રીની સાથે **'षष्ठीतत्पुरुष समास'** કરી શિક્ષાપત્રી શબ્દ બને.

તેનો સંસ્કૃત અર્થ : **'शिक्ष्यते उपदिश्यते मुमुक्षूणामसाधारणं धर्मतत्त्वमनया इति शिक्षा ।'**

ગુજરાતી અર્થ : 'સર્વે શિક્ષાઓનું સંકલન કરનારી પત્રી એટલે શિક્ષાપત્રી'

અ શું કામ લખવામાં આવી ?

આ પ્રશ્નના જવાબમાં શિક્ષાપત્રી ધ્યાન-માહાત્મ્યના પહેલા શ્લોકમાં કહ્યું છે :

'विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यांतरे । दिङ्मूढेषु भवाध्वगेषु परितः पीडैकशैषे विधौ ।।' - १

જ્ઞાનનો વિલય થયો, અજ્ઞાનના અંધકાર ચારેબાજુ ઘેરી વળ્યા, પ્રજા કર્તવ્ય શૂન્ય (દિઙમૂઢ) બની તેમજ વેદોક્ત કર્મકાંડની વિધિઓ પણ પીડા માત્ર અવશેષ રહી ત્યારે કરુણાવતારે કરુણા કરી શિક્ષાપત્રીનું આલેખન કર્યું. તેમજ શિક્ષાપત્રી લખવાનો હેતુ મહારાજે શ્રીમદ્ સત્સંગિજીવનમાં પણ બતાવ્યો છે કે :

'अन्तर्हिते मयि भुवो मदीयानां च सर्वशः । स्फुटमद्याक्यरूपा सा भवित्र्यालम्बनं महत् ।।' (४,४३,२१)

હું જ્યારે આ પૃથ્વી પરથી અંતર્ધાન થઈશ ત્યારે મોક્ષ માર્ગે પ્રવર્તનારા મારા આશ્રિતો માટે સર્વધર્મ સારસંગ્રહરૂપ આ પત્રિકા સહાયક બને તે માટે લખું છું. તેથી તો મહારાજે જ્યારે સ્વધામ ગમન સમયે સૌ આશ્રિતોને ઉપદેશ આપ્યો ત્યારે પણ વારંવાર કહેલું કે 'શિક્ષાપત્રી પ્રમાણે સૌ રહેજો.'

આમ, શિક્ષાપત્રી શાસ્ત્રને એક દૃષ્ટિથી જોઈએ તો **'न भूतो न भविष्यति ।'** એવી છે. કારણ કે ખુદ પરબ્રહ્મ પુરુષોત્તમની કલમે લખાયેલ ગ્રંથ... એક સર્વસામાન્ય દૃષ્ટિથી જોઈએ તો શ્રીરામચંદ્રજી ભગવાને પોતાની વાણીનું તથા સ્વહસ્તે લેખિત કોઈ શાસ્ત્રની રચના કરી હોય તેવું જણાતું નથી, શ્રીકૃષ્ણ ભગવાને સ્વલેખિત શાસ્ત્ર તો કોઈ નથી બનાવ્યું પરંતુ વાણીરૂપી શાસ્ત્ર (શ્રીમદ્ ભગવત્ ગીતા) બનાવ્યું છે. જ્યારે શ્રીજી મહારાજે તો વાણીરૂપી (વચનામૃત) શાસ્ત્ર તથા સ્વહસ્ત લેખિત શિક્ષાપત્રી શાસ્ત્ર એમ બંને બનાવ્યા છે. તેથી તો આ શિક્ષાપત્રીથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતા સાબિત થાય છે. સાથો સાથ શિક્ષાપત્રીનો ૧૦૮મો શ્લોક તે મહારાજની ઉપાસનાની દઢતા માટે પુરતો જ છે. તેનું વિવેચન ઘણું જ લાંબુ છે. તેથી તેનું વર્ણન અહિં નથી કર્યું.

હવે એક કદમ આગળ વધી શિક્ષાપત્રી વિશે વિચારીએ તો વેદ છે તે ભગવાનના સ્વમુખની વાણી હોવાથી શ્રીમુખની વાણી તથા અપૌરુષેય મનાય છે. તેમજ શિક્ષાપત્રી તો એ ન્યાયે ભગવાનની સ્વલેખિત વાણી છે. તેથી શ્રીમુખ વાણી હોવાથી એ ગ્રંથને પણ અપૌરુષેય માનવામાં કોઈ અતિશયોક્તિ નથી.

આવી રીતે અનેકાનેક વિધ વિધ પ્રકારનો મહિમા શિક્ષાપત્રીનો છે. જેથી તો ભારત સ્વાતંત્ર્યના લડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલે પણ કહ્યું હતું કે 'આ શિક્ષાપત્રીનું વાંચન કર્યા પછી મને એમ અનુભવ થાય છે કે જો દરેક ભારતીય પ્રજા આ શિક્ષાપત્રીનું પાલન યથાર્થ કરે તો કરોડો રૂપિયાના ખર્ચ પોલિસ પાછળ થાય છે તે ન થાય અને પુરા ભારતમાં પોલિસ તંત્રની જરૂર જ ન રહે.'

અ શિક્ષાપત્રી ઉપર આપણા આચાર્યશ્રીઓએ તથા નંદસંતોએ ભાષ્ય અને ટીકા-વ્યાખ્યાઓ કરી છે. તેની ટૂંકી યાદી લખીએ તો...

- સં. ૧૮૮૫ના કારતક સુદ - ૩થી માગશર સુદ - ૫ સુધીમાં સ.ગુ. શતાનંદ સ્વામીએ 'અર્થદીપિકા' નામની ટીકા લખેલી છે.

- સં. ૧૮૮૬માં ફરીવાર સ.ગુ. શતાનંદ સ્વામીએ જ મહારાજ અંતર્ધાન થયા પછી પોતાની 'અર્થદીપિકા' ટીકાને સરળ સંક્ષિપ્ત બનાવી 'અન્વયદીપિકા' ટીકા લખેલી છે.

- આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શિક્ષાપત્રીનું ભાષ્ય સંસ્કૃતમાં લખી, શિક્ષાપત્રીનું વિસ્તરણ કર્યું છે.

- આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે આ પૂર્વોક્ત ભાષ્યને સરળ બનાવતી ટીકા લખી.

- આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે શિક્ષાપત્રીની 'ભાવપ્રબોધિની' ટીકા સંસ્કૃતમાં લખી છે.

- સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથને ૨૬૦ ચોપાઈમાં રચી 'શિક્ષાપત્રી ભાષા' ગ્રંથની રચના કરી.

- સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ૨૧૨ ચોપાઈમાં આ ગ્રંથને ગુંથી પદ્યમાં ફેરવેલ છે.

- સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ હિન્દી પદ્યમાં તથા ગુજરાતી પદ્યમાં શિક્ષાપત્રીનું સુંદર આલેખન કરેલ છે.

- સ.ગુ. શતાનંદ સ્વામીએ પૂરી શિક્ષાપત્રીને સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪માં અધ્યાયમાં લખેલ છે.

- સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકને ગુજરાતીભાષામાં રૂપાંતર કરી કુલ ૨૧૫ દોહા બનાવેલ છે.

આ ઉપરાંત મહારાજ પછીના દાસપંક્તિના સંતો-હરિભક્તોએ પણ શિક્ષાપત્રી પર ઘણી ઘણી ટીકા-વ્યાખ્યા-લેખો-મહાનિબંધો લખેલા છે.

શિક્ષાપત્રીના આધારે જોઈએ તો મહારાજે પોતાના આશ્રિતોને **'મદાશ્રિતાનાં'** કહી આશ્રિતોને કુલ નવ પ્રકારે સંબોધેલ છે. ૧. આચાર્ય ૨. આચાર્ય પત્ની ૩. રાજા ૪. ગૃહસ્થ ૫. સધવા સ્ત્રી ૬. વિધવા સ્ત્રી ૭. બ્રહ્મચારી ૮. બ્રાહ્મણ ૯. સાધુ.

આવી રીતે મહારાજે આપણને સર્વને સંબોધેલા છે. ઉપરના સંબોધનને ઔપચારિક દૃષ્ટિએ જોઈએ તો સૌપ્રથમ આચાર્યશ્રીનું સંબોધન કરેલું છે અને સૌથી છેલ્લે સાધુનું સંબોધન કરી ઉપદેશ આપેલો છે. તેના પરથી એ સ્પષ્ટ સાબિત થાય છે કે 'આચાર્યશ્રી છે તે એન્જિનની જગ્યાએ છે અને સાધુ છે તે ગાર્ડની જગ્યાએ છે. વચ્ચેના સર્વેને ડબ્બા તરીકે જોઈએ તો આ કુલ નવ ડબ્બાની અક્ષરધામે પહોંચાડનારી ટ્રેન છે. પરંતુ જો આ ટ્રેનમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત એન્જિનરૂપી આચાર્યશ્રી ન હોય તો તે ટ્રેનને ટ્રેન જ ન કહેવાય, તેને ડબ્બા જ કહેવાય. તે ટ્રેન અક્ષરધામમાં ન જ પહોંચે. પછી કદાચ ગાર્ડરૂપી સાધુ લીલી ઝંડી આપે તો પણ ટ્રેન યાર્ડની બહાર ન નીકળે...તે ન જ નીકળે. માટે આચાર્યરૂપી એન્જિનને સાથે રાખીએ ત્યારે જ અક્ષરધામરૂપી ફળને પામીએ તેવું શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું શિક્ષાપત્રીમાં ઉપદેશાત્મક સંબોધનનું ઊંડું રહસ્ય છે.' સાથોસાથ છેલ્લે મહારાજે આશીર્વાદ પણ આપેલા છે કે : **'सच्छास्त्राणां समद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।।'** - સર્વે શાસ્ત્રના સારરૂપ, અમારી લખેલી આ શિક્ષાપત્રી સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળને આપનારી છે, અને ચારે પુરુષાર્થને આપનારી છે. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૪)

તેથી તો શ્રીજી મહારાજ ગ.અં.પ્રના ૧લા વચનામૃતમાં આજ્ઞા કરતા કહે છે કે, "અમારી લખાયેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે."

'છેલ્લિ વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રેજ્યો રે;
શિક્ષાપત્રી માંહિ અમે રેશું રે, રહી એમાં સહુને સુખ દેશું રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૮/૧૦)

'नेत्थं आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ।।' - અને જે કોઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાયથી વિમુખ છે. એમ સર્વે આશ્રિતોએ જાણવું. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૭)

અરે ! સ્વયં ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીનું માહાત્મ્ય બતાવતા છેલ્લે લખે છે : **'मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ।।'**

'આ જે અમારી વાણી તે અમારું જ સ્વરૂપ છે' એ પ્રમાણે આદરથી માનવી.

તેથી આપણી દરેકની પણ ફરજ બને શિક્ષાપત્રીને મહારાજનું સ્વરૂપ સમજી આજ્ઞા પ્રમાણે તેના ઓછામાં ઓછા દરરોજ પાંચ શ્લોકને વાંચવા, સવારે નિત્યપૂજામાં તેને ફરજીયાત રાખી પૂજન કરવું તથા શિક્ષાપત્રી પણ મહારાજનું સ્વરૂપ હોવાથી થાળ ધરાવવો.

ૠ હવે જોઈએ શિક્ષાપત્રીનું થોડું વિભાગીકરણ...

૦૧. શિક્ષાપત્રીમાં ત્રણ શ્લોક મંગલાચરણના છે (નં. ૧-૧૦૮-૨૧૨)	-	૩
૦૨. શિક્ષાપત્રીમાં નામના નિર્દેશ માટેના શ્લોક નં.૨ થી ૫ છે	-	૪
૦૩. શિક્ષાપત્રીમાં હેતુનાં નિર્દેશ માટેના શ્લોક નં.૬ થી ૧૦ છે	-	૫
૦૪. શિક્ષાપત્રીમાં સર્વ સામાન્ય વિધિ-નિષેધના શ્લોક નં.૧૧ થી ૯૨ છે	-	૮૨
૦૫. શિક્ષાપત્રીમાં સત્શાસ્ત્રોના નિર્દેશના શ્લોક નં.૯૩ થી ૧૦૨ છે	-	૧૦
૦૬. શિક્ષાપત્રીમાં ધર્મ,ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના શ્લોક નં.૧૦૩ થી ૧૦૪ છે	-	૨
૦૭. શિક્ષાપત્રીમાં જીવ,માયા, ઈશ્વરના શ્લોક નં.૧૦૫ થી ૧૦૭ છે	-	૩
૦૮. શિક્ષાપત્રીમાં એકેશ્વરવાદ નિરૂપણના શ્લોક નં.૧૦૯ થી ૧૧૨ છે	-	૪
૦૯. શિક્ષાપત્રીમાં સમજણ માટેના શ્લોક નં.૧૧૩ થી ૧૨૨ છે	-	૧૦
૧૦. શિક્ષાપત્રીમાં આચાર્ય ધર્મના શ્લોક નં. ૧૨૩ થી ૧૩૨ છે	-	૧૦
૧૧. શિક્ષાપત્રીમાં આચાર્યપત્નીના ધર્મના શ્લોક નં.૧૩૩ થી ૧૩૪ છે	-	૨
૧૨. શિક્ષાપત્રીમાં ગૃહસ્થાશ્રમ ધર્મના શ્લોક નં. ૧૩૫ થી ૧૫૬ છે	-	૨૨
૧૩. શિક્ષાપત્રીમાં શાસનકર્તાઓના ધર્મના શ્લોક નં. ૧૫૭ થી ૧૫૮ છે	-	૨
૧૪. શિક્ષાપત્રીમાં સધવા સ્ત્રી ધર્મના શ્લોક નં.૧૫૯ થી ૧૬૨ છે	-	૪

૧૫. શિક્ષાપત્રીમાં વિધવા સ્ત્રી ધર્મના શ્લોક નં. ૧૬૩ થી ૧૭૨ છે - ૧૦
૧૬. શિક્ષાપત્રીમાં સધવા-વિધવા સ્ત્રી ધર્મોના શ્લોક નં. ૧૭૩ થી ૧૭૪ છે - ૨
૧૭. શિક્ષાપત્રીમાં બ્રહ્મચારી ધર્મોના શ્લોક નં.૧૭૫ થી ૧૮૭ છે - ૧૩
૧૮. શિક્ષાપત્રીમાં સાધુના ધર્મોના શ્લોક નં. ૧૮૮ થી ૧૯૬ છે - ૯
૧૯. શિક્ષાપત્રીમાં સાધુ બ્રહ્મચારીના ધર્મોના શ્લોક નં. ૧૯૭ થી ૨૦૨ છે - ૬
૨૦. શિક્ષાપત્રીમાં ઉપસંહારના શ્લોક નં. ૨૦૩ થી ૨૧૧ છે - ૯

કુલ----------૨૧૨

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે શિક્ષાપત્રી લખી ત્યારે વડતાલમાં જ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શુકાનંદ સ્વામી આદિક મોટા વિદ્વાન સંતોને શિક્ષાપત્રી આપીને ભૂલ શોધવાનું કહ્યું. અને નાની સરખી વ્યાકરણ કે કાનામાતરની ભૂલ શોધે તેને છાતીમાં ચરણારવિંદ આપવાના તેમજ પ્રસાદિનો થાળ આપવાનો. આમ, આ શરતે સૌ સંતો શિક્ષાપત્રીમાં ભૂલ શોધવા લાગ્યા પણ સ્વયં પરબ્રહ્મ નારાયણે જેનું આલેખન સ્વહસ્તે કર્યું હોય તેમાં ભૂલ ક્યારેય મળે ખરી ? અને જ્યારે શિક્ષાપત્રીમાં એકપણ ભૂલ ન મળી ત્યારે સંતોએ હાથ જોડીને મહારાજને કહ્યું : ''મહારાજ ! આપના દ્વારા લખાયેલ શિક્ષાપત્રીમાં વ્યાકરણ તો શું પણ કાનામાતરની પણ ભૂલ કે ક્ષતિ નથી. અને આ શિક્ષાપત્રી તો સર્વે જનના માટે સર્વ દેશે, સર્વ કાળે સદૈવ સુખદાયી જ છે.''

આમ, આવા મોટા સંતો જેમાંથી ભૂલ ન શોધી શક્યા હોય કે કોઈ સુધારો કરવાની નિશાની જ ન બતાવી ત્યારે આપણે પણ આ શિક્ષાપત્રીને સર્વ રીતે સર્વ કાળે સાનુકુળ સમજી તેમાંથી ભૂલ ન શોધતા તથા યુગ પ્રમાણે કે સમય પ્રમાણે એ ભગવાન શ્રીહરિના શબ્દોમાં સુધારાની શક્યતાને ભૂલી આપણે આપણા જ જીવનની ભૂલોને સુધારી લેવા તે શિક્ષાપત્રીના આદેશ પ્રમાણે જીવન બનાવી; શ્રીજીમહારાજના રાજીપાના પાત્ર બનીએ એજઅભ્યર્થના.

• શિક્ષાપત્રી : માનવજીવન પદ્ધતિની નવી વિભાવના

અત્યારનો ૨૧મી સદીનો સમય એટલે વિજ્ઞાન અને ટેકનોલોજીના દરેક ક્ષેત્રોમાં રોજ-રોજ નવા-નવા સંશોધનો અને શોધખોળો કરતા, વિકાસના ક્ષેત્રે સતત હરણફાળ ભરતા મોર્ડન માનવીનો યુગ કે જ્યાં લાખો કિલોમીટર દૂર રહેલા પોતાના સ્વજન સાથે Video Calling કરી શકાય છે, જ્યાં આ આખી પૃથ્વીમાં કોઈ એક વ્યક્તિ હાલના સમયમાં ચોક્કસ કઈ જગ્યાએ છે એ જાણી શકાય છે, જ્યાં ભવિષ્યમાં વ્યક્તિના શરીરમાં વિવિધ સેન્સર ફીટ કરીને ધાર્યું કરી શકાશે. પરંતુ wait a minute ! આજના અને ભવિષ્યના આ સુખોને માણતા પહેલા Let's have a visit of 18th century. એક ઊડતી નજર એ ૧૮મી સદીના ભારત પર નાખીએ કે જ્યાં આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક-પારંપરિક મૂલ્યોને એકસાથે પતન થઈ રહ્યું હતું. સત્તાના કેફથી ચકચૂર થયેલા અને ભોગવિલાસી બનેલા રાજાઓ અત્યાચાર, ધર્મના નામે ઢોંગ કરતા પાખંડીઓ દ્વારા કરાતો અંધશ્રદ્ધાનો વેપાર, દીકરીને દૂધ પીતી કરવી, સતીપ્રથા, બાળવિવાહ જેવા અનેક સામાજિક કુરિવાજો વચ્ચે પીસાતી એ ભારતીય પ્રજાની સ્થિતિ કેવી દયાજનક હશે એની કલ્પના પણ ન કરી શકાય ! બરાબર એવે વખતે સમાજમાં સદાચાર લાવવા અને શુદ્ધ આધ્યાત્મિકતા-ધાર્મિકતાનું પુનઃસ્થાપન કરવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપી સૂર્યનો ઉદય થયો. માટે જ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી લખે છે : 'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું....'

પોતાના જીવન દરમ્યાન અનેક જીવાત્માઓનો મોક્ષ કરી, સદ્‌માર્ગે વાળી જ્યારે પોતાની માનુષિક લીલા સંકેલવાનો વિચાર ભગવાન શ્રી સ્વામિનારાયણને આવ્યો હશે ત્યારે નિશ્ચય જ આપણી જેવા કરોડો જીવાત્માઓ યાદ આવી ગયા હશે અને ભક્તવત્સલ ભગવાને ભવિષ્યમાં પણ આ મોક્ષનો ધોરીમાર્ગ સતત શરૂ રહે એ માટે ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા. જેને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં વર્ણવ્યા છે : પ્રથમ સંકલ્પ મંદિરોની રચના કરાવું. જે પ્રમાણે અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડામાં ભવ્ય મંદિરો નિર્માણ કરાવ્યા. બીજો સંકલ્પ શુદ્ધ ગુરુ પરંપરાની પ્રણાલિકા માટે પોતાના અત્યુત્તમ ધર્મવંશમાં, પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરવી. જે અંતર્ગત મહાપ્રભુ શ્રીહરિએ સં. ૧૮૮૨ના કારતક સુદ એકાદશીને દિવસે વડતાલમાં શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આચાર્ય તરીકે નિમણુંક કરી. અને ત્રીજો સંકલ્પ હું શાસ્ત્રો રચું અને

રચાવું. એ અનુસાર ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ સત્સંગિજીવન, વચનામૃત, ભક્તચિંતામણી, શ્રીહરિદિગ્વિજય, શ્રી નિષ્કુળાનંદ કાવ્ય જેવા અનેક ગ્રંથો રચાવ્યા અને સ્વયં પોતે પણ કલમ હાથમાં લઈને પોતાના અંતર્ગત અભિપ્રાયરૂપે શિક્ષાપત્રીની રચના સં. ૧૮૮૨ના વસંતપંચમી, તા. ૧૨-૨-૧૮૨૬ના દિવસે કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ૧૧ વર્ષની નાની ઉંમરે સંસારનો ત્યાગ કરી કિશોરવયે સમગ્ર ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન અને બર્મા આદિક દેશોને આવરી લેતું આશરે ૧૨,૫૦૦ કિલોમીટરનું પરિભ્રમણ કરી, અનેક તીર્થોમાં ફરી સમાજમાં ફેલાયેલા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે અંધાધૂંધી અને અંધશ્રદ્ધા, કુટેવો, વહેમોનું નિરીક્ષણ કર્યા પછી સમાજને નવો રાહ અને નવી દિશા આપવા માટે સમગ્ર શાસ્ત્રોના ગૂઢ રહસ્યોના નિચોડરૂપે સમાજને 'શિક્ષાપત્રી'ની ભેટ આપી. ભગવાન શ્રી સ્વામિનારાયણે ૪૯ વર્ષ આ પૃથ્વી પર રહીને અનેક અમાનવીય કાર્યો પૈકીનું એક કાર્ય એટલે શિક્ષાપત્રીની રચના. શિક્ષાપત્રી એટલે હિતનો ઉપદેશ આપતો સુલેખ. શિક્ષાપત્રી એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અતૂટ અને અમૂલ્ય બંધારણ. મનુષ્યે પોતાનું જીવન કેવી રીતે જીવવું તેનો માર્ગ દેખાડતું અણમોલ શાસ્ત્ર. માનવના વિચાર, વાણી અને વર્તનને પરિશુદ્ધ કરનાર આચારસંહિતાની સૂત્રાવલી એટલે શિક્ષાપત્રી. Shikshapatri is the very essence of all the scriptures in the form of a pocket-book. ફક્ત ૨૧૨ શ્લોકમાં ગૂંથાયેલ આ ગ્રંથ નાનકડો ગુટકો એ ૩૫૦થી વધુ ધર્મશાસ્ત્રોનો સાર છે એ વાત માનવી કેટલી અઘરી છે ? આ ધરા પર ભગવાનના અનેક અવતારો થયા અને અનેક થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે જ, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એક જ અજોડ શાસ્ત્ર છે : 'શિક્ષાપત્રી.' માટે જ Shikshapatri is considered as one of the most unbelievable tasks done by Lord Shree Swaminarayan.

શિક્ષાપત્રી એ ફક્ત એક ધાર્મિક ગ્રંથ જ નથી કે એને ફક્ત એક શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પૂરતો જ મર્યાદિત ગણવાની ભૂલ ન કરી શકાય. કારણ કે એમાં આધ્યાત્મિકતાની વાતોની સાથે સાથે Manners (વિવેક-વર્તનમાં શુદ્ધિ)ની વાતો પણ છે, એમાં સદાચારની વાતોની સાથે સાથે Financial Management (નાણાકીય સંચાલન) અને Human Resource Management (કર્મચારી સંચાલન)ની વાતો પણ છે. કારણ કે શિક્ષાપત્રીમાં 'ક્યાં થૂંકવું ને ક્યાં ન થૂંકવું' જેવી તદ્દન સામાન્ય બાબતોથી માંડીને 'બ્રહ્મરૂપે થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી' જેવા આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખર સુધી પહોંચવાની વાત કરવામાં આવી છે. પ્રત્યેક વ્યક્તિ શાંતિની શોધમાં છે અને શાશ્વત શાંતિ એક ભગવાનમાં જ છે એ વાત પણ એ જાણે છે છતાં પણ એ માર્ગે ગતિ નથી કરી શકતો. કારણ કે એક તો સંસાર-વ્યવહારની આંટી-ઘૂંટી અને બીજું આધ્યાત્મિક માર્ગે યોગ્ય માર્ગદર્શનનો અભાવ.

ભગવાન શ્રીહરિ આ વાત જાણતા હતા કે, જીવ જો સંસાર-વ્યવહારમાં સુખી રહી શકશે તો જ એ ભગવાનનું ભજન કરી શકશે. માટે જ સંસારમાં સુખી રહી શકે એ માટેની ચાવીઓ ભગવાને શિક્ષાપત્રીના એ અદ્ભુત શ્લોકોના રૂપમાં આપી અને એ પહેલા જ ભગવાને સ્વયં જ આ શિક્ષાપત્રીની મહત્તા બતાવતા ૭માં શ્લોકમાં લખ્યું કે, ''અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવને હિતની કરનારી છે.'' એટલે ભગવાન શ્રીહરિએ અહીંયા કહી દીધું કે, 'Shikshapatri is beneficial to all beings living on this earth.'

શિક્ષાપત્રીમાં આવેલા ૨૧૨ શ્લોકોને વિવિધ વિભાગોમાં વહેંચીને તે કેવી રીતે વ્યક્તિના સમગ્ર જીવનમાં જુદાં જુદાં સ્તરે ઉપયોગી છે એ જાણીએ :

• કુટેવો :

આજની આ Young Generationની શક્તિઓને રૂંધતું સૌથી મોટું પરિબળ કોઈ હોય તો એ છે કુટેવો. જેવી કે - ચોરી, વ્યભિચાર, જુગાર, જુદા-જુદા પ્રકારના વ્યસનો. જેવા કે - દારૂ, માંસ, ગાંજો, બીડી, તમાકુ, ગુટખા વગેરે. જેમાં ચોરી માટે ભગવાન શ્રીહરિ ૧૭ મા શ્લોકમાં કહે છે કે, ''ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.'' અહીં મહાપ્રભુ શ્રીહરિ ફૂલ જેવી નાનકડી વસ્તુ પણ એના માલિકને પૂછ્યા વિના લેવાની ના પાડે છે તો પછી અન્ય મોટી કિંમતી વસ્તુની તો વાત જ ક્યાં કરવાની ?

પેલી વાર્તા ખૂબ પ્રસિદ્ધ છે : એક ચોરને ફાંસીની સજા થઈ હતી અને તેને તેની અંતિમ ઈચ્છા પૂછવામાં આવતા તેણે પોતાની માતાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી અને માતાને તેની સામે લાવતા જ તેણે પોતાની માતાના નાક પર જોરથી બટકું ભરી લીધું. તેનું કારણ પૂછતા તેણે કહ્યું : ''હું જ્યારે નાનો હતો અને પહેલીવાર જ્યારે મેં એક પેન્સિલનો ટુકડો ચોર્યો હતો ત્યારે આ માતાએ જ મને પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ જો એ વખતે એણે મને શિક્ષા આપી હોત તો આજે મારે ફાંસીએ ચડવાનો વારો ન આવત.'' અહીં

એક બાબત વિશેષ નોંધવા જેવી એ છે કે, ભગવાન શ્રીહરિએ તો ધર્મકાર્યમાં દાન કરવા માટે પણ ચોરીની રકમ કે વસ્તુ આપવાની મનાઈ કરી છે. અને એ વાત ભગવાન શ્રીહરિના આશ્રિતોમાં પણ જોવા મળતી હતી.

એકવાર લોયામાં ભયંકર દુષ્કાળ પડ્યો, તેથી ઘેલા ભક્તના ઘરમાં અનાજ ખૂટી ગયું. પછી બન્ને પતિ-પત્ની દુષ્કાળ પાર ઉતરવા સુરત તરફ આવતા હતા. આગળ ઘેલા ભગત ચાલતા હતા ત્યાં તેમની નજર રસ્તામાં પડેલ સોનાના તોડા ઉપર પડી. તેથી ભગતે વિચાર કર્યો : "છે સોનું, પરંતુ સ્વામિનારાયણ ભગવાને પારકા ધનને લેવાની ના કહી છે તથા મારા ગુરુ મુક્તાનંદસ્વામીએ પણ કંઠી પહેરાવતી વખતે કોઈની વસ્તુ લેવી નહિ એવો નિયમ આપ્યો છે, માટે એ સોનું મારે ધૂળ સમાન છે. પરંતુ પાછળ ચાલી આવતી મારી પત્ની, આ તોડાને જોઈ જશે તો દુષ્કાળને લીધે તેમને લેવાની ઈચ્છા થશે તો ભગવાનની આજ્ઞા લોપાશે, માટે તે સોના ઉપર ધૂળ નાખી દઉં." આમ વિચાર કરી ઘેલા ભક્તે સોનાના તોડા ઉપર ધૂળ નાખીને દાટી દીધો અને ચાલવા લાગ્યા.

તે સમયે તેમનાં પત્ની સાથે થઈ ગયાં અને વાંકા વળવાનું કારણ પૂછ્યું. ત્યારે ભગતે સર્વે વાત કરી. ત્યાં તો વાત સાંભળીને તેઓનાં પત્ની બોલ્યાં : "ભગત! તમો તો પારકા ધનને ધન માનો છો ને ? અને તેથી જ ધૂળે કરીને દાટી દીધુને ? પરંતુ મને તો સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો ત્યારથી હું પારકા ધનને ધૂળ સમજું છું, આજે તમોએ ધૂળ ઉપર ધૂળ શું કામ વાળી ?" પત્નીની વાત સાંભળી ઘેલા ભક્તે કહ્યું : "તમે તો મારા કરતાં પણ સારી સમજણવાળાં છો !!"

ભગવાનની આજ્ઞા મુજબ નીતિમત્તા રાખવાથી તેનું ફળ અવશ્ય મળે જ છે. અહીં અવશ્ય સાંભરી આવે જૂનાગઢનો એ ગોવો. જૂનાગઢ રાજ્યના ઉચ્ચઅધિકારીના ઘરની સફાઈ કરતા ગોવાને શેઠાણીનો ગળાનો હાર મળ્યો ને તેને પાછો આપી દીધો. પરિણામે તેની પ્રામાણિકતાથી પ્રસન્ન થઈને અધિકારીએ ગોવાભક્તને મુકાદમ (મજૂરોના ઉપરી)ની ઊંચી પદવી આપી દીધી.

વ્યક્તિનો પરિવાર દુ:ખી થઈ જાય છે તેના કારણરૂપ વ્યભિચાર અને બીજા વ્યસનો છે. જેને માટે ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૧૮માં શ્લોકમાં કહ્યું છે કે, "અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારા વસ્તુ તે ખાવા નહીં અને પીવા પણ નહીં." અને વ્યભિચાર ન પ્રવર્તે એટલા માટે જ શ્રીજીમહારાજે સ્ત્રીઓ અને પુરુષોના મંદિરો અલગ કરાવ્યા. સંતો-પુરુષોને જ્યારે સાંખ્યયોગી બહેનો (ત્યાગી સ્ત્રીઓ) સ્ત્રીઓને ઉપદેશ આપે અને એવી જ રીતે પુરુષ ભક્તોને સંપ્રદાયના વડા એવા આચાર્યશ્રી જ્યારે સ્ત્રીભક્તોને એ આચાર્યના પત્ની (ગાદીવાળા માતુશ્રી) દીક્ષા આપે. અરે ! ભગવાન શ્રીહરિએ એ માટે જ શ્લોક ૧૩૫માં ગૃહસ્થ ભક્તોને પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ પણ કરવાની ના કહી. અને ૧૩૬મા શ્લોકમાં તો પોતાની મા, બેન અને દીકરી સાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે રહેવાની મનાઈ કરી. એ શ્લોકોની મહત્તા કદાચ ત્યારે બધાને નહીં સમજાણી હોય પણ અત્યારના સમયમાં રોજ રોજ વર્તમાનપત્રોમાં આવતી ખબરો દ્વારા સર્વ સમાજને એ નાની સરખી જણાતી એવી પણ આજ્ઞા લોપવાથી થતી મહા અવદશા જરૂર જાણી શકાય છે.

તો બીજીતરફ વ્યસનો પણ પારિવારિક ખુશીઓમાં ઓટ લાવી દે છે. આગળ કહ્યું એ પ્રમાણે મહાપ્રભુ શ્રીહરિએ જુગાર આદિક વ્યસનનો ત્યાગ કરવાનું કહ્યું. કારણ કે જુગાર એ વ્યક્તિના હસતા-રમતાં કુટુંબને ક્યારે ચોધાર આંસુએ રડવા મજબૂર કરી દે એ કહી ન શકાય. મહાભારતનું યુદ્ધ રોકી શકાત પણ આ મહાસંહાર થયો તેની પાછળના અમુક કારણોમાંનું એક કારણ એ હતું કે, યુદ્ધિષ્ઠિર મહારાજાનું જુગાર રમવું અને આશ્ચર્ય પમાડે એવી વાત તો એ છે કે સાક્ષાત ધર્મનું સ્વરૂપ કહેવાતા યુધિષ્ઠિર મહારાજાને પણ આ રમતમાં ક્યારે પોતાની પત્નીને દાવમાં મૂકી દીધી એનું પણ અનુસંધાન ન રહ્યું તો બીજા સામાન્ય જીવનું તો શું ગજું ? અને એ જ પ્રમાણે દારૂ-બીડી-સીગારેટ જેવા વ્યસનો પણ ત્યાગવા યોગ્ય જ છે. વિખ્યાત ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બી કહે છે કે, "વિશ્વની ૨૧માંથી ૧૯ સંસ્કૃતિઓનો નાશ શરાબને કારણ થયો છે." માટે જ એ સંસ્કૃતિનું સંરક્ષણ કરવા અને પોતાના ગુરુનું વચન પાળવા માટે સ્વદેહનું પણ બલિદાન આપવા તત્પર એ લોધીકાના દરબાર અભેસિંહજીને કેમ ભૂલી શકાય ?

સોરઠમાં લોધીકા નામનું ગામ છે. ત્યાંના રાજાના કુમાર અભેસિંહજી ગોપાળાનંદ સ્વામીના સમાગમથી મહાન ધ્યાની ભક્ત બની ગયા હતા. તેઓને એકવાર જામનગરના રાજદરબારમાં શુભ પ્રસંગે જવાનું થયું. જામ સાહેબની કચેરીમાં અભેસિંહજી પધાર્યા. પછી જામની આજ્ઞા થતાં નોકરો દારુની પ્યાલીઓ લઈને અનેક રાજ-રજવાડાના માલિકોને આપવા લાગ્યા.

પછી એક પ્યાલી અભેસિંહજી આગળ લાવવામાં આવી. ત્યાંતો તેઓએ ચોખ્ખી ના કહી દીધી.તેથી નોકરે જામનગરના રાજા વિભા જામને કહ્યુ: "બાપુ ! બાપુ ! આ અભેસિંહજી અમારો હાથ પાછો ઠેલે છે માટે તમો આવો."

તુરંત વિભા જામે હાથમાં પ્યાલી લીધી અને અભેસિંહજીને પીવા માટે તાણ કરી. ત્યારે તે ક્ષત્રિય શૂરવીર બોલ્યા: "મહારાજા!

મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી આગળ મેં નિયમ લીધો છે કે, આ મુખથી ક્યારેય દારૂ નહિ પીવ.'' ત્યારે વિભાજામ બોલ્યાઃ ''દરબાર! મારો હાથપણ પાછો ઠેલશો ?'' ત્યાંતો સાથેના ચોવટીયા બોલી ઉઠ્યા : ''હા...હા, બાપુની વાત સાચી છે, બાપુનું વેણ રાખો અભેસિંહજી.''

તુરંત કમરમાંથી કટાર કાઢીને વિભા જામને આપતાં અભેસિંહજી બોલ્યાઃ ''લ્યો આ કટાર અને પાડો છિદ્ર મારા ગળામાં. પ છી ત્યાંથી દારૂને અંદર નાખો, એટલે તમારો હાથ પાછો ઠેલ્યો નહિ કહેવાય; બાકી મારા મુખથી દારૂ કદીપણ અંદર નહિ જાય.'' આવી દૃઢ ટેક જોઈને વિભાજામ રાજી થયા અને અભેસિંહજીને બાથમાં લઈને ભેટી પડ્યા અને 'અભેસિંહજી ખરેખર ભગવદીય છે; એને આવો દુરાગ્રહ ક્યારેય-કોઈએ પણ કરવો નહિ એવું ફરમાન પણ કરી દીધું.'

ખરેખર એ જાણીને આશ્ચર્ય થશે કે કારગીલના યુદ્ધમાં આપણા ૭૦૦ યુવાનો શહીદ થયા પણ સિગારેટથી દેશમાં દર વર્ષે ૭ લાખ ને ૩ હજાર લોકો મૃત્યુ પામે છે. અને જો આ વ્યસનો પાછળ થતો ખર્ચ જ અટકાવવામાં આવે તો દેશમાં ગરીબી, બેકારી જેવા પ્રશ્નોનું આપોઆપ નિરાકરણ થઈ જાય.

આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે અહિંસાનું પણ ખૂબજ પ્રતિપાદન કર્યું છે. ૧૧ મા શ્લોકમાં કહ્યું છે કે, ''જે અમારા સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી માત્રની હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ-માંકડ, ચાંચડ આદિક જીવ તેમનીપણ હિંસા ક્યારેય ન કરવી.'' અહીં જો ઝીણા એવા જીવની પણ હિંસાની મનાઈ કરી હોય તો પછી મોટા જીવને મારવાની વાત જ ક્યાં રહી? અને જો મારવાની વાત જ ન આવે તો પછી એને ખાવાની તો વાત કરાય પણ કઈ રીતે ? આ વાતને આગળ લખતા ભગવાન શ્રીહરિ ૧૩ મા શ્લોકમાં કહે છે કે, ''સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી.'' કોઈપણ દેશમાં અત્યાર સુધી થયેલા મોટા મોટા યુદ્ધો પાછળનું કારણ જો કોઈ હોય તો આ ત્રણ વસ્તુ જ છે. અને આજે વર્તમાનમાં પણ એ માટે જ અનેક પ્રકારના ગુનાઓ નોંધાતા હોય છે. શિક્ષાપત્રીના ૧૪ મા શ્લોકમાં ભગવાન શ્રીહરિએ સ્વહિંસા એટલે કે આત્મહત્યા કરવાની પણ ના પાડી. જ્યારે ૧૬ મા શ્લોકમાં પોતાથી કે અન્યથી કોઈપણ પ્રકારની ભૂલ થઈ ગઈ હોય ત્યારે પણ ક્રોધના આવેશમાં આવીને પોતાના કે બીજાના અંગના છેદનની ચોખ્ખી ના પાડી. આમ, અહિંસા એ જ પરમ ધર્મ છે એવો આ શિક્ષાપત્રીનો આ ઉપદેશ જો સર્વ જનસમાજ પોતપોતાના હૃદયમાં જો ઉતારે તો રોજ થતી હજારો આત્મહત્યા અને અન્ય હિંસક ગુનાઓ ક્યારેય ન જ થાય. માટે જ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ શિક્ષાપત્રીનો મહિમા ગાતા કહે છે કે, "If people of India adopt and act according to the Shikshapatri, then all the police-stations and legal courts will become useless." એટલે કે જો દરેક ભારતવાસી આ શિક્ષાપત્રીનું પાલન કરે તો દેશમાં પોલીસ સ્ટેશનો અને ન્યાયાલયોની જરૂર જ ન પડે.

• વ્યવહાર :

ગૃહસ્થને જો આર્થિક સુગમતા હોય તો એ નિરાંતે પ્રભુભજન કરી શકે એ ન્યાયે ભગવાન શ્રીહરિએ બોધની ઘણી વાતો કરી. જેમ કે - ૧૪૧ મા શ્લોકમાં બચત વિષે વાત કરતા કહે છે કે, ''પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલાં અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો.'' આગળ ૧૪૩ મા શ્લોકમાં તો ત્યાં સુધી કહે છે કે, ''સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો.'' અને વળી ૧૪૪ મા શ્લોકમાં કહે છે કે, ''પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી.'' ખરેખર આજે આ વાત એકદમ સત્ય પુરવાર થાય છે કે પોતાના સગા પુત્ર પર પણ જો અતિ વિશ્વાસથી વ્યવહાર કરવામાં આવે તો ક્યારેક વિશ્વાસઘાતનો ભય રહે છે અને આવી ઝીણી બાબતોની સલાહ તો ભગવાન વિના બીજું દઈ પણ કોણ શકે ? અને એ પણ આજથી ૨૦૦ વર્ષ પહેલા !! તો વળી ભગવાન શ્રીહરિ ૨૬મા શ્લોકમાં કહે છે કે, ''વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી.'' Curruption is one of the biggest burning problems in India. અને ખરેખર ભ્રષ્ટાચાર એ ભારત માટે અનેક મોટી સમસ્યાઓ પૈકીની એક સમસ્યા છે.

માટે જ ભ્રષ્ટાચાર કદાપિ ન કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણે એ સમયથી જ શિક્ષાપત્રીમાં જણાવી દીધેલું છે. એ જ રીતે સદાય સુખાકારી માટે ભગવાન શ્રીહરિ ૩૬ મા શ્લોકમાં કહે છે કે, ''વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું.'' માને કે અતિશય ક્રોધમાં અને અતિશય આનંદમાં વ્યક્તિ ક્યારેક એવું કામ કરી બેસે છે કે કોઈને એવું વચન આપી બેસે છે કે જેની માટે એને આજીવન પસ્તાવું પડતું હોય છે. માટે જ ભગવાન શ્રીહરિએ એમ કરવાની ના કહી. સામાન્ય જીવના નાના-નાના વ્યવહારોની ભગવાન

શ્રીહરિને કેટલી ચિંતા હશે કે ૧૪૫ મા શ્લોકમાં લખે છે કે, ''પોતાની ઉપજ અનુસાર જ નિરંતર ખર્ચ કરવો પણ એથી ઉપરાંત ન કરવો.'' જ્યારે ૧૪૬ મા શ્લોકમાં કહે છે કે, ''પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું.'', ''અને વળી પોતા પાસે કોઈ કરજ માગતા હોય ને તે દઈ ચૂક્યા હોઈએ તો તે વાતને છાની ન રાખવી તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો.'' આમ, ૧૫૨ મા શ્લોકમાં કહેલા આ વિધાનોથી એટલો ખ્યાલ તો ચોક્કસ આવે કે - આ જીવ કોઈપણ રીતે કરીને વ્યવહારે સુખિયો થાય એટલું જ ભગવાન શ્રી સ્વામિનારાયણ ઈચ્છતા હતા. માટે જ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી કહે છે કે : 'આ લોકનો ને પરલોક કેરો, રસ્તો મળે શાસ્ત્ર થકી ઘણેરો...'

● વિવેક અથવા શિષ્ટાચાર :

વ્યક્તિના જીવનમાંથી વિવિધ કુટેવો નીકળી જાય અને બીજી તરફ વ્યવહારમાં પણ સુખી થઈ જાય અને એમાં વધારામાં જો વિવેક આવે, શિષ્ટાચાર આવે તો તો જેમ સોનામાં સુગંધ ભળે તેમ સામાજિક સ્તરના જીવનમાં પણ એની ખ્યાતિ વધી જાય. આ વિવેક એટલે બીજું કાંઈ નહીં પણ Manners. આ સમાજમાં અનેક પ્રકારના લોકો હોય છે તેમાં કોની સાથે કઈ રીતે વર્તવું, કઈ રીતે બીજાની આમન્યા જાળવીને પણ પોતાનાGoal (ધ્યેય) સુધી પહોંચી શકાય છે એવા Public Relation Managementની પણ અદ્‌ભુત વાત ભગવાન શ્રીહરિએ કરી ને આ વિષે ટકોર કરતા ૩૫મા શ્લોકમાં કહે છે, ''ગુરુનું અપમાન તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું.'' જ્યારે ૬૮ મા શ્લોકમાં કહે છે કે, ''જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.'' ૩૭ મા શ્લોકમાં કહે છે, ''પોતાના મુખે કરીને પોતાના વખાણ ન કરવા.'' જ્યારે ૭૫ મા શ્લોકમાં કહે છે, ''જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં.''

આમ, સમાજમાં રહીને ભગવાનની ભક્તિ કરતા સાથોસાથ Relationship Management કરી અને Etiquettesની સાથે તે પણ દુનિયા સાથે કદમથી કદમ મિલાવી શકે. અને ખરેખર ઉપરોક્ત ત્રણેય શ્લોકો આજના કહેવાતા High Profile Personalities (અત્યંત અમીર કે પ્રતિષ્ઠિત વર્ગના લોકો)માં જોવા મળે છે. ૨૦ મા શ્લોકમાં **ભ**ગવાન શ્રીહરિ કહે છે કે, ''પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો ને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી.'' અને આ વાત દર્શાવતો સંપ્રદાયનો એક પ્રસિદ્ધ પ્રસંગ છે : કમઢીયાના કાયાભાઈ સંધીએ એક દિવસ ખેતરમાં પોતાના બળદને ગાળ દેવાય ગઈ તો તેમણે બળદને દંડવત કરીને માફી માગી અને એક દિવસ નકોરડો ઉપવાસ કર્યો. તેમજ તરકતળાવના કરશન લુહારે ગામ છોડી દીધું પણ ગાળ ન બોલ્યા. ભગવાન શ્રીહરિ ૬૬ મા શ્લોકમાં કહે છે કે, ''જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો.'' અને ૬૭ મા શ્લોકમાં કહે કે, ''પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી.'' જ્યારે ૧૫૨ મા શ્લોકમાં કહે છે કે, ''પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું.''

આમ, કર્મચારી અને માલિકો વચ્ચેના સંબંધો અતિ સુમેળભર્યા બની રહે ને સંઘર્ષોને કારણે જ થતી હડતાળો ન થાય એવી દીર્ઘદૃષ્ટિ કરીને આ શ્લોકો લખવામાં આવ્યા છે. આમ કર્મચારી સંચાલન એટલે કે Human Resource Managementના સિદ્ધાંતો કે જે પાછળથી સમાજમાં વિવિધ અંગ્રેજ ચિંતકો દ્વારા જાણીતા બન્યા એ આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સમાવી લીધા છે.

● માનવતા :

'Humanity is nothing but just a part of Spirituality.' ખરા અર્થમાં જોઈએ તો માનવતા એ આધ્યાત્મિકતાનો જ એક ભાગ છે અને ધર્મ જ વ્યક્તિને સારા સંસ્કારો આપીને સાચા અર્થમાં માણસ બનાવે છે ને માણસ તરીકે જીવન જીવતા શીખવાડે છે.

'કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય; અન્ન ધન વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે...' દરરોજ બોલાતી સ્વાભાવિક ચેષ્ટાની આ પંક્તિઓ ભગવાન શ્રીહરિના દયાળુ સ્વભાવને વર્ણવે છે. શ્રીજીમહારાજના આવા દયાળુ સ્વભાવ અને

માનવતાના દર્શન નીચેના શ્લોકોમાં સ્પષ્ટ જણાય છે. ૧૩૯ મા શ્લોકમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, "અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી." અહીં પોતાના મા-બાપ અને ગુરુજનોની સેવાની વાત તો સમજાય એવી છે પણ રોગાતુર એવા મનુષ્યની સેવા પણ જીવનપર્યંત કરવાની ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજે પણ પોતાના સમયમાં અનેક સદાવ્રતો શરૂ કરાવેલા અને ઓગણોતેરા દુષ્કાળમાં પણ અનેક ગરીબોને દરરોજ ભોજન કરાવતા હતા. જો કે હાલના સમયમાં તો જો આ એક શ્લોક પ્રમાણે ફક્ત પોતાના મા-બાપની સેવા યુવાનો કરવા માંડે ને તો પણ દેશમાં ચાલી રહેલા હજારો વૃદ્ધાશ્રમો બંધ થઈ જાય ને પરસ્પર પ્રેમનું નિર્માણ થાય. તેમજ ભગવાન શ્રીહરિ ૩૭ મા શ્લોકમાં કહે છે કે, "કોઈનો વિશ્વાસઘાત ન કરવો." Someone's trust on you for longtime will convert into Goodwill in Society. અમેરિકન તત્ત્વચિંતકનું આ વાક્ય સૂચવે છે કે લાંબા સમય સુધીનો કોઈએ તમારા પર મૂકેલો વિશ્વાસ એ સમાજમાં તમારી એક અલગ ઓળખાણ ઊભી કરે છે. આમ, સાચી આધ્યાત્મિકતા એ માનવતાને પોતાની સાથે જ લઈ આવે છે.

• સંગ :

ઉપરોક્ત તમામ પાસાઓ વ્યક્તિના જીવનમાં હોય પણ જો એક સંગ ફરી જાય એટલે ખરાબ સોબત થઈ જાય તોપણ જીવન ધૂળધાણી થઈ જાય છે માટે જ ભગવાન શ્રીહરિ કેવો સંગ રાખવો એનું વર્ણન કરતા ૨૭માં શ્લોકમાં કહે છે કે, "ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના મનુષ્ય તેમનો સંગ ન કરવો." આવા પ્રકારના માણસોનો સંગ તજવાનું મુખ્ય કારણ એટલું જ કે વ્યક્તિમાં પોતામાં કોઈ જ પ્રકારના દોષ નથી હોતા પણ સૌથી વધારે દોષો જીવનમાં આવવાનું કારણ ખરાબ સંગતિ હોય છે. તો વળી, ધર્મમાં અચળ શ્રદ્ધા ધરાવતા લોકોને કોઈ ધર્મના નામે છેતરી ન જાય, કોઈ તેમનો લાભ ન લઈ જાય એ માટે જાણે Red Light બતાવતા હોય એમ ભગવાન શ્રીહરિ ૨૮ મા શ્લોકમાં કહે છે કે, "જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો." કથાવાર્તા દ્વારા જ સત્સંગ થાય ને જીવનમાં સંસ્કારોનું સિંચન થાય પણ એ કથાવાર્તા પણ કોની પાસેથી સાંભળવી એનો વિવેક ભગવાન શ્રીહરિ શ્લોક ૨૫ મા કહે છે કે, "જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી." આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે એકદમ સ્પષ્ટ રીતે નિર્દેશનો શિક્ષાપત્રીમાં કર્યા છે કે કોનો સંગ કરવો ને કોનો ન કરવો. "Man can be recognize by his company." એટલે કે માણસ કેવો છે તે જાણવું હોય તો તેનું મિત્રવર્તુળ કેવું છે એ જોતા જ જણાય આવે છે. આમ કહી શકાય કે શિક્ષાપત્રી એટલે માનવજીવનમાં થતા અકસ્માતોથી બચવા માટેની Safety Tool (સલામતીનું સાધન.)

• જડતા નથી :

Bhagwan Swaminarayan himself was a very practical. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે આ શિક્ષાપત્રીને પાળવાની આજ્ઞા કરી પણ દૃઢતાથી પાળવાની પણ એમાં જડતાને કોઈ પ્રકારનું સ્થાન નથી. જડતા કેવી રીતે ? તો ભગવાન શ્રીહરિ પોતે નિશ્ચય જ સત્યના હિમાયતી હતા અને પોતાના ભક્તોને પણ સત્ય બોલવા જણાવતા. તેમ છતાં પણ અહીં ૨૬ મા શ્લોકમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, "જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું." એટલે કે પોતાનો કે અન્ય કોઈનો પ્રાણ નાશ થતો હોય તો એવા આપત્કાળના સમયે જૂઠું બોલવામાં નિષેધ નથી. જેમ કે - કોઈ ગાય તમારી સામે દોડતી આવે ને એક ખાંચામાં જતી રહે અને પાછળથી જ કસાઈ આવતા હોય અને પૂછે કે ગાય કઈ બાજુ ગઈ છે અને જો સાચું કહી દઈએ તો ગાયની હત્યા નિશ્ચિત જ થાય ને ખોટું કહીએ તો જ એનો જીવ બચી શકે આ પ્રકારના સંજોગોમાં ઘાતક એવું સત્ય પણ ન બોલવાની વાત કરી છે.

તો વળી ભગવાન શ્રીહરિએ સૌ ભક્તોને પોતાની આવકનો દશમો કે વીસમો ભાગ મંદિરને અર્થે દાનમાં આપવાની વાત કરી પણ એમાંય જડતા નથી રાખી. ભગવાન શ્રીહરિ ૧૬૭ મા શ્લોકમાં કહે છે કે, "વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું ને તેથી અધિક હોય તો આપવું." કારણ કે, વિધવા સ્ત્રી હોય ને એ પોતાના ભાગની મૂડી પણ જો ધર્મના કાર્યમાં વાપરી નાખે તો એ પરાવલંબી બની જાય, એને બીજાનો આધાર રાખવાની જરૂર પડે માટે જ ભગવાન શ્રીહરિએ આવી આજ્ઞા કરી. તો વળી ૧૫૩ અને ૧૫૪ મા શ્લોકમાં કહે

કે, ''જે ઠેકાણે પોતે રહેતા હોય તે ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય ને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તોપણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરવો ને જ્યાં ઉપદ્રવ ન હોય એવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું.''

આ તો ગૃહસ્થની ભક્તની વાત થઈ પણ ભગવાન શ્રીહરિએ પોતાના ત્યાગી સંતોને ઉદ્દેશતા પણ ૧૮૨ મા શ્લોકમાં કહ્યું છે કે, ''જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી.'' જો કે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોને અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય રાખવાનું એવું પાંચ વર્તમાન પૈકીનું નિષ્કામી વર્તમાન પળાવ્યું છે અને નિષ્કામ શુદ્ધિના કુલ ૪૨ શ્લોકોમાં જ ભગવાન શ્રીહરિએ ૪૭ તો ઉપવાસો પ્રાયશ્ચિત્તરૂપે લખ્યા છે. જેમ કે - સ્ત્રીભક્તો સાથે અજાણમાં પણ વાત થાય તો એક ઉપવાસ કરવો, સ્પર્શ થઈ જાય તો એક ઉપવાસ કરવો, અરે ! એનો સંકલ્પ થઈ જાય તોપણ પ્રાયશ્ચિત્તરૂપે એક ઉપવાસ કરવાની ભગવાન શ્રી સ્વામિનારાયણે આજ્ઞા કરી છે. આમ છતા પણ અહીં ભગવાન શ્રીહરિએ ફક્ત આ રીતની સ્થિતિ હોય કે જેમાં બેમાંથી એકનો પ્રાણ નાશ થતો હોય ત્યારે છૂટ આપી છે. આમ, ખરેખર શ્રીજીમહારાજે દરેક રીતે પોતાના આશ્રિતોની સંભાળ રાખી છે પણ એમાં કોઈ જાતની કચાશ રાખી નથી.

● મહત્તા :

વારંવાર મોક્ષની Examમાં (પરીક્ષામાં) ફેઈલ થતા અનંત જીવાત્માઓને આ વખતે પાસ કરાવવા જ્યારે કરુણાસાગર એવા અનંત કરોડો બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ જ દયાએ કરી જ્યારે શિક્ષાપત્રી રૂપી અપેક્ષિત આપી દે, પછી તો કહેવું જ શું ? આ ૨૧૨ શ્લોકોને જે જીવનમાં ઉતારશે, એ પ્રમાણે જીવન બનાવશે એ આ લોક અને પરલોકમાં નિશ્ચય જ સુખિયા થશે.

અને આ શિક્ષાપત્રીનો મહિમા ગાતા સ્વયં ભગવાન શ્રીહરિ ૨૦૪ મા શ્લોકમાં કહે છે કે, ''સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉધ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે.'' Shikshapatri is a wishing stone. માટે જ આગળ ૨૦૫ મા શ્લોકમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, ''અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.'' એટલો બધો ભાર ભગવાન શ્રીહરિએ શા માટે આપ્યો તો આગળના શ્લોકમાં કહે છે કે, ''આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય જ પામશે.''

જેમ કોઈ વિદ્યાર્થીને IMP Notes હાથમાં આવી જાય પછી તે રાત-દિવસ એ વાંચવામાં, એનું રીવીઝન કરવામાં ડૂબી જાય એ જ રીતે જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી આ લોકમાં સુખી થવાના અને મર્યા પછી ભગવાન શ્રીહરિનું સનાતન સુખ પામવાના Pointsને પણ વારંવાર વાગોળવા જ પડે ને ? રખેને એમાં ભૂલાઈ તો નથી જાતું ને ? માટે જ મહાપ્રભુ શ્રીહરિ શિક્ષાપત્રીના ૨૦૮ અને ૨૦૯ મા શ્લોકમાં કહે છે કે, ''અમારા સત્સંગી તેમણે નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીનો પાઠ કરવો અને જેને ભણતા ન આવડતું હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી.'' અને આ જ વાતને ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા અંત્ય પ્રકરણના ૧લા વચનામૃતમાં પણ કહી છે કે, ''એ ત્રણેય વાનામાંથી જેને ફેર પડે એને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.'' કારણ ? તો ભગવાન શ્રીહરિ કહે, ''આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે.''

Which is the most complex machinary ever ? એટલે કે અત્યાર સુધીનું આ પૃથ્વી પરનું સૌથી જટિલ યંત્ર કયું છે ? જવાબ છે Human Body એટલે કે માનવશરીર. સપ્ત પ્રકારના ધાતુથી અને પંચભૂતથી બનેલું આ માનવશરીર એ અત્યાર સુધીનું વિશ્વનું સૌથી જટિલ યંત્ર છે. મોટા-મોટા અનેક વૈજ્ઞાનિકોએ જે શરીરનો અભ્યાસ કરવામાં પોતાની આખી જિંદગી ખર્ચી નાખી છે તેમ છતાં પણ જેનો સંપૂર્ણપણે પાર ન પામી શક્યા એવું જટિલ યંત્ર છે આ માનવશરીર. આજના લેટેસ્ટ સ્માર્ટફોન્સ, ટી.વી., રેફ્રિજરેટર કે અન્ય સાધનો ઘણાં મોંઘા હોય છે તો જેમાં જાતજાતની ને ભાતભાતની Circuits એટલે કે સામગ્રી હોય એવા આ માનવશરીરની કિંમત શું આંકવી ? જો લૌકિક દૃષ્ટાંત સાથે વાત કરવામાં આવે તો પેસેફિક કે એટલેન્ટિક જેવો મોટો મહાસાગર હોય ને તેમાં એક કાચબાને તરતો મૂકવામાં આવે અને બરાબર કાચબાની ડોકની માપની એક રીંગ પણ તેમાં તરતી મૂકવામાં આવે અને એ કાચબો અમુક વર્ષે એકવાર પોતાની ડોક પાણીમાંથી ઊંચી કરે ને બરાબર તે જ સમયે જો એ રીંગ એ ડોકમાં આવી જાય એટલે

કે આવો Rarest of the rare cases પ્રસંગ-ભાગ્યજોગ જ્યારે બને ત્યારે આ માનવશરીર મળે છે. હવે આવું અમૂલ્ય જીવન જેમતેમ વેડફવું એ તો જેમ હાથમાં આવેલ વિજય કોઈ ઝૂંટવી જાય એમ છે. અને એ જીવનને જીવવાની ખરેખરી કળા શિક્ષાપત્રી શીખવાડે છે. Shikshapatri teaches an Art of Living.

આમ, શિક્ષાપત્રી એટલે 'ધાર્મિક, સામાજિક, વ્યવહારિક, સાંસારીક અને રાજકીય બાબતોને ધ્યાનમાં રાખી માનવીના આધ્યાત્મિક અને વ્યવહારિક સફળ જીવનનો રાહ ચીંધનાર પથદર્શિકા.' શિક્ષાપત્રી એટલે સંસારરૂપી ખારા સમુદ્ર મધ્યે રહેલી એક મીઠી વીરડી. અને અંતમાં સંક્ષેપમાં કહીએ તો શિક્ષાપત્રી એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને પામવાની પુનિત પગદંડી.

❁ આજના યુગના માણસને માનવી થતાં શીખવે છે : શિક્ષાપત્રી

'કઈ ધાતુથી ઘડનારાએ આપણાં ઘાટ ઘડેલા,
ઘસીને ઘસીને માંજીએ તોય રોજના કાટ ચઢેલા;
આપણે માનવી મનના મેલા...
મૂળ મીઠેરી ભોમમાં તોય મૂળ તો કડવા વેલા,
વણનારાએ વણતી વેળા તાર કેવાય વણેલા;
ઉજળા એવા રંગ ચઢાવો તોય સદા ફટકેલા,
આપણે માનવી મનના મેલા...
આંધળી કહેતી કદરૂપીને વાહ ! શું રૂપ ભરેલાં,
આપણે અરે ! મુરખ કેવાં આપણાં પર જ ઘેલા
આપણે માનવી મનના મેલા...'

૨૦૦૦ વર્ષ પૂર્વે બપોરના બાર વાગ્યે હાથમાં સળગાવેલું ફાનસ લઈને સૉક્રેટિસ માણસ શોધવા માટે નીકળેલા. એમને સામે ડૉકટર, એન્જિનિયર, વકિલ વગેરે મળ્યા. બધાને પૂછે : 'ભાઈ ! તું કોણ છે ?'

'હું ડૉકટર છું.'

'તું કોણ છે ?'

'ઈજનેર.'

પછી કોઈએ કહ્યું : "હે સૉક્રેટિસ ! તમે ભરબપોરે આ ફાનસ લઈને શું શોધવા નીકળ્યો છો ?"

"માણસ શોધવા નીકળ્યો છું." સૉક્રેટિસે કહ્યું : "મને ડૉકટર, ઈજનેર, વકિલ વગેરે મળ્યા પણ માણસ મળ્યો નહિ !"

આજે એનસાઈક્લોપીડિયાની - જ્ઞાનની વખારો છે, પરંતુ માણસ દેખાતો નથી.

આજના વર્તમાન સમાજના માણસની વૃત્તિની હીનતા કેટલે અંશે વધી ગઈ છે ! જેના માપનું કોઈ મીટર નથી.

નિત્ય સવારે છાપું ઉઘાડો એટલે તેમાં બળાત્કાર, ચોરી, લૂંટ, વિમાન હાઈજેક, છેતરપીંડી, સ્ત્રી-બાળકોની સામૂહિક મારપીટ-હત્યા, વેપારીઓમાં ભ્રષ્ટાચાર, ખૂન, ગુંડાગીરી અને અનૈતિક પ્રવૃત્તિઓના સમાચાર વાંચવા મળે છે. રોજે રોજના બનાવોમાં માણસાઈના દુકાળનાં દર્શન થાય છે. તેથી કો'ક કવિ કહે છે :

'માનવીએ ઈજ્જત વેંચી ધરમ વેંચ્યો ને વેંચી પોતાની ટેક,
પ્રભુ તારા ફોટા વેંચી એનો લીધો એણે ચેક;
માનવી મંદિર વેંચશે મસ્જિદ વેંચશે બાકી કાંઈ ન રાખશે,
હે ભગવાન ! ભૂલે ચૂકે જો તું સામો મળ્યો તો તને પણ વેંચી નાખશે.'

અન્ન એવો ઓડકાર. માંસાહારી પશુઓ હિંસક છે. શાકાહારી પશુઓ નમ્ર છે. જેવો ખોરાક તેવી સંસ્કૃતિ ઘડાય છે. માંસાહારથી માણસમાંથી માણસાઈ ચાલી ગઈ છે. માનવ જંગલી રાક્ષસ બની ગયો છે. તેથી જ તો માનવ માનવને સારી રીતે મારવાની શોધો કરી રહ્યો છે !

આજે વિશ્વના અતિ બુદ્ધિશાળી વીસેક હજાર લોકો 'deathfactory' એટલે માનવને કેવી રીતે મારી નાખવો તેની યોજનાવાળા કારખાનાંઓમાં કાર્યવ્યસ્ત છે. ન્યૂટોન બોમ્બે તો સર્જનહારના ઉત્તમ સર્જન એવા માનવની કિંમત વિશ્વની બજારમાં કોડીની કરી નાખી છે. વિયેટનામ, ક્યુબા, કોરિયા વગેરે દેશો બરબાદ થયા તેમાં અન્નજળનો દુકાળ નહોતો, માનવતા મરી પરવારી હતી.

સવારના પહોરમાં એક બાળકે તેમના પિતાજીને પૂછ્યું : "પિતાજી ! આ દુનિયાના ત્રણ ભાગમાં પાણી ને એક ભાગમાં જમીન, તો આટલું બાકી કેમ ?" ત્યારે તેના પિતાજીએ વિચાર કરીને તેને કહ્યું : "બેટા ! ભગવાને ત્રણ ભાગમાં પાણી દીધું છે, પરંતુ માણસ હવે ચોથા ભાગમાં ફેરવશે પાણી !"

કેલક્યુલેટર, કમ્પ્યૂટર, મોબાઈલ, ટી.વી., કેબલ, વેબસાઈટ, ઈન્ટરનેટ, ઉપગ્રહ, સેટેલાઈટ, હેલિકૉપ્ટર, વિમાન, રૉકેટ, ચંદ્ર પર ઉતરાણ, રણપ્રદેશમાં પાક, શરીરના અવયવોની અદલાબદલી, આકાશને આંબવા મથતાં મકાનો, કૃત્રિમ વરસાદ, પડકારભર્યા ઑપરેશનો, ઘરઘંટી, વૉશિંગ મશીન, હીટર, ગીઝર, કૂકર, ઍર-કન્ડિશનર... હા... એક બાજુ આ જંગી ભેટો જગતને આપી છે આજના માનવીએ પણ સબૂર !

બંદૂક, મશીનગન, ન્યૂ કલીયર બૉમ્બ, એટમ બૉમ્બ, એ.કે. ૪૭, ઝેરી રસાયણો, ક્રૂરતમ કતલખાનાંઓ, ગર્ભપાત કેન્દ્રો, વાસનાના નગ્ન તાંડવો ખેલતા વિલાસનાં સાધનો, લોભને લોભાંધતામાં રૂપાંતરિત કરી દેતી અર્થ વ્યવસ્થાઓ, કામને કામાંધતામાં બદલી નાખતી જીવનશૈલીઓ, આત્મીયસંબંધોને સ્વાર્થ સંબંધોમાં બદલી નાખવાનું મન થતું રહે એવી વિચારણાઓ, રાસાણિયક ખેતરોના બેફામ વપરાશ દ્વારા જમીનને કસહીન બનાવી દેતી અન્ન ઉત્પાદનની યોજનાઓ... આ લોહિયાળ અને ખતરનાક ભેટો પણ આ જગતને આજના માનવીએ જ આપી છે.

એક કવિ તો માનવી વિષે પોતાની વ્યથા આ રીતે ઠાલવે છે :

સૂરજે ચંદ્રને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'
ચંદ્રએ અમાસને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'
પૃથ્વીએ પ્રભુને કહ્યું, 'માનવી ઉપાડ તો મને આરામ મળે.'
માનવીએ માનવીને કહ્યું, 'તું શાંત થા તો મને આરામ મળે.'
હવે તો મારા શ્વાસે મોતને કહ્યું, 'તું આવ તો મને આરામ મળે.'

પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશમાં અઠ્ઠાવીસ હજાર ચોરસ માઈલનું મીઠા પાણીનું વિક્ટોરીયા સરોવર છે, જેમાંથી નાઈલ નદી નીકળે છે. માગ્યા મેઘ વરસે છે. પૃથ્વી રસકસથી ભરપૂર છે. આ સમૃદ્ધ દેશમાંથી ઘણી નિકાસ થતી, પણ ૧૯૭૨માં આ દેશમાં બ્રેડનો ટુકડો પાંચસો રૂપિયાનો થઈ ગયો ! લોકોને ખાવા ધાન, પહેરવા વસ્ત્રો ન રહ્યાં. આવું બન્યું કેમ ? શું સરોવર સૂકાઈ ગયું ? કે મેઘરાજા રૂઠી ગયા ? કે પૃથ્વીએ રસકસ છોડી દીધાં ? ના, આવું કશું જ થયું નથી. પણ ત્યાંના રાષ્ટ્રપ્રમુખ - ઈદી અમીનમાંથી માણસાઈ ચાલી ગઈ એટલે આવી કરુણ પરિસ્થિતિ સર્જાણી.

જોઈ લો હજારો વરસોનો ઈતિહાસ. માણસ સિંહથી કે વાઘથી, સર્પથી કે શિયાળથી, રાક્ષસથી કે હાથીથી એટલો નથી છેતરાયો, જેટલો માણસથી છેતરાયો છે. ભૂકંપે કે વાવોઝોડાએ, સુનામી કે જવાળામુખીએ એટલા માણસોને ખતમ કર્યા નથી જેટલા માણસોએ ખતમ કરી નાખ્યા છે. ઝેરના સેવને કે અકસ્માતોની હારમાળાઓએ એટલા માણસોને પરલોકમાં રવાના નથી કર્યા જેટલા માણસોએ રવાના કર્યા છે.

કારણ ? આ એક જ. અંદરથી એ કાળો, બહારથી ઊજળો. જબાનથી એ ફાંફડો, હૃદયથી એ રાંકડો. ફોટામાં એ સસલા જેવો અને એક્સ-રેમાં એ શિયાળ જેવો. મહોરું એનું સંતનું અને ચહેરો એનો શેતાનનો. આચરણ દેખાય એનું દીવાળી પ્રગટાવતો હોય એવું અને અંતઃકરણમાં એ બેઠો હોય હોળી પ્રગટાવીને.

અત્યાર સુધીના પાણીના દુકાળોમાં બધા મળીને દશેક લાખ માણસો મર્યા છે. પણ આ સદીમાં ૧૯૧૪ અને ૧૯૩૯માં બે ભયંકર દુકાળ માણસાઈના પડ્યા. પહેલો દુકાળ એટલે કે પહેલું વિશ્વયુદ્ધ પાંચ વર્ષ ચાલ્યું અને બીજો દુકાળ છ વર્ષ. તેમાં છ કરોડ અને ચાલીસ લાખ માનવો ભરખાઈ ગયા.

આ બે વિશ્વયુદ્ધોમાં અન્નજળનો દુકાળ નહોતો પણ માનવતાનો દુકાળ હતો. આજે પણ ભારતના અમુક પ્રાંતોમાં આતંકવાદીઓ દ્વારા રાક્ષસી રીતે નરસંહાર ચાલી જ રહ્યો છે ને ! અનાજના દુકાળ કરતાં આવા દુકાળો ભયંકર હોય છે.

દરેકે અનિષ્ટોનું મૂળ માણસનું મન છે. આ મનનું નિયમન કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી નિયમાવલી- 'શિક્ષાપત્રી' આપી. જેમાં દરેક વ્યક્તિને તો આવરી લીધા છે પણ સાથે સાથે અમુક સામુહિક નિયમો પણ આપ્યા છે. આ શિક્ષાપત્રીમાં અનેક પ્રશ્નોનું સુંદર સમાધાન છે.

માનવ જીવનમાં પ્રશ્નો તો આવતા જ રહેવાના છે. કારણ કે કોઈ એક જ માણસ જુદાં જુદાં સ્વરૂપે હોય છે. પિતા તરીકે હોય

છે, કોઈ ભાઈ તરીકે હોય છે, તો કોઈ મિત્ર પણ હોય છે, તો કોઈનો પડોશી પણ હોય છે. વગેરે વગેરે પ્રત્યેક સંબંધોથી માણસ સંકળાયેલો છે. આજના સમાજમાં વ્યવહારિક, આર્થિક અને આંતરિક અનેક પ્રશ્નો છે. ભારત અને બીજા દેશોમાં ઘણી વ્યક્તિઓ કંગાલ અવસ્થામાં જીવન જીવે છે. લોકોને જ્યારે ખાવાનો પ્રશ્ન જ ઊભો છે ત્યારે તેને આત્મા-પરમાત્માની વાતો શું કરવી. પોતાના અનેક પ્રશ્નોના સમાધાન કરવામાં માણસની પરિસ્થિતિ ત્રિશંકુ જેવી થઈ છે. માણસ વર્તમાન સમયે ક્યાં ઊભો છે તેની તેને ખબર જ નથી. ખરેખર તો માણસ નથી રહ્યો માણસ કે નથી થયો પ્રાણી. આ બંને વચ્ચે ઊભો થઈ રહ્યો છે. આજે લોકોના જીવનમાંથી મર્યાદા ટળી ગઈ છે. ચોરી, લૂંટફાટ, ખુન, વ્યભિચાર વગેરે અનેક દુર્ગુણોથી લોકમાનસ સંપૂર્ણ વ્યાપ્ત થયેલું છે.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને તત્ત્વજ્ઞાની ડૉ. રાધાકૃષ્ણન્ એમના પુસ્તકમાં કહે છે કે ''માનવ માછલીની જેમ પાણીમાં તરતા શીખ્યો અને પંખીની જેમ આકાશમાં ઊડતા શીખ્યો પણ દુર્ભાગ્યે આ પૃથ્વી ઉપર માનવની જેમ ચાલતા ન શીખ્યો.''

હેન્રી વોર્ડ બીચન કહે છે : 'Man at the bottom an animal, midway a citizen and at the top divine, but the climate of this world is such that few ripe at the top. - 'માણસ તેના ભોંયતળિયે પાશવી (એક પશુથી પણ નીચો રાક્ષસ) છે, વચ્ચે નાગરિક છે અને ઊંચે દિવ્ય છે પણ આ જમાનાની હવા એવી છે કે ભાગ્યે જ કોઈ દિવ્યતાવાળું જીવન જીવે છે.'

ગુજરાતના પ્રસિદ્ધ ચિંતક ગુણવંતભાઈ શાહ કહે છે : ''ઘરની દીવાલ ઉપર ત્રણ પેઢીથી બગડી ગયેલું ઘડિયાળ ટીંગાતું હોય તો પણ તેને ઘડિયાળ જ કહેવું પડે છે. પાણી વગરની નદીને પણ નદી જ કહેવી પડે છે. આકાર ઉપરથી આદતના જોરે આપણે આવું કહેતા હોઈએ છીએ. આવી જ રીતે જે માનવમાં માનવતાનો લેશ ન હોય પણ તેને માનવ કહેવો પડે છે. હકીકતમાં તો 'જેકલ એન્ડ હાઈડ'ની જેમ તે માનવનું મહોરું પહેરેલો કોઈ શેતાન જ છે.'' એક કવિ પોતાની માનવીના વિષે વ્યથા ઠાલવતાં કહે છે :

'ભગવાન થયો નિવૃત્ત ઈન્સાન બનાવીને, ઈન્સાને કર્યો સોદો ભગવાન બનાવીને;
કૃત્યો કરીને કાળા ભગવાન માથે ઢોળ્યા, પસ્તાયો હવે ભગવાન ઈન્સાન બનાવીને.'

કવિ સુંદરમે વાજબી જ કહ્યુ છે કે **'હું માનવી માનવ થાઉં તો ઘણું.'**

'ઈસપની નીતિકથાઓ' નામની લોકપ્રિય વાર્તાઓ લખનાર ઈસપ એક ધનવાનને ત્યાં ગુલામ હતા. એકવાર તેના માલિકે તેને કહ્યું : ''ઈસપ ! તું જાહેર સ્નાનાગારમાં જોઈ આવ કે ત્યાં માણસોની કેવીક ભીડ છે. મારે તે સ્નાનાગારમાં નહાવા જવું છે.''

માલિકના હુકમ પ્રમાણે ઈસપ ત્યાં ગયા. તપાસ કરીને આવ્યા અને કહ્યું : ''માલિક ! સ્નાનાગાર ઉપર માણસોની ભીડ નથી. ત્યાં માત્ર એક માણસ છે.''

આ સાંભળી તેમના માલિક સ્નાનાગાર ઉપર નહાવા ગયો. ત્યાં જઈને જોયું તો માણસોની ભારે ભીડ જામી હતી. તેને ઈસપ ઉપર ખૂબ ચીડ ચડી. સ્નાન કર્યા વિના જ ઘેર પાછો ફર્યો અને ઈસપને ધમકાવવા લાગ્યો : ''અરે જૂઠ્ઠા ! તને ખોટું બોલતા શરમ ન આવી ? ત્યાં તો માણસોના ટોળેટોળા હતા અને તે તો કહ્યું કે ત્યાં એક જ માણસ છે.''

ઈસપે નમ્રતાથી જવાબ આપ્યો : ''માલિક ! હું ખોટું નથી બોલ્યો. મેં જે કહ્યું તે બરાબર છે. ત્યાં એક જ માણસ હતો.''

માલિકે મોટેથી કહ્યું : ''અરે ભાઈ ! હું હજી જોઈને આવું છું કે ત્યાં માણસોનો મેળો જામ્યો હતો.''

ઈસપે શાંતિથી કહ્યું : ''જુઓ સાહેબ ! ત્યાં સ્નાનાગારના પગથિયાં નજીક એક મોટો પથ્થર પડ્યો હતો. તે આવતા-જતા બધા માણસોને નડતો હતો. પણ કોઈ માણસે તેને હાથથી ઊંચકીને દૂર કર્યો નહિ. પરંતુ એ વખતે ત્યાં એક માણસ આવ્યો. તેણે આ પથ્થર ઊંચકીને દૂર મૂકી દીધો જેથી કોઈને ઠેસ વાગે નહિ. મારી દૃષ્ટિએ પાગલોની જેમ અથડાતા માણસોના ટોળામાં સાચો માણસ આ એક જ હતો. જેનામાં માનવતા ન હોય તેને 'માણસ' કહી શકાય ખરો ? જેનામાં વિવેક-બુદ્ધિ ન હોય તેને માણસ કહી શકાય ખરો ?''

સ્નાનાગારમાં માત્ર એક જ માણસ છે એમ મેં જે કહ્યું હતું તે માનવતાથી ભરેલા આ માણસને ધ્યાનમાં લઈને જ કહ્યું હતું. માણસોના ટોળામાં 'માણસ' તો જવલ્લે જ જોવા મળે છે.

આજે ઈજનેરો, દાક્તરો વગેરે વગેરે ઘણા વધ્યા છે પણ બધે જ 'માણસ'ની ખોટ વર્તાય છે.

ગાર્ફીલ્ડને કોઈએ પૂછ્યું : ''તારે ઈજનેર થવું છે કે દાક્તર ?'' તેણે સુંદર જવાબ આપ્યો કે 'મારે પહેલાં મનુષ્ય થવું છે.'

થોડાં વર્ષો પહેલાં 'સ્વોઈલેટ ગ્રીન' નામનું ચલચિત્ર આવેલું. તેમાં દર્શાવ્યું હતું કે સને ૨૦૨૫માં માનવવસ્તી કીડિયારાની જેમ ઊભરાશે. પછી રસ્તાઓ ઉપરથી માણસોને બુલડોઝરથી ખસેડવા પડશે ! લીલોતરીનો તદ્દન અભાવ થશે. તેથી વસતી ઘટાડવા ઘણા વૃદ્ધોને ધીમાં ઝેરનાં ઈન્જેકશનો આપી તેમનું મોત નીપજાવીને તેમના માંસમાંથી બિસ્કિટ બનાવીને લોકોને ખવડાવશે ! આ તો કલ્પના છે, પરંતુ આવું વાસ્તવમાં બનેલુંય ખરું કે અતિવૃદ્ધો, અને અસાધ્ય રોગવાળા મનુષ્ય દેશને ભારરૂપ છે - એમ સમજી

હિટલર તો તેમની હિંસા જ કરી નંખાવતો !

માણસના આવા સુકાળમાં કંઈક જુદો જ 'માણસાઈનો દુકાળ' વર્ણવતાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં એક સાખી ટાંકી છે : **'દેશ દેશાંતર બહોત ફીર્યા, મનુષ્ય કા બહોત સુકાળ; જાકું દેખી છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.'**

વિશ્વની ગીચ માનવવસતીમાં જેને જોઈને છાતી ઠરે એવા માણસાઈવાળા માનવનો દુકાળ છે. રાવણનું પંદર હજારનું કુટુંબ હતું. કૌરવો સો હતા, પણ તેનાથી વિશ્વને કે તે વ્યક્તિને ફાયદો શો ? મુંબઈની એક ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં અગિયાર લાખ માણસો રહે છે, પણ તેમાં કોઈ મફત રહેવાનું આપે તો પણ કોઈ ભદ્ર માણસ ત્યાં પગ મૂકે નહિ. ન્યુયોર્કમાં પણ એક ગીચ વિસ્તાર આ જ કક્ષાનો છે. ભારતનાં અમુક ગામડાંઓમાં તો અમુક માણસોની સંખ્યા વધુ હોય છતાં ભદ્ર લોકો તેમને માનવવસતીની ગણતરીમાં ગણતા જ નથી !

બાઈબલમાં સોડમ નામના શહેરની વાત આવે છે. આ શહેરની વસતી ઘણી, પણ તેમાં માણસાઈવાળા માણસોનો અભાવ હતો. તેથી ભગવાને તે શહેરનો નાશ કરવા વિચાર્યું. ત્યારે અબ્રાહમ નામના ફિરસ્તાએ કહ્યું : "ભગવન્ ! આ શહેરનો નાશ ન કરો તો સારું !"

ભગવાને કહ્યું : "તમે ગામમાંથી પચાસ સારા માણસ લાવી આપો તો હું નાશ નહિ કરું." અબ્રાહમ પચાસ માણસ શોધવા ગયા પણ મળ્યા નહિ. પછી ભગવાને કહ્યું : "પચીસ લાવો." તેમને પચીસેય ન મળ્યા, ભગવાને કહ્યું : "દશ લાવો." દશેય ન મળ્યા. પછી કહ્યું : "પાંચ લાવો." પાંચ પણ ન મળ્યા. છેવટે ભગવાને કહ્યું : "એક તો લાવો, તો પણ હું શહેરનો નાશ નહિ કરું." પણ અબ્રાહમને શહેરમાંથી એક પણ સારો માણસ ન મળ્યો એટલે ભગવાને તે શહેરને ફૂંકી માર્યું.

આમ, ગીચ માનવ-વસતીમાં ઘણીવાર માનવતાનું વેરાન હોય છે. એટલે તો એક વાર અમેરિકાના ટેકસાસ રાજ્યમાં છાપામાં જાહેરાત આવેલી કે 'Wanted Holy man' - 'કેવળ માનવ, પણ માનવતાવાળો માણસ જોઈએ છે !'

'કળિયુગની આ દુનિયામાં દેવી દેવતાઓ થયા છે ગુમ, ત્યાં સાચો માનવ મળે તોય ઘણું છે.'

જૂનાગઢમાં લાખોની વસતી છતાં નવાબ સાહેબ દીવાન નડિયાદથી લાવેલા.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની વાતો)

ભૌતિક વિકાસ દ્વારા સૌ ૨૧મી સદીમાં જવા માગે છે, પણ માણસમાં માણસાઈ નહીં હોય તો આ બધાં સાધનો વિનાશ સર્જશે. એટલા માટે પહેલા માનવ તૈયાર થવો જોઈએ. જિંદગીની મૂલ્ય વર્ણવતા એક કવિ કહે છે :

'પાસા છે જિંદગીના બે, એક માનવતા બીજી દાનવતા;
મનાય જાય વચન કોઈ સંતતણું, તો થઈ જવાશે માનવી;
બાકી તો દુનિયામાં ઠેર ઠેર ફરે છે દાનવી.'

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- "સાધુ પરદેશથી ભાવડા ઝાલી લાવે છે અને પછી જ્ઞાન દઈ એને માણસ બનાવે છે."

ભાવડા એટલે તદ્દન જંગલી માણસ. દોઢસો વર્ષ પહેલાં સ્વામીશ્રીએ ભાવડાની ઉપમા આપી ત્યારે આજેય વિચાર કરીએ કે આજનો માણસ પણ 'માણસ' છે કે કેમ ? આપણે માનવ બનીએ એ પહેલું પગથિયું પછી ઉત્કર્ષની વાત. આપણને હાથ-પગ, આંખ-નાક છે એટલે આપણને થાય કે આપણે માણસ છીએ. પણ પાણી ન હોય તોય નદી એ નદી, સમય ન બતાવે તોય ઘડિયાળ એ ઘડિયાળ ને સુગંધ ન હોય તોય ફૂલ એમ આદતને જોરે કહેવાય છે. તેમ માણસમાં માણસાઈ ન હોય તોપણ તે માણસ કહેવાય છે, શું થાય ? કહેવો તો પડે ને ! બીજું તેને શું કહેવું ? પૂંછડું નથી એટલે એને કઈ શ્રેણીમાં મૂકવો ?

માણસ પશુથી જુદો કઈ રીતે પડે છે ? પૂંછડાથી ? શિંગડાંથી ? ના, માણસ પશુથી જુદો પડે છે ધર્મથી.

'હૃદયમાં જે માનવનો ગમ સાચવે છે, અસલમાં એ સાચો ધરમ સાચવે છે.'

એટલા માટે વેદોની ભાવના મનુએ પોતાના એક શ્લોકમાં કહી. ધર્મનાં લક્ષણ ગણાવ્યાં :

'धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यमक्रोधः दशकं धर्मलक्षणम् ।।'

ધીરજ, ક્ષમા, બાહ્ય ઈન્દ્રિયોનો સંયમ, અસ્તેય - કોઈપણ પ્રકારની ચોરી ન કરવી, પવિત્રતા, ઈન્દ્રિયોનો નિગ્રહ, બુદ્ધિ, સદ્વિદ્યા, સત્ય, અક્રોધ - આ દશ ધર્મનાં લક્ષણ કહેવાય અને આ ધર્મ જેમાં હોય એ મનુષ્ય કહેવાય. આ ભેદરેખા આજે ભૂંસાઈ જવા માંડી છે, **'धर्मेण हिना पशुभिः समाना ।।'** જેવું થયું છે. ગધેડાને કોઈ દા'ડો કહેવું નથી પડ્યું કે 'હે ગધેડા, તું ગધેડો થા.' એ બિચારો વ્યવસ્થિત રીતે ગધેડો છે જ.

આપણા વેદોએ તો માનવને કહ્યું છે : **'मनुर्भव'** - 'હે મનુષ્ય ! તું મનુષ્ય થા.' વેદાદિક શાસ્ત્રોએ માનવ થવાના ઘણા ઘણા ધર્મો આપ્યા છે. તે સર્વના સારરૂપે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી આપીને માણસાઈનો દુકાળ દૂર કરવા વિશ્વ ઉપર જાણે ધર્મની વાદળી વરસાવી દીધી ! તેમાં માણસને માણસ અને તેથીય આગળ 'અક્ષરમુક્ત' બનાવવા સુધીની ચારુ વ્યવસ્થા કરી છે.

'બહુ દુર્લભ છે માનવી બનવું, દેવને પણ અલભ્ય એ પદ છે.' - અમૃત ઘાયલ

શિક્ષાપત્રી એટલે માણસાઈ ભરેલા માણસો તૈયાર કરવાનું મેન્યુઅલ છે ! માણસ બહુ જલદીથી એકવીસમી સદીમાં પહોંચી જવા ઉત્સુક છે. પણ ૨૧મી સદીમાં માણસાઈ ખોઈ ન બેસે તેનું કોઈ આયોજન ક્યાંય સંભળાતું નથી ! તે વખતે અધોગતિ એ પ્રગતિનો પર્યાય બની રહેશે. તેવે વખતે તેને માણસાઈના પાઠ પઢાવવાની વધુમાં વધુ જરૂરિયાત રહેશે, નહિતર 'માનવ ચોથું વિશ્વ યુદ્ધ પથ્થરથી લડશે.' - આ આઈન્સ્ટાઈનનું કથન સાચું પડશે. ૨૧મી સદીમાં માણસને બદલે મડદાં જ રહેશે.

જિનેટિક એન્જિનિયરીંગ દ્વારા સારા-નરસા રૂપ-રંગ-સ્વાસ્થ્યવાળા માણસો બનાવી શકાય એમ વિજ્ઞાન કહે છે. પણ અણુબોમ્બની સંસ્કૃતિના સર્જક એવા માનવતા વગરના આજના વૈજ્ઞાનિકો સારા મોડલ તો નહિ જ બનાવે પણ તેઓ તો માનવજાતને નાશ કરનાર શેતાન જ બનાવશે ! અને ટેસ્ટટ્યુબરૂપી બૉટલમાંથી નીકળેલા આ જીનને પાછો પૂરવો તેમને માટે પણ મુશ્કેલકાર્ય થશે. એટલા માટે દારુ ન પીવો, માંસ ન ખાવું, જુગાર ન રમવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, આચારવિચાર બરાબર પાળવા વગેરે વગેરે પાયાના નિયમોમાં જ રહે તે માનવ કહેવાય, એમ શિક્ષાપત્રી સમજાવે છે.

સત્સંગ શિબિરો-ઉત્સવ-સમૈયા વગેરેનો હેતુ જીવાત્માને ભગવાનની ઓળખાણ થાય, સ્નેહ થાય એ તો છે જ, પરંતુ સાથે સાથે જીવાત્માને આ જે મનુષ્યદેહ મળ્યો છે તે સાચા અર્થમાં આ જીવ માનવ થાય એ પહેલો હેતુ છે. આપણને એમ થાય કે મનુષ્યને માનવ કેમ કરવા ? આપણે માણસ તો છીએ, હાથ-પગ, કાન-નાક, આંખ-મોં વગેરે બધું જ માણસ જેવું મળ્યું છે તો માણસ કેવી રીતે કરાય ? પરંતુ આકૃતિ જે છે, પિંડ એ પંચભૂતનું બને છે અને પિંડની અંદર જે ચૈતન્ય તત્ત્વ છે તેનું નામ જીવ છે. આ પિંડની આકૃતિ ગમે તેવી હોય, પરંતુ તેની અંદર જીવ જ્યારે પ્રવેશે ત્યારે તેને જીવતું કહેવાય. અને એ પિંડમાંથી જીવ જ્યારે નીકળી જાય ત્યારે તેને મડદું કહેવાય. માણસની આપણને આકૃતિ મળેલી છે પણ માણસની આકૃતિને સાચા અર્થમાં મનુષ્ય શાસ્ત્રો ત્યારે કહે છે કે - **'आहार निद्रा भय मैथुनं च सामान्यमैतत्पशुभिर्नराणाम् । धर्मोहि तेषामधिको विशेषो धर्मेण हिना पशुभिः समाना ।।'**

શાસ્ત્રોમાં ચોર્યાસી લાખ પ્રકારની વિવિધ આકૃતિઓ બતાવેલી છે. તેને સામાન્ય રીતે જુઓ તો બધી જ આકૃતિઓમાં જીવાત્મા રહેલો છે. છતાંય બધાય એક સરખા ગણ્યા. માનવને સાચા અર્થમાં માનવ બનાવવાનુ કાર્ય જો સત્સંગ કરતું હોય, તેની પાછળનું કારણ એ છે કે - **'धर्मोहि एषामधिको विशेषो'** - માનવના જીવનમાં ધર્મની પ્રેરણા કરવામાં આવે છે. અને ધર્મનું જ્યારે સિંચન કરવામાં આવે છે અને ધર્મને અનુસરીને જ્યારે ભગવાનની ભક્તિ થાય છે ત્યારે જીવાત્માનું કલ્યાણ થવું સંભવ બને છે. અને આ રીતે જ્યારે પોષણ કરવામાં આવે છે ત્યારે એમ કહી શકાય કે મનુષ્યની આકૃતિમાં રહેલા જીવાત્માને વાસ્તવમાં માનવ બનાવવામાં આવ્યો અને એવી લેબોરેટરી આજે આ સરધારમાં સત્સંગ છાવણીની અંદર ખોલવામાં આવી છે. એટલા માટે આપણા સહુ માટે આ ખરેખર એક અલભ્ય લ્હાવો છે કે કળિયુગમાં જ્યારે વિટંબનાઓની અંદર દુઃખ-દારિદ્રતામાં જ્યારે જીવાત્માને ક્યાંય આશરો નથી મળતો ત્યારે ભગવાનનું શરણ એક એવું છે જે જીવાત્માને એ કષ્ટમાંથી મુક્તિ અપાવે છે. શાસ્ત્રો અમૃત છે, કારણ તે અમૃતનો ગુણ છે કે તે અમરત્વ પ્રાપ્ત કરાવે. ભગવાન અવિનાશી છે તો એને પ્રાપ્ત કરાવનારું સુખ પણ અવિનાશી છે. તે માટે શાસ્ત્રોને પણ અમૃત કહ્યા છે.

ભારતના વડાપ્રધાન રાજીવ ગાંધીએ પોતાના એક પ્રવચનમાં કહ્યું હતું : ''આજે ચારિત્ર્યબળનો દુકાળ છે.'' જેની પાસેથી ચારિત્ર્યશીલ સમાજની આશા રાખી શકાય તે શિક્ષણ-વ્યવસ્થામાં જ ચારિત્ર્યનું ખાતર ખૂટે છે એટલે માણસની ફસલ બગડી છે.

'બધાને એક સરખા જીવન નથી મળતાં, કફન મળે છે કોઈને ફકન નથી મળતાં;
મળ્યો છે માનવી કિન્તુ ન જોઈ માનવતા, મળે છે પથ્થરો ઝાઝાં રતન નથી મળતાં.'

માણસને માણસ બનાવી શકે અને માણસાઈનો દુકાળ દૂર કરી શકે તે જ સાચું શિક્ષણ. આ શિક્ષણ શિક્ષાપત્રી આપે છે. શિક્ષાપત્રીના નિયમો પ્રમાણે વર્તે તો સાત દુકાળમાંય માણસ દુઃખી ન થાય.

ઘણા માનવીના જીવનમાં વ્યસનોના છિદ્રો પડ્યા હોય છે. જે વ્યસનોને છોડાવવા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૧૮મા શ્લોકમાં લખે છે : **'व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ।।'** - ''અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય,

મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહી અને પીવાં પણ નહી.''

આ એક સામાન્ય નિયમ પણ માનવના જીવનમાં કેટલા છિદ્રોને - કાણાને ઢાંકી સુરક્ષણ આપે છે !!!

સ્વેચ્છાચારમાં દુનિયા એકદમ ખલાસ થઈ જવા આવી છે, કુનીતિથી ને ચારિત્ર્યના ભ્રષ્ટાચારથી પ્રત્યેક પરિવારનું - સમગ્ર સમાજનું અધઃપતન થઈ રહ્યું છે, આજે સમાજનું માનસ વિકૃત બનતું જાય છે, એઈડ્સ રોગ વ્યાપક પ્રમાણમાં વકર્યો છે એનો આજે કોઈ ઈલાજ જ નથી. તેનું મુખ્યત્વે કારણ વ્યભિચાર છે. આ અને આવા બીજા અનેક જાતના ગુપ્ત રોગો, મનની વિકૃતિઓ પણ વ્યભિચારને લઈને થતી હોય છે. જેથી તો ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે શિક્ષાપત્રીના ૧૮મા શ્લોકમાં આ વ્યભિચાર સામે લાલબતી ધરી છે. આજના યુગમાં અનેક રોગોથી ઘેરાયેલી ટ્રેજીક જિંદગી સામે સુંદર રક્ષણ શિક્ષાપત્રી આપી રહી છે.

કદાચ, માણસને ગમે તેટલી મદદ કરવામાં આવે તો પણ જ્યાં સુધી એ વ્યસનનો ગુલામ છે ત્યાં સુધી એનું જીવન સુખી થવાનું નથી.

આજે વિશ્વમાં માણસમાંથી માણસાઈનું ઝરણું સૂકાતું જાય છે ત્યારે તેને સજીવન રાખવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લિખિત શિક્ષાપત્રીને જો અનુસરવામાં આવે તો શેતાન લાગતો માનવ 'મહામાનવ' બની શકે છે.

❁ વિશ્વાસઘાતો નો કાર્ય : શિક્ષાપત્રી

એક કામ કરશો ?

બોલોને...

થશે ખરું ?

કામનું નામ પાડો પછી કહેવાય.

સો ટચના સોના જેવો શુદ્ધ વિશ્વાસુ માણસ શોધી લાવો.

આ તો ભારે કામ કહેવાય. ભારે જ નહિ, અશક્ય પણ છે.

વાત સાચી છે. આખી દુનિયામાં દીવો લઈને ઘૂમો ને ઠેર-ઠેર ઢૂંઢો તોય સો ટચના સોના જેવો શુદ્ધ વિશ્વાસુ માણસ મળવો મુશ્કેલ છે.

આજે ફ્લેટો સારા જોવા મળે છે, રસ્તાઓ અદ્યતન બની રહ્યા છે, લાઈટ અને ફ્લાઈટ પૂર્વના કાળમાં નહોતા તેવા ગતિશીલ જણાય રહ્યા છે. અરે ! આજના માનવનું બધું જ ભૌતિક રીતે સારું જણાય છે. ઈસ્ત્રી વિનાનાં કપડા આજના સુખીઓના શરીર ઉપર જોવા મળતા નથી, થીંગડા વિનાના કપડા પહેરવાના આગ્રહી માણસોના મનને ચારે બાજુથી થીંગડા. બધુજ સારું (?) થવા લાગ્યું છે, પરંતુ... માણસ જ વિશ્વાસઘાતી બની રહ્યો છે. આજના શ્રીમંત માનવના ઘરની ગાદીઓની ચાદર ઉપર એક કરચલી કદાચ જોવા નહિ મળે, પણ એના મનમાં હજાર હજાર કરચલીઓ હોય છે. ઘરના વાસણો ઉપર ચળકાટ જોવા મળે છે પણ દિલની ઉપર ચળકાટ જોવા મળતો નથી. દિવાળીમાં દિવાલો ઉપર ઉજળામણ જોવા મળે છે પણ માણસોના અંતરમાં ઉજળામણ જોવા મળતું નથી. આજના ફ્લેટો સારા છે પણ તેમાં રહેનારો માણસ સારો કેટલી હદ સુધી છે તે મોટો સવાલ છે. આજના માનવનું મન ગંદકીથી ઊભરાય ગયું છે ત્યારે એક સવાલ દાતરડા જેવો ઊભો થાય છે કે 'આ યુગમાં વિશ્વાસ કરવો કોનો ?'

એક વસ્તુ બરાબર સમજવા જેવી છે કે ભોજન સારા હશે, કે કપડા સારા હશે, કે ઘરના વાસણો ઉજળા હશે એની કોઈ જ કિંમત નથી. પરંતુ... તમે કેવા છો ? તમે કેવું જીવન જીવો છો ? તમે તમારી ઉપર બીજાએ મૂકેલો વિશ્વાસ કેટલી હદે નિભાવો છો ? એની ઉપર તમારી કિંમત છે.

અરે ! ભાઈ, કપડા ગંદા હોય, નાક ખરાબ હોય કે ભોજન ઓછું સારું હોય, તેની આટલી ફિકર શા માટે ? તમારું જીવન જો વિશ્વાસુ અને સુંદર હશે તો ભૌતિક જગતની ગમે તેવી ખરાબ ચીજ પણ તમારા માટે નુકસાનકારક નહિ બની શકે.

શ્વાસનો સરવાળો એટલે જીવન; અને વિશ્વાસનો સરવાળો એટલે જિંદગી. જ્યારે શ્વાસનો તાર તૂટે ત્યારે જીવન અટકે છે. વિશ્વાસનો તાર તૂટે ત્યારે જિંદગી ખટકે છે. અટકે એ પોસાય પણ ખટકે એ તો કેમ પોસાય ?

જિંદગી કોઈને પણ ન ખટકે એટલા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૩૭મા શ્લોકમાં આજ્ઞા કરી છે : **'विश्वासघातो नो कार्यः ।'** - 'કોઈનો વિશ્વાસઘાત ન કરવો.' કારણ કે જે વિશ્વાસ આપીને બીજાને દુઃખી કરે તે મહાપાપી છે. આ રહ્યા સ્મૃતિના વચનો : **'स महापातकी भूमौ यो विश्वास्यान्यमर्दयेत् ।' વિશ્વાસઘાતનાં આ વિકરાળ જમાનામાં જેમને અપૂર્વ અને અદ્વિતીય** શિક્ષાપત્રી શાસન **મળી ગયું છે એ તેમનો** મોટો પુણ્યોદય **છે. અને એના જ કારણે થોડા ઘણાય બચી શક્યા છે.**

હિન્દુ સંસ્કૃતિના દરેક શાસ્ત્રોમાં આ વિશ્વાસઘાતને ઘણું મોટું પાપ ગણાવવામાં આવ્યું છે. ખરેખર આ શ્લોક આજના ઝડપી

જમાના માટે ખૂબ મહત્ત્વનો છે. કારણ કે આજના માનવીને સગાભાઈ ઉપર વિશ્વાસ રહ્યો નથી, સગા બાપ ઉપર વિશ્વાસ રહ્યો નથી. સર્વત્ર સામસામા વિશ્વાસઘાત થતા હોય ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક સત્સંગીની ફરજ બને કે શ્રીજીમહારાજની આ આજ્ઞા શિરોધાર્ય કરી ક્યારેય કોઈનો વિશ્વાસઘાત ન જ કરવો.

આજે પચાસ રૂપિયાના તાળા ઉપર વિશ્વાસ છે પચાસ કરોડ રૂપિયાના માણસ ઉપર વિશ્વાસ નથી. આ પરિસ્થિતિ છે ત્યારે ૧૮૩ વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે શિક્ષાપત્રીમાં ઉપરોક્ત શ્લોક લખી આજના યુગને એક અનુપમ ઉપદેશ આપી રહ્યા છે.

દુનિયામાં બધા જ માણસો વિશ્વાસઘાતી હોય છે એવું નથી, વિશ્વાસ આપ્યા પછી જાનની પણ પરવા કર્યા વિના એ વિશ્વાસને જીવંત રાખનારા અનેક મનુષ્યો પણ આ ધરતી ઉપર થયા છે. જો આમ ન હોય તો આ ભૂમિ ક્યારની કંપી ઊઠી હોત અને સમગ્ર વિશ્વને પોતાના પેટમાં પધરાવી દીધું હોત !

જ્યારે અરવલ્લીના પહાડોમાં મહારાણા પ્રતાપ ભટકતા હતા ત્યારે એમની સાથે રઘુપતિસિંહ નામનો વફાદાર સૈનિક હતો. તેને એકાએક તેનો પુત્ર ઘેરે ખૂબ બિમાર હોવાના સમાચાર મળતા મહારાણા પ્રતાપની રજા લઈને છેલ્લી ઘડીએ ઘરે જવા નીકળ્યો. રસ્તામાં ચિત્તોડના કિલ્લા પાસે જ તેને મુસ્લિમ સૈનિકોએ પકડ્યો. તેણે સૈનિકોને કહ્યું : ''હું તમારી સમક્ષ જાતે જાતે હાજર થઈ જઈશ.'' સૈનિકોએ તેને જવા દીધો.

પછી ખરેખર રઘુપતિસિંહે આપેલા વચનનો અમલ કર્યો. સૈનિકોએ તેને પૂછ્યું : ''તને તારા મોતનો ડર નથી લાગતો ?''

રઘુપતિસિંહે જવાબ આપ્યો : ''મને મોતથી વધારે ડર વિશ્વાસઘાતનો લાગે છે.''

આજે આવા વિશ્વાસુ માણસો કેટલા મળે ?

હિંદુસ્તાનને જ્યારે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું ત્યારે સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે આઝાદી પછીના સૌથી પ્રથમ પ્રવચનમાં કહ્યું હતું કે, ''ભારત ઉપર અંગ્રેજોએ આટલા વર્ષ માત્ર અગિયારસો માણસો દ્વારા જ રાજ્ય કર્યું હતું. પરદેશ પ્રત્યેની - એમના રાષ્ટ્ર પ્રત્યેની એમની વફાદારી ને વિશ્વાસને કારણે એ અગિયારસો માણસો પોતાના દેશને અત્યંત પ્રામાણિક રહ્યા હતા. હવે દેશનું સુકાન આપણા હાથમાં આવ્યું છે. એ માટે અગિયારસો માણસો ભારતમાં રાષ્ટ્રને વફાદાર, વિશ્વાસુ, થોડીઘણીય પણ લાંચ-રિશ્વત નહિ લેનારા, એવા શું મળશે ખરા ?''

સરદારશ્રીએ પોતાના પ્રવચનમાં આ રીતે પ્રશ્ન કર્યો, પછી પોતે જ તેનો ઉત્તર આપતા કહ્યું : ''મને શંકા છે કે દેશને અર્થે આવા વફાદાર, વિશ્વાસુ અગિયારસો માણસો મળી શકે કે કેમ...!!!''

જો આજથી વર્ષો પૂર્વે સરદારશ્રીને આટલા મોટા વિરાટ હિંદુસ્તાનમાંથી અગિયારસો માણસો મળવા અંગે શંકા હોય તો પછી આજના વર્તમાનકાળમાં અગિયારસો નહિ પણ એકસો એક માણસો ખૂબ સારા વિશ્વાસુ કહિ શકાય એવા મળે એમ છે ખરા ? એ મારો પ્રશ્ન છે.

આજના માનવીની પરિસ્થિતિ સમજાવતું એક સુંદર દૃષ્ટાંત છે.

એક વખત એક માણસ જંગલમાં ભૂલો પડ્યો. સાંજનો સમય થઈ ગયો. તેની પાછળ એક સિંહ મારવા માટે પડ્યો. તેના ભયથી માણસ દોડી એ વૃક્ષ ઉપર ચડી ગયો. તે ઝાડ ઉપર એક મોટો વાંદરો પણ બેઠો હતો. સિંહ તો નીચે આટા મારે, જો માણસ કે વાંદરો બેમાંથી કોઈ નીચે ઉતરે તો તેને મારી નાંખે. રાત્રિ વધારે ગાઢ બની, માણસ અને વાંદરાને ઊંઘ આવવા લાગી. પછી બંનેએ વારા કર્યા, એક જાગે અને એક સૂવે. તેમાં પ્રથમ તો માણસ સૂતો ત્યારે વાંદરો ધ્યાન રાખતો જાગતો હતો. તે જોઈ સિંહે વાંદરાને ઘણા પ્રયત્નોથી મનાવ્યો કે તું માણસને ધક્કો માર જેથી હું તેને ખાઈ જઈને મારું કામ પુરુ કરું. પછી તું પણ સુખેથી સૂઈ જજે, તારું કામ પણ પુરુ થાય. પરંતુ વાંદરો તો તે ન જ માન્યો, તે બોલ્યો : 'તે વિશ્વાસઘાત કરવો તે બહું મોટું પાપ છે માટે હું તેવો વિશ્વાસઘાત નહિ જ કરું.'

અડધી રાત્રિ જતા માણસ જાગ્યો ને સૂવાનો વારો આવ્યો વાંદરાનો, તે સૂતો ત્યારે સિંહે માણસને મનાવ્યો કે વાંદરાને ધક્કો મારી દે તેને હું ખાઈ જાઉં. પછી તું પણ નિરાંતે ઘરે જજે. હું તને કંઈ નહિ કરું, તારો માર્ગ પણ મોકળો થઈ જશે. આમ સિંહે માણસને લલચાવ્યો તેથી માણસે વાંદરાને ધક્કો માર્યો ને વાંદરો નીચે પડતા દૈવયોગે તેના હાથમાં વૃક્ષની નીચેની ડાળી પકડાઈ ગઈ. તે બચી ગયો. પછી તો વાંદરો માણસ પાસે ખીજાઈને ગયો ને માણસને પકડ્યો ને કહે : 'મેં તારા ઉપર વિશ્વાસ મૂક્યો પણ તે વિશ્વાસઘાત કર્યો. માણસ પણ ખૂબ ગભરાઈ ગયો.' નીચે સિંહ ઉપર વાંદરો. માણસ કરગરવા લાગ્યો ત્યારે વાંદરો કહે : 'જો મારે તારું કશું

બગાડવું નથી, પરંતુ હંમેશા ખ્યાલ રાખજે, તું સમાજમાં ગમે ત્યાં જાય ત્યાં હવે પછી ક્યારેય કહેતો નહિ કે વાંદરામાંથી માણસ થયો છે...!!!'

ઉપરોક્ત દૃષ્ટાંત ઉપરથી એમ લાગે કે વાંદરાઓ પણ માણસ ઉપર વિશ્વાસ ક્યારેય નહિ મૂકે. માનવજાત જ્યારે વિશ્વાસઘાતી બની છે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ આજના માણસને સાચા અર્થમાં માણસ બનાવવા માટે પોતે સ્વહસ્તે શિક્ષાપત્રીના ૩૭મા શ્લોકમાં લખે છે : **'विश्वासघातो नो कार्यः ।'** - 'કોઈનો વિશ્વાસઘાત ન કરવો.'

દરેક સત્સંગીઓએ શિક્ષાપત્રી જયંતિ દિને આટલો તો દૃઢ સંકલ્પ કરી લેવો જોઈએ કે, 'હું આપેલા વિશ્વાસનો કદિ ઘાત કરીશ નહિ. એ ખાતર મારે જે કાંઈ મુશ્કેલી વેઠવી પડશે તે બધી જ મુશ્કેલી સહન કરી લઈશ. અરે ! જાત પણ આપી દેવા માટે તૈયાર રહીશ.'

યાદ રાખો કે છૂટાછેટા એ પતિ કે પત્નીના વિશ્વાસઘાતનું જ સુધરેલું નામ છે.

પત્નીને કાઢી મૂકનાર પતિને એ ભાન નથી હોતું કે સારા ઘરની કુળવટ ભરેલી સ્ત્રી પિયર જવાનું કદિ પસંદ નથી કરતી હોતી. એના કરતા એ કુવામાં પડી જવાનું વધુ પસંદ કરે છે. પહેરે કપડે પત્નીને કાઢી મૂકનારા કેટલાક વિશ્વાસઘાતી પુરુષો કેવું નિર્લજ્જ અને નફ્ફટ કાર્ય કરે છે તેની તેમને પણ ખબર નથી હોતી.

આટઆટલી હદ સુધી એક અબળા ઉપર આટલો જુલમ કરનાર પુરુષને શું કઠોર ભાષામાં 'નરરાક્ષસ' કહી શકાય ખરો ? જે સ્ત્રી પોતાના માતા-પિતાને છોડીને, પોતાનું ઘર છોડીને, રોતી કકળતી આંખે પતિ સાથે એક વિશ્વાસથી ચાલી આવી. એને શરણે આવી, એને પોતાનો કોઈ તુચ્છ સ્વાર્થ ઘવાય એટલા માત્રથી પતિ તગડી મૂકે.

નીતિવાક્યમાં કહ્યું છે :- ''ધરતી બધો ભાર સહે છે - હિમાલય જેવા અગણિત પહાડોનો ભાર, ગંગા-સિંધુ જેવી મહાનદીઓનો ભાર, સાત અબજની માનવ વસતિનો ભાર. પરંતુ ધરતી કહે છે કે, બધો ભાર સહન કરવાની મારામાં તાકાત હોવા છતાં વિશ્વાસઘાતીની સંખ્યા મારી છાતી ઉપર વધી જાય એ ભાર હું કદી સહી શકતી નથી. હાય ! ત્યારે હું કંપ્યા વિના રહેતી નથી.''

હા, એ કંપારીમાં સૂકા ભેગું લીલુ પણ બળી જાય ખરું...! પરંતુ એ વિષયમાં હું લાચાર છું.

ધાર્મિક ખાતામાં જમા થયેલ નાણાં પોતાના ઈલેક્શન આદિના કાર્યોમાં વાપરવા તે દાતાઓના વિશ્વાસઘાતનું નગ્ન તાંડવ છે.

ના, ક્યાંય કોઈપણ ક્ષેત્રમાં કદી કોઈ વિશ્વાસઘાત કરશો નહિ.

ખાસ કરીને ધાર્મિક ગણાતા માણસોએ તો આ વાતને ખૂબજ ગંભીરપણે વિચારવી જોઈએ અને કશોય હિચકિચાટ વિના અમલમાં મૂકી દેવી જોઈએ. જો તેઓ વિશ્વાસઘાતનું પાપ આચર્યા કરશે તો જે નવી પેઢી નાસ્તિકતાના જીવન તરફ જઈ રહી છે તેનો વેગ ખૂબ જ વધી જશે. ધર્મ જો વાસ્તવિક નહિ હોય તો તેમાં દાંભિકતા આવ્યા વિના રહેનાર નથી.

અરે ! ભક્તજનો, આ વસુંધરામાં શુદ્ર કહેવાતો ભંગી, વિશ્વાસઘાતનું પાપ ન થઈ જાય તે માટે પ્રાણત્યાગ કર્યો. વાંચો સુવર્ણ અક્ષરે લખાયેલો આ ઈતિહાસ...

જૂનાગઢની રાજવી પરંપરામાં રા'નવઘણ થયા. તે નાનકડા બાળ હતા ત્યારે તેમના પિતાશ્રી વીરગતિ પામ્યા. રાણી બાળકને લઈને ભાગી છૂટી. પકડાય જાય તો બાળકને શત્રુઓ જાનથી મારી નાખે એટલે રાણીએ પોતાની વિશ્વાસુ દાસી અડીકડીને પોતાના નાનકડા બાળકને સોંપી દીધું અને કહ્યું : ''હે વડારણ ! તું ગમે તેમ કરીને રાજકુટુંબના અત્યંત વિશ્વાસુ માણસ દેવાયતને ઘેર બાળકને પહોંચતુ કરી દે.''

વડારણે બાળકને છાબડીમાં લઈને માથે લીધું, પરંતુ તેનેય પકડાઈ જવાનો ભય હતો. એટલામાં સામેથી ઢાઢો આવતો જોયો. તે તો હંમેશા માથે મેલુ ભરેલો ડબ્બો લઈને જ ફરતો હોય. તેથી વડારણે બાળક તેને સોંપ્યુ. દેવાયતને ઘેર પહોંચતુ કરવા જણાવ્યું. ઢાઢાએ કહ્યું : ''વડારણ ! હવે બધું મારા પર છોડી દ્યો. તમે એકદમ બેફિકર થઈને જાઓ.''

ઢાઢાએ કામ બરોબર પાર પાડી દીધું. દેવાયતને ઘેરથી પાછા ફરતા રસ્તામાં જ વડારણ મળી ગઈ. ઢાઢાએ વડારણને પોતે કેવી રીતે કામ પાર પાડ્યું તે વિગતથી બધી વાત જણાવી. પછી ઢાઢાએ કહ્યું : બહેન ! મેં તારી ઉપર આ ઉપકાર કર્યો ખરો કે નહિ ? જો હા, તો તે ઉપકારના બદલામાં મારે તારી પાસેથી એક વસ્તુ જોઈએ છીએ. અને તે છે તારી કેડે લગાવેલી કટારી.'' વડારણે તરત જ કટારી કાઢીને ઢાઢાને ભેટ આપી. હસીખુશીથી તેણે કહ્યું : ''ભઈલા ! એમાં શી મોટી વાત છે. તે ખરેખર બહુ ભારે કામ પાર પાડી દીધું છે.''

હજુ વડારણના શબ્દો એના મોંમા છે ત્યાં જ ઢાઢા ભંગીએ તેના દેખતા જ તે કટારી ખચાખચ પોતાના પેટમાં પાંચ-છ વાર મારી

દીધી. આંતરડા બહાર નીકળી ગયા, ઢાઢો ધરતી પર પડી ગયો. વડારણ તો સ્તબ્ધ બની ગઈ ! ઢાઢા... ઢાઢા... આ તે શું કરી નાખ્યું !!! શા માટે આત્મહત્યા ? વડારણે પૂછ્યું.

ઢાઢાએ કહ્યું : "બહેનજી ! અમારી નીચી જાત, અમને પેટ હોય નહિ, તે રાજબીજ બચાવવા મારા પર વિશ્વાસ મૂક્યો અને એ વાત આપણે બે જ જાણીએ છીએ. તેવી ગંભીર વાત અમારી પાસે રહે નહિ. જો તે ઉઘાડી પડી જાય તો રાજબીજની હત્યા થાય એના કરતા બહેતર છે કે વિશ્વાસઘાત થતાં પહેલા હું મારો અંત આણી દઉં." આટલું બોલતા ઢાઢાના રામ રમી ગયા.

નીતિમાનથી વિશ્વાસઘાત કદી ન થાય. જ્યારે અનીતિ ખોરની સ્થિતિ તદ્દન જુદી હોય છે. વાતે વાતે વિશ્વાસઘાતીઓનું જૂઠું બોલવાનું કેવું ? આજે શું ચાલે છે ? એમ કેમ થતું નથી, વિશ્વાસઘાત કરતા પહેલા મરણ મીઠું કરવું, જીભ કચડાઈ જતી હોય તો ભલે કચડાઈ જાય પરંતુ જૂઠું તો બોલવું જ નથી. આ જીવન એટલે શું નાના છોકરાની રમત જેવું સમજો છો ? મનુષ્યજીવનની કિંમત બાળકની રમત જેટલી મામુલી છે ? કો'કને લપેટમાં લઈને તેનું કાટલું કાઢી નાખવાના ધંધા માનવ બનીને થાય કેમ ? મોટી ઉંમરના માણસોય બીજાના વિશ્વાસઘાત કરે - આ માનવજીવન એટલે શું ? જાણે કાચનો કટકો હોય એમ સમજો છો ? મોંઘેરા મનુષ્યદેહની કોઈજ કદર કે આદર જોવા ન મળે ? રીઢા ગુનેગારની જેમ કોઈનું સાંભળવાનું જ નહિ ? દેણદારના કતલખાનામાં જેમ કસાઈ બકરો કાપી નાખે એમ આજના કેટલાક હિરાના વેપારીઓ, શેઠીયાઓ વિશ્વાસઘાત કરી કારીગરોના ગળા કરી નાખે. આ શું ચાલી શકે એવી બાબત છે ? અને પાછા એમ કહો કે આમ ન કરીએ તો અમે શી રીતે કમાઈએ ? વાહ રે વાહ ! તમે શું કરો છો ? ભાવ શું બતાવો ? માલ કેવો દેખાડો અને પછી આપો કેવો ? પરલોકમાં શું થશે એનો કોઈજ વિચાર સરખો પણ નહિ ? આ કેવી કંગાળ દશા છે ?

આ સમાજમાં એવાય માણસો છે કે જે શાકભાજીવાળા સુદ્ધા ને છોડતા નથી. શાક લેવા જાય અને પેલો શાકભાજીવાળો બરાબર તોળીને ટીંડોરા આપે તોપણ એ શ્રીમંતો અંતે કહે :- "પાંચ-છ વધારે નાખ... નાખ..." આમ કહીને પાંચ-છ ટીંડોરા વધારે થેલીમાં નાખીને લઈ જાય !!!

બરાબર તોલ થયા પછી હરામનો માલ લેવાય જ કેમ ? એક સામાન્ય સ્થિતિના શાકભાજીવાળા પાસેથી પણ હરામનું ખાવાની મનોવૃત્તિ હોય તે વિશ્વાસઘાત કરી ક્યારે ગલ્લું ડીટીએથી તોડી નાખે એ કહી ન શકાય.

બધા ઉપર તરત વિશ્વાસ મૂકવાનો આ જમાનો નથી. આ સમય જ એવો છે કે જેમાં કૃતઘ્નતા, વિશ્વાસઘાત, નિષ્ઠુરતા અને સ્વાર્થમયતા વગેરે મોટા દોષની સુનામી ચાલુ જ છે. અયોગ્ય થાય તો કદાચ ઝેર ખાવાનો પ્રસંગ આવે; એટલે જ ચાણક્યે કહ્યું છેઃ **'अविश्वस्तेषु विश्वासो न कर्तव्यः विषं विषमेव सदा स्यात् ।'** - "જે લોકો એકવાર પણ વિશ્વાસ કરવા માટે અયોગ્ય ઠર્યા હોય તે લોકો ગમે તેટલા સુધરી જાય તોય તેમની ઉપર વિશ્વાસ મૂકવો નહિ."

આ ભારત દેશની ભૂમિ પર જેમણે એકવાર વિશ્વાસ મૂક્યો એ વિશ્વાસને અંતિમ શ્વાસ સુધી જેણે ખેડી બતાવ્યો તે વિશ્વાસના પાત્ર બન્યા છે. વાંચો હલ્દીઘાટીના યુદ્ધોનો ઈતિહાસ...

અકબરની સામ્રાજયવાદી ફોજના સેનાપતિ જયપુરના રાજા માનસિંહ હતા અને મહારાણા પ્રતાપના લશ્કરના સેનાપતિ મુસલમાન હકીમખાં સુર હતા. જેમણે મેવાડની સ્વતંત્રતા માટે પોતાના લોહીનો અર્ઘ્ય ચઢાવી બલિદાન આપતા પહેલા મહારાણા પ્રતાપને પ્રાર્થના કરી હતી કે, "મેવાડ માલિક ! આ મુસલમાન બચ્ચા ઉપર એકવાર વિશ્વાસ મૂકો અને મારા જાંબાઝ જવાનોને અગ્રિમ મોરચે લડવાનું માન આપો. પછી જુઓ કે મુસલમાન પઠાણ પોતાના વચન પર કેવા મરી મટે છે. જ્યાં આપનો પરસેવો વહેશે એ માટીને આ મુસલમાન બચ્ચો પોતાના લોહીથી લાલ કરી દેશે. સોગંદ છે ખુદાના, મૂકેલા વિશ્વાસને જાળવવા મરતાં પણ પઠાણ તલવાર નહિ છોડે. મુસલમાન પઠાણ જીવ હારી શકે છે - વિશ્વાસ નહિ." ઈતિહાસની લોકસ્મૃતિ સાચી છે કે - હલ્દીઘાટીના આ અમર શહીદના નિષ્પ્રાણ હાથોમાંથી તલવાર સુદ્ધા છોડાવી નહોતી શકાઈ. છેવટે શહીદ હકીમખાં સૂરને તેમની તલવાર સહિત દફનાવ્યા હતા. આ ને કહેવાય વિશ્વાસ નિભાવ્યો. એટલે જ તો મેવાડ યાદ કરે છે તેમની સ્વામીભક્તિને અને તેમના વતનપ્રેમને. મહારાણા પ્રતાપે હિંદુ-મુસલમાન કે રજપૂત - પઠાણને બદલે કોમની ભાવના અને બલિદાનની વીરતા પર વિશ્વાસ મૂક્યો હતો. એટલે જ મેવાડના સ્વાભિમાની લોકો, જયચંદો, મિઝાફર તેમજ માનસિંહને ધિક્કારે છે. અને હકીમખાં સૂરને યાદ કરે છે. અરે ! યાદ કરે છે એ મહારાષ્ટ્ર પ્રદેશની એક અબળા છતાં દેશની વફાદારી ખાતર પ્રિય પતિનો પણ ભોગ આપનાર વીર શકુંતલાને...!!

છત્રપતિ શિવાજી મહારાજના અભેદ્ય ગણાતા સિંહગઢના કિલ્લા ઉપર ઔરંગઝેબ ત્રાટકયો. કિલ્લો કેમેય કરી હાથવગો ન થતાં તેણે લક્ષ્મણરાવ નામના શિવાજીના વફાદાર મનાતા સૈનિકને ધનની મોટી લાલચ આપીને ફોડી નાખ્યો. હવે લક્ષ્મણરાવ રાજયની

બધી ગુપ્ત વાતો બાદશાહને પહોંચાડવા લાગ્યો. તેથી શિવાજીના ગેરીલા-છાપાઓ નિષ્ફળ જવા લાગ્યા. સહુને ખ્યાલ આવી ગયો કે કોઈ ફૂટી ગયેલ છે.

એકવાર મોડી રાતે લક્ષ્મણરાવ છાવણીમાંથી બહાર નીકળ્યો. તેની પત્ની શકુંતલાને તેના ઉપર શંકા હતી. તેથી આજે તેમણે પગેરું દબાવ્યું.

લપાતો છુપાતો લક્ષ્મણરાવ શત્રુની છાવણી તરફ જતો હતો. એકાએક શકુંતલાએ તેને પડકાર્યો. અવાજ ઉપરથી લક્ષ્મણરાવે તેને ઓળખી કાઢી. શકુંતલાએ આવી વિશ્વાસઘાતની પ્રવૃત્તિ કરવા બદલ સખ્ત શબ્દોમાં પતિની ખબર લઈ નાખી. રાવે તેને સમજાવવા નિષ્ફળ પ્રયત્ન કર્યા કે આપણી સાત પેઢીનું દરિદ્ર ફેડાઈ જાય તેટલું ધન બાદશાહ ઔરંગઝેબ આપણને આપવાનો છે. શિવાજી તો આના લાખમાં ભાગનુંય દઈ શકે તેમ નથી.

શકુંતલાએ કહ્યું : "વિશ્વાસઘાતી, જો હવે એક ડગ પણ આગળ જશો તો હું તમારી પત્ની મટી જઈશ. મારા પતિ કરતા મને મારો દેશ વધુ વ્હાલો છે. તે માટે ભલે ભૂખ્યા મરવું પડે. હું ફરી તમને આદેશ કરું છું કે તમે શત્રુની છાવણી તરફ આગળ વધતા અટકી જાઓ." રાષ્ટ્ર-દ્રોહ, વિશ્વાસઘાત વગેરે પાપો નહિ કરવા માટે તેને સમજાવ્યો.

પરંતુ લક્ષ્મણરાવે તે વાતને ગંભીરતાથી ન લીધી. તે આગળ વધ્યો. તરત જ શકુંતલા રણચંડી બનીને ત્રાટકી. રાવને ધરતી ઉપર પટકી પાડ્યો. પોતે સાથે લાવેલી કટારીના ઘા ઉપર ઘા મારીને પતિને મારી નાખ્યો. આ અબળાનો કેવો દેશપ્રેમ, કેવી વફાદારી...!!!

આ જ તો આપણી છે સેક્યુલર (ચિરકાલીન) પરંપરા. અંતમાં ફરી એકવાર ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનોને યાદ કરી વિરમીએ : **'विश्वासघातो नो कार्यः ।'** - 'કોઈનો વિશ્વાસઘાત ન કરવો.'

❁ આજના વર્તમાન યુગનો એક્સ-રે : શિક્ષાપત્રી

- રાજદરબારમાં દરવાજા પર ભલે ચોકીદાર બેઠો હોય,
- ખુરશી પર ભલે પ્રજાજનો બેઠા હોય,
- સુશોભિત ખુરશી પર ભલે મંત્રીશ્વર બેઠા હોય,
- શણગારેલ ખુરશી પર ભલે નગરશેઠ બેઠા હોય,
- પરંતુ... રાજસિંહાસન પર તો રાજા સિવાય બીજું કોઈ જ બેઠું ન હોય.
- બસ,...
- એજ રીતે પરમાત્માનાં સાક્ષાત્કારની જેનાં મનમાં ઝંખના પેદા થઈ ગઈ છે એ સાધકની જીભ પર ભલે ભોજનનાં દ્રવ્યો બેઠા હોય,
- એનાં પગ ભલે બજારમાં હોય,
- એનાં હાથમાં ભલે સંસાર-વ્યવહારનું ગાડું હોય,
- એના કાનમાં ભલે વ્યવહારીક જગતનાં શબ્દો હોય,
- એની આંખ પર ભલે ચશ્મા હોય,
- પણ...,
- એના હૃદયમાં તો તરણતારણહાર પરમાત્માની આજ્ઞા જ બિરાજમાન હોય !
- શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવી પડે છે કે પાળવી ગમે છે ?
- જો પાળવી પડતી હોય તો તેમાં આપણી પ્રીતિ નથી.
- જો પ્રીતિ હોય તો સરળતાથી આજ્ઞાપાલન થશે.
- જે ભાવે છે તે વારંવાર ખાઈએ છીએ, જે ગમે છે તે વારંવાર કરીએ છીએ, જે રુચે છે તે વારંવાર જોઈએ છીએ.

- તેમ...
- અત્યાર સુધી માત્ર પૂજા જ કરતા હતા..., તો હવેથી શિક્ષાપત્રીને પ્રેમ પણ કરીએ.
- શ્રીજીમહારાજ જે સમયમાં થયા તે સમયમાં ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં અજ્ઞાની લોકો મદ્ય, માંસ, જુગાર વગેરે વ્યસનોમાં ડૂબેલ હતા. સતીપ્રથા, બાળવિવાહ, બાળકીને દૂધપીતી કરવી(વર્તમાન સંદર્ભમાં ભ્રૂણહત્યા કે ગર્ભપાત), નારીને હડધૂત કરવામાં અતિરેક વગેરે બીજા અનેક દૂષણોથી સમાજ ગ્રસ્ત હતો ત્યારે આવા કપરા કાળમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પધારી તે બધાને સન્માર્ગે વાળવા સતત પરિભ્રમણ કર્યું પોતાના જીવન દ્વારા લોકોને જીવન કેમ જીવવું તેનું શિક્ષણ આપ્યું. મંદિરોનું સ્થાપન કર્યું, વૈદિક ગુરુપરંપરા અપનાવી, સંતો બનાવ્યા તથા શાસ્ત્રો બનાવ્યા.
- સૃષ્ટિ રચાણી ત્યારથી આજ સુધી અનેક ભગવાનનાં અવતારો થયા અને થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એકજ અજોડ શાસ્ત્ર છે : શિક્ષાપત્રી.
- આ પત્રીમાં સામાન્ય ધર્મોના કુલ ૩૬૭ વાક્યો છે, ૨૨૦ વિધિવાક્યો છે અને ૧૪૭ નિષેધ વાક્યો છે. વળી, વિશેષ ધર્મોમાં ૨૭૫ વાક્યો છે, તેમાં પણ ૧૩૩ વિધિવાક્યો છે. જે વાક્યો જીવને પોતા સુધી પહોંચાડવા માટે ખુદ જગદીશે લખેલા છે.
- એક વખત કોઈ સંત ખેતર પાસેથી પસાર થતા હતા ત્યારે ખેતરમાં ખેડૂત મોલાતને પાણી પાવા માટે કોસ હાંકતો હતો. ખૂબ મહેનત કરે પરંતુ કોસ ઉપર આવે ને ઠાલવે તોપણ નીકમાં પાણી આવતું જ નહિ. સવારથી સાંજ સુધી મહેનત કરી પણ પાણી નીકળ્યું નહિ. તે કંટાળ્યો ને બરાબર એજ સમયે પેલા સંત ત્યાં પહોંચ્યા ને ખેડૂતને કહ્યું : ''તું પ્રયત્ન કરે છે પણ જો તો ખરો તારા કોસમાં કેટલાં કાણા છે !'' જ્યાં ખેડૂત કોશ પાસે આવે છે ત્યાં તો પાણી બધું નીકળી જાય છે, આમાં કશું બચવા પામતું નથી.
- આમ, ઘણા માણસો પુરુષાર્થ ખૂબ કરે છે પણ એને કાંઈ જ પ્રાપ્ત થતું નથી. કારણ કે જીવનમાં દૂષણોના ઘણા કાણા પડી ગયા છે, જેથી કરી સુખ બધું જ સ્રવી જાય છે કશું જ રહેતું નથી.
- શ્રીજીમહારાજે આ છિદ્ર પૂર્યા, શિક્ષાપત્રી દ્વારા... અહિંસાધર્મનું પાલન કરતા પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે : **'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः। सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ।।'** - ''અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.'' (શિક્ષાપત્રી : શ્લોક - ૧૧)
- અણિમાંડવ્ય ઋષિએ જીવનભર તપ કર્યું હતું છતાં તેમને શૂળીની સજા થઈ. તેમને આશ્ચર્ય થયું કે મારો વાંક શો ? તેમનો વાંક એટલો જ હતો કે બાળપણમાં બાળસહજ રમતમાં તેમણે એક પતંગિયાને કાંટાની સૂળ ભોંકી હતી ! જો અજ્ઞાન અવસ્થામાં કરેલા આવા કર્મનું ફળ શૂળી હોય તો પછી જાણી જોઈને હિંસા કરતા કે માંસ ખાતા લોકોની શી ગતિ થશે ?
- ધન, જમીન, સ્ત્રી, સામ્રાજ્ય, રસાસ્વાદ અને મોજશોખ માટે હિંસા કરાય છે. આ કળિનું ચતુર્થ સ્થાન છે.
- ધરતી મબલખ પ્રમાણમાં પૌષ્ટિક ધાન્યો આપે છે. છતાં માણસ આજે નિર્દોષ પશુઓની હિંસા કરીને તેનું માંસ ખાય છે. આ જંગલી સંસ્કૃતિનો આજે આધુનિક યુગમાં ઘણો વિસ્તાર છે. આખી દુનિયામાં એક મિનિટમાં ત્રણ હજાર ટન માંસનુ ઉત્પાદન થાય છે. આશ્ચર્ય તો એ છે કે ઘણા ધર્મો પણ માંસાહાર અને દારુની છૂટ મૂકે છે !
- શાકાહાર એ સંપૂર્ણ ખોરાક છે છતાં માણસ આજે નવાં નવાં કતલખાનાં બનાવતો જાય છે.
- વિવેકાનંદ સ્વામીને અમેરિકામાં અમેરિકનો પોતાની વૈજ્ઞાનિક પ્રગતિ બતાવવા એક આધુનિક કતલખાનામાં લઈ ગયા અને કહ્યું: ''અહીં એક બાજુ ગાયો ઊભી હોય ને ચાંપ દાબીએ એટલે ઑટોમૅટીક સામી બાજુએ હાડકાં, માંસ અને લોહી જુદા પડી જાય.'' વિવેકાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : ''તમે આ પ્રક્રિયા ઊલટાવી શકો ખરા ? જ્યાં માંસ, હાડકાં ને લોહી તેમાંથી સ્વીચ દાબી ઑટોમૅટીક આ બાજુ જીવતી ગાય ઊભી કરી શકો ?'' આ સાંભળીને અમેરિકનો છોભીલા પડી ગયા. સ્વામીજીએ કહ્યું : ''જેને તમે જીવન આપી શકતા નથી, તેને મારવાનો તમને કોઈ અધિકાર નથી.''
- માંસાહારનો નિષેધ કરતાં બર્નાર્ડ શૉ કહેતા, ''મારું પેટ એ કબ્રસ્તાન નથી કે મડદાં સંઘરે.'' આપણી હિંદુ પરંપરામાં મડદાંને

બાળીને આવીએ અને સ્નાન કરવું પડે, મડદાંને અડ્યા હોઈએ તોય સ્નાન કરવું પડે તો પછી માંસાહાર કરીને મડદું પેટમાં નાંખવાનું કેવી રીતે શક્ય બને ?

- બર્નાર્ડ શૉ તો એમ પણ કહેતા હતા કે ''ઘાસ કાપવા જેટલી હિંસામાં પણ મને વિશ્વયુદ્ધનાં બીજ દેખાય છે !''
- જેવું ખાઈએ તેવા થઈએ. એટલે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ સત્ય જ કહ્યું છે કે ''જ્યાં સુધી કતલખાનાં રહેશે ત્યાં સુધી યુદ્ધનાં મેદાનો રહેશે.''
- કોઈપણ પ્રાણીના સંસ્કારની ઓળખ તેના આહાર ઉપરથી થાય છે. ગાય ઘાસ ખાય છે તે ભયાનક નથી. પણ સિંહ માંસ ખાય છે તો તે ભયંકર છે અને બીજાને દુઃખ પમાડે છે. માણસ જો માંસ ખાય તો તે પણ ભયંકર જ બને, માટે શિક્ષાપત્રીમાં માંસાહારનો નિષેધ છે. એટલે જ એમ કહી શકાય છે - માંસાહારી હોય તે માણસ કહેવાય જ નહીં, પછી ભલે ને તે માણસની આકૃતિ ધરાવતો હોય !
- આર્કીમીડીઝ નામનાં એક વૈજ્ઞાનિકે વાત કરી છે : 'Give me a Standing place and I will Change the world' - 'મને માત્ર એક ઊભા રહેવાની જગ્યા આપો કે જ્યાં ઊભો રહીને હું આખી દુનિયાને બદલી નાંખુ.' ત્યારે ચિંતક ગોથેએ કહ્યું : ''તું બીજા પાસે ઊભા રહેવાની જગ્યા ક્યાં માગે છે ? તું તારા જીવનનો પાયો એવો મજબૂત કર તો દુનિયા આપોઆપ પરિવર્તન પામી જશે.''
- ભગવાન શ્રી સ્વામિનારાયણે સદાચારમય જીવનમાં પ્રથમ સોપાન રૂપ આ શ્લોક આપીને માનવજીવનનો પાયો મજબૂત બનાવવાનો માર્ગ ખુલ્લો કર્યો છે.
- માણસની વૃત્તિની હીનતા, કાર્યોની નફટતા કેટલે અંશે વધી ગઈ છે ! આ બધાં અનિષ્ટોનું મૂળ માણસનું મન છે. આ મનનું નિયમન કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શ્લોક લખ્યો છે.
- ભગવાન શ્રી સ્વામિનારાયણે હિંસકવૃત્તિ સામે લાલબતી ધરી છે. તે વખતનાં જમાનામાં યજ્ઞો ઘણાં ઓછા થઈ ગયા હતા. પરંતુ જે થોડા ઘણાં યજ્ઞો થતાં તેમાં પણ નરબલિ, પશુબલિ જેવી વિધિઓ થતી. આ શ્લોક આપીને શ્રીજીમહારાજે એ હિંસા થતી અટકાવી અને હિંસકવૃત્તિથી નાના-નાના જૂ, ચાંચડ, માંકડ જેવા સામાન્ય જંતુઓની હિંસા કરવાની પણ ના પાડી છે.
- વળી, સૂક્ષ્મ હિંસા પણ ન કરવા સુધીની આજ્ઞા આપી : '**स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।**' - ''અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું.'' (શિક્ષાપત્રી : શ્લોક - ૨૬)
- એક વાંદરાએ શહેરના નામાંકિત માણસોનો એકવાર ખાસ ઈન્ટરવ્યુ લીધો, ''ગર્ભપાત કરતી વખતે તમારા હાથ ક્યારેય કંપે ખરા?'' ડૉકટર તરફથી જવાબ મળ્યો : ''ના.'' કતલખાને સંમતિ આપતા કાગળ પર સહી કરતી વખતે તમારા હાથ ક્યારેય ધ્રૂજે ખરા ?'' ''ના.'' હસતા હસતા રાજનેતાએ જવાબ આપ્યો.
- ''આવું પ્રતિપાદન કરતી વખતે તમને તમારી બુદ્ધિ વિકૃત બની ગઈ છે એવું લાગે ખરું ?''
- ''જરાય નહીં.'' ખ્યાતનામ લેખકે જવાબ આપ્યો.
- આ જવાબ સાંભળીને વાંદરાને 'હું માનવ નથી થયો એ પ્રભુનો પરમ ઉપકાર' એવી અનુભૂતિ થઈ.
- કતલખાનાની મુલાકાતે જઈને આવ્યા બાદ સિંહે પ્રભુને વિનંતી કરી : ''પ્રભુ ! મને માનવ જેવો ક્રૂર ક્યારેય બનાવીશ નહિ.''
- હોસ્પિટલમાં ગર્ભપાત સેન્ટરની મુલાકાતે જઈને આવ્યા બાદ વાઘે ભગવાનને પ્રાર્થના કરી : ''હે પરમાત્મા ! મને માનવ જેવો ઘાતકી ક્યારેય બનાવીશ નહીં.''
- ''પ્રભુ, મને માનવ જેવો કૃતઘ્ની ક્યારેય બનાવીશ નહીં.'' વૃદ્ધાશ્રમમાં જતી વખતે રડી રહેલા મા-બાપને હસતા ચહેરે ગાડીમાં બેસાડી રહેલ સુપુત્ર (?)ને જોઈને સર્પે પ્રભુને પ્રાર્થના કરી.
- ''પ્રભુ, માનવ જેવો બુદ્ધિમાન મને ક્યારેય બનાવીશ નહિ.'' એટમબોમ્બ બનાવી રહેલા માનવને જોયા બાદ શિયાળે પ્રભુને


પ્રાર્થના કરી.

- તમે કાંડે બાંધેલી ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો એમાં નુકસાન તમને એકલાને જ થાય છે, તમારા ઘરમાં રહેલ ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો એમાં નુકસાન કુટુંબ-પરિવારને થાય છે, તમારી ફેકટરીમાં રહેલ ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો આ ફેકટરીના સ્ટાફને જ નુકસાન થાય છે... પરંતુ જો ટાવરની ઘડિયાળ ખોટો સમય બતાવે છે તો આખા શહેરને નુકસાન થાય છે.
- મનુષ્યજીવન એ તો ટાવરની ઘડિયાળનું જીવન છે. એ જો બગડ્યું તો એમાં નુકસાન માત્ર એકને જ નહિ, અનેકને અને એ જો જામી ગયું તો એમાં લાભ એકને જ નહિ - અનેકને થાય છે.
- હિટલરે પોતાનું જીવન બગાડી નાંખ્યું તો લાખોને મોતને ઘાટ ઉતારી દીધાં. વાલીયાએ, જોબને, મુંજાસૂરાએ, પોતાનું જીવન સુધારી દીધું તો આપણાં જેવા લાખો કરોડોનું હિત અકબંધ કરી દીધું.
- પ્રશ્ન એ છે કે આપણે અત્યારે કોનું પ્રતિનિધિત્વ ધરાવી રહ્યા છીએ ? ગધેડાનું, કૂતરાનું, બળદનું કે માણસનું ? હિટલરનું કે વાલ્મિકી, કે મુક્તરાજ જોબનપગીનું ? જાતે મરીને બીજાને મારી રહ્યા છીએ કે જાતે જીવીને બીજાને જીવાડી રહ્યા છીએ ? જાતે ડૂબીને ડૂબાડી રહ્યા છીએ કે જાતે તરીને બીજાને તારી રહ્યા છીએ ?
- શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકો જો કે અલગ અલગ વિષયથી દર્શાવવામાં આવ્યા છે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતા જણાઈ આવશે કે મોટા ભાગના શ્લોકોની માળામાં **'अहिंसा परमो धर्मः।'**નો દોરો એકધારો ચાલ્યો જાય છે.
- દુર્લભ અને ઉત્તમ એવા આ માનવજન્મને સાર્થક કરવાની દિશામાં શું સાચે જ આપણાં કદમ મંડાઈ ચૂક્યા છે ? કોઈ કવિએ લખ્યું છે કે, **'ભલે મંઝિલે નથી પહોંચાયું, સાચી દિશામાં પગ ઊપડી ગયા છે.'**
- 'સારુંય વિશ્વ મારું છે, સારાયે વિશ્વનો હું છું.' આવી ભાવનાને હૃદયમાં રાખી જો શ્રીજીમહારાજનાં **'अहिंसा परमो धर्मः।'**નાં સિદ્ધાંતને જીવનમાં અપનાવવામાં આવે તો માણસને ચરાચર જગતમાં અંતર્યામી સ્વરૂપે રહેલ પરમાત્માની નજીક પહોંચવામાં અટકાયત કરી રહેલા તમામ પરિબળો ચકનાચૂર થઈ જાય.
- આ નિયમને અપનાવવાથી માણસ બીજાના માટે જીવતો થશે. જીવનમાંથી સ્વાર્થવૃત્તિ સદાયને માટે વિદાય લેશે, પરોપકારની ભાવના પેદા થશે.
- માણસને દુઃખ કે વિશાદમય જીવનમાં જીવવું પડે છે તેનું એજ કારણ છે કે તે પોતાના જીવનમાંથી સ્વાર્થના વાદળોને વિખેરી શકતો નથી. જ્યારે સ્વાર્થના વાદળો જીવનમાંથી વિખેરી પરમાર્થરૂપ ચોખ્ખુચટ્ટ જીવન જીવતો થશે ત્યારે માણસને સુખ શોધવા જવું નહિ પડે. સામર્થ્ય, શક્તિ, આનંદ કે જગતની પ્રસન્નતા લેવા ક્યાંય માથાકૂટ કરવી નહિ પડે. પરમાર્થ માટે જીવન જીવતા જ આ તમામ પરિબળો સહેજે જ પ્રાપ્ત થશે.
- 'અરે ઓ કૂત્તે ! દેખ, મેરે સામને દુનિયાકા સબસે બડા પાગલ ખડા હૈ.'
- 'જરા આઘો ખસ ! મને સૂર્યનો તડકો આવવા દે.'
- આવા શબ્દોથી સિકંદર બાદશાહને નમાલો સાબિત કરતા હિંદુસ્તાનનાં એ ઓલિયા પાસે શી સંપત્તિ હતી ? શું લાખોનું બેલેન્સબેંક અથવા બંગલા ગાડી કે મોટા આશ્રમના એ મહંત હતા ? 'ના...' તો પછી આટલી બધી અલમસ્તાઈ ક્યાંથી ? આટલો કેફ ક્યાંથી? શું ફક્ત ધોળા દિવસનાં ગપગોળા છે આ ? કે શું એ જોગીડાનું ઉપલા માળનું ઠેકાણું ખસી ગયું હતું ? 'ના...'
- આ શબ્દો નીકળ્યા હતા પરમાર્થ માટે જીવાતા જીવનના ઊંડાણમાંથી, સ્વાર્થવૃત્તિના ત્યાગના પેટાળમાંથી.
- પથ્થર કીડી પર પડે છે, કીડી મરી જાય છે. કાગડા પર પડે છે, કાગડો ઉડી જાય છે. કૂતરા પર પડે છે, કૂતરો કાં તો ભાગી જાય છે અને કાં તો ઈજાગ્રસ્ત બની જાય છે.
- પરંતુ...
- પથ્થર, માણસ તરફ ફેંકાય છે. માણસ કાં તો મરી જાય છે અને કાં તો ભાગી જાય છે, કાં તો ઈજાગ્રસ્ત બની જાય છે અને કાં

તો એ જ પથ્થર હાથમાં લઈને સામાનું માથું ફોડી નાંખે છે. પણ સબૂર ! કોઈક મર્દનો બચ્ચો એવો પણ નીકળે છે કે જે પોતાના તરફ ફેંકાયેલ પથ્થર પર ટાંકણાઓ લગાવતા રહીને એમાંથી નયનરમ્ય પ્રતિમાનું નિર્માણ કરી લે છે. આવા 'મર્દનાં બચ્ચા'માં આપણો નંબર આજે હોય એવું લાગે છે ખરું ?

- ગુજરાતના સાક્ષર અને સત્સંગી શ્રી ત્રિભુવનભાઈ વ્યાસના શબ્દોમાં કહિએ તો 'શિક્ષાપત્રી સર્વ સત્શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણની સીડી છે. તેનો ઉપલો છેડો આધ્યાત્મિક શ્રેયની સર્વોચ્ચ ભૂમિકાને લાગેલો છે. જ્યારે નીચેનો છેડો સામાન્ય લોકજીવનની ભૂમિકા ઉપર ઠેરવેલો છે તે બંને છેડા વચ્ચે ઉચ્ચ આદર્શને લક્ષમાં રાખીને વ્યવહારુ રીતે ચડી શકાય તેવા સરલ પણ દૃઢ પગથિયાં ગોઠવેલા છે.'
- વસંતઋતુમાં લખાયેલી શિક્ષાપત્રીના આવા પગથિયાં ચડવાથી, તે પ્રમાણે વર્તવાથી જીવનમાં સદૈવ વસંતકાળ રહે છે. જીવન પાંગરેલું ને મહેકતું રહે છે. જેની સૌરભ વ્યક્તિગત રીતે તેમજ સમાજમાં પ્રસરે છે !!!
- તો આવો આપણે પણ તેની સૌરભ પ્રસરાવીએ...!

●●●



વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રબોધિની ઉત્સવ ઉજવ્યો
સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૬)

સં. ૧૮૮૩નું વર્ષ બેઠું. ભગવાન શ્રીહરિએ નક્કી જ કર્યું હતું કે ચાતુર્માસના બધા જ ઉત્સવો ગઢપુરમાં જ કરવા. એટલે જન્માષ્ટમી તેમજ અન્નકૂટ સુધીના તમામ ઉત્સવો ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં કર્યા.

પ્રબોધિનીનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિએ વડતાલ જવાનું નક્કી કર્યું. સૌ સખા હરિભક્તોને શ્રીહરિએ કહ્યું : "આપણે પ્રબોધિનીનો ઉત્સવ વડતાલ કરવો છે અને મોટી સવારી લઈને વડતાલ જવું છે."

ભગવાન શ્રીહરિના આ વચન ઉપર સૌ હરિભક્તો તૈયાર થઈ ગયા. દાદાખાચરે ઢોલ, ત્રાંસાં, નગારા, શરણાઈ વગેરે વાજિંત્રો મંગાવીને મહારાજના સંકલ્પ પ્રમાણે સવારી કાઢવાનું નક્કી કર્યું. સાથે ઘોડેસવારો, પાર્ષદો, દાદાખાચરનો પરિવાર, સંતો વગેરેને પણ લેવાના હતા. મહારાજને ગામેગામથી આ સંઘમાં હરિભક્તોને સાથે લેવા હતા.

શ્રીહરિએ સંતોને કહ્યું : "તમે સૌ પરોઢિયે નીકળજો. અમે જમીને ચાલશું."

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સંતો પરોઢિયે નીકળી ગયા. મહારાજ જમીને ચાલ્યા. દાદાખાચરની આજ્ઞાથી આખું ગઢપુર નગર ધામધૂમથી સવારી કાઢીને મહારાજને વળાવવા નીકળ્યું. સંઘ નીકળ્યો. ગઢપુરની સીમ આવી એટલે મહારાજે નગરજનોને વાજિંત્રોવાળાને પાછા વળાવ્યા અને પોતે સખા હરિભક્તો સાથે સીધા સારંગપુરની માર્ગે ચડ્યા.

ભગવાન શ્રીહરિ સારંગપુરથી સુંદરિયાણા, પચ્છમ ગામે પધાર્યા. અહીં તળાવને કાંઠે શ્રીહરિ અને સંઘે ઉતારો કર્યો. પચ્છમના ભક્તોએ મહારાજ પધાર્યા તેથી અહોભાગ્ય માની રસોઈ બનાવી આખા સંઘને જમાડ્યો.

ભગવાન શ્રીહરિ રાત્રે પોતાના તંબુમાં ઢોલિયામાં પોઢી ગયા. પાર્ષદો વારાફરતી ચોકી કરતા હતા. ચોકી કરવાનો વારો સોમલાખાચરનો હતો. બીજા બધા પાર્ષદો સૂઈ ગયા હતા. સોમલાખાચર હાથમાં તલવાર લઈને ખડી ચોકી કરતા ભગવાન શ્રીહરિના તંબુ આગળ ઊભા હતા. એવામાં તેમણે એક આશ્ચર્ય જોયું. નાના બાળકો ગણ્યાં ગણાય નહીં એટલી સંખ્યામાં ત્યાં આવતાં દેખાયાં. તે બધાં જ સોમલાખાચર ખડી ચોકીમાં હતા તોપણ તંબુની અંદર દાખલ થઈ ગયાં અને મહારાજને સૌ દંડવત્ કરી પગે લાગવા માંડ્યા. મહારાજે સૌનાં માથા ઉપર હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપતાં કહ્યું : "હવે સત્સંગમાં જન્મ ધરજો. તમારું કલ્યાણ થઈ જશે." તરત જ આ બધાં જ બાળકો અદૃશ્ય થઈ ગયાં !

સોમલાખાચર આ આશ્ચર્ય જોઈ અવાક્ બની ગયા ! તેમને થયું આટલાં બધાં નાના બાળકો મારી ચોકી વટાવીને અંદર ચાલ્યાં ગયાં ! બધાં જ તંબુમાં સમાઈ ગયાં ! વળી, મહારાજે સૌને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ! આ બધું શું થઈ ગયું ? તે ધીરે રહીને તંબુમાં ગયા. મહારાજ પલંગમાં જાગતા જ પોઢેલા હતા. તેણે મહારાજને દંડવત્ કર્યા. પછી હાથ જોડી બોલ્યા : "મહારાજ! આજે આપનો અપરાધ થઈ ગયો છે."

ભગવાન શ્રીહરિ કાંઈ સમજ્યા નહીં. એટલે પૂછ્યું : "શું અપરાધ થઈ ગયો છે ?"

ત્યારે સોમલાખાચરે કહ્યું : "મહારાજ ! મારી ખડી ચોકી વટાવીને આટલાં બધાં બાળકો આપના તંબુમાં દાખલ થઈ ગયાં ! હું જોતો રહ્યો. પાછા એ જ રીતે તે બધાં તંબુમાંથી બહાર નીકળી પણ ગયાં ! મારી આબરૂને આજે બટ્ટો લાગ્યો છે."

ભગવાન શ્રીહરિ તેમની વાત સાંભળી રહ્યા પછી કહ્યું : "સોમલા ! આ જે બાળકો આવ્યા હતાં તેમને કોઈ ચોકી નડી શકતી નથી. એ બધાં કોણ હતા તે તમે જાણો છો ?"

સોમલાખાચરે તરત જ કહ્યું : "ના મહારાજ ! હું તો કાંઈ જ જાણતો નથી."

ત્યારે ભગવાન શ્રીહરિએ હસીને કહ્યું : "એ બધાં વ્રજભૂમિના ગોપબાળકો હતા. પૂતનાએ તેમને મારી નાંખ્યા હતાં. આજે એમને અમારા દર્શન થયાં, આશીર્વાદ મળ્યા અને હવે સૌ સત્સંગમાં જન્મ ધરશે. પછી તેમનું કલ્યાણ થશે."

સોમલાખાચર આ સાંભળી સ્તબ્ધ બની ગયા ! તેમણએ પૂર્વવત્ મૂંઝવણ અનુભવતા કહ્યું : "પણ મહારાજ ! મારી ચોકી કેમ વટાવી ગયા ?"

શ્રીહરિએ કહ્યું : "સોમલા ! તેમને કોઈ આવરણ નડતું નથી, એટલે તમારી સાત ચોકી હોય તોપણ તમે તેમને રોકી શકો નહીં."

સોમલાખાચરને આ સાંભળી નિરાંત થઈ. તેમને થયું કે મહારાજ આ અવસરે કેટલાય જીવોનું કલ્યાણ કરવા પધાર્યા છે. એટલે

આ ગોપબાળકોનું પણ આજે કલ્યાણ થઈ ગયું ! બીજે દિવસે સવારે ભગવાન શ્રીહરિ ત્યાંથી વહાણમાં બેસી સાબરમતીના તટ ઉપર પધાર્યા. અહીં નદીના ભાઠામાં સરસ રીંગણા થયાં હતાં. સોમલાખાચરે એક રૂપિયાનાં રીંગણાં લીધાં. હરિભક્તોએ મહારાજને આગ્રહ કરી રાત રોક્યા. સંઘ માટે સીધું લાવ્યા. ઘોડાઓ માટે ઘાસ અને ચંદી લાવ્યા. ગોપાળજીએ મહારાજ માટે પૂર્વ પ્રદેશની રીત પ્રમાણે ઘઉંના લોટની ઉત્તમ બાટીઓ બનાવી. રીંગણાંનું શાક બનાવ્યું. મહારાજ બાટી અને શાક જમ્યા. સોમલાખાચરને મહારાજે પ્રસાદીનો થાળ આપ્યો. મહારાજ જમીને પોઢી ગયા. સવારે વહેલા ઊઠીને નિત્યવિધિથી પરવારીને નીકળ્યા અને રસ્તામાં ક્યાંય ન રોકાતાં સીધા વડતાલ પધાર્યા.

વડતાલના બધા જ સંતો-હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુ ભજન કરતાં કરતાં શ્રીહરિને મંદિરમાં લઈ આવ્યા. દેવદર્શન કરીને શ્રીહરિ હરિમંડપમાં ઊતર્યા અને બીજા બધા હરિભક્તોને યથાયોગ્ય સ્થાનમાં ઉતારા કરાવ્યા.

પછી જ્યારે પ્રબોધની એકાદશી આવી ત્યારે હરિભક્તોના ઘણા ઘણા સંઘ આવ્યા. બહુ સારો ઉત્સવ થયો. હજારો સંતો અને હરિભક્તો આવ્યા હતા. તે રાતે સંતોએ રાસમંડળની રીતે પ્રેમથી કીર્તન ગાયાં. આ રીતે કીર્તન ગાતાં જ્યારે રાત ઘણી વીતી ગઈ ત્યારે રાજી થઈને શ્રીહરિ બોલ્યા, "આજ સહુને ઉપવાસ છે. હવે કીર્તન ગાવાનું બંધ રાખો, સહુને પ્રયાસ પડે છે." આમ કહીને શ્રીહરિએ કીર્તનગાન બંધ રખાવ્યું અને ખૂબ રાજી થયા. વળી, અવિનાશી શ્રીહરિ જ્ઞાનકૂપની પાસે આવીને સંતોને ભેટ્યા. પછી શ્રીહરિ પોઢી ગયા અને સંતો તથા હરિભક્તો પણ સૂઈ ગયા. સહુ સવારમાં જાગ્યા અને સાથે મળીને શ્રીહરિ ગોમતી સરોવરે નહાવા પધાર્યા. આ વખતે શ્રીહરિ રોજ ગોમતી સરોવરને ખોદાવતા હતા. તેમાં ઘણા જ ભક્તો સેવા કરવા માટે આવતા હતા.

પ્રભુ પોતે ગોમતીમાંથી માટી ઉઠાવતા, એવો પોતે ઉત્સાહ દેખાડતા. કોઈના શરીર ઉપર પરસેવાથી માટીનો કીચડ ચોંટ્યો હોય, તોપણ શ્રીહરિ તેને ભેટતા હતા. વળી, પોતાના કંઠમાંથી પ્રસાદીનો હાર કાઢીને આપતા. આ રીતે સેવા કરનારા ઉપર ખૂબ હેત દેખાડતા હતા. ભક્તો પણ અત્યંત ઉત્સાહથી કામ કરતા હતા, અને શ્યામસુંદર શ્રીહરિને રાજી કરતા હતા. પછી સુખદાયક શ્રીહરિ મંદિરમાં પધારતા અને ત્યાં ભોજન કરતા. વળી, ત્યાં સંતોને પોતે પીરસીને ભોજન કરાવતા અને ખૂબ જ આનંદ પામતા. આ રીતે ભગવાન શ્રીહરિ સંતોને રોજ જમાડતા અને પોતાને હાથે નિત્ય પકવાન પીરસતા હતા. વળી, સભામાં બેસીને સહુને જ્ઞાનનું દાન આપતા. અર્થાત્ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યની ઘણી સારી વાતો કરતા.

એક દિવસ સભામાં બેસીને જ્ઞાનોપદેશ કરતા હતા, ત્યારે ગુડેલના દરબાર જીભાઈ એક સુશોભિત નવી સારી ઘોડી લાવ્યા. તે ઘોડી ઘણી કિંમતી હતી. તેમણે ઘણા પ્રેમથી તે શ્રીહરિને ભેટ કરી. શ્રીહરિએ તે સ્વીકારી. સહુ લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. આમ થોડા દિવસ વડતાલમાં રહીને અવિનાશી શ્રીહરિ ગઢપુર જવા નીકળ્યા, ત્યારે નાથ શ્રીહરિ નવી ઘોડી ઉપર બેસી, સંતો તથા પાર્ષદોને સાથે લઈને ચાલ્યા. રસ્તે જતાં શ્રીહરિએ ગાડા ગામની તરફ સીંજીવાડાનો જે સીમાડો હતો, ત્યાં ઉબડી-ખાબડ ખેતરમાં એક ખીજડાનું વૃક્ષ જોયું. તે ખીજડાની ચારેબાજુ ઘણી ચતુરાઈથી મહારાજે નવી ઘોડીને ઘુમાવી. નવી ઘોડી સારી રીતે ફરી. તે જોઈને બધા સખાઓ અને સંતો અત્યંત આનંદ પામ્યા. ધર્મના લાલ કૃપાળુ શ્રીહરિએ ઘણી હોશિયારીથી ઘોડીને ગોળ ગોળ ઘુમાવી હતી. ત્યાં સારા સારા ઘોડાની સવારી કરી જાણનારા જે જે કાઠીઓ હતા, તે ગોળાકારે ઘુમતી શ્રીહરિની ઘોડીને જોઈને અપાર આશ્ચર્ય પામ્યા.

આ લીલા દેખીને સંતો મનમાં વિચારવા લાગ્યા કે, 'અરે ! આ ખીજડાના ઝાડનું કેવું મહાન તપ હશે ? કે કરોડો બ્રહ્માંડના ઝષ્ટા પ્રભુ શ્રીહરિ જેની ચારેબાજુ અનેક ફેરા ફર્યા.'

ઘોડીઓના ખેલાવનારા તો કાઠિયાવાડના કાઠી દરબારો જ, પાણીદાર ઘોડીઓ તો કાઠી દરબારોની જ એવો તેમના મનમાં જે ગર્વ હતો તે મહારાજની ઘોડી ખેલાવવાની કળા જોઈ ઊતરી ગયો. મહારાજે તો કાંઈક એવા પ્રસંગોએ ઘોડા ખેલવવામાં તેમના અરમાન ઉતારી દીધા હતા, છતાં તેનું જાણપણું ન રહેતા આવા પ્રસંગે ફરી પાછો પોતાનો ભાવ અંતરમાં આવી જતો.

ભગવાન શ્રીહરિ સીંજીવાડામાં જગરૂપ બારોટને ત્યાં રોકાયા. ત્યાંથી બીજે દિવસે નીકળી મહારાજ માર્ગમાં આવતા હરિભક્તોના ગામે રોકાતાં રોકાતાં થોડા દિવસે ગઢપુર પહોંચી ગયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૩૨)

●●●

વડતાલમાં રામનવમી-હરિનવમીનો ઉત્સવ ઉજવ્યો
સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૭)

સં. ૧૮૮૩ના વસંતનો ઉત્સવ ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં ઉજવ્યો. ત્યારબાદ ઘેલા ધાધલની ઘરની પાછળ જ સારંગપુરના રાઠોડ ધાધલના ઘર હતા. અહીં નિત્યાનંદ સ્વામી પાસે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથાની શરૂઆત કરાવી. આ દરમ્યાન ભગવાન શ્રીહરિ પ્રસંગોપાત્ત વાતો કરતા. સાંજે વિદ્વાન સંતો, ભગવદાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી પાસે તેમની બુદ્ધિની પરીક્ષા કરવા શાસ્ત્રાર્થ પણ કરાવતા. શાસ્ત્રાર્થમાં જે જીતતા તેમને મહારાજ પ્રેમથી ભેટતા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથા, તેના ઉપર મહારાજનું નિરૂપણ, વિદ્વાન સંતોનો પરસ્પર શાસ્ત્રાર્થ અને મહારાજની અમીવર્ષા - આ બધાથી જ સૌને નવીન ઉત્સાહ રહેતો.

અહીં આંબલીના વૃક્ષ નીચે કોમળ આસન ઉપર બિરાજમાન થઈ ભગવાન શ્રીહરિ કોઈ કોઈ વખત દાદાખાચર પાસે પટ્ટાના દાવ ખેલાવતા. પટ્ટાબાજીમાં તેમની નિપુણતા જોઈ મહારાજ તેમના ઉપર પણ અત્યંત પ્રસન્ન થતાં. ક્ષત્રિય કુળશિરોમણિ દાદાખાચરને મહારાજે પોતાના પ્રસંગમાં સતત રાખી સર્વગુણ સંપન્ન કરી દીધા હતા. આ પટ્ટાના એક પ્રસંગે મહારાજે દાદાખાચરને પોતાની પ્રસાદીના અમૂલ્ય વસ્ત્રો આપ્યાં હતાં. તેમની સાથે દાવ ખેલનારા પાર્ષદોને પણ મહારાજે પ્રસાદીના વસ્ત્રો આપ્યા હતાં. ચાલતી કથા લગભગ ફાગણ સુદમાં પૂરી થઈ, એટલે ભગવાન શ્રીહરિએ ફૂલદોલનો તથા હરિનવમીનો ઉત્સવ કરવા વડતાલ જવા નક્કી કર્યું.

ભગવાન શ્રીહરિએ દાદાખાચર તથા તેમના સમગ્ર પરિવારને વડતાલ હરિનવમીના ઉત્સવ ઉપર આવવા આજ્ઞા કરી.

ભગવાન શ્રીહરિ પોતાની સાથે સંતમંડળ તથા સશસ્ત્ર પાર્ષદો તેમજ હરિભક્તોનો સંઘ લઈને ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા. રાધાવાવે ભગવાન શ્રીહરિ પધાર્યા અને સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને હાર પહેરાવ્યા. ત્યાંથી નીકળી મહારાજ ઉગામેડી પધાર્યા. અહીં વાવનું નિર્મળ જળ મહારાજે પીધું અને પછી સંઘને લઈને નિંગાળા, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, ધોલેરા પધાર્યા.

ધોલેરા મંદિરનું કેટલુંક કામ હજુ ચાલતું હતું. ભગવાન શ્રીહરિ પધાર્યા એટલે તે કામને વેગ મળ્યો. અદ્‌ભુતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! મંદિરના બાંધકામમાં ચૂનાની જરૂર છે અને તે તૈયાર કરવા બરવાળાથી કાંકરી લઈ આવવાની છે."

ભગવાન શ્રીહરિએ તરત જ ખેડૂતોને બોલાવ્યા. તેમને કહ્યું : "જે આ સેવા કરશે તેના ઉપર અમે બહુ રાજી થઈશું."

ભગવાન શ્રીહરિનું વચન કોઈને હેઠું પડવા દેવું ન હતું. તેથી ત્યાં જેટલા ખેડૂતો હતા તેમણે સૌએ કહ્યું : "મહારાજ ! અમે ચૂના માટે કાંકરી પૂરી પાડીશું." તેમનો આવો સેવાભાવ જોઈ ભગવાન શ્રીહરિ તેમને સૌને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

ધોલેરાથી નીકળી ભોગાવો ઊતરી ભગવાન શ્રીહરિ વારણાથી સાબરમતી ઊતરી સીંજીવાડા થઈને વડતાલ પધાર્યા.

ફૂલદોલ ઉત્સવ ઉપર ભગવાન શ્રીહરિ પધારવાના હતા તેથી હરિભક્તોએ મહારાજના સન્માન માટે, સંઘની સેવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી દીધી હતી. મહારાજનું ફૂલહારથી સ્વાગત કર્યું. મહારાજ સીધા જ લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરવા મંદિરમાં પધાર્યા. અહીં દર્શન કરી મહારાજ મંદિરના વિશાળ પ્રાંગણમાં પોતાને માટે જે નવો ઉતારો બનાવ્યો હતો તે 'હરિમંડપ'માં પધાર્યા. તેથી મહારાજના દર્શન તથા પ્રસંગનો નિત્ય યોગ સૌને રહેવા લાગ્યો.

વડતાલમાં મંદિરનું અધૂરું રહેલું કામ ચાલતું હતું. મહારાજ પધાર્યા અને તે કામને વેગ મળ્યો. કડિયા, દાડિયા સૌ મહારાજને રાજી કરવા રાત-દહાડો સેવાકાર્ય કરવા લાગ્યા.

એક દિવસ કડિયાએ ચૂનો માંગ્યો. મહારાજ સામે જ ખુરશી નંખાવીને ઉપર બેઠા હતા. કડિયાને ચૂનો આપવા કોઈ દાડિયા કે પાર્ષદો હતા નહીં, એટલે મહારાજ જાતે ઊઠ્યા અને ચૂનાની ચક્કીમાંથી પાવડા વડે તગારું ભરી કડિયાને દેવા ગયા. તે જોઈ નિત્યાનંદ સ્વામી એકદમ દોડ્યા અને મહારાજના હાથમાંથી તગારું લઈ લીધું. પછી તેમણે કહ્યું : "મહારાજ ! અમે બધા અહીં છીએ અને આપને તગારા ઉપાડવાના હોય ?"

ત્યારે મહારાજે હસીને કહ્યું : ""સેવાનું કામ અમને ગમે છે. જ્યારે શરીરથી સેવાનું કામ કરીએ ત્યારે જ તે શરીર સાર્થક થાય છે."

તે સાંભળી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો પૂર્ણકામ છો, પરંતુ ભક્તિની રીત અમને શીખવવા માટે જ આપ જાતે સેવા કરો છો."

હાલ જે જ્ઞાનબાગ છે તેની પાસે ઈંટવાડો હતો. મહારાજ ત્યાં પણ જતાં અને ઈંટો સારવાના કામ ઉપર દેખરેખ રાખતા. એક દિવસ મહારાજે પોતે ઈંટવાડાથી ઈંટો ઉપાડી માથે મૂકી. મહારાજને આ પ્રમાણે સેવા કરતા જોઈ સૌ સંતો, પાર્ષદો પણ ઈંટો ઉપાડવા લાગ્યા. ત્યાં તો નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે પહોંચી ગયા અને મહારાજને કહ્યું : "મહારાજ ! મારા માથા ઉપર ઈંટો ઓછી છે તો આપ બે-ત્રણ ઈંટો મને આપો."

બ્રહ્માનંદ સ્વામી પણ આવ્યા. તેમણે પણ ઈંટો માંગી. મહારાજે બંનેને એક એક ઈંટ આપી અને બીજી ઈંટો પોતે ઉપાડી. મંદિરમાં ઈંટો જ્યાં ખડકાતી હતી ત્યાં આવી મહારાજે પોતાના માથા ઉપરથી ઈંટો ઉતારી તેમાં મૂકી. પછી ભગવાન શ્રીહરિ બીજી ઈંટો લેવા માટે ફરીવાર ચાલ્યા.

ત્યારે જેતલપુરવાળા ગંગામા હાથ જોડીને બોલ્યા કે, "કૃપાનાથ ! આપ મારી વિનંતીને સાંભળો. જો પુરુષો મળીને ભક્તિ કરતા હોય તો સ્ત્રીઓનું શું પાપ છે કે તે સેવા ન કરે ? તો મહારાજ ! કૃપા કરીને હવે આપ ઈંટો ન લાવો. જેટલું સેવાનું કામ બાકી છે તે બધું અમને કરવા દો." તેમની વિનંતીને શ્રીહરિએ માની લીધી. સત્સંગી બહેનોને જ્યારે આજ્ઞા આપી ત્યારે તે બધી મળીને ઈંટો લેવા ચાલી અને મંદિર પાસે ઈંટોનો ઢગલો કરી દીધો. ત્યારે ભગવાન શ્રીલક્ષ્મીનારાયણના મંદિરનો પરથાર બંધાતો હતો. બધા સંતો દોડી-દોડીને ઘણી સેવા કરતા હતા. જેને વિવિધ પ્રકારનું જે સેવાનું કામ આવડતું હતું, તેઓ ઘણાં મહિમા, શ્રદ્ધા અને ઉત્સાહથી કરતા હતા. શરીર ઉપર પહેરેલાં કપડાં કીચડવાળાં થાય, તોપણ સહુ કોઈ ઉમંગથી સેવા-ભક્તિ કરતા હતા. કૃપાનિધિ ભગવાન શ્રીહરિ તે સેવાને જોઈને સંતો-ભક્તોના ઉપર રાજી થતા હતા. તેથી રાજી થઈને પોતે પોતાની બાહોમાં લઈને તે સેવા કરનાર સહુને ભેટ્યા.

તે વખતે કોઈ સંતે હાથ જોડીને કહ્યું કે, "નાથ ! મારા શરીર ઉપર ગારો ચોંટ્યો છે તે હું ધોઈ નાખું પછી આપ મળો." ત્યારે શ્રીહરિ કહે, "આજે મારું મન એટલું રીઝ્યું છે કે તમારા શરીર ઉપર તે ગારો નથી. હું તેને ચંદન માનું છું. જેના શરીર ઉપર કીચડ લાગ્યો હશે તેને તો હું વધારે ઉમંગથી ભેટીશ." જ્યારે શ્રીહરિના આવા શબ્દો સંભળાયા ત્યારે શ્રીહરિને ભેટવાના લોભથી કોઈ-કોઈ પોતાના શરીર ઉપર ખાલી ગારો લગાવીને આવ્યા. સહુને ભેટીને ભગવાન શ્રીહરિ બોલ્યા કે, "મને તો નિર્માની ભક્ત અતિશય પ્રિય લાગે છે. જે ભક્ત નિર્માની થઈને ઘણી નીચી ટેલ કરે છે તેના ઉપર હું જેવો રાજી થાઉં છું, તેવો રાજી કરોડો જેટલું ધન દેનારા ઉપર પણ થતો નથી. એટલા માટે તો મેં આવાં ધામો કર્યાં છે. તેમાં સહુ આ રીતે સેવાનું કામ કરશે. વળી, જ્યાં જ્યાં આવું અમારું સ્થાન હોય ત્યાં પણ આવી રીતે જે ભક્તિ કરશે, તેને હું દિવ્ય રૂપે દેખીશ અને તેનું ફળ પણ તેને આપીશ."

ફરી એક દિવસ સહુ હરિભક્તોએ મળીને પ્રભુ શ્રીહરિને વિનંતી કરી, 'મહારાજ ! અમે સંતોને રસોઈ જમવા માટે જ્યારે અમારે ઘેર બોલાવીએ છીએ ત્યારે તે સંતોને ગાડીમાં બેસાડીને લઈ જઈએ છીએ. કારણ કે, અમારા મનમાં તેમનો ઘણો મહિમા છે. પરંતુ તેવા સંતોની પાસે આપ તો ગારો ઉપડાવો છો. તે અમને અયોગ્ય લાગે છે. મોટા મોટા રાજાઓ જે સંતોને માન આપે છે તથા મોટા પંડિતો જેનાં ચરણમાં પડે છે, તે સંતો પોતાના માથા ઉપર તગારા ઉઠાવે તે અમને સારું લાગતું નથી. આપ કહો તો અમે ધન આપીએ પણ સંતોની પાસે આપ આવું કામ ન કરાવો.' ત્યારે શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા, "તમે સહુ આ સેવાનો મર્મ સમજતા નથી.

• શ્રીહરિએ વડતાલમાં સહુને સેવાનો મહિમા કહ્યો :

ઐસી ભક્તિ કરન ભૂ મેં, ઈચ્છત દેવ નરતન; બ્રહ્મા ભી ચાહત મન મેં, તૈસી ભક્તિ કો કરન.
સંત હૈ નિર્માની કૈસે, વે પરીક્ષા કુ કરન; ઐસી ભક્તિ કરવાતા હું, વિચારી કે મુઝ મન.
નહીં તો કનકધામ, ઉતારુ મેં આકાશ સે; કોઈ દિયે ક્યા દામ, સંકલ્પ સે હિ ઢેર કરું.

ભગવાનની આવી ભક્તિ કરવાની ઈચ્છાથી તો દેવતાઓ પણ ભૂમિ ઉપર મનુષ્યદેહ ધારણ કરવાની ઈચ્છા કરે છે. બ્રહ્મા પણ આવી ભક્તિ કરવાની ઈચ્છા પોતાના મનમાં રાખે છે. મારા સંતો કેવા નિર્માની છે ? તેની પરીક્ષા કરવા માટે હું મારા મનમાં વિચાર કરીને આવી સેવા-ભક્તિ કરાવું છું. જો એમ ન હોય તો હું તો સોનાનાં મંદિર આકાશમાંથી ઉતારી શકું છું. કોઈ મને ધન શું આપશે ? હું તો સંકલ્પથી જ ધનનો ઢગલો કરું. પણ પછી કોઈ મનુષ્ય આવું સેવા-ભક્તિનું કામ કેવી રીતે કરી શકશે ?" શ્રીહરિની વાત સાંભળીને બધા જ ભક્તો પોતાના મનમાં સેવાનો મર્મ સમજી ગયા.

શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે ત્યારે ગોમતી સરોવરને ખોદાવતા હતા. શ્રીહરિએ ગોમતીને ખોદાવવા માટે આવી રીતનું ઘણું કામ ચલાવ્યું હતું. માટીનો ટોપલો ભરીને સ્વયં શ્રીહરિ પોતાની પાઘ ઉપર રાખતા હતા. તે વખતે શ્રીહરિના તે સેવા કાર્યને જોઈને દેવતાઓ પણ આશ્ચર્ય પામતા, અને આવી ભક્તિ કરવાનું મનમાં ઈચ્છતા હતા. સંતો અને હજારો હરિભક્તો

જયજયકારની સાથે પ્રેમથી ગોમતી ખોદવાની સેવા કરવા લાગ્યા. જ્યારે ગોમતી તળાવ ખોદાતું હતું ત્યારે આકાશમાં દેવોના વિમાનો છવાઈ જતા હતા, અને તે સ્થાન ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા હતા. શ્રીહરિ આ રીતે ગોમતીને ખોદાવતા હતા. આ રીતે તે સમય વીતતા હુતાશની આવી. શ્રીહરિએ નારાયણ મહોલમાં ઊભા રહીને હરખથી સહુના ઉપર રંગ છાંટ્યો. તે રંગથી સંતો તથા સહુ હરિભક્તોનાં તન અને મનને ખૂબ રંગી દીધાં. વડતાલમાં શ્રીહરિ નિત્ય લીલા કરતા હતા અને સહુને સુખકારી દિવસ વીતતા હતા. હરિજયંતીનો જ્યારે દિવસ આવ્યો ત્યારે તેનો પણ ત્યાં ઘણો સારો સમૈયો ભરાયો. દેશદેશથી હરિભક્તો ખૂબ આવ્યા. સહુને શ્રીહરિનાં દર્શનની આશા પૂરી થઈ. ચૈત્ર માસની પૂનમનો આખો દિવસ સહુ નરનારી ભક્તો વડતાલ રહ્યાં.

પછી શ્રીહરિએ સમૈયો પૂરો થવાથી સહુને ઘેર જવાની આજ્ઞા આપી અને બધા જ સંઘોને વિદાય કર્યા. પણ કોઈ ભક્ત ઘેર જવા ચાહતા ન હતા. ચકોર જેમ ચંદ્રમાને પ્રેમથી જોયા જ કરે છે તેમ સહુના ચિત્ત શ્રીહરિમાં ચોંટેલા હતા. માછલાં પાણીથી દૂર થાય ત્યારે જે રીતે અકળાય, તે રીતે શ્રીહરિ પાસેથી જતી વખતે ભક્તોનાં મન અકળાતાં હતાં. પરંતુ શ્રીહરિની આજ્ઞાનો ભંગ ન થાય તેથી શ્રીહરિની મૂર્તિને દિલમાં ધારી, સહુ ભક્તો પોતપોતાના દેશમાં જતા હતા. રસ્તામાં પણ શ્રીહરિની લીલાઓને વખાણતા હતા. વડતાલવાસી બધા ભક્તોને 'ધન્ય છે... ધન્ય છે...' કે જેમણે અવિનાશી શ્રીહરિને ઘણા ભાવથી પૂજ્યા છે. ભક્તોએ વારંવાર લાભ લીધો છે. તેમનું પુણ્ય તો અપાર છે.

ભગવાન શ્રીહરિ અવારનવાર જોબનપગીની મેડીમાં પણ પધારતા. આજે ચૈત્રી પૂનમનો દિવસ હતો. મહારાજ સવારે ત્યાં પધાર્યા અને ત્યાં જ સભા કરી. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પણ ત્યાં હતા. વળી, મહારાજે આજે ગઢપુર જવા પધારી જવાના હતા. તેથી સૌ સંતોએ મહારાજનું પૂજન કર્યું અને ફૂલહાર પહેરાવ્યા. હરિભક્તોએ પણ મહારાજને ફૂલહાર પહેરાવ્યા ને ભેટ ધરી. સંતોને ધોતિયાં ઓઢાડ્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૩૭)

• એક છોકરો મનને જીતીને આવ્યો, તેથી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા :

પછી તે જ સાંજે ભગવાન શ્રીહરિ ગોમતી કાંઠે સભામાં બિરાજમાન થયા હતા. સંતો સર્વે દુક્કડ, સરોદ વગાડી કીર્તન-ભક્તિ કરતા હતા. એવામાં ગામ મહુડિયાપરાથી પગીનો એક કિશોર હાથમાં મોટી કાકડી લઈને સભામાં આવ્યો. મહારાજે આંગળીનો ઈશારો કરી તેને પોતાની પાસે બોલાવ્યો. તે મહારાજ પાસે આવ્યો અને મહારાજને દંડવત્ કરી, ચરણસ્પર્શ કર્યા. પછી તે કાકડી લાવ્યો હતો તે તેણે મહારાજના ચરણારવિંદમાં મૂકી દીધી. મહારાજે નીચા નમીને તે કાકડી લઈ લીધી અને તે છોકરાને પાસે બોલાવી તેને માથે બે હાથ મૂક્યા.

એટલામાં સુરતના હરિભક્તો આવ્યા અને તેમણે બરફીની માટલીઓ મહારાજ પાસે મૂકી. મહારાજે તે માટલીમાંથી ચાર માટલી આ છોકરાને આપી. આ જોઈ સભામાં બધાને આશ્ચર્ય થયું કે આ છોકરો એક કાકડી લાવ્યો તેમાં મહારાજે તેને બરફીની ચાર માટલી આપી દીધી ! મહારાજ તેમનો સંકલ્પ જાણી બોલ્યા : "સાંભળો, ભક્તો ! આ છોકરો આ કાકડી લઈ આવ્યો તેની તો કાંઈ કિંમત નથી, પરંતુ તે મન સાથે લડાઈ કરતો કરતો છેવટે મનના સંકલ્પોને હઠાવી અહીં આવ્યો અને આ કાકડી ભેટ મૂકી." મહારાજે આટલી વાત કરી, પરંતુ વાતનું રહસ્ય કોઈ સમજી શક્યા નહીં.

તેથી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! તેણે મન સાથે કેમ લડાઈ લીધી ?"

ભગવાન શ્રીહરિ આ પ્રશ્ન સાંભળી હસ્યા. પછી કહ્યું : "સાંભળો સ્વામી ! આ છોકરાના વાડામાં તેણે કાકડી રોપી હતી, ત્યારે તેણે સંકલ્પ કર્યો હતો કે 'પહેલી કાકડી ઉતારીને હું મહારાજને ભેટ આપીશ.' કાકડી તૈયાર થઈ અને તેણે સારામાં સારી કાકડી લીધી. પણ પછી સંકલ્પ થયો કે 'મહારાજને તો મોટા મોટા ભક્તો અનેક મેવા, મીઠાઈઓ આપે છે. તેમાં મારી આ કાકડીનો શો હિસાબ ?' એમ સંકલ્પ કરીને તેણે નક્કી કર્યું કે 'હું જ આ કાકડી ખાઈ જાઉં.' પણ ફરી સંકલ્પ થયો કે 'મહારાજને ભેટ ધરવાની છે, તો તેને કેમ ખાવાનો સંકલ્પ થયો ?' એમ ખેતરથી અહીં આવતાં સુધી તેણે મન સાથે લડાઈ લીધી. મનના સંકલ્પોને હઠાવ્યા અને અહીં આવી અમને એ ભેટ આપી. તેની આવી શૂરવીરતાથી જ અમે તેના ઉપર પ્રસન્ન થઈ તેને બરફીની માટલીઓ આપી દીધી. મોટા મોટાને પણ મન હરાવી દે છે. ગીતામાં અર્જુનને પણ શ્રીકૃષ્ણ ભગવાનને કહેવું પડ્યું કે,

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् । तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।। (६-३४)

આ રીતે મહારાજની વાત સાંભળીને સભાજનોને લાગ્યું કે મહારાજની પ્રસન્નતા સહેજે પ્રાપ્ત થતી નથી. મનને જીતવું તે વાયુના જેવું દુષ્કર છે. જેણે મનને જીત્યું છે, તેણે સમગ્ર જગત ઉપર જીત મેળવી છે.

• સવિસ્તારપૂર્વક શલૂક પગીનું આખ્યાન :

"બેટા, શલૂ...ક !" ખરપડીથી ખડ નીંદતા વડતાલ પાસેના મહુડીયાપરાના જીવણપગીએ ક્યારામાં ઘૂમતાં વ્હાલા દીકરાનું ધ્યાન ખેચ્યું.

"હા... બાપુજી !" કહી વેલામાંથી ઊંચું માથું કરી શલૂકે પિતા સામે નજર કરી.

"વેલા બહુ ઊંચા ન કરવા બેટા ! ફૂલ ખરી જાય તો ફાલ ઓછો આવે."

"સારું બાપુજી ! હવે જાળવીને જોઈશ. પણ.... બાપુજી, આ વેલા ઉપર જે મોટું ફૂલ હતું ને ! તે ખરીને ચીભડું બેસી ગયું ! મને તો થાય છે કે આ ચીભડું કેવડું મોટું થશે ! ને પાકે ત્યારે કેટલું મીઠું થશે ! આમ તો જુઓ બાપુજી, અત્યારથી જ મોટું લાગે છે. મારા મહારાજ જમે એવું છે."

" તું એનું જતન કરે છે ને બેટા ! એટલે એ મોટું થઈ ગયું !"

"બાપુજી ! હું તો હરરોજ બધા ક્યારામાં ફરતો ફરતો ફૂલડાં જોઉં છું. પણ આ વેલા પાસે તો બેસી જ જાઉં છું. મનમાં એવું થાય છે કે આ ચીભડામાં દળ બેસશે ને પાકશે ત્યારે કેવું મઘમઘતું હશે ! શ્રીજીમહારાજ એને આરોગશે ને હું તો એ મૂર્તિને જોઈજ રહીશ. બાપુજી ! હું જાતે જ જમાડવા જઈશ હો !"

"જજે ને બેટા ! મહારાજ જમે તો આપણી મહેનત લેખે લાગે. એવાં આપણા ભાગ્ય ક્યાંથી ?" પિતાએ દીકરાના મનોરથ પર હેતનું સિંચન કર્યું.

ઘઉં વર્ણું શરીર, ગોળ-મટોળ મોં, ઊજળું કપાળ, આછાં-આછાં ભ્રમર, ગોરા ગાલની હરિફાઈ કરતા લાલ હોઠ, કાજળથી કોર તાણેલી આંખો, છિદ્રમાંથી સોંસરવો કાઢી ગાંઠ વાળેલા દોરાથી પરખાતા તાજા વીંધેલા કાન, માથે ઓડિયા ઢાંકેલી, સૂરજના તેજમાં ચળકતા કાચના ચાંદલિયા ને સોનલ સતારા ટાંકેલી - ભરત ભરેલી ગોળ મજાની ટોપી, સફેદ અંગરખું ને ટૂંકી ધોતી, કેડ પર રૂપાનો એકસેર્યો કંદોરો - આવા સોહામણા પહેરવેશમાં શોભતો એક કિશોર હાથમાં દાતરડું લઈ ચીભડાંની વાડીમાં ઘૂમી રહ્યો છે.

ખેડૂતની જનેતાનું બિરુદ સાર્થક કરતી વાત્રકની મેશ્વો નદી ચરોતરની ધીંગી ધરતી પર અંગ મરોડતી નિરંતર વહેતી. ફળદ્રુપ કાંપાળ પટ પર તરબૂચ, સક્કરટેટી ને ચીભડાંની નાની વાડીઓ કરી વર્ષોવર્ષ કેટલાંય કુટુંબો નભતાં. વિધાતાએ જાણે મેશ્વોના અંગ પર ઘાટા ગલગોટાની કિનાર ગૂંથેલી લીલુડી ઓઢણી ઓઢાડી હોય એવું દૃશ્ય સદાકાળ બની રહેતું ! એક ખાતાં પેટ ફાટે એવાં મોટા દળદાર સોડમતાં (સુગંધીદાર) ચીભડાં નીપજતાં !

મહુડિયાના પગી જીવણભાઈ, પત્ની કેશરબાઈ અને દીકરો શલૂક - ચીભડાંની વાડી કરીને મેશ્વોનો ખોળો ખૂંદતાં જીવન ગુજારતા. આ સુખી કુટુંબને શ્રીજીમહારાજનો સત્સંગ મળ્યો. જાણે અમરવેલ પર અમરત ઢોળાયાં ! સારામાં સારા ફૂલમાંથી ફૂટતું આવતું ચીભડું સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણને ધરવાનો અદકેરો આનંદ આ કિશોરને મન આજે માતો નથી. ચીભડાંની માવજતમાં એ ખાવાનું ભૂલી જતો. માતા કેશરબાઈ ચૂપકીથી આવીને વેલા સાથે વાતો કરતા દીકરાને ચૂમી લેતી. ઝૂંપડીએ લઈ જઈ એને શિરામણ કરાવતી.

શલૂકને વાડીમાં ટહેલતો જોવા સૂરજની કિરણો રોજ ઉડી ઉડી ને નદીના પર પર ટોળે વળતી ! નદીના હરિયાળા હૈયા સાથે ચાલતી શલૂકની ગોઠડી સુણવા મેશ્વોનાં વહેતા નીર જાણે થંભી જતાં !

"મા ! બાપુજી ! હવે તો ચીભડું પાકીને ડીંટામાંથી ખડું-ખડું થઈ ગયું છે હો ! એને રાતે કોઈ ચોરીને ખાઈ તો નહિ જાયને !"

"બેટા ! તારો એ ચીભડાંમાં ભાવ ભર્યો છે, શ્રીજીમહારાજ સિવાય કોઈ એને ચાખી ના શકે." માએ હેત કર્યું.

ભગવાન શ્રીહરિ હાલ વડતાલ છે. એવી વાત શલૂકના કાને અથડાણી. તરત શલૂકે પોતાની માને કહ્યું : "હું સવારે જ મહારાજ પાસે જવા ઉપડું, તું વહેલું ભાથું ભરી દેજે હો !" શલૂકે જવાનો નિશ્ચય કરી લીધો.

પાંચ શેરનું મોટું પાકેલું ચીભડું લઈ વહેલી સવારે શલૂક ચાલી નીકળ્યો. આ કિશોર અર્ધે રસ્તે આવ્યો અને ખાવાનો વિચાર આવ્યો.

"અરે, ભૂંડા ! આવું તે ક્યાં કલ્યું ? આ તો મહારાજનું છે." મનની ભૂતાવળ આડી ફરી અને અંદરના ઉજાગર-આત્માએ આડી ઢાલ ધરી.

એજ સમયે બીજો તરંગ ધસી આવ્યો; "શલૂ...ક ! મહારાજ પાસે તો રાજવી અને લાખોપતિ પકવાનો ભેટ ધરે ત્યાં આ તારું બે પઈનું ચીભડું શા હિસાબમાં ? એની મોજ અહીં જ ઉડાવી લે ભલા !" મન ચીભડું ખાવા લલચાવવાં લાગ્યું.

અને... શલૂક ઝાડ તળે બેઠો. ગજવામાંથી ચપ્પું કાઢ્યું. અને ચરકો મૂકવા જાય ત્યાં આત્માનો નાદ સંભળાયો : "શલૂક, આ

શું રાત-દિવસ જંખી અને જેની ઉપર હૈયાનું હેત ઢોળ્યું... ભગવાન શ્રીહરિને અર્પણ કરવાના કોડ પર અમી સીંચ્યું ! ને હવે થોડા માટે તારી ટેકને લાંછન લગાડીશ...?'' અને શલૂક ઊભો થઈ ગયો. અરે ફટ્ છે... હું ભૂલ્યો... આ મારાથી ખવાયે જ કેમ ?

પછી શલૂકે વાટ પકડી વડતાલની...

''પણ... પણ... શલૂક ! જો તો ખરો... માથે બપોર... અને આવી ભૂખ શા માટે વેઠે છે ? ખાઈ લે ભલા ! તારા ચીભડાંની કિંમત કોડીનીય નથી... વળી ક્યાંય ચગદાઈ જાશે. તે કેમ માની લીધું કે મહારાજ જમશે જ !'' શલૂકને થયું વાત હિતની છે, ચાલ ખાઈ જ લઉં.

ફરી ગજવામાંથી ચપ્પું કાઢી કાપ મૂકવા તૈયાર થયો. અને આત્મા ફફડી ઉઠ્યો. શલૂક ! સાવધાન...! આ તો તારું છે જ નહિ... તું તો કેવળ થાપણ લઈને જ જાય છે... માલિક તો શ્રીજીમહારાજ છે. ચાલ... ચાલ... ઊભો થા.

એકદમ વીજ ઝબૂકી હોય એમ શલૂકના મોં પર શરમનો શેરડો પડ્યો...! હાય ! ...! હું કેવો મૂર્ખ ! ખાવાનો સંકલ્પ પણ ન કરાય ! વિચારમાં એણે દાંત કચકચાવ્યા. પોતાના ગાલ પર ટપલી મારી. 'હા..શ' જાણે ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી લીધું હોય તેમ નિરાંતનો શ્વાસ લીધો અને ગતિ વધારી.

''અરે ! શ..લૂ..ક જો તો ખરા, કેવી મીઠી સુગંધ... તને આવું ચીભડું ફરી નહિ મળે.'' મન દાવ પર દાવ લગાવે જ રાખે છે. અને હવે તો સુંઘી લીધું એટલે ખાધા બરાબર. અને શલૂક ઢીલો પડ્યો. એ ઝાડ નીચે બેસી અને ફરીથી ચપ્પુ કાઢ્યું.

આત્માએ ઝોંટ મારી અને ચપ્પું હાથથી પડી ગયું. અરે મુરખ ! એ તારી મૂર્ખામી ઉપર કેટલું દયામણું થઈ ગયું છે તે તો જો ! ચાલ હવે દોડવા માંડ. જો વડતાલનો ટીંબો દેખાય, ને ઉપર ધજા ફરકે છે. હવે બહું દૂર નથી. શલૂક કોઈ આવે તો એને હુંફાવી દેજે.

શત્રુઓને હરાવી સ્વજનને વિજયના વધામણા દેવા કોઈ યોદ્ધો દોટ મૂકે તેમ એ શીઘ્રગતિથી દોડવા માંડ્યો. એક શ્વાસે દોડતો જઈ ગોમતીને કાંઠે શલૂક વિસામો ખાવો બેઠો ત્યારે મનની ભૂતાવળ સાથે જંગમાં જીતેલો આ રણવીર સંકલ્પના ઘા ધોતો પરસેવે નાહી રહ્યો હતો ! અને વનરાઈ તથા ગોમતીનો આરો એને વધાવતા હતા : શાબ્બાશ, શલૂક ! શાબાશ...!

સોના-રૂપાના તારે ગૂંથેલ જામો પેરી મહાપ્રભુ ઊંચા સિંહાસને બિરાજમાન હતા અને ત્યાં આ બાળ શૂરવીર આવી પહોંચ્યો. આંખને ઈશારે અને હાથને લટકે શ્રીજીમહારાજે એ બાળકને પોતાની તરફ ખેંચ્યો.

ભગવાન શ્રીહરિની મરજીથી હકડેઠેઠ બેઠેલી સભામાં કેડી પડી ગઈ ! ચીભડું મૂકેલી ટોપલીને પાસે મૂકી અને દંડવત્ કર્યા. શ્રીજીપ્રભુએ આગળ વધી કિશોરનો હાથ ઝાલ્યો અને એવું તો હેત કર્યું કે એનો થાક ઉતરી ગયો ! ભગવાન શ્રીહરિએ ટોપલી ખોળામાં લીધી... અંદરથી ચીભડું કાઢી બહું વાર સુધી હાથમાં રમાડ્યું. જાણે કે બાળકની સામે બાળક બની માતા ભક્તિએ આપેલા રમકડાંથી પ્રભુજી રમતાં હોય !!

''બ્રહ્મમુનિ ! આ ચીભડાંની મીઠાશ બ્રહ્માંડમાં પણ ન મળે !!!''

''અરે ! એમ કાંઈ હોય દયાળું ! આવું કા બોલો ! ચીભડાની સોડમથી તો આ ચરોતરની વાડીઓ છલકે છે. કહ્યું હોત તો ગાડાં ભરીને મંગાવી રાખતને ! આ એક ચીભડાંમાં શું જોયું જે આવું અદકું વહાલ વેર્યું મહારાજ !'' બ્રહ્માનંદ સ્વામીએ રહસ્ય જાણવા કટાક્ષ કરી.

''સ્વામી ! આમાં ભાવ ઉભરે છે ! લાવ શલૂક ચપ્પું કાઢ જોઉં. આજ તો અહીં બેઠા જ ચીભડું જમીશું.''

ચપ્પું હાથમાં લઈ શ્રીજીમહારાજે ચીભડું મોળ્યું. મજાની ચીરીઓ કરી, બિયાં ટોપલીમાં જુદા તારવ્યા. મહારાજે એક પછી એક ચીર અધર પર ધરવા માંડી. માનસ સરોવરનો હંસલો મોતી ચરે એમ ઘડીકમાં તો અર્ધું ચીભડું ભગવાન શ્રીહરિ આરોગી ગયા.

''અ..ર..ર.. મહારાજ ! પ્રસાદી તો આપો. આમ, સાવ એકલપેટા કાં થયાં !'' બ્રહ્માનંદ સ્વામીને એમ કે બધું જમી જશે તો પેટમાં દુઃખશે.

''સ્વામી ! આ ચીભડાએ ત્રણ-ત્રણ મહિના સુધી કિશોરના હેત પીધા છે. એના સોડમતા દળ ઉપર બાળકના કોડ ઉભરે છે ! કેમ શલૂક ! લે, તને તો પ્રસાદી આપવી જ પડે. લે, આ ચીર્ય અહીં ઊભો ઊભો જ જમી જા.'' શ્રીજીપ્રભુએ હાથોહાથ લીધેલી પ્રસાદીથી એનું અંતર ઠરી ગયું.

શ્રીજીમહારાજે ચીભડું ઢોલીયે બેઠા જ પુરુ કર્યું. બ્રહ્મચારીએ આવી મુખારવિંદ ને બેઉ હસ્તકમળ પખાળ્યાં.

''દયાળું ! આ કિશોર અને ચીભડાંના શા પુણ્ય ? વાત તો કરો ?'' બ્રહ્માનંદ સ્વામી, સુરોખાચર અને સર્વ સભાજનો જાણવા આતુર થયાં !!

"બ્રહ્મચારી ! માટલીઓ ભરી બરફી લેતા આવો." શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

આજ્ઞા મુજબ બરફીથી છલોછલ ભરેલી માટલીઓ આવી. ભગવાન શ્રીહરિ ઢોલિયા નીચે ઊતર્યા. અને બાળક શલૂકને માટલીઓ ભેટ આપી ભેટી પડ્યાં !!

પછી કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી !"

"હં.. મહારાજ !"

"માનવીનું મન કેવું ?"

"મન તો ચંચળ નીલ વાંદરા જેવું, ધજાની પૂંછડી જેવું, પડતી વર્ષા જેવું, ટૂંકમાં એને રોકવું મુશ્કેલ, જિતાય નહિ એવું !"

"બરાબર, એવું મન કોઈ જીતે તો !!!"

"તો તો મહારાજ એણે જગ જીત્યું કહેવાય. એને જીતનાર તો ઋષિઓનો ઋષિ ને યતિઓનો યતિ કહેવાય."

"ત્યારે સ્વામી ! આ બાળક પોતાનું મન જીતીને ચીભડું લાવ્યો છે. મન સાથે શૌર્યથી લડ્યો છે. ઘણીવાર ઘવાયો છતાં પાછો નથી પડ્યો. ખાંડાની ધારે એણે રણ વટાવ્યું છે. ભવરણને તો ઘણાં ખેલે પણ આ અગોચર રણને ખેલવું બહું દુષ્કર છે."

"અહો પ્રભુ ! આવડો બટૂક આ અગમ રણનો ખેલણહાર છે ?" બ્રહ્માનંદ સ્વામી તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં ! ને તેનાથી બોલી જવાયું : "વાહ શલૂક વાહ... રંગ છે તને !"

"એટલે તો અમે એની અલ્પ છતાં અણમૂલી ભેટ અંગીકાર કરી !" આમ કહીને શ્રીજીમહારાજે સૌને મન સાથે લડાઈ લેવાનો ઉત્તમ ઉપદેશ આપ્યો.

એવામાં સંધ્યા આરતીના ઘંટ રણઝણ્યા ને હજારોની મેદની વચ્ચે ભગવાન શ્રીહરિ આ કિશોરની આંગળીને ઝાલી ઉપર આરતીના દર્શન કરાવવા લઈ ગયાં. બીજે દિવસે માટલી લઈ બાળક શલૂક પોતાને ગામ મહુડિયામાં પાછો ફર્યો ત્યારે આખી સૃષ્ટિ આ રણના ખેલણહારને જાણે વંદી રહી !!

બાળકને જોઈને ભગવાન શ્રીહરિનું મન સદાને માટે નમી જતું. કેમ કે બાળકનું મન નિખાલસ અને નિર્દોષતાના ધોધથી ભરેલું હોય છે.

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ બરવાળાના લાધો કુંભારનો સંકલ્પ પૂરો કર્યો :

આ દરમ્યાન બરવાળાથી લાધો કુંભાર ભગવાન શ્રીહરિના દર્શન કરવા જ ખાસ વડતાલ આવ્યો. પરંતુ સભામાં મોટા મોટા હરિભક્તો આગળ બેઠા હતા, તેથી તેને આગળ આવતા સંકોચ થયો. તે એક ઠેકાણે ઊભો રહ્યો. તેને મનમાં સંકલ્પ થયો કે 'હું જાતનો કુંભાર, એટલે મોટેરા બેઠા હોય ત્યાં આગળ જવાય નહીં અને મહારાજના દર્શન મન ભરીને થાય નહીં. વળી, બહેરો છું એટલે કથાવાર્તા પણ સંભળાય નહીં.' તેને તેની આ બંને ખોટ સાલી, પણ કર્મવશાત્ બધું થાય છે તેમ માની, અંતરમાં મહારાજનું ભજન કરવા લાગ્યો.

એટલામાં ભગવાન શ્રીહરિએ તેને આંગળીના ઈશારાથી પાસે બોલાવ્યો. તેના આનંદનો પાર ન રહ્યો. તે ધીરે ધીરે પાસે આવ્યો. મહારાજે તેને બોલાવ્યો હતો, તેથી સભામાં સૌએ તેને રસ્તો કરી આપ્યો. મહારાજે તેને પોતાના ઢોલિયા પાસે બેસાર્યો. પછી તેના માથા ઉપર હાથ મૂકી તેના કાનમાં મહારાજે કહ્યું : "ભગત ! જેમ સૂર્ય એક જગ્યાએ ઊગે છે પણ તેનાં કિરણો બધે પ્રસરે છે. છતાં કિરણોને અને સૂર્યને એકતા છે. તેમ અમારી જે આજ્ઞા પાળતા હોય તેવા ભક્ત ભલે અમારાથી છેટા હોય તોપણ અમારે તે ભક્ત સાથે એકતા છે અને જે અમારી આજ્ઞા ન પાળતા હોય, તે ભલે અમારી પાસે હોય છતાં અમારે અને તેને કાંઈ લેવાદેવા નથી."

ભગવાન શ્રીહરિએ લાધાનો સંકલ્પ જાણી આ રીતે વાત કરી તેથી લાધો કુંભાર અત્યંત રાજી થઈ ગયો. તેની જાતનું અને દૈહિક ખોડનું જે તેને દુઃખ હતું તે ટળી ગયું. તેને થયું કે 'મહારાજ તો સાક્ષાત્ ભગવાન છે, તે જાત-વર્ણથી રીઝતા નથી પરંતુ અંતરના ભક્તિભાવથી પ્રસન્ન થાય છે.' મહારાજને પગે લાગીને તે દૂર જઈને બેઠો.

ભગવાન શ્રીહરિ વડતાલમાં થોડા દિવસ રોકાયા. પછી ત્યાંથી નીકળી રસ્તામાં રોકાતાં રોકતાં મહારાજ ગઢપુર પધાર્યા.

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિએ ચૈત્રી સમૈયો કર્યો
સં. ૧૮૮૪ (ઈ.સ. ૧૮૨૮)

પ્રભુ ચાલિયા પ્રાતસકાળે, વાલો વેગે આવ્યા વરતાલે; રમાનાથનાં દર્શન કરી, હરિમંડપે ઊતર્યા હરી...૪૦
સૌને આનંદ થાય અપાર, એમ વીત્યા દિવસ ત્રણ ચાર; અયોધ્યાવાસિ એ સમે આવ્યા, પરિવાર સાથે તેડિ લાવ્યા...૪૨
શોભે અક્ષરધામ તે જેવું, ભાસે વરતાલ તે સમે તેવું; લૈને વૃષકુળ સંત સમાજ, ગયા મેળાવ શ્રીમહારાજ...૫૪

(શ્રીહરિલીલામૃત : ૮/૫૫)

સં. ૧૮૮૪માં ભગવાન શ્રીહરિ અમદાવાદમાં પ્રબોધિની ઉત્સવ કરી ડભાણ થઈને વડતાલ પધાર્યા. અહીં મહારાજ હરિમંડપમાં ઊતર્યા. લક્ષ્મીનારાયણ દેવના મહારાજે દર્શન કર્યાં. પછી સીધા ગોમતીએ પધાર્યા.

ભગવાન શ્રીહરિ જેટલા દિવસ વડતાલ રહ્યા, એટલા દિવસ રોજ સવાર-સાંજ ગોમતીમાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા પધારતા. સંતો કીર્તન ગાતા ને સ્નાન કરી રાસ પણ રમતા. મહારાજના સાન્નિધ્યનો આનંદ અને ઉલ્લાસ વડતાલમાં સૌના મુખ પર જોવા મળ્યો હતો. સૌના અંતર દિવ્ય આનંદથી સભર બની ગયાં હતાં. વડતાલમાં થોડા દિવસો રહી ભગવાન શ્રીહરિ પાછા ગઢપુર પધાર્યા.

●

સં. ૧૮૮૪માં ભગવાન શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ ગઢપુરમાં કર્યો. ગઢપુરમાં પોતાના પ્રાણપ્રિય ભક્તોને મહારાજ અધિકાંશ લાભ આપતા હતા. જ્યારે ફાગણ સુદિ આઠમ આવી ત્યારે શ્રીહરિ પાછા ગઢપુરમાં આવ્યા. મોટીબા, લાડુબા આદિક બાઈઓ તથા દાદાખાચર આદિક પુરુષો, સહુએ મળીને વિચાર કર્યો કે, 'અહીં સારો સમૈયો કરીએ. વડતાલ તો હર સાલ ઉત્સવ થાય છે. માટે આ વખતે અહીંયાં સમૈયો કરીએ.' પછી તે સહુ શ્રીહરિની પાસે આવ્યા અને અતિશય આગ્રહભરી વિનંતી કરી :

હરિનવમીનો ઉત્સવ એહ, કરવો પ્રભુ આંહિ જ તેહ; કંકોતરીયો લખી ગુજરાત, અમે મોકલશું ભલિ ભાત.
દેશદેશના ભક્ત તમામ, તેથી આવશે ગઢપુર ધામ; સૌનો આગ્રહ જોઈ અપાર, પ્રભુ બોલ્યા ન કાંઈ લગાર.

(શ્રીહરિલીલામૃત : ૮/૫૬/૮-૯)



'હે પ્રભુ ! આવતી હરિજયંતીનો ઉત્સવ આપ અહીં કરો. આપણે આમંત્રણ પત્રિકા લખશું અને ગુજરાત આદિ પ્રદેશોમાં મોકલશું. તેથી દેશદેશના તમામ ભક્તો ગઢપુર આવશે.' સહુ ભક્તોનો આગ્રહ જોઈને પ્રભુ શ્રીહરિ બીજું કાંઈ બોલ્યા નહીં. પણ ત્યારે સહુ ગઢપુરવાસી ભક્તોએ વાત જાહેર કરી કે, હરિજયંતી-રામનવમીનો ઉત્સવ અહીં થવાનો છે. ત્યારે દરબાર ઝીણાભાઈએ શ્રીહરિની પાસે આવીને વિનંતીનાં વચન કહ્યાં કે, "હરિજયંતીના ઉત્સવનો બધો ખર્ચ અમે આપશું. મહારાજ ! આ અમારી વિનંતીને આપ સ્વીકારો અને ખર્ચા માટે અમારું ધન લેવાનું મને વચન આપો."

ત્યારે સર્વાધાર શ્રીહરિએ કહ્યું કે, "અમે જેને ઘેર રહીએ છીએ તેને આ વાત પૂછો. અમે તમારાં વચનને સીધું જ કેમ માની લઈએ?" ત્યારે ઝીણાભાઈએ દાદાખાચરને પ્રત્યક્ષ મળીને પૂછ્યું, "હરિજયંતીના સમૈયામાં જેટલો ખર્ચ થશે તે બધો અમારે આપ વાનો છે અને મારી આ વાત તમારે માનવી પડશે. પ્રભુ શ્રીહરિ ગઢપુરમાં કાયમ રહે છે અને તેમની સેવામાં ખાસ કરીને બધો ખર્ચ તમે કરો છો, તો આ હરિજયંતીના ઉત્સવનો ખર્ચ અમને કરવા દો; હું આપને વિનંતી કરું છું." ત્યારે દાદાખાચર બોલ્યા કે, "આપ તો અહીંના મહેમાન છો. પ્રભુ શ્રીહરિ જ્યારે આપને ગામ આવે ત્યારે ખર્ચ બધો કરવો. અહીં આપ ખર્ચ કરો તે યોગ્ય ન કહેવાય. આ ખર્ચ તો અમારે કરવાનો છે." ત્યારે ઝીણાભાઈએ ઘણો આગ્રહ કર્યો પણ દાદાખાચરે તેમના આગ્રહને દિલથી માન્યો નહીં.

પછી લાધા ઠક્કર તથા હરજી ઠક્કર ત્યાં આવ્યા અને બધા ભક્તોની મરજી દેખીને એકાંત જગ્યામાં બેઠા. પછી ગુજરાત વગેરે પ્રદેશોમાં કંકોત્રીઓ લખી. હરજીવનભાઈ, લક્ષ્મીરામ તથા બેચરભાઈ આદિક વિપ્રોને કંકોત્રી લઈને મોકલ્યા. તે બધા કારિયાણી આવ્યા. ત્યાં એક રાત રહીને પછી કંકોત્રીઓ આપવા બીજે ગામ જવું. આમ વિચારીને વિપ્રો તે વખતે વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. ત્યાં સંતોને રોકાવા માટેનું મંદિર હતું. તેથી વિપ્રો ત્યાં દર્શન કરવા માટે ગયા. ત્યાં સચ્ચિદાનંદ સ્વામી હતા તેમને પગે લાગી વિપ્રો આનંદ પામ્યા.

તેમને સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું કે, "ભાઈઓ ! કેમ આવ્યા છો ?" ત્યારે વિપ્રોએ જે વાત હતી તે બધી કહી. ત્યારે મહાન સમર્થ સચ્ચિદાનંદ સ્વામીએ મનમાં માન્યું કે આ વિપ્રો વ્યર્થ રીતે જાય છે. કેમ જે, હરિજયંતીનો સમૈયો તો વડતાલમાં થશે અને તે વાત પાકી છે. પછી તે મુનિરાજ બોલ્યા, "તમે બધા વિપ્રો સવારે મને મળ્યા સિવાય જશો નહીં અને જો જશો તો પસ્તાશો." ત્યારે વિપ્રોએ કહ્યું કે, "મુનિવર્ય ! સવારે તો આપ સમાધિમાં બેઠા હો છો. તે સમાધિમાંથી જાગો ત્યાં સુધી અમે આપને પૂછવા કેમ રોકાઈએ ?"

વળી વિપ્રો સચ્ચિદાનંદ સ્વામીને કહેવા લાગ્યા, "આપ સમાધિમાંથી જાગો ત્યારે દિવસ ઘણો ચઢી ગયો હશે, તે વખતે જો અમે ચાલીએ તો ઘણું મોડું થાય અને રસ્તામાં ઘણો તડકો થઈ જાય. અમે તો નક્કી કર્યું છે કે કારિયાણીથી પાછલી રાતે ચાલતા થવું." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું કે, "તમારું પોતાનું હિત સમજીને મારી વાત માનો. તમારે સવારે તૈયાર થવું અને મને પૂછીને ચાલવું." ત્યારે તે વિપ્રોએ તે વખતે સચ્ચિદાનંદ સ્વામીની વાત માની અને સાંજે સહુ જમીને ઉતારે સૂઈ ગયા.

આ બાજુ ગઢપુરના ભક્તોનો વેગ જ્યારે કાંઈક શાંત થયો ત્યારે શ્રીહરિએ સહુને બોલાવ્યા. તે સાંભળીને તે બધાં ભક્તો આવ્યાં.

આ પ્રસંગની નોંધ કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી શ્રીહરિલીલામૃત ગ્રંથમાં લખે છે :

શ્રીજિએ સરવેને બોલાવ્યા, સુણિ આજ્ઞા સહુ જન આવ્યા; કહે શ્રીજિ સુણો સહુ જન, કહું તે તો વિચારજો મન...૨૮
દેશદેશના ભક્તોને અમે, કહ્યું છે તે તો જાણો છો તમે; રામનૌમિ પ્રબોધનિ જેહ, સદા વરતાલ કરશું જ તેહ...૨૯
માટે સૌ તમે આવજો ત્યાંય, કહ્યું છે એમ સમૈયા માંય; તેથિ સૂરત બુરાનપુર, એહ આદિક જે દેશ દૂર...૩૦
હરિનવમી ઉપર વરતાલ, ત્યાંના આવશે સંઘ વિશાળ; તેમણે ગઢપુર ન અવાય, માટે સમૈયો આંહિ ન થાય...૩૧
વળતી આવતા વર્ષ માંહિ, રામનૌમિ તો કરશું જ આંહિ; પણ આ વરસે ન કરાય, ફેરો કૈકનો ફોગટ જાય...૩૨
મને કરવા જો ઇચ્છો પ્રસન્ન, માનો સૌ તમે મારું વચન; સુણિ સૌ જન બોલિયા એમ, કરો તમને ગમે પ્રભુ તેમ...૩૩

(શ્રીહરિલીલામૃત : ૮/૫૬/૮-૯)

શ્રીહરિએ કહ્યું કે, "સહુ મારી વાત સાંભળો. હું તમને જે કાંઈ કહું છું, તેને તમે તમારા મનમાં વિચારો. દેશદેશના બધા જ ભક્તોને અમે વડતાલ આવવાનું કહ્યું છે. તે વાતને તમે સહુ જાણો છો, છતાં પણ અહીં સમૈયો કરવાનો આગ્રહ કેમ કરો છો ? અગાઉ અમે મોટા સમૈયામાં સહુને એવું કહેલું છે કે, 'રામનવમી અને પ્રબોધની એકાદશીનો ઉત્સવ અમે કાયમ વડતાલમાં કરશું. તેથી તમારે સહુએ વડતાલ આવવું.' તેથી જ બુરાનપુર તથા સુરત આદિક દૂર દેશથી હરિભક્તોના વિશાળ સંઘ રામનવમી ઉપર વડતાલ આવશે. તેઓ તો ગઢપુર આવી શકે નહીં અને તેથી જ અમે સમૈયો અહીં કરતા નથી. હા, આવતા વર્ષે રામનવમીનો

ઉત્સવ અમે અહીં કરશું. પરંતુ આ વર્ષે અહીંયાં નહિ કરીએ. અહીં કરીએ તો કેટલાય સંઘોનો ફેરો નિષ્ફળ જશે. જો તમે સહુ મને પ્રસન્ન કરવા ચાહતા હો, તો મારું આ વચન તમારે સહુએ માનવું.'' તે વાત સાંભળીને બધા ભક્તો બોલ્યા કે, ''જેમ આપને પસંદ આવે તેમ કરો. પરંતુ હે પ્રભુ ! જે પત્રિકા લખી છે તેનું શું થશે ?''

ત્યારે તે સાંભળી ઘનશ્યામ શ્રીહરિ બોલ્યા કે, ''તમે તે બાબતની તમામ ચિંતા છોડી દો. પત્રિકા આપવા જે દૂત કારિયાણી ગયા છે તે આજ રાત ત્યાં જ રોકાશે અને ત્યાં સચ્ચિદાનંદ સ્વામી છે તે બધા વિપ્રોને રોકી રાખશે. હવે વડતાલ જવા માટે સહુ તૈયાર થઈ જાઓ. આપણે બધા સંતો અને સવારોની સાથે આજે જ ચાલવું છે.''

• ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ હરિનવમીનો વિચાર કરીને વડતાલ તરફ પ્રયાણ કર્યું :

શ્રીહરિએ સહુ હરિભક્તોને આવી આજ્ઞા કરી. પછી બધી સવારી સજીને શ્રીહરિ ચાલી નીકળ્યા. શ્રીહરિ ગઢપુરથી નીકળીને કારિયાણી આવ્યા. ત્યાં રાત રહીને પત્રિકા આપવા નીકળેલા બધા વિપ્રોને બોલાવ્યા. સચ્ચિદાનંદ સ્વામીએ જે વિપ્રોને ત્યાં કારિયાણીમાં રોક્યા હતા તે બધા આવીને પગે લાગ્યા, ત્યારે તે સહુને સંતનો મહિમા સમજાયો. બીજે દિવસ મુરારિ ધર્મકુમાર શ્રીહરિ કારિયાણીથી ઝમરાળા ગયા, અને ત્યાંથી ચોકડી ગામના તળાવની પાળે થઈને ધોલેરા પધાર્યા અને મંદિરમાં રહ્યા. પછી દીનદયાળુ દયાસાગર પરમેશ્વર શ્રીહરિ પીપળી ગયા. ત્યાં કમિયાળાના હરિભક્તોએ આવીને ઘણાં વિનંતીનાં વચન કહ્યાં, ''મહારાજ ! એક વાર અમારે ગામ પધારો. અમે આપને ઝાઝી વાર નહીં રોકીએ.'' ત્યારે સંતોના નાથ શ્રીહરિએ સંતોને કહ્યું, ''તમે બધા સીધા માર્ગે ચાલ્યા જાઓ. અમે કમિયાળા જઈ થાળ જમીને જ્યાં તમે હશો ત્યાં તત્કાળ આવશું.'' આમ કહીને ભગવાન શ્રીહરિએ સંતોને રસ્તે ચાલતા કર્યા અને પોતે કમિયાળા ગયા. ત્યાં થાળ જમીને સંતોના નાથ ચાલતા થયા. રસ્તે ચાલતા ભોગાવો નદી આવી.

• ભગવાન શ્રીહરિએ પોતાનું સોનેરી મંડિલ ફાડીને સંતોને પગે બાંધ્યું :

ભગવાન શ્રીહરિ સંતોના મંડળની સાથે ત્યાં મળ્યા. ત્યારે સહુ સંતો મનમાં ઘણા ખુશી થયા. તે સમયે મધ્યાહ્ન થયો હતો અને સૂર્યના વિકરાળ કિરણો તપતા હતા. તે અરસામાં શ્રીહરિની આજ્ઞાથી સંતો ખુલ્લે પગે ચાલતા હતા. શ્રીહરિએ જ્યારે સંતોના પગ બળતા દેખ્યા ત્યારે તેમના દિલમાં ઘણી દયા આવી, પણ આ વાત મનમાં જ રાખી અને પછી શ્રીહરિ ભોળાદ ગામ આવ્યા.

ત્યાંથી બળવંત શ્રીહરિ બોરું ગામ તરફ ચાલ્યા. ત્યારે તે સ્થળમાં એક તળાવ આવ્યું. ભોળાદ ગામની સીમમાં જ શ્રીહરિએ એક ખીજડાનું વૃક્ષ જોયું. ત્યાં વિસામો લેવા અંતર્યામી અને સંતોના નાથ શ્રીહરિ સંતોએ સહિત ઊતર્યા. ત્યાંથી દક્ષિણ દિશા તરફ ઓજાકૂપ નામનો એક કૂવો હતો. પ્રગટ પ્રભુને ગરમી ન લાગે તે માટે સંતો તે કૂવામાંથી પાણી ભરી લાવ્યા અને ભૂમિને ઠંડી કરવા માટે પાણી છાંટવા લાગ્યા. વૃક્ષની ચારેબાજુ ભીનાં કપડાં બાંધ્યાં. તેમાં અવિનાશી પોઢ્યા. શ્રીહરિ સૂતાં સૂતાં વિચારે છે કે, 'આવા તાપમાં સંતો ખુલ્લે પગે કેમ ચાલતા હશે ? તેઓ મને પામીને પણ કેટલું કષ્ટ સહન કરે છે ? તેમના તપમાં કાંઈ જ ખામી નથી.' પછી સંતોના પ્રત્યે પ્રભુ શ્રીહરિ બોલ્યા કે, ''તમારે સંતોએ અત્યારે જ મારી આજ્ઞા માનવાની છે, તેથી હું જેમ કહું તેમ તમે કરો. હવેથી સહુએ પોતાના પગમાં ચામડાંના જોડા પહેરવા.''

પછી તો શ્રીહરિ એવા રાજી થયા કે પોતાના દિલમાં દયા લાવીને પોતાના મસ્તક ઉપર જે સોનેરી મંડિલ (કિંમતી વસ્ત્ર) બાંધ્યું હતું, તેને ફાડવા લાગ્યા. પછી તેના એક એક ટુકડાનો પટ્ટો સંતોને પગમાં બાંધવા આપ્યો, પણ સંતોએ તો તેને પ્રસાદી જાણીને તે વસ્ત્ર કાયમ સાથે રાખવા લઈ લીધું. તેથી શ્રીહરિ પોતાના હાથે સંતોના પગે કપડાંના ટુકડા લઈને પાટા બાંધવા મંડ્યા. તે સમયે કરુણાથી ભરપૂર એવા શ્રીહરિના નેત્રોને દેખીને સંતો બહુ રાજી થયા. આ બધું જોઈને બધા દરબારોએ પોતાના માથા ઉપરના ફેંટા ફાડ્યા, અને સંતોનો મહિમા જાણીને બધા સંતોને તે કપડાંના ટુકડા આપવા લાગ્યા. શ્રીહરિની આવી કૃપા જોઈને સંતોની આંખોમાંથી તો આંસુ ટપકવા લાગ્યા. વળી, શ્રીહરિએ સંતોને કહ્યું કે, ''તમારું સહુનું તપ મેં દેખ્યું છે. હું તમારા ઉપર અતિશય પ્રસન્ન થયો છું. તમારે સહુએ મારી આજ્ઞા માનવી. હવે પછીથી તમારે સહુ સંતોએ પોતાના પગમાં પગરખાં પહેરવાં.'' તપસ્વી સંતોને તપ ઘણું વહાલું હોવાથી તે વાત બહુ ગમી નહીં, છતાં પણ સહુએ શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી.

સંતોનો આવો સ્વભાવ દેખીને પ્રભુ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા કે, 'મારા સંતો ભારે તપસ્વી છે. તેઓને પોતાના શરીર ઉપર પણ પ્રેમ નથી. તેઓ તો કેવળ મારી આજ્ઞા પાળવાનું જ તાન રાખે છે. કામ, ક્રોધ, લોભ અને માન જેવા દોષોને છોડી દઈને મને સર્વોપરિ ભગવાન જાણે છે, અને નિરંતર મારું ધ્યાન ધરતા રહે છે. આવા મારા પરાયણ રહેનારા સંતોમાં મારો નિવાસ છે. આવા સંતોના રૂપમાં હું પ્રગટ વિચરું છું. જો કોઈ જીવ આવા સંતોના શરણમાં આવે છે, તો હું તરત જ તે જીવનું કલ્યાણ કરું છું.' પ્રગટ

ભગવાન શ્રીહરિ પોતાના દિલમાં આવો વિચાર કરતા હતા. પોતાના સંતોનો મહિમા પ્રભુ શ્રીહરિ જેટલો જાણતા તેટલો મહિમા આખા સંસારમાં બીજા કોઈ જાણતા નહીં. સંતો મારું સ્વરૂપ છે અને હું પોતે સંતોનું સ્વરૂપ છું. આમ હું તથા સંતો અરસપરસ તદ્રૂપ છીએ. અર્થાત્ સદાને માટે એકમેક જ છીએ. પ્રભુ શ્રીહરિને પોતાના સંતો ઉપર આટલો પ્રેમ છે. પરંતુ સંસારના લોકો હરિ અને હરિજનની એકતાને લગાર પણ જાણી શકતા નથી.

• ભગવાન શ્રીહરિએ સહુ સંઘને પોંશ ભરીને ભરીને સાકર વહેંચી :

પછી ચિત્તચોર શ્રીહરિ ત્યાંથી આગળ રસ્તે ચાલતા, સહુને આનંદ આપતા થકાં વારણા ગામ તરફ ચાલ્યા. આગળ ચાલતા એક બૂટભવાનીનું મંદિર આવ્યું. ત્યાં મનમાં ગમે એવું વરખડાનું ઝાડ હતું. તેથી ત્યાં તળાવનો કાંઠો જોઈ ઉતારો કર્યો. ત્યારે શ્રીહરિએ જોરાભાઈને કહ્યું કે, "જલદીથી ટીમણ લાવો." ત્યારે જોરાભાઈએ કહ્યું કે, "હે સુખદાયક શ્રીહરિ કમિયાળાના ગઢવી ખેમરાજની પત્નીએ ઘણી સારી સાકર આપી છે. આપ કહો તો એ સાકર લાવું, બીજું કાંઈ હાજર નથી કે જે લાવી આપીને તમને ધરાવું." આમ કહ્યું ત્યારે શ્રીહરિએ સાકર માંગી અને દરબાર સુરાખાચરને પોંશ ભરીને આપી.

ત્યારે શ્રીહરિનો પ્રતાપ જોવા માટે સુરાખાચર મર્મવચન બોલ્યા, "મને આપી એટલી જ સાકર આ સહુને એકસરખી રીતે આપ જો, આમાં કાંઈ આ વખતે પક્ષપાત કરશો નહીં." ત્યારે શ્રીહરિએ તે મર્મવચન વિચાર્યું. સાકર તો માત્ર બે શેર જ હતી. પરંતુ શ્રીહરિએ પોતાનો પ્રતાપ જણાવવા માટે પુષ્કળ પ્રમાણમાં સાકર વહેંચી. સંતો તથા પાર્ષદોને ઊંચે અવાજે બોલાવી, સહુને પોંશ ભરીભરીને સાકર આપી. વળી ફરીથી પણ સહુને એક એક પોંશ સાકર વહેંચાવી. છતાં પણ સાકર વધી, તે સહુએ પ્રત્યક્ષ જોયું. તે વધેલી સાકર પણ પૂરી બે શેર જેટલી હતી. તેનાથી સહુને ઘણું આશ્ચર્ય થયું અને પ્રગટ પ્રભુનો પ્રતાપ દેખ્યો. પૂર્ણકામ પ્રભુ શ્રીહરિ સર્વોપરિ છે. તેમની બધી જ ક્રિયાઓ આશ્ચર્યકારી છે. તેમને સંપૂર્ણપણે કોઈ પણ સમજી શકતો નથી. આવા શ્રીહરિ મહાન સુખની ખાણ જેવા છે.

• ભગવાન શ્રીહરિ અને પર્વતભાઈનો દિવ્ય પ્રસંગ :

પછી બીજે દિવસ શ્રીહરિ તે સરોવરને કિનારે સભા કરીને બેઠા. એ જગ્યાએ એકવાર પર્વતભાઈ દોઢસો જેટલા હરિભક્તોનો સંઘ લઈને આવ્યા હતા. ત્યારે તેમના મનમાં એવો વિચાર હતો કે, 'આજે શ્રીહરિ મને જે કાંઈ પણ આજ્ઞા કરશે તે બધી હું પાળી દેખાડીશ, અને પ્યારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીશ.' જો પ્રભુ શ્રીહરિ મને કહે કે, 'તમારે પરમહંસ થવાનું છે.' તો હું તરત જ પરમહંસ થઈ જઈશ; તેમાં એક પળની પણ રાહ જોઈશ નહીં. જો શ્રીહરિ મને કહે કે, 'તમારા બધા પરિવાર સાથે હવે તમે પ્રેમથી મારી સેવા કરવા રહો.' વળી, જો મને કહે કે, 'જે કાંઈ તમારું છે તે બધું મને અર્પણ કરી દો, તો હું બધું જ શ્રીહરિને ચોક્કસ અર્પણ કરી દઈશ.' આવા વિચાર કરતા પર્વતભાઈ ત્યાં આવ્યા હતા.

પછી તેઓ પગે લાગીને બોલ્યા કે, "હે મહારાજ ! આપ મારી પાસે કાંઈક માગો. જે માગો તે હું દઈ દઉં. મારી પાસે આજ આપ જે માગો તે બધું હું આપવા તૈયાર છું. મહારાજ ! બોલો, આજ આપને શું જોઈએ છે ?" ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા કે, "અહીંથી પ્રકૃતિપુરુષ સુધીના લોકથી બહારની જો કોઈ વસ્તુ તમારી હોય, તો તે મને ખુમારી રાખીને આપી દો." તે સાંભળીને પર્વતભાઈ તો કાંઈ જ બોલી શક્યા નહીં પરંતુ દબાઈ ગયા. કેમ જે, શ્રીહરિએ તો કલ્પનાતીત વસ્તુ માગી, તેને પર્વતભાઈ ક્યાંથી આપે ? શ્રીહરિ પોતે અનંત વિશ્વના મહારાજાધિરાજ છે. તેમને માટે કોઈ શું આપે ? માટે પ્રસન્ન થઈને તેઓ આપણે કરેલી સેવા સ્વીકારે છે, અને તેટલા માટે જ કૃપા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા છે.

અહીં તો તેમનાં દર્શન પણ દુર્લભ છે. કેમ જે, તેમના સ્વરૂપ સુધી આપણું ચિત્ત કે મન પહોંચતું નથી. માટે કૃપા કરીને પ્રભુ કાંઈક સેવા કરવા આપે ત્યારે પોતાનાં મહાન ભાગ્ય માનવાં. કેમ જે, આ જગતમાં જે કાંઈ પણ છે તે બધું જ ભગવાનનું છે. બીજા કોઈનું કાંઈ પણ આ જગતમાં નથી. 'જડ-ચિત્ સહુના માલિક એક ભગવાન શ્રીહરિ જ છે.' આ વાત ખરેખર અંતિમ સત્ય છે. બીજા કોઈ કોઈના માલિક નથી. સાચા માલિક તો એક ભગવાન શ્રીહરિ છે. શ્રીહરિ સિવાય બીજા કોઈનું કાંઈ જ નથી, તો પછી કોઈ ભગવાનને શું આપશે ? સ્વયં જે પુરુષોત્તમનારાયણ છે તે જ આ પ્રગટ ભગવાન સ્વામિનારાયણ છે. તે સર્વ અવતારોના અવતારી અક્ષરપતિ છે. અન્ય અવતારોથી આમની વાત અલગ જ છે. તેમની સેવા બીજા કોઈ શું કરે ? કેમ જે, તેઓ એક જ પોતે સહુને ધારી રહ્યા છે. તે શ્રીહરિ જ સહુની સેવા કરે છે અને સહુને પ્રકાશી રહ્યા છે.

આનંદમૂર્તિ શ્રીહરિ પોતે અન્ય કોઈ થકી તલભાર પણ સુખી થાય તેમ નથી. અરે ! સર્વે તેમનાથી જ સુખી છે અને તે જ સહુને

પાળનારા છે. તેમને અન્ય કોઈ પણ ચીજવસ્તુની લગાર પણ અપેક્ષા નથી. હા, બીજા સહુને તેમની અપરંપાર અપેક્ષા જરૂર રહે છે. પરમેશ્વર તો પૂર્ણકામ છે, સુખકારી છે અને પોતાને સુખે સદાય સુખી છે; એમ સમજીને પર્વતભાઈએ શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી તો પર્વતભાઈ તત્કાળ સભામાં બેસી ગયા. તેમને શ્રીહરિ ઉપર ઘણો પ્રેમ થયો અને દિલમાં અતિશય મહિમા વધી ગયો.

પછી ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને જઈને સાબરમતી નદીમાં સ્નાન કર્યું. પછી વરસડા ગામ ગયા અને ત્યાં રાત રોકાયા. ત્યાં ગોપાળજી મહારાજે શ્રીહરિને જમવા માટે બાટી બનાવી. તેની સાથે અડદની દાળ કરી. પછી ભક્તપ્રતિપાલક શ્રીહરિ જમ્યા. બધા સંતો અને હરિભક્તો પણ જમ્યા. પછી તે જ સ્થળે શ્રીહરિ પોઢી ગયા. બીજે દિવસ સવારે ત્યાંથી ચાલ્યા તે સીંજીવાડા જઈને બપોરે જમ્યા.

● ભગવાન શ્રીહરિએ રામનવમી-હરિનવમીનો ઉત્સવ કર્યો :

પછી સીંજીવાડાથી પ્રિયતમ શ્રીહરિ વડતાલ પધાર્યા, ત્યારે ત્યાંના ભક્તો સામૈયું કરીને શ્રીહરિને ગામમાં લાવ્યા. જ્યારે થોડા દિવસ ત્યાં રહ્યા ત્યારે ત્યાં રામનવમીનો દિવસ આવ્યો. હરિભક્તોના હજારો સંઘ આવ્યા અને ઘણો મોટો સુંદર ઉત્સવ થયો. સંતોને માટે રોજ રસોઈ બનતી હતી. તેને દેખીને ભક્તોના હૃદયમાં હર્ષ થાતો હતો.

રામનવમી-હરિનવમીનો ઉત્સવ હતો એટલે સંતો-હરિભક્તો હજારોની સંખ્યામાં આવી ગયા હતા. મહારાજના દર્શનના સૌ પ્યાસી હતા. કેટલાકને તો થોડા સમય પહેલા જ મહારાજના દર્શન થયા હતા. છતાં મહારાજની નયનરમ્ય મૂર્તિનાં આકર્ષણ જ એવું હતું કે દર્શનથી તૃપ્તિ જ થતી ન હતી.

હરિભક્તોનો સમૂહ જોઈ, સંતોના શીલ જોઈ, ભગવાન શ્રીહરિનું ઐશ્વર્ય જોઈ દ્વેષીલાઓ હવે દબાઈ ગયા હતા. તેમને મનમાં પ્રતીતિ થઈ ગઈ હતી કે આ સંપ્રદાયને તોડવાને ગમે તેટલો પ્રયાસ કરીશું છતાં જ્યાં સુધી તેમાં ભગવાન પ્રગટ છે અને સાધુઓ ચારિત્ર્યશીલ છે ત્યાં સુધી કોઈનું પણ ચાલવાનું નથી. એટલું જ નહીં, પરંતુ જ્યાં જ્યાં ઉપાધિના ઘેરાં વાદળો ઊઠ્યાં હતાં ત્યાં જ સત્સંગ વિશેષ પ્રમાણમાં પ્રસરી ગયો હતો. ગામેગામ હરિમંદિરો થવા લાગ્યાં હતાં. ભાગવત ધર્મના પ્રસારણનું, ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમના સંતોનું આવું કાર્ય જોઈ વિરોધીઓ હવે હતાશ થઈ ગયા હતા. તેમના હાથ હેઠા પડી ગયા હતા ! શૂન્યમનસ્ક બની સંપ્રદાયનો થતો વિસ્તાર વિસ્ફારિત નેત્રે તેઓ જોઈ રહ્યા હતા !

ભગવાન શ્રીહરિએ હરિનવમીનો સમૈયો ખૂબ ભવ્યતાપૂર્વક કર્યો. સમયોચિત ઉપદેશની વાતો કરી. બીજે દિવસે સૌને પારણાં કરાવી રજા આપી અને પોતે પણ ત્યાંથી નીકળવા તૈયાર થયા.

ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી સીંજીવાડે રાત રહ્યા. ત્યાંથી વરસડા, ગલિયાણા થઈને આગળ ચાલ્યા. ત્યાં માર્ગમાં એક તળાવ આવ્યું. અહીં મહારાજે સ્નાન કર્યું એટલે શૂન્યાતીતાનંદ સ્વામી મહારાજ માટે સાથવો લઈ આવ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ સાથવો જમ્યા. ત્યાંથી જાખડા, ધોલેરા, બરવાળા થઈને મહારાજ ગઢપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૪૩-૪૪-૪૫)

હરિનવમી ચોરાશિયા કેરિ, કરિ વરતાલમાં રંગલેરી. (શ્રીહરિલીલામૃત : ૮/૫૮/૨)

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિએ ફૂલદોલોત્સવ ઉજવ્યો
સં. ૧૮૮૫ (ઈ.સ. ૧૮૨૯)

સં. ૧૮૮૫માં ભગવાન શ્રીહરિએ વસંતનો ઉત્સવ ગઢપુરમાં કર્યો. ફાગણનો ફૂલદોલ ઉત્સવ વડતાલ કરવાની ભગવાન શ્રીહરિની ઈચ્છા હોવાથી મહારાજ ફાગણ સુદ ૧૧ ગઢપુર કરી, બારશના પારણાં કરી, વડતાલ જવા તૈયાર થયા.

ભગવાન શ્રીહરિ પોતાના સખા તથા પાર્ષદો, સંતો અને વર્ણીઓના સંઘ લઈને ગઢપુરની નીકળ્યા. રસ્તામાં જ્યાં હરિભક્તોના ગામ આવે ત્યાં મહારાજ તેમને દર્શન દેવા રોકાતા.

ભગવાન શ્રીહરિ વચ્ચે આવતા ગામોગામ રોકાતાં રોકાતાં ફાગણ સુદ પૂનમના દિવસે વડતાલ પહોંચ્યા. વડતાલના હરિભક્તોએ મહારાજનું ધામધૂમથી સ્વાગત કર્યું. લાગટ અગિયાર માસથી મહારાજના દર્શન થયાં ન હતાં. એટલે મહારાજ પધાર્યા તેથી વડતાલના હરિભક્તો ઉત્સાહમાં આવી ગયા. ગુજરાતના ગામોમાંથી પણ મહારાજ ફૂલદોલ ઉપર વડતાલ પધારવાના છે તે સમાચાર મળ્યા એટલે હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. આજુબાજુ ફરતા સંતો પણ આવી ગયા. મહારાજ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરી પોતાના ઉતારે હરિમંડપમાં પધાર્યા.

હાલ જ્યાં જ્ઞાનબાગ છે, ત્યાં ભગવાન શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું હતું. ત્યાં રંગ ભરવા પાકા હોજ પણ બનાવી દીધા હતા. તેથી વારંવાર રંગ માટે તપેલાં, કુંડીઓ વગેરે વાસણોની વ્યવસ્થા કરવી ન પડે.

બીજે દિવસે રંગોત્સવ કર્યો. ઠાકોરજીને પારણામાં ઝુલાવ્યા. સૌ સંતો, હરિભક્તો રંગે રમ્યા. મહારાજ આગલે જ દિવસે પધાર્યા હતા એટલે પંથનો થાક હતો. વળી, થોડા અસ્વસ્થ પણ જણાતા હતા. તેથી મહારાજ એક સ્થાને બેસી સંતો, હરિભક્તોની રંગોત્સવની લીલા નિહાળી રહ્યા. દીનાનાથ ભટ્ટ પણ આવ્યા હતા. તેમણે પણ રંગોત્સવનો લાભ લીધો. સૌ રંગે રમ્યા. મહારાજે સૌને ખૂબ આશીર્વાદ આપ્યા. સંતો, હરિભક્તો ઉપર મહારાજ આજે ખૂબ પ્રસન્ન હતા. દીનાનાથ ભટ્ટને માથે બે હાથ મૂકી તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. શિરપાવ આપ્યો, દક્ષિણામાં રૂપિયા રોકડા આપ્યા.

બિજે દિવસ દોલોત્સવ કિધો, લાવ સૌ સતસંગીએ લીધો; ભટ આવ્યા હતા દિનાનાથે, હરિએ આપ્યો શિરપાવ હાથે.

(શ્રીહરિલીલામૃત : ૯/૧/૧૬)

પછી મંદિરમાં આવી લક્ષ્મીનારાયણ દેવની મહારાજે આરતી ઉતારી. અહીં પણ સૌને રંગે રમાડ્યા. આરતી પછી મહારાજે દેવની પ્રદક્ષિણા કરી. જ્યારથી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા મહારાજે કરી, ત્યારથી જ્યારે જ્યારે ભગવાન શ્રીહરિ વડતાલ પધારતા, ત્યારે લગભગ એકસો આઠ પ્રદક્ષિણા દેવની કરતા. ઘણીવખત ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી મહારાજને પ્રાર્થના કરતા કહેતા : "મહારાજ ! આપ તો સ્વયં પુરુષોત્તમ નારાયણ છો. આપને આ રીતે પ્રદક્ષિણા કરવાની ન હોય."

ત્યારે મહારાજ કહેતા : "ભગવાનના સંબંધથી જ મુમુક્ષુઓમાં ભક્તિ પાંગરે. તેથી ભક્તોને અમોએ પ્રતિષ્ઠા કરેલ દેવનો મહિમા સમજાવવા, તેમના અતંરમાં ભક્તિ પ્રગટાવવા અમો આ બધી વિધિ કરીએ છીએ." સંતો મહારાજની ક્રિયાનું રહસ્ય સમજી ગયા.

'વાસુદેવ હરે' થયા એટલે મહારાજ જમવા પધાર્યા. થાળ જમીને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. હરિભક્તોની પંક્તિમાં પણ પધાર્યા. સૌને ખૂબ જમાડ્યા. તૃપ્ત કર્યા. સૌ જમી રહ્યા પછી મહારાજ હરિમંડપમાં પધાર્યા.

એટલામાં દીનાનાથ ભટ્ટ મહારાજની રજા લેવા આવ્યા. મહારાજે તેમને કહ્યું : "પાસે જોખમ છે એટલે સાચવીને જજો." પછી દીનાનાથ ભટ્ટ મહારાજની રજા લઈ તરત જ નીકળી ગયા.

દીનાનાથ ભટ્ટે વડતાલ છોડ્યું અને વાટમાં તસ્કર મળ્યા. તેઓ તેમની સાથે ચાલવા લાગ્યા. અન્ય વટેમાર્ગુ જેવા તેમને જાણીને દીનાનાથ ભટ્ટ તેમની સાથે વાતો કરવા લાગ્યા : "વડતાલ ગયો હતો. ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરીને હવે ઘેર જાઉં છું." એમ વાતો કરતા હતા.

એટલે તે તસ્કરોએ પૂછ્યું : "ભગવાને તમને કંઈ નવાજ્યા !"

ત્યારે દીનાનાથ ભટ્ટે કહ્યું : "એ તો ભગવાન છે. અમારા જેવા બ્રાહ્મણ ઉપર તો બહુ દયા રાખે છે. ક્યારેય ખાલી જવા દેતા નથી."

તસ્કરો સમજી ગયા. તરત તેમણે દીનાનાથ ભટ્ટનો ખડિયો ખભેથી ખેંચ્યો. તે જોઈ ભટ્ટજી મૂંઝાયા. તેમણે કહ્યું : "અરે ! આ તમે શું કરો છો ?"



તસ્કરોએ હસતાં હસતાં ભટ્ટજીને કહ્યું : "કાંઈ નહીં. તમારો ભાર હળવો કરીએ છીએ." એમ કહી ખડિયામાંથી બધું જ લઈ લીધું. ભટ્ટજી વીલે મોઢે આ જોઈ રહ્યા ! ચોરો તો માલ લઈને ત્યાંથી રસ્તે પડી ગયા.

દીનાનાથ ભટ્ટને હવે મૂંઝવણ થવા લાગી. હવે ખાલી હાથે ઘેર જવું પડશે. તેના મનમાં વિચારો ઘોળાયા કર્યા. તેને થયું હજુ વડતાલથી બહુ દૂર નથી અવાયું. માટે પાછો વડતાલ જાઉં. એમ વિચાર કરી પાછા વડતાલના માર્ગે ચડ્યા. સાંજે દીનાનાથ ભટ્ટ વડતાલ પહોંચી ગયા.

તેઓ સીધા જ મહારાજ પાસે ગયા. મહારાજે તેમને જોઈને પૂછ્યું : "ભટ્ટજી ! કેમ પાછા આવ્યા ?"

દીનાનાથ ભટ્ટ માથે હાથ દઈને મહારાજની સામે બેસી ગયા. મહારાજ આ જોઈ હસવા લાગ્યા. આટલાં વર્ષો સાથે રહ્યા, ગ્રંથો લખ્યા, ગ્રંથો વાંચ્યા અને મહારાજની વાતો પણ સાંભળી, તોય હૈયામાંથી જગતના પદાર્થનું પ્રધાનપણું ટળ્યું નહીં. મહારાજે ફરી પૂછ્યું : "ભટ્ટજી ! કહો તો ખરા શું થયું ? આમ માથે હાથ દઈને શું બેસી ગયા ?"

દીનાનાથ ભટ્ટની આંખોમાં આંસુ આવી ગયાં. તેણે રડતાં રડતાં મહારાજને કહ્યું : "મહારાજ ! આપે તો સાવચેત રહેવાનું કહ્યું હતું, પણ બરોબરના ગઠિયા મળી ગયા. તે વાતે ચડાવી બધું જાણી લીધું અને પછી ખભેથી ખડિયો ખેંચી બધી જ માલમત્તા ઉપાડી ગયા !"

ભગવાન શ્રીહરિ ભટ્ટજીની વાત સાંભળી હસવા લાગ્યા. પરંતુ દીનાનાથ ભટ્ટે પૂછ્યું : "મહારાજ ! એ માલમત્તા પાછી મળશે કે નહીં ?"

ત્યારે મહારાજે કહ્યું : "એ તો એમના નસીબની હતી તે લઈ ગયા. હવે પાછી મેળવવાની આશા રાખશો નહીં."

"તો તો મહારાજ ! ખાલી હાથે ઘેર જવું પડશે." ભટ્ટજીએ કહ્યું.

ભગવાન શ્રીહરિ દીનાનાથ ભટ્ટનો લોભ જોઈ હસ્યા. પછી કહ્યું : "અમે તમને ખાલી હાથે નહીં જવા દઈએ. બીજો શિરપાવ આપીશું, દક્ષિણા આપીશું. પણ એ મૂડી તો ગમે તેટલી હશે તોપણ રહેવાની નથી. અમે આપેલી ચૈતન્ય મૂડી અંતરમાં રહેશે. તેને સાચવજો, તેનું જતન કરજો, નહીં તો સાવ લૂટાઈ જશો."

દીનાનાથ ભટ્ટ સમજી ગયા ! ભગવાન શ્રીહરિએ ફરીવાર શિરપાવ અપાવ્યો, દક્ષિણા આપી અને તેમને ઠેઠ ઘેર પહોંચાડવા તેમની સાથે બે પાર્ષદો મોકલ્યા. ભટ્ટજી મહારાજને પ્રણામ કરીને નીકળ્યા.

ભગવાન શ્રીહરિએ વડતાલથી નીકળવાની તૈયારી કરી. પરંતુ નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામીને મંદિરનું ચાલતું કામ જોવા માટે ત્યાં રાખ્યા. સંઘને રજા દીધી અને પોતે પણ પાર્ષદો તથા સખાઓ સાથે વડતાલથી નીકળવાની તૈયારી કરી.

સાથે પાળા થોડા અસવાર, લૈને જાવાનો કીધો વિચાર; નિત્યાનંદે વિચાર્યું તે કાળ, કોણ કરશે હરિ માટે થાળ.
રસ્તે નાથ ઉતાવળા જાશે, મુકુંદાનંદે તો ન ચલાશે; માટે મોકલીયે બિજા કોઈ, રસ્તે ચાલી શકે એવા જોઈ.
નિજ શિષ્ય શૂન્યાતીતાનંદ, વૈકુંઠાનંદ વર્ણી અદ્વંદ; એહ આદિક મુનિજન ચાર, કર્યા સાથે જવાને તૈયાર.

(શ્રીહરિલીલામૃત : ૯/૧/૨૩-૨૪-૨૫)

તે વખતે નિત્યાનંદ સ્વામીએ વિચાર કર્યો કે 'મહારાજ માટે થાળ કોણ કરશે ? મહારાજ ઝડપથી ચાલે છે એટલે એમની ભેગા બ્રહ્મચારી ચાલી શકશે નહીં.' તેમણે તરત જ વિચાર કરી લીધો. પછી પોતાના શિષ્યો શૂન્યાતીતાનંદ સ્વામી તથા વૈકુંઠાનંદ બ્રહ્મચારીને મહારાજની સાથે મોકલ્યા.

પછી ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી ભાવનગર નરેશને દર્શન આપી ગઢપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૬૮-૬૯)

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિ છેલ્લીવાર પધારી પ્રબોધિનીનો ઉત્સવ કર્યો
સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)

સં. ૧૮૮૬ના અન્નકૂટોત્સવ પછી ભગવાન શ્રીહરિ તરત ગઢપુરથી સંતો-પાર્ષદો અને સખા હરિભક્તો સાથે નીકળી વેલમાં બેસીને સીધા સારંગપુર પધાર્યા. ત્યાં રાત રોકાઈને સુંદરિયાણા, કમિયાળા, ગલિયાણા, વરસડા, સીંજીવાડા થઈને વડતાલ પધાર્યા.

લગભગ સાત માસ પછી ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. તેથી વડતાલમાં સમગ્ર ગુજરાતનો સત્સંગ ઊમટ્યો હતો. સૌને મહારાજના દર્શનની તીવ્ર ઝંખના હતી. એ દર્શનનું સ્વપ્ન કેટલા માસથી તેમના હૈયામાં વસ્યું હતું ! તે આજે સાકાર થઈ ગયું. હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. આ કાર્યક્રમ તો મહારાજ જ્યારે વડતાલ પધારતા ત્યારે થતો જ. છતાં મહારાજના જુદા જુદા ભાવનાં દર્શન નિત્ય નવીન રહે તેવી ભાવના હરિભક્તોના મનમાં, આવા કાર્યક્રમો યોજવામાં હતી. તે ભાવનાથી જ અને મહારાજના દર્શનની અતિ ઉત્સુકતાથી તેઓ સૌ આ રીતે જ્યારે જ્યારે મહારાજ પધારતા, ત્યારે સામા જતા અને સામૈયું કરતા. મહારાજ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં ને સીધા જ ઉતારે હરિમંડપમાં પધાર્યા.

ભગવાન શ્રીહરિએ અહીં પ્રબોધિનીના ઉત્સવ પછી પણ સાત-આઠ દિવસ રોકાવાનું નક્કી કર્યું હતું. તેથી દેશોદેશથી આવેલા હરિભક્તો આ પ્રસંગે રસોઈ આપી મહારાજની સેવા-પૂજાનો લાભ લઈ શકે. પ્રબોધિનીના ઉત્સવ પ્રસંગે મહારાજે કિનખાબનો સૂરવાળ, કિનખાબની ડગલી, મસ્તક ઉપર સુંદર - અતિ મૂલ્યવાન મંડીલ ધારણ કર્યાં હતાં. ખભા ઉપર સોનેરી તારનું બુટ્ટાદાર આસમાની રંગનું શેલું મૂક્યું હતું. કમરે રેંટો કસીને બાંધ્યો હતો. રાતની સભામાં મહારાજની આ શોભાયમાન મૂર્તિ જોઈ સંતો, હરિભક્તોના મન ધ્યાનસ્થ થઈ ગયા ! મહારાજની આ દિવ્યમૂર્તિ સૌનાં અંતરમાં ઊતરી ગઈ ! મહારાજને પણ આ જ કરાવવું હતું.

સમૈયો તે પ્રબોધનિ કેરો, થયો તે સમે સરસ ઘણેરો; પાંચ દિવસ લગી પરમેશ, ધરે નિત્ય નવો નવો વેશ.
તેના મર્મનું એહ નિદાન, ધરે ભક્ત સદા એવું ધ્યાન; કિનખાબ તણો સુરવાળ, કિનખાબનિ ડગલિ વિશાળ.
માથે મંડિલ બહુ મૂલવાળું, ખભે શેલુ રંગેલું રુપાળું; રેટો કમરે કશી લિધો એવો, સદા ધ્યાનમાં રાખવા જેવો.
એવા નિત્ય નવા શણગાર, ધરે પ્રીતમ પ્રાણઆધાર; સભામાં બેસે સુંદર શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ.

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૧૮ થી ૨૧)

ભગવાન શ્રીહરિએ નક્કી કર્યું કે જેટલા દિવસ વડતાલમાં રહેવાનું છે તેટલા દિવસ રોજ નવા શણગાર ધારણ કરવા. જેથી ભક્તોને દર્શનનો આનંદ આવે, ધ્યાન સુલભ બને. મહારાજ માટે નિંબતરુ નીચે પાટ ઢાળી, તે ઉપર ગાદી-તકિયો બિછાવી તૈયાર જ રાખતા. મહારાજ ત્યાં આવી ઉત્તરાભિમુખે બિરાજમાન થતાં.

ભગવાન શ્રીહરિ વડતાલમાં બિરાજે છે તે સમાચાર મળતાં જૂનાગઢથી હરિભક્તો વડતાલ આવ્યા. તેમની સાથે નારાયણજી સુથાર પણ આવ્યા. સૌ દંડવત્ કરી મહારાજ સન્મુખ બેસી ગયા. એટલામાં મહારાજે આંગળીના ઈશારાથી નારાયણજી સુથારને પાસે બોલાવ્યા. તે તરત જ નજીક આવ્યા, એટલે મહારાજે તેમને પોતાના ડાબા પડખે બેસાર્યા. નારાયણજીભાઈ મહારાજની ડાબી બાજુના મુખારવિંદને એકાગ્રતાથી નિહાળી રહ્યા હતા.

તેહમાં નારાયણજિ સુતાર, અતિશે પ્રભુમાં જેનો પ્યાર; વામ પડખું પ્રભૂનું વિલોક્યું, તેમાં પ્રાણ સહિત મન રોક્યું.
સંભારે મુરતી જ્યારે જ્યારે, એ જ સ્વરૂપ સાંભરે ત્યારે; હરિએ મનની વાત જાણી, ત્યારે તે પ્રત્યે બોલિયા વાણી.
ચોટિ રૂપમાં વૃત્તિ તમારી, તેવિ છાપ કરી લાવો સારી; સતસંગી તથા સંત જેહ, પૂજશે સ્મરશે છબિ તેહ.
નારાયણજીએ વિનતિ ઉચ્ચારી, છાપ એવિ બનાવીશ સારી; રામનવમીયે હું આવીશ, ગઢપુરમાં તે છાપ લાવીશ.

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૨૩ થી ૨૬)

ભગવાન શ્રીહરિની મૂર્તિમાં નારાયણજીભાઈનું મન સમગ્ર રીતે જોડાઈ ગયું હતું. એટલામાં મહારાજે તેમને કહ્યું : "નારાયણજીભાઈ! અમારા સ્વરૂપમાં તમારી વૃત્તિ ચોંટી ગઈ છે. તો જેવી મૂર્તિનું તમે ધ્યાન અત્યારે કર્યું તેવી મૂર્તિની છાપ તૈયાર કરો. સૌ સત્સંગીઓ તે મૂર્તિને પૂજશે. તે મૂર્તિની જ ભક્તિ અને ઉપાસના કરશે."

આ સાંભળી નારાયણજીભાઈ હાથ જોડી કહ્યું : "મહારાજ ! ચૈત્રનવમીએ આપ જ્યાં હશો ત્યાં એ છાપ તૈયાર કરીને હું આવીશ."

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : "ગઢપુર જ આવજો. અમે હવે ત્યાં જ રહેવાના છીએ."

ભગવાન શ્રીહરિએ આ પ્રસંગે સભામાં જ્ઞાનવાર્તા કરતાં કરતાં માર્મિક રીતે પોતાને હવે સ્વધામગમન કરવાનો સંકલ્પ થયો છે તે પણ કહી દીધું. પરંતુ આ મર્મવચનો મહારાજે એ રીતે કહ્યા કે કોઈને સ્પષ્ટપણે સમજાય નહીં. મહારાજને પણ મનમાં એમ હતું કે અત્યારથી જ ભક્તોને આ વાત સ્પષ્ટ થશે તો આઘાત લાગશે, માટે મર્મમાં હળવા હળવા વેણ કહેવાં.

આ પ્રસંગે ગઢપુરથી લાલજી ગોર આવ્યા. તેમણે મહારાજને સમાચાર આપ્યા કે 'ગોપાળજીને ત્યાં કાર્તિક સુદ અષ્ટમીને દિવેસ પુત્રજન્મ થયો છે.' ગોપાળાજી ભગવાન શ્રીહરિ સાથે જ હતા. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

ભગવાન શ્રીહરિને વડતાલમાં થોડા દિવસ જ રહેવું હતું. તેથી પોતે જ્યાં બિરાજતા ત્યાં બેસીને વાતો કરતા. તે વખતે આસન કે ગાદી-તકિયાની જરૂર જોતા ન હતા. એક દિવસ મંદિરના પગથિયા ઉપર મહારાજ બેસી ગયા. સેવકોએ કહ્યું : "મહારાજ ! આસન પાથરી આપીએ."

ત્યારે મહારાજે કહ્યું : "આ દેહને હજારો હરિભક્તોની ચરણરજનો સ્પર્શ થાય તે મહાભાગ્ય ટાળી આસન શા માટે રાખવું ?"

હરિભક્તો મહારાજના આ શબ્દોથી ભક્તો પ્રત્યે મહારાજના અંતરમાં કેટલો ભાવ છે તે જાણી ગદ્‌ગદિત થઈ ગયા ! પુરુષોત્તમ નારાયણ સ્વયં ભક્તોની ચરણરજ ઈચ્છે છે.

• જે અમને પૂછવું હોય તે હવે આ શિક્ષાપત્રીને પૂછજો :

અમને પૂછવું હોય જેહ, શિક્ષાપત્રીને પૂછજો તેહ; શિક્ષાપત્રી અમે રચિ સારી, એ તો જાણવી મૂર્તિ અમારી.
એ થકી ઉલટા વર્તનારા, સંપ્રદાયિ નહીં તે અમારા; તેનું કલ્યાણ પણ નહિ થાય, એમ જાણજો સૌ મન માંય.

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૩૫-૩૬)

ભગવાન શ્રીહરિએ આ પ્રસંગે વાત કરતાં કહ્યું : "સત્સંગ હવે ઘણો વધ્યો છે એટલે અમારાથી ગામોગામ સૌને મળવા, દર્શન દેવા જવાતું નથી. માટે જે અમને પૂછવું હોય તે હવે શિક્ષાપત્રીને પૂછજો. શિક્ષાપત્રી એ અમારું મૂર્તિમાન સ્વરૂપ છે ! માટે તેમાં જે આજ્ઞા સંતો, હરિભક્તો માટે લખી છે તે પ્રમાણે વર્તશે તેનું કલ્યાણ થશે, તે આજ્ઞાનો જે લોપ કરશે તે સત્સંગી કહેવાતો હશે તોપણ તેનું કલ્યાણ નહીં જ થાય, તે સૌએ સમજી લેવું."

ભગવાન શ્રીહરિએ આ વાત ગંભીરપણે કહી હતી. હરિભક્તો પણ સમજી ગયા કે મહારાજને જે પોતાની આજ્ઞાનુસાર વર્તે છે, તે ઉપર જ પ્રેમ થાય છે. વળી, સત્સંગમાં મહારાજનો રાજીપો પણ તો જ રહેશે. એટલે સૌએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ! આપ નિશ્ચિંત રહેજો. અમે સૌ શિક્ષાપત્રીમાં આપે લખેલી આજ્ઞા સૌ સૌના ધર્મ પ્રમાણે પળાવીશું." પોતાની અનુવૃત્તિ સાચવવાના સૌ સંતો, હરિભક્તોના ભાવથી મહારાજ પ્રસન્ન થયા.

વડોદરાથી તે વખતે પ્રભુદાસ, ઈશ્વરભાઈ, વનમાળીદાસ તથા જગજીવન ત્યાં આવ્યા. ભગવાન શ્રીહરિના દર્શન કર્યા ને સૌ સુખિયા થઈ ગયા. તે વખતે પ્રભુદાસે મહારાજને હેમનું માદળિયું સોનાની કંઠીમાં જડીને પહેરાવ્યું. મહારાજ તે પહેરી લક્ષ્મીનારાયણ દેવના દર્શને પધાર્યા. કંઠીમાં માદળિયું હતું.

મહારાજે વિચાર કર્યો : "આ માદળિયું નારાયણને આપું કે લક્ષ્મીજીને !" અંતે નક્કી કર્યું કે નારાયણને જ આપવું. પછી પોતાના કંઠમાંથી માદળિયું કાઢી મહારાજે નારાયણને ધરાવ્યું.

આ પ્રસંગે પ્રભુદાસે મહારાજને કહ્યું : "મહારાજ ! મારે સાધુ થવાની ઈચ્છા છે. હવે ઘેર પાછું જવું નથી, તો મને આપ દીક્ષા આપો."

મહારાજે તેમને કહ્યું : "તમે તો અહીં રઘુવીરજીની છડીદારની સેવામાં છો અને સારી સેવા કરો , તો હવે કાયમી સેવામાં રહો અને સાંખ્યવ્રત ધારણ કરો. તમોને આ દીક્ષા આપી."

પ્રભદાસ આ સાંભળી રાજી થયા અને ત્યારથી જ આચાર્ય રઘુવીરજી મહારાજની સેવામાં રહી ગયા !

વડોદરાથી ભક્ત રાયજીભાઈ પણ આવ્યા. તેમણે મહારાજને સ્તુતિ કરતાં કહ્યું : "મહારાજ ! મારે રસોઈ આપવાનો વિચાર છે તો આપ આજ્ઞા આપો."

એટલે મહારાજે તેમને કહ્યું : "કાલે તમારી રસોઈ. મોતૈયા લાડુ બનાવરાવજો. અમે પીરસવા આવીશું."

ભગવાન શ્રીહરિએ આટલી કૃપા કરી તેથી રાયજીભાઈ કૃતકૃત્ય થઈ ગયા ! તરત જ પોતે ઉતારે જઈ રસોઈનો સામાન ભંડારમાં મોકલી આપ્યો.

• ભગવાન શ્રીહરિએ કહ્યું : 'આ છેલ્લી વાર અમે પીરસીએ છીએ'

બીજે દિવસે જલેબી અને મોતૈયાની રસોઈ કરાવી. ભગવાન શ્રીહરિ થાળ જમીને સંતોની ધર્મશાળામાં સંતોને પીરસવા પધાર્યા. અહીં સંતોની જમવાની પંક્તિ થઈ હતી. મહારાજ બે હાથમાં બબ્બે મોતૈયા લાડુ લઈને સંતોની પંક્તિમાં પીરસવા બે-ત્રણ વખત ફર્યા. ત્રીજી વખત ફરતા હતા ત્યાં શ્રમ પડવાથી શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. તેથી ધ્રુજતા પગે બ્રહ્માનંદ સ્વામી સુધી પહોંચી તેમના પાત્રની સામે મહારાજ એકદમ બેસી ગયા ! મહારાજના મુખારવિંદ ઉપર થાક દેખાતો હતો. શરીરમાં અશક્તિ દેખાતી હતી. મહારાજને એકદમ આ પ્રમાણે બેસી જતા જોઈ બ્રહ્માનંદ સ્વામી તરત જ ઊભા થઈ ગયા. ''ખમા, ખમા, મારા બાપ !'' એમ કહી મહારાજના બંને હાથ સ્વામીએ પકડી લીધા. મહારાજનું શરીર અસ્વસ્થ જોઈ બધા જ સંતો ઉદાસ થઈ ગયા !

ભગવાન શ્રીહરિને બ્રહ્માનંદ સ્વામીએ બેઠા કર્યા. મહારાજે તેમના ખભા ઉપર હાથ મૂક્યો. પછી સંતોને કહ્યું : ''સંતો ! સહુ શાંતિથી જમી લ્યો. અમને કાંઈ થયું નથી. આ તો અશક્તિને લીધે થાક લાગ્યો તેથી બેસી જવાયું.'' એમ કહી સંતોની પંક્તિમાં તેમને હિંમત દેવા ચોથી વાર ફર્યા. મહારાજ સાથે બ્રહ્માનંદ સ્વામી મહારાજનો એક હાથ ઝાલી ફરવા લાગ્યા. મહારાજે પીરસતાં પીરસતાં સંતોને કહ્યું : ''સંતો ! લ્યો લાડુ. આ છેલ્લીવાર અમે પીરસીએ છીએ. માટે જમાય તેટલું જમો.''

કરે મર્મમાં એમ ઉચ્ચાર, જમો સંત આ લ્યો છેલિ વાર; તેનો મર્મ મોટા મોટા જાણે, અન્ય તો નહિ સંશય આણે.

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૫૦)

બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના આ વચનનો મર્મ સમજી ગયા. બ્રહ્માનંદ સ્વામીએ આંખો લૂછી. મહારાજના હાથ ધોવરાવ્યા અને હાથ પકડી મહારાજને હરિમંડપમાં મૂકવા સાથે ગયા. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! તમે જમતાં જમતાં ઊભા થયા છો તે જાઓ. હવે જમી લો.''

સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપના મર્મવચનો સાંભળ્યાં પછી હવે અનાજ ગળે ઊતરે તેવું લાગતું નથી.''

ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામી ! અમે છેલ્લીવાર કહ્યું એટલે એમ કે હવે અમે પંક્તિમાં નહીં ફરીએ.'' પરંતુ બ્રહ્માનંદ સ્વામી મર્મજ્ઞ હતા. મહારાજને પગે લાગીને તેઓ સીધા પોતાને આસને જ ગયા.

સાંજે ભગવાન શ્રીહરિ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શને પધાર્યા. તે વખતે ગોપાળજી પણ સાથે હતા. મહારાજ સ્થિર નેત્રે લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી રહ્યા હતા. મહારાજ દર્શન કરી રહ્યા એટલે પાસે ઊભેલા ગોપાળજીએ મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ! આ લક્ષ્મીનારાયણ દેવની બાજુની જગ્યા ખાલી છે. અહીં આપણે ગોમતીજી પધરાવ્યાં છે, તો હવે આ સ્થાને રણછોડરાય પણ જો પધરાવીએ.''

ભગવાન શ્રીહરિ આ સાંભળી રહ્યા. પછી કહ્યું : ''ગોપાળજી ! આ લક્ષ્મીનારાયણ દેવની બાજુની જગ્યામાં અમે ઘણીવાર બેઠા છીએ. એટલે તે જગ્યા પ્રસાદીની થઈ છે. તમારા સંકલ્પ મુજબ રણછોડરાયે દર્શન દઈને અહીં આવવાનું કહ્યું છે. એટલે તેમનો પણ સંકલ્પ પૂરો થશે.'' ગોપાળજી આ સાંભળી રાજી થયા.

ભગવાન શ્રીહરિએ હવે વડતાલથી નીકળવાનું નક્કી કર્યું. પોતાની સાથે મોટેરા સંતો, સખાઓ, પાર્ષદો અને રામપ્રતાજીભાઈ તથા ઈચ્છારામભાઈનો પરિવાર હતો. મહારાજની તબિયત અસ્વસ્થ હતી એટલે ઘોડી ઉપર ન બેસતાં વેલમાં બિરાજ્યા. મહારાજની અસ્વસ્થ પ્રકૃતિ અને મુખારવિંદ ઉપર ઉદાસીનતા જોઈ વળાવવા આવેલ સંતો, હરિભક્તોની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને સૌને ધીરજ આપી, શાંત કરીને વળાવ્યા.

ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી મૂકામ કરતાં કરતાં હરિભક્તોને દર્શનનું સુખ આપતાં ગઢપુર પધાર્યા.

હરિવર વરતાલ છેલિ વાર, દરશન સૌ જનને દિધું ઉદાર; ચિત્ત ચિતવિ ચરિત્ર તે ઉચાર્યું, ચિતવન જોગ્ય જરૂર તેહ ધાર્યું.

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૬૧)

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૭૩-૭૪)

●●●

વડતાલમાં શ્રીરણછોડરાયજીની પ્રાણ પ્રતિષ્ઠા
સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)

● સંપ્રદાયમાં સૌપ્રથમ આચાર્યશ્રી દ્વારા થયેલ વડતાલમાં શ્રી રણછોડરાયની પ્રાણ પ્રતિષ્ઠા :

'મુંબૈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી, સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.'


(શ્રીહરિલીલામૃત : ૯/૧/૨)

સં. ૧૮૮૬ની આ વાત છે. શ્રીજીમહારાજ મુંબઈના સર માલ્કમ સાહેબના આગ્રહથી રાજકોટ તેમને દર્શન દેવા પધાર્યા હતા. માલ્કમ સાહેબને દર્શન આપીને કૃતાર્થ કરી ભગવાન શ્રીહરિ પાછા ગઢપુર પધાર્યા.

શ્રીજીમહારાજની તબિયત નાદુરસ્ત હતી. છતાંય સાહેબના મનોરથ પૂર્ણ કરવા માટે મહારાજ રાજકોટ પધાર્યા હતા. ઘણા દિવસોથી શ્રીજીમહારાજે સત્સંગ વિચરણ બંધ કર્યું હતું. પરંતુ મહારાજે માંદગી દૂર કરી રાજકોટ સુધી પ્રવાસ કર્યો, એટલે હવે સૌ ભક્તોના મનોરથ પણ ભગવાન શ્રીહરિ પૂરા કરશે અને હવે કોઈપણ પ્રકારની બિમારી ગ્રહણ નહિ કરે એવા સૌ સંકલ્પો કરતા હતા. મહારાજ તો ભક્તવત્સલ છે એટલે જરૂર દયા કરશે.

રાજકોટથી આવીને શ્રીજીમહારાજ દરબારમાં સીધા જ અક્ષરઓરડીમાં પધાર્યા. મહારાજને મુસાફરીનો પરિશ્રમ જણાતો હતો. તેથી વસ્ત્રો બદલીને તરત પોઢી જવા વિચાર કર્યો. મૂળજી બ્રહ્મચારીએ પલંગ તૈયાર કરી દીધો. મહારાજ પોઢી ગયા.

સવારે મહારાજ વહેલા ઉઠ્યા, નિત્યવિધિથી પરવારી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. એ વખતે આચાર્ય રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સંકલ્પ કરેલો કે, અમારે મહારાજને વસ્ત્રાભૂષણો ધરાવીને પૂજા કરવી છે. તેઓ બંનેએ કરેલા સંકલ્પને ભગવાન શ્રીહરિએ અંતર્યામીપણે જાણી લીધો. તુરંત જ તેમને બોલાવીને કહ્યું : "તમે બંને અમને ભારે ભારે વસ્ત્રો તથા આભૂષણો પહેરાવો."



બ્રહ્મચારીએ શ્રીજીમહારાજની આજ્ઞા થતા વસ્ત્રો તથા આભૂષણો કાઢી આપ્યા. બંને બંધુઓએ મહારાજને તે પહેરાવ્યા. પછી બંને આચાર્યશ્રીઓના ખભા ઉપર હાથ મૂકીને બોલ્યા : "અવધપ્રસાદ ! રઘુવીર ! હવે આ ખભા ઉપર તમારે અમારા સત્સંગનો ભાર સંભાળવાનો છે. તમારા ખભા મજબૂત રાખજો, અધર્મની સામે ક્યારેય પણ મસ્તક ઝૂકાવશો નહિ. કારણ કે તમો બંને અમારા ધર્મરથના વાહક છો, અમો સદાય તમારી સાથે જ છીએ. અમને કદાપિ તમારાથી દૂર જાણશો નહિ." એમ કહી બંનેના ખભા ઉપર હાથ મૂકી શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં પધાર્યા અને ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદ બિરાજમાન થયા.

ત્રણ-ચાર દિવસ પછી ઈચ્છારામજી મહારાજના જ્યેષ્ઠપુત્ર ગોપાળજી ગઢપુર આવ્યા. તેઓ સીધા જ અક્ષરઓરડીમાં ભગવાન શ્રીહરિ પાસે ગયા. શ્રીજીમહારાજને દંડવત્ કરવા લાગ્યા. તેમને જોઈ મહારાજે તેમને પૂછ્યું : "ગોપાળજી ! આટલા દહાડા તમે ક્યાં હતા ?"

"મહારાજ ! આપની આજ્ઞાથી હું ડુંગરપુર રણછોડરાયની મૂર્તિ લેવા ગયો હતો. તે મૂર્તિ લઈને વડતાલ પહોંચાડી હું આજે જ વડતાલથી અહીં આવી ગયો." એટલું કહીને તેમણે મહારાજના ચરણસ્પર્શ કર્યા.

ભગવાન શ્રીહરિના દર્શન કરતા તેઓએ મહારાજનું શરીર દૂબળું થયેલું હતું તે જોયું. વડતાલમાં જ તેમણે મહારાજની માંદગીના સમાચાર તો સાંભળ્યા હતા,

પરંતુ આટલો બધો મંદવાડ હશે એવી તેમને કલ્પના પણ ન હતી. શ્રીજીમહારાજનો દુર્બળ દેહ જોઈને તેમની આંખોમાં અશ્રુ આવી ગયા. મહારાજે તેમને સાંત્વન આપ્યું.

'દેખી દુર્બળ શ્યામ શરીર, ભર્યા ગોપાળજી દ્રગે નીર; દીધી ધીરજ દિનદયાળે, કહ્યું કષ્ટ મટી જશે કાલે.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

પછી ભગવાન શ્રીહરિએ તેમને પૂછ્યું : ''અમે આપેલ માપ પ્રમાણેની જ મૂર્તિ લીધી છે ને ?''

''મહારાજ ! આપે કહ્યા પ્રમાણેના માપની તૈયાર મૂર્તિ ન મળી, તેથી સારો પથ્થર લઈ મૂર્તિ તૈયાર કરાવવી પડી. માટે તેમાં દિવસો બહુ વીતી ગયા. પરંતુ મૂર્તિ તો આપના કહ્યા પ્રમાણે જ તૈયાર થઈ છે.''

'શોભીતી પ્રતિમા છે તે સારી, સુણી રાજી થયા ગિરધારી;'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

શ્રીજીમહારાજ ગોપાળજીની વાત સાંભળીને રાજી થયા.

ગઢપુરમાં આવ્યા પછી ભગવાન શ્રીહરિને ફરીથી તબીયતની અસ્વસ્થતા જણાવા માંડી. ફૂલદોલનો ઉત્સવ આવ્યો એટલે દાદાખાચરે શ્રીજીમહારાજને ધામધૂમથી ઉત્સવ કરવા ઈચ્છા જણાવી. પરંતુ મહારાજ હવે પોતાની વૃત્તિઓ સંકોચવા લાગ્યા હતા. મહારાજે ધીમે રહીને કહ્યું : ''દાદા ! આ ઉત્સવ ઉપર આપણે કોઈનેય બોલાવવા નથી, જ્યાં માણસ મોકલવાની જરૂર હોય ત્યાં આપણે અહીંથી માણસ મોકલી આપીશું. આ ઉત્સવ આપણે શાંતિથી ઉજવી લેવો છે.''

ભગવાન શ્રીહરિના આવા વચનોથી અને તેમની દેખાતી નરમ તબિયતથી દાદાખાચરના અંતરમાં ઉદાસીનતા વ્યાપી ગઈ. છતાં તેમને મનમાં થયું કે, કદાચ બહુ ભક્તો આવે તો શ્રીજીમહારાજને ભીડો પડે અને તબીયત વધુ બગડે. એ પ્રમાણે વિચાર કરી મન મનાવી લીધું.

● આ છેલ્લો ઉત્સવ છે :

સં. ૧૮૮૬નો ફૂલદોલોત્સવ શ્રીજીમહારાજે સારી રીતે ઉજવ્યો. ઉત્સવમાં પોતે પણ ભાગ લીધો અને સૌને પ્રતીતિ કરાવી કે પોતાની તબિયતમાં કોઈ વાંધો નથી, પણ છતાં મહારાજ એવું બોલી ગયા કે, સંતો ! આ છેલ્લો ઉત્સવ છે.

'પુષ્પદોળ તણો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો; હરિએ કર્યો એમ ઉચ્ચાર, ફુલદોળ આ છે છેલ્લીવાર.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી સંતો-હરિભક્તોની ઉદાસીનતા વધી ગઈ. પુષ્પદોલના ઉત્સવનો જે આનંદ અંતરમાં ભર્યો હતો, શ્રીજીમહારાજની સુધરતી તબિયતનો જે આનંદ સૌનાં મનમાં દૃઢ થયો હતો તે બધું જ મહારાજના આ શબ્દોથી ભાંગીને ભૂક્કો થઈ ગયું.

ઉત્સવ પૂરો થયો અને મહારાજના શરીરે માંદગી વધતી જતી હોય તેવા ચિહ્નો ભગવાન શ્રીહરિ દેખાડવા લાગ્યાં. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને શ્રીજીમહારાજ પ્રત્યે અપાર સ્નેહ હતો. મહારાજ વધુને વધુ સમય અક્ષરઓરડીમાં જ વિતાવતા હતા. કોઈનેય તેમાં પ્રવેશ ન હતો. કેવળ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીને અંદર બોલાવતા. કલાકો સુધી મહારાજ પાસે બેસીને રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વાતો કરતા. ભગવાન શ્રીહરિ સત્સંગની જવાબદારીઓની સમજ રઘુવીરજી મહારાજને આપતા.

શ્રીજીમહારાજની તબિયત વધુને વધુ બગડતી જતી હતી. ભોજનમાં પણ ઘણો જ ઘટાડો કરી દીધો હતો. અને ઘણું કરીને ઉદાસી ગ્રહણ કરીને રહેતા. તેથી ગોપાળજી મહારાજ મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા ને કહ્યું : ''સ્વામી ! રણછોડજીની મૂર્તિ વડતાલમાં અત્યારે તૈયાર પડી છે. તેમની પ્રતિષ્ઠા કરવાનું મહારાજને આપ કહો અને શ્રીજીમહારાજ તે પ્રસંગે વડતાલ પધારે તો જરૂર મંદવાડનો ત્યાગ કરશે. આવો શુભ પ્રસંગ છે તેથી મહારાજ વડતાલ આવવાની ના નહિ કહે.''

તેમની વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''અક્ષરઓરડીમાં તપાસ કરાવો, જો મહારાજ ત્યાં હોય તો આપણે હમણાં જ જઈને મહારાજને પૂછી લઈએ.''

તરત એક પાર્ષદને અક્ષરઓરડીમાં મોકલ્યા. તે તપાસ કરીને આવ્યા અને સ્વામીને કહ્યું : ''મહારાજ તો શ્રી ગોપીનાથજીના મંદિરમાં પધાર્યા છે.''

ગોપાળજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી બંને મંદિરમાં ગયા. મંદિરમાં હાલ જ્યાં સુખશૈયા છે તે ઓરડામાં મહારાજ શૈયા પર સૂતા હતા. મહારાજ જાગે છે તે જાણી સ્વામી તથા ગોપાળજી મહારાજ તેમની પાસે ગયા. મહારાજને પગે લાગીને સન્મુખ બેસી

ગયા. ભગવાન શ્રીહરિએ ધીરેકથી પૂછ્યું : ''કેમ આવવાનું થયું ?''

''મહારાજ ! આપે જે મંદવાડ ગ્રહણ કર્યો છે, તે મંદવાડ અમારા સૌ ઉપર કૃપા કરીને આપ દૂર કરો.''

'મંદવાડ ગ્રહણ કર્યો આપે, ધાર્યું આપે તે કોણ ઉથાપે; પણ રણછોડજી પ્રતિમાય, પધરાવવી વરતાલમાંય.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

''હે મહારાજ ! વડતાલમાં રણછોડજીની મૂર્તિ તૈયાર છે, તેમની પ્રતિષ્ઠા કરવાની છે. તેનું મુહૂર્ત આપ આપો તો તે પ્રમાણે તૈયારી કરીએ, અને મહારાજ, વડતાલમાં હરિનવમીનો સમૈયો આવે છે તેનું કેમ કરીશું ?''

શ્રીજીમહારાજે તરત જ કહ્યું : ''સ્વામી ! અમારાથી તો હવે અસ્વસ્થતાને કારણે વડતાલ જઈ શકાય તેમ નથી. પરંતુ હરિનવમીનો સમૈયો આવે છે તે બંધ ન રહેવો જોઈએ.''

'સુણી બોલિયા વૃષકુળરાય, નહી વરતાલ અમથી જવાય; અમારે સ્થાને સ્થાપ્યા છે જેહ, બેય આચારજો જાય તેહ.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

એમ કહી ભગવાન શ્રીહરિએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને બોલાવ્યા ને કહ્યું: ''તમો બંને અમારા સ્થાને છો, માટે અમારે બદલે તમારે બંનેને વડતાલ નવમીનો સમૈયો કરવા જવાનું છે.''

શ્રીજીમહારાજની આજ્ઞા થતાં બંને આચાર્યશ્રીઓ મહારાજને વંદન કરીને 'જેવી આપની આજ્ઞા મહારાજ !' એમ કહીને ત્યાંથી વિદાય થયા. ત્યારપછી મહારાજે દાદાખાચર, જીવુબા, લાડુબા આદિકને ત્યાં બોલાવ્યા. તેઓ આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું: ''દાદા ! અમો વડતાલ સમૈયામાં જઈ શકીએ તેમ નથી.''

'બોલ્યા તે સહુ સન્મુખ માવો, સમૈયો હરિનૌમીનો આવ્યો; નહિ વરતાલ અમથિ જવાય, સમૈયો ત્યાંનો બંધ ન થાય.
માટે જાય આચારજ બેય, જેઓ અંગ અમારાં જ છેય; તેને પૂજશે જે ધરિ પ્રીત, પૂજા માનીશ હું જ ખચીત.
દ્વેષ જો કોઈ તેહનો કરશે, તે તો દ્વેષિ અમારો જ ઠરશે; આજ જે રીતભાત ઉચ્ચારું, જાણો વંશપરંપરા સારું.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૨)

અમારા બદલે અમારા બંને આચાર્યશ્રીઓ સમૈયા કરવા માટે આવશે. તેમને અમારી માફક જ ત્યાં પૂજજો. તેમની સેવા કરજો, તેમનું વચન માનજો. કારણ કે અમારી ગાદી ઉપર અમારા સ્થાને આજ પછી સંપ્રદાયનું ગુરુપદ તેઓને જ અમોએ આપ્યું છે. તેમનામાં રહીને આ સત્સંગના કાર્યો કરીશું. તેમને જે પૂજશે તેને અમારી પૂજા કર્યાનું ફળ મળશે. તેમનો જે દ્વેષ કરશે તે અમારો જ દ્વેષી ઠરશે.

ભગવાન શ્રીહરિએ દાદાખાચરને કહ્યું : ''હરિનવમીના સમૈયા ઉપર અમારા બંને આચાર્યશ્રીઓ સાથે તમારે તથા લાડુબાએ વડતાલ જવાનું છે. મોટાભાઈ તથા ઈચ્છારામભાઈ બંને અમારા ભાઈઓ અહીં અમારી પાસે રહેશે.''

એટલે લાડુબાએ કહ્યું : ''મહારાજ ! આપ મોટીબાને આજ્ઞા કરો તે પણ વડતાલ આવે.''

મહારાજે તુરંત જ મોટીબાને કહ્યું ''તમારે પણ વડતાલ જવાનું અને ત્યાં રણછોડજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરીને પછી અહીં સૌએ આવવું.''

થોડીવાર અટકીને મહારાજે ભગુજીને કહ્યું : ''એક પાર્ષદને વેગવાન ઊંટ ઉપર અહીંથી વડતાલ મોકલાવો. ત્યાં જઈને અક્ષરાનંદ સ્વામીને ખબર આપે કે પ્રતિષ્ઠાની બધીજ તૈયારી કરી રાખે. ઉમરેઠ પણ માણસ મોકલી હરિપ્રસાદ શર્માને પ્રતિષ્ઠાવિધિ કરાવવા બોલાવી લે.''

આ પ્રમાણે મહારાજ સૌને સૂચના આપી રહ્યા હતા. પરંતુ કોઈનાંય હૈયામાં આ પ્રસંગનો આનંદ ન હતો. કોઈને પણ મહારાજને છોડીને જવાની ઈચ્છા ન હતી. છતાં મહારાજની આજ્ઞા હતી તેથી બધાએ હા પાડી.

શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે સૌ વડતાલ જવા તૈયાર થઈ ગયા. નીકળતા પહેલા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અક્ષરઓરડીમાં મહારાજની પાસે આવ્યા. મહારાજે કહ્યું : ''રઘુવીરજી ! સારું તમો સુખેથી વડતાલ સિધાવો.''

ભગવાન શ્રીહરિનું આ આજ્ઞાવચન સાંભળીને આચાર્ય મહારાજશ્રીના અંતરમાં અતિશય વેદના થઈ. મહારાજને આવા મંદવાડમાં મૂકીને વડતાલ જવું મહારાજશ્રીને ગમતું ન હતું. મહારાજનો જમણો હાથ બંને હાથે વડે પકડીને અશ્રુભીની આંખોએ એકીટશે મહારાજની સામું જોતા રહ્યા. રઘુવીરજી મહારાજની મૂંઝવણ મહારાજ સમજી ગયા. અને મહારાજશ્રીને પોતાની પાસે બોલાવી પૂછ્યું : ''રઘુવીરજી ! અમે તમને વડતાલ સુખેથી જાઓ એમ કહ્યું ને તેમ કેમ મૂંઝાઈ ગયા ?''

એટલે આચાર્ય મહારાજશ્રીએ કહ્યું : ''મહારાજ ! આપનો મંદવાડ જોઈ મને લાગ્યું કે આ લોકમાંથી ઉદાસ થયા છો તેથી મારું

હૃદય આપને છોડીને વડતાલ સમૈયો તથા પ્રતિષ્ઠા કરવા જવા ઈચ્છતું નથી. અને મહારાજ ! આપ વિદ્યમાન છો અને આપને બદલે હું રણછોડજીની પ્રતિષ્ઠા કરું તે કાંઈક અયોગ્ય થતું હોય તેમ મને લાગે છે. સત્સંગીઓને આપના દર્શનની બહુ તાણ છે પ્રભુ ! આપ પ્રતિષ્ઠા કરવા પધારો તો સારું.''

રઘુવીરજી મહારાજની વિનંતિ સાંભળીને મહારાજ મંદમંદ હસવા લાગ્યા. પછી મહારાજે કહ્યું : ''અરે ! રઘુવીરજી ! તમે અમારાથી તમને જુદા કેમ માનો છો ? અમે તમારામાં ને તમે અમારામાં છો. તમે તો મારો પ્રાણ છો.'' એમ કહી મહારાજ રઘુવીરજી મહારાજને બાહુપાશમાં લઈને ખૂબ હેતથી ભેટ્યા ને વાંસામાં તથા મસ્તક ઉપર પોતાના અભયહસ્ત ફેરવીને એટલું બધું સુખ આપ્યું કે મહારાજના મંદવાડ સંબંધી દુઃખની તદ્દન વિસ્મૃતિ રઘુવીરજી મહારાજને થઈ ગઈ. મહારાજની રજા લઈને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સૌ સંતો-ભક્તોને લઈને વડતાલ જવા તૈયાર થયા. ત્યારે ફરીવાર મહારાજે ભગુજીને કહ્યું : ''સંઘને સાચવજો અને રસ્તામાં સાવધાની રાખજો.!''

નિત્યાનંદ સ્વામીના શિષ્ય ભૂમાનંદ સ્વામીને કહ્યું : ''તમે આ રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજની સાથે જાઓ. તેઓ જ્યાં જ્યાં હરિભક્તોના ઘરે પધરામણી કરવા જાય ત્યાં તેમની સાથે રહેજો અને તેમની સેવા કરજો. હરિભક્તોને તો અમારા જ દર્શનની તાણ હોય, પરંતુ તેમને અમારા આ બંને આચાર્યશ્રીઓનો મહિમા સમજાવજો. તેઓ અમારા સ્થાને છે એવું માહાત્મ્ય કહી હરિભક્તો પાસે આ બંને આચાર્યશ્રીઓની પૂજા કરાવજો.'' એમ કહી કરશનજી ભક્તને કહ્યું : ''તમે આ રઘુવીરજી મહારાજના ચરણે જે ભેટ આવે તેનો હિસાબ રાખજો. તમે તેમના કોઠારી છો. અને આ લાલાભક્તને અયોધ્યાપ્રસાદજી મહારાજની ચરણભેટનો હિસાબ રાખવો. એવી રીતે બધાજ સંતો-ભક્તોને વારંવાર ભલામણ કરી આશીર્વાદ આપીને મહારાજે સૌને વિદાય કર્યા.''

રઘુવીરજી મહારાજ વારંવાર મહારાજની મૂર્તિને સંભારતા રહ્યા. કારણ કે આજે પ્રથમવાર જ સત્સંગની જવાબદારી સંભાળવાનો અવસર આવ્યો હતો. તેમને મનમાં મૂંઝવણ થતી હતી કે, ''આવડો મોટો સમૈયો મહારાજની હાજરી વિના કેમ પાર પડશે ? હરિભક્તોને શ્રીજીમહારાજ વિના સુખ કેમ આવશે ?'' આચાર્ય મહારાજશ્રીની મૂંઝવણને અંતર્યામીપણે જાણીને ભગવાન શ્રીહરિએ વાટમાં રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું : ''રઘુવીરજી ! તમે શા માટે મૂંઝાઓ છો ? તમારામાં રહીને હું જ સત્સંગના કાર્યો કરીશ. માટે તમે નિશ્ચિંત બનીને વડતાલ જાઓ અને સમૈયો તથા પ્રતિષ્ઠાવિધિ કરો.''

શ્રીજીમહારાજના આશ્વાસનના વચનો સાંભળીને રઘુવીરજી મહારાજ આનંદમાં આવી ગયા. અંતરમાંથી શોક જતો રહ્યો.

ચૈત્ર સુદિ અષ્ટમીને દિવસે સૌ વડતાલ પહોંચ્યા. વડતાલના સહુ સત્સંગીઓએ ભવ્ય સામૈયું કાઢીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું સ્વાગત કર્યું. ગામોગામ તથા બંને દેશના સત્સંગીઓ આ સમૈયામાં આવ્યા હતા. તમામ ભક્તોને સવારી દરમ્યાન બંને આચાર્યશ્રીઓમાં સાક્ષાત શ્રીજીમહારાજના દર્શન થતા હતા. સહુએ આચાર્યશ્રીઓની ભગવાન શ્રીહરિની જેમ પૂજા કરી. કિંમતી ભેટ-સોગાદો, વસ્ત્ર-આભૂષણો લાવીને તેઓશ્રીને ભેટ ધરી. હજારોની સંખ્યામાં ભક્તોએ સમૈયાનો લાભ લીધો. તમામ ભક્તોને ખબર મળતા કે શ્રીજીમહારાજ સમૈયામાં નથી પધાર્યા. આ સમાચાર મળતા જ સૌ ભક્તો ઉદાસ થઈ જતા. પરંતુ સમૈયામાં જ્યારે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દર્શન કરતા ત્યારે તેમને આચાર્યશ્રીઓના સ્વરૂપમાં શ્રીજીમહારાજના દર્શન થતાં. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરતાં જ સૌ ભક્તોને વાટમાં લાગેલ ચાલવાના પરિશ્રમનો થાક ઉતરી જતો. અને સમૈયાનો અનેરો આનંદ આવતો. સૌને સમૈયામાં આચાર્ય મહારાજશ્રીઓમાં શ્રીજીમહારાજ સ્વયં રહીને સુખ આપતા હોય તેવો અનુભવ થતો.

બંને આચાર્યશ્રીઓની સાથે સંતો-ભક્તો ગોમતી સરોવરે સ્નાન કરવા માટે ગયા. ઢોલ-નગારા-ત્રાંસા-શરણાઈઓ આદિક વાજિંત્રો સહિત આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ભવ્ય સવારી નીકળી. સવારીમાં પણ જાણે આચાર્યશ્રીઓના સ્વરૂપમાં સૌને શ્રીજીમહારાજના જ દર્શન થયા. સ્નાન કરીને મંદિરે આવીને સભા ભરાણી. સભામાં ઊંચા મંચ ઉપર બંને આચાર્યશ્રીઓ બિરાજમાન હતા. જાણે સભામાં સ્વયં ભગવાન શ્રીહરિ બિરાજમાન હોય તેવું સૌને અલૌકિક સુખ આવતું હતું. શ્રીજીમહારાજે આ સમૈયામાં આચાર્યશ્રીઓ દ્વારા આ સત્સંગમાં સદાયને માટે હું પ્રગટ રહ્યો છું, તેવી પ્રતીતિ કરાવી. કોઈને તો આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના દર્શન કરતાં જ સમાધિ થઈ જતી અને અક્ષરધામમાં જતા. ત્યાં શ્રીજીમહારાજ બંને આચાર્યશ્રીઓને પોતાના ખોળામાં બેસાડીને વ્હાલ કરતા હોય તેવા દર્શન થતા.

સમાધિમાંથી જાગીને તે સૌને આ અક્ષરધામની વાત કરતા. સાંભળનાર સૌ ભક્તોને નિશ્ચય થઈ જતો કે શ્રીજીમહારાજ આ આચાર્યશ્રીઓ દ્વારા સત્સંગમાં સદાય પ્રગટ જ છે. વડતાલ દેશના ભક્તોએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજનું પૂજન કર્યું અને

અમદાવાદ દેશના ભક્તોએ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું પૂજન કર્યું. આમ, ખૂબજ આનંદોલ્લાસપૂર્વક વડતાલમાં ચૈત્ર સુદિ નવમી (રામનવમી)નો ઉત્સવ સૌપ્રથમવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના અધ્યક્ષપદે ઉજવાયો.

હરિનવમીનો ઉત્સવ કરીને શ્રી રણછોડરાયજીની પ્રતિષ્ઠાનું મુહૂર્ત કઢાવવા માટે જીણા જોષીને બોલાવ્યા. તેમણે ચૈત્ર વદી સાતમનું મુહૂર્ત બતાવ્યું. મુહૂર્ત નજીક હોવાથી પ્રતિષ્ઠાની બધી તૈયારી કરાવી. યજ્ઞકુંડ, મંડપ આદિક તૈયાર થઈ ગયા ને પ્રતિષ્ઠાના ચોઘડીયા વાગવા લાગ્યા. એટલે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પોતાના મોટાભાઈ ગોપાળજી મહારાજને હાથ જોડીને કહ્યું : ''ભાઈ ! રણછોડજીની પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવી ગયું છે. માટે આપ સહુ કરતા વડીલ છો અને વળી આપે બહુ જ પરિશ્રમ કર્યો છે માટે પ્રતિષ્ઠા તમે કરો.''

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના વચનો સાંભળીને ગોપાળજી મહારાજ બોલ્યા :

'શિક્ષાપત્રીમાં જેહ લખ્યું છે, તે તો મેં નજરે નિરખ્યું છે; આચારજ જો કરે પ્રતિષ્ઠાય, કૃષ્ણનું રૂપ એ જ પૂજાય.
બીજા વંદવા જોગ્ય જ જાણો, નહિ પૂજવા જોગ્ય પ્રમાણો; તે માટે પ્રતિષ્ઠા કરો તમે, કરશું પછી પૂજન અમે.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૩/૩૭-૩૮)

''રઘુવીરજી ! હું ભલે વયે કરીને તમારાથી મોટો છું, પરંતુ સત્સંગના શિરોમણિ તમે છો, તમને શ્રીજીમહારાજે પોતાની ગાદી ઉપર બેસાડીને આચાર્યપદ આપ્યું છે અને પ્રતિષ્ઠાવિધિ કરવાનો અધિકાર કેવળ વિદ્યમાન આચાર્ય હોય તેમને જ છે. અન્યથા કોઈપણ બ્રાહ્મણપુત્ર પ્રતિષ્ઠા ન કરી શકે. અને રઘુવીરજી ! તમે ભૂલી ગયા !! શિક્ષાપત્રીમાં પણ સ્વયં શ્રીજીમહારાજે કહ્યું છે કે, **'આચાર્યેણૈવ દત્તં યદ્યચ્ચ તેન પ્રતિષ્ઠિતમ્ । કૃષ્ણસ્વરૂપં તત્સેવ્યં વન્દ્યમેવેતરત્તુ યત્ ।।'** - અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. અર્થાત્ બીજા કોઈપણ ગમે તેવા સિદ્ધ હોય અને તેણે દેવમૂર્તિની પ્રતિષ્ઠા કરી હોય તો પણ તે મૂર્તિ ધ્યાન કરવા કે પૂજન કરવા યોગ્ય થતી નથી.

પછી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવ્યા. અને હાથ જોડીને કહેવા લાગ્યા :

'પછી અવધપ્રસાદની પાસે, રઘુવીરજી બોલ્યા હુલાસે; તમે પણ છો આચારજ આપ, માટે મૂર્તિ તણો કરો સ્થાપ.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૩)

''હે મોટાભાઈ ! આપ તો આચાર્ય છો જ અને વળી અમારા જ્યેષ્ઠ પણ છો, માટે આપ રણછોડરાયજીની પ્રતિષ્ઠા કરો.''

ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું :

'બોલ્યા અવધપ્રસાદજી ત્યારે, તમે એ શું બોલ્યા અવિચારે ? શ્રીજીએ કર્યો દેશવિભાગ, કેમ કરિએ તે આજ્ઞાનો ત્યાગ.
પોતપોતાના દેશ જ માંય, પ્રતિમાની પ્રતિષ્ઠા તો થાય; બીજા દેશમાં જૈ કરે કોય, કેમ માને જે સત્સંગિ હોય.
જહાં આજ્ઞા તણો ભંગ થાય, તે તો પાપનું સ્થાન ગણાય; માટે શ્રીજીની આજ્ઞા પ્રમાણે, સ્થાપો મૂર્તિ તમે આ ઠેકાણે.'

(શ્રીહરિલીલામૃત : ૯/૧૩/૪૦-૪૧-૪૨)

''રઘુવીરજી ! શું તમે દેશ-વિભાગનો લેખ ભૂલી ગયા છો ? તેમાં શ્રીજીમહારાજે સ્પષ્ટપણે આપણને આજ્ઞા કરી છે કે, બંને આચાર્યશ્રીને મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર છે. પરંતુ પોતપોતાના દેશમાં જ. હું અમદાવાદ દેશની ગાદીના આચાર્યપદે છું. માટે વડતાલ દેશમાં રણછોડરાયજીની પ્રતિષ્ઠા કરવાનો અધિકાર તેમના આચાર્ય હોવાના નાતે તમારો જ બને છે. માટે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે તમો જ આ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરો.''

આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના વચનો સાંભળીને શ્રીજીઆજ્ઞા શિરોધાર્ય કરીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે વડતાલ મંદિરના મધ્ય શિખરમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી લક્ષ્મીનારાયણદેવની બાજુમાં શ્રી રણછોડરાયજીની મૂર્તિની સ્થાપના કરી. ત્યારે સર્વત્ર જયજયકાર થવા લાગ્યો. 'રણછોડરાયજીની જય', 'આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની જય' - આમ જયજયકારના નાદથી સારુંયે વાતાવરણ ગૂંજી ઉઠ્યું.

●●●

વડતાલમાં ભગવાન શ્રીહરિના અન્ય લીલાચરિત્રોના પ્રસંગો

● વડતાલમાં મંદિર નિર્માણ માટે શ્રીહરિ અને સંતોનો સંવાદ :

એકવાર મહારાજ વડતાલમાં જોબનપગીની મેડી ઉપર સભા ભરીને બેઠા હતા ને જ્ઞાનવાર્તા કરતા હતા. તે વખતે મહારાજ બોલ્યા જે, 'ચાલો', તે સાંભળી સુરાખાચર કહે 'મહારાજ ! ક્યાં પધારવું છે ?' ત્યારે મહારાજ કહે 'અમારે ઘેર જાવું છે.' તે સાંભળી જોબનપગી બોલ્યા જે 'હે મહારાજ ! તમારું ઘર વળી ક્યાં છે ?' ત્યારે મહારાજે કહ્યું 'આંહીથી ઉગમણી કોર આંબલો છે, ત્યાં પાંચસો પરમહંસ બેઠા છે તે અમારું ઘર છે'. પછી સહુ કાઠી પાર્ષદો તથા જોબનપગીએ સહિત મહારાજ ત્યાં ગયા. ત્યારે મહારાજને આવતા દેખીને સાધુઓ ઉભા થયા ને મહારાજને બેસવા માટે ચાર પાંચ ધાબળીઓ પાથરી આપી, તે ઉપર મહારાજ બેઠા. ને આગળ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામી વગેરે ઘણા સંત સભા કરીને બેઠા.

પછી મહારાજે વાત કરી જે, 'આપણે મંદિર કરીએ તો ઉપાસના રહે ને હજારો જીવોનો મોક્ષ થાય.' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે 'મહારાજ ! મંદિર કરીએ તો ત્યાં બાઈઓ પાણી ભરવા આવે ને દળણું દળવા તથા વાસીદું કરવા પણ આવે, તે ઠીક નહિ'. ત્યારે મહારાજ કહે 'સ્વામી ! આપણે મંદિરમાં દળવા માટે ઘંટ રાખશું તે બળદથી દળાશે ને કુવો ભંડાર પાસે જ કરશું તે આઘે પાણી લેવા ન જાવું પડે ને ખળીમાં સાધુ દાણા સમા કરશે ને પાળાઓ વાસીદું કરશે; એમ મંદિર તો ગામ વચાળે વન જેવું થાશે ને બાઈઓનો પ્રસંગ નહિ રહે. જેમ જગતના વૈરાગીઓ ગામ બહાર જગ્યા કરે તોપણ તેમાં કુસંગ ઘણો ને બાઈઓનો પ્રસંગ હોય છે; તેમ આપ ણે નહિ થવા દઈએ.' ત્યારે મુક્તાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા જે, 'ભલે મહારાજ ! તમારું વચન સત્ય થાઓ.'

વડતાલમાં મંદિર નિર્માણ માટે જોબનપગીએ વરદાન માંગ્યું :

પછી મહારાજે પ્રથમ અમદાવાદમાં આનંદસ્વામી પાસે મંદિર કરાવ્યું ને સંવત્ ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ દિને મહાહોમ હવન કરાવીને નરનારાયણદેવ પધરાવ્યા ને શહેરની ચોરાશી કરી. પછી ગઢપુર પધાર્યા ને ત્યાં થોડા દિવસ રોકાઈને પાછા રામનવમી ઉપર વડતાલ ગયા. તે સમયે અમદાવાદના કોઈ હરિજનનું પોટલું ચોરાઈ ગયું; તે ખબર મહારાજને મળ્યા. ત્યારે મહારાજે તે વાત જોબનપગીને બોલાવીને કહી, ત્યારે તે કહે, 'મહારાજ, તે પોટલું હું આવતી કાલે લાવી આપીશ.' પછી બીજે દિવસે તે પોટલું જોબનપગીએ લાવીને મહારાજને આપ્યું ત્યારે મહારાજે તે હરિજનને દીધું. પછી મહારાજે જોબનપગીને પૂછ્યું જે 'એ પોટલું રાત્રે ગયું હતું, તે તમે આણે કેમ કરીને લાવ્યા ?' ત્યારે જોબનપગી કહે 'મહારાજ ! અમે પગલું જોઈ લઈએ ને તે માણસને ગમે ત્યાંથી પણ ગોતી કાઢીએ; તેથી તો અમે પગી કહેવાઈએ.' તે સાંભળી મહારાજ બહુ રાજી થયા ને કહ્યું 'તમે વર માગો' ત્યારે જોબનપ ગી કહે 'મહારાજ ! અમે અમદાવાદ મંદિરે જાઈએ છીએ, ત્યાં અમને બહુ અગવડ આવે છે માટે, હે કૃપાનાથ ! આંહી એવું મંદિર કરવું, એ વર આપો.' ત્યારે મહારાજે તે વર આપ્યો. તે સમે ત્યાં સભામાં ઘણા પાટીદાર બેઠેલા હતા તે સર્વે બહુ રાજી થયા ને સત્સંગી થયા ને બોલ્યા જે ''જોબનપગીએ ઠીક વર માંગ્યો.''

નારાયણગીરિને વરદાન કલ્યાણનું વરદાન :

પછી વડતાલમાં બ્રહ્માનંદ સ્વામી ધમધોકાર મંદિરનું કામ ચલાવવા લાગ્યા ને નારાયણગરજીએ સ્વામીને કહ્યું જે ''આ મંદિર સારું કરજો ને રૂપિયા જોઈયે તો મારે ત્યાંથી લેજો''. પછી સ્વામીએ ત્યાંથી રૂપિયા ઉપાડીને મંદિરનાં ત્રણેય શિખરો તૈયાર કર્યાં ને મહારાજ મૂર્તિઓ પધરાવવા વડતાલ પધાર્યા ને મંદિર જોઈને બહુ રાજી થયા. પછી વડોદરાના તથા ઉમરેઠના હરિજન વિપ્રોને બોલાવીને ઠાકોરજી પધરાવવાનું મુહૂર્ત જોવરાવ્યું ને સંવત્ ૧૮૮૧ ના કાર્તિક સુદ બારસ (એકાદશી) ને દિવસે મૂર્તિઓને નવરાવીને તથા હોમ હવન કરીને, વેદવિધિ કરીને મહારાજે પોતે નવેય મૂર્તિઓ પધરાવી. તેમાં વચલા દેરામાં લક્ષ્મીનારાયણ અને રણછોડજી પધરાવ્યા ને ઉત્તરાદા દેરામાં ધર્મ, ભક્તિ અને વાસુદેવ નામે પોતાની મૂર્તિ પધરાવી. ને દક્ષિણાદા દેરામાં રાધા કૃષ્ણ તથા હરિકૃષ્ણ નામે પોતાની મૂર્તિ પધરાવી. પછી મહારાજ કહે ''આ ધાતુની મૂર્તિઓ બહુ સારી થઈ છે.'' એમ કહી વારાફરતી ત્રણેય દેરામાં આરતી ઉતારી. પછી બે ઘડી સુધી બધી મૂર્તિઓ સામું જોઈ રહ્યા ને બોલ્યા જે ''અમે અખંડ આમાં રહીશું.''

પછી મહારાજે ગોમતીયે જઈ અવભૃથ સ્નાન કર્યું ને સર્વ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને હરિજનોએ પણ સ્નાન કર્યું. પછી કીર્તનો

ગાતા અને વાજંત્ર વગાડતા સહુ ગામમાં આવ્યા. પછી મહારાજ જમ્યા તથા હજારો બ્રાહ્મણો અને સંત હરિજનોને જમાડ્યા. પછી રોંઢે સભા કરીને મહારાજે બ્રાહ્મણોને હજારો રૂપિયાની દક્ષિણાઓ આપી ને બ્રહ્માનંદ સ્વામીને મળીને કહ્યું જે, ''અમારે તમારી પાસે કાવ્ય કરાવવા છે માટે તમે હવે અમારી સાથે ચાલો''. પછી મહારાજે નારાયણગરજીને કહ્યું ''લાવો તમારું નામું ચુકાવી દઈએ'' ત્યારે નારાયણગરજીએ ચોપડા લાવીને તેના ઉપર તુલસી મુકી ''તમને શ્રીકૃષ્ણાર્પણ કરું છું'' એમ કહ્યું. ત્યારે મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા ને બોલ્યા જે, ''તમારે આ ફળ બહુ મોટું થયું, કારણ કે આ મંદિર થાતાં બધું ખર્ચ તમે ચુકાવ્યું ને પાછું વળી શ્રીકૃષ્ણાર્પણ કર્યું. માટે અમે તમને અક્ષરધામમાં અમારી સમીપે બેસારીશું.'' એમ મહારાજે વર આપ્યો.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧)

● વડતાલમાં રામદાસભાઈની ભવિષ્યવાણી :

વડતાલમાં મહારાજ મુગટ ધારણ કરીને હીંડોળે ઉભા હતા ત્યારે મહારાજને બે પડખે બે છોકરાને ઉભેલા સમાધિવાળા સાધુએ દીઠા. ત્યારે તેણે રામદાસભાઈને પૂછ્યું, 'મહારાજને બેય પડખે બે છોકરા ઉભા છે તે કોણ હશે ?' ત્યારે રામદાસભાઈએ કહ્યું 'શ્રીજીમહારાજ એ બેય છોકરાને સત્સંગ સોંપીને પછી પોતે ધામમાં પધારશે.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૭)

● વડતાલમાં દામોદર ભક્ત અને જેરામ બ્રહ્મચારીનો મીઠો ઝઘડો :

કોઈક સમયે મહારાજ વડતાલમાં રામપ્રતાપભાઈના બંગલામાં બિરાજમાન હતા. તે વખતે સમૈયે આવેલા હરિજનો માટે મહારાજે દામોદરભક્તને કહી રાખેલું હતું કે, 'જેના થાળ હોય તેને જ પુજા કરવા આવવા દેવા.' તેથી દામોદર તે બંગલાના દાદરા પાસે ઉભા હતા ને જેનો થાળ હોય, તેને જ મહારાજ પાસે જાવા દે, પણ બીજા કોઈને જાવા દે નહિ. તેવામાં ગામ મેઉના ભાવસાર ભુખણદાસના દીકરા મંછારામ અને તુલસીદાસ તે મહારાજની પૂજા કરવા સારુ ચંદન, પુષ્પ, વસ્ત્ર, આભૂષણ ઈત્યાદિક સામગ્રી લઈને જેરામ બ્રહ્મચારીને ભેળા લઈ આવ્યા, પણ દામોદરે રોક્યા ને કહ્યું, 'જેનો થાળ હોય તે જ પૂજા કરવા જાય, એવી આજ્ઞા છે.' ત્યારે જેરામ બ્રહ્મચારી કહે, 'આની તો રસોઈ છે ને થાળ પણ છે.' તોય દામોદરભક્તે ન જાવા દીધા ને ખેંચતાણ કરતાં બેય જણા બાથોબાથ આવ્યા ને જેરામ બ્રહ્મચારી દામોદરને હેઠો પાડીને ઉપર ચડી બેઠા. ત્યારે તે બધું મહારાજ ઉભા ઉભા જોતા હતા. પછી જેરામ બ્રહ્મચારી ઉભા થઈને બોલ્યા જે, 'મહારાજ તો રુપિયા રુપિયાનો થાળ કરાવે, તેને પૂજા કરવા દે છે ને તમે તો બસો રુપિયાની રસોઈ આપી. તેમાં શું પૂજા કરાવે ?'

એમ કહીને ચાલી નિસર્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'એ જેરામ બ્રહ્મચારી ! આવો આવો પૂજા કરાવો' ત્યારે તે હરિભક્તોએ જઈ મહારાજની પૂજા કરી. પછી બીજે દિવસે નિત્યાનંદ સ્વામીના બંગલામાં મહારાજે જેરામ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, 'તમારે પાડોશ કેનો હતો ? કેમ જે બ્રાહ્મણને આટલો ક્રોધ હોય નહિ, માટે કોળીનો કે મુસલમાનનો પાડોશ હશે ?' ત્યારે બ્રહ્મચારી લાલચોળ થઈને રીસાઈ ગયા. પછી મહારાજે દામોદરને કહ્યું, 'જેરામ બ્રહ્મચારી આકરા છે, તે કુવે પડીને મરશે, તેની બ્રહ્મહત્યા દામોદરને લાગશે.' ત્યારે દામોદર આકુળ વ્યાકુળ થઈને બ્રહ્મચારીને ખોળવા માંડ્યા, પણ ક્યાંય મળ્યા નહિ. પછી સાંજને વખતે કોઈકે કહ્યું જે, 'બ્રહ્મચારી ધર્મશાળાના ભંડકીયામાં સુતા છે. ત્યારે દામોદર ત્યાં જઈને તેને તેડી લાવ્યો. પછી મહારાજે તે બેયને અરસપરસ દંડવત્ કરાવીને મનાવ્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૮)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ શોભારામની સ્ત્રીને તેજ દેખાડ્યું :

એક સમયને વિષે વડતાલ સમૈયામાં શોભારામ શાસ્ત્રીએ શ્રીજી મહારાજ સારુ થાળ કરીને પોતાને ઉતારે મહારાજને પધરાવ્યા ને થાળ જમાડ્યો. પછી શાસ્ત્રીએ ચંદન તથા પુષ્પના હાર અને કુંકુમ, અક્ષત આદિક ઉપચારે કરીને મહારાજની પૂજા કરી. પછી તેમની સ્ત્રી ચંદન ચર્ચીને કંકુનો ચાંદલો કરવા સારુ કંકુ લઈને આવ્યાં ને મહારાજને ચાંદલો કરવા ગયાં, ત્યાં તો મહારાજની મૂર્તિમાં બહુ તેજ દેખાણું, તેણે કરીને નેત્ર અંજાઈ ગયાં ને હાથમાં કંકુ લઈને ઉભાં થઈ રહ્યાં. તે જોઈને શાસ્ત્રી બોલ્યા જે, 'ચાંદલો કરને, કેમ ઉભી રહી છે ?' ત્યારે તે કહે 'ક્યાં ચાંદલો કરું, તેજમાં મારી આંખ્યો અંજાઈ ગઈ છે, તે કાંઈ દેખાતું નથી.' પછી મહારાજે કહ્યું, 'ચાંદલો કરો.' ત્યારે તેને મહારાજની મૂર્તિ દેખાણી, એટલે તેણે ચાંદલો કર્યો. એમ ભગવાન આ લોકમાં આવે ત્યારે માણસ જેવા દેખાય પણ જેવા અક્ષરધામમાં છે તેવાને તેવા જ છે.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૦)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ બે માસ સુધી કાઠીઓને રાખ્યા :

કોઈ એક સમયને વિષે શ્રીજી મહારાજ વડતાલમાં સર્વે સાધુ તથા કાઠી સ્વારો સહિત બે મહિના સુધી રહ્યા. ને કાઠીઓ તો વારે વારે મહારાજને કાઠીયાવાડ જાવાનું કહે. પછી મહારાજે કહ્યું, 'આંહી તમને શું દુઃખ છે ? જે હોય તે કહો. આંહી તમને અમારાં દર્શન થાય છે ને આ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન થાય છે, પણ તમને તો બાંયડી છોકરાં સાંભરે છે પણ તે વિના બીજું કાંઈ દુઃખ નથી ને હોય તો કહો; તમને સર્વે વાતે સાનુકૂળ કરી આપીએ.' એમ કહી મહારાજે આનંદ સ્વામીને બોલાવ્યા ને સહુ સાંભળતાં કહ્યું જે, 'આ સર્વે કાઠીઓને અમારા થાળમાંથી જમાડજો ને એમનાં ઘોડાંને અમારી માણકીની બરોબર જોગાણ આપજ્યો.' ત્યારે સ્વામી કહે, 'ઠીક મહારાજ.' પછી મહારાજે કાઠીઓને કહ્યું, 'લો હવે તમને કાંઈ દુઃખ છે ? સુખેથી રહો ને દર્શન કરો.' પછી કોઈ મહારાજની આગળ બોલ્યા નહિ, પણ ઉતારે નાનખાચરને નિત્યે પુછે જે, 'મહારાજ જાવાની કાંઈ વાત કરે છે ?' ત્યારે તે કહે, 'કાંઈ બોલતા નથી.' એમ કાઠીઓ બહુ મુંઝાણા.

પછી એક દિવસે નાનખાચરને મહારાજે કહ્યું, 'આપણી ઘોડી તૈયાર રાખજો' ત્યારે તે વાત જાણીને કાઠીઓ બહુ રાજી થયા. પછી મહારાજ લક્ષ્મીનારાયણ દેવની આરતી કરીને નાનખાચરને કહે, 'લાવો અમારી ઘોડી.' ત્યારે તે ઘોડી લાવ્યા એટલે મહારાજ સ્વાર થયા અને ચાલ્યા ને કાઠીઓ પણ ચાલ્યા. તે આગળ ચાલતાં સુરાખાચર ઘોડેથી પડી ગયા ત્યારે મહારાજે કહ્યું 'જો બહુ વાગ્યું હોય તો બોલજ્યો, હજી ઘેર બેઠા છીએ. તે પાછા વડતાલ પહોંચી જાઈએ. કારણ કે માર્ગમાં દુઃખ થાય તે ઠીક નહિ.' ત્યારે કહે 'ના મહારાજ, મને કાંઈ વાગ્યું નથી' પછી ચાલ્યા ને અર્ધી રાત્રીએ સીંજીવાડે પુગ્યા ત્યારે બોલ્યા જે 'ભણે મહારાજ મારો ટાંટીયો ભાંગી ગયો છે.' પછી મહારાજ કહે, 'અમે તમને પુછ્યું ત્યારે ત્યાં કેમ ન બોલ્યા ?' ત્યારે તે કહે 'જો હું ત્યાં બોલું તો વળી તમે પાછા વળો ને વડતાલમાં રહો.' પછી કહે, 'અરે જુવોને કાઠીભાઈઓ કેવા વાસનિક છે.'

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૧)

• વડતાલમાં વસોના પાટીદારોને પુરૂષોત્તમપણાની વાત કહી :

પછી સવાર થયું ત્યારે સ્નાનાદિક નિત્યવિધિ કરીને મહારાજ સભામાં મોટી પાટ ઉપર બિરાજમાન થયા અને મોટામોટા સાધુઓ આવીને પાસે બેઠા ને બીજા સાધુઓ તેમની વાંસે બેઠા ને એક પડખે હજારો હરિજનો આવીને બેઠા ને બહુ સભા ભરાણી ને ક્યાંઈ માગ ન મળે, તે સમે વસોના પાટીદારે આવીને તે સભા સામું જોયું ને ઉભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, 'એમને આવવા દો' ત્યારે સભામાં તુરંત માગ થઈ ગયો ને તે મહારાજ પાસે જઈને બેઠા. તે સમયે જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે, તેમ સર્વે સંત મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા હતા.

તે જોઈને તે પાટીદાર બોલ્યા જે, 'હે મહારાજ! આવી સભા અમે ક્યાંય જોઈ નથી.' ત્યારે મહારાજ કહે 'હું સદ્‌ગુરૂ રૂપી સૂર્ય ઉગ્યો છું, અને આ સર્વે મુમુક્ષુરૂપી સૂર્યમુખી કમળ છે તે મને જોઈને ખીલ્યાં છે.' એમ કહીને મહારાજે તકીયાને ઉઠીંગણ દઈને સહુ દેખે તેમ ચરણારવિંદ ઉઘાડા કર્યા, તે જોઈ પાટીદાર બોલ્યા જે, 'હે મહારાજ ! તમે દીઠામાં તો મનુષ્ય જેવા જણાઓ છો પણ આ ચરણમાં સોળ ચિન્હ જોતાં તો ભગવાન જ હો' એમ કહ્યું. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, 'આ બ્રહ્માંડના અધિપતિ દસ મૂર્તિઓ છે. ૧. શ્રીકૃષ્ણનારાયણ ૨. નરનારાયણ ૩. વાસુદેવનારાયણ ૪. ભુમાપુરુષ ૫. સંકર્ષણ ૬. અનિરુદ્ધ ૭. પ્રદ્યુમ્ન ૮. બ્રહ્મા ૯. વિષ્ણુ ૧૦. શિવ. તેમણે મળીને બ્રહ્માનાં પચાસ વર્ષ સુધી પ્રાર્થના કરી, ત્યારે આ ચરણારવિંદ આંહી આવ્યાં છે.' એ સાંભળીને તે પાટીદાર ચાર જણા હતા; તેમને મહારાજનું પુરૂષોત્તમપણું બરોબર સમજાણું. પછી મહારાજને અક્ષરધામના પતિ પુરૂષોત્તમ જાણીને આશ્રય લઈ સત્સંગી થયા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૨)

• વડતાલમાં જેરામ બ્રહ્મચારીએ કેસુડાનું કલ્યાણ કર્યું :

એક સમયે હુતાશનીનો સમૈયો કરવા મહારાજ વડતાલ પધાર્યા ને જેરામ બ્રહ્મચારી જાલમસંગ દરબાર પાસે ગામ ઘોડાસર ગયેલા. તે વગડામાં ચાલ્યા આવતા હતા; તેવામાં એક ખાખરો તે બ્રહ્મચારીને જોઈને વાયુ વિના ડોલવા લાગ્યો. તે જોઈ બ્રહ્મચારી તેની પાસે ગયા ને વિચાર કર્યો જે, 'આનો મોક્ષ કરીએ. તે શું ? તો એના કેસુડાં લઈ રંગ બનાવીને મહારાજને છાંટીએ.' એમ વિચાર કરીને કળશામાં થોડુંક પાણી હતું તે લઈને તેને વર્તમાન ધરાવ્યાં એટલે ખાખરો થરથર્યો, તેથી કેસુડાં બધાંએ હેઠાં ખરી પડ્યાં. તે લઈને બ્રહ્મચારી વડતાલ મહારાજ પાસે આવ્યા ને એ વાત કરી. ત્યારે મહારાજ કહે, 'એ પૂર્વે એક તપસ્વી હતો, પણ ઋષિનો અપરાધ

થઈ જવાથી તેણે શાપ દીધો હતો; તેથી તે વૃક્ષના દેહને પામ્યો હતો. તે હવે સુકાઈ જશે અને મનુષ્યનો જન્મ લઈ સારો સત્સંગી થાશે.' પછી તે કેસુડાંનો રંગ કઢાવીને મહારાજ સંત સાથે હુતાશનીને બીજે દિવસે રંગે રમ્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૩)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ધર્માદામાં આવેલી ત્રાંબાકુંડી પાછી આપી :

એક વખત મહારાજ વડતાલ પધારેલા તે નહાવા બેઠા ને જેરામ બ્રહ્મચારીએ ત્રાંબાકુંડી લાવીને આગળ મેલી. ત્યારે મહારાજ કહે, 'આ ક્યાંથી લાવ્યા ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે 'કાનમદેશમાં ધર્માદો લેવા ગયા હતા. તે કોઈ હરિભક્તની પાસે ધર્માદામાં આપવા પૈસા નહિ હોય, તેથી તેણે આ ત્રાંબાકુંડી ધર્માદે આપી છે.' તે સાંભળી મહારાજ કહે, 'હરિભક્ત રાજીખુશીથી ધર્માદે વાસણ આપે, તે લેવાય, પણ જેની ધર્માદો આપવાની શક્તિ ન હોય તે ધર્માદાના બદલે કે નામાના બદલે કાંઈ ચીજ આપે તે ન લેવી પણ તેને કહેવું કે ઓણ ધર્માદો દેવાની શક્તિ ન હોય તો પોર આપજ્યો. એમ કહી તેને હિંમત આપવી ને સત્સંગી રાખવા. નહિ તો કોઈ કાચો હોય તે પડી જાય.' એમ મહારાજે વાત કરી ને તે કુંડીયે નહાયા પણ નહિ. પછી જેરામ બ્રહ્મચારીયે તે કુંડી જેની હતી તેને પાછી દઈ મોકલી. એમ મહારાજની હરિભક્ત ઉપર દયા અને તેનો સત્સંગ રાખવાનો મત હતો.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૪)

• વડતાલમાં હિન્દુસ્તાની સંતની ધીરજ જોઈને શ્રીહરિએ ચાર દિવસ વહેલા ધામ આપ્યું :

એકવાર શ્રીજીમહારાજ વડતાલમાં પોતાને ઉતારે થાળ જમતા હતા ને મૂળજી બ્રહ્મચારી પીરસતા હતા ને મહારાજ જમતાં જમતાં વારે વારે જળપાન કરતા જાય ને ધીરે ધીરે જમતા જાય ને બ્રહ્મચારી આગ્રહ કરીને પીરસતા જાય. એમ જમી ચળુ કરીને મહારાજે મુખવાસ લીધો. પછી બ્રહ્મચારીએ વાત કરી જે, 'આજ સવારે હું નિત્યાનંદ સ્વામીને બંગલે દર્શન કરવા ગયો હતો, ત્યારે એક હિંદુસ્તાની સાધુ બહુ માંદા હતા, તેને જોઈને નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ સાધુને બહુ જ આકરો તાવ આવ્યો છે તે માટે મહારાજને કહેજો જે, દર્શન દેવા પધારે.' ત્યારે મહારાજ કહે 'અમને વહેલા કેમ કહ્યું નહિ.' ત્યારે બ્રહ્મચારી કહે 'મહારાજ ! એ તો હું ભુલી ગયો.' પછી મહારાજ કહે 'ચાલો જાઈએ.' એમ કહી ચાંખડીએ ચડી બ્રહ્મચારીનું કાંડું ઝાલીને ગયા ને ચાંખડીયો ઉતારીને મહારાજે પોતાનો જમણો પગ, તે માંદા સાધુની છાતી ઉપર મુક્યો. ત્યારે તેને તાવ બહુ આંકરો આવેલો હોવાથી મહારાજના ચરણનું તળીયું તપવા માંડ્યું, તેથી મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું, 'આમને તો બહુ આકરો તાવ આવ્યો છે' તે સાંભળીને માંદા સાધુ પોતે બોલ્યા જે "**અરે ગરુ સાહેબ ! જેટલાં દુઃખ દેનાં હોય તેટલાં યહ અવતારમેં દેનાં પણ દુસરા જન્મ હુવે એસા નહિ કરનાં । ક્યું કે હમારે દેહને કુછ શિયારા નહિ હે ।**' ' તેવાં બળનાં વચન સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે, 'એમને પ્રારબ્ધ પ્રમાણે સાત દિવસની પીડા ભોગવવાની હતી, પણ હવે બે દિવસ ભોગવીને પરમ દિવસે ધામમાં જાશે.' એમ કહી મહારાજે તેમના માથા ઉપર બન્ને હાથ મુક્યા ને રાજી થઈ બોલ્યા જે, 'સાધુ ખરા ધીરજવાળા છે'. પછી મહારાજ બંગલે પોઢવા પધાર્યા ને મહારાજના કહેવા પ્રમાણે તે સાધુ ત્રીજે દિવસે દેહ મેલી ધામમાં ગયા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૫)

• વડતાલમાં બ્રાહ્મણે આવીને શ્રીહરિ પાસે દ્રવ્ય માંગ્યું :

એક વખત મહારાજ વડતાલમાં સભા કરીને બિરાજમાન હતા. તે વખતે એક બ્રાહ્મણે આવીને મહારાજને કહ્યું જે, 'હે મહારાજ! તમે ભગવાન છો, માટે મને દ્રવ્ય આપો' ત્યારે મહારાજ કહે 'દ્રવ્ય તો કુબેરભંડારી પાસે છે, તે ત્યાં જાઓ એ આપશે, અમે તો આપ તા નથી.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૬)

• વડતાલમાં ભગવાન શ્રીહરિના સોળ ચિહ્નના ધ્યાનથી પરમજ્ઞાનાનંદ સ્વામી સમાધિ સ્થિતિ પામ્યા :

એક સમયે મહારાજ વડતાલ બંગલામાં પોઢ્યા હતા. તે સમયે નૃસિંહાનંદ સ્વામી તથા પરમજ્ઞાનાનંદ સ્વામી; તે મહારાજનાં દર્શન કરવા આવ્યા ને મહારાજના ચરણમાં સોળ ચિન્હ જોવા માંડ્યા. ત્યારે મહારાજ મુખારવિંદ ઉપરથી વસ્ત્ર ઉતારીને બોલ્યા જે, 'શું જુઓ છો' ? ત્યારે નૃસિંહાનંદ સ્વામી બોલ્યા જે, 'આપના ચરણારવિંદમાં ચિન્હ છે; તેનાં દર્શન કરીએ છીએ' પછી મહારાજ કહે, 'એ ચિન્હે સહિત ચરણારવિંદનું ધ્યાન કરે, તો સમાધિ થાય.' પછી પરમજ્ઞાનાનંદ સ્વામીએ સમાધિની ઈચ્છા રાખીને એમ ધ્યાન કર્યું. તેણે કરીને તેને સમાધિ થઈ ને સિદ્ધિઓ પ્રગટ થઈ તે આંહી બેઠા થકા અક્ષરાદિક ભગવાનનાં ધામ તથા બ્રહ્મા આદિક સર્વે દેવનાં ધામ તથા સર્વે જીવ પ્રાણી માત્રના ઘાટ સંકલ્પ જાણવા માંડ્યા ને તે વાત તેણે ગોપાળાનંદ સ્વામીને કહી. ત્યારે સ્વામી કહે 'એ તો તમારું ભુંડું થાવાનું થયું. કારણ કે, સર્વના સંકલ્પ જાણવાથી સારા સારા ભગવાનના ભક્તનો અવગુણ આવશે. કેમ કે,

રજોગુણને યોગે કરીને કોઈના અંતઃકરણમાં મલીન ઘાટ થાતા હોય, ત્યારે તમારા મનમાં એમ થાય જે, આ તો મહારાજ વખાણે છે તેવા નથી. એમ તેનો અવગુણ લઈને તમે પણ તેવા થઈ જાશો ને જીવના દોષ તો એક ભગવાન જ સહન કરી શકે પણ આપણાથી ન થાય.' ત્યારે પરમજ્ઞાનાનંદ સ્વામી કહે 'હવે કેમ કરું ?' પછી સ્વામી કહે, 'મહારાજની પ્રાર્થના કરો' પછી પ્રાર્થના કરી જે 'હે મહારાજ ! તમારી મૂર્તિ વિના કાંઈ દેખાય નહિ.' એમ છ માસ સુધી પ્રાર્થના કરી એટલે તે બધું દેખાતું મટી ગયું.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૭)

• વડતાલમાં સુરતના ગોવિંદ શેઠે શ્રીહરિની કૃપા લેવાની ના પાડી :

એકવાર વડતાલમાં સુરતના ગોવિંદ શેઠે મહારાજને કહ્યું 'હે મહારાજ! કૃપા કરો તો સુખીયા થાઈએ.' ત્યારે મહારાજ કહે, 'અમે કૃપા કરશું તો દીકરો મરી જાશે, સ્ત્રી નાશ થઈ જાશે ને દ્રવ્ય નાશ પામી જાશે; ઈત્યાદિક સંસાર સંબંધી સુખ નાશ પામી જાશે.' ત્યારે તે બોલ્યા જે 'તમારી કૃપા તમારી પાસે રાખો, અમારે એવી કૃપા જોઈતી નથી.' ત્યારે મહારાજ કહે, 'અમે આપી તે પાછી લેતા નથી' ત્યારે તે કહે 'ના મહારાજ ! મારે એ જોઈતી નથી.' પછી મહારાજ રાજી થઈને બોલ્યા 'જાઓ તમને વર્ષ દહાડે બસો રૂપિયા મળશે.'

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૮)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઝવેરભાઈને પુરૂષોત્તમપણાની વાત કહી :

એકવાર વડતાલમાં શ્રીજી મહારાજ હરિમંડપમાં થાળ જમીને પછી એક પીતાંબર પહેરેલું; એવા થકા સાદડી માથે બેઠા હતા, તે વખતે ઝવેરભક્ત આવ્યા ને તે મહારાજને દંડવત્ કરી પગે લાગીને સામા બેઠા. પછી પૂછ્યું જે, 'હે મહારાજ ! અક્ષરધામમાં ભગવાનની મૂર્તિ કેવી હશે ?' ત્યારે મહારાજ કહે, 'પીતાંબર પહેરીને સાદરી ઉપર બેઠા છે, તેવી મૂર્તિ અક્ષરધામમાં છે. ત્યારે ઝવેરભક્તે કહ્યું 'હે મહારાજ ! તમે દયા કરીને મને તે મૂર્તિ દેખાડો.' ત્યારે શ્રીજીએ તેને સમાધિ કરાવી અને તે અક્ષરધામમાં ગયા. ત્યાં તો તેજોમય સિંહાસન ઉપર શ્રીજીને દીઠા અને તે સિંહાસનને ફરતા બેઠેલા અનંતકોટી મુક્તોને દીઠા. તે જોઈ મનમાં આશ્ચર્ય પામી ગયા. પછી મહારાજે તેને દૃષ્ટિ કરીને જગાડ્યા, ત્યારે તે ઉઠીને મહારાજને દંડવત્ કરવા લાગ્યા અને બોલ્યા જે 'હે મહારાજ! તે મૂર્તિમાં ને આ તમારી મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી.'

ત્યારે મહારાજે વાત કરી જે, 'હજી તારે કાંઈ પૂછવું હોય તો પૂછી લે.' ત્યારે તેણે પૂછ્યું જે 'બીજા ધામની મૂર્તિઓમાં ને અક્ષરધામની મૂર્તિમાં કેટલો ફેર છે ? તે કહો ને તમારો જે રહસ્ય અભિપ્રાય હોય, તે મને કૃપા કરીને કહો.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'કોટી સૂર્યના તેજથી કોટીગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે ને તેથી કોટીગણું તેજ ગૌલોકના મુક્તમાં છે ને તેથી અનંતગણું તેજ અક્ષરના મુક્તના એક રોમને વિષે છે ને તેથી અનંતગણું તેજ અક્ષરધામની જે ભુમી તેમાં સોપારી રહે એટલા ભાગમાં છે ને તેવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ, તે સર્વે ભેળો કરીએ તોપણ સર્વ અવતારના અવતારી જે અમે પૂર્ણ પુરૂષોત્તમ, તે અમારા એક રોમના કોટીમાં ભાગની બરોબર પણ ન આવે એવા અમે છીએ અને બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દસ દસ મૂર્તિઓ છે તેમાં છ સગુણ અને ચાર નિર્ગુણ છે અને દસેય અવતારનાં ધામ પણ નોખાં નોખાં છે.'

ત્યારે ઝવેરભક્તે પૂછ્યું 'હે મહારાજ ! તે ધામ કયે ઠેકાણે હશે ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'શ્રીકૃષ્ણ ભગવાનનું ગોલોક ધામ છે ને લક્ષ્મીનારાયણનું શ્વેત વૈકુંઠ ધામ છે ને વાસુદેવનું શ્વેતદ્વીપ છે ને નરનારાયણનું બદરિકાશ્રમ છે ને બ્રહ્માનું સત્યલોક છે ને વિષ્ણુનું રમાવૈકુંઠ છે ને શિવનું કૈલાસ છે ને અનિરુદ્ધ, સંકર્ષણ અને પ્રદ્યુમ્ન એ ત્રણેનાં ધામ મેરુ પર્વત ઉપર છે.' તે સાંભળીને ઝવેરભક્તે પૂછ્યું, 'હે મહારાજ ! તે તે ધામના અધિષ્ઠાતા અને તેના મુક્ત તે અક્ષરધામને પામે કે કેમ ?' અને આત્યંતિક પ્રલયમાં તે ધામ રહેતાં હશે કે કેમ ? તે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, 'બ્રહ્માંડની સો વર્ષની આવરદા પુરી થઈ રહે, ત્યારે તે તે ધામના અધિપતિ અને તેમના મુક્ત તે અક્ષરધામમાં જાય છે ને આંહી અમે આવ્યા છીએ તો અમારી ઉપાસના સમજવા આંહી સર્વે ધામના અધિપતિ અને તેમના મુક્તો આવેલ છે તે એક રૂપે આંહી આવેલ છે ને બીજે રૂપે ત્યાં ધામમાં પણ છે.' તે સાંભળીને ઝવેરભક્તને પાકો નિશ્ચય થયો.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૧)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ સ્ત્રી-પુરૂષની વાસના ટાળવાની વાત કહી

એક સમયે શ્રીજી મહારાજ વડતાલને વિષે સમૈયામાં આંબલા હેઠે સભા મધ્યે રાત્રીને સમયે બિરાજમાન હતા ને ભગવાનની વાતો કરતા હતા ને રાત્રી ઘણી ગઈ હતી. તે વખતે શ્રીજી મહારાજ તાળી વજાડીને સર્વેને સાવધાન કરીને બોલ્યા જે, 'અમને ભગવાન જાણીને જે ભજશે, તેને અમે અક્ષરધામમાં લઈ જાશું, પણ જે પુરુષને સ્ત્રીમાં વાસના રહેશે, તેને દસ હજાર વર્ષ સુધી ભૂત થાવું

પડશે ને જે સ્ત્રીને પુરુષને વિષે વાસના રહેશે, તેને દસ હજાર વર્ષ સુધી ભૂતડી થાવું પડશે ને તે પછી જ્યારે નિર્વાસનિક થાશે ત્યારે અક્ષરધામમાં લઈ જાશું.' (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૨)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઉમરેઠના વિપ્રોનો સંકલ્પ પૂરો કર્યો :

એકવાર મહારાજ રામનવમી ઉપર વડતાલ પધાર્યા હતા ને તે સમૈયા ઉપર ઉમરેઠના બ્રાહ્મણ આવેલા, તેમણે મહારાજનાં દર્શન કરીને રાત્રીયે એવો સંકલ્પ કર્યો જે, 'આપણે આવતી કાલે રસોઈ તૈયાર કરી મુકીયે ને જો સ્વામિનારાયણ વગર બોલાવ્યા જમવા પ ધારે ને આપણી પાસેથી આઠ લાડવા અને આઠ દાળના પડીયા માંગી લે, તો તે ભગવાન ખરા ને પછી આપણે હરિભક્ત થાવું' એમ સંકલ્પ કરીને રાત્રીએ સુઈ રહ્યા ને સવારે સીધું લાવીને રસોઈ કરવા લાગ્યા ને મહારાજ તો સવારે સ્નાન વગેરે પોતાનો નિત્યવિધિ કરીને સંત હરિજન સહિત ગોમતીને કાંઠે પધાર્યા ને ત્યાં આંબાવાડીયામાં ઓટા ઉપર ગાદીતકિયે બિરાજમાન થયા ને આગળ સંત હરિજનની સભા ભરાઈને બેઠી. તે સમયે મુળજી બ્રહ્મચારી આવ્યા ને પગે લાગીને ઉભા, ત્યારે તેને મહારાજે કહ્યું, 'અમને આજ નોતરું આવ્યું છે' ત્યારે બ્રહ્મચારી કહે, 'હે કૃપાનાથ! તમને વળી નોતરું શેનું આવે, મને આવે.' ત્યારે મહારાજ કહે, 'આજ તો અમને આવેલ છે તે તમે અમારી સાથે આવજ્યો.' એમ કહી સભામાં વાતો કરવા લાગ્યા. પછી અગીયાર વાગવાનો સમય થયો ત્યારે બ્રહ્મચારીને સાથે લઈને મહારાજ તે બ્રાહ્મણો પાસે ગયા ને જમવા માટે આઠ લાડવા તથા આઠ પડીયા દાળના માંગ્યા, ત્યાં તો તે બ્રાહ્મણો રાજી થઈને બોલ્યા જે, 'ભલે આવો મહારાજ! આ આપને વાસ્તેજ આઠ લાડવા અને આઠ દાળના પડીયા તૈયાર કરી રાખ્યા છે' એમ કહી અતિભાવે સહિત મહારાજને જમાડ્યા અને બ્રહ્મચારીને પણ જમાડ્યા. પછી મહારાજને પગે લાગીને તે આઠેય બ્રાહ્મણો વર્તમાન લઈ સત્સંગી થયા. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૩)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ આધારાનંદ સ્વામીને તેજ દેખાડ્યું :

એક સમયને વિષે વડતાલમાં આધારાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'જે ભગવાન અક્ષરધામને વિષે કોટી સૂર્ય, ચંદ્ર અને અગ્નિ સરખા તેજોમય છે તે જ ભગવાન આ લોકમાં મનુષ્યરૂપે થયા છે; તો એવું તેજ પોતાના ભક્તોને કેમ દેખાડતા નથી ?' ત્યારે મહારાજ કહે 'ભગવાન જો આ લોકમાં એવું તેજ દેખાડે તો ભક્તને સુખ ન થાય; તે માટે દેખાડતા નથી. ને જેને જોવાની ઈચ્છા હોય તેને દેખાડે.' ત્યારે તેમણે કહ્યું જે 'દેખાડો તો ઠીક.' પછી મહારાજે તેને તેજ દેખાડ્યું તે તેજને જોઈને ગાંડા થઈ ગયા ને ઘરમાં પુરવા પડ્યા પછી માસ એકે સાજા થયા. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૫)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ આણંદના બ્રાહ્મણના અંતરની વાત કહી :

એકવાર મહારાજ વડતાલમાં સભા કરીને બેઠા હતા. ત્યારે ગામ આણંદનો એક બ્રાહ્મણ આવીને તે સભામાં બેઠો ને તેણે મહારાજને કહ્યું, 'હે મહારાજ ! તમે ભગવાન હો તો મારા અંતરની વાત કહો;' એમ તે બ્રાહ્મણ ત્રણવાર બોલ્યો. પછી મહારાજે મનમાં વિચાર કર્યો જે, 'જો હું આ બ્રાહ્મણને નહિ કહું, તો એને મારો અવગુણ આવશે ને જીવ મુમુક્ષુ છે માટે કહેવું તો ખરું.' એમ ધારીને મહારાજ બોલ્યા જે, 'તું અને તારો કાકો બેય ભેગા મુંબઈ ગયા હતા ને ત્યાં કમાઈને પાછા વળ્યા ત્યારે એક કાળી પેટી હતી, તેમાં તમે એક હજાર રૂપિયાની બે કોથળી કરીને નાંખી હતી ને તે પેટીને કળ દઈને કુંચી તારી પાસે રાખી હતી. પછી તને મનસુબો થયો જે, મારા કાકાને મારી નાંખું તો રૂપિયા બધાય મને રહે. એમ ધારીને તું તારા કાકાના પગ દાબવા બેઠો ને તે દાબતાં દાબતાં ગળું દાબીને તેને મારી નાંખ્યો, માટે અમે તો દરિયામાં જે કામ થાય તે પણ દેખીએ, તે ખારવામાં રહીને દેખીએ ને તારામાં તથા તારા કાકામાં રહીને પણ દેખીએ એવા છીએ.' એમ મહારાજે તેની અંતરની વાત કહી દીધી. ત્યારે તે બ્રાહ્મણને જણાણું જે, 'આતો સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણ પ્રગટ થયા છે. તે અનેક કોટી ઈશ્વર અને જીવ એ સર્વેનું અંતર્યામીપણું એકકળાવચ્છિન્ન જાણે એવા સમર્થ છે' એમ જાણીને બોલ્યો જે, 'હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો, માટે મારા જીવનું કલ્યાણ કરો.' ત્યારે મહારાજ કહે 'તારા કાકાને ઘેર અર્ધા રૂપિયા દઈ આવ્ય ત્યારે તારા ઉપર રાજી થાશું. પછી તને વર્તમાન ધરાવીને તારું કલ્યાણ કરશું.' ત્યારે તે બ્રાહ્મણ મહારાજની આજ્ઞા પ્રમાણે કરી આવ્યો ને પછી મહારાજનો પરિપૂર્ણ નિશ્ચય કરી આશ્રય લઈને ઘેર ગયો ને ત્યાં તેણે ઘણાંકને વાતો કરીને સત્સંગ કરાવ્યો. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૭)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગુલતાનના મહંતને છેતર્યા :

એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ વડતાલ શ્રી ગોમતીને કાંઠે ઓટા ઉપર સિંહાસન કરેલ હતું, તે ઉપર પોતે બિરાજમાન

થયા હતા ને આગળ સંત હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે એક હરિજને આવીને મહારાજને વાત કરી જે, 'હે મહારાજ ! ગુલતાનની ગાદીના મહંતને તમારો અભાવ છે, તેથી દ્રોહ બહુ જ કરે છે' તે સાંભળી મહારાજે સુરાખાચરને પૂછ્યું જે 'કેમ સુરાખાચર ! આપણે ત્યાં જાશું ?' ત્યારે તે બોલ્યા જે 'હા મહારાજ ! આપની મરજી હોય તો ભણે જાઈએ.' પછી મહારાજ કહે, 'આ પરમહંસોમાંથી સારા ખબડદાર હોય તેવાને અને તમારા સ્વારોમાંથી પણ જે ખરેખરા કાઠીની વિદ્યા જાણતા હોય તેવાને સાથે લ્યો.' એમ કહી દોઢસો સંત તથા દોઢસો કાઠીના સ્વારો સાથે લઈને મહારાજ ચાલ્યા, તે મુકામ કરતા કરતા ગુલતાન એક ગાઉ છેટે રહ્યું ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા સુરાખાચરને કહ્યું જે 'હું મહંત સાથે હિંદુસ્તાની બોલી બોલીશ અને તમે તથા સહુ સંત અને કાઠી સ્વારો મોઢેથી રામ, કૃષ્ણ એમ ભજન કરજો ને રાત્રીયે મીરાંબાઈનાં તથા નરસિંહમહેતાનાં ભજન બોલવાં ને સવારે નાહીને સહુએ ત્રણ લીટા વાળાં ગોપીચંદનનાં તિલક કરવાં, એવો ઠરાવ કરીને સહુ સાથે મહારાજ મહંતના મઠમાં ગયા. ત્યારે મહંતે પૂછ્યું જે **'कहां से आते हो ?'** ત્યારે મહારાજે કહ્યું **'हम सब हिंदुस्तानमें से आता हुं. क्युंकि काठीयावाडमें एक जीवनमुक्ताका पंथ चलाया है वह बोत ढोंग करता है अरु भगवान कहेवाता है और बडा पाखंड करते है इसकुं हम निकालनेके वास्ते जाता हुं'** તે સાંભળી મહંત મહારાજના પગમાં પડ્યો ને બહુ રાજી થયો ને બોલ્યો જે **'हम तो बहुत राह जोता था जे कोई जीवनमुक्ता, जो बडा पाखंडी है और लोकोकुं ढोंग शिखाते है, उसकुं हठाने वाले आजाय तो अच्छा हुवे'** એમ કહી પોતાના ચેલાને બોલાવીને મહારાજ વાસ્તે ગાદી તકિયો પાથરી આપ્યાં ને કાઠીઓ તથા સહુ સંતોને મેડીમાં ઉતારો આપ્યો ને રાત્રે સહુને ઘી ખીચડી અને દુધ જમાડ્યું. પછી રાત્રે સહુ સંતે ભેળા થઈને નરસિંહમહેતાનાં તથા મીરાંબાઈનાં કીર્તન ગાયાં, ત્યારે મહંતને તેના ચેલાઓએ કહ્યું **'आ संत तो बोत अच्छा है'** પછી મહંતે આગ્રહ કરીને મહારાજને આઠ દિવસ રોકવાનો ઠેરાવ કર્યો ને નિત્ય નવી રસોઈ કરીને જમાડ્યા. તેમાં પહેલે દિવસે માલપુઆ, બીજે દિવસે મોતૈયા લાડુ, ત્રીજે દિવસે શીરોપુરી, ચોથે દિવસે દુધપાક પુરી, પાંચમે દિવસે જલેબી સાટા, છઠ્ઠે દિવસે ઘેબર, સાતમે દિવસે મોહનથાળ અને આઠમે દિવસે બરફી ચુરમું કરાવ્યું અને મહારાજ હંમેશા મહંત આગળ વાતો કરે જે, **'जीवनमुक्ता तो बोत पाखंडी है'** તેથી મહંત રાજી થાય ને સાધુઓ રામ, કૃષ્ણ તથા સીતારામ એમ હંમેશાં ભજન કરે ને કાઠીઓ પણ એ પ્રમાણે ભજન કર્યા કરે. પછી નવમે દિવસે મહારાજે સંતને કહ્યું જે, 'તમે અજવાળી રાત્રી છે તે વહેલા ચાલજો અને અમે તથા કાઠી સ્વાર તે મહંતને સ્વામિનારાયણ અમે છીએ અને જીવનમુક્તા પણ અમે છીએ; એમ ચેતાવીને એકદમ ચાલશું.' પછી સાધુઓ સર્વે વહેલા ચાલ્યા ને મહારાજ તો વાણુ વાયે મહંત પાસે રજા માગીને ચાલ્યા ત્યારે મહંત તથા તેમના ચેલાઓ મહારાજને વળાવવા મઠના દરવાજા બહાર આવ્યા ને સહુ સ્વાર પણ નીકળ્યા. ત્યારે મહારાજ કહે, 'એ સુરાખાચર અને સોમલાખાચર ! સ્વામિનારાયણની જય બોલો ને જીવનમુક્તાની પણ જય બોલો.' ત્યારે મહંત બોલ્યો જે, 'જીવનમુક્તા કોન હે ને સ્વામિનારાયણ કોન હે ?' ત્યારે મહારાજ કહે, 'સ્વામિનારાયણ અમે છીએ ને જીવનમુક્તા પણ અમે છીએ' એમ વાત કરે છે ત્યાં તો સુરાખાચર વગેરે કાઠીઓ 'સ્વામિનારાયણની જય, જીવનમુક્તાની જય' એમ આઠ વખત બોલ્યા, તે સાંભળી મહંતે તેના ચેલાઓને કહ્યું, 'આપણાં હથિયાર લાવો. આ તો જીવનમુક્તા આપણા હાથમાંથી જાય છે. અરે આપણાં પાકાં સીધાં આઠ દિવસ સુધી ખાઈને ચાલ્યા જાય છે.' તે વખતે સુરાખાચર આદિક કાઠીઓએ ચળકતાં ભાલાં બતાવ્યાં, તેથી તે મહંતના ચેલા ડરીને હથિયાર લેવા ન ગયા, ત્યાં તો મહારાજ ચાલતા થયા ને સંત ભેગા થઈ ગયા ને ફરતા ફરતા વડતાલ આવ્યા. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૮)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસથી મુકાવ્યો અને મુક્ત કર્યો :

એકવાર શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા હતા. તે વખતે બ્રહ્મરાક્ષસના વળગાડવાળો એક બ્રાહ્મણ આવ્યો. તે બ્રાહ્મણને ઘણા વખતથી તે રાક્ષસ વળગેલો હતો ને તેણે ઘણા ઉપાય કરેલા પણ નીકળ્યો ન હતો. ને તે બ્રાહ્મણ તો મરે એવો થઈ ગયો હતો. તેને કોઈક હરિભક્ત મળ્યા ને તેણે કહ્યું, 'આ સ્વામિનારાયણ વડતાલ આવ્યા છે ને તે ભગવાન છે; તમે તેની પાસે જાઓ, તો જરૂર તમારો વળગાડ જાય.' તેથી તેનાં સગાં તે વળગાડવાળાને ગાડીમાં બેસારીને મહારાજ પાસે વડતાલ લાવ્યાં હતાં. તે વખતે મહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરના ઓટા ઉપર બેઠા હતા ત્યાં લાવીને તેને મહારાજ સામો ઉભો રાખ્યો ને તેની સાથે તેનો સગો હતો તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે, તેના અમે ઘણા ઉપાય કર્યા પણ નીકળતો નથી. તે સારુ તમારી પાસે લાવ્યા છીએ.' ત્યારે મહારાજ કહે 'એને આંહી ઓટા ઉપર લાવો.' ત્યારે એને ઓટા ઉપર લઈ ગયા. પછી મહારાજે તે વળગાડવાળાને કહ્યું, 'આ સંતને પગે લાગો' ત્યારે તે સંતને પગે લાગ્યો. પછી મહારાજ કહે, 'હવે એને મારી સામો ઉભો રાખો', ત્યારે તેને ઝાલીને મહારાજ સામો ઉભો રાખ્યો. પછી મહારાજે કહ્યું 'મારી સામું જો.' ત્યારે એણે મહારાજ સામું જોયું ત્યાં તો એનાં નાડી પ્રાણ તણાઈ ગયાં ને સમાધિ થઈ ગઈ, તે ઘડીક વાર રહીને ઉતરી ગઈ. પછી મહારાજે કહ્યું, 'તમે શું દેખ્યું' ત્યારે તે કહે, મેં મહા મોટો

પ્રકાશ દેખ્યો' પછી મહારાજ કહે, 'ફરી મારા સામી નજર કરો.' ત્યારે તેણે મહારાજ સામું જોયું ત્યાં તો તેને સમાધિ થઈ ગઈ તે ઘડીકવાર રહીને ઉતરી. ત્યારે મહારાજે પૂછ્યું, 'આ વખતે તમે શું દીઠું ?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, 'હે મહારાજ ! મેં જે પ્રથમ પ્રકાશ દેખ્યો હતો તેમાં તમે જેમ આંહી બેઠા છો, તેવા ત્યાં તમને દેખ્યા ને આ સાધુ હરિભક્ત પણ ત્યાં તમારી પાસે જેમ આંહી બેઠા છે તેમ ત્યાં બેઠેલા દેખ્યા'. પછી મહારાજ કહે, 'હવે તારો બ્રહ્મરાક્ષસ તો ગયો, પણ પાછો તું બ્રહ્મરાક્ષસ થાતો નહિ.' પછી તે બ્રાહ્મણે વર્તમાન લીધાં ને સાધુને રસોઈ દીધી ને સત્સંગી થયો ને સાજો થઈ ઘેર ગયો અને તેને જે બ્રહ્મરાક્ષસ વળગેલો હતો, તેનું મહારાજે કલ્યાણ કર્યું.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૯)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ જમાદારને સમાધિ દ્વારા નિશ્ચય કરાવ્યો :

એકવાર શ્રીજીમહારાજ વડતાલ સમૈયો કરવા જાતા હતા. ત્યારે રસ્તામાં એક સારા આંબાવાડીયામાં ઉતર્યા ને સાધુ, પાળા તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી, ને મહારાજ વાતો કરવા માંડ્યા. તે વખતે પચ્ચીસ સ્વારો સાથે એક જમાદાર ત્યાંથી નીકળ્યો, તેણે ઘોડેથી ઉતરીને મહારાજ પાસે જઈ નમસ્કાર કર્યો ને સભા સામું જોઈને મનમાં સંકલ્પ કર્યો જે, 'આ સભામાં તો બાઈઓ પણ છે માટે ચોખો ધર્મ ક્યાંથી પળાતો હશે ?' એમ વિચાર કરતાં જ તેને સમાધિ થઈ ગઈ ને પૃથ્વી ઉપર પડી ગયો ને તેણે સમાધિમાં પોતાના ચોવીશેય પયગંબરને મહારાજની સેવા કરતા દેખ્યા. ત્યારે તેણે પોતાના પયગંબરને પૂછ્યું જે, 'તમે આ સ્વામિનારાયણની સેવા કરો છો; તે એ કોણ છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'એ તો અમારા ઉપરી ખુદા છે ને અમે તો એમના મોકલ્યા આવીએ છીએ અને તેં એના ઉપર ખોટો ભાવ ધાર્યો માટે તને દોષ લાગ્યો. તે એમની પાસે માફી માંગજે.' એમ તે સમાધિમાં જુએ છે ને આંહી તેને પૃથ્વી ઉપર પડેલો દેખીને તેના બધા સ્વારો આવીને તેને જગાડવા લાગ્યા તે ઘણો દાખડો કરે ને હેરવે ફેરવે પણ જાગે નહિ. પછી સહુ ઉદાસ થઈ મહારાજ પાસે આવ્યા ને પગે લાગીને બોલ્યા જે, 'હે મહારાજ ! આને તો તમે જગાડશો, ત્યારે જાગશે. અમારી તો કાંઈ કારી ચાલતી નથી.' પછી મહારાજ કહે, 'હવે એને તમે જગાડો એટલે જાગશે' ત્યારે તેઓએ જગાડ્યો એટલે તુરત જાગ્યો ને બેઠો થઈ મહારાજના પગમાં પડી રોવા લાગ્યો. તે રોતો જાય ને મહારાજને કહેતો જાય જે, 'હે મહારાજ ! તમે તો સર્વે પયંગબરના ઉપરી ખુદા છો ને એ પયંગબર તો તમારી સેવા કરે છે અને તેઓએ મને કીધું કે, 'એ સ્વામિનારાયણ ઉપર તે ખોટો સંકલ્પ કર્યો, તેનો તને મોટો દોષ લાગ્યો છે તે એમની પાસે માફ કરાવજે' માટે હે મહારાજ ! હું તમારો ગુનેગાર છું, તે મારો ગુનો માફ કરીને મને તમારી સેવામાં રાખો. હવે હું આંહીથી ઘેર નહિ જાઉં.' ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, 'હવે તમે રોવો માં. તમારા સર્વે ગુના માફ છે, તમે તમારા માણસો ભેગા ઘેર જાઓ.' ત્યારે તે જમાદાર કહે, 'હે મહારાજ ! હવે હું ઘેર નહિ જાઉં, તમારી સેવામાં રહીશ.' ત્યારે મહારાજ કહે 'તમે અમારી આજ્ઞાથી ઘેર જાઓ. અમે તમારી સેવા માની લેશું ને તમારૂ કલ્યાણ કરશું.' ત્યારે તે વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવી રજા લઈને ચાલી નિસર્યો.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૦)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ બાગ માટે કરસન માળીને ભલામણ કરી :

એકવાર મહારાજ ગામ શીયાણીથી પ્રભાતમાં ચાલ્યા તે મુકામ કરતા કરતા વડતાલ પધાર્યા ને રામપ્રતાપભાઈના બંગાલામાં ઉતર્યા ને અયોધ્યાવાસીને ઘેર થાળ તૈયાર થયો, તે થાળ બ્રહ્મચારી ઉતારે લાવ્યા ને મહારાજે જમીને સર્વે સંત તથા પાર્ષદોને પ્રસાદી આપી. ને રસોઈ થઈ તે સહુ જમ્યા. પછી મહારાજ બે ઘડી વાતો કરીને પોઢી ગયા ને બીજે દિવસે નાહીને મહારાજ વાડીયે પધાર્યા ને ગામ વાંકીયાવાળા મોકાખાચર પણ સાથે હતા. તે વખતે મહારાજે પાર્ષદને કહ્યું જે, 'તમારી વાડી અમને દેખાડો.' ત્યારે તે કહે, 'ચાલો મહારાજ.' એમ કહી તે આગળ થયો, તેની પાછળ મહારાજ તથા મોકાખાચર વગેરે ગાડીમાં ગયા ને મહારાજે પાર્ષદને પૂછ્યું, 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે તેણે કહ્યું 'એ અંજીરનાં ઝાડ છે.' પછી મહારાજ ત્યાં બિરાજમાન થયા ને પાર્ષદોએ હાર, તોરા, બાજુબંધ આદિક ઉપચારે કરીને પૂજા કરી. પછી વાડીમાંથી સાધુઓ ચાર મુળા લાવ્યા, ત્યારે તે સાધુને મહારાજે તેનું પૂર્વનું નામ લઈને કહ્યું 'કેમ કાશીદાસ ! એ શું લાવ્યા ?' ત્યારે તે કહે 'મુળા લાવ્યો' પછી મહારાજ કહે 'મુળા તો અમે જમતા નથી.' ત્યારે મોકાખાચર કહે 'અરે મહારાજ ! શિયાળામાં તો મુળો સોનામહોર આપીને પણ ખાવો.' પછી મહારાજ કહે 'ત્યારે લાવો જમીએ.' એમ કહીને મુળા લીધા ને મીઠું મગાવ્યું તે હથેળીમાં લઈને, તેને મુળો અડાડતા જાય; ને જમતા જાય એવી રીતે દોઢ મુળો જમ્યા ને સાધુને પ્રસાદી આપી.

પછી મહારાજ ત્યાંથી ઉઠ્યા ને લાંબો હાથ કરીને પૂછ્યું જે 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે ભક્તે કહ્યું, 'ફણસનાં.' વળી મહારાજે

લાંબો હાથ કરીને પૂછ્યું, 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે ભક્તે કહ્યું, 'એ દાડમનાં છે.' વળી મહારાજે પૂછ્યું, 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે તે કહે 'એ જામફળીનાં છે' વળી મહારાજે પૂછ્યું, 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે કહે 'એ લીંબુનાં છે.' પછી મહારાજે પૂછ્યું, 'એ ક્યાંથી લાવ્યા ?' ત્યારે ભક્ત કહે 'એ મુહૂધાથી અજુભાઈએ મોકલ્યાં.' પછી મહારાજ કહે, 'અજુભાઈને આપણા ઉપર હેત ખરું, નહિ તો ઝાડ મોકલે નહિ.' એમ કહીને મહારાજ મંદિરમાં જાવા ચાલ્યા, ત્યારે ભક્તે કહ્યું, 'મહારાજ હજુ વાડી તો જોવાની બાકી છે' ત્યારે મહારાજ કહે, 'ચાલો ત્યારે' પછી ભક્ત આગળ અને મહારાજ વાંસે ચાલ્યા. ત્યારે એક આંબા તળે ચંપાનું દરુ કરેલું, તે જોઈને મહારાજ કહે 'આ શેનું દરુ ?' ત્યારે ભક્ત કહે, 'મહારાજ એ ચંપાનું દરુ છે.' પછી આઘેરા ચાલતાં કેળાની વાડી આવી ને ત્યાંથી આગળ ચાલતાં કંથારનું થુમડું હતું, તે મહારાજની મોજડીયે ભરાણું, તેને મહારાજે પોતાના બીજા પગે કરીને દબાવ્યું, અને પ્રથમનો પગ ઉપાડી લીધો એટલે તે વછુટી ગયું. પછી ત્યાંથી જરાક દક્ષિણાદિ કોર ચાલ્યા, એટલે ચૈતરીયો ગુલાબ આવ્યો, તેને જોઈ મહારાજ કહે 'આ શેનાં ઝાડ છે ?' ત્યારે ભક્તે કહ્યું 'મહારાજ ! એ ચૈતરીયા ગુલાબનાં ઝાડ છે.' પછી મહારાજે પૂછ્યું 'એને ફુલ આવે છે ?' ત્યારે ભક્ત કહે 'ના. મહારાજ ! નથી આવતાં' તેવામાં ત્યાં ગઢડાવાળા કરસન માળી આવ્યા. તેને જોઈને મહારાજે કહ્યું 'ગઢડાની વાડી આપણી ને આ વાડી આપણી નહિ' ? ત્યારે કરસન માળી હાથ જોડીને બોલ્યો જે, 'આ વાડી પણ આપણી મહારાજ'. પછી મહારાજ કહે, 'તમે આંહી રહીને આ છોકરાને શીખવો ને ઝાડ સુધારો એટલે ફુલ આવે.' એમ કહીને મહારાજ લક્ષ્મીનારાયણના મંદિર ભણી ચાલ્યા. ત્યારે પ્રભુતાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા નિર્વિશેષેશ્વરાનંદ સ્વામી; એ ત્રણ જણાએ કહ્યું જે, 'હે મહારાજ! આંહી રહો, થાળ કરીએ' ત્યારે મહારાજ કહે 'આંહી થાળ જમવા નહિ રહીએ, મંદિરમાં જઈને જમશું.' એમ કહીને ચાલ્યા તે ઉતારે આવીને ઢોલીયા ઉપર બિરાજ્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૪)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ પદ્મનાભાનંદ સ્વામીને દેશમાં ફરવાની આજ્ઞા કરી :

એક સમયને વિષે શ્રીજી મહારાજ વડતાલમાં બિરાજમાન હતા. તે વખતે મહારાજે સંન્યાસી પદ્મનાભાનંદ સ્વામીને દેશમાં ફરવાની આજ્ઞા કરી, તેથી તે મહેમદાવાદ ગયા ને ત્યાં મુદ્દલ સત્સંગ નહોતો. પછી સ્વામીએ એક બ્રાહ્મણને કહ્યું જે, 'અમારે ઉતરવું છે.' ત્યારે તે બ્રાહ્મણે ગામમાં તપાસ કર્યો, પણ ઉતરવાનું બંધ બેસે નહિ. પછી ઘણોક દાખડો કરીને બેચરભટ્ટની પોળના દરવાજાના મેડા ઉપર ઉતારો કરાવ્યો, પણ સ્વામી પાસે કોઈ બેસવા આવે નહિ, તેવામાં બેચરભટ્ટ બંધાણી હતા, તે વધારે અફીણ લેવાથી કેફ ચડ્યો ને બહુ આકુળ વ્યાકુળ થઈ ગયા ને પીડા થાવા માંડી ને દેહ પડી જાય એવું થયું ને આઘા પાછા આંટા દીધા કરે. પછી સ્વામીએ તેને કહ્યું, 'ભટ્ટ આંહી આવો અને બેસો.' ત્યારે તે કહે 'મારાથી બેસાય તેમ નથી, મને તો વ્યાધિ થાય છે' ત્યારે સ્વામીએ બાવડું ઝાલીને પરાણે બેસાર્યા ને કહ્યું 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરો એટલે વ્યાધિ મટી જાય' પણ તે તો બોલ્યા નહિ. પછી સ્વામીએ ત્યાં બીજા સંન્યાસી હતા, તેને કહ્યું જે 'સ્વામિનારાયણના નામની માળા ફેરવો, એટલે ભટ્ટને સારું થાય' પછી સહુ માળા ફેરવવા માંડ્યા તેથી ભટ્ટને સુવાણ થઈ ગઈ. ત્યારે ભટ્ટે જાણ્યું જે, 'આ સંન્યાસી કોઈ મોટા પુરુષ છે ને સ્વામિનારાયણ પણ ભગવાન ખરા.' પછી સ્વામી ઉપર ભટ્ટને હેત થયું, એટલે બીજા સંન્યાસીઓ સાથે સ્વામીને જમાડે ને બરદાસ રાખે. પછી સ્વામીએ ભટ્ટને નિયમ ધરાવ્યાં અને કહ્યું, 'વડતાલ આવજો.' પછી પૂનમ ઉપર ડાકોર જાવા સારુ વીશ માણસો તૈયાર થઈને ચાલ્યાં, ત્યારે ભટ્ટે તે સર્વેને કહ્યું જે, 'એક સંન્યાસી આંહી આવ્યા હતા તે બહુ સારી વાતો કરતા હતા ને મોટા પુરુષ હતા. માટે આપણે સર્વે તેમની પાસે વડતાલ થઈને પછી ડાકોર જાશું.' પછી તે સહુ નડિયાદ રાત્રી રહીને વડતાલ આવ્યા. તે વખતે શ્રીજી મહારાજ ઉગમણી બેઠકે આંબા હેઠે સભા કરીને બિરાજમાન હતા, ત્યાં બેચરભટ્ટ આદિક આવીને સહુ બેઠા. પછી પદ્મનાભાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, 'હું મહેમદાવાદ ગયો હતો. ત્યારે કોઈ અમને ઉતરવા દેતું નહોતું પણ આ બેચરભટ્ટે ઉતારો આપ્યો હતો ને બરદાસ રાખી હતી. ને એક દિવસ તેમને અફીણનો કેફ બહુ ચડવાથી દેહ પડી જાય તેવું વસમું લાગતું હતું, ત્યારે અમે તમારું ભજન કર્યું તેથી તમે તેમની રક્ષા કરી હતી; તે ભટ્ટ તમારે દર્શને આવ્યા છે.' પછી મહારાજે તેમને પોતાની પાસે બેસારીને કેટલીક વાતો કરી. તે સાંભળીને તેમને કાંઈક નિશ્ચય થયો. પછી તે સર્વે ઉતારે ગયા ને વિચાર કર્યો જે, 'આપણને પદ્મનાભાનંદ સ્વામીએ સીધાં અપાવ્યાં છે તે મૂળજી પટેલની વાડીએ રસોઈ કરીએ.' પછી ત્યાં જઈને રસોઈ કરવા લાગ્યા ને વળી વિચાર કર્યો જે 'જો સ્વામિનારાયણ ભગવાન હશે, તો આપણી પાસે આવીને જમવાનું માંગશે.' ત્યારે તેમનો એ સંકલ્પ શ્રીજી મહારાજે અંતર્યામીપણે જાણી લીધો ને પોતે સુતા હતા ત્યાંથી ઉઠ્યા ને દાદાખાચરને તથા સોમલાખાચરને કહ્યું 'આપણાં ઘોડાં મંગાવો, ફરવા જાવું છે.' પછી મહારાજ ઘોડે ચડીને ચાલ્યા, તે જ્યાં બેચરભટ્ટ વગેરે બ્રાહ્મણો રસોઈ કરીને જમવાની તૈયારી કરતા હતા ત્યાં મહારાજ ગયા ને ઘોડેથી ઉતરીને તેમને કહ્યું જે,

'કાંઈ જમવાનું હોય તો અમને આપો, ભુખ લાગી છે' ત્યારે તે સર્વે રાજી થઈને બોલ્યા જે, 'હે મહારાજ ! તમને ભુખ લાગી નથી, પણ અમારો મનોરથ પુરો કરવા જ તમે પધાર્યા છો.' એમ કહીને અતિ હેતે કરી જમવાનું આપ્યું, તે જમીને મહારાજ તો ત્યાંથી ચાલી નિસર્યા ને તે સર્વે બ્રાહ્મણોને મહારાજનો પાકો નિશ્ચય થયો. પછી તો તેઓ ડાકોર જવાનું બંધ રાખીને વડતાલ રહ્યા ને પાકા સત્સંગી થઈ ઘેર ગયા. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૫)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીનાનાથ ભટ્ટની શંકાનું નિવારણ કર્યું :

એક વાર વડતાલમાં દીનાનાથ ભટ્ટજી સત્સંગિજીવન ગ્રંથ કરતા હતા ને તેમાં જ્ઞાનનો ઉપદેશ લખતાં પોતાને ઘણીક શંકાઓ થઈ, એટલે પોતે નિત્યાનંદસ્વામી પાસે ગયા ને પૂછ્યું જે ''હે સ્વામી ! આ સમજાતું નથી.'' ત્યારે સ્વામીએ તે લખેલું પ્રકરણ વાંચી જોયું પણ અર્થ બરોબર ધ્યાનમાં ન આવ્યો એટલે ભટ્ટજીને કહ્યું ''ચાલો આપણે મહારાજ પાસે જાઈએ ને પુછીએ'' ત્યારે ભટ્ટજી કહે ''જે મહારાજ જાણે છે તે તો જાણીએ છીએ'' ત્યારે સ્વામી કહે ''અરે ભટ્ટજી ! એતો સર્વે વેદાંગ અને ઉપનિષદ્ વગેરેને જાણે છે. કેમ જે, જેના શ્વાસમાંથી વેદો થાય છે તે એ પોતે છે, તે ચાલો ત્યાં પુછીએ.'' પછી બેય જણા મહારાજ પાસે ગયા એટલે મહારાજે તેમને કહ્યું, ''તમે બેઉ જ્ઞાનનો ઉપદેશ લખવામાં કાંઈ પૂછવા આવ્યા છો કે ?'' એમ મહારાજે અંતર્યામી પણે જાણીને તેમને વાત આગળથી કહી દીધી.'' તે સાંભળી બેય જણા હાથ જોડીને કહે, ''હા મહારાજ, એટલા માટે જ અમે આવ્યા છીએ'' પછી તેમણે સાંખ્ય અને યોગના પ્રકરણમાં જે પૂછવાનું હતું તે મહારાજને પૂછ્યું, તેનો ઉત્તર મહારાજે તત્કાળ કરી દીધો એટલે તે બેય જણા મહારાજને પગે લાગીને રજા લઈને ઉઠ્યા ને પોતાના મુકામ પર આવ્યા. પછી નિત્યાનંદ સ્વામીએ ભટ્ટજીને કહ્યું ''તમે કહેતા હતા ને કે મહારાજ તો નથી ભણ્યા'' ત્યારે ભટ્ટજી કહે ''સ્વામી ! હું હજુ તમારા જેટલો મહારાજનો મહિમા જાણતો નથી, તેથી દિવ્યભાવ રહેતો નથી ને વખતો વખત મનુષ્યભાવ આવી જાય છે તેથી મહારાજ નથી ભણ્યા એમ મારાથી બોલાઈ ગયું હતું પણ મહારાજ તો બધુએ જાણતા દીસે છે.'' (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૭૦)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ વસોના જેસંગભાઈને વરદાન આપ્યું :

એકવાર ગામ વસોના પાટીદાર હરિભક્ત જેસંગભાઈ શ્રીજીમહારાજ પાસે વડતાલ ગયા ને પગે લાગીને મહારાજને કહ્યું 'હે કૃપાનાથ ! ઓણ ઓગણોતેરો કાળ મોટો પડ્યો ને ઘરમાં હવે દાણા ઝાઝા રહ્યા નથી.' ત્યારે મહારાજ કહે 'કેટલાક રહ્યા છે ?' ત્યારે જેસંગભાઈ કહે, 'અગીયાર મણની એક કોઠી ભરી છે.' ત્યારે મહારાજ કહે, 'તેને ઉપરથી બંધ કરીને સાણેથી દાણા કાઢજ્યો ને તે દાણા વેચીને ઘી, ગોળ, લુગડાં વગેરે લેજો ને ઘરનો વ્યવહાર ચલાવજો ને એમાંથી દાણા નહિ ખુટે.' પછી તેણે ઘેર આવીને કોઠીનું ઢાંકણું છાંદી દીધું ને દાણા સાણેથી કાઢીને ખાવા માંડ્યા તથા વેચીને ઘરનો વરો ઉકેલતા; એમ કરતાં અગીયાર મહિના ગયા, તેવામાં જેસંગભાઈ કાંઈ કામ પ્રસંગે બીજે ગામ ગયા ને વાંસેથી તેની સ્ત્રીએ વિચાર કર્યો જે, 'આ કોઠીમાં હવે કેટલાક દાણા હશે, તે તપાસું તો ખરી' એમ વિચારીને ઢાંકણું ઉઘાડીને જોયું, ત્યાં તો કાંઠા સુધી કોઠી ભરેલી ભાળી. પછી જેસંગભાઈ ગામથી આવ્યા ને કોઠી સામું જોયું તો ઢાંકણું ઉખેડેલ દીઠું પછી પૂછ્યું જે 'આ કોઠીનું ઢાંકણું શું કરવા ઉખેડ્યું ?' ત્યારે તેની સ્ત્રી બોલી જે 'મેં તપાસ કર્યો ત્યાં તો હતા તેટલા ને તેટલા જ દાણા હતા.' ત્યારે જેસંગભાઈ કહે 'તેં બહુ ખોટું કર્યું. મહારાજે મને વર આપ્યો હતો જે, 'દાણા નહિ ખુંટે' એમ કહીને પોતે કોઠી તપાસી તો દાણા ઓછા થયેલા જણાયા. એટલે તેની સ્ત્રીને કહ્યું, 'જો હવે આ કોઠી ઉણી થાવા માંડી.' પછીથી તે કોઠીમાંથી દાણા ઓછા થાવા માંડ્યા. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૭૮)

• વડતાલમાં ભગવાન શ્રીહરિ પાસે પીપળાવના પ્રભાશંકર જાનમાંથી આવ્યા :

ગામ પીપળાવના વિપ્ર પ્રભાશંકર તેને નાનપણમાંથી જ સત્સંગ થયો ને ત્યારથી જ તેને કથા-વાર્તા સાંભળવાનું વ્યસન પડેલું હતું ને ધર્મ નિયમ પણ ખરેખરાં પાળતા. એકવાર તે પ્રભાશંકરને પરણાવવા સારુ લગ્ન લીધાં. ને સગાંવહાલાંએ ભેગાં થઈને માંડવો નાંખ્યો ને રાત્રે ફુલેકે ચડાવ્યા ને પછી ગાડાં જોડીને જાન તૈયાર કરી ને સગાંવહાલાં પણ સર્વે તૈયાર થયાં. તે વખતે શ્રીજી મહારાજનો કાગળ લઈને એક માણસ આવ્યો ત્યારે તે વાંચીને પ્રભાશંકરે પોતાનાં માતા પિતા વગેરેને કહ્યું જે, ''આ મહારાજનો કાગળ આવ્યો છે; માટે હું વડતાલ જાઉં છું.'' એમ કહીને ગાડેથી ઉતરી પડ્યા. ત્યારે માતા પિતા વગેરે સર્વે સગાંઓએ ના પાડી અને કહ્યું જે, ''લગ્ન ન આળસે.'' ત્યારે પ્રભાશંકરે કહ્યું, ''લગ્ન તો ફરી પણ લેવાશે, પણ મહારાજનો કાગળ ફરી ન આવે.'' એમ કહીને જાનને પાછી વાળી ને પોતે તુરંત ચાલી નીકળ્યા ને વડતાલ ગયા ને મહારાજ સભામાં બેઠા હતા, ત્યાં દંડવત્ કરીને પ ગે લાગ્યા. ત્યારે સહુ સાંભળતાં મહારાજે તેમને પૂછ્યું જે, ''કેમ પ્રભાશંકર ! તમને અમારો કાગળ મળ્યો ત્યારે તમે શું કામે જાતા

હતા ?'' ત્યારે તે બોલ્યા જે ''હે મહારાજ ! હું પરણવા જાતો હતો ને જાન જોડીને તૈયાર કરી, ત્યાં તમારો પત્ર આવ્યો, એટલે હું આંહી આવ્યો.'' ત્યારે મહારાજ કહે, એવડી શીદ ઉતાવળ કરી, પરણીને પછી આવવું હતું ને ?'' ત્યારે પ્રભાશંકર કહે, ''મહારાજ! તમારો પત્ર આવ્યો પછી કેમ રહેવાય ? ને પરણવું તો પછીએ થાય.'' ત્યારે તે સાંભળીને મહારાજ રાજી થયા ને બોલ્યા જે ''તમે ખરા હેતવાળા બીજાથી આમ બને નહિ.'' એમ મહારાજે સભામાં વખાણ કર્યાં. વળી મહારાજે છેલ્લા પ્રકરણના વચનામૃતમાં પણ કહ્યું છે જે ''હેતના અંગવાળા તો ઝીણોભાઈ, દેવરામ અને પ્રભાશંકર છે'' એમ જેને હેતનું અંગ હોય તેને ભગવાન વિના ઘડી માત્ર પણ રહેવાય નહિ. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૦૦)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રથમ દાસપંક્તિના સંતોના નામ પાડ્યાં :

સર્વાવતારી શ્રીહરિ સં.૧૮૭૨માં ગામોગામના હરિજનને દર્શન દેતાં થકા ગામ વરતાલ પધાર્યા અને સર્વે સંતોનાં મંડળને તેડાવ્યાં. પછી એક દિવસ સંતો સમક્ષ ઢોલિયા ઉપર પૂર્વ મુખે બેઠા હતા.

તે સમયે શ્રીહરિએ ધોળો ખેસ પહેર્યો હતો. ટાઢ હોવાથી ભારે શ્વેત પછેડી ઓઢી હતી. તે મૂર્તિ જોતાં અતિશય રૂપાળી લાગતી હતી, પણ મહારાજ થોડા ઉદાસ હતા; તેથી મુખથી કાંઈ બોલે નહીં. તે જોઈને સહુ સંતો વિચારવા લાગ્યા કે, 'મહારાજ કેમ ઉદાસ થયા હશે ? કાંઈક આપણામાં ખોટ્ય હશે ? તેથી જ વાલમજી ઉદાસ થયા છે.' પ્રેમી સંતો પ્રભુજીને રીઝવવા માટે કીર્તન ગાવા લાગ્યા, પણ ગવૈયા સંતોનું ગાન બંધ રખાવી મહારાજ કાંઈક બોલવા માટે તૈયાર થયા. સૌ સંતો હરિવરની કૃપામયી વાણી સુણવા તત્પર થયા.

મહારાજ કહે કહીએ અમે, સૌ સાંભળજો સંતો તમે; અમે આ દેશમાં નહિ રહીએ, સાચી વાત તે તમને કહીએ.

હવે આપણો કાગળે મેળાપ થાશે. તમે તમારી રીતે સત્સંગનું કામ ચલાવજો. અમે તો આબુ પર્વતની ઝાડીમાં જઈને તપ કરવાનું વિચાર્યું છે. હું તમારા માટે અક્ષરધામમાંથી અહીં આવ્યો અને મેં ઘણાને સત્સંગ કરાવ્યો છે. હવે તમે સહુ આ સત્સંગને સંભાળજો. આવાં હરિવરનાં વેણ સાંભળીને સંતો અતિ દુઃખી થયા. કોઈ કાંઈ બોલી શક્યા નહીં.

સૌ સંતોએ કહ્યું, ''હે મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરશું અને જેમ રાખો તેમ રહેશું; પરંતુ આપ અહીં રહીને સહુને દર્શન આપો.'' છતાં શ્રીહરિ કાંઈ ન બોલ્યા. ત્યારે ભાઈ રામદાસજી સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! આવો દિગ્વિજય શું કરવા કર્યો હતો ?'' ત્યારે મહારાજ જરાક મરક્યા અને એમ બોલ્યા જે, ''અમે કહીએ એમ તમે સર્વે કરશો ?'' ત્યારે સહુ સંતોએ હા કહી. તેથી મહારાજે મોટા મોટા મંડળધારી સદ્‌ગુરુઓ સાથે તેમના મંડળના સંતોને બોલાવી કહ્યું, ''અમારે એક નવી રીત બાંધવી છે. તે શું ? તો...

બેક નંદ તેને દાસ કરવા, દાસ કરી દેશ દેશમાં ફરવા; આજ મારે છે જે કરવાનું, એ જ આગળ છે ઠરવાનું.
એમાં સર્વેનું થાશે જો સારું, જો માનો એ વચન અમારું; રાજી થઈને માનજો સહુ, તો કે'વાની વાત તે કહું.
સાધુ આચારી તે સહુને બોલાવો, સર્વે અમારી પાસળ આવો; એમ કહ્યું જ્યાં દીનદયાળ, કર જોડી આવ્યા તત્કાળ.

તે સમયે અમુક આચારી એટલે કે કડકપણે વર્ણાશ્રમધર્મનું આચરણ કરનાર નંદસંતો હતા. તેને મહારાજ પૂછે, ''તમારું નામ શું છે ?'' એટલે તે તેમનું નામ કહે. મહારાજ તેમને કહે, ''તમે હવેથી તિલક કરો, કંઠી રાખો, શિખા રાખો અને તમારાં દાસ એવાં નામ રાખો તો અમે રાજી થઈએ.'' તે વખતે આ ગ્રંથકારને બોલાવ્યા,

મારે પ્રભુએ કરુણા કરી, મને નિકટ બોલાવ્યો હરિ; હસતે મુખડે શ્રીઘનશ્યામ, કહે શું છે તમારું નામ.
ધારી હૃદે મનોહર રૂપ, સર્વે રૂપથી અતિ અનુપ; તમે સાંભળો હે સુખકંદ, મારું નામ છે માધવાનંદ.

પછી મહારાજે તેમનું નામ 'માધવદાસ' પાડ્યું. તેમને માળા આપી, કંઠી પહેરાવી, હેતથી ભાલે તિલક કર્યું. પછી તેમને સામે બેસાડી કીર્તન ગાવાની આજ્ઞા કરી. તેમની ઉપર અતિ પ્રસન્ન થઈ શ્રીહરિએ સામસામી તાળી પાડી ઘણી વાર સુધી કીર્તન ગવરાવ્યાં.

આ રીતે વરતાલમાં મહારાજે માધવદાસ, પ્રેમદાસ, જુગલદાસ, જાનકીદાસ, કપિલદાસ, વિષ્ણુદાસ, ગોવિંદદાસ, ગોવર્ધનદાસ, ગંગાદાસ, હનુમાનદાસ, મનોહરદાસ અને દયાળદાસ વગેરેને શ્રીહરિએ સૌ પ્રથમ દાસ કરેલા. પછી તે સર્વે સંત હાથ જોડીને બોલ્યા જે, ''હે મહારાજ ! કહો તો અન્ન ન જમીએ ને કહો તો પાણી ન પીએ ને કહો તો આંખનું મટકું ન ભરીએ.'' એમ જ્યારે સંત બોલ્યા ત્યારે મહારાજ રાજી બહુ થયા ને જે આચારી સંતો દાસ થયા તેને મહારાજ ભેટ્યા ને પછી મહારાજ જોબન પગીની મેડીએ પધાર્યા. (શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત : પૂર્વાર્ધ - વિશ્રામ-૨૭)

સંતોને સુરત આવવાના સમાચાર આપી વાયુવેગે પાછા આવ્યા.

સં. ૧૮૮૧માં વરતાલ દેવોની પ્રતિષ્ઠા કરી સર્વાવતારી શ્રીહરિ સુરત જતા હતા. રસ્તામાં મુક્તાનંદ સ્વામી આદિ સંતોએ કહ્યું કે, "મહારાજ ! સુરત પધારો છો તો સંતોનાં મંડળ તેડાવ્યાં હોય તો સારું." ત્યારે મહારાજ કહે, "કોણ તેડવા જાશે ?" ત્યારે માધવદાસજી કહે, "મહારાજ ! કહો તો હું જાઉં." ત્યારે મહારાજ કહે, "લિયો છાતીમાં ચરણ ને જાઓ." એમ કહી શ્રીહરિએ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ત્યારે સંતો કહે, મહારાજ !

વરતાલ છે સંત પચાસ, મોકલો તહાં માધવદાસ; બીજા જ્યાં હોય ત્યાંય સિધાવે, સૌને તેડીને સુરત આવે.
કહ્યું માધવદાસને જ્યારે, ગયા માધવદાસ તે ત્યારે; ગયા આમોદ શ્રીમહારાજ, ત્યાં તો આવી મળ્યો તે સમાજ.

(શ્રીહરિલીલામૃત : ૮/૩૧/૧૯)

આ રીતે જ્યારે જ્યારે સંતોને સંદેશો આપીને જલદી બોલાવવાના હોય ત્યારે મહારાજ માધવદાસ સ્વામીને આ સેવા આપતા અને તેમનામાં રહીને સ્વયં શ્રીહરિ જ સહુ સંતોને આમંત્રણ આપતા. (શ્રીસ્વામિનારાયણ વિચરણલીલામૃત : પૂર્વાર્ધ - વિશ્રામ-૭૯)

• વડતાલમાં સેવાને કારણે માધવદાસ સ્વામી ઉપર શ્રીહરિનો રાજીપો :

સં.૧૮૮૧-૮૨માં વરતાલ મંદિરનું અમુક કામ હજુ ચાલું હતું, ત્યારે એક દિવસ મંદિરમાં ઊભા રહી મહારાજે માધવદાસજી સ્વામીને સેવા બતાવી.

ભક્તિ ધર્મ સામી તેની, બારીએ તે સુખધામ; કે છે નાની છે તે મોટી કરવી, એમ બોલ્યા સુંદર શ્યામ.
પછી મેં કહ્યું મહારાજને, જોડીને બેઉ હાથ; જેમ તમે કહો તેમ હું કરું, તમે છો મારા નાથ.

ત્યારે મહારાજ કહે, "તમો અહીં આજ ઉતાવળથી ખોદવા મંડો. કેમ જે, સાંજ પડે ત્યાં બારી મોટી કરીને પાછું ચણી લેવું છે." મહારાજની આજ્ઞા પ્રમાણે સ્વામી ઉતાવળથી સેવા કરવા માંડ્યા. સાંજ પડી ત્યાં બારી મોટી કરીને વ્યવસ્થિત ચણી લીધી.

બારી પાડીને ચણી કરી લીધી, ત્યાં રાજી થયા મહારાજ; પ્રસન્ન થયા પાતળિયો, મને આલ્યો ફૂલનો હાર.

આ સમયે મંદિરના શિખરનું કામ ચાલતું અને સમૈયાના દિવસો હતા. દેશદેશાવરથી ઘણા ભક્તો આવ્યા હતા. શિખર ચણવામાં બાવીસ કડિયાઓ કામ કરતા, પરંતુ સહુ સહુના કામમાં વ્યસ્ત હોવાથી કડિયા પાસે કોઈ ન હતું. અલગ અલગ ઘાટ ઘડેલી ઈંટોના પાંચ-સાત ઢગલા હતા. સ્વામી એકલા કડિયાને ઈંટો અંબાવતા હતા. તે જોઈ મહારાજ સ્વામી પાસે આવી પહોંચ્યા અને કહ્યું, "બોલો હું શું કામ કરાવું ?" ત્યારે સ્વામીએ કહ્યું, "આ ઈંટો કડિયાને ઉપર જોતી છે, પણ કોઈ માણસ નથી."

મહારાજ કહે, "તમે ટોપલા મેલો, હું ભરી દઈશ." પછી જ્યારે કડિયા ઈંટો માગે ત્યારે સ્વામી કહે, "મહારાજ ! કડિયા શિખરની ઈંટો માગે છે." એટલે મહારાજ તરત તેવી ઈંટોનો ટોપલો ભરી આપે અને સ્વામી કડિયાને ઉપર અંબાવે. આ રીતે સ્વામી આમલસારા, ગોળ, કેડા, નાસિક, ડોડીલા વગેરે જે પ્રકારની ઈંટોના નામ લઈને માંગે તે પ્રમાણે મહારાજ ટોપલા ભરી સ્વામીને આપે. આમ શ્રીહરિ હસતા જાય અને મંદિરની સેવા કરાવતા જાય.

ઘણા ઘાટની ઈંટ્યું ઘડેલી, હરિ ટોપલા પણ પોતે ભરે; દર્શન કરતાં દયાળનાં, તાણી લઈએ અમે ઉપરે.
દાડી આવે દેવા ઈંટ્યું, અને માન ન જણવે કાંઈ; દાસ માધવ કહે સર્વ રીતે, શામળિયો સુખદાઈ.

(શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર : તરંગ-૧૩૭)

આમ સેવા ચાલતી હતી; ત્યાં બ્રહ્મચારી મહારાજને જમવા માટે તેડવા આવ્યા. પછી મહારાજ હરિમંડપમાં જમવા ગયા. ત્યાં મહારાજે સહુ સંતોને દર્શન કરવા માટે બોલાવ્યા. માધવદાસજી પણ આવ્યા. મહારાજ જમી રહ્યા એટલે તરત સંતોની પંક્તિ કરાવી, પોતે સહુને પીરસીને લાડુ જમાડ્યા.

વળી, એક દિવસ મહારાજ હરિમંડપમાંથી આવતા હતા. હૈયા ઉપર અનેક હાર પહેર્યા હતા. તે સમયે માધવદાસજી વગેરે ગવૈયા સંતો કીર્તન-ભક્તિ કરતા હતા. હાર પહેરેલા હરિવરે ગાવણું કરતા સંતો સામું પ્રેમભરી નજર કરી બહુ રાજી થયા. તે સમયે મહારાજના હસતા મુખમાંથી તેજના અંબાર નીકળતા હતા. હસતાં હસતાં કંઠમાં હાર પહેર્યા હતા તે કાઢીને ગવૈયાને આપ્યા.

હાર આપી હરિ હાલ્યા ગયા, તેને પ્રેમાનંદ સ્વામી લઈ; સહુને વેંચી આપિયા, અને મને પૂગ્યો નહિ.
મહારાજ મારું નામ લઈ, કૃપા કરી કિરતાર; પાતળિયે પ્રસન્ન થઈ કરી, આપ્યો અવલ હાર.

આમ, માધવદાસજી સ્વામીએ વરતાલ મંદિરની સેવા કરી ઘણી વખત રાજીપો અને દર્શનનું સુખ માણ્યું હતું.

• વડતાલમાં ભગવાન શ્રીહરિને માધવદાસ સ્વામીને ફૂલોના શણગાર પહેરાવ્યા :

આવી રીતે માધવદાસજી સ્વામી વરતાલ મંદિરમાં શ્રીહરિજીને રીઝવવા ઘરધણીની જેમ સેવા કરતા. એક દિવસ તેમને ભાવના

થઈ કે, 'હું જેતલપુર જઈ મહારાજ માટે ફૂલના શણગાર બનાવીને લઈ આવું.'

આ પ્રસંગ સ્વામી શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર ગ્રંથના અધ્યાય-૧૧૭માં લખે છે, એક દિવસ માધવદાસ તથા શીતળદાસ; બંને સંતો મળી વરતાલથી બપોરે ચાલતા થયા, તે ૫૩ કિ.મી. જેટલું લાંબું ચાલીને સાંજે જેતલપુર ગયા.

રાત હતી અજવાળી એમાં, ફૂલ વીણ્યાં ફુલેલાં એ તેમાં; રાતોરાત કર્યા શણગાર, ફૂલ તોરા ને બાજુ ને હાર.

પછી ફૂલોના તે શણગાર લઈને વહેલી સવારે તારા ઊગ્યે જેતલપુરથી ચાલતા થયા તે બપોરે વરતાલ આવ્યા. તે વખતે મહારાજ પોઢી ગયા હતા. તેથી બ્રહ્માનંદ સ્વામીએ તેમને કહ્યું, 'હમણાં ઢાંકી રાખો અને તમે બંને જમી લો.' સંતો જમી રહ્યા ત્યાં મહારાજ જાગ્યા. તે વખતે શ્રીહરિએ એક ખેસ પહેર્યો હતો અને એક સુંદર પછેડી ઓઢી હતી અને માથે શ્વેત પાઘ હતી. વરતાલ મંદિરમાં પ્રવેશતા હાલ ચરણારવિંદની છત્રી કરી છે ત્યાં લીમડા નીચે ગાદી ઉપર મહારાજ આવીને બેઠા અને સંતોની સભા ભરાઈ.

બ્રહ્માનંદ સ્વામી કહે, હે મહારાજ ! માધવદાસ સ્વામી અને શીતળદાસ સ્વામી આપના માટે એક રાતમાં જેતલપુર જઈને ફૂલ તોડી ફૂલોના શણગાર બનાવી લાવ્યા છે.

પછી મહારાજે હાર મંગાવ્યા, હેતે હરિને હાર પહેરાવ્યા.
તોરા ધરાવ્યા પાઘમાં કાજુ, રૂડા હાથમાં બાંધ્યા છે બાજુ; વળી મુક્તાનંદ સ્વામી તેને, વળી બ્રહ્માનંદ સ્વામી એને.
મેં તો મોટા મોટા હાર આલ્યા, તેણે ઊઠીને હાથમાં ઝાલ્યા; તેણે જઈ હરિને પહેરાવ્યા, ફૂલ કુંડળ કાને ધરાવ્યાં.

આ રીતે મહારાજે સાંજ સુધી દર્શન દીધાં. આવી રીતે માધવદાસજી સ્વામીના હૃદયમાં પ્રગટ પ્રભુમાં પ્રગાઢ પ્રેમ હતો. તેથી મહારાજના સુખ માટે પોતાનાં દેહ-ઇંદ્રિયોના સુખ સામે તો તે જોતા જ ન હતા.

• વડતાલમાં સેવા કરનારને છાતીમાં ભગવાન શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા :

વરતાલ મંદિરનું કામ ચાલતુ હતું ત્યારે એકવાર ઓતરાદી રૂપચોકીમાં પાયો ગાળીને તૈયાર કર્યો હતો. પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે શ્રીજીમહારાજ ફૂલનો હાર પહેરીને ધર્મ-ભક્તિની કોળીમાં ઊભા હતા. ત્યાંથી મહારાજ બોલ્યા કે, 'ગારો બરાબર ચીકવીને તૈયાર કરો.'

શ્રીહરિની આજ્ઞા થતાં માધવદાસજી સ્વામી તરત ભેટ વાળી પાવડો લઈ ગારિયામાં ઊતર્યા. તે સમયમાં તેમનું શરીર તંદુરસ્ત અને નિરોગી હતું, જરાય થાક લાગતો નહીં. પછી તો તેમની પાછળ ખૂંદનારા સંતોની હાર થઈ. મહારાજ સૌ સંતો સામું જોઈ રાજી થઈ રહ્યા હતા. માધવદાસજી સ્વામીની શ્રદ્ધા જોઈને શ્રીહરિના કોટમાં હાર હતો તે કૃપા કરીને સ્વામીને આપ્યો અને એ જ કોળીમાં ઊભા રહીને સ્વામીને છાતીમાં ચરણારવિંદ દીધાં અને તેમને કહ્યું કે, "તમે તો કદમી ચાકર (અસલ સેવક) છો," એમ કહીને પછી રાજી થઈને સેવા કરનારા બધા સંતોને ભેટ્યા.

• વડતાલમાં ગોમતી તળાવ ગાળવાની સેવા :

વરતાલમાં સં.૧૮૮૨-૮૩માં જ્યારે ગોમતી ગળાવવાનું કામ ચાલતું હતું ત્યારે માધવદાસ સ્વામી ત્યાં જ ઝૂંપડી બાંધીને રહેતા હતા.

ગોમતી કામ ચાલતું જ્યારે, એક ઝૂંપડી ત્યાં કરી ત્યારે; રહેતા તહાં માધવદાસ, તેમાં પોઢ્યા જમ્યા અવિનાશ.

(હરિલીલામૃત : ૧/૧૯)

મહારાજ સ્વામીની તે ઝૂંપડીએ ઘણી વાર જમ્યા હતા અને પોઢ્યા પણ હતા. એકવાર શ્રીહરિ સ્વામીની ઝૂંપડીએથી મોજડી પહેરીને ગોમતી કિનારે પધાર્યા. ગોમતીના કાંઠે આંબાની હેઠે ઢોલિયા ઉપર જઈને બિરાજ્યા. ગોમતીમાં ખેડૂતો હળ ચલાવતા ને મૃત્તિકા બહાર કાઢતા અને પ્રેમી ભક્તો ફૂલના હાર લઈને મહારાજને પહેરાવતા.

તે સમયે મહારાજે માધવદાસજીને બોલાવીને કહ્યું જે, "ગોમતીની ઉગમણી કોરે આંબા અને ફૂલ-ઝાડ નાખો." ત્યારે તેઓ કહે, "સારું મહારાજ." તેથી મહારાજે રાજી થઈને તેમને પ્રસાદીના હાર આપ્યા ને કહ્યું, "ગોમતીમાં પાંચ—છ વીરડા કરો. કેમ જે, હરિભક્તોને પાણી પીવા સારુ ઠીક રહે." પછી સર્વે સંત ને હરિભક્તોએ મૃત્તિકા લીધી અને વીરડા કર્યા.

રાત્રે દેવોએ ગોમતીમાંથી મૃત્તિકા કાઢી :

એક દિવસ સાંજને સમે મહારાજ ગોમતીએ આવ્યા. ગોમતીજીમાં હળવતે મૃત્તિકા ખોદાવીને એમ બોલ્યા જે, "આપણે સવારમાં આવીને કઢાવશું." પછી રાત્રીને વિષે દેવ આવ્યા. તેમણે તે મૃત્તિકા કાઢીને કાંઠે નાખી દીધી.

સવારના પહોરમાં માધવદાસજીએ મહારાજને કહ્યું જે, "રાત્રીને વિષે દેવ આવ્યા, તે મૃત્તિકા કાઢીને કાંઠે નાખી ગયા. તે હું ધ્યાનમાં બેઠો હતો, ત્યારે મેં દેખ્યા." શ્રીહરિની કૃપાથી સ્વામીને આવી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

(સંદર્ભ: ભુમાનંદ સ્વામીકૃત હરિલીલામૃત સં.૧૮૮૩ની લીલા)

આ રીતે જ્યારે ગોમતી સરોવર પૂરું થવા આવ્યું; ત્યારે મહારાજના કહેવાથી માધવદાસ સ્વામીએ તેમાં મોટી વાવ કરી. આ વાત વાસુદેવચરણ સ્વામીકૃત હરિચરિત્રચિંતામણિ કિરણ-૩૮માં આ રીતે ગૂંથી છે,

કરી માધવદાસે મોટી વાવ્ય, તેમાં પાણીની ભારે આવ્ય; નીસર્યું પાતાળિયું પાણી ભારી, નિર્મળ અમૃતસમ સુખકારી.

આમ જ્યારે ગોમતીમાં અખૂટ પાણી આવ્યું ત્યારે મહારાજે ગોમતીને કિનારે રંગોત્સવ કર્યો હતો.

ગોમતીને કાંઠે સુખધામ, વેદી ઉપર બિરાજે શ્યામ; રમ્યા હોળી ત્યાં રંગભર વા'લો, શ્રીપુરુષોત્તમ ધર્મનો લાલો.
કર્યો હતો માધવદાસે ઓટો, આંબા તળે તે સુંદર મોટો; તેની ઉપર ઊભા વનમાળી, મળવા સાધુને પળવટ વાળી.

આ ઓટા ઉપર ઊભા રહીને શ્રીહરિ રંગે રમ્યા હતા અને સૌ સંતોને બથમાં લઈને ભેટ્યા હતા.

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ સંતોને કીર્તન ગવરાવ્યાં :

એકવાર વરતાલમાં મંદિરેથી શ્રીહરિ ધના તલાવડીએ નાવા પધાર્યા. નાહીને ત્યાં શ્રીહરિ સંતો-ભક્તોની સભા કરીને બેઠા. ગામોગામના ભક્તો આવી શ્રીહરિનું પૂજન કરતા હતા. તે વખતે મહારાજે દરેક સંતને એકએક કીર્તન ગાવા આજ્ઞા કરી.

મેં તો ગાયું છે કીરતન સાર, તાળી લીએ સામા કિરતાર; સઈ આવ્યા સહજાનંદ સ્વામી, તમે ઓળખો અંતરજામી.

એમ બપોર સુધી સંતો પાસે કીર્તન ગવરાવ્યાં ને કીર્તન ગાતાં ગાતાં મંદિરમાં આવ્યા. આમ, માધવદાસજી સ્વામી કવિ અને કીર્તનિયા બન્ને હતા. આ ગ્રંથના અધ્યાય-૯૪માં ગ્રંથકર્તા માધવદાસજી સ્વામીએ શ્રીહરિ સમક્ષ જુદે જુદે ગામે સ્વરચિત કીર્તન ગાઈ શ્રીહરિને રાજી કર્યા તેની વિગત આપી છે.

એકવાર મુક્તાનંદ સ્વામીની ભલામણથી નિષ્કુળાનંદ સ્વામીએ તેમને કવિમુખ, શ્રીમુખ અને સખીમુખ વગેરે કાવ્યરચનાના પ્રકાર શિખવાડ્યા હતા.

અગ્યારમી વાર મારે વાલે વળી, લટકાળે મુને તે મળી.
ઉત્તમ રાયના ઓરડાની એહ, ઉગમણી પરસાળે તેહ; તિંયા મુને બોલાવે શ્રીહરિ, લીલા ગાવાની આજ્ઞા કરી.
કીરતન બોલાવ્યાં એહ, દીધાં ચરણ છાતીમાં તેહ; માટે સ્વામીનો રાજીપો જોઈ, લીલાચરિત્ર લખ્યાં મેં સોઈ.

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર અધ્યાય-૭૧)

આમ સ્વરચિત કીર્તનગાન દ્વારા પણ માધવદાસજી સ્વામીએ શ્રીહરિનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરેલ છે.

• વડતાલમાં ભગવાન શ્રીહરિની પૂજા કરી સંતોએ કીર્તન ગાયા :

એકવાર વરતાલ સમૈયામાં શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા હતા. દેશ દેશાવરના ભક્તો આવી શ્રીહરિનું પૂજન કરતા હતા.

હરિ પહેરે બહુ ફૂલના હાર, બાજુ તોરા ફૂલના ઉદાર; પરી પરી સંતને તે આલે, બહુ દયા કરી ધર્મલાલે.
વળી ફૂલના હાર કોટે પેર્યા, તે તો મેં લીધા હતા હર્ષભર્યા; મેં ઘણા દિ પ્રસાદી લીધી, હિંડોળાની દોરી કરી દીધી.

ત્યારબાદ શ્રીહરિએ સંતોને ચંદન ચર્ચી પૂજા કરવાનો લાભ આપ્યો. સંતો શ્રીહરિને હાર પહેરાવી છાતીએ, હાથે, ગાલે, માથે અને ચરણે ચંદન ચરચી પૂજા કરતા હતા. તેમાં,

મારો વારો આવ્યો પૂજા કરતા, બહુ સંતના સમૂહ ફરતાં; ભાલે પૂજા કરવા હું ગયો, ત્યાં તો હાથ ધ્રૂજવાનો થયો.
પછી એમ બોલ્યા હરિ મુખે, પૂજા કરો ધીરા રહી સુખે; રૂડી લાવણ્યતા વાલી લાગે, સુણતાં ભવભય સંકટ ભાગે.
પૂજા ભાલે કરી રૂડી રીતે, બે ભુજાએ કરી હેતે પ્રીતે; પોળી છાતીએ પૂજ્યા તે સાર, જુગલ ચરણ પૂજ્યા ઉદાર.

આ સમયે મનમોહક હરિવરનાં દર્શન-પૂજનના ભાવાવેશમાં સ્વામી હાર પહેરાવવાનું ભૂલી ગયા. પછી ઉતારે આવીને બળભદ્રાનંદ સ્વામીને કહ્યું કે મારા વતી તમે હાર પહેરાવી દેજો. બળભદ્રાનંદ સ્વામી પોતાનો વારો આવતા પૂજા કરી મહારાજને કહે, 'માધવદાસજી હાર પહેરાવવાનું ભૂલી ગયા છે તેનો આ હાર છે.' તે સમયે સ્વામી કહે,

હું તો ઊભો થયો જોડી હાથ, સામું જોયું મનોહર નાથ; કહે પૂગ્યા તે તમારા હાર, જ્યારે એમ બોલ્યા કરતાર.

સંતો પૂજા કરી રહ્યા પછી મહારાજ હિંડોળે બેઠા. તે વખતે માધવદાસજી સ્વામી હરખતે હૈયે હાંકલ મારીને કીર્તન ગાયાં,

પછી કીરતન ગાયાં ચાર, હિંડોળે બેઠા તે કરતાર; પૂજા સહિત બેઠા વનમાળી, પોતે ગાય કીર્તન લિયે તાળી.

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર અધ્યાય-૨૮)

આ રીતે કીર્તન ગાઈ વરતાલના ઉત્સવમાં મહારાજને રાજી કર્યા હતા.

• વડતાલમાં ભગવાન શ્રીહરિ માધવદાસ સ્વામીને સાથળ ઉપર ચરણ અને માથે હાથ મૂક્યો :

એક વખત વરતાલ જ્ઞાનબાગમાં મહારાજ હિંડોળે ઝૂલ્યા. ત્યાર બાદ ઉતારે જવા નીકળ્યા. ત્યારે માધવદાસ સ્વામીને થયું કે, 'મહારાજ મારી બાજુમાંથી નીકળે છે તો મારી આ ગોદડી પ્રસાદીની કરી દે તો સારું.' પછી ગોદડીને ચારવડી કરી રસ્તામાં મૂકી અને સ્વામી તેની બાજુમાં બેસી ગયા.

એમ ગોદડી ચોવડી કરી, ત્યાં તો આવી ઊભા મારો હરિ; મારી ડાબી સાથળ ઉપર, મેલ્યો છે ચરણ નટવર.
મારા માથા ઉપર ડાબો હાથ, મેલી ઊભા અનાથના નાથ; અતિ કોમળ રૂડા રૂપાળા, લાલ સારા શીતળ સુંવાળા.
મારા જમણા હાથની હથેળી, તેણે કરતો'તો ગોદડી ભેળી; તે પર જમણો ચરણ ધરી, આવી ઊભા રહ્યા મારો હરિ.
માથા ઉપર જે હાથ ધરેલો, કરુણાનિધિનો કરુણા ભરેલો; તેમાં ભાર ન જણાવે શ્યામ, જાણી ઊભા રહે વાલો આમ.

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર અધ્યાય-૭૪)

આ રીતે સ્વામીની ભાવના શ્રીહરિએ પૂરી કરી.

• ભગવાનનાં દર્શન છોડી બીજું જોવું નહીં :

ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે વડતાલમાં આવ્યા. ત્યાં ગામના માણસો હરિજન વગેરે તમામને ખબર પડી, તે સૌ સામા આવ્યા ને વાજતે ગાજતે સૌ ગામમાં તેડી ગયા ને જોબન પગીને ત્યાં ઊતર્યા. તે વાતની ખબર સાંભળી ત્યારે આસપાસના હરિભક્ત સૌ દર્શને આવ્યા. તેને મહારાજ વાતો કરીને સર્વેને આનંદ પમાડતા હતા.

પછી મહારાજ, સાધુ તથા હરિભક્ત સર્વે ગોમતીએ પધાર્યા. ને ત્યાં બેઠક છે, ત્યાં મહારાજ બિરાજ્યા અને મહારાજના મુખારવિંદની આગળ સાધુ, બ્રહ્મચારી, પાળા વગેરે (બેઠા ને) આસપાસનાં (ગામનાં) તથા મોટા શહેરોના હરિજન, પાટીદારો વગેરે શાહુકાર આવીને બેઠા. ને મહારાજ વાતો કરતા હતા તેમાં એમ બોલ્યા જે, 'આ સભા ભરાઈને બેઠી છે તેમાં કોઈ સ્ત્રી અથવા પશુ અથવા કોઈ નાગા ને ગાંડા જેવા માણસ આવે, તો તેની સામું ન જોવું; પણ નીચી દૃષ્ટિ કરીને જોવું !

એમ વાત કરે છે ત્યાં આઠ-દશ નાગડા વૈરાગીનું ટોળું આવ્યું. તે સભામાં આવતા હતા. તેને મહારાજ કહે, 'આવો.' ત્યારે એ એકકોર બેઠા ને બોલ્યા કે, 'સ્વામિનારાયણ મહારાજ ! પક્કાં સીધાં દે.' એમ કહીને બેઠા. તેટલામાં ભાદરાના એક રત્નો ભગત સભામાં બેઠા હતા, તેને સમાધિ થઈ. તે ત્યાંથી ઊઠતાંક ને ભૂહ દઈને મહારાજ આગળ આવીને પડ્યા.

તે વખતે જોરાભાઈ પાટીદાર સભામાં બેઠા હતા, તેની પાસે સૌ સાંભળે તેમ મહારાજ વાતો કરવા મંડ્યા જે, 'જુઓ, આવા સમાધિવાળા છે, તેને પણ સ્ત્રીઓની અષ્ટ પ્રકારે ના કહેલી છે. ને કાષ્ઠાદિકની અથવા ચિત્રની સ્ત્રી હોય તોપણ તને । સામું જાવે ું નહીં - એમ કહેલું છે. ને આ બાવાઓને તો નાગા ફરવું, ઢોલિયા ને ગાદલામાં સૂવું, કેફ કરવા, સ્ત્રીઓ પાસે પગ ચંપાવવા ને પક્કાં સીધાં જમવા; કો' આમાં એકે સાધુતાનું લક્ષણ છે ? શું આમાં ધર્મ રહે ? આ બાવાઓને ને ધર્મને તો ઝાઝું છેટું છે. પણ જો એ લૂગડાં પહેરે તો એને સીધાં અપાવીએ.' એ વિગેરે કેટલીક વાતો કરી.

પછી તેણે લૂગડાં પહેર્યાં, ને તેને મહારાજે સીધાં અપાવ્યાં. પછી મહારાજે સર્વેને કહ્યું કે, 'અમે તો તમને કહ્યું હતું જે, કોઈ આવે તો તેની સામું જોશો નહીં એમ કહ્યું હતું તોપણ તમે એ નાગા આવ્યા હતા તેની સામું જોયું, માટે તેમાં શું જોવાનું હતું ?' એમ કહી સર્વેને ઠપકો દીધો ને વાતો કરતા હતા.

વાંદરા પાસે માળા ફેરવાવી તથા ચોપાઈ બોલાવી :

તેવામાં એક વાંદરો ઠેકતો ઠેકતો ઝાડ ઉપર આવીને બેઠો. તે જોઈને કાઠીઓ માંહેમાંહે બોલવા લાગ્યા કે, 'આ ભણે વાંદરો કેવો છે ?' ત્યારે બીજા કાઠીઓ કહે, 'ભણું રામાવતારમાં તો આથી મોટા હશે ! જુઓને, નળ ને નીલ ને અંગદ, હનુમાન તે એવા મોટા મોટા વાંદરા હતા. તેણે કેવાં કેવાં કામ કર્યાં છે !' ત્યારે બીજા કાઠી કહે, 'ભણું વાંદરા તે શું કરે ? જો વાંદરો કામ કરતો હોય તો આ રહ્યું.'

તે વાત મહારાજે સાંભળી ત્યારે મહારાજ કહે, 'શું છે ?' ત્યારે કાઠી કહે, 'મહારાજ, આ વાંદરાએ રામાવતારમાં હાથમાં આયુધ

ધરીને રાવણના સેન સામે લડાઈ કરી હતી, એ વાતનું કેમ હશે ?' ત્યારે મહારાજ કહે, 'ખરું.' ત્યારે કાઠી કહે, 'મહારાજ, એ તો કાંઈ મનાતું નથી, આ વાંદરો તે શું કામ કરે ? જો કામ કરે તો તેને બોલાવો.'

પછી મહારાજે હાથની સાન કરી, તે વાંદરો ઝાડ ઉપરથી હેઠો આવ્યો ને મહારાજ પાસે બેઠો. પછી મહારાજે તેના હાથમાં માળા આપી, તે માળા ફેરવવા માંડી તથા રામકથાની ચોપાઈઓ બોલવા માંડ્યો. તે જોઈ સર્વે સભા વિસ્મિત થઈ ગઈ ને સૌને આશ્ચર્ય થયું. પછી તેમાં કોઈએ કહ્યું જે, 'આ તો નાનો છે ને મોટા મોટા પર્વત ઉપાડે, તે કેમ હશે ?' એમ કોઈએ શંકા કરી. તેટલામાં સૌને એમ દેખાયું કે, તેના હાથમાં એક મોટો પર્વત છે ને તે અધર ચાલ્યો જાય છે. એવું સૌના દેખવામાં આવ્યું. તે જોઈ સર્વે સ્તબ્ધ બની ગયા, ને મહારાજનું અલૌકિક ચરિત્ર જોઈને ઘણો આનંદ પામતા હતા.

ત્યારે મહારાજ કહે, 'તમે આટલાં વરસ અમારી ભેગા રહ્યા ને આથી પણ મોટાં-મોટાં ચરિત્ર જોયાં તોપણ તમને અમારી ખબર ન પડી ! ને આ શાસ્ત્રના શબ્દને વિશે તમને વિોંસ જ નથી !' એવી રીતે ઘણી વાતો કરીને ઉતારે પધાર્યા.

પછી ઘણાક હરિભક્ત મહારાજનાં દર્શન કરવા આવેલા હતા, તે સૌએ પોતપોતાની સત્તા૧ પ્રમાણે કોઈ તો મહારાજને થાળ કરીને ભારે ભારે ભોજન જમાડે, કોઈ તો સાથેના તમામ માણસોને જમાડે. એ પ્રમાણે જુદી જુદી સત્તા પ્રમાણે સૌ મહારાજને રાજી કરવા માંડ્યા.

ગરીબના બેલી શ્રીહરિ :

તેમાં એક ગરીબ હરિભક્ત હતો. જેની પાસે બિલકુલ સત્તા નહીં ને ખાવાને બરોબર અનાજ પણ મળતું નહીં. તેને મહારાજને જમાડવા સારુ બહુ સંકલ્પ વખતોવખત થાય પણ શું કરે ! બિચારો દુર્બળ એટલે કાંઈ ખરચ કરવાનું બને નહીં, તેથી ઘણો દિલગીર રહ્યા કરે.

એક વખત તે હરિભક્ત રસોઈ કરતો હતો. તેમાં કોદરાના રોટલા અને મઠનું શાક એ પ્રમાણે કરતો હતો. તે મહારાજે જાણ્યું જે, 'આ હરિભક્તને બહુ ભાવ છે, ને એની પાસે કાંઈ ખરચ કરવાની સત્તા નથી; માટે આપણે ત્યાં જઈએ.' એમ કરીને મહારાજ તેને ઘેર ગયા તેવો જ એ હરિભક્ત વિસ્મિત થઈ ગયો જે, આ શું ! મેં બોલાવ્યા નથી ને મહારાજ મારે ઘેર પધાર્યા..! એમ વિચારીને હાથ જોડીને બોલ્યો જે, 'મહારાજ ! મારાં ધન્ય ભાગ્ય જે આજ તમે પુરુષોત્તમ ભગવાન મારે ઘેર પધાર્યા; તેથી હું બહુ રાજી થયો.' એમ ગદ્‌ગદ કંઠ થકી મહારાજની ઘણી સ્તુતિ કરી.

પછી મહારાજ કહે, 'અમને ભૂખ લાગી છે તે જે જમવાનું હોય તે લાવ. તારો ઘણા દિવસનો સંકલ્પ છે તે આજ પૂરો કરીએ.' એમ કહીને પેલા હરિભક્ત પાસેથી કોદરાનો રોટલો તથા મઠનું શાક લઈને જમવા મંડ્યા. પણ હરિભક્ત ઘણો શરમાઈ ગયો કે, 'મહારાજ મારે ઘરે આ કોદરાનો રોટલો ને મઠનું શાક જમવા બેઠા.' ને એમ જણાણું કે મહારાજ અતિ પ્રસન્ન થકા જમતા જાય છે ને સર્વે હરિભક્તને પ્રસાદી આપતા જાય છે; એવું જોઈ તે બહુ રાજી થયો. પછી મહારાજ ત્યાંથી જમીને પાછા ઉતારે પધાર્યા ને ત્યાં પંદર-વીસ દિવસ રહ્યા. ને ત્યાં મોટી મોટી સભાઓ કરી હરિભક્તને વાતો કરીને હરિભક્તને આનંદ આપતા હતા.

પછી એક વખત દાદો ખાચર તથા જીવુબાઈ ને લાડુબાઈ ને સર્વે ભેગાં થઈને મહારાજને કહ્યું જે, 'મહારાજ, હવે ગઢપુર પધારો તો ઘણું સારું ! તમે તો ગુજરાતમાં ઘણા દિવસ રહ્યા ને આપણે ઘર મૂક્યાં તેને પણ ઘણા દિવસ થયા; માટે હવે તો ઘરે જાઈએ તો ઠીક.' પછી મહારાજ તરત તૈયારી કરીને ચાલ્યા તે વરતાલનાં હરિભક્ત તથા બીજાં ગામનાં ત્યાં દર્શને આવેલાં તે સૌ મહારાજને વળાવવા સારુ ઘણે દૂર સુધી આવ્યાં. મહારાજ પાછા વળવાનું કહે તોપણ વળે નહિ; એમ ઘણે છેટે સુધી આવ્યાં. પછી મહારાજે ઊભા રહી એ સર્વેને પાછાં વાળ્યાં ને પછી મહારાજ ગઢપુર તરફ ચાલ્યા. તે રસ્તામાં મુકામ કરતાં કરતાં ગઢડે આવ્યા. તે ગઢપુરનાં હરિજન સૌ સામાં ગયાં ને વાજતે ગાજતે મહારાજને પધરાવ્યા. તે મહારાજ આવીને દરબારમાં ઊતર્યા.

(શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત મહારાજની લીલા : ૭)

• વડતાલમાં છોકરાં ભગવાન શ્રીહરિના પ્રસાદીના જળમાં નાહ્યાં ને ચક્રવર્તી થયા :

મહારાજ વરતાલમાં રામપ્રતાપભાઈના બંગલામાં વિરાજમાન હતા અને પોતે કળશિયે જઈ આવીને સ્નાન કરવા બેઠા. તે વખતે ખળખળિયાવાળી ચોકડીમાંથી નીચે પાણી પડતું હતું. તેના નાળવે કોળીનાં છોકરાં નાહતાં હતાં અને બોલતાં હતાં. પછી શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "બ્રહ્મચારી ! આ કોલાહલ શેનો થાય છે ?" બ્રહ્મચારી કહે, "મહારાજ ! કોળીનાં છોકરાં તમારી પ્રસાદીના પાણીમાં નાય છે." મહારાજ કહે, "તેઓ ચક્રવર્તી તો થઈ રહ્યા અને જો મહિમા જાણીને નાયાં હોત, તો અક્ષરધામની પ્રાપ્તિ થાત !"

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ગારાવાળા થયેલ સાચા સેવક પર ભગવાન શ્રીહરિનો રાજીપો :

મહારાજ (વડતાલમાં) લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરાવતા હતા અને સાધુનાં ગારાળાં શરીર હોય તેને મળતા હતા. તેમાં કેટલાકને ખબર પડી જે, જેનાં ગારાવાળાં શરીર હોય તેને મહારાજ મળે છે. પછી કેટલાક ગારો ચોપડીને આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "એટલે રહેજ્યો ! હું તમને ઓળખું છું." એમ કહીને તેને છેટે રાખ્યા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ મંદિરની સેવાનો મહિમા કહ્યો :

એક વખત મહારાજ સભામાં વિરાજમાન હતા. અને પછી પોતે બોલ્યા જે, "કેટલાકને સંકલ્પ થાતા હશે જે, 'મહારાજ ઈંટો ઉપડાવે છે, પથરા ઉપડાવે છે ને ગારા ઉપડાવે છે; પણ તમે મને શેણે કરીને રાજી કરશો ? અને આ સેવા કરો છો, તેણે કરીને હું રાજી થાઉં છું, મળું છું, પ્રસાદી આપું છું. અને હું ધારું તો પૃથ્વીમાંથી સાવ સોનાનાં મંદિર કાઢું; જેમ કોઈક ભગવાન છે તેણે મેરુ પર્વત સાવ સોનાનો કર્યો છે તેમ." મહારાજ કહે "હું ભગવાન છું, તે સોનાનાં મંદિર કાઢું; પણ તમે મને શાણે કરીને રાજી કરશો ?"

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૬, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં રતનાએ કહ્યું, અત્યારે ધામમાં મહારાજ શું કરતા હશે ? :

મહારાજ (વડતાલમાં) લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરાવતા હતા. અને બોરડી નીચે એક મોટો પથ્થર હતો, તે ઉપર આઠ વડી ધાબળી પાથરીને વિરાજમાન હતા. પછી હરે...થયું એટલે સૌ સંત તથા કડિયા જમવા ગયા. પછી રતનો કરીને કડિયો હતો તેણે ઘણા દિવસથી સંકલ્પ કરેલ જે, 'ક્યારેક મહારાજને એકાંત મળે તો મારે પૂછવું છે.' પછી તે વખતે મહારાજને તેણે પૂછ્યું જે, "મહારાજ ! અત્યારે અક્ષરધામમાં શ્રીજીમહારાજ શું કરતા હશે ?"

મહારાજ કહે, "રતના, અત્યારે અક્ષરધામમાં બોરડી નીચે મોટું બેલું છે, તે ઉપર આઠ વડી ધાબળી કરીને, પાથરીને તે ઉપર ભગવાન વિરાજમાન છે, અને લક્ષ્મીનારાયણ દેવના મંદિર કરાવે છે." રતનો કહે, "મહારાજ ! હું તો અક્ષરધામનું પૂછું છું !" ત્યારે મહારાજ કહે, "રતના, મેં અક્ષરધામની વાત કરી છે." એમ બે-ચારવાર પૂછ્યું, પણ મહારાજે એ જ ઉત્તર આપ્યો.

પછી માણસની હરફર થઈ એટલે રતનો કડિયો પથરા ઘડવા મંડ્યો. અને પછી રાત્રીએ મુક્તાનંદસ્વામીને આસને રતના કડિયાએ જઈને વાત કરી જે, "મેં મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજે મને આવો જવાબ આપ્યો." પછી સ્વામી બોલ્યા જે, "રતના ! આંહીં છે તે જ અક્ષરધામમાં છે અને અક્ષરધામમાં છે તે જ આંહીં છે; એમાં જરાય ફેર નથી." ત્યારે રતનો કડિયો સમજ્યો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ફુલઝરીબાઈના પ્રેમથી ભગવાન શ્રીહરિની આંખમાં આંસુ આવ્યાં :

અને વરતાલમાં રઘુવીરજી મહારાજનાં બહેન ફુલઝરી કરીને આવ્યાં હતાં અને તેમને સાસરાપક્ષવાળા તેડવા આવ્યા હતા. ત્યારે મહારાજે આજ્ઞા કરી જે, "બાપ દીકરી ફુલઝરી ! દેશમાં જાઓ !" પણ તેમને મહારાજને વિષે અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હતી, તેથી બહુ જ દિલગીરી કરવા લાગ્યાં. પછી મહારાજ તેમને વળાવવાને માટે સંત સહિત ચાલ્યા. તે ચાલતાં ચાલતાં જોળનો ચરો(ગૌચર જગ્યા) છે, ત્યાં સુધી પધાર્યા. પછી મહારાજ બોલ્યા જે, "બાપ દીકરી ! ગાડીમાં બેસ !" તે સાંભળીને બાઈ ચીસો પાડવા માંડી. પછી મહારાજે તેને તેડીને ગાડીમાં બેસારી. પછી તેનો વિલાપ સાંભળીને મહારાજનાં નેત્રમાં જળ આવી ગયાં. પછી મહારાજ પ્રત્યે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ ! સંસારની માયા બહુ દુસ્તર છે !" મહારાજ કહે, "સ્વામી મારે વિષે તેને પ્રેમ કેટલો છે ! તે જોઈને મને નેત્રમાં જળ આવ્યાં !" પછી તેને વળાવીને સૌ પાછા વરતાલમાં આવ્યા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૮, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિ હાથોહાથ થાળી લઈને ભાજી ને રોટલો જમ્યા :

વરતાલમાં એક સ્ત્રી અને એક પુરુષ હરિજન હતા. તેઓ વહેવારે બહુ જ દુર્બળ હતાં. પછી પોતે બન્ને જણાએ વિચાર કર્યો જે, 'કાંઈક સારું અનાજ આવે તો આપણે થાળ કરીને મહારાજને જમાડીએ.' પણ કોઈ દિવસ સારું અનાજ આવ્યું નહીં. પછી બન્ને જણે વિચાર કર્યો જે, 'આપણા પ્રારબ્ધમાં હશે તે મળી રહ્યું. માટે કોદરાનો રોટલો અને કડલીની ભાજી કરીને મહારાજને જમાડીએ. કેમ કે, વિદૂરજીની ભાજી ભગવાન જમ્યા છે, તે આપણો ભાવ હશે તો મહારાજ જમશે !'

પછી બન્ને સ્ત્રી-પુરુષ એક થાળીમાં રોટલો અને કડલીની ભાજી લીધી, ને પછી મહારાજ પાસે સભામાં જઈ ઊભાં રહ્યાં. પછી

મહારાજ હાથોહાથ થાળી લઈને ભાજી તથા રોટલો જમવા મંડ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી ઊભા થઈને બોલ્યા જે, "મહારાજ ! એકલા એકલા જમો છો તે પેટમાં દુઃખશે !" મહારાજ કહે, "સ્વામી ! આ રોટલો પેટમાં દુઃખે તેવો નથી !" એમ કહીને સ્વામીને પ્રસાદી આપી અને મહારાજ જળપાન કરીને વિરાજમાન થયા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૮૯, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ભગવાન ભાવનાના ભૂખ્યા છે ભારે ભોજનના નહિ :

તે વખતે બીજા ગામના હરિજન દર્શને આવ્યા હતા. તેમણે વિચાર કર્યો જે, 'આપણે મહારાજને માટે થાળ કરીએ, પણ કોઈ દિવસ મહારાજે ભાળ્યું ન હોય અને કાને સાંભળ્યું ન હોય તેવાં પકવાન કરીએ જેથી આપણને ખૂબ વખાણે;' એમ જાણીને પોતે થાળ કર્યો અને સૌ થાળ તૈયાર કરીને મહારાજને જમવાને માટે બોલાવવા આવ્યા. પણ મહારાજ તો સામું પણ જુએ નહીં. પછી મૂળજી બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! આ હરિજન થાળ લાવ્યા છે, તે જમવા પધારો." મહારાજ કહે, "બ્રહ્મચારી ! અમે હમણાં જમ્યા છીએ, તે પેટમાં ભૂખ નથી." પછી બ્રહ્મચારી કહે, "મહારાજ ! તેઓએ રાત બધી દાખડો કરીને તમારે માટે થાળ કર્યા છે." પછી બ્રહ્મચારીનો બહુ આગ્રહ જોઈને મહારાજ જમવા પધાર્યા અને બાજોટ ઉપર વિરાજમાન થયા. અને મહારાજ આગળ બધા પકવાનના થાળ ધર્યા. પછી મહારાજ તેમાંથી ભાતનો એક ગ્રાસ જમીને હાથ ધોઈને ઊઠી નીકળ્યા, પણ બીજા પકવાન સામું જોયું નહીં; એમ ભગવાન ભાવનાના ભૂખ્યા છે.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૦, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિ માટે કરેલો થાળ ડુંગરજી જમી ગયા :

શ્રીજીમહારાજ વડતાલમાં સભામાં સભા કરીને વિરાજમાન હતા. અને એક બાઈએ પોતાને ઘેર મહારાજ માટે થાળ કર્યો હતો. તે ઢાંકીને મહારાજને બોલાવવા આવી. તે વખતે મૂળજી બ્રહ્મચારીએ કહ્યું જે, "બોલ મા બોલ મા દૂતી ! મહારાજ વાતું કરે છે." તે સાંભળીને બાઈ ડોસીની સભામાં બેસી ગઈ. તે વાતની ડુંગરજીભગતને ખબર પડી જે, 'ડોસી મહારાજ સારુ થાળ કરીને આવી છે, માટે તેને હું જમી આવું !' પછી ડુંગરજીભગત જઈને થાળ જમી આવ્યા અને પાછા મહારાજ પાસે આવીને ઊભા રહ્યા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, "મહારાજ ! પેલી ડોસી ક્યારની આવીને બેઠી છે." મહારાજ કહે, "ચાલો ડોસી ! થાળ જમવા આવીએ."

પછી ડોસી એકદમ ઉતાવળી ઉતાવળી ઘેર ગઈ અને જઈને જુએ ત્યાં તો વાસણમાં કાંઈ ન મળે. પછી ઘરની ખડકીએ આવીને બાઈએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! હું ત્યાં બેસી રહી, ત્યાં તો કૂતરો થાળ ખાઈ ગયો !" મહારાજ કહે, "ચાલો, કૂતરો ખાય એવા કૂતરાને હું ઓળખું !" પછી મહારાજે જઈને જોયું અને બોલ્યા જે, "હે ડુંગરજી ! આ તે બે પગા કૂતરાએ ખાધું હશે કે ચાર પગા કૂતરાએ ખાધું હશે ?" ડુંગરજી કહે, "મહારાજ ! મને શી ખબર ?" મહારાજ કહે, "હમણાં તું ખાઈને આવ્યો અને 'મને શી ખબર' એમ કેમ કહે છે ?" ડુંગરજી કહે, "મહારાજ ! મારા પેટમાં તો ભૂખે ગલુડિયાં બોલતાં હતાં અને તમારે માટે તો હમણાં ડોસી થાળ કરશે, પણ મારે માટે કોણ કરત ?" પછી ડોસીએ બીજો થાળ કરીને મહારાજને જમાડ્યા. ॥૩૯૧॥

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૧, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ડુંગરજીએ અડધું નાળિયેર જ ભગવાન શ્રીહરિને આપ્યું :

એક વખત શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા અને કોઈ સત્સંગી બાઈ નાળિયેરનો મોટો ગોટો લાવી. પછી સભાથી છેટે ઊભી રહીને બોલી જે, "ભગત ! આ નાળિયેર મહારાજ પાસે મેલો." પછી ડુંગરજીભગત નાળિયેર લેવા ગયા, તે અરધો ગોટો ભાંગીને પોતાની કેડમાં ખોસ્યો અને અરધો ગોટો મહારાજ પાસે મેલ્યો. તે જોઈ બાઈ બોલી જે, "એ ભાઈ ! એને કહો કે, બધો ગોટો નાળિયેર મહારાજ પાસે મેલે ! અને તમારે જોતું હશે તો હું બીજું લાવી દઈશ !" ત્યારે મહારાજ બોલ્યા જે, "ડુંગરજી ! ઓલી ડોસી શું કહે છે ?" ડુંગરજી કહે, "મહારાજ ! હું તો સારો, તે એટલો અરધો ગોટો મેલ્યો; નીકર દેવને તો ત્રણ શેષું જોઈએ ! " એમ કહીને મહારાજને રાજી કર્યા. પછી ઊભા-ઊભા ખાઈ ગયા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૨, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ચોળાફળી ચોરીને દાન કર્યું :

મહારાજ વડતાલમાં સભા કરીને વિરાજમાન હતા અને કોઈક પરગામનો હરિભગત હતો તેણે મહારાજની આગળ બશેર ચોળાફળી મેલી. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગત ! તમારા ખેતરમાં બહુ સારી ચોળાફળી થઈ છે !" ત્યારે તે બોલ્યો જે, "ના

મહારાજ ! હું રસ્તામાં ચાલ્યો આવતો હતો, તે કોઈકના ખેતરમાંથી લાવ્યો છું.'' મહારાજ કહે, ''ઉપાડ તારી ચોળાફળી ! ચોરી કરીને તારે મને ખવરાવવી છે ને ? માટે જ્યાંથી લાવ્યો ત્યાં પાછી નાંખી આવ !'' પછી મહારાજે તેની પાસે ચોળાફળી ઉપડાવીને જ્યાંથી લાવ્યો હતો ત્યાં પાછી મોકલાવી દીધી. માટે ચોરી કરીને દાન ન કરવું.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૩, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડનગરના ઝુમખરામે ભગવાન શ્રીહરિને કોઠું જમાડ્યું :

ગામ વડનગરના ઝુમખરામ કરીને વણિક હતા. તે શ્રીજીમહારાજને દર્શને આવ્યા હતા અને પોતે વહેવારે બહુ દુર્બળ હતા. તેથી મહારાજ પાસે ભેટ મૂકવા કાંઈ નહોતું. પછી તે ગોમતીજીએ નાહવા માટે ગયા. અને ત્યાંથી મોટું પાકેલ કોઠું હતું તે પોતાને હાથ આવ્યું. તે ગોમતીજીમાં ધોઈને શ્રીજીમહારાજ પાસે મેલ્યું. પછી ઉત્તમાનંદસ્વામીએ તેને ભાંગીને તેમાં ગોળ અને મીઠું, જીરું નાંખીને મહારાજને જમાડ્યું. પછી અરધું ઝુમખરામને પાછું આપ્યું, એટલે પ્રસાદી લેવા સારું સાધુ દોડી આવીને લેવા મંડ્યા. એટલે મહારાજ કહે, ''તારે મોઢે અડાડી દે, નીકર સાધુ તારી પાસે રહેવા દેશે નહીં.'' પછી તેણે મોઢે અડાડી દીધું. એટલે સાધુ સર્વે સભામાં બેસી ગયા. મહારાજ કહે, ''વાણિયો ખરો, છેતરાણો નહીં !''

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલના ચોકમાં ભગવાન શ્રીહરિએ બન્ને આચાર્યની પૂજા કરાવી :

ગામ વરતાલમાં ચોક વચ્ચે બે ઓટા છે. ત્યાં બે ઢોલિયા ઉપર બે ગાદી નંખાવીને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજને બેસાર્યા. અને બન્ને ભાઈઓને બસેં બસેં રૂપિયાની શાલો ઓઢાડી, ને ડોકમાં સોનાના દોરા પહેરાવ્યા. પછી મહારાજે નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યાં અને કહ્યું જે, ''નરનારાયણદેશના હરિભક્ત હોય તેમની પાસે અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરાવો અને લક્ષ્મીનારાયણ દેશના હરિભક્ત હોય તેની પાસે રઘુવીરજી મહારાજની પૂજા કરાવો.'' એમ નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મહારાજે ભલામણ કરી. પછી હરિમંડપ ઉપર પોતે ગાદીતકિયો નંખાવીને રવેશ(માળનો બહાર પડતો ભાગ,ઝરૂખો)માં વિરાજમાન થયા. અને બન્ને દેશના હરિજનો પાસે બન્ને આચાર્યની પૂજા કરાવી. તે જોઈને મહારાજ અતિશય પ્રસન્ન થયા ને પોતાનો પ્રતાપ બેય આચાર્યમાં મેલ્યો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૯૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● સંતોએ લક્ષ્મીનારાયણ દેવના ધ્યાનની ના પાડી :

વરતાલમાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને મહારાજે કહ્યું જે, ''તમે સૌ લક્ષ્મીનારાયણ દેવનું ધ્યાન કરો.'' ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, ''મહારાજ ! ધ્યાન તો તમારું જ થાય, બીજાનું ધ્યાન થાય નહીં.'' તે સમે એક સંત સભામાંથી ઊઠીને ઊભા થઈને બોલ્યા જે, ''હે મહારાજ ! તમે કહો તો હું લક્ષ્મીનારાયણ દેવનું ધ્યાન કરું.'' પછી મહારાજ બોલ્યા જે, ''મહાપુરુષ ! અમે તમને નથી કહેતા!'' તે વખતે તત્ત્વાનંદસ્વામી સભામાંથી ઊભા થયા અને બોલ્યા જે, ''બેટીકા બાપ ! ધ્યાન તો તેરા હોગા, દુસરાકા નાહીં !'' આ સાંભળી મહારાજ બહુ રાજી થયા. એમ મહારાજ અનેક સંતો તથા હરિજનોની પરીક્ષા લેતા હતા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૪૦૯, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● ભગવાન શ્રીહરિ વડતાલમાં બ્રાહ્મણનો પંચકણીનો રોટલો જમ્યા. :

અને મહારાજ એક દિવસ આંબલે સભા કરીને વિરાજતા હતા. ને કંકોતરીઓ લખેલી તેથી ઘણાક સંત પણ ત્યાં આવતા હતા. ને ઘણાક હરિજનો પણ ત્યાં આવતા હતા. તે એકેક ઝાડવે પોતપોતાના ઉતારા રાખે ને ત્યાં થાળ કરીને મહારાજને જમવા સારુ બોલાવે. ત્યારે મહારાજ ત્યાં જઈને તેમના થાળ હેતે સહિત જમી આવે ને ત્યાં આંબલા હેઠે આવીને સભા કરે ને ઘણીક પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ માહાત્મ્ય સંબંધી વાર્તાઓ કરે. અને પોતે હરિજનોને હેતથી દર્શન દે ને તેનાં નાડી-પ્રાણ પોતાની મૂર્તિને વિશે તાણી લે, તેથી જેમ ચિત્રમાં ચિત્રેલી હોયને શું ? એવી રીતે બાઈ-ભાઈ સર્વે સ્થિર રહે.

ને કેટલાક તો મહારાજનાં દર્શનના આનંદને લીધે જમવાનું પણ ભૂલી જાય; ને કેટલાક તો મહારાજ જ્યારે ત્યાંથી ઊઠીને સુતારની ઓરડીએ પોઢવા તથા જમવા પધારે, તેટલાકમાં કોઈકે મૂઠી બાજરી પલાળેલી હોય તથા મૂઠી સાથવો તેને ખાઈને દિવસનું નિર્ગમન કરે; ને કેટલાક તો મહારાજનાં દર્શનના આનંદથી બહુ સુખને પામતા હતા. એવી રીતે મહા મોટો ઉત્સાહ ને હરખથી દિવસ જાય.

અને ઉમરેઠના એક બ્રાહ્મણ ગરીબ અવસ્થાએ યુક્ત હતા. તે બીજા હરિજનો મહારાજની પૂજા કરે અથવા થાળ જમાડે તે જોઈને

પોતાના અંતરમાં બહુ પ્રશ્ચાતાપ કરતા. ને નિરંતર પોતાના મનમાં વિચાર કરે જે, 'મારા જેવો કોઈ અભાગિયો નહીં. કારણ કે સર્વે આ પુરુષોત્તમનારાયણ ભગવાનને થાળ જમાડે છે ને પૂજા કરે છે. તે એમનાં બહુ જ મોટાં ભાગ્ય છે ! કેમ જે ઘણાક ત્યાગી-તપ સ્વીઓ ઘણાક દાખડાઓ ભગવાન સારુ કરે છે તોપણ પ્રસન્ન નથી થાતા. તે આ ભગવાનને પોતાને ઉતારે તેડીને જમાડે છે.' એમ પોતે પોતાના મનમાં સંકલ્પ કર્યા કરે છે.

અને તે બ્રાહ્મણ એક દિવસ તે આંબલાથી ઉતરાદી પાસાએ કૂવો છે, તેની પાસે ગામડેથી લોટ માંગી લાવીને કલેડામાં રોટલો કરીને લાખાલુણીની ભાજી લોટામાં કરતો હતો ને મહારાજનું સ્મરણ કરતો. તેના સંકલ્પને જાણીને મહારાજ સુતારની ઓરડીએ મધ્યાહ્ન સમે પોઢ્યા હતા. તે ઊઠીને બ્રહ્મચારીને કહે જે, 'આપણો લોટો લ્યો, મારે ના'વા જાવું છે.' ત્યારે બ્રહ્મચારી કહે જે, 'અહીં નાવ.' ત્યારે મહારાજ કહે જે, 'ના, બહાર જાવું છે.' એમ કહીને પોતે ઊઠી મોજડીઓ પહેરીને ચાલ્યા અને બ્રહ્મચારી પણ લોટો લઈને કેડે ચાલ્યા.

ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે જ્યાં બ્રાહ્મણ રોટલો કરીને ભાજી ઉતારીને જેવા જમવા બેસે છે. તેવામાં ત્યાં જઈને મહારાજ ઊભા રહીને કહે જે, 'ભૂદેવ, અમને ભૂખ લાગી છે. તે જમવાનું તૈયાર હોય તે અમને આપો.' તે વાત સાંભળીને તે બ્રાહ્મણ ઘણા હરખથી મહારાજને કહે કે, 'આ તો પંચકણીનો રોટલો (જુદી જુદી જાતના અનાજના મિશ્રણનો) ને લાખાલુણીની ભાજી છે.' ત્યારે મહારાજ કહે જે, 'એ તો બહુ સારી છે.' એમ કહી પોતે જમવા સારુ બેઠા. ને તે બ્રાહ્મણે મહારાજને ઘણા હેતથી તે પંચકણીનો રોટલો ને લાખાલુણીની ભાજી આપી. ને કહે જે, 'હે મહારાજ ! વિદુરજીની ભાજી તથા સુદામાના તાંદુલ તથા શબરીબાઈનાં બોર તેવું આ જમણ છે.' પછી મહારાજ એનો રોટલો ને ભાજી તેના સ્નેહથી જમી, ચળુ કરીને જળપાન કર્યું.

તે સમે એ બ્રાહ્મણ કહે જે, 'હે મહારાજ ! ઘણા દિવસનો મારો સંકલ્પ હતો. તે સર્વજ્ઞ ને ભક્તમનોરથપૂરક એવા જે તમો, તે મારો સંકલ્પ સત્ય કર્યો.' એમ કહી વિનંતીએ સહિત મહારાજનાં ચરણારવિંદમાં પડી રોમાંચિત ગાત્ર તથા ગદ્‌ગદ કંઠે ને આંખને વિશે પ્રેમનાં આંસુથી મહારાજનાં ચરણારવિંદને અભિષેક કરતો સતો ને વારંવાર વિનંતી કરી સ્તુતિ કરીને કહે જે, 'હે ભક્તમનોરથપૂરક! એવું જે તમારું નામ તે આજ (તમે) સત્ય કર્યું.' એમ કહીને મહારાજને પગે લાગીને પોતે ત્યાં ને ત્યાં બેઠો.

ને મહારાજ એવી રીતે પોતાના ભક્તને વશપણું જણાવતા થકા એમના પ્રેમને વશ થઈને તેનો રોટલો ને ભાજી જમીને ત્યાંથી પાછા ઓરડીમાં આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારી કહે જે, "હે મહારાજ ! ના'વા જતા હતાને ?" ત્યારે મહારાજ કહે જે, 'એ નાહી આવ્યા.' એમ રમૂજ કરીને પોતે પોઢી જાતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૬૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ પછી સંતોને ઊંઘ સંબંધી વાતો કરી ને સંતને મળ્યા તે વાત :

ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનના મનોરથ પૂરા કરતા ને વાતોચીતો કરીને પોતાના ભક્તોને પોતાનું સુખ આપતા થકા ફૂલદોલના ઉત્સવ સુધી ત્યાં (વડતાલ) રહ્યા. ને ફૂલદોલના ઉત્સવ ઉપર દેશાંતર થકી સંતમંડળ તથા સર્વે હરિજન ત્યાં આવ્યા. તે સર્વેને મહારાજ મળતા તથા છાતીમાં ચરણારવિંદ આપતા. અને તે તે દેશના સમાચાર પૂછતા થકા દરરોજ આંબલે સભા કરતા ને પરસ્પર સંતોને સામાસામી પ્રશ્ન-ઉત્તર કરાવે. તેમાં કઠણ પ્રશ્ન હોય તેનો ઉત્તર પોતે કરે. અને હરિજનો સંતોને રસોઈ આપે ત્યારે પોતે ઘણા હેતથી પીરસવા પધારે ને સંતોને વારંવાર પંગતમાં ફરીને જમાડતા. એમ કરતાં કરતાં હુતાશની થઈ રહી.

ને બીજે દિવસે ફૂલદોલ હતો. તે જોબન વરતાલે બે બેડિયાં (ગાડાં) ગુલાલ આગવો મંગાવ્યો હતો ને નારાયણગર બાવે પણ તેટલો જ મંગાવ્યો હતો. અને બીજા હરિજનોએ પણ જેને જેટલી શ્રદ્ધા તેટલો તેમણે રંગ મંગાવ્યો હતો. અને જોબન વરતાલે રંગના બે મોટા હોજ ભરાવ્યા હતા. અને કેટલાંક રંગનાં વાસણ પણ ભરાવ્યાં હતાં. અને આંબલાથી ઉતરાદે પાસે કૂવો છે તેનું પાણી હોજમાં આવે એવી જુક્તિ કરાવીને ટાટના બે કોશ જોડાવ્યા હતા. અને એક બાવળનો મોટો વ્રક્ષ હતો. તેના ઉપર બાર મણની નોબત ચડાવી હતી.

અને અમદાવાદના હરિજનો પણ 'મહારાજ ફૂલદોલનો ઉત્સવ વડતાલે કરવાના છે,' એમ જાણી અઢાર જોડ ત્રાસાં લઈને ત્યાં આવ્યા. એવી રીતે ફૂલદોલની સામગ્રી પડવાને દિવસે તૈયાર થઈ. પછી મહારાજ પણ તે દિવસે વહેલા ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને શ્વેત વસ્ત્ર ધારણ કરી તથા ફૂલના હાર, બાજુબંધ, ગજરા તેને ધારણ કરીને ચાખડીએ ચઢીને આંબલે પધાર્યા. ને ત્યાં મહારાજને બેસવા સારુ મોટો મંચ કર્યો હતો ને તે ઉપર ઢોલિયો હતો, તેના ઉપર મહારાજ વિરાજમાન થયા.

અને પછી સર્વે સંત, પાર્ષદ, હરિજન ઉત્સાહે યુક્ત હતા. તેમને જોઈને મહારાજ પણ તૈયાર થઈ મંચ ઉપરથી હેઠે ઊતરીને

સંતને કહે જે, 'અડધોઅડધ તડાં (વિભાગ) કરો તો અમે રંગ રમીએ, નહિ તો નહિ રમીએ.' તે વાત સાંભળી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી એ આદિક સર્વે સંત કહે જે, 'હે મહારાજ ! તમે જેમ કહો તેમ કરીએ.'

તે વાત સાંભળીને એક પાસા સંત ને બીજી પાસા પાર્ષદ ને પોતે. એવી રીતે વિક્તિ કરીને ઉગમણી પાસાનો જે રંગનો ભરેલો હોજ તથા ગુલાલનો અડધો ઢગલો તે સંતને આપ્યો અને આથમણા પાસાનો હોજ તથા તેટલો ગુલાલ પોતે રાખ્યો. એવી રીતે વિક્તિ કરીને સોનાની પિચકારી પોતે હસ્તને વિશે લઈને સર્વે સંતને તથા હરિજનોને પ્રસાદીનો રંગ છાંટ્યો. પછી રમવાની છૂટી થઈ.

તે સમે આકાશને વિશે બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક દેવતાનાં વિમાન તથા ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ આદિકના પાર્ષદ મહારાજની તથા સંતની પરસ્પર રંગક્રીડારૂપી ઉત્સવનાં દર્શન સારુ આવ્યા. તેની ભીડ આકાશને વિશે થાતી હતી. ને સૂર્ય પણ આકાશને વિશે સ્થિર થઈ જાતો હતો. અને સંત ને મહારાજનો એવો પરસ્પર રંગ-ઉત્સવ થાય, તે હજારો પિચકારીઓ છૂટે ને ગુલાલની મૂઠીઓ છૂટે. તેણે કરીને આકાશ રક્તવર્ણ થઈ ગયો ને દેવતાનાં વિમાન પણ રક્ત થયાં તથા ઝાડવાં રક્ત થયાં. એમ પરસ્પર રમતા સતા કોઈ કોઈને હારે નહીં.

તે સમે સુરા ખાચરે રંગનો ઘડો ભરી નિત્યાનંદ સ્વામી ઉપર રેડ્યો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ રંગનો ઘડો ભરીને સુરા ખાચર ઉપર રેડ્યો ને ગુલાલની મૂઠી એમની આંખ્યો ઉપર નાખી; તેથી આંખ્યે દેખાયું નહીં. ત્યારે સોમલો ખાચર ઊઠ્યા ને રંગનો ઘડો ભરીને બ્રહ્માનંદ સ્વામી ઉપર રેડ્યો. તે જોઈને નિત્યાનંદ સ્વામી રંગનો ઘડો ભરીને સોમલા ખાચર ઉપર રેડીને ગુલાલની મૂઠી લઈને આંખ્ય ઉપર નાખી તેથી આંખમાં ગુલાલ ભરાયો તેથી આંખ્યે દેખાયું નહીં એટલે બેય મોરવીને જીત્યા.

અને પછી મહારાજને હોજે બધાય સાધુ જઈ પૂગ્યા ને મહારાજના ઉપર રંગની પિચકારીઓ ને ગુલાલની મૂઠીઓ ફેંકવા માંડી. તેથી મહારાજ અકળાઈને મંચ ઉપર ચઢી ગયા. ને આડી ઢાલ ધરી તોય ચારે પાસેથી સાધુ પિચકારીઓ મારે ને ગુલાલ નાંખે. અને અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, 'મેં પણ મહારાજ ઉપર દશ-પંદર પિચકારીઓ નાખી, ને ગુલાલ પણ પાંચ-દસ મૂઠીઓ નાખ્યો.' એવી રીતે ચારે પાસે સંત મહારાજના ઉપર રંગ તથા ગુલાલ નાખવા મંડ્યા.

ને મંચ ઉપર ઢોલિયો હતો તે ઉપર મહારાજ ચઢી ગયા તોપણ સંતે રંગ તથા ગુલાલ નાખીને મહારાજને બહુ અકળાવ્યા. તેથી મહારાજ આ ઈસે ને પેલી ઈસે જાય, તેથી ઢોલિયો ભાંગી ગયો. અને મહારાજ અકળાઈને નાન ખાચરને કહે જે, 'અમારી ઘોડી લાવો.' ત્યારે નાન ખાચર ઘોડી લઈને આવ્યા. તે જોઈને નિત્યાનંદસ્વામી જાણે જે, મહારાજ ઘોડીએ બેસીને જાતા રહેશે. તે સારુ ઘોડીની આંખ્યમાં રંગની ભરેલી પિચકારીઓ મારી, તેથી ઘોડી ભાગી ગઈ.

ત્યારે પછી ફરીથી મહારાજ કહે જે, 'અમારી ઘોડી લાવો, ઘોડી લાવો.' ત્યારે વળી નાન ખાચર ઘોડી લઈ આવ્યા. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ રંગની ભરેલી બે પિચકારીઓ ઘોડીના નાકમાં મારી. તેથી ઘોડી ફરીથી ભાગી ગઈ. ને વળી ફરીથી મહારાજ કહે જે, 'અમારી ઘોડી લાવો.'

ત્યારે નાન ખાચર કહે જે, 'હે મહારાજ ! બરછીની બુરીઓમાં ઘોડી સામી આવે, પણ રંગની પિચકારીઓમાં ઘોડી નથી આવતી.' એમ કહીને ઘોડીને પાછે પગલે ઉપર લૂગડું નાખી સંત ન દેખે એવી રીતે લાવ્યા.

તે સમે મહારાજ ઘોડી ઉપર સ્વાર થઈને કહે જે, "ભાઈ, સાધુ જીત્યા... સાધુ જીત્યા... હવે રમત રાખો." એવી રીતે બહુ રંગક્રીડા કરી. તેથી નીચે પૃથ્વી ગારારૂપ થઈને ગુલાલથી રાતી થઈ જાતી હતી. એવી રીતે ત્રીજા પો'ર સુધી રંગક્રીડા કરતા હતા ને પોતાના ભક્ત-જનને આનંદ ઉપજાવીને પોતાનો અલૌકિક પ્રતાપ જણાવીને સુખ આપતા હતા. ॥૬૫॥

અને પછી સંતમંડળ તથા હરિજનોએ સહિત આગળ અઢાર જોડ ત્રાસાં વાગતે થકે પોતે ધના તલાવડીએ ના'વા સારુ પધાર્યા. અને ત્યાં જઈ રંગનાં ભીંજેલાં સર્વે વસ્ત્ર ઉતારીને જોબન વરતાલાને પોતે આપ્યાં. ને શ્વેત વસ્ત્ર પહેરીને તલાવડીમાં ના'વા સારુ પ્રવેશ કર્યો. ત્યાં નાતાં નાતાં સુરા ખાચરને કહે જે, 'તમે ક્ષત્રિયને આ સાધુએ હરાવ્યા. તે ઢાંકણીમાં પાણી ઘાલીને બૂડી મરો..!'

એવાં મહારાજનાં વચન સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! અમને એ બાવા કાણું(શું) હરાવે ? ને જો હું ને બ્રહ્માનંદ સ્વામી જોડે ડબકી મારીએ ને જે પહેલાં નીકળે તે હાર્યા કહેવાય." એમ કહીને સુરે ખાચરે ડબકી મારી. ને પછીથી બ્રહ્માનંદ સ્વામીએ ડબકી મારી ને સુરો ખાચર થોડીકવાર પાણીમાં રહીને બહાર નીકળ્યા. અને બ્રહ્માનંદ સ્વામી નીકળવાના થયા તેટલામાં સુરોખાચર ફરીથી ડબકી મારી ગયા. ને બ્રહ્માનંદ સ્વામી બહાર નીકળીને જોવે તો સુરો ખાચર નહિ નીકળેલા. ને પછીથી સુરો ખાચર નીકળ્યા ને મહારાજને કહે જે, "હે મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી હાર્યા..., બ્રહ્માનંદ સ્વામી હાર્યા..." એ વાત સાંભળીને બ્રહ્માનંદ સ્વામી કહે જે, "તમે ભગવાન થઈને કપટ કરો છો."

તે સાંભળીને મહારાજ કહે જે, "અમારે કપટ નથી, સુરા ખાચરને કપટ છે." એવી રીતે ઘણી રમૂજ કરતા થકા ત્યાં બહુવાર નાહ્યા. તે નાહીને બહાર નીકળીને શ્વેત વસ્ત્ર ધારણ કરતા હતા. અને એ સમે તલાવડીનું પાણી મહારાજ તથા સંત-પાર્ષદ તથા હરિજન નાહ્યા તેથી રંગ રંગ થઈ ગયું. એવી રીતે મહારાજ નાહીને વસ્ત્ર પહેરીને કોઠીના વૃક્ષ નીચે ઊભા રહ્યા. તે સમે કોઠી ઉપ રથી કોઠું પડ્યું. તેને જોઈને મહારાજ કહે જે, "આ વૃક્ષ નીચે કોઈ હોય તો માથું ફૂટી જાય, એવાં કોઠાં છે." એમ બોલતા હતા ને પછી ચાલવાનો વિચાર કરતા હતા. ॥૬૬॥

અને પછી સર્વે સંતમંડળ, પાર્ષદ તથા હરિજન નાહીને વસ્ત્ર પહેરીને તૈયાર થયા, એમ જાણીને પોતે ઘોડી ઉપર બેસવા જાય છે. તે સમે એક ઠાકોર પગી મહારાજને કહે જે, "તમે ભગવાન કહેવાવ છો ને સર્વેના અંતરની વાત જાણો છો. ત્યારે તમે કહો જે, મારા ખેતરમાં શું છે ?"

તે વાત સાંભળીને મહારાજ તેને કહે જે, "તમોએ ત્રણ ખડબુચા ભોંયમાં દાટ્યાં છે. તેમાં એક તારા મામાને આપવા સારુ દાટ્યું હતું, તે સડી ગયું છે ને તારા સારુ જે દાટ્યું હતું તે શિયાળયાં ખોતરી ખાઈ ગયાં છે, ને અમારા સારુ દાટ્યું હતું તે છે; તે લઈ આવ." ત્યારે મહારાજનાં વચન સાંભળીને પગીએ ખેતરમાં જઈને જોયું તો તે પ્રમાણે દીઠું; તે મહારાજે જેવું કહ્યું હતું તેમ થયેલું. તે જોઈને મહારાજનું ખડબુચું લઈને મહારાજ પાસે આવ્યો ને મહારાજની પાસે ભેટ મેલ્યું. ને કહે જે, "તમે ભગવાન ખરા!" એવી રીતે નિશ્ચય કરીને તે ગયો.

પછી મહારાજ ઘોડી ઉપર સવાર થઈને વાજતે-ગાજતે આંબલે આવીને સભા કરીને બેઠા. તે સમે મહારાજને જમવા સારુ બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. તે તૈયાર થયો તેથી મહારાજને જમવા સારુ બોલાવ્યા. ને પોતે જમવા સારુ સુતારની ઓરડીએ પ ધાર્યા ને ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેઠા ને બ્રહ્મચારીએ થાળ લાવીને મોઢા આગળ મેલ્યો. તે થાળમાં પરસુલીની સુંદર સેવો તથા રોટલી, કંસાર, શાક, પાપડ, પાપડી, અથાણાં, રાયતાં, ભજિયાં, ચટણીઓ, કમોદનો ભાત, દાળ વગેરે જમીને તૃપ્ત થઈને, ચળુ કરી મુખવાસ લઈને ફરીથી આંબલે પધાર્યા ને સભામાં આવી વિરાજમાન થતા હતા. ને સર્વે સંત હરિભક્તને પોતાની મૂર્તિનાં દર્શન દેતા હતા. ॥૬૭॥

અને વળી અમદાવાદના સોની ગંગારામભાઈ સંત સારુ પરસુલીની સેવો તથા સાકર-ઘીનાં ગાડાં ભરાવીને ત્યાં લાવ્યા હતા. (આંબલેથી ઉગમણે બાજુ હાલમાં બોરસડીનું વૃક્ષ છે) ત્યાં મોરે આંબાનાં વૃક્ષ હતાં ત્યાં તે જ દિવસે સંત સારુ સેવોની રસોઈ તથા દાળ, ભાત, શાક વગેરે સર્વે તૈયાર કરાવ્યાં. એટલે સંતને બોલાવવા સારુ સભામાં આવીને કહે જે, "હે મહારાજ ! સંતની રસોઈ તૈયાર થઈ ગઈ, માટે જમવા સારુ પધારો !" ને મહારાજને કહે જે, "તમો પીરસવા પધારો !"

તે વચન સાંભળીને મહારાજે સર્વે સંતને કહ્યું જે, "જાવ, પંગત કરો." ત્યારે સર્વે સંત ઊઠ્યા ને એ બેઠકથી ઉગમણે પાસે પ ગંત કરી ને મહારાજ પોતે પીરસવા પધાર્યા અને સર્વે સંતને પ્રથમ સેવો પીરસી. પછીથી સાકર પોસે પોસે ફેરવતા ને પછવાડેથી ઘી પીરસ્યું. ને પછી સર્વે સંતને પીરસીને પોતે ઉતરાદી બાજુ પાટ ઉપર વિરાજમાન થયા. તે સમે મહારાજ ને સંતની રંગક્રીડાનાં દર્શન સારુ આકાશને વિશે આવીને રહેલા એવા જે દેવાદિક તે ચંદન ને પુષ્પનો વરસાદ કરતા હતા. તે ચંદન ને પુષ્પના વરસાદને જોઈને સંત તથા હરિજન મહારાજને પૂછતા હતા કે, "આ ચંદન ને પુષ્પ ક્યાંથી પડે છે ?"

તે સાંભળીને મહારાજ કહે જે, "તમારી ને અમારી રંગક્રીડાનો ઉત્સવ તેને જાણીને મુક્તો તથા દેવાદિક તમારાં દર્શન સારુ આવ્યા હતા. તે દર્શન કરી તથા તમારી પૂજા કરીને પોતપોતાના સ્થાનકે જાતા હતા." એમ મહારાજે કહ્યું. તે વાર્તા સાંભળીને સર્વે સંત તથા ઘણા હરિજનો મહા મોટું આશ્ચર્ય પામીને મહારાજને સર્વના કારણ જાણીને દૃઢ નિશ્ચય કરતા હતા. અને સંત જમી રહ્યા ત્યાં સુધી મહારાજ પોતે બેઠા ને સંતની પંગત ઊઠી ત્યારે હાથ-પગ ધોઈને સભામાં આવીને વિરાજમાન થયા ને સંત પણ સભામાં આવીને બેસતા હતા.

તે જ દિવસે ગામ વરતાલના સુતાર વાસણદાસ તથા નિષ્કુળાનંદ સ્વામી આ બંને જણાએ 'મહારાજ ફૂલદોલનો ઉત્સવ અહીં કરવાના છે' એમ જાણીને પ્રથમથી જ બાર બારીઓ ને પાંચ શીખર જેને છે એવો હીંડોળો કરી રાખ્યો હતો. તેમાંનું એક શીખર હાલમાં રામપ્રતાપજી મહારાજના બંગલામાં શય્યાના ઢોલિયા ઉપર છે. તે હિંડોળો આંબલીથી દક્ષિણ દિશા ભણી બે મોટા આંબા હતા, તેની વચ્ચે મહારાજને બેસવા સારુ પ્રથમથી જ તૈયાર કરી રાખ્યો હતો. ત્યાં હાલ આરસનો ઓટો પ્રસાદીનો છે. ॥૬૮॥

અને વળી જે સમે સંત ને મહારાજની સભા આંબલા હેઠે થયેલી છે તે સમે આવીને જોબન વરતાલો તથા નારાયણગર બાવો તથા વાસણદાસ સુતાર - એ આદિક હરિજન મહારાજને પ્રાર્થના કરી કહે જે, "હે મહારાજ ! આપ હિંડોળે બિરાજો !" એવી

હરિજનોની વિનંતી સાંભળીને મહારાજ સભામાંથી ઊઠીને હિંડોળા ઉપર વિરાજમાન થયા. તે સમે સુરતના હરિજનોએ ધર્મપુરમાં ધારણ કરાવેલો જે મુગટ તે મહારાજને મસ્તકે ધારણ કરાવતા હતા. ને વેઢ, વીંટીઓ, કુંડળ, જરિયાની વસ્ત્ર મહારાજને ધારણ કરાવીને ચંદન-પુષ્પે કરીને મહારાજની પૂજા કરીને ભારે મોટા પુષ્પના હાર પહેરાવતા હતા. ને મોટી સવાસો દીવાની આરતી કરી ને મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને બેસતા હતા.

અને જે સમે મહારાજે મુગટ ધારણ કર્યો તે સમે મહારાજનાં દર્શન કરવા સારુ હજારો મનુષ્યની ભીડ થઈ. તે મહારાજને હાર પહેરાવવા સારુ જવાય નહિ ને જ્યાં ઊભા તે ત્યાંના ત્યાં ઊભા રહ્યા. એવી ભીડ જોઈને પરમ દયાળુ તથા કૃપાળુ એવા ભગવાન છે માટે સર્વના ઉપર દયા કરી એ સમે બાર સ્વરૂપે થઈને બાર બારીઓએ બાર મુગટે સહિત સર્વે હરિજનને પોતાનાં દર્શન આપતા હતા. અને છેટે હાર લઈને ઊભા રહેલા એવા જે હરિજનો તેમને ચમત્કાર દેખાડતા હતા જે, 'આપણા હાર હાથોહાથ લે છે, કેટલાક છડીએ કરીને લે છે.' એમ થડમાંના હરિજન ને છેટેના હરિજનોના મનોરથ પૂરા કરતા હતા.

એવી રીતે ઘણીવાર સુધી પોતે હિંડોળે ઝૂલ્યા અને મૃદંગ, ઝાંઝ લઈ સંત મહારાજના યશ તથા ગુણનાં પદ ગાવતા જાય અને જેમ કેફે કરીને ગાંડા થયા હોયને શું ?! એમ ઘણા હરખથી કીર્તન ગાય ને ડોલતા જાય. એવો સંતનો તથા હરિજનોનો પ્રેમ જોઈને મહારાજ ઘણી વાર હિંડોળે મુગટે સહિત ઝૂલતા હતા ને સર્વે ભક્તજનને અલૌકિક ચમત્કાર જણાવતા હતા. ॥૬૯॥

અને પછી મહારાજ હિંડોળેથી ઊતરી સભામાં આવી વિરાજમાન થયા અને મુગટ ઉતારીને મૂક્યો. તે સમે સુરતના હરિજનોએ ફરીથી પોતાના દેશની પાઘડી મહારાજને ધારણ કરાવી. ફરીથી પૂજા કરી પગે લાગી સભાને વિશે બેસતા હતા. ને મહારાજ ઘણીવાર તે પાઘડીએ સહિત હરિજનને દર્શન દઈ સુખિયા કરી, પછી પોતે ત્યાંથી ઊઠીને ચાલ્યા, તે આવીને સુતારની ઓરડીએ પોઢી ગયા. ને સર્વે સંત તથા હરિજનો તો ત્યાં ને ત્યાં સૂઈ ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળ થયો ત્યારે મહારાજ પોતે ઊઠીને, નિત્યવિધિ કરીને, ચાખડીએ ચડીને આંબલે આવી, સભા કરીને વિરાજમાન થતા હતા. ને સર્વે સંત તથા હરિજનો પણ નિત્યવિધિ કરીને સભામાં આવીને બેસતા હતા.

તે સમે મહારાજ સર્વે સંત પ્રત્યે કહે જે, "ગઈ કાલે રંગ રમતે રમતે તમોએ અમને બહુ અકળાવ્યા ને અમો મંચ ઉપર ચડીને ઢોલિયા ઉપર ચડી ગયા. ને આડી ઢાલ ધરી તોપણ તમોએ બહુ પિચકારી તથા ગુલાલથી અમને અકળાવ્યા. તેથી ઢોલિયો પણ ભાંગી ગયો." અને કહે જે, "આ અદ્‌ભુતાનંદસ્વામીએ પણ અમને દસ-પંદર પિચકારીઓ તથા ગુલાલની મૂઠીઓ અમારા ઉપર નાખી."

તે સાંભળી બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! લાગ આવે ત્યારે કોઈ ના મેલે." એમ પોતાના સંતની સાથે રમૂજ કરે છે. તે સમે જોબન વરતાલો પોતાને ઘેર રંગ તથા ગુલાલ તૈયાર કરીને મહારાજને સમીપે આવીને કહે જે, "સંતે સહિત મારે ઘેર પધારો અને ત્યાં આવી રંગક્રીડા કરો ! હું રંગ તથા ગુલાલ તૈયાર કરીને આપને બોલાવવા સારુ આવ્યો છું, તે દયા કરીને પધારો !" એવાં જોબન વરતાલાનાં વચન સાંભળીને મહારાજ સંત તથા હરિજનોએ સહિત ત્યાં પધાર્યા. ને એમના ઘરને કરે મેડા ઉપર ઓતરાદી પાસે બારી છે. તે બારી ઉપર બેસી સર્વે સંતની ઉપર તથા હરિજનો ઉપર રંગ તથા ગુલાલ નાંખતા હતા.

એવી રીતે ઘણીવાર સુધી ત્યાં રંગ ઉત્સવ કરીને ઘોડીએ સવાર થઈને સંતે સહિત ગામથી ઉતરાદે પાસે સુંદર પગીનો કૂવો છે. ત્યાં એ કૂવાનું થાળું ભરાવીને પંડે તેમાં નાહ્યા ને પ્રસાદીનું પાણી પોતાના હાથે કૂવામાં નાખતા હતા. અને પછી પોતે બહાર નીકળી જે જગાએ ઓટો છે તે જગાએ ઊભા રહીને ોંત વસ્ત્ર પહેરી પરમહંસે સહિત આંબલે પધાર્યા.

અને ઉમરેઠના હરિજનોએ સંતને રસોઈ આપેલી તે પણ તૈયાર થઈ હતી. પછી સંત જમવા સારુ પધાર્યા ને પોતા સારુ આંબલાથી ઉગમણે પાસે મોટો આંબાનો વૃક્ષ હતો ત્યાં ઉમરેઠના હરિજનોનો ઉતારો હતો. તે હરિજનોએ ત્યાં મહારાજને જમવા સારુ થાળ કર્યો હતો. માટે પોતે ત્યાં પધારીને ઉગમણે મુખારવિંદે જમવા સારુ બાજઠ ઉપર બેઠા. તે હરિજનનો પ્રેમ જોઈ સારી રીતે પોતે જમી તૃપ્ત થઈને ચળુ કરીને જળપાન કરી મુખવાસ લઈને સભાને વિશે આવીને વિરાજમાન થયા. ને સર્વે સંત પણ જમીને સભામાં આવીને બેઠા.

તે સમે જોબન વરતાલો તથા નારાયણગર બાવો મહારાજની પૂજા કરવા સારુ પૂજાની સામગ્રી લઈને ત્યાં આવીને સભામાં ચંદનપુષ્પ તથા વસ્ત્ર-ઘરેણાં એ આદિક વતે કરી મહારાજની પૂજા કરી. ને મહારાજના મોઢા આગળ રૂપિયાના થાળ ભરીને તથા ફળ-ફૂલ એ આદિકની ભેટ મૂકી ને આરતી કરતા હતા. પછી મહારાજને પગે લાગીને ચરણારવિંદ છાતીએ તથા મસ્તકને વિશે લઈને સભાને વિશે બેસતા હતા. ॥૭૦॥

અને તેવી જ રીતે પછી અમદાવાદના, બુરાનપુરના તથા ઉમરેઠ આદિક બીજાં ઘણાં ગામોના હરિજનોએ જેની જેવી શ્રદ્ધા તે

પ્રમાણે સર્વે, મહારાજની ચંદન-પુષ્પે તથા વસ્ત્ર-ઘરેણાંએ પૂજા કરી તથા ઘણી પ્રકારની ભેટ મૂકીને આરતી કરતા હતા. ને મહારાજને પગે લાગીને સર્વે સભાને વિશે બેસતા હતા. એવી રીતે મહારાજની પૂજા કરતાં કરતાં તે દિવસ સંધ્યા વખત થઈ.

તે સમે આરતી કરવા સૌ ઊભા થઈને આરતી તથા અષ્ટક તથા સ્તુતિ બોલી ધૂન કરીને સર્વે મહારાજને દંડવતપ્રણામ કરીને સભાને વિશે બેસતા હતા. અને તે સમે મહારાજ સર્વે સદ્‌ગુરુને વારાફરતી વાતો કરાવતા હતા. એવી રીતે વાતો કરાવતાં કરાવતાં મધ્યરાત ગઈ. ને પોતે પછીથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા પોતાના સ્વરૂપ સંબંધી વાત કરવા લાગ્યા. ને સંત તથા કેટલાક હરિજનો ઊંઘથી ત્યાં ને ત્યાં સૂઈ ગયા. દસ-વીસેક સંત તથા અદ્‌ભુતાનંદ સ્વામી કહે, "હું એટલા અમે જાગતા હતા."

તે જોઈને મહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી, અમારાં દર્શનમાં માલ છે ? કે અમારી વાતમાં માલ છે? કે ઊંઘમાં માલ છે ?" એ પ્રશ્નને સાંભળીને મુક્તાનંદ સ્વામી કહે જે, "હે મહારાજ, તમારાં દર્શન સારુ તો ઘણાક યોગીઓ અષ્ટાંગયોગને સિદ્ધ કરીને થાકી જાય છે, ને તપસ્વીઓ તપ કરીને થાકી જાય છે, ને રાજાઓ રાજ્ય મૂકીને વનમાં જાય છે તેમને પણ; તથા બ્રહ્માદિક દેવ તેમને પણ સર્વ અવતારના અવતારી અને સર્વના કારણ ને અક્ષરપતિ એવા જે તમે, તે વૈરાટ બ્રહ્માનાં પચાસ વરસે આ બ્રહ્માંડને વિશે પધાર્યા છો. એવા જે તમે, તે તમારાં દર્શન ઘણાં દુર્લભ છે. અને તમારી વાર્તા તો તેથી પણ ઘણી દુર્લભ છે; પણ પાપણી ઊંઘ છે તે સંતને તથા હરિજનોને કનડે છે." એમ મુક્તાનંદસ્વામી કહેતા હતા. ॥૭૧॥

અને વળી એવી રીતનાં મુક્તાનંદસ્વામીનાં વચન સાંભળીને મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, "સંતની ઊંઘ કેમ કરીએ તો ટળે ?" તે વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામીના મનમાં એમ સંકલ્પ રહ્યો હતો જે, 'મહારાજે આપણને રંગ રમાડી તથા જમાડીને ઘણું સુખ આપ્યું પણ મળ્યા નથી.' એવો સંકલ્પ સ્વામીના મનમાં હતો. તેથી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ જેટલા સંત જાગે છે એટલાને તમે મળો તો સવારે એ સંત ઊઠે ત્યારે 'મહારાજ સર્વેને મળ્યા' તે વાત સાંભળીને (તેમના) મનમાં પશ્ચાતાપ થાય તો ફરીને ઊંઘે નહિ. એ ઊંઘ ટાળવાનો ઉપાય છે."

ત્યારે મહારાજ કહે જે, "ઠીક, આવો મળીએ." એમ કહીને પોતે ઊભા થયા ને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી તથા જગન્નિવાસાનંદ સ્વામીને મળ્યા. અને પ્રેમાનંદસ્વામી મહારાજને મળવા સારુ આવ્યા પણ પોતે નીચે ખાંભે હતા ને મહારાજ પાટ ઉપર ઊભા હતા તેથી મહારાજની નાભી ને પ્રેમાનંદસ્વામીનું મુખ બરોબર આવી રહ્યું. તેથી પ્રેમાનંદસ્વામીએ ઘણા સ્નેહથી મહારાજની નાભીમાં બચી કરી.

તે જોઈને મહારાજ ખડખડ હસીને કહે જે, "ઓઈ પ્રેમસખી ભાવ ભજવી ગઈ." એમ કહીને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આ પ્રેમસખી તો સખીભાવ ભજવીને અમારી નાભીમાં બચી કરી ગઈ."

તે વાત સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "ગાંડી છે ? જે, લાગ આવે ત્યારે મેલે ?" એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ તથા સંત ઘણું હસ્યા. તે સમે જિજ્ઞાસાનંદસ્વામી મહારાજને મળીને ત્યાંથી ચાલીને જ્યાં સંત સૂઈ ગયા હતા તે સર્વેને કહે જે, "તમારો બાપ મળતો છે... તમારો બાપ મળતો છે..." એમ કહીને સર્વે સંતને જગાડ્યા.

તે સંત આંખ્યો ચોળતાં ચોળતાં મહારાજને મળવા સારુ આવ્યા. તે જોઈ મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આપણે થોડાક હતા ને આ સંત ક્યાંથી આવ્યા ?" એમ કહીને પોતાની મેળે બોલ્યા જે, "જરૂર પેલા જિજ્ઞાસાનંદનાં કામ હશે !" એમ કહીને જિજ્ઞાસાનંદસ્વામીને બોલાવવા મંડ્યા, પણ જિજ્ઞાસાનંદસ્વામીએ તો સાંભળ્યું પણ નહીં. એવી રીતે મળતાં મળતાં સવાર થઈ ગયું. પછીથી સ્વામીને કહે જે, "આ તો સવાર થયું." તે વાત સાંભળીને અદ્‌ભુતાનદસ્વામી કહે જે, "હે મહારાજ ! આપણે ઊંઘ ઉડાડવી હતી તે ઊંઘ ઊડી ગઈ." એવી રીતે સારી રીતે પોતાના સંતોને પોતાનું સુખ આપીને પોતે ના'વા સારુ સુતારની ઓરડીએ ગયા ને સંત પણ ના'વા જતા હતા.

અને પછી નાહી ધોઈ નિત્યવિધિ કરીને સભાને વિશે આવીને વિરાજમાન થાતા હતા. અને મહારાજ સભામાં પધાર્યા તેમ જાણી સર્વે સંત તથા હજારો હરિજન આવી સભામાં બેઠા. તે સમે મહારાજ સાધુનાં લક્ષણની તથા બ્રહ્મચર્ય વ્રતની તથા ગૃહસ્થના ધર્મની તથા બાઈઓના ધર્મની વિક્તિએ સહિત ઘણીક વાર્તા કરતા હતા. અને પોતાના સ્વરૂપનો માહાત્મ્યે જ્ઞાને સહિત હરિજનના અંતરને વિશે હંમેશ ઉત્સાહ રહે એવો દૃઢ નિશ્ચય કરાવી પોતાનું સુખ આપીને સત્તર દિવસ સુધી પોતાને સમીપે રાખી લાડ લડાવ્યા. અને હરિજનોને પોતાની પ્રસાદીના હાર તથા વસ્ત્ર તથા થાળની પ્રસાદી એ આદિક આપી રાજી કરીને પોતપોતાનાં ગામ જવાની સર્વેને આજ્ઞા આપતા હતા.

તે સમે કેટલાક હરિજનો મહારાજને વિનંતીએ સહિત પગે લાગી ચરણારવિંદ છાતીમાં લઈ મહારાજની મૂર્તિનું તથા રંગ ઉત્સવનું

ચિંતવન કરતા સતા પોતપોતાનાં ગામ જતા હતા. અને મહારાજ તો પોતે ત્યાં રહેતા હતા અને કેટલાક સંત્સગીઓ પણ રહેતા હતા. એવી રીતે તે દિવસે સર્વેને સુખ દેતાં દેતાં બપોર થયા, એટલે બ્રહ્મચારીએ મહારાજને જમવા સારુ થાળ તૈયાર કર્યો હતો તે મહારાજ જમવા સારુ પધાર્યા. અને નારાયણગર બાવે પોતાના મઠની કેડે ધર્મશાળા છે ત્યાં સંતની રસોઈ કરાવી હતી. તે સંત સર્વે ત્યાં જમવા સારુ ગયા ને જમીને આંબલે આવીને બેસતા હતા.

અને મહારાજ થાળ જમીને ત્યાં નારાયણગર બાવાને ઘરે મેડા ઉપર પોઢતા હતા. અને થોડીવાર પોઢીને પોતે ઊઠ્યા અને ઊઠીને મુખ ધોઈ કોગળા કરી, જળપાન કરીને જોબન વરતાલાના ઘર આગળ ઉગમણા પાસાએ ચોક છે ત્યાં પોતે; જોબન વરતાલાની બે દીકરીઓ પરણેલા ધણીને મૂકીને સાંખ્યયોગને પાળતી. તેના પ્રેમના વશ થઈને ચોકમાં સભા કરીને વિરાજમાન થાતા હતા. અને સંત સર્વે ત્યાં આવીને બેસતા હતા ને મહારાજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક સંબંધી ઘણીક વાર્તાઓ કરતા હતા. ॥૭૩॥

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૬૫ થી ૭૩, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગોપાળજી મહારાજને ભગવાન શ્રીહરિમાં પ્રત્યક્ષભાવ :

મહારાજ વરતાલ પધારતા હતા અને સાથે નંદરામભાઈ તથા ગોપાળજી મહારાજ હતા અને બોરુએ ગોપાળજી મહારાજ પોતાના લાલજી ભૂલી ગયા હતા. પછી સામે ગામ મુકામ કર્યો ત્યારે ગોપાળજીભાઈએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! બોરુને મુકામે મારા લાલજી પડ્યા રહ્યા." પછી મહારાજ કહે, "લાવો આપણો ભાતાનો ડબો." તેમાંથી મહારાજ અરધો પેંડો જમ્યા અને પછી કહ્યું કે, "લ્યો ગોપાળજી પ્રસાદી." પછી ગોપાળજી મહારાજ તો જમવા બેઠા. ત્યારે નંદરામજી બોલ્યા જે, "ગોપાળ ! લાલજીકો ધર્યા વગર ક્યું જમતે હો ?" ત્યારે ગોપાળજીભાઈ કહે, "લાલજીએ જમીને મને પ્રસાદી આપી તે હું જમું છું !" ત્યારે નંદરામજી બોલ્યા જે, "ક્યાં છે લાલજી ? દેખાડો !" ત્યારે તેમણે કહ્યું, "આપણા દાદા કહેતા જે, 'તમે આમને લાલજી કરીને પૂજજો.' તે મહારાજે મને પ્રસાદી આપી છે, તેથી જમું છું." (સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૫૧૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું તમે ને માણકીએ સાથે તપ કરેલું :

શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા અને ગાડીમાં મુક્તાનંદસ્વામી બેઠા હતા. મહારાજ માણકીએ ચઢીને ગાડાને પડખે ચાલ્યા આવતા હતા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! આ માણકીએ શું તપ કર્યું હશે ?" ત્યારે મહારાજ કહે, "સ્વામી ! તમે ને માણકીએ સાથે તપ કર્યું છે." એમ મહારાજે સ્વામીને કહ્યું.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૮૨૨, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• મૂળજી બ્રહ્મચારીનું હેત : પ્રદક્ષિણા ઉપરથી કૂદી જળપાન કરાવ્યું :

એક સમે મહારાજ વરતાલ સભા કરીને બેઠા હતા અને મહારાજને તરશ બહુ લાગી હતી. અને મૂળજી બ્રહ્મચારી મંદિરની પ્રદક્ષિણા ઉપર બેઠા હતા. પછી મહારાજે સાદ કર્યો જે, "બ્રહ્મચારી..! મને તરસ લાગી છે." તે સાંભળીને બ્રહ્મચારીએ પ્રદક્ષિણા ઉપરથી પોતાનું શરીર ચોકમાં પડતું મેલ્યું અને ઉતાવળા ઉતાવળા જઈને ઠંડા પાણીનો લોટો ભરીને મહારાજ પાસે લાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "આ બ્રહ્મચારીને પોતાના દેહની પણ ખબર નથી જે, હું અહીંયાંથી પડીશ તો મુને વાગશે, પણ તેમને એક જ એવું અનુસંધાન છે જે, રખે ને મહારાજને પાણી પાતાં વાર લાગે !" પછી મહારાજ સભામાં બોલ્યા જે, "બ્રહ્મચારીને મારા ઉપર એવું હેત છે કે, પોતાના દેહની પણ ગણતી નથી." (સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૮૭૮, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલ સમૈયામાં શાસ્ત્રીઓનો તથા કૃત્યાનો પરાભવ કર્યો :

પછી પ્રભાતે (પચ્છમથી) ઊઠીને ચાલ્યા, તે ગામ મોરજને વિશે પધાર્યા. ત્યાં હરિભક્ત ગોકળદાસ હતો, તે સાંખ્યયોગી હતો. તેનો દુરાચાર જોઈને ધર્મધુરંધર એવા જે શ્રીજીમહારાજ તે તેની સેવા-પૂજાને ગ્રહણ ન કરીને રાત્રી મધ્યે ચાલી નીકળ્યા, તે ગામ ઊંટવાડા મધ્યે હરિભક્ત શિરોમણિ એવા જોઈતા પગીના ઘરને વિશે બિરાજમાન થયા. તેનો સર્વે પરિવાર તે ધર્મપરાયણ વર્તતો હતો.

તે જોઈને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા. અને તે પગીએ મોટો પલંગ બિછાવીને તે ઉપર મહારાજને પધરાવ્યા. ને પોતે દુર્બળ હતો તેથી કાઢોચાર કાઢીને(વસ્તુના બદલામાં અથવા ઉછીના લઈને) ઘણાંક ઘી, મિસરી, દાળ ને ચોખા લાવીને હાજર કર્યા ને અતિ હરખથી સેવા કરીને શ્રીજીમહારાજની આગળ હાથ જોડીને બોલ્યો જે, "મારા અહો ભાગ્ય જે, હું દુર્બળ ઉપર મોટી કૃપા કરી ને મારા ઘરને વિશે તમે પધાર્યા ! તે મારા કોઈ પૂર્વનાં પુણ્ય ઉદય થયાં તેમ છે."

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમે કહો છો તેમ જ આ સમો છે. ને હે ભક્ત ! અમે તો ગરીબની ઉપર જેવા રાજી છીએ

તેવા ધનાઢ્ય ઉપર રાજી નથી. ને વેવારે દુબળા હોય ને ધર્મ પાળવાને વિશે બળવાન હોય તેની સેવા ને પૂજા ગ્રહણ કરીએ છીએ.'' તે આદિક ઘણીક વાર્તા કરીને તેને રાજી કર્યો.

પછી તેણે ઘોડાને સારુ નીલી કડબ સકણસી (અનાજના દાણાવાળા ડૂંડા સહિત) ને સરાઉ (જે ઘાસ વખતસર કાપી, સારીને પછી સુકવણી કરી પૂળા વાળી સારી રીતે સંઘરેલું હોય તેને સરાઉ ઘાસ કહે છે.) લાવી મહારાજના ભેગા ઘણાક ઘોડા હતા, તેને નીલી ચાર્ય લાવીને નાંખી. ને પછી શ્રીજીમહારાજનો થાળ સંતે કર્યો હતો, તેને પ્રીતિપૂર્વક જમ્યા. ને પોતે જમીને સર્વે સંત ને સંઘના જનને જમાડ્યા. પછી તેના સર્વે જનને જમાડીને હરિએ તે હરિજનને પૂછ્યું જે, ''તમે તમારો વેવાર શી રીતે ચલાવો છો ? તે કહો.''

ત્યારે તેણે કહ્યું જે, ''હે મહારાજ ! અમારું ગામ હતું, તે કોઈ બળિયા રાજાએ દબાવી લીધું છે. તેથી વેવારે અતિ દુર્બળતા આવી છે. તે બંટી-બાવટો(એ નામનું હલકું ધાન) ખાઈને તમારું ભજન કરીએ છીએ.''

પછી શ્રીજીમહારાજે શિલોંચ્છ ઋષિની વાર્તા કહી દેખાડી. પછી તેને મહારાજે એમ કહ્યું જે, ''એક માસમાં તમને તમારો ગરાસ ગયો છે તે મળશે, માટે બેફીકર રહેજો.'' તેમ કહીને ત્યાં નિશા નિવાસ કરીને શ્રીજીમહારાજ પ્રભાતે સધાવ્યા, તે શ્રીવરતાલે પધાર્યા ને ત્યાં રામનવમીના મોટા સમૈયાનો ઉદ્યોગ(તૈયારી; કામકાજ) કરાવવા લાગ્યા.

પછી તે જોઈતાભક્તને શ્રીજીમહારાજની કૃપા થઈ તે લખીએ છીએ. એક દિને સમે તે(જોઈતા પગીનું ગામ દબાવનાર) નવાબના બહારવટિયા તેના બાન ઝાલીને (બહારવટિયા કોઈ રાજા કે ધનવાન પાસેથી રૂપિયા પડાવવા તેના કુટુંબીને પકડીને લઈ જાય, તેને રાજા કે ધનવાનના બાન પકડ્યા કહેવાય. રૂપિયા આપે પછી છોડી દે છે.) લઈ જાતા હતા.

તે સામા જોઈતા પગીએ પોતાના ઘણાક મનુષ્ય લઈને તે સાથે જૂધ કરી મુકાવ્યા. તે જોઈને નવાબે તેનો સર્વે ગરાસ થોડાક દિવસમાં પાછો આપ્યો ને પછી તેને પહેરામણી મળી.

ને હવે વડતાલમાં શ્રીજીમહારાજને દર્શને ઘણાક સંત ને હરિજન બાઈઓ ને ભાઈઓ અગણિત આવ્યાં ને મોટો સમૈયો થયો. ને ઘણાક ભણેલા શાસ્ત્રી, પુરાણી ને ન્યાયશાસ્ત્ર તથા તર્કશાસ્ત્રાદિકના ભણેલા ઘણાક શાસ્ત્રવેત્તા શોભારામ આદિક શ્રીજીમહારાજને જીતવા સારુ આવ્યા હતા. તેણે ઘણાક શાસ્ત્રાદિકના ઘણાક કઠણ પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર સર્વે પ્રકારે શ્રીજીમહારાજે કરી દેખાડ્યા.

પછી તે સર્વે શાસ્ત્રીઓ પ્રત્યે પોતે અલૌકિક પ્રશ્ન પૂછ્યા જે, ''સુષુમ્ણા નામે નાડી તથા ઈંગલા ને પિંગલા આદિક નાડિયું તે પિંડને વિશે કેમ રહી છે ? ને આ બ્રહ્માંડને વિશે કેમ રહી છે ? તે કહો. ને વળી ગણપતિને લઈને ષટ્ચક્ર તેની (જેના દેવતા ગણપતિ છે, એવા મૂલાધાર ચક્રથી આરંભીને મૂર્ધ્યચક્ર સુધી ષટ્ચક્રની) વાર્તા વિસ્તારીને પૃથક પૃથક કહી દેખાડો.'' એ આદિક ઘણાક અલૌકિક પ્રશ્ન શ્રીજીમહારાજે સર્વે શાસ્ત્રવેત્તાને પૂછ્યા, પણ તેનું કોઈ રીતે સમાધાન ન થયું ને આઠ દિવસ સુધી વિદ્યા-વિવાદ થયો, પણ મહારાજના પ્રશ્નના ઉત્તર ન થયા. ત્યારે સર્વે શાસ્ત્રી હાથ જોડીને બોલ્યા જે, ''હે મહારાજ ! તમારા પ્રશ્નના ઉત્તર તે તો ચતુરાનન પણ કરવા સમર્થ નથી, તો અમોથી તે પ્રશ્નનો ઉત્તર કેમ થાય ?'' તેમ હાર પામીને શોભારામ આદિક સર્વે શાસ્ત્રી શ્રીજીમહારાજને ચરણે નમતા થકા મહારાજનો આશરો કરીને પોતાની વિદ્યાના માનને મૂકીને મોટા હરિજન થયા.

પછી શ્રીજીમહારાજની મોટી સભા ભરાઈ ને ઘણાક સંતજન ને ઘણાક હરિજનની સભા બેઠી હતી. ત્યાં એક કૃત્યારૂપિણી મૂર્તિમાન ડાકણી, તે સર્વે ભેખધારી ને મતવાદીની પ્રેરી થકી જે સ્થળને વિશે મહારાજ બિરાજે છે, ત્યાં આવી ને ભયાનક શબ્દ કર્યો. પછી પોતાના મેલા મંત્રાદિકના પ્રયોગો કરવા લાગી. ને સિંદૂરે ચોપડેલા ઘણા અડદના દાણા શ્રીજીમહારાજની ઉપર નાંખતી થકી બોલી જે, ''હે સ્વામિનારાયણ ! તમે ઘણાક મનુષ્યને પરમોદ ઘો છો, પણ હવે તમે ખબરદારીથી રહેજો ! હું કૃત્યા છું ને વળી મારા મેલા મંત્રથી મોટા ભૂપને પણ મારું એવી છું. ને ઘણીક સ્ત્રીઓ ને બાળનું ભક્ષણ કરનારી છું.'' તેમ કહ્યું. તે જોઈને સર્વે ગૃહસ્થ જન સભીત થયા.

પછી શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા, ''હે દુષ્ટ ! હે પાપણી ! હે બાળકની મારનારી ! હે કૃત્યા ! તું અમારા દ્વેષી એવા અસુરાંશી જે ભેખધારીની પ્રેરી થકી આવી છો, તો તારા જે સર્વે મેલા મંત્રના પ્રયોગ તે તું કર.'' પછી તે પ્રયોગ કરવા લાગી. ત્યારે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે બોલ્યા જે, ''જેમ ગોકુળને વિશે માસી પૂતના આવી'તી, તેવી આ કૃત્યા આવી છે.'' પછી તેણે ઘણાક મંત્રના પ્રયોગ શ્રીજીમહારાજ ઉપર કર્યા, પણ તે સર્વે વૃથા થયા. તે જોઈને કૃત્યા ભય પામી, ને શ્રીજીમહારાજનો પ્રતાપ નથી જાણતી એવી તે કૃત્યા પ્રત્યે મહારાજે કહ્યું જે, ''તારા પ્રયોગ બાકી હોય તો કર !'' તેમ કહીને શ્રીજીમહારાજે પોતાનું યોગેશ્વરપણું દેખાડ્યું. તે શું ? તો રાડ પાડીને પૃથ્વીને વિશે પડી ને તેનું શરીર ઘણું ઊંચું ઊડી ઊડીને પૃથ્વીને વિશે પછડાતું હતું. તેમ સર્વે જન જોઈ અતિ આશ્ચર્ય પામ્યા. ને સર્વે હરિજને શ્રીજીમહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! આનું શરીર ઊડી ઊડી પડે છે, તે શું હશે ?'' ત્યારે શ્રીજીમહારાજે

કહ્યું જે, "તેણે ઘણાંક માણસ, સ્ત્રીઓ ને બાળકને માર્યાં છે. તે પાપથી તેને જમપુરીને વિશે પ્રવેશ કરાવ્યો છે. ત્યાં તેના સૂક્ષ્મ શરીરને જમદૂત મારે છે, તેથી અહીં તેનું સ્થૂળ શરીર ઊડે છે. તેમ તે ભગવાનનું યોગૌરપણું જાણવું. ને આ તો મૂર્તિમાન મૃઘી છે ને મૃત્યુદેવી છે, તેમ તમે જાણજો."

પછી તેને જમરાજાએ કહ્યું જે, "હે મૃત્યુદેવી ! આ પૃથ્વીને વિશે સર્વોપરિ એવા જે સહજાનંદસ્વામીરૂપી પુરુષોત્તમ અવતારી પુરુષ છે, તેના વચનનો તેં ભંગ કર્યો છે, તેથી તુંને દંડ કરશું." પછી કૃત્યાએ જમરાજાને કહ્યું જે, "જેમ તે મહારાજ રાજી થાશે તેમ કરીશ."

પછી સર્વે જને કહ્યું જે, "હે મહારાજ ! આ પાપણી ડાકણીને ઉઠાડો." ત્યારે તેને શ્રીજીમહારાજે છડી મારીને ઉઠાડી. ને તેને પૂછ્યું જે, "તારો જીવ ક્યાં ગયો'તો ?"

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! મહાભયાનક જમપુરીમાં ગયો'તો. ને ત્યાં મને ઘણોક ભય પમાડીને યમપુરુષ દંડ કરતા હવા." ત્યારે તેને મહારાજે કહ્યું જે, "તું તારા દેહ પ્રત્યે શી રીતે આવી ? તે વાર્તા સર્વે જન સાંભળતાં કહી દેખાડ." ત્યારે હાથ જોડીને સભીત થકી બોલી જે, "હે મહારાજ ! જમરાજાએ તમારા પ્રતાપનો ઘણો જશ ગાયો અને હે મહારાજ ! તમે તો મનુષ્યાકૃતિ ધરીને આ પૃથ્વીને વિશે વિચરતા એવા સર્વે અવતારના અવતારી પુરુષ છો, પણ તેને ન જાણતી થકી મેં તમારો અપરાધ કર્યો, તે અપરાધને ક્ષમા કરો ! ને હું તો સ્ત્રીનું તન ધરીને ફરતી એવી મહાકૃત્યા છું. તે તમે એક જ મને જાણવા સમર્થ છો, પણ બીજા જન કોઈયે ન જાણે. અને હે તરણતારણ ! (ભવસાગરમાં તરવા ને બીજાને તારવા સમર્થ) હવે શી રીતે મારે વર્તવું ? ને હું તો કૃત્યારૂપી છું ને બાળને મારનારી જ છું."

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમને તો અહિંસાધર્મ અતિ પ્રિય છે. તેથી અમે તને હિંસક ધર્મ નહીં બતાવીએ. ને આજની રાત્રી મધ્યે વીર હનુમાનને તું દેખીશ. તે કહે તેમ તારું ગુદરાણ કરજે." તેમ કહીને શ્રીજીમહારાજ ધૂન-આરતી કરીને પોઢી ગયા.

પ્રભાત સમે શ્રીજીમહારાજે દંતધાવન કરીને સ્નાનવિધિ કરી. પછી પૂજાવિધિ કરીને પુર બહાર એક મોટું આંબલીનું વૃક્ષ હતું, ત્યાં પોતાના હિંડોળા મધ્યે બિરાજમાન થયા. ત્યારે તે કૃત્યા ત્યાં આવીને હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! આજ નિશાને વિશે વીર હનુમાન મને મળ્યા. તેમને મેં મારું સર્વે વૃતાંત્ત કહી દેખાડ્યું. ત્યારે મને તેમણે એમ કહ્યું જે, 'તું કૃત્યા બાળકને મારનારી છો. ને તને શ્રીજીમહારાજે કહ્યું જે, તું હનુમાન પાસે જા, ને તે કહે તેમ કરજે. ત્યારે હે કૃત્યા ! હરિએ પ્રેરી એવી તું મારી પાસે આવી, તે હવે હું તને આજ્ઞા કરું છું જે, જે સ્ત્રીઓ વ્યભિચારે કરીને પ્રજા ઉપજાવે તેના બાળનું તું ભક્ષણ કરજે. ને વળી વ્યભિચારિણી સ્ત્રીઓ તેને બાળકનો પ્રસવ સમય કહેતા સૂતકી ગ્રહના સમયે તેનો ભક્ષ કરજે. ને વળી પરસ્ત્રીના સંગી પુરુષ વ્યભિચારી જે હોય તે સર્વે વ્યભિચારી પુરુષનો તારી સહચરીઓ મૃઘીરૂપિણી મૃત્યુદેવીઓ, નાશ કરજો." તેમ હનુમાને કૃત્યાને જે કહ્યું હતું, તે સર્વે વૃ તાંત્ત કૃત્યાએ શ્રીજીમહારાજ આગે કહી દેખાડ્યું.

ત્યારે મહારાજે કહ્યું જે, "જે મનુષ્ય સ્ત્રી-પુરુષ વ્યભિચારી હોય તે અમને ન ગમે, તેમ જ હનુમાનને પણ નથી ગમતાં, માટે હનુમાનજીએ અમારી રુચિ પ્રમાણે આજ્ઞા કરી છે." પછી તે સમે શ્રીજીમહારાજે પોતે ઊભા થઈને તાળી પાડીને સર્વે જન જે બાયું-ભાયું તે પ્રત્યે કહ્યું, "જે જન અમારાં વચન લોપીને વ્યભિચાર કરશે, તે સર્વેનો કૃત્યા આદિક દેવીઓ પરાભવ કરશે. તે સારુ સર્વે જન અમારાં વચન પ્રમાણે વર્તજો." તેમ કહીને પોતે જમવા પધાર્યા. પછી પોતે જમીને સર્વે સંત ને હરિજનને જમાડીને પોતાને ઉતારે જઈને પોઢી ગયા.

(પ.ભ. શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત લીલા ચિંતામણિ : પ્ર.૮૧)

• વડતાલના રસ્તે ભગવાન શ્રીહરિએ ગાયોને બોલાવી તેથી દોડી આવી :

એકવાર શ્રીજીમહારાજ વરતાલ જાતા હતા ને ભેગા કાઠીઓના સ્વાર પણ ઝાઝા હતા. ને વગડામાં પંદર-વીસ ગાયોનાં ટોળાં ચરતાં હતાં. તે ગાયોના ગોવાળ સર્વે ભેગા થઈને તળાવની પાળ ઉપર ઝાડ હેઠે બેઠા હતા, ને ગાયો મોકળી મોકળી ચરતી હતી. તે ગાયોને દેખીને સુરા ખાચરે મહારાજને પૂછ્યું જે, "નંદજીને નવ લાખ ગાયો હતી, એમ કહેવાય છે, ને તે ગાયોના ચારનાર તો શ્રીકૃષ્ણ એક જ હતા. તે એકલાથી એ ગાયો કેમ ચરાય ? કેમ વળાય ? એ શી રીતે થાતું હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગવાનને એ કરવું કાંઈ કઠણ નથી." ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "કઠણ કેમ નથી ? એકલાથી ઘણી ગાયોનું એ કામ કેમ બને ? જુઓને, આ ટોળાં ચરે છે, પણ ગોવાળિયા ઘણા છે ત્યારે ચરે છે. માટે એ વાત તો કાંઈ સમજાતી નથી."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, હું તમને એમનું પારખું દેખાડું. તમે સૌ આંહીં ઊભા રહો." એમ કહીને પોતે જ્યાં એ સર્વે ગોવાતી(ગોવાળિયા) બેઠા હતા, ત્યાં જઈને એમને પૂછ્યું જે, "ગાયો તમારી ચરે છે ?" ત્યારે ગોવાળિયા કહે, "હા, અમારી ગાયો ચરે છે." ત્યારે મહારાજ કહે, "આ ગાયોને કોઈક વાંભ (ગાયને બોલાવાતો શબ્દઅવાજ) કરીને લઈ જાય તો જાય કે ન જાય ?" ત્યારે તે ગોવાળિયા કહે, "આ ગાયો તો અમને હળેલી છે, તે અમારા વિના કોઈ ભેગી જાય નહીં." ત્યારે મહારાજ કહે, "આ તમારી ગાયોને હું વાંભ કરીને લઈ જાઉં છું, તમારે આડું આવવું હોય તો આવો. પછી કહેશો જે, અમને ચેતવ્યા નહીં."

એમ કહીને ગાયોને વાંભ કરીને ઘોડી દોડાવી. ને એ સર્વે ગાયો ઊંચાં પૂછ કરી અને કાન ચડાવીને મહારાજની વાંસે દોડી. તેને સર્વે ગોવાતી આડા આવી લાકડીઓના ઘા કરે, પણ કોઈ ગાય ઊભી રહે નહીં. અતિ ભડકીને જેમ ત્રીઠિયું હોય તેમ ઘોડીની વાંસે દોડી જાય. તે મહારાજ આઘે જઈને ઊભા રહ્યા, ત્યારે એ સર્વે ગાયો મહારાજ ફરતી ફરતી ઊભી રહી. ને એક નજરે મહારાજ સામું જોઈ રહી.

ત્યારે એ ગોવાળિયાઓએ કહ્યું જે, "આ તો કનૈયોલાલ છે, નહીં તો અમારી ગાયો કોઈથી જાય નહીં." પછી મહારાજે સાન કરી, તે સર્વે ગાય પાછી વળી નીકળી. પછી મહારાજ એ કાઠી ભેગા થઈને બોલ્યા જે, "જુઓ, આ અમારી લીધી ગાય સર્વે આવી, તો શ્રીકૃષ્ણ ભગવાનને શું કઠણ પડે ?" એમ વાત કરી. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૩૩)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મરાક્ષસ કાઢ્યો :

એકવાર શ્રીજીમહારાજ વરતાલ પધાર્યા હતા. તે સમે ગામના કોઈક બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગેલો હતો. તેણે ઘણા ઘણા ઉપાય કરેલા પણ નીકળેલો નહીં, ને તે બ્રાહ્મણ મરે એવો થઈ ગયેલ. ત્યારે કોઈક હરિભક્તે એને કીધું જે, "આ સ્વામિનારાયણ વરતાલે આવ્યા છે તે ભગવાન છે. તે તેમની પાસે જો જાઓ તો તમારો બ્રહ્મરાક્ષસ જાય." પછી ગાડીમાં બેસારીને તેને વરતાલ લાવ્યા, ત્યારે મહારાજ લક્ષ્મીનારાયણના મંદિરના ઓટા ઉપર બેઠા હતા. તેમની સામો ઊભો રાખીને ભેગા આવેલ બ્રાહ્મણે કીધું જે, "હે મહારાજ ! આને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. તેના અમે ઘણા ઘણા ઉપાય કર્યા પણ નીકળતો નથી. તે સારુ તમારી પાસે લાવ્યા છીએ."

ત્યારે મહારાજ કહે, "એને આંહીં ઓટા ઉપર લાવો." પછી એને ઓટા ઉપર લઈ ગયા, ત્યારે મહારાજ કહે, "આ સંતને પગે લાગ." ત્યારે એ સંતને પગે લાગ્યો, મહારાજને પગે લાગ્યો. પછી મહારાજ કહે, "એને મારી સામો ઊભો રાખો." પછી મહારાજ સામો એને ઝાલીને ઊભો રાખ્યો. પછી મહારાજ કહે, "મારી સામું જો." પછી એણે મહારાજ સામું જોયું, ત્યાં તો એનાં નાડીપ્રાણ તણાઈ ગયાં ને સમાધિ થઈ. તે ઘડીક વાર સમાધિ રહીને ઊતરી ગઈ. ત્યારે મહારાજ કહે, "તેં શું દેખ્યું ?" ત્યારે તેણે કીધું જે, "મેં તો મહામોટો પ્રકાશ દેખ્યો."

ત્યારે મહારાજ કહે, "ફેર મારા સામી દૃષ્ટિ કર." ત્યારે તેણે ફેર મહારાજ સામું જોયું, ત્યારે વળી સમાધિ થઈ ગઈ. તે ઘડીક વાર રહીને ઊતરી. ત્યારે મહારાજે કીધું જે, "હવે તેં શું દેખ્યું ?" ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "હે મહારાજ ! મેં જે પ્રથમ પ્રકાશ દેખ્યો હતો, તેમાં તમે જેમ આંહીં બેઠા છો, તેવા મેં ત્યાં તમને દેખ્યા. ને આ સાધુ, હરિભક્ત પણ ત્યાં તમારી પાસે જેમ આંહીં બેઠા છે, તેમ ત્યાં બેઠા છે, એમ મેં દેખ્યું." ત્યારે મહારાજ કહે, "તારો બ્રહ્મરાક્ષસ તો ગયો, પણ પાછો તું બ્રહ્મરાક્ષસ થાતો નહીં." પછી તે બ્રાહ્મણે વર્તમાન લીધાં, સાધુને રસોઈ દીધી ને સત્સંગી થયો. ને સાજો થઈ ઘેરે ગયો. એમ બ્રહ્મરાક્ષસનું મહારાજે કલ્યાણ કર્યું. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૧૯)

• વડતાલમાં પ્રસાદીના જળમાં નાતા છોકરાને ઇન્દ્રપદ આપ્યું :

એકવાર શ્રીજીમહારાજ વરતાલ (હરિમંડપની) અગાશીમાં નાતા હતા, ને મૂળજી બ્રહ્મચારી નવરાવતા હતા, ને ખાળેથી પ ણીની ધાર હેઠે થાતી હતી. તે ધારમાં પાંચ સાત છોકરા નાતા હતા ને તેનો શોર થાતો હતો. તેથી બ્રહ્મચારીએ હેઠે જોયું, ત્યારે એ છોકરાને નાતા દેખીને મહારાજને કીધું જે, "આ છોકરા આ પાણીને ખળખળિયે નાય છે ને કલોલ કરે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી, એ સર્વે છોકરાને ઇન્દ્રની પદવી મળશે. આજ તો એ છોકરાને જ્ઞાન નથી, પણ એનું એવડું મોટું ભાગ્ય થયું છે." એમ મહારાજે વાત કરી. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૨૯)

• વડતાલ જતા રસ્તામાં જમાદારને સમાધિમાં પેગંબરોએ ભગવાન શ્રીહરિ ઓળખાવ્યા :

એકવાર શ્રીજીમહારાજ વરતાલ સમૈયો કરવા જાતા હતા. રસ્તામાં એક સારા આંબાવાડિયામાં પોતે ઊતર્યા ને સાધુ, પાળા ને હરિભક્તની સભા ભરાઈને બેઠી. બીજી તરફ બાઈઓની સભા ભરાઈને બેઠી ને મહારાજ વાતો કરતા હતા. તે ટાણે એક જમાદાર

પચવીશ ઘોડેસ્વાર સાથે મહારાજની સભા પાસે થઈને નીકળ્યો. તેણે ઘોડેથી ઊતરીને મહારાજ પાસે જઈને નમસ્કાર કર્યા. ને સભા સામું જોઈને એ જમાદારે એવો સંકલ્પ કર્યો જે, "આ સભામાં બાઈઓ પણ છે, માટે ચોખ્ખો ધર્મ તો ક્યાંથી પળતો હશે ?" એવો વિચાર કરતાં જ તે જમાદારને સમાધિ થઈ તે પૃથ્વી ઉપર દડી પડ્યો.

અને તે સમાધિમાં પોતાના ચોવીસ પેગંબરને મહારાજની સેવા કરતા દેખ્યા. ત્યારે તેણે પોતાના પેગંબરોને પૂછ્યું જે, "આ સ્વામિનારાયણની તમે સેવા કરો છો, તે કોણ છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "એ તો અમારા ઉપરી ખુદા છે, ને અમે તો એમના મોકલ્યા આવ્યા છીએ. તેં એમના ઉપર ખોટો ભાવ કેમ ધાર્યો ? તને દોષ લાગ્યો, તે માટે એમની પાસે માફ કરાવ." એમ એ સમાધિમાં દેખે. ને તે જમાદારને પૃથ્વી ઉપર પડેલો દેખીને તેમના સર્વે સ્વારો ઘોડેથી ઊતરીને તે જમાદારને જગાડવા માંડ્યા. તે ઘણો ઘણો દાખડો કરે, હેરવે ફેરવે, પણ જાગે નહીં. પછી સૌ ઉદાસ થઈ મહારાજ પાસે આવી પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! આમને તો તમે જગાડશો ત્યારે જાગશે. અમારી તો કાંઈ કારીગરી ચાલતી નથી." ત્યારે મહારાજ કહે, "હવે એમને તમે જગાડો, એ જાગશે."

ત્યારે એમણે એ જમાદારને જગાડ્યા, તે તરત બેઠા થઈને શ્રીજીમહારાજના પગમાં પડીને રોવા માંડ્યું. તે રોતો જાય ને મહારાજને કહેતો જાય જે, "હે મહારાજ ! તમે તો સર્વેના ઉપરી ખુદા છો ને અમારા ચોવીસે પેગંબર તમારી સેવા કરે છે. તે પેગંબરે મને કીધું છે જે, 'સ્વામિનારાયણ ઉપર તેં ખોટો સંકલ્પ કર્યો તેનો તને મહાદોષ લાગ્યો છે. તે એમની પાસે માફ કરાવજે.' માટે હે મહારાજ! હું તમારો ગુનેગાર છું, તે મારો ગુનો માફ કરીને તમારી સેવામાં મને રાખો. હવે હું આંહીંથી ઘેર નહિ જાઉં."

ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "હવે તમે રોવો મા. તમારા સર્વે ગુના માફ છે. તમે તમારા માણસો ભેગા ઘેરે જાઓ." ત્યારે તે જમાદાર કહે, "હે મહારાજ ! હવે હું ઘેર નહિ જાઉં, તમારી સેવામાં રહીશ." ત્યારે મહારાજ કહે, "અમારે કીધે તમે ઘેર જાઓ. અમે તમારી સેવા માની લેશું ને તમારું કલ્યાણ કરીશું." પછી વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવી રજા લઈને ચાલી નીસર્યો. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૬૬)

● વડતાલથી રામપ્રતાપભાઈ રિસાઈને અમદાવાદ ગયા :

એકવાર શ્રીજીમહારાજે વરતાલ સમૈયો કર્યો ને રામપ્રતાપભાઈ પણ ભેગા હતા. તે મહારાજની પૂજા થાય ત્યારે રામપ્રતાપભાઈની આગળ પણ ભેટ આવતી જાય. તે જોઈને ઇચ્છારામના ઘરનાં વરિયાળીબાઈ હતાં, તેમણે ખીજીને રામપ્રતાપભાઈને વઢવા માંડ્યું જે, "અમારા દેશની ભેટ કેમ લેવા માંડી છે ? તમે તમારા દેશમાં જાઓ." તે રામપ્રતાપભાઈ સાંભળીને, અતિ કોપાયમાન થઈને, બે વચન આકરાં કહીને, રિસાઈને ચાલી નીસર્યા. તે બે પોતાના પાળા હતા, તેમને ભેગા લઈને પગપાળા ચાલ્યા. ત્યારે સર્વે સાધુએ મહારાજને કહ્યું જે, "ભાઈને રાખો." ત્યારે મહારાજ કહે, "એ મારું કહેવું માનશે નહિ ને તમે જાઓ."

પછી બ્રહ્માનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી ગયા, ને ભાઈને ઘણું ઘણું કીધું પણ પાછા વળ્યા નહીં. ત્યારે સાધુએ કહ્યું જે, "ભાઈ, આવડો ક્રોધ કેમ રાખો છો ?" ત્યારે ભાઈ કહે, "મારે તો સો ગાડાં ક્રોધનાં છે. તેમાંથી એક ગાડું આ બ્રહ્માંડમાં વેચ્યું છે. તેમાંથી શિવ, બ્રહ્મા, દેવ ને મનુષ્ય, સર્વેમાં આવ્યો છે. માટે તમારે મને કાંઈ કહેવું નહીં."

પછી સાધુએ તો પાછા આવી મહારાજને સમાચાર કીધા. ને રામપ્રતાપભાઈનાં સ્ત્રી હતાં, તે પણ વાંસે પગપાળા ચાલી નીસર્યાં. પછી મહારાજે એક ગાડી ને બે ડાંગરવાના સ્વારને વાંસે મોકલ્યા ને કહ્યું જે, "ભાઈને ઘોડે બેસારજો ને તેમની સ્ત્રીને ગાડીએ બેસારજો." પછી તેમણે આવીને ભાઈને બહુ બહુ વિનય કરીને ઘોડે બેસાર્યા ને તેમની સ્ત્રીને ગાડીએ બેસાર્યાં.

લૂંટવા આવેલ કોળીઓનો ભાઈએ પરાભવ કર્યો :

પછી ચાલ્યા તે ચાલતે ચાલતે રસ્તામાં કોળી લોક તીરકામઠાંવાળા ચાલીસ-પચાસને આશરે એ ગાડી દેખીને લૂંટવા સારુ આગળ આવ્યા. તેને દેખીને એ ચાર પાળા જે ભાઈ ભેગા હતા, તેમણે ભાઈને કીધું જે, "તમે ને આ ગાડી આંહીં ઊભા રહો ને અમે આગળ ચાલીએ." ત્યારે ભાઈ બોલ્યા જે, "એ અમારા કામ છે, તમથી પાછા હઠશે નહીં."

એમ કહીને ઘોડેથી હેઠા ઊતરીને હાથમાં ઉઘાડી તરવાર લઈને આગળ ચાલ્યા, ત્યાં તો એ કોળી નજીક આવી ગયા. ત્યારે રસ્તામાં એક મહુડાનું મોટું ઝાડ હતું, તેના થડને ભાઈએ પગનું ઠેબું માર્યું, તે ઝાડ મૂળમાંથી નીકળીને ઊડ્યું. તે જ્યાં એ કોળી ઊભા હતા, તેમની ઉપર જઈને પડ્યું. તે કેટલાક કોળી મરી ગયા ને કેટલાકના હાથપગ ભાંગી ગયા. એમ તેનો કચ્ચરઘાણ ઊડી ગયો. પછી ભાઈએ એ કોળીના તીરકામઠાંનો ભારો બંધાવી ગાડીમાં નંખાવીને લઈ ગયા, તે અમદાવાદ ગયા. એવી રીતે પોતાના મહા પ્રતાપ થી એ ચોર કોળી લોકોનો પરાભવ કર્યો. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૭૬)

• સુરતના સંઘની દર્શનાતુર ડોસીને ભગવાન શ્રીહરિનાં દર્શન :

એકવાર શ્રીજીમહારાજ વરતાલે સમૈયો કરવા સારુ પધાર્યા હતા. તે સમૈયો પૂરો કરીને ચાલવા સારુ તૈયાર થઈ ઘોડેસ્વાર થઈને બારા નીકળ્યા. ત્યાં તો સુરતનો સંઘ વરતાલ આવી પહોંચ્યો. એ સર્વે સંઘે મહારાજનાં દર્શન કર્યાં. ને તે સંઘ સર્વેને મહારાજે કહ્યું જે, "હવે અમે ચાલશું ને તમે સૌ ગઢડે આવજો." એમ કહીને મહારાજ તો સર્વે સ્વારે સહિત ચાલી નીસર્યા. તે બે ગાઉ પહોંચ્યા ત્યારે સુરતની એક ડોસી વાંસે રહી ગયેલી, તે વરતાલ આવી.

ત્યારે તે ડોસીને સંઘવાળે કહ્યું જે, "અરે ડોસી ! આંહીં તો મહારાજ હતા ને અમારે સૌને દર્શન થયાં ને તું વાંસે કેમ રહી ગઈ ?" એવું સાંભળીને ડોસીએ તો રોવા માંડ્યું ને મહારાજ વાંસે દોડી. તે દોડતી જાય ને રોતી જાય ને એમ કહેતી જાય જે, "અરે દયાળુ! હું અભાગણીને દર્શન દીધાં વગર તમે જાતા રહ્યા !" તે ડોસી ઘડપણમાં દોડી શકે નહીં, તેથી ખેતરમાં ગોથાં મારે ને વિલાપ કરે. ત્યારે મહારાજે પોતાના સ્વારોને કહ્યું જે, "તમે સૌ આંહીં ઊભા રહો, મારે પાછું જાવું પડશે. તે જઈને હમણાં પાછો આવીશ."

એમ કહીને માણકી ઘોડીને દોડાવી, તે જ્યાં એ ડોસી ગોથાં મારતી હતી, તેની પાસે આવીને ઊભા રહ્યા. ને એ ડોસીને કહ્યું જે, "હવે તું રો મા ને વિલાપ કર મા. આ હું તને દર્શન દેવા બે ગાઉથી પાછો આવ્યો. માટે હવે મારાં દર્શન કર."

પછી તો એ ડોસી પગમાં માથું મેલીને વારંવાર પગે લાગે. પછી મહારાજે હાર પહેર્યા હતા, તે સર્વે એ ડોસીને આપીને કહ્યું જે, "હવે અમને રજા આપો તો ચાલીએ." ત્યારે ડોસી કહે, "મારા વિહામા ! હવે પધારો !" પછી મહારાજે દોડ કરીને પોતાના સ્વારો ભેગા થયા. એવી રીતે એ ડોસીને દર્શન દીધાં. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૮૧)

• ઝાલાવાડી સંઘની પરીક્ષા ને ડોસીનો ભગવાન શ્રીહરિ પ્રત્યે પ્રેમ :

એકવાર શ્રીજીમહારાજ વરતાલમાં વિરાજમાન હતા. તેમનાં દર્શન કરવા સારુ ઝાલાવાડી સંઘ વરતાલ જાતો હતો. તે સંઘ નડિયાદ પહોંચ્યો ત્યારે તેમની ખબર મહારાજને પડી જે, 'ઝાલાવાડી સંઘ આંહીં આવે છે. તે વરતાલ આજ આવશે તો અસુર(રાત;મોડું) થાશે.' માટે એક અસ્વાર મોકલીને નડિયાદ રોકાવીએ તો ઠીક. પછી સુરા ખાચરને મહારાજે આજ્ઞા કરી તે અસ્વાર મૂકી નડિયાદ એ સંઘને રોકાવ્યો.

પછી વળી મહારાજે સુરા ખાચરને કહ્યું જે, "આ તો ઘણી વેળા છે, તે સંઘ તો આંહીં પહોંચી જાત, પણ આપણે ના પાડી તે આજ આંહીં નહીં આવે, ને પારકે પાદર રાતના હેરાન થાશે. માટે બીજો અસ્વાર મૂકીને એમને આંહીં તેડાવો." પછી બીજો સ્વાર મૂકીને એ સંઘને વરતાલ તેડાવ્યો.

પછી વળી મહારાજ બોલ્યા જે, "સુરા ખાચર, આપણે એ સંઘને આજ આંહીં તેડાવ્યો તે આવ્યા વગર રહેશે નહીં, ને અસુર થાશે તોપણ આવશે. માટે ત્રીજો સ્વાર મૂકીને એ સંઘ નડિયાદ રહીને સવારે આવે એમ કરો." પછી વળી ત્રીજો સ્વાર મૂકીને એ સંઘને નડિયાદ રખાવ્યો.

પછી સવારમાં એ સંઘ વરતાલ આવ્યો. ત્યારે એ સંઘમાં એક ડોસી બહુ આકરું માણસ હતી. તે મહારાજ ગોમતી કાંઠા ઉપર સભા કરીને બેઠા હતા, ત્યાં એ ડોસીએ જઈને મહારાજને વઢવા માંડ્યું જે, "કાલ દિવસે અમને હેરાન કરી નાંખ્યા. તે ઘડીકમાં વેલડાં જોડાવ્યાં ને વળી ઘડીકમાં છોડાવ્યાં. ને વળી આવશો તો બીક લાગશે એવું તોફાન લઈને બેઠા છો. તે બીક કેની લગાડી લાગે છે ? ને કેની મટાડી મટે છે ? એ બીજા કેના હાથમાં છે ? માટે અમને તો એવી રીસ ચડી છે, તે જાણીએ મોઢું જ ન જોઈએ, પણ શું કરીએ ? બીજો જો નાનો મોટો ભગવાન હોત તો રાવ કરત, પણ બીજો કોઈ ભગવાન ન મળે તે ક્યાં જઈએ !" એમ ડોસી વઢતી જાય ને મહારાજ પોતાના મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય.

પછી મહારાજ બોલ્યા જે, "ડોસી ! તમ જેવી ડોસી સોનામહોરની થાળી ભરીને કાશી સુધી ચાલી જાય તોય કોઈ લૂંટે નહીં, ને માર્ગ પણ કોઈને પૂછવા પડે નહીં, ને પહોંચતાં વાર પણ લાગે નહીં; એવો રાજા તમારી રક્ષા કરવા નરનારાયણ હમણાં જ લાવે છે." એમ કહીને ચપટી વગાડી જે, "હવે વાર નથી." એવું સાંભળીને સર્વે સભાને એમ થયું જે, 'એવો રાજા કોણ આવશે ? ને ક્યારે આવશે ?' પછી તો તત્કાળ ટોપીવાળો આવ્યો ને મહારાજ બોલ્યા હતા, તેવો જ બંદોબસ્ત રાજાએ કર્યો. તે સૌએ નજરે દીઠો. (પ.ભ. શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો : ૧૯૭)

• ભગવાન શ્રીહરિએ સંતોને પરદેશ જવાની આજ્ઞા કરી :

ગામ બામરોલીના તખો પગી હતા. તેમની દીકરીઓ પરણ્યા ધણીને મૂકીને સાંખ્ય-યોગ પાળીને મહારાજનું ભજન કરતાં.

તેમણે સહિત તખો પગી ત્યાં આવ્યા. ને મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને કહે જે, ''હે મહારાજ ! મારે ગામ સંતે સહિત પધારો! મારાથી આપની જેવી બનશે તેવી સેવા કરીશ.'' એવી રીતનાં તેનાં વચન સાંભળીને મહારાજ કહે જે, ''સવારે અમે તમારે ત્યાં સંતે સહિત આવીશું, તમે જાવ.'' એવાં મહારાજનાં વચન સાંભળીને ઘણા હરખથી તખો પગી તથા તેમનાં દીકરી બન્ને પોતાને ગામ આવીને સર્વે સામાન તૈયાર કરી રાખ્યો.

બીજે દિવસે મહારાજ તથા સંત નાહી ધોઈ નિત્યવિધિ કરી તૈયાર થઈને ઘોડીએ બેસીને ચાલ્યા, તે ગામ બામરોલી ગયા. ને ત્યાં મહારાજ પધાર્યા તે વાત સાંભળી સર્વે ઠાકોર ભાયડા વાજિંત્રે સહિત મહારાજને સામા આવીને પગે લાગી વાજતે-ગાજતે ત્યાં એક મોટો રાયણનો વૃક્ષ છે ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન કરતા હતા. અને તે જ રાયણે મહારાજને ઝુલાવવા સારુ પ્રથમથી જ હિંડોળો બાંધી રાખ્યો હતો. તે ઉપર મહારાજને વિરાજમાન કરીને તખા પગીનાં દીકરી ઘણા સ્નેહથી સોના-રૂપાનાં ફૂલે કરીને મહારાજને વધાવતાં હતાં અને મહારાજને પગે લાગીને પોતાને ઘેર ગયાં.

તે સમે સંત ઝાંઝ, મૃદંગ લઈને મહારાજની મૂર્તિનું વર્ણન જેમાં આવે એવાં પદ બોલીને ઉત્સવ કરતા હતા ને રંગ તથા ગુલાલ ઉડાડતા હતા. એવી રીતે બપોર સુધી મહારાજ હિંડોળે ઝૂલ્યા. પછી હિંડોળેથી ઊતરી બ્રહ્મચારીએ થાળ કર્યો હતો તે ત્યાં જઈ પોતે ઉતરાદે મુખારવિંદે બાજઠ ઉપર જમવા સારુ બેઠા. બ્રહ્મચારી થાળ લાવીને આગળ મૂક્યો, તેને બહુ વાર સુધી જમી, તૃપ્ત થઈ ચળુ કરી, જળપાન કરી મુખવાસ લઈને રાયણ હેઠે આવીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

તે સમે સંતો માટે ખાંડના લાડુની રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ સંતને પીરસવા સારુ ડાબે ખભે ખેશ નાખીને કેડ સંગાથે તાણી બાંધીને સંતને પીરસવા સારુ પંગતમાં પધાર્યા. અને સંતને વારંવાર 'લો લાડુ, લો લાડુ' એવા શબ્દ કરતા સતા પાંચ વાર પંગતમાં ફરી સંતને જમાડ્યા. ને પોતે હાથપગ ધોઈને ત્યાંથી ચાખડીએ ચડીને રાયણ હેઠે આવીને ઢોલિયે વિરાજમાન થયા. અને સંત પણ જમી ચળુ કરીને સભામાં આવીને બેસતા હતા. અને પછી તે તખા પગી વિગેરે સર્વે ઠાકોર ભાયડા મહારાજની પ્રસાદી જમીને સભામાં આવીને બેસતા હતા. ॥૭૪॥

અને વળી તે સમે તખા પગીએ મહારાજની પધરામણી સારુ પ્રાર્થના કરી ને કહે જે, ''હે મહારાજ ! સંતે સહિત અમારે ઘેર પધારો !'' એવાં એમનાં વચન સાંભળીને કહે જે, ''સારું.'' એમ કહીને નાન ખાચરને કહે જે, ''અમારી ઘોડી લાવો.'' ત્યારે નાન ખાચર ઘોડી લઈ આવીને ઊભા રહ્યા. અને મહારાજ ઘોડીએ સવાર થયા. એ સમે છત્ર, ચામર, અબદાગીરી, છડીદાર એ સર્વે તૈયાર થઈને ચાલ્યા.

તે સમે મુક્તાનંદસ્વામી ઘોડીની આગળ ઊભા રહીને પોતાને પગે ઘૂઘરા બાંધીને હસ્તને વિશે કડતાલા લઈને મહારાજની મૂર્તિ સામી વૃત્તિ રાખીને પ્રેમ સહિત પાછે પગલે પોતે ચાલે ને ઘણા સ્નેહથી રોમાંચિત ગદ્‌ગદ કંઠેથી ગાયન કરવા લાગ્યા. તેથી ઘોડી પણ સ્થિર થઈને સ્વામી જેટલો પગ ઉપાડે તેટલો જ પગ ઘોડી ઉપાડે.

ને મહારાજ પણ ઘોડી ઉપર સ્વામીના પ્રેમથી સ્થિર થઈને ઘોડીની લગામ મૂકી દઈને સ્થિર થકા બેસતા હતા. અને તે સમે સ્વામીએ એવું ગાયન કર્યું જે, ઘૂઘરાનો શબ્દ તથા કડતાલાનો શબ્દ તથા પોતાના કંઠનો શબ્દ તે સર્વે એક થઈ જાય એવું ગાયન કર્યું. અને એ ગાયન થકી સર્વે સંત તથા હરિજન બાઈ ભાઈ એ સર્વેનાં ચિત્તને તાણી લેતા હતા. અને જેમ ચિત્રમાં ચિત્રામણ કાઢ્યાં હોયને શું ! એવી રીતે સર્વેને સ્થિર કરતા. અને શાસ્ત્રમાં પણ એ વચન છે જે, 'ધ્રૂવજીએ પોતાના પ્રાણવાયુ બંધ કર્યા તેથી સર્વેના પ્રાણવાયુ બંધ થયા.'

અને મહારાજે પણ પ્રથમના સત્તાવીસના વચનામૃતમાં કહ્યું છે : 'સંતની સર્વે ઇન્દ્રિઓને વિશે ભગવાન રહ્યા છે. તે માટે એ સંત તો સર્વે જગતનાં નાડીપ્રાણ ખેંચવા સમર્થ છે.' એવાં વચનને સત્ય કરતા ને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે પોતાની સર્વે ઇન્દ્રિઓની વૃત્તિને જોડતા થકા મહા સ્નેહે કરીને પાછે પગલે ગાયન કરતા સતા ધીરે ધીરે ત્રીજે પો'રથી ચાલ્યા; તે સંધ્યા વખતે તખા પગીનું ઘર એક ખેતરવા જેટલું છેટું હતું ત્યાં પૂગ્યા.

પછી મહારાજ ઘોડીએથી ઊતરીને ઘરમાં પધાર્યા ને ઢોલિયે વિરાજમાન થયા. ને તખા પગીએ ચંદન-પુષ્પ તથા કુસુમના હાર, સેલું, સરપાવ એ આદિક સર્વે પૂજાના સામાને કરી મહારાજની પૂજા કરી, ને આરતી ઉતારી. ને સંતને વસ્ત્ર ઓઢાડી તથા ફૂલના હાર પહેરાવી મહારાજને પગે લાગ્યા. અને પછી મહારાજ ત્યાંથી પધરામણી કરીને ચાલ્યા તે રાયણે આવી સભા કરીને બેસતા હતા. તે સમે ઉગમણી પાસા ખેતર છે. તેમાં ઠાકોરભાઈડાની બાઈયું સર્વે ભેગા થઈ ગરબો તથા માટલીઓ લઈ ઘણા સ્નેહથી મહારાજનાં કીર્તન ગાવવા લાગ્યાં. તે ગાતે ગાતે રાતના બાર વાગ્યા. તે સમે મહારાજ તેમના પ્રેમથી તણાયા એવા થકા પોતે ઊઠી

બાઈઓ ગાતી હતી, ત્યાં તેને મધ્યે જઈને પોતે ખુરશી નંખાવીને બેસતા હતા. અને પોતાની પ્રસાદીનાં પતાસાં તથા ચરણારવિંદ સર્વેને છાતીમાં આપીને તેમને ઘણું રાજી કરી ગાયન રખાવીને પોતે ત્યાંથી રાયણ હેઠે આવીને ઢોલિયા ઉપર પોઢી જતા હતા.

અને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને ત્યાં કૂવો છે તે કૂવા ઉપર નાહી ધોઈને તખા પગીનાં દીકરીનું જે ઘર હતું ત્યાં જઈને તેની કોઠીમાં બાજરી હતી. તે જોઈને બાઈને કહે જે, "આ કોઠીને મોઢે માટલું મૂકીને સીવી લ્યો ને સાણે થઈને બાજરી કાઢજો; તમારે ખૂટશે નહીં. અને જો ઉઘાડશો તો ખૂટી જાશે." એમ બાઈને વર આપીને રાયણ હેઠે આવી ઘોડે સ્વાર થઈ સંતે સહિત વરતાલ પ ધારતા હવા. ॥૭૫॥

અને જેવી રીતે બામરોલીમાં મહારાજ હિંડોળે વિરાજ્યા ને રંગ ઉત્સવ કર્યો તેવી જ રીતે નરસંડા, કંજરી તથા વલોટવા એ આદિક સર્વે ફરતા ગામોમાં રંગ ઉત્સવ કરતાં કરતાં રામનવમીનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ ઉપર અનેક ભક્તજન આવ્યા. તે દિવસે પોતાના જન્મનો રાતના દસ વાગે મોટો ઉત્સવ કરીને સભા કરી. ને રાત્રીએ જાગરણ કરીને સવારે ઊઠી સર્વે સંત તથા હરિજન ના'વા સારુ ગયા. ને મહારાજ પણ નાહીને નિત્યવિધિ કરીને થાળ થયો તે જમવા સારુ પધાર્યા.

તે ઓરડીમાં ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેસીને જમતા હતા. પછી જમી તૃપ્ત થઈ ચળુ કરી જળપાન કરીને મુખવાસ લઈને હાલમાં આચાર્યજી મહારાજની હવેલી છે તે જગાએ આંબલી તથા લીંમડાનાં વૃક્ષ હતાં તેની છાયાએ સભા કરીને બેસતા હતા. ને સંત તથા હરિજન સભાને વિશે બેઠા.

ને મહારાજ સર્વે સંત પ્રત્યે કહે જે, "દેશ પરદેશ જાઓ ને સ્ત્રી-દ્રવ્યાદિકનો યોગ થાય ને તેમાં ન બંધાય, ત્યારે તે સાધુ સાચા કહેવાય." એમ કહીને સંતને કહે જે, "પરદેશ એકાએકી જાવ." તે વાત સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! પરદેશમાં તો ઘણા ભણેલા હોય ને કોઈક પ્રશ્ન પૂછે ને ઉત્તર ન થાય તો કપાળમાં ઊનો પૈસો કરીને ડામ દે એવા છે. ને હાથીને પગે બાંધે ને સાજા-માંદા થાય તો ચાકરી કોણ કરે ?"

તે વાત સાંભળીને મહારાજ કહે જે, "મને તમે કેવો જાણો છો ?" ત્યારે સુરોખાચર કહે જે, "તમને તો જગતના કારણ ને સર્વે અંતર્યામી ને સર્વેના કર્તા ને સાક્ષાત અક્ષરપતિ પુરુષોત્તમનારાયણ ભગવાન એવા હું તમને જાણું છું." ત્યારે કહે જે, "પૈસો ડામનારામાં કોણ રહ્યો છે ? ને હાથીને પગે કોણ બાંધે એવો છે ? ને બંદીખાને નાખે એવો કોણ છે ?" એમ કહી કહે જે, "હે સંતો, તમે પરદેશમાં જાવ, મારી આજ્ઞા પાળે તેને હું સુનો નહિ મેલું ને માંદા થાશે તો ગમે તેમાં રહી ચાકરી કરાવીશ. અને એ જ્યાં જશે ત્યાં એક હું ને એક સંત એવી રીતે રક્ષા કરીશ." એવાં મહારાજનાં વચન સાંભળીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "અમને સર્વેને ઘણી હિંમત આવી અને અમે સાઠ સંત મહારાજની આજ્ઞા લઈને પરદેશ ચાલ્યા." ॥૭૬॥

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૭૪-૭૫-૭૬, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ભગવાન શ્રીહરિએ વડતાલના હરિજનોને ધીરજતાની વાત કરી :

અને પછી રામનવમીનો ઉત્સવ થઈ રહ્યો. અને સર્વે હરિજનો પોતપોતાની શક્તિ પ્રમાણે મહારાજની ચંદન, પુષ્પાદિકે કરીને પૂજા કરી રહ્યા. ત્યાર પછી મહારાજ સર્વે હરિજન પ્રત્યે કહે જે, "તમે સર્વે સૌ સૌના દેશમાં પોતાને ઘેર જાઓ, અને આ રામનવમીનો ઉત્સવ તથા અમારી મૂર્તિનું સ્મરણ હંમેશાં રાખજો અને અમારી આજ્ઞા પાળજો. અને અમે આ વડતાલમાં બે માસ રહ્યા અને હવે અમે પણ ગઢપુર જાશું." એવી રીતે સર્વે હરિજનને આજ્ઞા કરી.

તે સમે સર્વે હરિજનો મહારાજનાં દર્શન કરી તથા આજ્ઞા લઈ ચાલ્યા. અને મહારાજ સભામાંથી ઊઠીને સુતારની ઓરડીએ જઈને પોઢી ગયા. અને સાંજના ઊઠી સભા કરીને સર્વે હરિજન તથા પરદેશ ગયા તે વિનાના બીજા સંત આવીને સભામાં બેઠા. તેમના પ્રત્યે મહારાજ કહે જે, "સવારે એકાદશી છે તે એકાદશીનો ઉત્સવ કરી બારસનાં પારણાં કરીને આપણે ચાલવું છે." એમ કહેતા હતા.

અને વ્રતપુરીના હરિજનોને પોતાનો વિયોગ થાય તેથી ઘણું દુઃખ થાશે, એમ જાણીને ધીરજતાની વાત કરીને કહે જે, "તમારે સર્વેને અંતરમાં અમારી મૂર્તિનું તથા આ બે માસ અમોએ ઘણીક લીલા કરી તેનું ચિંતવન હંમેશાં કરવું." એમ કહીને કહે જે, "આ અમારી લીલાનું સ્મરણ કેવું છે ? તો જે પાપી હોય તેને પણ પાપ છોડાવી મોક્ષ આપે એવું છે. માટે હંમેશ તમારે ચિંતવન કરવું."

એવી રીતે ઘણી જ ધીરજતાની વાત કરીને પોતે સભામાંથી ઊઠીને સુતારની ઓરડીએ આવ્યા. ને આવીને દૂધ, સાકર, પૂરી, વંતાક-વાલોળનું શાક, પાપડ, ચટણી - એ આદિક ભોજન બ્રહ્મચારીએ કર્યાં હતાં તેને જમ્યા. પછી ચળુ કરીને જળપાન કરી મુખવાસ લઈને પોઢી જતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૭૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ એકાદશીનો સમૈયો કર્યો અને પોતાનું ઐશ્વર્ય-પ્રતાપ જણાવ્યો :

અને પછી બીજે દિવસે એકાદશી હતી. તે દિવસે પ્રાતઃકાળે ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા. તે સમે સંત તથા સર્વે હરિજન સભામાં આવીને મહારાજનાં દર્શન કરીને બેસતા હતા. તે દિવસે મહારાજે એકાદશીના મહિમાની ઘણીક વાર્તા કરી. ને સદ્‌ગુરુ પાસે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઘણીક વાર્તા કરાવતા હતા. અને તે દિવસે એકાદશીનો ભારે મોટો ઉત્સવ તથા જાગરણને કરતા હતા.

ને બારસને દિવસે સંતે સહિત ગોમતીજીમાં નાહીને જેતલપુરવાળા ગંગામાએ થાળ તૈયાર કરી રાખ્યો હતો તે જમવા માટે મહારાજને તેડવા માટે મનુષ્ય આવ્યું; તે ભેળા મહારાજ જમવા પધાર્યા. ને ત્યાં થાળ જમીને પોતે (વાસણ) સુતારની ઓરડીએ પોઢી ગયા. અને સંતની રસોઈ થઈ એટલે સંત પણ જમવા સારુ પધાર્યા; તે જમીને સૌ સૌને ઉતારે ગયા.

અને પછી મહારાજ ત્રીજે પો'ર જાગતા હતા. અને મુખારવિંદ ધોઈને કોગળા કરી જળપાન કરીને સભાને વિશે આંબલે બિરાજમાન થયા. તે સાંભળીને સર્વે સંત તથા હજારો હરિજન જેમ ચમકને દેખીને લોઢું ચળે એમ મહારાજને દર્શને કરીને ખેંચાઈ ગયાં છે અંતઃકરણ ને ઇન્દ્રિયો જેમનાં, એવા થકા સભાને વિશે કાષ્ટનાં પૂતળાં હોય ને શું..! એવી રીતે તેજે યુક્ત પોતાની ચતુર્ભુજ મૂર્તિરૂપે દર્શન દેતા હતા. અને કોઈને અક્ષરધામમાં રહેલી જે મૂર્તિ ને આ મૂર્તિ તે એક જ છે એવાં દર્શન દેતા હતા. અને કેટલાકને અક્ષરધામમાં બેઠા છે એમ મનાય પણ આ દેહાદિકની સ્મૃતિ રહે નહીં. એવી રીતે પોતાનું અલૌકિક ઐશ્વર્ય પોતાના ભક્તજનને દેખાડ્યું. આમ પોતાનું સુખ ત્યાં પંદર દિવસ રહીને સર્વે સંત-હરિજનને આપતા હવા.

અને સોળમે દિવસે મહારાજ ચાલવાને તૈયાર થયા. તે સમે નારાયણગર બાવે હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરી ને કહે જે, "હે મહારાજ ! મારી મોતિયા-જલેબીની રસોઈ જમીને પછીથી પધારો." એવી બાવાની વિનંતી સાંભળીને મહારાજ રહેતા હતા. ને તે જ દિવસે હાલમાં હનુમાનજીની કેડે જે લીમડો છે ત્યાં સભા કરીને બિરાજમાન થતા હતા.

અને તે સમે ઉદેપુર-જોધપુરના રાણાના ઘરનાં બાઈ નામે ઝમકુબાઈ હતાં. એમને મે'મદાવાદના વડાદરા બ્રાહ્મણ ભિક્ષા માગવા સારુ ત્યાં ગયેલા, તે કૂવા ઉપર ના'તા હશે તે ના'તાં ના'તાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ઉચ્ચારણ કરતા હતા. તેને સાંભળીને તેમનો રસોઈયો બ્રાહ્મણ એ કૂવા પર ના'વા સારુ આવેલો. તેણે પૂછ્યું કે, "સ્વામિનારાયણ કોણ છે?"

ત્યારે તે વડાદરા બ્રાહ્મણે સર્વે ઐશ્વર્ય-પ્રતાપની, સમાધિની વાર્તા તે રસોઈયાને કહી સંભળાવી; ને પોતે તો શહેરમાં ગયો. અને તે રસોઈયો પણ દરબારમાં ગયો. તેણે એ રાણીની આગળ (મહારાજના) સર્વે ઐશ્વર્ય-પ્રતાપની (ને) સમાધિની વાર્તા કરી. તેને સાંભળીને તે રાણીના મનમાં બહુ જ શાંતિ થઈ ને શીતલતા થઈ ને બહુ જ તેજપ્રતાપ જણાયો.

અને તેમના મનમાં એમ થયું કે, "હવે ક્યારે સ્વામિનારાયણને મળીએ ?" તેથી તે રસોઈયાને કહે જે, "તમને જેણે વાત કરી તે બ્રાહ્મણને તમે અહીં બોલાવી લાવો." ત્યારે તે રસોઈયો શહેરમાંથી મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણને ખોળીને બોલાવી લાવ્યો.

ત્યારે રાણીએ બ્રાહ્મણને પૂછ્યું જે, "સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે તે બ્રાહ્મણે મહારાજના પ્રતાપની ઘણી વાત કરી ને સાધુની વાર્તા ને ત્યાગી બાઈયુંની વાત કરી. તે સાંભળીને રાણીના મનમાં રાજ્યનું સુખ તો ઉલટાં અન્ન જેવું થઈ ગયું. ને મનમાં એમ વિચાર થયો જે, 'એ ભગવાનને ક્યારે આપણે મળીએ ?' એવી બહુ જ ત્વરા થઈ, તેથી બ્રાહ્મણને રાણી કહે જે, "હું તમને વીસ હજાર રૂપિયા આપું ને તમે મને સ્વામિનારાયણ પાસે લઈ જાવ." પણ તે બ્રાહ્મણ તો રાજાની રાણી તેથી મનમાં બહુ જ બીક લાગી ને કહે જે, "મને તો રાજા મારી નાંખે, એ મારું કામ નહીં." એમ કહીને ઊઠ્યો.

ત્યારે બાઈએ બસે-પાંચસેની મતા એને આપીને કહ્યું જે, "તમે બહુ મોટું કામ કર્યું, ભગવાન ઓળખાવ્યા !" એમ કહીને તે બ્રાહ્મણને રજા આપી તેથી બ્રાહ્મણ શહેરમાં ગયો. અને પોતાને તો મહારાજની કૃપાથી તીવ્ર વૈરાગ્ય ઉદય થયો તેથી મનમાં એમ થયું જે, "ક્યારે આ રાજને મેલું ? ને કેમ કરીને નીકળું ? ને મહારાજને મળું." એમ ત્રણેય અવસ્થામાં નિશ્ચય થઈ ગયો. તેથી એક દિવસ સંધ્યા સમે પુરુષનો વેશ લઈ, પોતાની પાસે ખર્ચી લેવા જેટલી લઈને દરબારમાંથી (ચાલી) નીકળ્યા ને જ્યાં ઊંટિયાં મરેલાં નાંખે તેવી ખાઈ હતી ત્યાં સંતાઈને બે દિવસ ખાઈમાં રહ્યા. પછી ત્રીજે દિવસે ભૂખ્યા ને તરસ્યા ચાલ્યાં. ને વિષ્ટા કરતાંય રાજ્યનું સુખ અતિ ઊતરતું થઈ ગયું. એવા થકા રસ્તામાં પુરુષને વેશે બે-ચાર-પાંચ ગાઉ આવ્યા. ત્યાં તો થાક ને ભૂખ બહુ લાગી, તેથી ચાલી શકાય તેવું રહ્યું નહીં. ને વૃક્ષની છાંયે બેસીને તે બ્રાહ્મણે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન શિખવાડેલું તે ભજન કરવા મંડ્યાં.

તે જ સમયે મહારાજ બ્રાહ્મણનો વેશ લઈને દળના લાડુ વિગેરે ઝોયણા(ઝોળી)માં લઈને ત્યાં આવ્યા. ને તે બાઈને કહે જે, "તમે

કોણ છો ? ને ક્યાં જવું છે ? ને તમે પુરુષનો વેશ લીધો છે પણ અમને સ્ત્રી જણાઓ છો; ને તમે ભૂખ્યા પણ છો.'' એમ કહીને પોતાની પાસે જમવાનું હતું તે આપ્યું ને પાણી પાયું. ને કહે જે, ''તમારે ક્યાં જાવું છે ?''

ત્યારે બાઈ કહે જે, ''મારે ગુજરાત દેશમાં સ્વામિનારાયણ છે તેમને દરશને જાવું છે.'' ત્યારે તે બ્રાહ્મણ કહે જે, ''મારે પણ ગુજરાતમાં જાવું છે. ચાલો, આપણે બન્ને સાથે ચાલીએ.'' એમ સંગાથ કરીને પોતે ભેળા ચાલ્યા ને ટાણે ટાણે ખાધા-પીધાની સર્વે ખબર રાખતા થકા થોડા દિવસમાં વડતાલના સીમાડામાં સોનારકૂઈ આગળ તલાવડી છે ત્યાં આવીને બેઠા. ને બાઈને કહે જે, ''તમે આ રસ્તે જતાં આગળ થોડેક છેટે વડતાલ ગામ આવે છે ને તેમાં સ્વામિનારાયણ બિરાજે છે. તે તમે ત્યાં જાવ ને હું પણ નાહી-ધોઈને ત્યાં આવું છું.''

એમ કહીને પોતે કેડે રહી ગયા ને બાઈ ત્યાંથી ચાલીને મહારાજ જ્યાં સભા કરીને લીમડા નીચે બેઠા છે ત્યાં છેટે ઊભા રહીને દર્શન કર્યાં. તે દર્શન કર્યા થકી જ નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં. અને સમાધિ થઈ ને તે સમાધિમાં અક્ષરધામ દેખાડ્યું. અને અનંતકોટી પાર્ષદ હાથ જોડીને વિનંતી આ મૂર્તિની કરે છે. અને આ સર્વે સભા પણ ત્યાં જ બેઠી છે ને પોતે પણ ત્યાં જ છે. એવું સમાધિને વિશે અલૌકિક ઐૌર્ય પોતાને દેખાડ્યું ને એક કલાક સમાધિમાં રાખ્યાં.

ને પછી સમાધિથી બહાર આવ્યાં ત્યારે પેલા બ્રાહ્મણની વાટ જુવે ને ખોળે, પણ બ્રાહ્મણ તો આવ્યો નહીં; તેથી પોતે વિચારમાં પડ્યાં. તે સમે મહારાજે સર્વે સભાને ઊઠવાની આજ્ઞા કરી તે સર્વે ઊઠી ગયા.

પછીથી તે બાઈને બોલાવીને એમનું નામ તથા દેશ તથા ગામ તથા બધી રીત પૂછી. ત્યારે તે બાઈએ બધી વાત કહી. પોતાનું નામ ઝમકુંબાઈ તે પણ કહ્યું. ત્યારે મહારાજ કહે જે, ''તમે કઈ રીતે અહીં આવી શક્યાં ?'' ત્યારે બાઈ કહે જે, ''મારી સંગાથે એક બ્રાહ્મણ હતો. તે મારી ખાધે-પીધે ચાકરી-બરદાસ કરતો કરતો, મને જેમ મેનામાં બેસારીને લાવે એવી રીતે થોડા દિવસમાં આ ગામના સીમાડામાં લાવીને, તલાવડીને કાંઠેથી એ કેડે રહી ગયો ને મને અહીં મોકલી. અને એણે કહ્યું જે, 'હું આવું છું, તમે જાવો.' એમ કહીને કેડે રહી ગયો. તેને હું ઓળખું છું.'' એ વાત સાંભળીને મહારાજ કહે જે, ''તે બ્રાહ્મણને તમે ઓળખો છો ?'' ત્યારે બાઈ કહે જે, ''હા.''

ત્યારે મહારાજ કહે જે, ''અમે હતા.'' એમ કહીને વાટ-ઘાટનાં સર્વે એંધાણ આપ્યાં. તેથી તે બાઈને ત્રણેય અવસ્થામાં આ તો સાક્ષાત પુરુષોત્તમનારાયણ સર્વે અવતારના અવતારી છે ને મારા ઉપર કૃપા કરીને મને પોતાની જાણીને બંધનમાંથી છોડાવી લીધી. એવો દૃઢ નિશ્ચય ભગવાનપણાનો થયો ને ત્યાં મહારાજ પાસે રહ્યાં.

અને મહારાજે ઉપાધિ થાય તેથી નામ ફેરવીને બીજું માતાજી એવું નામ પાડીને ભૂજવાળા લાધીબાઈની જોડ કરી આપતા હતા. એવી રીતનાં ઐશ્વર્ય-પ્રતાપ પોતે દેખાડીને રાખતા હતા. અને પોતાના ભક્તજનને કર્મબંધનમાંથી પોતાના પ્રતાપે કરીને મુકાવતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૧૨-૧૧૩, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રકરણ ફેરવીને ઉપાસનાનો માર્ગ ચલાવ્યો. :

(વડતાલમાં) ભગવાન શ્રીહરિએ ...સવારના પો'રમાં ઊઠીને નિત્યવિધિ કરીને લક્ષ્મીનારાયણદેવની પ્રદક્ષણાઓ કરવા માંડી. તે દરરોજ બસેં બસેં પ્રદક્ષણાઓ કરે ને સંતો પણ મહારાજની કેડે ફરે. ને મહારાજ તો ચાલમાં ચાલે. ને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''અમે તો કેડે દોટો મેલીએ તોય પૂગીએ નહિ.'' તેથી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! તમે તો ભગવાન છો ને અમે તો જીવ છીએ, તે પુગાતું નથી; ને આવડી પ્રદક્ષણાઓ તમો શા સારુ કરો છો ?'' એવું મુક્તાનંદનું વચન સાંભળીને તે સમે તો મહારાજ કંઈ બોલ્યા નહીં.

અને બપોરે જેતલપુરનાં ગંગામા આવ્યાં હતાં. તેમણે થાળ કર્યો ને મહારાજને જમવા સારુ બોલાવ્યા. તે મહારાજ જમવા પ ધાર્યા. ને જમીને રામપ્રતાપજી મહારાજનો બંગલો છે ત્યાં આવીને વિરાજમાન થયા. અને સંત પણ જમીને ધરમશાળામાં આવ્યા. તે સમે સર્વે મોટેરા સંતોને બંગલે બોલાવ્યા, ને પોતે વાત કરવા લાગ્યા. અને મુક્તાનંદ સ્વામીને કહે જે, ''હે સ્વામી ! તમે અમને જે સવારે પૂછતા હતા જે, શા સારુ પ્રદક્ષણા કરો છો ? તેનું કારણ હું તમને કહું છું. તેને તમે સાંભળો.

જે મોરલા ઘણા અવતાર થયા તે અવતાર પણ ન રહ્યા ને તેમના ભક્ત પણ ન રહ્યા, ને આપણે પણ નહિ રહીએ. પણ તેમને પૃષ્ટ ભાગે અધર્મની પ્રવૃત્તિ થઈ છે, ને મારે તો મોક્ષનો માર્ગ ચાલતો રાખવો છે. તે સારુ તમને ભગત કરવા હું પ્રદક્ષણા કરું છું.'' એવું મહારાજનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, ''હે મહારાજ ! અમે ભગત નથી થયા ?''

ત્યારે મહારાજ કહે, ''તમે ભગત તો થયા છો પણ મારા વિના કોઈને માનો નહિ, ને આ સર્વે જ્ઞાતિઓમાંથી ભગત થયા છે તે પણ મારા વિના કોઈ બીજાને માને નહિ. તેથી હે સ્વામી ! ત્યાગનો માર્ગ મોળો પાડી ઉપાસનાનો માર્ગ રાખ્યો છે. ને આ માર્ગમાં જેવો તેવો જીવ હોય તો એનું પણ કલ્યાણ થાય. તે સારુ આ મૂર્તિઓને તમે માનો, તો તમને વળગ્યા એટલા સંત માને; ને તેમને વળગ્યા એટલા હરિજનો માને તો ઉપાસનાની પરંપરા રહે, ને કલ્યાણનો માર્ગ પણ રહે.'' એમ કહીને બ્રહ્માનંદસ્વામીને શાલિગ્રામ પૂજવા સારુ આપ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''એક પાસા ચંદન ઘસીશું ને એક પાસા ચરચીશું.'' એવું વચન સાંભળીને મહારાજ બ્રહ્માનંદસ્વામી ઉપર ખીજ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, ''હે મહાપુરુષ ! પ્રકરણ સમજો.'' તેથી બ્રહ્માનંદસ્વામી સમજી ગયા ને કહે જે, ''હે મહારાજ, તમે કહેશો તેમ અમે કરીશું.'' ત્યારે મહારાજ કહે જે, ''આજથી કોઈ ગૃહસ્થનું રાંધેલું જમવું નહિ ને પોતાના હાથે રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ ધરીને જમવું.'' એવી રીતે ઉપાસનાનો માર્ગ ચલાવતા હતા. ॥૧૭૬॥

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૭૬, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગોમતીજી ગળાવ્યાં :

અને વળી શ્રીજીમહારાજ એક દિવસ સાંજના સભા કરીને બેઠા હતા. તે સમે ગોમતીજી કરવાનો વિચાર કરીને હાલમાં ગોમતીજી છે, તે જગાએ પહેલાં 'ધારુ' નામે તળાવ હતું. તેમાં પોતે ઘણી વાર નાહ્યા હતા, ને સંતો પણ ઘણી વાર નાહ્યા હતા. એમ જાણીને ગોમતીજી કરવાનો એક ઠરાવ કરીને બીજે દિવસે ગાળવા માંડ્યું. તે હજારો હરિજનો ગોમતીજી ખોદે ને પોતે પણ માથે ધૂળની ટોપલીઓ લે. એવી રીતે દિવસે સંતો ને હરિજનો ગોમતીજી ખોદે, ને રાત્રીએ દેવ લોકો ખોદે. તે શાથી જણાય ? તો સાંજે ખોદેલી ઘણી ધૂળ પડી હોય ને સવારે આવીને જુએ તો કાંઠે પડેલી હોય. તેને જોઈને સંત તથા સત્સંગી કહે જે, ''આ ધૂળ કોણ કાઢી ગયું?'' ત્યારે સમાધિવાળા સંતો તથા મહારાજ કહે જે, ''એ તો દેવ ભક્તિ કરી ગયા.''

અને એક દિવસે મહારાજ ગોમતી ખોદાવે ને પંડે ધૂળ લે છે. તેવા સમામાં વડોદરાના સયાજીરાવ ગાયકવાડ સરકારના દીવાન નારુપંત નાના નામે કરીને હતા. તે મહારાજનાં દર્શન સારુ વડોદરાથી આવ્યા. તેમણે મહારાજને ગોમતીજીમાંથી ધૂળ કાઢતાં દેખીને પોતાની હજારો રૂપિયાની શાલ હતી તેમાં ધૂળની ટોપલી બાંધીને માથે મેલી ને ધૂળ કાઢવા મંડ્યા.

તેને જોઈને મહારાજ કહે જે, ''હે નારુપંથ ! તમે આ શાલમાં ક્યાં ધૂળ ભરી ? આ શાલ તો ભારે છે !'' ત્યારે નારુપંથ નાના કહે જે, ''હે મહારાજ ! આવાં ચેથરાં તો ઘણાં મળશે, પણ આવો લાવ ક્યાંથી મળશે ?'' એવી રીતે ગોમતીજી પોતાને હાથે પોતાને માથે ધૂળ લઈને ગળાવ્યાં. અને એને કાંઠે હજારો હરિજનને છાપો અપાવરાવી ને ગોમતીજીમાં નવરાવ્યા. માટે એ ગોમતીજીનો મહિમા અગાધ છે. ને 'એમાં જે નાશે ને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરશે તેને હું મારા ધામમાં લઈ જાઈશ.' એવી રીતે મહારાજ ગોમતીજીને કાંઠે બેઠક છે તે જગ્યાએ સભામાં બેસીને આ વાર્તા કરતા હતા, ને સર્વેને આવો વર આપતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૭૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ધ્યાનાનંદસ્વામીના સ્વભાવ તથા નિશ્ચયની વાત :

અને વળી એક દિવસે ગોમતીજીને કાંઠે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે મુક્તાનંદસ્વામીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''આપણને દોઢસો સાધુને મહારાજે સુરત મોકલ્યા હતા. તે દિવસે વિમુખની સાથે બોલવાની બંધી હતી. ને અમે ફરતાં ફરતાં સુરત ગયા ને ત્યાં એક વાડીમાં ઊતર્યા. ને ગામમાં ભિક્ષાવૃત્તિ કરી લાવીએ ને જમીએ. એવામાં સાધુ માંદા થયા ને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું એક સાજો હતો. તે સર્વે સંતની સેવા કરું. ને રાબ-રોટલો કોઈને જોઈએ તે ગામમાં સાંખ્યયોગી બાઈઓને ખબર કરાવું, એટલે તે કરી લાવે. અને સંતને એક કૂવો હતો. તેનું થાળું બાંધીને ત્રણ દેગડીઓ ઊનું પાણી રેડું ને બીજું ટાઢું નાખું. એવી રીતે સંતને નવરાવું ને જમાડું.

એમ સેવા કરતાં કરતાં ત્રણ સંત તો ભગવાનના ધામમાં ગયા. તેનાં નામ : એક અખિલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી, ત્રીવિક્રમાનંદસ્વામી ને ત્રીજા પ્રભવાનંદસ્વામી એ ત્રણ સંતે ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને એમ કહ્યું જે, 'આ મહારાજ તેડવા આવ્યા છે ને અમે અક્ષરધામમાં જઈએ છીએ.' એવી રીતે કહીને બધા ધામમાં ગયા. ત્યાર પછી સર્વે સંતો સાજા થયા. ને વળી કોઈકે ઝોળીમાં ઝેર નાંખ્યું, તેથી પણ મહારાજે રક્ષા કરી ને સાજા કર્યા. ને હરિજનોને કથાવાર્તા કરવા મંડ્યા.

તે સમે એક(છાપી ગામના) ધ્યાનાનંદ કરીને સાધુ હતા. તે આકરા વર્તતા, તેથી પોતાના સ્વભાવને વશ થઈને નીકળી ગયેલા, પણ સ્વામિનારાયણનો નિશ્ચય ત્રણેય અવસ્થામાં પેઠેલો. તેથી પાંચ-પચીસ ગાઉ જાય ને ત્યાં કોઈ સ્વામિનારાયણનું નામ લે એવો

ના દેખે, ત્યારે વળી પાછા જ્યાં સ્વામિનારાયણનું નામ લે એવા સત્સંગી હોય ત્યાં આવીને રહે. તે સાધુ (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) અમે જ્યાં ઊતર્યા હતા ત્યાં આવીને બેસવા મંડ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'તમારી સાથે અમારે બોલવાની પણ આજ્ઞા નથી.'

ત્યારે તે સાધુ કહે જે, 'તમે કહો તો આ નીચ જ્ઞાતિ ઊભા રહે છે, ત્યાં હું ઊભો રહું ને તમારાં દર્શન કરું.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ઠીક.' તેથી તે સાધુ છેટે ઊભા રહે, ને લોકોને વાતો કરે ને કહે જે, 'આ સાધુ તો સોનાની થાળી જેવા છે, ને હું તો લોઢાના ખીલા જેવો છું.' એવી વાતો કરીને ઘણાને સત્સંગ કરાવ્યો. તેથી સંત સર્વે એમના ઉપર રાજી થયા ને અમે ત્યાંથી 'વડતાલે મહારાજ આવ્યા છે' એવી વાત સાંભળીને ચાલ્યા. તે અમારી સાથે તેડી લાવ્યા. ને તે સાધુ તે જ દિવસે ગોમતીજીને કાંઠે મહારાજ સભા કરીને વિરાજમાન છે ને હજારો સંત તથા હરિજનો બેઠા છે.

તે સમે હાથ જોડીને મહારાજને કહે જે, 'હે મહારાજ ! મારો નિશ્ચય તોડી નંખાવો તો હું જ્યાં ત્યાં કંઈક કાળું મોઢું લઈ પડ્યો રહું. ને આ તમારા સંત તો સોનાની થાળી જેવા છે ને હું તો લોઢાના ખીલા જેવો છું. તે તમારા સંતને લાજ પમાડું છું.' એવું વચન એ સાધુનું સાંભળીને મહારાજ મુક્તાનંદસ્વામીને પૂછતા હતા. ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! એનો નિશ્ચય તો એવો છે, ને અમે કહ્યું જે, છેટા ઊભા રહો તો છેટે દોઢ માસ ઊભા રહી ઘણા કુસંગીને સત્સંગી કર્યા.'

એવી રીતનું મુક્તાનંદસ્વામીનું વચન સાંભળીને મહારાજ તેની ઉપર દયા કરીને કહે જે, 'હે ધ્યાનાનંદજી, તમે સત્સંગમાં રહો.' ત્યારે તે ધ્યાનાનંદ કહે જે, 'હે મહારાજ ! તમે તો મને રાખો છો, પણ મારો સ્વભાવ મને રહેવા દેતો નથી.' ત્યારે મહારાજ કહે જે, 'રહો, હવે રહેવા દેશે.' ત્યારે તે સાધુ રહ્યા. ને અઢી મહિના સત્સંગમાં રહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. એવી રીતે નિશ્ચયનું બળ હતું, તો મોક્ષ થયો.''

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૭૮, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - ફુંડળધામ)

• ભગવાન શ્રીહરિએ મનુષ્યચરિત્ર કર્યું અને દાદાખાચરના નિશ્ચયની વાત :

ગોમતીજીને કાંઠે એક દિવસ મહારાજ વિરાજમાન હતા. અને તે સમયને વિશે પોતે સર્વે સંતના પર તે વાર્તા કરવા મંડ્યા. તેમાં ગીતાનો શ્લોક ''જન્મકર્મ ચ મે દિવ્યં'' એ બોલીને પોતે એમ કહ્યું જે, ''અમારાં જન્મ ને કર્મ જેને નિશ્ચયનું બળ હોય, તેને દિવ્ય જણાય, ને લોકની લાજ પણ આડી ના આવે.'' એમ કહીને પોતાની વાત મહારાજે કરવા માંડી જે, ''અમે ધર્મપુર જવા સારુ ગઢડેથી કરીમ ભગત પાસે ગાડું જોડાવીને લાડુબા ને જીવુબા તેમણે સહિત વરતાલ આવીને જોબન વરતાલાના મેડે ઊતર્યા. ત્યારે પછવાડેથી લોકોએ વાતો એવી કરવા માંડી જે, 'સ્વામિનારાયણ દાદા ખાચરની બે બે'નોને લઈને જતા રહ્યા.' પણ દાદા ખાચરનાં મનુષ્યોને અમારા નિશ્ચયનું દૃઢ બળ, તેથી મનમાં કોઈ વાતનો અમારો અભાવ આવ્યો નહિ. ને અમને ખોળવા સારુ નાજા જોગિયાને મોકલ્યા. ને નાજો જોગિયો અહીં આવીને જગમાલ પગીને ત્યાં ચાકર રહ્યા.

પછી એક દિવસે ઘોડાનું ચોકડું લઈ (જોબનના) મેડે આવ્યા ને અમને દેખ્યા ને અમે એને વઢ્યા ને કહ્યું જે, 'આ કાઠી ક્યાંથી આવ્યો છે ?' ત્યારે એ કહે જે, 'તમારા જેવા જોગટા તો ઘણાય આવશે ને હું તો ઘરધણી છું.' એમ કહીને અમને કહે જે, 'જે તમારો ભગત થાય છે તેના લોકમાં ભવાડા ગવાય છે.' એમ કહીને કહે જે, 'પેલા દાદા ખાચરના ઘરનાં મનુષ્યોને કહ્યા વિના અડધી રાતે અહીં આવ્યા છો, તેથી તે લોકો જળ વિના માછલું જેમ તરફડે તેમ તરફડે છે.' ત્યારે અમે કહ્યું જે, હે નાજા જોગિયા, જાવ તેમને ખબર કરો અને તેડી લાવો. ત્યારે નાજો જોગિયો ત્યાં ગયા. ને ત્યાં સર્વેને ખબર કરીને દાદા ખાચરને અહીં તેડી લાવ્યા. એવી રીતે નિશ્ચયનું દૃઢ બળ હતું તો અમારાં મનુષ્યચરિત્રને વિશે દિવ્યભાવ રહેતો હતો.''

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૭૯, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - ફુંડળધામ)

• કારેલાનો બાવો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીનાં નાક-કાન કાપવા તૈયાર થયો.

અને વળી એક બીજી નિશ્ચય ઉપર મહારાજે વાર્તા કરી જે, ''મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ બે ઝાલાવાડમાં કારેલા ગામમાં ફરતાં ફરતાં ગયા હતા. ત્યાં એમને એક વૈરાગી મળ્યો. તે બે જણને ઝાલીને પોતાની જગ્યામાં લઈ ગયો. ને પછી છરો ઘસવા સારુ બેઠો. ને કહે જે, 'હે જીવનમુક્તી, તેરા નાક ને કાન દોય કાટુંગા.' એમ બોલતો જાય ને ગાળો દેતો જાય.

તેને જોઈને બ્રહ્માનંદસ્વામી મુક્તાનંદસ્વામીને કહે જે, 'હે સ્વામી, બીજું તો ઠીક છે, ને હાથ કાપે માથું કાપે તે સારું પણ આ બાવો નાક- કાન કાપશે ને આપણે સભામાં આગળ બેસવું જોઈશે, ત્યારે લોક સૌ એમ કહેશે જે, સ્વામીનાં નાક-કાન કેમ કાપ્યાં હશે ?' એવું બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, 'હે સ્વામી, શાસ્ત્રમાં પૂર્વના ભક્તોની વાતો છે જે, કોણેક

કરવત મુકાવ્યા, કોઈક ભંગિયાને ત્યાં વેચાયા છે, કોઈએ માનો ત્યાગ કર્યો છે, કોઈકે બાપનો ત્યાગ કર્યો છે - એવી રીતે ભગવાન ભજ્યા. એ વાર્તા શાસ્ત્રમા લખાણી છે. તે ભેગી ભગવાનને અર્થે આપણાં નાક-કાન કપાશે તે વાત પણ લખાશે.'

એમ કહીને સ્વામી કહે જે, 'હે બ્રહ્માનંદસ્વામી, હમણે મહારાજ આપણી રક્ષા કરશે.' એમ સ્વામીએ કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, 'હમણે મહારાજ શું રક્ષા કરશે ? આને ઊઠતા વાર છે ?' એમ જ્યાં કહે છે તેટલાંકમાં (મહારાજ કહે) અમે એ ગામનો પ ટેલ હતો તેના ઘરનાં બાઈ દ્વારે પ્રવેશ કર્યો ને તે બાઈને ત્યાં મોકલી. તે સમે તે વૈરાગી ગાળો ભાંડતો હતો. તેને સાંભળીને તે બાઈ પાછી વળીને ચોરે આવી ને રાવણિયાને કહ્યું જે, 'પેલા બે સાધુને ઓલ્યો બાવો ગાળો દે છે, તે તેમને તું મુકાવીને સીમાડા સુધી વળાવીને પાછો આવજે.'

એવાં બાઈનાં વચન સાંભળીને તે રાવણિયો છેટેથી ગાળો દેતો દેતો આવ્યો. તેનાં વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, 'હે બ્રહ્માનંદસ્વામી, એ મહારાજ આવ્યા !' એમ કહ્યું તેટલાકં મા રાવણિયો બાવાને ગાળો દઈ બેય સંત મુકાવીને સીમાડા સુધી મૂકી ગયો. તે સમે દૃઢ નિશ્ચયનું બળ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને હતું તો કોઈ વાતનો અંતરમાં ખેદ થયો નહીં. ને બાવાને ત્યાં ને ત્યાં જ સજડ કરી નાખે એવું બેયમાં બળ હતું પણ મારી આજ્ઞાથી કાંઈ ના કરતા હવા.'' અને વળી નિશ્ચય ઉપર જોબન વરતાલાની વાત મહારાજ કરતા હવા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૮૦, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગામ વસોના શિવા ગઢવીના નિશ્ચયની વાત :

અને વળી નિશ્ચય ઉપર એક બીજી વાત મહારાજ કરતા હવા. તે ગામ વસોના શિવો ગઢવી હતા. તે કસિયાભાઈ રામદાસની પાસે કચેરીમાં બેઠેલા હતા. તેમણે તે સમે 'સ્વામિનારાયણ વરતાલ પધાર્યા છે' એવી વાત સાંભળીને તે તત્કાળ કચેરીમાંથી ઊઠીને ઊભા થયા. તેમને જોઈને કસિયોભાઈ કહે જે, 'હે ગઢવી, કેમ ઊભા થયા ?' ત્યારે શિવો ગઢવી કહે જે, 'અમારા સ્વામિનારાયણ વરતાલે આવ્યા છે, તે મારે દર્શન કરવા સારુ જાવું છે.' એવું સાંભળીને કસિયોભાઈ કહે જે, 'તારા સ્વામિનારાયણ તને શો સરપાવ બંધાવાના છે ? તે ત્યાં જા છો ?' ત્યારે શિવો ગઢવી કહે જે, 'એ બાપા સરપાવ આપે અગર ના આપે, પણ તમારા કરતાં લાખ દરજ્જે એ મોટા છે. ને તમે તો આ લોકનું પદાર્થ આપો ને એ તો જન્મમરણનું તથા જમપુરીનું દુઃખ કાપીને પોતાનું અક્ષરધામ આપે એવા છે. ને ભગવાન છે તેથી હું જાઉં છું.' એમ કહીને શિવો ગઢવી આ જગ્યાએ આવીને અમારાં દર્શન કરીને અહીં બેઠા.

તે જ વખતે અમે રૂનો ભરેલો સુરવાળ હતો તથા અતલસનો જામો પહેર્યો હતો તથા મોળિયું, શેલું - એ સર્વે વસ્ત્રને અમે ઉતારીને શિવા ગઢવીને એ પોશાક પે'રાવ્યો. ને એમ કહ્યું કે, 'આ પોશાક પહેરીને કસિયાભાઈની પાસે જઈને કહેજો જે, મારા સ્વામિનારાયણ ભગવાન છે. તે તમે અહીં વાત કરી હતી, પણ અંતરજામીપણે જાણીને પોશાક આપીને તમારી પાસે કહેવા સારુ મોકલ્યો છે.' એમ કહીને મહારાજે શિવા ગઢવીને વસો પાછો મોકલ્યો. ને ગઢવીએ કસિયા ભાઈની પાસે જઈને કે'વરાવ્યું હતું તેમ કહ્યું.'' એવી રીતે નિશ્ચય ઉપર એવી વાત મહારાજે કરી. અને(મહારાજે જે શિવા ગઢવીને પ્રસાદીનો પોશાક આપ્યો તેમાંની બે વસ્તુ હાલમાં વસોના મંદિરમાં છે. તેનાં નામ એક સુરવાલ ને એક જામો બે વસ્તુ છે.)

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૮૨, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતાનંદસ્વામીને સુખ-દુઃખની વાત પૂછી.

અને વળી એક દિવસે મહારાજ (વડતાલ) મંદિરની પછવાડે સભા કરીને વિરાજમાન હતા. તે સમે સર્વે સંતને સુખ-દુઃખની મોરના પ્રકરણની વાત પૂછતા હતા. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''પ્રથમ મને મહારાજે પૂછ્યું જે, 'હે સ્વામી, તમે પે'લાં આ ગામમાં વીસ સાધુ લઈ આવ્યા હતા, ત્યારે કેવું પ્રકરણ હતું ?' એવું મહારાજે મને કહ્યું.'' ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''હે મહારાજ ! અહીંથી આથમણી પાસા કૂવો છે ત્યાં એક રાણ્ય છે. ત્યાં અગનોતેરાની સાલમાં શિયાળામાં અમે વીસ સાધુ ત્યાં રહ્યા હતા ને રાણ્ય હેઠે ઊતર્યા હતા.

તે વખતે માવઠું થયું તેથી ટાઢ પણ બહુ પડી. તેથી કેટલાંક વાંદરાં તથા મોર મરી ગયાં ને અમારાં શરીર ફાટી ગયાં ને લોહી ચૂવે ને ખાવાનું નહિ, ને ઓઢવાનો આકાશ, પાથરવાની પૃથ્વી, તેથી પો'ર દિવસ ચઢે ત્યારે ઊઠી તળાવે નાવા સારુ જઈએ. ને પાણીમાં પગ મેલીએ ત્યારે પાણી પણ બોળે એવું ઠરી જાય, એવું પાણી. ને કંઈ ફળ-ફૂલ મળે ના મળે એવું ખાવાનું, તેથી શરીરમાં હાડકાં ને ચામડી રહ્યાં.

અને એક દિવસે બહુ ટાઢ પડી તેથી એક અનંતાનંદસ્વામી હતા. તે ટાઢ ન ખમાઈ તેથી મેણિયા કોદરાનું પરાળનું કુંદવું હતું.

તેમાં પેસીને ઉપર પરાળ વાળેલું તેથી ટાઢ ઓછી થઈ ને ઊંઘી ગયા. તે સમે વાદળાંથી અંધારું ઘોર ને રાત, તેથી કોઈ કોઈને મોઢું સૂઝે નહિ. તેવામાં બે ચોર પરાળ બાંધવા સારુ આવીને ચાદર પાથરી ને પરાળ મેલ્યું. તે ભેગા એ સ્વામીને મૂકીને પરાળની ગાંસડી બાંધી ને ચોરના મનમાં એમ થયું જે, 'કંઈક આકોસ(કીમતી) વસ્તુ કોઈકે સંતાડેલી છે.' એમ જાણી ગાંસડીમાં બાંધી ને એકને માથે ગાંસડી ચડાવી.

તે સમે સ્વામીને ગરમાળો થયો તેથી ચેતન આવ્યું. ને એમ જાણ્યું જે, 'મને કોઈ બાંધીને માથે મેલીને ચાલે છે. તે પડતું નાખશે તો હાડકાં ભાંગી નાખશે. તેથી એને હું કહું તો ધીરે રહીને નાખે.' એમ મન સાથે વિચાર કરીને સ્વામી કહે જે, 'હે ભાઈ, તું નાખ તો ધીરે રહીને નાખજે.' એવું જ્યાં કહ્યું ત્યાં તો ચોર બિન્યા. ને કહે જે, 'ઓય મારા બાપ રે ખાધા.' એમ કહીને ગાંસડી કુંદવા ભણી નાખીને નાસી ગયા ને છેટે જઈને ઊભા રહ્યા, ને ચાદર મેલીને જવાય નહીં.

તે સમે (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું જાગતો હતો, તે મેં સાધુ ગણ્યા તે ઓગણીશ થયા. ત્યારે મેં કહ્યું જે, ભાઈ, એ તો અમારા સાધુ હશે. ટાઢ બહુ છે તેથી પરાળમાં પેઠા હશે. માટે ઊભા રહો, હું જોઉં છું. ત્યારે મેં આવીને ગાંસડી છોડી ને અનંતાનંદસ્વામીને કાઢ્યા ને ચોરને કહ્યું જે, ભાઈ, તમારી ચાદર લઈ જાવ. ત્યારે ચોર અહીંથી ચાદર લઈ ગયા. એવી રીતનું દુઃખ તેની વાત મહારાજને મેં કહી.'' ॥૧૮૩॥

વડતાલમાં મુક્તાનંદસ્વામી વિગેરે સંતને ચારસો વૈરાગી મારવા આવ્યા :

અને સ્વામી કહે જે, ''મેં બીજી વાત પણ કહી જે, હે મહારાજ, આ નારાયણગર બાવાના ઘરની કેડે માતાની ધરમશાળા છે. તેમાં આ મુક્તાનંદસ્વામી ને હું એ આદિક ઘણાક સાધુ ઊતર્યા હતા ને અહીં ચારસેં વૈરાગીની જમાત આવી ને આટલામાં ઊતરેલી ને સર્વે ધર્મરાજાના પાર્ષદ. એમાં એકેય વિષ્ણુના પાર્ષદ નહિ. તેમને ખબર થઈ જે, 'સ્વામિનારાયણના મુંડિયા અહીંયાં છે.' એવું જાણીને એમણે વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણના મુંડિયાને આપણે મારી નાખીએ.' એવો વિચાર કરી સાંજનો પો'ર થયો એટલે હથિયાર બાંધી તૈયાર થઈ, તે જેટલાકમાં આવે છે ત્યારે મોરથી નારાયણગર બાવાને તથા અમને ખબર થઈ જે, 'મારવા આવે છે.'

ત્યારે નારાયણ બાવો આવીને કહે જે, 'હે મહારાજ ! તમે બહાર નીકળશો તોય તમને એ મારશે, ને માંય રહેશો તોય એ પાપી મારશે.' ને તે દિવસે જોબન વરતાલો સત્સંગી નહિ ને બાવો એકલા સત્સંગી, તેથી બાવાને બહુ ચિંતા થઈ. ને મુક્તાનંદસ્વામીના મોઢા આગળ ગળગળા થઈ ગયા. તેથી હે મહારાજ ! અમે સર્વે મળીને તમારી પ્રાર્થના કરી ને એમ કહ્યું જે, 'તમે જેમ કરશો તેમ ખરું.'

તેવા સમામાં બામરોલીના ઠાકોર ભાયડાનું રાવણું (ટોળું) આવીને અમારી પાસે સો માણસ બેઠું હતું. તે ઊઠીને જેટલાંકમાં બહાર નીકળે છે તેટલાંકમાં જ પેલા બધા વૈરાગી આવ્યા, ને બારલી પાસા ભીડો થયો. તેમાંથી ઠાકોર ભાયડાએ એમનાં હથિયાર ઝાલ્યાં, ને તાણા-ખેચ થઈ.

તે સમે હે મહારાજ ! તમે એવી કળા કરી જે, પેલો જાણે જે મારું હથિયાર પેલો તાણે છે, ને પેલો જાણે પેલો તાણે છે. તેથી પ રસ્પર પહેલાં ગાળાગાળી આવ્યા ને પછીથી તો હથિયાર લઈને માંહોમાંહી મારવા મંડ્યા. તે સમે અમે બારણું અટકાવી દીધું. ને તેવા તે માંહોમાંહી આઠ દસેક તો એના એ સ્થળે પાર પડી ગયા ને કેટલાંકનાં માથાં ફૂટ્યાં ને કેટલાંકના હાથ કપાઈ ગયા. ને એમ મોઢે બોલતા જાય જે, 'હે બાબુ, તેરી ગાય હું.' એમ કહેતા જાય ને ધોકે મારતા જાય. તેમાં નાસતે નાસતે બે તો તળાવ ઉપલ્યા કૂવામાં પડ્યા ને બીજા કેટલાક નાસી-ભાગી ગયા ને એનો સામાન પડ્યો રહ્યો. તેને જોબન વરતાલો લઈ ગયો. એવી રીતે રાનોરાન ને પાનોપાન થઈ ગયા. એવી રીતે હે મહારાજ ! તમોએ અમારી રક્ષા કરી હતી.'' ॥૧૮૪॥

ગામ ભદામના ગણેશજી તથા અદ્‌ભુતાનંદસ્વામીની વાત :

અને વળી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''તમોએ મને એકાએકી ફરવા સારુ મેલ્યો હતો. તે હું ફરતાં ફરતાં નર્મદા ઊતરીને રાજના દેશમાં (રાજપીપળા વિસ્તારના) ગામ ભદામ ગયો. ને એક પાટીદારના બે દીકરા હતા. ને તેનું નામ દલાભાઈ તેમને મેં વાતો કરીને સત્સંગી કર્યા. અને બીજે દિવસે એકાદશી હતી તેથી ઉપવાસ કર્યો. અને બીજે દિવસ બારસ થઈ ત્યારે પેલા હરિજન તેમણે મને શેર ખીચડી લાવી દીધી ને કુંભારને ઘેરથી હાંલ્લી લાવી દીધી.

તે હું નદીને કાંઠે ખીચડી જેટલામાં રાંધું છું ને પૂરી ચઢી નથી તેટલાકમા નાંદોદના રાજાનો દીવાન ગામ ભદામનો રહેવાશી હતો. ને જ્ઞાતે પાટીદાર હતો ને તેનું નામ ગણેશજી હતું. તે પોતાની હવેલીના ગોખ ઉપર બેઠેલો. તે સમે ગામમાં એક નરસીરામ કરીને બાવો હતો. તેણે દીવાનસાહેબને કહ્યું જે, 'હે દીવાનસાહેબ, તમે છતે આપણા ગામમાં સ્વામિનારાયણનું ટીખળ પેસે છે.' ત્યારે

દીવાન કહે જે, 'ક્યાં છે ?'

'પેલો મુંડિયો નદીમાં ખીચડી રાંધે છે.' એમ નરસીરામ બાવો કહે છે. તે બાવાનું વચન સાંભળીને દીવાન કહે જે, 'અરે કોઈ છે?' ત્યારે સિપાઈ હાજર હતો તે બોલ્યો : 'હા સાહેબ, આ રહ્યો હું.' ત્યારે દીવાન કહે જે, 'જા, પેલા સ્વામિનારાયણના મુંડિયાને ગામમાંથી કાઢી મેલ.' એમ કહીને મોકલ્યો.

ત્યારે તે સિપાઈ મારી પાસે આવીને મને કહે જે, 'દીવાનસાહેબ એમ કહે છે જે, તમે ગામમાંથી જાવ.' ત્યારે (અદ્‌ભુતાનંસ્વામી કહે જે,) મેં સિપાઈને એમ કહ્યું જે, આ ખીચડી ચઢે એટલે ખાઈને હું જાઈશ. તમારા ગામમાં હું નહિ પેસું. એમ કહ્યું તેથી સિપાઈ પાછો ગયો. ને દીવાનને કહ્યું જે, 'ખીચડી ખાઈને જશે.' એવું સાંભળીને દીવાન મહા ક્રોધમાન થઈને સિપાઈને કહે જે, 'હમણે ને હમણે કાઢ, નહિ તો તને હું ઉચાગર (બરતરફ) કરીશ.' એવું સાંભળીને સિપાઈ પાછો મારી પાસે આવીને મને કહે જે, 'મારો રોટલો ઊઠે છે ને હાંલ્લી ફોડવાની કહે છે ને તમારા સારુ મને ઉચાગર કરે છે.'

એવું સિપાઈનું વચન સાંભળીને મેં તેને કહ્યું જે, હાંલ્લી ફોડીશ નહીં ને ખીચડી ચઢે ત્યારે લઈ જજે. અને મારા સારુ (તને) એ દુઃખ છે, તેથી હું આ ચાલ્યો. એમ કહીને હું ચિત્રાવાડી ગયો. ને તે ગામ એક ગાઉ (દૂર) છે ત્યાં એક ભીખાભાઈ કરીને પાટીદાર હતા. તેને ઘેર જઈને માગ્યું. ત્યારે તેણે શેર લોટ બાજરીનો આપ્યો. તેની બાટીઓ કરીને મેં ખાધી. તેથી તેનું તમે ઘણું સારું કર્યું. ને તેને સાત દીકરા તમે આપ્યા. ને તે ભદામના દીવાને મને કાઢ્યો તે જ રાત્રીએ એની બુદ્ધિ તમોએ ફેરવી. તેથી રાત્રે સિપાઈને બોલાવીને કહે જે, 'પેલા હરિભાઈને બાંધીને મારો.'

ત્યારે એ ગામમાં દીવાનના સામાવડિયા પાટીદાર બીજા રહેતા હતા. તેના દીકરાનું નામ હરિભાઈ, તેને જઈ તે સિપાઈઓએ માર્યો. તેથી તે પાટીદારોએ સિપાઈને ઝાલી લીધા. ને તે છોકરાને મારેલો તેથી લોહીલુહાણ થયેલો. તે છોકરાને ખાટલામાં નાખીને તેરસને દિવસ સવારે નાંદોદ લઈ જઈને રાજાના મોઢા આગળ મેલ્યો.

તેને જોઈ રાજા બહુ ત્રાસને પામ્યો ને કહે જે, 'આવું કામ કેણે કર્યું ?' ત્યારે તે પાટીદાર કહે જે, 'હે સાહેબ ! તમારા દીવાન ગણેશજીભાઈએ આ સિપાઈઓ મૂકીને આજ રાત્રીએ આ કામ કરાવ્યું. ને આવા ને આવા દિવસમાં અનેક કામ કરે છે, એક નહિ. ને બધા રાજ્યનો પૈસો લઈ પોતાની હવેલીમાં ખજીના કરીને ભરેલો છે.' એવું સાંભળીને સિપાઈઓને રાજાએ પૂછ્યું જે, 'તમે કેના હુકમથી આ કામ કર્યું ?' ત્યારે સિપાઈ કહે જે, 'હે રાજા સાહેબ ! દીવાનના કહેવાથી એમ કર્યું છે.' એવી રીતની જ્યાં વાત થાય છે તેવાકમાં દીવાનસાહેબ ત્યાં આવ્યા ને રાજાને સલામ કરીને બેઠા.

તે સમે રાજાએ દીવાનને પૂછ્યું જે, 'આવાં ને આવાં કામ કેટલાં કરો છો ?' ત્યારે દીવાન નામકર (ફરી) ગયો જે, 'એ મારું કામ નથી કરેલું.' ત્યારે સિપાઈઓને બોલાવીને રાજાએ પૂછ્યું, ત્યારે સિપાઈઓએ પણ એમ કહ્યું જે, 'રાજા સાહેબ, દીવાનની આજ્ઞાથી કર્યું છે.' ત્યારે દીવાન કહે જે, 'મેં તો તમને પેલો સ્વામિનારાયણનો સત્સંગી થયેલો જે પેલો છોકરો હરિભાઈ નામે કરીને છે, તેને મારવા સારુ મોકલ્યા હતા ને આને તમે કેમ માર્યો ?' એવું સાંભળીને સિપાઈ કહે જે, 'હે દીવાનસાહેબ, હવે કહીને કેમ ફરી જાવ છો ?'

ત્યારે એ ગુનો રાજાએ સાચો જાણ્યો. તેથી રાજાને ક્રોધ ચઢ્યો ને કહે જે, 'કોઈ છે આટલામાં ? જાવ, દીવાનને બંધીખાને નાખો ને એમની હવેલી છે તે ખોદીને તમામ પૈસો આપડે અહીં લાવો.' એવી રીતે દીવાન કેદમાં પડ્યા ને ત્યાં ને ત્યાં મરી ગયા. ને ઘરનું પચીસ માણસ હતું તે બે-ત્રણ દિવસમાં મરી ગયું. ને રાજા હવેલી ખોદાવીને પૈસો લઈ ગયા.

અને (અદ્‌ભુતાનંસ્વામી કહે જે,) હે મહારાજ ! મારા અંતરમાં તો એનું બગડે એવો સંકલ્પયે નો'તો, પણ તમે અપરાધ ખમી શક્યા નહીં. ને સાધુના અપરાધનું ફળ તમે બતાવ્યું. ને ચિત્રાવાડીના પાટીદારનું સારું થયું. એ સેવાનું ફળ તમો બતાવતા હતા.'' એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'મેં મહારાજને સુખ-દુઃખની સર્વે વાત કહી દેખાડી ને બીજા સર્વે સંત પણ જેને જેને જેવી સુખ-દુઃખની વાત બનેલી તે સર્વે કહી દેખાડતા હતા.' ॥૧૮૫॥

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૮૩-૧૮૪-૧૮૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિ સાથે કાઠી ભક્તોએ રમૂજ કરી :

પીપળાવમાં ચમત્કાર ઐશ્વર્ય પ્રતાપ જણાવી રાત રહીને સવારે ચાલવા તૈયાર થયા. તે સમે એક મનોરભાઈ કરીને પાટીદાર હતા. તે મહારાજને કહે જે, ''હે મહારાજ ! છાશો પીયને ચાલજો.'' ત્યારે મહારાજ કહે જે, ''અમારે તો લક્ષ્મીનારાયણ દેવના થાળ ભેગા જમવા છે.'' એવું મહારાજનું વચન સાંભળીને તે પાટીદારે બહુ ખેચ કરીને કહે જે, ''છાશો પીને જાવ.'' ત્યારે મહારાજ

કહે જે, ''ભાઈ, અમે તો નહિ રહીએ.''

ત્યારે કાઠીએ એમ જાણ્યું જે, 'વડતાલે પૂગતાં સોરું (સુધીમાં) મોડું થાશે. તેથી આપણે મહારાજને જાવા દઈને પછવાડેથી છાશો પીયને જાશું.' એમ કહીને તે પાટીદારની સાથે છાશો પીવા સારુ કાઠી ગયા. ને તે પાટીદારે ઘર આગળ બેસારીને ત્રણ-ચાર દિવસની ખાટી છાશ ને ચીણાનો (એ નામનું હળવું ધાન) અડધો અડધો રોટલો બધાયને આપ્યો. ને પછીથી એ કાઠી જ્યાં જમવા જાય ને ખાટી છાશ મોઢે અડાડી ને ચીણાનો રોટલો તેનું એક એક બચકું ખાધું. તે માથામાં ઝટકો મારે એવું વસમું લાગ્યું. ને ચીણાનો રોટલો કરડ કરડ બોલે. તેથી પરસ્પર મરમ કરવા માંડ્યા કે, 'ભાઈ, આ તો કંઈ માથે બની ! ને હવે આને નાખી દેવાય પણ નહીં ને ખવાય પણ નહીં.'

તે સમે તે હરિભક્તો પ્રેમથી કહે જે, 'લ્યો, વધારે રોટલો લ્યો જમો.' એવું હરિભક્તનું વચન સાંભળીને કહે જે, ''ભાઈ, આ રોટલો ખૂટશે તો ઘણો છે.'' એમ કહીને એક હાથમાં રોટલો ને એક હાથમાં તાંસળી લઈને ઊભા થઈને હરિજનને કહે જે, ''ત્યાં બહાર જઈને જમીશું. કેમ કે ઘોડા ભાગોળે બાંધ્યા છે, તેથી ત્યાં જઈને જમશું.'' એમ કહીને ગામથી બહાર આવીને છાશો ઢોળી દીધી ને રોટલા કૂતરાંને નાખી દઈને હાથ ધોઈ પાણી પીને સ્વાર થઈને ત્યાંથી ચાલ્યા. તે વડતાલમાં આવીને ઘોડા બાંધીને લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પછવાડે સભા કરીને મહારાજ બેઠેલા ને મોટા મોટા સંત બેઠેલા. તે સમે સોમલો ખાચર તથા સુરો ખાચર તથા મોકો ખાચર તથા દાદો ખાચર - એ આદિક સર્વે કાઠી સભામાં આવી મહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા.

તેમને જોઈને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, ''આમને જમવાની કાંઈ ઉતાવળ કરશો નહીં. છાશો પીયને આવ્યા છે.'' એવું મહારાજનું વચન સાંભળીને સુરે ખાચરે એમ વિચાર કર્યો જે, 'હવે આપણને મોડું જમવાનું મળશે, તેથી કંઈ કળા કરીએ તો વહેલું મળે.' એમ વિચાર કરીને માથેથી મોળિયું ઉતારીને સોમલા ખાચરની આગળ માથું નીચું કરીને કહે જે, ''સોમલા ખાચર, મારું માથું જોને, ગધીનો વાળછો ગરુન ગયો કે છે ?''

ત્યારે સોમલે ખાચરે માથેથી મોળિયું ઉતારીને સુરા ખાચરની આગળ માથું નમાવીને કહે જે, ''હે સુરા, મારા માથા ઉપર જોને, મુવાળો ગરુન ગયો કે છે ?'' એવી રીતે સર્વે કાઠી મોળિયાં ઉતારીને એકબીજાનાં મોઢાં આગળ માથાં નીચાં કરીને પરસ્પર કહેવા લાગ્યા જે, ''હે ભાઈ, તારા માથા ઉપર થોડાક રહ્યા છે, ને બીજા મુવાળા ગરુન ગયા છે.'' એવી રીતે પરસ્પર ટીખળ સભામાં આરંભ્યું.

તેને જોઈને મહારાજ કહે જે, ''હે સુરા ખાચર, આ શું થયું છે ? તે માથાં એકબીજાને પરસ્પર દેખાડો છો ?'' એવું મહારાજનું વચન સાંભળીને સુરો ખાચર કહે જે, ''હે મહારાજ ! ભગવાનને મેલીને અમે છાશો પીવા રહ્યા, ને અમે છાસો પીવા ગયા. ત્યારે તે પટેલે ત્રણ-ચાર દિવસની છાશ ને ચીણાનો રોટલો અડધો અડધો આપ્યો. ને અમે જે સમે ખાવા માંડ્યો તે સમે હે બાપુ, એવો વસમો લાગ્યો જે, જેવો ઝટકો વાગે તેવો ગધીનો રોટલો તો કરુર કરુર બોલે. તેથી હે મહારાજ ! અમે ઊઠીને નાખી દઈને છાશો ઢોળી દઈને અહીં આવ્યા. ત્યાં તો તમોએ બ્રહ્માનંદસ્વામીને રોટલા આપવાની ના પાડી. તેથી અમે મોળિયાં ઉતારી માથાં દેખાડીને કહીએ છીએ જે, વાળછા અલ્યા ગરુન ગયા કે છે ? એમ પરસ્પર દેખાડીએ છીએ.'' એવું મરમનું વચન સાંભળીને મહારાજ મોઢે રૂમાલ દઈને ઘણું હસતા હવા.

પછી બ્રહ્માનંદસ્વામીને કહે જે, ''હે સ્વામી, એમને જમવા સારુ તેડી જાઓ.'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''હે મહારાજ! ભગવાનને મૂકીને જે જુદા રહે તેમના એ હાલ છે. તેટલા સારુ પ્રેમાનંદસ્વામીએ કીર્તનમાં આણ્યું છે જે - વહાલા એ રસના ચાખણહાર કે છાશ તે નવ પીવે રે લોલ.''

એમ કહીને બ્રહ્માનંદસ્વામી કહે જે, ''ભગવાન વિનાના બીજાં સુખ તો છાશ જેવાં છે.'' એવી રીતે સભામાં રમૂજ કરી ને પછીથી એમને જમાડતા હવા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૧૯૧, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ભગવાન શ્રીહરિએ બે પાટીદારનાં ભૂત કાઢ્યાં ને બદરિકાશ્રમ મોકલ્યાં :

વરતાલે પ્રબોધનીનો સમૈયો આવ્યો. તે સમૈયા ઉપર દેશાંતરથી સર્વે સંત આવતા હતા. ને ધર્મકુળમાં સુવાસિનીબાઈ તથા નંદરામજી મહારાજ તથા સીતારામજી મહારાજ તથા વૃંદાવનજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તથા વરિયાળીબાઈ તથા સુનંદાબાઈ તથા વીરજારાણી - એ આદિક ધર્મકુળ સર્વે સમૈયા ઉપર આવતાં હતાં. ને દેશાંતરથી સર્વે હરિજન પણ સમૈયા ઉપર આવતા હતા. ને ભારે મોટો વીસ-પચીસ દિવસનો સમૈયો થાતો હતો.

ને તે સમૈયામાં હરિજન મોતિયા લાડુ, જલેબી, સાટા એ આદિક પકવાનની ઘણીક રસોઈઓ કરાવતા હતા. અને હાલમાં સાધુની ધર્મશાળા છે તે જગ્યાએ નીચી એક માળની ધર્મશાળા હતી. ને ત્યાં સાધુ જમવા સારુ આસનવાળીને બેસે, ને મહારાજ કહે જે, "મોતિયા લાડુ લ્યો... જલેબી લ્યો... સાટા લ્યો..." એમ વારંવાર પંગતમાં ફરીને પીરસતા હતા. એવી રીતે એ ધર્મશાળામાં હજારો વાર પંક્તિ કરીને સાધુને પીરસી મહારાજ જમાડતા હતા. અને સાધુ જમીને અબોટ (જમેલી જગ્યાએ લીંપણ કે પોતું કરવું તે) કરીને સુકાય એટલે આસન પાથરે. એવી રીતે એ સમૈયામાં સંતોને તથા હરિજનોને મહાસુખ આપતા હતા.

અને સભાને વિશે સંતના તથા દેવના મહિમાની ઘણીક વાતો કરતા હતા ને પોતાના પુરુષોત્તમપણાની દૃઢ ઉપાસના સંબંધી પતિવ્રતાના દૃષ્ટાંતે કરીને દૃઢ કરાવતા હતા. એવી રીતે સર્વે બાઈને વાતો કરે છે. તેવા સમામાં એક પાટીદારને ભૂત વળગેલાં તે આવેલા. તેનાં ભૂત મહારાજે કાઢ્યાં ને તેને સત્સંગી કર્યો, ને ભૂતને કહે જે, "મારા સાધુમાં રહો." ત્યારે ભૂત કહે જે, "સાધુમાં તો ના રહેવાય, પણ કોઈક બાઈ વર્તમાન ધર્મ નહિ પાળતી હોય તેમાં રહીશું." ત્યારે બાઈઓ કહે જે, "હે મહારાજ ! અમે ખબડદાર થઈને વર્તમાન પાળશું. અહીં ભૂતને મોકલશો નહીં." એવું સાંભળીને મહારાજ ભૂતને બદરિકાશ્રમમાં મોકલી દેતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૦૦, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિ ઉપર એક સ્ત્રીએ જંત્ર-મંત્ર કર્યું :

એક દિવસ શ્રીજીમહારાજ સભામાં પાટ ઉપર વિરાજમાન હતા, ને એક નારાયણદાસ કરીને સાધુ હતા; તે સમાધિ કરીને મહારાજની પાટ આગળ પડ્યા હતા. તે સમે એક બાઈ સાત પુરુષની હત્યાઓ કરીને મહારાજને મારવા સારુ જંત્ર-મંત્ર કરતી હતી, પણ કોઈ ઉપાય ચાલ્યો નહીં. તેથી કહે જે, "તમે કાંઈ આકાશમાંથી પડ્યા નથી તે સ્ત્રીને અડતા નથી." એવું વચન બોલવા મંડી. ને રસ્તામાં ભૂંડું કામ કરીને આવેલી. તેથી નારાયણદાસે સમાધિ દ્વારે તે સર્વે વાત જાણેલી. તેથી સમાધિમાંથી બારણે નીકળીને કહે જે, "હે રાંડ, તને તો ફલાણો તરકર અડશે." એમ કહીને સમાધિમાં જતા રહ્યા. ને તે બાઈએ તો એમ જાણ્યું જે, 'આ તો મારી સર્વે ક્રિયા કહેશે ને અંતરજામી છે.' એમ વિચારીને નાસી ગઈ. તે વાત જોઈને મહારાજ નારાયણદાસ ઉપર કુરાજી થઈને કહે જે, "તમોએ આજ્ઞા કેમ લોપી ? સ્ત્રી સાથે બોલ્યા કેમ ? માટે તમે સત્સંગથી બહાર જાવ." એમ કહીને નારાયણદાસને સત્સંગથી બહાર કાઢ્યા ને પોતે સભામાં બેઠા.

તે સમે વડોદરેથી સિયાજીરાવ ગાયકવાડના ખાનગી દીવાન નારુપંત નાના રાજાનો કાગળ લઈને આવ્યા ને મહારાજને કાગળ વંચાવ્યો. ને મહારાજને કહે જે, "હે મહારાજ ! દયા કરીને વડોદરે પધારો !" ત્યારે મહારાજ કહે જે, "પહેલા આ દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર એ આદિકને લઈ જાવ ને અમે પછીથી આવીશું." એમ નારુપંત નાનાને કહીને પછી ઉતારો આપ્યો ને જમાડ્યા. ને મહારાજ દાદા ખાચર તથા સુરા ખાચર તથા સોમલા ખાચરને કહે જે, "તમે રાજાનો ભાવ તથા અમારે વિશે હેત જોઈ આવો. પછી અમે જઈશું." એમ કહીને નારુપંતની સંગાથે એ કાઠીને મોકલ્યા. એ કાઠી (વડોદરા) મંદિરમાં આવી ઉતારો કરીને દરબારમાં ગયા.

તે સમે આગળ દાદા ખાચરને રાખેલા ને પછવાડે બીજા કાઠી ચાલે. એવી રીતે જ્યાં ગાદી ઉપર સિયાજીરાવ બેઠા છે ત્યાં તેમની સમીપે ગયા. તે સમે નારુપંત નાનાએ કહ્યું જે, "પહેલા આગળ આવે છે તે દાદો ખાચર છે." એમ સરકારને કહીને ઓળખાવ્યા.

તે સમે સરકાર ઊઠી સામા જઈ દાદા ખાચરને ઘણા સ્નેહથી મળ્યા. ને સર્વે કાઠીને મળીને દાદા ખાચરને પોતાની પાસે બેસારીને કહે જે, "હે દાદા ! તમે મને સ્વામિનારાયણનાં દર્શન કરાવો તો મારે દર્શન થાય, નહિ તો મુને સ્વામિનારાયણ દર્શન નહિ દે." એવું સરકારનું વચન સાંભળીને દાદા ખાચર કહે જે, "હું તો તમારી રૈયત છું ને તમે તો પછમના પાછીયા કે'વાવ." એવું દાદા ખાચરનું વચન સાંભળીને સરકાર કહે જે, "હે દાદા, હું પાછીયા તો ખરો, પણ તમે સ્વામિનારાયણને વશ કરી રાખ્યા ને મને તો સ્વામિનારાયણ દર્શન દેતા નથી." એવાં ઘણાં વિનયનાં વચન કહીને સેલું શરપાવ સર્વેને હેતથી કરતા હતા ને પછીથી પાછા વળાવ્યા.

પછી સર્વે કાઠી વરતાલે આવીને મહારાજને કહે જે, "હે મહારાજ ! અમારો ઘણો મહિમા સમજે છે, ત્યારે તમારો સમજે એમાં શું કહેવું ? ને તમારો મહિમા સોળ આની છે. માટે હે મહારાજ ! ત્યાં પધારવું જોઈએ. ને અમને પણ સેલું શરપાવ સર્વેને કર્યો." એવાં દાદા ખાચર આદિક સર્વેનાં વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને વડોદરે જવાની હા પાડતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૦૧, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી સાથે રમૂજ કરી :

વડતાલમાં રહ્યા થકાં 'શિક્ષાપત્રી' નામે ગ્રંથને કરતા હતા. ને તેને શોધાવી શુદ્ધ કરીને સર્વે સંતને લખવાની તથા પાઠ કરવાની

આજ્ઞા કરતા હતા ને હરિજનોને પણ આજ્ઞા કરી. સંવત્ ૧૮૮૨ના મહા સુદી પાંચમે એવી રીતે ગ્રંથ કરતે સતે 'વસંતપંચમી'નો સમૈયો આવ્યો. તે સમૈયા ઉપર હજારો હરિજન પણ આવતા હતા. ને રંગ ને ગુલાલ મહારાજ સર્વે સંતના તથા હરિજનોની ઉપર નાખતા હતા ને રંગ રમવાની પરસ્પર છૂટી કરતા હતા. તેથી ઘણી વાર મહારાજ ને સંત-હરિજન રંગ રમીને મહારાજ સંત-હરિજને સહિત ગોમતીજી નાહવા પધાર્યા. ને ત્યાં ગોમતીજીમાં સંતે સહિત ઘણી વાર નાહ્યા. ને બહાર નીકળીને શ્વેત વસ્ત્ર પહેરીને ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. ને વડોદરાના બાપુ વૈદ હતા. તેમની મોતિયા-જલેબીની રસોઈ હતી. તે સર્વે સંતને મહારાજ પોતે પીરસીને જમાડતા હતા ને પોતે પણ જમતા હતા.

તે જ રાત્રીએ મહારાજ તથા સદ્‌ગુરુઓએ મળીને આચારજ કરવાનો વિચાર કરીને મોટાભાઈ જે રામપ્રતાપજી મહારાજ તેમના અયોધ્યાપ્રસાદ નામે પુત્ર તેમને દત્તક લીધા. ને ઇચ્છારામજી મહારાજના પાંચ પુત્ર તેમાંથી રઘુવીરજી મહારાજને દત્તક લીધા ને એ બેય ગાદીઓના અધિકારી કર્યા. ને બીજે દિવસે મહારાજે હાલમાં મંદિરની પછવાડે ઓટો છે, તે જગ્યાએ બે પાટ્યો ઢળાવી. તે ઉપર બેયને બેસારીને મહારાજે આરતી ઉતારી ને કહ્યું જે, "સર્વે આ બેની અમારી પેઠે પૂજા કરો." એમ કહીને પોતે હરિમંડપ ઉપર વિરાજમાન થયા, પણ કોઈ હરિજને એ આચારજની પૂજા ના કરી.

તે જોઈને મહારાજ નિત્યાનંદસ્વામીને બોલાવીને કહે જે, "હે સ્વામી ! આ હરિજનો આ બેની પૂજા કરે ને હું દેખું, એવી રીતનો તમે સર્વે મળીને કંઈક રસ્તો પાડો." એવાં મહારાજનાં વચન સાંભળીને નિત્યાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! તમારે પણ અમે કહીએ તેમ કરવું પડશે." ત્યારે મહારાજ કહે જે, 'ઠીક.' એમ કહ્યું. (પછી) નિત્યાનંદસ્વામી સભામાં આવી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'હું પણ હતો.' તે સમે નિત્યાનંદ સ્વામીએ સર્વેને મહારાજનો અભિપ્રાય કહી સંભળાવ્યો. તેથી સર્વે સંતોએ મળીને હરિજનોને સમજાવ્યા જે, "તમે પાઘડી ને સેલું મહારાજ સારુ બે લાવ્યા હોય તો પાઘડી રઘુવીરજી મહારાજને બંધાવો ને સેલું મહારાજને ઓઢાડો."

અને વળી બીજા નરનારાયણના દેશના હરિજનો હતા. તેમને એમ સમજાવ્યું જે, "તમે સેલું-પાઘડી લાવ્યા હોય તો પાઘડી અયોધ્યાપ્રસાદજી મહારાજને બંધાવો ને સેલું મહારાજને ઓઢાડો." એવી રીતે સર્વે સંતોએ મળીને બેય દેશના હરિજનોને સમજાવ્યા. ત્યારે બેય આચારજ(ની) પૂજા થવા માંડી. તેને જોઈને મહારાજ ઘણા રાજી થયા ને સભામાં આવી વિરાજમાન થઈને સંતને એમ વાત કહેવા લાગ્યા જે, "આ હરિજનો તો હે સંતો, તમારા છે, માટે તમારા કહ્યાથી પૂજા કરી. માટે આ સત્સંગ તમારે સાચવવો ને સહુ સહુના દેશના દેવની તથા આચારજની પુષ્ટિ કરવી." એવી વાત કરે છે.

તેવા સમામાં કાનમ દેશમાં એક હળદર કરીને ગામ છે. તેના રહેવાસી હરિભાઈ કરીને શેખ હતા. તે પોતાનો નથુ નામે દીકરો તેને લઈને ત્યાગી થઈને વડતાલે લક્ષ્મીનારાયણના મંદિરમાં રહેલા. તે ચોક વાળે તથા બીજી ઘણી સેવા કરે તેથી તેમના દીકરા ઉપર મહારાજ રાજી થયેલા ને તે સમે નથુ નામે છોકરો મહારાજ સન્મુખ આવીને ઊભો રહ્યો.

તેને જોઈને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે બ્રહ્માનંદ સ્વામી ! આ તો રાધીકાનો પુત્ર છે." એવું મહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! અમે કેના દીકરા ?" ત્યારે મહારાજ કહે જે, "તમે તો બીજી ગોપીઓના." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! બાપ તો એક છે કે નહિ ?" ત્યારે મહારાજ કહે જે, "હા." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "માઓને તો અમે ઘણા તે સમજાવી લઈશું." એવી રીતની રમૂજ મહારાજ સભામાં કરતા હતા. પછીથી લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ તે દર્શને પધાર્યા. ને પછી ઠાકોરજીનો પ્રસાદ દૂધ-પૂરી મહારાજ જમીને પોઢી જતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૦૩, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં અદ્‌ભુતાનંદસ્વામીએ સર્વોપરીપણાની વાત સભામાં કરી :

એક દિવસ વડતાલમાં શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સન્મુખ લીમડા નીચે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે વડોદરાના શાસ્ત્રી શોભારામે અદ્‌ભુતાનંદસ્વામીને પ્રશ્ન એવો પૂછ્યો જે, "તમે તમારા સ્વામિનારાયણને સર્વે અવતારથી મોટા કહો છો, તે કેવી સમજણે કરીને કહો છો ? તે અમને સમજાવો." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "પૂર્વે જે ભક્ત થયા છે ને પૂર્વે જે ભગવાનના અવતાર થયા છે, તેમાં જે ભક્તને જે ભગવાનનો મેળાપ થયો છે તે ભક્તને પોતાને મળ્યા જે ભગવાન તેને નાના જાણ્યા નથી.

તેની વિક્તિ જે - પ્રહ્લાદજીએ નરસિંહજી ભગવાનને સર્વોપરી જાણ્યા છે ને સ્તુતિ કરી તે વખતે સર્વોત્તમપણે કરીને કરી છે, પણ નાના જાણી કરી નથી. તેવી જ રીતે નારદજીએ નરનારાયણને જગતકર્તા જાણ્યા હતા, પણ નાના જાણ્યા નહોતા. તેવી જ

રીતે ભરતજીએ પોતાના ભાઈ જે રામચંદ્ર ભગવાન તેમને સર્વોત્તમ જાણીને, પોતાની માએ પોતાને રાજ્ય આપવા સારુ રામને ને લક્ષ્મણને વનવાસ મોકલ્યા, તેથી પોતાની માનું મોઢું ન જોયું અને કહે જે, 'એણે મારા ઈષ્ટદેવ જે રામચંદ્ર તેમને વનવાસ મોકલ્યા તે હેતુ માટે એ મારી મા નહિ, એ તો મારી શત્રુ છે.' એમ જાણી એનું મોઢું ના જોયું ને રાજગાદી ઉપર બેસવા પણ ન ગયા ને બારોબાર રામચંદ્ર ભગવાનની પાસે આવ્યા.

અને એમણે જો રામચંદ્રને નાના જાણ્યા હોત તો રાજ્યનો તથા માનો ત્યાગ થાત નહિ; માટે એમણે પણ મોટા જાણ્યા હતા. તેવી જ રીતે હનુમાનજીએ પણ રામચંદ્ર ભગવાનને નાના જાણ્યા નહોતા, સર્વોત્તમ જાણ્યા હતા. તેનું કારણ જે, રામચંદ્ર ભગવાને વર માગવાનું કહ્યું ત્યારે પોતે દાસત્વપણુ માગ્યું. ને પોતાના ઈષ્ટદેવના કામમાં આવે એ વસ્તુ ન માગી ને અરક (આંકડા) આદિકનાં પુષ્પ તથા સિંદુર ને તેલ માગ્યું; એવી રીતે દાસપણું માગ્યું.

એવી જ રીતે વિભીષણે પણ કંઈ ઓછા જાણ્યા નથી. તેમ જ કૃષ્ણ અવતારના ભક્ત ગોપ - ગોપીઓએ પણ શ્રીકૃષ્ણને ઓછા જાણ્યા નથી. તેમણે 'આ જગતકર્તા છે' એમ જાણીને લોક-કુટુંબનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણને ભજ્યાં. તેવી જ રીતે ઋષિપત્નીઓએ પોતાના સંબંધીઓને ન ગણીને શ્રીકૃષ્ણને ભગવાન જાણી જમાડવા ગઈયો. એવી રીતે શ્રીકૃષ્ણને તેમણે ભગવાન જાણ્યા છે. તથા પાંચ પાંડવોએ તથા વિદુરજીએ, ઉદ્ધવજીએ, અક્રૂરે તથા વ્યાસમુનિએ - એ આદિક સર્વેએ શ્રીકૃષ્ણને સર્વોપરી જાણ્યા છે તથા તેમના ગ્રંથોમાં તેમને સર્વોપરી કહ્યા છે.

તેવી જ રીતે એક પક્ષમાં તો આ સહજાનંદસ્વામીના ઉપાસક અમે અગણિત સાધુ તથા ગૃહસ્થ બાઈ-ભાઈ છીએ. તે સર્વે એમ સમજીએ છીએ જે, 'સર્વે અવતારના અવતારી ને સર્વેના કારણ ને જગતકર્તા એવા આ સાક્ષાત પુરુષોત્તમનારાયણ તે આ જ છે. અને બીજા અવતારો જેવા તો એમના મુક્ત અગણિત છે. એવી એમની મોટપ જોઈને સર્વેથી એમને અમે મોટા કહીએ છીએ.

અને બીજા પક્ષથી પણ એમનાં ચરિત્ર તથા ઐશ્વર્ય-પ્રતાપ બહુ જણાવે છે. તે એક સોટી સંતને લાલ તથા પીળો છેડો કરીને આપી. તેથી અનેકને સમાધિ થાય ને ઉઠાડે, એવાં અગણિત ઐશ્વર્ય જોઈને તથા બાઈ-ભાઈની સભા જુદી જુદી કરી તથા પુરુષના અંતરમાંથી સ્ત્રીનો ભાવ કાઢી નાખ્યો તથા સ્ત્રીના અંતરમાંથી પુરુષનો ભાવ કાઢી નાખ્યો; એવો પ્રતાપ જોઈને તથા અનેક જાતના પરચા તથા સમાધિઓ - તે સર્વેને જોઈને અમે પૂર્વના અવતારનાં ઐશ્વર્ય ને આ અવતારનાં ઐશ્વર્ય-પ્રતાપ મેળવતાં બહુ જ અધિકપણું અમને જણાણું. તેથી આ સ્વામિનારાયણને સર્વ અવતારથી અધિક મોટા ને સર્વોપરી કહીએ છીએ.

એ વાત ઝીણી બુદ્ધિએ કરીને વિચારે તો સમજયામાં આવે ને એમ ન વિચારે તો તત્કાળ ન સમજાય; એવી આ વાત ઝીણી છે.'' એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામીએ ઉત્તર કર્યો.

ને વળી અલ્પબુદ્ધિવાળા હોય તેમને સમજાય એવો બીજો ઉત્તર કર્યો. તે કેવી રીતે ? તો, આ સ્વામિનારાયણનાં મંદિર છે તથા આચાર્ય સ્વામિનારાયણના છે તથા બ્રહ્મચારી તથા સાધુ તથા પાળા તથા ગૃહસ્થ સત્સંગી બાઈ-ભાઈ સ્વામિનારાયણના છે; એમ કહીએ છીએ તેવી જ રીતે આ સ્વામિનારાયણના પૂર્વ થયા જે સર્વ અવતાર તે પણ આમના જ છે. એટલું જ થોડી બુદ્ધિવાળા સમજે તો સર્વોપરી વાત તેને સમજાઈ ગઈ, બીજું સમજવાનું બાકી રહ્યું નહીં.''

એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામીએ બે પક્ષની વાત કરી, ને મહારાજની સર્વોપરી મહત્તા કહી. તેને સાંભળીને મહારાજ તથા સર્વે સંત તથા હરિજન તથા શોભારામ શાસ્ત્રી વિગેરે ઘણા રાજી થયા. ને સ્વામિનારાયણને ઘણા સ્નેહથી પગે લાગીને કહે જે, ''આજ અમારો સંશય તમારી વાત સાંભળીને જાતો હવો.'' એમ કહીને મહારાજને તથા સર્વે સંતને પગે લાગીને પોતાના ઉતારા ઉપર જાતા હતા. અને મહારાજ થાળ થયો એટલે જમવા પધાર્યા ને સંત પણ જમવા ગયા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૧૩, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ ભૂજના સુંદરજીભાઈના દાસપણાની કહેલી વાત :

શ્રીજીમહારાજ એક દિવસે લક્ષ્મીનારાયણના મંદિરના સમીપે લીમડા નીચે વિરાજમાન હતા. તે સમે મહારાજે એક દાસત્વભક્તિ ઉપર વાત કરી જે, ''દાસ હોય તેનાં તો આવાં લક્ષણ હોય.'' એમ કહીને મહારાજ કહે જે, ''અમે સમુદ્રને પેલે કાંઠે એક ગામ છે. તેમાં અમે વિરાજતા હતા. તે સમે સુંદરજીભાઈ ભૂજના રાજાના કુંવરનું ખાંડું (તલવાર - વરને બદલે તલવાર લઈને ગયેલી જાન) લઈ આ કાંઠે આવતા હતા. તે અમને એ ગામમાં રહેલા જાણીને અમારે દર્શને અહીંથી છેટે બે ગઉ બીજા ગામમાં મુકામ કરીને અમારી પાસે આવીને પગે લાગ્યા. ત્યારે ભારે ભારે વસ્ત્ર તથા અલંકાર ધારેલાં. એવું જોઈ અમે કહ્યું જે, કોણ છે ?

ત્યારે સુંદરજીભાઈ કહે જે, 'એ તો તમારો દાસ' એવુ કહ્યું. તેને સાંભળીને મેં એમ કહ્યું જે, દાસનાં શાં લક્ષણ છે ? ત્યારે

સુંદરજીભાઈ કહે જે, 'જેમ કહે તેમ કરે એ દાસનાં લક્ષણ છે.' ત્યારે મેં કહ્યું જે, તમે સાધુ થાવ અને આ બધું ઉતારી મેલો. એવું અમારું વચન સાંભળીને સર્વે વસ્ત્ર તથા અલંકાર ઉતારી મેલ્યાં ને મૂછો તથા થોભિયા ઉતારીને સાધુ થયા, ને મુક્તાનંદસ્વામીને પગે લાગવા ગયા.

ત્યારે સાધુનો વેશ જોઈને સ્વામી કહે જે, 'આવુ કેમ કર્યું ? ને ક્યાંથી આવો છો ને ક્યાં જાવ છો ?' ત્યારે સુંદરજીભાઈએ સ્વામીને વાત કહી જે, 'રાજાના કુંવરનું ખાંડું લઈને જાવ છું ને મહારાજને અહીંયાં સાંભળ્યા, તેથી અહીં દર્શને આવ્યો ને બીજા સર્વે મનુષ્ય બે ગઉ ઉપર ગામ છે ત્યાં છે.' ત્યારે સ્વામી કહે જે, 'આવું અમંગળિક કેમ કર્યું ?'

ત્યારે સુંદરજી ભાઈ કહે જે, 'મહારાજનાં દર્શન કરીને બેઠો, ત્યારે મહારાજ કહે જે, કોણ એ ?' ત્યારે મેં કહ્યું જે, તમારો દાસ. ત્યારે મહારાજ કહે જે, 'દાસનું શું લક્ષણ ?' ત્યારે મેં કહ્યું જે, જેમ કહે તેમ કરે તે દાસનાં લક્ષણ છે. એવું સાંભળીને મહારાજ મને કહે જે, 'તમે સાધુ થાવ,' તેથી હું સાધુ થયો.'

એવું સુંદરજીભાઈનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી ઉતાવળા ઉતાવળા મહારાજ પાસે આવીને કહે જે, "હે મહારાજ ! સુંદરજીભાઈ તો રાજાના કુંવરનું ખાંડું લઈને પરણાવવા જાય છે. ને તમને સાંભળીને તમારે દર્શને અહીં આવ્યા. ત્યાં તો તમે સાધુ કર્યા ને તે લોક તો સર્વે ત્યાં વાટ જોતા હશે." એવું સ્વામીનું વચન સાંભળીને મહારાજ કહે જે, "અમને એવી ખબર નથી તેથી સાધુ કર્યા." એમ કહીને સુંદરજીભાઈને કહે જે, "તમારાં વસ્ત્ર-ઘરેણાં પે'રીને જાવ."

ત્યારે તે વસ્ત્ર-ઘરેણાં પે'રીને મુકામ ઉપર ગયા, પણ મૂછો તથા થોભિયા પાડેલાં; તેને જોઈને બીજા બધા લોકો પૂછવા મંડ્યા કે, 'તમે આવું શું કરી આવ્યા ?' એવાં એ લોકનાં વચન સાંભળીને સુંદરજીભાઈ કહે જે, 'રાજાના કુંવર જે દિવસે જન્મ્યા હતા તે દિવસથી મેં એવી બાધા રાખી હતી જે, અહીંથી થોડેક છેટે દેવી છે, તેને સમીપે જઈને કુંવર પરણે ત્યારે મારે મૂછો તથા થોભિયા ઉતરાવવા. તે હું ઊતરઈ આવ્યો.' એવું કહીને એ જે કામે આવ્યા હતા તે કામે ગયા."

અને વળી (મહારાજે) અક્ષરાનંદસ્વામીની વાત કરી જે, "અક્ષરાનંદસ્વામી સાધુ થાવા આવ્યા હતા. ત્યારે અમે કહ્યું જે, કાસીદાસ મોટાને ઘેર જાવ ને એ કહે તેમ કરજો. તે અમારું વચન માનીને છો મહીના કાસીદાસ મોટાના ઘરનું કામ કર્યું ને પછી સાધુ થયા. તેવી જ રીતે રાજાભાઈએ પણ અમારું વચન માનીને પર્વતભાઈનો બધો વેવાર ઉપાડ્યો. તે ઘણા દિવસ વેવાર કર્યો ને પછી સાધુ થયા." એવી રીતે મહારાજનું વચન માથે ચડાવીને ભક્તિ કરતા હતા. એવી રીતે મહારાજ દાસપણાની ઘણીક વાર્તા કરતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૧૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની મધુરતા ઉપર કહેલી વાત :

એક દિવસે શ્રીજીમહારાજ વરતાલે હરિમંડપમાં થાળ જમીને પોઢી ગયા હતા ને પછી ત્રીજે પોર ઊઠતા હતા. તે પછી મુખારવિંદ ધોઈ કોગળા કરીને જળપાન કરીને બેઠા. તેવા સમામાં ચારસે વૈરાગીની જમાત આવી ને તળાવમાં ઊતરી હતી. તેણે એમ સાંભળ્યું જે, 'જીવનમુક્તા અહીં છે.' એવું સાંભળીને જમાતવાળાએ એવો વિચાર કર્યો જે, 'જરૂર આપણે મંદિરમાં જઈને ટંટો કરવો તથા મારામારી કરવી.' એવા વિચારથી સર્વે વૈરાગી તૈયાર થઈને હથિયાર બાંધી ધોકા લઈને લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં દર્શને આવ્યા.

તેને જોઈને મહારાજે ધર્મશાળામાંથી મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતને મંદિરની પછવાડે સભા કરીને બેસાર્યા અને પંડે હરિમંડપ માં બેસી રહ્યા. તે સમે બધા વૈરાગી દર્શન કરી દક્ષણાદા પાસા હેઠે ઊતરીને જ્યાં સાધુની સભા બેઠી છે તે પાસા જેટલાંકમાં આવે છે તેટલાંકમાં જ મુક્તાનંદસ્વામી ઊઠીને પાંચ-સાત સાદડીઓ પડીયો હતીયો તેને પાથરીયો. ને કહે જે, "હે મહાપુરુષો ! આવો બેસો!" એમ કહીને સર્વેને બેસારીને પોતે પગે લાગ્યા ને સંતને કહે જે, "હે સંતો, આ સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ પધાર્યા છે. તેમનાં દર્શન કરો." એવાં સ્વામીનાં વચન સાંભળીને સર્વે સંત પગે લાગીને બેઠા.

તે સમે મુક્તાનંદસ્વામી કહે જે, "હે સંતો, આજ તો આપણાં બહુ જ મોટાં ભાગ્ય થયાં, ને બહુ જ પુન્યથી આવા સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ તેમનાં આપણે દર્શન થયાં. જેનાં દર્શનથી અજામેલ જમના હાથથી મુકાયો ને જેનાં નામ ઉચ્ચારણ કર્યાથી ગ્રહસ્થનાં ઘર પ વિત્ર થાય છે અને દેવ-તીરથ તો બહુ કાળે પવિત્ર કરે ને આ તો દર્શનમાત્રમાં જ પવિત્ર કરે, એવા સંત છે. ને આપણી રક્ષા સારુ આપણા ગુરુભાઈએ હથિયાર બાંધ્યાં છે. માટે આપણે નિરાતે ફિકર-ચિંતા મૂકી દઈને ભગવાનનું ભજન સુખેથી કરો."

એવાં મુક્તાનંદસ્વામીનાં ઘણાંક મધુર વચન સાંભળીને એમનો કોધ ઊતરી ગયો. ને એવું બોલ્યા જે, "તમે તો સાચા સાધુ છો અને અમે તો આરબ-ભાવર તથા હેલા જેસા હૈ." એવું કહી પોતાની મેળે આરબ-ભાવર થઈ સંતને પગે લાગીને, ઊઠીને ચાલ્યા ગયા.

પછી મહારાજ સભામાં આવી વિરાજમાન થયા ને સંતોને એમ કહેવા લાગ્યા જે, "હે સંતો ! આ સ્વર્ગલોકને વિષે અમૃત રહ્યું

છે એમ કહે છે તોપણ ત્યાં ટંટા-બખેડા થાય છે ને આ મુક્તાનંદસ્વામીની વાણી તો અમૃતને પણ વટી ગઈ. શાથી ? તો જુવોને, આ વૈરાગી ખાસ ટંટો કરવા આવ્યા હતા પણ સ્વામીની વાણી સાંભળીને શાંતિ પામી પોતાની મેળે આરબ-ભાવર થઈને ચાલ્યા ગયા.'' એવું કહીને મહારાજ કહે જે, ''સ્વામી બહુ જ મોટા સંત છે.''

શ્રીજીમહારાજનું એવું વચન સાંભળીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''હું એમ બોલ્યો જે, હે મહારાજ ! આ વસો ગામ છે. તેમાંથી મને એક દિવસે કસિયાભાઈએ સિપાઈ મોકલી બાર ફેરા ગામમાંથી કાઢાવ્યો ને તેરમી ફેરો હું આવીને ધરમશાળામાં ઊતર્યો. ત્યારે વળી સિપાઈ આવીને કહે જે, 'હે સ્વામિનારાયણકે મુંડીએ ! તમકું લાજ નહીં હૈ ?' ત્યારે મેં કહ્યું જે, લાજ હોય તો લંગોટી શીદ વાળીએ ?

તેવા સમામાં એક સુરદાસકાકા મહાદેવને દર્શને આવ્યા. તેમણે કહ્યું જે, 'અત્યારે સાધુ ક્યાં જાય ? જા બાપાને કહેજે જે, નહિ જાય!' ત્યારે હું રહ્યો. ને બીજે દિવસે એમની હવેલીએ ભિક્ષા માગી, ત્યારે દાળ, ભાત, રોટલી આપી. તે હું રામસરોવર ઉપર જઈને જમ્યો. એવું એ ગામ કઠણ. તેમાં તમે મુક્તાનંદસ્વામીને ત્યાં મોકલ્યા. ત્યાં એક કાછિયાની ઓરડી હતી ત્યાં જઈને સ્વામી ઊતર્યા ને મધુર વાણીથી ગાયન કરે.

તેને સાંભળીને કસિયાભાઈના પિતરઈ૧ અમીન તલસીભાઈ દાદાભાઈ તથા વાંસજીભાઈ એ બંને મળી એમ વિચાર કરે જે, 'આ દેહે કરીને ભગવાન ન મળે તો હીમાળે જઈ આપણે દેહ પાડી નાખવો' એવા વિચારથી સંસારમાં રહેલા ને શુદ્ધ મુમુક્ષુ તેથી કંઈ સાધુ-સંત જ્યાં હોય ત્યાં બેસવા જાય.

એમ કરતાં કરતાં મુક્તાનંદસ્વામી ઓરડીમાં ગાયન કરતા હતા તેને સાંભળીને સ્વામી પાસે આવીને બેઠા. ને સ્વામીનું મધુર વાણીથી (યુક્ત) ગાયનને સાંભળી તથા સ્વામીની વાતો સાંભળીને બંને જણા સત્સંગી થાતા હતા. એવી રીતની સ્વામીની વાણીમાં હે મહારાજ, મધુરતા છે.'' એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''મેં મહારાજને કહ્યું.'' તેને સાંભળીને મહારાજ કહે જે, 'સ્વામી, તમે કહો છો એવું જ છે. સ્વામીની વાણીમાં મધુરતા બહુ છે ને હે સંતો ! તમારે સર્વેને પણ આવી રીતની મધુરતા શીખવી પણ કઠોર વાણી બોલવા શીખવું નહીં. એ જ સાધુનું લક્ષણ છે.'' એવી રીતે મહારાજે વાત કરી ને પછી આરતી થઈ તે દર્શને પધાર્યા. ને પછી થાળ જમીને પોઢી જાતા હતા ને સંત પણ જમીને સર્વે ઉતારા ઉપર જાતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૧૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ સર્વે સંતને શિક્ષાનાં વચન કહ્યાં :

એક સમે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ''શ્રીજીમહારાજ એકાદશીને દિવસે વરતાલમાં ગોમતીજીને કાંઠે છત્રી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. અને એકાદશીનો દિવસ તેથી સહુ સંતને ખજુરનું ફરાળ હરિભક્તોએ આપેલું. અને સર્વે સંત સભામાં બેઠા હતા. તે સમે કોઈ સંતને જોવામાં કંઈક ફેર પડ્યો હશે. તેથી મહારાજ સર્વે સંતને વઢતા થકા કહેતા હતા, 'જે આટલા દિવસથી અમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, બ્રહ્મચર્ય - એ આદિકની ઘણીક વાતો કરીએ છીએ, તે અમારી સર્વે (વાતો) છૂટી પડી. ને અમે આટલા દિવસ તમારા ભેગા રહીને ઢૂંસાની પાંત મેલી (ઢૂંસા ધોકાવ્યા) એવું થયું.

અને મોર અમે ઘૂંઘટાનું વર્તમાન ફેરવ્યું હતું જે, 'લાલ લૂગડું દેખાય તો એક ઉપવાસ કરવો.' એવી રીતનું વર્તમાન ફેરવ્યું હતું. તે પ્રમાણે તમે સર્વે રહ્યા ને હવે તો આમ ચકળ-વકળ જોવાનું થયું છે, તેથી ન જોવાનું પણ જોવાય છે. તેથી કાગડાનો જન્મ આવશે.'' એમ કહીને ઘણી બ્રહ્મચર્ય સબંધી વાત કરી. ને ખીજીને કહે જે, ''હવે અહીં તમારી ભેગું રે'વું નથી.'' એવાં મહારાજનાં વચન સાંભળીને સર્વે સંત બહુ ઉદાસ થઈ ગયા. ને ખજુર જમે એવી સુરત રહી નહિ. ને સર્વેનાં નેત્રમાંથી આંસુ પડવાં લાગ્યાં. ને મનમાં એમ વિચાર કરવા લાગ્યા જે, 'આપણા સારુ મહારાજે બહુ દાખડો કર્યો તોપણ આપણા સ્વભાવ ટળ્યા નહિ.' એમ અપ સોસ મનમાં કરતા જાય ને નેત્રમાંથી આંસુ પડતાં જાય. એવી રીતે એક અડધી કલાક સર્વે ઉદાસ થઈ ગયેલા.

તેમને જોઈને રામદાસજીભાઈ ઊઠ્યા ને એમ બોલવા લાગ્યા જે, ''ન્યાય તો જુવો ન્યાય !'' એમ કહેતાં કહેતાં મહારાજ પાસે ઊભા રહીને કહે જે, ''હે મહારાજ ! બે જણે એકાદશી કરી. તેમાં એક જણો તો લાડુ, રોટલી, વેડમી, મોતિયા લાડુ, જલેબી વિગેરે જમ્યો. ત્યારે તેને કહે જે, તારી એકાદશી તો સંપૂર્ણ થઈ. ને બીજેથી તો મોઢામાં ભૂલથી મગનો દાણો નંખાઈ ગયો ને ફાડ્ય થઈ એટલે એકાદશી સાંભરી, તેથી થુકી નાખ્યું. ત્યારે તેને કહે જે, તારી એકાદશી તો વટલઈ. એવો આ ભગવાનના ઘરનો ન્યાય થયો!'' એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ કહે જે, ''હે સ્વામી ! એ તો દૃષ્ટાંત પણ એનું સિદ્ધાંત જે હોય તે કહો.''

ત્યારે રામદાસજીભાઈ કહે જે, ''બેટી કા બાપ સબ જાણતો હો.'' ત્યારે મહારાજ કહે જે, ''તમે કહો, અમે નથી જાણતા.'' ત્યારે

સ્વામી કહે જે, ''હે મહારાજ ! આ સંસારમાં રહે ને ખાનપાનાદિક વિષય ભોગવે, ને ફાવે ત્યાં જાય-આવે, એવી રીતે અનેક પ્રકારે હરે ફરે; તેને તો તમે એમ કહો છો જે, 'તમારે અક્ષરધામની પ્રાપ્તિ થઈ ચૂકી.' ને આ કોઈ બીચારા સંતને જોવાઈ ગયું હશે. ત્યારે તેને તમે એમ કહો છો જે, 'તમારે તો કાગડાનો જન્મ આવશે ?' એવી રીતે કહીને ખીજો છો. ત્યારે આ બધું સર્વે કર્યું તે વૃથા થઈ ગયું.''

એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને બોલ્યા જે, ''હે સ્વામી ! તમે સર્વે સંત એમ ન સમજશો જે, 'આપણું સર્વે કરેલું ખોટું થઈ ગયું,' એમ નથી, પણ આ તો હું તમને વઢું છું તે કેની પેઠે ? તો જેમ નટ દોરડાં ઉપર ચઢીને રમત કરતો હોય ને હેઠે રહેલો જે નટ તે ઢોલકું વગાડતો જાય ને એમ કહે જે, 'તારી નાની મરી જાય જે નાબદુ નાબદુ.' એમ કહીને રમનારાને પોરહ (પાણી, ઉમંગ) ચઢાવે.

તેથી રમનારાના મનમાં એમ થાય જે, 'આ મારો બાપ મારી રમતને વખાણતો નથી તો બીજો કોણ વખાણશે ? માટે હવે હું એવી રમત કરું જે, મારો બાપ રાજી થાય ને સર્વે લોક પણ રાજી થાય.' એવો તે રમનારાને મનમાં પોરહ ચઢે છે. તેમ તમને સર્વેને આટલાં મારાં વચન સાંભળીને તમારાં અંતઃકરણ કેવાં પાછાં વળી ગયાં !? ને તમારા મનમાં કેવી ઉદાસી થઈ ગઈ ? ને નેત્રમાંથી આસું પડવાં લાગ્યાં, ને એમ થયુ જે, 'આપણાથી મહારાજનાં વચન પ્રમાણે ના વર્તાયું,' ને કોઈ જાતનો ગર્વ પણ ના રહ્યો.

એવી રીતે હે સંતો ! તમે જે કર્યું એવું તો કોઈએ કર્યું નથી ને શું કામ ઉદાસ થઈને બેઠા છો ?'' એમ કહીને કહે જે, ''સર્વે ફરાળ કરો, ને કોઈ વાતની મનમાં ચિંતા ધારશો નહિ ને અક્ષરધામ તો તમારા જ બાપનું છે. ને તમારાં દર્શન કરે અથવા તમને અન્ન આપે, જળ આપે, વસ્ત્ર આપે તો તે સર્વેનો મોક્ષ થાય તો તમારો થાય તેમાં શું કહેવું ? એ વાતમાં કાંઈ સંશય નથી.'' એવી રીતે સંતને કહીને રાજી કરતા હતા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૧૬, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને પોષણ કરવાની શક્તિ આપી :

એક સમે શ્રીજીમહારાજ સભા કરીને લક્ષ્મીનારાયણ દેવના મંદિર કેડે વિરાજમાન હતા. તે સમે સર્વે સંતો પણ આવીને બેસતા હવા. તે સમે મહારાજ સર્વે સંતના મોઢા આગળ એમ વાત કરવા લાગ્યા જે, ''આ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દશ દિગપાળ, શેષનારાયણ, પંચભૂત - એ સર્વેને ભગવાને એકવાર આજ્ઞા કરી છે, તે પ્રમાણે સર્વે વર્તે છે. ને બ્રહ્માને સરજવાની આજ્ઞા છે, ને શિવને સંહાર કરવાની આજ્ઞા છે, ને વિષ્ણુને પોષણ કરવાની આજ્ઞા છે તે પોષણ કરે છે; પણ સર્વેના કરતાં વિષ્ણુને કઠણ છે.''

એવું સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, ''હે મહારાજ ! પોષણ શક્તિમાં શું કઠણ છે ?'' ત્યારે મહારાજ કહે જે, ''એ તમારાથી થાય તેમ નથી.'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''જેને તમે કહો તે કરે.'' ત્યારે મહારાજ કહે જે, ''હે બ્રહ્માનંદસ્વામી ! તમે આ ત્રણ દિવસ સુધી સર્વે જગતનું પોષણ કરો.'' એમ કહીને કહે જે, ''અંતરજામી શક્તિ તમને આપી, ને પોષણશક્તિ પણ તમને આપી.'' એવી રીતે મહારાજે બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી.

તેથી બ્રહ્માનંદસ્વામી ત્રણ દિવસ સુધી સર્વે જગતનું પોષણ કરતા હતા. તેમાં એક પાપી હતો તેને ત્રણ દિવસથી અન્ન ન આપ તા હતા. એ વાત જાણીને મહારાજ બ્રહ્માનંદસ્વામીને ચોથે દિવસે કહે જે, ''સ્વામી, સર્વે જગતનું પોષણ કરી રહ્યા ?'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''હે મહારાજ ! એક બહુ પાપી છે, તેને ત્રણ દિવસથી અન્ન આપ્યું નથી.'' એવું સાંભળીને મહારાજ કહે જે, ''હે સ્વામી ! આટલા દિવસથી વિષ્ણુ આ જગતનું પોષણ કરે છે. તેમાં કોઈ પાપી હશે કે નહિ હોય ?'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''હું તો એવા પાપીઓને અન્ન ના આપું. અને લ્યો આ તમારી પોષણશક્તિ, મારે નથી જોઈતી.'' એમ કહીને મહારાજને પોષણશક્તિ પાછી આપી.

ત્યારે મહારાજ કહે જે, ''હે સ્વામી ! એ કામ કઠણ ખરું કે નહિ ?'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, ''કઠણ ખરું !'' અને સ્વામી તો મહાધર્મિષ્ઠ હતા, તેથી પાપીના ઉપર પોતાના અંગને લઈને કટાક્ષ રાખે પણ કાંઈ અસમર્થ નો'તા. આખા બ્રહ્માંડનું કામ કરી શકે એવા સમર્થ હતા. એવી રીતે શ્રીજીમહારાજ સભામાં વાત કરતા હતા. ને પછી થાળ થયો તે પોતે જમીને હરિમંડપમાં આવીને પોઢતા હવા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : ૨૧૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલ મંદિરનો વેરો માફ કરાવ્યો :

એક સમયે વડતાલ લક્ષ્મીનારાયણદેવના મંદિરનું ચણતર થતું હતું. તે સમયે શ્રીજીમહારાજ શ્રીગોમતીજીએ સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યારે તે સભામાં હજારો માણસો બેઠા હતા. ત્યાં ગામ પેટલાદના અમીન કશિયાભાઈ સરકારનો ચાકર સભામાં આવ્યો. તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, ''કશિયાભાઈ હમણાં ક્યાં છે ?'' ત્યારે ચાકર બોલ્યો જે, ''હે મહારાજ ! એ તો પેટલાદ છે.''

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ લક્ષ્મીનારાયણનું મંદિર થાય છે તે હિંદુનું જ મંદિર કહેવાય. તે મંદિર થતાં હિંદુમાત્ર રાજી થાય ને એ મંદિર થતાં જે રાજી ન થાય તેને હિંદુ ન જાણવા." એવી વાત મહારાજે સભામાં કરી. તે વાત કશિયાભાઈના માણસે સાંભળી. ત્યાર પછી મહારાજ તો બોલતાં રહી ગયા. ને એ કશિયાભાઈનો માણસ ઊઠ્યો, ને પેટલાદ જઈને કશિયાભાઈ આગળ વાત કરી. તે વાત સાંભળીને કશિયોભાઈ તો નાખુશ થયો.

પછી શ્રીલક્ષ્મીનારાયણના મંદિરનું કારખાનું તો ચાલતું હતું. મંદિરના કામ સારુ પાણાનાં ગાડાં આવે તેમાં દાણ લે ને વળી કશિયોભાઈ હરકત બહુ કરે. તે વાત મહારાજે સાંભળી ને બોલ્યા જે, "આપણે લક્ષ્મીનારાયણનું મંદિર કરવું છે. તેમાં સામાન બહુ જોઈએ ને પાણા-લાકડાં વગેરે તેનું દાણ લે છે ને વળી હરકત બહુ કરે છે, માટે આપણે આંહીંથી કોક જાઓ ને કશિયાભાઈને મારું નામ લઈને કહેજો જે, 'સ્વામિનારાયણે તમારી પાસે અમને મોકલ્યા છે ને તમને કહ્યું છે જે, આ લક્ષ્મીનારાયણનું મંદિર થાય છે, ત્યાં તમારે સહાય કરવી જોઈએ ને દાણ માફ કરવું જોઈએ.' એવું મારું નામ લઈને કહેજો." ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ કશિયાભાઈ પાસે પેટલાદ કેને મોકલશું ?"

ત્યારે સૌ બોલ્યા જે, "હે મહારાજ ! આ ગોપાળાનંદસ્વામીને મોકલો." ત્યારે મહારાજે સ્વામીને બોલાવ્યા, તેથી તે પાસે આવ્યા ને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ગોપાળસ્વામી ! તમે કશિયાભાઈ પાસે ગામ પેટલાદ જાઓ ને કશિયાભાઈને એમ કહેવું જે, શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે, તેમાં પાણા-લાકડાં વગેરે ઘણો સામાન જોઈએ, તેનું દાણ તમે માફ કરો." પછી ગોપાળાનંદસ્વામી કહે કે, "ઠીક મહારાજ, હું જાઉં." પછી દાદાખાચર શ્રીજીમહારાજ પાસે બેઠા હતા, તે સામું જોઈને તેને કહ્યું જે, "હે દાદાખાચર ! તમે ગોપાળાનંદસ્વામી ભેગા ગામ પેટલાદ જાઓ."

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી, દાદોખાચર વગેરે પાળા-સાધુ મળીને આશરે પચાસ માણસ ગાડી તથા ઘોડા વગેરે લઈને ચાલ્યા. ગોપાળાનંદસ્વામી ગાડીમાં બેઠા ને દાદોખાચર ઘોડે બેઠા. એવી રીતે પેટલાદ ગયા. ને ત્યાં જઈને ઉતારા કર્યા.

ત્યાર પછી કશિયાભાઈની કચેરી થઈ. ત્યારે શ્રીગોપાળાનંદ સ્વામી તથા દાદોખાચર ચાલ્યા, તે દરવાજે આવ્યા. ત્યાં સિપાઈએ રોક્યા. ત્યારે સિપાઈને દાદાખાચરે કીધું જે, કશિયાભાઈને એમ કહેજે જે, 'વડતાલથી શ્રીસ્વામિનારાયણના મોટેરા સાધુ ગોપાળાનંદસ્વામી તમને મળવા આવ્યા છે, તે તમારી પાસે આવે ?'

ત્યારે સિપાઈ ત્યાંથી ચાલ્યો ને કશિયાભાઈને જઈને કીધું જે, "સ્વામિનારાયણના સાધુ મોટેરા છે તે અહીં આવ્યા છે, તે આવે ?" પછી કશિયોભાઈ બોલ્યા જે, "આવવા દ્યો."

પછી શ્રીગોપાળાનંદસ્વામી, દાદાખાચર વગેરે કશિયાભાઈ પાસે ગયા. પછી કશિયાભાઈની સામું જોતાં થકાં ગોપાળાનંદસ્વામી તો ચાલ્યા, તે જે ઠેકાણે કશિયાભાઈ ગાદી ઉપર બેઠા હતા, ત્યાં સામા જઈને પગ ઉપર પગ ચડાવીને બેઠા. ત્યારે કશિયાભાઈનો ચોપદાર બોલ્યો, "હે મહારાજ ! અદબસે બેઠના."

ત્યારે મીરસાહેબ કશિયાભાઈ સામું જોઈને બોલ્યા જે, "હે કશિયાભાઈ ! આ ગોપાળાનંદસ્વામી તો જોગીપુરુષ છે." ત્યાર પછી દાદોખાચર બોલ્યા જે, "હે મીરસાહેબ ! જેણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે એ આ ગોપાળાનંદસ્વામી છે." એમ મીરસાહેબ તથા કશિયાભાઈને કહ્યું, ત્યારે કશિયોભાઈ દબાઈ ગયો ને પછી બોલ્યા જે, "હે ગોપાળાનંદસ્વામી ! તમે શે કામે આવ્યા છો ?" ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "અમારે લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે, તેમાં સામાન-પાણા તથા લાકડાં વગેરે આવે છે, તેનું દાણ તમે માફ કરી દો."

ત્યારે કશિયોભાઈ બોલ્યા જે, "તમે કહો એટલાં ગાડાંનું માફ કરીએ." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "જ્યાં સુધી મંદિર ચણાઈને પૂરું થાય, ત્યાં સુધીનું દાણ માફ કરો." ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, "હમણાં તો અમારે કામ છે ને તમે સાંજના વખતે આવજો." ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "તમે સાંજના વખતે પોઢ્યા હો ને અમે દરવાજે આવીએ ને સિપાઈ કહે, 'અત્યારે બાપોજી પોઢ્યા છે' ને અમારે તો કોઈ સ્ત્રી અડી જાય તો ઉપવાસ પડે." એવું સ્વામી આકળા થઈને બોલ્યા. ત્યારે મીરસાહેબના હૈયામાં સંકલ્પ થયો ને કહે જે, "કશિયાભાઈ ! આ ગોપાળાનંદસ્વામી આવ્યા છે, તેને તમે દાણ માફ કરી દ્યો. કેમ જે, એ તો જોગી છે, તે એ રાજી થાય એમ તમે કરો. એ મોટાપુરુષ કુરાજી કર્યા જેવા નથી." પછી કશિયોભાઈ હૈયામાં બી ગયો, ને લેખ લખીને દાણ માફ કરી દીધો.

પછી તે લેખ લઈને ગોપાળસ્વામી ચાલ્યા, ત્યારે કશિયોભાઈ ને મીરસાહેબ બેય પગે લાગ્યા ને સ્વામી લેખ લઈને વડતાલ આવવા નીકળ્યા. તે માર્ગમાં આવતાં દાદોખાચર બોલ્યા, "આ તો સ્વામી તમે શું કર્યું ? ને એની બુદ્ધિ ફેરવી નાખી. તેમાં તમે પ્રવેશ

કર્યો તેથી લેખ કરી દીધો.'' ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, ''આપણે તો નિમિત્તમાત્ર છીએ ને સર્વે કર્તા તો મહારાજ છે.''

પછી એ લેખ લઈને ગોપાળસ્વામીએ શ્રીજીમહારાજને આપ્યો. પછી શ્રીજીમહારાજે બધી હકીકત દાદાખાચરને પૂછી જે, ''શી રીતે થયું ?'' પછી દાદાખાચરે સર્વે હકીકત વિગત સહિત કહી. તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. તથા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી વગેરે સર્વે રાજી થયા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૮૦ તથા મોનજીભગતની વાતો : ૨૯)

• વડતાલથી પથ્થર મંગાવેલ કસીયાજીને ગોપાળાનંદ સ્વામીએ પરચો આપ્યો :

એક સમયે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી શ્રીવડતાલમાં નિવાસ કરીને રહેલા. ને રઘુવીરજી મહારાજ તથા સદ્ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી તથા સદ્ગુરુ શ્રીઅક્ષરાનંદસ્વામી સર્વે વડતાલમાં વિરાજમાન હતા. તે સમામાં ગામ પેટલાદથી સરકારના કારભારી કશિયાભાઈનો માણસ કાગળ લઈને આરસનો પાણો લેવા સારુ આવ્યો. તે કાગળ શ્રીરઘુવીરજી મહારાજને આપ્યો. તે કાગળ વાંચીને શ્રીરઘુવીરજી મહારાજ બોલ્યા જે, ''આ કાગળમાં તો કશિયાભાઈએ આરસનો પાણો એમને હનુમાનજી કરાવવા છે, તે સારુ મંગાવ્યો છે. તે એમણે કાગળમાં લખ્યું છે જે,

''અમારે હનુમાનજી કરવા છે, તે આરસપાણા સારુ બધે ખબર કઢાવી, પણ હનુમાનજી થાય તેવો પાણો ક્યાંય ન મળ્યો; તેથી પાણો લેવા તમારી પાસે માણસ મોકલ્યો છે, માટે તમે પાણો આપજો, આપ્યા વિના છૂટકો નથી.'' પછી રઘુવીરજી મહારાજે તે વાત શ્રીઅક્ષરાનંદસ્વામી તથા શ્રીનિત્યાનંદસ્વામીની આગળ કરી. ત્યારે એ બે જણા બોલ્યા જે, ''આપણે પાણો આપવો કે કેમ ? કેમ જે, એ તો મોટા દીવાન છે, એના મુલકમાં આપણે રહેવું ને આજીવિકા એના મુલકમાં લેવા ઠરી; માટે આરસનો પાણો એને હનુમાનજી થાય તેવો આપવો. પછી રઘુવીરજી મહારાજે માણસ મોકલીને ગાડે પાણો ચડાવી દીધો.

પછી પાણો લઈને તે માણસ પેટલાદ ગયો, ને કશિયાભાઈને પાણો આપ્યો. તે પાણાને જોઈ કશિયાભાઈ કહે જે, ''પાણો બહુ સારો આવ્યો. આપણે હવે આ પાણાના હનુમાનજી કરાવવા.'' ત્યાર પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને ખબર પડી જે, કશિયાભાઈનો માણસ રઘુવીરજી મહારાજ પાસે આવ્યો હતો, ને હુકમે કરીને પાણો લઈ ગયો છે. તે વાત સાંભળીને સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ આવીને શ્રીરઘુવીરજી મહારાજને વાત પૂછી. ત્યારે રઘુવીરજી મહારાજે પાણાની વાત સર્વે કરી. તે સાંભળીને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, ''આ લક્ષ્મીનારાયણદેવનો પાણો હુકમે કરીને કેમ લઈ જાય ?'' એટલું બોલીને સ્વામી ઊઠ્યા.

પછી ગામ પેટલાદ કશિયાભાઈ કચેરીમાં બેઠા હતા ત્યાં પોતાનું શરીર બળવા માંડ્યું. ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, 'આ મારું શરીર બળવા માંડ્યું, તે શું થયું ?' પછી ઘણાં ઓસડર શરીરે ચોપડ્યાં તથા ટાઢક ઘણી કરી તોપણ શરીર બળતું અટક્યું નહીં ને શરીરે પીડા બહુ થવા માંડી, તે કોઈ રીતે પોતાનું શરીર બળતું બંધ ન રહ્યું. ને ગામમાંથી સારા સારા માણસ જોવા આવ્યા ને બોલ્યા જે, ''ભાઈ, તમારે શરીરે કેમ છે ?'' ત્યારે કશિયોભાઈ બોલ્યા જે, ''અમારા શરીરમાં બહુ બળે છે, આ તો કોઈ કોપ૩ થયો જણાય છે.''

ત્યારે એક બ્રાહ્મણ સત્સંગી બેઠો હતો તેણે કીધું જે, ''હે ભાઈ ! કો'તો હું તમને કહું.'' ત્યારે કશિયાભાઈ કહે, ''તું જાણતો હો તો જેમ હોય તેમ કહે.'' ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, ''હે કશિયાભાઈ ! તમે ગામ વડતાલથી શ્રીલક્ષ્મીનારાયણ દેવનો આરસનો પાણો મંગાવ્યો તે દેવને ન ગમ્યું. ને એ દેવના મોટા મોટા સાધુ છે તે પણ કુરાજી થયા, માટે તમારે અપરાધ થયો. તેથી તમને શરીરે બળે છે.'' ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, ''એ વાત સાચી.''

પછી કશિયાભાઈ જે પાણો વડતાલથી લાવ્યા હતા, તે પાછો ગાડે ચડાવીને શ્રીવડતાલ મોકલી દીધો. ને દરવાજે ગાડું આવ્યું. પ છી કશિયાભાઈનો કારભારી રઘુવીરજી મહારાજ પાસે આવીને કહે, ''હે મહારાજ ! આ કશિયાભાઈએ જે પાણો મંગાવ્યો હતો તે તમે પાછો લ્યો.'' ત્યારે મહારાજ કહે, ''ન લઈએ.'' ત્યારે કારભારીએ કશિયાભાઈને જે વીતિ હતી તે હકીકતે સહિત કહી. ત્યાર પછી શ્રીરઘુવીરજી મહારાજે એ કારભારીને એમ કહ્યું જે, ''તમે શ્રીગોપાળાનંદસ્વામી પાસે જઈને કહો.''

ત્યારે કારભારી સ્વામી પાસે ગયો ને કશિયાભાઈને શરીરે બળતરા થઈ ને કોઈ રીતે ન મટી, એ સર્વે હકીકત કહી. ત્યારે ગોપ ાળાનંદસ્વામી બોલ્યા જે, ''એ પાણો જ્યાંથી ઉપાડ્યો છે તેને તે ઠેકાણે નંખાવો.''

પછી એ કારભારીએ ગાડીને જોડીને જ્યાં પાણો હતો તે ઠેકાણે નાંખ્યો. ને કશિયાભાઈને શરીરે બળતરા થઈ હતી તે સર્વે મટી ગઈ. પછી કશિયાભાઈના કારભારીએ જઈને સર્વે વાત કશિયાભાઈને કહી, ને જે ઠેકાણેથી પાણો ઉપાડ્યો હતો તે ઠેકાણે નંખાવ્યો એની વાત કરી.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૮૧ તથા મોનજીભગતની વાતો : ૩૦)

• ટિટોડીના દૃષ્ટાંતથી ધ્યાનની વાત :

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી વડતાલમાં નિવાસ કરીને રહેતા. તેમાં એક સમયે સાંજના વખતે સભામાં બેઠેલા. તેમાં પ્રતિલોમ ધ્યાન કરવું તેનો પ્રસંગ નીકળ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, "પ્રતિલોમ ધ્યાનનો મહિમા તો બહુ મોટો છે, પણ કરવું ઘણું કઠણ છે. કેમ જે, દેહ, ઇન્દ્રિયો ને મનને કારસો ઘણો આવે છે. ને એ વિના સ્થૂળ તથા સૂક્ષ્મ દેહને ધક્કો ના આવે ને જીવમાંથી દોષ પણ ન ટળે. માટે પ્રતિલોમ ધ્યાન કરવા સારુ ભાવ ફેરવવા શીખવું. તે ઉપર દૃષ્ટાંત જે -

સમુદ્રને કાંઠે એક ટિટોડીએ બચ્ચાં પ્રસવ્યાં. તે બચ્ચાં મહીના બે મહિનાનાં જ્યાં થયાં ત્યાં પાણીનું મોટું મોજું આવ્યું. તેમાં એ ટિટોડીનાં બચ્ચાં તણાઈ ગયાં. ત્યારે ટિટોડો ને ટિટોડી બે જણાં ઉદાસ થઈ ગયાં ને સમુદ્ર ઉપર બહુ રીસ ચઢી. ત્યારે એ બેએ વિચાર કર્યો જે, આપણે સમુદ્રને પૂરી દેવો છે. પછી સવારના પહોરમાં આહાર કરીને બન્ને જણ ચાંચમાં કાંકરીઓ ઘાલીને સમુદ્રમાં નાંખવા માંડ્યા.

ત્યારે અની જાતનાં બીજાં પંખીઓ કહે, "આ તમે શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "સમુદ્ર મારાં બચ્ચાં તાણી ગયો છે, માટે તેને અમારે પૂરી દેવો છે ને તમો અમારા સંબંધી હો તો અમારી સહાયમાં ભળો." ત્યારે સર્વે પંખી બોલ્યાં કે, "જેમ તમો કહો તેમ કરીએ." ત્યારે તે કહે, "સમુદ્ર પૂરી દેવો છે." પછી સર્વેએ સમુદ્રમાં કાંકરા નાંખવા માંડ્યા. પછી બીજી જાતનાં પંખી હતાં તે કહે, "આ શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "મારાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે તેથી અમે તેને પૂરી દેવા માંગીએ છીએ. તમો અમારી સહાયમાં ભળો." એટલે તે પણ તેની મદદમાં ભળ્યાં. એ રીતે ઘણી જાતનાં પંખીની જમાત થઈ ને સમુદ્રમાં કાંકરા નાંખી પૂરવા મંડ્યા. એ રીતે કરતાં કરતાં ઘણા દિવસ ગયા.

એવા સમામાં એક દિવસ નારદજી ત્યાં આવીને ઊભા રહ્યા ને પક્ષીઓનું આ કામ જોઈ વિસ્મય પામીને નારદજી બોલ્યા કે, "આ તમે શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "મારાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે, તેને અમે પૂરવા માંડ્યો છે." ત્યારે નારદજી આશ્ચર્ય પામીને બોલ્યા જે, "શ્રદ્ધા તો જો, પણ આ તે શું સમુદ્ર પૂરાશે ?" ત્યારે તે કહે, "હમણા થોડા દિવસમાં પૂરી નાંખીશું, એનો શો ભાર છે ?" એવું સાંભળીને નારદજી ત્યાંથી ચાલ્યા ને મનમાં વિચાર્યું કે, આવો દાખડો જીવ ભગવાનને અર્થે કરે તો શું ન થાય ? હિંમત છે એ મોટી વાત છે. તે ઉપર નારદજી સાખી બોલ્યા કે, "હિંમતે મર્દા તો મદદે ખુદા."

તે પછી નારદજી વૈકુંઠધામમાં ગયા. ત્યાં દરવાજાની માંહેલી કોરે ગરુડજીને બેઠેલા ભાળ્યા. તે એકબીજાને સામસામા નમસ્કાર કરીને પગે લાગ્યા ને ગરુડજી નારદજી પ્રત્યે બોલ્યા કે, "તમો ક્યાંથી આવ્યા ?" ત્યારે તેમણે જવાબ દીધો કે, "અમો ભરતખંડમાંથી આવ્યા." ત્યારે કહે, "ભરતખંડની પ્રજા સર્વે સુખી છે ?" ત્યારે જવાબ દીધો કે, "હા, પણ એક ટિટોડીનાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે. તેથી સમુદ્રને પૂરી દેવા ઘણી જાતનાં પંખી મંડ્યાં છે. તે કાંઈ દાખડો કરે છે ! પણ મને વિસ્મય થાય છે કે એનાથી એ કેમ પુરાશે?" પણ એ પંખી તમારી જાતનાં કહેવાય છે ને તમે જો તેની સહાયમાં ભળો તો એનું કામ થાય." એવું કહી નારદજી ભગવાન પાસે ચાલ્યા.

પછી ગરુડજી ત્યાંથી ઊડી સમુદ્રને કાંઠે પંખી દાખડો કરે છે ત્યાં જઈને ઊભા રહ્યા ને પંખી સામું જોઈને બોલ્યા કે, "આ તમે શું કરો છો ?" ત્યારે કહ્યું કે, "ટિટોડીનાં બચ્ચાં સમુદ્ર લઈ ગયો છે. તે સમુદ્ર પૂરવા મંડ્યા છીએ." ત્યારે તે બોલ્યા કે, "આ કેમ પુરાશે ?" ત્યારે પંખી બોલ્યાં કે, "તમો અમારી જાતિના છો ને આપ જો મદદ કરશો તો પુરાતાં વાર નહીં લાગે." પછી ગરુડજીએ ઊડી પાંખમાં પાણા-ધૂળ વગેરે ભરી સમુદ્રમાં નાંખ્યું. પછી બીજી પાંખ ભરી નાંખ્યું, તે હજારો ગાઉનો દરિયો પુરાઈ ગયો. અને જ્યાં ત્રીજી પાંખ ભરવા જાય, ત્યાં સમુદ્ર મૂર્તિમાન આગળ ઊભો ને હાથ જોડી ગરુડજીની પ્રાર્થના કરવા માંડી. ત્યારે ગરુડજી કહે, "ટિટોડીનાં બચ્ચાં તમે તાણી ગયા છો તે લાવો; નહીંતર પૂરી દઈશું." એવું સાંભળી સમુદ્રએ ટિટોડીનાં બચ્ચાં લાવી આપ્યાં. પછી સમુદ્ર પૂરવાનું કામ પડ્યું મૂક્યું.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે જે, સમુદ્રને ઠેકાણે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણેય દેહ છે. ને ટિટોડીને ઠેકાણે જીવાત્મા છે. ને જીવાત્માનું ધન જે ભગવાનના ધામમાં જાવું છે ને ભગવાનને પામવા એ છે ને પોતે પોતાના રૂપે થાવું એ છે. એનું સાધન જે ત્રણ દેહના ભાવ જે કામ-ક્રોધાદિક તથા અહં-મમત્વ અને પંચવિષય સંગાથે લડાઈ લેવી અને શત્રુને જીતવા. એ સાધનમાં શ્રદ્ધાએ સહિત મંડ્યા છે તેને એનો શો ભાર છે ? થોડાક દિવસમાં કામાદિકને ટાળી નાંખીને ભગવાનને પામશું. એ રીતે દેહ, ઇન્દ્રિયો ને અંતઃકરણ સાથે એકાગ્ર થઈ હિંમત બાંધી આગ્રહપૂર્વક લડાઈ કરવા મંડ્યા છે. તે કેવી રીતે એકાગ્ર કરે છે ? તો સ્થૂળ દેહ જે ઇન્દ્રિયો તે સહુ સહુના વિષયમાં તણાય છે, તે ઇન્દ્રિયનો ઉપશમ પ્રથમ કરવો. તે કેમ કરવો ? તો ઇન્દ્રિયોની વૃત્તિયો એકાગ્ર કરવી. તે એકાગ્ર કેમ

કરવી ? તો બે નેત્રની વૃત્તિ છે તે ભગવાનની મૂર્તિ અથવા કોઈ પદાર્થમાં ચોંટાડીને ભેગી કરવી, ત્યારે જે ઇન્દ્રિયની વૃત્તિ એકાગ્ર થઈ હોય, તેને બીજી ઇન્દ્રિયોની વૃત્તિઓ અનુસરી જાય. એટલે દશે ઇન્દ્રિયની વૃત્તિનું પિંડીકરણ થાય છે. એનું નામ એકાગ્રતા કહેવાય.

આમ એ ઇન્દ્રિયોનો ઉપશમ થયો, તે ભેળું મન આદિક અંતઃકરણ સ્થિર થાય છે. ત્યારે જેમ પારેખને૧ સાચા—ખોટા રૂપિયાનું પારખું થાય છે, તેમ એ ભક્તને આ લોકથી વૈરાટ સુધીના વિષય ખોટા ભાસવાનું સાક્ષાત્ જ્ઞાન થાય છે, એટલે સ્થૂળ દેહ જિતાય. એ તો પ્રથમનાં થોડાં પંખી દરિયો પૂરનાર તેને ઠેકાણે જાણવું. ત્યારે તે ઇન્દ્રિયને જીતનારો ભક્ત, તેને એવું થાય જે, સ્થૂળ દેહની આંખો તથા ગાલ વિગેરે સર્વે અંગ ખોટાં થઈ જાય. એ સ્થૂળ દેહમાં આત્માની હવા આવી જાણવી. કેમ જે, આ લોકના સંકલ્પ સર્વે બંધ થઈ ગયા છે. હવે ઝાઝા પક્ષી થઈ દરિયો પૂરવા મંડ્યા, તેને ઠેકાણે સૂક્ષ્મ દેહ જાણવું. ત્યારે તે ભક્તને બુદ્ધિ આદિક જે અંતઃકરણ તેનો ઉપશમ કરવો, તે કેમ કરવો ? તો જીવાત્માના સાક્ષાત્કાર જ્ઞાનમાં બુદ્ધિની વૃત્તિ પ્રવેશ કરે તથા ભગવાનની મૂર્તિમાં હેતે કરીને બુદ્ધિ ની વૃત્તિ ઝાઝીવાર સુધી ચોટી રહે, ને એની મેળે જુદી ન પડે. ને પછી જ્યારે ભક્તને મૂર્તિમાંથી બાહર નીકળવાના સંકલ્પ થાય ત્યારે જુદો પડે છે. માટે એ રીતે ઉપશમ થાય ત્યારે એમ જાણવું જે અંતઃકરણ જિતાણું. ત્યારે એ ભક્તની બુદ્ધિમાં પ્રધાનપુરુષ સુધીના વિષય ખોટા થવાનું સાક્ષાત્ જ્ઞાન થાય છે.

આ રીતનો દાખડો જોઈને એને માથે મોટા સંત તથા ભગવાનની દૃષ્ટિ થાય છે ને જેમ ટિટોડીની સહાય ગરુડજીએ કરી, તેમ એની સહાયમાં શ્રીહરિ અને સંત ભળે છે. હવે ગરુડજી આદિક પક્ષી મળી દરિયો પૂરવા માંડ્યા તેને ઠેકાણે કારણ દેહ જાણવું, તે કારણ દેહ કેમ જિતાય ? તેનો ઉપાય કહીએ છીએ જે, જીવની વૃત્તિ પ્રકૃતિપુરુષના વિષયમાં પ્રવેશ ન કરે ને અક્ષરના સુખે કરીને સુખિયો રહે ને ભગવાનની મૂર્તિને વિશે સંલગ્ન રહ્યા કરે, એ રીતે જે ભક્તને ઉપશમ થાય ત્યારે તેને કારણ દેહ જિતાણું જાણવું. આવો જે ઉપશમ થાવો તે પૂર્વના રૂડા સંસ્કારે કરીને અથવા ભગવાનના એકાંતિક સંતના અનુગ્રહે કરીને થાય છે, તે વિના થાતો નથી.''

(મોનજીભગતની વાતો : ૪૫)

● આત્મનિષ્ઠાની ઉત્તમદશા :

વરતાલમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીના આસને સંતમંડળ તથા હરિભક્તો આવીને બેઠા હતા. તે સમામાં ભક્ત મોનજીએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, 'કાશી સુધી વૃત્તિ લાંબી હોય તે સંકેલાઈને વડતાલ જેટલામાં આવે છે તથા વડતાલ જેટલી લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને ગઢડા જેટલામાં આવે છે' તે કેમ સંકેલાતી હશે ?'' તે પ્રશ્ન સાંભળીને સ્વામી જોઈ રહ્યા.

તે સમયે હરજી ઠક્કર પાસે બેઠા હતા. તે બોલ્યા જે, ''તમો ભાવનગરમાં માલ લેવા ગઢડેથી જાવ છો, ત્યારે વૃત્તિ લાંબી થઈને ભાવનગર જાય છે, પછી પાછા ગઢડે આવો છો ત્યારે વૃત્તિ સંકેલાઈ ગઈ.''

ત્યારે ગોપાળાનંદસ્વામી હસીને બોલ્યા જે, '' એમ કેમ એનો ઉત્તર કરો છો ? જેમ શ્રીકૃષ્ણ ભગવાને વૃત્તિ પસારી ત્યારે છપનકોટિ જાદવ ઉત્પન્ન કર્યા ને જ્યારે વૃત્તિ સંકેલી ત્યારે પરસ્પર વેર કરાવીને સમગ્ર યાદવ કુળનો નાશ કરાવી નાંખ્યો. પણ તેનો હરખ-શોકનો એમને સંકલ્પ જ ન થયો. તેમ ભગવાનના ભક્ત વૃત્તિ પ્રસારે ત્યારે જે જે ક્રિયા કરવી હોય તે કરે ને જ્યારે વૃત્તિને સંકેલે ત્યારે જે ક્રિયા કરેલી હોય તેનો હરખ-શોક થાય નહિ તથા તે સાંભરે પણ નહિ. વળી આ જીવની વૃત્તિ છે તે તો આખા બ્રહ્માંડમાં છાઈ રહી છે ને જેટલા પદાર્થ છે તે રૂપે થઈ છે. કેમ જે, જેમ ચક્રવર્તી રાજા હોય તેને ગામડાં ઘણાં હોય તે ગામ ગામ પ્રત્યે એની વૃત્તિ છે. તેમ આ જીવની વૃત્તિ આખા બ્રહ્માંડમાં છાઈ રહી છે. તે વૃત્તિ ભેગી કરીને એકાગ્ર કરવી મહા કઠણ છે, તે એકાગ્ર કેમ થાય ? તો ભગવાનના એકાંતિક સાધુનો સંગ હોય, ને પૂર્વના કોઈ સંસ્કાર હોય, ને રૂડા દેશ-કાળ હોય, ને એને કરવાની હેતે સહિત શ્રદ્ધા હોય, ને કહેનારા જે મોટા પુરુષ તેને વિશે દેવબુદ્ધિ હોય ને તેનો વિશ્વાસ હોય, તો ભગવાનને પ્રતાપે કરીને થાય છે.

હવે એ ભક્ત વિચાર પામીને વૃત્તિને શી રીત્યે સંકેલે ? તો તેનું સાધન એ છે કે, સ્થૂળ દેહ જે ઇન્દ્રિયો, તે પોતપોતાના વિષયમાં જાય છે તેને વિષયમાં અવશ્ય ઘટે એટલી જવા દઈને નિયમમાં લાવવી, તે કાશી સુધી વૃત્તિ લાંબી હતી તે વરતાલ જેટલામાં આવી એમ જાણવું. હવે એ ભક્તને વિચાર દૃઢ થાય ત્યારે દેહની મધ્યરેખા ઉપર વૃત્તિ રાખીને ભગવાનનું ધ્યાન કરવા બેસે, તે સમે વૃત્તિ પગતી ન પડે ને આડી અવળી ન ડોલે ને લાંબી ન થાય અને પાસરી ચાલે ને તેનું ઉનમાન માપ્યામાં આવે ત્યારે તે ધ્યાનનો કરનારો ભક્ત એમ જાણે જે મારી વૃત્તિ ગઢડા જેટલામાં આવી છે. હવે એ ભક્ત મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે તે સમયે નેત્ર આદિક જે વૃત્તિયું તેનું પિંડીભાવ થઈ જાય છે. તે કેની પેઠે ? તો જેમ રાખનો ઢગલો પડ્યો હોય તેને વા૪ ઉડાડે ત્યારે બહુ ઊડે છે, પણ તે રાખમાં પાણીનો ઘડો ઢોળી પિંડો કર્યો હોય તો તેને વા ઉડાડી શક્તો નથી, તેમ તે ભક્તની વૃત્તિયું છે તે એક

થઈ જાય ને કોઈ વિષયમાં જાય નહિ. ત્યારે એ ધ્યાનનો કરનારો ભક્ત એમ જાણે જે મારી વૃત્તિ દેહ જેટલામાં આવી છે. પછી એ ભક્ત મધ્યરેખામાં રહી ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, ત્યારે એ ભક્તને બહારલો વહેવારમાત્ર તથા બહારના પંચવિષયમાત્રનો મનસૂબો કરવો, તેમાં એ ભક્તની વૃત્તિ જાય નહિ. પછી એ ભક્તને એમ જણાય છે જે, મારી વૃત્તિ ઇન્દ્રિયના ગોલકમાં આવી છે. પછી જાગ્રતમાં સંકલ્પ ન થાય ને સદા સુખ વર્ત્યા કરે, તેથી તેને જીવાત્માનું તથા પરમાત્માનું જાણપણું રહ્યાં કરે છે.

વળી, એ ભક્ત મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, પછી મનની વૃત્તિએ કરીને નેત્રની વૃત્તિને પ્રાણ ભેગી ખેંચીને જાણપણામાં ઉતારે છે, ત્યારે એ ભક્તને અંતઃકરણમાં ધ્યાન કરવાનો તથા ભજન કરવાનો વેગ બહુ લાગે છે. કેની પેઠે ? તો જેમ કામી પુરુષ હોય તેને કામ ભોગવવાનો વેગ લાગે છે. તથા જેમ લોભી પુરુષને ધન મેળવવાનો વેગ લાગે છે, ત્યારે તેને કાંઈ સાંભરતું નથી તેમ આને પણ કાંઈ સાંભરતું નથી. ને ઇન્દ્રિયોની વૃત્તિ તથા મનની વૃત્તિ તે ચિત્ત આદિ અંતઃકરણ સન્મુખ થઈ જાય છે, ત્યારે તેનું અંતઃકરણ પ્રાણ ભેગું બહુ ઊછળે છે ને તેને ભગવાનને વિશે મહિમાએ સહિત હેત બહુ થાય છે. પછી એ ધ્યાનના કરનારા ભક્તને એમ અનુમાન થાય છે કે, સાક્ષાત્કાર મારી વૃત્તિ અંતઃકરણ સન્મુખ થઈ છે.

વળી, એ ભક્ત મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, ત્યારે એ ભક્તને ભગવાન ઉપર મહિમાએ સહિત હેત બહુ થાય છે. તે હેતને યોગે કરીને ઇન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિયું પ્રાણ સહિત આત્માને વિશે લીન થઈ જાય છે. ત્યારે એ ભક્તનાં નેત્રમાં તેજની છોળો દેખાય છે. તે કેમ દેખાય છે ? તો જેમ કડું, કાંકરી ને ફેલ - એ ત્રણે ભેગાં કરીને જેરે છે, ત્યારે તેજની ફરર ફરર શેડ ચાલે છે ને પાછી મટી જાય છે. તેમ પ્રથમ એક આંખમાં થાય છે ને પછી બે આંખમાં થાય છે. જેમ દિવાળીમાં છોકરાં સસુદ્ર ફોડે છે ને જેવી લાલ શેડ ચાલે છે, તેવી લાલ શેડ બે આંખમાં સરખી ચાલે છે ને સર્વત્ર લાલ જણાય છે. પછી તેનો દેહ રક્ત તેજોમય દેખાય છે. પછી એ ભક્તના અંતઃકરણની વૃત્તિયું જીવને સમીપે છે તેમાં ચૈતન્ય તેજ તેવું ને તેવું દેખાય છે. ત્યારે એને એમ ભાસે છે કે મારે તો વાસના છે જ નહિ. પછી એ જીવને પોતાનું બ્રહ્મરૂપે સાક્ષાત્કાર દર્શન થાય છે. તે સમયે તેને રુવાંડે રુવાંડે તેજની શેડ ચાલે છે ને એકલો પ્રકાશ દેખાય છે. પછી એ પ્રકાશ વૃદ્ધિને પામે છે. તે જ્યાં જ્યાં એની વૃત્તિ જાય છે ત્યાં ત્યાં સર્વે પદાર્થ પ્રકાશમય દેખાય છે. ને એની વૃત્તિ હજારો ગાઉ ઉપર ચાલી જાય છે. કેમ જે, એ ભક્તની નિરાવરણ દૃષ્ટિ થઈ અને અક્ષરના ભાવરૂપ થઈ ગઈ છે. પછી એ પ્રકાશમાં શ્રીજી મહારાજનું સાક્ષાત્કાર તેજોમય દર્શન થાય છે. ત્યારે એ ભક્તને સર્વે સાધન પૂરાં થયાં ને એ આત્મનિષ્ઠાની ઉત્તમ દશા જાણવી. (મોનજીભગતની વાતો : ૪૬)

• વડતાલમાં સંતોને કહેલ પ્રતિલોમ ધ્યાનની વાત :

વરતાલમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી નિવાસ કરીને રહ્યા હતા. ને રામનવમીનો સમૈયો બહુ ભારે થયો હતો. ને સર્વે મોટેરા સાધુ પણ આવ્યા હતા. અને એક સમયે ગોપાળાનંદસ્વામીને આસને સર્વે ભેગા થઈને બેઠા હતા. તે સમયે એવી વાતોનો પ્રસંગ નીકળ્યો કે, શ્રીજીમહારાજે વચનામૃતમાં એમ કહ્યું છે જે, "પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવનું સારું થાતું નથી." ત્યારે ત્યાં બેઠેલા સાધુમાંથી કોઈકે કાંઈક કહ્યું ને કોઈકે કાંઈક કહ્યું, પણ પ્રતિલોમ ધ્યાન કેવી રીતે કરવું, તેનું સમાધાન ન થયું.

પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવમાંથી દોષ જાય નહિ." ત્યારે એક નંદ સાધુ બોલી ઊઠ્યા કે, "પ્રતિલોમ ધ્યાન તો મને આવડતું નથી. ને હું શ્રીજીમહારાજ ભેગો રહ્યો ને મહારાજે કહ્યું એમ કર્યું. ને મહારાજ સ્વધામ ગયા તે કેડે મુક્તાનંદસ્વામી જ્યાં સુધી હતા ત્યાં સુધી તે કહે તેમ કર્યું. ને એમની પ્રસન્નતાને અર્થે ઘણાં પુસ્તક લખ્યાં ને એનાં લહિયા પણ કહેવાયા. એવો દાખડો પણ ઘણો કર્યો, ને તે રાજી પણ ઘણા થયા. ને મુક્તાનંદસ્વામી સ્વધામમાં ગયા, પછી તમ ભેગો રહી જેમ કહો છો તેમ કરું છું, એ પ્રતિલોમ ધ્યાન નહીં ? એથી શું એ પ્રતિલોમ ધ્યાન વધારે છે ?"

ત્યારે એ બીજા સાધુ પરસ્પર બોલ્યા કે, "એ સાધુ ઠીક કહે છે. પ્રતિલોમ ધ્યાન એથી શું વધારે થયું ?" પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવનું સારું થાતું નથી. તે શબ્દ સાચો રાખીને જે ઉત્તર થાય તે ઠીક કહેવાય."

ત્યારે સર્વે સાધુ મળીને બોલ્યા જે, "હે ગોપાળાનંદસ્વામી ! એનો ઉત્તર તો તમે કરો." ત્યારે સ્વામી બોલ્યા જે, "પ્રતિલોમ ધ્યાન છે તે જેટલા સાધનમાત્ર છે તેનું ફળ છે. કેમ કે, એ પ્રતિલોમ ધ્યાન કરે ને ભગવાન સાથે વૃત્તિ ચોંટી જાય ત્યારે એ ભગવાનના જે સર્વજ્ઞતા, ત્રપતી (પૂર્ણકામતા) સ્વતંત્રતાદિક ગુણો એ ભક્તમાં આવે છે. એવો એ પ્રતિલોમ ધ્યાનનો મહિમા છે." ત્યારે એ સાધુ બોલી ઊઠ્યા જે, "હે સ્વામી ! મહારાજ ભેગો હું રહ્યો, ને તે પછી મુક્તાનંદસ્વામી ભેગો રહ્યો, ને હાલ તમારા ભેગો રહું છું તેમાં

મારો સંપૂર્ણ મોક્ષ થયો છે કે કાંઈ અધૂરું છે ? ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, એ વાત તો શ્રીજીમહારાજના હાથમાં છે, તે તો તે જાણે. એમ કહીને પ્રતિલોમ ધ્યાન કરવાનું લક્ષણ કરવા માંડ્યું જે -

આ જીવ છે તેનાં ઇન્દ્રિયો-અંતઃકરણ આ લોકમાં વાસિત થઈ ગયાં છે ને એવો ફેર ચઢી ગયો છે કે, જે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં એનું એ સંભારે છે. માટે એ જીવને ભગવાનથી છેટું પડી ગયું છે. તે ભગવાન સન્મુખ ઢૂંકડું થાવા માટે ઇન્દ્રિયોની વૃત્તિયું મનની વૃત્તિ ભેગી ભેળવે. ને એ બે ભેગી થયેલ વૃત્તિને જાણપણામાં ઉતારીને પછી ભગવાનનું ધ્યાન કરે. એમ ઘણા દિવસ હેતે સહિત કરે, ત્યારે જેમ એ જીવને પ્રથમ જગત વાસિત થઈ ગયેલું ને સાંભરતું તે પ્રમાણે એના જીવમાં ભગવાન વાસિત થાય છે. પછી તેને નિરંતર ભગવાન સાંભરે છે ને એ જ વાત મુખ્ય રહે છે. ને સર્વ જગતની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીત્યે જ્યારે આ જગતનો ફેર ઉતારે - એ પ્રતિલોમ ધ્યાન થવાનું લક્ષણ છે.

ત્યારે એ સાધુ બોલ્યા જે, "હે ગોપાળાનંદસ્વામી ! તમારે ને શ્રીજીમહારાજને કાંઈ છેટું નથી. કેમ જે, શ્રીજીમહારાજનું જે કર્તવ્ય છે તે તમે બધું જાણો છો, માટે જેમ હોય તેમ તમો મને કહો. જેમ કહો તેમ કરવા હું તૈયાર છું ને પ્રતિલોમ ધ્યાન કરવાનું કહેતા હો તો તે તમો મને બતાવો." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "હે સાધુ ! તમારો દેહ પચાસ-સાઠ વર્ષનો ઘરડો થઈ ગયો છે. તેથી પ્રતિલોમ ધ્યાન કરવાનો અભ્યાસ થઈ શકે તેમ લાગતું નથી. કેમ જે, પ્રતિલોમ કરવામાં દેહને કારસો ઘણો આવે તે ખમી શકાય નહિ." ત્યારે એ સાધુ બોલ્યા જે, "કારસો ખમીને પણ હું કરીશ."

ત્યારે સ્વામી બોલ્યા જે, "પ્રથમ તો આસન સિદ્ધ કરવું જોઈએ. પછી દૃષ્ટિ ને મન નિયમમાં કરવા જોઈએ. પછી પ્રાણ ભેગી નેત્રની ને મનની વૃત્તિ જાણપણામાં ઉતારી જોઈએ. પછી જાણપણામાં રહીને ભગવાનની સમગ્ર મૂર્તિનું ધ્યાન ભેગું કરે, અને જે મોઢે પોતે બેઠો હોય તે મુખે મૂર્તિ ધારે. ને પોતે સામો ઊભો રહે, ત્યારે ઇન્દ્રિયની વૃત્તિઓ નાડીઓએ સહિત ખેંચાય અને સંકોચને પામી જાય. પછી તે ભક્તને ઉગમણે-આથમણે બેઠાની ખબર રહે નહિ. એવું ધ્યાન ઘણા દિવસ કરે, તેના ઉપર ભગવાનની દૃષ્ટિ થાય, ત્યારે તેને તેજ દેખાય. પછી એ તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ પ્રત્યક્ષ પ્રમાણ દેખાય છે, એટલે એ ભક્તને સુખ-શાંતિ બહુ થાય, કોઈ વાત પામવાની બાકી રહે નહિ. પછી એને ભગવાન જ મુખ્ય થઈ જાય છે. એ પ્રતિલોમ ધ્યાનનું ફળ છે." એ વાત સાંભળીને એ સાધુ બહુ રાજી થયા તથા બીજા સર્વે મોટેરા સંત બેઠા હતા તે પણ બહુ રાજી થયા. (મોનજીભગતની વાતો : ૪૯)

• વડતાલમાં ગોપાળાનંદ સ્વામીએ પાટીદારોની પ્રાર્થનાથી વરસાદ કર્યો :

વરતાલમાં ત્યાંના પાટીદારોએ ગોપાળાનંદસ્વામીની એમ પ્રાર્થના કરી જે, "હે સ્વામી ! જો એક વરસાદ થાય તો બાજરી તથા તમાકુ આદિક મોલ સારા પાકે. માટે કૃપા કરો તો વરસાદ થાય." પછી બીજે દિવસે ઘણોક વરસાદ થયો અને તે ભેળો વાયરો પણ ઘણો થયો. તે જોઈને ગઢપુરના હરજી ઠક્કર સ્વામી પાસે બેઠા હતા, તેણે સ્વામીને કહ્યું જે, "સ્વામી ! આ વાયરે કરીને મોલ બધાય આડા પાડી જશે; માટે વાયરો બંધ થાય અને એકલો વરસાદ થાય તો ઠીક." પછી સ્વામીએ આકાશ સામી દૃષ્ટિ કરી એટલે વાયરો બંધ થઈ ગયો અને એકલો વરસાદ ખૂબ વરસ્યો. તેથી લોક સૌ રાજી થયા અને આવીને સ્વામીના ચરણારવિંદમાં સૌ પડ્યા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૬૪૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગોપાળાનંદ સ્વામીના પત્રથી મહારાજે સર્વ દેશમાં વરસાદ વરસાવ્યો :

એક વખત ગોપાળાનંદસ્વામી વરતાલમાં હતા અને વરસાદની બહુ તાણ હતી. તેથી ગુજરાતના હરિભક્ત સૌ મળીને સ્વામી પાસે આવ્યા અને સ્વામીને પ્રાર્થના કરી જે, "હે સ્વામી ! વરસાદ ક્યારે થશે ?" સ્વામી કહે, "લાવો, મહારાજ ઉપર ગઢપુર કાગળ લખીએ અને પૂછાવીએ." પછી સ્વામીએ મહારાજ ઉપર કાગળ લખીને કાશીદાસને ગઢપુર મોકલ્યા. અને મહારાજ તે પત્ર વાંચીને બોલ્યા જે, "આ કાશીદાસ બહુ જ મોટા હરિજન છે અને ગોપાળાનંદસ્વામીનો પત્ર લઈને વરસાદ લેવા આવ્યા છે. માટે આપણે સર્વે ચાલો, ઘેલે નહાવા માટે જઈએ." એમ કહીને સર્વેને ભેગા લઈને ચાલ્યા.ત્યારે બીજા હરિભક્તોને એમ વિચાર થયો જે, 'ઘેલામાં પાણી નથી અને મહારાજ નહાશે ક્યાં ?' પછી ઘેલામાં ગયા તે સમે બહુ જ વરસાદ થયો અને સર્વેનાં વસ્ત્ર પલળી ગયાં. અને મહારાજ ઉપર છત્રી ધરી હતી તે ફાટી ગઈ અને ઘેલામાં પાણી ઘણું આવ્યું. તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ ડોળા પાણીમાં આપણથી નવાશે નહીં અને આપણને તો વરસાદે નવરાવ્યા; માટે ચાલો પાછા જઈએ." પછી સૌ હરિજને સહિત મહારાજ દરબારમાં પધાર્યા. એમ સ્વામીના કાગળે કરીને મહારાજે સર્વે દેશમાં વરસાદ કર્યો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૬૪૬, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની વાતોથી ખંભાતના સદાશિવને હવેલીનો મોહ ટળ્યો :

વડતાલમાં ગોપાળાનંદસ્વામી સભામાં બેઠા હતા. પછી અંતર્યામીપણે ખંભાતના હરિજન સદાશિવભાઈને સ્વામીએ કહ્યું જે, ''તમારી હવેલી બળી જાય તો તમને કાંઈ ખરખરો થાય ?'' ત્યારે સદાશિવ બોલ્યા જે, ''ના સ્વામી, મનમાં કાંઈ ખરખરો થાય નહીં. કેમ કે, તમારે યોગે કરીને સાંખ્ય વિચારથી બધું ખોટું કરી નાખ્યું છે.'' જે દિવસે હવેલી બળી હતી તે દિવસે તેને સ્વામીએ વાત કરી હતી. ને પછી બીજે દિવસે સવારમાં ખંભાતથી મનુષ્ય કાગળ લઈને આવ્યું અને કાગળ વાંચીને બોલ્યા જે, ''સ્વામીએ આગળથી જ હવેલી બાળી મૂકી છે, નહીં તો અત્યારે હવેલી સાથે હું પણ મરત !'' માટે મોટાનો સમાગમ તે જીવને બંધન તોડાવે તેવો છે. ॥૬૭૦॥

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૬૭૦, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં મહારાજે ફણેણીના સુતારને તેજોમય મુક્તમંડળ સાથે દર્શન દીધાં :

એક વખત શ્રીજીમહારાજ વડતાલમાં સભા કરીને વિરાજમાન હતા અને ઓટાથી હેઠે સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. અને ફણેણી ગામનો સુતાર હરિભક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરતો હતો. તે મહારાજની મૂર્તિમાંથી તેજની કિરણો નીકળે. તેમાં મંદિર તથા ધર્મશાળા કાંઈ દેખાય નહીં અને એકલું તેજ દેખાય. અને તે તેજના સમૂહમાં તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજ જણાય. અને ચારેકોરે તેજોમય અનંત કોટી મુક્તોની સભા જણાય. તે જોઈને તે હરિભક્ત ''અહો ! અહો !'' એમ વારંવાર બોલે. તે સાંભળીને શ્રીજીમહારાજ પોતાની તર્જની આંગળી પોતાની નાસિકાએ અડાડે, ત્યારે તે ભક્ત છાનો રહી જાય; એમ ઘણીકવાર થયું, તે સર્વ સભા સાંભળે.

અને શ્રીજીમહારાજ પોતાની આંગળી નાસિકાએ અડાડે તે પણ દેખાય; પણ કોઈ યથાર્થ સમજી શકે નહીં. પછી શ્રીજીમહારાજને તેડવા આવ્યા તેની સાથે જમવા પધાર્યા. અને તે સભામાં નારુપંત નાના બેઠા હતા. તેમણે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, ''ઓલ્યા હરિભક્તને બોલવો ને !'' પછી સાધુ જઈને તે હરિભક્તને બોલાવી લાવ્યા. ત્યારે તેમણે પૂર્વે કહી તે બધી વાત કહી દેખાડી.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૦૨, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં એક ગરીબ ભક્ત અને ગોપાળાનંદ સ્વામીનો રોચક સંવાદ :

અને વડતાલમાં સ્વામી હતા અને એક હરિજને આવીને મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, ''સ્વામી ! હું વહેવારે બહુ દુર્બળ છું. માટે કાંઈક કૃપા કરો તો કાંઈક સુખ થાય અને સુખેથી ભજન થાય.'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''કેટલું દ્રવ્ય હોય તો તારે સંતોષ થાય ?'' ત્યારે તેણે કહ્યું જે, ''દશ હજાર રૂપિયા હોય તો ઠીક થાય.'' ત્યારે સ્વામી કહે, ''પછી નહિ વધે હો !'' ત્યારે ભક્તે કહ્યું જે, ''લાખ રૂપિયાનો સંકલ્પ કરો.'' ત્યારે સ્વામી કહે, ''પછી તેથી નહિ વધે.'' ત્યારે હરિભક્ત કહે, ''દશ લાખનો સંકલ્પ કરો.'' સ્વામી કહે, ''તારે જો દશ લાખ રૂપિયા થાય તો તું માળા ફેરવ ખરો ? માટે ઘેર જા અને જેમ છે તેમ રહેશે.'' માટે મોટા રાજી થાય તોપણ જીવને સંતોષ ન થાય. સાખી ''આશા ઊંડી ખાડ, પહાડથી થાય નહિ પૂરી; હેમ મેરુ સમ હોય, તોપણ રહે અધૂરી.''

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૦૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની કૃપાથી કોગળિયાનો રોગ ગયો :

એક દિવસ સ્વામી ખેડા ગામમાં હતા અને સભા કરીને બેઠા હતા. તે વખતે સ્વામીએ નિત્યાનંદસ્વામીને કહ્યું જે, ''કાંઈક ઉપદ્રવ જેવું જણાય છે.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''આપણે તો જેમ ઈશ્વરની ઇચ્છા હશે તેમ થાશે.'' પછી ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, ''આપણે પણ ઝપટામાં આવીશું.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''આપણે પણ જગતમાં છીએ.'' ને પછી ડભાણ થઈને વરતાલ ગયા. ત્યાં રાત્રીના દસ વાગ્યા તે વખતે ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, ''કોઈ ગૃહસ્થ અહીંયાં હોય તો તેને બહાર કાઢી મેલો.'' એમ કહીને બોલ્યા જે, ''અહીંયાં ધર્મશાળાની પછવાડે પાંચ રાંડુ ઊભી છે. તે એમ વિચાર કરે છે કે, પહેલાં મંદિરમાં જશું કે પહેલાં ગામમાં જશું ? ત્યારે તેમાંથી એક બોલી જે, મંદિરમાં તો એક બાવો બહુ વસમો છે તે કનડે. એમ કહીને બે ભોઈવાડામાં ગઈ અને ત્રણ કોળીવાડામાં ગઈ.''

પછી ગામમાં કોગળિયાનો ભારે ઉપદ્રવ થયો. પછી ગામના લોકોએ મળીને ઝાંપે માતા પાસે એક પાડો માર્યો, એટલે ઉલટો કોગળિયાનો રોગ વૃદ્ધિ પામ્યો. પછી ગામના સર્વે લોક મળીને ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા ને પ્રાર્થના કરીને કહ્યું જે, ''હે સ્વામી ! અમે તો સર્વે મરી જાશું.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''અહીંયાં સાક્ષાત્કાર લક્ષ્મીનારાયણ દેવ વિરાજમાન છે તથા રઘુવીરજી

મહારાજ પણ છે અને નિત્યાનંદસ્વામી જેવા સંત છે અને હનુમાનજી વિગેરે દેવો પણ વિરાજમાન છે; તેમને મેલીને માતા આગળ પાડો માર્યો એટલે સર્વે મરવાના જ છો તો !'' ત્યારે પાટીદારોએ કહ્યું જે, ''બાપજી ! ભૂલી ગયા ! હવે જેમ તમે કહો તેમ કરીએ અને દયા કરો.'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''જાઓ, બ્રાહ્મણની ચોરાશી કરો અને હનુમાનજીની રુદ્રી કરાવો.'' પછી તેમણે સૌએ તેવી રીતે કર્યું એટલે રોગ નિવૃત્તિ પામી ગયો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૧૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• જોળના વિદ્યાર્થીઓને માટલી અક્ષયપાત્ર કરી આપી :

એક સમે સ્વામી વરતાલમાં હતા. અને જોળ ગામના શાસ્ત્રી રાજારામ તથા શાસ્ત્રી ભોળાનાથ તેમના વિદ્યાર્થી હતા, તે ભીક્ષા કરીને અભ્યાસ કરતા હતા. પછી શાસ્ત્રીએ સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! ભીક્ષા પૂરી મળતી નથી.'' ત્યારે સ્વામી કહે, ''આટો શેમાં રાખો છો ?'' ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું જે, ''માટલીમાં રાખીએ છીએ.'' ત્યારે સ્વામી કહે, ''તે માટલી ભોંમાં દાટો અને તેનું મોઢું ઉઘાડું રાખવું અને તેમાંથી કાચલીથી લોટ કાઢવો.''

પછી સૌ વિદ્યાર્થીઓએ માટલી પૃથ્વીમાં દાટી અને સ્વામીના કહેવા પ્રમાણે તેમાંથી કાચલીથી લોટ કાઢીને નિર્વાહ ચલાવવા લાગ્યા. એમ કરતાં કરતાં ઘણાક માસ થયા, તોપણ માટલીમાં તેમનો તેમ આટો ભર્યો રહેતો. એવા સમયે એક માતર ગામનો વિદ્યાર્થી કુસંગી હતો તે આવીને સૌ વિદ્યાર્થી સાંભળતાં બોલ્યો જે, ''ગોપાળાનંદ શું કરે એમ છે ?'' એમ કહીને માટલી ભોંયમાંથી બહાર કાઢી નાંખી. પછી બીજે દિવસે તે માટલીમાંથી આટો થઈ રહ્યો. પછી સૌ વિદ્યાર્થીઓએ પેલા માતરવાળા વિદ્યાર્થીને તિરસ્કાર કરીને શાળામાંથી કાઢી મૂક્યો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૨૭, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગોપાળાનંદ સ્વામીએ જોળમાં મંદિરની રક્ષા માટે ભૂરિયો નાગ મેલ્યો :

એક સમે સ્વામી વરતાલમાં હતા અને જોળ ગામનો પાટીદાર ભક્ત ભુલો સ્વામીને દર્શને આવ્યો હતો. ત્યારે સ્વામીએ ભુલાભગતને કહ્યું જે, ''તમારા ગામમાં મંદિર નથી ?'' ત્યારે ભુલોભગત કહે, ''સ્વામી ! મારું ગામ મુસલમાનનું છે, ત્યાં મંદિર કરવા કેમ દે ?'' ત્યારે સ્વામી કહે, ''તેનો શો ભાર છે ? ચાલ હું તારી સાથે આવું અને તું આજે ત્યાં જઈને ઈંટો તથા ચૂનો વિગેરે તૈયાર કર; અને પછી મારી પાસે આવજે.'' પછી ભુલોભગત ઘેર જઈને ઈંટો તથા ચૂનો વગેરે સામાન તૈયાર કરીને સ્વામીને તેડવા માટે ગાડું લઈને આવ્યા.

પછી સ્વામી પોતાની સાથે સાઠ-સીત્તેર માણસ લઈને તથા કડિયા વિગેરેને પણ સાથે લઈને ઝોળ પધાર્યા અને ગામને પાદર જઈને દેરો નાંખ્યો. પછી સ્વામી ભુલાભગત સાથે જગ્યા જોવા નીકળ્યા અને જે જગ્યા ગામધણીની હતી, તે જગ્યામાં સ્વામીએ મંદિરનો પાયો ચીતરી દીધો. ત્યારે ભુલાભગતે કહ્યું જે, ''સ્વામી ! આ તો ગામધણીની જગ્યા છે.'' ત્યારે સ્વામી કહે, ''તારે શી ચિંતા છે ? તારે તો હું કહું તેમ કરવું છે ને ?''

પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે સૌ સંત, પાર્ષદ તથા હરિજન વિગેરે પાયો ખોદવા લાગ્યા. તેની ખબર ગામધણીએ સાંભળીને પોતે સાથે પાંચ-સાત બૈરાં લઈને તથા કેટલાક મુસલમાનોને લઈને સ્વામીની પાસે આવ્યો. અને સ્વામીને કહેવા લાગ્યો જે, ''આ કોના કહેવાથી જગ્યા કરો છો ?'' ત્યારે સ્વામી કહે કે, ''મને કોણ કહે ? હું મારી સત્તાથી કરાવું છું !'' ગામધણી કહે, ''મારી જગ્યા છે !'' સ્વામી કહે, ''ભલે તારી જગ્યા હોય !'' પછી મુસલમાને એ બાઈઓને કહ્યું જે, ''જાઓ, સાધુને ઉપવાસ પડાવો !''

પછી બૈરાઓ સાધુ પાસે ગયાં, તેવો જ એક મોટો નાગ નીસર્યો અને સૌ આઘાંપાછાં નાસી ગયાં. અને ગામધણીની છોકરીને તે નાગ કરડ્યો. તેને ઉપાડીને સૌ દાટવા ગયા અને દાટીને જારથ (ઝિયારત-મુસલમાનમાં બાળમરણ પછી કરવામાં આવતી ક્રિયા) કરીને ઘેર આવ્યા. પછી આવીને વિચાર કર્યો જે, 'આપણા ગામમાં સ્વામિનારાયણનું મંદિર હોય નહીં. કેમ કે, ત્યાં તો નગારાં વાગે તથા ઝાલરું વાગે. તે સાંભળીને આપણી કબરોમાંથી સૌ બેઠા થાય.' તેવો વિચાર કરીને વળી સૌ જ્યાં મંદિર થાતું હતું ત્યાં આવ્યા. અને તેઓ મળીને મંદિરનું ચાલતું કામ અટકાવવા લાગ્યા.

તે વખતે ભૂરિયો નાગ નીકળ્યો અને તેને ભાળી સૌ ભાગ્યા. અને ગામધણીની પાછળ ભૂરિયો નાગ દોડીને ફેણો મારવા લાગ્યો; તેથી તેના હાથમાંથી હોકો પડી ગયો અને પોતે પણ પડી ગયો. અને તેના છોકરાને તે ભૂરિયો નાગ કરડ્યો. પછી તે જગ્યાનો ધણી સ્વામી પાસે આવીને બહુ દિલગીર થયો. અને સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! ભલા થઈને મારા છોકરાને જીવતો કરો.'' સ્વામી કહે, ''જો જગ્યાને કાંઈ પણ અડચણ ન કર, તો છોકરો બેઠો થાય.'' પછી તેણે સ્વામી પાસે સોગંદ ખાધા કે, ''જો હું આંહીં પાછો આવું

તો હીંદવાણે ગાય અને મુસલમાને સુવર. (હિંદુ ગાયને મારે અને મુસલમાન સુવરને મારે ને જે પાપ થાય તે પાપ મારે માથે)'' એવી રીતે સોગંદ ખાઈને સ્વામીના પગમાં પડ્યો ને પ્રાર્થના કરીને કહ્યું જે, ''મારો દીકરો જીવતો થાય, તેવી કૃપા કરો.''

પછી સ્વામીએ કહ્યું જે, ''જગ્યાનો લેખ કરી આપ તો છોકરો જીવતો થાય.'' પછી તેણે જગ્યાનો લેખ કરીને આપ્યો અને સ્વામીએ તેનો છોકરો જીવતો કર્યો. પછી સ્વામી વરતાલ જવાને માટે તૈયાર થયા. તે વખતે ભુલાભગતે સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! તમે પધારો છો, પણ આ લોકો મંદિર પૂરું થાવા નહીં દે.'' પછી સ્વામી કહે, ''તારી રક્ષામાં આ ભૂરિયો નાગ છે. એ તને કોઈ જાતની અડચણ આવવા નહીં દે.'' એમ કહીને સ્વામી વરતાલ પધાર્યા અને વાંસેથી તે મુસલમાનની મતિ ફરી, તે જગ્યાને અટકાવ કરવા આવ્યો. એટલે ભૂરિયો નાગ નીકળીને તે મુસલમાનની વાંસે દોડ્યો ને મુસલમાનને ફેણ્યો મારવા મંડ્યો. તેથી તે મુસલમાન પડી ગયો ને હોકો ફૂટી ગયો. તે જોઈને મુસલમાન બોલ્યો જે, ''ભુલા, તારા ભૂરિયાને વાર ભૂરિયાને વાર !'' પછી ભુલોભગત બોલ્યો જે, ''હત ભૂરિયા, હત ભૂરિયા !'' ત્યારે ભૂરિયો પાછો વળ્યો અને ભૂરિયા નાગને મંદિરની ચોકીમાં રાખ્યો. તે હજી સુધી છે.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૨૯, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગોપાળાનંદ સ્વામીએ વરતાલના મહંત અક્ષરાનંદસ્વામીનો મોહ ટાળ્યો :

એક વખત ગોપાળાનંદસ્વામી વડતાલમાં હતા અને અક્ષરાનંદસ્વામી મંદિરના મહંત હતા. અને રઘુવીરજી મહારાજ કોઈ કામ પ્રસંગે આવેલ, તેથી તેમણે અક્ષરાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, ''અમારે એક સિગરામ જોઈએ છીએ.'' ત્યારે અક્ષરાનંદસ્વામી બોલ્યા જે, ''હમણાં બળદ નવરા નથી.'' એમ જવાબ દઈને પોતાને આસને ગયા. પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદસ્વામીને વાત કરી જે, ''સ્વામી ! આવી રીતે વાત થઈ છે.''

તે વખતે ગોપાળાનંદસ્વામીને જૂનાગઢ જવું હતું. પછી સ્વામીએ અક્ષરાનંદસ્વામીને કહ્યું જે, ''તમે મારી સાથે જૂનાગઢ ચાલો.'' ત્યારે અક્ષરાનંદસ્વામી કહે કે, ''મારે મંદિરનું કામ છે, તેથી ઘડીની નવરાશ નથી.'' સ્વામી કહે કે, ''મંદિરનું કામ એક માસ સુધી બીજાને સોંપીને ચાલો. મારી સાથે તમારે આવ્યા વગર છૂટકો નથી !'' ને અક્ષરાનંદસ્વામીના મનમાં એવું હતું જે, 'આ મંદિરનો રણીધણી(કર્તાહર્તા; સંપૂર્ણ માલિક) હું છું અને આચાર્ય, તે તો મારી આગળ શું ગણતીમાં ? મને તો શ્રીજીમહારાજે મહંતાઈ આપી છે !' એમ પોતાના મનમાં અભિમાન હતું.

પછી ગોપાળાનંદસ્વામી પોતાની સાથે જૂનાગઢ તેડી ગયા. પછી સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરીને, અક્ષરાનંદસ્વામીના મનમાં જે મોહ હતો તે સર્વે ટાળી નાંખ્યો, અને પરમ એકાંતિક કર્યા. અને પોતાના મનમાં એમ થયું જે, 'આપણે તો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું, તે જ આપણો ધર્મ છે ! અને આ બધો વહેવાર તો આચાર્યનો ગણાય. પણ આપણે તો આચાર્ય જેટલી આજ્ઞા કરે તેમ વર્તવું, તે જ આપણો ધર્મ છે, તેટલી જ ક્રિયા કરાય.' અને તમામ જાતનો મોહ પોતાના અતઃકરણમાંથી નિવૃત્તિ પામી ગયો. પછી ગામ પોલારપરને પાદર મુકામ કર્યો. ત્યાં સવારમાં પૂજા કરીને ગોપાળાનંદસ્વામીને દર્શને ગયા અને સ્વામીને દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, ''સ્વામી ! હું આજ સત્સંગી થયો. કેમ કે, તમે જો ન મળ્યા હોત તો કસરમાત્ર રહી જાત !'' એમ કહીને સ્વામીને પગે લાગ્યા. માટે સમજણ વિના મોહ ટળે નહીં.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૫૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• ગોપાળાનંદ સ્વામીની વાતોથી ચૈતન્યાનંદસ્વામીને સમજણની કસર ટળી :

અને વડતાલમાં ચૈતન્યાનંદસ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદસ્વામી હતા. તે પોતે નિરંતર ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા જતા. પછી એક વખત ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું જે, ''તું રાત્રે હંમેશાં કેમ મોડો આવે છે ? અને ક્યાં જાય છે ?'' ત્યારે બાલમુકુંદાનંદસ્વામી કહે કે, ''હું તો ગોપાળાનંદસ્વામીને આસને વાતો સાંભળવા જાઉં છું.''

ત્યારે ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, ''વળી ત્યાં કેવી વાતો થાય છે ?'' ત્યારે બાલમુકુંદાનંદસ્વામી કહે, ''ત્યાં તો મોટા મોટા સદ્‌ગુરુ વાતો સાંભળવા આવે છે !'' વળી બાલમુકુંદાનંદસ્વામી કહે કે, ''સ્વામી ! તમે પણ જો એક વખત ગોપાળાનંદસ્વામીની વાત સાંભળો, તો તમને પણ નિરંતર ત્યાં આવવાનું મન થાય.''

ચૈતન્યાનંદસ્વામી કહે કે, ''મારાથી ત્યાં અવાય નહીં !'' એમ કરતાં કરતાં કેટલાક દિવસ થયા. પછી બાલમુકુંદાનંદસ્વામીને કહે કે, ''ચાલો, આજ તો હું પણ સ્વામીની વાતો સાંભળવા આવું. જોઈએ સ્વામી કેવીક વાતો કરે છે !'' પછી બાલમુકુંદાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામી પાસે અગાઉથી એક માણસ મોકલીને કહેવરાવ્યું જે,

''ચૈતન્યાનંદસ્વામી તમારે આસને વાતો સાંભળવા આવે છે.'' સ્વામીએ તરત મોટો ગાદીતકિયો નંખાવી તૈયાર કર્યો. અને

ચૈતન્યાનંદસ્વામી આવ્યા ત્યારે સ્વામીએ તેમને ગાદીતકિયે બેસાર્યા. અને પછી પુરુષોત્તમપણાની કેટલીક વાતો કરી તથા અવતાર અવતારીના ભેદની કેટલીક વાતો કરી. તે સાંભળીને ચૈતન્યાનંદસ્વામી તો મનમાં ઘણાક પ્રસન્ન થયા.

અને પછી પોતાને આસને આવ્યા અને બાલમુકુંદાનંદસ્વામીને કહ્યું જે, "હું હવે નિરંતર સ્વામીની વાતો સાંભળવા આવીશ." અને કેટલીક વાતનો પ્રસંગ આવે ત્યારે ગોપાળાનંદસ્વામી સંસ્કૃત પુસ્તક લઈને ચૈતન્યાનંદસ્વામીને પૂછવા જતા જે, "આ શ્રીજીમહારાજે શું કહ્યું છે ? માટે આપના મુખથી સમજાવો." પછી કેટલાક દિવસ કેડે ચૈતન્યાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને હાથ જોડીને કહ્યું કે, "તમે મને મળ્યા ન હોત તો મારે સમજણમાં ઘણી કસર રહી જાત !"

કેમ કે, પોતાના મનમાં એમ હતું જે, મને શ્રીજીમહારાજે તમામ આજ્ઞા આપી છે, તો હવે મારે શું કરવાનું બાકી છે ? એમ પોતાને અભિમાન હતું. તે ગોપાળાનંદસ્વામીના સમાગમથી ટળી ગયું. અને પોતે પરમ સાધુતા ગ્રહણ કરી અને પોતાનો સુવાનો ઢોલિયો તથા નોખી રસોઈ કરવી વગેરે બધાનો ત્યાગ કરીને સૌની સાથે પથારી કરીને પંક્તિમાં જમવું, એવી રીતે કર્યું. તે ગોપાળાનંદસ્વામીના પ્રતાપથી થયું.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૫૫, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

• વડતાલમાં અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતે અનુભવેલી વાતો કરી :

સં.૧૯૨૬માં વડતાલમાં કાર્તિકી સમૈયો ભવ્યતાપૂર્વક ઉજવાયો. શ્રીહરિની કૃપાથી સત્સંગની સુવાસ સર્વત્ર ફેલાતી ગઈ. સંપ્રદાયનો પાયો પાતાળિયો થયો. અસંખ્ય સંતો-ભક્તો વિના આમંત્રણે ઉત્સવમાં આવવા લાગ્યા. પૂનમને દિવસે વડતાલધામના પ્રાંગણમાં વિશાળ સભા ભરાણી. તે સમયે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અનુભવી અને સમર્થ એવા અદ્‌ભુતાનંદસ્વામીને કહે, "તમામ સંતો-ભક્તો રાજી થાય. અને સંપ્રદાયરૂપી વૃક્ષ લીલું રહે અને મજબૂત થાય, એવી વાત કરો."

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, "જો મૂળ લીલું રહે તો વૃક્ષ વિકસતું જાય અને મજબૂત થતું જાય. આચાર્ય અને સંતો આ બે સંપ્રદાયનાં મૂળ છે. તેનાથી જ સત્સંગ વિકાસ પામે છે. એકવાર સ્વામિનારાયણ ભગવાને આચાર્યને કેમ રહેવું ? તે પ્રથા ગઢપુરમાં કહી હતી, તે અતિ ઉપયોગી જાણીને કહું છું.

એકવાર શ્રીહરિ અક્ષરઓરડીમાં પશ્ચિમ મુખે બિરાજ્યા હતા. સામે ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી વગેરે અનેક સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો બેઠા હતા. વળી, અવધપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજ પણ પાસે બેઠા હતા. તે સમે રઘુવીરજીએ શ્રીહરિને અતિ પ્રસન્ન જોઈ સંપ્રદાયનું મૂળ કેમ દૃઢ થાય ? એવો પ્રશ્ન પૂછ્યો.

ત્યારે મહારાજ કહે, 'આચાર્યો, સંતો અને બ્રહ્મચારીઓ આ સંપ્રદાયનું મૂળ છે. જો તમે સારા રહેશો તો આખો સત્સંગ લીલો રહેશે.' ત્યારે ફરી રઘુવીરજી મહારાજ કહે, 'હે નાથ ! હે સર્વ અવતારના અવતારી ! તમોએ મને ગાદી આપી ત્યારથી મારા અંતરમાં ઇચ્છા રહે છે કે, આપ અતિશય પ્રસન્ન કેમ થાઓ ? વળી, આ પદવીને યોગ્ય કરવા જેવું જે જે કર્તવ્ય હોય તે કૃપા કરીને કહો.' આવાં તેમનાં વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થઈ કહે,

ચોપાઈ :

અહો પુત્ર જ મારી ઇચ્છાય, તમે જાણો છો તે તો સદાય; મારી આજ્ઞા અંતરમાં ધરવા, તથા ઉત્સાહ છે તેમ કરવા...૨૧
ઉદ્ધવ સંપ્રદાયની રીત, કહું સંક્ષેપમાં કરી પ્રીત; તમે સાંભળી અંતરે ધરજો, વળી એ જ પ્રમાણે આચરજો...૨૨
હું છું સર્વ સુરેશ્વર સ્વામી, પુરુષોતમ અક્ષરધામી; સર્વ અવતારના અવતારી, ધર્મ સ્થાપવા નરતનુ ધારી...૨૩
તમ સરખા ઘણા મહામુક્ત, આવ્યો છું વળી તેહ સજુક્ત; પૂર્વકાળે બીજા ધરી દેહ, સ્થાપ્યો ધર્મ એકાંતિક જેહ...૨૪
અસુરાંશ ગુરુ અવતરિયા, તેણે ધર્મ તે ખંડન કરિયા; તેહ ધર્મગુરુ તણા વેષ, ધર્મશાસ્ત્ર વિરુદ્ધ વિશેષ...૨૫
વેશ જોતાં જ આવે જણાય, હલકાઈ ને આછકલાય; આચરણ પણ હોય જ એવા, રજોગુણી તમોગુણી તેવા...૨૬
લોકશાસ્ત્ર થકી તે વિરુદ્ધ, વેશ આચાર્યને તે અશુદ્ધ; તેનાં લક્ષણ તમને બતાવું, કાંઈ સંક્ષેપમાં સમજાવું...૨૭
જોતાં બ્રાહ્મણ કૈક જુવાન, વેશ રાખે છે મ્લેચ્છ સમાન; આખે મસ્તકે વાળ ધરે છે, તેમાં ધૂપેલ આદિ ભરે છે...૨૮
કતરાવે કપાળ કોરાવે, મન નારીઓમાં લલચાવે; દાઢી-મુછના વાળ વધારે, નિત્ય ઓળી-ચોળીને સુધારે...૨૯
વૃદ્ધ થાય તો વેશ લજાવે, દાઢી મુછે ગલેપ લગાવે; પાઘડી બાંધે આભલાદાર, ધરે છેલાઈનો શણગાર...૩૦
ધરે અંગરખું પણ તેવું, જોતાં દિસે મલેછના જેવું; જુવે છે જુવતી જન જ્યારે, મુછે હાથ ધરે વારેવારે...૩૧
પાટલી બહુ ચીપીને પાડે, ડોળ છેલનો એમ દેખાડે; ધર્મવંશમાં તન ધર્યું હોય, એવો વેશ ન રાખશો કોય...૩૨

રૂપૈયા જેટલી શીર ચોટી, પણ તેથી ન રાખવી મોટી; મુછ રાખવી તો દોરા માત્ર, દિસે તે સત્વગુણ તણું પાત્ર...૩૩
પાઘડી તો સાદા પેચ વાળી, જેવી વિપ્ર ગૃહસ્થની ભાળી; ધોતિયું ધરવું ચારે છેડે, લોક નિંદા કરે નહિ કેડે...૩૪
રાખો બંડી કે અંગે અંગરખું, શોભે આચાર્યને સાદા સરખું; સાદો વેશ અને સદાચાર, રાખો સત્વગુણી એ છે સાર...૩૫
કોઈ પ્રકારે ક્રોધ ન લાવો, સૌને શાંતપણે સમજાવો; શિક્ષાપત્રીનો સમજવો મર્મ, એમાં છે જે એકાંતિક ધર્મ...૩૬
રૂડી રીતે પ્રવર્તાવા તેહ, મારી ગાદી માં સોંપી છે એહ; માટે વર્તવું તમારે તેમ, શિષ્યોને વરતાવવા એમ...૩૭
ધર્મની કહે છે ઘણા કહેણી, રાખતા નથી પણ તેવી રહેણી; રહેણી ગુરુઓ રાખે જ્યારે, તેહ ધર્મ પ્રવર્તે જ ત્યારે...૩૮
દુરાચરણ ગુરુ તણાં જોઈ, શિષ્ય એમ કરે સર્વ કોઈ; ગુરુને તેનું પાપ તે લાગે, જમડા તેનાં હાડકાં ભાંગે...૩૯
ગુરુ થાય પછી જ્યારે શ્વાન, વળગે શિષ્ય કંઠ ને કાન; માટે શાસ્ત્ર સમસ્તનો સાર, લખ્યો છે શિક્ષાપત્રી મોઝાર...૪૦
પાળવી તે જરૂર તમારે, પળાવો વળી સર્વ પ્રકારે; પ્રવર્તાવો ઉપાસના જેહ, વિશિષ્ટાદ્વૈત મત સમ તેહ...૪૧
વિશિષ્ટાદ્વૈતની કહું રીત, તમે સાંભળો તે ધરી ચિત્ત; માયા આત્મા ને ઈશ્વર જે છે, ત્રણ કહીએ અનાદિના એ છે...૪૨
વિશિષ્ટાદ્વૈત તેહનું નામ, તેની વિગતિ કહું છું આ ઠામ; શબ્દ વિશિષ્ટ અદ્વૈત બે છે, ખરો અર્થ તેનો કહું તે છે...૪૩
પુરુષોત્તમ અદ્વૈત એક, તેના જેવો તો તે એક છેક; પાસે પાત્ર કે લાકડી હોય, કહે જન તે એક જ તોય...૪૪
તેમ માયા ને જીવ વિશિષ્ટ, પ્રભુ એક અદ્વૈત વરિષ્ટ; જડ વસ્તુ ત્રિગુણમય જે છે, તેનાં કારજ માયા તો તે છે...૪૫
જીવ બ્રહ્માદિ ઈશ્વર જેહ, ત્રીજા અક્ષર મુક્તો છે તેહ; મૂળ અક્ષર ચોથો ગણાય, ભેદ જીવના ચારે ભણાય...૪૬
તેહ સર્વનો અંતરજામી, ત્રણ રૂપે હું છું જ વિરામી; એક આધાર પ્રેરક રૂપે, ત્રીજો અવતાર રૂપે અનૂપે...૪૭
ઉત્પત્તિ સ્થિતિ પ્રલય કાળે, રહ્યો છું હું મને મુક્ત ભાળે; વચનામૃતનો જે પરથારો, તેમાં વાત આ વાંચી વિચારો...૪૮
હું છું અદ્વૈત સૌનો નિયંતા, મારો મહિમા ને શક્તિ અનંતા; હું શરીરી ને આત્મા શરીર, એમ સર્વ વિશે રહ્યો સ્થિર...૪૯
તેવો છું તોય નર અવતાર, લઈને એહ બ્રહ્માંડ મોઝાર; અલ્પ જીવ કરે અપમાન, તે હું સહન કરું છું નિદાન...૫૦
એકાંતિકધર્મ સ્થાપવા કાજ, એહ લોકમાં આવ્યો છું આજ; શ્રમ મારો સફળ તમે કરજો, એ જ આજ્ઞા અંતરમાં ધરજો...૫૧
તજીને વળી લોકની લાજ, કરો લોક વિરુદ્ધ ન કાજ; તમારી વર્તણુકનો ભાર, પડે લોકને સર્વ પ્રકાર...૫૨
સત્યાસત્ય ગુરુ ઓળખાય, એવી રાખજો રીત સદાય; સુણો વિગત કહું વળી તેની, તે તો સાચા જૂઠા ગુરુ બેની...૫૩
ગુરુ જૂઠા તે ઉધ્ધત હોય, એવી રીત મ રાખશો કોય; નાચ રંગ ને ભાંડ ભવાઈ, જુએ તે ગુરુની મુર્ખાઈ...૫૪
મોટો મેળો કે ઉત્સવ હોય, સ્ત્રીનો સ્પર્શ આદિ તજો તોય; પાનબીડીનો આપી ઓગાળ, કરે છે કંઈક જાતિ વિહાળ...૫૫
એંઠુ પોતાના શિષ્યને આપે, વટલાવતાં ન ડરે પાપે; કદી એવું તમારે ન કરવું, વટલાવતાં દિલમાં ડરવું...૫૬
શિષ્ય સર્વે મને પ્રેમ આણી, પૂજે છે પરમેશ્વર જાણી; વસ્ત્ર-ભૂષણ વાહન આદિ, અતિ ભાવથી અર્પે ધનાદિ...૫૭
અમે કરીએ છીએ અંગીકાર, રાખી તેના ભલાનો વિચાર; અમે તમને દીધું નિજ સ્થાન, અમારા અવતાર સમાન...૫૮
સંપ્રદાયના આચાર્ય કીધા, દેશ ઉત્તર દક્ષિણ દીધા; તમે ને તમારો વંશ થાશે, અમારી તુલ્ય તેહ પુજાશે...૫૯
પણ અર્પેલી વસ્તુઓ એહ, નિજ માટે ન માનવી તેહ; સર્વ જાણવો દેવનો માલ, હું તો રાખું છું તેની સંભાળ...૬૦
સંપ્રદાયની શોભાને માટે, ઉપયોગ કરું એહ ઘાટે; આપે છે સત્સંગી સમાજ, પ્રભુની જ પ્રસન્નતા કાજ...૬૧
પ્રભુ આજ્ઞા થકી અમે લૈયે, અને આશિષ એહને દૈયે; પ્રભુજી થજો તેને પ્રસન્ન, થજો નિર્મલ તેહનું મન...૬૨
અમે તો ધર્મધુર વહેનાર, માનો ભક્તિ અમારી મુરાર; પ્રભુજી થજો અમને પ્રસન્ન, એમ ધારવું પોતાને મન...૬૩
અને વર્તવું એવી જ રીતે, વાસના નવ રાખવી ચિત્તે; આ છે ઉદ્ધવનો સંપ્રદાય, વળી તેમાં કહું છું જે થાય...૬૪
સર્વ અવતારના અવતારી, પુરુષોત્તમ નરતન ધારી; મુખ્ય તેની જ ભક્તિ તે કરવી, તે તો ધર્મ સહિત આદરવી...૬૫
સંપ્રદાય તણાં મૂળ ચાર, કહું સાંભળો તેનો વિચાર; હરિકૃષ્ણ આદિક પ્રતિમાય, સ્થાપી છે મોટા મંદિર માંય...૬૬
ધર્મવંશી આચારજ જેહ, બીજું તો મૂળ માનવું તેહ; વર્ણી સંત ને પાળા ગ્રહસ્થ, સંપ્રદાયનાં શાસ્ત્ર સમસ્ત...૬૭
મૂળ છે એ જ જાણીને ચારે, પૂજવા યથા યોગ્ય તમારે; ઉત્કૃષ્ટ તેનો થાય જેમ, આપો તેને ઉત્તેજન તેમ...૬૮
સાધુ પાર્ષદ ને બ્રહ્મચારી, તે છે ધર્મ એકાંતિક ધારી; મહિમા એનો જાણો અપાર, થાય ધર્મ પ્રવૃત્તિ તે દ્વાર...૬૯
બ્રહ્મચર્ય અસિધારા જેવું, એ તો પાળે છે ઉત્તમ એવું; માટે માનવા જોગ્ય તમારે, મહિમા જાણી સર્વ પ્રકારે...૭૦

શિખામણ એમ શ્રીજીએ દીધી, રઘુવીરજીએ ધરી લીધી; ખરા અંતઃકરણથી એમ, વરત્યા કહ્યું શ્રીજીએ જેમ...૭૧
હાની વૃદ્ધિએ નહિ શોક હર્ષ, એવી રીત રાખી ઉત્તકર્ષ; અદ્‌ભુતાનંદજી કહે આજ, થોડા દાખલા કહું મહારાજ...૭૨

પુષ્પિતાગ્રાવૃત્ત :

હરિ સુત રઘુવીરજી વિચારી, ગુરુપદ પામી ક્ષમા વિશેષ ધારી;
ખલ જન અપમાન આદિ દીધું, તદપી ન ક્રૂરપણું કદાપિ કીધું...૭૩

ઈતિ શ્રીવિહારીલાલાચાર્યવિરચિતે આચાર્યોદયે શ્રીભગવતપ્રસાદાચાર્ય જન્મચરિત્રે આચાર્યરીતિવર્ણનનામ એકાદશો પ્રભાવઃ ॥૧૧॥

અદ્‌ભુતાનંદસ્વામી કહે, "સં.૧૯૦૯માં વડોદરાના મહારાજા ગણપત રાવે રઘુવીરજી મહારાજને વડોદરા તેડાવ્યા. ત્યાં સારું સન્માનપૂજન કર્યું. આચાર્યશ્રી સાથે સવાજી પાર્ષદ હતા. તે બજારમાં કોઈ કામે ગયા ત્યાં એક ખાખી બાવો મળ્યો. તેની સાથે ઝઘડો થયો. તેથી તે બાવાએ પાર્ષદની આંગળીઓ મરડીને તોડી નાંખી. રાજમંત્રીઓને ખબર પડી એટલે સહુએ કહ્યું, 'તમારા પાર્ષદને કહો કે, કેશ કરે તો અમે તેને ખૂબ દંડ કરીએ.' ત્યારે ક્ષમાવંતા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ કહે, 'એવું ક્રૂર કામ આપણે કરવું નથી. તે બાવાને દંડ કરવાથી પાર્ષદની આંગળીઓ રુજાશે નહીં.' એમ કહી ફરિયાદ ન કરવા દીધી."

ચોપાઈ :

શિક્ષાપત્રીમાં લખ્યું છે જેમ, પોતે ક્રૂરપણું તજયું તેમ; ક્ષમા પોતે અતિ ઉર લાવી, તથા પાર્ષદ પાસ કરાવી...૦૮
ક્ષમાવંત એવા ગુરુ કોય, બીજે તો ક્યાંય નહીં હોય; કરે લોક પરસ્પર વાત, આ તો વિષ્ણુરૂપી સાક્ષાત...૦૯

વળી, અદ્‌ભુતાનંદસ્વામી કહે, "રઘુવીરજી મહારાજ સુખ-દુઃખના પ્રસંગમાં સ્થિર રહેતા અને નિઃસ્નેહી હતા. એકવાર સં.૧૯૧૨ની સાલમાં વડોદરાના દીવાન ગણેશપંત વડતાલ આવ્યા. હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિક દેવોનાં દર્શન કર્યાં. દેવોને તથા સંતોભક્તોને રસોઈ આપી થોડા દિવસ રોકાણા.

એ સમયમાં રઘુવીરજી મહારાજનાં ધર્મપત્ની રુક્મણી અક્ષરવાસી થયાં. તેથી દીવાનને ચિંતા થઈ અને અનેક સંતો-ભક્તોની હાજરીમાં કહે, 'વડોદરામાં એકવાર વૈષ્ણવાચાર્યની પત્ની મૃત્યુ પામી. તેથી તે અતિ શોક કરવા લાગ્યા. અને તેની નનામીએ બાજી પડ્યા. ગ્રામજનો દૂર રાખે છતાં દૂર ન જાય. પછી તેને ઘરમાં પૂરી પત્નીનો અગ્નિસંસ્કાર કર્યો છતાં તે કપાળ કૂટતા હતા, તો આંહીં કેમ થાશે ?' એમ કહી ધીરજ આપવાની ઇચ્છાથી આચાર્યશ્રી પાસે ગયો. ત્યારે તેમની પાસે મોટા મોટા સંતો-ભક્તો બેઠા હતા. રઘુવીરજી મહારાજ તેમને જ્ઞાન-વૈરાગ્યની વાતો કરતાં કહે, 'આ દેહ-ગેહાદિક સર્વે નાશવંત છે, આલોકમાં કોઈ વસ્તુ સ્થિર નથી. માટે તે મળે તેનો હર્ષ ન કરવો અને ટળે તેનો શોક ન કરવો. જે માયિક વસ્તુ નાશ પામે અને શોક કરે એ મોટા અજ્ઞાની છે.' આવી આચાર્યશ્રીની વાત સાંભળીને તથા તેમની સ્થિતિ જોઈને દીવાન તો વિસ્મય પામી ગયા. અને કહેવા લાગ્યા કે, 'આવા સાચા ગુરુ આ કળિયુગમાં ભાગ્યે જ હોય, જે ભગવાન સાથે જોડાયેલા હોય તે જ આવા સમયે ધીરજ ધારી શકે."

વસ્તુ માયિક તે નાશવંત, જાણે એહ આચાર્ય ધીમંત; વળી તે જ રીતે વર્તે છે, નામ માત્ર બીજા ગુરુ જે છે. ૨૨

અદ્‌ભુતાનંદસ્વામી કહે, "રઘુવીરજી મહારાજને સાંખ્યયોગ પાળવાની ઇચ્છા હતી. તેમાં પત્ની ધામમાં ગયા એટલે અતિ આનંદ થયો. પછી આલોકના વૈભવનો દિલથી ત્યાગ કર્યો. ભગવતપ્રસાદજી મહારાજને ત્યાં એકવાર જમવા જતા ને ખૂબ ભજન કરતા."

ચોપાઈ :

પાંચ ત્યાગીને રાખતા સંગે, સાંખ્યયોગ પાળતા ઉમંગે; રાત અર્ધી સુધી નિત્ય જાગે, કથા-કીર્તનમાં ધ્યાન લાગે...૨૫
કરે એક જ પહોર વિરામ, જાગે તે થતાં પાછલો જામ; એવા ઉત્તમ નિયમ ધર્યા છે, શ્રીહરિને પ્રસન્ન કર્યા છે...૨૬
તે તો સર્વ પ્રસિદ્ધ છે વાત, માટે જાણે છે સહુ જન તાત; શ્રીહરિની ઉપાસના જેહ, તથા આજ્ઞા પ્રવર્તાવવા એહ...૨૭
અલ્પ નિદ્રા ને અલ્પ આહાર, કરીને કર્યો એ જ વિચાર; સુધાસિંધુની ટીકા બનાવી, વાત મર્મની સ્પષ્ટ જણાવી...૨૮
હરિલીલાકલ્પતરુ નામે, ભક્તિશાસ્ત્ર રચ્યું એ જ કામે; તેમાં ધર્મ એકાંતિક તણું, પ્રતિપાદન કીધું છે ઘણું...૨૯
પોતે વરતિયા એ જ પ્રમાણે, સર્વ સંતને હરિજન જાણે; સમજ્યા રઘુવીરજી જેમ, આપણે પણ સમજવું એમ...૩૦
એક ઉપાસના દૃઢ કરવી, ધર્મ એકાંતિકની રીત ધરવી; જેવા થઈ ગયા જનક વિદેહી, રહ્યા સંસારમાંહીં નિસ્નેહી...૩૧
હાની વૃદ્ધિએ શોક કે હર્ષ, ન રહ્યો એવો વૈરાગ્ય પર્મ; આજ પણ હોય જો હરિદાસ, તેણે એવો જ કરવો અભ્યાસ...૩૨

આવી રીતે સં.૧૯૨૬માં કાર્તિકી પૂનમને દિવસે અદ્‌ભુતાનંદ સ્વામીએ સભામાં વાતો કરી. તે સાંભળી આચાર્યશ્રી તથા સહુ સંતોભક્તો અતિ રાજી થયા. (આચાર્યોદય પ્રભાવ : ૧૩)

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : પરિશિષ્ટ-૧, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

સં.૧૯૨૮ વડતાલમાં રામનવમીનો સમૈયો અતિ ધામધુમથી ઉજવાયો. તે સમયે દેશ દેશાવરના અસંખ્ય ભક્તો અને સર્વે સંતો પધાર્યા હતા. હરિજયંતીના દિવસે મોટી સભા ભરાણી. સહુ સંતોભક્તો તથા આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ સભામાં બેઠા હતા. તેમણે અતિ હેતથી અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું, હે સ્વામી !

આપ જૂના જોગી છો સાક્ષાત, ઘણી લીલાની જાણો છો વાત; માટે આજ દયા દિલ લાવો, હરિ લીલાની વાત સુણાવો...૩૮

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, એક શ્રીહરિની લીલાની વાત સહુને સમજવા જેવી અને બહુ ઉપયોગી છે. માટે કહુ છું, સાંભળો.

પૂર્વછાયો :

એક સમયે આખા દેશમાં, હતું દુર્ભિક્ષ વર્ષ કઠોર; એવે સમે ગઢપુર વિષે, વસતા હતા ધર્મકિશોર...૪૦
આવ્યો સમૈયો ચૈત્રનો, સંતમંડળ આવ્યા સમસ્ત; વાત શ્રીજી આગળ કરી, બધે અન્ન થયું છે અસ્ત...૪૧
બોલ્યા પ્રભુજી પ્રસન્ન થૈ, સંત સર્વ રહો એહ ઠાર; દાદા ખાચરની પાસ છે, જૂની બાજરીનો કોઠાર...૪૨
હાથે મળી કરો રોટલા, કરો મઠ-અડદની દાળ; અમારાં દર્શન નિત્ય કરો, સુણો જ્ઞાનની વાત રસાળ...૪૩
સંત સર્વે પછી ત્યાં રહ્યા, સુણી શ્રીજીની વાણી વિશાળ; બાજરી દળી કરે રોટલા, કરે મઠ-અડદની દાળ...૪૪
પછી ઉતારે સંતને, એક દિન ગયા હરિરાય; કરતા દીઠા રોટલા, ઉથલાવતાં ભાંગી જાય...૪૫
આટો જૂની બાજરી તણો, કસ તેમાં ન દીસે કાંઈ; ઘઉંનો આટો મળે તો ભલું, એવો ઘાટ ઘડશે મનમાંઈ...૪૬
જોઈને જીવન ચાલિયા, સામા મળ્યા બ્રહ્માનંદ સંત; રોટલા તો ભાંગી જાય છે, એમ ઉચર્યા શ્રીભગવંત...૪૭
તો પછી સંતને કારણે, કેવી દાઝ થતી હશે ત્યાંય; જો પ્રભુ ડબકી મારીએ, દાળ દાણો આવે કર માંય...૪૮
પછી ઉતારે પોતા તણે, ગયા ધર્મ ધુરંધર ધીર; તેડાવ્યા અવધપ્રસાદને, તથા તેડાવ્યા રઘુવીર...૪૯
કૃષ્ણ તમ આગળે હોય, દ્રવ્ય તો લાવો આજ; આટો મેળવવા ઘઉં તણો, કાંઈ મંગાવીએ સંત કાજ...૫૦
ત્યારે તે બે જણા બોલિયા, વીંટી સોનાની છે એક એક; જોઈએ તો પ્રભુ લ્યો તમે, મળશે વળી એવી અનેક...૫૧
પ્રભુ કહે પૂરા પાંચશે, સંત ગણતી માંહી ગણાય; એટલા માટે આટલા, દ્રવ્ય થકી કહો શું થાય ? ૫૨
એવે સમે ગુજરાતમાં, ગઢપુરે આવ્યા હરિજન; મુક્તમુનિ પાસે જઈ, નમી બોલિયા એમ વચન...૫૩
મુજ પિતાની પાછળે, મારે આપવી આજ રસોઈ; સાંખ્યયોગી કર્મયોગી તે, જમ્યા વિના રહે ન કોઈ...૫૪
માણસ તે દરબારના, બાઈ ભાઈ સહુ વૃદ્ધ બાળ; જુક્તિ કરીને જમાડવા, રૂડી રસોઈ દઈને રસાળ...૫૫
તે સુણી મુક્તમુનિ કહે, લેવા રસોઈ અવસર એહ; મહાપ્રભુ રાજી નથી, બીજી રીતિએ ખર્ચો તેહ...૫૬
જુક્તિ કરીને ઘણું કહ્યું, પણ માન્યું નહીં તેનું વચન; ત્યારે મુનિ તેને લઈ ગયા, જહાં બિરાજે જગજીવન...૫૭
મુનિએ શ્રી મહારાજને, સંભળાવ્યા બધા સમાચાર; શ્યામે કહ્યું કે રસોઈ તો, અમે લેતા નથી એહ વાર...૫૮
પાંચ દિવસ લાગી તે પછી, વાત ઘણી રીતે ઘોળાઈ; ન સમજ્યા સમજાવતાં, હરિભક્તે કરી હઠીલાઈ...૫૯

પુષ્પિતાગ્રાવૃત્ત :

મનમુખી હરિભક્ત જેહ હોય, હઠ ન તજે પ્રભુજી કહે જ તોય;
પ્રભુ તણી મરજી નહિ વિચારે, નિજ મરજી સમ તેજ સત્ય ધાર...૬૦

ઈતિ શ્રીવિહારીલાલાચાર્યવિરચિતે આચાર્યોદયે શ્રીભગવતપ્રસાદા- ચાર્યજન્મચરિત્રે ગોંડલ શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાકરણ નામ વીસમો પ્રભાવઃ ॥૨૦॥

પૂર્વછાયો :

મુક્તમુનિ કહે હે હરિ, ગુજરાત તણા જન જેહ; હઠીલા હઠ નથી મૂકતા, લેશે ઉલટો અવગુણ એહ...૦૧
ત્યારે બોલ્યા ત્રિભુવનપતિ, કરો તે જેમ રાજી થાય; પાકી રસોઈ લીધી પછી, રહ્યા પીરસવા હરિરાય...૦૨
સંતની પંગતે પીરસતા, ત્યાં તો બેસી ગયા બળવંત; કૃષ્ણ કહે અહો આજ તો, લાગ્યો અમને થાક અત્યંત...૦૩
સ્વામી નિત્યાનંદજી કહે, જાઓ આસને હે મહારાજ; આંહીં રહી કરશું અમે, પ્રભુ પીરસવાનું કાજ...૦૪
પછી ચાલ્યા પ્રભુ આસને, ગ્રહી શુકમુનિનો હાથ; અક્ષરભુવન વિષે જઈ, રહ્યા કોટિ ભુવનના નાથ...૦૫
શ્રીજી કહે શુકાનંદને, જુઓ જીવની અવળી રીત; કોટિ જનમના સ્વભાવ તે, ટાળતાં ન ટળે ખચીત...૦૬
તેને એકાંતિક ભક્તનો, જ્યારે ઘણો સમાગમ થાય; ત્યારે સરળપણું સાંપડે, તેહ વિના સરળ ન જણાય...૦૭

સરળપણું આવ્યા વિના, પ્રભુ કે પ્રભુના મહાસંત; રાજી ન થાય હૃદય વિષે, તે તો જાણે ન પામર જંત...૦૮
બીજે દિવસ ગુજરાતના, ગુજરાત ગયા હરિજન; આણંદના અજુભાઈ તે, આવ્યા ત્યાં કરવા દર્શન...૦૯
મળ્યા પ્રથમ મુનિ મુક્તને, વળી વચન ઉચાર્યા આમ; પચીશ ધન પિતા પાછળ, મારે વાવરવા એહ ઠામ...૧૦
આપ કહો એમ વાવરું, એમ કર્યો વિચાર પ્રકાશ; ત્યારે મુનિ તે ભક્તને, પછી તેડી ગયા પ્રભુ પાસ...૧૧
મુક્ત કહે એહ ભક્તને, પિતા નિમિત્ત ધન પચીસ; આપ કહો એમ વાવરે, ત્યારે લાવો કહે જગદીશ...૧૨
આપ્યા રૂપિયા રોકડા, પૂરા પચીસ હરિને હાથ; લાધા ઠક્કર ને હરજીને, આપી એમ બોલ્યા મુનિનાથ...૧૩
પંદરના ઘઉં લાવજ્યો, લાવો અડદ દશના આજ; તે પછી તે અજુભાઈને, વળી એમ કહે મહારાજ...૧૪
ભક્ત તમારી રસોઈ તો, ચાર માસ લગી થાનાર; વર્ણી મુકુંદાનંદને, પછી એમ કહે કરતાર...૧૫
આજ અમારે કારણે, કરો થાળ તે ઉત્તમ રીત; શેષ પ્રસાદી આ ભક્તને, અમે આપશું સ્નેહ સહીત...૧૬
પછી સિદ્ધાનંદ સ્વામીને, સચ્ચિદાનંદ સુખધામ; કહે ઘણા હાર કુસુમના, કરી લાવજો સહુ સંત કામ...૧૭
ભાખે વળી અજુભાઈને, લાવો ચંદન ઘસીને આજ; અમારું ને સહુ સંતનું, પ્રેમે પૂજન કરવા કાજ...૧૮
થાળ કર્યો બ્રહ્મચારીએ, જમ્યા શ્રીજગજીવન તેહ; શેષ પ્રસાદી જે રહી, અજુભાઈને આપી એહ...૧૯
સભા થઈ સહુ સંતની, શ્રીજી બેઠા સભા મોઝાર; પૂજા કરી અજુભાઈએ, લઈ ચંદન ફૂલના હાર...૨૦
પ્રેમે પ્રભુજીને પૂજ્યા, પૂજ્યા વર્ણી ને પાર્ષદ સંત; હેતથી હાર ચઢાવ્યા, ભલી ભાતે રીઝ્યા ભગવંત...૨૧
ધન્ય તેનાં માત-તાતને, ધન્ય ધન્ય એનો અવતાર; મનની મરજી મૂકીને, લીધો આજ્ઞા તણો આધાર...૨૨
વિત્યા વર્ષ બહુ તે પછી, તજ્યો સંસાર તેણે તમામ; સદા શ્રીગઢપુરમાં રહ્યા, ધર્યું પ્રભુચરણદાસ નામ...૨૩
લીલાની વાત ભલી કહી, અદ્‌ભુતાનંદમુનિએ એહ; તેમાં શિખામણ છે ઘણી, સહુએ સમજી લીધી તેહ...૨૪

(આચાર્યોદય પ્રભાવ : ૧૩)

આમ અદ્‌ભુતાનંદસ્વામી અનેક વાર વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ધોલેરા વગેરે સમૈયામાં તેમજ સુરત, ગોંડલ, મુંબઈ, વડોદરા વગેરે સ્થાનોમાં પ્રતિષ્ઠા પ્રસંગે સભાઓમાં પોતે નજરે જોયેલી અને જીવનમાં અનુભવેલી ઘણી વાતો કરતા. જેમાંથી તેમની વાતોમાં ઘણી સંગ્રહિત છે. સહુ ભક્તોને અતિ ઉપયોગી જાણી વિશેષ આ બે પ્રસંગો શ્રીહરિ, સ્વામીશ્રી તથા સંતો-ભક્તોની પ્રસન્નતા અર્થે અત્રે પ્રસ્તુત કર્યા છે. અસ્તુ.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : પરિશિષ્ટ-૨, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ સંતોને ભગવાન શ્રીહરિનો મહિમા કહ્યો :

સં. ૧૯૦૬માં કાર્તિકી સમૈયા બાદ ધનુર્માસના પ્રારંભમાં ૨૦ દિવસ સુધી વડતાલમાં બંને દેશના આચાર્યો ને બંને દેશના સદ્‌ગુરુ સંતો ભેગા થયા હતા. ત્યારે સભામંડપમાં ગોપાળાનંદ સ્વામીએ મહારાજના સર્વોપરી મહિમાની અતિશે વાતો કરી. તે સાંભળીને નિર્ગુણદાસ સ્વામી કહે : "હે સ્વામી ! નિત્યાનંદ સ્વામી મહારાજને આમ કેમ નથી કહેતા ?" ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે : "અમે અને નિત્યાનંદ સ્વામી સરખું જ સમજીએ છીએ, પણ પાત્ર પ્રમાણે વાતો કરે."

પછી બીજે દિવસે સવારમાં સંતો નિત્યાનંદ સ્વામી પાસે ગયા. ત્યારે મહાનુભાવાનંદ સ્વામી વગેરે અમદાવાદ દેશના તથા વડતાલ દેશના ઘણા સાધુ-બ્રહ્મચારી અને હરિભક્તો બેઠા હતા. તે વખતે સ્વામીએ શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો કરી. ત્યારે જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી ભાગવતના દશમસ્કંધના ઉત્તરાર્ધના ૮૯મા અધ્યાયના ૬૧મા શ્લોકની, શુકાનંદ સ્વામીએ કરેલી ટીકાનો ખરડો લાવ્યા ને તે ટીકા નિત્યાનંદ સ્વામીને બતાવીને કહ્યું : "શુકમુનિએ આ પ્રમાણે ટીકા લખી છે, ને મહારાજનો અતિ મહિમા કહ્યો છે; તે શાસ્ત્રમાં બાધ ન આવે ?" ત્યારે નિત્યાનંદ સ્વામી ખિજાઈને કહે : "શુકમુનિને સમજાણું તે પ્રમાણે લખ્યું છે. ને જે દિવસે મહારાજ પોતાનું સ્વરૂપ સમજાવતા તે દિ' તમે બ્રહ્માનંદ સ્વામીની પાટ નીચે માથું રાખી સૂતા, ને હમણાં બે અક્ષર ભણીને પંડિત થયા છો. તે બાધમાં તમે સમજો, એટલું શુકમુનિ શું નહિ સમજતા હોય ?" એમ કહી મહાનુભાવાનંદ સ્વામીને સ્વામી કહેઃ "જીવને પરોક્ષ ગ્રંથોમાં, પરોક્ષ ભગવાનમાં અને પરોક્ષ સંતમાં જેવી પ્રતીતિ છે તેવી પ્રગટમાં નથી.

વ્યાસ ભગવાનના ગ્રંથોમાં જેવો વિશ્વાસ છે તેવો વ્યાસ જેવા અનંત અવતારના અવતારી શ્રીજીમહારાજ તથા તેમના મોટા પરમહંસોની વાતોમાં વિશ્વાસ નથી. સાચું સમજીએ છીએ, પણ સહુનું ભલું થાય એમ વાત કરીએ છીએ. પરંતુ જીવનું કલ્યાણ તો ભગવાન શ્રી સ્વામિનારાયણને જેમ છે તેમ સમજવાથી જ થાય છે." આટલી વાત કર્યા પછી નિત્યાનંદ સ્વામીએ વાતના પ્રમાણ

માટે ભગવાન શ્રીહરિ સમકાલીનનો એક પ્રસંગ કહ્યો. એકવખત સંતદાસજી બદરિકાશ્રમથી જેતલપુર આવ્યા. ત્યારે સંતો તેમને પૂછવા લાગ્યા કે, "બદરિકાશ્રમ કેવું છે ? ત્યાં મુક્તો કેમ રહે છે ? નરનારાયણ ઋષિ શું કરે છે ?" ત્યારે સંતદાસજી હસીને કહે : "મહાપુરુષ ક્યા પૂછતે હો ? જેહિ હે સો આંહી હૈ, આંહી હે સો કાંહી નહીં હૈ. તહાં હૈ સો આંહી કા ભજન કરતા હૈ. આ મૂર્તિના દર્શન તો સહુને અતિ દુર્લભ છે."

આ રીતે નિત્યાનંદ સ્વામીએ સંતદાસજીના મર્મે કરીને શ્રીજીમહારાજના સ્વરૂપને સર્વઅવતારના અવતારી સર્વોપરી જાણવાની વાત કરીને સૌ કોઈને ભગવાન શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવ્યો. પછી ત્યાંથી નિર્ગુણદાસજી સ્વામી વગેરે સંતો ગોપાળાનંદ સ્વામી દર્શને ગયા. ત્યારે સ્વામીએ અંતર્યામીપણે તેમને કહ્યું : "કેમ, નિત્યાનંદ સ્વામીએ જેમ છે તેમ વાર્તા કહી કહી કે નહિ ?" એટલે તેઓ કહે : "સ્વામી ! નિત્યાનંદ સ્વામીએ યથાર્થપણે મહારાજની સર્વોપરીતાની વાર્તા કહી."

(આચાર્યોદય : પ્ર.૨૫ તથા શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : ૧૦૨ના આધારે...)

• વડતાલમાં સદ્‌ગુરુ સંતોની અજોડ આત્મીયતા :

સં. ૧૯૦૬માં એકવખત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વડતાલમાં અતિ માંદા થયા. ત્યારે નિત્યાનંદ સ્વામી વડોદરા હતા. તેમણે પોતાના સાધુઓને ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા માટે મોકલ્યા. સાથે સંદેશો કહી મોકલ્યો જે, "સ્વામીને કહેજો જે કાંઈક અનાજ જમે અને ભાવાનંદ સ્વામી તથા ધર્માનંદ સ્વામીએ સુકાયેલા ચંદનના લાકડાં જે તમારે માટે રાખી મૂક્યા છે, તે મારે કામમાં આવશે ને હું તમારી પહેલા ધામમાં જઈશ." પછી તે સંદેશો લઈને સંતો વડતાલ આવ્યા, ને ગોપાળાનંદ સ્વામી પાસે જઈ દંડવત કરી પગે લાગ્યા અને નિત્યાનંદ સ્વામીએ કહેલો સંદેશો કહ્યો.

તે સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "રાબ કરીને લાવો મારે પીવી છે." ત્યારે તે રાબ કરીને લાવ્યા, તે સ્વામીએ પીધી. પછી થોડા દિવસમાં ગોપાળાનંદ સ્વામી સાજા થઈ ગયા. આમ સદ્‌ગુરુ સંતો પરસ્પર એકબીજાનો મહિમા રાખતા અને આત્મીયતાથી વર્તતા.

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩ વાત - ૪૬)

સં. ૧૯૦૨માં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી સુરતમાં પધરામણી કરી વડતાલ આવતા વચ્ચે પહોંચ્યા. ત્યારે ઉમરેઠમાં વિશેષ સત્સંગ નિત્યાનંદ સ્વામીએ કરાવેલો અને વડોદરામાં ગોપાળાનંદ સ્વામીએ અનેકને સત્સંગ કરાવ્યો હતો. પરંતુ આ બંને મહાપુરુષોએ પરસ્પર એકબીજા સંતનો મહિમા ત્યાંના સત્સંગીઓને કહ્યો હતો. તેથી વડોદરાના સત્સંગીઓને નિત્યાનંદ સ્વામીનો લાભ લેવાની ઈચ્છા અને ઉમરેઠના સત્સંગીઓનને ગોપાળાનંદ સ્વામીનો લાભ લેવાની ઈચ્છા થઈ. તેથી બંને ગામના સત્સંગીઓએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને વાત કરી. પરંતુ મહારાજશ્રી તો આ બંને સંતોને પૂછીને સત્સંગના કાર્યો કરતા ને સંતોને પોતાના આદર્શ માનતા, તેથી કોઈ નિર્ણય આપી શક્યા નહિ. તે વાત બંને સંતોએ જાણી, તેથી સાંજે સભામાં સામે ચાલી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "હું ઉમરેઠ જઈશ અને નિત્યાનંદ સ્વામી વડોદરા જશે. કારણ કે અમારા બંનેનો એક મત છે." આમ, આ બંને સદ્‌ગુરુ સંતોની પરસ્પર અજોડ આત્મીયતા હતી. ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા બાદ સંપ્રદાયના વર્તમાન બંધારણ, નિયમો વગેરે આ બંને સદ્‌ગુરુ સંતોએ સાથે રહીને બાંધ્યા હતા. ખંભાતનું મંદિર નિત્યાનંદ સ્વામીએ બાંધ્યું, પછી તેની પ્રતિષ્ઠા કરવાનું કાર્ય ગોપાળાનંદ સ્વામીને સોંપ્યું હતું.

જ્યારે અદ્‌ભુતાનંદ સ્વામી ધોલેરાથી વડતાલ રહેવા આવ્યા, ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાના શિષ્ય અને વડતાલ મંદિરના મહંત અક્ષરાનંદ સ્વામી તથા ઉપેન્દ્રાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીના મંડળના સંતો સાથે રહેવા મોકલ્યા. અને બુરજ નીચે તેમની રૂમ હતી તે અદ્‌ભુતાનંદ સ્વામીને ખાલી કરીને રહેવા માટે આપી હતી. જ્યાં હજી સુધી અદ્‌ભુતાનંદ સ્વામીની પરંપરાના સંતો રહે છે. આમ, બંને સદ્‌ગુરુ સંતોએ પોતાના શિષ્યોમાં પણ એકબીજાનો એવો મહિમા અને દિવ્યભાવની દૃઢતા કરાવી હતી.

• સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વડોદરાથી વડતાલ આવ્યા :

ગાયકવાડ સરકારના પત્રથી રઘુવીરજી મહારાજે નિત્યાનંદ સ્વામી વડોદરા હતા તેને બોલાવવા માટે ઉપેન્દ્રાનંદ સ્વામી, સુપર્ણાનંદ સ્વામી, શ્રીકૃષ્ણદાસજી અને ધર્મપ્રસાદદાસજી; એ ચાર સાધુને મોકલ્યા. તે બીજે દિવસે સવારે વડોદરા પહોંચ્યા. તે વખતે નિત્યાનંદ સ્વામીને જરા કસર હતી તેથી વિરેચન લીધું હતું, તે વખતે એ ચારે જણા પહોંચ્યા અને દંડવત્ કરીને સ્વામીને મળ્યા ને અમદાવાદની વાત કરી દીધી. તે સાંભળીને સ્વામી કહે, 'આપણે કાલે જાશું ને આગળથી સુપર્ણાનંદ સ્વામી તથા શ્રીકૃષ્ણદાસજી જાય.' ત્યારે તે બેય જણા જમીને ચાલ્યા તે સાંકરદા ગયા તે ત્યાં રતનજીબાપુએ નિત્યાનંદ સ્વામી આવશે ત્યારે તેમની ગાડીના બળદને નિરવા

ઘાસ જોશે એમ જાણીને કડબના પુળા ખોળ્યા પણ, ક્યાંય મળ્યા નહિ ને એક બાઈને ઘેર હતા પણ તેણે વેચાતા આપ્યા નહિ ત્યારે તેમણે મંદિરે આવીને સુપર્ણાનંદ સ્વામી તથા શ્રીકૃષ્ણદાસને તે વાત કહી ત્યારે તેમણે કહ્યું જે 'અમે તેને ઘેર ઝોળી માંગવા જાઈએ' એમ કહી એક હરિભક્તને સાથે લઈને તે બાઈને ઘેર જઈ શબ્દ નાખ્યો જે 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ' ! ત્યારે તે બાઈ લોટ લઈને દેવા આવી ત્યારે સ્વામીએ હરિભક્ત પાસે કહેવરાવ્યું જે 'અમારે લોટ નથી જોતો ને મેડા ઉપર કડબના પુળા પડ્યા છે તે જોઈએ છીએ' તે સાંભળી બાઈએ જાણ્યું જે 'આ સાધુ તો ચમત્કારી છે' પછી બોલી જે 'લ્યો મહારાજ કડબના પુળા આપું' એમ કહીને પાછળ બારી હતી ત્યાંથી કડબના પુળા નાંખ્યા તે હરિભક્તે લઈને રતનજીબાપુને આપ્યા ને સાધુ સાથે મંદિરે આવ્યા ને બીજે દિવસે નિત્યાનંદ સ્વામી વડોદરાથી ત્યાં આવ્યા ત્યારે તે કડબના પુળા સ્વામીની ગાડીના બળદને નિર્યા ને રસોઈ તૈયાર થઈ ત્યારે ઠાકોરજીને ધરાવીને સ્વામી વગેરે સહુ જમ્યા ને પછી ચાલ્યા તે સાંજે વડતાલ આવ્યા ને રઘુવીરજી મહારાજને દંડવત્ કરીને મળ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે 'તમારે અમદાવાદ જાવું જોશે.' ત્યારે સ્વામી કહે 'ગોપાળાનંદ સ્વામી તથા શુકસ્વામી સાથે આવે તો હું જાઉં નહિતર હું પણ નહિ જાઉં' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'તમે જાઓ અમારી ત્યાં જરૂર નથી. કારણ કે તમને શ્રીજી મહારાજે વરદાન આપેલ છે તેથી તમને કોઈ જીતી શકશે નહિ ને તે શ્રીજી મહારાજે રઘુવીરજી મહારાજને પણ પ્રત્યક્ષ દર્શન દઈને કહેલ છે, માટે તમે સુખેથી જાઓ.' ત્યારે નિત્યાનંદ સ્વામીએ હા પાડી. પછી રાત્રીયે કથા-વાર્તા તથા નિયમ કરીને સહુ સુતા ને વળતે દિવસે બપોરે જમ્યા પછી નિત્યાનંદ સ્વામી તૈયાર થયા ને સાથે પોતાના મંડળના સહુ ભણનારાને લીધા તથા બીજા ભણનારા સાંઈઠ સાધુ અને ચાળીશ પાળાને લીધા ને કેટલાક હરિજનો પણ સાથે ચાલ્યા, તે સાંજે ગામ પલાણે ગયા ને ત્યાં વાડીમાં ઉતારો કર્યો ત્યારે ગામના હરિજનો આવ્યા ને પગે લાગી કહ્યું, 'હે મહારાજ ! ખીચડી કરો.' ત્યારે સ્વામી કહે, 'અમે સહુ પાકી રસોઈ જમીને આવ્યા છીએ, માટે નહિ કરીએ.' ત્યારે હરિજનો કહે, 'સ્વામી ! તો કાલે જમ્યા વિના જવાશે નહિ.' પછી સ્વામીએ સાથેનાં માણસોને પૂછ્યું ત્યારે સાત જણાએ જમવાની હા પાડી ત્યારે હરિજનો કહે, 'ના સ્વામી સહુએ જમવું જોઈશે.' ત્યારે સ્વામીએ હા પાડી. પછી સાત મણની ખીચડી થઈ ને સહુ જમ્યા. ત્યાર પછી સ્વામીએ શ્રીહરિદાસજી તથા સુમિત્રાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે 'તમે બેઉ અગાઉથી અમદાવાદ જાઓ ને અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર આપો.' ત્યારે તે બેય ચાલ્યા, તે પહોર રાત્રી બાકી હતી ત્યાં અમદાવાદ પહોંચ્યા ને અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર આપ્યા જે 'સ્વામી આજે સવારે કાંકરીયે આવીને નાહશે ધોશે.' પછી મહારાજે તો ગામમાંથી નાના પ્રકારનાં વાજાં મંગાવ્યાં ને વાજતે ગાજતે હજારો મનુષ્યો સહિત કાંકરીયે તળાવે પધાર્યા. ત્યાં તો સ્વામી વગેરે સહુ નાહી ધોઈને તૈયાર થઈ રહ્યા હતા તે સ્વામીએ અયોધ્યાપ્રસાદજી મહારાજને દંડવત્ કર્યા ને મળ્યા તથા સહુ સંતો પણ દંડવત્ કરીને મળ્યા. ને તે વખતે નિત્યાનંદ સ્વામીએ માથે એક મોટો ભગવો ફેંટો બાંધેલો હતો ને મોટું ધોતીયું પહેરેલું ને મોટું ગાતડીયું વાળેલું હતું ને આંખે મોટાં ચશ્મા પહેરેલાં હતાં ને પોતે શરીરે પુષ્ટ અને મોટી ફાંદ, તેથી એક ગાડીમાં એકલા બેઠા હતા ને એક ગાડીમાં પુસ્તકો ભરેલાં હતાં ને બીજી ગાડીઓમાં ભણનારાઓને બેસાર્યા હતા. અને અયોધ્યાપ્રસાદજી મહારાજની ગાડી આગળ કરીને તેની વાંસે સ્વામીની ગાડી રાખી અને તેમની વાંસે ભણનારાઓની ગાડીઓ; એમ વાજતે ગાજતે ગામમાં ચાલ્યા ને આગળ પાછળ હજારો હરિજનો પણ ચાલ્યા આવતા હતા ને શહેરનાં માણસો રસ્તાની બેય બાજુ ટોળે ટોળાં જોવા મળેલાં. તે સ્વામીને જોઈને બોલે જે, 'એક ગાડીમાં તો સ્વામિનારાયણનો સાધુ એક જ બેસી શક્યો છે એવો મોટો છે' ને સ્વામી પોતે વિદ્યાના પ્રભાવવાળા અને તેજસ્વી પુષ્ટમૂર્તિ, તેથી માણસોને બહુ આશ્ચર્ય ઉપજાવતા હતા.

એ પ્રમાણે ચાલતાં ગામ સોંસરા થઈને મંદિરમાં આવ્યા ને નરનારાયણ દેવનાં દર્શન કરીને ઉતારે ગયા. પછી સ્વામી વગેરે સહુ સંત, ભણનારા તથા પાર્ષદોને આચાર્ય મહારાજશ્રીએ પોતે પીરસીને જમાડ્યા. પછી સ્વામી પાંચ દિવસ રહ્યા પણ કોઈ નાનો કે મોટો વિદ્વાન શાસ્ત્રાર્થ કરવા સમર્થ થયો નહિ ને હવેલીમાં ઘણા શાસ્ત્રીઓ ભેગા થયા હતા પણ તેઓ નિત્યાનંદ સ્વામી આવ્યાના ખબર જાણીને છાના બેસી ગયા હતા ને તેઓ પોતાના વિદ્યાર્થીઓને શાસ્ત્રાર્થ શીખવીને મોકલે, પણ તેના ઉત્તર તો ભણનારા પવિત્રાનંદ સ્વામી તથા લક્ષ્મણાનંદ સ્વામી અને ભગવદાનંદ સ્વામી વગેરે આપી દેતા હતા. ને કોઈ વિદ્વાન આવે તેને ઉત્તમાનંદ સ્વામી પણ હરાવી દેતા હતા. ત્યારે તે જોઈને આવેલા વિદ્યાર્થીઓ પોતાના પંડિતો પાસે જઈને વાત કરે જે, 'અરે પંડિતો ! એ નિત્યાનંદ સ્વામીના વિદ્યાર્થીઓ મહા સમર્થ છે ને જીતાય તેવા નથી. તો એ નિત્યાનંદ સ્વામી તો સાક્ષાત્ વ્યાસ મુનિ સમાન હશે ! માટે તમારે એમની સમક્ષ શાસ્ત્રાર્થ કરવા જવું યોગ્ય નથી. કારણ કે તેઓ મહા સમર્થ છે માટે જરૂર તમને પરાભવ પમાડી દેશે.' ત્યારે એવી વાતો સાંભળીને પંડિતોએ શાસ્ત્રાર્થ કરવાનો વિચાર માંડી વાળ્યો. ને એક દિવસ દેવ દર્શનને મિષે કરીને તેઓ મંદિરમાં આવ્યા પણ સ્વામીને જોઈ કોઈ શાસ્ત્રાર્થ કરી શક્યા નહિ ને મનમાં જાણી ગયા જે, 'આ તો બહુ જ વિદ્વાન છે'. પછી તેઓએ હવેલીમાં

જઈને ગુસાંઈજી મહારાજનાં બધાં સ્વરૂપોને ભેગાં કરીને કહ્યું જે, 'એ નિત્યાનંદ સ્વામી તો બહુ જ મોટા વિદ્વાન છે ને તેમને જીતાય તેમ નથી ને જો તે સભા કરીને તેડાવશે તો તે અમારાથી જીતાશે જ નહિ, માટે અમને રજા આપો.' ત્યારે ગુસાંઈજી મહારાજે ઠેરાવ પ્રમાણે તે પંડિતોને દક્ષિણા આપીને વિદાય કર્યા ને બધાં સ્વરુપો પણ વહેલાં ઉઠીને ચાલ્યાં ગયાં ને તે સમાચાર મંદિરમાં હરિભક્તોએ કહ્યા. પછી નિત્યાનંદ સ્વામીએ સભામાં પાંચ વાગ્યા સુધી વાતો કરીને મહારાજશ્રીને તથા સર્વે સાધુ બ્રહ્મચારીને રાજી કર્યા ને પછી રજા લઈ સર્વેને મળીને ચાલ્યા તે વડતાલ પધાર્યા ને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને મળીને અમદાવાદની બધી વાત કહી. તે સાંભળીને આચાર્ય મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સહુ સંત હરિજન રાજી થયા. ॥૪૫॥

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૪૫)

• વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ ચાતુર્માસમાં સંતોને પીરસવાનો નિયમ લીધો :

સં. ૧૯૦૭ની સાલમાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી - આ બંને સદ્‌ગુરુ સંતો વડતાલમાં સાત માસ સુધી ભેગા રહ્યા હતા. ત્યારે અષાઢ સુદ એકાદશી (નિમી એકાદશી) આવી. તે વખતે સભામાં સહુ સંતો નિયમ લેવા માંડ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ એવું નિયમ લીધું જે, 'મારે સંતોની પંક્તિમાં નિત્યે પીરસવું.' તે વખતે ત્યાં ગામ બોટાદના શેઠ ભગા દોશી તથા બીજા પાટીદારો બેઠા હતા. તેમણે વિચાર કર્યો કે, 'સ્વામી ચાતુર્માસ સંતોને જમાડવાના હોય તો આપણે સંતોને વારાફરતી પાકી રસોઈઓ આપવી.'

પછી તેઓ નિત્યે નવી રસોઈ આપે અને નિત્યાનંદ સ્વામી કેડે આડસોડે લૂગડું બાંધીને સંતોને પંક્તિમાં પીરસવા પધારે. ત્યારે બીજા સાધુઓ લાડુનો ત્રાંસ લઈને આગળ ચાલે, તે સ્વામી તેમાંથી લઈને સંતોને અતિ હેતથી પીરસતા જાય. એવી રીતે સ્વામીએ તે વખતે ચાર માસ સુધી સંતોને પંક્તિમાં પીરસ્યું હતું અને સહુ સંતોને અતિ રાજી કર્યા હતા. આમ, સ્વામી શરીરે પુષ્ટ હતા તોપણ સંતોનો અતિ મહિમા સમજીને પોતે એવું નિયમ રાખ્યું હતું. જેને રોમ રોમમાં ભગવાન શ્રીહરિનો અતિશય મહિમા હોય તેને જ તેના નાના-મોટા દરેક સંતો-ભક્તોનો મહિમા, દિવ્યભાવ અને તેમની સેવામાં શ્રદ્ધા રહે છે. આપણે પણ આવા મહિમાવાન અને શ્રદ્ધાવાન બનીએ.

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩ વાત - ૪૭)

• વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ કરેલ પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ :

નિત્યાનંદ સ્વામી ભગવાન શ્રીહરિ પાસે ઘણીવાર કથા વાંચતા, શાસ્ત્રોના ગહન અર્થો ઉકેલતા. તે સાંભળી શ્રીહરિ પ્રસન્ન થઈ સ્વામીને પોતાના ચરણારવિંદ, વસ્ત્રો, મોજડી વગેરે ઘણી વસ્તુઓ આપતા. સ્વામી તેને સાચવી રાખતા.

એકવાર વડતાલમાં સંતોને ભણાવવા માટે એક રામાનુજીય પંડિત રાખેલા. તેની પાસે તેમના ગુરુનો કોપીનનો આડબંધ હતો. તેનું પ્રસાદીભૂત જળ કરી સવારમાં રોજ તે પીતા. સ્વામીએ તેમની આ ગુરુભક્તિ જોઈ ગુણગ્રહણ કર્યો. આવા મોટા પંડિતને તેમના ગુરુની પ્રસાદીની વસ્તુ પ્રત્યે આટલો આદર હોય તો મને તો સર્વાવતારી પુરુષોત્તમનારાયણ પ્રત્યક્ષ મળ્યા છે. તેમની પ્રસાદીભૂત વસ્તુઓ વિશ્વમાં અજોડ, અદ્વિતીય અને અનેકનાં કલ્યાણ કલ્યાણ કરનારી છે, માટે અવશ્ય તેનો સંગ્રહ કરવો જોઈએ. એમ વિચારી સ્વામીએ ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત અનેક વસ્તુઓનો સંગ્રહ કર્યો હતો. અને અન્ય સંતો-ભક્તોને પ્રેરણા તથા પ્રોત્સાહન આપીને કરાવ્યો હતો. આ કલ્યાણકારી પ્રસાદીની વસ્તુના દર્શનનો લાભ આજે પણ આપણને વડતાલમાં અક્ષરભુવન તથા ગઢપુરમાં અક્ષરભુવન વગેરે સ્થાનોમાં મળે છે. આ લાભ નિત્યાનંદ સ્વામીની ગુણગ્રાહી તથા મહિમાસભર દૃષ્ટિને આભારી છે.

(સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીના ગ્રંથો - જીવન દર્શન)

• વડતાલમાં નિત્યાનંદ સ્વામીનો અક્ષરવાસ :

વડતાલમાં સંવત્ ૧૯૦૮ ને માગસર સુદ-૮ના રોજ નિત્યાનંદ સ્વામીએ માંદગી ગ્રહણ કરી. ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીહરિની પાસે અક્ષરધામમાં જવાની ઇચ્છા કરી. તે વખતે ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, બ્રહ્મચારી અખંડાનંદજી, બ્ર.નારાયણાનંદજી, શૂન્યાતીતાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી વિગેરે તમામ મોટા મોટા સંતો તથા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા શવાજી અને રતનજી આદિક પાર્ષદો તથા અનેક હરિભક્તો-એ સહુ આવીને સ્વામીની પાસે બેઠા. અને સ્વામીનો મંદવાડ અને ઉદાસીનતા જોઈને સહુ અતિશય દિલગીર થવા લાગ્યા. ત્યારે સ્વામીએ સહુને ધીરજ આપી. પછી આત્માનંદસ્વામીની પાસે સત્સંગિજીવનની કથા વંચાવી અને મહારાજના મહિમાને હૈયામાં ધાર્યો. તે કથા પૂરી થઈ.

બીજે દિવસે પણ સહુ સંતો-ભક્તો આવી સ્વામી પાસે બેઠા. તે વખતે ગવૈયા સંતોને ઉપદેશ આપતાં સ્વામી કહે, "શ્રીહરિની મૂર્તિને હૈયામાં ધારી સ્મૃતિ સાથે કીર્તન-ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે.'

ઉપજાતિ : ગવૈયા સંતો-ભક્તોને છેલ્લો ઉપદેશ.

નિત્યાખ્યજી સદ્ગુરુએ વિચારી, ગાનારને શિખ સુણાવી સારી; શ્રીભક્તિધર્માત્મજ કેરું ધ્યાન, ધરી ધરીને કરવું જ ગાન...૧૯
જો પ્રેમે રાખે પ્રભુ મૂર્તિમાંય, ગાનારનું ચિત્ત પવિત્ર થાય; ગાનારને જો રસ અન્ય ભાસે, ગાનારની તો મતિ ભ્રષ્ટ થાશે... ૨૦
ગાવા વિષે નિર્લજ શબ્દ આવે, તે તો હવે સંત ભલા ન ગાવે; ગાઈ ગયા મુક્ત મહંત જેહ, એવા હતા સહુ અધિકારી એહ...૨૧
રસીક ભક્તો બહુધા થયા છે, ઘણાક તેમાં નરકે ગયા છે; કલ્યાણ તો કોઈકનું થયું છે, એવી રીતે શ્રીહરિએ કહ્યું છે...૨૨
જો પ્રેમ પૂરો પ્રભુમાં જણાય, રોમાંચ તેના તનમાંહી થાય; ગાનાર એવો જન ધન્ય ધન્ય, વાજિંત્રના નાદ સમાન અન્ય...૨૩

રસિક કીર્તન ગાય ને મનમાં ભૂંડા સંકલ્પ થાય તો તેનું અતિશય પાપ લાગે. તેણે કરીને જન્મમરણ તથા લખચોરાશીનાં દુઃખ ભોગવવાં પડે છે. માટે બીજાને રીઝવવા રસિક કીર્તનો ગાવાં તે વેશ્યાના જેવી ભક્તિ કહેવાય. સંતો-ભક્તોની તે રીત નથી. સંતોએ તો શ્રીહરિનું ધ્યાન ધરી,

સુજ્ઞાન શ્રોતાજનનું વધારો, કે સંભળાવો ઉપદેશ સારો; ગાવા તણું તો ફળ થાય સારું, તેનું તથા છે હિત તે તમારું...૨૬

આમ સંતોને શિખામણ આપી. પછી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને કહે, 'મતવાદીઓ જે દ્વેષ કરતા હતા તે હવે શાંત થયા છે. અમારા આશીર્વાદથી હવે કોઈ દ્વેષી લોકો સંપ્રદાયને તોડી પાડવા જેવો દ્વેષ નહિ કરે. મતવાદીઓ ઉપાધિ નહિ કરે. આપણો સંપ્રદાય આખા વિશ્વમાં ધીરે ધીરે વૃદ્ધિને પામશે પરંતુ -

હવે તમને કહું છું વિચારી, સુણી લેજો તે ચિત્તમાં ધારી; મન રાખજો મોટું ઉદાર, કોઈનો ન કરો તિરસ્કાર...૩૦

શ્રીજીમહારાજે તમને આ સંપ્રદાય સોંપ્યો છે. માટે તમે કોઈનો તિરસ્કાર ક્યારેય ન કરશો, ઉદારતા રાખજો. મોટું મન રાખીને સર્વે સંતો-ભક્તો રાજી થાય તેમ રહેજો. આપ કોઈ કાર્યમાં નિમિત્ત થઈને સંતો-ભક્તો નારાજ થાય એવું ન કરતા. તમે કોઈનો ક્યારેય તિરસ્કાર ન કરશો. કોઈનો કાંઈ અપરાધ હોય તો તેનો ન્યાય-નિર્ણય સંતોના પંચ પાસે કરાવજો. કોઈ કંઈ કહેવા આવે તો દયા લાવીને તે સાંભળજો. કોઈનો અલ્પ દોષ કે અપરાધ હોય તો મોટું મન રાખીને દરગુજર કરજો. વળી, કોઈનો કાંઈ અપ રાધ હોય, મોટું વર્તમાન લોપ્યું હોય તોપણ તેનો ન્યાય-નિર્ણય પાંચ મોટા સંતો પાસે કરાવજો. ને જે દંડ દેવો હોય તે સંતો દે -

સંત પંચ તે દંડ ઠરાવે, ધોળાં વસ્ત્ર ગમે તો ધરાવે; એવો દંડ ન કરવો તમારે, અપ્રીતિ તમ ઉપરે ધારે...૩૨
દીન પર નહીં રાખશો રોષ, ક્ષમા કરજો અલ્પ હોય દોષ; બની તે સજી સેવા તમારી, હવે તો એવી ઇચ્છા છે મારી...૩૩

એમ કહી સ્વામી કહે, "હવે મારે અક્ષરધામમાં જાવું છે. માટે મને સહુ રજા આપો.' સ્વામીનાં આ વેણ સહુને વસમાં લાગ્યાં. તેથી દુઃખી હૃદયે સ્વામીના સદ્ગુણો સંભારી રુદન કરવા લાગ્યા. સહુને ઉદાસ જોઈને સ્વામી કહે, 'સહુ ધીરજ રાખજો, શ્રીહરિ તમારી સહાય કરશે. મહારાજ સત્સંગમાં સદા પ્રગટ રહ્યા છે તે ક્યારેય ભૂલતા નહીં, તેને દૂર માનતા નહીં.'

ચોપાઈ :

શ્રીજી સત્સંગમાં રહ્યા છે, નહીં જાણવું દૂર ગયા છે; શિક્ષાપત્રી છે શ્રીજીનું રૂપ, પૂજવા યોગ્ય પરમ અનૂપ...૪૫
ધરી તેને નૈવેદ્ય જમાય, એમ ઉચર્યા છે હરિરાય; કોઈએ પૂછ્યું'તું શ્રીજીને એમ, કેમ વર્તવું સમજવું કેમ ?...૪૬
ત્યારે બોલ્યા શ્રીહરિ સાક્ષાત, શિક્ષાપત્રીને પૂછો તે વાત; સઘળાં સતશાસ્ત્રોનો સાર, લખ્યો શિક્ષાની પત્રી મોઝાર...૪૭
એમ વર્તે તે શિષ્ય અમારા, બીજા મુજ સંપ્રદાયથી બા'રા; એવાં શ્રીજીનાં વચન સંભારી, દૃઢ રાખજો બુદ્ધિ તમારી...૪૮
જ્યાં સુધી એ વચન પળાશે, જાણો ત્યાં સુધી કલ્યાણ થાશે; જ્યારે વર્તશે સ્વેચ્છા પ્રમાણે, થાશે કલ્યાણ બંધ તે ટાણે...૪૯

આવી રીતે સ્વામીએ ઉત્તમ ઉપદેશ આપી સહુને ધીરજ દીધી. તે સમયે શુકાનંદસ્વામીએ સત્સંગિજીવન ઉપર કરેલી હેતુસંજ્ઞાટીકાનો ગ્રંથ તથા ગોપાળાનંદસ્વામીએ રચેલું વ્યાસસૂત્રભાષ્ય આ બન્ને ગ્રંથો સ્વામી પાસે લાવીને મૂક્યા. સ્વામીએ બન્ને ગ્રંથની પૂજા કરી અને બન્ને સંતોને ધન્યવાદ આપ્યા. સં.૧૯૦૮ માગસર સુદ એકાદશી, ગુરુવાર, તા.૪/૧૨/૧૮૫૧ ના રોજ બપોરે સ્વામી વડતાલની ધર્મશાળામાં ધ્યાનમગ્ન થઈ બેઠા. તે વખતે અચાનક તમામ સંતો-ભક્તોએ મોટો શીતળ શાંત તેજનો સમૂહ દીઠો.

આવ્યા પ્રત્યક્ષ શ્રીભગવાન, દીસે તે સાથે દિવ્ય વિમાન; જય સ્વામિનારાયણ કહીને, તજ્યું તન દિવ્ય દેહ ગ્રહીને....૫૪
બેઠા દિવ્ય વિમાનમાં સ્વામી, સાથે લઈ ગયા અક્ષરધામી; દેહોત્તર ક્રિયા સંતોએ કીધી, જ્ઞાનબાગ વિષે યથાવિધિ...૫૫

ત્યારબાદ ભાવાનંદસ્વામીના પિતા ધામાનંદસ્વામીએ નાની વાડીમાંથી સૂકાં ચંદનનાં કાષ્ઠ લાવી રાખેલાં, તેનાથી સ્વામીના દેહનો અગ્નિસંસ્કાર જ્ઞાનબાગમાં બેઠક છે ત્યાં કરવામાં આવ્યો. હાલ તે સ્થાનમાં. પૂ.સ્વામીની સ્મૃતિ માટે ઓટો કરેલ છે. સ્વામીના ધામમાં જવાથી આચાર્યશ્રી તથા સંતો-ભક્તો અતિશે ઉદાસ થઈ વિલાપ કરવા લાગ્યા.

અરર ઓ પ્રભુ શું તમે કર્યું, સકલ સૃષ્ટિનું રત્ન તો હર્યું; તમ વિયોગમાં તો અમે હતા, નીરખી સદ્ગુરુ ધૈર્ય ધારતા...૫૭
નિત્યમુનિ વિના સૌ જનો રડે, જળ વિનાનું જેમ મીન તરફડે; અરર શોક આ શી રીતે શમે, ઉચરીએ જઈ વાત ક્યાં અમે ?...૫૮

ત્યારે શ્રીહરિએ દર્શન દઈ સહુને ધીરજ આપી. સહુની દિલગીરી દૂર કરી. જેના વિયોગે દુઃખી થતા ભક્તોને શ્રીહરિ દર્શન આપી દુઃખ કાપતા હોય, એ સંત કેટલા મહાન હશે..!? આવા વિદ્વત્તવર્ય, મહાપ્રતિભા સંપન્ન, મહારાજની સર્વોપરી નિષ્ઠા-પાવરના મહાસ્રોત સમા અને વળી નિર્માનીતાના પરમ આદર્શરૂપ એવા સદ્. નિત્યાનંદસ્વામીનાં પાવન ચરણકમળમાં લાખો લાખો વંદન... (આચાર્યોદય પ્રભાવ : ૩૧)

(સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીના ગ્રંથો - જીવન દર્શન)

● ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધારી વાતો કરી :

એકવાર સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વડતાલ જતાં રસ્તામાં ગઢડે પધાર્યા. તે સમયે અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ માંદા થયા હતા, તેમણે સ્વામીને ગઢડા કાગળ લખ્યો જે, 'અમને દર્શન દઈને પછી વડતાલ જાજો.' તે કાગળ સ્વામીને મળ્યો તે વાંચીને પોતે વિચારમાં પડ્યા જે 'ભગવત્પ્રસાદજી મહારાજનો પત્ર નથી, તો શી રીતે અમદાવાદ જાવું ?' એમ વિચાર કરતા હતા ત્યાં તો વડતાલથી ભગવત્પ્રસાદજી મહારાજનો પણ કાગળ આવ્યો જે 'અમદાવાદમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ માંદા છે, માટે ત્યાં જાજો ને ત્યાં બે દિવસ રોકાઈને પછી અહીં વડતાલ આવજો.' ત્યારે સ્વામી રાજી થયા ને પછી ચાલ્યા તે સંવત્ ૧૯૨૧ની સાલમાં અમદાવાદ પધાર્યા ને નરનારાયણ દેવનાં દર્શન કરીને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મળ્યા ને પછી ઉતારા કર્યા. ત્યાર પછી હરે થયા ત્યારે સહુ જમવા ગયા ને જમીને આસને આવ્યા. પછી વચનામૃતની કથા વંચાવીને બે કલાક પોઢી ગયા. પછી જાગ્યા ને સાંજે સભામાં સ્વામીએ વાતો કરી ને વળતે દિવસ સવારની કથા વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં આવ્યા ને પાટ ઉપર બિરાજમાન થયા ને સ્વામી સભામાં ગાદી તકીયે બેઠા હતા, તે વખતે સ્વામીએ સભામાં ઉપાસનાની વાતો બહુ કરી. તે સાંભળીને આચાર્ય મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! આજ તો ઉપાસનાની વાત બહુ સારી કરી.' ત્યારે સ્વામી કહે, 'તમારા બાપના ગુણ ગાઈએ છીએ ને મહિમા કહીએ છીએ. જેમ ખજાનાની કુંચી તમે કેશવપ્રસાદજી મહારાજને બતાવશો, તેમ સ્વામિનારાયણે પોતાની ઉપાસના અને મહિમા અમારા હૃદયમાં ભર્યો છે.' સ્વામીએ ત્યાં રહી બે ચાર દિવસ સુધી ઉપાસનાની બહુ વાતો કરી.

પછી આચાર્ય મહારાજની રજા લઈને તેમને મળીને ચાલ્યા તે વડતાલ પધાર્યા. ને ત્યાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને સભામાં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને મળીને તથા શુકસ્વામીને મળીને સાધુની ધર્મશાળા ઉપર આસન કર્યા ને વળતે દિવસે રામનવમી હતી, તે દિવસ સ્વામીએ સભામાં ખુરશી ઉપર બેસીને વાતો કરી. એમ પુનમ સુધી રહીને સ્વામીએ સભામાં ઘણીક વાતો કરી. પછી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજની રજા લઈ મળીને ત્યાંથી ચાલ્યા તે ધોલેરે ગયા ને ત્યાં બે દિવસ રોકાઈને ત્યાંથી સારંગપુર તથા કારીયાણી થઈ ગઢડે પધાર્યા ને ત્યાં પાંચ દિવસ રહી ફરતા ફરતા જુનાગઢ પધાર્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૪૯)

● વડતાલમાં પવિત્રાનંદ સ્વામી તથા ભોમાનંદ સ્વામીની વાતો :

ગામ વડતાલમાં જે પવિત્રાનંદ સ્વામી તથા ભોમાનંદ સ્વામી રહેતા તે બેય પૂર્વાશ્રમના કાકા બાપાના દીકરા હતા ને બેય માસીયાઈભાઈઓ પણ હતા ને એ બેયને હેત પણ અસાધારણ હતું. અને પવિત્રાનંદ સ્વામી તો મહાધર્મવાળા હતા ને સભામાં વાતો પણ બહુ કરતા અને ભોમાનંદ સ્વામી પણ તેવા જ ધર્મવાળા હતા ને શ્રીજી મહારાજની લીલાની વાતો બહુ કરતા. એકવાર સંવત્ ૧૯૩૫ની સાલમાં ભોમાનંદ સ્વામી આણંદથી પવિત્રાનંદ સ્વામીને નડિયાદ મંદિર જોવા સારુ તેડી ગયા હતા. ને ત્યાં ગયા પછી પવિત્રાનંદ સ્વામી માંદા થયા ત્યારે ભોમાનંદ સ્વામીએ કહ્યું 'સ્વામી હમણાં દેશકાળ બહુ વિપરીત જણાય છે' ત્યારે પવિત્રાનંદ સ્વામી બોલ્યા જે, 'હા શ્રીજી મહારાજ સ્વધામમાં પધારી ગયા ને સદ્ગુરુઓ પણ ગયા, તેથી દેશકાળ સારા ક્યાંથી રહે ?' ત્યારે ભોમાનંદ સ્વામી કહે 'સ્વામી ! આગળ જાતાં તો ઘણો જ વિપરીત કાળ આવશે.' ત્યારે પવિત્રાનંદ સ્વામી કહે 'આપણે ગયા પછી ક્યાં જોવું છે ? જેમ મહારાજની મરજી.'

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૦)

● વડતાલમાં સંતોને રતનજીબાપુએ શીખામણ આપી :

એકવાર વડતાલમાં શુકસ્વામીના શિષ્ય સ્વામી વામનપ્રસાદદાસજી સવારમાં નાહી પૂજા કરીને સહુ સંતને પગે લાગતા લાગતા મહારાજના સેવક રતનજી બાપુને પગે લાગવા ગયા ત્યારે રતનજી બાપુ કહે 'બેસો એક શિખામણની વાત કરું.' એમ કહીને બેસાર્યા

ને વાતો કરવા લાગ્યા જે 'જુવાનીયા અગર બીજાને ખંભે હાથ મેલીને ચાલવું નહિ ને કોઈને પણ પોતાને ખંભે હાથ મેલવા દેવો નહિ. કારણ કે તે ત્યાગીને માટે દુષિત છે. માટે તમે શુકસ્વામીના શિષ્ય છો તેથી તમને આ વાત કરી છે.' ત્યારે તે વાત સાંભળીને વામનપ્રસાદદાસજી રાજી થયા ને કહ્યું જે 'બાપુ તમે મને ઠીક કહ્યું.' એમ જે મુમુક્ષુ જીવ હોય તેને તેવી વાત સારી લાગે ને જે વિષયી તથા પામર હોય, તેમને તેવી વાત સારી ન લાગે.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૧)

• વડતાલમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે કોઠારીશ્રીનું દર્દ મટાડ્યું :

એકવાર ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજી પોતાની સાથે ઘણાક સંતને લઈને વડતાલ રામનવમીના સમૈયા ઉપર ગયા હતા. તે વખતે ત્યાં એક દિવસ પોતાને અતિશે પેટમાં ચુક આવવા માંડી ને દુખાવો બહુજ થયો. તે સમયે રઘુવીરજી મહારાજના પાર્ષદે તે વાત સાંભળીને રઘુવીરજી મહારાજને કહી, ત્યારે રઘુવીરજી મહારાજે પાર્ષદને કહ્યું, 'ચાલો આપણે તેમને જોવા જાઈએ.' એમ કહી બે ત્રણ પાર્ષદોને સાથે લઈને કોઠારી ભક્તિવલ્લભદાસજીને જોવા સારુ ગઢડાનો ઉતારો હતો ત્યાં ગયા ને પૂછ્યું 'કેમ કોઠારી, તમને ક્યાં દુખાવો વધારે છે તે બતાવો.' ત્યારે કોઠારીએ પોતાને જે ઠેકાણે વધારે દુઃખતું હતું ત્યાં બતાવ્યું, ત્યારે તે ઠેકાણે રઘુવીરજી મહારાજે પોતાના જમણા પગનો અંગુઠો જરા અડાડ્યો કે તે જ ઘડીએ ચુક આવતી હતી તે મટી ગઈ ને તે તુરંત જ બેઠા થઈને રઘુવીરજી મહારાજને પગે લાગ્યા ને બોલ્યા જે 'હે મહારાજ ! તમે આંહી ભલે પધાર્યા' એમ મોટાના ચરણમાં દૈવત રહ્યું છે.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૩)

• વડતાલમાં શુકાનંદ સ્વામી ખંભાતના હરિભક્તને ઉપદેશ કર્યો :

એક વખત ખંભાતથી એક હરિભક્ત ત્યાગી થાવા સારુ વડતાલ આવ્યા હતા. તેમણે થોડા દિવસ રહીને પછી શુકસ્વામી પાસે વાત કરી જે ''હે સ્વામી! હું ત્યાગી થાવા આંહી આવ્યો છું પણ મને આંહી મારા ઘરનું માણસ સાંભરે છે ને ઘેર જાઉં છું ત્યારે તમે સાંભરો છો. માટે મારે કેમ કરવું ?'' ત્યારે સ્વામી કહે ''તું ઘેર જા અને ત્યાં રહીને સાધુ સાંભરે તે ઠીક છે, પણ આંહી રહીને ઘરનું માણસ સાંભરે; તે ઠીક નહિ ને એમ રહેવાથી મોક્ષ પણ ન થાય, માટે ઘરમાં રહેવું તે સારું છે.'' તે સાંભળીને તે સત્સંગી પોતાને ઘેર ગયો ને ત્યાં રહી તેણે સાધુની સેવા કરી ને દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા ને તે ભેગો ધામમાં ગયો. એમ જે સંસારમાં રહીને સંતની સેવા કરે ને નિયમ ધર્મ ખરેખરાં પાળે; તો મોક્ષમાં ખામી રહે નહિ. એટલા માટે નિર્વાસનિક થાવું ને ક્યાંય પણ વાસના રહેવા દેવી નહિ.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૫)

• વડતાલમાં માંદા સંતોને સેવા કરવાથી ઉમરેઠના રેવાદત્તને બે પુત્ર થયા :

એકવાર ગામ ઉમરેઠના ખેડાવાળા બ્રાહ્મણ રેવાદત્તભાઈ વડતાલ આવ્યા ને લક્ષ્મીનારાયણ દેવનાં તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં દર્શન કરીને શુકસ્વામીને આસને આવ્યા ને સ્વામીને દંડવત્ કરી પગે લાગીને સામા બેઠા ને પોતાને સ્વામી ઉપર હેત, તેથી બે હાથ જોડીને બોલ્યા જે, 'હે સ્વામી ! મને કાંઈ સેવા બતાવો.'' એમ તેણે બે વાર કહ્યું ત્યારે તે સાંભળીને સ્વામી ઘડીક તો વિચારી રહ્યા ને પછી બોલ્યા જે ''આંહી માંદા સાધુને નાહવા ધોવાની બહુ અગવડ છે, માટે ભંડારની આગળ એક કુવો ગળાવી આપો, તો માંદા સાધુ રાજી થાશે'' ત્યારે તેમણે હા પાડી ને પછી તેમણે કુવો ગળાવીને બંધાવી આપ્યો, તેથી સહુ માંદા સાજા સાધુ રાજી થયા ને તેમને એકેય પુત્ર નહોતો પણ સાધુઓનો આશીર્વાદ થયો, તેથી બે પુત્ર થયા. એમ જે મોટા પુરુષોને રાજી કરે છે તેના સંકલ્પ સત્ય થાય છે.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૬)

• વડતાલમાં નડિયાદના કૃપારામભાઈએ બે મહિના સંતોની વાણી સાંભળી :

એકવાર ગામ નડીયાદના વિપ્ર કૃપારામભાઈ વડતાલ આવ્યા ને સભામાં દંડવત્ કરીને તેમણે રઘુવીરજી મહારાજ પાસે માંગણી કરી જે, ''હે મહારાજ ! શ્રીજીની મૂર્તિને કાયમ સંભારનારા અને ધ્યાની એવા હરિહર્યાનંદ સ્વામીને અમારે ત્યાં મોકલો. કારણ કે તે અમારે ત્યાં ક્યારેય પધાર્યા નથી.'' ત્યારે રઘુવીરજી મહારાજે હરિહર્યાનંદ સ્વામીને બોલાવ્યા ને કહ્યું ''તમે નડીયાદ જાઓ'' ત્યારે સ્વામીએ કૃપારામભાઈને કહ્યું, ''તમે અમને તેડવા આવ્યા છો પણ તમે અમારી પાસે જો બે કલાક વાતો સાંભળવા નિત્ય

બેસો, તો આવીએ'' ત્યારે તેમણે હા પાડી. પછી સ્વામી પોતાના મંડળના સાધુઓને સાથે લઈને ગામ નડીયાદ ગયા ને મંદિરમાં ઉતર્યા. ત્યારે સહુ સત્સંગીઓ આવ્યા ને દંડવત્ કરીને પગે લાગ્યા ને બહુ રાજી થયા. પછી હંમેશા સભામાં સ્વામી વાતો કરે. તે વખતે ગામના સર્વે હરિભક્તો તે સાંભળે ને બે કલાક સુધી કૃપારામભાઈ પણ બેસતા. એમ સ્વામી ત્યાં એક મહિનો રહ્યા ને વાતો કરી સુખ આપ્યું. એમ મોટાનો સિદ્ધાંત કે સાધુને તેડાવીને રાખવા ને ભગવાનની વાતો સાંભળવી ને કથા વાર્તાનું સુખ લેવું.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫૭)

• વડતાલમાં શુકાનંદ સ્વામીએ મોટાપુરુષની કૃપાદૃષ્ટિની વાત કરી :

એકવાર વડતાલમાં સભામાં ખુરશી ઉપર બેસીને શુક સ્વામીએ વાત કરી હતી જે, ''ભગવાનના જે પરમ એકાંતિક સાધુ હોય, તે જો અતિ મલીન જીવ હોય, તેના ઉપર કૃપા દૃષ્ટિ કરે, તો તે અતિ શુદ્ધ થઈને તથા ધર્માદિક રૂડા ગુણે યુક્ત થઈને, મોક્ષને પામી જાય છે. તે જેમ દત્તાત્રેયે કૃપા દૃષ્ટિ કરી તેથી પીંગળા શુદ્ધ થઈ ગઈ તેમ અને જે પરમ એકાંતિક સાધુ તેની જેના ઉપર કુદૃષ્ટિ થાય તેનું અંતઃકરણ અતિશય મલીન અને દોષ યુક્ત થઈ જાય છે ને તે મોક્ષના માર્ગ થકી પડી જાય છે અને જે એના પરમ એકાંતિક સાધુ હોય, તેને કોઈ મલીનનો દોષ લાગે નહિ કારણ કે એવાને તો વડવાનલ અગ્નિ તુલ્ય કહ્યા છે અને સાધનદશાવાળાને તો મલીનનો સંગ દોષ લાગે છે. જેમ કાળા તળાવ વાળા સુતાર રવજીભાઈએ ઢુંઢીયા સાથે સંવાદ કરીને તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને જોયું એટલે પોતે મલીન થઈ ગયા ને સમાધિ ટળી ગઈ.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૬૬)

• વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ સંકલ્પના દુઃખની વાત કરી :

એકવાર વડતાલમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી જે, ભગવાનના ભક્ત સાથે આત્મબુદ્ધિ હોય તો શાંતિ રહે, પણ સ્વભાવ ટળે નહિ. પણ તે જ્ઞાનના અભ્યાસે કરીને ટળે છે. જેમ વિદ્યા ભણતો હોય તે જો દાખડો કરે તો આવડે. પણ જીવ સંકલ્પે કરીને દુઃખીયા થાય છે. જેમ બ્રાહ્મણે મંત્ર ભણીને સાવીજને સાજો કર્યો, તો તે સાવજે જીવતો કરનાર બ્રાહ્મણને માર્યો. તેમ માણસો પોતાના સંકલ્પે દુઃખ પામે છે. વળી વાત કરી જે, ત્રણ પ્રકારનો કુસંગ કહ્યો છે તે જેને હોય તેના સત્સંગનો નિર્ધાર ન જાણવો. તેનો સત્સંગ જ્યારે ત્યારે રહેશે નહિ. ને વળી વાત કરી જે, વિષય છે તે ચોર છે તે ઉપર બોલ્યા જે, માત્રો ધાધલ સાધુ થયા હતા ને નિર્માનાનંદ સ્વામી નામ પાડ્યું હતું, તો પણ તેણે એકવાર ગાડું જોડ્યા સારુ ગાડા ખેડુ બ્રાહ્મણ હતો તેને માર્યો ત્યારે તેને રામદાસજીએ કહ્યું જે ''માન ખુણે કરીને રહ્યું હતું તે નીકળ્યું'' તેમ દોષ આધારને લઈને રહે છે. ॥૬૭॥

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૬૭)

• વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ વચનામૃત ઉપર વાત કરી :

વળી એક વાર વડતાલમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ છેલ્લા પ્રકરણના ૩૯ માં વચનામૃત ઉપર વાત કરી હતી જે, ''ચાર પ્રકારની ઔષધી છે તેમાં એક સંધીની, બીજી વ્રણહારીણી, ત્રીજી વિશલ્યકરણી અને ચોથી સંજીવની. તેમાં જે સંધીની તે અંગ સાંધે ને વ્રણહારિણી તે ઘાની પીડા હરે ને વિશલ્ય કરણી તે શલ્ય કાઢે અને સંજીવની તે તો મરી ગયો હોય તેને જીવતો કરે. તેતો દૃષ્ટાંત પણ તેનું સિદ્ધાંત જે ધર્મ તે સંધીની ને જ્ઞાન તે વ્રણહારીણી ને વૈરાગ્ય તે વિશલ્યકરણી ને ભક્તિ તે સંજીવની છે.''

વળી વાત કરી જે ''મોક્ષના દરવાજાના ચાર છડીદાર છે તે એક શમ, બીજો દમ, ત્રીજો વિવેક અને ચોથો સાધુનો સમાગમ; તે માટે જેને સાધુનો ને કલ્યાણનો ખપ હોય તે સત્સંગ પરાયણ વર્તે ને તે કોઈ સાધુ કે સત્સંગીને દુઃખવી શકે નહિ'' અને વળી વાત કરી જે ''રૂપિયા ઘણા થાશે, ધર્મશાળાઓ ઘણી થાશે તથા વ્યવહાર પણ ઘણો વધશે પણ એકાંતિક સાધુ મળવા દુર્લભ છે'' તે ઉપર વાત કરી જે ''નિરંતર જે ભગવાનને સંભારતો હોય, તેને ભગવાનની બીક ઘણી હોય'' તે ઉપર શુકમુનિ તથા સિદ્ધાનંદ સ્વામી તથા પોતાની વાત કરી જે, ''અમારે ભગવાનની આજ્ઞા ઘણી રાખવી પડે ને દેશકાળે એક નિર્ધાર ન રહે'' તે ઉપર ગોપાળાનંદ સ્વામીની વાત કરી કે, ''કઠણ દેશકાળમાં પણ ભગવાન ન ભુલે તથા જ્ઞાન પણ ન જાય, એવી એની સ્થિતિ હતી, એવા થોડા.''

બીજે દિવસે મધ્યાહ્નની કથામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી જે, ''જેવો શબ્દ સાંભળે તેવો જીવ થાય છે. તે જો એકાંતિક પાસે બેસે તો નિર્વાસનિક થવાના ઘાટ થાય તથા ભગવાન રાજી કરવાના ઘાટ થાય તથા ભગવાન સંભારવાનો દાખડો થાય'' તે ઉપર સોનીનું દૃષ્ટાંત દીધું જે, ''વૈષ્ણવ થઈને હવેલીમાં સોનાની મૂર્તિ લેવા ગયો ત્યારે તેણે બહુ પ્રેમ અને ભક્તિભાવ દેખાડ્યો, તે જોઈ હવેલી વાળાને વિશ્વાસ આવ્યો ને તેને ઠાકોરજીની સેવા સોંપી; ત્યારે તે વહેલો ઉઠીને મૂર્તિ ચોરીને લઈ ગયો

અને ભગવાન ભક્તિએ કરીને રાજી થાય પણ યુદ્ધે કરીને રાજી ન થાય'' તે ઉપર પ્રહ્લાદની વાત કરી જે ''પ્રહ્લાદે નરનારાયણ ભગવાનને ભક્તિએ કરીને વશ કર્યા પણ તે યુદ્ધે કરીને વશ ન થયા, તેમ ભગવાન ભક્તિએ કરીને રાજી થાય.''

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૬૮-૬૯)

• વડતાલમાં પૂજારી નારાયણનંદ બ્રહ્મચારીને લક્ષ્મીજીએ બેઠા કર્યા :

વડતાલમાં મુળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણાનંદ બ્રહ્મચારીએ શ્રીલક્ષ્મીનારાયણ દેવની સેવા નિષ્કામ ભાવે ઘણાં વર્ષ કરી ને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કરેલા. તે પોતે એકવાર માંદા થયા ને મંદવાડમાં પોતે એકલા ઉઠીને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયા ને ત્રણેય મંદિરમાં દર્શન કરીને ઉતારે આવતાં રસ્તામાં પડી ગયા. એ વખતે આસપાસ કોઈ નહિ. તે વખતે સાક્ષાત્ લક્ષ્મીજી દિવ્યરુપે આવ્યાં ને બ્રહ્મચારીને બેઠા કર્યા ને લુગડે ધુળ વળગી ગઈ હતી તે ખંખેરીને કહ્યું 'બ્રહ્મચારી તમે અમારી બહુ સેવા કરી છે, તેથી તમને પડી ગયેલા જોઈને બેઠા કરવા આવી છું ને હવે તમને આવતી કાલે મહારાજ ધામમાં તેડી જાશે.' એમ કહીને અંતર્ધાન થઈ ગયાં ને બ્રહ્મચારી પોતાને ઉતારે આવ્યા.

પછી વળતે દિવસે લક્ષ્મીજીના કહેવા પ્રમાણે બ્રહ્મચારીને મહારાજ તેડવા આવ્યા ને સાથે તેમના ગુરુ મૂળજી બ્રહ્મચારીને તથા અનંત મુક્તોને વિમાનમાં લાવ્યા હતા. તે વખતે નારાયણ બ્રહ્મચારીએ પોતાના શિષ્ય નિષ્કામાનંદ બ્રહ્મચારી વગેરેને કહ્યું જે, 'મને આ શ્રીજી મહારાજ તેડવા આવ્યા છે ને સાથે મારા ગુરુ મૂળજી બ્રહ્મચારી તથા અનંત મુક્તો છે' એમ વાત કરે છે ત્યાં તો તે સ્થળે તેજ તેજ થઈ ગયું ને ઘણા સંત, બ્રહ્મચારી તથા પાર્ષદોને શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં. પછી નારાયણ બ્રહ્મચારીએ કહ્યું જે, 'હવે સહુ ધુન્ય કરો.' ત્યારે સહુ ધુન્ય કરવા લાગ્યા. તે વખતે નારાયણ બ્રહ્મચારી આ ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીજીની સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૭૪)

• વડતાલમાં મુંબઈના શાહુકારે સંતોને રસોઈ આપી :

એક સમયે મુંબઈનો કોઈક શાહુકાર ડાકોરમાં શ્રી રણછોડરાયજીનાં દર્શન કરવા આવેલ. તેણે તીર્થવાસી ખાખીઓને માલપુડાની રસોઈ દીધી. પછી જમવાનો સમય થયો ત્યારે શેઠ દર્શન કરવા આવ્યા, તે વખતે ખાખીઓ સામસામા બાધ્યા ને માથામાં ચીપીયા મારી લોહીલૂહાણ થયા. તે જોઈ શાહુકારના મનમાં થયું જે ''આતો ધર્મ કરતાં ધાડ્ય થઈ. કેમકે સંત જાણીને જમાડ્યા, તેમાં આવું તોફાન થયું.'' એમ વિચાર કરીને પોતાના વાણોતર આગળ વાત કરી, ત્યારે તે વાણોતર સત્સંગી હતો, તેણે તે શેઠને કહ્યું, ''વડતાલ અહીંથી નજીક છે ને ત્યાં અમારા સ્વામિનારાયણના સાધુ રહે છે, તે દર્શન કરવા જેવા છે.'' ત્યારે તે શેઠ કહે ''ભલે ચાલો આપણે ત્યાં જઈએ.'' એમ કહી ગાડી જોડાવીને વહેલા ચાલ્યા તે વડતાલ આવ્યા, તે સમયે સંતની પંક્તિ જમવા બેઠી ને શેઠ ત્યાં જઈને દર્શન કરવા ઉભા ને રઘુવીરજી મહારાજ પંક્તિમાં લાડુ ફેરવતા હતા તે જોઈને શેઠના મનમાં એમ થયું જે, ''આવા સંત તો ક્યાંય નથી. કેમજે જમતાં જમતાં ભજન કરે પણ બીજું કાંઈ બોલે નહિ. માટે આ સંત ખરા.'' પછી બીજે દિવસે શેઠે માલપુડાની રસોઈ કરાવી ને રઘુવીરજી મહારાજ પીરસવા પધાર્યા ને સાધુ સર્વે ભજન કરતા જાય ને જમતા જાય; તે જોઈને શેઠ બહુ રાજી થયા ને પોતે બે દિવસ રહીને બ્રહ્મચારીને ચોકે જમ્યા ને રસોઈનો આંકડો ચુકાવીને મુંબઈ ગયા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૧૧૮)

• વડતાલ દર્શને આવતા ખાનદેશના સંઘની ભગવાન શ્રીહરિએ રક્ષા કરી :

એકવાર ખાનદેશનાં હરિજનો સંઘ કાઢીને વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવા સારુ સમૈયા ઉપર આવતા હતા. તે ચાલતા ચાલતા એકવાર રસ્તામાં ટીમણ કરવા બેઠા. તે ટીમણ કરીને નદીમાં પાણી ભરવા ગયા, પણ પાણી મળ્યું નહિ. તે વખતે વડતાલમાં શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું, ''ખાનદેશના હરિજનો આંહી આવે છે, તેણે રસ્તામાં ટીમણ કર્યા, પણ પીવા સારુ પાણી મળ્યું નથી તેથી અકળાય છે; તેને અમે પાણી બતાવા જઈએ છીએ''. એમ કહીને બ્રાહ્મણને વેષે હરિજનો પાસે ગયા ને કહ્યું, ''તમે નદીમાં શું ગોતતા હતા ?'' ત્યારે તે હરિજને જવાબ આપ્યો જે, ''આ બધા સંઘવાળાં માણસોએ ટીમણ કર્યા, પણ ક્યાંય પાણી મળતું નથી.'' ત્યારે તે બ્રાહ્મણ કહે, ''ચાલો હું તમને બતાવું.'' એમ કહી પાણી બતાવ્યું ને તુરંત અંતર્ધાન થઈ ગયા. પછી તે હરિજને સંઘનાં માણસોને કહ્યું, ''ચાલો પાણી ભરવા, હમણાં એક બ્રાહ્મણ પાણી બતાવી ગયો.'' ત્યારે સર્વે માણસોએ પાણીના લોટા ભરી લીધા ને પાણી પીને રાજી થયા.

પછી રાત્રીએ સુઈ ગયા ને સવારે ઉઠીને નદીમાં જ્યાંથી પાણી ભર્યું હતું ત્યાં નાહવા માટે ગયા ને જોયું તો પાણી ન મળે. પછી સહુ ચાલ્યા ને રસ્તામાં પાણી મળ્યું ત્યાં નાહ્યા ને પૂજા કરી ટીમણ કરીને પછી ચાલ્યા. તે ચાલતા થકા કેટલેક દિવસે વડતાલ આવ્યા ને લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરી સભામાં રઘુવીરજી મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું, ''તમે રસ્તામાં ટીમણ કર્યા ને પછી પાણી નહોતું મળતું, તે કોઈ બ્રાહ્મણે આવીને બતાવ્યું હતું ને ?'' ત્યારે હરિજનો બોલ્યા, ''હા મહારાજ! પણ તમને એ ખબર કેમ પડી ?'' ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, ''રાત્રીએ મને શ્રીજીમહારાજે દર્શન દઈને વાત કરી હતી જે, અમે ખાનદેશના હરિજનોને પાણી બતાવવા જઈએ છીએ.'' તે સાંભળીને હરિજનો સર્વે આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે, ''તે વખતે અમને ખરેખરું કષ્ટ આવ્યું હતું, પણ શ્રીજી મહારાજે અમારી રક્ષા કરી.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૨૮)

● વડતાલમાં આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ખંભાતના ગોવિંદભાઈનો શોક ટળાવ્યો :

એક વખત ગામ ખંભાતમાં ગોવિંદભાઈ હરિજન બહુ સારા હતા. તેનો એક દીકરો દેહ મેલી ગયો હતો. પણ તે દીકરાનો દીકરો એક દશ વર્ષનો હતો. ને તેમની ઉપર ગોવિંદભાઈને હેત પણ બહુ જ હતું, તે છોકરો કાંઈક મોટો થયો, ત્યાં તેને મંદવાડ થયો ને તેથી તે છોકરો પણ દેહ મેલી ગયો, તેને અગ્નિસંસ્કાર કરીને ઘેર આવ્યા, પણ ગોવિંદભાઈ તો તે છોકરાને સંભારીને રોયા કરે, એમ કરતાં બે માસ પછી વડતાલ લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવા ગયા ને દર્શન કરીને સભામાં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજનાં દર્શન કરીને પગે લાગ્યા ને જરા દિલગીર થઈ ગયા ને આંખમાં આંસુ આવી ગયાં, ત્યારે ભગવત્પ્રસાદજી મહારાજે પૂછ્યું, ''કેમ દીલગીર થયા ?'' ત્યારે ગોવિંદભાઈ બોલ્યા જે, ''દીકરાનો દીકરો એક જ હતો, ને તે દેહ મેલી ગયો, તે સાંભરી આવવાથી જરા દિલગીર થઈ જવાયું'' એમ કહીને સભામાં બેઠા. તે વખતે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે શ્રીજીનું ધ્યાન કર્યું. ત્યાં તો ગોવિંદભાઈને પોતાનો દીકરાનો દીકરો દેખાણો, ત્યારે ભગવત્પ્રસાદજી મહારાજ જરા હસ્યા ને ગોવિંદભાઈ પણ પોતાના છોકરાને જોઈને હસ્યા ને એક કલાક પછી સભા ઉઠી, તે વખતે છોકરે તેના બાપના બાપ ગોવિંદભાઈને કહ્યું જે, ''તમે વારંવાર મારે માટે દીલગીર શા સારુ થયા કરો છો ? હું તો દેહ મેલીને અક્ષરધામમાં ગયો છું ને ત્યાં હું બહુ સુખી છું. માટે તમે જરા પણ દિલગીર થાશો નહિ ને શોક કરશો નહિ.'' એટલું કહીને તે છોકરો અંતર્ધાન થઈ ગયો ને ગોવિંદભાઈનો શોક પણ મટી ગયો. પછી તે ઉતારે ગયા, ત્યારે તેમની સાથેના હરિજનો હતા, તેમણે પૂછ્યું જે, ''તમે સભામાં રાજી કેમ થયા હતા ? ને આચાર્ય મહારાજ પણ હસ્યા હતા ?'' ત્યારે ગોવિંદભાઈએ કહ્યું ''સભામાં મારા દીકરાનો દીકરો આવીને મારી પાસે ઉભો હતો, તેથી હું રાજી થયો ને આચાર્ય મહારાજ પણ તેથી જ રાજી થયા હતા.'' તે વાત સાંભળીને સહુ હરિજનો આશ્ચર્ય પામ્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૨૨૯)

સજની શ્રીજી મુજને સાંભર્યા રે
સં. ૧૮૮૮ (ઈ.સ. ૧૮૩૨)



ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વધામ પધારતા, સત્સંગરૂપી વટવૃક્ષને અકાળે પાનખર આવી હોય એવો સર્વને વજ્રઘાત થયો. છતાંય એ વિરાટ વટવૃક્ષ સર્વ સત્સંગીજનો માટે ઓથ છે. એના થડની ઓથે શ્રીહરિનાં સંભારણાં સાથે પ્રેમસખી જ્યારે ભાવલીન બની ગયા ત્યારે અનાયાસે અનરાધાર વહેતાં નયનનીરમાં ભીંજાઈને એમનું ભાવુક હૃદય રડી ઊઠ્યું : 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'

મહાકવિ ન્હાનાલાલે કહ્યું છે કે, 'સૂરજ ફરતી સૂરજમાળા અને ચંદ્ર ફરતી નક્ષત્રમાળ જેમ સહજાનંદ સ્વામી (ભગવાન શ્રી સ્વામિનારાયણ) ફરતી સંતમાળ સોહતી.' પરંતુ એમાં સંતમાળના સંતોની સંખ્યા એમણે જણાવેલી નથી. ભારતના એ વખતના વડા પાદરી હેબર, ખેડાના કલેક્ટર સાથે નડિયાદ મુકામે તા. ૨૬-૩-૧૮૨૫ના રોજ જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણને મળ્યા ત્યારે એમણે નોંધ કરી કે, 'swaminarayan had a number of sanskrit poets in his train' - સ્વામિનારાયણ પાસે સંખ્યાબંધ સંસ્કૃત ભાષાના કવિઓ હતા.' (એશિયાટિકના જર્નલ : પેજ નં. ૨, પેજ નં. ૧૪૩-૪૪; ઈન્ડિયન એન્ટીક્વરી, નવેમ્બર ૧૮૭૨નો અંક, પૃ - ૩૩૩-૩૬) એમ કહીને એમણે દાખલા તરીકે કવિઓનાં છ નામો ગણાવીને 'વગેરે બીજા' એવા શબ્દો ઉચ્ચારેલા હતા. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પાસે ચાર સંન્યાસી કવિશિષ્યો હતા. શ્રીમદ્ રામાનુજાચાર્ય પાસે ચાર મુખ્ય કવિશિષ્યો હતા. શ્રીમદ્ વલ્લભાચાર્ય પાસે અષ્ટ સખા કવિઓ હતા. આ જ રીતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે અષ્ટકવિ નંદસંતો વગેરે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના વિદ્વાન સંતો હતા.

આ દરેક કવિ વિશેષ પ્રકારની શૈલી અને લાક્ષણિકતા ધરાવતા હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી મહા સમર્થ ગર્ભયોગેશ્વર હતા. એમની કૃતિઓમાં વિનય, વિવેક અને દાસત્વભાવ પ્રધાનપણે વર્તાય છે. નિત્યાનંદ સ્વામીની કૃતિઓમાં જ્ઞાનની પ્રગલ્લભતા, શતાનંદ સ્વામીની કૃતિઓમાં સાગર જેવી અગાધ ગહનતા છતાં શાંત સરળતા, શુકાનંદ સ્વામીની કૃતિઓમાં સૌમ્યતા અને ઋજુતા અને મુક્તાનંદ સ્વામીની કૃતિઓમાં શાંત સરિતા જેવું અર્થગાંભીર્ય, બ્રહ્માનંદ સ્વામીનાં પદોમાં ઉલ્લાસ અને મસ્તીભર્યો સખાભાવ, નિષ્કુળાનંદ સ્વામીનાં પદોમાં તાણાવાણા જેમ વણાયેલી ઉત્કટ વૈરાગ્યભાવના, દેવાનંદ સ્વામીનાં પદોમાં દેહ અને જગતની નશ્વરતા દાખવતા ચાબખા, ભૂમાનંદ સ્વામીનાં પદોમાં વાત્સલ્યપૂર્ણ સ્નેહભાવ વર્તાય છે. આ બધા જન્મજાત પ્રાસાદિક કવિઓ હતા. આ સર્વમાં પ્રેમાનંદ સ્વામી આગવું સ્થાન ધરાવે છે. એમની કૃતિઓમાં પદે-પદે અલૌકિક પ્રેમની અમૃતધારા વહેતી જણાય છે. એ પ્રેમલક્ષણા ભક્તિના આદર્શ રસકવિ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેથી જ એમને પ્રેમસખી નામથી બોલાવતા હતા.

ઉપરોક્ત દરેક કવિ સંતોએ જીવનમાં એક નિયમ ધારેલો હતો; ભગવાન શ્રીહરિનાં લીલાચરિત્રો રોજ જાતે નિરખવાં, એનાં રોજ પદો બનાવવાં અને રોજ ગાન કરવું. એ બધા શીઘ્ર કવિઓ હતા. તેમાં પણ મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દયાનંદ સ્વામી વગેરે ઉચ્ચકોટિના સંગીતકારો પણ હતા. આ બધા કવિ-લેખકો પૈકી એક માત્ર મુક્તાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછી એ દોઢમાસમાં ધામમાં સિધાવ્યા હતા. એ સિવાય બીજા બધાએ યાવજ્જીવન એક નિયમ રાખ્યો હતો કે સવારે શણગાર આરતી

થાય એ વખતે યા એ અરસામાં મંદિરમાં જવું અને ભગવાન શ્રીહરિની મૂર્તિ સામે ધ્યાનસ્થ બેસવું ને કીર્તનોની રચના કરવી અને પછી મુક્તકંઠે ત્યાં જ એનું ગાન કરવું. એમના શિષ્ય સમુદાયમાંથી એકાદ જણ એ પદોની નોંધ એ વખતે જ લખી લેતા અને પછી એમને વાંચી સંભળાવીને મંજૂર કરવી લેતા. સભાઓ, ઉત્સવ વગેરે પ્રસંગે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી અને એકમાત્ર ભગવાનને પ્રસન્ન કરવાના હેતુથી જ્યારે પ્રેમાનંદ સ્વામી સારંગી યા સરોદ લઈને, બ્રહ્માનંદ સ્વામી સિતાર યા દિલરૂબા લઈને, દેવાનંદ સ્વામી તંબૂરો લઈને અને બ્રહ્માનંદ સ્વામી નરઘાં યા મૃદંગ લઈને સાથમાં-સમૂહમાં ગાન કરતા ત્યારે શ્રોતાજનો દિવ્ય ભક્તિભાવથી ડોલી ઊઠતા. દરેકને ત્યારે અપૂર્વ શાંતિ અને આનંદનો અનુભવ થતો હતો.

સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસે ભગવાન શ્રીહરિ સ્વધામ પધાર્યા. પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાન્નિધ્યમાં અનિમેષ નેત્રે શ્રીહરિની રસરૂપ મૂર્તિનો આસ્વાદ જેણે સતત પંદર વર્ષ સુધી રસ-લોભી ભ્રમરની પેઠે અનન્યભાવે માણ્યો હોય એ પ્રેમસખી પછી એ રસિક પ્રિયતમ વિના કેવી રીતે રહી શકે ? શ્રીહરિના ચીરકાલિન વિયોગમાં વિરહાકુળ પ્રેમાનંદ સ્વામી સજળનેત્રે ભગવાન શ્રીહરિને સંભાર્યા કરતા. એમનું વ્યથિત હૈયું હંમેશાં ગાયા કરતું 'પ્યારે બિસરત નાહિ બિસારે..' એ પ્રિય મૂર્તિ તો વીસરી વિસરાતી નથી. શ્રીહરિના સાન્નિધ્ય વિના હવે પળવાર પણ ગોઠતું નથી. રહેવાય નહિ અને સહેવાય નહિ એવી એ સ્થિતિ હતી. ભગવાન શ્રીહરિના સામીપ્યમાં ગાળેલી એ યાદગાર ક્ષણોનાં સ્મરણમાં જ પ્રેમાનંદ સ્વામી દિવસો ટૂંકા કરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા તે પછી પ્રેમાનંદ સ્વામી ગઢડાને છોડીને અન્યત્ર ક્યાંય જતા નહિ. સવારે શણગાર આરતી પછી શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ સામે, સારંગી હાથમાં લઈ તેઓ બેસતા અને ઓછામાં ઓછી એક ચોસર (એટલે કે ચાર પદવાળું એક કીર્તન)ની તત્કાળ રચના કરી ગાન કરતા. કેટલીક વખત બે ચોસર પણ ગાતા. પછી આખો દિવસ એ કીર્તનની પ્રેમમસ્તીમાં મગ્ન રહેતા. સવારે કીર્તનગાન કરતી વખતે એ સારંગી વગાડતા; એ પછી આખો દિવસ એને અડતા નહિ.

સં. ૧૮૮૭ના મહા માસમાં જ્યારે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ગઢડામાં લક્ષ્મીવાડીમાં નાનું મંદિર કરાવીને તેમાં ભગવાન શ્રીહરિનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી ત્યારે જે સભા થઈ હતી તેમાં પ્રેમાનંદ સ્વામી હાજર હતા. સભા પૂર્ણ થયા પછી આચાર્ય મહારાજશ્રીએ સ્વામીને પોતાની સાથે મંદિરમાં પોતાને ઉતારે લઈ ગયા. બીજી થોડી વાતચીત કર્યા પછી આચાર્ય મહારાજશ્રીએ એમને વડતાલ આવવાનું કહ્યું. મહારાજશ્રીની આજ્ઞા સાંભળીને સ્વામી વિચારમાં પડી ગયા.

"સ્વામી ! કેમ વિચારમાં પડી ગયા ?" મહારાજશ્રીએ સચિંત સ્વરે પૂછ્યું.

"મહારાજશ્રી ! આપની આજ્ઞાનું પાલન કેવી રીતે કરવું એનો વિચાર કરું છું." સ્વામીએ મંદ સ્વરે કહ્યું.

"વડતાલ આવવામાં વિચાર શું કરવાનો હોય ?" મહારાજશ્રીએ આશ્ચર્ય દાખવતાં પ્રશ્ન કર્યો.

"મહારાજશ્રી ! પ્રાણ જાય અને દેહ રહે એવું જગતમાં ક્યાંય જોયું નથી કે સાંભળ્યું નથી, પણ મારા જીવનમાં તો એ અશક્ય વાત શક્ય બની છે. પ્રાણઆધાર ભગવાન શ્રીહરિ સ્વધામ સિધાવ્યા અને હું હજી અહીં રહ્યો છું. આ માટે હું જાણું છું, સમજું છું કે મહારાજની ઈચ્છા જ કારણભૂત છે. પણ દેહ રહે ત્યાં સુધી આ દરબાર અને આ મંદિર છોડીને બીજે ક્યાંય જવાની અંતરમાં ઈચ્છા જ થતી નથી." પ્રેમાનંદ સ્વામીએ કહ્યું.

"સ્વામી ! તમારી વાત સાચી છે પણ તમારી પાસે તો મહારાજ સદા પ્રગટ બિરાજે છે. તમે એ આનંદમાં જ રહો છો. પણ વડતાલ આવવાનું મેં જુદા કારણે કહ્યું હતું. દર પ્રબોધિની એકાદશીને દિવસે આશ્રિતોએ દર્શન કરાવા માટે વણતેડ્યે વડતાલ આવવાની મહારાજે આજ્ઞા કરેલી છે. એ આજ્ઞાનું પાલન થાય અને શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન થાય એ દૃષ્ટિએ મેં તમને વડતાલ આવવાનું કહ્યું હતું." મહારાજશ્રીએ કહ્યું.

"મહારાજ ! આપ યોગ્ય જ કહો છો. આપની આજ્ઞા પ્રમાણે આ કાર્તિકી સમૈયા ઉપર હું જરૂર વડતાલ આવીશ." સ્વામીએ હાથ જોડીને કહ્યું.

•

સં. ૧૮૮૮ના કાર્તિકી સમૈયાનો પ્રસંગ આવ્યો. હજારો સત્સંગીઓ સમૈયા પર વડતાલ આવ્યા હતા. સ્વામી પણ એ પ્રસંગે ગઢડાથી વડતાલ આવ્યા હતા. લગભગ પંદરથી વીસ હજાર સત્સંગીઓનો સમુદાય મળેલો હતો. દેવોના પ્રતિષ્ઠોત્સવનો વાર્ષિક પાટોત્સવવિધિ પૂર્ણ થયા પછી, મંદિર પાછળ આવેલા ચોકમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી એક સભા ભરવામાં આવી. મહારાજશ્રીની ગાદીવાળી પાટની સામે જ, ખાસ આસન ઉપર પ્રેમાનંદ સ્વામીને બેસાડવામાં આવ્યા હતા. આશ્રિતજનોથી

ચોક હકડેઠઠ ભરાઈ ગયો હતો. ઉપર હવેલીમાં અ.સૌ. ગાદીવાળા સાથે સ્ત્રીભક્તો બેઠી હતી; મહારાજશ્રીએ સ્વામીને કીર્તનગાન કરવાનું કહ્યું. સ્વામીએ એ આજ્ઞા શિસાવંદ્ય કરી પોતાના હાથમાં સારંગી લીધી. સારંગીમાંથી ધીમે ધીમે ગરબીના કરુણ સ્વરો રેલાવા લાગ્યા. સ્વરમાં ભગવાનના વિરહની વેદના વ્યક્ત થતી હતી.

સ્વામીના કંઠમાંથી ધીમે ધીમે શબ્દો વહેવા લાગ્યા :

'સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હેડે હરખ રહ્યો ઉભરાય...સજની૦'

સ્વામીના કંઠમાંથી એકવખત આ પંક્તિઓ વહેતી થઈ અને બીજી વખત વહેતી થઈ ત્યારે અંતરમાં મહારાજનું દર્શન થતાં જ હૃદયમાં હર્ષ થયો. પણ તે પછી તરત જ એ ભૌતિક રીતે અંતર્ધાન થયા છે એ ખ્યાલ આવતાં જ્યારે એ પંક્તિના સ્વરો ત્રીજી વખત કંઠમાંથી બહાર નીકળ્યા ત્યારે અંતરમાં પ્રબળ બનેલી વિરહવ્યથા એમની આંખમાંથી આંસુરૂપે વ્યક્ત થવા લાગી. બંને ગાલ ઉપરથી અશ્રુઓ ધારારૂપે નીચે સરવા લાગ્યાં. ભીને અવાજે સ્વામીએ બીજી પંક્તિ ગાઈ :

'નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય...'

વિરહની વેદનાથી આકુળવ્યાકુળ થયેલાં સ્વામીનાં ચક્ષુ સામે મહારાજ વળી પ્રત્યક્ષ થયા. ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન થતાં જ, સ્વામી વિરહની વેદના ભૂલી ગયા. શરીરની બહાર અને અંદર આનંદ વ્યાપી ગયો. તેઓ મહારાજના અંગોઅંગને નીરખવા લાગ્યા અને એમના મુખમાંથી દ્વિભુજ દિવ્ય સદા સાકાર ભગવાન શ્રીહરિના અંગનું વર્ણન કરતા સુંદર શબ્દો વહેવા લાગ્યા :

સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ;
સુંદર કરતા લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરખાં વેણ...સજની૦૨
શી કહું શોભા અંગોઅંગતણી રે, નિરખી લાજે કોટિક કામ;
હસતા હસતા હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ...સજની૦૩
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસીયાં કોઈ વાર;
ગુચ્છ કલંગી તોરા ખોસતા રે, ગજરા બાજુ ગુલાબી હાર...સજની૦૪

ભગવાન શ્રીહરિનાં અંગોને નીરખીને આટલું વર્ણન કર્યા પછી, વળી થોડી વિસ્મૃતિ થઈ, એટલે વળી પાછી અંતરવેદના શરૂ થઈ અને રડતી આંખે અને વ્યાકુળ ચિત્તે પ્રેમાનંદ સ્વામી વિનંતી કરવા લાગ્યા :

એ છબી જોવા તલપે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન;
એ હરિ મળવાને હૈડું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ...સજની૦૫

પ્રીતમ પ્રાણના મુખનું અનિમેષ નયને પાન કરી રહેલી મુગ્ધા પ્રિયતમા, આનંદથી ઊભરાતે સ્વરે સ્વામીએ બીજું પદ ગાવા માંડ્યું :

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર; મનડું૦
તરુણ મનોહર મૂર્તિ નાથની રે, રાજીવ લોચન જોબનપુર...મનડું૦ ૧
સોળે ચિહ્ન સહિત અતિ શોભતી રે, સુંદર ચરણકમળની જોડ;
હળવી રહીને હેતે ચાંપતી રે, ક્યારે હવે પૂરશે મનના કોડ...મનડું૦ ૨
પિંડી જાનું નિત્ય નિરખતી રે, રૂડા સાથળ ચિહ્ન સહિત;
શ્યામ કટિ જોઈ જાદવરાયની રે, નિત્ય નિત્ય નૌતમ ઉપજે પ્રીત...મનડું૦ ૩
ઊંડી નાભી કમળ સરીખડી રે, ત્રિવળી નિરખી ઉદર માંય;
છાતી ઉપડતી અતિ ઓપતી રે, હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય...મનડું૦ ૪
મુખની શોભા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણચંદ;
નાસા નેણ ભ્રુહ જોઈ ભાલને રે, જાય બલિહારી પ્રેમાનંદ...મનડું૦ ૫

બીજું પદ પૂરું થયું ત્યારે સ્વામી શરીરની સ્મૃતિ ભૂલી ગયા, વડતાલનું સભાસ્થાન ભૂલી ગયા. એમનાં અંતર્ચક્ષુ સમક્ષ, ગઢડાનગરના આવેલા દાદાખાચરના દરબારનું દૃશ્ય સજીવન બન્યું; ભગવાન શ્રીહરિ ત્યાં નિત્યલીલા-નિત્યચર્ચા કરી રહેલા હોય તેવા દર્શન થયા. શ્રોતાઓ પણ દેહદશા ભૂલી ગયા. મહારાજ પોતાની નજર સમક્ષ જ નિત્યચર્ચાની ક્રિયાઓ કરી રહ્યા છે એવા બધાને અનુભવ થવા લાગ્યા. મહારાજની નિત્યચર્ચા જોતા જાય છે. સ્વામીના કંઠમાંથી મધુર છતાં કંપતે સ્વરે, ત્રીજા પદના શબ્દો વહેવા લાગ્યા :

સજની નિમખ ન વિસરે નાથજી રે, નિત્ય નવા તરૂણપણાના ખેલ; સ૦
આ ઓસરીયે આવી બેસતા રે, આ ઢોલીડે નટવર છેલ...સજની૦૧
આ તકિયો તે વાંસે મેલતા રે, આ માળા ફેરવતા શ્યામ;
ગાતા ગોઠીડાના સાથમાં રે, ઘેરે સાદે પૂરણકામ...સજની૦૨
આ મોજડિયું વહાલો પહેરતાં રે, આ છડી લેતા કરવરમાંય;
આ પાદુકા પે'રી આવતા રે, મારે મંદિર મુનિના રાય...સજની૦૩
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે, માણકી મતવાલી મહારાજ;
સંતની સભા કરી આંહી બેસતા રે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ...સજની૦૪
કીર્તન મુનિવરને ગવરાવતા રે, ભેળા ગાતા સહજાનંદ;
એવા ધર્મકુંવર હરિ ઉપરે રે, તન મન વારી પ્રેમાનંદ...સજની૦૫

સ્વામીના કંઠમાંથી જેમ જેમ કરુણરસ ભર્યા ઉપરોક્ત પદના શબ્દો નીકળતા ગયા તેમ તેમ શ્રોતાઓનાં અંતર્ચક્ષુ સમક્ષ દાદાખાચરના દરબારની ઓસરી, ઢોલિયો, તકિયો, માળા, મોજડી, છડી, પાદુકા, ફળિયું, માણકી ઘોડી ઉપર બિરાજતા ભગવાન શ્રીહરિ, સંતો સાથે કીર્તન ગાઈ રહ્યા છે એવું અદ્‌ભુત દર્શન તાદૃશ્ય બનતું ગયું. પદ ગાઈ રહેલા સ્વામી અને તે સાંભળી રહેલા નાના-મોટા સર્વ શ્રોતાજનો અલૌકિક આનંદથી ભાવવિભોર થઈ ગયા. એકબાજુ મહારાજને નિત્યચર્યા કરતાં પ્રત્યક્ષ દર્શન કરવાનો અને બીજી બાજુ મહારાજ શારીરિક રીતે અંતર્ધાન થયા છે એ સ્મૃતિજ્ઞાનને પરિણામે ઊપજતી વેદના - બંનેના વિચિત્ર મિશ્રણને કારણે, સર્વની આંખમાં આંસુ અને મુખ ઉપર શોકનાં ચિહ્નો વર્તાતાં હતાં અને જ્યારે તન અને મનની એવી નાજુક સ્થિતિ વર્તતી હતી ત્યારે સ્વામીએ દર્દભર્યા સ્વરે ચોથું પદ ગાયું :

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઊંડા અંતર માંય; લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતા રે, તે સંભારી બહુ દુઃખ થાય. લટકાં૦ ૧
આ સજ્યા તે શ્રી મહારાજની રે, આ બાજોઠે બેસતા લાલ;
આ ઠેકાણે ના'તા નટવરજી રે, લુતા અંગ કર લઈ રૂમાલ. લટકાં૦ ૨
આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધવિધના પકવાન;
સુંદર શાક કરી વંતાકના રે, જમીને દેતા પ્રસાદી કહાન. લટકાં૦ ૩
આ ખળખળિયે ના'તા નાથજી રે, નાહીને હરિજન મુનિ લઈ સાથ;
આવતા માણેકચોકમાં મલપતાં રે, પુરજન થાતાં જોઈ સનાથ. લટકાં૦ ૪
વહાલો બેસતા જઈ ફૂલ બાગમાં રે, પહેરતા ગજરા ગુલાબી હાર. લટકાં;
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં૦૫

પ્રેમાનંદ સ્વામી જેમ જેમ ગાતાં જાય તેમ તેમ સભા સમક્ષ, શ્રોતાજનોનાં આંતરમન સમક્ષ ભગવાન શ્રીહરિની શય્યા દેખાતી, બાજોઠ ઉપર મહારાજ બિરાજમાન છે તેવાં દર્શન થતાં હતાં, ત્યાં બેસીને સ્નાન કરતા દેખાતા, સ્નાન કરીને રૂમાલથી અંગ લૂંછતા જણાતા, પાટલા ઉપર બેસીને જમતા દેખાતા તો વળી વૈતાંકનું સુંદર શાક બનાવતા દેખાતા, જમીને પાસે બેઠેલા ભક્તજનોને પ્રસાદી આપતા જણાતા, ઉન્મત્ત ગંગામાં ખળખળિયામાં સંતોની સાથે જળક્રીડા કરતા દેખાતા, પછી સ્નાન કરીને સંતો સાથે માણેકચોકમાં થઈને મંદિર (દરબાર)માં આવતા દેખાયા અને સુંદર સુગંધી પુષ્પના હાર, ગજરા અને તોરા ધારણ કરીને બાગમાં બિરાજમાન છે તેવા દર્શન થતા હતા.

સ્વામીની પ્રેમલક્ષણા ભક્તિ આ રીતે ભગવાન શ્રીહરિને નીરખતાં પરાકાષ્ઠાએ પહોંચી ગઈ અને પ્રેમવિયોગિની જેમ વિરહવેદનાથી ચિત્કાર કરી ઊઠે તેમ, સ્વામીએ અતિ તીવ્ર કોમળ સ્વરે ગાયું :

જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર.

છેલ્લી પંક્તિ સ્વામીએ એકવાર અતિ તીવ્ર સ્વરે ગાઈ; પણ બીજી વખત જ્યારે એ દોહરાવી ત્યારે સ્વરમાં એકદમ મંદતા આવી ગઈ અને ત્રીજી વખત દોહરાવતાં એ પંક્તિ ત્રુટક બની ગઈ અને આખરે મુખ અને જિહ્વા વાટે પાછી ફરી અંતરમાં સમાઈ ગઈ. સ્વામી સભામાં જ મૂર્છા પામી ગયા. શ્રોતાજનોની આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. મોટા ભાગના શ્રોતાજનો તો ડૂસકાં

ભરવા લાગ્યા. સભામાં સર્વત્ર કરુણ સ્તબ્ધતા વ્યાપી ગઈ. થોડીવાર પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પ્રથમ સ્વસ્થ થયા. એ જાતે ગાદી ઉપરથી ઊભા થયા, અને સ્વામી પાસે જઈને પોતાના ખેસ વડે પવન નાખવા લાગ્યા. થોડીવારે સ્વામી જાગ્રત થયા. આચાર્ય મહારાજશ્રીને ખેસ વડે પવન નાખતા જોઈને તેઓ તરત જ બેઠા થયા - સ્વસ્થ થયા.

સ્વામીએ બે હાથ વડે મહારાજશ્રીને ચરણસ્પર્શ કરીને વંદન કર્યા અને પછી હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! મારા ઉપર બહુ દયા કરી. આ શરીરને આપ આ રીતે પવન નાખો એ શોભે નહિ. આપ પાટ ઉપર, ગાદી ઉપર બિરાજો.''

આચાર્ય મહારાજશ્રી તરત જ ઊભા થયા અને સ્વામીને સાથે લઈને ધીમે ધીમે પગલે હવેલી તરફ ચાલવા લાગ્યા. શ્રોતાજનોના ભારે થયેલાં હૈયાં, આ દરમ્યાન કંઈક હળવાં થયાં હતાં. દરેકજનો બે હાથ જોડીને સજળ નયને એ બંનેને હવેલી તરફ જતા જોઈ રહ્યા. એ બંનેની આગળ, ભગવાન શ્રીહરિ મલપતી ચાલે ચાલતા હોય એવું દશ્ય સર્વને નયનગોચર થયું. સર્વના અંતરમાં આનંદની સરવાણીઓ વહેવા લાગી.

આ પ્રસંગે હાજર રહેલ એક સત્સંગીએ પોતે નજરે નિહાળેલી આ પ્રસંગની અસરકારકતાને શ્રી ઈશ્વરભાઈ મશરૂવાળાએ 'પ્રેમાનંદ સ્વામીના જીવન ચરિત્રની ઝાંખી' નામના લેખમાં આ પ્રમાણે આલેખી છે :

''તેમના સુમધુર કંઠમાંથી નીકળતાં છાતીને ફાડી નાખનારાં આ વિરહનાં પદોએ, જેમ જેમ સ્વામીના સૂરની ગતિ વધતી ગઈ તેમ તેમ ત્યાં બેઠેલા અને ઊભેલા શ્રોતાઓનાં હૃદય ચિરાવા લાગ્યાં અને અશ્રુની ધારા બેય ચક્ષુ દ્વારા વહેવા લાગી. હાજર રહેલા આબાલ વૃદ્ધજનોમાંથી કોઈનાં પણ નેત્રો અશ્રુ સાર્યા વગરનાં રહેલાં નહિ. અને ચારે પદ પૂર્ણ કરતા પહેલા જ સ્વામી તો નિશ્ચેષ્ટ થઈને ધરણી ઉપર ઢળી પડ્યા હતા.''

ત્યારબાદ આ ગરબીઓ પ્રેમાનંદ સ્વામીએ અમદાવાદ મંદિરમાં પણ પ્રસંગોપાત ગાઈ હતી અને ત્યાં એકઠા થયેલા હજારો સત્સંગીજનોનાં નેત્રોમાંથી અશ્રુ પ્રવાહ વહ્યો હતો. એની સ્વાનુભૂત નોંધ કવીશ્વર દલપતરામે લીધી છે.

●●

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના વિયોગે વિરહાકુળ થઈ અંતરના આવેગને જ્યારે ખાળી નથી શકતા ત્યારે એમની વિરહવ્યથાને વાચા ફૂટે છે અને રચાય છે એક કરુણ પ્રશસ્તિ ગાન !

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય;
નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય.

ભગવાન શ્રીહરિની વિરહની વસમી વ્યથાને હળવી કરવા સ્વામી એ હૃદયસ્થ મૂર્તિને સંભારે છે, એ મૂર્તિ સાથે સંકળાયેલી સઘળાં પ્રસંગો-ચીજો-વસ્તુઓને સંભારે છે અને બધાને સંભારી તેની સાથે જડાયેલી ભગવાન શ્રીહરિની ચેષ્ટાઓને પોતાના સ્મૃતિજળનો અર્ઘ્ય અર્પે છે. મહારાજના સ્મરણમાત્રથી જ સ્વામીના હૈયે હરખ ઊભરાય છે, પણ બીજી જ પળે વિરહના વાસ્તવ ભાન સાથે જ સ્વામીનાં નેત્રે આંસુઓની ધારા વહે છે અને એમનું અંતર વ્યાકુળ બને છે. વિરહી પ્રેમી દ્વારા અનુભવાતી દ્વિવિધ ભાવોર્મિઓને સ્વામીએ બે જ પંક્તિમાં કેવી ચોટદાર અભિવ્યક્તિ આપી છે !

ભગવાન શ્રીહરિ મોટેભાગે શ્વેત વસ્ત્રો જ ધારણ કરતા હતા. કોઈક વાર ભક્તોના અત્યાગ્રહને વશ થઈને જરકસિયાં વસ્ત્રો પહેરતા. આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ ખાસિયતો પણ પ્રેમસખી આ પ્રસંગે ભૂલતા નથી.

સ્વામીના હૈયાફાટ વેદનાસિક્ત સ્વરો પથ્થરને પણ પિગળાવે એવો છે.

સામાન્ય રીતે પ્રિયપાત્રનું મૃત્યુ થતાં એનો વિરહ શુદ્ધ કરુણમાં પરિણમે છે. પરંતુ મરણોત્તર મિલનની આશા રહે તો એ કરુણાત્મક વિયોગશૃંગાર ગણાય છે. પ્રસ્તુત વિયોગની ગરબીમાં પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણના અંતર્ધાન પછીના મિલનની અભિલાષા સેવે છે એટલે એ કરુણાત્મક વિયોગશૃંગાર ગણાય. આ વિરહનું કીર્તનપદ સંપ્રદાયમાં ખૂબજ પ્રચલિત છે.

('પ્રેમસખી પ્રેમાનંદ' : પૃષ્ઠ-૨૫૪, લેખક - શ્રી હરિપ્રસાદ ઠક્કર)

●●●

વડતાલમાં અનોખો જ્ઞાનયજ્ઞ : પ્રથમ સત્સંગ છાવણી સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૫)

❁ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્સંગ છાવણીની અદ્‌ભુત પરંપરાની વડતાલથી શુભારંભ :

રઘુવીર ગુરુ જ્ઞાનયજ્ઞ કીધો, જશ જગ માંહિ અખંડ એહ લીધો;
સ્મૃતિ મુજ મનમાં સદા રહેજો, દરશન શ્રીહરિ તે સમેત દેજો.

સં. ૧૯૧૨ના અધિક અષાઢ માસમાં આરંભાયેલી ચાતુર્માસની શ્રીમદ્‌ સત્સંગિજીવન કથા છાવણીની પૂર્ણાહુતિ સં. ૧૯૧૨ના કાર્તિક સુદ પૂનમના દિવસે થઈ હતી. શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ સૌપ્રથમવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નેતૃત્વમાં આવો શ્રીમદ્‌ સત્સંગિજીવન ગ્રંથની છાવણીનો મહોત્સવ થયો. વડતાલમાં ચાર મહિના સુધી થયેલ કથાવાર્તાના પડઘંદા સમગ્ર સત્સંગમાં ગાજવા લાગ્યા. અને ત્યારથી જ સંપ્રદાયમાં સત્સંગ છાવણીની પરંપરા શરૂ થઈ.


મહા ધર્મધુરંધર ધીર, આચારજજી જે શ્રીરઘુવીર; તેણે વરતાલ ધામ મોઝાર, જ્ઞાનયજ્ઞ કર્યો એકવાર.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૯)

સં. ૧૯૧૧ની સાલ (અષાઢી વર્ષ મુજબ) પૂર્ણ થવા આવી રહી છે, શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી સત્સંગનો સંપૂર્ણ ભાર તેમના અનુગામી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે સંભાળી લીધો છે. તેમનામાં રહીને ભગવાન શ્રીહરિ સત્સંગના ખૂબ ખૂબ રૂડા કાર્યો કરે છે. સત્સંગમાં શ્રીજીમહારાજ સમકાલીન જેવું દિવ્ય સુખ સૌને મળે છે. સત્સંગબાગ નંદનવન જેવો ખીલ્યો છે.

સંપ્રદાયની પુષ્ટિને કાજે, સ્થાપ્યા આચારજો મહારાજે; તેમાં ધર્મધુરંધર ધીર, આચારજજી જે શ્રીરઘુવીર.
તેણે સતસંગ ખૂબ શોભાવ્યો, ખીલે બાગ તે રીતે ખિલાવ્યો; કર્યા મંદિર મૂર્તિયો ધરી, રચ્યા ગ્રંથ ને ટીકાઓ કરી.
સતસંગનિ શોભા વધારી, વાહવાહ કહે નરનારી; બેય દેશમાં એહ પ્રમાણ, રઘુવીરનાં થાય વખાણ.
સત્યવાદિપણું એવું ધરે, બોલ્યા વચન તે કદિયે ન ફરે; પરધર્મિયો પણ એહ ટાણે, રઘુવીરને સર્વ વખાણે.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૯)



આચાર્ય મહારાજશ્રીએ પોતાના જ્ઞાન, ધ્યાન, તપ-ત્યાગાદિ શુભ ગુણોયુક્ત જીવન દ્વારા સત્સંગની ખૂબ શોભા વધારી છે. સમગ્ર સત્સંગમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની સુવાસ પ્રસરી ગઈ છે. ઠેર-ઠેર ગામોગામ વસતા હરિભક્તોને ઘેર ઘેર પધરામણીઓ કરીને આચાર્ય મહારાજશ્રીએ સૌના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મંદિરો નવનિર્માણ કરાવીને તેમાં શ્રીજીમહારાજની મૂર્તિઓ પધરાવી, અનેક ગ્રંથોની રચના તેમજ ટીકાઓ કરી. બંને દેશમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સદ્‌ગુણોના વખાણ થઈ રહ્યા હતા. સત્સંગમાં સોનલવર્ણો સૂર્ય બરાબર તેજાયમાન થયો હતો. મતપંથોમાં પણ સત્સંગની કીર્તિ ખૂબજ ગવાતી હતી. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય જીવન અને કાર્યોથી પરોક્ષના આચાર્યશ્રીઓના હૃદયમાં પણ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પ્રત્યે સન્માનની લાગણી થતી. આચાર્ય મહારાજશ્રીના નેતૃત્વ હેઠળ સંપ્રદાયમાં સૌ સંતો-હરિભક્તોને સુખેથી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન થતું હતું.

એક દિવસની વાત છે. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પ્રાતઃકાળે ઊઠીને સ્નાનાદિક નિત્યવિધિ કરીને મંદિરમાં દર્શન કરવા પધાર્યા હતા. હરિમંડપમાં દર્શન કરીને ત્યાં ધ્યાન કરવા માટે બિરાજમાન થયા. તે જ સમયે શ્રીજીમહારાજની પ્રેરણાથી તેઓશ્રીના હૃદયમાં એક દિવ્ય સંકલ્પ થયો કે, ''સંપ્રદાયની પુષ્ટિ અને વૃદ્ધિ માટે શ્રીજીમહારાજે અમોને પોતાની ગાદી સોંપી છે. સત્સંગની શોભા વધારવા માટે અમોને છાજે તેવા તમામ કાર્યો અમે કર્યા છે. જેનાથી શ્રીજીમહારાજનો અમારા ઉપર રાજીપો થાય. પરંતુ એક કાર્ય મેં નથી કર્યું જે હવે કરવાનો સમય આવ્યો છે. ભગવાન શ્રીહરિના પ્રસાદિભૂત તીર્થધામ વડતાલમાં ચાતુર્માસના ચાર મહિના સુધી સંપ્રદાયના તમામ સંતો તથા સત્સંગીઓને બોલાવીને શ્રીજીમહારાજનું વાઙ્મય સ્વરૂપ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથરાજની પારાયણ કરાવવી છે. જેનાથી સત્સંગ-સંપ્રદાયની પુષ્ટિ થાય.''

સંપ્રદાયની પુષ્ટિને કાજ, સંપ્રદાય શોભાવાને આજ; મને ગાદિ સોંપી મહારાજે, કર્યું મેં મુજને જેમ છાજે.
હવે તો એક ઈચ્છા છે ઘણી, કથા સત્સંગિજીવન તણી; કરાવું આંહી ચાતુર માસ, સુણે સૌ સંત ને હરિદાસ.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૯)

આ જ વાતને 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં શ્રી રઘુવીરજી મહારાજ સ્વમુખે વર્ણન કરતા લખે છે :

राजन् स इत्यखिलदेशिकलक्ष्मशाली सम्प्रेरितो भगवतेत्यकरोद्विचारम् । आहूय सज्जनगणान् गृहिणश्च भक्तान् सत्सङ्गिजीवनकथां प्रविधापयेऽहम् ।। कार्या मया शुभमहोत्सव एष एव तत्राऽऽगताः सकलसाधुजना विचित्रैः । भोज्यैर्वरैरनुदिन ननु भोजनीयाः पक्वाम्रस त्फलरसैर्बहुशर्कराज्यैः ।। सम्भावना निखिलभक्तजनव्रजानां प्रीत्या यथार्हमनिशं हि विधापनीया । पात्रेन्धनान्नमुखमीप्सितवस्तु देयं तेभ्यो भवेयुरखिलाः सुखिनो यथा ते ।। एवं कृते सति भवेद् विशदाशयानामैकान्तिकाखिलसतां प्रचुरः प्रसङ्गः । सत्सङ्गिजीवनकथाश्रवण ाज्जनानां सौख्यं हरिस्मरणवीक्षणजं च भूयः ।। श्रेयो भविष्यति तथा बहुदेहभाजां तस्मान्मया पुरुतरद्रविणव्ययेन । कार्यो महोत्सव उत क्षणभङ्गुरत्वात् कायस्य धर्मकरणे न विलम्बनीयम् ।।

''હું સમગ્ર મુનિઓને તથા ગૃહસ્થાશ્રમી ભક્તોને બોલાવીને સત્સંગિજીવનની કથા કરાવું; મારે સત્સંગિજીવનની કથાનો એ શુભ મહોત્સવ કરવો, તેમજ ઉત્સવમાં આવેલા સમગ્ર સાધુજનોને નાના પ્રકારના ઉત્તમ ભોજનો તથા પાકેલી કેરીના રસમાં બહુ ઘી તથા સાકર નાંખીને જમાડવા; વળી તે સમગ્ર ભક્ત જનોના સમૂહની સંભાવના પણ મારે નિરંતર પ્રીતિપૂર્વક યથાયોગ્ય કરાવવીઃ સમગ્ર ભક્તજનોને આ પ્રસંગે રસોઈ માટે વાસણો તથા પાત્રો, લાકડાં તથા ઘઉંનો લોટ, સુંદર ડાંગરના ચોખા તથા ઉત્તમ દાળ વગેરે તેમની ઈચ્છા પ્રમાણે આપવાં; સત્સંગિજીવનની કથા નિમિત્તનો એ પ્રકારનો મહોત્સવ કરવાથી અતિ નિર્મળ અન્તઃકરણવાળા, એકાંતિક સમગ્ર સાધુજનોનો મને ઘણો પ્રસંગ થશે. અને ભક્તજનોને ભગવાનનું સ્મરણ તથા દર્શનથી ઘણું સુખ પણ થશે. વળી આ મહોત્સવ કરવાથી ઘણાં પ્રાણિઓનું પણ કલ્યાણ થશે. એટલાજ માટે મારે આ મોટો ઉત્સવ પુષ્કળ દ્રવ્ય વાપરીને કરવો. આ શરીર ક્ષણભંગુર હોવાથી આ ધર્મકાર્યમાં વિલંબ કરવો નહીં.''

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧/૬/૧૮ થી ૨૨)

આવો સંકલ્પ કરીને આચાર્ય મહારાજશ્રી પોતાના નિવાસસ્થાને પધાર્યા. અને ગોપાળાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુ સંતોને પોતાની પાસે બોલાવ્યા અને પોતાને અંતરમાં સ્ફુરાયમાન થયેલ દિવ્ય સંકલ્પની વાત કરી.

સંતોએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સંકલ્પને જયનાદની સાથે વધાવી લીધો.

આચાર્ય મહારાજશ્રીએ કહ્યું : ''ચાર માસ સુધી છાવણી ચાલશે. માટે દેશોદેશથી સંતો-હરિભક્તોને તેડાવવા છે. પરંતુ ચારેચાર મહિના બધાજ સંતો અહિં રોકાય તો મંદિરોની વ્યવસ્થામાં અડચણ થાય તેથી અડધા સંતોને પહેલા બોલાવવા. બે મહિના પછી

તેઓ પાછા પોતપોતાના ગામડાઓમાં જાય અને બાકી રહેલા બીજા સંતો પછીના બે મહિના છાવણીનો લાભ લેવા પધારે. માટે ગામડાઓના મંદિરોની પણ સુવ્યવસ્થા જળવાઈ રહે.

સત્સંગિજીવનની છાવણી જ્યાં સુધી ચાલે અને જેટલા સંતો-હરિભક્તો આવે તેટલા તમામ સંતો-ભક્તોને અમારા તરફથી રસોઈ આપવી છે.''

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના આ સંકલ્પને સાંભળીને પણ સદ્‌ગુરુ સંતો રાજી થઈ ગયા.

મહારાજશ્રી આવી રીતે પોતાના નિર્મળ સ્વભાવથી સંતો-હરિભક્તોને ખૂબ સાચવતા અને મહારાજશ્રીના આવા મહિમાસભર જીવનથી જ સંતો-ભક્તો અને મહારાજશ્રી વચ્ચે હેત-પ્રેમનો સેતુ અખંડ જળવાઈ રહેતો.

મહારાજશ્રીની પ્રેરણાથી સહુ સંતોને પણ આ છાવણીનો ખૂબજ ઉત્સાહ હતો. આચાર્ય મહારાજશ્રીએ સહુ સંતો-ભક્તોની સભા બોલાવીને છાવણીની પૂર્વ તૈયારી માટે કોને કોને કઈ કઈ સેવા સંભાળવી તે વિષે જણાવ્યું.

- હસનભાઈએ કોઠારીપદ સંભાળવું, માલ-સામાન જે જોઈએ તે બહારથી મંગાવી આપવો.
- અક્ષરાનંદ સ્વામી તથા નારાયણાનંદ વર્ણીએ છાવણીમાં જે સંતો આવે તેમને ઉતારા અપાવવા.
- ડભોઈના કરુણાશંકર તથા નડિયાદના દાનતરામે છાવણીમાં આવનારા હરિભક્તોને ઉતારા અપાવવા.
- માધવાનંદ વર્ણીએ બ્રહ્મચારીઓની પાકશાળા સંભાળવી.
- સાધુ નારાયણદાસે સંતોની પાકશાળા સંભાળવી.
- શિવચંદ્ર અને ગોવર્ધનભાઈએ મોદીખાનું સંભાળવું.
- હરિલાલભાઈએ નાણાંની આવક-જાવકનો હિસાબ રાખવો.
- અગરાજી અને નાના નથુજીએ રસોડા માટે બળતણ (ઈંધણ) લાવવું.
- નથુભાઈ તથા હકાભાઈ પાળાએ ગોદડાં વગેરે (પાગરણ) સંભાળવું. તથા શાક તથા ઈંધણની સંભાળ રાખવી.
- છડીદાર પ્રભુદાસે સૌ ભક્તોની સાર સંભાળ રાખવી.
- અંબૈદાસ ને કેશવજી તથા બેચર તથા જગજીવને સાજા-માંદાની સંભાળ રાખવી, કોઈને કોઈ જાતનું કષ્ટ ન પડે તેની કાળજી રાખવી.
- ક્ષત્રિય બાવાજી તથા ક્ષત્રિય સવાજીએ ચોકી પહેરો રાખવો.

આવી રીતે સૌને પોતપોતાની કુશળતા પ્રમાણે સેવાઓની સોંપણી થઈ ગઈ.

ગામડે-ગામડે છાવણીની જાહેરાત થઈ ગઈ. હરિભક્તો ઉમંગભેર છાવણીનો લાભ લેવા માટે સંઘ લઈને આવવા લાગ્યા. જેમ સાગરમાં સરિતાઓ આવીને મળવા લાગે તેમ વડતાલમાં ગામોગામથી તથા દેશોદેશથી ભક્તોના સંઘો આવવા લાગ્યા. જેમ માનસરોવરમાં હંસોની ભીડ જામે તેમ વડતાલમાં સંતોની ભીડ જામવા લાગી. ભક્તોના સંઘ આવીને ગામમાં ઊતર્યા. ગામમાં ભીડ થઈ ગઈ, તેથી ઘણાંક ભક્તો જ્ઞાનબાગમાં જઈને ઊતર્યા, તો કોઈ તાડણ તળાવને કિનારે ઊતર્યા. ગામની સીમમાં ઘણા ભક્તો ઉતરવા લાગ્યા. સીમમાં પર્ણકૂટી કરીને ભક્તો ઉતરવા લાગ્યા. વિ.સં. ૧૯૧૨ અધિક અષાઢ સુદ તૃતીયાને દિવસે સાંજ થતા તો આખુંય વડતાલ ગામ તથા તેની આજુબાજુના ગામોથી ભક્તોના સમુદાયો આવીને ઊતર્યા. તે જ દિવસે સાંજે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે મંદિરની પાછળની જગ્યામાં સભા બોલાવી. સહુ સંતો-ભક્તો આવીને હકડેઠઠ સભામાં જ્યાં જેને જગ્યા મળી ત્યાં તેઓ બેસી ગયા. આખુંય મંદિર આજે હજારો સંતો-હરિભક્તોની ભીડથી ચકચૂર ભરાઈ ગયું હતું.

સભામાં આચાર્ય મહારાજશ્રી પધાર્યા એટલે જયજયકારના નાદથી આખુંય પરિસર ગૂંજી ઊઠ્યું સૌ કોઈએ ઊભા થઈને મહારાજશ્રીનું સ્વાગત કર્યું. પોતાનું સ્થાન સ્વીકારી આચાર્ય મહારાજશ્રીએ પોતાની અમૃતવાણી દ્વારા કહ્યું : ''હે સંતો ! હે ભક્તો! આવતી કાલ પ્રાતઃકાળથી સત્સંગ છાવણીની શરૂઆત થશે. છાવણીમાં સંપ્રદાયનો શિરમોડ ગ્રંથરાજ શ્રીમદ્‌ સત્સંગિજીવનની પારાયણ કરવામાં આવશે. ભોળાનાથજી ભટ્ટ કથા વાંચશે. કથા દરમ્યાન સહુએ મૌન રાખવું. છાવણી દરમ્યાન સહુ ખૂબ અંતર્દૃષ્ટિથી શ્રીજીમહારાજનું ભજન કરજો. કોઈપણ ગ્રામ્યવાર્તા કરશો નહિ. ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વેએ બ્રહ્મચર્યવ્રત રાખીને છાવણીમાં કથા શ્રવણ કરવી. કોઈપણ વ્યવહારિક કામકાજ સંભારવું નહિ. આવો દુર્લભ અવસર પ્રાપ્ત થયો છે માટે તેનો પૂરેપુરો લાભ લઈ લેજો. દૂર ગામથી આવેલા ભક્તોએ જેને જે વસ્તુ જોઈએ તે કોઠારમાંથી માંગી લેવી, આ કોઠાર તમારો સર્વેનો છે. કોઈ વસ્તુ માંગતા શરમાશો નહિ.''

શ્રી રઘુવીરજી મહારાજ આ શ્રીમદ્ સત્સંગિજીવન છાવણીમાં પધારેલા ભક્તોને નિયમો રાખવા બાબતે જણાવતા કહે છે :

तस्मान्निजं निजं प्रातः कृत्वा नित्यविधिं जनाः । श्रोतुं युष्माभिरखिलैरागन्तव्यं कथां शुभाम् ।। लक्ष्मीनारायणस्यैव प्रातर्नीराजनोत्तरम् । शृङ्गाराराार्त्रिकं यावत्तावच्छ्रव्या कथा सदा ।। अपराह्णे तथा यावत् सायं नीराजनं हरेः । भवेत्तावत् कथा श्रव्या युष्माभिर्निखिलैर्जनाः ।। ततः शयनभोगस्य यावन्नीराजनं भवेत् । तावद् भक्तजनैः सर्वैर्भद्रं पेयं कथाऽमृतम् ।। त्रिकालमित्थमनिशं सावधानतयाऽखिलैः । भवदिभर्हि कथा पुण्या श्रोतव्या श्रद्धया भृशम् ।। कार्यो नैवान्यकार्यस्य संकल्पस्तु कथाश्रुतौ । एवमव्यग्रमनसा कथा श्रव्या निरन्तरम् ।।

अस्मिन् सर्वोत्तमे भक्ता धाम्नि पुण्यतरे स्थितैः । न कार्या कर्हिचित् कैश्चिद् ग्राम्यवार्ता तु सर्वथा ।। श्रोतृभिर्गृहिभिर्भक्तैस्तद्वारैश्च यथोचितम् । ब्रह्मचर्यं प्रतिदिनं पालनीयं फलप्रदम् ।।१५।। सर्वावतारहेतोश्च ध्यानं धर्मभुवो हरेः । विधेयं निखिलैर्भक्तैर्भक्त्याऽजस्रमतन्द्रितैः ।। सद्भ्योऽखिलैरनुदिनं भवद्भिः सादरं जनाः । धर्मज्ञानादिबोधिन्यो वार्ताः श्रव्या हितावहाः ।। एवमैकान्तिकसतां भवतां सङ्गमः पुनः । दुर्लभोऽस्ति यतो देहो वर्तते क्षणभङ्गुरः ।। पञ्चकालं सदैव श्रीलक्ष्मीनारायणेक्षणे । न कार्यो मन्दिरे कैश्चित् सम्मर्दे दुर्बलादृर्नः ।।

द्विवारं गोमतीतीर्थे स्नातुं गच्छद्भिरन्वहम् । कार्या हरेः स्मृतिर्भक्तैस्तन्नामोच्चारणं तथा ।। साक्षाद् धर्मभुवो राजत्पादचिह्नैर्मुहुर्हरेः । तीर्थीकृतानि सर्वाणि स्थानानीक्ष्याणि सादरम् ।।

कायेन मनसा वाचा सर्वदा श्रीहरिश्रितैः । युष्माभिर्हरितोषार्थं वृत्यं तद्भक्तितत्परैः ।। कथावार्ताश्रुतौ तस्मात् साम्प्रतं स्वार्थकोविदैः । न रक्ष्यं कैश्चिदालस्यं यत् तया स्यात् परं सुखम् ।। यथाशक्ति यथाऽवस्थं चातुर्मास्ये हितैषिभिः । विधेयं त्यागिभिस्तुष्ट्यै हरेश्चान्द्रायणं व्रतम् ।। धारणापारणादीनि व्रतानि श्रद्धयाऽन्वितैः । तैर्विधेयानि तोषार्थं साक्षाद् धर्मभुवो हरेः ।। चातुर्मास्ये तथा भक्तैर्गृहस्थैर्हरितुष्टये । विशेषनियमः स्त्रीभिर्धारणीयश्च सादरम् ।।

“હે ભક્તો ! સવારમાં નિત્યવિધિ કરીને તમારે સૌએ આ શુભ કથા સાંભળવા માટે આવવું. દરરોજ શ્રી લક્ષ્મીનારાયણ દેવની મંગળા આરતી પછી શણગારની આરતી થાય ત્યાં સુધી કથા નિરંતર સાંભળવી. તેવી જ રીતે બપોર પછીના સમયથી આરંભીને સાયંકાળની આરતી થાય ત્યાં સુધી કથા સાંભળવી; સંધ્યા આરતી થયા પછી શયનની આરતી થાય ત્યાં સુધી સર્વ ભક્તજનોએ મંગળકારી કથામૃતનું પાન કરવું. આ પ્રમાણે તમારે દરરોજ ત્રણ વખત અત્યંત સાવધાનતાથી શ્રદ્ધાપૂર્વક કથા સાંભળવી. કથાશ્રવણ સમયે બીજા સંકલ્પો ન કરવા અને પ્રસન્નચિત્તથી નિરંતર કથા સાંભળવી.

હે ભક્તો ! અતિ પવિત્ર અને સર્વોત્તમ આ વડતાલ ધામમાં કોઈએ ક્યારેય પણ ગ્રામ્ય વાર્તા તો ન જ કરવી. કથા શ્રવણ કરનાર ગૃહસ્થ ભક્તો તથા તેમની સ્ત્રીઓએ યથા યોગ્ય ફળને આપનારું બ્રહ્મચર્ય હંમેશા પાળવું. સર્વ અવતારના કારણ-ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન પ્રમાદ રહિત થઈને સર્વ ભક્તોએ ભક્તિપૂર્વક નિરંતર કરવું. હે જનો ! તમારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ આપનારી, હિતકારી શ્રી ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતોની વાતો દરરોજ આદરપૂર્વક સાંભળવી.

આ કથા પ્રસંગે એકાંતિક સંતોના સમાગમનો લાભ તમોને મળશે. તેવા સમાગમનો લાભ તમોને ફરી દુર્લભ છે. કેમ કે, આ દેહ ક્ષણભંગુર છે. મંગળા, શણગાર, રાજભોગ, સાયંકાળ અને શયન એ પાંચ આરતીના સમયમાં શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવના દર્શન કરવામાં દુર્બળ ભક્તોને પીડા થાય એવી ભીડ મંદિરમાં કરવી નહિ.

દરરોજ ગોમતી તીર્થમાં બેવાર સ્નાન કરવા માટે તમો જ્યારે જાઓ ત્યારે માર્ગમાં શ્રીહરિની સ્મૃતિ કરવી તથા શ્રીહરિનું નામોચ્ચારણ કરવું. ધર્મના પુત્ર પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનના શોભાયમાન ચરણકમળના ચિહ્નોથી તીર્થરૂપ કરાયેલા સર્વ સ્થાનોનાં આદરપૂર્વક દર્શન કરવા.

શ્રીહરિના આશ્રિત તમોએ મન, વાણી અને શરીરથી હંમેશાં શ્રીહરિની પ્રસન્નતા માટે તેમની ભક્તિ પરાયણ થવું. પોતાનો મોક્ષરૂપ સ્વાર્થ સાધવામાં કુશળ કોઈપણ ભક્તોએ આ અવસરમાં સત્સંગિજીવનની કથા તથા સાધુ જનોના ઉપદેશ શ્રવણમાં પ્રમાદ ન રાખવો. પ્રમાદ રહિત થઈને કથા સાંભળવાથી પરમ સુખ થાય છે. પોતાની શક્તિ પ્રમાણે અને પોતાની અવસ્થાને અનુસરીને મોક્ષની ઈચ્છાવાળા સર્વ ત્યાગી સાધુઓએ ચાતુર્માસમાં (અષાઢ સુદી એકાદશીથી આરંભીને કારતક સુદી એકાદશી પર્યન્ત) શ્રીહરિની પ્રસન્નતા માટે વિશેષ નિયમો આદરપૂર્વક ધારણ કરવા. શ્રદ્ધાવાળા ત્યાગીઓએ પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિની પ્રસન્નતા માટે ધારણા પારણાદિ વ્રતો કરવાં.

ત્યાગી જનોની માફક ચાતુર્માસમાં ગૃહસ્થ ભક્તોએ તથા સ્ત્રીઓએ પણ શ્રીહરિની પ્રસન્નતા માટે વિશેષ નિયમો આદરપૂર્વક ધારણ કરવા.”

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧/૭/૮ થી ૨૬)

આ રીતે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના મુખેથી વાણી સાંભળીને સૌ સંતો તથા ભક્તો અતિ આનંદિત થયા. સૌ પોતપોતાને ઉતારે જઈને સૂતા.

અધિક અષાઢ સુદિ ચતુર્થીનું પ્રભાતનું પ્રથમ કિરણ વડતાલની ધરતી ઉપર પડ્યું. સૌ સંતો-હરિભક્તો આજે નિત્યવિધિથી પરવારીને સભાસ્થાનમાં આવીને સભાસ્વરૂપે ગોઠવાઈ ગયા હતા. ઊંચી પાટ ઉપર શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનું સ્થાપન કરીને ભટ્ટજીને ત્યાં બેસાર્યા. સૌ સદ્ગુરુ સંતો પણ યથાયોગ્ય સ્થાને બિરાજ્યા. આચાર્ય મહારાજશ્રી માટે પણ ઊંચું સિંહાસન તૈયાર કરાવ્યું હતું, તેમાં મહારાજશ્રી બિરાજમાન થયા.

ઠાકોરજી - ગ્રંથ પૂજન, વક્તા પૂજન તથા આચાર્ય મહારાજશ્રીના પૂજન બાદ કથાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો. કથા પ્રારંભ થતાં જ શ્રીજીમહારાજના દિવ્ય ચરિત્રોની કથા આવતા સૌના મન કથારૂપ થઈ જતાં. કથા આકારે સૌની વૃત્તિ થઈ જતી.

કથાના સમયનો એવી રીતે પ્રબંધ કરવામાં આવ્યો હતો કે મંગળા આરતી પહેલા સહુએ નાહી-પૂજા કરી કથા સાંભળવા માટે પરવારી જવું. મંગળા આરતીથી શણગાર આરતી સુધી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા હતી કે, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી સભામાં દોઢ કલાક વાતો કરે. દેવોની શણગાર આરતી પછી રાજભોગ સુધી શાસ્ત્રી ભોળાનાથ ભટ્ટ કથા વાંચે. અને દેવોના ઉત્થાપનના દર્શન પછી સંધ્યા આરતી સુધી શુકમુનિ કથા વાંચે. રાત્રે સંધ્યા આરતી પછી શયન આરતી સુધી શાસ્ત્રી બળરામદાસજી કથા વાંચે. કથાને અંતે દરરોજ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અડધો કલાક સુધી શ્રીજીમહારાજે સ્થાપેલ ષડંગી સંપ્રદાયના મહિમાથી સભર પોતાની અમૃતવાણીથી સૌ ભક્તોના ચિત્તને હરી લેતા.

જેમ જેમ છાવણીના દિવસો વીતતા ગયા, તેમ તેમ સહુ સત્સંગીઓ તથા સંતોને શ્રીજીમહારાજનો સર્વોપરીપણાનો નિશ્ચય દૃઢ થતો ગયો. કેટલાકને તો ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચઢી ગઈ, જેથી સંસાર ત્યાગ કરીને ત્યાગાશ્રમ સ્વીકારી લીધો હતો. કોઈએ ધારણા-પારણા વ્રત શરૂ કરી દીધા, તો કોઈએ ચાંદ્રાયણ વ્રત ચાલુ કરી દીધા. કેટલાક તો એકજવાર અન્ન જમે છે, કોઈ સાથવો તો કોઈ ફલાહાર કરે છે. કોઈ ફક્ત દૂધપાન કરીને રહે છે. આમ કથાવાર્તાના યોગથી સંતો-ભક્તોના અંગ ફરવા લાગ્યા હતા. સૌ તપ અને ધ્યાન-ભજનમાં લાગી ગયા હતા. સૌને સત્સંગની અનેરી ખુમારી ચઢી ગઈ હતી.

કોઈ ધારણાપારણાં કરે, ચાંદરાયણ કોઈ આચરે; જમે છે કોઇ એક જ વાર, કોઈ સાથવો કે ફળાહાર.
અતિઉત્તમ તીરથ જોઈ, તપ તીવ્ર કરે જન કોઈ; કોઈ વિપ્ર ગૃહસ્થ તો ત્યારે, કાયામાં પંચકેશ વધારે.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૯/૪૭)

આ છાવણીમાં ભાગ લેનાર તમામ સંતો-ભક્તો પોતાના ભાગ્યનો પાર ન માનતા, છતે દેહેજ બ્રહ્મરૂપ થવાની અણમોલ જડીબુટ્ટી આ છાવણીના માધ્યમથી સહુ ભક્તો પામ્યા.

આ છાવણી દરમ્યાન એક અંગ્રેજ અમલદાર આચાર્ય મહારાજશ્રીના દર્શન કરવા આવ્યો. તેમણે પોતાની ટોપી ઉતારીને મહારાજશ્રીને વંદન કર્યા. પછી તેણે એક પ્રશ્ન કર્યો : "મહારાજશ્રી ! અહીં હજારો લોકો ભેળા થયા છે, પરંતુ કોઈ પોલીસ કે સિપાહી નથી. અને તોપણ ક્યાંય લડાઈ કે ઝઘડો જોવા મળતો નથી. અને જો બીજે કોઈ ઠેકાણે આવો મેળો ભરાયો હોય તો મારા-મારી, લડાઈ-ઝઘડાના ગુના વધી જાય અને ઘણા પોલીસ-સિપાઈ રાખવા પડે. અહિં પોલીસ-સિપાઈ નથી તોપણ કેમ કોઈ લોકો ઝઘડતા-લડતા નથી, તેનું શું કારણ છે ?"

ત્યારે આચાર્ય મહારાજશ્રીએ કહ્યું :

બોલ્યા આચાર્યજી મહારાજ, મળ્યો છે આંહિ ભક્ત સમાજ; ધન નારી અને અભિમાન, ત્રણ તે છે લડાઈનાં સ્થાન.
સૈકડો આંહિ સાધુઓ જે છે, ધન નારીથી દૂર રહે છે; વળી છે તેહ વૈરાગ્યવાન, નથી રાખતા ઉર અભિમાન.
મળ્યા છે આંહિ જે હરિભક્ત, ત્યાગિ જેવા તે થઈને વિરક્ત; સુણે સદ્ગુરુનો ઉપદેશ, અભિમાન ધરે નહિ લેશ.
કહો છો બીજા મેળાની વાત, ત્યાં તો થાય ઘણા ઉતપાત; તેમાં જે પદ ગુરુનું ધરે છે, ધન માટે લડીને મરે છે.

ઉપજાતિ:

ધર્મી મળી તીરથ માંહિ જાય, તેમાં લડાઈ કદિયે ન થાય; સારા ગુરૂનો સુણી ઉપદેશ, માહાત્મ્ય ને સંપ વધે વિશેષ.
જો કોધિ લોભી વળી હોય કામી, તે તો લડે પાપપ્રવેશ પામી; ક્રોધાંધ કામાંધ સમો ગણાય, લડાઈકર્તા નહિ તે લજાય.
જેને નહી લોકનિ કાંઇ લાજ, જાણે નહી કાજ અને અકાજ; જેમાં નહી ગંભીરતા જણાય, તેવા જનો માંહિ લડાઈ થાય.
જે માન મોટું ધરિ બોલ ભાખે, હૈયા વિષે જે હઠિલાઈ રાખે; નિંદા થકી લેશ નહી લજાય, અજ્ઞાની એવા જ લડે સદાય.

ગુરૂ થઈને ઉપદેશ દે છે, સંસાર જૂઠો જનને કહે છે; પોતે લડે તે જર માટ જોય, માને ન તેનો ઉપદેશ કોય.
લડાઈ તો બાળકને જ છાજે, રાજા લડે જો નિજ જાય રાજે; સંસાર મિથ્યા જન જેહ જાણે, લડ્યાની ઈચ્છા ઉર કેમ આણે.
જ્યાં દૈવનો કોપ ઘણો જણાય, સ્વધર્મમાં શ્રેષ્ઠ કુસંપ થાય; લડે પછી તુચ્છ પદાર્થ માટે, ઘડે ઘણા તે અઘટીત ઘાટે.
સત્સંગી સર્વે સ્વકુટુંબ જેવા, સંપી વસે છે સુખથી જ એવા; અન્યોન્ય માહાત્મ્ય અધીક જાણે, લડે નહી તે જન કોઈ ટાણે.
છે વાસ આંહિ પ્રભુનો વિશેષ, કુસંપનો થાય નહીં પ્રવેશ; પોલીસનું કામ પડે ન આંહી, કશા નહી થાય ગુનાહ ક્યાંહી.'

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૦/૫૬ થી ૬૮)

''અહીં તો ભક્ત સમુદાય ભેગો થયો છે. લડાઈ-ઝઘડાનું કારણ તો ધન, નારી અને અભિમાન આ ત્રણ સ્થાન છે. અહીં તો હજારો સંતો એ ધન-નારીથી દૂર રહે છે, વળી તે બધા વૈરાગ્યવાન છે તેથી હૃદયમાં કોઈ જાતનું અભિમાન રાખતા નથી. અને જે હરિભક્તો આવ્યા છે તે પણ અમારા ત્યાગીસાધુ જેવા વિરક્ત છે. તેઓ સદ્‌ગુરુઓના ઉપદેશથી અભિમાન લેશમાત્ર રાખતા નથી. અને તમો જે બીજા મેળાની વાત કરો છો ત્યાં તો ગુરુપદ ઉપરથી ધન માટે ઝઘડા થાય છે.''

આચાર્ય મહારાજશ્રીની વાત સાંભળી તે અંગ્રેજી અમલદારને અંતરમાં સંપ્રદાયનો ઘણો ગુણ આવ્યો. તેમણે મહારાજશ્રીને કહ્યું : ''મહારાજ ! હું ઘણા શહેરો, ગામડાઓમાં બધે ગયો છું, પરંતુ આવો ધર્મ કોઈ સ્થળે મને જોવા મળ્યો નથી. અને જેવો અમારો જાતિ સંપ છે તેવો આ તમારા સત્સંગમાં જોવા મળે છે.''

આ પ્રમાણે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા વડતાલમાં સં. ૧૯૧૨ના અધિક અષાઢ માસમાં આરંભાયેલી ચાતુર્માસની કથાની પૂર્ણાહુતિ સં. ૧૯૧૨ના કાર્તિક સુદ પૂનમના દિવસે થઈ. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રીએ સૌ સંત-હરિભક્તોને પોતપોતાના દેશમાં જવા આજ્ઞા કરી. શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ સૌપ્રથમવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નેતૃત્વમાં આવો શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની છાવણીનો મહોત્સવ થયો.

'રઘુવીર ગુરુ જ્ઞાનયજ્ઞ કીધો, જશ જગ માંહિ અખંડ એહ લીધો;
સ્મૃતિ મુજ મનમાં સદા રહેજો, દરશન શ્રીહરિ તે સમેત દેજો.'

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૦/૯૦)

વડતાલમાં ચાર મહિના સુધી થયેલ કથાવાર્તાના પડછંદા સમગ્ર સત્સંગમાં ગાજવા લાગ્યા. અને ત્યારથી જ સંપ્રદાયમાં સત્સંગ છાવણીની પરંપરા શરૂ થઈ.

આ શ્રીમદ્ સત્સંગિજીવન છાવણીનું આબેહુબ વર્ણન આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં પ્રથમ સ્કંધમાં અધ્યાય ૬ થી ૯ અધ્યાય સુધી તથા ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ રચિત 'શ્રીહરિલીલામૃત'ગ્રંથમાં કળશ - ૧૦ના ૯માં વિશ્રામમાં પણ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

❁ સત્સંગનો ચંદરવો એટલે સત્સંગ છાવણી :

સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથ 'શ્રી સત્સંગિજીવન'માં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'સત્સંગ' શબ્દનો અર્થ શ્રીમુખ વચનોથી જણાવે છે : ''સત્ એવા ભગવાન, તેમના દ્વારા પ્રસ્થાપિત થયેલ ભાગવતધર્મ, તેઓશ્રીએ પ્રવર્તાવેલ શાસ્ત્રો અને તે ત્રણેનું ભક્તિપૂર્વક પાલન-ઉદ્‌બોધનાદિથી સંપોષણ કરતા એવા સાધુપુરુષો - આ ચારેય સત્ય સ્વરૂપનો સંગ તે 'સત્સંગ' એમ જણાવેલું છે.''

સત્સંગ એટલે સર્વશ્રેષ્ઠની જાણકારી મેળવવી ને શ્રેષ્ઠને પામવું. સત્સંગ છોડાવે છે બંધનથી. સત્સંગથી સંસારનું ગુરુત્વાકર્ષણ બળ ઘટે છે ને સત્સંગથી સંસારથી બહાર નીકળી જતા, લેવિટેશન બળ તેને ખેંચે છે, સત્સંગની ઉર્જાશક્તિ વધતાં, તેની ઊર્ધ્વગતિ એટલે કે મહાપ્રભુ શ્રીહરિ તરફ ગતિ થાય છે ને પરમનું લક્ષ્ય સિદ્ધ થાય છે. ચિત્તથી ચૈતન્ય ને આત્માથી પરમાત્મા સુધી સત્સંગ દોરી જાય છે. શુકદેવજી મહારાજે રાજા પરીક્ષિતને તેમના જીવનમાં છેલ્લા સાત દિવસ દરમ્યાન શ્રીમદ્ ભાગવત કથા સંભળાવી પરિણામે રાજા પરીક્ષિત પરમાત્માના ધામમાં ગયા.

સામાન્ય રીતે આપણે સત્સંગના બે વિભાગોમાં સમજીએ તો એક ક્ષણિક અને બીજો સ્થિર. આપણે જ્યારે કોઈ તીર્થસ્થળોમાં યાત્રાએ જઈએ છીએ ત્યારે તે તે સ્થળોએ વસતા મહાપુરુષો કે સંતો અથવા ભગવદ્ ભક્તોના સંપર્કમાં આવીએ છીએ. તેમજ જે તે સ્થળોએ નક્કી કરેલા સમય માટેની કથાપારાયણો કે મહોત્સવો વગેરે કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો-મહાપુરુષો દ્વારા ભક્તિમાર્ગીય મધુરવાણીનું શ્રવણ કરીએ છીએ.

આ પ્રકારનો સત્સંગ પ્રાસંગિક સ્થિર સત્સંગ કહીએ. પરંતુ આપણે જ્યારે નિયમિત સત્સંગ કરવાના ઉદ્દેશથી મંદિરમાં અથવા

તો સત્સંગ સભાઓમાં જઈએ છીએ ત્યારે ક્રમે ક્રમે અલૌકિક માર્ગદર્શનથી સત્સંગનું પરિણામ નવું જ રૂપ ધારણ કરે છે કે જેને આપણે સ્થિર ને સ્થાયી સત્સંગ કહીએ. આ પ્રકારના સત્સંગથી પૂર્ણ ભક્તિ, શરણાગતિ અને સ્વાર્પણની ભાવના પ્રકટ થાય છે.

માનવજીવનના આધ્યાત્મિક વિકાસ માટે 'સત્સંગ' એ મુખ્ય ને સૌથી અગત્યનું સાધન છે. પરંતુ સત્સંગ સફળ થઈ આત્મનિરીક્ષણ અને પરમાત્માદર્શનમાં પરિણમશે કે નિષ્ફળ થઈ ફળહીન બનશે તેનો આધાર તો જીવાત્માની ભાવના, ઉત્કંઠા, તીવ્ર ઝંખના તેમજ ગ્રહણ કરવાની વૃત્તિ પર જ અવલંબિત હોય છે. આપણે જે ભાવનાથી સત્સંગમાં જઈએ છીએ, તે ભાવના અનુસાર જ તેની ફળપ્રાપ્તિ થાય છે.

સત્સંગ એ કલ્યાણકારી સકળ સાધનોમાં શ્રેષ્ઠોત્તમ શ્રેષ્ઠ સાધન છે. સત્સંગથી જ્ઞાન પ્રકટે છે અને અજ્ઞાન નષ્ટ થાય છે. સત્સંગથી સુબુદ્ધિ આવે છે અને દુર્બુદ્ધિ જાય છે. સત્સંગથી કાળ, કર્મ અને માયા જીતાય છે અને સુખસિન્ધુ સર્વેશ્વર ભગવાનને ભેટાય છે.

અંધકારમાં અથડાતા મનુષ્યને જ્યારે દીપકનો સંબંધ થાય છે ત્યારે તેનો અંધકાર ટળે છે. ભીંતે ભીંતે ભટકાવું બંધ થાય છે અને દરેક પદાર્થ દશ્યમાન થાય છે. પણ એ દીવો થાય છે ક્યારે ? તો જ્યારે કોડિયું, વાટ, તેલ અને અગ્નિ - આ ચારનો સંબંધ થાય છે ત્યારે. તેમ અનંતકાળથી અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતા જીવોને પણ જ્યારે જ્ઞાનદીપકનો સંબંધ થાય છે ત્યારે તેમનું અજ્ઞાન ધ્વાન્ત ટળે છે. ભવાટવીનું ભ્રમણ બંધ થાય છે અને સત્યાસત્યનું જ્ઞાન થાય છે.

પરંતુ એ જ્ઞાનદીપક થાય છે કયારે ? તો જ્યારે ઉપરોક્ત મુજબ સત્ એવા ભગવાન, તેમના દ્વારા પ્રસ્થાપિત થયેલ ભાગવતધર્મ, તેઓશ્રીએ પ્રવર્તાવેલ શાસ્ત્રો અને તે ત્રણેનું ભક્તિપૂર્વક પાલન-ઉદ્‌બોધનાદિથી સંપોષણ કરતા એવા સાધુપુરુષો - આ ચારનો સંબંધ થાય છે ત્યારે. માટે દરેક મોક્ષઅભિલાષી, રાગી, ત્યાગી, સ્ત્રી-પુરુષોએ આ ચારનો જ અખંડ સંબંધ રાખવો અને હંમેશા તન-મન અને શુદ્ધ ભાવથી આ ચારનું સેવન કરવું.

પરંતુ '**अनादिकालतो जीवो मायया परिवेष्टितः ।**' અનંતકાળથી આ જીવ માયાવેષ્ટિત છે. માયાનો આહારી, વિહારી અને માયાનો કીડો બની ગયો છે, તેથી જ તેમાં લુબ્ધ થવું સારું લાગે છે. વળી તેનો અવળચંડો સ્વભાવ થઈ ગયો છે, જેથી કરી તેને સુખ ભોગવવું સારું લાગે છે, પણ સુખનું સાધન કરવું સારું લાગતું નથી પણ દુઃખનું સાધન કરવું સારું લાગે છે. માટે હવે તો ડોળ-ડહાપણ કે પ્રવૃત્તિ માત્રનો ત્યાગ કરી માયાથી મુક્ત બની સ્વશ્રેયઃ સાધવા સત્સંગ કરી લેવો.

કાયિક એટલે ચોરી વ્યભિચાર, હિંસાદિક પાપકર્મ કરવું. વાચિક એટલે કોઈની નિંદા કરવી, અસત્ય બોલવું કે કોઈને વાક્બાણ મારવાં. અને માનસિક એટલે તૃષ્ણા રાખવી, વિષરૂપ વિષયનું ચિંતવન કરવું અને સર્વમાં દોષ કલ્પવો. આ ત્રણ જાતના પાપકર્મનો ત્યાગ કરી ખરા ખપવાળા બની શુદ્ધ ભાવથી સત્સંગ કરવો.

લવણને લીધે જ વ્યંજનોનો સ્વાદ છે. એ વિના તો નીરસ નમાલા અને નિરુપયોગી ને નિઃસ્વાદુ છે, તેમ સત્સંગને લીધે આલોક અને પરલોકનું સુખ મળે છે. સત્સંગ સકળ સાધનોનું ફળભૂત છે. બ્રહ્માદિક દેવતાઓને પણ તે દુર્લભ છે, અને સુખ, સંપત્તિ, શાંતિ, કીર્તિ અને મુક્તિ આપનાર એક સત્સંગ જ છે.

આંખ, ઉજાસ અને અરીસો - આ ત્રણ સિવાય પોતાના મુખ પરનો ડાઘ જોઈ શકાતો નથી; તેમ ગમે તેવો વિદ્વાન, વિવેકવાન, વિચારવાન અને વર્તમાનશાળી હોય, પણ સત્સંગ વિના પોતાના દોષાદોષને જોઈ શકતો નથી. તેમ હૃદયમાંથી અનેક જન્મોના પાપોના થરો ઊખડી શકતા નથી. આ સત્સંગને તો મોટા મોટા બ્રહ્માદિક દેવતાઓ ઈચ્છે છે. આવા અત્યુત્તમ સત્સંગને પામી જે મનુષ્ય પોતાનું શ્રેય સાધતો નથી તો તે અત્યંત શોચનીય, કમભાગી, મતિહીન, કૃતઘ્ની અને નીચ છે.

જેને કલ્યાણનો ખપ હોય તેને તો મોક્ષમાર્ગને વિષે સાવધપણે રહેવું. પોતાનો મુકામ (ધર્મ) મૂકાય નહિ; નિશાન (ધ્યેય વસ્તુ પરમાત્મા) ચૂકાય નહિ અને નિર્દોષબુદ્ધિ, સંગશુદ્ધિ અને આહારશુદ્ધિ એ બરોબર સાચવીને આને દેહે છેલ્લો જન્મ સફળ કરવા સાચા ભાવે સત્સંગ કરી લેવો જોઈએ.

એકવખત નૈમિષારણ્ય ક્ષેત્રમાં બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ, દેવર્ષિઓ અને મુનિ મહાત્માઓ ભેગા થયા. તેમાં એવો પ્રશ્ન ઊઠ્યો કે, સત્સંગ તુલ્ય કોઈ સાધન છે કે નહિ ? તેનો નિર્ણય કરવા એક મોટી તુલા બાંધી. પછી એક પલ્લામાં સત્સંગ મૂક્યો, બીજા પલ્લામાં મૃત્યુલોકના સુખોત્પાદન સાધનો દયા, દાન, પરોપકાર, આદિ મૂક્યા, પણ સત્સંગવાળું પલ્લું ઊંચું થયું નહિ. ત્યારે તેને કાઢી ને તે પલ્લામાં સ્વર્ગલોકના સુખોત્પાદન સાધનો યજ્ઞ-યાગાદિક મૂક્યાં, તો પણ સત્સંગવાળું પલ્લું ઊંચું થયું નહિ. ત્યારે સત્યલોકના સુખોત્પાદક સાધનો જે સત્ય, તપ, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક મૂક્યાં, પણ સત્સંગવાળું પલ્લું જરા પણ ઊંચું થયું નહિ. આ જોઈ તેઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી તો મોક્ષના સકળ સાધન માત્ર મૂક્યાં, તોપણ સત્સંગવાળું પલ્લું એક તલભાર પણ ઊંચું થયું

નહિ. આથી સર્વે સમાજ અત્યંત આશ્ચર્ય પામી ગયો. સત્સંગ તુલ્ય ઉત્તમ સાધન કોઈ પણ નથી એમ નિશ્ચય કરી સર્વે લોકો એક સત્સંગની પ્રશંસા કરવા લાગ્યા.

ગોસ્વામી તુલસીદાસજી કહે છે :

બિનુ સતસંગ ન હરિકથા, તેહિ બિનુ મોહ ન ભાગા;
મોહ ગયે બિનુ રામપદ, હોઈ ન દૃઢ અનુરાગા.
તાત સ્વર્ગ અપવર્ગ સુખ, ધરીય તુલા એક અંગ;
તૂલ ન તાહિ સકલ મિલી, જો સુખ લવ સતસંગ.
ધન જોબન સુખ સંપત્તિ, અવિચળ રહે ન કોય;
જેતી ઘડી સતસંગકી, જીવનકા ફળ સોય.

તેમજ સદ્‌ગુરુ સંતો કહે છે :

કર્મવશ કોટિ કષ્ટ સહે, રહે રાત દિવસ રોસિવડો;
પણ સતસંગમાં લેશ દુઃખ સહેતા, જાય છે એનો જીવડો.
જયું જયું કરત સતસંગ, ત્યું શ્રદ્ધાદિક ગુન બઢત;
તેહિ ઉર ધર્મ અભંગ, બસત હે નિજ પરિવાર જુત.'

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે :

'સત્સંગ વિના, જન્મમરણ ભ્રમજાળ મટે નહિ જંતને; મન માન તજી, તે માટે શરણે જઈ રહીએ સંતને...'

પાણીથી શરીરનું સ્નાન થાય છે, ભક્તિથી મનનું સ્નાન થાય છે, જ્યારે સત્સંગથી બુદ્ધિનું સ્નાન થાય છે. આ ત્રિવેણી સ્નાનનું જીવનમાં બહુ મહત્ત્વ છે. આપણને વરસાદથી પલળતા છત્રી કે રેઈનકોટ અટકાવે છે તેમ જમાનાના દૂષણો અને દુર્ગુણોથી બગડતા આપણને સત્સંગ અટકાવે છે.

સત્સંગ તો સર્વિસ સ્ટેશન જેવો છે. જ્યાં ગાડીની અંદર રહેતી બધી ખરાબી દૂર થઈ જાય છે. તેમ સત્સંગથી હૃદયની મલિનતા દૂર થઈ જાય છે. હૃદય નિર્મળ બને છે અને હૃદયમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. શરીરનો રોગ ઔષધ હરે છે તેમ મનનો રોગ સત્સંગ હરે છે.

સંડાસનો લોટો ભલે ને નવો જ હોય પણ ક્યારેય ઉટકાતો ન હોય તેથી અમુક દિવસે તે કઈ ધાતુનો છે એની ખબર જ ન પડે પણ નિત્ય વપરાશના વાસણ કાયમ ઉટકાતાં હોય એટલે એમાં ફરી ફરીને જમવાનું મન થઈ જાય છે. તેમ જીવ નિત્ય સત્સંગમાં ઉટકાતો રહેવો જોઈએ, તો જ જીવ સારો રહે. નિયમિત ધ્યાન, પ્રાર્થના, સ્મરણ, સ્વાધ્યાય અને સત્સંગ વિના મન મેલું થઈ જાય છે.

ગાંડીતૂર બનેલી નદી સેંકડો ગામોનો ધ્વંસ કરી નાખે છે તેમ બેકાબૂ યુવાની જીવનને અસ્ત-વ્યસ્ત કરી નાખે છે. તોફાની નદી ઉપર બંધ બાંધવામાં આવે તો એ જ નદી હજારો ગામોને 'સુજલામ્ સુફલામ્' બનાવી શકે છે. તેમ યુવાનીના ધસમસતા પ્રવાહ પર જો સત્સંગનો બંધ બાંધવામાં આવે તો એ જ યુવા શક્તિ સમગ્ર જીવન સૃષ્ટિને નંદનવનમાં પલટાવી નાખવા સમર્થ થઈ શકે છે. પાણીને ઠંડું કરવું હોય તો ફ્રીજની જરૂર પડે.

ઘરને ઠંડું કરવું હોય તો એ.સી.ની સ્વીચ ચાલુ કરવી પડે તેમ હૃદયને ઠંડું કરવું હોય તો સત્સંગની જરૂર પડે. જઠરાગ્નિ કમજોર હોય તો ભોજન ભાવે નહિ અને હૃદયમાં લગની કમજોર હોય તો સત્સંગ ભાવે નહિ. નિત્ય સત્સંગ કરે ત્યારે જેમ મોલમાંથી ખડ નીંદે છે તેમ હૈયામાંથી ભગવાન વિના સર્વ કચરો નીકળી જાય છે. બહુ અંધારું હોય તો ફાનસની વાટ ચડાવવી પડે જેથી વધુ પ્રકાશ થાય તેમ હૃદયમાં દોષોનું અંધારું ઘાટું હોય તો સત્સંગનો ડોઝ ડબલ લેવો જોઈએ.

દૂધની સાથે ભળી ગયેલું પાણી દૂધને ભાવે વેચાય છે. તેમ સત્સંગમાં રોજ બેસતા સામાન્ય માણસ પણ સૌને માટે માનનીય ને આદરણીય બની જાય છે. શિવજી સાથે પોઠિયો પણ પૂજાય છે. જોબનપગી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીના સત્સંગથી અને વાલિયો લૂંટારો નારદ ઋષિના સત્સંગથી વિશ્વવંદનીય બની ગયા.

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૦મા વચનામૃતમાં કહે છે : ''આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે, અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે. અને સત્સંગ વિના તો બીજા કોટિ સાધન કરે તોપણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં.... જો નિષ્કપટપણે કરીને સત્સંગ

કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે; અને બીજા સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે.''

સ.ગુ. ભૂમાનંદ સ્વામી સત્સંગનો મહિમા લખતાં કહે છે :

ઘણા ઘોર કળિ છે આજ, જો કર્ય સત્સંગ તો રહે લાજ;
જાવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર; સરવે તારું સરશે કાજ.
છછા છૂટ્યાનો ઉપાય, એકજ છે જો સત્સંગ થાય;
સત્સંગે થાય કિશોર વય, ત્યારે ટળે કાળનો ભય.
જીવન પર્યંત હરિજશ ગાય...છછા૦

શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના ૯મા વચનામૃતમાં કહે છે : ''અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.''

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૪મા અને ગઢડા અંત્ય પ્રકરણના ૨જા વચનામૃતમાં કહે છે : ''એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું.''

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી 'ઉપદેશામૃત'ની ૮૦મી વાતમાં કહે છે : ''સત્સંગ વિના તો કામાદિક વૃદ્ધિ પામતા જાય છે. માટે સત્સંગ કરવો એજ જીવનું સાર્થક છે.'' અને ૩૩૪મી વાતમાં કહે છે : ''ભીમનાથમાં રાંકા (ભિખારીઓ) થૂલું માગતા એવી સત્સંગની ગરજ હોય તો સત્સંગમાંથી પડાય નહિ.'' સત્સંગે કરીને બધું ખોટું થઈ જાય છે. પૂર્વજન્મનાં પુણ્યો ઉદય થાય છે, ત્યારે જ સત્સંગ પ્રત્યે પ્રીતિ જાગે છે. અને જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ છે.

સત્સંગનો પ્રભાવ એવો છે કે, આ જીવને કર્મ, માયા તથા કાળના બંધનમાંથી મુક્ત કરે છે. સત્સંગથી પ્રકટ પરમાત્માને વિષે ભક્તિ ઉદય થાય છે અને ભક્તિનું રક્ષણ પણ સત્સંગથી જ થવા પામે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગ પર ખૂબ ભાર મૂકતાં કહ્યું છે : ''ગમે તેવો વિદ્વાન હોય તોપણ ભક્તિ અને સત્સંગ વિના તે અધોગતિને પામે છે.''

ગોસ્વામી તુલસીદાસજી 'શ્રીરામ ચરિત માનસ - રામાયણ' ગ્રંથમાં સત્સંગનો મહિમા કહેતા લખે છે :

શઠ સુધરહિં સતસંગતિ પાઈ, પારસ પહસ કુધાત સુહાઈ.
બિધિ બશ સુજન કુસંગત પરહીં, ફણી મણિ સમ નિજગુણ અનુસરહીં.
બડે ભાગ્ય પાઈય સતસંગા, બિનહી પ્રયાસ હોઈ ભવભંગા.
પુણ્યપુંજ બિનુ મિલહિં ન સંતા, સતસંગતિ સંસૃતિ કર અંતા.
અસ બિચારી જોઈ કર સતસંગા, રામભગતિ તેહિ સુલભ બિહંગા.

''સત્સંગ કરવાથી શઠ(ખરાબ) વ્યક્તિઓ પણ સુધરી જાય છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે , તેમ સત્સંગ કરવાથી ખરાબ માણસો એકાંતિક ભક્તો બની જાય છે. કદાચ કોઈ સત્સંગી દૈવયોગે કરી કુસંગીઓના સંગમાં ભળી ગયા હોય તોપણ જેમ, સર્પનો મણિ પોતાના સ્વાભાવિક ગુણનો ત્યાગ કરતો નથી, તેમ સજ્જન પણ પોતાનો સત્સંગ છોડતો નથી.

જેનાં મોટાં ભાગ્ય હોય તેઓને જ સત્સંગની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્તિ થયા પછી, વિના પ્રયાસે જન્મ-મરણના ફેરા મટી જાય છે. તથા ઘણાં પુણ્યો હોય ત્યારે જ સત્સંગના અંગ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત સાચા સંતો મળે છે અને તેઓ સાથે સત્સંગ કરવાથી જન્મ-મરણ અને લખ-ચોરાશી ફેરાનો અંત આવી જાય છે. માટે આવો વિચાર કરી સત્સંગ કરવો તેથી ભક્તિ સુલભ થઈ જાય છે.''

સત્સંગનો પ્રતાપ અપરિમિત છે. સત્સંગ પ્રાચીન પાપોના સમૂહને, સંચિત કર્મના ઢગલે ઢગલાને, અગ્નિ જેમ દારુને બાળી નાખે તેમ મૂળમાંથી બાળી નાખે છે. સૂર્ય ઉદય થાય કે રાત્રિ ક્યાં ગઈ તે દેખાય જ નહિ તેમ સત્સંગ થાય કે એ જીવના પાપ માત્ર નાશ પામી જાય છે.

માનવ શરીરમાં આખે આખું હૃદય બદલાવી દેવાની બાબતમાં ભલે વિજ્ઞાને સફળતા મેળવી પણ હૃદયમાં રહેલી કડવાશને મીઠાશમાં ફેરવી નાખવામાં સફળતાનો યશ તો સત્સંગને ફાળે જ જાય છે. પથ્થરને ભવ્યતા અર્પવી હોય તો એ શિલ્પીને સોંપાય, ગુંડાને નહિ. તેમ જીવનને ભવ્યતા અર્પવી હોય તો તે સત્સંગને સોંપાય, કુસંગને નહિ.

સત્સંગ કરીશું તેમાંથી કાંઈક ગુણ આવશે પણ પથારી કરીને સૂઈ રહેશું તો તેમાંથી કાંઈ નહિ વળે. બળદિયા હાંકે તો સારા રહે, ઘોડું ફેરવે તો સારું રહે, તેમ સત્સંગ કરે તો જીવ સારો રહે. બાર મહિનામાં એક મહિનો સંત સમાગમ કરશે તેનો સત્સંગ રહેશે ને જે સમાગમ નહિ કરે તેને ઘેર જરૂર ડાકલાં બેસવાનાં. સત્સંગ ગયો તો સર્વે ગયું. સત્સંગ કરે તો ધીરે ધીરે વાસના ક્ષીણ થાય પણ ધન-સ્ત્રી-દેહાભિમાન ને સ્વભાવ સત્સંગમાં રહેવા દે એવા નથી માટે કોઈ વાતે સત્સંગમાંથી પાછું ન પડાય તે શીખવું. સત્સંગથી જીવમાં બળ આવે છે અને બળ આવે ત્યારે જીવમાં વળ આવે ને વળ આવે ત્યારે વિષયનો લીધો લેવાય નહિ. સત્સંગે કરીને મન ઈન્દ્રિયોને ઘસારો લાગે પણ મોળી વાતે ખરેખરા વર્તમાન ન પળે. શાસ્ત્ર ભણવું, સાંભળવું તે પણ પોતાના જીવમાં સમાસ થાય એવું ભણવું અને સાંભળવું. સમાસ થાય ત્યાં રહેવું, નહિતર ખોટ રહી જાય. શ્રીજીમહારાજના દીક્ષિત પરમચૈતન્યાનંદ સ્વામીને સાકરનો શીરો ગળે રહેતો. પદાર્થ કોઈક લાવે તે પહેલું પોતા પાસે આવે પછી મહારાજ પાસે જાય એવા હતા. પોતે ઢોલિયો પણ મઢાવેલ રાખતા હતા પણ બાળમુકુંદાનંદ સ્વામીએ સેવામાં રહી બધું કઢાવી નાખ્યું. તે વઢવાણમાં દાણાને લોટનો ગોળો ખવરાવ્યો ને પછી શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ એક પગે ઊભા રહીને સ્તુતિ કરતા જે 'તમારા સાધુ ઓળખાતા નથી તે ઓળખાવજો ને હું બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્‌ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજે બાળમુકુંદદાસના સત્સંગે કરીને થયો.'

સારા ભગવદીય સાથે જીવ બાંધવો એ જ સત્સંગમાં રહ્યાનો હેતુ છે. એકલી ભક્તિ સત્સંગમાં રહ્યાનો હેતુ નથી. અરધો અરધ કથાવાર્તાનો યોગ રાખશે તેનું જ પાધરું રહેશે. સત્સંગ તો સાવરણી છે. જેમ ઘરની સાવરણી કચરોપૂંજો વાળીને બહાર કાઢે છે એમ સત્સંગની સાવરણી હૈયામાં જામી ગયેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા આદિક દુર્ગુણોના કચરાના જાળાને બહાર કાઢે છે.

માનુષી જગતની અપ્રિય છતાં નરી સત્યતા એ છે કે, વ્યક્તિને કુસંગ તરફ સહજ અજ્ઞાનવશ આકર્ષણ હોય છે. વ્યક્તિના ગુણો જાણવાને બદલે વ્યક્તિમાં રહેલા દોષોને વધુ માનવાની લોકોમાં વૃત્તિ હોય છે. તેથી વ્યક્તિ બીજા પર દોષોરોપણ કરતો જોવા મળે છે. જેટલું મનોરંજન અન્યનો તમાશો જોવામાં થાય છે એટલો રસ કે આનંદ વ્યક્તિને કોઈનું સુખ જોઈને નથી મળતો. એવા વ્યક્તિમાં પોતાનું અને પારકું એવો અખંડ ભાવ રહેતો હોય છે. વસ્તુનિષ્ઠ જગતમાં વ્યક્તિનિષ્ઠતા ઘટતી જોવા મળે છે પણ આ ઘટનાક્રમમાં કોઈ નવાઈની વાત નથી. કેમ કે, કળિયુગ પોતાની અસર દેખાડે એમાં કોઈ આશ્ચર્ય નથી. ભાગવતના માહાત્મ્યમાં નારદજીએ પણ આ પરિસ્થિતિનો સામનો કરતા કહ્યું છે કે, **'सत्यं नास्ति तपः शौचं दया दानं न विद्यते । उदरम्भरीणो जीवाः वञ्चकाः कूट भाषिणः ।।'** - જ્યારે જીવ કેવળ વ્યક્તિભાવે જીવે છે ત્યારે ચરાચર (સચરાચર) જગતની ભાવનાને ભૂલી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણની વાણી કહે છે કે, સચરાચર જગત એક કુટુંબ છે 'વસુધૈવ કુટુમ્બકમ્' પરંતુ કળિકાળમાં વ્યક્તિભાવે જીવતો વ્યક્તિ આ કુટુંબભાવનાને ભૂલી જ ગયો છે. કેવળ પોતાની જ ઈચ્છાપૂર્તિને સિદ્ધ કરનાર વ્યક્તિ અંધની જેમ પોતાની આસ-પાસનું દૃશ્ય જોઈ નથી શકતો અથવા તો એ જોવા નથી માંગતો. કેમ કે, એણે ઈહલોકને જ પોતાનું શાશ્વત સ્થાન માની લીધું છે.

વિચાર એ આવે કે, કઈ વાતને લઈને જીવ આવી અજ્ઞાનદશામાં ભટકી રહ્યો છે ? જે ભારત ભૂમિ અને આ ભૂમિના સંતાનો વિષે કહેવાય છે કે, **'वयं सर्वे अमृतस्य पुत्राः ।'** - આપણે અમૃતના સંતાન છીએ. ઋષિઓના સંતાન છીએ તો એ આપણી અંદર રહેલું ઋષિતત્ત્વ અને અમૃતત્ત્વ ક્યાં ખોવાય ગયું ? જવાબ શોધતા બહુ દૂર દૃષ્ટિ કરવાની જરૂર નથી. આ બાબતમાં સ્પષ્ટતા તો શ્રીમદ્ ભગવત્ ગીતા કરે છે કે, **'धूमेनाऽऽव्रियते वह्निः यथा दर्शो मलेन च ।'** - મતલબ જેમ ધૂમાડામાં અગ્નિ ઢંકાયેલો છે, જેમ અરીસો રજથી ઢંકાયેલો છે, જેમ માના ઉદરમાં બાળક ઓળથી ઢંકાયેલો છે - એમ આપણું અમૃત તત્ત્વમય જ્ઞાન અંધકારમય અજ્ઞાનથી ઢંકાયેલું છે. તો હવે પ્રશ્ન એ થાય કે એ અજ્ઞાન દૂર કેમ થાય અને ભીતર રહેલું જ્ઞાન પ્રગટ કેમ થાય ? જવાબ હનુમાન ચાલીસાનો પેલો દોહો આપે છે કે, 'શ્રીગુરુ ચરન સરોજ રજ, નિજમન મુકુર સુધારી...' એ અજ્ઞાનની રજ સમર્થ મહાપુરુષોના ચરણનો આશ્રય કરવાથી દૂર થાય છે. મતલબ કે આ અજ્ઞાનને દૂર કરવા સત્સંગ અનિવાર્ય છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા વચનામૃતમાં શ્રીજીમહારાજ આ સત્સંગના મહિમાને ઉજાગર કરતા ડિમડિમ ઘોષણા કરે છે કે, **'स एव साधुषुकृतो मोक्षद्वारमपावृत्तम् ।'** - સત્સંગે કરીને જ મોક્ષના દ્વાર ઉઘાડા થશે. કુસંગ જીવને બંધનમાં નાખે છે જ્યારે સત્સંગ મોક્ષદ્વારને ખુલ્લા કરે છે.

પ્રિયજનો ! એક વાત ધ્યાનમાં રાખજો કે, ગમે તેવા સાધુના સંગમાં રહેવાથી મોક્ષ મળી જશે અથવા પાપો ભસ્મીભૂત થઈ જશે એવું સમજવાની ગલતખેમી ન કરશો. આત્યંતિક કલ્યાણના માર્ગે એ જ ચડાવી શકે જે ખુદ મુક્ત થવાને લાયક હોય...!!! અહીં એક નાનકડું દૃષ્ટાંત યાદ રાખવા જેવું છે.

એકવખત એક રાજાને અચાનક વર્ષો બાદ સત્સંગ કરવાનું મન થયું એટલે નક્કી કર્યું કે પહેલા કોઈ વિદ્વાન પાસે જાણી તો લઉં કે સત્સંગ એટલે શું ? એમણે મંત્રીને આદેશ કર્યો કે આપણા રાજ્યના વિદ્વાન પંડિતને બોલાવો. રાજાની આજ્ઞાથી મંત્રીએ વિદ્વાન બ્રાહ્મણ પંડિતને હાજર કર્યો. રાજાએ પંડિતને કહ્યું કે, મારો મોક્ષ થાય એ માટે તમારે મને રોજ સત્સંગ કરાવવાનો ને મને એ સત્સંગની વાતોનો આનંદ મહેસુસ થવો જોઈએ. વિદ્વાન બ્રાહ્મણ દક્ષિણાની લાલચે ઉતાવળે હા કહીને ગયો. પછી તો પ્રતિદિન એ રાજાને સત્સંગની વાતો કરવા લાગ્યો. એક મહિનો વીત્યો. રાજાએ પેલા બ્રાહ્મણને કહ્યું : "તમારી એક મહિનાની સત્સંગની વાતોમાં મને જરાય આનંદ ન મળ્યો તો મોક્ષ તો કેમ કરીને મળશે ?" હવે તમારી સત્સંગની વાતોમાં મને આનંદ નહિ મળે તો હું તમને મૃત્યુદંડ આપીશ. બ્રાહ્મણ ડર્યો અને કહ્યું : "કાલથી સારો સત્સંગ કરાવીશ." ઘરે જતાં બ્રાહ્મણ રસ્તામાં ચિંતાતુર થયો. હવે શું કરું ? રાજાનો મોક્ષ થાય અને એમને આનંદ આવે એવો સત્સંગ કેમ કરાવું ? માર્ગમાં સંત મળ્યા. ચિંતાતુર બ્રાહ્મણે પોતાની વ્યથા જણાવી. સંત દયાળુ હતા એટલે કહ્યું : "કાલે હું તારી સાથે રાજા પાસે આવીશ."

બીજા દિવસની સવારે નક્કી થયા મુજબ સંત અને પેલા વિદ્વાન બ્રાહ્મણ રાજાના રાજદરબારમાં માનવમેદની વચ્ચે ઉપસ્થિત થયા. સંતે સમજાવ્યા પ્રમાણે બ્રાહ્મણે કહ્યું : "મહારાજ ! મારી સાથે આ વિદ્વાન સંત આવ્યા છે એ બહુ જ્ઞાની છે. જે મારા પણ ગુરુ છે. એ તમને મોક્ષ મળે તેમજ આનંદ થાય એવો સત્સંગ જરૂર સંભળાવશે." રાજાએ કહ્યું : "ઠીક છે. કહો મહાત્માને કે મને સત્સંગ કરાવે, જેથી મારો મોક્ષ થાય." સંતે કહ્યું : "મહારાજ ! તમારો મોક્ષ પણ થશે અને તમને સત્સંગનું સુખ પણ મળશે. પરંતુ હું જેમ કહું એમ તમારે કરવું પડશે. બોલો મંજુર છે ?" રાજાએ હા ભણી. ત્યારે સંતે કહ્યું : "તમે બે ક્ષણ માટે રાજપદ ત્યાગી દો અને મને રાજા બનાવી દો. જુઓ પછી સત્સંગનું સુખ હું તમને તમારી જ રાજગાદીએ બેસીને કેવું આપું છું ! તમારું રાજપદ સલામત રહેશે એ મારી જવાબદારી પણ મોક્ષ જોઈતો હોય તો મેં કહ્યું એમ કરો." રાજાએ મોક્ષની લાલચમાં તુરંત રાજપદ પેલા સંતને સોંપી દીધું અને રાજા બ્રાહ્મણ પાસે ઊભા રહી ગયા.

પેલા સંત-મહાત્મા રાજાના રાજ સિંહાસન ઉપર બિરાજમાન થઈ ગયા. પછી સિપાઈઓને આદેશ આપ્યો કે રાજા અને પેલા બ્રાહ્મણને દોરડે બાંધીને પકડી લો, આ મારો આદેશ છે. સિપાઈઓએ તો રાજગાદીએથી જે કોઈ આજ્ઞા મળે તેને પાળવી રહી. તુરંત બંનેને પકડીને બાંધી દેવામાં આવ્યા. હવે પેલા રાજાએ સંતને કહ્યું : "તમે દગો કર્યો છે. તમારે મને સત્સંગ કરાવી મોક્ષ અપાવવાનો હતો. તેને બદલે મને બાંધી દીધો ? આ બંધનમાંથી હમણા જ મુક્ત કરો." ત્યારે સંતે કહ્યું : "જો તમારે આ દોરડાના બંધનમાંથી મુક્ત થવું હોય તો પેલા બ્રાહ્મણને કહો એ તમને છોડી આપશે." રાજાએ કહ્યું : "એ મને કેવી રીતે મુક્ત કરી શકે. કેમ કે એ પોતે પણ દોરડેથી બંધાયેલો છે !" ત્યારે પેલા સંત બોલ્યા : "બસ, મહારાજ ! હું પણ તમને એ જ સમજાવવા માંગું છું કે જે પોતે સંસારના મોહમાયાના બંધનોમાં બંધાયેલો હોય એ તમને કેમ મુક્તિ આપી શકે ! મોક્ષ માટે તો કોઈ સમર્થ મહાપુરુષનો આશ્રય કરવો પડે."

આ દૃષ્ટાંતનો ભાવાર્થ એ છે કે, આપણે એટલું તો સમજી જ ગયા કે મોક્ષ એજ અપાવી શકે જે પોતે મુક્ત અવસ્થામાં જીવતો હોય. તેથી જ સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી કહે છે : 'અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જનમના પાપ તોય જાણ્યા નહીં જગદીશને રે...' દેવાનંદ સ્વામીના શબ્દો ઉપર ધ્યાન આપીએ કે ખાલી મોટા પુરુષ નહિ પણ અતિ મોટાપુરુષ જેમના સાન્નિધ્યમાં જતાં જ શાંતિનો અહેસાસ થાય. વળી, શ્રી રામ ચરિત માનસના આધારે એવા મોટાપુરુષનું લક્ષણ શું ? તો 'ષટ્ વિકાર જીત અનઘ અકામા, અચલ અકિંચન સુચિ સુખ ધામા.'

●●●

વડતાલમાં શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના

સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૫)

વડતાલમાં સંવત ૧૯૧૨ કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના દિવસે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના યજમાન પદે ચાતુર્માસ દરમ્યાન યોજાયેલી સત્સંગ છાવણી પૂર્ણ થઈ. તે વખતે ભોજન ભૂખ્યો નહિ પણ ભજન ભૂખ્યો સત્સંગ હતો. તેથી સહુને બહુ મજા આવતી. ત્યારે સંપત્તિ કરતાં સદ્‌મતિ અને સમજણ વધારે હતી. જે આ સત્સંગછાવણી પૂરી થઈ ત્યારે આખું વાતાવરણ દિવ્યતાથી છલકાયું હતું. સહુ કહેતા કે, જેમ સાગર જેવો એક સાગર છે, સૂર્ય જેવો એક સૂર્ય છે, તેમ આ જ્ઞાનયજ્ઞ જેવો તો આ એક જ જ્ઞાનયજ્ઞ છે. શ્રીહરિલીલાકલ્પતરૂ જેવા મહાગ્રંથના નિર્માતા સદ્. શ્રી અચિંત્યાનંદજી વર્ણી કહે, 'હું ધ્યાનમાં અક્ષરધામમાં જાઉં છું તો ત્યાં પણ આ જ્ઞાનયજ્ઞની વાતો વખણાય છે.'

ધ્યાનમાં એવું દેખું છું હુંય, તે થકી તમને કહું છુંય; સદા એવા આચારજ થાજો, જન સર્વમાં સારા ગણાજો.
સુખને શાંતિ સર્વને થાય, એવાં કામ તે કરજો સદાય; જ્ઞાનયજ્ઞનું વર્ણન ભાવે, કોઈ સાંભળે કે જો સુણાવે.
પ્રભુજી તેને થાય પ્રસન્ન, પૂરે ઈચ્છા જેવી હોય મન; અહો રાય પુરો ધરી પ્યાર, બોલો શ્રીજીનો જયજયકાર.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૦/૮૭-૮૮-૮૯)

આમ, આ સત્સંગછાવણી સત્સંગમાં સદા અમર બની ગઈ. સં. ૧૯૧૨ કાર્તિકી પૂનમ સુધી સહુ સંતો ભક્તો દિવ્યાનુભૂતિને માણતા રહ્યા. પછી ભક્તો પોતપોતાને ઘેર ગયા. મોટા મોટા સદ્‌ગુરુઓ વડતાલમાં જ રોકાયા.

• શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથરચનાની પૂર્વભૂમિકા :

પછી સં. ૧૯૧૨ કારતક વદ બીજને દિવસે વડતાલમાં ગાદીવાળા મેડે રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, "હે સ્વામી ! મહારાજનાં ચરિત્ર દીઠાં હોય, ઐશ્વર્ય-પ્રતાપ જોયો હોય અને સાંભળ્યો હોય તો પણ જીવ કહેતાં કે લખતાં કેમ અટકે છે !? જેમ છે તેમ શ્રીહરિની સર્વોપરિતા બધા લખી કે કહી કેમ શકતા નથી !?" ત્યારે સ્વામીએ કહ્યું, "એક ઘોડાને સ્વપ્નમાં તેનો



પગ ભાંગી ગયો છે, એમ લાગ્યું. પછી તે જ્યારે જાગ્યો ત્યારે પણ પગ અદ્ધર તોળીને ઊભો રહ્યો. તેથી ઘોડાના ધણીને થયું કે આને શું થયું છે ? પછી તો વૈદ્ય હકીમોને બોલાવ્યા. પણ કોઈ કાંઈ કળી શક્યું નહીં.

છેવટે એક હોશિયાર વૈદ્યે કહ્યું, 'આ ઘોટાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદોય થયો નથી, પણ એને તો સ્વપ્ન થયું છે. માટે બસેં ઘોડા સાબધા કરો ને તોપુંના ને બંદૂકુંના કડાકા કરવા માંડો એટલે ચમકશે; તેથી સ્વપ્ન થયું છે તે મૂકી દેશે.'

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત શું ? તો, શ્રીજી મહારાજનાં ચરિત્ર દીઠાં હોય અને સાંભળ્યાં હોય છતાં જેને બીજાશાસ્ત્રના શબ્દોની ભ્રાંતિ પડી ગઈ છે. તે કહેતા - લખતા અટકે છે. પણ આમ ને આમ સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરિ સ્વરૂપની વાતો કર્યા કરીશું એટલે તેને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ ટળી જશે. અને શ્રીજી મહારાજનું જેવું છે તેવું સ્વરૂપ હૈયામાં સમજાઈ જશે. પછી લખતા નહિ અટકે. અને જ્યારે શ્રીજી મહારાજનું સ્વરૂપ સમજાશે ત્યારે અંતરમાં આનંદના ફુવારા છૂટકશે.'' આ વાત સાંભળી સહુ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

પછી તે દિવસ કથાની સમાપ્તિ થઈ તે વખતે શુક સ્વામી તથા પવિત્રાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ સભામાં બેઠા હતા. રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાના ત્રણ ફૂલ હતાં. તેની ગોઠવીને આચાર્ય શ્રી બોલ્યા જે, ''હે સંતો ! કેટલાક તો આ પહેલા ફૂલ સુધી પહોંચે છે, કહેતા શ્રીજી મહારાજને રામ જેવા જાણે છે; કેટલાક આ બીજા ફૂલ સુધી પહોંચે છે, કહેતા શ્રીજી મહારાજને શ્રીકૃષ્ણ જેવા જાણે છે અને કેટલાક આ ત્રીજા ફૂલ સુધી પહોંચે છે, કહેતા મહારાજને સર્વ અવતારના અવતારી, અક્ષરાધિપતિ, સર્વોપરિ પુરૂષોત્તમ નારાયણ જાણે છે. પરંતુ ત્રીજા ફૂલ સુધી બહુ ઝાઝા પૂગતા નથી. અર્થાત્ ગોલોક-વૈકુંઠાદિક ધામથી પર અક્ષરધામ છે અને રામ-કૃષ્ણાદિક અતારવથી પર સર્વ અવતારના અવતારી અક્ષરધામધિપતિ શ્રીજી મહારાજ છે. આવું રહસ્યજ્ઞાન બહુ ઓછા સમજે છે.''

એ સમયે સભામાં બેઠેલા ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા. એમણે એ છેલ્લું ફૂલ ઉઠાવી અચિંત્યાનંદ બ્રહ્મચારીના હાથમાં મૂક્યું અને બોલ્યા, ''બાપજી ! આ ફૂલ સુધી આ બ્રહ્મચારી પહોંચશે.''

ત્યારે રઘુવીરજી મહારાજ હસીને કહે, ''સ્વામી ! પારસો આવ્યો કે શું ?'' પારસો કહેતાં વાછડાને જોઈને ગાયના આંચળમાંથી દૂધની ધારા ફૂટવા માંડે એને પારસો આવ્યો કહેવાય. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''પાત્ર હોય તો પારસા આવે. જેમ વાછડાને જોઈને ગાયને પારસો આવે એમ સુપાત્ર શિષ્યને જોઈને સદ્‌ગુરુને પારસો આવે છે.'' કહેતા સત્કાર્ય કરાવવાની કૃપા વરસવા લાગે છે. થોડીવાર કથાવાર્તા થયા બાદ સભા પૂર્ણ થઈ. પછી આચાર્યશ્રી અને મોટેરા સંતો બેઠા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે,

સત્સંગિજીવન ગ્રંથ જેહ, સારું છે ધર્મશાસ્ત્ર તો તેહ; રીત ધર્મની વર્ણાવી પૂરી, લીલા રહી છે જ તો અધૂરી.
માટે હે રઘુવીરજી આપ, વર્ણવો શ્રીહરિનો પ્રતાપ; હરિલીલા કલ્પતરુ નામ, ભક્તિશાસ્ત્ર રચો સુખધામ.

સત્સંગિજીવન ગ્રંથ સારો છે. તે ધર્મશાસ્ત્ર હોવાથી તેમાં ધર્મની રીતો વિશેષ લખી છે. તેથી શ્રીજીમહારાજની પૂરેપૂરી લીલા, યથાર્થ મહિમા તથા પ્રતાપ તે ગ્રંથમાં લખાણા નથી. માટે હે રઘુવીરજી ! આપ શ્રીજીમહારાજનાં તમામ લીલા-ચરિત્રો અને ઐશ્વર્ય-પ્રતાપને વર્ણવતો એક અનુપમ ગ્રંથ રચો. અને તેમાં આપની તથા મોટા સંતોની અનુભવ વાણીને યથાર્થ રૂપમાં લખો; જેથી યુગો સુધી અનેક મુમુક્ષુઓને ભગવાનનું સ્વરૂપ સમજવા માટે દીવાદાંડી બની જાય.

આ પ્રસંગથી રઘુવીરજી મહારાજના અંતરમાં ગ્રંથ રચવાની પ્રેરણા થઈ. પછી તેઓ એકાંતમાં બેસીને વિચાર કરવા લાગ્યા કે, 'સર્વાવતારી શ્રીજી મહારાનાં દિવ્યાતિદિવ્ય ચરિત્રો અને અનુપમ ઐશ્વર્યથી ભરપૂર એક મહાન ગ્રંથ રચાય તો સારું. પરંતુ તે કેવી રીતે બનાવવો ? શ્રીજી મહારાજની ઈચ્છા હોય અને તેઓ જ સહાય કરે તો જ આવો અજોડ ગ્રંથ રચી શકાય.'

❁ ભગવાન શ્રીહરિએ દર્શન આપી ગ્રંથ રચવાની પ્રેરણા કરી :

પછી હૃદયથી ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી. તે જ સમયે ભગવાન શ્રીહરિ પ્રગટ થયા. આ વાત શ્રીહરિલીલાકલ્પતરુ ૧/૧૧/૬માં લખી છે :

સદ્‌વિચારમિતિ કુર્વતિ તસ્મિન્ પ્રીત એવ સ તદાશયવેત્તા ।
શ્રીહરિર્નિજવિધિપ્રસિતાય સ્વીયદર્શનમદાન્નૃપ તસ્મૈ ॥

આ પ્રમાણે રઘુવીરાચાર્ય સદ્‌વિચાર કરતા હતા. એ સમયે તેમના સંકલ્પને જાણનારા શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈ દર્શન આપ્યાં. તેથી આચાર્યશ્રી સ્તુતિ કરતા કહે, ''હે નાથ ! કેવળ અકારણ કરુણા કરી આપે મનુષ્યશરીર ધારણ કર્યું. અનંત પાપી જીવોનો ઉદ્ધાર કર્યો. આપ સત્ય, શૌચ અને વાત્સલ્યાદિક અનેક ગુણોના સાગર છો. તમામ દેવો, ઈશ્વરો અને અક્ષરાદિક મુક્તોને પણ પ્રાર્થનીય, સેવનીય અને ભજનીય છો.''

ત્યારે કરુણાસાગર સર્વાવતારી શ્રીહરિએ કહ્યું, "હે રઘુવીર ! તમોએ ધર્મમાં રહી મને પ્રસન્ન કરવા માટે અનેક કાર્યો કર્યા છે; તેથી હું અતિ પ્રસન્ન થયો છું. માટે હે બુદ્ધિશાળી ! તમે વરદાન માગો, હું તમારા તમામ મનોરથ પૂર્ણ કરીશ." આવું શ્રીહરિનું વચન સાંભળીને બે હાથ જોડી રઘુવીરજી મહારાજે કહ્યું, "હે સુખસાગર શ્રીહરિ ! હું આપના ચરણની સેવા સિવાય બીજું કાંઈ ઇચ્છતો નથી. કેમ જે, આપ સર્વ અવતારના અવતારી અને સર્વ કારણનું કારણ મને પ્રત્યક્ષ મળ્યા છો, તેથી અન્ય કોઈ ઇચ્છા નથી. પરંતુ,

तस्माद् यदा त्वं नु मयि प्रसन्नो मद् याचितं देहि तदा वरं मे ।
यथा परत्वं पुरुषोत्तमत्वं तवाऽतारीत्वमनन्यतुल्यम् ॥
तथैव तद्वर्णनयुक्तमग्र्यं त्वदीयलीलाग्रथनोपपन्नम् ।
ग्रन्थं चिकीर्षामि मनोरथं मे त्विमं दयाब्धे! सफलीकुरु त्वम् ॥

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧/૧૩/૯-૧૦)

હે દયાસાગર શ્રીહરિ ! જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો આપનું સર્વોપરિ પુરુષોત્તમ સ્વરૂપ છે તેની તુલનામાં બીજા કોઈ અવતારો આવે એમ નથી, એવા આપના સર્વાવતારી સ્વરૂપ અને તે સ્વરૂપની અનુપમ દિવ્ય લીલાના વર્ણનવાળો સર્વોત્તમ ગ્રંથ રચવાની મારી ઇચ્છા છે. તે ઇચ્છા પૂર્ણ થાય એવો વર આપ મને આપો."

આવી તેમની વિનંતી સાંભળી ભગવાન શ્રીહરિએ કહ્યું, "હે રઘુવીર ! તમો મારાં ચરિત્રોથી યુક્ત ગ્રંથ રચો તેમાં હું રાજી છું. મારી આજ્ઞાથી તમોએ રચવા ઇચ્છેલો ગ્રંથ અર્થગંભીર, સર્વોત્તમ, અતિ અનુપમ, અને સંસારરૂપી તીવ્ર રોગથી પીડાતા જનો માટે ઉત્તમ ઔષધ જેવો થશે. મારી કૃપાથી તમારા શુદ્ધ અંતરમાં મારાં વિવિધ પ્રકારનાં ચરિત્રો તમને સ્ફુરશે; એવી સર્વજ્ઞતા આપું છું." આમ, અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિ વરદાન આપી તત્કાળ અંતર્ધાન થયા.

❁ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મચારીનો સંવાદ :

ભગવાન શ્રીહરિના વરદાન મુજબ રઘુવીરજી મહારાજના દિલમાં આવાં તો અનેક શ્રીહરિનાં ઐશ્વર્ય, પ્રતાપયુક્ત ચરિત્રો સ્ફુરવા લાગ્યાં. પછી તેમણે વિચાર્યું કે, આવાં ચરિત્રો ગ્રંથમાં લખવામાં આવે તો વર્ષો અને યુગો સુધી લોકોને તેનો લાભ મળે અને સહુ શ્રીજીમહારાજનો જેમ છે તેમ મહિમા સમજી મહાસુખને પામે.

પરંતુ સંસ્કૃત ભાષામાં આવો મોટો ગ્રંથ રચે કોણ ? કોઈ મોટા વિદ્વાન સંત ગ્રંથ રચે તો તેને વ્યવસ્થિત તપાસી શકે, એવી શક્તિ અને સમય તેમની પાસે હતો પરંતુ રઘુવીરજી મહારાજ પોતે વિશાળકાય ગ્રંથની રચના કરી શકે એવા વિદ્વાન તથા કવિ ન હતા. એટલે રઘુવીરજી મહારાજ વિચારતા હતા કે, 'ગ્રંથ કોણ રચશે ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, 'આ અચિંત્યાનંદ બ્રહ્મચારી ગ્રંથ બનાવશે.'

તેથી રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની હાજરીમાં અચિંત્યાનંદ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું, "વર્ણીરાજ ! તમારામાં ભક્તિ અને વિદ્વત્તા બંને છે. અમારા અંતરની ઇચ્છા છે કે તમે ભગવાન શ્રીહરિનું સર્વોપરિપણું પ્રતિપાદિત થતું હોય એવો ગ્રંથ રચો."

પછી અચિંત્યાનંદ બ્રહ્મચારી થોડીવાર મૂંઝાયા, 'આવો ગ્રંથ મારાથી કેમ થઈ શકશે ?' પછી તેઓ કહે, 'મહારાજ ! એવડો મોટો ગ્રંથ હું ન કરી શકું. હું તો બહુ મહેનત કરું ત્યારે આખા દિવસમાં દસ-પંદર શ્લોક માંડ માંડ બનાવી શકું છું. માટે એવડો મોટો ગ્રંથ મારાથી શી રીતે બની શકે ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "બ્રહ્મચારીજી ! રઘુવીરજી મહારાજની ઇચ્છા છે, એટલે આ ગ્રંથ રચવામાં શ્રીજીમહારાજ અવશ્ય તમને શક્તિ આપશે." ત્યારે બ્રહ્મચારી બોલ્યા, "આપ બંને દયા કરો. પણ મારો ગજ તેમાં વાગે એમ નથી."

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, 'શ્રીહરિ સહાય કરશે, માટે હા પાડો, તમારાથી ગ્રંથ બનશે બનશે ને બનશે જ.' એમ કહી સ્વામીએ રાજી થઈને પોતાની ડોકમાંથી પુષ્પનો હાર કાઢીને બ્રહ્મચારીને કહ્યું, 'લ્યો આ ગ્રંથ રચવાનો હાર.' એમ કહીને બ્રહ્મચારીની ડોકમાં હાર પહેરાવ્યો. છતાં બ્રહ્મચારી કહે, 'મારાથી આવો મોટો ગ્રંથ શી રીતે બનશે ?'

ત્યારે સ્વામીએ વાંસો થાબડીને કહ્યું, 'આવા મોટા સાધુ, આચાર્ય અને શ્રીજીમહારાજને સંભારીને ચાલું કરો; તમારાથી જરૂર બનશે.' એમ કહી ભગવાન શ્રીહરિનું રહસ્ય સમજાવતા કહ્યું, 'શબ્દ માત્ર આ ત્રીજા ફૂલ સુધી પહોંચે તેમ ગ્રંથની રચના કરજો.'

ત્યારે શુકાનંદ સ્વામી કહે, 'બીજો ગ્રંથ થાય તો સત્સંગિજીવનનો મહિમા ઘટે ને એ બ્રહ્મચારીને શું ગ્રંથ કરતા આવડે ?' ત્યાં રાજભોગ આરતીનો ડંકો થયો એટલે સભા સહુ ઊઠી ગઈ. પછી બ્રહ્મચારી ઘણા જ મૂંઝવણમાં પડ્યા. તેથી રાત્રિએ ગુણાતીતાનંદ

સ્વામી તેમના આસને ગયા. ત્યારે તે કહે, 'આપ આજ્ઞા કરો છો પણ મારામાં એવી શક્તિ નથી અને મારી સહુ ઠેકડી કરે એવું થાશે. વળી, શુક સ્વામીની પણ મરજી નથી જણાતી.'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તમારી શક્તિને તમે જાણતા નથી. કદાચ શક્તિ ન હોય તો શ્રીહરિ અને મોટા સંતો તે શક્તિ આપશે, માટે ગ્રંથ કરો. અને શુક સ્વામી તથા મેંગણીનરેશ માનભાના સંવાદમાં ગ્રંથ રચજો, તેથી શ્રીહરિ અને સહુ સંતો-ભક્તો રાજી થશે.'

આ સમયે રઘુવીરજી મહારાજ પણ ત્યાં બેઠા હતા. તેમણે નિજઅનુભવ જણાવતા કહ્યું, ''વર્ણીરાજ ! ગઈ કાલે રાતે શ્રીજીમહારાજે મને દિવ્ય દર્શન દઈને આવો ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે. મારા મનમાં થતું હતું કે આવો ગ્રંથ કરનાર વિદ્વાન કોણ મળશે ? ત્યાં તો કોઈને માથે હાથણી કળશ ઢોળે એમ આ જૂનાગઢના જોગીએ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આપને માથે ફૂલ મૂકીને કળશ ઢોળ્યો છે; માટે અવઢવ છોડી ગ્રંથ રચવા માંડો અને મને દર્શન દઈને શ્રીહરિએ આપેલી સર્વજ્ઞતા હું તમને આપું છું, માટે તમારાથી ગ્રંથ થશે.''

ત્યારે અચિંત્યાનંદજી બ્રહ્મચારી બોલ્યા, ''આપ જેવા બન્ને મહાન પુરુષોની આજ્ઞા છે એટલે હું અવશ્ય પ્રયાશ કરીશ..!'' બ્રહ્મચારીની સંમતિ સાંભળીને બન્ને મહાપુરુષો ખુબ જ રાજી થયા.

❁ ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારીને દર્શન આપી ગ્રંથ રચવા કહ્યું :

પછી બ્રહ્મચારી ત્યાંથી પોતાને આસને ગયા. અને એ સંકલ્પમાં જ સૂતા. ત્યારે શ્રીજીમહારાજે રાત્રિએ બ્રહ્મચારીજીને સાક્ષાત્ દર્શન દઈને કહ્યું જે, 'શું સંકલ્પ કરો છો ? રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીએ ગ્રંથ કરવાની આજ્ઞા કરી છે. વળી, રઘુવીરજીને મેં આપેલી સર્વજ્ઞતા તેમણે તમને આપી છે; માટે તમે ગ્રંથ કરો. તમારાથી ગ્રંથ બહુ જ સારો થશે. અને હું પણ તમારી સાથે રહી તમારા અંતરમાં પ્રેરણા કરીશ, માટે મૂંઝાતા નહીં.' આમ કહી બ્રહ્મચારીને સર્વજ્ઞતાનો અનુભવ કરાવી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી બ્રહ્મચારી ખુશ થયા ને બીજે દિવસે ગુણાતીતાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજની આગળ રાત્રિનો અનુભવ કહી પ્રસન્નતાપૂર્વક ગ્રંથ રચવાની હા પાડી.

પછી બીજે દિવસે રઘુવીરજી મહારાજે સહુ સંતોને બોલાવ્યા અને કહ્યું, ''તમોએ ભગવાન શ્રીહરિની લીલાના જોયેલા અને અનુભવેલા જે જે પ્રસંગોના ખરડા લખ્યા છે તે અમને આપો; આપણે એક અનુપમ ગ્રંથ રચવો છે. અને શ્રીહરિએ મને તથા વર્ણીરાજને દર્શન આપીને તે ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે.'' તેથી જેની પાસે શ્રીજીમહારાજની લીલાના તથા વાતોના ખરડા લખેલા હતા, તે ખરડાઓ સહુ સંતો પ્રેમથી આપવા લાગ્યા. અને જેમ જેમ ખરડાઓ આવતા ગયા તેમ તેમ રઘુવીરજી મહારાજ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપવા લાગ્યા.

અલૌકિક પ્રસંગની યાદી :

વળી, શ્રીજીમહારાજે જ્યારે દર્શન આપ્યાં ત્યારે કહ્યું હતું, 'તમોને અમારા અનેક દિવ્યપ્રસંગો અંતરમાં સ્ફુરશે.' આ વરદાન અનુસાર રઘુવીરજી મહારાજને એક પોતે શ્રીહરિની ચરણચંપી કરતા નજરે નિહાળેલો પ્રસંગ અંતરમાં સ્ફુરવા લાગ્યો.

આ પ્રસંગને કહેવા માટે રઘુવીરજી મહારાજ રાત્રિએ અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે ગયા. અને અતિ સ્નેહથી તે પ્રસંગને કહેતા થકા બોલ્યા, 'વર્ણીરાજ ! એક સમે શ્રીજીમહારાજ ગઢડામાં આથમણાબારના ઓરડાની ઓસરીએ સભા કરીને વિરાજમાન હતા. તે સમે થાળ થયો એટલે બ્રહ્મચારી મહારાજને જમવા બોલાવવા આવ્યા. તેથી શ્રીજીમહારાજ મારા ઘરે જમવા પધાર્યા. તે થાળ જમીને મહારાજ મુખવાસ જમતાં જમતાં અક્ષરઓરડીએ પધાર્યા અને ત્યાં સંતો-ભક્તોને વાતો કરવા માંડ્યા; ત્યારે હું ત્યાં ગયો.

ત્યારે શ્રીજીમહારાજે મને પૂછ્યું જે, ''તમે જમ્યા ?'' ત્યારે મેં કહ્યું, ''હા, હું જમ્યો.'' ત્યારે મહારાજની સેવામાં લાખો ભક્ત હતા. તેણે કહ્યું જે, ''હવે સર્વે સભા ઊઠો, મહારાજને પોઢવું છે.'' એટલે સૌ ઊઠ્યા અને પોતપોતાને આસને ગયા.

ત્યારે મહારાજે મને કહ્યું જે, ''તમે અહીં બેસી રહો.'' અને સેવક લાખાને કહ્યું જે, ''તું જા.'' એટલે તે ગયા. પછી હું થોડીવાર મહારાજ પાસે બેઠો અને શ્રીહરિના પગ ચાંપવા માંડ્યો.

તે સમે અક્ષર ઓરડીના આથમણા બારણામાં સારંગપુરના પુંજાભગત બેઠા હતા. તે પુંજાભક્તે મહારાજનાં ચરણારવિંદ સામું જોયું, ત્યારે પુંજાભગતને મનસૂબો થયો જે, 'મહારાજનાં ચરણારવિંદમાં ચિહ્ન અને ઊર્ધ્વરેખાઓ કેવી હશે ?' એમ કરીને મહારાજના ઢોલિયા પાસે જઈને પુંજાભગત મહારાજનાં ચરણારવિંદમાં જોવા મંડ્યા.

હે વર્ણીરાજ ! ત્યારે મેં કહ્યું જે, ''શું જુવો છો ?'' ત્યારે પુંજાભગત કહે, ''ગરીબ ઉપર દયા કરી બોલશો નહીં.'' તેથી હું મૌન

રહ્યો. ત્યારે ઊર્ધ્વરેખાએ સહિત સોળે ચિહ્ન પુંજાભક્તને દેખાણાં. તે ઊર્ધ્વરેખાએ સહિત સોળે ચિહ્ન સારી પેઠે પુંજાભક્તે નીરખ્યાં. ત્યાં ઊર્ધ્વરેખામાંથી અને સોળ ચિહ્નમાંથી તેજનો મહાસુખદાયક સમૂહ દેખાણો. તે એક ઘડી સુધી દેખાણો. પછી તે બધું તેજ ચરણારવિંદની ઊર્ધ્વરેખામાં તથા સોળ ચિહ્નમાં સમાઈ ગયું.

ત્યારે મહારાજ પોઢ્યા હતા, તે જાગીને બેઠા થયા ને પુંજાભગતને કહ્યું જે, "તુંને કાંઈ દેખાણું ?" ત્યારે પુંજાભગતે કહ્યું જે, "મહારાજ, તમારાં ચરણારવિંદ નીરખતાં તેજ દેખાણું." પછી કહે, "મહારાજ, તમને એક વાત પૂછવી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "પૂછો." એટલે પુંજાભગત બોલ્યા જે, "હે મહારાજ ! અક્ષરધામને વિષે ભગવાનનું સ્વરૂપ કેવું હશે ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બ્રહ્માના બાપ વૈરાજપુરુષ છે. તેને પણ એ અક્ષરધામમાં રહેલા ભગવાનના સ્વરૂપનું દર્શન નથી. અને વૈરાટબ્રહ્માના બાપ મહત્તત્ત્વ છે. તેને પણ તે ભગવાનના સ્વરૂપનું દર્શન નથી. અને મહત્તત્ત્વના બાપ પ્રધાનપુરુષ છે. તેને પણ તે ભગવાનના સ્વરૂપનું દર્શન નથી. અને પ્રધાનપુરુષના બાપ મૂળપુરુષ છે. તેને પણ એ અક્ષરાધિપતિ ભગવાનનું દર્શન ક્યારેક થાય ને ક્યારેક ન થાય. તે ભગવાનના સ્વરૂપનું દર્શન તો અક્ષરધામના મુક્તોને નિરંતર થાય છે અને તમારે એ ભગવાનનું દર્શન થાય છે." તે સાંભળીને હું તથા પુંજાભક્ત અતિશય રાજી રાજી થઈ ગયા. આચાર્યશ્રીના મુખથી આ પ્રસંગ સાંભળી બ્રહ્મચારી ખૂબ જ રાજી થયા. તેમના અંતરમાં પણ શ્રીહરિના વરદાનથી જાણે નજરે નિહાળેલા હોય એ રીતે શ્રીહરિના અનેક ચરિત્રો અને પ્રસંગો સ્ફુરવા લાગ્યા.

❁ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથલેખનો આરંભ :

બીજે દિવસે સં.૧૯૧૨ કારતક વદ-૫ (તા.૨૮/૧૧/૧૮૫૫, બુધવાર)ના રોજ શણગાર આરતીનાં દર્શન કરીને અચિંત્યાનંદ બ્રહ્મચારીએ રઘુવીરજી મહારાજ તથા સૌ સદ્‌ગુરુઓનો રાજીપો અને ભગવાન શ્રીહરિની મરજી જોઈ હરિમંડપ પાસે મૂળજી બ્રહ્મચારીના આસનની સમીપમાં અચિંત્યાનંદ બ્રહ્મચારીનું આસન હતું. તે સ્થાને બેસીને શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ કરવાની શરૂઆત કરી. તે રાજભોગની આરતી થઈ ત્યાં સુધીમાં પોણાસો (૭૫) શ્લોક રચ્યા. પછી જમવા બેઠા. ત્યારબાદ જમીને ગ્રંથ લખવા બેઠા, તે ઠાકોરજી જાગતા સુધીમાં બીજા પંચોત્તેર શ્લોક કર્યા. અને સાંજ સુધીમાં કુલ બસો શ્લોક રચ્યા.

ત્યારે રઘુવીરજી મહારાજ તેમની પાસે આવ્યા અને કહ્યું, 'બ્રહ્મચારીજી ! આપ કહેતા હતા કે મારાથી આખા દિવસમાં માંડ દશ પંદર શ્લોક રચાય છે અને આજ તો તમે બસો શ્લોકો રચી નાખ્યા..!' ત્યારે તેઓ કહે, 'શ્રીહરિ જ અંતરથી પ્રેરણા કરે છે અને લખાવી રહ્યા છે; તેવો મને અનુભવ થાય છે. અને ભગવાન કરે તો શું ન થાય ?'

વળી, બ્રહ્મચારી સંતોને કહેતા કે, "એક દિવસ સવારે વહેલા ઊઠીને હું દીવે લખતો હતો. ત્યાં રઘુવીરજી મહારાજ મારી પાસે આવીને જરાવાર ઊભા રહ્યા. તે જ્યારે મને ખબર પડી, ત્યારે મેં મહારાજશ્રીને આસન નાખી દીધું. તેથી તે બહુ હેતથી મારી પાસે બેઠા. અને મને કહે કે, 'બહુ ઉતાવળે આમ કેમ લખી શકો છો ?' ત્યારે મેં તેમને કહ્યું જે, 'હે મહારાજશ્રી ! ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓને સંભારીને જરા વિચાર કરું છું તેવામાં તો શબ્દોની હારના સમૂહના સમૂહ મારી આગળ દેખાય છે. અને જાણે કે તે ગ્રંથમાં જોડાવા ઉતાવળ કરતા હોય એમ મને લાગે છે." એમ કહ્યું. તેથી રઘુવીરજી મહારાજ બહુ જ રાજી થયા.

આ રીતે ભગવાન શ્રીહરિ, આચાર્ય મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની સંપૂર્ણ કૃપા વરસી. તેથી બ્રહ્મચારી અચિંત્યાનંદજીને શાસ્ત્રમાત્રનું સર્વજ્ઞપણું સહજમાં જ પ્રાપ્ત થયું. પછી તો ગ્રંથ રચવા માટે જેવો સંકલ્પ કરે તેવું જ ભગવાન શ્રીહરિ સિદ્ધ કરી આપતા.

એ પ્રમાણે બ્રહ્મચારી અચિંત્યાનંદ સ્વામીએ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ રચતા હતા. તેમની સાથે મદદમાં પીજના પંડિત ભોળાનાથ ભટ્ટ તથા લહિયા તરીકે પરમસુખદાસજી સ્વામી અને પુરાણી મધુસુદનદાસજી સ્વામીને રાખ્યા હતા. આ રીતે આ ગ્રંથરચનાની ભગવાન શ્રીહરિએ જ પ્રેરણા કરી, શ્રીહરિએ જ મદદ કરી અને શ્રીહરિની કૃપાથી જ ગ્રંથ રચાયો છે. આ આખો ઇતિહાસ ગ્રંથની પ્રામાણિકતા વિશેનો દસ્તાવેજી પુરાવા સમાન છે અને ગ્રંથ પણ સ્વતઃસિદ્ધ પ્રમાણભૂત છે. કેમ જે, ભગવાન શ્રીહરિએ જ દર્શન આપી, પ્રસન્ન થઈ ગ્રંથ રચવાની આજ્ઞા આપી છે. સંપૂર્ણ સિદ્ધ થવાનું વરદાન આપ્યું છે. સાથોસાથ આવા અનુપમ ગ્રંથની રચનામાં આવશ્યક સર્વજ્ઞપણું પણ આપ્યું છે.

વેદવ્યાસકૃત શ્રીમદ્‌ભાગવતના ઘણા પ્રસંગો સમાધિ ભાષાના કહેવાય છે. પરંતુ આ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના તો શ્રીહરિની જ ઇચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિના સંચારથી થઈ છે. માટે આ ગ્રંથ અત્યંત પ્રમાણભૂત છે. આટલો ઇતિહાસ જાણ્યા પ

છી હવે આ ગ્રંથની પ્રામાણિકતા વિશે બીજા કોઈ પ્રમાણ શોધવાના રહેતા નથી. આ ગ્રંથના રચયિતા અને પ્રેરક અહંશૂન્ય છે તેથી એમને હરપળ શ્રીહરિની કરુણાનાં દર્શન થાય છે.

આ સમયે શુકમુનિ વગેરે સંતો હરિવાક્યસુધાસિંધુની 'સેતુમાળા' નામની ટીકા રચતા હતા. અને બ્રહ્મચારી અચિંત્યાનંદજી હરિલીલાકલ્પતરુ ગ્રંથ લખતા હતા. તેમને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ખૂબ પ્રોત્સાહન આપતા.

પછી સં.૧૯૧૩માં રઘુવીરજી મહારાજે ભગવત્પ્રસાદજી મહારાજને ગાદીએ બેસાર્યા ત્યારે શુકાનંદ સ્વામી, ભાયાત્માનંદસ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે મોટા સદ્‌ગુરુઓ સાથે અચિંત્યાનંદ બ્રહ્મચારીને બોલાવ્યા હતા અને તેમનું મંતવ્ય પૂછ્યું હતું. આવા તે આગલી હરોળના બ્રહ્મચારી ગણાતા હતા.

❁ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ પૂર્ણ અને તેની વિશેષતા :

આ જ સમયે વડતાલમાં સંતોની ધર્મશાળાની પૂર્વ દિશામાં આવેલ પ્રસાદિભૂત બુરજ નીચે, શાંતિદાયક ખંડમાં બેસીને આધારાનંદ સ્વામી હિન્દીભાષામાં શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા મહાકાય ગ્રંથની રચના કરતા હતા. તો બીજી બાજુ એક ખંડમાં બેસીને અતિ સમર્થ અને મહાન વિદ્વાન અચિંત્યાનંદજી બ્રહ્મચારી સંસ્કૃતભાષામાં શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના કરતા હતા. રઘુવીરજી મહારાજ તે ગ્રંથો નિત્ય વાંચતા હતા. કોઈ પોતાને અલૌકિક ચરિત્ર સ્ફુરી આવે તો તેમને કહેતા અને તે પણ ગ્રંથમાં લખાવતા. અને ગ્રંથના શ્લોકો વાંચતા અને સુંદર રચના જોઈ રાજી થતા. પછી સં.૧૯૧૫માં પ્રબોધની ઉત્સવ વડતાલમાં ભવ્યતાપૂર્વક ઉજવાયો. હજારો સંતો-ભક્તો વડતાલધામમાં આવ્યા.

આવી પ્રબોધિની એ સમે, સમૈયો થયો તે શુભ રીત; સંત હરિજન આવિયા, દેશોદેશ થકી અગણિત.
સભા વિશે સદ્‌ગુરુ કહે, જ્ઞાન ધ્યાન તણો ઉપદેશ; તે સુણતાં જન જાતિમાં, પ્રભુભક્તિ વધે જ વિશેષ.
સત્સંગી આપે રસોઈયો, એવો ઉત્તમ અવસર જોઈ; પૂજા આચારજ સંતની, કરે પ્રેમ અધિકથી કોઈ.
હરિલીલાકલ્પતરુ તણો, પોતે ગ્રંથ રચ્યો શુભ જેહ;

આ રીતે સં.૧૯૧૫ પ્રબોધની એકાદશી (તા.૧૭/૧૧/૧૮૫૮, બુધવાર)ના રોજ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ ત્રણ વર્ષના અંતે પૂર્ણ થયો. આ ગ્રંથનું માહાત્મ્ય ચૌદ અધ્યાયમાં પવિત્રાનંદ સ્વામીના નામે લખેલ છે. આમાં કુલ બાર સ્કંધ છે અને કુલ ઓગણત્રીશ હજાર ત્રણસો શ્લોકો છે.

પણ લેખક ગણતી પ્રકાર, તેના શ્લોક તેત્રીશ હજાર; એકત્રીશ બસેં ઉપરાંત, તેમાં ભાસે નહીં કાંઈ ભ્રાંત.

(શ્રીહરિલીલામૃત : ૧/૨)

પરતું લેખકની ગણતરી પ્રમાણે તેના તેત્રીશ હજાર બસો ને એકત્રીશ શ્લોકો થાય છે. તેમાં કોઈ સંશય નથી. વળી, આ ગ્રંથના માહાત્મ્ય ગ્રંથમાં કુલ ચૌદ અધ્યાય છે અને તેના ૭૨૯ શ્લોક છે. આમ કુલ મળીને આશરે ચોત્રીશ હજાર શ્લોકનો વિશાળકાય ગ્રંથ રચાયો છે. ભાગવતમાં ૧૮,૦૦૦ શ્લોક છે. જ્યારે આ ગ્રંથમાં ૩૪,૦૦૦ શ્લોકો છે. આ ગ્રંથમાં જ્ઞાનની ગહેરાઈ, પરાભક્તિની પરાકાષ્ઠા તથા ભગવત્પ્રાપ્તિના ઉપાયોનું નિરૂપણ અષ્ટાદશ પુરાણો કરતાં પણ શ્રેષ્ઠ રીતે કર્યું છે. આ ગ્રંથની વિશેષતા વર્ણવતા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે,

હરિલીલાકલ્પતરુ તણો, પોતે ગ્રંથ રચ્યો શુભ જેહ; સભા વિશે સર્વ આગળે, મુક્યો તપાસવાને તેહ.
તે તતકાળ તપાસીને, બહુ રાજી થયા વિદ્વાન; સંત તથા સત્સંગીએ, કર્યું આચાર્યનું સનમાન.
પુસ્તકનું પુજન કર્યું, આચારજે પૂરો ધરી પ્યાર; સહાય કારક જે હતા, પૂજ્યા તેહને પણ તેહ વાર.

આ ગ્રંથને અનેક મોટા મોટા વિદ્વાનોએ તપાસ્યો, તેથી સહુ બહુ રાજી થયા. પછી આવા ભગીરથ કાર્ય કરવા બદલ તમામ સંતો અને સત્સંગીઓએ પ્રથમ ગ્રંથરાજનું તથા રઘુવીરજી મહારાજનું સન્માન, પૂજન કર્યું. પછી આ નિમિત્તે રઘુવીરજી મહારાજે ગ્રંથના લેખક બ્રહ્મચારી અચિંત્યાનંદ સ્વામી તથા તેમની મદદ કરનારા શાસ્ત્રી માધવદાસજી સ્વામી, બ્રહ્મચારી હરિપ્રસાદાનંદ સ્વામી, લહિયા પરમસુખદાસજી સ્વામી વગેરે મહાપુરુષોની પૂજા કરી.

હરિલીલાકલ્પતરુ નામે, ભક્તિશાસ્ત્ર રચ્યું એ જ કામે; તેમાં ધર્મ એકાંતિક તણું, પ્રતિપાદન કીધું છે ઘણું.
પોતે વરતિયા એ જ પ્રમાણે, સર્વ સંત ને હરિજન જાણે;

સંપ્રદાયના ધર્મશાસ્ત્ર સત્સંગિજીવનમાં જ્યાં જ્યાં પ્રસંગવિસ્તાર હોય ત્યાં આ ગ્રંથમાં તે પ્રસંગ સંક્ષિપ્તથી વર્ણવી વિસ્તાર માટે

સત્સંગિજીવનનું અનુસંધાન ટાંકવાનો ઉલ્લેખ છે. તે જ રીતે સત્સંગિજીવન ગ્રંથમાં જે પ્રસંગો સંક્ષેપમાં હોય તે પ્રસંગો આ ગ્રંથમાં વિસ્તારથી રજૂ કરેલ છે. તદુપરાંત નિત્યાનંદમુનિકૃત શ્રીહરિદિગ્વિજય ગ્રંથમાં પણ અમુક પ્રસંગ વિસ્તારથી લખેલા છે. તેનું અનુસંધાન પણ આ ગ્રંથમાં ટાંકવામાં આવેલ છે. અને એ ગ્રંથોમાં જે ન હોય તે સિદ્ધાંતિક વાતો અને ચરિત્રો આ ગ્રંથમાં વિસ્તારથી છે. આમ, આ ત્રણેય ગ્રંથો એકમેકના પૂરક છે; તે આ ગ્રંથની વિશેષતા છે.

વિશેષમાં બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ આ મહાન ગ્રંથની રચના કરી છતાં પણ તેનો સમગ્ર યશ તેમણે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને આપેલો અને તે આચાર્યશ્રીના નામે જ પ્રસિદ્ધ કરેલો. આ બાબત બ્રહ્મચારી અચિંત્યાનંદજીનું નિર્માનીપણું અને ગુરુભક્તિ દર્શાવે છે. તેઓના આ ગુરુભક્તિના ગુણને લીધે જ તેઓ દ્વારા ભગવાન શ્રીહરિએ અનેક સત્કાર્યો કરાવ્યાં છે.

❁ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ પર ટીકા અને કથાની વિગત :

પછી તે સમયે રઘુવીરજી મહારાજે ભગવત્પ્રસાદજી મહારાજને યોગ્ય વિદ્વાન પાસે તેના પર ટીકા કરાવવાની આજ્ઞા કરી. તે મુજબ પંડિત ભોળાનાથ ભટ્ટ, મહા વિદ્વાન શાસ્ત્રી માધવદાસજી સ્વામી અને હરિલીલાકલ્પતરુ ગ્રંથના લેખક અચિંત્યાનંદ બ્રહ્મચારી વગેરે મહાપુરુષોએ મળી ભગવત્પ્રસાદજી મહારાજના નામે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ ઉપર રસબોધિની નામની ટીકા લખી. આ ટીકા સં.૧૯૨૩ શ્રાવણ વદ-૮, જન્માષ્ટમીના દિવસે વડતાલધામમાં પૂર્ણ થઈ હતી.

વર્ષાઋતુ સારી સુહાવી, તેમાં ગોકળ અષ્ટમી આવી; હરિલીલાકલ્પતરુ કેરી, ટીકા પુરી થઈ તે ભલેરી.
તેનો ઉત્સવ ઉત્તમ કીધો, પોતે ટીકા કરી જશ લીધો; શુકાનંદમુનિ આદિક જન, થયા વાંચીને પરમ પ્રસન્ન.

વળી, પંડિત ભોળાનાથ ભટ્ટે અમુક અધ્યાયો ઉપર વિશેષ પ્રકાશ પાથરવા માટે 'અધિરોહિણી' તથા 'હરિરહસ્યસાર' નામની સુંદર ટીકા પણ લખેલી છે. આ ગ્રંથ લખાયા પછી વડતાલમાં જ અનેકવાર આ ગ્રંથની કથા થયેલી છે. એકવાર મેંગણીનરેશ માનભા વડતાલ આવ્યા.

તે પછી તે વડતાલમાં, આવી વશ્યા ઘણા દિન વાસ; હરિલીલાકલ્પતરુ તણી, કથા સુણી શુકાનંદ પાસ.
સુવર્ત મુનિના મુખ થકી, નૃપ પ્રતાપસિંહે જેમ; સત્સંગિજીવનની કથા, સુણી કલ્પતરુની તેમ.
શ્રીમદ્‌ભાગવત સાંભળ્યું, શુક મુખે પરીક્ષિતે જેમ; મેંગણી પતિએ શુક મુખે, કથા કલ્પતરુ સુણી તેમ.

આ રીતે સૌ પ્રથમ શુકાનંદ સ્વામીએ આ ગ્રંથની કથા કરી હતી. વળી, આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અને આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના સમયમાં પણ વડતાલ વગેરે ધામોમાં આ ગ્રંથની અનેકવાર કથા થયેલી છે.

એક અવસરે શ્રીવડતાલે, સમૈયો થયો કાર્તિક કાલે; દેશોદેશથી આવિયા સંત, સત્સંગીઓ આવ્યા અનંત.
સભા સારી ભરાઈ સવારે, હરિલીલા કલ્પતરુ ત્યારે; કથા થઈ તેની ભલીભાત, આવી બામણોલી તણી વાત.
રુડી રાયણે હીંડોળો કીધો, તખા ભક્તે ભલો લાવ લીધો; હેતે ત્યાં શ્રીહરિને ઝુલાવ્યા, દેવ ઈન્દ્રાદિ દર્શને આવ્યા.
ઘણાં ઔર્ય હરિયે દેખાડ્યાં, અતિ અચરજ સૌને પમાડ્યાં; કથામાં એવી સાંભળી વાણી, મહિમા મોટો તેહનો જાણી.

આમ, અચિંત્યાનંદ બ્રહ્મચારીકૃત આ ગ્રંથની તેમની હયાતીમાં જ અનેકવાર કથા થયેલી છે. ભગવત્પ્રસાદજી મહારાજે સં.૧૯૨૫માં ધોલેરાધામમાં હરિલીલાકલ્પતરુ ગ્રંથની કથા કરાવી તે નિમિત્તે મોટો મહોત્સવ કર્યો હતો. આ કથાના વક્તા મૂર્ધન્ય વિદ્વાન ભોળાનાથ ભટ્ટ હતા. આ ઉત્સવની શ્રીધરાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી સ્વામી અને ગોપાળદાસજી સ્વામી, આ ત્રણેય સંતોએ તમામ વ્યવસ્થા કરી હતી. ભોજનાલયની તમામ જવાબદારી બ્રહ્મચારી પતિતપાવાનાનંદજી અને હરિપ્રસાદાનંદજીએ સંભાળી હતી. આ સમયે હજારો વિપ્રો અને સંતોભક્તોનો ભીડો થયો હતો. આ રીતે હરિલીલાકલ્પતરુ મહોત્સવ યોજી ભગવત્પ્રસાદજી મહારાજે આ ગ્રંથનું ગૌરવ વધાર્યું હતું.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના સમય સુધીમાં વડતાલ, ગઢપુર, ધોલેરા, જૂનાગઢ વગેરે ધામોમાં અનેકવાર આ ગ્રંથની કથા થયેલી છે. માયાતીતાનંદ સ્વામીએ મહાન પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય પાસે એક મહિનો ખંભાતમાં આ ગ્રંથની કથા કરાવી હતી. અને જૂનાગઢના સભામંડપમાં તો દર ચાતુર્માસમાં આ ગ્રંથની કથા નિત્ય થાય છે.

વડોદરાના વિદ્યાભાસ્કર, વિદ્યાવાચસ્પતિ, ધર્મશાસ્ત્ર રત્ન, વ્યાકરણ શાસ્ત્રી અને 'શાંકર મત'ના પ્રકાંડ પંડિત શ્રીમણિશંકર વસંતરાય ઉપાધ્યાય 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથના નિવેદનમાં એવું જણાવે છે કે, 'જેને શાસ્ત્રો પુરુષોત્તમ કે પરબ્રહ્મ કહે છે, તેને શ્રીજીમહારાજે પોતાના મતમાં મૂળપુરુષ કહ્યા છે. વળી, બ્રહ્મચારી અચિંત્યાનંદજીની મહત્તા કેટલી હદે સમજવી, તેનું માપ હું કાઢી

શકતો નથી; તો બ્રહ્મચારી મહારાજના ઈષ્ટદેવ શ્રીજીમહારાજ, શ્રીસહજાનંદજી ભગવાનનો મહિમા કેટલો અગાધ, અમાપ અને અનવધિકાતિશય હોય ! તે તો માત્ર કલ્પનાતીત જ રહે છે.' આ રીતે મોટા મોટા પંડિતોનું પણ બ્રહ્મચારી અચિંત્યાનંદજીના ગ્રંથોને વાંચીને દિલ ડોલી જાય છે. એવી અદ્‌ભુત ગ્રંથરચના કરવાનો યશ ભગવાન શ્રીહરિએ તેમને આપ્યો છે.

❁ સદ્‌ગુરુ સંતોના મતે શ્રીહરિલીલાકલ્પતરુ :

એકવાર ગુણાતીતાનંદ સ્વામી સભામાં વિધાત્રાનંદ સ્વામીવાળીર પત્રી કહેતાં તેમણે રચેલ પુરુષોત્તમ નિરૂપણ ગ્રંથ વંચાવીને બોલ્યા જે, 'આ વાત યથાર્થ જાણ્યા પછી કાંઈ કરવું બાકી રહે નહીં. આ પત્રી ઉપર અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે ગ્રંથ આખો કરાવ્યો છે, તેમાં મહિમા સમજવાની સંપૂર્ણ વાત આવી ગઈ છે. અહો..! હમણાં ઘણી પ્રાપ્તિ છે ! પણ કહ્યા વિના સમજાય નહીં.'

વળી, શ્રીજીમહારાજને સર્વોપરિ પુરુષોત્તમ સમજવા. તે હમણાં અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે અમે ગ્રંથ કરાવ્યો તેમાં સંપૂર્ણ પુરુષોત્તમપણું નિરૂપણ થયું છે. અને એક જણે રામકથા વાંચી, પણ એનો તો સૌને નિશ્ચય છે જ; પણ આ પ્રગટ પુરુષોત્તમનો નિશ્ચય કરવો એ વાત કઠણ છે.

જ્યારે સત્સંગિજીવન ગ્રંથ રચાતો હતો તેમાં ઉપાસનાનો પ્રસંગ નિસર્યો તે ઉપર એકવાર શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને ઉદ્દેશીને રાજી થઈને કહ્યું હતું કે, 'હે સ્વામી ! શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધાં છે ત્યાં ત્યાં ચર્તુભુજ એટલે વૈકુંઠનાથરૂપે દર્શન દીધાં છે અને ભાગવતમાં પણ તેમને વૈકુંઠનાથ લખ્યા છે, પણ ગોલોકધામના પતિ છે, તેમ લખ્યા નથી; તોપણ શ્રીકૃષ્ણ ગોલોકધામના પતિ હતા, તો આપણે સર્વે ગોલોકધામના પતિ કહીએ છીએ. પુરાણોની વાત તો તેમાં ને તેમાં રહી. અને પોતે ગોલોકના પતિ હતા તો તેમ જ પ્રસિદ્ધ થયા છે. તેમ જ સ્વામી અમને પણ સત્સંગિજીવનમાં કૃષ્ણ જેવા લખ્યા છે તે ગ્રંથમાં જ રહેવાનું છે. અને અમે એ સર્વેથી પર અક્ષરધામના પતિ, સર્વે અવતારોનું કારણ પુરુષોત્તમનારાયણ જેવા છીએ તેવા જ સત્સંગમાં પ્રસિદ્ધ થાશું.' એમ મહારાજે કહ્યું હતું તે વાત સહુ જાણે છે.

અને જે આવો મહારાજનો અભિપ્રાય અને રહસ્ય જાણતા નથી તે પ્રથા પ્રથા કૂટે છે. માટે આપણે તો શ્રીજીમહારાજ જેવા છે તેવા કહ્યા હોય એવું મહિમાવાળું શાસ્ત્ર મુખ્ય રાખવું. તે વેદરસ અને જૂના વચનામૃતોના ખરડાઓમાં બહુ પુરુષોત્તમપણું નિરૂપણ કર્યું છે. તેથી જ મહારાજના સ્વરૂપની આગળ પુષ્ટિ થાશે. અને ગુણાતીતાનંદ સ્વામી કહે, 'જ્યારે અમે સત્સંગિજીવન સાંભળ્યો ત્યારે અમને વિચાર થયો જે આ ગ્રંથમાં મહારાજનું સર્વોપરિપણું આવ્યું નહીં. પછી રઘુવીરજી મહારાજ તથા અમે મળીને શ્રીહરિની પ્રેરણાથી બ્રહ્મચારી અચિંત્યાનંદજી પાસે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ કરાવ્યો છે. એ ગ્રંથ તૈયાર થયો ત્યારે શ્રીહરિ, અમે અને આખો સત્સંગ ઘણું રાજી થયા. અને આ ગ્રંથ મહિમાવાળો છે. માટે એક દિવસ તે મુખ્ય ગણાશે.

આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે ''સ્તોત્રરત્નસિંધુ'' માં જે સ્તોત્રોનો સંગ્રહ કરેલ છે તેમાના ઘણાંખરાં સ્તોત્રો આ ગ્રંથનાં જ છે. તદુપરાંત ''ધર્મરત્નાકર'' નામનો ગ્રંથ પણ આ ગ્રંથના સપ્તમ સ્કંધનો જ એક ભાગ છે. આમ, સર્વ રીતે જોતા સર્વ શાસ્ત્રોના સારરૂપ આ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ સંપ્રદાયનો ખરેખર અદ્વિતીય ગ્રંથ બની રહ્યો છે. અને ભવિષ્યમાં વિશ્વનો અદ્વિતીય ગ્રંથ બને એવી ક્ષમતાવાળો છે.

આ શ્રીહરિલીલાકલ્પતરુની કથાનો લાભ સરધારધામનિવાસી પૂ. સ.ગુ. શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખથી ઘરસભાના માધ્યમથી નિત્ય શ્રોતાજનોને પ્રાપ્ત થઈ રહ્યો છે.

❁ વડતાલમાં શ્રીહરિલીલાપ્રદીપ ગ્રંથ રચના :

સં.૧૯૨૫ અષાઢ સુદ નિયમની એકાદશીએ નિત્યાનંદ સ્વામીકૃત હરિદિગ્વિજય ગ્રંથ ઉપર 'વિજયદુદુંભિ' નામની ટીકા પૂર્ણ થઈ. પછી ભગવત્‌પ્રસાદજી મહારાજ તથા મોટા મોટા સદ્‌ગુરુઓએ મળી વિચાર કર્યો કે, 'રઘુવીરજી મહારાજે અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથ કરાવ્યો છે તે અતિ મોટો છે. માટે તેમાંથી સાર સાર કાઢી સહુને સુગમ પડે એવો એક નાનો ગ્રંથ થાય તો સારું.'

એ તો ગ્રંથ થયો બહુ મોટો, તેનો સાર લઈ કરો છોટો; સૌને સુગમ પડે લખી લેતાં, તેનું સુગમ પડે દાન દેતા.
સુણી વિનતી આચારજજીએ, કર્યો આરંભ એકાદશીએ; નામે શ્રીહરિલીલાપ્રદીપ, ધન્ય ધન્ય તે ધર્મ અધિપ.

આચાર્યશ્રીએ તે વાત માન્ય રાખી અને વિ.સં.૧૯૨૫ દેવપોઢીનિયમની પવિત્ર એકાદશીને દિવસે જ વર્ણિરાજ અચિંત્યાનંદજી

પાસે 'શ્રીહરિલીલાપ્રદીપ' નામના ગ્રંથને રચાવવાનો આરંભ કરાવ્યો.

જ્યારે જ્યારે સત્સંગવિચરણ કરી ભગવત્પ્રસાદજી મહારાજ મોટા સદ્‌ગુરુઓ સાથે વડતાલ પધારતા ત્યારે અચિંત્યાનંદ બ્રહ્મચારીજી શ્રીહરિલીલાપ્રદીપ ગ્રંથ રચતા, તે જોઈ બહુ રાજી થતા. તેમને પ્રોત્સાહન આપતા, પ્રેમ આપતા, જોઈએ તે વસ્તુઓ અને વ્યક્તિઓ મદદમાં આપતા. આ રીતે વડતાલધામમાં હરિમંડપની બાજુમાં હાલ જ્યાં બ્રહ્મચારી-નિવાસ છે ત્યાં મૂળજી બ્રહ્મચારીના આસનની બાજુમાં જ અચિંત્યાનંદ બ્રહ્મચારીનું આસન હતું. તે સ્થળે બેસી બ્રહ્મચારી મહારાજ અનુપમ આ સદ્‌ગ્રંથની રચના કરતા હતા. સાથોસાથ જ્યારે જ્યારે કોઈ મોટા શહેરમાં આચાર્યશ્રી વિચરણ માટે જાય ત્યારે તેમને સાથે લઈ જતા, તેથી ગ્રંથ નિર્માણનું કાર્ય ધીરેધીરે ચાલતું.

સં.૧૯૨૮ શ્રાવણ વદ-૮ વડતાલ ધામે શ્રીહરિલીલાપ્રદીપ નામનો ગ્રંથ પૂર્ણ થયો.

કૃષ્ણજન્મની અષ્ટમી આવી, તે તો સૌ હરિભક્તને ભાવી; હરિલીલાપ્રદીપ જે ગ્રંથ, થયો પૂરો તે રચવાનો પંથ.
તેનો ઉત્સવ ઉત્તમ કીધો, મુખ્ય ગ્રંથ તે તો માની લીધો; મોટા સદગુરુ સંત હુલાસે, બેઠા આવીને આચાર્ય પાસે.
હરિલીલાપ્રદીપ જે ગ્રંથ, પેખ્યો તેમાં અતિ ભલો પંથ; સંત સૌએ તે ગ્રંથ વખાણ્યો, મોટા પંડિત સૌએ પ્રમાણ્યો.

આ રીતે ત્રણ વર્ષે આ ગ્રંથનું કાર્ય પૂર્ણ થયું. આ ગ્રંથમાં કુલ પાંચ પ્રકરણ અથવા કિરણ છે. જેના કુલ ૧૮૧ અધ્યાયો છે. તેમાંથી ત્રણ કિરણ પ.પૂ.શા.શ્રીહરિપ્રકાશ સ્વામી કાશી વિદ્યાભ્યાસ કરતા ત્યારે તેમણે પ્રકાશિત કર્યા હતા. તેમનો અનુવાદ વડતાલધામના પ્રાચિન ન્યાયાચાર્ય, વેદાન્તતીર્થ સદ્‌.શા.શ્રીશ્વેતવૈકુંઠદાસજી સ્વામીએ ઈ.સ.૧૯૭૧માં કર્યો હતો. આ ત્રણ કિરણોમાં કુલ ૧૪૫ અધ્યાય અને ૬૬૧૩ શ્લોકો અનુવાદ સાથે પ્રકાશિત કરેલ છે. આખા ગ્રંથના આશરે ૮૦૦૦ ઉપરાંત શ્લોકો થાય. આ ગ્રંથ અતિશય અનુપમ છે, સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતા, દિવ્યતા અને મહિમાવર્ધક છે. ગ્રંથના મુખ્ય વક્તા સદ્‌.શ્રીઅદ્‌ભુતાનંદ સ્વામી અને શ્રોતા લોધિકાનરેશ અભેસિંહ દરબાર છે. બીજો સંવાદ સદ્‌.પવિત્રાનંદ સ્વામી અને વડોદરાના વાઘમોડિયા વિપ્ર રામચંદ્ર વૈદ્યનો છે. આ ગ્રંથ ઉપર આચાર્યપ્રવર શ્રીવિહારીલાલજી મહારાજે 'અન્વયાર્થ દગ્દાયિની કહેતા અન્વયાર્થનેત્રપ્રદા' નામે ટીકા પણ રચેલી છે.

આવા અનુપમ ગ્રંથને સહુ સદ્‌ગુરુ સંતો તથા મોટા મોટા પંડિતોએ પ્રમાણ કર્યો, ગ્રંથનું પૂજન કર્યું. બ્રહ્મચારી મહારાજે આ ગ્રંથલેખનનો યશ આચાર્યશ્રીને આપ્યો હતો. તેઓએ પાયામાં રહીને આ સેવા કરી હતી. તેથી સહુએ તેમની આ સેવાકાર્યની કદર કરી બ્રહ્મચારી મહારાજનું ખૂબ મોટા પાયે સન્માન કર્યું. તેમનાં સત્કાર્યો, સદ્‌ગુણો અને પરાભક્તિની સહુએ મુક્તકંઠે પ્રશંસા કરી. બ્રહ્મચારીના સદ્‌ગુણો જાણે આવા જ હશે !

હર રંગમેં સેવકરૂપ રહે, અમૃત જલકા જ્યું કૂપ રહે, સત્ કર્મ કરે ઔર ચૂપ રહે, ભલે છાંવ મિલે યા ધૂપ રહે;
નિઃસ્પૃહી બની જગમેં વિચરે, ઔર રહેવે ધીર ગંભીરીમેં...જો૦ ૧
જગતારણ કારણ દેહ ધરે, સત્ સેવા કરે જગ પાપ હરે; જિજ્ઞાસુકો ઘટમેં જ્ઞાન ભરે, સત્‌વાણી સદા મુખસે ઉચ્ચરે;
ષડ્‌રીપુકો બસ કર રંગમેં રમે, ઔર રહેવે સદા શૂરવીરીમેં...જો૦ ૨
જો આનંદ સંત ફકીર કરે, વો આનંદ નાહીં અમીરીમેં;

સતારદાસે લખેલી ઉપરોક્ત પંક્તિઓ બ્રહ્મચારીજીના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગઈ હતી. સત્કાર્ય કરી સદા ચૂપ રહેનારા એવા આ બ્રહ્મચારી મહારાજના કાર્યને સત્સંગસમાજ યુગો સુધી સંભારશે અને તેમાંથી પ્રેરણા લેતો રહેશે.

●●●

વડતાલમાં શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની રચના સં. ૧૯૧૪ (ઈ.સ. ૧૮૫૭)

શ્રીજીમહારાજ સ્વધામ સિધાવ્યા તેને ૨૭-૨૮ વર્ષનાં વાણાં વહી ગયાં. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી સતત અનેક પ્રકારની સત્સંગની સેવા કરતા રહ્યા. પછી એક દિવસ તેમના અંતરમાં સંકલ્પ થયો કે,

સર્વોપરિ યહ ભયે અવતારા, એસે અવતાર ન ભયે કોઉ વારા ॥
સર્વોપરિ જો ચરિત્ર કર તાહી, સત્સંગમેં જન બોલત રહાહી ॥૩૭॥
સર્વોપરિ ગ્રંથ બિન તાકે, પ્રમાન કબહુ ન હોવત વાકે ॥
લક્ષ શ્લોક હોવે જિહાઁ લગહુ, ઓર અવતાર સમ તિહાઁ લગહુ ॥૩૮॥

આ શ્રીહરિનો સર્વોપરિ અવતાર થયો છે. આવો અવતાર ક્યારેય થયો નથી. શ્રીહરિના અવતારની જેમ તેમનાં ચરિત્રો પણ સર્વોપરિ છે. આમ આપણા સત્સંગમાં સહુ ભક્તો કહે છે. પરંતુ સર્વોપરિ ગ્રંથ સિવાય ઉપર કહેલી બાબતનું પ્રમાણપણું ક્યારેય ન થાય; માટે એક લાખ શ્લોકો થાય ત્યાં સુધીનો એક વિશાળકાય ગ્રંથ લખવો. જેથી આ ગ્રંથ ઉપરથી લોકો શ્રીહરિનો સર્વોપરિ અવતાર કહેશે. કેમ જે, સર્વોપરિ ગ્રંથ સિવાય અન્ય મતના લોકો ક્યારેય આ સંપ્રદાયની તથા સંતની વાતને કબૂલ ન કરે. કારણ કે, બધા લોકો લૌકિક બુદ્ધિના હોય છે. જે લૌકિક મનુષ્ય છે, તે આ સર્વોપરિ ગ્રંથને જોઈને મનમાં આશ્ચર્ય પામશે. અને શ્રીહરિને બીજા બધા અવતારો કરતાં પર, અર્થાત્ સર્વોપરિ કહેશે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૮)

માટે એવો મોટો ગ્રંથ લખવાનો સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીના અંતરમાં સંકલ્પ થયો. પછી તે વાત તેમણે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા મોટા મોટા સંતોને કહી. તેથી આચાર્યશ્રીએ તેમજ સાધુ-સંતોએ હર્ષભેર આવકારી. તેથી સ્વામીશ્રીએ રામાયણના જેવી સાદી સરળ શૈલીમાં હિંદી ભાષામાં વડતાલમાં રહીને સં.૧૯૧૪, જેઠ સુદ આઠમે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખવાની શરૂઆત કરી.

દોહા : **ઓગણસાઠ તન વર્ષ ભયે, ગ્રંથ આરંભ હિ કિન ॥**
સંવત્ ઓગણિશ ચૌદમેં, જિષ્ટ શુદિ અષ્ટમિ દિન ॥૧૧॥

જ્યારે આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો ત્યારે સ્વામીની ઉંમર ૫૯ વર્ષની હતી. પછી તો સ્વામી જે રીતે શ્રીહરિ પ્રેરણા કરતા ગયા તે રીતે એક પછી એક પૂર લખતા ગયા. સ્વામી દરેક પૂરના પ્રારંભે પ્રાયઃ શ્રીહરિની વંદના કરતા કહે છે કે, 'શ્રીહરિની કૃપાથી જેવાં મને તેમનાં ચરિત્ર અંતરમાં દેખાય છે તેવાં હું લખું છુ. શ્રીહરિની મૂર્તિ અને તેમનાં ચરિત્ર જ્યારે હું કહેવા લાગું છું ત્યારે તે બધાં મને દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ દેખાય છે અને તે પ્રમાણે હું લખું છું. શરીરનું આયુષ્ય તો શ્રીહરિને આધીન છે. એક ઘડી કે પળનો પણ નિર્ધાર નથી. છતાં જ્યાં સુધી શ્રીહરિ કૃપા કરતા રહેશે ત્યાં સુધી ચરિત્ર લખતો રહીશ.'

ચોપાઈ : **શ્રીહરિકી મૂર્તિ દેખિ જેસી, ઉચ્છવ ચરિત્ર કરત હિ તેસી ।**
દેશ દેશમેં ફિરે વારમવારા, ભક્તજન હિત કરી હરિ પ્યારા ॥૧૭॥
પ્રગટ મૂર્તિ દેખી મેં જેસે, ઉર બિચ મોર રખિકે તેસે ।
ચરિત્ર લિખત સંભારિકે તાઈ, જેસે ઉર મેં દેત દેખાઈ ॥૧૮॥

જેવા મેં પ્રગટ મૂર્તિ શ્રીહરિનાં દર્શન કર્યાં છે, તેવાં જ મારા અંતરમાં સંઘરી રાખ્યાં છે. અને તે હું મારાં હૃદયમાં જ્યારે સંભારું છું ત્યારે જેવું છે તેવું દેખાઈ આવે છે. અને એ મુજબ હું ચરિત્રને લખું છું. સૂર્ય સિવાય આપણી આંખો કાંઈ દેખી શકે નહિ તેમ શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સિવાય હું કાંઈ પણ લખી શકતો નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૧)

જ્યાં સુધી ભગવાનનો રાજીપો રહેશે અને શરીરની સાનુકૂળતા રાખશે, ત્યાં સુધી શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તેને શ્રદ્ધા રાખીને મારે લખવાં છે.

ચોપાઈ : **ચરિત્ર યહ લિખત જિહાઁ લગહી, શ્રીહરિ જેસે રહે તિહાઁ લગી ।**
ચરિત્ર કર પ્રગટ સમીપ દેખાતે, યામેં ઈતના લાભ રહાતે ॥૩૦॥

ન દેખે કબહુ હરિકુ જાહી, ચરિત્ર કરીકે તિનકુ તાહી।
પ્રત્યક્ષ હરિ દેખેમેં આતે, દેખનેકી જિમિ રીત રહાતે ॥૩૧॥

જ્યાં સુધી હું શ્રીહરિનાં આ ચરિત્રને લખું છું, ત્યાં સુધી જેવા શ્રીહરિ હતા અને જેવાં ચરિત્ર તેમણે કર્યાં તે મને પ્રત્યક્ષ સમીપ દેખાય છે. આ ચરિત્ર લખવામાં આટલો મને લાભ થાય છે. જેણે ક્યારેય શ્રીહરિનાં દર્શન કર્યા ન હોય તેને માટે શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય એવી રીતે આ શ્રીહરિનાં ચરિત્ર લખું છું. આ ચરિત્રોએ કરીને મને શ્રીહરિ પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૭/૨૦)

એકવાર સ્વામી ગ્રંથ લખતા હતા. ત્યારે કોઈ સંતે આવીને કહ્યું કે, 'તમે આ સ્થળે મહારાજ હાથીની સવારી ઉપર બેઠા હતા, એમ વર્ણન કર્યું તે બરાબર નથી. કેમ જે, તે પ્રસંગે હું હાજર હતો અને ત્યાં મહારાજ ઘોડેસવાર હતા. અને શ્રીહરિની શોભાયાત્રા નીકળી હતી.' ત્યારે સ્વામી કહે, 'મને જેવા શ્રીહરિ પ્રત્યક્ષ દેખાય છે અને અનુભવાય છે તેમ હું આ ચરિત્રો અને ગ્રંથ લખું છું. તમને જેમ દેખાતા હોય તેમ તમે લખજો.' માટે સ્વામીના અનુભવના ખજાના જેવો આ ગ્રંથ શ્રીજીમહારાજની રોજનિશી જેવો છે. તેમાં શ્રીહરિની લીલા, ઉપદેશ તથા મૂર્તિનું વિગતવાર ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. સ્વામી ઘણીવાર લખે છે કે,

સોરઠા : **કોટીમેંસું એક, બાત લિખત હે યાદ કર ॥ બાત રહેઉ અનેક, આયુષ રહે નિરધાર બિન ॥૨૮॥**
પલક નહીં નિરધાર, તન રહે યહ ઈસ વિધ હિ ॥ શ્રીહરિ ધર્મકુમાર, આયુષ હાથ હિ રહે યહ ॥૨૯॥

કરોડો બાબતમાંથી કોઈ એક વાત યાદ કરીને લખું છું. વાતો અનેક છે, આયુષ્યનો કોઈ નિર્ધાર નથી. આ દેહનું આયુષ્ય તો શ્રીહરિના હાથમાં છે. શ્રીહરિએ મનમાં જેવો ધાર્યો છે તેવો આ ગ્રંથ છે.

● આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે :

આ ગ્રંથના ૧૫મા પૂરનો ૪૧મો તરંગ હું જ્યારે લખી રહ્યો ત્યારે સં.૧૯૧૯, મહા સુદ બીજને દિવસે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ અક્ષરવાસી થયા. જે દિવસથી મેં આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો તે દિવસથી રોજ આચાર્યશ્રી આવીને મને પૂછતા જે, 'કેટલી વાત લખાણી ?' આ ગ્રંથનાં ઘણાં પાનાં તો તેમના માટે નિત્ય નવીન રહેતાં. પ્રારંભના પાંચ પૂરોની કથા તો આચાર્યશ્રીએ કરાવીને સાંભળી હતી. આ ગ્રંથના પૂર વાંચીને તેઓ અતિ પ્રસન્ન થતા અને એવું બોલતા કે, 'આ ગ્રંથના પૂરમાં જેટલી મહાન વાતો આવી તે બધો ઉપદેશ તથા શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યાં હતાં તે તથા સંતો ભક્તોને જે રીતે વર્તાવ્યા છે, તે બધું જેવું છે તેવું આ ગ્રંથમાં લખાયું છે; એવો આ અજોડ ગ્રંથ છે, આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૮)

● અધૂરા કામે પણ અંતર પૂર્ણ :

આ ગ્રંથમાં આશરે ૯૮,૧૪૫ દોહા અને ચોપાઈઓ છે. ૨૩૦૭ તરંગો અને ૨૮ પૂર છે. છતાંય ગ્રંથ અધૂરો રહી જવા પામ્યો છે. સં.૧૮૮૨ની સાલ સુધીની લીલા આ ગ્રંથમાં લખાઈ છે. પરંતુ સ્વામીના અંતરમાં પૂર્ણતા છે. વારે વારે સ્વામી કહે છે કે, 'જ્યાં સુધી શ્રીહરિની ઇચ્છા હશે, ત્યાં સુધી હું આ ગ્રંથ લખીશ. જ્યારે મહારાજ મને ધામમાં લઈ જશે ત્યારે સુખેથી ત્યાં શ્રીહરિની સેવા કરીશ.' તેથી કદાચ સ્વામીને પણ આ ગ્રંથ પૂર્ણ નહિ થાય એવો અંદાજ આવી ગયો હશે. એટલે સ્વામીએ શ્રીજીમહારાજના અંતર્ધાનનો પ્રસંગ ટૂંકમાં છતાં સુંદર રીતે હરિગીત છંદમાં ગાયો છે કે,

મેરા સ્વરૂપ હૈ શિક્ષાપત્રી સો અચલ સત્ય માનિયો। ધર્મવંશી સંત હિ હરિજન દૃઢ કરીકે જાનિયો ॥
અબ તો શિક્ષાપત્રી કહે તેહિ તૈસે ચલના પ્રીતસું। ઔર આચાર્ય ધર્મવંશી કહે ત્યું ચલના સુરિતસું ॥
મેરે હી અક્ષરધામમેં સો આવહી નહિં સંદેહ હી। ધર્મવંશી દ્વારમેં રહે બચન ગ્રહો મેરો તેહ હી ॥
ઓર હી મૂર્તિ દ્વારમેં રહે મંદિર મોરે જાઈ હૈ। એક રૂપ તિન રૂપ ધરે સબ જન સુખદાઈ હૈ ॥
ચો૦ : મેરી આજ્ઞા સો મેરો સ્વરૂપા, મેરે બચન માનના અનુપા।
મેરે બચન મેં શશી અરુ સુરા, નિશદિન તત્પર રહે હજૂરા ॥

આમ, આધારાનંદસ્વામીનું સમગ્ર જીવન પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો-ભક્તોની સેવામાં, તેમજ સત્સંગની મા સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીના સેવક અને લહિયા તરીકે તથા સંપ્રદાય માટે શ્રીહરિના ચરિત્રનો રસાસ્વાદ કરાવનાર મહાન કવિ અને શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સહુનાં મનમંદિર પર અંકિત કરાવનાર ચિત્રકાર અને મંદિરના કારીગરો

માટે માર્ગદર્શક તરીકે પસાર થયેલું હતું.

પૂ.સ્વામીશ્રીમાં એકમાં જ અનેક કળાઓનો વાસ હતો. જેમ કે,

(૧) આદર્શ કવિ, (૨) અનુપમ ચિત્રકાર, (૩) શ્રેષ્ઠ ગાયક, (૪) સિતારવાદક, (૫) ઉત્તમ શિલ્પકાર, (૬) સર્વોત્તમ લહિયા, (૭) અનુપમ વ્યવહારદક્ષ અને (૮) નૂતન ગ્રંથ રચનાર વગેરે અનેક કળાઓનો સદ્‌. શ્રીઆધારાનંદ સ્વામી ખજાનો હતા.

પૂ.સ્વામીશ્રી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના એક પછી એક પૂર લખતા ગયા. અમુક પૂરના અંતે તથા આરંભમાં પોતે કયા વારે અને કઈ તિથિએ તેનો આરંભ કર્યો તે આ ગ્રંથમાં લખ્યું છે, તેની વિગત.

પૂર-૧ સં.૧૯૧૪ જેઠ સુદ-૮ વડતાલધામમાં ગ્રંથનો આરંભ કર્યો.

પૂર-૯ સં.૧૯૧૬ વડતાલધામમાં રહીને પૂરું કર્યું છે.

પૂર-૧૦ સં.૧૯૧૬ વૈશાખ વદ-૫ ને ગુરુવારે વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૧ સં.૧૯૧૭ ભાદરવા સુદ-૧ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૩ સં.૧૯૧૮ માગશર વદ-૪ના રોજ વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૪ સં.૧૯૧૯ કારતક સુદ-૫ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૫ સં.૧૯૧૯ જેઠ સુદ-૫ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૬ સં.૧૯૨૦ દ્વિ. શ્રાવણ વદ-૮ ને શનિવારે વડતાલમાં પૂરું કર્યું છે.

પૂર-૧૭ સં.૧૯૨૧ આસો સુદ-૩ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું છે.

સં.૧૯૧૪થી ૧૯૨૧ સાત વર્ષ ને ચાર માસમાં સ્વામીએ ૧૭ પૂર લખ્યાં. ત્યાર બાદ સ્વામી શક્તિ પ્રમાણે ભક્તિ કરતા રહ્યા. એક પછી એક તરંગ અને પૂર લખતા રહ્યા. વચ્ચે સ્વામી બે-ત્રણ વાર બીમાર પડી ગયા. એવો પોતે જ આ ગ્રંથના ૨૭ અને ૨૮ના પૂરમાં ઉલ્લેખ કર્યો છે. ૨૮ પૂર પૂરાં થયાં. ૨૯મા પૂરનો આરંભ કર્યો તેના ત્રણ તરંગ લખાયા અને ચોથા તરંગની ૨૮ પંક્તિઓ લખાઈ ત્યાં લખતાં લખતાં જ સં.૧૯૨૮ માગશર સુદ-૭, તા.૧૮/૧૨/૧૮૭૧ ને સોમવારના રોજ સ્વામી અક્ષરવાસી થયા. એટલે કુલ ૧૩ વર્ષ, ૫ માસ અને ૧૪ દિવસ સ્વામીએ આ ગ્રંથ લખ્યો; એવું અનુભવી મોટા સંતોએ નોંધ્યું છે.

• શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષતા :

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ હિંદી સાહિત્યની દૃષ્ટિએ અદ્વિતીય ગ્રંથ છે. મહાભારતને ભારતીય વિદ્વાનો પંચમ વેદ ગણે છે. મહાભારતની સ્પર્ધા કરે એવો આ ગ્રંથ છે. પરંતુ આખો મહાભારત ગ્રંથ કોઈ અભ્યાસની દૃષ્ટિએ વાંચે તો મારે કોની ઉપાસના કરવી ? કોનો સંગ કરવો ? કેવા સંગનો ત્યાગ કરવો ? શું કરવાથી મારું જીવન બદલે ? હું બ્રહ્મરૂપ થઈ ભગવાનને પામું એવું બહુ જ ઓછું જોવા મળે છે. આજ્ઞા અને ઉપાસના આ બે ધામમાં જવાની પાંખો છે. પરંતુ મહાભારત ગ્રંથમાં અનેક જગ્યાએ શિવની, શક્તિની, સૂર્યની, વિષ્ણુની, બ્રહ્માની, ઇન્દ્રની વગેરે ભિન્ન-ભિન્ન દેવોની સ્તુતિ તથા ઉપાસનાનું વર્ણન આવે છે. તેથી મુમુક્ષુને નક્કી ન થાય કે મારે કોની ઉપાસના કરવી ? જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં તો તરંગે તરંગે જીવને જાગ્રત કરે. વળી, જ્યાં આજ્ઞા-ઉપાસના તથા મોક્ષના પાયારૂપ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા શ્રીહરિ, સંતો-ભક્તોનો મહિમા, કુસંગ તથા દંભનું ખંડન અને સત્સંગનું મંડન સ્વામીએ વારે વારે કર્યું છે. જેથી જીવન જીવવાનો તથા મોક્ષનો રાજમાર્ગ સહુને સહેજે સ્પષ્ટ જણાઈ આવે છે.

જેમ સપ્તરંગી મેઘધનુષ્ય આકાશને શોભાવે, ઘરેણાં શરીરને શોભાવે તેમ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું પઠન-મનન હજારોનાં હૈયાને શોભાવે એવું છે. સદ્‌.શ્રીઆધારાનંદસ્વામી રચિત મહાભારત જેવડો આ વિશાળકાય ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' છે. મહાભારતની અનેક હસ્તપ્રતો મેળવી ભાડાંરકર ઓરીયન્ટલ રીસર્ચ(પૂના)વાળાએ શ્લોકની ગણના કરી તો તેમાં ૮૪,૦૦૦ શ્લોકો થયા છે. જ્યારે આ ગ્રંથમાં આશરે ૯૮,૧૪૫ ઉપરાંત છંદ-ચોપાઈઓ છે. હિંદી સાહિત્યના ઇતિહાસમાં હજુ સુધી બીજો કોઈ આટલો મહાન ગ્રંથ રચાયો નથી. દોહા, સોરઠા, ચોપાઈ અને છંદોમાં ગૂંથાયેલા આ ગ્રંથમાં ખરેખર ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પરાભક્તિનાં પૂર વહે છે. મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દૃષ્ટિ તથા આંતરખોજના તરંગો તો વારંવાર રેલાય છે.

જેમ શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે, તેમ જ તેમની વિશાળ જીવનગાથાને વર્ણવતો અને શ્રીહરિનાં નાનાં-મોટાં તમામ લીલાચરિત્રોમાં અવગાહન કરાવતો તથા સત્સંગની સર્વોપરિતાને વારંવાર કહેતો આ ગ્રંથ પણ ખરેખર સર્વોપરિ જ છે. આ ગ્રંથ માત્ર આકારથી જ વિશાળ છે એવું નથી, પરંતુ વિશાળતાની સાથોસાથ તે સમયના સમાજની રચના, ઐતિહાસિક ઘટના અને

લોકોના રીત રિવાજને પણ તાદૃશ્ય કરી આપે છે. વળી, જીવનમૂલ્યોને બદલી આપે એવો જીવંતબોધ પણ આ ગ્રંથમાં વારંવાર અમૃતની પેઠે રેલાયો છે; જેમાં અનેકના જીવન પરિવર્તન કરવાની, સમજણ સુધારવાની અને ભગવાન અને સાચા સંતના કૃપાપાત્ર બનવાની અગમ્ય શક્તિઓ સમાયેલી છે. ભારતની રાષ્ટ્રીય ભાષામાં લખાયેલો આ ગ્રંથ ખરેખર રાષ્ટ્રીય એકતા, સાંપ્રદાયિક એકતા અને ભક્તોની ભગવાન સાથેની આંતરિક એકતા કરતો મહાન સેતુ છે.

શ્રીજીમહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું તે વખતે મુક્તાનંદસ્વામીને ખૂબ ઉદ્વેગ થયેલો. ત્યારે ખાખરાના વનમાં રામાનંદસ્વામીએ દર્શન દીધાં. તેનું વર્ણન તેમ જ શ્રીજીમહારાજ કોણ છે ? તેની યથાર્થ સમજ રામાનંદસ્વામી કરાવતા કહે,

હમાર પ્રતીત ન તુમકું લેશા, બાલક જ્યું કરત મન ક્લેશા । હમાર સ્વામીકે સ્વામી હેં એહુ, સત્ય કરીકે માનો તુમ તેહુ ॥
અનંત પ્રતાપ હરિ જબ દેખાયે, તોઉ અબ મન મેં ન લાયે । ઈનકી સેવા દુર્લભ હમારે, સો સહજ મીલી હેં તુમારે ॥

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૩૩/૫૫-૫૭)

રામાનંદસ્વામીએ કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી ! અમારી તમને લેશ પણ પ્રતીતિ નથી, જેથી બાળકની પેઠે ક્લેશ પામો છો; પણ આ વર્ણી તો અમારા સ્વામી જે શ્રીકૃષ્ણ, તેમના પણ સ્વામી પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. આ વાત તમે સત્ય કરીને માનજો. શ્રીહરિએ પોતાનો અનંત પ્રતાપ દેખાડ્યો છે. છતાં, તમે આજ સુધી મનમાં કેમ વિચાર્યું નથી ? એમની સેવા અમને પણ દુર્લભ છે જે તમને સહેજે મળી છે. હવે તો મન, કર્મ, વચને તેમનામાં જોડાઈ જજો અને લેશમાત્ર સંશય કરશો નહીં.' આમ શ્રીજીમહારાજને સ્વામીએ આ ગ્રંથમાં અનેક જગ્યાએ સર્વોપરિ સર્વાવતારી તરીકે વર્ણવ્યા છે.

● ગ્રંથની સર્વોપરીતા અને શ્રીહરિના હૃદગત સિદ્ધાંતો :

જેમ શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, તેમ જ તેમની વિશાળ જીવનગાથાને વર્ણવતો આ ગ્રંથ પણ સર્વોપરી છે. શ્રીહરિના નાનાંમોટાં તમામ લીલાચરિત્રોમાં અવગાહન કરાવતો તથા સત્સંગની સર્વોપરીતાને વારંવાર કહેતો આ ગ્રંથ ખરેખર અદ્વિતીય છે.

આ ગ્રંથ માત્ર આકારથી જ વિશાળ છે, એમ નથી. ઘણા માણસો જાડા હોય પરંતુ બળ ન હોય, પરંતુ આ ગ્રંથ વિશાળતાની સાથોસાથ તે સમયના સમાજની રચના, ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન અને લોકોના રીત-રિવાજને પણ તાદૃશ્ય કરી આપે છે. વળી, માનવજીવનનાં મૂલ્યોને બદલી આપે એવો જીવંતબોધ પણ આ ગ્રંથમાં વારંવાર અમૃતની પેઠે રેલાયો છે. જીવનપરિવર્તન કરવાની, સમજણ સુધારવાની અમોઘ તાકાત આ ગ્રંથમાં રહી છે. વળી, આ ગ્રંથમાં ભગવાન અને સાચા સંતના કૃપાપાત્ર બનવાની અલૌકિક શક્તિઓ સમાયેલી છે.

આમ, વિશાળતાની સાથે અનેક આધ્યાત્મિક વૈભવના ખજાનારૂપ આ ગ્રંથ છે. તેમાં અનેક સાચા હીરા, માણેકો અને મણિઓ સમાયેલા છે. તેમાંથી થોડાં સારરૂપ રત્નો હવે લખું છું.

● આ ગ્રંથ સાંપ્રદાયિક સિદ્ધાંતોનો ખજાનો છે :

ભવિષ્યમાં આ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કરનારા ઘણા વિરલાઓ થશે. ઘણા આ ગ્રંથ ઉપર પી.એચ.ડી. કરશે અને અનેક પ્રકારની વિભાવનાઓ કરી અનેક પ્રકારનાં તારણો કાઢશે. આપણે તો અહીં થોડુંક, તે પણ ટૂંકમાં જોવું છે. આ ગ્રંથમાં સ્વામીએ સૈદ્ધાંતિક બાબતોને ખૂબ જ વર્ણવી છે. તથા શ્રીહરિના હૃદગત અભિપ્રાયોને અનેક જગ્યાએ ખુલ્લા વર્ણવ્યા છે. જેમ કે, મહારાજ આ ગ્રંથમાં ૫/૫૮માં કહે છે,

ચોપાઈ : **દાસાનુદાસ હરિજન કે હોઊ, ઈતનો ઘાટ રહત હે મોઊ ।**
ધર્મ ભક્તિ વૈરાગ્ય રુ જ્ઞાના, તાકો નિશદિન રખના તાના ॥

આ ચોપાઈમાં બે બાબત ખુલ્લી કરે છે : (૧) ભગવાનના દાસના પણ દાસ થઈને રહેવું. સ્વામી કહે છે, 'મને તો અખંડ હરિભક્તના પણ દાસ થઈને રહેવું; એવું અંતરમાં વર્તે છે.' આવી તેમની સરળતા અને અહંશૂન્યતા છે. અને (૨) ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન - આ ચાર સાધનો સિદ્ધ કરવાનું અખંડ તાન રાખવું. આ ચાર સાધનોને જ એકાંતિક ધર્મ કહેવાય છે. અને તેનાથી જ આત્યંતિક મોક્ષ થાય છે. આ બંને બાબતોનું આ ગ્રંથમાં બહુ જગ્યાએ ખૂબ પ્રતિપાદન કરેલું છે. વળી, બ્રહ્મવિદ્યા કોને કહેવાય? તે સમજાવતાં ધમડકામાં વિશાળ સભાને સંબોધતાં મહારાજ કહે છે,

સોરઠા : **સ્મૃતિ દિન અરુ રાત, હરિ મૂર્તિ કી કરાવે જેહુ ।**
બ્રહ્મવિદ્યા સો સાક્ષાત્, હમ નિશ્ચે સો કીયે હિ તેઉ ॥ (૭/૧૫)

શ્રીહરિ કહે, 'અમે નિશ્ચય કર્યો છે કે જે રાત-દિવસ ભગવાનની મૂર્તિની સ્મૃતિ કરાવે તેને જ અમે મૂર્તિમાન બ્રહ્મવિદ્યા કહીએ છીએ.' ભગવાન ભૂલાડે તે માયા અને શ્રીહરિની સ્મૃતિ કરાવે તે બધી જ વાતો બ્રહ્મવિદ્યા છે. વળી, જૂનાગઢમાં એકવાર મહારાજ આ વાતને સમજાવતાં ૧૧/૬૧માં કહે છે,

ચોપાઈ :

અમાયિક કર દેખે સબ તેહુ, અમાયિક જો કહાવત જેહુ ।
સુલટ સમઝ મોક્ષદાયી જેતી, બ્રહ્મવિદ્યા સો કહાવત તેતી ॥

જે ભગવાનના સંતો-ભક્તોને અમાયિક છે એમ જોવે છે. અમાયિક કહેતાં બ્રહ્મરૂપ છે, દિવ્ય છે એમ કહે છે. આવી દિવ્ય ભાવના એ જ બ્રહ્મવિદ્યા છે. બીજું, મોક્ષદાયી જેટલી વાતો હોય તે બધી સમજી-વિચારીને સવળી રીતે જ ગ્રહણ કરાય. ક્યારેય અવળું લે જ નહીં, તેને જ બ્રહ્મવિદ્યા કહેવાય.

ભગવાન અરુ ભગવાન કે દાસા, બ્રહ્મરૂપ રહે દિવ્ય પ્રકાશા ।
પ્રાકૃત ભાવ આવે જ્યાં લગહી, પ્રાકૃત ભક્ત કહે તિયા લગહી ॥

ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો સહુ બ્રહ્મરૂપ છે, ચૈતન્યની મૂર્તિ છે, જ્ઞાનાકાર છે; તેઓમાં હંમેશાં શ્રીહરિની દિવ્યતા પ્રકાશે છે; છતાં તેમાં જે પ્રાકૃતભાવ કે દેહભાવ પરઠે છે તે બધા પ્રાકૃત ભક્ત છે. તેને સાચી બ્રહ્મવિદ્યા હાથમાં જ આવી નથી. તે માયિક બુદ્ધિવાળો અને માયિક ભક્ત છે.

હરિ સંબંધ જેતી જેહ બાતા, યહ લોક પરલોક હિ રહાતા ।
બ્રહ્મવિદ્યા હે તાકે નામા, અર્થ જાન બિન લહત ન ઠામા ॥

જેને જેને શ્રીહરિનો સંબંધ થયો છે તે વાત, વ્યક્તિ કે વસ્તુ આ લોકની હોય કે પરલોકની હોય પરંતુ તેને દિવ્ય સમજવી એ જ સાચી બ્રહ્મવિદ્યા છે. આવી રીતે બ્રહ્મવિદ્યાને સમજતો નથી તેને કોઈ અર્થ સિદ્ધ થતા નથી. બીજાને બ્રહ્મરૂપ માનવા એ જ સાચી બ્રહ્મવિદ્યા છે અને એ જ બ્રહ્મગતિ કહેતાં આત્યંતિક કલ્યાણને પામે છે.

દોહા : **બ્રહ્મરૂપ જીવ કરન હિત, મેં ધારે અવતાર ।**
સાધુરૂપ ધરિ ફિરત હે, કરન અનંત ઉદ્ધાર ॥

શ્રીહરિ કહે, 'અનંત જીવોનો મોક્ષ કરવા અને બ્રહ્મરૂપ કરવા માટે આ વખતે અમે સંતરૂપે અવતાર ધર્યો છે. એકાંતિક સંતથી અધિક બીજી કોઈ વાત નથી. (૩/૪૯) 'સંતનો દ્રોહ કરે તે ગળું કાપ્યા બરાબર છે.' (૩/૫૨)

● ભગવાન શ્રીહરિની સર્વોપરીતાનો પુરાવો :

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ દ્વારા પ્રબોધિત ઉપાસના તેમજ તેમના અક્ષરધામ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં બહુ જગ્યાએ સ્પષ્ટ રીતે કર્યું છે. સ્વામીએ હ.ચ.સા.૩/૨૫માં કહ્યું છે,

ચોપાઈ :

પરમ ચૈતન્ય સત્ય હિ જ્ઞાના, અનંત હે જાકો ન કભી પ્રમાના ।
અક્ષરબ્રહ્મ કહત વેદ જાકુ, પુરુષોત્તમ સ્થાન કહાવે વાકુ ॥

દોહા :

કોટિ સૂર્ય સમ કાંતિ હિ, એક એક રોમ કે માંહિ ।
ઐસે ભક્ત અનંત હિ, રહત અલૌકિક તાહિ ॥
તેહિ તેજ શીતલ મહા, સુખમય અનંત અપાર ।
કાલ કો નહિ પ્રવેશ તિહા, પુરુષોત્તમ એક સિરતાર ॥

શ્રીહરિનું અક્ષરધામ કેવું છે ? તો પરમ સત્ય છે, ચૈતન્યરૂપ છે, જ્ઞાન છે, અનંત છે; તેના પારને કોઈ પામી શકતું નથી. વેદો તેને અક્ષરબ્રહ્મ કહે છે. તે સર્વાવતારી શ્રીહરિને રહેવાનું ધામ છે. જેના એક એક રોમમાં કરોડો કરોડો સૂર્ય-ચંદ્ર સમાન કાંતિ છે એવા અનંત મુક્તો આ અક્ષરધામમાં રહે છે. આ ધામનું તેજ શીતળ અને શાંત છે. આ એક અલૌકિક સંમેલન છે. વળી, તે તેજ સુખમય, અને અતિશય અપાર છે. ત્યાં કાળ-માયાદિકનો પ્રવેશ નથી. અક્ષરધામમાં તો એક પુરુષોત્તમનારાયણ સહુના શિરમોડ કે સરદાર છે. આમ જ્યાં કાળ, કર્મ અને માયાનો પ્રવેશ નથી એવું મહા તેજોમય અને અપાર સુખ-શાંતિના સ્થાનરૂપ સવાર્વ તારી

શ્રીહરિનું અક્ષરધામ છે. આપણે બધાએ ત્યાં જવાનું છે. તે માટે એક તો શ્રીહરિની સર્વોપરી ઉપાસનાની દૃઢતા કરવી અને બીજું મહારાજની આજ્ઞાનું દૃઢપણે પાલન કરવું. અને એક સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય પ્રીતિ રહેવા દેવી નહીં.

અનંત કોટિ બ્રહ્માંડ કો સુખા, અક્ષર આગે સબ લગત હે લૂખા ।
એસો સુખ અક્ષર મેં રહેઉ, અનંત સુખ ન બનત કીયેઉ ॥
અનંત કોટિ સુખ અક્ષર કેરા, હરિ કે એક અંગ મેં હે ઘનેરા ।
મૂર્તિ મેં એસો સુખ હે અપારા, સો જાનત કોઉ જાનનહારા ॥ (૧/૫૨)

તે અક્ષરધામનું કેવું સુખ છે ? તો અનંતકોટિ બ્રહ્માંડનું સુખ અક્ષરધામની આગળ અતિશય લુખ્ખું છે. અક્ષરધામમાં આવું અલૌકિક અને અનંત સુખ રહ્યું છે. તેનું કોઈથી વર્ણન થઈ શકે તેમ નથી. અને એવા અનંતકોટિ અક્ષરનું સુખ છે તે બધા કરતાં પણ સ્વામિનારાયણ ભગવાનના એક રોમમાં અનંતગણું સુખ રહ્યું છે. જેના એક રોમમાં આટલું સુખ હોય તો એવા શ્રીહરિનાં એક અંગમાં કેટલું સુખ રહ્યું હશે ? અને જેનાં એક અંગમાં એટલું સુખ હોય તો નખશિખ સદા સાકાર દિવ્ય કિશોરમૂર્તિ શ્રીહરિના સંપૂર્ણ સુખની વાત જ શું કહેવી?

વિધાત્રાનંદ સ્વામી સહજાનંદ અર્થદીપિકામાં કહે છે કે, 'શ્રીજીમહારાજની મૂર્તિના સુખ આગળ અક્ષરધામનું સુખ અતિ અલ્પ જણાય છે. અને તે અક્ષરધામના સુખ આગળ અનંતકોટિ બ્રહ્માંડના તમામ સુખ અતિશય તુચ્છ લાગે છે, લુખ્ખા લાગે છે.' આવી દિવ્ય-અલૌકિક સુખમય મૂર્તિ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તેમને આપણે પામવું હોય તો થોડું સાવધાન બનવું જોઈએ. કેવળ આ લોકના વિષયસુખના ચાળા ચૂથ્યા કરીએ અને અહીંની મોટાઈ વધારવાનો જ મોહ રહે તો મૂર્તિનો મહાઆનંદ હાથમાં નહિ આવે. માટે મહારાજની મૂર્તિના સુખની મોજું માણવા આજ્ઞા-ઉપાસનાની અતિશય દૃઢતા કરવી, સત્સંગ વધારવો. સેવા, સ્મરણ અને ભજન-ભક્તિ વધારવાં. જ્ઞાન-વૈરાગ્યાદિકની અતિશય દૃઢતા કરવી.

વળી, આધારાનંદસ્વામીએ આ ગ્રંથમાં શ્રીહરિ બદરિકાશ્રમમાં જાય છે ત્યારે નારાયણના મુખથી કહેવાયેલું મહારાજનું અપાર સર્વોપરીપણું લખ્યું છે. તથા લાડુદાન ગઢવી, કહેતાં બ્રહ્માનંદ સ્વામીને સમાધિ થઈ એ પ્રકરણમાં પણ નરનારાયણ ભગવાનના મુખથી કહેવાયેલ શ્રીહરિની સર્વોપરીતાનું પ્રતિપાદન કર્યું છે. પર્વતભાઈના પ્રસંગે શ્રીહરિના સ્વમુખથી તેમની સર્વોપરીતા વર્ણવી છે. આ રીતે અનેક જગ્યાએ શ્રીજીમહારાજને સર્વોપરી સર્વાવતારી તરીકે વર્ણવ્યા છે, એવો અદ્‌ભુત આ ગ્રંથ છે. સ્વામીએ આ ગ્રંથ પોતાની છેલ્લી ઉંમરમાં લખેલો છે; એટલે પોતાના અનુભવો પણ આમાં સહેજે કંડારાયા છે.

● વડતાલમાં યમયાતના ગ્રંથની રચના કરી :

સદ્‌ગુરુ આધારાનંદસ્વામીએ શ્રીહરિની સાથે રહી મહારાજની મરજી મુજબ અનેકવિધ સત્સંગનાં કાર્યો કર્યાં હતાં. જેમ મહારાજ અને મોટા સંતોની જીભ વળે તેમ સ્વામીનું જીવન વળતું હતું. તેથી જ શ્રીહરિએ સ્વામીને અનેક સત્કાર્યોના નિમિત્ત બનાવ્યા છે. ત્યાર બાદ સં.૧૮૮૬ જેઠ સુદ-૧૦ શ્રીહરિએ સ્વેચ્છાથી અંતર્ધાન લીલા કરી.

સ્વામિનારાયણ ભગવાન સર્વાવતારી અને સર્વોપરી હતા, છતાંય સેવામૂર્તિ બનીને જીવન જીવ્યા છે. પોતે અતિશય વૈરાગ્ય અને અસંગી હતા, છતાં ભક્તવત્સલ બનીને રહ્યા છે. મહારાજ મહાસમર્થ હતા, છતાં સહુનું ખમતા રહ્યા છે, સહુને નમતા રહ્યા છે. અને ૪૯ વર્ષ સુધી મનુષ્યલીલા કરી પોતે અંતર્ધાન થયા, છતાં મોટા સંતો દ્વારા હંમેશાં પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા છે. કેમ કે, એ તો સંતોના જીવનકાર્ય જ પ્રત્યક્ષ પુરાવારૂપે છે.

વૃક્ષોનાં પારખાં તેનાં ફળ-ફૂલથી થાય છે. ગમે તેટલું ઊંચું વૃક્ષ હોય પણ ફળ, ફૂલ કે છાયા ન આપતું હોય એવાં વાંઝિયાં વૃક્ષનો કોઈ અર્થ નથી. ગમે તેટલી મોટી ગાય હોય પરંતુ વરોળ ગાયને સેવવાનું કોઈ ફળ નથી. તેમ ગમે તેટલી વિદ્વત્તા, કળા કે ધર્મસત્તાનો ઊંચો હોદ્દો હોય પરંતુ શિષ્યોમાં ચારિત્ર્ય ઘડતર ન થાય, ધર્મશુદ્ધિ, જીવનશુદ્ધિ કે જ્ઞાનશુદ્ધિ ન થાય તો તે ધર્મસત્તા વિદ્વત્તાદિકનો કોઈ અર્થ નથી. માત્ર ઊંચા વિચારો આપ્યા કરવા એટલું જ મહાપુરુષનું લક્ષણ નથી, પરંતુ એ વિચારોનું સંતો-ભક્તોના અંતરમાં વાવેતર કરી તેમનું જીવન પરિવર્તન કરે તે ખરા અર્થમાં યુગપુરુષ કહેવાય.

શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના પરમહંસો આવા મહાન હતા. જેમણે સમાજની શોભારૂપ અનેક સંતો-ભક્તો તૈયાર કર્યા છે. એક એક સંતો-ભક્તોની જીવનગાથાના પ્રસંગો ગ્રંથોમાં કંડારાયા છે. જે આપણા અંતરમાં અતિશય પ્રેરણા પૂરે છે, રોમાંચ જગાડે છે. આ સંતોના જપ, તપ, ત્યાગ, વ્રત, ટેક, સેવા, સમર્પણ અને ભક્તિ સાથેની વિરક્તિ આપણા અંતરમાં અનોખું બળ જગાવે છે, નૂતન પ્રેરણાના સ્રોત વહાવે છે.

આવી અનેક પ્રેરણા વહાવતું જીવન આધારાનંદસ્વામીનું છે. તેમનું રચેલું સાહિત્ય પણ આપણામાં જ્ઞાનશુદ્ધિ, ધર્મશુદ્ધિ, વૈરાગ્યશુદ્ધિ અને સમજણશુદ્ધિના પીયુષ પાય છે.

સોરઠા : **વળી આધારાનંદ, સાંપ્રદાયિક સાહિત્ય રચ્યું;**
આશ્ચર્યજનક આનંદ, તે જોઈ સહુ જન લૂંટતા હતા.

જે દિવસે ખોલડિયાદથી સુતાર કુળમાં જન્મેલા આ બાપ-બેટાએ વૈરાગ્યનો પંથ લીધો ત્યારે વિરજીની માતા મણિબાએ કહ્યું હતું કે, "તમારા બેમાંથી જે ઝાઝી શ્રીહરિ અને સત્સંગની સેવા કરી શકે તે સાધુ થજો. અને મહારાજને બંનેની જરૂર હોય તો બંને રોકાઈ જજો." વળી, વિરજીને તો તેમની માતૃશ્રીએ ૧૭ વર્ષની ઉંમરે રાજી થઈ અંતરના આશીર્વાદ આપ્યા હતા કે, "બેટા ! જેમ શ્રીહરિ અને સંતો રાજી થાય એમ કરજે. તારા લોહીનું એક એક બુંદ શ્રીહરિ, સંતો અને સત્સંગની સેવામાં વાપરી નાખજે." ખરેખર આધારાનંદ સ્વામી સંત બન્યા પછી તેમનાં માતાનાં આ વચન સત્ય કરી બતાવ્યાં.

સોરઠા : **એવી સેવા અદ્‌ભુત, કરતા રહ્યા જીવનભર;**
ધન્ય ધન્ય એહ સપૂત, વચન માતાનાં સફળ કર્યાં.



આધારાનંદ સ્વામીએ પોતાના જીવનમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે સૌ પ્રથમ 'નારાયણ અંગચિંતામણિ' ગ્રંથ રચ્યો. પછી 'શ્રીહરિની સચિત્ર જન્મપત્રી' તો તેઓએ શ્રીહરિની હયાતીમાં રચેલ છે. હવે શ્રીહરિના ધામગમન બાદ તેમના હાથે લખાયેલા ગ્રંથો વિષેનો થોડો પરીચય જોઈએ.

શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામીએ સૌ પ્રથમ 'યમયાતના' નામે ગ્રંથ લખ્યો. આ ગ્રંથ તેમણે સં.૧૮૯૬ આસો વદ-૧૪ના દિવસે વડતાલમાં રહીને પૂરો કર્યો છે. આ ગ્રંથમાં ૩૪૬ કડીઓ છે. ૨૮ નરકના કુંડોનું વર્ણન છે. જે જીવ જેવાં પાપ કરે તેને તેવું નરક મળે તેની સુંદર વિગત આપી છે. આ ગ્રંથ પદ્યમાં અને ગુજરાતી ભાષામાં છે. વળી, પોતાના હાથે જ તેનાં ચિત્રો દોરી જે તે વર્ણનને તાદૃશ કરી આપ્યું છે.

આ દુનિયામાં ગ્રંથો તો ઘણા છે, પરંતુ પોતે જેવું વર્ણન કર્યું હોય તેવાં જ ચિત્રો દોરી તેનું વર્ણન ખડું કરી શકે એવા સચિત્ર ગ્રંથો લખનારા કોઈક વિરલ વ્યક્તિ જ હોય છે. આધારાનંદ સ્વામી એવા વિરલ સંત હતા. તેમણે સચિત્ર ગ્રંથ લખીને સત્સંગને ભેટ આપ્યો છે. માત્ર ૨૮ કડવાના આ ગ્રંથમાં ૬૦ ચિત્રો સ્વામીએ દોર્યા છે. આજથી પોણા બસો વર્ષ પહેલાં જ્યારે કોઈ સુવિધા ઉપલબ્ધ ન હતી ત્યારની દૃષ્ટિએ વિચારીએ તો આ એક અદ્‌ભુત કામ કર્યું કહેવાય. વળી, તે સમયે કેવાં ચિત્રો બનતાં ? તે આજ જોવાથી જણાઈ આવે છે. વળી, તેના રંગકામમાં કેવા વનસ્પતિજન્ય દેશી રંગ વપરાતા, કે જે આટલા વર્ષોએ પણ હજુ એવાને એવા જ છે, બગડતા નથી. એ આ ગ્રંથ જોતાં અને વાંચતાં પ્રત્યક્ષ અનુભવાય છે.

આ ગ્રંથમાં સ્વામીએ યમપુરીમાં જીવાત્માને કેવાં કેવાં દારુણ દુઃખો ભોગવવાં પડે છે ? તેનું હૃદયદ્રાવક લખાણ તથા ચિત્રણ કર્યું છે. અને યમયાતનાનાં તથા જન્મમરણનાં દારુણ દુઃખ ટાળવાનો ઉપાય ભગવાનનો દૃઢ આશરો અને સદ્‌ગુરુ સંતનો સમાગમ બતાવ્યો છે. આ બે બાબત ઉપર સ્વામીએ ખૂબ જ વજન આપ્યું છે. જીવ જો શ્રીહરિનો આશરો કરે અને પ્રગટ સાચા સંતની સેવા-સમાગમ કરે તો જ ભવસાગર તરે. સદ્‌ગુરુને શરણે ગયા વિના જીવ માથેથી જમપુરી અને જન્મમરણનાં દારુણ દુઃખ મટતાં નથી. તેથી જ આ ગ્રંથમાં સ્વામી કહે છે કે,

દોહા : **શ્રીનારાયણ સ્વામીનો જે, ઉર ધરી દૃઢ પ્રતાપ; શરણે થાતાં તે જ ઘડી, છૂટે જીવ મહાપાપ.**
સત્સંગ વિના જીવના, પાપ મટે નહિ ઘોર; સત્સંગ કરે પાપ જાવે, શુભમતિ પામી સુનોર.

'જેને પ્રગટ હરિ કે પ્રગટ સાચા સંત મળે તેનું જન્મમરણ ટળે છે અને પરમપદ મળે છે.' એવું આ ગ્રંથમાં સુંદર વર્ણન કરેલું છે. સ્વામીએ આપણા માટે કરેલો આ દાખડો જોતાં સહેજે જ તેમના પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે.

દોહા : **ધરા પર ધર્મ સ્થાપવા, ધાર્યું'તું ધર્મકુમાર;**
આવા ગ્રંથો રચાવી, અમલમાં મૂક્યો વિચાર.

'ધરા ઉપર ધર્મ સ્થાપવો છે, અધર્મ કાપવો છે, શુદ્ધ મોક્ષમાર્ગ ચલાવવો છે, અનેક જીવોનાં દુઃખો અને દોષો ટાળવાં છે, સહુની વાસના બાળવી છે અને જીવને અક્ષરધામમાં વાળવા છે' આવો શ્રીહરિનો સંકલ્પ હતો. તે સંકલ્પને અમલમાં મૂકવા માટે શ્રીહરિએ પોતાના હાથમાં કલમ લઈ શિક્ષાપત્રી લખી છે, ઘણા પત્રો લખાવ્યા છે, વેદરસ લખાવ્યો છે, બીજા સંતો દ્વારા પણ ઘણું સાહિત્યનું સર્જન કરાવ્યું છે. પરંતુ તે સહુમાં આધારાનંદ સ્વામીનું સાહિત્ય સર્જન અજોડ છે. શ્રીહરિની ઇચ્છામાં પોતાના શરીરના એક એક કોષને જેમણે વાપર્યા છે એવા આધારાનંદ સ્વામીએ શ્રીહરિની ખૂબ સેવા કરી હતી.

મહારાજને રાજી કરવા તેમણે રાતદિવસ દાખડો કર્યો છે. જેમ આધારાનંદ સ્વામીએ શ્રીહરિને રાજી કરવા પોતાનું આખું આયખું વાપરી નાખ્યું હતું, તેમ આજે પણ આ સત્સંગમાં રહી ઘણા સંતો-પાર્ષદો અને હરિભક્તો મોટા સંત જે જે કામ કરવાનો સંકલ્પ જાહેર કરે તેને માટે રાતદિવસ મથે છે, તન-મન-ધનથી સેવા કરે છે; જેને જે કળાઓ, ગુણો કે બુદ્ધિ હોય તે શ્રીહરિને રાજી કરવા સત્કાર્યમાં વાપરે છે; તેથી શ્રીહરિ તે સહુના ઉપર ખૂબ રાજી થાય છે.

આ સત્સંગમાં માત્ર શ્રીહરિ અને સત્સંગ માટે જ જીવનારા ઘણા બધા છે. એવા પ્રગટ સંતો-ભક્તોને ઓળખીએ, તેનો મહિમા સમજીએ, તેને વંદન કરીએ અને તેમના ગુણો ગ્રહણ કરીએ તો તેમના જેવા જ ગુણો આપણામાં પણ અવશ્ય આવે. કોઈ ધામમાં જતા રહે પછી તેના ગુણોને કે ખૂબીઓને ખોળી ખોળીને ગાઈએ તે સારી વાત છે; પરંતુ પ્રગટના ગુણો અને ખૂબીઓથી જીવમાં અસર બહુ થાય અને આપણી કસર પણ સહેજે જ ટળે.

માટે આજે પણ સત્સંગને અર્થે, શ્રીહરિ અને સંતોની સુખાકારી માટે જીવનારા, રાત્રિ-દિવસ સેવા કરનારા, સંતો-ભક્તો કે ભાઈઓબહેનોને ઝીણી નજરેથી જોવા અને તેમને ઓળખી તેમાં ગાઢ પ્રીતિ કરવી, આત્મીયતા રાખવી; તો મફતમાં મોક્ષ મળી જશે, સહેજે આપણો ઉદ્ધાર થશે. પ્રગટની વાતોથી જીવમાં બળ બહુ આવે છે અને પ્રગટનું બળ જ જીવને સહેજે માયા પાર કરે છે. માટે શ્રીહરિ અને સંતો માટે જીવનારા સંતો-ભક્તોને હૃદયથી વંદન કરવા.

એમાં આધારાનંદજીએ, જબરો આપ્યો છે સાથ;
રાત દિવસ કર્યો દાખડો, રીઝવવા નિજ નાથ.

આધારાનંદ સ્વામીના અંતરમાં મહારાજને રાજી કરવાની ભૂખ હતી. તેમને વ્યક્તિગત પોતાની આઈડેન્ટી કરવાનો શોખ ન હતો. પોતાનું નામ કે ફોટો આવે એવી કોઈ ઇચ્છા ન હતી. કોઈ સ્ટેજ ઉપર બોલાવી પોતાને સન્માને કે હાર-તોરા કરે, બહુમાન થાય એવી વખાણની સહેજ પણ ભૂખ ન હતી. માત્ર એક શ્રીહરિ અને સંતોના રાજીપાની જ ભૂખ હતી. મારો મહારાજ મારા અંતરમાં પ્રગટ બિરાજે છે અને તે મારી તમામ સેવાને જાણે છે. બસ મારે તેમને રાજી રાજી કરવા છે. આ એક ભૂખે તેમણે રાત-દિવસ મહેનત કરી સત્સંગમાં અલૌકિક સાહિત્યનું સર્જન કર્યું છે.

●●●

વડતાલમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની રચના
સં. ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪)

લોધિકા દરબાર અભેસિંહજીએ ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવનચરિત્રનો ગ્રંથ 'પુરુષોત્તમ ચરિત્ર' કવીશ્વર દલપતરામ પાસે રચાવ્યું. આ પૂર્વે અભેસિંહજીએ હરખરામ નામના કવિ પાસે આ ગ્રંથ લખાવ્યો હતો. પણ વ્રજભાષામાં જોઈએ તેવી તેમની ફાવટ ન આવી. આથી તે અધૂરો રહ્યો હતો. ૬૨ વર્ષે કવિશ્રીના નેત્રદીપ તો ઓલવાયાં જેવા હતાં, છતાં લહિયાઓની સહાયથી દલપતરામે થોડાક માસમાં 'પુરુષોત્તમ ચરિત્ર'નો અધૂરો ગ્રંથ પૂરો કરી આપ્યો. દલપતરામનો રચેલો ઉતરાર્ધ સાંભળ્યા-વાંચ્યા પછી દરબારને લાગ્યું કે કવિ હરખરામના પૂર્વાર્ધ કરતાં કવિ દલપતરામનો ઉત્તરાર્ધ ગુણવત્તાની દૃષ્ટિએ ખૂબ ચડિયાતો છે. ઉત્તરાર્ધની તુલનામાં પૂર્વાર્ધ નભી શકે તેવો નથી. એટલે એમણે 'પુરુષોત્તમ ચરિત્ર'નો પૂર્વાર્ધ ભાગ પણ દલપતરામ પાસે પુનઃ રચાવ્યો. એમ અગિયારેક માસમાં ગ્રંથરચના સંપૂર્ણ કરી.

શ્રીહરિલીલામૃત ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ આ વાતની નોંધ કરતા કહે છે :

દરબાર અભેસિંહજી, લોધિકા બાપુ પ્રત્યાત; પુરુષોત્તમ ચરિત્ર ગ્રંથ, રચાવ્યો ધરીને ખાંત.

વડતાલમાં સંવત ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪) આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કવિ દલપતરામે વ્રજભાષામાં ભગવાન શ્રીહરિના ચરિત્રનો ગ્રંથ રચ્યો એ વાત જાણી. તેમના ચિત્તમાં પણ પુણ્યસંકલ્પ થયો કે અભેસિંહજીએ ભલે વ્રજભાષામાં ભગવાન શ્રીહરિના ચરિત્રનો ગ્રંથ રચાવ્યો, હું ગુર્જર ભાષામાં એવો મહાગ્રંથ રચાવું તો એનાથી સંપ્રદાયની સારી રીતે પુષ્ટિ થાય તથા મંદિરે મંદિરે એની કથા થાય. આચાર્યશ્રીએ તે સંકલ્પ પૂર્ણ કરવા માટે તરત ભગવાન શ્રીહરિના ચરિત્ર માટેની સાધન-સામગ્રી એકત્ર કરવા માંડી. જે જે સ્થળોએ શ્રીહરિ વિચર્યા હતા ત્યાં ત્યાંથી તેમણે શ્રીહરિના જીવનકાર્ય વિશે, સંતો-ભક્તો વિશે, જે કંઈ મળે તે વિગતો, મોટો ખર્ચ કરીને સંચિત કરી રાખી હતી.

કવિ દલપતરામને મહારાજશ્રીએ લખ્યું કે, "ધર્મનું એક મહાન કાર્ય તમે પૂરું કર્યું. હવે એવું બીજું મહાભારત કાર્ય કરી આપો. તમારી વાનપ્રસ્થ અવસ્થા છે. વડતાલ પધારો. હરિસ્મરણ માટે યોગ્ય સ્થાન છે. અહીં મંદિરની છાયામાં જ શ્રીહરિના દિવ્ય ચરિત્રનો ગુર્જર ભાષામાં મહાન ગ્રંથની રચના થાય તેવી અમારી અભિલાષા છે.

આચાર્યશ્રીનું આમંત્રણ આવ્યું ત્યારે દલપતરામ સંપૂર્ણ અંધ થઈ ચૂક્યા હતા. છતાં તેમણે આ સેવા સહર્ષ સ્વીકારી. પછી દલપતરામ અમદાવાદ પાછા આવ્યા, ત્યારે આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથને કાવ્યનું સ્વરૂપ આપવા માટે કવીશ્વરને વડતાલ તેડાવ્યા. કવિના કુટુંબને મંદિરના દરવાજા પાસે લીંબડાવાળી મેડીમાં ઉતારો આપ્યો.

પછી ગ્રંથરચનાનું કાર્ય સભામંડપને માથે પ્રથમ માળે ચાલું કરવામાં આવ્યું. સંતોએ અને આચાર્ય મહારાજે એકત્રિત કરેલ ખરડાઓના આધારે કવીશ્વર કાવ્યરચના કરતા.

તેઓ સવારે નિત્યકર્મથી પરવારી દેવદર્શને જાય અને સભામંડપમાં થતી કથાવાર્તા દરરોજ સાંભળતા. પછી ધનજીભાઈ વગેરે વાચકો આગળનો વાર્તાભાગ વાંચી સંભળાવે અને કવીશ્વર બેઠા થકા કે ચાલતાં ચાલતાં એની કાવ્યકડીઓ ગૂંથતા જાય. લહિયાઓ તેને પથ્થરપાટીઓમાં લખતા જાય. પછી અંતિમ થયેલી તે પદરચનાને પાકી શાહીથી લખી લે. એમ બપોર પહેલા અને બપોર પછી બન્ને ટાઇમ કાવ્યરચનાનું કામ ચાલતું. ઘણીવાર કવીશ્વર વહેલા પરોઢિયે પ્રભુપૂજા પહેલા પણ અમુક કાવ્યરચના કરતા. સાંજે પણ કથામાં જતા ને સંધ્યાઆરતી, ધૂન-અષ્ટક કરીને વાળુ કરતા. આ રીતે શ્રીહરિલીલામૃત ગ્રંથ વિવિધ રાગ-ઢાળમાં રચાતો અને તેને સાંભળીને સંતો રાજી થતા.

કવીશ્વર ન્હાનાલાલ નોંધે છે તે મુજબ, દસ વર્ષના ગાળા દરમ્યાન કટકે કટકે લખાયેલો આ મહાગ્રંથ, જેમ જેમ રચાતો જતો તેમ તેમ આચાર્યશ્રી આગળ સત્સંગ મંડળમાં વંચાતો હતો. ન્હાનાલાલ વર્ણવે છે : "એમાં અધ્યાયે અધ્યાયે ઢાળ આવતા, વલણ આવતાં, ક્યાંક પદગીત આવતાં, ક્યાંક ચિત્રમય પ્રબંધ આવતા.

એ પદોમાંના કરુણભાવ, એ વન-વર્ણનોનો અદ્‌ભુત રસ, બાવાજોગીની જમાતોનો રોદ્રરસ અને સહુ ઉપર આકાશ-મંડળ સમો છવાતો સદ્ધર્મરસનો ચંદરવો.! એથી આચાર્યશ્રી, સાધુમંડળ અને સાંભળતું તે સમસ્ત સત્સંગ મંડળ પ્રમોદ પામતું." બે ભાગમાં

વહેંચાયેલ આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિના સમયના ગુજરાત-સૌરાષ્ટ્રનું ચિત્ર મળે છે. એ રીતે આ ગ્રંથનું ઐતિહાસિક મૂલ્ય પણ ઘણું બધું ધરાવે છે.

લગભગ ચાર વર્ષ બાદ ઈ.સ.૧૮૮૮, સં.૧૯૪૪ના આસો સુદી પૂનમે સુરતમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની પૂર્ણાહુતિ ઊજવાઈ. આ રીતે વડતાલગાદીના તૃતીય આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે શ્રીહરિલીલામૃત ગ્રંથની રચના કરીને સ્વામિનારાયણ સંપ્રદાયનું એક અનુપમ કાર્ય કર્યું. 'શ્રીપુરુષોત્તમ ચરિત્ર' અને 'શ્રીહરિલીલામૃત' આ બે કવીશ્વર શ્રીદલપતરામજીના જીવનની છેલ્લી અને સૌથી મોટી કાવ્યરચના છે. એ બન્નેમાં કવીશ્વરે પોતાના ઈષ્ટદેવ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની જીવનગાથા ગાઈ છે.

કવીશ્વર ન્હાનાલાલ નોંધે છે તે મુજબ, આ મહાગ્રંથ જેમ જેમ રચાતો જતો હતો તેમ તેમ આચાર્યશ્રી આગળ સત્સંગ મંડળમાં વંચાતો જતો હતો. ન્હાનાલાલ વર્ણવે છે : ''એમાં અધ્યાયે અધ્યાયે ઢાળ આવતા, વલણ આવતા, ક્યાંક પદગીત આવતાં, ક્યાંક ચિત્રમય પ્રબંધ આવતા. એ પદોમાંના કરુણભાવ, એ વન-વર્ણનોનો અદ્‌ભુત રસ, બાવાજોગીની જમાતોનો રૌદ્રરસ અને સહુની ઉપર આકાશ-મંડળ સમો છવાતો સદ્ધર્મરસનો ચંદરવો. એથી આચાર્યશ્રી, સાધુમંડળ અને સાંભળતું તે સમસ્ત સત્સંગ મંડળ પ્રમોદ પામતું.''

આ ગ્રંથના કર્તા તરીકે આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજનું મુકાયું છે, પરંતુ દલપતરામની કલમ છૂપી છુપાય તેમ નથી. આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિના સમયના ગુજરાત-સૌરાષ્ટ્રનું ચિત્ર મળે છે. એ રીતે આ ગ્રંથનું ઐતિહાસિક મૂલ્ય પણ ઘણું છે. શ્રીહરિના ચરિત્રોની નાનામાં નાની ઘટનાઓ, ઝીણામાં ઝીણી વિગતો નિરૂપવાનું પણ કવિ ચૂક્યા નથી.

દલપતરામે આ ગ્રંથમાં પોતાનું હૃદય રેડ્યું છે. પંક્તિએ પંક્તિએ કવીશ્વરે અપૂર્વ ભક્તિભાવ નીતાર્યો છે. ગ્રંથનું શબ્દ-સૌષ્ઠવ, ગ્રંથનું પદ-લાલિત્ય, અદ્‌ભુત અલંકારોનું પ્રયોજન અને દૃષ્ટાંતો-ઉપમાઓનું સુંદર સંયોજન ગ્રંથને ભાષાવૈભવમાં વધુ સમૃદ્ધ બનાવે છે. વળી, કવીશ્વરે આ ગ્રંથમાં અનેકવિધ છંદો-પ્રબંધો-વૃત્તોનાં ચરિત્રો સાથે અદ્‌ભુત ગૂંથણી કરીને ગ્રંથને ખૂબ રસભર કર્યો છે.

કવિવર ન્હાનાલાલે નોંધ્યું છે તેમ ''કળિયુગમાં અધર્મ ઉથાપી સદ્ધર્મ સંસ્થાપનનો, એ અર્ધી સદીની વિજયવાર્તાનો, સરયૂના પાપ-પાવનાં પાણીથી ગુજરાતના મેલધોવાણના શ્રીજીચરિત્રની દિગ્વિજય વાર્તાનો શ્રીહરિલીલામૃત મહાગ્રંથ છે. ૧૯મી સદીના પ્રથમ ત્રણ પ્રહર ગુર્જર દેશની લોકકથા જાણવાના ઈતિહાસ જિજ્ઞાસુઓએ એ સંપ્રદાયી કાવ્યગ્રંથ પઢવો પડશે.''

આ મહાગ્રંથના કુલ ૧૦ કળશ (મુખ્ય વિભાગો) છે અને ૩૩૨ વિશ્રામ (ઉપવિભાગો) છે.

●●●



વચનામૃતમાં વડતાલ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે કહેલા યા લખેલા હોય એવા પ્રસાદીભૂત ત્રણ શાસ્ત્રો છે : (૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત અને (૩) દેશવિભાગનો લેખ. જેમ વેદ ભારતીય શાસ્ત્રોમાં આદ્ય, મુખ્ય અને સ્વતઃપ્રમાણ મનાય છે તેમ સંપ્રદાયમાં આ શાસ્ત્રો આદ્ય, મુખ્ય અને સ્વતઃપ્રમાણ મનાય છે.

ભગવાન શ્રીહરિએ સં. ૧૮૫૮ની પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે જેતપુર મુકામે ધર્મધુરા સ્વીકારી અને સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ના દિને ગઢડામાં અંતર્ધાનલીલા કરી ત્યાં સુધીના અઠ્ઠાવીસ વર્ષ, બે માસ અને ઓગણત્રીસ દિવસના ગાળામાં ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના ગામડે ગામડે અને નગરે નગરે અનેક જીવોના કલ્યાણ અર્થે અને સ્વભક્તોના લાલનપાલન અર્થે વિચરણ કર્યું હતું અને ભગવદ્ધર્મ સ્થાપિત કર્યો હતો તેમજ જ્ઞાનોપદેશ આપ્યો હતો. એ જ્ઞાનોપદેશના સંગ્રહગ્રંથનું નામ વચનામૃત છે. આ સંગ્રહગ્રંથનું સંપાદનકાર્ય સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી - આ ચાર મહાસમર્થ સંતોએ કર્યું છે, પરંતુ તેઓ આ કાર્ય ભગવાન શ્રીહરિના સાન્નિધ્યમાં જ અને ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષ માર્ગદર્શન અને સૂચના પ્રમાણે જ કરેલું છે.

વચનામૃત - ગ્રંથસંપાદનની યોજના જાણવા સમજવા જેવી છે. અઠ્ઠાવીસ વર્ષ અને લગભગ ત્રણ માસના ગાળામાં ભગવાન શ્રીહરિ જ્યાં જ્યાં વિચર્યા હતા અને જ્ઞાનવાર્તા કરી હતી એની નોંધ જે તે વખતે કેટલાક ત્યાગી અને ગૃહસ્થ હરિભક્તો કરતા હતા. પરંતુ એ નોંધો, ભગવાન શ્રીહરિને વાંચી-સંભળાવીને એ માટે એમની સ્વીકૃતિ અને સંમતિ લેવામાં આવી ન હતી. તેથી એ નોંધો - જેને સંપ્રદાયની પરિભાષામાં ખરડા કહેવામાં આવે છે તે સત્તાવાર અધિકૃત ન કહેવાય. ભગવાન શ્રીહરિના જ્ઞાનોપદેશને વચનામૃત નામે સંપાદિત કરવાનો સં. ૧૮૮૫માં નિર્ણય કરવામાં આવ્યો ત્યારે એક આજ્ઞાપત્ર લખીને ઉપરોક્ત નોંધો ગઢડા મંગાવી લેવામાં આવી હતી. નોંધોની સંખ્યા ઘણી હતી, સ્થળો પણ ઘણાં હતાં. નોંધો વ્યવસ્થિત લખાયેલી હોય એમ પણ જણાતું ન હતું. સંપાદકોની વિનંતી ઉપરથી વચનામૃતના સ્થળો અને સંખ્યાની બાબતમાં ભગવાન શ્રીહરિએ એક માર્ગદર્શન કસોટી નક્કી કરી આપી. ભગવાન શ્રીહરિએ દાદાખાચરનું ઘર, ગામ અને કુટુંબને પોતાનું ઘર, ગામ અને કુટુંબ માન્યું હતું એટલે દાદાખાચરના ઘર, ગામ અને કુટુંબ સાથે સંકળાયેલા સ્થળોના જ્ઞાનોપદેશોમાંથી જ વચનામૃત માટે પસંદગી કરવી એવી મહારાજે સૂચના કરી.

આ સૂચનાને પરિણામે ગઢડા ઉપરાંત સાળંગપુર, કુંડળ, કારિયાણી, લોયા અને પંચાળા - આ ગામોના જ્ઞાનોપદેશોને જ વચનામૃત સ્વરૂપે પસંદ કરવાની મર્યાદા નક્કી થઈ.

સંપ્રદાયના અર્થ વહીવટ અર્થે કરાયેલા દેશવિભાગમાં અમદાવાદ અને વડતાલ એ બે જે કેન્દ્રસ્થાનો હોવાથી એ બે સ્થળોના જ્ઞાનોપદેશોનો પણ પસંદગી માટે સમાવેશ કરવામાં આવ્યો. આ બધી નોંધોમાંથી પુનરુક્તિ થતી હોય, જે તે સમૈયાના પ્રસંગ પૂરતી જ વાત હોય એવી જ્ઞાનવાર્તાઓને ત્યાજ્ય ગણીને છોડી દેવામાં આવી અને શેષ જે ૨૬૨ જેટલી નોંધો રહી તેને ભગવાન શ્રીહરિની સ્વીકૃતિ અને સંમતિથી વચનામૃત નામે ગ્રંથિત કરવામાં આવી. સંપાદકોએ એ દરેકમાં પહેલો પરિચ્છેદ જેમાં વચનામૃત ક્યા વર્ષના, ક્યા માસની કઈ તિથિએ, કયા સમયે, ક્યા ગામે, ક્યા સ્થળે, કેવાં વસ્ત્રાલંકારો ધારણ કરીને ભગવાન શ્રીહરિએ કહેલું છે તેની વિગતો દાખવતો પહેલો પરિચ્છેદ પોતે લખ્યો અને કોઈક કોઈકે વચનામૃતનની છેવટે સમજૂતીની નોંધ પણ મહારાજે પોતે લખી. એ સિવાય બીજા બધા જ શબ્દો ભગવાન શ્રીહરિએ પોતે કહ્યા હતા તે જ, જેવા પોતાની બુદ્ધિને અનુસાર પોતે સાંભળ્યા અને સમજ્યા હતા તેવા સંપાદકોએ લખેલા છે. વચનામૃત ગ્રંથના સંપાદનની આ વિગત, સુજ્ઞજનોએ હંમેશા ધ્યાનમાં રાખવાની જરૂર છે.

ભગવાન શ્રીહરિએ સ્વયં વચનામૃતના સંપાદકોને આપેલા માર્ગદર્શનને પરિણામે, ૨૬૨ વચનામૃતમાં દેખીતી રીતે જ ૧૮૪ એટલે કે સિત્તર ટકા જેટલા વચનામૃતો ગઢડાના નિયત થયાં અને બાકી રહેલા ૭૮માં વધારામાં વધારે એટલે વીસ વચનામૃત વડતાલના નક્કી થયાં. જ્યારે સાળંગપુર અને લોયાના અઢાર-અઢાર અને કારિયાણીના બાર, પંચાળાના સાત અને અમદાવાદના ત્રણ નક્કી થયાં. વચનામૃત કદની દૃષ્ટિએ નાનું હોય યા મોટું પણ એ પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખની અમૃતવાણી હોવાથી દરેકે દરેક વચનામૃત ગુણવત્તાની દૃષ્ટિએ, સાકરના નાળિયેરની જેમ એક સરખા મહત્ત્વનું છે. દરેક વચનામૃતમાં કંઈને કંઈ વિશિષ્ટતા વર્તાય છે.

વડતાલના વીસ વચનામૃતોની વિશિષ્ટતાઓ દરેક હરિભક્તોએ જાણવા-સમજવા જેવી છે. ગઢડા પ્રકરણના ૧૮૪ વચનામૃતોમાં, ત્યાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ તે તિથિ એટલે કે સં. ૧૮૮૫ના આસો સુદ ૧૨ અને પછીની તિથિના એકંદરે ૧૬ વચનામૃતો છે. જ્યારે અમદાવાદ પ્રકરણમાં ત્યાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ તે પછી લગભગ ચાર વર્ષ પછીની તિથિના ત્રણ વચનામૃતો છે. પરંતુ વડતાલ પ્રકરણમાં તો બધાજ એટલે કે વીસેવીસ વચનામૃત, મૂર્તિ પ્રતિષ્ઠાની તિથિ અને તે પછીના છે.વડતાલ અને ગઢડા મૂર્તિ પ્રતિષ્ઠાના દિવસનું એક-એક વચનામૃત છે. (અનક્રમે વ.પ્ર.૧ અને ગ.અં.પ્ર. ૨૪) ગઢડા, વડતાલ અને અમદાવાદ, દરેક સ્થળે મંદિરમાં અથવા તેની આજુબાજુ બિરાજમાન થઈને ભગવાન શ્રીહરિએ વચનામૃત કહ્યાં હોય એવા સ્થળો અમદાવાદમાં ત્રણ એટલે કે બધાજ વચનામૃતો છે. જ્યારે ગઢડા અને વડતાલમાં નવ-નવ છે. પણ તેમાં મંદિરમાં એટલે કે નિજમંદિરની પાસે યા બહાર મંદિરના મંડપમાં એટલે ઘુમ્મટ નીચે બિરાજીને અથવા પગથિયાવાળા કોઈ ભાગમાં બિરાજીને કહેલા વચનામૃતોની સંખ્યા અમદાવાદમાં ૧, ગઢડામાં ૯ (અં.પ્ર. ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૩, ૩૪, ૩૫ અને ૩૮) અને વડતાલમાં ૯ (૩, ૪, ૬, ૭, ૮, ૧૪, ૧૮ અને ૧૯) છે. મંદિરના દરવાજાની હદ સુધી પટાંગણમાં કહ્યાં હોય એવાં વચનામૃતો, અમદાવાદમાં બે છે. (૨ અને ૩) જ્યારે ગઢડામાં લક્ષ્મીવાડીમાં કહેલા આઠ (ગ.મ. પ્ર. ૧૦, ૨૧, ૨૨, ૨૪, ૩૯, ૫૨, ૫૪ અને અં.પ્ર. ૩૬) અને હરજી ઠક્કરને ઘેર કહ્યું એક (અં.પ્ર. ૩) એમ નવ સિવાય બાકીના બધા જ એટલે ૧૬૫ વચનામૃત અને વડતાલમાં આઠ કહેલા (૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૨૦) છે. વડતાલમાં આ વચનામૃતોમાંથી લીંબડાના વૃક્ષ નીચે (જ્યાં આજે ઓટો કરેલો છે.) સાત અને હવેલીમાં એક (આજે જ્યાં ગાદી છે ત્યાં) છે. વડતાલમાં ત્રણ વચનામૃતો (૧, ૨, અને ૫) ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં બિરાજમાન થઈને કહેવામાં આવેલા છે.

વચનામૃતો કહેવામાં વીતેલા સમયના ગાળાનો વિચાર કરીએ તો, અમદાવાદના ત્રણ વચનામૃતો ત્રણ દિવસમાં કહેલા છે. પણ એમાં બે માસના એકવીશ દિવસ જેટલો સમય ગયેલો છે. ગઢડાના ૧૮૪ વચનામૃત છે પણ એમાં અગિયાર વર્ષને છપ્પન મહિના જેટલો સમય ગયેલો છે. જ્યારે વડતાલમાં કહેવાયેલા વીસ વચનામૃતો કહેવામાં વીસ દિવસ જેટલો સમય ગયો છે પણ તેમાં ચાર માસ જેટલો સમય લાગ્યો છે. એક જ દિવસે બે વખત સભા ભરાઈ હોય યા બે જુદે જુદે સ્થળે વચનામૃતો કહેવામાં આવ્યા હોય એવા સ્થળો ગઢડામાં દશ છે જ્યારે વડતાલમાં એક છે. (વ.પ્ર. ૧૧)

જ્ઞાનવાર્તાના વિષયોની દૃષ્ટિએ, વડતાલ પ્રકરણના વચનામૃતોમાં જે વિશિષ્ટતાઓ છે તે ખાસ સમજવા જેવી છે. એવી વિશિષ્ટતા અન્ય કોઈ વચનામૃત માટે દાખવી શકાય તેમ નથી. સૌથી પહેલી અનોખી વિશિષ્ટતા એના અઢારમાં વચનામૃતની છે. સંપ્રદાયના આચાર્ય, ત્યાગી અને ગૃહસ્થ, નાના-મોટા સર્વ આશ્રિતજનોએ જીવનમાં અવશ્ય જાણવા-સમજવા જેવી પાંચ ખાસ બાબતો,

ભગવાન શ્રીહરિએ અતિ કૃપા કરીને આ વચનામૃતમાં સમજાવેલી છે. આ વાત બીજા કોઈ વચનામૃતમાં મહારાજે સમજાવી નથી. એ પાંચ બાબતો : (૧) સંપ્રદાયની રીત : સંપ્રદાયનું બીજું નામ ઉદ્ધવ સંપ્રદાય છે, તેની રીત રામાનંદ સ્વામી પૂર્વાવતારે ઉદ્ધવ હતા. ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે દેહોત્સર્ગ કર્યો ત્યારે તે પહેલા એમણે પોતાનું જ્ઞાન ઉદ્ધવજીને બોલાવીને સમજાવ્યું હતું અને યોગ્ય સમયે એ જ્ઞાનનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો હતો. ઉદ્ધવજી, રામાનંદ સ્વામીરૂપે અવતર્યા અને એમણે પછી એ જ્ઞાનનો પ્રચાર કર્યો. આ રીત ઈતિહાસ પ્રસિદ્ધ છે. (૨) સંપ્રદાયની ગુરુપરંપરા : ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી. (૩) સંપ્રદાયના શાસ્ત્રો : સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર છે તેને જાણવાં. તે શાસ્ત્રનાં નામઃ વેદ ૧, વ્યાસસૂત્ર ૨, શ્રીમદ્‌ભાગવત પુરાણ ૩, મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ ૪, ભગવદ્‌ગીતા ૫, વિદુરનીતિ ૬, સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહેલું વાસુદેવમાહાત્મ્ય ૭, અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૮; એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં. (૪) સંપ્રદાયના આશ્રિતો નિયમ : સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. (૫) સંપ્રદાયના ઈષ્ટદેવ : સંપ્રદાય પ્રમાણે શાસ્ત્રસુદ્ધ ઉપાસના, એની વિગતો ટુંકમાં સમજાવતાં વચનામૃતમાં કહેવામાં આવ્યું છે કે ભગવાનની મૂર્તિઓનું બહુપણું હોવા છતાં ભગવાનનું સ્વરૂપ એક અને અભિન્ન છે એવી દૃઢ સમજણ, શાસ્ત્રોમાં ભગવાનના જે પરોક્ષ સ્વરૂપો કહેલા છે તેમાં અને ભગવાનનું પ્રત્યક્ષ માનુષી સ્વરૂપ અને અર્ચાસ્વરૂપ એમાં કંઈ ફેર નથી. એક જ છે એવી દૃઢ માન્યતા અને એ માન્યતાને અનુરૂપ જીવનરીતિ, ભગવાનના જુદા જુદાં સ્વરૂપોને કારણે ઉપાસનામાં ભિન્નતા હોઈ શકે પણ જુદી જુદી લીલાને કારણે ઉપાસનામાં ભેદ ન હોય શકે એવી સ્થિર બુદ્ધિ, ભગવાને કહેવા નિયમોનું ચુસ્તપાલન અને ભગવાને કર્યું હોય તેમ નહિ પણ તેમણે કહ્યું હોય તેમ કરવાની વિવેકબુદ્ધિ બીજી વિશિષ્ટતા છે. બીજું વચનામૃત જેમાં સમજાવવામાં આવ્યું છે કે, 'વેદ, સાંખ્ય, યોગ અને પંચરાત્ર - એ ચાર શાસ્ત્રનો સમન્વય કરીને જે ભગવાનના સ્વરૂપોનો નિશ્ચય અને આશ્રય કરે છે તે જ સંપૂર્ણ જ્ઞાની કહેવાય છે.' એમ કરીને એ ચાર શાસ્ત્રો દ્વારા ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરવાની રીત સમજાવી છે.

ત્રીજી વિશિષ્ટતા છે - ચોથું વચનામૃત. જેમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કેવી રીતે કરવું ? અને મૂર્તિને કેવી રીતે ધારવી એની રીત સમજાવી છે. ચોથી વિશિષ્ટતા છે : પહેલું વચનામૃત. જેમાં નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય તેની વિગત બુદ્ધિગમ્ય રીતે સમજાવી છે. પાંચમી વિશિષ્ટતા છે : પાંચમું વચનામૃત. જેમાં ભગવાનના આશ્રયનું શું રૂપ છે અને એ આશ્રય કેવી રીતે કરવો જોઈએ ? કનિષ્ટ આશ્રય હોય તે ઉત્તમ કેવી રીતે થાય ? આ બધી નિત્ય સમજવા જેવી વાત સમજાવી છે. છઠ્ઠી વિશિષ્ટતા છે : ત્રીજું વચનામૃત. જેમાં ભગવાન શ્રીહરિએ સ્પષ્ટતા કરી છે કે ભગવાનના સ્વરૂપના માહાત્મ્ય જ્ઞાનયુક્ત ભક્તિ એ જ સર્વ સાધનોમાં સદ્યઃ કાર્યસાધક અને શ્રેષ્ઠ સાધન છે, એક સાધનમાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય - ત્રણેનો સમાવેશ થાય છે. એની સાતમી વિશિષ્ટતા છે : અગિયારમું વચનામૃત. જેમાં ભગવાનના ભક્તો-સત્પુરુષનો સંગ એ જ કલ્યાણદાતા છે એ સિદ્ધાંતને પ્રતિપાદન કરીને, ભગવાનના લીલાચરિત્રોનું અલૌકિક પ્રેમ અને શ્રદ્ધાથી નિત્યગાન એ જ શ્રેષ્ઠ કર્તવ્ય છે એમ કહીને નરસિંહ મહેતાનું 'મારા હરજી શું હેત ન દીસે રે' અને મુક્તાનંદ સ્વામીનું 'મારા વહાલાજી શું વહાલપ દીસે રે' એ બે કીર્તનો સર્વ આશ્રિતજનોએ કંઠસ્થ કરીને નિત્યગાન કરવાની ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી છે. જીવને જ્યારે ભરતખંડમાં મનુષ્યદેહ મળે છે ત્યારે કાં ભગવાન પોતે અથવા એમના સાધર્મ્ય પામેલા સંતો અવશ્ય વિચરતા હોય છે. જીવાત્માએ એમને શોધી-ઓળખીને એમનો આશ્રય કરવો જોઈએ એ અતિ મહત્ત્વની વાત વચનામૃતોમાં વડતાલ પ્રકરણના ઓગણીશમાં વચનામૃતમાં કહેલી છે એ એની નવમી વિશિષ્ટતા છે.

વડતાલ પ્રકરણના વચનામૃતોની સંખ્યા વીસ છે પણ તેમાં વધુમાં વધુ પ્રશ્નો, ગૃહસ્થ આશ્રિતોના વડોદરાના શાસ્ત્રી પંડિતોના છે એ એમની દશમી વિશિષ્ટતા છે. એક સભાજને વિનમ્રભાવે સૂચન કર્યું કે જગતની દૃષ્ટિએ મોટા ગણાતા માણસને કંઈ ચમત્કાર બતાવવામાં આવે તો સંપ્રદાયનો પ્રચાર અને વિકાસ વધારે થાય ત્યારે ભગવાન શ્રીહરિએ જે જવાબ આપ્યો છે એ એની અગિયારમી વિશિષ્ટતા છે. સંપ્રદાયનો પ્રચાર અને વિકાસ ચમત્કારો બતાવીને કરવો એ હિતાવહ નથી, સંપ્રદાયનો પ્રચાર અને વિકાસ તો સદ્ધર્મનું પાલન અને સંતસમાગમે કરીને ભગવાનના સ્વરૂપની ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાને પરિણામે થાય છે એમ કહીને ભગવાન શ્રીહરિએ પોતાની રુચિ અને વૃત્તિ દાખવી છે કે 'જગતના મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહીં.' (વચ.વ.પ્ર. ૧૬)

વિદ્વાન એક સત્સંગીને, જેને તેને સમાધિ થતી જોઈને યા સાંભળીને આશ્ચર્ય થયું. એણે સભામાં શંકા વ્યક્ત કરી કે, 'સમાધિ તો જે પાત્ર હોય એટલે જેણે યોગની સાધાના કરી હોય તેને થાય એ સમજી શકાય તેમ છે પણ ગમે તેવા માણસને, કુપાત્ર હોય તેને પણ સમાધિ કેમ થાય છે ?' ત્યારે ભગવાન શ્રીહરિએ જે ઉત્તર આપ્યો છે તે ખૂબ સમજવા જેવો છે. સમાધિ ગમે તેવા કુપાત્રને થતી

નથી. માણસ ગમે તેવો કુપાત્ર હોય પણ જો એના અંતરમાં ભગવાન અને ભગવાનના ભક્તનો કંઈ ગુણ આવ્યો હોય તો તે ગુણ આવવાને કારણે, જ્યાં સુધી તે ગુણ ટકે છે ત્યાં સુધી એ સુપાત્ર બને છે. એની એવી સુપાત્રતાની સ્થિતિ દરમ્યાન એને ભગવત્કૃપાથી સમાધિ થતી હોય છે. ભગવાન શ્રીહરિએ અનેક જીવોના કલ્યાણ અર્થે અને પોતે પ્રવર્તાવેલા એકેશ્વરવાદની બરાબર સમજણ સાંપડે એ હેતુથી જે સમાધિપ્રકરણ ચલાવ્યું હતું તે અંગે સભામાં પ્રશ્ન વડતાલ પ્રકરણના વચનામૃતમાં કરવામાં આવ્યો છે. અને ભગવાન શ્રીહરિએ એ શંકાઓનું યથાર્થ સમાધાન પણ આ વચનામૃતમાં જ કર્યું છે એની વિશિષ્ટતા ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

● વડતાલ પ્રકરણના વચનામૃતોની ટૂંકમાં વિશિષ્ટતાઓ :

વરતાલનાં ૨૦ વચનામૃત શ્રી લક્ષ્મીનારાયણદેવ મૂર્તિપ્રતિષ્ઠા તિથિ અને તે પછીનાં છે.

● વરતાલ (અને ગઢડામાં પણ) ખાતે થયેલ મૂર્તિપ્રતિષ્ઠાના દિવસનું એક વચનામૃત છે.

● વડતાલ ખાતે મંદિર અને તેની આજુબાજુ બિરાજીને શ્રીહરિએ નવ વચનામૃત કહ્યાં છે.

● વડતાલ ખાતે મંદિરના દરવાજાની હદ સુધી પટાંગણમાં શ્રીહરિએ આઠ વચનામૃત કહ્યાં છે; જેમાં લીંબડાના વૃક્ષ નીચે સાત અને હવેલીમાં એક કહેલ છે.

● વડતાલમાં ત્રણ વચનામૃત ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં બિરાજીને શ્રીહરિએ કહેલ છે.

● વડતાલ ૧૧ સં. ૧૮૮૨ ના પોષ સુદ પૂનમના (૨૩-૧-૧૮૨૬) દિવસનું છે. એ દિવસે બે સભા થઈ હતી. આમ આ દિવસનાં ૨ વચનામૃત છે.

● વડતાલ ખાતે ચાર માસના સમયગાળામાં આ ૨૦ વચનામૃત કહેવાયાં છે.

● વડતાલનાં ૨૦ વચનામૃતોની ૧૦ વિશિષ્ટતાઓ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'વડતાલ દર્શન' (પૃ. ૨૪૦ થી ૨૪૨) માં સમજાવી છે. તે મુજબ :

૧ : સંપ્રદાયના આચાર્ય, ત્યાગી અને ગૃહસ્થ, નાના મોટા સર્વ આશ્રિતોએ જીવનમાં જાણવા-સમજવા જેવી પાંચ ખાસ બાબતો, ભગવાન શ્રી સ્વામિનારાયણે વરતાલ-૧૮ માં સમજાવી છે.

૨ : વેદ, સાંખ્ય, યોગ અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રનો સમન્વય કરીને જે ભગવાનના સ્વરૂપોનો નિશ્ચય અને આશ્રય કરે છે તે જ સંપૂર્ણ જ્ઞાની કહેવાય છે તે વાત વરતાલ-૨ માં સમજાવવામાં આવી છે.

૩ : ભગવાનની મૂર્તિનું ધ્યાન કેવી રીતે કરવું અને મૂર્તિને કેવી રીતે ધારવી એની રીત વરતાલ-૪ માં સમજાવી છે.

૪ : નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય તેની વિગત બુધ્ધિગમ્ય રીતે વરતાલ-૧ માં સમજાવવામાં આવી છે.

૫ : ભગવાનના આશ્રયનું શું રૂપ છે અને એ આશ્રય કેવી રીતે કરવો જોઈએ તે વાત વરતાલ-૫ માં જણાવાઈ છે.

૬ : શ્રીજી મહારાજે વરતાલ-૩ માં સ્પષ્ટતા કરી છે કે, ભગવાનના સ્વરૂપના માહાત્મ્ય જ્ઞાનયુક્ત ભક્તિએ જ સર્વ સાધનોમાં સદ્યઃ કાર્યસાધક અને શ્રેષ્ઠ સાધન છે.

૭ : ભગવાનના ભક્ત-પુરુષોનો સંગ એ જ કલ્યાણદાતા છે એ સિધ્ધાંતને વરતાલ-૧૧માં પ્રતિપાદિત કરેલ છે.

૮ : જીવને જ્યારે ભરત ખંડમાં મનુષ્યદેહ મળે છે ત્યારે કાં ભગવાન પોતે અથવા એમનું સાધર્મ્ય પામેલા સંતો અવશ્ય વિચરતા હોય છે. જીવે, એમને શોધીને ઓળખીને એમનો આશ્રય કરવો જોઈએ એ અતિ મહત્વની વાત વડતાલ-૧૯માં પહેલવહેલી વખત શ્રીહરિએ કહી છે.

૯ : વડતાલ પ્રકરણનાં ૨૦ વચનામૃત છે પણ તેમાં વધુમાં વધુ પ્રશ્નો, ગૃહસ્થ આશ્રિતો વડોદરાના શાસ્ત્રી પંડિતોના છે.

૧૦: એક સજ્જને વિનમ્ર ભાવે સૂચન કર્યું કે, જગતની દૃષ્ટિએ મોટા ગણાતા માણસને કંઈ ચમત્કાર બતાવવામાં આવે તો સંપ્રદાયનો પ્રચાર અને વિકાસ થાય ત્યારે શ્રીહરિએ જે જવાબ આપ્યો તે વરતાલ-૧૮માં વર્ણવાયો છે.

●●●

ધન્ય ધન્ય તે વડતાલધામને રે, મારે વાલે કીધો વિશ્રામ

વડતાલમાં ભગવાન શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રોનું સંક્ષિપ્ત દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌપ્રથમ વખત સંવત ૧૮૫૫ (ઈ. સ. ૧૭૯૯)માં વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા. ત્યારબાદ રાજાધિરાજ સ્વરૂપે સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)માં બોચાસણથી સંતો-પાર્ષદો સાથે, વડતાલના નરવાદાર શ્રી બાપુભાઈ પટેલના નિમંત્રણ થકી પ્રથમ વખત વડતાલ પધાર્યા. ત્યારબાદ સંવત ૧૮૮૬ (ઈ.સ.૧૮૩૦) માં છેલ્લી વખત પધાર્યા. ઈ. સ. ૧૮૦૪થી ઈ. સ. ૧૮૩૦ના ૨૬ વર્ષના સમયગાળા દરમ્યાન ભગવાન શ્રી સ્વામિનારાયણ ૪૦થી વધુ વખત વડતાલ પધારેલા અને એક દિવસથી માંડીને ચારથી વધુ માસ સુધી નિવાસ કર્યો. આ પધરામણીની સંક્ષિપ્ત નોંધ સંપ્રદાયના મુખ્ય ગ્રંથોના આધારે અહીં રજૂ કરી છે.

❁ શ્રી સત્સંગિજીવન :

● વડતાલમાં શ્રીહરિએ કરેલા ઉત્સવોનું વર્ણન, વૃત્તાલયવાસી ભક્તોની પ્રાર્થનાથી પુષ્પદોલોત્સવ કરવા માટે સંતો-હરિભક્તો સાથે વડતાલ પધાર્યા, વડતાલ ઉત્સવમાં આવેલા અનેક ભક્તોને સેવકજન-સમુદાય સહિત શ્રીહરિના દર્શનનો આનંદ, શ્રીહરિએ ભક્તોને યથાયોગ્ય સંભાવનાપૂર્વક કુશળ સમાચાર પૂછ્યા, પુષ્પદોલોત્સવમાં રામપ્રતાપ ઇચ્છારામજી વગેરે શ્રીહરિના બંધુજનોનું આગમન, સંતો-હરિભક્તોને શ્રીહરિએ સ્વહસ્તે પીરસીને જમાડ્યા, સંઘના ઉતારે ઉતારે ફરીને ભક્તોની સંભાળ લીધી, એકાદશીને દિવસે શ્રીહરિએ અનુષ્ઠાન કર્યું, સમગ્ર ભક્ત સમુદાયએ શ્રીહરિનું પૂજન કર્યું, શ્રીહરિની એકસો આઠ નામથી સંતો-ભક્તોએ સ્તુતિ કરી, સંતો-ભક્તો સાથે શ્રીહરિએ રંગોત્સવ કર્યો તેની સવિસ્તાર નિરુપણ....

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૪૬ થી ૬૪)

● શ્રીહરિએ વડતાલમાં લક્ષ્મીનારાયણાદિ સ્વમૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, અને પોતાની મૂર્તિઓનું માહાત્મ્ય શ્રીમુખે સ્વભક્તોને કહ્યું, ચિત્ર પ્રતિમાઓનું વિધાન અને નંદરામાદિને દ્વારિકાની યાત્રા મોકલ્યા તેનું વર્ણન, દ્વારિકાપુરીથી સમગ્ર સાધુઓ અને ભક્તોને અતિ આનંદ આપનારો શ્રીકૃષ્ણનાં આગમનનો ઉત્સવ કર્યો, સ્વયં શ્રીહરિએ વડતાલનું માહાત્મ્ય અને તીર્થમાં કરવા યોગ્ય વિધિનું નિરૂપણ કર્યું. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૨૭ થી ૩૩)

● વડતાલમાં શ્રીહરિનું ફરીથી પધારવું તથા ધર્મજન્મના મહોત્સવનું વર્ણન કર્યું. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૩૯)

● વડતાલમાં શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીનું દત્તવિધાન તથા પોતાના સ્થાને આચાર્યપદ સ્થાપના કરી દેશ વિભાગનો લેખ કરાવ્યો. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૦)

● વડતાલમાં રહેતા થકા ભગવાન શ્રીહરિએ દશમ-પંચમ સ્કંધનું શ્રવણ કર્યું અને શિક્ષાપત્રી લખવાનો હેતુ-વિચાર નિરૂપણ.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૩)

● સર્વ ભક્તોને સુખ આપનાર શિક્ષાપત્રીનું લેખન નિરૂપણ. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૪)

●●●

❁ શ્રીહરિલીલાકલ્પતરુ :

● કુબેર તથા જોબન ભક્તની પત્ર દ્વારા પ્રાર્થનાથી વડતાલમાં પુષ્પદોલોત્સવ કરવા માટે શ્રીહરિએ દેશોદેશમાં આમંત્રણ પત્રિકા મોકલાવીને પોતે ગઢપુરથી વડતાલ જવા પ્રયાણ કર્યું, ચરોત્તર દેશની રમ્યતાનું વર્ણન, ચરોત્તર દેશસ્થ વડતાલમાં જુદાં જુદાં પ્રદેશોમાંથી ઉત્સવ પ્રસંગે ભક્તોનું આગમન અને શ્રીહરિના દર્શનાર્થે તેમની ઉત્સુકતાનું વર્ણન, વડતાલપુરમાં શ્રીહરિનું આગમન. સંતો સહિત ગ્રામજનો તથા અન્ય દેશોના અનેક ભક્તજનોએ શ્રીહરિદર્શનમાં ઉત્સાહપૂર્વક આનંદથી સન્મુખ જઈ શ્રીહરિનું કરેલું અદ્‌ભુત સ્વાગત, શ્રીહરિના આગમનથી વડતાલની વધેલી દિવ્ય શોભાનું વર્ણન, શ્રીહરિના નિવાસની શોભાનું વર્ણન તથા આ ઉત્સવ પ્રસંગે આવેલા દેશોદેશના હરિભક્તોની શ્રીહરિએ કરેલી સંભાવના, શ્રીહરિના બંધુઓનું સંબંધીજનો સહિત થયેલું આગમન. તેમનું કરેલું અદ્‌ભુત સ્વાગત, તથા શ્રીહરિના મેળાપથી તેમને થયેલો અપ્રતિમ આનંદ, શ્રીહરિએ સંતો-પાર્ષદો વગેરેની

કરાવેલી ભોજન-પંક્તિઓ, શ્રીહરિએ સંતોને પીરસવાની કરેલી લીલા, શ્રીહરિએ કરેલ ફળાહારાદિ કલ્યાણકારી ચરિત્ર, શ્રીહરિએ દેશાંતરથી આવેલા ભક્તોની કરેલી સંભાવના, દૂર રહેતા દર્શનાભિલાષી ભક્તોને શ્રીહરિએ દર્શન આપી, આપેલ અત્યંત સુખ, શ્રીહરિના મંગળકારી દિવ્ય-ઐશ્વર્યનું નિરૂપણ.

શ્રીહરિએ પોતે જનશિક્ષાર્થે આચરેલો; ફાગણ સુદ-૧૧નો ષોડશોપચારથી મહાપૂજાદિ સમગ્ર વિધિ, સભાસ્થાનમાં બેસવાની રીતિ તથા શ્રીહરિની મંગળમય મૂર્તિ સહિત ભક્તોના આનંદનું વર્ણન, ક્તોએ કરેલી શ્રીહરિની પૂજા, અક્ષરધામાધિપતિ શ્રીહરિની મંગળકારી મૂર્તિ તથા ઐશ્વર્ય દર્શન, સંતજનોએ કરેલી શ્રીહરિની પૂજા તથા સ્તુતિ, હરિભક્તોએ વિનયથી ભાવપૂર્વક કરેલી શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થનાદિ, શ્રીહરિએ દેખાડેલું અનુપમ ઐશ્વર્ય, શ્રીનરનારાયણ જન્મોત્સવ વિધિપૂર્વક કરી દેશોદેશના ભક્તોએ કરેલ શ્રીહરિની પૂજા તથા શ્રીહરિએ સંતો-ભક્તો સાથે કરેલ રંગક્રીડા. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૫/૩૪ થી ૬૫)

● શ્રીહરિનું વડતાલમાં આગમન, વડતાલમાં ફૂલદોલોત્સવની તૈયાર, હોળીના ઉત્સવમાં શ્રીહરિ અને સંતોની પરસ્પર રંગક્રીડાનું વર્ણન, ફૂલદોલોત્સવમાં શ્રીહરિએ રંગક્રીડાને અંતે કરેલી સ્નાનલીલા તથા પીડાનાશક પરિવેષણલીલ, બે આંબાની વચ્ચે બાંધેલા સુંદર બારબારણાનાં હિંડોળામાં બિરાજેલા શ્રીહરિની અદ્‌ભુત શોભા તથા આશ્ચર્યકારી ઐશ્વર્યાદિનું વર્ણન, શ્રીહરિની ભક્તિનું માહાત્મ્ય, વડતાલમાં શ્રીહરિએ પોતાની જન્મતિથિ-નવમીનો ઉત્સવ કર્યો. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૨૮ થી ૬૬)

● વડતાલમાં આંબાવાડિયામાં શ્રીહરિની ભોજનલીલા તથા સભામાં પુરવાસી ભક્તોએ કરેલું શ્રીહરિનું પૂજનાદિ તથા દર્શનોત્સવ, રામનવમીના ઉત્સવમાં ભક્તજનોએ હીંડોળામાં બિરાજમાન શ્રીહરિની કરેલી પૂજા તેમજ તે સમયની શ્રીહરિની શોભાદિનું વર્ણન, શ્રીહરિએ વિદ્વાનોને પણ દુર્જેય એવા વેદ-શાસ્ત્રવેત્તા ગર્વિષ્ઠ વેદાંતાચાર્યનો પરાજય કર્યો, શ્રીહરિનો અનુપમ પ્રતાપ જોઈને ભરૂચના ચાર વણિક ભક્તો, આણંદનો ગર્વિષ્ઠ બ્રાહ્મણ તથા સોજીત્રાની પૂતના જેવી પાપી સ્ત્રી વગેરે અનેક જનોએ શ્રીહરિનો કલ્યાણકારી આશ્રય કર્યો. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૮/૩૭ થી ૪૧)

● વડતાલના ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિએ ત્યાં મંદિર કરવા માટે અક્ષરાનંદ મુનિને મોકલ્યા તથા મુક્તાનંદ સ્વામીનો, 'તે વૃત્તાલયમાં જ મંદિર કેમ કરાવ્યું ?' એવો પ્રશ્ન, વૃત્તાલયના નવનિર્મિત મંદિર-ભુવનાદિની શોભાનું વર્ણન તથા શ્રીહરિએ કરાવેલ શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોની મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવનું વર્ણન, શ્રીહરિએ કહેલ શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોનું પરમ પાવન-કલ્યાણકારી માહાત્મ્યનું વર્ણન. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૪ થી ૧૮)

● ફૂલદોલોત્સવ કરવા માટે વૃત્તાલય પધારતા શ્રીહરિ ભક્તોનાં ગ્રામોમાં નિવાસ કરતા થકા વડતાલ પધાર્યા તથા વડોદરાથી શાસ્ત્રાર્થમાં વાદીઓને જીતીને મુક્તાનંદ સ્વામી પણ ત્યાં આવ્યા, પરિવારે સહિત દ્વારકાધીશનું વૃત્તાલયમાં આગમન તથા શ્રીગોમતીજીના પ્રાગટ્યનો મહોત્સવાદિ વર્ણન, દયાનિધિ શ્રીહરિનું મુનિઓ વગેરે સહિત ગોમતી સરોવરના જળમાં સ્નાન-જળક્રીડાદિ વર્ણન, ગોમતીતીર્થનું માહાત્મ્ય કહેતાં શ્રીહરિએ સર્વતીર્થોની ગોમતીજળમાં જે તે દિશાઓમાં સ્થિતિ કહી તથા ગોમતીમાં સ્નાનનું ફળ સહિત તેનો તીર્થવિધિ આદિક કહ્યું, શતાનંદમુનિના કહેવા મુજબ ગોમતીમાં સ્નાન કરવા માત્રથી શિવદત્ત વિપ્રને વળગેલા બ્રહ્મરાક્ષસની પણ મુક્તિ થઈ તેનું વર્ણન, ભૂતોના ઉપદ્રવથી પીડાતા હરિશર્મા વિપ્રની માત્ર ગોમતી સ્નાનથી મુક્તિ થઈ તથા ભૂતોની પણ સદ્‌ગતિ થઈ તેનું વર્ણન, વિદ્યાનગરના કૃષ્ણશર્મા વિપ્રનું વૈરાગ્યથી ગૃહત્યાગ કરી તીર્થોમાં ફરતા ફરતા વૃત્તાલય તીર્થમાં આગમન અને ત્યાં શાંતિપ્રાપ્તિ તથા ગોમતીના સ્નાનાદિ પૂર્વક સેવનથી તેની થયેલી અદ્‌ભુત મુક્તિ, દ્વારકાવાસી બ્રાહ્મણોને પોતાનું ઐશ્વર્ય જણાવ્યું અને તેમની સાથે આવેલા ભક્ત મયારામ વિપ્ર દ્વારા દ્વારકાધીશે પોતાનાં આયુધોની છાપ વૃત્તાલયમાં સમર્પિત કરી ઈત્યાદિ વર્ણન, શંખ-ચક્ર-ગદા-પદ્મ એ ચારે તપ્તમુદ્રા ધારણ કરવાનું શ્રીહરિએ કહેલું અતિ આશ્ચર્યકારી માહાત્મ્ય, શ્રીહરિના નિવાસસ્થાનરૂપ-અતિ કલ્યાણકારી વૃત્તાલયનું પરમ પાવન માહાત્મ્ય, વૃત્તાલયમાં કરવા યોગ્ય તીર્થવિધિનું વર્ણન તથા શ્રીહરિ વૃત્તાલયમાં રામનવમીનો મહોત્સવ કરી ગઢપુર પધાર્યા તેનું વર્ણન. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૩ થી ૩૭)

● શ્રીહરિએ ગઢપુરથી વડતાલ પધારી ભાવિ અસંખ્ય જનોના કલ્યાણાર્થે પૂર્વે નિર્ધાર કરેલા કાર્યોમાં બાકી રહેલ એક કાર્ય જે પોતાના સ્થાને ગુરુપદે કોને સ્થાપવા તેનો કરેલો શુભ વિચાર, શ્રીહરિએ 'પોતાના સ્થાને ગુરુપદે કોને નીમવા ?' તે પૂછતાં મુક્તાનંદ મુનિએ 'ધર્મકુળના પુત્રો જ આ ગુરુપદ માટે યોગ્ય છે.' એવું જણાવ્યાથી શ્રીહરિએ રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીનું દત્તવિધાન કરવા માટે કરેલો દત્તવિધિનો પ્રારંભ, શ્રીહરિએ બંને દત્તપુત્રોને પોતાના પદે સ્થાપવાનો કરાવેલો કલ્યાણકારી ઉત્સવ, શ્રીહરિએ ધર્મરક્ષાર્થે ભારતના ઉત્તર-દક્ષિણ બે વિભાગ કરી દેશવિભાગના લેખ સહિત બંને આચાર્યોને અર્પણ કર્યા અને બેય આચાર્યોને તથા સંતો-ભક્તોને શિક્ષાવચનો કહ્યાં, અતિસુંદર ભરતખંડના બે વિભાગની સીમા વગેરેનું લેખમાં કરેલું સ્પષ્ટ-શુભ નિરૂપણ,

બંને આચાર્યોને શ્રીહરિની આજ્ઞા અનુસારે વર્તવાની-આશ્ચર્યકારી શુભ રીતિ વર્ણવી, બંને દેશના ભક્તોએ પોતપોતાના આચાર્યની અનુવૃત્તિમાં નિરંતર વર્તવું એ પ્રમાણે શ્રીહરિએ કહેલી શિક્ષાનું વર્ણન, બંને લેખમાં શ્રીહરિએ કરેલી આજ્ઞા પ્રમાણે બંને આચાર્યો, તથા ત્યાગી-ગૃહસ્થ સર્વ આશ્રિતોએ વર્તવું અને તે પ્રમાણે ન વર્તે તો તેમાં તેટલો ફેર છે એમ પ્રતિપાદન કરી - સાક્ષીએ સહિત લખાવેલા બંને લેખ બે આચાર્યોને આપ્યા. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૧ થી ૮)

● શ્રીહરિએ વડતાલ પધારી દશમ-પંચમ બંને સ્કંધોનું શ્રવણ કર્યું તથા વસંતપંચમીનો ઉત્સવ કર્યો અને શિક્ષાપત્રીનું લેખન કર્યું તે નિરૂપણ. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨૦)

● શ્રીહરિનું વડતાલમાં આગમન અને ત્યાં શ્રીહરિએ કરેલું શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણાદિ નિરૂપણ, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે અન્નકૂટ માટે ઘણી સામગ્રી તૈયાર કરાવી તે નિરૂપણ, અન્નકૂટોત્સવની તૈયારીમાં શ્રીહરિનું સામગ્રી સમીક્ષણ તથા સંતો-હરિભક્તોનું આગમન તથા દિવાળીને દિવસે સંતોએ કરેલું ગાનાદિ નિરૂપણ, શ્રીરઘુવીરાચાર્યાદિકે વસ્ત્ર-ભૂષણાદિથી કરેલી શ્રીહરિની પૂજા તથા શ્રીહરિની આશ્ચર્યકારી શોભાનું વર્ણન, શ્રીહરિની સંતો-પાર્ષદો વગેરેને પીરસવાની લીલા તથા વિવિધ દેશોથી આવેલા ભક્તજનોએ કરેલ શ્રીહરિનું પૂજનાદિ નિરૂપણ, લક્ષ્મીનારાયણાદિ દેવો સમક્ષ વર્ણીઓએ કરેલી અન્નકૂટની રચના તથા તે અન્નકૂટને પ્રત્યક્ષભાવથી જમવારૂપ શ્રીહરિનું-મૂર્તિનું ઐશ્વર્ય; તથા આરતી સમયે શ્રીહરિ દર્શનાર્થે આવ્યા અને રઘુવીરાચાર્યે અન્નકૂટની આરતી ઉતારી તે વર્ણન, મુનિપ્રિય શ્રીહરિએ મુનિ આદિકને પક્વાન્નો વારંવાર પીરસીને તૃપ્ત કર્યા તે લીલાનું વિસ્તૃત વર્ણન, શ્રીહરિએ શ્રી રઘુવીરજીને ઘેર બંધુજનો સાથે કરેલું ભોજન તથા એક વખત માધવાનંદ વર્ણીના સંકલ્પથી તેમના આસને પધારી તેમણે દૂધમાં બનાવેલાં ભોજન જમ્યા અને ગઢપુર પધાર્યા. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨૬ થી ૩૩)

● ભગવાન શ્રીહરિ વડતાલ પધારી રામનવમીનો ઉત્સવ કર્યો. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૩૭)

●●●

❁ શ્રીહરિચરિત્રામૃતસાગર :

● શ્રીહરિ ડાકોર અને ઉમરેઠ થઈને પહેલીવાર વડતાલ પધાર્યા, ભક્તોએ સામૈયું કર્યું, શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા, શ્રીહરિએ મુક્તમુનિનું નૃત્ય જોઈને તેમને મનમાની મોજ આપી, મુક્તાનંદ સ્વામીએ માગેલા '૧૫' સદ્‌ગુણો, શ્રીહરિનું વડતાલની આસપાસનાં ગામોમાં વિચરણ. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૦ થી ૬૫)

● શ્રીહરિ નરસંડાથી વડતાલની નજીક પહોંચ્યા તથા દરબારોએ આશ્ચર્ય જોયું, વડતાલના સત્સંગી પરિવારોનાં નામ કહ્યાં, શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોની સંમતિ લીધી અને સત્સંગમાં પત્ર લખાવ્યા, વડતાલવાસી જેસંગભાઈના સદ્‌ગુણ, હિંડોળા પર બેસીને શ્રીહરિએ કીર્તનગાન કરાવ્યું તથા વાતો કરીને ધૂન કરાવી, જોબનપગીની સ્વરૂપનિષ્ઠા તથા શુદ્ધ જ્ઞાન, જોબનપગીની સંતોમાં આત્મીયતા, શ્રીહરિ રામનવમીના દિવસે ભક્તજનોને દર્શન આપવા માટે વડતાલ ગામથી બહાર આવ્યા, સદ્. શ્રીગોપાળાનંદસ્વામી વગેરે મોટેરા સંતોના સદ્‌ગુણ, આંબલાની ડાળીએ બાંધેલા હિંડોળામાં શ્રીહરિ બેઠા તથા સભા થઈ, સ્ત્રી ભક્તોએ મંગળ ધોળ ગાયા તથા શ્રીનગરના ભક્તોએ શ્રીહરિનું પૂજન કરીને સ્તુતિ કરી, હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તથા હરિભક્તોએ પ્રાર્થના કરી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૬ થી ૭૦)

● શ્રીહરિ સુરતના હરિભક્તોનો થાળ જમ્યા અને હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું, શ્રીહરિ વડતાલથી ચાલવા તૈયાર થયા ત્યારે હરિભક્તોએ પ્રાર્થના કરી, શ્રીહરિ વડતાલથી નીકળ્યા અને સંતમંડળને સત્સંગના પ્રચાર માટે પ્રદેશોમાં મોકલવાની વ્યવસ્થા કહી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૧થી ૫)

● ભગવાન શ્રીહરિ છાની રીતે વડતાલ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૬૧)

● શ્રીહરિએ વડતાલમાં આવીને રંગોત્સવ કર્યો, સંતો તથા ભક્તોએ શ્રીહરિની પૂજા કરી, શ્રીહરિએ વડતાલમાં હિંડોળા પ્રસંગે ચરોતરની ઉત્તમતા કહી, શ્રીહરિએ વડતાલમાં કૃપાસાધ્ય-ક્રિયાસાધ્ય પક્ષની ચર્ચા કરાવી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૨થી ૫૦)

● વડતાલ ભગવાન શ્રીહરિએ દિવાળીનો ઉત્સવ કર્યો, ભક્તોએ પૂજા અને સ્તુતિ કરી, મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું, વડતાલમાં નાના સંતો પાસે શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૩ થી ૬૭)

● શ્રીહરિ વડતાલ આવી ગુપ્ત રીતે રહીને બામરોલીમાં વસંતોત્સવ કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૩૨-૩૩)

● વડતાલના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ફૂલદોલ કરવા માટે ભક્તોને પત્ર લખ્યા, ફૂલદોલની પૂર્વતૈયારી અને ભક્તોએ શ્રીહરિને

માટે કરાવેલાં વસ્ત્રાલંકાર, ઉત્સવ પહેલા સીધું-સામાન વગેરેની વ્યવસ્થા, શ્રીહરિએ સંતોને પીરસવું, ભેટવું અને અંતસમે ભક્તને દર્શન દેવા એ પોતાના નિયમોની વાત કહી, વડતાલ અને આસપાસના મુખ્ય પગીઓએ ચોકીની સેવા લીધી, બાર બારણાના હિંડોળાનું વર્ણન અને સંતો વગેરેનું પૂજન, રંગક્રીડાની વ્યવસ્થા કરીને શ્રીહરિએ હોળી અંગેનો વિવેક શિખવાડ્યો, રંગક્રીડા પછી મુક્તોએ કરેલી સ્તુતિ. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૯ થી ૭૦)

● વડતાલમાં આમ્રરસોત્સવ, દીપમાળા અને શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો, શ્રીહરિએ વેદિકા ઉપર બેસીને સમજણ અને વતર્નની વાત કહી, શ્રીહરિનું યોગૈશ્વર્ય તથા સંતોભક્તોને માળાના નિયમ આપ્યા, અન્નકૂટ દર્શન, સંતોનું ભોજન અને શ્રીહરિનું પૂજન, શ્રીહરિએ વાતની વિશિષ્ટતાની સાથે સંતોને ગુપ્ત પ્રશ્ન કર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૨ થી ૯)

● વડતાલમાં જળ છાયાનો યોગ માનીને ત્યાં હુતાશની કરવા શ્રીહરિ વડતાલ પધાર્યા, શ્રીહરિ વડતાલ પધાર્યા તે સમયની શોભાનું વર્ણન, વડતાલમાં શ્રીહરિએ સંતો વગેરેને ઘી-કેળા-સાકર અને રોટલી પીરસીને જમાડ્યા, શ્રીહરિએ મહુધાના અમીન આગળ ઉત્સવને નિર્વિઘ્ન કરવાની વાત કહી, લોકોની ભીડ, હિંડોળાની રચના અને શ્રીહરિ હિંડોળે પધાર્યા, હુતાશનીને દિવસ થયેલી સભામાં બેઠેલા સંતો વગેરેના નામ, હોળીની રાતે હિંડોળામાં બિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું, શ્રીહરિ, સંતો અને હરિભક્તો રંગના હોજ પાસે સામસામે રંગે રમવા ઊભા રહ્યા, ફૂલદોલને દિવસ શ્રીહરિએ સંત-હરિભક્તોની સાથે રંગક્રીડા કરી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૨૨ થી ૪૨)

● શ્રીહરિ વડતાલ પધારી દીપાવલીનો ઉત્સવ કર્યો, દિવ્યસુખ આપનારા શ્રીહરિએ અન્નકૂટ પછી સંતો વગેરેને પીરસીને જમાડ્યા, દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કરીને શ્રીહરિ વડતાલથી ગઢપુર પધાર્યા, વેદાંતાચાર્યને મળવા માટે શ્રીહરિ ગઢપુરથી પુનઃ વડતાલ પધાર્યા, શ્રીહરિએ વડતાલમાં વેદાંતાચાર્યનું વૃત્તાંત કહ્યું, શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપ્યા સિવાય આચાર્ય વડતાલથી ચાલતા થયા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૪ થી ૬૩)

● શ્રીહરિ આણંદ, બાકરોલ અને જોળ થઈને વડતાલ પધાર્યા, શ્રીહરિની વડતાલમાં વિવિધ પ્રકારની વાતો અને લીલા, શ્રીહરિનું જોળ, કરમસદ, ગાના આદિ સત્સંગના ગામોમાં દિવ્ય વિચરણ. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૩-૯૪)

● શ્રીહરિ વડતાલ પધારી સંતો-હરિભક્તોને વિવેક-મર્યાદા વિષે ઉપદેશ આપ્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૫૭ થી ૬૨)

● સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને મંદિર કરવા વડતાલ મોકલ્યા, વડતાલ મંદિરની તથા જોબન પગીના પૂર્વજીવનની વાત કહી, વડતાલમાં વિશાળ ત્રણ શિખરનું મંદિર કરવાનો બ્રહ્મમુનિએ આરંભ કરાવ્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૫/૫૨ થી ૫૯)

● શ્રીહરિ પ્રબોધની ઉપર પ્રતિષ્ઠા કરવા વડતાલ પધાર્યા અને ત્યાં મંદિર તથા મૂર્તિઓને દેખીને રાજી થયા, લક્ષ્મીનારાયણ દેવનો મહિમા કહ્યો, કાર્તિક સુદિ બારશે શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, શ્રીહરિએ વડતાલથી પૂર્વમાં વિશાળ જગ્યામાં વેદિકાએ બેસીને સભા કરી, શ્રીહરિએ પ્રબોધની અને રામનવમીનો સમૈયો વડતાલમાં જાહેર કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૨૯ થી ૩૮

● શ્રીહરિની આજ્ઞાથી સચ્ચિદાનંદ સ્વામી અયોધ્યાવાસીની સાથે દ્વારકા યાત્રાએ ગયા, ગઢડાથી શ્રીહરિ રણછોડજીના પરિવાર સાથે વડતાલ પધાર્યા અને રંગોત્સવ કરીને સહુને છાપો આપી, શ્રીહરિએ ભક્તોને છાપો અપાવી, ગોમતી તળાવ ગળાવ્યું અને મંદિર માટે સહુ માથે ઉપાડીને ઈંટો લાવતા હતા, શ્રીહરિ વડતાલમાં રામનવમી કરી ભક્તોને દર્શન દેતાં ગઢપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૬૧ થી ૭૨)

● શ્રીહરિએ કાર્તિકી તથા ચૈત્રી સમૈયો વડતાલમાં કરવાની વાત કરી, શ્રીહરિ પ્રબોધનીનો સમૈયો કરવા ગઢપુરથી વડતાલ પધાર્યા અને પ્રેમથી સહુને બોલાવીને સુખકારી દર્શન આપ્યાં, શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે સુરતથી અરદેશર પારસીએ પત્ર લખ્યો, શ્રીહરિએ વડતાલથી સુરત પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૭/૯ થી ૧૫)

● ડભાણના હરિભક્તોને દર્શન આદિથી રાજી કરી શ્રીહરિ વડતાલ પધાર્યા, શ્રીહરિએ વડતાલમાં રામનવમીના ઉત્સવ પછી સીતારામજીને જનોઈ આપી, શ્રીહરિએ ગોમતીજીનો મહિમા કહ્યો, શ્રીહરિ વડતાલથી ઈસાઈ પાદરીને મળવા નડિયાદ ગયા, શ્રીહરિ તથા પાદરીનો પરસ્પર વાર્તાલાપ, પાદરીને મળીને શ્રીહરિ પુનઃ વડતાલ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૨૫ થી ૩૬)

● શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી પાસે વડતાલથી ગઢપુરમાં કેરી મંગાવી ગઢપુરમાં આમ્રોત્સવ કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૯-૪૦)

● શ્રીહરિ વડતાલમાં દિવાળી કરવા માટે ગઢપુરથી નીકળીને ભક્તોને દર્શન દેતાં દેતાં વડતાલ પધાર્યા. શ્રીહરિએ એકાદશીએ સંતો પાસે ઉત્સવ કરાવ્યો અને સંતો રાસ રમ્યા, શ્રીહરિએ બંધન ન થાય તે માટે બ્રહ્મ મુનિને પોતાની સાથે રહેવા કહ્યું, વડતાલમાં દિવાળીને દિવસે કરેલ દીપમાળાની શોભાનું અદ્‌ભુત વર્ણન, ઉત્સવિયા સંતો પાસે વાજિંત્ર સાથે પદ બોલાવીને દિવાળીનો ઉત્સવ

કરાવ્યો, શ્રીહરિ તથા સહુએ ચાંગાના બોનજીબાએ કરાવેલા અન્નકૂટનાં દર્શન કર્યા, શ્રીહરિએ સંતોને જમાડ્યા અને અન્નકૂટનો ઉત્સવ પૂરો કર્યો, શ્રીહરિએ વડતાલમાં પ્રબોધની તથા રામનવમીના બે સમૈયા નક્કી કર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૧ થી ૭૦)

● શ્રીહરિ જેતલપુરથી રામનવમી કરવા વડતાલ પધાર્યા અને ગોમતી ગળાવી, સયાજીરાવ સરકારનો પત્ર વાંચીને શ્રીહરિએ ત્રણ સદ્‌ગુરુને વડોદરા મોકલ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૧૦૯ થી ૧૧૮)

● વડતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ અને વડોદરા નારુપંત નાનાએ વડોદરા સરકારનો વિનંતિપત્ર દીધો. વડોદરા સરકારનો ભાવ જોઈને શ્રીહરિએ ત્યાં જવાનો નિશ્ચય કર્યો, શ્રીહરિ વડતાલથી સાંકરદા, છાણી થઈને વડોદરા પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૧૩ થી ૧૬)

● શ્રીહરિએ વડતાલમાં પોતાના આશ્રિતજનો માટે શિક્ષાપત્રી લખી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૨૬)

● વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ કરીને શ્રીહરિ ગઢપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૩૨)

● વડતાલમાં શ્રીહરિએ હુતાશની કર્યો. શ્રીહરિએ નારાયણ મહોલમાં ઊભા રહીને હરખથી સહુના ઉપર રંગ છાંટ્યો. તે રંગથી સંતો તથા સહુ હરિભક્તોનાં તન અને મનને ખૂબ રંગી દીધાં.રામનવમી-હરિજયંતીનો ઉત્સવ કરીને ગઢપુર પધઆર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૩૭-૩૮)

● વડતાલમાં શ્રીહરિએ રામનવમી-હરિજયંતીનો ઉત્સવ કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૪૩-૪૪-૪૫)

● વડતાલમાં શ્રીહરિએ હુતાશની-ફૂલદોલોત્સવ કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૬૮-૬૯)

● વડતાલમાં શ્રીહરિની અંતિમ પધરામણી, સંતોને છેલ્લીવાર પીરસી જમાડ્યા, મંદિરનાં પગથિયાંમાં બેઠા હતા. પોતે ઘણાં માર્મિક વચન બોલ્યા કે, 'સત્સંગ તો ઘણે ઠેકાણે વધે છે, પણ અમે ગામેગામ જઈ શકતા નથી. હવે કોઈએ અમને પૂછવું હોય તો તે શિક્ષાપત્રીને પૂછજો. એ શિક્ષાપત્રી અમે ઘણી સારી રચી છે, તેને અમારી મૂર્તિ જ માનવી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૭૩-૭૪-૭૫)

●●●

❁ શ્રી ભક્ત ચિંતામણિ :

● પ્રકરણ - ૬૬ : વડતાલમાં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે રંગે રમ્યા અને હિંડોળા બિરાજમાન થઈ ઝુલીને બહુ મોટો ઉત્સવ કર્યો.

● પ્રકરણ - ૬૭ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ 'ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય' તેની ચર્ચા સંતો સાથે કરી.

● પ્રકરણ - ૬૯ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીપમાળાનો ઉત્સવ કર્યો તેમજ સંતો સાથે રાસ રમ્યા.

● પ્રકરણ - ૭૧ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને હિંડોળે ઝુલ્યા. સંતોની ખુમારી સાંભળી રાજી થયા અને શુદ્ધ ચૈતન્યરૂપે વર્તવાની વાત કરી.

● પ્રકરણ - ૭૩ : ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી બારબારણાના હિંડોળે ઝુલ્યા અને સંતો-હરિભક્તો સાથે રંગે રમ્યા.

● પ્રકરણ - ૭૪ : વડતાલમાં પાકા હોજ બનાવી ને મોટો સમૈયો કરી ભગવાન શ્રીહરિ ખૂબ રંગે રમ્યા.

● પ્રકરણ - ૭૭ : ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી દીપોત્સવ કર્યો અને શાસ્ત્રચર્ચામાં વેદાંતાચાર્યને હરાવ્યા.

● પ્રકરણ - ૭૮ : ભગવાન શ્રીહરિએ દર વર્ષે વણતેડાવ્યે પ્રબોધની ઉત્સવ કરવા વડતાલ આવવાનું કહ્યું. તેથી આ વર્ષે કલકત્તા, કાશ્મીર, જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારકા અને હરિદ્વાર સુધીના હજારો ભક્તો અગાઉથી દર્શન માટે આવી શ્રીહરિની રાહ જોવા લાગ્યા.

● પ્રકરણ - ૭૯ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રબોધની ઉત્સવ કર્યો અને સ્વમુખે પોતાનું સર્વોપરિપણું કહ્યું.

● પ્રકરણ - ૮૪ : ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી સાત દિવસ સુધી નિવાસ કરીને રહ્યા.

● પ્રકરણ - ૯૦ : ભગવાન શ્રીહરિએ વડતાલમાં મંદિર તૈયાર થતાં પોતાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા.

● પ્રકરણ - ૯૧ : ભગવાન શ્રીહરિએ વડતાલમાં પોતાના સ્થાને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીની આચાર્યપદે સ્થાપના કરી.

● પ્રકરણ - ૯૩ : ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી તળાવ ગળાવી ગોમતીજીની સ્થાપના કરી.

● પ્રકરણ - ૯૪ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ પ્રબોધની ઉત્સવ કર્યો.

- પ્રકરણ - ૯૬ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કર્યો.
- પ્રકરણ - ૯૭ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ અન્નકૂટથી પ્રબોધની સુધી ઉત્સવ કર્યો.
- પ્રકરણ - ૯૮ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરી બ્રહ્માનંદ સ્વામીની ઉપાધિ છોડાવી.
- પ્રકરણ - ૯૯ : વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીપોત્સવ, અન્નકૂટ તેમજ પ્રબોધનો ઉત્સવ કરી સંતો-હરિભક્તોને પોતે પીરસીને ખૂબ જમાડ્યા. તેમજ પોતાના આશ્રિતજનો માટે શ્રીહરિએ શિક્ષાપત્રી લખી.
- પ્રકરણ - ૧૨૨ : વડતાલ-ચરોતર દેશના સત્સંગી બાઈભાઈના નામ લખ્યા.

●●●

❁ શ્રીહરિલીલામૃત :

(૧) ભગવાન શ્રીહરિ ડાકોર - ઉમરેઠ થઈને નીલકંઠ વર્ણી સ્વરૂપે વડતાલ પધાર્યા. (કળશ : ૩, વિશ્રામ-૧૭)

'.....વળી ત્યાંથી આવ્યા વરતાલે, પ્રભુ બેઠા તળાવની પાળે...૧૩
પગી જોબને તે જોગી જાણી, પદ વંદી કહી એમ વાણી; આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ...૧૪
સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા; અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે...૧૫
પછી જઈ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન; દેવકરણ પગી તણે ઘેર, પોઢ્યા એકાંતની જાણી પેર....૧૬

સમય : આ. સં. ૧૮૫૫, ફાગણ સુદ ૧૨, સોમવાર ઈ.સ. ૧૭૯૯

(૨) બોચાસણના કાશીદાસભાઈના નિમત્રંણથી વડતાલના બાપુભાઈ વગેરે બોચાસણ ગયા, અને બાપુભાઈના નિમત્રંણથી ભગવાન શ્રીહરિ બીજે દિવસે વડતાલ પધાર્યા. (કળશ : ૫, વિશ્રામ-૧૯)

બીજા સંત લઈ સંગ ચાર, વિચર્યા ત્યાંથી વિશ્વઆધાર; છ ઘડી દિન ચડિયો જ્યારે, વરતાલ આવ્યા પ્રભુ ત્યારે...૨૫
બદરી તરુ સુંદર ભાળી, જઈ ત્યાં ઉતર્યા વનમાળી, દીઠો કૂપ તે પશ્ચિમ ઠામ, ગંગાજળિયો છે તેહનું નામ...૨૬

રણછોડભાઈએ બ્રાહ્મણ પાસે થાળ બનાવડાવી શ્રીહરિને જમાડ્યા. બાપુભાઈને ત્યાં જોબન પગી રાત્રે ઘોડી ચોરવા ગયા પણ નિષ્ફળ રહ્યા.

સમય : પોષ માસ, સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૪

(૩) ગઢડાથી નીકળી વિચરણ કરતાં શ્રીહરિ બોચાસણ પધાર્યા. કાશીદાસભાઈ શ્રીહરિને પોતાનાં સગાઓને ગામ ચરોતરમાં લઈ ગયા. અંતે બામરોલી પધાર્યા અને ત્યાંથી વડતાલ આવ્યા. (કળશ : ૬, વિશ્રામ-૯)

વરતાલ આવ્યા વનમાળી, પામ્યા આનંદ સૌ જન ભાળી; તહાં વાસણ સૂતાર ઘેર, ઉતર્યા ધરિને ઉર મહેર...૫૭
ધર્મશાળા વડેઉની જ્યાંય, સહુ ઉતર્યા અસવાર ત્યાંય, રહ્યા દશ દિન દેવ મુરારી, સેવા સત્સંગીએ સજી સારી...૫૮

ભગવાન શ્રીહરિ દસ દિવસ વડતાલ રહ્યા. બુધેજના ખોડાભાઈ દરબારને પરચો આપ્યો વગેરે પ્રસંગ.

સમય : સં. ૧૮૬૨, ઈ.સ. ૧૮૦૬

(૪) ગઢડા સ્થિત શ્રીહરિને ગુજરાત યાદ આવતાં ઝીંઝાવદર, કારિયાણી, બરવાળા, ધંધુકા, અમદાવાદ, જેતલપુર, ડભાણ, પીજ, નડિયાદ, ડુમરાલ થઈ વડતાલ પધાર્યા.(કળશ : ૭, વિશ્રામ-૧)

વાલો ત્યાંથી આવ્યા વરતાલ, પરબ્રહ્મ પ્રણત જનપાળ; જઈ સુતાર વાસણ ઘેર, પ્રભુજી ઉતર્યા શુભ પેર...૩૬
બે દિન વરતાલમાં વસી, ઉમરેઠ ગયા અવિનાશ; જ્યાં શિવજી જાગનાથ છે, વાલે ત્યાં જઈ કીધો નિવાસ...૩૭

વાસણ સુતારને ઘેર ઉતારો કરી ભગવાન શ્રીહરિ બે દિવસ વડતાલ રહ્યા.

(૫) ડભાણ યજ્ઞ પછી જોબન પગીના મનનો સંકલ્પ પૂર્ણ કરવા વડતાલ પધારી જોબન પગીની મેડીએ લીલા કરી. (કળશ : ૭, વિશ્રામ-૧૨)

જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મન માંઈ; મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ...૦૫
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી; પછી જ્યાં નિજ શેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિએ બેઠા...૦૬
રોમ હર્ષ થયો આખે અંગે, આવ્યાં પ્રેમનાં આંસુ ઉમંગે; પ્રેમે પ્રભુપદ કીધા પ્રણામ, કહ્યું જય જય શ્રીઘનશ્યામ...૦૭
વાલાજી કરો છો ભલી વીધ, નિજજનના મનોરથ સિદ્ધ; જેવું મેં ચિત્ત ચિંતવન કીધું, તેવું દર્શન મુજને દીધું...૦૮
કહે વર્ણિ સુણો રુડા રાય, કહું કૃષ્ણચરિત્ર કથાય; ભાવ વરતાલવાસીનો ભાળી, થોડા દિવસ વસ્યા વનમાળી...૦૯

સમય : સં. ૧૮૬૬, ઈ.સ. ૧૮૧૦

(૬) ગઢડામાં એક સમે વડતાલ જવાનું વિચારી ભગવાન શ્રીહરિ નીકળ્યા ને ઝીંઝાવદર- સારંગપુર- ખેડા- ડભાણ થઈ વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૨૩)

સૂતાં બેસતાં સરવે કાળ, વાલો સંભારે છે વરતાલ; જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલને અવિનાશી...૦૩
દીઠાં વરતાલનાં ઝાડ જ્યારે, બહુ રાજી થયા પ્રભુ ત્યારે; નારાયણગરના મઠ માંય, ઉતર્યા વાલો આવીને ત્યાંય...૦૪
નેણે નિર્ખીને શ્રીઅવિનાશી, હરખ્યા વરતાલના વાસી; ઘેર ઘેર જઈ જનપાળ, જમ્યા થાળ સ્વજનપ્રતિપાળ...૦૫
કથા વારતા નિત્ય કરે છે, દાન જ્ઞાનનું દૈવીને દે છે; થાય બ્રહ્મઆનંદની એલી, સૌને હૃદયે રહ્યો રંગ રેલી...૦૬
રામનવમીનો ઉત્સવ કીધો, લાવો સૌ સતસંગીએ લીધો; એ જ એકાદશી પૂર્ણમાસી, કરી વરતાલમાં અવિનાશી...૦૭
પછી ચાલવા કીધી તૈયારી, ત્યારે વિનતિ કરે નરનારી; વાલા આંહિ સદાકાળ વસો, કદી દૃષ્ટિથી દૂર ન ખસો...૦૮
કરો આ સ્થળે આપનું ધામ, સરવોપરિ સુંદરશ્યામ; એમ સૌને સ્નેહાતુર જાણી, વૃષનંદન બોલિયા વાણી...૦૯
તમે સૌ જન ધીરજ ધારો, વળી વિશ્વાસ રાખો અમારો; મોટું ધામ આ ઠામ કરીશ, સર્વ ધામમાં મુખ્ય ગણીશ...૧૦

ભગવાન શ્રીહરિએ આ મુલાકાતમાં રામનવમી અને પૂર્ણમાસી એકાદશી ઉજવી.સૌથી મહત્વની વાત એ બની કે, વડતાલવાસીઓએ પ્રભુને કાયમ વડતાલમાં જ વસવા પ્રાર્થના કરી. વડતાલવાસીઓની પ્રાર્થના સાંભળી, શ્રીહરિએ સૌને ખાત્રી આપી કે તેઓ વડતાલને એક મોટું ધામ બનાવશે અને સર્વ ધામમાં મુખ્ય ધામ ગણશે.

સમય : સં. ૧૮૬૭, ઈ.સ. ૧૮૧૧

(૭) વળી, એકવખત ભગવાન શ્રીહરિ ગઢપુરથી વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૨૩)

સાથે લઈ નિજ સંતસમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ; વાટે નિજજનનું ગામ આવે, દૈને દર્શન સુખ ઉપજાવે. ૧૫
દેતા દર્શન જનપ્રતિપાલ, પછી વાલો આવ્યા વરતાલ; આસપાસનાં ગામોમાં ફરિયા, દૈવી જીવને ઉપદેશ કરિયા. ૧૬
સૌએ આંબાનો અવસર જોઈ, રસરોટલી દીધી રસોઈ; એહ આંબાના ભાગ્ય અપાર, જેનાં ફળ જમ્યા જગતઆધાર. ૧૭
વરતાલમાં શ્રીવૃષલાલે, રથજાત્રા કરી તેહ કાળે; આસપાસના હરિજન આવ્યા, સૌને આનંદ ઉર ઉપજાવ્યા. ૧૮

ઉનાળાના સમયમાં ભગવાન શ્રીહરિ પધારેલ. એટલે જે જે ગામ તેઓ પધાર્યા, સૌ ભક્તજનોએ પૂરા ભાવથી રસ રોટલીનાં ભોજન જમાડ્યાં. આ મુલાકાતમાં શ્રીહરિએ વડતાલ ખાતે રથયાત્રાનો ઉત્સવ ઉજવ્યો, જેમાં આસપાસનાં ગામજનોએ પણ ભાગ લીધો. વરતાલથી શ્રીહરિ લીંબાસી ગયા.

સમય : સં. ૧૮૬૭, ઈ.સ. ૧૮૧૧

(૮) વૌઠાના મેળે જઈ, કેટલાંક ગામો ફરતા માતર -ડભાણ થઈ ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૨૮)

નિજજનને કરિને નીહાલ, પછી વાલો આવ્યા વરતાલ; પગી જોબનની મેડી જ્યાંય, ઉતર્યા શ્રીહરિ તેહમાંય...૪૯
જ્ઞાનબાગમાં આમલો સારો, જોઈ સંતોએ કીધો ઉતારો; જમી રાતે પોઢિ રહ્યા હરી, બીજે દિન આમલે સભા કરી...૫૦

આ મુલાકાત દરમિયાન એક દિવસ પગી પરિવારોની બહેનોએ શ્રીહરિ સન્મુખ ગરબીઓ ગાઈ.

આરતી ટાણે આરતી કરી, નારાયણધુની પણ ઉચ્ચરી; પગી જોબનની મેડીમાંય, પ્રભુ જૈને બિરાજિયા ત્યાંય...૫૬
ઉત્તરાભિમુખે જોઈ બારી, બેઠા તે માંહિ શ્રીગિરધારી; ચોકમાં પગિયો તણી નારી, લાગિ ગરબિયો ગાવાને સારી...૫૭
ફરતાં ઘડા હાથે ઉછાળે, તેમાં તાન લેતી તાળે તાળે; એક રાવળ ઢોલ વગાડે, તાલ લેવાની ચાલ દેખાડે...૫૮

નારીને પગે નેપુર ઝમકે, પગ માંડે લળી લળી ઠમકે; એવી રીતે રમી બહુ રાસ, જોઈ રાજી થયા અવિનાશ...૫૯
સૌને આપ્યાં પતાસાં સુપેર, ગઈ પોતપોતા તણે ઘેર; પછી પોઢિયા શ્રીપરમેશ, ઉઠ્યા ઉગતાં પ્રથમ દિનેશ...૬૦

પગી બહેનોના રાસ જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા અને સહુ બહેનોને પતાસાંનો પ્રસાદ આપ્યો. આ મુલાકાત દરમિયાન જ શ્રીહરિએ સંતોનાં મંડળ બાંધ્યાં. શ્રીહરિ વડતાલથી બુધેજ પધાર્યા.

સમય : સં. ૧૮૬૮, ઈ.સ. ૧૮૧૨

(૯) એકવખત ભગવાન શ્રીહરિ બામણગામ - શેલડી- અલારસા - દાવોલ- ખાંધલી- મેઘવા- કરમસદ થઈ વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૩૧)

તાણ ઘણી કરી તોય ત્યાં, જમવા ન રહ્યા હૃષિકેશ; ચોંપ કરીને ચાલિયા, વરતાલ ભણી વિશ્વેશ...૧૪
વાલો આવ્યા વરતાલમાં, રહ્યા વાસણ સુતાર ઘેર; પ્રેમી જનોએ પ્રેમથી, પ્રભૂ પૂજ્યા રુડી પેર...૧૫
કાનમ દેશ વિષે ફર્યા, તેની કહી સ્વજનને વાત; ચારુ ચરિત્ર વિચિત્ર તે, થયું વિશ્વ વિષે વિખ્યાત...૧૬
વળિ લલિત લીલા કરી, વૃષનંદને વસી વરતાલ; સંત હરિજન સર્વને, સુખ દિધું દીનદયાળ...૧૭

ભગવાન શ્રીહરિ કાનમ પ્રદેશમાં વિચરણ કરી વડતાલ પધાર્યા હતા. શ્રીહરિએ પોતાના કાનમ વિચરણની વાત અહીં સૌને કરી. થોડા દિવસ અહીં રહી કણઝરી થઈ ઉમરેઠ પધાર્યા.

(૧૦) ગઢડામાં વસંતપંચમી ઉજવી ભગવાન શ્રીહરિ ફૂલદોલનો ઉત્સવ વડતાલ કરવા ઈચ્છતા હતા. આથી સૌને વડતાલ મોકલ્યા. પણ દાદાખાચર પરિવારના આગ્રહ થકી પોતે ગઢડામાં ફૂલદોલનો ઉત્સવ ઉજવી વદી છઠ્ઠે' વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૪૦)

પછિ પરવરિયા જનપાલ, વદી છઠ્ઠે આવ્યા વરતાલ; પગી જોબનની મેડી જ્યાંય, ઉતર્યા જગજીવન ત્યાંય...૪૬
દેશદેશથી આવિયા દાસ, એકે ખાલી રહ્યો નહિ વાસ; ભાત ભાતના રંગ રચાવી, રંગસાતમે ધૂમ મચાવી...૪૭
પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય; રંગે ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે...૪૮
પગી સુંદરનો કુવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય; નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ...૪૯
કૃપાનાથે કોરાં વસ્ત્ર ધાર્યાં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં; હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી...૫૦
પછી આવિયા શ્યામ ઉતારે, જમ્યા સંત જમ્યા હરિ જ્યારે; કહે વર્ણિ સુણો રૂડા રાય, જ્ઞાનબાગ જે આ કહેવાય...૫૧
આંહિ રાયણથી પૂર્વ ભાગે, હતો આંબો જોતાં ભલો લાગે; બાંધ્યો હિંડોળો ત્યાં મળી સંતે, અંગિકાર કર્યો ભગવંતે...૫૨
ઝૂલ્યા તેમાં બેસી ભગવાન, કર્યું સંતે વાજિંત્રમાં ગાન; એમ ઉત્સવ પૂરણ કીધો, સંતે લાવ અલૌકિક લીધો...૫૩

વડતાલમાં પ્રથમ વખત ભગવાન શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ મનાવ્યો. પોતે જોબન પગીની મેડીએ ઉતરેલા. જ્ઞાનબાગ ખાતે હિંડોળે ઝૂલેલા. આ ઉત્સવ પૂર્ણ શ્રીહરિ ગઢડા પધારેલા.

સમય : સં. ૧૮૭૦, ઈ.સ. ૧૮૧૪

(૧૧) ઉમરેઠના હરિભક્તોનાં આગ્રહથી ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સહિત આમ્ર ઉત્સવ માણવા પધારેલા. ઉમરેઠથી મહારાજ વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૪૧)

ઉમરેઠ થઈ વરતાલ, વેગે આવિયા શ્રીવૃષલાલ; જઈ વાસણ સૂતાર ઘેર, ઉતર્યા પ્રભુજી રુડી પેર...૪૫
સંઘ ઉતર્યો પાદરમાંય, ઝાડની સારી શોભા છે જ્યાંય; કેરી ટાણું હરિજન જોઈ, રસપોળીની આપે રસોઈ...૪૬
સગાવાલાને નોતરે જેમ, કાઠિયોને જમાડિયા તેમ; બીજા ગામના હરિજન આવે, ગાડાં કેરિયોનાં ભરી લાવે...૪૭
નિત્ય નિત્ય કરે રસપોળી, વવરાય સાકર અણતોળી; બામણોલી તખો પગી રહે, કર જોડી તે કૃષ્ણને કહે...૪૮
ઘનશ્યામ આવો મુજ ગામ, મારા હૈડાની પૂરવા હામ; ગયા ત્યાં હરિ કાઠી સહિત, રસપોળી જમ્યા રુડી રીત...૪૯
જાંડવે પરે મહુડિયે પરે, નરસંડે પ્રભુ પરવરે; સંજાયા ને વલાસણ ગામ, જોળ આદિક પણ બહુ ઠામ...૫૦
હરિભક્તે હરિને તેડાવ્યા, રસપોળી ત્યાં જૈ જમી આવ્યા; કેરિયો જમી કાઠી ધરાયા, હરિ સાથે રહી હરખાયા...૫૧

કરે નિત્ય જ્ઞાનામૃત પાન, એકે સ્વાદ ન એહ સમાન; નિત્ય પાસે દિસે પરમેશ, તેથી વીસારી મુક્યો સ્વદેશ...૫૨
પ્રભુથી લાગી પ્રીતિ અપાર, તેથી વિસરિયાં ઘરબાર; નિત્ય સંતસમાગમ થાય, સગાં સંબંધિને ન ચહાય...૫૩
આવે ને જાય વિજળી જેમ, વહ્યા જાય દિવસ ઝટ તેમ; રહે આનંદસિંધુમાં આપ, નવ લાગે ઉનાળાનો તાપ...૫૪
મળે હરિજન હેતુ અપાર, તેથી વીસર્યો સુત પરિવાર; થયો આમ્રરસોત્સવ એવો, કોટિ કલ્પે ન વીસરે તેવો...૫૫
એવા ઉત્સવમાં થવા યુક્ત, ઈચ્છે અક્ષરધામના મુક્ત; આપી કાઠિયોને સુખ ભારી, વરતાલથી વિચર્યા મુરારી...૫૬
ક્યાંઈ ક્યાંઈક કરતા મુકામ, ગયા ગઢપુરમાં ઘનશ્યામ; હરિભક્ત તણા મળી વ્રાત, રસ ઉત્સવની કરે વાત...૫૭
એવી લીલા અનંત અપાર, કરે વાલોજી વારમવાર; રસ ઉત્સવની કથા એહ, સુણશે કે સુણાવશે જેહ...૫૮
એનું અંતર પાવન થાશે, પાપ પૂર્વનાં સંચિત જાશે; જનને નિજની સ્મૃતિ થાય, કરે શ્રીહરિ એવી લિલાય...૫૯
તેનો મર્મ મુનિજન જાણે, માટે એ લીલા ધ્યાનમાં આણે; સ્નેહે સાંભળે ને સંભળાવે, અતિ ઉત્સાહ અંતરે લાવે...૬૦

ગામેગામના લોકો ગાડાં ભરીને કેરીઓ લાવ્યા. શ્રીહરિ સાથે કાઠીઓ અને સંતોને પેટભરી રસ રોટલીનાં જમણ જમાડ્યાં. બામરોલી, જાંડવા પરા, મહુડીયા પરા, નરસંડા, સંજાયા, વલાસણ, જોળ ગામોએ પણ ભગવાન શ્રીહરિ સહિત સંતો-હરિભક્તોને તેડાવી રસ રોટલીના થાળ જમાડ્યા. કાઠીઓ જમીને તૃપ્ત થયા. શ્રીહરિ નિત્ય જ્ઞાનામૃતનું પાન કરાવતા. એ સ્વાદ સમાન બીજો કોઈ સ્વાદ નહતો. શ્રીહરિનો નિત્ય સંયોગ થવાથી દેશ વિસરી ગયા. પ્રભુમાં અપાર પ્રીતિ થઈ. તેથી ઘરબાર પણ વિસરાયા. નિત્ય સંત સમાગમ થતો. સગાં-સંબંધી પણ તેથી ભુલાયા. વીજળીના ઝબકારાની જેમ દિવસ ને રાત પસાર થતા. આનંદસિંધુમાં ડૂબેલા હોવાથી તેઓને ઉનાળાનો તાપ ન લાગતો. કોટિ કલ્પે ન વિસરે એવો આમ્રોત્સવ થયો. આવા ઉત્સવનો આનંદ માણવા અક્ષરધામના મુક્તો ઈચ્છા કરે. કાઠીઓને સુખ આપી શ્રીહરિ ગઢપુર પધાર્યા ને ત્યાંના ભક્તોને રસોત્સવની વાત કરી. આ પ્રકારની લીલા વાલાજીએ વારંવાર કરી છે. આ રસોત્સવની કથા જે સાંભળે તેનું અંતર પાવન થશે. પૂર્વના સંચિત પાપ ધોવાશે.

સમય : સં. ૧૮૭૨, ઈ.સ. ૧૮૧૬

(૧૨) એકવખત ગઢડાથી ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. આસો માસ હતો. પ્રબોધિની એકાદશી સુધીના બધા ઉત્સવો ઉજવ્યા. પછી મહેળાવ- પીપળાવ થઈ સારંગપુર ગયા. (કળશ : ૭, વિશ્રામ-૪૪)

ફરતાં હરિભક્તોનાં ગામ, સંજીવાડે ગયા ઘનશ્યામ; વરતાલ આવ્યા વિશ્વપતી, વદી દ્વાદશી આસોની હતી...૩૦
સારા સૂતાર વાસણ ઘેર, પ્રભુ ઉતર્યા જૈ શુભ પેર; ધનતેરશનો દિન આવ્યો, ભક્તિનંદનને મન ભાવ્યો...૩૧
રુડો જ્યાં છે નારાયણબાગ, ગયા ત્યાં કરિને અનુરાગ; પૂજી ગાયોને ત્યાં કરી પ્રીત, ઘણ દોડાવિયું રુડી રીત...૩૨
પછી કૃષ્ણચતુર્દશી આવી, હનુમાન પૂજ્યા હેત લાવી; વડાં સુખડી નૈવેદ્ય ધાર્યું, આરતી કરી સ્તોત્ર ઉચ્ચાર્યું...૩૩
અતિ ઉત્તમ આવી દીવાળી, એના ઉત્સવની હદ વાળી; જ્યાં છે લક્ષ્મીનારાયણ ધામ, હતી બોરડી એક તે ઠામ...૩૪
તહાં એક સિંહાસન ધાર્યું, શોભે ઇંદ્રઆસન થકી સારું; તેના ફરતી રચી દીપમાળ, તારામંડળ તુલ્ય વિશાળ...૩૫
સિંહાસનમાં બિરાજીયા શ્યામ, લાજે દેખીને કોટિક કામ; કરે ઉત્સવ સંત ઉમંગે, વાજે તાલ ને વાજે મૃદંગે...૩૬
શોભે અક્ષરધામમાં જેમ, શ્રીજી મુક્તમાં શોભે છે તેમ; અતિ તેજનો ઓપે અંબાર, જોતાં અચરજ પામે જોનાર...૩૭
અન્નકૂટનો ઉત્સવ આવ્યો, હતો સામાન પ્રથમ કરાવ્યો; વરતાલના હરિજને મળી, આપી સામગ્રી એહ સઘળી...૩૮

(૧૩) સીંજીવાડાથી ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. નારાયણગિરિ બાવાજીની મેડીએ ઉતર્યા. કૃષ્ણ જન્માષ્ટમી ઉજવી. ધના તળાવના ઈશાન ખૂણે એક આંબા પર નાનો હિંડોળો ગામલોકોએ બાંધ્યો હતો. શ્રીહરિ નાનું સ્વરૂપ ધરી તેમાં ઝૂલ્યા. (કળશ : ૭, વિશ્રામ-૪૭)

ત્યાંથી વાલો આવ્યા વરતાલ, થયા નિરખીને ભક્તો નિહાલ; નારાયણગર બાવાની મેડી, તહાં લઈ ગયા સૌ જન તેડી...૬૧
કર્યો ત્યાં રુડી રીતે ઉતારો, રીઝ્યા જોઈને ધર્મદુલારો; પણ વાસણ સૂતાર વાસ, જમવા જતા શ્રી અવિનાશ...૬૨
કૃષ્ણજન્માષ્ટમી દિન આવ્યો, ત્યારે સમૈયો સારો ભરાવ્યો; ભલા સુરતના ભક્ત આવ્યા, તાવદાન ભલું ભેટ લાવ્યા...૬૩
તેમાં બેસીને વિશ્વવિહારી, ચાલ્યા નાવા સજી અસવારી; ધન્ય ધન્ય તે ધના તળાવ, નાયા જે વિષે નટવરનાવ...૬૪
જળકેળી કરી સખા સંગે, કોરાં વસ્ત્ર ધર્યાં પછી અંગે; ગામનું જે તળાવ ગણાય, તે તળાવથી ઈશાન માંય...૬૫

આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝૂલ્યા ત્યાં બેસી સુંદરશ્યામ; હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનું સ્વરૂપ...૬૬
જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય; એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર...૬૭

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ વડતાલ ખાતે શ્રીહરિએ ઉજવેલ કૃષ્ણ જન્માષ્ટમી, બળેવ, ગણેશ ચતુર્થી, જલઝીલણી એકાદશી, દશેરા વગેરે ઉત્સવો ઉજવ્યા તેનું વર્ણન (કળશ : ૭, વિશ્રામ-૪૮)માં કર્યું છે. ગામના હરિભક્તોની શ્રીહરિ સેવા વર્ણવતાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ લખે છે :

પાટીદાર વસે આંહિ વાસ, દાસ કુબેર રણછોડદાસ; એહ આદિક હરિજન જેહ, જમવાનું કહે આવી તેહ...૪૦
તેને ઘેર જઈ ઘનશ્યામ, જમે સંત સહિત સુખધામ; વાલે તે સર્વ સ્થળે વીચરી, જગ્યા સર્વ પ્રસાદીની કરી...૪૧

(૧૪) ગઢપુરથી વડતાલ આવી, ભગવાન શ્રીહરિ જોબન પગીની મેડીએ એક માસ ગુપ્તવાસમાં રહ્યા. આ મુલાકાત દરમ્યાન જ મંદિર નિર્માણ અર્થે ગામ સમસ્તે શ્રીહરિને જમીન અને તન મન ધન અર્પણ કર્યું. અહીંથી શ્રીહરિ ધરમપુર ગયા. સાથે ઘણા પગીને લઈ ગયા. (કળશ : ૭, વિશ્રામ-૪૯)

રહી રાત ચાલ્યા વૃષલાલ, વાલો ત્યાંથી આવ્યા વરતાલ...૫૦
પગી જોબનની મેડી સારી, ઉતર્યા તહાં ગિરવરધારી...૫૧

ગઢડાના નાજા જોગિયાએ વડતાલ આવી જગમાલ પગીને ત્યાં ચાકરીએ રહી ગુપ્તવાસમાં રહેલા શ્રીહરિની ભાળ મેળવી. ધરમપુર જતાં શ્રીહરિએ જે વડતાલના હરિભક્તોને સાથે લીધા તેના નામ : (કળશ : ૭, વિશ્રામ-૫૦)

સૌને મોકલજો ધર્મપુર, ત્યાં છે તેઓનું કામ જરૂર; શ્યામે સાથે લીધા જેહ જન, કહું તેહનાં નામ પાવન...૫૭
નાજો જોગિયો કરીમભાઈ, ભગુજી આદિ આવિયા ચાઈ; પગી જોબન સુંદર તખો, જુસજી પણ તેહ સરખો...૫૮
પગી બેચરને પગી ખોડો, ગલો પણ પગી ગુણમાં ન થોડો; પગી ભક્ત ભવાન છે જેવા, બામણોલીના આસજી એવા...૫૯
એહ આદિ પગી શૂરવીર, લીધા સંઘાથે શ્યામશરીર; થોડા સંત તથા બ્રહ્મચારી, સાથે લૈ વિચર્યા સુખકારી...૬૦

સમય : આ. સં. ૧૮૭૨; ઈ. સ. ૧૮૧૬

(૧૫) ધરમપુરથી પરત ફરતાં બોચાસણ ગાના થઈ ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. ધરમપુર પ્રવાસ દરમ્યાન વડતાલના પગી ભાઈઓએ કરેલ સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ વરદાન આપવા ઈચ્છા વ્યક્ત કરી. પગીભાઈઓએ પ્રત્યુત્તરમાં કહ્યું, "હે મહારાજ ! આપ પૂર્ણકામ અમને મળ્યા છે. આપની મૂર્તિ સદા કલ્પવૃક્ષ સમાન છે. એથી કોઈ વાતની ખામી રહી નથી. છતાં પણ આપવાની ઈચ્છા હોય તો, અમ આંગણે હુતાશની-રંગોત્સવનો ઉત્સવ ઉજવો." શ્રીહરિએ પગી ભાઈઓની વિનંતી સ્વીકારી. જીવુબા લાડુબા વગેરેની વિનંતી થકી હુતાશની ઉત્સવ પહેલાં શ્રીહરિ વડતાલથી ગઢડા પધારી વિરહાતુર ગઢપુરવાસીઓને દર્શન સુખ આપી પુનઃ વડતાલ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૫૭ થી ૬૨)

ગાના ગામની સીમમાં કૂપ, તહાં પૂરી જમ્યા જગભૂપ; થયો જે સમે મધ્યાહ્ન કાલ, વૃષપુત્ર આવ્યા વરતાલ...૨૧
પગી જોબનની મેડી જ્યાંય, માવો ઉતરિયા તેહમાંય; પગીયોને બોલાવીને પાસ, આપે ઉચ્ચરિયા અવિનાશ...૨૨
રસ્તે સારી સજી તમે સેવા, માટે ઈચ્છું છું વરદાન દેવા; અતિ રાજી થયો છું હું ઉર, જીભે માગો તે આપું જરૂર...૨૩
પગી બોલ્યા કરીને પ્રણામ, મળ્યા છો પ્રભુ પૂરણકામ; મુરતી તમારી ભગવાન, સદા છે કલ્પવૃક્ષ સમાન...૨૪
ઈચ્છા પૂરો છો અંતરજામી, નથી કોઈ વાતે રહી ખામી; વરદાન દેવા દિલ ધરો, તો આ હોરી ઉત્સવ આંહિ કરો...૨૫
માગિએ છૈએ એ વરદાન, ભલા થૈને આપો ભગવાન; કૃષ્ણે આપિયો કર માંહિ કોલ, કરશું આંહિ આ ફુલદોલ...૨૬

સમય : સં. ૧૮૭૨, ઈ. સ. ૧૮૧૫

(૧૬) વડતાલના અગ્રણી હરિભક્તોને ગઢડા જતા પહેલાં, ભગવાન શ્રીહરિએ ફુલદોલોત્સવ માટે કેટલીક તૈયારીઓ કરી રાખવા જણાવ્યું- દેશદેશના સંઘ આવશે માટે ભીડ ખૂબ થાશે, આથી એ સૌને ઉતારા દેવા જરુરી જગ્યાઓ સાફ કરાવી રાખજો; મોટા આંબલે સંતો ઉતરશે; નારાયણ બાગને પણ સાફ કરાવજો, જ્યાં હરિભક્ત ઉતરશે; કેસુંડાં, કસુંબાના સૂકાં ફૂલ, કાચો રંગ - પતંગ, અબીલ, ગુલાલ વગેરે મોટા ગામોએથી મંગાવી રાખવાં;જ્ઞાન બાગમાં બે હોજ કરવા અને કંકોતરીઓ લખવી. શ્રીહરિએ

આપેલ સૂચનાઓ મુજબની તમામ તૈયારીઓ ગામલોકોએ કરી લીધી. શ્રીહરિ ગઢડાથી ફરતા ફરતા સંજાયા આવ્યા. વડતાલના હરિભક્તોએ ત્યાં જઈ શ્રીહરિનું સામૈયું કર્યું. શ્રીહરિ, સૌ સંતભક્ત સહિત, જ્ઞાનબાગમાં પધાર્યા. (

જ્ઞાનબાગમાં સંત સહીત, પધાર્યા પ્રભુજી ધરી પ્રીત; પગી જોબન કુબેરદાસ, બેઠા રણછોડદાસજી પાસ...૦૮
નારાયણગરજી તેહ ઠામ, આવી પ્રભુપદ કીધા પ્રણામ; હતા જે જન શ્રીહરિ સંગે, મળ્યા સૌને તે અધિક ઉમંગે...૦૯
હરિને કહ્યું જોડીને હાથ, ભલે આપ પધારિયા નાથ; મોટા જન કાઠિયાવાડ માંય, તેના રોક્યા રહ્યા નહિ ત્યાંય...૧૦

શ્રીજી મહારાજે કહ્યું, "આ આંબલે સંતો ઉતરશે. અમે વાસણ સુતારને ઘરે ઉતરીશું." શ્રીહરિ સાથેના અસવારોને નારાયણગિરિ બાવાજીએ પોતાના મઠમાં ઉતારો આપ્યો.

પછી પોઢ્યા પ્રભુ થોડી વાર, જાગી વદન પખાળ્યું તે વાર; આવ્યા વરતાલના જન વાસી, તેણે દેખાડ્યા રંગના રાશી...૧૭
પીચકારી આણેલી અપાર, તેનો દેખાડ્યો એક અંબાર; ગંજ દેખાડ્યા અબિર ગુલાલ, દેખી રીઝિયા દીનદયાળ...૧૮

(કળશ : ૭, વિશ્રામ-૫૮)

થોડા સમય પહેલાં ધરમપુરનાં મહારાણી કુશળકુંવરબાએ અતિ કિંમતી મુગટ ભગવાન શ્રીહરિને અર્પણ કરેલો. આ ફુલદોલોત્સવના ઉત્સવ અર્થે વડતાલ ગામના ભક્તજનોએ પણ સૌની ભાવનાના પ્રતિક સમ બાર બારણાંનો ભવ્ય હિંડોળો બનાવડાવ્યો. નિષ્કુળાનંદ મુનિ દ્વારા બાનાવાયેલ આ હિંડોળાનું વર્ણન આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ કર્યું છે.

છે આજ છત્રી જે સ્થળે, એથી અગ્નિ દિશા મોઝાર; ઉત્તમ બે આંબા હતા, એક એક તણે અનુસાર...૦૨
ચતુરાનને ચતુરાઈથી, જાણે રુડા રચેલા હોય; અવની ઉપર ઉગિયા, પણ મુક્ત હતા બે સોય...૦૩
મોભ મુક્યો તે ઉપરે, હેતે બાંધ્યો હિંડોળો ત્યાંય; નિષ્કુળાનંદે નેહથી, તેની રચી હતી રચનાય...૦૪
બાર હતાં તેને બારણાં, રુડાં કમાનદાર કરેલ; ફુદડીયો સોના તણી, સારી શોભતી માંહિ મઢેલ...૦૫
લીંબુ કરાવી કનકનાં, લટકાવિયાં ચારે પાસ; કળશ ઝળકે હેમના, જેવા સૂરજ સોમ પ્રકાશ...૦૬
વિમાન જે વિબુધો તણાં, જેની આગળ ઝાંખા જણાય; કારિગરિ તેની નિરખતાં, વિશ્વકર્મા તે વિસ્મિત થાય...૦૭

(કળશ : ૭, વિશ્રામ-૫૯)

જોબન પગીને ત્યાં થાળ જમ્યા ને ભગવાન શ્રીહરિ વાસણ સુતારને ઘેર જઈ રહ્યા. ગામના અગ્રણી ભૂદેવ ડાહ્યા મહેતા તથા વનમાળી ગોરને બીજા દિવસે બોલાવી બદરીશની પૂજા કરવા શ્રીહરિએ જણાવ્યું.જ્ઞાનબાગ ખાતે સંત સમાજે હોળી ખેલવાની તૈયારી કરી.

આ ફૂલદોલોત્સવ માટે બાર બારણાનો હિંડોળો એ વડતાલ ગામની અનોખી ભેટ હતી. તેમ જ્ઞાનબાગ ખાતે બનાવાયેલ બે હોજ હરિકુંડ અને સંતકુંડ પણ ગામનું એક અનોખું તર્પણ હતું. વળી,આ પ્રસંગ માટે પાણી આ બંને હોજમાં કેવી વિશિષ્ટ રીતે લાવવામાં આવ્યું તેનું વર્ણન આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ કર્યું છે.

જ્ઞાનબાગમાં સંત સમાજે, કરી તૈયારી ખેલવા કાજે; કૂપ મૂળજી પટેલ કેરો, જળ નિર્મળવાળો ઘણેરો...૩૯
કોસ કંતાનના ત્યાં જોડાવ્યા, ત્યાંથી હોજ વિષે જળ લાવ્યા; હોજ રંગે ભર્યા તેહ ઠામ, નિરધારિયાં જૂજવાં નામ...૪૦
હોજ પૂર્વનો સંતને સારુ, સંતકુંડ તેનું નામ ધાર્યું; હરિનો કુંડ પશ્ચિમ ઠામ, તેનું ધાર્યું હરિકુંડ નામ...૪૧
રુડા હોજ દિસે મનરંજ, પિચકારિયોનો કર્યો ગંજ; સંતે જૈને કહ્યું પ્રભુ પાસ, આવો ખેલવા શ્રી અવિનાશ...૪૨

આ પ્રસંગે જોબન પગીએ સોનેરી પિચકારી શ્રીહરિને અર્પણ કરી :

પીચકારી કનક કેરી લાવી, અરપી પગી જોબને આવી; ધૂપ દીપ ને નૈવેદ્ય ધારી, આરતી મુક્તાનંદે ઉતારી...૫૧
પુષ્પદોલે પ્રભુને ઝુલાવી, કર્યો ઉત્સવ વાજાં વજાવી; દેશ દેશથી આવેલા જન, કરે શ્રી હરિનાં દરશન...૫૨
લાખો લોકની ભીડ ભરાય, પણ નર ત્રિયા સ્પર્શ ન થાય; પગ પુરુષનો પુરુષ ન પીલે, પગ અડકે તો માફી માગી લે...૫૩

આ ભવ્ય ફૂલદોલોત્સવનું વર્ણન સંપ્રદાયના અનેક ગ્રંથોમાં આપવામાં આવ્યું છે. શ્રીહરિ તખા પગીના આમંત્રણ થકી બામરોલી પણ ગયા અને ત્યાં પણ ફૂલદોલોત્સવ ઉજવ્યો.

સમય : સં. ૧૮૭૨, ઈ.સ. ૧૮૧૫

(૧૭) ભગવાન શ્રીહરિ આમ્રરસોત્સવ અર્થે વડતાલ પધાર્યા. સંજાયા, વલેટવા, આખડોલ, ચાંગા, કેરીઆવી, મહુડીયું પરું, બામરોલી, ડભાણ જાંડવાપરા, નરસંડા, ઉત્તરસંડા, કંજરી, જોળ, વલાસણ, ઘુંટેલી વગેરે ગામોએ ત્યાંના હરિભક્તોના આમંત્રણ થકી શ્રીહરિ સંતો ભક્તો સાથે પધારતા અને રસ રોટલીનો થાળ જમતા. જેઠ મહિના સુધી આ રસોત્સવ ચાલ્યો. વડતાલ ગામે રહી શ્રીહરિ આ સ્થળોએ જતા. આ આમ્ર રસોત્સવનું વર્ણન (કળશ : ૭, વિશ્રામ-૬૩-૬૪-૬૫)માં કરવામાં આવ્યું છે.

આપઆપના આંબા વેડાવે, હરિભક્ત ગાડાં ભરી લાવે; રસપોળીની આપે રસોઈ, એક એકથી ઉત્તમ જોઈ...૪૯
જમે સંત ધરી હરિધ્યાન, તેને તો રસનું નથી ભાન; રસરોટલી શાક ને પાણી, જમે ભેળું કરી ભક્ષ જાણી...૫૦
વર્ણિ કહે નૃપ સાંભળો, લીલા આમ્રરસોત્સવ નામ; વાલે કરી વરતાલના, આસપાસ તણાં જ્યાં ગામ...૦૧
તે સંભળાવું સ્નેહથી, જેહ સાંભળતાં સુખ થાય; ભાવ કેવો હરિભક્તનો, તે તો જેથી જથાર્થ જણાય...૦૨
વર્ણિ કહે અભેસિંહને, સુણો આમ્રરસોત્સવ સાર; વિસ્તારથી જો વરણવું, નવ આવે ઉચ્ચરતાં પાર...૦૧

સમય : સં. ૧૮૭૨, ઈ.સ. ૧૮૧૫

(૧૮) દિવાળી તથા અન્નકુટનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. નારાયણગિરિ બાવાજીના મઠમાં ઉતર્યા. અન્નકુટનો લ્હાવો નારાયણગિરિ બાવાજીએ લીધો. પ્રબોધિની એકાદશી સુધી શ્રીહરિ વડતાલમાં રહ્યા. (કળશ : ૭, વિશ્રામ-૬૬)

એક અવસરે શ્રીમહારાજે, અન્નકુટ ઉત્સવ કાજે.
ગઢપુરમાં રહી મન ધાર્યું, વરતાલ જવાને વિચાર્યું.
આવ્યા વરતાલમાં વૃષનંદ, પામ્યા સત્સંગી સર્વ આનંદ.
નારાયણગરના મઠમાંય, જઈને ઉતર્યા જીવન ત્યાંય;
ધન્ય નારાયણગર બાવો, જેણે લીધો અલૌકિક લાવો.
ધન્ય ધન્ય તેનો મઠ એહ, થયો તીર્થભૂમિ સમ તેહ.

મુલાકાત સમયઃ સં. ૧૮૭૩ ઈ.સ. ૧૮૧૬

(૧૯) એકવખત ફૂલદોલનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા, એની તૈયારી કરવા નિષ્કુળાનંદ સ્વામીને આગળથી મોકલ્યા હતા. બાર બારણાંનો હિંડોળો આ ઉત્સવે પૂરો બની રહ્યો. જોબન પગીની મેડીએ શ્રીહરિ ઉતર્યા હતાં. (કળશ : ૭, વિશ્રામ-૬૭)

વા'લો ત્યાંથી આવ્યા વરતાલ, થયા નિરખીને ભક્ત નિહાલ;
પગી જોબનની મેડીમાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય.

ઉત્સવ કરી મૂળજીભાઈ પટેલના કૂવે શ્રીહરિ સ્નાન કરવા ગયેલાં :

કૂપ મૂળજી પટેલ કેરો, વાલે જઈને વખાણ્યો ઘણેરો;
નાયા થાળામાં શ્યામ શરીર, નાંખ્યું હરિજને કૂપમાં નીર.

આ પ્રસંગે શિનોરના પાટીદાર કેશવદાસ અને રાજબાઈના બે પુત્રો ગિરધર અને વણારશીને ભાગવતી દીક્ષા આપી શ્રીહરિએ ગિરધરનું નામ ઈશ્વરાનંદ પાડ્યું અને વણારશીનું નામ શ્રીનિવાસાનંદ રાખ્યું.

(૨૦) ગઢડામાં હરિનવમીનો ઉત્સવ કરી, જેતલપુર - મહેમદાવાદ - ડભાણ થઈ ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વાસણ સુતારના ઘરે ઉતર્યા. પાંચ દિવસ રહી પાળજ તરફ પધાર્યા. (કળશ : ૭, વિશ્રામ-૬૮)

પધાર્યા પ્રભુ ત્યાંથી ડભાણ, ત્યાંથી વરતાલ શ્યામ સુજાણ; વાલો વાસણ સુતાર ઘેર, ઉતર્યા આવીને રુડી પેર.
મળી સૌ વરતાલના વાસી, સ્નેહે સેવિયા શ્રી અવિનાશી. પાંચ દિવસ કરી વિશ્રામ, ગયા સુણાવે શ્રીઘનશ્યામ.

સમય : સં. ૧૮૭૩, ઈ.સ. ૧૮૧૭

(૨૧) દીપાવલી ઉત્સવ ઉજવવા ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા. દેવદિવાળી સુધીના તહેવારો ઉજવ્યા. (કળશ : ૭, વિશ્રામ-૬૮)

આવ્યા વરતાલ શ્રીમહારાજ, દાસને દેવા દર્શન કાજ; ધનતેરશ ચૌદશ કાળી, શોભી ઉત્સવે સરસ દિવાળી...૨૭
અન્નકૂટનો ઉત્સવ કીધો, દાસને બહુ આનંદ દીધો; કાર્તિકી ત્યાં એકાદશી આવી, સમૈયો કરી સારી શોભાવી...૨૮
સમય : સં. ૧૮૭૩, ઈ.સ. ૧૮૧૭

(૨૨) એકવખત ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. અમદાવાદ આવેલા એક વેદાંતાચાર્યને શાસ્ત્રાર્થ કરવા વડતાલ બોલાવ્યા. વેદાંતાચાર્યનો ઉતારો નારાયણગિરિ બાવાજીના મઠમાં રાખેલો. વેદાંતાચાર્ય શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપી ન શક્યા. તોપણ ભગવાન શ્રીહરિએ વડતાલ ગામના બાપુભાઈ દ્વારા વેદાંતાચાર્યને બસ્સો રૂપિયા ભેટ અપાવ્યા. (કળશ : ૭, વિશ્રામ-૬૯)

શ્રીજીના પ્રશ્નનું સમાધાન, વેદાંતાચાર્યે ન થયું નિદાન; પ્રભુના કહ્યાથી નિત્યાનંદે, આપ્યા ઉત્તર સર્વ આનંદે...૪૧
વેદાંતાચાર્ય તો પગે લાગ્યો, એના મનનો બધો મદ ભાગ્યો; શ્રીજીએ તેનું કરી સનમાન, બસેં રૂપૈયાનું દીધું દાન...૪૨
સમય : સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૮

(૨૩) આણંદમાં એક સમે ભગવાન શ્રીહરિને ગામલોકોનો ઉપદ્રવ સહન કરવો પડ્યો. સામરખાથી આણંદ થઈ શ્રીહરિ સંતો ભક્તો સાથે વડતાલ પધાર્યા.વડતાલમાં જ્ઞાનબાગ આમલા પાસે શ્રીહરિએ સભા કરી, ક્ષમાનું મહત્વ સૌને સમજાવ્યું હતું. (કળશ : ૭, વિશ્રામ-૭૦)

અતિ કરશે ઉપદ્રવ એહ, એમાં લેશ ન જાણો સંદેહ; માટે આંહીંથી દર્શન કરો, પાછા ઘેર તમે પરવરો...૦૭
માટે આજ કહું છું હું તમને, નિરમાનપણું ગમે અમને; કોઈ વાંક વગર અપમાન, કરે તોય તે ધરશો ન કાન...૧૫
ક્ષમા ખડગ વડે એહ વાર, હરવો છે ભૂમી તણો ભાર; માટે જો દુઃખ આપે અજાણ, તોય ઈચ્છજો એનું કલ્યાણ...૧૭
ક્ષમા રાખશો અંતરે ધારી, થશે ત્યાં સુધી જીત તમારી; લડશો અભિમાનથી જ્યારે, હાર્ય પામશો નિશ્ચય ત્યારે...૧૮
એવી વાત ઘણી ઘણી કરી, પછી ઉતારે જૈ પોઢ્યા હરી; પરભાતે ઉઠી પરવરિયા, રસ્તે આણંદ કેરે સંચરિયા...૧૯
કોઈ ધૂળ કે ઈંટાળા નાંખે, ભૂંડી ગાળો કોઈ મુખે ભાખે; મારો મારો મુખેથી ઉચ્ચારે, કોઈ વચમાં પડીને ન વારે...૩૩
સાંખી ગાળો ને સાંખ્યા ટુંકારા, જડભરત થકી શોભે સારા; એની ધીરજ જોવાને કાજે, એવો જોગ મેળ્યો મહારાજે...૩૫
જ્ઞાનબાગમાં આમલા પાસ, સજી બેઠા સભા અવિનાશ; કહે શ્રીહરિ આપણે ફાવ્યા, કેવા જીતીને ત્યાં થકી આવ્યા...૫૭
સમય : સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૮

(૨૪) એકવખત ભગવાન શ્રીહરિ ડભાણથી વડતાલ પધાર્યા. ગામજનોએ, ગઢપુરની જેમ, દર્શન અર્થે દેવનું મંદિર બનાવવા પ્રાર્થના કરી. બદરી વૃક્ષ પાસે એક ઓરડો કરી તેમાં નર નારાયણદેવની મૂર્તિઓ પધરાવી. (કળશ : ૭, વિશ્રામ-૭૫)

ત્યાંથી વાલો આવ્યા વરતાલ, થયા હરિજન નિરખી નિહાલ; કહ્યું સૌએ કરીને પ્રણામ, અમે આપી છે જગ્યા આ ઠામ...૦૭
તેમાં દેવનું સ્થાન કરાવો, આપની મુરતી પધરાવો; આપ ફરવા પધારો છો જ્યારે, કરિયે તેનાં દર્શન ત્યારે...૦૮
ગઢપુરમાં વાસુદેવ રૂપ, પધરાવ્યું છે આપે અનૂપ; આપ ફરવા પધારો છો જ્યારે, કરે દર્શન તેહનાં ત્યારે...૦૯
આપો એવો જ અમને આધાર, કરી દર્શન લૈયે આહાર; હવેલી કરો આપને કાજે, ધર્મશાળામાં સંત બિરાજે...૧૦
સમય : સં. ૧૮૭૫, ઈ.સ. ૧૮૧૯

(૨૫) એકવખત ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વાસણ સુતારને ઘેર ઉતર્યા. રામદાસજી સ્વામીએ નારાયણ મો'લના થતા કામને બતાવ્યું, જે જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. થોડા દિવસ રહી ગઢડા તરફ વિચર્યા. (કળશ : ૭, વિશ્રામ-૮૩)

બીજે દિન વિચર્યા વૃષલાલ, વાલો આવિયા શ્રીવરતાલ; જઈ વાસણ સુતાર ઘેર, ઉતર્યા પ્રભુજી શુભ પેર...૦૪
ગયા નરનારાયણ સ્થાન, ધરી ભેટ નમ્યા ભગવાન; રામદાસજી આદિક સંત, ભાવે તેને ભેટ્યા ભગવંત...૦૫

રામદાસજીનો ગ્રહી હસ્ત, જોઈ જગ્યા ફરીને સમસ્ત; વાલે જગ્યા જોઈને વખાણી, કહ્યું જુક્તિ ભલી તમે આણી...૦૬
થતો હતો નારાયણમોલ, તેને જોઈ બોલ્યા હરિ બોલ; જોવા જોગ જગ્યા થશે સારી, ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી...૦૭

(૨૬) એકવખત અખાત્રીજના પર્વે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. નારાયણ મહોલમાં ઉતારો કર્યો. આજે જ્યાં સભા મંડપ છે ત્યાં એક ખેતર હતું. વડોદરાના સંઘને ત્યાં ઉતારો આપેલ. એક દિવસ ધારુ તળાવે શ્રીહરિએ સભા કરી. ત્યાંથી પરત ફરતાં નારાયણ બાગ છે તે સ્થળે શ્રીહરિ ચાલ્યા. એ જગ્યા જોઈ શ્રીહરિ બોલ્યા, અહીં બાગ થાય તો બહુ શોભે; તે સમયે હાજર તે સ્થળના ખેડુત વડતાલના પટેલે તુરંત તે જમીન શ્રીહરિને અર્પણ કરી દીધી. (કળશ : ૭, વિશ્રામ-૮૩)

શ્રીહરિએ પાર્ષદ નથુભાઈ તથા હરિભાઈને તે સ્થળે બાગ બનાવવા આજ્ઞા આપી.

સભામાંહિથી જ્યારે સિધાવ્યા, નારાયણબાગ છે તહાં આવ્યા; તહાં ખેતર સુંદર જોઈ, બોલ્યા શ્રીહરિ હર્ષીત હોઈ...૫૭
આંહીં નરનારાયણ કાજે, બાગ થાય તો તે બહુ છાજે; એવી વાણી કહી અલબેલે, સુણી વરતાલવાસી પટેલે...૫૮
હેતે બોલ્યા તે જોડીને હાથ, સત્યસંકલ્પ છો તમે નાથ; સંઘ ઉતરે છે આંહિ આવી, પૂજે છે આપને પધરાવી...૫૯
માટે રમણભૂમિ રુડિ એહ, અમે આપને અર્પિયે તેહ; લેખ સૌએ મળી કરિ દીધો, કૃપાનાથને અર્પણ કીધો...૬૦

(૨૭) એકવખત પ્રબોધિની એકાદશીએ ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. આ પ્રસંગે સૌ હરિભક્તોને પ્રબોધિની કાર્તિકી અને ચૈત્ર સમૈયામાં વણનોતર્યા પધારવાનું નિમંત્રણ આપ્યું. (કળશ : ૭, વિશ્રામ-૮૩)

વળી બોલિયા શ્રીમહારાજ, તમે સાંભળો સર્વ સમાજ; સમૈયો આંહિ કરિયે જે વારે, તમને લખિયે છૈયે ત્યારે...૭૬
હરિનવમી પ્રબોધિની જેહ, હવેથી તો સમૈયા બે તેહ; નક્કી કરશું જ વરતાલ માંહી, માટે આવજો સૌ તમે આંહીં...૭૭
કદી કોઈના આગ્રહ વડે, જો અમારે બીજે જાવું પડે; તોય આવવું આંહિ તમારે, બીજે તીર્થ જવું નહિ ત્યારે...૭૮
એમ આજ્ઞા કરી અવિનાશી, પોઢ્યા ઉતારે જૈ સુખરાશી; બીજે દિન ભાત ભાત ભોજન, જમ્યા નાથ જમ્યા મુનિજન...૭૯

(૨૮) એકવખત ચૈત્રમાં વડતાલે જવા ભગવાન શ્રીહરિ ગઢડાથી નીકળ્યા. જેતલપુર - મહેમદાવાદ થઈ વડતાલ પહોંચ્યા. (કળશ : ૮, વિશ્રામ ૩ થી ૯)

ત્યાંથી વાલો આવ્યા વરતાલ, ધર્મરક્ષક ધર્મનો લાલ; ઉતર્યા હરિમંડપમાંય, બીજા સર્વે ઘટે જેમ જ્યાંય...૪૬ (વિશ્રામ-૪)
આવ્યો સમૈયો નવમીનો, આવ્યા એ સમે સંઘ અપાર; આનંદથી ઉત્સવ કર્યો, વરત્યો તે જયજયકાર...૦૧ (વિશ્રામ-૫)

ચૈત્રી સમૈયામાં ભાગ લેવા ગામેગામથી સંઘ આવ્યા. વાંદરાએ માળા ફેરવી તે ઘટના આ સમૈયામાં બની હતી. સમૈયો પત્યા પછી વડતાલ ગામના હરિભક્તો શ્રીહરિના દર્શને ગયા અને પ્રાર્થના કરી:

વિત્યો સમૈયો જે સમે, સહુ સંઘ ગયા નિજગામ; ભક્ત મળી વરતાલના, કહે પ્રભુને કરિને પ્રણામ...૦૧
હે પ્રભુ આપે કહ્યું હતું, વદું મંદિર થશે વરતાલ; આવશું ચૈતર માસમાં, કરાવશું આદર તે કાળ...૦૨
કરો આદર કરુણાનિધી, પાળો વચન વિશ્વાધાર; શ્યામે તે વિનતી સાંભળી, કર્યો મંદિર કરવા વિચાર...૦૩ (વિશ્રામ-૬)

વડતાલ ગામના કુબેરજીભાઈ પટેલે ભગવાન શ્રીહરિના કહેવાથી ખાતમુહૂર્ત માટે જરુરી સામાન મંગાવી દીધો. સં. ૧૮૭૮ના ચૈત્ર માસમાં શ્રીહરિએ શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરની ખાતમુહૂર્તવિધિ કરી. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃત'ના કળશ : ૮ વિશ્રામ ૬-૭-૮માં આ ખાતમુહૂર્ત પ્રસંગનું વિગતે વર્ણન આપ્યું છે.

સમય : સં. ૧૮૭૮, ઈ. સ. ૧૮૨૨

(૨૯) એકવખત ગઢડામાં મકરસંક્રાતિ ઉજવી ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. મંદિર નિર્માણનું કાર્ય જોઈ શ્રીહરિ રાજી થયા. વસંતપંચમીનો ઉત્સવ ઉજવ્યો. બામરોલી અને મહુડીયાપરે પણ પધાર્યા. પછી ગઢડા પધાર્યા. (કળશ : ૮, વિશ્રામ-૯)

સંતમંડળ સાથે લઈ, પછી વિચરિયા વૃષલાલ; ફરતાં ફરતાં આવિયા, થોડા વાસરમાં વરતાલ...૧૯
ત્યાં તો તૈયાર થયો હતો, મોટા મંદિરનો પરથાર; જોઈ હૃદય રાજી થયા, ધર્મરક્ષક ધર્મકુમાર...૨૦

ચાલતું હતું ત્યાં કારખાનું, મોટું મંદિર તે કરવાનું; સંત હરિજન પાળા અપાર, કરતા હતા કામ તે ઠાર...૨૧
કોઈ માથે ઈંટો લેઈ આવે, કોઈ તો તગારાં ભરી લાવે; એક એક સાથ કરે હોડ, દેવા વસ્તુ કરે દોડાદોડ...૨૩
કોઈ ઠેકાણે ચૂનો પિલાય, કોઈ ઠામ ઈંટો ખડકાય; હેડો ગાડાં તણી ઘણી આવે, માટી ચૂનો ઈંટો ભરી લાવે...૨૪
એવું ચાલતું દેખીને કાજ, રુદે રાજી થયા મહારાજ; અક્ષરાનંદને એહ ઠાર, આપ્યો ઉરથી પ્રસાદીનો હાર...૨૮
માવો બોલિયા વાણી મધુરી, ઈંટો પાયામાં કેટલી પુરી; અક્ષરાનંદ ત્યાં એમ ભાખે, પૂરી પાયામાં તો નવ લાખે...૨૯
ઉંડો પાયો નખાવ્યો છે એવો, મેરુ ડગતાં ડગે નહિ તેવો; સુણી શ્રીજીએ આપી સાબાશી, ઉતર્યા મોલમાં અવિનાશી...૩૦

સમય : સં. ૧૮૭૮, ઈ.સ. ૧૮૨૪

(૩૦) એકવખત ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં ચાતુર્માસ કર્યો. ત્યાં પ્રબોધિની એકાદશી પણ ઉજવી. એ સમૈયામાં દર્શન કરવા વડતાલથી જોબન પગી, કુબેરજી નારાયણગર બાવાજી વગેરે આવ્યા હતા. આ સૌ સાથે અક્ષરાનંદ સ્વામીએ એક પત્ર લખી મોકલ્યો હતો. ફૂલદોલોત્સવનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. નારાયણ મહોલમાં ઉતર્યા. દેશદેશના સંઘની ઉપસ્થિતિમાં શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ ઉજવ્યો. મંદિરનું કાર્ય ચાલતું હતું તેમાં શ્રીહરિ સ્વયં ઈંટવાડે જઈને પોતાના મસ્તકે ઈંટ મૂકી લાવતા હતા. ત્યારબાદ હરિનોમનો સમૈયો કરી શ્રીહરિ ગઢડા પધાર્યા. (કળશ : ૮, વિશ્રામ-૧૧)

આવ્યા વરતાલમાં અવિનાશ, નારાયણમોજાલમાં કર્યો વાસ; ભક્ત વાસણ કેરે સદન, ઉતર્યા ધર્મવંશના જન...૦૮
હતા સંદેશા સૌને કહાવ્યા, દેશદેશ થકી સંઘ આવ્યા; રંગખેલનો સામાન જેહ, કર્યો વરતાલના જને તેહ...૦૯
જ્ઞાનબાગમાં આમલા પાસ, પછિ આવિયા શ્રીઅવિનાશ; હરિકુંડ પાસે ઉભા નાથ, સંતકુંડ પાસે સંત સાથ...૧૧
સખા પાર્ષદ જે હતા સંગે, પ્રભુ પાસે રહ્યા તે ઉમંગે; પીચકારિયો હાથમાં લીધી, રંગ ખેલવા તૈયારી કીધી...૧૨
પછી શ્રીહરિ ને હરિસંગી, મંડ્યા રંગ ઉડાવા ઉમંગી; અન્યોઅન્ય ઉડાડે ગુલાલ, થયાં અવનિ ને આકાશ લાલ...૧૫
ચલાવ્યું કામ મંદિર તણું, પાસે રહિને પ્રભુજીયે ઘણું; ઈંટવાડે જઈ સહુ સાથે, માવો લેતા ઈંટો નિજ માથે...૩૬
પ્રભુને તે ગમ્યું મન માંહી, હરિનવમી કરી ભલિ આંહીં; સમૈયો કરીને ઘનશ્યામ, ગયા ગિરધર ગઢપુર ધામ...૫૦

(૩૧) અક્ષરાનંદ સ્વામીએ જૂસાજી પગી સાથે એક પત્ર ગઢડા મોકલાવી ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી કે, સારું મુહૂર્ત જોવડાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પધારો. શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલના શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા અંગેની તૈયારીઓ અને શ્રીહરિનું એક ભવ્ય રસાલા સાથે વડતાલ પધારવું વગેરે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે. (કળશ : ૮, વિશ્રામ ૧૩ થી ૩૧)

લક્ષ્મીજિ નારાયણ બેય રૂપ, તે મધ્યના મંદિરમાં અનૂપ; ત્યાંથી બિજો દક્ષિણ ખંડ જ્યાંય, બેસારિ સારી ત્રણ મૂર્તિ ત્યાંય.
રાધાજિ વૃંદાવનના વિહારી, તથા સ્વમૂર્તિ હરિકૃષ્ણધારી; તહાં ત્રિજા ઉત્તર ખંડમાંય, બેસારિ રૂડી ત્રણ મૂર્તિ ત્યાંય.
શ્રીભક્તિ ધર્માત્મજ વાસુદેવ, તે મૂર્તિયો ત્યાં ધરિ તર્ત ખેવ; શ્રીજી તણું બાળ સ્વરૂપ તેહ, તે મર્મ જાણે જન જાણ જેહ.
કરિ હરિ વરતાલમાં પ્રતિષ્ઠા, પરમ કથા જનપાવની વરિષ્ઠા; મન ધરિ સુણશે તથા કહેશે, ઈહ પરલોક સદા સુખી રહેશે.

સમય : સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૪

(૩૨) વડતાલમાં દ્વારિકેશ અને ગોમતીજીની પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા. (કળશ : ૮, વિશ્રામ-૪૩-૪૪-૪૫)

લાધા ઠક્કરને ત્યાં બોલાવી, કંકોતરીયો કૃપાળે લખાવી; એમાં એવું લખાવ્યું વિશેષ, ગોમતીજી સુધ્ધાં દ્વારિકેશ...૧૮
ફૂલડોળ ઉપર તતકાળ, આવશે વસવા વરતાલ; માટે તે સમે ત્યાગી ગૃહસ્થ, તહાં આવજો ભક્ત સમસ્ત...૧૯
(વિશ્રામ-૪૩)

એકાદશીએ સંધ્યા સમયે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલના હરિભક્તોએ ઉમંગથી સામૈયું કર્યું. ફૂલદોલના દિવસે ગોમતીજીમાં બાણગંગા પ્રગટ થયાં. આ નિમિત્તે વડતાલવાસીઓએ રસોઈ આપી. થોડા દિવસ વડતાલમાં રહી, શ્રીહરિ ગઢડા પધાર્યા.

શ્રીલક્ષ્મિનારાયણ દેવ જે છે, શ્રીદ્વારિકાધીશ સ્વરૂપ તે છે; શ્રીગોમતીજી પણ દિવ્ય વેશે, છે આવિયાં તે અહિં જન્મ લેશે...૨૦
શ્રીદ્વારિકાધીશ પ્રસન્ન થૈને, આવ્યા અહીં સર્વ સમાજ લૈને; સદા અહીં તે કરશે નિવાસ, પ્રતાપ પૂરો કરશે પ્રકાશ...૧૭
જ્યાં વાવ્ય આકાર ખણેલ સારો, ઉભા તહાં જૈ વૃષનો દુલારો; છે ખોદતા ત્યાં વળિ કૈક પાળા, કોદાળિ આદી લઈ પ્રેમવાળા...૩૪
તેમાં હતા પાર્ષદ ભીમભાઈ, તેને કહે શ્રીહરિ સૂખદાઈ; તમે ખણો આ સ્થળ એક વાર, થશે તહાંથી જળ કેરિ ધાર...૩૫
આજ્ઞા પ્રમાણે કર્યું એમ જ્યારે, જોરેથિ છૂટી જળધાર ત્યારે; જાણે તહાંથી થઈ બાણગંગા, પ્રભુપ્રસન્નાર્થ પવિત્ર અંગા...૩૬
દેખાઈ ત્યાં ગોમતિ મૂર્તિમાન, અત્યંત તે તેજ તણું નિધાન; ગોપાળજી ને વળિ નંદરામ, મળી કર્યું પૂજન તેહ ઠામ...૩૭
વિપ્રે કહી વેદવિધિ પ્રમાણે, તહાં કર્યું સ્થાપન તેહ ટાણે; તે દેવિએ ત્યાં હરિકૃષ્ણ કેરી, ઉચ્ચારિ એ ઠામ સ્તુતી ઘણેરી...૩૮
(વિશ્રામ-૪૪)

(૩૩) ગઢપુરમાં દીપાવલી ઉત્સવ ઉજવી, ભગવાન શ્રીહરિએ પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરવા વિચાર કર્યો. સૌનો અભિપ્રાય લેવા ને પ્રબોધિની એકાદશી ઉજવવા શ્રીહરિ વડતાલ પધાર્યા. કાર્તિક માસની ત્રીજે સવારે નીકળી આઠમે મહારાજ વડતાલ પધાર્યા. પોતાના બે ભાઈઓના બે પુત્રો શ્રીરઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજીને દત્તક લઈ સં. ૧૮૮૨ કાર્તિક સુદ એકાદશીને દિવસે બે દેશ વિભાગના આચાર્ય પદે સ્થાપ્યા. (કળશ : ૮, વિશ્રામ-૪૬)

ઉભા પશ્ચિમાભિમુખ નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ; તહાં બેસાર્યા શ્રીરઘુવીર, જાણિ ધર્મધુરંધર ધીર...૪૩
પાસે ઉત્તરમાં બિજિ પાટ, માંડેલી બિજા પુત્રને માટ; ત્યાં અયોધ્યાપ્રસાદ બેસાર્યા, મહા ધર્મધુરંધર ધાર્યા...૪૪
સહજ તનુજ દત્તપુત્ર લીધા, પ્રભુ નિજ ગાદિ તણા અધીશ કીધા;
ચરિત પુનિત કૃષ્ણ કેરું સારું, સ્મરણ કર્યાથિ સુસૌખ્ય આપનારું...૭૬

(૩૪) વડોદરાના મહારાજ સયાજીરાવ ગાયકવાડ બીજાના નિમત્રંણથી ભગવાન શ્રીહરિ સંતો ભક્તો સાથે વડોદરા ત્રણ દિવસ પધાર્યા. વડોદરાથી પરત આવી ભગવાન શ્રીહરિએ વડતાલ ખાતે સં. ૧૮૮૨ના મહા સુદ ૫ વસંતપંચમીના દિવસે શિક્ષાપત્રીની રચના કરી. (કળશ : ૮, વિશ્રામ-૪૮)

ઘણા જીવના કલ્યાણ કાજે, વિચાર્યું મનમાં મહારાજે; શિક્ષાપત્રી રચું એક સારી, સર્વ શાસ્ત્રનો સાર ઉદ્ધારી...૫૧
જેમ પાર પમાડવા હેતુ, રચે સાગર ઉપર સેતુ; શીક્ષાપત્રિ પ્રમાણે જો ચાલે, ભવપાર પામે કળિ કાળે...૫૨
એવું અંતર માંહિ વિચારી, લખવા માંડી પત્રિ મુરારી; કૃપાનાથે કૃપા કરી ત્યાંય, કર્યો આરંભ કાર્તિકમાંય...૫૩
નારાયણમોલ માંહિ પ્રભાતે, લખે પત્રિ પ્રભુ ભલિ ભાતે; સાલ બ્યાશીયાની હતી જ્યારે, આવી વસંતપંચમી ત્યારે...૫૪
થઈ તે દિન પત્રી તે પૂરી, એમાં કાંઈ રહી ન અધુરી; લખ્યા ચારે વરણ તણા ધર્મ, લખ્યો ત્યાગી ગૃહસ્થનો મર્મ...૫૫
ધર્મ ભક્તિ ને જ્ઞાન વૈરાગ, લખ્યો તેહના ભેદનો ભાગ; લખ્યા આચાર્યના ધર્મ તેહ, લખ્યું આ રીતે વર્તે ન જેહ...૫૬
સતસંગથી તે છે વિમુખ, નરકે જઈ પામશે દુઃખ; બિરાજી હરિમંડપ માંય, શિક્ષાપત્રિ શોધી પછિ ત્યાંય...૫૭

(૩૫) મછિયાવમાં ફૂલદોલ ઉત્સવ કરી, વિચરણ કરતા થકા ભગવાન શ્રીહરિ ગઢડા પધાર્યા. ધોલેરા મંદિર તૈયાર થતાં શ્રીમદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા કરી. ગઢડા ચાતુર્માસ કરી, પ્રબોધિની એકાદશી કરવા શ્રીહરિ વડતાલ પધાર્યા. એકાદશીના સમૈયા પર ગુડેલના જીભાઈએ શ્રીહરિને એક ઘોડી અર્પણ કરી. (કળશ : ૮, વિશ્રામ-૫૧)

સુખે કીધું પછીથિ શયન, પ્રભાતે ચાલ્યા પ્રાણજીવન; વરતાલ આવ્યા વૃષનંદ, ગયા સામા મળિ જનવૃંદ...૨૬
વાજતે ગાજતે પધરાવ્યા, મહારાજ મંદિર માંહિ આવ્યા; તહાં દેવનાં દર્શન કરી, હરિમંડપે ઉતર્યા હરી...૨૭
બીજા જેને ઘટે વળિ જેવા, ઉતારા સૌને આપિયા એવા; પછિ આવિ પ્રબોધિની જ્યારે, આવ્યા સંઘ ઘણા ઘણા ત્યારે...૨૮
સમૈયો થયો તે બહુ સારો, આવ્યા હરિજન સંત હજારો; રાતે રાસમંડળ તણિ રીતે, ગાયાં સંતોએ કીર્તન પ્રીતે...૨૯
ગામ ગુડેલવાસિ જિભાઈ, ભલિ ઘોડી લાવ્યા હરખાઈ; સાજ શોભિત ઊપર ધરી, ઘોડી શ્રીહરિને ભેટ કરી...૩૭

(૩૬) હરિનવમી પછી ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા. વડતાલથી ધર્મકુળના છ સભ્યોને દેશમાં વિદાય કર્યા. શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર નિર્માણ કાર્યમાં સહભાગી બની શ્રીહરિએ ભક્તિનો મર્મ સમજાવ્યો. નારાયણ મહોલમાં ઊભા રહી, હુતાશની ઉજવી. થોડા દિવસ પછી શ્રીહરિ ગઢપુર પધાર્યા. (કળશ : ૮, વિશ્રામ-૫૨-૫૩)

વાસ વસી વરતાલમાં, સુખદાયક શ્રીઘનશ્યામ; અધુરું જે મંદિર તણું, તેહ પૂરું કરાવે કામ...૦૧
ભક્તિ કરવાનિ ભક્તને રીત, પોતે શીખવે ધારિને પ્રીત; પોતે ભક્તિ કરીને બતાવે, જોઈ સંતને ઉમંગ આવે...૦૨
કડિયા કરતા હતા કામ, તેણે ચૂનો માગ્યો તેહ ઠામ; કોઈ દીઠું નહીં આપનારું, ત્યારે શ્રીજિએ આપ્યું તગારું...૦૩
એમ ગોમતિ કૃષ્ણે ગળાવી, એવામાં તો હુતાશનિ આવી; નારાયણમોલમાં ઉભા રહી, રંગ ઉડાડ્યો શ્રીજિએ તહીં...૩૧
હરિનૌમી તણો દિન આવ્યો, સમૈયો ત્યારે સારો ભરાવ્યો; દેશો દેશથિ આવિયા દાસ, થઈ દર્શનથી પૂર્ણ આશ...૩૩
ધન્ય ધન્ય જે વરતાલવાસી, પ્રેમે પૂજ્યા પ્રભૂ અવિનાશી; લાવ લીધો ઘણો વાર વાર, એના પૂણ્ય તણો નહિ પાર...૩૭

(૩૭) કરમડનો અન્નકૂટ કરી, અમદાવાદ- જેતલપુર - ડભાણ થઈ ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. ને હરિમંડપમાં ઉતર્યા. આ સમયે અયોધ્યાવાસીઓ સપરિવાર વડતાલ પધાર્યા. (કળશ : ૮, વિશ્રામ-૫૫)

પ્રભુ ચાલિયા પ્રાતસકાળે, વાલો વેગે આવ્યા વરતાલે; રમાનાથનાં દર્શન કરી, હરિમંડપે ઊતર્યા હરી...૪૦
સૌને આનંદ થાય અપાર, એમ વીત્યા દિવસ ત્રણ ચાર; અયોધ્યાવાસિ એ સમે આવ્યા, પરિવાર સાથે તેડિ લાવ્યા...૪૨
શોભે અક્ષરધામ તે જેવું, ભાસે વરતાલ તે સમે તેવું; લૈને વૃષકુળ સંત સમાજ, ગયા મેળાવ શ્રીમહારાજ...૫૪

(૩૮) એકવખત રામનવમી-હરિનવમીનો ચૈત્રી સમૈયો કરવા ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા.

(કળશ : ૮, વિશ્રામ-૫૭)

પછિ વાલમ વરતાલ આવ્યા, સામૈયું કરિ સત્સંગિ લાવ્યા; થોડા દિવસ રહ્યા હરિ જ્યારે, આવ્યો દિન હરિનવમી ત્યારે...૨૭
આવ્યા હરિજન સંઘ હજારો, સમૈયો થયો તે બહુ સારો; ચાલે સંતને નિત્ય રસોઈ, હરખે મુખ હરિજન જોઈ...૨૮

(૩૯) ગઢડામાં મંદિર નિર્માણ કામ પૂરજોશમાં ચાલતું હતું. નારણજીભાઈ સુતાર ભગવાન શ્રીહરિને સન્મુખ બેસાડી ગોપીનાથજીની મૂર્તિ ઘડતા હતા. એ દરમ્યાન શ્રીહરિ વડતાલ પધાર્યા. (કળશઃ૮,વિશ્રામ-૬૧)

ચૈત્રે પ્રભૂજી વરતાલ ચાલ્યા, ત્યારે સુતારે પ્રભુ પાવ ઝાલ્યા; કહ્યું તમારા વિણ કેમ થાશે, પ્રત્યંગનો ભાવ નહીં લવાશે...૧૭
દેવાધિદેવે વરદાન દીધું, તે શિલ્પિએ સાંભળિ સર્વ લીધું; જોવાનિ ઇચ્છા ઉર માંહિ થાશે, ત્યાં મારિ મૂર્તિ તમને જણાશે...૧૮
એવું કહી શ્રીજિ ગયા વૃતાલે, તથાપિ નારાયણજી નિહાળે; તે જોઇ જોઈ મુરતી બનાવે, તેમાં લગારે નહિ ફેર આવે...૧૯
વાલોજિ આવ્યા વરતાલ જૈને, પુછી બધી વાત પ્રસન્ન થૈને; બોલ્યા જ નારાયણ તેહ ત્યાંહી, હું દેખતો આપનિ મૂર્તિ આંહીં...૨૦

(૪૦) એકવખત ફાગણ સુદ બારશે પારણાં કરી ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ જવા નીકળ્યા અને પૂનમે વડતાલ પધાર્યા. બીજે દિવસે ફૂલદોલોત્સવ ઉજવ્યો. દીનાનાથ ભટ્ટને પુરસ્કૃત કર્યા પણ વતને પાછા ફરતાં ચોરલોકોએ તેમને લૂંટી લીધા.

(કળશ : ૯, વિશ્રામ-૧)

પ્રભાતે પ્રભુજી પરવરિયા, અણિંદ્રેથિ પલાણે સંચરિયા; દેતા દર્શન શ્રીવૃષલાલ, વસો થૈને આવ્યા વરતાલ...૧૩
તિથિ તો હતી પૂરણમાસી, હરખ્યા જન વરતાલવાસી; ધામધુમથિ નાથ પધાર્યા, હરિમંડપ માંહિ ઉતાર્યા...૧૪
બિજે દિવસ દોલોત્સવ કિધો, લાવ સૌ સતસંગીએ લીધો; ભટ આવ્યા હતા દિનાનાથે, હરિએ આપ્યો શિરપાવ હાથે...૧૬
લૈને ઉતાવળા ઘેર ચાલ્યા, જાતાં વાટમાં તસ્કરે ઝાલ્યા; બોલ્યા કોળિ તેને બાઝતાં જ, અલ્યા ભ્રાંમણ આલ્યને ભાંજય...૧૭

સમય : સં. ૧૮૮૫, ઈ. સ. ૧૮૨૯

(૪૧) પ્રબોધિની એકાદશી ઉજવવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. (કળશ : ૯, વિશ્રામ-૪)

બીજે દિવસ આવ્યા વરતાલ, પુરુષોત્તમ જનપ્રતિપાળ; સંત હરિજન સામા સિધાવ્યા, રુડી રીતે પ્રભુ પધરાવ્યા...૧૬

સમૈયો તે પ્રબોધનિ કેરો, થયો તે સમે સરસ ઘણેરો; પાંચ દિવસ લગી પરમેશ, ધરે નિત્ય નવો નવો વેશ...૧૮

આ પ્રબોધિની સમૈયો ધામધૂમપૂર્વક ઉજવાયો. સમૈયામાં આવેલા સંતો-હરિભક્તોને ભગવાન શ્રીહરિએ કહ્યું :

બેસી પગથિયે મંદિર કેરે, બોલ્યા વચન તે મર્મ ઘણેરે; સત્સંગ વધ્યો બહુ ઠામ, ન જવાય હવે ગામોગામ...૩૪

અમને પૂછવું હોય જેહ, શિક્ષાપત્રીને પૂછજો તેહ; શિક્ષાપત્રી અમે રચી સારી, એ તો જાણવી મૂર્તિ અમારી...૩૫

વડોદરાના હરિભક્ત રાયજીભાઈએ રસોઈ આપી.નાંદુરસ્ત તબિયત હતી છતાં શ્રીહરિ સંતોને પીરસવા પધાર્યા. ત્રીજી વાર પીરસતાં બેસી પડ્યા. શ્રીહરિએ બિમારી ગ્રહણ કરી.

આ છેલ્લી વખત શ્રીહરિ વડતાલ પધાર્યા હતા. વડતાલથી ગઢડા પણ વેલમાં બેસીને ગયા.

વેજાલમાં બેઠા અંતરજામી, પગ ચાંપે નિત્યાનંદ સ્વામી; સતસંગિ વળાવાને આવ્યા, ભેટ કરવા ભાતું ભલું લાવ્યા...૫૮

માંદા જેવા દિસે મહારાજ, ઉદાસી થયો સર્વ સમાજ; રાવલી સુધિ સૌ ગયા સાથે, પછિ પાછા વળો કહ્યું નાથે...૫૯

હરિભક્ત થયા દિલગીર, આવ્યાં નેણમાં નેહનાં નીર; આપી ધીરજ વાળિયા શ્યામે, ગયા ગિરધર મેળાવ ગામે...૬૦

હરિવર વરતાલ છેલિ વાર, દરશન સૌ જનને દિધું ઉદાર; ચિત્ત ચિતવિ ચરિત્ર તે ઉચાર્યું, ચિતવન જોગ્ય જરૂર તેહ ધાર્યું...૬૧

સમય : સં. ૧૮૮૬, ઈ. સ. ૧૮૩૦

(૪૨) વડતાલમાં ભગવાન શ્રીહરિની આજ્ઞાથી શ્રીલક્ષ્મીનારાયણ દેવની બાજુમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શ્રીરણછોડજીની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરી. (કળશ:૯,વિશ્રામ-૧૩)

વેદમાં પ્રતિષ્ઠાનું વિધાન, કહ્યું છે તેમ કીધું નિદાન; નારાયણ તણે જમણે જ પાસે, સ્થાપ્યા રણછોડજીને હુલાસે...૪૪

આરતી પછી હેતે ઉતારી, શોભા તે સમે થૈ બહુ સારી; વાજાં વિવિધ પ્રકારનાં વાજે, નભમાં દેવદુંદુભિ ગાજે...૪૬

થાય જય જયકાર ઉચ્ચાર, થાય પુષ્પનિ વૃષ્ટિ અપાર; કરે ઉત્સવ સંત સમાજ, આવ્યા દિવ્યરૂપે સુરરાજ...૪૭

સમય : સં. ૧૮૮૬, ઈ. સ. ૧૮૩૦

(૪૩) ભગવાન શ્રીહરિના સ્વધામગમન બાદ સૌપ્રથમવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નેતૃત્વમાં શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની છાવણીનો મહોત્સવ થયો. વડતાલમાં ચાર મહિના સુધી થયેલ કથાવાર્તાના પડછંદા સમગ્ર સત્સંગમાં ગાજવા લાગ્યા. અને ત્યારથી જ સંપ્રદાયમાં સત્સંગ છાવણીની પરંપરા શરૂ થઈ. (કળશ : ૧૦, વિશ્રામ-૯-૧૦)

સંપ્રદાયની પુષ્ટિને કાજ, સંપ્રદાય શોભાવાને આજ; મને ગાદિ સોંપી મહારાજે, કર્યું મેં મુજને જેમ છાજે...૧૭

હવે તો એક ઈચ્છા છે ઘણી, કથા સત્સંગિજીવન તણી; કરાવું આંહી ચાતુર માસ, સુણે સૌ સંત ને હરિદાસ...૧૮

રઘુવીર ગુરુ જ્ઞાનયજ્ઞ કીધો, જશ જગ માંહિ અખંડ એહ લીધો;

સ્મૃતિ મુજ મનમાં સદા રહેજો, દરશન શ્રીહરિ તે સમેત દેજો...૯૦

સમય : સં. ૧૯૧૨, ઈ. સ. ૧૮૫૬

(૪૪) આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની પ્રેરણાથી માણેજના પટેલ મૂળજીભાઈએ વડતાલમાં શ્રીમદ્ સત્સંગિજીવનનું પૂરશ્ચરણ કર્યું. (કળશ : ૧૦, વિશ્રામ-૧૮)

મોટા સંતોને કીધા પ્રસન્ન, તેનિ સમજણ તો ધન્ય ધન્ય; પછિ કાંઇ જતાં વળિ કાળ, થયા આચાર્ય વિહારીલાલ...૧૧

ત્યારે મૂળજિભાઈએ આવી, કર જોડીને વિનતિ સુણાવી; શિક્ષાપત્રીમાં શ્રીમહારાજે, કહ્યું છે ધનવંતને કાજે...૧૨

જઈ તીરથમાં રુડિ રીતે, પુરશ્ચરણ કરાવવાં પ્રીતે; માટે આપ કહો મને જેહ, પુરશ્ચરણ કરાવું હું તેહ...૧૩

જેથિ શ્રીહરિ થાય પ્રસન્ન, નથી ઈચ્છા મારે મન અન્ય; સુણિ બોલિયા વિહારીલાલ, ધન્ય બુદ્ધિ તમારી વિશાળ...૧૪

ઇચ્છો છો પ્રભુ કરવા પ્રસન્ન, ત્યારે સાંભળો મારું વચન; શાસ્ત્ર સત્સંગિજીવન જેહ, સતસંગનું જીવન તેહ...૧૫

જેમાં પ્રગટ પ્રભૂનાં ચરિત્ર, કહ્યાં છે અતિ પરમ પવિત્ર; જેમ સર્વોપરી અવતાર, તેમ સર્વોપરી શાસ્ત્રસાર...૧૬

તે તો સત્સંગિજીવન જાણો, ઈષ્ટ આપણાનું તે પ્રમાણો; પુરશ્ચરણ તો તેનું કરાવો, વરુણે વિપ્ર વર્ણિ વરાવો...૧૭

તેડાવ્યા વરણી મતિમાન, વિપ્ર તેડાવિયા વિદવાન; મહાતીર્થ વૃત્તાલય વાસે, દેવ લક્ષ્મીનારાયણ પાસે...૨૧
ધર્મવાન ને વિદ્વાન ધાર્યા, કરવા પુરશ્ચરણ બેસાર્યા; સતસંગિજીવન તણા પાઠ, કરાવ્યા એકસો અને આઠ...૨૨

(૪૫) આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે વડતાલમાં વાસણ સુતારના ગૃહસ્થાનમાં મોટી હવેલી કરાવી તેમાં ભગવાન શ્રીહરિની પ્રસાદીની પાદુકા(કળશ : ૧૦, વિશ્રામ-૧૯)

ગામ વરતાલમાં જ્યારે જ્યારે, આવતા હતા શ્રીહરિ ત્યારે; ભક્ત વાસણ સુતાર ઘેર, પ્રભુ ઊતરતા શુભ પેર...૦૨
એક ઓરડિમાં વાસ કરી, દેતા દર્શન સર્વને હરિ; થઈ જગ્યા તે પરમ પવિત્ર, એનું માહાત્મ્ય તો છે વિચિત્ર...૦૩
પ્રભુને લાગિ જગ્યા તે પ્યારી, વાત એક દિન એવી ઉચ્ચારી; હવેલી એહ જગ્યાયે થાશે, એનું માહાત્મ્ય મોટું મનાશે...૦૪
રુડા વચનથી લાલ વિહારી, પંચ આગળ વાત ઉચ્ચારી; પ્રસાદિનું આ સ્થાન છે સારું, માટે ઇચ્છા કરે મન મારું...૧૧
આંહિ મોટી હવેલી કરાવું, પ્રતિમા ચિત્રની પધરાવું; દેશોદેશના આવશે જન, જાણિ મહિમા કરે દરશન...૧૨

●●●

ઉપરોક્ત ગ્રંથો ઉપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના અનેક ગ્રંથોમાં ભગવાન શ્રીહરિની વડતાલની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જેવા કે -

- સદ્‌ગુરુ શ્રી માધવદાસજી સ્વામી કૃત
૧. શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર, ૨. શ્રીહરિલીલામૃતસાગર અને ૩. શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર.
- સદ્‌ગુરુ શ્રી વાસુદેવચરણદાસજી સ્વામી કૃત : **હરિચરિત્રચિંતામણિ.**
- સદ્‌ગુરુ શ્રી અખંડાનંદ સ્વામી કૃત : **શ્રીહરિચરિત્રમ્.**
- સદ્‌ગુરુ શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી કૃત : **શ્રીહરિસંભવ-મહાકાવ્યમ્.**
- સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી કૃત : **શ્રીહરિલીલામૃતમ્**
- સદ્‌ગુરુ શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત : **શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત**
- સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામી કૃત : **શ્રીહરિલીલામૃત ગ્રંથ**
- સદ્‌ગુરુ શ્રી વૈષ્ણવાનંદ વર્ણી કૃત : **શ્રીહરિલીલાસિંધુ**

વડતાલ બન્યું ઉત્સવ સમૈયાનું તીર્થ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલિન વિધ-વિધ ઉત્સવો ઉજવાતા. જેમ કે - દિવાળી, અન્નકૂટ, જન્માષ્ટમી, રામનવમી, દશેરા, રંગોત્સવ, ફૂલદોલોત્સવ, વસંતોત્સવ, આમ્ર ઉત્સવ, પ્રબોધિની એકાદશી, તમામ વ્રત, વિવિધ જન્મોત્સવ, હનુમાન જયંતિ, ગણેશ જયંતિ, વગેરે... આ બધા ઉત્સવો વિવિધ સ્થળોએ ઉજવાતા. ભગવાન શ્રીહરિ આ ઉત્સવ ઉજવણીમાં ઉપસ્થિત રહેતા.પોતે સંતો અને અન્ય સત્સંગીઓને પણ નિમંત્રણ આપતા. આવા ઉત્સવોમાં ગુજરાત ભરમાંથી હરિભક્તો મોટી સંખ્યામાં પધારતા.

માગશર સુદી એકાદશી (મોક્ષદા એકાદશીના દિવસે વડતાલ ખાતે ભગવાન શ્રીહરિએ સમસ્ત સંપ્રદાય માટે આજ્ઞા કરી કે, 'પ્રબોધિની એકાદશી'' એટલે કાર્તિક સુદ એકાદશી (કાર્તિકી સમૈયા) અને 'રામનવમી-હરિનવમી' એટલે ચૈત્ર સુદ નવમી (ચૈત્રી સમૈયો) - આ બે ઉત્સવો પર, પ્રતિ વર્ષ, આશ્રિતોએ વણતેડાવ્યે વડતાલ આવવું અને ઉત્સવ-સમૈયા ઉજવવા.


સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'શ્રી ભક્તચિંતામણિ' ગ્રંથમાં વર્ણન કરતાં લખે છે :

સામેરી :

પછી પ્રભુજી બોલિયા, અમે કરી લીલા અનેક; હવે વર્ષોવર્ષમાં, ઉત્સવ કરશું એક. ૧
હોળી દિવાળી ને અષ્ટમી, રામનવમી ને શિવરાતરી; જયા વિજયા અકાદશી, પાપમોચની ને ધાતરી. ૨
એહ દિવસ ઉત્સવ કર્યો, ત્યાં તેડાવ્યા હરિજન; હવે અણતેડે આવજ્યો, પ્રબોધની એકાદશી દિન. ૩
કાર્તિક સુદિ એકાદશી, તેહનું પ્રબોધની નામ; તે દિ સતસંગી સંત સહુ, આવજ્યો વડતાલ ગામ. ૪

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૮)

સુંદર સમૈયો આવિયો, કાર્તિક સુદિ એકાદશી; આવ્યો દિન ઉત્સવનો, કહે સંતને હરિ હુલસી. ૨
અવશ્ય સમૈયો આપણે, કરવો તે વરષો વરષનો; સતસંગી ત્યાં સહુ મળે, લિયે લાભ દર્શ સ્પર્શનો. ૩



એમ કહીને કંકોતરી, મેલી લખીને મહારાજ; વરતાલ વહેલા આવજ્યો, સતસંગી સહુ મુનિરાજ. ૪

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૪)

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથમાં વડતાલમાં ભગવાન શ્રીહરિએ સમૈયા-ઉત્સવો કર્યા તેનું વર્ણન કરતાં લખે છે :

સારા ઉત્સવ કર્યા તે સાર, વડતાલે તે વારમવાર; જગે તારવા જીવને ઘણા, કર્યા સમૈયા ન રાખી મણા...૩૯
રામનવમી એકાદશી જેહ, કરી પ્રબોધિની વળી તેહ; સંત સતસંગી થાય પરસન, કરે હરિનાં નિત્યે દર્શન...૪૦
મળે સતસંગી ત્યાં અપાર, પહેરાવે પ્રભુને ફૂલહાર; કરી દર્શન દિવસ જાય, તેથી દુર્લભ શું કહેવાય...૪૧
વળી મનોહર જે મૂરતિયું, નીરખીને સુખ અતિ થિયું; જે નીરખે તે નેણાં ભરીને, તે ન આવે ભવમાં ફરીને...૪૨

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૧૧૩)

ભગવાન સ્વામિનારાયણે સંપ્રદાયમાં જે જે ઉત્સવો - વ્રતો- સમૈયા પોતે કર્યા છે અને કરવાની આદેશાત્મક પ્રણાલિકા પ્રસ્થાપિત કરેલ છે, તે બધા જ ઉત્સવો અને સમૈયા ભગવાન શ્રીહરિએ વડતાલમાં કર્યા છે. સંપ્રદાયમાં વડતાલ જ એક એવું સ્થળ છે જ્યાં ભગવાન શ્રીહરિએ બધાં વ્રતો બધી એકાદશીનાં વ્રતો ઉજવેલાં છે. વડતાલ એ ભગવાન શ્રી સ્વામિનારાયણની લીલાભૂમિ છે અને કર્મભૂમિ છે; એમ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'વડતાલ દર્શન' (પૃ. ૧૩૩) માં નોંધ્યું છે.

- તમામ એકાદશીની ઉજવણી
- જલઝિલણી એકાદશી
- વિજયા દશમીની ઉજવણી
- પ્રબોધની એકાદશી
- રામનવમી ઉત્સવ (સાત વખત)
- જન્માષ્ટમી ઉત્સવ
- અન્નકૂટ ઉત્સવ/દિવાળી ઉત્સવ
- હિંડોળા લીલા
- પુષ્પદોલોત્સવ (ચાર વખત)
- રથયાત્રાનો ઉત્સવ
- યજ્ઞોપવિત સંસ્કારવિધિ
- ગોમતીજી સ્થાપનાવિધિ
- વસંતપંચમીની ઉજવણી
- શ્રીહરિની જળક્રીડા
- શ્રીહરિની ભોજન લીલા
- આચાર્યપદ સ્થાપનનો ઉત્સવ
- ઈચ્છારામભાઈની વર્ષી વાળી
- શ્રીસત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ : સંપ્રદાયનું પ્રથમ પારાયણ

● વડતાલમાં ભગવાન શ્રીહરિએ તમામ એકાદશી ઉજવી :

વડતાલમાં ભગવાન શ્રીહરિ કોઈ વર્ષમાં બે વાર તો કોઈ વર્ષમાં ત્રણ વાર કે ચાર વાર પણ સ્વંય પધારતા અને તે દરમ્યાન મહોત્સવો યોજતા. આ મહોત્સવો દરમ્યાન ભગવાન શ્રીહરિએ વડતાલ ખાતે તમામે તમામ એકાદશી ઉજવી હતી.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં વર્ણન કરતાં લખે છે :

वृत्तालये त्वब्दमध्ये द्विस्त्रिर्वापि क्वचिच्चतुः । गत्वोत्सवांश्चकारासौ भक्तिधर्मौ प्रपोषयन् ।।
एकादश्यां मोक्षदायां सफलायां च कर्हिचित् । सानन्दयां चकारासौ तिलदायां तथोत्सवम् ।।
जयायां विजयायां च धात्र्यामपि चकार सः । तत्पुरे पापमोचन्यामेकादश्यां महोत्सवम् ।।
विमलायां वरुथिन्यां मोहिन्यामपि कर्हिचित् । अपरायां निर्जलायां योगिन्यां चाकरोन्महम् ।।

शयन्यां कामिकायां च पुत्रदायां च कर्हिचित् । अजायां क्वापि पद्मायामिन्दिरायां च स प्रभुः ।।
पापाङ्कुशाभिधायां च रमाख्यायां च कर्हिचित् । बोधन्यामभयायां च महोत्सवमकारयत् ।।

"શ્રીહરિ, ભક્તિ અને ધર્મનું પોષણ કરવા માટે વડતાલમાં દર વર્ષે અને ક્યારેક તો વર્ષમાં બે-ત્રણ-ચાર વખત જઈને મોટા ઉત્સવો કરતા હતા. આવી રીતે દરેક વર્ષે શ્રીહરિ ક્યારેક માગશર સુદી મોક્ષદા એકાદશી, ક્યારેક માગશર વદી સફલા એકાદશી, ક્યારેક પોષ સુદી સાનંદા એકાદશી, ક્યારેક પોષ વદી તિલદા એકાદશી વગેરે તિથિએ ઉત્સવ કરતા હતા. શ્રીહરિ વડતાલમાં ક્યારેક મહાસુદી જયા એકાદશી, ક્યારેક મહાવદી વિજયા એકાદશીની તિથિ ઉપર, ક્યારેક ફાગણ સુદી ધાત્રી એકાદશી, ક્યારેક ફાગણ વદી પાપમોચની એકાદશીનો મહોત્સવ કરતા હતા. ક્યારેક ચૈત્ર સુદી વિમલા એકાદશી, ચૈત્ર વદી વરૂથિની એકાદશી, ક્યારેક વૈશાખસુદી મોહિની એકાદશી, વૈશાખવદી અપરા એકાદશી, જેઠ સુદી નિર્જલા એકાદશી, જેઠ વદી યોગિની એકાદશીનો મહોત્સવ કરતા હતા. ક્યારેક અષાડ સુદી શયની એકાદશી, અષાડ વદી કામિકા એકાદશી, શ્રાવણ સુદી પુત્રદા એકાદશી, શ્રાવણ વદી અજા એકાદશી, ભાદરવા સુદી પદ્મા એકાદશી, ભાદરવા વદી ઈન્દિરા એકાદશીનો ઉત્સવ શ્રીહરિ કરતા હતા. ક્યારેક આસો સુદી પાપાંકુશા એકાદશી, આસો વદી રમા એકાદશી, કારતક સુદી પ્રબોધિની એકાદશી, કારતક વદી અભયા એકાદશીએ શ્રીહરિ મહોત્સવ કરાવતા હતા."

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૪૬/૪-૯)

● જળઝીલણી ઉત્સવ :

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વશી;
સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી...૧૪
કર્યું મજજન તેમાં ઉમંગે, જળકેળી કરી સખા સંગે;

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

● વિજ્યાદશમી :

એકવખત વિજયાદશમીની ઉજવણી કરવા ભગવાન શ્રીહરિ એક દિવસ અગાઉથી વડતાલ પધાર્યા. દશેરાના દિવસે વડતાલના ગોર વનમાળી અને ડાહ્યાભાઈ મહેતાને બોલાવીને શાસ્ત્રોનું (હસ્તલિખિત) પૂજન કર્યું. સંપ્રદાયના વિદ્વાન સંતો તથા ભણતા વિદ્યાર્થી સંતો પાસે અને વિદ્વાન ગૃહસ્થ હરિભક્તો પાસે પણ પૂજન કરાવ્યું. પછી સભા ભરીને જ્ઞાનવાર્તા કરી.

સાંજે ગોમતીને કાંઠે એક શમી વૃક્ષનું પૂજન કર્યું. વિજયની પ્રસાદી રૂપે સર્વને ગોળધાણા વહેંચ્યા. પછી આંબાવાડિયામાં સભા કરી. આ પ્રસંગે અશ્વદોડ અને નિશાનબાજીની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. 'શ્રીહરિલીલામૃતમ' (કળશ-૭, વિશ્રામ-૪૮)માં આ ઉત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે :

કર્યું મજ્જન તેમાં ઉમંગે, જળકેળી કરી સખા સંગે; આવ્યો દસરા તણો દિન જ્યારે, સમી પૂજવા નીસર્યા ત્યારે...૧૫
ભારે ભૂષણ ને વસ્ત્ર ધારી, સજી શોભે તેવી અસવારી; ધારાળા સરવે ધીર વીર, આવ્યા ધારીને કામઠાં તીર...૧૬
પછી આવિયા સર્વ પટેલ, ઘણા શોભિત ઘોડે ચડેલ; કાઠીના અસવાર અપાર, તે તો દીસે સારા સરદાર...૧૭
બામણોલી ને મહુડીયું પરું, નરસંડા વલાસણ ખરું; એહ આદિક પાસેના ગામ, ત્યાંના આવિયા ભક્ત તમામ...૧૮
જેવી ઇંદ્ર તણી અસવારી, શોભે શ્રીજીની તે થકી સારી; છબિલા શિર છત્ર બિરાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે...૧૯
પ્રભુજી પાસે ચાલે છે પાળા, મહાશૂરા ભલા મતવાળા; છડીદાર ખમા ખમા બોલે, શોભા દેખીને દીગપાળ ડોલે...૨૦
ભલું ધારુ તળાવ જે ઠામ, આજ છે જેનું ગોમતી નામ; હાલ છત્રી કરાવી છે જ્યાંય, શ્રીજી ને સંત જૈ બેઠા ત્યાંય...૨૧
ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં; જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય...૨૨
કોઈ અસ્વાર દોડે છે અળગા, કોઈ તો એક એકને વળગ્યા; દડો ફુલનો નાખે અગાડી, દોડતે ઘોડે લે છે ઉપાડી...૨૩
જેને ઉત્તમ અસવાર જાણે, વૃષનંદન તેને વખાણે; થાય બંદુકના બહુ બહાર, છુટે ટેટા હવાઈ અપાર...૨૪
હતો ખીજડો ઉત્તરમાંય, પૂજવાને પ્રભૂ ગયા ત્યાંય; ગોર ડાયા મેતા વનમાળી, તેણે પૂજા કરાવી રુપાળી...૨૫
દ્વિજને દીધાં દક્ષિણાદાન, આવ્યા પ્રથમ સ્થળે ભગવાન; હતા સંત ભણ્યા ગણ્યા જેહ, બોલ્યા શ્લોક નવા જોડી તેહ...૨૬
શાસ્ત્રીયોએ ત્યાં ચર્ચા ચલાવી, સૂણી ભૂધરને મન ભાવી; રાત થૈ પ્રગટાવી મશાલો, વળ્યા ગામ ભણી વૃષલાલો...૨૭

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

● પ્રબોધિની એકાદશી - કાર્તિકી સમૈયો :

ભગવાન શ્રીહરિએ વડતાલમાં પ્રબોધિની એકાદશી અને ચૈત્રી સમૈયા પર વણતેડાવ્યે આવવાની સૌને આજ્ઞા કરી, પછી જે પ્રથમ પ્રબોધિની એકાદશી આવી તેની ઉજવણી વડતાલમાં ભારે ધામધૂમથી કરવામાં આવી. આ પ્રબોધની એકાદશીને દિવસે ભારતના જુદા જુદા દેશોમાંથી, આશ્રિતો અને મુમુક્ષુઓ વણતેડે વડતાલ આવ્યા. ભારતના કયા કયા દેશમાંથી ભક્તજનો, શ્રીજી મહારાજના દર્શનાર્થે અને ઉત્સવમાં ભાગ લઈ કૃતાર્થ થવા માટે આવ્યા હતા તેના નામ ગણાવતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'શ્રીભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

પૂર્વદેશ અયોધ્યા પ્રાંતથી, આવ્યા છે જન અનંત; કાશી મિથિલા પ્રાંતથી, આવ્યા ગંગાસાગરના સંત. ૬
શોણભદ્ર પ્રાંતના, પ્રયાગ પ્રાંતના જન; ગયા પુરુષોત્તમપુરીથી, આવ્યા કરવા દરશન. ૭
મથુરા વૃન્દાવન પ્રાંતમાં, જે હતા મુમુક્ષુ જીવ; અવંતી નગરીથી આવિયા, નયણે નીરખવા પીવ. ૮
ઉત્તરદેશથી આવિયાં, કાશ્મીર ને કુરુક્ષેત્રથી; હરદ્વાર પુષ્કર પ્રાંતનાં, આવ્યા અર્બુદાચળ પવિત્રથી. ૯
મારુદેશ સિદ્ધપદ પ્રાંતનાં, એહ આદિ દેશ અપાર્ય; દર્શન કરવા દયાળનાં, સહુ આવિયાં નરનાર્ય. ૧૦
પશ્ચિમ દેશથી આવિયાં, સિંધુ પ્રાંતના સેવનાર; કચ્છ વાગડ વાળાક સોરઠ, આવ્યાં પાંચાળનાં રહેનાર. ૧૧
સૌભીર આભીર હાલારનાં, જિયાં જિયાં હતાં જન; તેહ સર્વે આવિયાં, કરવા હરિદર્શન. ૧૨
દક્ષિણ દેશથી દર્શને, આવ્યાં જન ઉમંગથી; સેતુબંધ રામેશ્વરના, આવ્યાં વેંકટાદ્રિ શ્રીરંગથી. ૧૩
પદ્મનાભ પ્રાંતનાં, આવ્યા મલિયાદ્રિ પ્રાંતિ મળી; શિવ વિષ્ણુકાંચી પ્રાંતનાં, દંડકારણ્ય પ્રાંતનાં વળી. ૧૪
વિંધ્યાચલ પ્રાંતનાં, વળી તપતી નર્મદાતટનાં; આવ્યાં સહુ સહુ દેશથી, રટતા નારાયણ રટના. ૧૫

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૮)

વડતાલ ગામમાં દર્શનાર્થીઓ સમાયા નહિ એટલે ઉગમણા ઓટાની આજુબાજુના ખેતરોમાં તથા ગોમતી કાંઠાના આંબાવાડિયામાં એમ લોકો પોતાની સગવડ અને અનુકૂળતા જોઈને ઉતર્યા.

એકાદશીને દિવસે સવારે ઉગમણે ઓટે આંબલાના મહાવૃક્ષ નીચે ઊંચી પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. દરેક પ્રાંતના હરિભક્તોએ એક પછી એક આવીને શ્રીહરિની પૂજા કરી.

● પ્રબોધની એકાદશી :

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામી લખે છે :

હવે બીજી પ્રબોધિનીએ નાથ, કર્યો સમૈયો તે સુખપાથ; આવ્યા વાલમજી વડતાલ, નીરખી જન થિયાં નિહાલ...૦૭
આવ્યું વ્રત તે એકાદશી, પૂરી દીપમાળા તેહ નીશી; તિયાં બપોરિયા અજવાળે, નાથ સભા ઊભા થઈ ભાળે...૦૮
આજ મળ્યાં મનુષ્ય અપાર, બહુ પુરુષ ને બહુ નાર; સારા સમૈયા સુંદર થિયા, એમ કહીને હરિ હસિયા...૦૯
ત્યાંથી આવ્યા વડતાલ ગામ, પ્રબોધિની કરવા સુખધામ; કર્યો ઉત્સવ તે બહુ ભારી, આવ્યાં દર્શને નરનારી...૨૫

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૪૮)

● પ્રબોધની એકાદશી : ત્રીજી વખત

વડતાલ ખાતે ભગવાન શ્રીહરિએ ત્રીજી વખત પ્રબોધની એકાદશીનો સમૈયો કર્યો. જેની વાસુદેવચરણદાસજી સ્વામી પોતાના ગ્રંથમાં શ્રીહરિએ ઉજવેલ ૭મી પ્રબોધની એકાદશી હતી :

સાતમી પ્રબોધની કરવા, વા'લમ વડતાલ આવિયા; અવધવાસી સંત સર્વે, ભૂધર ભેળા લાવિયા...૦૧
સામૈયું લઈને સામા આવ્યા, વડતાલના હરિજન; નીરખી શ્રીમહારાજને, થયા સર્વે પાવન...૦૨
આ છેલ્લી પ્રબોધની કરી, ચાલ્યા ગાડામાં બેસીને હરિ;

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૪૯)

● રામનવમી-હરિનવમી :

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ હરિચરિત્રચિંતામણિમાં (કિરણ - ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩) ભગવાન શ્રીહરિએ ઉજવેલ રામનવમી-હરિનવમીના ઉત્સવોની વિગત આપી છે. એક રામનવમીના સમૈયા દરમિયાન :

તમે સાંભળજ્યો સર્વે મળી, પછી આવી રામનૌમી વળી...૨૨
રહ્યા વ્રત નરનારી જન, જાણી હરિ જનમનો દન;
કરી જાગરણ ગાયાં કીર્તન, થયા પ્રભુજી બહુ પ્રસન્ન...૨૩
નાહી જમ્યા પોતે ભગવંત, પછી જમાડ્યા સરવે સંત;
સાંજે આપી આજ્ઞા અવિનાશ, ગાઓ ગરબીમાં જન રાસ....૨૪
ગાળે ગોમતી સત્સંગી સહુ, દેખી રાજી થાયા વા'લો બહુ;
જ્યારે ઉતારે આવે મહારાજ, ઉપડાવે ઈંટ્યું મંદિર કાજ.....૨૫

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૪૯)

એકવખત રામનવમી ઉજવવા ભગવાન શ્રીહરિ અમદાવાદથી વડતાલ પધાર્યા. આ રામનવમીના ઉત્સવના બીજા દિવસે વડતાલ ખાતે સીતારામજીને જનોઈ દેવામાં આવી હતી.

અમદાવાદમાં ઉત્સવ કરી, વા'લો આવ્યા વડતાલ ગામ; રામનૌમીનો સમૈયો કરવા, સંત સહિત સુખધામ...૦૧
અવધવાસી સર્વ ભેળા, શોભે શ્રીહરિને સાથ; દર્શન દેવાં દાસને, આવ્યા દયા કરીને નાથ...૦૨
મંદિર પાછળ પાટ ઢળાવી, વા'લો બેસે ત્યાં નિત્યે આવી; આવ્યો રામનવમીનો દન, પ્રભુ થયા અતિ પ્રસન્ન...૦૬
રહ્યા વ્રત સંત નરનારી, પૂજ્યા પ્રીતે શ્રીહરિ સુખકારી; મંદિર આગળ તે મનહર, ચોક્યો માંડવો તે સુંદર...૦૭
લીધું ઉપવિત સુંદર હાથે, પે'રાવ્યું સીતારામને નાથે; દીધાં સોનેરી ઘરેણાં સાર, થયો શબ્દ તે જય જયકાર...૧૪
પછી વિપ્ર જમાડ્યા પ્રીતે, દીધી દક્ષિણા તે રૂડી રીતે; પછી સીતારામજીને ઘેર, નાહી જમ્યા કરી હરિ મે'ર...૧૫
સંત પાળા જમાડ્યા હાથ, ફેરવી લાડુ પોતે જગનાથ; તે'દિ હતો દશમીનો દન, એવી લીલા કરી ભગવન...૧૬

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૦)

ત્રીજી વખત રામનવમી કરવા પણ ભગવાન શ્રીહરિ અમદાવાદથી વડતાલ પધાર્યા. સાથે બધા અયોધ્યાવાસીને પણ આવ્યા હતા.

હવે ત્રીજી કરવા રામનૌમી, આવ્યા અમદાવાદ થઈ સ્વામી; સર્વે અવધવાસી લઈ સાથ, આવ્યા વડતાલે વળી નાથ...૧૮
રૂડી રામનવમી એકાદશી, કર્યા ઉત્સવ ભારે હુલસી; કર્યા વિપ્રે વેદ ઉચ્ચાર, હોમ્યાં કુંડે હવિષ્યાન્ન સાર...૨૩
વેદ વિધિએ ઉત્સવ કરી, આપ્યા દાન પછી હરખ ભરી; ઘોડી પલાણ ઢાલ ને અસી, આપી પાડી સહિત મહિષી...૨૪

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૦)

ચોથો રામનવમીનો સમૈયો કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. અયોધ્યાવાસીઓ સાથે હતા.

ચોથો સમૈયો રામનૌમીનો, કહું તે તમે સાંભળો; વા'લમજી વડતાલ આવ્યા, દર્શન દેવા શ્યામળો...૦૧
અયોધ્યાવાસી સંત લઈ, આવે શ્રીસહજાનંદ; સંત હરિજનને સુખ દેવા, કરવા તે અતિ આનંદ...૦૨
પછી પોઢ્યા તે પ્રાણઆધાર, આથમણે બંગલે કરી પ્યાર; હરિના જન્મનો જે દન, રૂડી રામનવમી પાવન...૨૦
વા'લો બેઠા સભામાં આવી, પૂજે હરિને હાર પે'રાવી; રહ્યા વ્રત ઉપવાસ કરી, નેણા ભરીને નીરખ્યા હરિ...૨૧

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૧)

પાંચમી રામનવમી ઉત્સવે ગોમતી તળાવ ગાળવાનું અને તેની ધૂળ લઈ મંદિરમાં ઓટો કરાવવાનું કામ શ્રીહરિએ કરાવ્યું હતું.

હવે કહું પાંચમી રામનવમી, આવ્યા વડતાલ અંતરજામી; પછી નાથ કહે આણીવાર, કરીએ મંડપનો પરથાર...૨૩
ત્યારે સર્વે કહે સારું બહુ, અમે રાજી છૈયે સંત સહુ; પછી લાવે ઈંટું સહુ સાથ, ભેળા ઈંટ લઈ ચાલે નાથ...૨૪
જાય ગોમતીજી મહારાજ, બેસે ઓટે દર્શન દેવા કાજ; થાય સંતજન સભા ભારી, ગળાવે ગોમતીજી સુખકારી...૨૫
ચાલે ધૂડ્ય લઈ સર્વે સંત, બાંધી રૂમાલે લે ભગવંત; એક દિન એવાં દર્શન દીધા, ચૂનાનાં તગારાં નવ લીધાં...૨૬
થાય ઓટો એમ અહોનિશ, દે દરશન હરિ હંમેશ; મળે સાંજે સહુને દયાળુ, દેખી અંગ કામે કચરાળું...૨૭
એમ પૂરો કર્યો પરથાર, પૂરી પૂરણી કર્યો ભંડાર; પછી હરિના જન્મનો દન, આવી રામનવમી પાવન...૨૮
કર્યો ઉત્સવ તે બહુ ભારી, રહ્યા વ્રત સર્વે નરનારી; કરી પારણાં જમાડ્યા સંત, થયા બહુ રાજી ભગવંત...૨૯

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૧)

અન્ય એક વખત પણ વડતાલમાં રામનવમી ઉજવવા ભગવાન શ્રીહરિ પધાર્યા.

વા'લમ વડતાલ આવિયા, રામનવમી કરવા નાથ; દેવા દર્શન દાસને, શ્રીસહજાનંદ સુખપાથ...૦૧
આવ્યા વાજતે ગાજતે હરિ, બેઠા મંદિરમાં સભા કરી; હરિજન લાવે ફૂલહાર, પે'રે પ્રીતે તે ધર્મકુમાર...૦૪
પછી પોઢ્યા પ્રભુ જઈ પ્રીતે, આથમણે બંગલે રૂડી રીતે; આવ્યો રામનવમીનો દન, પ્રભુનો જન્મ અતિ પાવન...૦૬
કર્યો ઉત્સવ તે રાજી થઈ, પછી દશ ઘડી નીશી ગઈ; થયો જન્મ હરિનો તે વાર, જન બોલે તે જય જયકાર...૨૩

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૨)

વળી, એકવખત ભગવાન શ્રીહરિ અમદાવાદ - જેતલપુર- મહેમદાવાદ-ડભાણ થઈ વડતાલ પધાર્યા. રામનવમી અને એકાદશીનો ઉત્સવ શ્રીહરિએ ઉજવ્યો હતો.

પછી આવ્યો રાનનવમીનો દન, પ્રભુનો જન્મ અતિ પાવન; રૂડી રામનવમી ને એકાદશી, કર્યા ઉત્સવ ભારે હુલાસી...૧૫
કર્યા વિપ્રે વેદ ઉચ્ચાર, હોમ્યા કુંડે હવીષ્યાન સાર; વેદ વિધિયે ઉત્સવ કરી, આપ્યાં દાન પછી હરખ ભરી...૧૬

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૬૪)

● જન્માષ્ટમી ઉત્સવ :

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ'માં વર્ણવ્યા મુજબ, વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી ઉજવી ત્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવ મંદિરનું નિર્માણ થયું નહોતું. ભગવાન શ્રીહરિ ધર્મશાળાના ચોકમાં, રૂપાળી બોરડી નીચે પાટ ઉપર બિરાજી હરિભક્તોને જન્માષ્ટમીનાં દર્શન દીધાં હતાં.

વા'લમ વડતાલ આવિયા, ઘોડે ચડી ઘનશ્યામ; દર્શન દેવા દાસને, પ્રીતમ પૂરણકામ...૦૧
જેઠ અષાઢ વઈ ગયો, આવ્યો તે શ્રાવણ માસ; અષ્ટમી ઉત્સવ કરવા, આવિયા તે અવિનાશ...૦૨

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૮)

ત્યાં તો આવી જન્માષ્ટમી, બાંધ્યો હિંડોળો આંબલી; ઓપે આથમણી ડાળ અતિ, ત્યાં બેઠા વા'લમ વળી...૦૧
હરિ હિંડોળે હીંચતા, શોભે શ્રીસહજાનંદ; મૂર્તિ મનોહર માવની, કેવળ કરુણાકંદ...૦૨
જન્માષ્ટમીનાં દર્શન દીધાં, પ્રાણજીવને પોઢણ કીધા; પછી ધર્મશાળાનો હતો ચોક, તિયાં મળ્યા સંતજન લોક...૨૮

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

● વડતાલમાં જન્માષ્ટમી લીલા :

એકવખત જન્માષ્ટમીનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. જોબન પગીના ઘરે ઉતારો કર્યો. જોબનપગીનું ફળિયું વિશાળ હતું. ફળિયામાં ઢોલિયો ઢાળી દીધો. શ્રીહરિ તેના પર બિરાજમાન થયા. શ્રીજી મહારાજ ઉત્તરાભિમુખ બિરાજમાન હતા. પોયણાના હાર ધારણ કર્યા હતા. માધવદાસજી સ્વામી આવી, પગે લાગી સન્મુખ બેઠા. પ્રસન્ન થયેલા શ્રીહરિએ હાર હાથમાં લઈ નાખ્યો તે સીધો માધવદાસ સ્વામીના ગળામાં પડ્યો. આરતીની વેળા થઈ એટલે સંતો અને હરિભક્ત સૌએ સાથે મળી ધૂન કરી.

ભગવાન શ્રીહરિ પ્રસન્ન હતા. પોતાની સન્મુખ બેઠેલા બ્રહ્માનંદ સ્વામીને પાઘ અને પોયણાના હાર આપ્યા અને મુક્તાનંદ સ્વામીના માથે કેવડાની ટોપી મૂકી. શ્રીહરિએ ઘણીવાર વાતો કરી અને ઘણાં કીર્તન ગવડાવ્યાં. એ સમયે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને તેઓએ રચેલાં કીર્તન ગાવા જણાવ્યું.

પછી આરતીની થઈ વેળા, ધૂન કરે હરિ સંત ભેળા; બ્રહ્માનંદસ્વામીને તે વાર, દીધી પાઘ પોયણાંના હાર...૦૭
કેવડાની ટોપી લીધી હાથે, મેલી મુક્તાનંદજીને માથે; વા'લે વાતુ કરી ઘણી વાર, કીર્તન ગવરાવ્યાં તે સાર...૦૮
શોભે બાજુ ગજરા ફૂલ તણા, ગુચ્છ કરણે તેમાં નહિ મણા; વળી બોલ્યા તે અંતરજામી, સાંભળો હે બ્રહ્માનંદ સ્વામી...૧૨
તમે કીર્તન કર્યાં હોય જેહ, ગાઓ ઊભા થઈને તેહ; મુક્તાનંદ સ્વામીને કહે માવ, બોલો તમારી કરેલી કાવ્ય...૧૩
ઊભા થઈ બેઉ જણા હારે, બોલ્યાં કીર્તન રૂડાં તે વારે; પાટ ઉપર ઊભા થયા નાથ, તાળી પાડે હરિ બેઉ હાથ...૧૪

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૮)

બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા મુજબ બંને સાથે ઊભા થઈ સાથે કીર્તન ગાયાં. એ બે સંતો જ્યારે સાથે કીર્તન ગાતા હતા ત્યારે શ્રીહરિ પણ પાટ ઉપર ઉભા થઈ ગયા અને બંને હાથે તાળી પાડી કીર્તન ઝીલવા લાગ્યા. શ્રીહરિને ગાતા જોઈ, ઉપસ્થિત સૌ મુનિતણા મન લોભાઈ ગયાં.

અન્યને પણ ગાવા કહ્યું. 'ગોવિંદને ગાવણાં ભાળ્યાં' ને 'ગાતાં ગાતાં અરધી રાત થઈ ગઈ.'

બીજે દિવસે સવારે ભગવાન શ્રીહરિ શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈ ઘોડે સવાર થઈ વડતાલ ગામની બહાર આવ્યા. જ્યાં આંબલો હતો ત્યાં પહોંચ્યાં. આંબલાની પાસે રાયણ રૂપાળી હતી. સર્વે દર્શન કરે તે હેતુથી શ્રીહરિએ ત્યાં ઘણો સમય ઘોડી રમાડી. પરસેવે રેબઝેબ થયેલ વનમાળીની મૂર્તિ સુખદાતા હતી. એ રાતે જોબનપગીના ફળિયાના ઉગમણે બાર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. સંતો કીર્તન ગાન કરવા વાગ્યા. એમ કરતાં ઘણી રાત થઈ ગઈ. સાધુ થોડા જ ઉપસ્થિત હતા. જાગરણનો નિયમ હતો છતાં સંતો ધર્મશાળામાં જઈ સૂઈ ગયેલાં. આવું કેમ થયું તેની પૃચ્છા શ્રીહરિએ કરી. બ્રહ્માનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિની નારાજગી દૂર કરવા સૂચન કર્યું, 'હે મહારાજ ! હાજર છે તેને આપ મળો એટલે ગેરહાજર સૌ સવારે દુઃખી થશે.' શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીની વાત મુજબ, ઉપસ્થિત સૌને હેતથી મળ્યા.

જન્માષ્ટમીના જ સમૈયા દરમ્યાન એકદિવસ ભગવાન શ્રીહરિએ લીલા કરી. વહેલી સવારે જ અંતર્ધાન થઈ ગયા. સાથે મુકુંદ બ્રહ્મચારીને જ લીધા. જેમ જેમ બધાને શ્રીહરિના અંતર્ધાન થવાની ખબર પડી તેમ તેમ સહુ શોધખોળ કરવા લાગ્યા. ચારબાજુ બધાએ ઘોડા દોડાવ્યા. સોમલા ખાચર તો એકએકને પૂછી વળ્યા. જેમ જેમ સમય થતો ગયો, તેમ તેમ સૌ સંત ભક્ત તો હતાશનિરાશ થવા માંડ્યા. પોતાને મેલી ગયાની ભાવના થકી સોમલા ખાચર સહિત અનેકના આંખમાં આંસુ આવી ગયાં. મુક્તાનંદ સ્વામી અને ભાઈ રામદાસજી સ્વામી સૌને સાંત્વના આપતા હતા. સૌ પાસે કીર્તન ગવરાવે, ધૂન કરાવે ને આરતી કરાવે. એ જ સમયે મંદ મંદ હસતા ભગવાન શ્રીહરિ પધાર્યા ને જોબન પગીના મેડે જઈ બેઠા. એમનાં દર્શન કરી સૌ નરનારી પ્રસન્ન થયાં.

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' કિરણ-૫૮માં વડતાલ ખાતે ઉજવાયેલ જન્માષ્ટમી સમૈયાની લીલાઓ વર્ણવી છે, તેનો સારાશં ઉપર આપ્યો છે. કિરણ ૫૯માં પણ તેમણે વડતાલની જન્માષ્ટમી વર્ણવી છે.

વડતાલના જન્માષ્ટમી સમૈયાનું વર્ણન કરતાં વાસુદેવચરણદાસજી સ્વામી લખે છે :

ત્યાં તો આવી જન્માષ્ટમી, બાંધ્યો હિંડોળો આંબલી; ઓપે આથમણી ડાળ અતિ, ત્યાં બેઠા વા'લમ વળી...૦૧
હરિ હિંડોળે હીંચતા, શોભે શ્રીસહજાનંદ; મૂર્તિ મનોહર માવની, કેવળ કરુણાકંદ...૦૨

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

વડતાલ ખાતે જન્માષ્ટમી ઉત્સવમાં હિંડોળે ઝૂલતા શ્રીહરિની પંચરંગી શોભાનું વાસુદેવચરણદાસજી સ્વામીએ કરેલ વર્ણન એવું તો હૃદયસ્પર્શી કરાયું છે કે આપણને એમ જ લાગે કે, આજે પણ શ્રીહરિ એક આંબલીની ડાળે ઝૂલી રહ્યા છે ને આપણે સૌ મનભરી એમને માણી રહ્યા છીએ. શ્રીહરિનું આ વર્ણન સ્વામિનારાયણ સાહિત્યની એક કલગી સમાન છે, આવો, પ્રથમ તે માણીએ :

લાલ કરે ત્યાં બહુ લીલા, બાંધ્યા હિંડોળે પીતાંબર પીળાં; લાલ દીસે ઢોલીડો સારો, લાલ ગાદીએ ધર્મદુલારો...૦૩
લાલ સુરવાળમાં હીર નાડી, તેને નીરખીએ દાડી દાડી; લાલ પાઘ તે શોભે અપાર, લાલ છોગલું લટકે સાર...૦૪
લાલ ફૂલડાં શોભે છે માથે, લાલ છડી છે લાલને હાથે; લાલ શેલું કેડ્યે કાજુ કૈયે, લાલ રેંટો ખભે જોઈ રૈયે...૦૫
લાલ પીતાંબર બાંધ્યું ડોળે, લાલ ફૂલડાં શોભે હિંડોળે; લાલ શોભા હરિની જોઈ, રાખી મૂર્તિ અંતરમાં પ્રોઈ...૦૬

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

લાલ ઢોલીયો, લાલ ગાદી, લાલ સુરવાળ, લાલ પાઘ, લાલ છોગલું, લાલ ફૂલડાં, લાલ છડી, લાલ શેલું, લાલ રેંટો, લાલ પીતાંબરમાં શોભતા શ્રીહરિની મૂર્તિ અંતરમાં પરોવાઈ - પ્રોઈ ગઈ.

પીળાં પીતાંબર હિંડોળે સાર, પીળે તકિયે ફૂમતાંની હાર; પીળી ચંદનની શોભે આડ્ય, નીરખું વા'લાને રાખી ચાડ્ય...૦૭
પીળા લીંબુ હિંડોળે લે'કે૨, પીળા કેવડાનાં તોરણ બે'કે; પીળી રેશમ રાખડિયું સાર, પીળા પે'ર્યા હજારીના હાર...૦૮
પીળાં પવિત્રા શોભે છે ભારી, પીળા કડાં વેઢ સુખકારી; પીળા સોનેરી અંબર૪ ઓપે, વા'લો શોભે તે પીળે સ્વરૂપે...૦૯

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

હિંડોળામાં પીળી વસ્તુઓની ભરમાર છે. પીળો તકિયો, પીળા લીંબુ, પીળા કેવડાનાં તોરણ, પીળી રેશમની રાખડિયું, પીળા હજારીના હાર, પીળાં પવિત્રાં, પીળાં કડાં, પીળાં સોનેરી વસ્ત્ર (અંબર) થી સજાવાયેલ હિંડોળામાં પીળા પીતાંબર શ્રીહરિએ ધારણ કર્યા છે.

લીલી શોભા તે વા'લમ કેરી, રૂડા દીસે લેરખડો લે'રી; લીલી શોભે તે વનવેલી, ચહુકોરે આવીને ઝૂકેલી...૧૦
લીલી હીંસે આંબલીની ડાળ, બહુ ફૂલે છે દીનદયાળ; લીલી ઘૂઘરમાળો ઘમઘમે, હીંચે જોરે આંબલી નમે...૧૧

નીલા ઘંટ તણા નાદ થાય, ચારેકોરે હરિજન ગાય; લીલી કાકડી પ્રભુ પાસે આવે, લીલાં વનફળ હિંડોળે લાવે...૧૨
લીલાં પીતાંબરે અત્તર બે'કે, લીલાં તોરણ હિંડોળે લેકે; લીલાં શોભે તે વૃક્ષ ને વેલી, મારે વા'લે વાળી રંગરેલી...૧૩
લીલી લીલા જોઈ સુખ થાય, માંઈ ઝૂલે પુરુષોત્તમરાય; એવી શોભા જોઈ સુખ લીજે, વિષય સુખ વિસારી દીજે...૧૪

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

ચારેબાજુ ઝુકેલી લીલી વનવેલી, લીલી આંબલીની ડાળ, લીલી ઘૂઘરમાળ, નીલા ઘંટના નાદ, લીલી કાકડી, લીલા વનફળ, લીલા તોરણ, લીલા વૃક્ષ ને લીલી વેલથી તો મારે વાલે વાળી રંગરેલી.

હવે શ્વેત શોભા વિચારું, છેલ છબીલો ઉરમાં ધારું; ધોળી સેજ સારી સ્વામી તણી, ધોળી પછેડી શોભે છે ઘણી...૧૫
ધોળાં હાથે બાંધ્યાં છે બાજુ, ધોળાં કુંડળ કાનમાં કાજુ; ધોળાં કોટે ફૂલના હાર, છાતી ઉત્તંગ શોભે ઉદાર...૧૬
ધોળા પાઘે બિરાજે તોરા, સુંદર શોભે સ્વામી વાને ગોરા; ધોળાં બાંધ્યાં હિંડોળે ફૂલ, ઝળકે હિંડોળે તકતા અમૂલ...૧૭
ધોળા વેઢમાં હીરા ઝગે, ધોળા તોડા પે'ર્યા બેઉ પગે; ધોળા દોર ઝાલ્યા બે હાથે, ધોળાં છોગલાં લટકે છે માથે...૧૮
ધોળાં હિંડોળે જાળિયાં ઝળકે, ધોળાં લીંબુ ચહુ કોરે લળકે; ધોળો હાથે લીધો રૂમાલ, જોતા મૂર્તિ વાધે બહુ વા'લ...૧૯
ધોળાં તોરણ તે ફૂલ તણાં, શોભે હિંડોળે તે ઘણાં ઘણાં; ધોળી શોભા કરતાં જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ...૨૦

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

હિંડોળામાં વિધવિધ ધોળી વસ્તુઓ, અલંકારો, આભૂષણો, પોશાકમાં સજ્જ શ્રીહરિની મૂર્તિ જોતાં 'વાધે બહુ વા'લ'.

તેને વારમવાર વિચારી, જોઈ તરે ભવ નરનારી; શ્યામ શોભા હરિની કઈયે, ધારી અંતરે ને સુખ લઈયે...૨૧
શ્યામ મેઘ થયો પ્રફૂલ્લે, લટકાં કરતાં હરિવર ઝૂલે; શ્યામ ઘટા મેઘની થાય, વારે વારે જુએ હરિરાય...૨૨
શ્યામ છતરી માથે બિરાજે, તેમાં ફરતી ઘૂંઘરિયું ગાજે; શ્યામ ઢાલ ધરી મેઘ સારું, હરિનું રૂપ જોતાં લાગે પ્યારું...૨૩
શ્યામ રેંટો ખભે સુખકારી, મૂર્તિ હૈયામાં રાખી ધારી; શ્યામ ઘટામાં વીજળી થાય, જોઈ હસે પુરુષોત્તમરાય...૨૪
ગાજે મેઘ બોલે બહુ મોર, જુવે વા'લોજી તે ચારેકોર; શ્યામ નેણે તે નજર કરી, હસે સંત સામું જોઈ હરિ...૨૫
પચરંગી શોભા વા'લે કરી, તેને નીરખી મેં નેણાં ભરી;

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૫૯)

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામી કહે છે, ભગવાન શ્રીહરિ આ પંચરંગી શોભા કરી તેને તેમણે 'નેણાં ભરીને નીરખી'.

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામી એ પણ નોંધે છે કે, શ્રીહરિની કૃપાથી તે દિવસે સંત અને હરિભક્ત પણ શોભતા હતા. તેમણે વર્ણવ્યું છે :

સંતની કોટમાં ફૂલહાર, ફૂલ્યો ફૂલે આવળો સાર...૨૬
ફૂલહારે હરિજન શોભે, ફૂલ ફૂલ જોતાં મન લોભે;
ફૂલહાર પે'રી સંત ગાતા, જોયા હરિ ફૂલમાં ફુલાતાં...૨૭

• અન્નકૂટ ઉત્સવ/દિવાળી ઉત્સવ :

ભગવાન શ્રીહરિ વડતાલમાં અન્નકૂટ ઉત્સવનું વર્ણન 'હરિચરિત્ર ચિંતામણિ' (કિ- ૬૯)માં કર્યું છે :

આવ્યા ગઢપુરથી વરતાલ, દીપ ઉત્સવ કરવા લાલ; કર્યો અન્નકોટ સમૈયો ભારી, શ્રી સહજાનંદ સુખકારી...૧૪
તિયાં કર્યો અન્નકોટ અતિ, જમ્યા જુગતે પે'લા સંતપતિ; પીરસી જમાડ્યા સંત પાળા, લઈ લાડુ વા'લે તે રૂપાળા...૨૭
ફર્યા પંગતમાં પાંચ વાર, જમ્યા સંત થયો જેજેકાર; પછી આવ્યા આંબલે ફરી, બેઠા પાટ ઉપર પોતે હરિ.... ૨૮

દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા.

આસો વદ અમાસને દન, કર્યો દીપ ઉત્સવ ભગવન.... ૪૦
પછી આવ્યો ઉત્સવનો દન, પૂરી દીપમાળા મુનિજન..... ૪૧

●

વડતાલ ખાતે દિવાળી/અન્નકૂટ ઉત્સવ ઉજવવા ભગવાન શ્રીહરિ ગઢડાથી આવ્યા. શ્રીહરિ સાથે દાદાખાચર, સોમલાખાચર, સુરાખાચર, વસ્તાખાચર, અલૈયાખાચર, જીવાખાચર, માતરાખાચર, મોડાખાચર, ઘેલા ધાધલ, નાગમલા, નાનખાચર, નાજાખાચર,

વાઘાખાચર, જીવાખાચર, દાહાખાચર, ઝીણાભાઈ, દાદાભાઈ, ગગાભાઈ, વેલાખાચર, ભોજોભાઈ, અમરા પટગર, પૂજોજી શેઠ, હરજી ઠક્કર, લાધા ઠક્કર, કાયોભાઈ, જીભાઈ, મૂળુભાઈ, કાકોભાઈ, જીવોભાઈ, પાર્ષદ ભગુજી, રવાજી, રતનજી, ગુમાનજી, ભીમાભાઈ, હમીરભાઈ, માનસિંહ, કેસરીસિંહ સહિત મોટો સંઘ હતો.

કરી સેવા ત્યાં સારી પેર, વા'લો વડતાલ આવ્યા કરી મે'ર; આવ્યા સામૈયે સર્વે જન, પૂજી પ્રભુને થયા પાવન...૨૦
કરે સંતજનને વા'લો વાત, દીધાં દર્શન ગઈ અધરાત; કર્યો દીપઉત્સવ અતિ ભારી, પછી પુરમાં પધાર્યા સુખકારી...૨૭

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૭૦)

●

એકવખત સુરત જતા પહેલાં ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા અને દિવાળી અન્નકૂટનો ઉત્સવ ઉજવ્યો હતો. વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ'માં દિવાળીની શોભા વર્ણવી છે :

પછી આવ્યો દિવાળીનો દન, પૂરી દીપમાળા મુનિજન; દીવા શોભે હવેલીએ સાર, ચારેકોર દીવાની તે હાર્ય...૨૩
ત્રણે માળે દીવા શોભે અતિ, જાણે ઝળકે મણિની પંગતિ; મંદિર ઉપર દીવા ઝગે બહુ, તેજે થયું ઝળામળ સહુ...૨૪
બેઠા પાટ્ય ઉપર બહુનામી, મંદિર પાછળ તે સુખે સ્વામી; પ્રદક્ષિણા ઉપર પરમાનંદ, શોભે તેજોમય જગવંદ...૨૫
પૂર્યો સવારે અન્નકોટ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ્ય ભોજને; બહુ ભાતના કરાવ્યા પાક, ભાજી રાયતાં ને રૂડાં શાક...૨૮

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૭૪)

●

વળી એક દિવાળી/અન્નકૂટ ઉત્સવ ઉજવવા ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા. મુક્તાનંદ સ્વામી સહિત અન્ય સંતો મંડળો સહિત પધાર્યા. અયોધ્યાવાસી પણ સૌ આવ્યાં. દાદાખાચર સહિત અગ્રણી હરિભક્તો પધાર્યા. ઉગમણા બંગલામાં શ્રીહરિ ઉતર્યા.

પછી ત્યાંથી આવ્યા વડતાલ, આરતી વેળાએ ધર્મલાલ; કરી ઠાકોરનાં દરશન, બેઠા સભામાં થઈ પ્રસન્ન...૨૮
વા'લો બેઠા પ્રદક્ષિણા પર, શોભે મૂર્તિ અતિ મનોહર; પૂરી દિવાળીએ દીપમાળ, શોભે દીવડીએ ત્રણેય માળ...૨૯
મંદિર ઉપર હજારું હજાર, મેલ્યા દીવા તેનો નહિ પાર; આવ્યા બુરાનપુરના જન, કરવા શ્રીહરિનાં દરશન...૩૦

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૭૫)

બુરાનપુરના હરિભક્તોએ ભગવાન શ્રીહરિને કસુંબી રેંટો અર્પણ કર્યો. સરસવણીના નાગજીભાઈએ પોશાક, ગાદલું, ઓછાડ, ગાલસુરિયાં, રજાઈ, ઢીચણિંયા, થાળી, લોટા, અબખોરા, અંગરખું, ચોતારો ખેસ, હીરકોર ધોતિયું, ઝીણી પછેડી, પવિત્રાં, રાખડી જનોઈ ભગવાન શ્રીહરિને ભાવપૂર્વક અર્પણ કર્યા અને લાડુની રસોઈ આપી. પીજ અને વલાસણના હરિભકતોએ પણ ભેટ પૂજા કરી. ઉત્સવ પછી શ્રીહરિ ગઢડા પધાર્યા.

●

વડતાલ ખાતે દિવાળી ઉત્સવ ઉજવવા ભગવાન શ્રીહરિ ગઢડાથી શ્રાદ્ધના દિવસોમાં પધાર્યા. સિંજીવાડા ખાતે ત્રીજું શ્રાધ્ધ કરેલું. વડતાલ ખાતે શ્રાદ્ધના ચોથા દિવસે શ્રીહરિએ ધર્મદેવનું શ્રાદ્ધ કર્યું. દશેરાના દિવસે શમી પૂજન કર્યું. શ્રીહરિ મંદિરમાં પ્રતિદિન ૧૦૮ પ્રદક્ષિણા ફરે અને પાંચ દંડવત ઠાકોરજીને કરે. દોઢ માસ વડતાલમાં હરિભક્તોને દર્શન-સત્સંગનો લાભ આપ્યો. વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ'માં દિવાળીની શોભા વર્ણવતાં લખ્યું છે :

આવ્યા વડતાલના હરિજન, સામા કરવા પ્રભુના દર્શન; ગાતાં વાતાં તેડી લાવ્યા ઘેર, ઊતર્યા મંદિરમાં કરી મે'ર...૦૯
એકસો આઠ પ્રદક્ષિણા ફરે, પાંચ દંડવત ઠાકોરને કરે; એમ કરતાં વિત્યા માસ દોય, આવ્યો દીપઉત્સવ દન સોય...૧૫
પૂરી દીપમાળા શોભે ઘણી, જાણે માંડી પંક્તિ મણિ તણી; મંદિર હવેલી પર દીવા ઘણા, અતિ તેજ તેજ નહીં મણા...૧૬
બેઠા સભા મધ્યે જગવંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ; ઝળકે વસ્ત્ર ઘરેણાં ફૂલહાર, નીરખે હરિનું મુખ નરનાર...૧૭

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૭૬)

ભગવાન શ્રીહરિ આ ઉત્સવ ઉજવી વડોદરાના મહારાજાના આમંત્રણ થકી ત્રણ દિવસ માટે વડોદરા પધારેલા. ત્યાંથી પરત પધારી ગઢડા પરત ફરેલા.

●

એક સમે ભગવાન શ્રીહરિ જેતલપુરથી વડતાલ પધાર્યા અને દિવાળી-અન્નકૂટ ઉત્સવ ઉજવવા વડતાલ ખાતે દોઢ માસ રહ્યા. આ સમૈયામાં વડોદરા, સુરત, અમદાવાદના હરિભક્તોએ ભારે ભાવથી શ્રીહરિની પૂજા-અર્ચના કરી.

વડતાલના આવ્યા હરિજન, પ્રભુ પૂજવા થઈ પ્રસન્ન; હાર ચંદન લઈ શણગાર, પૂજ્યા પ્રીતે પ્રભુ વારંવાર...૩૧
પૂજ્યા પ્રભુને તે કરી પ્યાર, ચંદન ચરચી પે'રાવ્યા હાર; કરી ધૂપ દીપ ને આરતી, થયા રાજી અતિ સંતપતિ...૩૩
કર્યા સંધ્યા ટાણે દીવા ઘણા, પૂરી દીપમાળા ન રાખી મણા; ચારે કોર હવેલિયું છાજે૧, ત્રણ માળે દીવા ત્યાં બિરાજે...૩૪
કર્યા મંદિર ઉપર દીવા બહુ, તેજ તેજ પદારથ સહુ; મેતાબ મશાલ બપોરિયા બળે, જાણે અક્ષરધામ ઝળમળે...૩૫
શોભે તેજમાં મૂર્તિ અપાર, નીરખે સંતજન નરનાર; જેણે હરિમુખ જોયું નિહાળી, તેનું નામ જાણો દિવાળી...૩૬
કરી ભોજન વ્યંજન બહુ ભાત, પૂર્યો અન્નકોટ થઈ રળિયાત; જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતી તેહ વારે...૩૭
પછી જમ્યા તે ભક્તિનંદન, પૂરી પકવાન રૂડાં વ્યંજન; પછી જમાડ્યા સખા ને સંત, પીરસી લાડુ હાથે ભગવંત...૩૮

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૮૧)

એક અન્નકૂટ ઉત્સવનું શ્રીહરિલીલામૃત ગ્રંથમાં વર્ણન કરતાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ લખે છ :

બ્રહ્મચારી કહે સૂણો ભૂપ, કહું કૃષ્ણચરિત્ર અનૂપ; એક અવસરે શ્રીમહારાજે, અન્નકૂટના ઉત્સવ કાજે...૨
ગઢપુરમાં રહી મન ધાર્યું, વરતાલ જવાને વિચાર્યું; સંતમંડળને લઈ સંગે, મનમોહન ચાલ્યા ઉમંગે...૩
ગયા સારંગપુર ઘનશ્યામ, ત્યાંથી દર્શન દઈ બહુ ગામ; આવ્યા વરતાલમાં વૃષનંદ, પામ્યા સત્સંગી સર્વ આનંદ...૪
ધનતેરશનો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો; આવી કૃષ્ણચતુર્દશી જ્યારે, પૂજ્યા પવનના પુત્રને ત્યારે...૬
આવી બીજે દિવસ તો દિવાળી, દીપમાળા રચાવી રુપાળી; મહારાજ તે વચ્ચે બિરાજ્યા, છબિલો તે સમે બહુ છાજ્યા...૭
ફરી રાસમંડળ તણી રીતે, ગાઈ ગર્બિયો સંતોએ પ્રીતે; અન્નકૂટ કર્યો દિન બીજે, તેનું વર્ણન કેમ કરીજે...૮
પકવાન્ન અનેક પ્રકાર, ગણતાં નવ પામિયે પાર; શાક પાક અથાણાં અનેક, ભર્યાં પાત્ર કરીને વિવેક...૯
વાજે ભુંગળ તાલ મૃદંગ, જનમન ન સમાય ઉમંગ; બેઠા જમવાને જગદાધાર, નિરખી હરખે નરનાર...૧૦
પછી સંતોને જમાડ્યા, એમ સંતોષ સૌને પમાડ્યા; ધન્ય નારાયણગિરિ બાવો, જેણે લીધો અલૌકિક લાવો...૧૧
ધન્ય ધન્ય તેનો મઠ એહ, જયાં તીર્થભૂમિ સહ તેહ; જહાં પ્રગટ પ્રભુજી બિરાજ્યા, કોટિ બ્રહ્માંડ રાજાધિરાજ...૧૨
તહાં આવી પ્રબોધિની જ્યારે, થયો સારો સમૈયો તે વારે; અહો ભૂપતિ એવાં ચરિત્ર, કેમ વિસરે પરમ પવિત્ર...૧૩
પછી જનને કહે પરમેશ, હવે સૌ જન જાઓ સ્વદેશ; નિજ દેશ ગયાં નરનારી, ગયા ગઢપુર શ્રીગિરિધારી...૧૪

(શ્રીહરિલીલામૃત : ૭/૬૬)

• હિંડોળા ઉત્સવ લીલા :

વડતાલના હરિભક્તોએ ભગવાન શ્રીહરિને અનેક રીતે લાડ લડાવ્યા હતા, તેમાં પણ હિંડોળામાં ઝૂલાવીને ખૂબ દિવ્ય લ્હાવો લીધો હતો. એક ફૂલદોલોત્સવ પર બાર બારણાંનો હિંડોળો બનાવડાવી, વડતાલના હરિભક્તોએ અનન્ય ભાવ વ્યક્ત કર્યો. ભગવાન શ્રીહરિએ પણ ૧૨ દિવ્ય સ્વરૂપે આ હિંડોળામાં સહુને દર્શન આપ્યાં. શ્રીહરિને હિંડોળે ઝૂલાવવાના વડતાલના ભક્તોના મનોરથને પણ માણીએ.

વડતાલમાં વિવિધ સ્થળોએ વડતાલના હરિભક્તોએ હિંડોળા બનાવેલ. હાલના જ્ઞાનબાગ ખાતે આવેલ આંબલા પર, ઓટાથી ઉગમણી દિશાએ આવેલ આંબલી પર, નારાયણગિરિ બાવાજીની આંબલીએ હિંડોળા બનાવ્યો હતો. સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ ગાયું છે :

વ્રતપુરીમાં વારમવાર રે, આવી આવીને ધર્મકુમાર રે; આપે આનંદ અક્ષરવાસી રે, પ્રાણજીવન પ્રીત પ્રકાશી રે...૦૩
મોટે આંબલે આનંદરૂપ રે, બેઠા હિંડોળે મહામુનિ ભૂપ રે; આંબલાની ઉગમણી ડાળ રે, બાંધ્યો નિષ્કુળાનંદ દયાળ રે...૦૪
બની બિરાજિયા બહુનામી રે, છબી ધામ સહજાનંદસ્વામી રે; અંગોઅંગ ધરી શણગાર રે, શોભે રસિયો ધર્મકુમાર રે...૦૫
પંચ વર્ષનો આંબલો હતો રે, થયો ચૌદ ભુવનમાં તે છતો રે; આંબે બાજરિયે બીજીવાર રે, બેઠા હિંડોળે પ્રાણઆધાર રે...૦૬
પગી જોબન ભક્ત ઉદાર રે, બંધાવ્યો હિંડોળો તે સાર રે; તિયાં બિરાજિયા અલબેલ રે, છબી ધામ છોગાવાળો છેલ રે...૦૭
ઓટાથી ઉગમણી આંબલી રે, બાંધ્યો હિંડોળો શોભા ભળી રે; રણછોડબાપુ ભૈયે રસ રીતે રે, બંધાવ્યો હિંડોળો પ્રીતે રે...૦૮
બેઠા બની ઠની બહુનામી રે, પોતે અક્ષરધામના ધામી રે; બેઉ આંબે હિંડોળો ઉદાર રે, બાંધ્યો નિષ્કુળાનંદજીએ સાર રે...૦૯

તેની શોભા કહી નવ જાય રે, બેઠા હિંડોળે મહા મુનિરાય રે; ધર્યો મુગટમણિ મહારાજ રે, કીધાં કોટીક જનનાં કાજ રે...૧૦
હતા પંચના આંબા એહ રે, બેઠા હિંડોળે શ્રીહરિ તેહ રે; નારણગિરિની આંબલિયે આપ રે, બેઠા હિંડોળે પ્રબળ પ્રતાપ રે...૧૧
બેસી હિંડોળે દર્શન દીધાં રે, કંઈક જનનાં કારજ કીધાં રે; શોભે શિર પર સુંદર પાઘ રે, છોગાં સહિત ઝૂકી વામ ભાગ રે...૧૨
(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૧૦૪)

• પુષ્પદોલોત્સવ (રંગોત્સવ) :

શ્રીસત્સંગિજીવન :

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી રચિત શ્રીસત્સંગિજીવન ગ્રંથના પ્ર.૩, અ.૪૭ થી અ.૬૪માં વડતાલમાં ઉજવાયેલા પુષ્પદોલોત્સવનું વર્ણન કરવામાં આવેલ છે. આ પુષ્પદોલોત્સવ કયા વર્ષમાં ઉજવાયો તેને ઉલ્લેખ અ.૪૭ ના ૧૨માં શ્લોકમાં થયો છે : '....ભગવાન શ્રીહરિ વિકૃત નામના સંવત્સરમાં ફાગણ શુક્લ છઠને દિવસ વડતાલ નગર પ્રત્યે જવા રવાના થયા.'

શ્રીહરિચરિત્રામૃતસાગર :

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી રચિત શ્રીહરિચરિત્રામૃતસાગરમાં વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવ ઉજવાયાના ઉલ્લેખ મળે છે.

૧. પૂ૨-૧૬, તરંગ ૪૯ થી તરંગ ૬૭માં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે. વડતાલના હરિભક્તોએ, શ્રીહરિની આજ્ઞા મેળવી નિષ્કુળાનંદ સ્વામી પાસે ૧૨ બારણાંનો હિંડોળો આ ઉત્સવ માટે બનાવડાવેલ તેની વિગત વર્ણવાઈ છે.

૨. પૂ-૧૭, તં-૨૭ થી તં-૪૨ માં વડતાલમાં ઉજવાયેલ એક પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે. તં-૨૨ અને ૨૩માં શ્રીહરિએ સંતો સાથે ચર્ચાવિચારણા કરી વડતાલમાં પષ્પદોલોત્સવ ઉજવવાનું નક્કી કર્યું અને તે સંદર્ભે વડતાલ રહેતા ભાઈ રામદાસજી સ્વામી પર પત્ર લખ્યો. વડતાલના ભક્તો રાજી છે તેવો ભાઈ રામદાસજી સ્વામીનો પત્ર આવતાં શ્રીહરિ ગઢડાથી વડતાલ જવા નીકળ્યા.

આ ઉત્સવમાં સંતોએ શ્રીહરિને ચણોઠીથી શણગારેલા. (પૂ.૧૭, તં.૩૧, શ્લો-૩૩ થી ૩૭) તો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'સારો રંગીન હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો' (તં-૩૬, શ્લોક ૧-૭) લહેરી ચિદાનંદ સ્વામી દ્વારા વગાડાતી નોબતનો આ ઉત્સવમાં ઉલ્લેખ થયો છે. (તં-૩૮, શ્લો.૨૨) પછી શ્રીહરિ કુબેરદાસ પટેલના કૂવે સ્નાન કરવા ગયા. (તં. ૪૨, શ્લો-૨)

૩. પૂ-૨૬, તં-૭૦ માં એક પુષ્પદોલોત્સવ વડતાલમાં ઉજવાયાનું વર્ણન છે. વડતાલ ખાતેહિ 'ભગવાન દ્વારકાધિશ બધા તીર્થોને સાથે લઈને વડતાલ આવ્યા ત્યારે' પણ શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ઉજવેલ, જેનું ટૂંકમાં વર્ણન અહીં આપવામાં આવેલ છે.

૪. પૂ.૨૯, તં.૨૨માં લખાયા મુજબ વધુ એકવખત ભગવાન શ્રીહરિએ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવ્યો હતો. શ્રીહરિ વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવતા હતા. એ માટે શ્રીહરિએ સ્વયં ૩૨ ઈંટો પણ ઉપાડેલી. એ વર્ષે શ્રીહરિ ચૈત્રી પૂનમ સુધી વડતાલ રહેલા, અને તે દરમ્યાન હુતાશનીનો ઉત્સવ ઉજવ્યો હતો.

શ્રી ભક્તચિંતામણિ :

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'શ્રીભક્ત ચિંતામણિ' ગ્રંથમાં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કર્યું છે. તેમાં બે વાત ખાસ નોંધવા લાયક છે :

૧) **પછી સખે કર્યો' તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો; બાર બારણે ઓપે અનૂપ, જોયા જેવું છે જાણિતું રૂપ...૧૭**
નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ બાર બારણાંવાળો હિંડોળાનો ઉલ્લેખ છે :

૨) **એમ ઉત્સવ કર્યો અવિનાશે, કરાવ્યો બાપુ રણછોડદાસે; કરી વરતાલ દેશ વિદિત, ધન્ય નર એ નારીની પ્રીતિ...૩૯**
કર્યો ઉત્સવ જગજીવને, ફાગણ સુદી પુન્યમને દને; તે દિ સુંદર ઉત્સવ કરી, પછી પાંચાળે પધાર્યા શ્રીહરિ...૪૦
પ્રકરણ-૭૩માં વડતાલના બાપુ રણછોડદાસે આ ઉત્સવ કરાવેલો તેમ નિષ્કુળાનંદ સ્વામી ઉલ્લેખ કરે છે.

'શ્રી ભક્તચિંતામણિ' પ્રકરણ ૭૪માં પણ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવાયાનું વર્ણન છે. આમાં વર્ણવાયું છે કે, ભગવાન શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ ઉજવવા સ્થળ શોધવાનું સંતોને જણાવ્યું અને સૌએ વડતાલ જ સૂચવ્યું. તેમાં ગવાયું છે :

પણ જળ છાયાની જુગતિ, વરતાલ જેવી બીજે નહિ...૧૪
વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ; સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ...૧૫
જાઓ તમે ત્યાં મોર્યથી, સારો કરાવજો સમાજ; આ દિને અમે આવશું, એમ બોલિયા મહારાજ...૧૬

પરંતુ આ પુષ્પદોલોત્સવ માટે રંગ ભરવાની મુશ્કેલી પડતી. આથી ભગવાન શ્રીહરિએ વડતાલ ખાતે બે હોજ કરાવવા ખાસ સૂચવ્યું :

વારમવાર વર્ષોવર્ષે, હલવાંમણ્ય છે હોજની; કરો ચિરાબંધ ચોકસી, થાય સુંદર રમત્ય મોજની...૧૭
પછી પાકા હોજ કરાવીને, એક ચોતરો ચણાવિયો; અલબેલાને બેસવા, સુંદર સારો બણાવિયો...૧૮

શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર :

સદ્‌ગુરુ શ્રી માધવદાસજી સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર'ના તરંગ ૧૪૫ અને ૧૪૬માં 'શ્રીહરિએ કરેલા સમૈયા-ઉત્સવો'ની યાદી આપી છે. તે મુજબ, ચાર વખત શ્રીહરિ વડતાલ હોળી રમવા પધાર્યા હતા.

આવ્યા વડતાલ હરિ રમવા, મહામુક્ત તણે મન ગમવા; ખૂબ મેડે વળી રંગરેલ, થયું ફળિયું રેલમછેલ...૨૪

આ પ્રસંગ વડતાલ ખાતે જોબનપગીના ઘરે ઉજવ્યો હતો. તેનું વર્ણન સ્વામીએ તરંગ ૨૮માં કર્યું છે :

વડતાલે આવ્યા તત્કાળ, થાળ કર્યો ને જમ્યા દયાળ...૩૫
વળી હેજ કરાવ્યા ઍંછે હરિ, પિચકારી વાલે હાથ ધરી;
રમતાં આકળા થયા ધર્મતાલ, કરતાં લીધી ધીરજવાન ઢાલ...૩૬
બહુ રંગે રમ્યા સુખધામ, ખૂબ રમ્યા છે પૂરણકામ;

વડતાલ ખાતે ઉજવાયેલ આ પુષ્પદોલોત્સવનું વર્ણન સ્વામીએ તરંગ ૪૬માં કર્યું છે :

વડતાલે આવ્યા છે વાલમ, મુનિ સહુને પડી માલમ...૪૦
જમ્યા પ્રીતે કરી હરિ થાળ, પછી જમાડ્યા મુનિ મરાળ;
હેમ વસ્ત્ર ને ઘરેણાં પેરી, શિર મુકટ કલગી ધરી...૪૧
પછી રંગે રમ્યા કિરતાલ, અને ઘોડે થયા અસવાર;
એ સમૈયો કરી સુખધામ, આવ્યા ગઢડે પૂરણકામ...૪૨
હોરી ફાગ તે રમવાને કાજ, આવ્યા વડતાલે શ્રીમહારાજ...૫૧

વડકાલમાં જોબનપગીના ઘરે ભગવાન શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો તેનું વર્ણન સદ્‌ગુરુ માધવદાસજી સ્વામીએ 'શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર' ગ્રંથના તરંગ ૨૮ કડી ૩ થી ૪૧ સુધી કર્યું છે. તેમજ બીજા એક પુષ્પદોલોત્સવનું વર્ણન તરંગ ૪૬ કડી ૧ થી ૪૫ સુધી કર્યું છે.

વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવની ઉજવણી :

વડતાલમાં ભગવાન શ્રીહરિએ ચાર વખત પુષ્પદોલોત્સવ ઉજવ્યા તેમ સ્પષ્ટ થાય છે.

૧. શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ઉજવવા સંતો સાથે ચર્ચા કરી, વડતાલ પસંદ કર્યું અને ભાઈ રામદાસજી સ્વામીને તે માટે જણાવ્યું, તદનુસાર ઉજવાયેલ પુષ્પદોલોત્સવ. આ પ્રસંગે સંતોએ શ્રીહરિને ચણોઠીથી સજાવેલ, નિષ્કુળાનંદ સ્વામીએ બે આંબા વચ્ચે હિંડોળો બાંધેલ, રંગોત્સવ પછી શ્રીહરિ કુબરેદાસ પટેલના કૂવે સ્નાન કરવા ગયેલા ને તે વર્ષે તેઓ 'સાડત્રીશ' વર્ષના હતા. 'શ્રીભક્તચિંતામણિ' ગ્રંથમાં પણ (પ્ર. ૭૪) આ ઉલ્લેખ છે. આ વર્ષ સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૭)નું હતું.

૨. શ્રીહરિનાં પરિવારજનો પ્રથમ વખત વડતાલ પધાર્યા તે જ સમયે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો હિંડોળો બનાવેલ અને તેમાં શ્રીહરિએ ૧૨ દિવ્ય સ્વરૂપે દર્શન આપેલ. આ બે ઘટનાવાળો પુષ્પદોલોત્સવ. 'શ્રીસત્સંગિજીવન' (પ્ર-૩) અને 'શ્રીહરિચરિત્રામૃતસાગર' (પૂ- ૧૬, ત- ૪૯ થી ૬૭)માં આ પુષ્પદોલોત્સવનું વર્ણન થોડા ઘણા ફેરફાર સાથે, આપવામાં આવેલ છે. 'શ્રીભક્તચિંતામણિ' (પ્ર- ૭૩)માં પણ આ ઉલ્લેખ છે. આ વર્ષ સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)નું હતું.

૩. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' માં જણાવ્યા પ્રમાણે, વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવવા શ્રીહરિ જ્યારે વડતાલ રહેલા અને ૩૨ ઈંટો પોતાના માથે ઉપાડેલી તે વર્ષે પણ શ્રીહરિએ વડતાલ ખાતે 'પુષ્પદોલોત્સવ' ઉજવ્યો હતો. આ વર્ષ હતું સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)નું હતું

૪. વડતાલ ખાતે ભગવાન દ્વારકાધીશ બધાં તીર્થો સહિત પધાર્યા ત્યારે શ્રીહરિ વડતાલ આવેલા અને 'પુષ્પદોલોત્સવ' ઉજવ્યો હતો. આ વર્ષ હતું સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૭)નું હતું.

આમ, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનાં મુખ્ય ધર્મશાસ્ત્રોમાંની વિગતો મુજબ, ભગવાન શ્રીહરિએ ચાર વખત વડતાલ ખાતે પુષ્પ દોલોત્સવ ઉજવ્યો હતો.

આ પુષ્પદોલોત્સવ દરમ્યાન બનેલી ઘટનાઓનાં વર્ષ શોધી અહીં પુષ્પદોલોત્સવનાં વર્ષ નોંધ્યા છે. કોઈપણ ગ્રંથમાં આ ઉત્સવની સાલ નોંધવામાં આવી નથી. વળી, આપણાં ગ્રંથોમાં ભગવાન શ્રીહરિનાં ઐશ્વર્ય અને લીલાઓ લેખકોએ પોતપોતાની રીતે, પોતાના ધ્યેયને ધ્યાનમાં રાખી, પૂરી અથવા અધૂરી નોંધી છે. આ તમામને ધ્યાનમાં લઈ અહીં વડતાલમાં થયેલ 'પુષ્પદોલોત્સવ' વર્ણવ્યા છે.

વડતાલમાં ઉજવાયેલ ચાર પુષ્પદોલોત્સવનાં વર્ણન પણ સંપ્રદાયના ગ્રંથોમાં આપવામાં આવ્યાં છે. એના આધારે આ ચાર પુષ્પદોલોત્સવની વિગતો અહીં સારાંશ રૂપે નોંધી છે. આશય એટલો જ છે કે, ભગવાન શ્રીહરિની લીલાઓનો આપણને શાબ્દિક પરિચય પ્રાપ્ત થાય.

● રથયાત્રા ઉત્સવ :

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી વડતાલ ખાતે ઉજવાયેલ રથયાત્રાના ઉત્સવનો ઉલ્લેખ કરતાં લખે છે :

વરતાલમાં શ્રીવૃષલાલે, રથયાત્રા કરી તેહ કાળે; આસપાસના હરિજન આવ્યા, સૌને આનંદ ઉર ઉપજાવ્યા.

(શ્રીહરિલીલામૃત : ૭/૨૩/૧૮)

ગઢડાથી વડતાલ ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે પધાર્યા ત્યારે ઉનાળાનો સમય હોવાથી આસપાસનાં ગામોમાં વિચરણ કરીને જે તે ગામોના હરિભક્તોની રસ રોટલીની રસોઈ સ્વીકારી હતી.

● વસંતપંચમી ઉત્સવ :

વડતાલમાં ભગવાન શ્રીહરિએ સં. ૧૮૮૨ના મહા સુદ પાંચમે શિક્ષાપત્રીની રચના કરી. આ દિવસ વસંતપંચમીનો હતો. તેથી શ્રીહરિએ વસંતપંચમીની ઉજવણી પણ કરી.

'સ્વામિનારાયણ વિચરણ લીલામૃત' (પૃ.૧૦૩૦ થી ૧૦૩૧)માં નોંધાયું છે :

એવી રીતે પત્રી લખાવીને મહારાજ પાટ ઉપર આવીને ઊભા ને એક કોરે અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી, કાઠી ને પાળા ને એક કોર સાધુ, બ્રહ્મચારી, હરિજન ને ઈચ્છારામભાઈ તે રમવા લાગ્યા. તે રામપ્રતાપભાઈ ડફ વગાડે ને હોરી ગાઈ જે, 'હોરી ખેલે રઘુવીરા અવધ મેં હોરી ખેલે રઘુવીરા.'

એવી રીતે મંદિરને પછવાડે રંગની ઝડી મચી ને ગુલાલ ઊડી રહ્યો છે. ને મહારાજને ઘેરી લીધા ને ભારે ધૂમ મચી. પછી મહારાજ કહે, "હવે જમવાને અસૂર (મોડું) થાય છે." એમ કહીને પાટ ઉપરથી ઊતર્યા ને ઉતારે પધાર્યા ને સંત ને બ્રહ્મચારી ને હરિજન તે સર્વે ગોમતીએ ના'વા ગયા. ને મહારાજ વસ્ત્ર ઉતારીને ના'યા. ને વસ્ત્ર પહેરીને થાળ જમવા બિરાજ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને ધર્મશાળામાં સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પલવટ વાળીને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. એમ પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. ને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. ને અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી એ બેય પૂજા કરવા આવ્યા. તે ચંદનની અર્ચા કરીને કંકુમનો ચાંદલો કર્યો, ને ફૂલના હાર પહેરાવ્યા, ને તોરા ને ગુચ્છ ને બાજુબંધ ને ગજરા તે પહેરાવ્યા, ને ચરણારવિંદને ચંદન ચર્ચીને છાતીમાં લીધાં ને પગે લાગ્યા, ને મહારાજ પોઢ્યા.

જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને ઘોડીએ અસવાર થઈને ગોમતીએ પધાર્યા ને ઘોડીએથી ઊતરીને ગોમતીને કાંઠે બિરાજ્યા. ને ગોમતી ખોદાય ને ધૂળ મંદિરમાં લેવાતી જાય, ને હરિજન ફૂલના હાર પહેરાવે. પછી મહારાજ ઢોલિયા ઉપર ઊભા થયા ને ગોમતીના ખોદનારા જે સંત ને હરિજન તેમને હાર આપ્યા. પછી ઘોડીએ અસવાર થયા. ને સંત ને હરિજન તે જેમ ઊપડે તેમ મૃતિકા લિયે, ને ફાંટો બાંધીને મહારાજની સાથે ચાલ્યા. ને મહારાજને માથે સોનાને ઈંડે છત્ર બિરાજે છે. ને મુખારવિંદ આડો રૂમાલ રહી ગયો છે, ને કંઠમાં ને પાઘ ઉપર પુષ્પના હાર ઝૂકી રહ્યા છે. તેવી શોભાએ સહિત મંદિરમાં પધાર્યા.

અને ઘોડીએથી ઊતરીને પાટ ઉપર બિરાજ્યા. ને ગવૈયા સંત વાજાં લઈને વસંતના પદ બોલવા લાગ્યા. પછી મશાલો થઈ ને લક્ષ્મીનારાયણની આરતી થઈ, ને નારાયણ ધૂન કરી અને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી પ્રશ્ન - ઉત્તર થવા લાગ્યા. પછી મહારાજે શુકમુનિ પાસે શિક્ષાપત્રી મંગાવી ને નિત્યાનંદસ્વામીને વાંચવા આપી. પછી હજારો મનુષ્ય સાંભળે તેમ નિત્યાનંદસ્વામીએ

વાંચી ને સર્વે રાજી થયા. પછી મહારાજ કહે, ''કોઈક માંહી શંકા જણાતી હોય તો બોલો.'' ત્યારે સંત ને હરિજન સર્વે હાથ જોડીને બોલ્યા, જે, ''હે મહારાજ! તમારા લખ્યામાં શંકા શેની હોય?'' પછી મહારાજ કહે, ''અમે વડતાલ ધામમાં રહ્યા છીએ તેથી નામ લખ્યું છે.'' પછી 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા. પછી જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને થાળ નિત્યાનંદસ્વામીને મોકલાવ્યો ને પોઢ્યા.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ-૮૯)

● યજ્ઞોપવિત સંસ્કારવિધિ :

સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯) માં ફૂલદોલનો ઉત્સવ પૂર્ણ થયા પછી વડતાલમાં ભગવાન શ્રીહરિએ 'યજ્ઞોપવિત સંસ્કારવિધિ' યોજેલી. આ પ્રસંગે ત્રણ બ્રાહ્મણ બટુકોને જનોઈ આપવામાં આવેલી. ડભાણના દયારામ, માણસાના અનોપરામ અને વડથલના જાદવજીના દીકરાઓને જનોઈ વગરના જોઈ શ્રીહરિએ આ ત્રણેય વિપ્ર બાળકોને જનોઈ આપવાનું વિચાર્યું. વડતાલના બામણોલીના ફળિયામાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવી હતી. જનોઈ આપવામાં આવેલ બટુકોને ગાયત્રી મંત્રનો ઉપદેશ શ્રીહરિએ આપ્યો હતો. બડવો દોડીને આ ત્રણ બટુકો જ્ઞાનબાગ સુધી દોડેલા, જ્યાંથી તેમને પરત લાવવામાં આવ્યા ત્યારે શ્રીહરિએ ત્રણ પાઘડિયો આ ત્રણ બટુકોને પહેરાવી હતી. આ ત્રણ પાઘડીયો જૂસાજી પગી લાવ્યા હતા. શ્રીહરિએ આ પ્રસંગે હાજર તમામ બ્રાહ્મણોને દાન આપ્યા અને સૌને ભોજન કરાવ્યું હતું.. 'શ્રીહરિલીલામૃતમ'માં આ પ્રસંગ વર્ણવાયો છે :

ત્રણ દ્વિજસુતને ઉપવીત, આપ્યાં તેની કહું સુણો રીત; જોશી ડભાણના દયારામ, માણસાના તો અનોપરામ...૩૦.
વડથલના જાદવજી નામ, તેહ ત્રણે બાળકને તે ઠામ; ઉપવીત વગરના જ જોઈ, ધાર્યું જીવને દેવા જનોઈ...૩૧
મહૂરત જુગતે જોવરાયું, તે તો થોડા દિવસમાં આવ્યું; બામણોલિયાના ફળિયામાં, રચ્યો મંડપ તેહ સમામાં...૩૨
ઘર ગંગામાને રહેવાનું, હતું ત્યાં રસોઈ કરવાનું; ત્રણ દ્વિજને જનોઈ ત્યાં દીધી, વિધિ વેદોક્ત તે સર્વ દીધી...૩૩
મંત્ર ગાયત્રિનો ઉપદેશ, પ્રીતે પોતે દીધો પરમેશ; બડવા ત્રણેને ત્યાં દોડાવ્યા, જ્ઞાનબાગ સુધી એ તો આવ્યા...૩૪
વાજતે ગાજતે ત્યાંથી લાવ્યા, લાવી મંડપમાં પધરાવ્યા; અવિનાશીયે એ સ્થળે આળી, ત્રણ પાઘડીઓ ત્યાં મંગાવી...૩૫
પગી જુસજીય દીધી લાવી, બડવા ત્રણેને તે બંધાવી; નાત નાતના બ્રાહ્મણ જેહ, જગદીશે જમાડિયા તેહ...૩૬
દીધાં દક્ષિણાદાન અપાર, જન સૌ કહે જય જયકાર; એમ વાલે વસી વરતાલ, ઘણી લીલા કરી તેહ કાળ...૩૭

(શ્રીહરિલીલામૃત : ૭/૬૨)

ધર્મકુળના ઈચ્છારામભાઈ અને વળિયાળીબાઈના સુપુત્ર સીતારામનો પણ ધારુ તળાવ ગળાવીને ગોમતીજી પ્રતિષ્ઠિત કર્યાના પ્રસંગ બાદ વડતાલ ખાતે યજ્ઞોપવિત સંસ્કારવિધિ કરવામાં આવ્યો હતો.


ચૈત્ર શુકલ દશમ દિન જોઈ, સીતારામને દીધી જનોઈ, ૧૧
મંડપ મોટો મેદાન, સર્વ જાણીને વેદવિધાન; ઈચ્છારામને વળિયાળીબાઈ, ગ્રહશાંતિ કરી સુખદાઈ...૧૨
કર્યા સંસ્કાર એણે અશેષ, દીધો શ્રીજીએ મંત્રોપદેશ; પોંચી ને દોરો કાંચન કેરો, આપ્યો પોશાક સરસ ઘણેરો...૧૩
હરિભક્તોએ પણ તેહ કાળ, આપ્યા પોશાક ને ધનમાલ; તેહ લખવાને બેઠા ઠક્કર, ગામ બૂધેજના પીતાબંર...૧૪
આવી ઊભી તહાં અષ્ટસિધ્ધિ, જહાં કૃષ્ણ તહાં નવ નિધિ; સંત બ્રાહ્મણ ભોજન કીધાં, દક્ષિણા દાન વિપ્રોને દીધાં...૧૫

(શ્રીહરિલીલામૃત : ૮/૪૫)

● ગોમતીજી સ્થાપના :

એકવખત બ્રહ્માનંદ સ્વામીનો પત્ર આવતાં ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલ પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ ત્રણ મંદિરના પાયા અને સાડા નવ ગજનો ઓટો કર્યો તે મહારાજને દેખાડ્યો. ને એમ કહ્યું જે, ''આટલો ઊંચો કર્યો ત્યારે આથમણા ખેતર બરોબર આવ્યો છે. એટલી આ મંદિરની પૃથ્વી નીચી છે.'' બ્રહ્માનંદ સ્વામીની વિનંતી થકી, શ્રીહરિ બાઈભાઈ, પરમહંસ, બ્રહ્મચારી, પાળા સૌને ઈંટવાડેથી ઈંટો લાવવા જણાવ્યું.

બીજે દિવસે શ્રીહરિ ઘોડીએ અસવાર થઈને ધારુ તલાવડીએ પહોંચ્યા. જ્યાં હમણાં છત્રી છે ત્યાં ઢોલિયે બિરાજ્યા. મુનિમંડળ, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે પગે લાગીને બેઠા. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, ''સૌ સાંભળજો, આજથી આ તલાવડીનું નામ ગોમતી છે. સર્વે એને ગાળવા માંડીએ. અને તેનો ગાળ કાઢીને મંદિરમાં પૂરણી કરવી છે.''



પછી ગોમતીમાં ઘોડી ફેરવી. પાવડા ને કોદાળી મંગાવીને ખોદવા માંડ્યા. તે મહારાજ કહે, "ભરો ફાંટુ ને ચાલો." તે જેમ રામચંદ્રજીનું સૈન્ય સમુદ્ર બાંધવા ચાલ્યું. દેશદેશના હરિજન તે સર્વેએ શાલો, દુશાલા ને ભારે ભારે વસ્ત્રમાં ગોમતીની માટી બાંધવા માંડ્યા. તે કોઈકે માથે લીધીને કોઈકે ખભે લીધી. ઓટાને ફરતી પૂરણી પુરાવા માંડી. મશાલો લઈને મહારાજ પણ અડધીઅડધી રાત જાગી બિરાજે.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ-૬૨)

● ભગવાન શ્રીહરિની જળક્રીડા :

વડતાલ તો જળ અને ઝાડની ભૂમિ. શ્રીહરિએ અહીં જળક્રીડાઓ કરેલી. એક વખત વડતાલ અઢાર જોડ ત્રાંસા વાગતે થકે મહારાજ ધના તળાવે સ્નાન કરવા પધાર્યા. ત્યાં રંગભીનાં વસ્ત્રો ઉતારીને જોબનપગીને આપ્યાં અને શ્વેત વસ્ત્રને પહેરીને તળાવમાં ન્હાવા સારૂ પ્રવેશ કર્યો. સ્નાન કરતાં સુરાખાચરને કહ્યું કે, "તમો ક્ષત્રિયોને આ સાધુઓએ હરાવ્યા, માટે હવે ઢાંકણીમાં પાણી ભરીને બૂડી મરો." આવાં વિષમ વચનો સાંભળીને સુરાખાચાર કહ્યું કે, "હે મહારાજ ! અમને એ બાવાઓ કાણું હરાવે ! જો હું અને આ બ્રહ્માનંદ તળાવમાં એક સાથે ડૂબકી મારીએ અને જે પહેલો નીકળે કે હાર્યો કહેવાય." અને સુરાખાચરે ડૂબકી મારી તથા બ્રહ્માનંદ સ્વામીએ ડૂબકી મારી.

સુરાખાચર તો થોડીવાર પાણીમાં રહીને બહાર નીકળ્યા. અને બ્રહ્માનંદ સ્વામી નીકળવાના થયા તેટલામાં સુરાખાચર ફરીથી ડૂબકી મારી ગયા. બ્રહ્માનંદજી બહાર નીકળીને જોવા ગયા ત્યારે સુરાખાચર બહાર નીકળેલા નહિ. ત્યાર પછી નીકળ્યા અને મહારાજને કહ્યું કે, "બ્રહ્માનંદ સ્વામી હાર્યા." તેથી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, "ભગવાન થઈને તમો પણ કેમ કપટ કરો છો?" ત્યારે મહારાજે કહ્યું કે, "અમારૂં કપટ નથી પણ સુરાખાચરનું છે." આ રીતે બહુ રમૂજ કરી.

● આચાર્ય સ્થાપના ઉત્સવ :

ભગવાન શ્રીહરિએ પોતાના બે ભાઈઓના બે પુત્રો શ્રીરઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજીને દત્તક લઈ સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ આચાર્યપદે સ્થાપના કરી આરતી ઉતારી ઉત્સવ કર્યો હતો.

● શ્રીસત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ : સંપ્રદાયનું પ્રથમ પારાયણ

ભગવાનશ્રી સ્વામિનારાયણના અંતર્ધાન થયા પછીના વડતાલના ઈતિહાસમાં સં. ૧૯૧૨ના અધિક અષાઢ સુદ ૪ (ઈ.સ.

૧૮૫૬)ના રોજ સંપ્રદાયમાં પહેલું વહેલું કથાપારાયણ યોજવામાં આવ્યું. કાર્તિક સુદ ૧૧, સં. ૧૯૧૩ના રોજ આ પારાયણની પૂર્ણાહુતિ થયેલી. આ પારાયણ પુરા પાંચ માસ અને અગિયાર દિવસ ચાલી હતી.

આ શ્રીમદ્ સત્સંગિજીવન છાવણીનું આબેહુબ વર્ણન આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં પ્રથમ સ્કંધમાં અધ્યાય ૬ થી ૯ અધ્યાય સુધી તથા ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ રચિત 'શ્રીહરિલીલામૃત'ગ્રંથમાં કળશ - ૧૦ના ૯/૧૦માં વિશ્રામમાં પણ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. એ બંને વર્ણનના મહત્ત્વના મુદ્દા આ પ્રમાણે છે.

- આ પારાયણના પ્રયોજક અને મુખ્ય શ્રોતા વડતાલ દેશના પીઠાધિપતિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી હતા.

- સંતોની ધર્મશાળા કહેવાય છે તે સ્થળે આ પારાયણ યોજવામાં આવી હતી.

- કથા સવાર - બપોર - સાંજ એમ ત્રણ સમય વાંચવામાં આવતી.

- કથાના વક્તાપદે પંડીત ભોળાનાથ ભટ્ટની વરણી કરવામાં આવી હતી. એમની મદદમાં એમના પ્રિય રાજારામની નિયુક્તિ કરવામાં આવી હતી.

- કથાના વક્તાશ્રી ઉપરાંત આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી તથા ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સંત પણ કથાવાર્તાનો લાભ આપતા હતા.

- કથા દરમ્યાન સંતોને આચાર્ય મહારાજશ્રીએ પ્રતિદિન ભાતભાતની રસોઈ આપી હતી.

- કથા દરમ્યાન હરિભક્તો માટે રસોડાં ચલાવવામાં આવેલ છતાં પણ જેને જે જોઈએ તે વસ્તુ કોઠારમાંથી નામું લખ્યા વગર આપવામાં આવતી હતી.

કથાના પૂર્ણાહુતી પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ વ્યાસપીઠ પર બિરાજમાન ભોળાનાથ ભટ્ટનું પૂજન કરી, ભેટ પૂજા કરી, શણગારેલા અશ્વ પર બેસાડી વાજતે ગાજતે ઘરે વિદાય કર્યા હતા. વડતાલ ગામે આ અભૂતપૂર્વ જ્ઞાનસત્ર પ્રસંગે સર્વ પ્રકારની સેવાઓ પૂરી પાડેલી.

●●●

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું વૃંદાવન એટલે વડતાલધામ

સંપ્રદાયમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ઐતિહાસિક દૃષ્ટિએ સમૃદ્ધ કહી શકાય એવા ઘણા ગામો અને શહેરો છે. એ સ્થળોની સરખામણીમાં વસ્તી, વેપાર, વ્યવહાર અને શિક્ષણ-સંપત્તિ વગેરે દૃષ્ટિએ વડતાલ તો એક નાનું ગામ ગણાય. પરંતુ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે એ બધા સ્થળોમાં એકમાત્ર વડતાલને પ્રિયાતિપ્રિય સ્થાન ગણીને 'તીર્થોમાં શિરોમણિ મોટું ધામ' બનાવ્યું છે. એની મહત્તા ભગવાન અને ભગવાનના ભક્તોના પ્રત્યક્ષ નિત્યયોગને કારણે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં ઘણા સ્થળોએ, ઘણા ઉત્સવો ઉજવ્યાં છે પણ જો કોઈ સ્થળે વર્ષના બધા જ ઉત્સવો ઉજવ્યા હોય તો તેવું સ્થળ સંપ્રદાયમાં માત્ર એક જ છે - વડતાલ. ગઢડામાં વર્ષના લગભગ બધા જ ઉત્સવો ઉજવ્યા છે પણ ત્યાં વર્ષની બધી જ એટલે કે ચોવીશે એકાદશીઓના ઉત્સવો ઉજવ્યાં નથી, જ્યારે વડતાલમાં ભગવાન શ્રીહરિએ એ ઉત્સવો પણ ઉજવ્યાં છે. સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ આ હકીકતની નોંધ લેતા 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં કહે છે :

प्रतिवर्षं दुर्गपुराद्धरिर्वृत्तालयं पुरम् । मुहुर्जगाम नृपते ! धर्मस्थापन उद्यतः ।।
तेनोत्सवास्तत्र महान्त एव कृता ह्यनेकेऽखिलसौख्यकर्त्रा ।

જગતમાં એકાંતિક ધર્મનું પ્રવર્તન અને પ્રતિષ્ઠા કરવા માટે સદા ઉત્સુક, સદાપ્રવૃત એવા ભગવાન શ્રીહરિ, ગઢડાથી વડતાલ પ્રતિવર્ષ વારંવાર પધારતા અને ત્યાં ભક્તજનોને ભારે સુખ-શાંતિ અને આનંદ આપે એવા અનેક ઉત્સવો કરતા.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૪૬/૩૧-૩૨)

ભગવાન શ્રીહરિએ વડતાલ જ્યાં આવેલું છે એ ચરોતર પ્રદેશ, પોતાને વૃંદાવન જેવો પ્રિય છે' તેમ સ્વમુખે કહેલું : **'स देशोस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानध ! ।'** (શ્રીસત્સંગિજીવન : ૪/૨૭/૧૦) જ્યારે સદ્‌ગુરુ શતાનંદ મુનિએ 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં સુયોગ્ય રીતે વડતાલને **'पुण्यभूमिर्वृन्दवनमिवोत्तमः ।'** 'વૃંદાવન જેવી ઉત્તમ પુણ્યભૂમિ' કહી છે. (૩/૪૭/૫૭)

વૃંદાવન અને વડતાલની જેમ રાશી એક છે તેમ એની ઈતિહાસકથામાં ઘણું સામ્ય છે. 'બ્રહ્મવવર્ત પુરાણ'માં કહેવામાં આવ્યું છે કે મહારાજા કેદારની પુત્રી રાજકુમારી વૃંદાએ રાજવૈભવનો ત્યાગ કરીને વૃંદાવનમાં જે સ્થળે રાસ લીલાનો મહોત્સવ ઉજવાયો હતો, આજે જેને 'કુંજગલી-સેવાકુંજ' કહેવામાં આવે છે. તે સ્થળે બેસીને સ્ત્રીજાતિ માટે અતિ કઠણ કહેવાય એવું તપ કર્યું હતું. એ સમય હતો સત્યયુગનો. ભગવાનને પ્રત્યક્ષ પતિ રુપે મેળવવા એટલે કે ભગવાનને પડખે તથા અંગમાં અતિ સ્નેહથી સ્થાન મેળવવું એ જ એક કુમારી વૃંદાના તપનો હેતુ હતો. વડતાલમાં પણ ભૃગુ ઋષિની પુત્રી રમાએ- લક્ષ્મીએ એ જ હેતુથી બદરી વૃક્ષ નીચે બેસીને દ્વાપર યુગમાં ઉગ્ર તપ કર્યું હતું. બંનેની મનોકામનાઓ ભગવાને પ્રસન્ન થઈને પૂરી કરી હતી. આમ, વૃંદાવન અને વડતાલ બે તીર્થ ખાતે બે કન્યાઓએ નારાયણને પ્રાપ્ત કરવા ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. આથી આ બંને સ્થળોએ તપશ્ચર્યાભૂમિ છે. વૃંદાએ જે સ્થળે બેસીને તપ કર્યું હતું તે ઈતિહાસમાં 'વૃંદાવન' કહેવાય છે. રમા-લક્ષ્મીએ જે ગામના બદરીવૃક્ષ નીચે બેસીને તપ કર્યું હતું તે ગામ ઈતિહાસમાં 'વૃત્તાલય' અથવા 'વડતાલ' કહેવાય છે. વૃંદાએ જ્યાં તપ કર્યું હતું તે સ્થળે દ્વાપર અને કળિયુગની સંધિમાં, ભગવાન શ્રીકૃષ્ણે રાસક્રીડા મહોત્સવ ઉજવ્યો હતો. રમા - લક્ષ્મીએ જે ગામમાં બેસીને તપ કર્યું હતું તે ગામમાં ઉગમણા રમ્ય ભૂમિ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૭૫માં અપૂર્વ કહેવાય એવો રંગોત્સવ અને પુષ્પદોલોત્સવ ઉજવ્યો હતો....'' આમ, વૃંદાવન અને વડતાલ એ બંને તીર્થ ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉત્સવ ભૂમિ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલા ઉત્સવો આજે પણ આ બંને તીર્થોમાં ઉજવાય છે.

શ્રી નારાયણે લક્ષ્મીજીને એક વરદાન આપેલ કે, જે સ્થળે એમણે (લક્ષ્મીજીએ) તપ કરેલું હતું તે સ્થળે નારાયણ પોતે મંદિર બંધાવશે અને એમાં શ્રી લક્ષ્મીનારાયણની અતિ મનોહર અને પ્રાચીન યુગલમૂર્તિની સ્વહસ્તે પ્રતિષ્ઠા થશે.બન્યું પણ એવું જ, ભગવાન સ્વામિનારાયણે વડતાલ ખાતે લક્ષ્મીનારાયણ દેવનું નાનાં મોટાં નવ શિખરવાળું ભવ્ય મંદિર બનાવ્યું અને સં. ૧૮૮૧ના કારતક સુદ ૧૨ના દિવસે શ્રીલક્ષ્મીનારાયણ દેવની યુગલમૂર્તિની સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી.

વૃંદાવન વૈષ્ણવ તીર્થમાં અનેક મંદિરો છે પરંતુ જે સ્થળે વૃંદાએ તપ કર્યું હતું તે સ્થળે મંદિર નથી. વૃંદાવનના આજે પ્રાચીન કહી શકાય તેવાં ત્રણ જ સ્થળ છે. - વંદાવનની ભૂમિ, યમુનાજી અને ગિરિરાજ ગોવર્ધન.

'શ્રીમદ ભાગવત' કહે છે કે, વૃંદાવનની વૃક્ષવેલી લતાઓ, જે ભગવાનના ચરણકમળના પ્રત્યક્ષ સ્પર્શ યોગથી નિર્ગુણ થયેલાં

છે તેમાં જન્મ મળવો એ મહદભાગ્ય કહેવાય છે. ઉધ્ધવજી જેવા જ્ઞાની પુરુષે પણ એવા જન્મ માટે યાચના કરી હતી. વડતાલના ઉગમણા ઓટાના અને ગોમતી કાંઠાના આંબાઆમ લીઓના વૃક્ષ, વેલી, લતા જે પરમાત્માના પ્રત્યક્ષ સ્પર્શયોગથી નિર્ગુણ થયેલાં છે તેમાં જન્મ મળવો એ મહદ્‌ભાગ્ય કહેવાય છે. વૃંદાવન એ શ્રીમદ ભાગવતની અને વૈષ્ણવોની તપોભૂમિ છે જ્યારે વડતાલ શ્રી સત્સંગિજીવનની અને આશ્રિત સત્સંગિઓની તપોભૂમિ છે'

વડતાલનો મહિમા શબ્દોમાં વર્ણવી ન શકાય એટલો અમાપ અને અવર્ણનીય છે. વડતાલ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની લીલાભૂમિ ગણાય છે. તે ઉપરાંત કર્મભૂમિ અને ઉત્સવભૂમિ પણ ગણાય છે. સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે ભગવાન શ્રીહરિએ જેમ સં. ૧૮૬૨માં ગઢડાના પ્રેમી ભક્તોને નિત્ય દર્શનાદિકનો લાભ મળે એવા હેતુથી શ્રી વાસુદેવનારાયણની સ્થાપના દાદાખાચરના દરબારમાં એક ઓરડામાં કરી હતી તેમ એ પછી બે વર્ષે વડતાલના પ્રેમી ભક્તોને દર્શનાદિનો લાભ મળે એટલા માટે વડતાલમાં પણ બદરીવૃક્ષની બાજુએ એક ઓરડીમાં શ્રીનરનારાયણદેવની યુગલ મૂર્તિ પધરાવી હતી.

સંપ્રદાયમાં મંદિર કરવા માટે, સૌથી પહેલી પ્રાર્થના-યાચના અને સૌથી પહેલો દસ્તાવેજ વડતાલના ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાવાળા પ્રેમી ભક્તોએ કરી આપેલો છે. જો કોઈ સ્થાનને તીર્થશિરોમણિ મોટું ધામ બનાવવાની ઈચ્છા ભગવાન શ્રીહરિએ જાહેરમાં વ્યક્ત કરી હોય તો તે પહેલવહેલી એક માત્ર વડતાલ માટે જ કરી છે.

ભગવાન શ્રીહરિએ સંપ્રદાયમાં અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જુનાગઢ અને ગઢડા, આ છ સ્થળોએ મંદિરો કર્યા અને તેમાં સ્વહસ્તે ભગવતપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી છે પણ એ પૈકી કોઈ મંદિર માટે જો ત્રણ ત્રણ વર્ષ અગાઉથી જાતે ખાતપૂજન કર્યું હોય તો તેવાં સ્થળો બે જ છે : એક : પહેલું વડતાલ. અહીં સં. ૧૮૭૮ના ચૈત્ર માસમાં શ્રીલક્ષ્મીનારાયણદેવના મંદિર માટે અને પછી બીજું : ગઢડા. જ્યાં સં. ૧૮૮૧ના જેઠ સુદ ૧૧ સોમવારના રોજ શ્રીગોપીનાથ મહારાજના મંદિર માટે ખાતપૂજન કરેલું છે.

પોતે કરાવેલા મંદિરો પૈકી જો કોઈ મંદિર માટે, એમણે, જાતે માથે ઈંટો, પથ્થરો અને ચુનાના તગારા ઉપાડ્યા હોય તો તે પહેલા વડતાલ મંદિર માટે અને પછી ગઢડા મંદિર માટે જ ઉપાડ્યા હતા.

સંપ્રદાયમાં પોતે કરાવેલા મંદિરો પૈકી જો ભગવાન શ્રીહરિએ જાતે દેખરેખ નીચે કોઈ મંદિર કરાવ્યું હોય તો એવા સ્થળ બે જ છે : એક વડતાલ અને બીજું ગઢડા.

પોતે કરાવેલાં છ મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં હરિકૃષ્ણ નામે પોતાની મૂર્તિ સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલી હોય તો તે પહેલવહેલી એકમાત્ર વડતાલ મંદિરમાં જ કરેલી છે.

સંપ્રદાયમાં પોતે કરાવેલા મંદિરોમાં જો કોઈ મંદિરમાં 'જ્યાં ધર્મ છે ને ભક્તિ છે ત્યાં જ હું છું. અને જ્યાં હું છું ત્યાં જ ધર્મ અને ભક્તિ છે.' એવું કહીને ધર્મભક્તિ અને વાસુદેવની મૂર્તિઓની પહેલવહેલી પ્રતિષ્ઠા કરી હોય તો એવું સ્થળ એક માત્ર વડતાલ જ છે.

પોતે પ્રતિષ્ઠિત કરેલાં મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં નિજમંદિર પાસે સભા ભરીને, એમણે વચનામૃતો કહેલાં હોય તો તે સૌ પ્રથમ વડતાલ મંદિરમાં બિરાજીને કહેલાં છે. વડતાલમાં એવાં નવ વચનામૃતો કહેલાં છે.

ભગવાન શ્રીહરિએ જાતે કરાવેલાં મંદિરમોમાં જો કોઈ મંદિર ત્રણ શિખરોનું અને બીજા નાના શિખરો ગણીએ તો નવ શિખરોવાળું મંદિર કરાવ્યું હોય તો તે સૌ પ્રથમ અને એક માત્ર વડતાલનું જ મંદિર છે. શ્રીહરિએ જાતે કરાવેલાં છ મંદિરોમાં શિલ્પશાસ્ત્રીની દૃષ્ટિએ અનોખી આકૃતિવાળું કહેવાય એવું અને ઊંચી બાંધણીવાળું મંદિર જો કોઈ હોય તો તે સૌ પ્રથમ અને એકમાત્ર વડતાલનું મંદિર છે.

ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરેલા મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં બહારના ભાગે કોતરેલા પાષાણનાં પૂતળાંઓ ચેતનવત્ ગાતાં, બોલતાં કર્યા હોય તો તે વડતાલ મંદિરનાં જ પૂતળાંઓ છે.

સંપ્રદાયનાં મહાકાર્યો, ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં બિરાજીને કરેલાં છે. સંપ્રદાયનું આચાર્યપદ ધર્મદેવના કુળમાં સ્થાપના કરવાનું મહામંગળ કાર્ય ભગવાન શ્રીહરિએ સં. ૧૮૮૨ના કાર્તિક સુદ ૧૧ના રોજ વડતાલમાં બિરાજીને કરેલું છે. સંપ્રદાયના ધર્મઅર્થના વહીવટ માટે બે વિભાગ કરીને ભગવાન શ્રીહરિએ ધર્મદેવના કુળના બે સભ્યોની એના વહીવટકર્તા આચાર્યપદે નિયુક્તિ પણ એ જ દિવસે વડતાલમાં કરેલી છે. સંપ્રદાયના ધર્મઅર્થ વહીવટના બે વિભાગોનું એટલે સંપ્રદાયનું બંધારણ જેને 'દેશ વિભાગનો લેખ' કહેવામાં આવે છે તેની વિગતો, ભગવાન શ્રીહરિએ એ જ દિવસે વડતાલમાં બિરાજીને મૌખિક સમજાવેલી છે.

પોતાની વાણીરૂપા મૂર્તિ ભગવતી શિક્ષાપત્રીની રચના સર્વજીવોના હિતાર્થે ભગવાન શ્રીહરિએ વડતાલમાં હરિમંડપમાં બિરાજીને સં. ૧૮૮૨ના મહાસુદ પના રોજ અપરાહ્ણકાળે કરેલી છે.

સંપ્રદાયના ત્યાગી અને ગૃહસ્થવર્ગના આશ્રિતોની દીક્ષાવિધિ, ભગવાન શ્રીહરિએ વડતાલમાં બિરાજીને નવપ્રતિષ્ઠિત આચાર્યોને

અને સંતહરિભક્તોને જાહેર સભામાં ઉપદેશેલી છે. ભગવાન શ્રીહરિએ નવપ્રતિષ્ઠિત આચાર્યોને ઉપદેશીને કરેલી આ દીક્ષાવિધિની વિગતો શતાનંદ મુનિએ 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં ચોથા પ્રકરણના અધ્યાય ૪૬ થી ૫૪ સુધીના નવ અધ્યાયોમાં ગૂંથી લીધેલી છે.

સંપ્રદાયના ત્યાગીવર્ગના ધર્મો 'ધર્મામૃત' અને 'નિષ્કામશુધ્ધિ' વગેરેની વિગતો તથા સર્ગવિસર્ગનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ અને ફળ અને તેનો અધિકારી કોણ બની શકે છે તથા વ્રતો-ઉત્સવોની વિધિ એ બધી વિગતો પણ ભગવાન શ્રીહરિએ વડતાલમાં બિરાજીને સમજાવેલી છે. શતાનંદ મુનિએ આ બધી વિગતો 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથના ચોથા પ્રકરણના ૪૬ થી ૭૩ સુધીના ૨૮ અધ્યાયોમાં સવિસ્તાર ગૂંથી લીધી છે.


ઉત્સવ તો સંપ્રદાયમાં બધાં મદિરોમાં ઉજવાય છે પણ પ્રબોધિની અને રામનવમીના ઉત્સવો ઉપર વડતાલ અવશ્ય જવાની આજ્ઞા તો ભગવાન શ્રીહરિએ એક માત્ર વડતાલ માટે જ કરેલી છે.

વડતાલનો મહિમા ગાતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કહે છે : **'જળછાયાની જુગતી વડતાલ જેવી નહિ ક્યાંય.'** વડતાલની ચારેબાજુ તળાવ, વૃક્ષ અને કૂવા. એટલે પાણી અને છાંયડાનું સુખ.

વડતાલનો એક અર્થ આમ પણ થાય - વડ એટલે મોટું અને તાલ એટલે તળાવ. વડતાલ ગામની આજુબાજુ તળાવો છે. ઉગમણું તળાવ, ગોપી તળાવ, ટાડણ તળાવ, ધના તળાવ (ચંદન તલાવડી), વસ્તા તળાવ, ધારુ તળાવ (ગોમતીજી). આમ મોટાં તળાવો વાળું ગામ એટલે વડતાલ. ગામની પૂર્વ દિશામાં આવેલ ઘેલા હનુમાનજીનું મંદિર ઉગમણા તળાવને કાંઠે છે. હાલ આ તળાવનો થોડો ભાગ પૂરી વડતાલથી વિદ્યાનગરનો રસ્તો બનાવાયેલ છે. કંજરી-બોરીયાવીના માર્ગે સોનાર કૂઈ આવે છે તેની પાસે ગોપી તળાવ આવેલું છે. ગામથી જોળ જવાના માર્ગે ટાડણ તળાવ આવેલું છે. ગામના નૈઋત્ય ખૂણે ધના તળાવ આવેલું છે. એને ચંદન તલાવડી પણ કહેવાય છે. ગઢપુર જવાના માર્ગે વશ્યા નામનું તળાવ છે. મંદિરથી ઉત્તર-પશ્ચિમ ખૂણે ધારુ તળાવ આવેલું છે, જે આજે ગોમતીજી કરીકે જાણીતું છે. આ તળાવોને કારણે, ત્યારે અને આજે, વડતાલ તીર્થમાં પાણીનું સુખ છે.

વડતાલના પાણીનો મહિમા ગાતાં 'વડતાલનો અપરંપાર મહિમા' પુસ્તકમાં લખે છે કે, 'એક ગામનું પાણી હજારો ગામના લોકોને અનુકૂળ ન જ આવે એ સ્વભાવિક છે. છતાં વડતાલનું પાણી હજુ સુધી કોઈને અનુકૂળ ન આવ્યું હોય તેવું સાંભળવામાં આવ્યું નથી.'

●●●



વડતાલધામ મહિમા
લીલા કીર્તનપદો

ધન્ય ધન્ય તે વડતાલધામને રે, મારે વાલે કીધો વિશ્રામ

પદ-૦૧

ધન્ય ધન્ય તે વડતાલધામને રે, મારે વાલે કીધો વિશ્રામ;
સ્વામી નીરખીને મહાસુખ પામીએ...ટેક.
હરિને પાયે પિયાજળ મોજડી, હરિને રેશમિયો રૂમાલ-સ્વામી૦ ૧
હરિને જરકશી જામો શોભતો, હરિને સોનેરી સુરવાળ-સ્વામી૦ ૨
હરિને માથે મેવાળું રે મોળિયું, હરિને ખંભે ખંભાતી ખેસ-સ્વામી૦ ૩
હરિને પોંચી કડાં રે શોભતાં, હરિને દશે આંગળીએ વેઢ-સ્વામી૦ ૪
હરિને કેડે કટારો રે વાંકડો, હરિને ખંભે ઢળકતી ઢાલ-સ્વામી૦ ૫
હરિને બાંયે બાજુબંધ બેરખા, હરિને કંઠે એકાવન હાર-સ્વામી૦ ૬
બ્રહ્માનંદના સ્વામીને વિનવું, વાલા ઉતારો ભવજળ પાર-સ્વામી૦ ૭

એક સમે હરિ આવિયા વડતાલે

પદ-૦૧

એક સમે હરિ આવિયા, વડતાલે સુખકંદ;
સંત સર્વેને બોલાવીયા, સ્વામી સહજાનંદ...૦૧
નિજ જન સર્વે આવિયા, દર્શન કરવા કાજ;
દર્શન દીધા દયા કરી, મહારાજાધીરાજ...૦૨
પછી તે હોજ કરાવીયા, હોળી રમવા શ્યામ;
કેસર રંગ ભરાવિયા, સ્વામી પૂરણ કામ...૦૩
પિચકારી લઇ આવિયા, સંત મળી સૌ સાથ;
રંગ ગુલાલ ઉડાડિયો, ચૌદ ભૂવનને નાથ...૦૪
સખા મળી સુખકંદને, અશ્વે કર્યા અસવાર;
મંજુકેશાનંદ એ, સંગ લાગ્યો પ્યાર...૦૫

પદ-૨

પછી તે પુરમાં પધારિયા, જમવા પાક અપાર;
જમીને સંતને જમાડિયા, પીરસી વારમવાર.૧
પછી તે પુરથી પધારિયા, લિળા કરવા બાર;
વસ્ત્ર અમુલખ પેરિયા, શોભે છે શ્રીમુરાર.૨
આંબો અતિ સોહામણો, ડોલ બંધાવ્યો ત્યાંય;
ઝુકે મોતી કેરા ઝૂમણાં, બાર મુક્યા છે માંય.૩
હીરા ને રત્ન જડાવિયા, દેવ વિમાન સમ સોય;
સોનાના બોર લટકાવિયા, રાજી થયા જન જોય.૪
વીંટી બેઠા જગદીશને, માગ ન દિશે ક્યાંય;
મંજુકેશાનંદના , શ્યામ પધાર્યા ત્યાંય.૫

પદ-૩

ડોળ ઉપર પધારાવિયા, સ્વામી સહજાનંદ;

દેવ સૌ દર્શને આવિયા, તે સ્થળ વૃંદના વૃંદ.૧
જરકશી જામો પેરીયો, સોનેરી સુરવાળ;
તેને જોઈ નરનારીયો, મોહ પામ્યા વિશાલ.૨
કમર કશીને બાંધીયો, રેટો અનુપમ સાર;
જોઈ જનની ગઈ આંધિયો, માયાના તમની અપાર.૩
પ્રેમી તે ભક્તે ધરાવિયો, મુગટ રત્ન જડાવ;
મોતીનો હાર પહેરાવિયો, તે જને લીધો લાવ.૪
સ્વામી સહજાનંદને, નિગમ નેતિ કરી ગાય;
મંજુકેશાનંદ તે, જોઈ જોઈ આનંદ થાય.૫
મંચે તે નોબત ગડગડે, ઢોલ નગારાને ભેર્ય.

પદ-૪

મંચે તે નોબત ગડગડે, ઢોલ નગારાને ભેર્ય;
શત્રુતણા મન હડબડે, ભાગ્યા પોતાને ઘેર.૧
દોરી તાણી જ્યારે દોળની, શી કહું શોભા તેહ;
થઈ કતાર ફૂલહારની, લાવ્યા કરી જન નેહ.૨
હસતા હસતા હરિ હારને, લીએ સોટીયે કરી સુખરૂપ;
વારા ફેરીને દર્શન દીયે, શોભે છે મુખડુ અનુપ.૩
તેણે સમે દેવતા સહુ, ચંદન વર્ષા જેહ;
તેની તે શોભા શી કહું, આશ્ચર્યમય છે એહ.૪
એવી એવી લીલા ઘણી, કહેતા શેષ લજાય;
મંજુકેશાનંદ તે, સંક્ષોપે કરી ગાય.૫

વડતાલની ફૂલવાડીયે રે હિંડોળો આંબાની ડાળ

પદ-૦૧ (ઢાળ - ગરબી)

વડતાલની ફૂલવાડીયે રે હિંડોળો આંબાની ડાળ;
બાંધ્યો આંબલીયા ડાળ, વાલો મારો હીંચે હિંડોળો આંબાની ડાળ.
સોનાની સાંકળે બાંધ્યો રે હિં૦ રૂપકડાં બેચાર, વાલો મારો ...૧
મખમલ ગાદલાં નાખ્યાં રે, હિં૦ અતલસના ઓછાડ, વાલો મારો ...૨
ટેકે રે તકીયા મેલ્યા રે હિં૦ ગાલ મસુરીયા દાર, વાલો મારો ...૩
જરકસી જામા પેર્યા રે હિં૦ શેલામાં સોનેરી તાર, વાલો મારો ...૪
બાંયે બાજુ બંધ બેરખા રે હિં૦ હૈયે હજારી હાર, વાલો મારો ...૫
પાયે તે નેપુર શોભતાં રે હિં૦ ઝાંઝરનો ઝણકાર, વાલો મારો ...૬
પાયે પિરોજી મોજડી રે હિં૦ ચાલે ચટકતી ચાલ, વાલો મારો ...૭
બાંધ્યો હિંડોળો બાર બારણે રે હિં૦ કનક જડ્યા કમાડ, વાલો મારો ...૮
બાર સ્વરૂપે બિરાજતા રે હિં૦ સહજાનંદ ભગવાન, વાલો મારો ...૯
આનંદસ્વામી આરતી ઉતારતા રે હિં૦ પ્રેમાનંદ બલિહાર, વાલો મારો . ૧૦

ચાલો જોવા રસિયા રણછોડને ૨

પદ-૦૧ (ઢાળ - ગરબી)

ચાલો જોવા રસિયા રણછોડને રે, દ્વારિકાના વાસી ભગવાન,
પુરુષોત્તમ પધાર્યા વરતાલમા રે,
જેના દરશન દુર્લભ દેવનેરે, શિવ બ્રહ્મા ધરે નિત્ય ધ્યાન...પુરૂ.૧
જેને કાજે જોગી વનમાં વસેરે, તપ કરીને ખાય મુલ કંદ,
જેને નિગમ નેતિ કહીરે, ખોળે શુકમુનિ સનક સનંદ...પુરૂ.૨
જેણે ગોકુલમાં લીલા કરીરે, માર્યા દેવ દાનવને અપાર,
વહાલે જઈને વાસી પુછે દ્વારિકારે, વર્યા અષ્ટ કુલવંતિ નાર...પુરૂ.૩
થયા અર્જુન સખા અલબેલડોરે, પુર્યા ભકતતણા સરવે કોડ,
હવે આવ્યા વહાલો વરતાલમાંરે, પ્રેમાનંદનો વહાલો શ્રીરણછોડ...પુરૂ.૪

પદ-૨

વરતાલે આવ્યા સખી શામળોરે, દ્વારકાના પતિ દીનાનાથ;
રૂકમણિરમણ રણછોડજીરે, ટેક.
નેણાં ભરીને નિરખીએ નાથનેરે, ચાલો સરવે સૈયરનો સાથ.રૂક.૧
કૃપા કરીને કેશવ પધારિયારે, સહુ તેડી પોતાનો સમાજ,
શંખ ચક્ર ગદા પદ્મ ગોમતીરે, રૂકમણી સહિત જદુરાજ.રૂક.૨
જન આવે જોવાને દેશ દેશનારે, ન્હાયે ગોમતી ને લે સહુ છાપ,
નેણે નિરખી રૂકિમણી રણછોડનેરે, બાળે અનેક જનમના પાપ.રૂક.૩
આવિ વસ્યા અખંડ અલબેલડોરે, દ્વારાવતિ કીધી વરતાલ,
પ્રેમાનંદનો વહાલો રંગ છેલડોરે, કીધાં નરનારીને નિહાલ.રૂક.૪

પદ-૩

વારી જાઉં રંગીલા રણછોડને રે, વહાલો ભકતતણા પ્રતિપાલ,
આવી અખંડ વસ્યા વરતાલમાં રે, ટેક.
આવ્યા દીનતણા દુઃખ કાપવારે, થયા પ્રગટ શ્રીદીનદયાલ.આવી.૧
શોભે શ્યામ સ્વરૂપ અલબેલડોરે, મરમાળી તે મૂરતિ અનૂપ,
રૂકિમણીને શ્રીરણછોડજીરે, કહીયે લક્ષ્મીનારાયણ રૂપ.આવી.૨
વહાલો રાજાધીરાજપણે રાજતારે, શોભે કોટીક શોભા સુર,
કરે અખંડ લીલા વરતાલમાંરે, વહાલો ભકતમનોરથપૂર.આવી.૩
ગાયે ધોળ મંગળ પુર વિનતારે, થાએ ઓછવ આઠે જામ,
વાજે નોબત નગારાં ગડગડેરે, પ્રેમાનંદનો વહાલો શોભે શ્યામ.આવી.૪

પદ-૪

શોભા શી રે વખાણું શ્યામનીરે, મુખે વરણન કરી નવ જાયે,
મારાં નેણાં લોભાણાં જોઈ નાથનેરે, ટેક.
કોટી કંદર્પ વારું લેઈ વારણેરે, શેષશારદ નિગમ નીત ગાય.મારા.૧
મરમાળી મનોહર મૂરતિરે, વહાલો તેજતણા અંબાર,
શંખચક્ર ગદા પદ્મ હાથમાંરે, શોભે પહેરી રૂડા શણગાર.મારા.૨

હરિનું હસતું વદન સોહામણું રે, કર્યું કેસર તિલક ભાલ,
હરિની આંખડલી કમલ કેરી પાંખડીરે, નિરખંતા વાધે ઘણું વાલ.મારા.૩
હરિને માથે મુગટ તે જડાવનોરે, કાને કુંડલ મકરાકાર,
અંતરમાંથી ક્ષણુંએ ન વિસરેરે, પ્રેમાનંદ જાય બલિહાર.મારા.૪

જેજે શ્રીરણછોડ છેલ છબિલા રે, ભલે આવ્યા વરતાલ રસના રંગિલા રે

પદ-૦૧

જેજે શ્રીરણછોડ છેલ છબિલા રે, ભલે આવ્યા વરતાલ રસના રંગિલા રે;૦
જેજે શ્રીરણછોડ વરતાલવાસી રે, ટાળ્યાં દુઃખ જનમમરણ અવિનાશી રે. ૧
જેજે શ્રીરણછોડ રાય રૂપાળા રે, વા'લા બહુ લાગો છો વરતાલવાળા રે. ૨
જેજે શ્રીરણછોડ રાય રંગ લે'રી રે, ભલે આવી આંણા ચરોતરમાં ફેરી રે. ૩
જેજે શ્રીરણછોડ ધર્મના લાલ રે, ભલે નિજધામ કીધી વરતાલ રે. ૪
જેજે શ્રીરણછોડ રાય રંગ રસિયા રે, ભલે આવી વરતાલે હરિ વસિયા રે. ૫
જેજે શ્રીરણછોડજી મહારાજ રે, ભલે આવ્યા સઉંના સારવા કાજ રે. ૬
જેજે શ્રીરણછોડ રાય રૂડું કીધું રે, ભલે તમે સઉને દરશન દીધું રે. ૭
જેજે શ્રીરણછોડ બહુનામી રે, ભલે આવ્યા પ્રેમાનંદના સ્વામી રે. ૮

પદ-૨

ચાલો જોવા રણછોડરાય વરતાલે રે, આવે તેને ધર્માદિક ફળ આલે રે;૦
ચાલો જોવા લક્ષ્મીનારાયણરાય રે, જોઈ પ્રભુ જનમમરણ દુઃખ જાયે રે.૧
ચાલો જોવા ભક્તિમાત ધર્મદેવ રે, હરિકૃષ્ણ મુક્તિ આપે તતખેવ રે.૨
ચાલો જોવા વૃંદાવન વિહારી રે, શ્રીઘનશ્યામ હરે છે દુઃખ ભારી રે.૩
ચાલો જોવા હરિના દશ અવતાર રે, મત્સ્ય કચ્છ શૂકર અધમઓદ્ધાર રે.૪
ચાલો જોવા નરહરિરૂપ મોરારી રે, લે છે વાલો ભવસાગરથી ઉગારી રે.૫
ચાલો જોવા શેષશાયી સુખકંદ રે, ટાળે વાલો ચોરાશીના ફંદ રે.૬
ચાલો જોવા સૂરજદેવ આપોઆપ રે, ટાળે વાલો ત્રિવિધ તનના તાપ રે.૭
ચાલો જોવા ભીડભંજન હનુમાન રે, આપે વાલો સુખસંપતનાં દાન રે.૮
ચાલો જોવા ગજવદનો ગણ સ્વામી રે, હરે વાલો વિઘન અનેક બહુનામી રે.૯
ગાયા સહુ દેવ વરતાલના વાસિ રે, કૃપા કરો પ્રેમાનંદ પર સુખરાશિ રે.૧૦

પદ-૩

પુનમિયા સાંભળજયો હરિજન રે, પુનમનો મહિમા સુણો એકમન રે;૦
પુનમનો મહિમા છે અતિ ભારી રે, ગાયે શેષ શારદા અજ ત્રિપુરારી રે.૧
પુનમનો મહિમા અપરંપાર રે, ગાયે વેદ પુરાણ વારમવાર રે.૨
પુનમનો મહિમા છે અનહદ રે, ગાયે શુક સનકાદિક નારદ રે.૩
પુનમે રાસ રમ્યા રણછોડ રે, પુર્યા વાલે ગોપિજના કોડ રે.૪
પુનમે મોરમુગટ ધર્યો માથ રે, રમ્યા વાલો રાસ ગોપિજન સાથ રે.૫
પુનમે પુનમે દરશને જાય રે, તેને એક ડગલે જગનફળ થાય રે.૬
જુવે જાઈ મુગટસહિત વ્રજચંદ રે, તેના ટળે જનમમરણના ફંદ રે.૭
પુનમિયા હરિજન જે નિ'મ ધારી રે, પ્રેમાનંદ જાયે તેની બલિહારી રે.૮

પદ-૪

ચાલો સખી ભલે આવી પૂરણ માસી રે, ચાલો જોવા રણછોડ વરતાલવાસી રે;૦
ચાલો સખી મોરમુગટ ધર્યો વાલે રે, ચાલો સખી વહેલાં જાઈએ વરતાલે રે.૧
ચાલો સખી વરતાલ ગોકુળધામ રે, ત્યાં તો નિત્ય રાસ રમે ઘનશ્યામ રે.૨
ચાલો સખી જાઈએ હરિના ગુણ ગાતાં રે, બળે પાપ પ્રભુજીને સન્મુખ જાતાં રે.૩
ચાલો સખી મોરમુગટ ધરી શ્યામ રે, ઉભા સામો શામળિયો સુખધામ રે.૪
ચાલો સખી જોઈએ છેલ છોગાળો રે, વાલો શ્રીરણછોડ વરતાલવાળો રે.૫
ચાલો સખી મુગટસહિત મુખ જોઈએ રે, ચાલો સખી જનમમરણ દુઃખ ધોઈએ રે.૬
ચાલો ત્યાં તો આનંદ ઉત્સવ થાય રે, જોઈ વાલો આનંદ અંગ ન માય રે.૭
ચાલો સખી પુનમે જોઈએ પૂરણચંદ રે, વાલાપર વારી જઈએ પ્રેમાનંદ રે.૮

પદ-૫

ધન્ય ધન્ય વરતાલ હરિનું ધામ રે, ત્યાં વાલો પ્રગટ વિરાજ્યા ઘનશ્યામ રે.૧
ધન્ય ધન્ય વરતાલપુરના લોક રે, કીધાં વાલે મુક્તિ આપીને અવિશોક રે.૨
ધન્ય ધન્ય વરતાલનાં નરનારી રે, જેણે જોયા ધર્મકુંવર ગિરિધારી રે.૩
ધન્ય ધન્ય વરતાલપુરના વાસી રે, જેને ઘરે પ્રગટ પધાર્યા અવિનાશી રે.૪
ધન્ય ધન્ય વરતાલપુરની શેરી રે, વિચર્યા ધર્મકુંવર રંગલેરી રે.૫
ધન્ય ધન્ય વરતાલની ફૂલવાડી રે, ત્યાં પ્રભુ બેસતા જઈ દા'ડી દા'ડી રે.૬
ધન્ય ધન્ય વરતાલની વૃક્ષ વેલી રે, વિચરતા હાર છોગલાં હરિ મેલી રે.૭
ધન્ય ધન્ય વરતાલપુરની ધરણી રે, ફર્યા પ્રભુ લેઈ સાથે મુનિ વરણી રે.૮
ધન્ય ધન્ય વરતાલના ચોકમાંઇ રે, ધર્યો વાલે મોરમુગટ સુખદાઇ રે.૯
ધન્ય ધન્ય પ્રભુજી રમ્યા રંગરાસ રે, વાલે સઉ આનંદ પમાડ્યા નિજદાસ રે.૧૦
ધન્ય ધન્ય બ્રહ્માદિકના નાથ રે, રમ્યા હોળી વરતાલે મુનિવર સાથ રે. ૧૧
ધન્ય ધન્ય અબીરગુલાલ ને રંગ રે, તેણે રંગ્યા નિજજન મુનિના અંગ રે. ૧૨
ધન્ય ધન્ય બે આંબા વરતાલે રે, તેણે બાંધ્યો હિંડોળો ધર્મલાલે રે. ૧૩
ધન્ય ધન્ય પહેરી જામા જરકસીયા રે, બેઠા ફૂલડોળે ધરમસુત રસિયા રે. ૧૪
ધન્ય ધન્ય મોરમુગટ ધર્યો શિશ રે, સહુનાં સુફળ લોચન જગદીશ રે. ૧૫
ધન્ય ધન્ય સુર નર મુનિ નારાયણ રે, ફર્યા વાલો ઘોડલાની ઘુંમરે વિંટાણા રે. ૧૬
ધન્ય ધન્ય વડતાલ વૈકુંઠ કીધી રે, સઉને વાલે દેહ છતે મુક્તિ દીધી રે. ૧૭
ધન્ય ધન્ય વરતાલ લીલા રૂપ રે, સંભારતાં સાંભરે ધર્મકુળ ભૂપ રે. ૧૮
ધન્ય ધન્ય મન વાણી ગુણપાર રે, તે પ્રભુ વિચર્યા શ્રીધર્મકુમાર રે. ૧૯
ધન્ય ધન્ય હરિની લીલા અનંત રે, ગાતાં શેષ શારદા નવ પામે અંત રે. ૨૦
પ્રેમાનંદ એક રસના શું ગાવું રે, કર જોડી પ્રભુ પદ શિષ નમાવું રે. ૨૧ક

રંગભીનો રણછોડરાય, આવ્યા વરતાલે

પદ-૦૧

રંગભીનો રણછોડરાય, આવ્યા વરતાલે;
જેને નિગમ નેતિ કહી ગાય, આવ્યા વરતાલે. ૧
હરિ દ્વારિકાના દેવ, આવ્યા વરતાલે;

સુર મુનિ કરે નિત્ય સેવ, આવ્યા વરતાલે. ૨
શ્રીપુરુષોત્તમ મહારાજ, આવ્યા વરતાલે;
કરવા સૌ જનનાં કાજ, આવ્યા વરતાલે. ૩
વહાલો ચરોતરને ચોક, આવ્યા વરતાલે;
પ્રભુજી પોતાની શોખ, આવ્યા વરતાલે. ૪
રુક્મિણિરમન રણછોડ, આવ્યા વરતાલે;
નિજ જનના પૂરવા કોડ, આવ્યા વરતાલે. ૫
કરી પ્રીત મુનિવર સાથ, આવ્યા વરતાલે;
વહાલો પ્રેમાનંદનો નાથ, આવ્યા વરતાલે. ૬

પદ-૨

નિત્ય આપે રણછોડ રાય, પરચા વરતાલે;
જન જોઈ જોઈ અચરજ થાય, પરચા વરતાલે. ૧
નિજ દ્રષ્ટિ આગલ દાસ, પરચા વરતાલે;
ભીડભંજન હનુમાન પાસ, પરચા વરતાલે. ૨
કીધો લીંબડો મીઠો દૂધ, પરચા વરતાલે;
ફલ ફૂલ પાન કરી શુદ્ધ, પરચા વરતાલે. ૩
જન તોડી પત્રા હમેશ, પરચા વરતાલે;
લઈ જાયે દેશ વિદેશ, પરચા વરતાલે. ૪
વર્ષ એકનો આંબો બાળ, પરચા વરતાલે;
ફુલ્યો ફલ્યો સરવે ડાળ, પરચા વરતાલે. ૫
તે જોવા ગોમતી તીર, પરચા વરતાલે;
પ્રેમાનંદ કે' થાય બહુ ભીડ, પરચા વરતાલે. ૬

પદ-૩

વરતાલે રણછોડરય,લીલાલેહેર કરે;
નિત્ય આનંદ ઉત્સવ થાય, લીલાલેહેર કરે...૧
જન આવે અપરમપાર, લીલાલેહેર કરે;
અતિ પ્રેમ ભર્યા નર નાર, લીલાલેહેર કરે...૨
સહુ પામે જોઈ આનંદ, લીલાલેહેર કરે;
વહાલો ટાળે ભવના ફંદ, લીલાલેહેર કરે...૩
વહાલે કીધાં જન નિષ્પાપ, લીલાલેહેર કરે;
જગ છાયો અતિ પરતાપ, લીલાલેહેર કરે...૪
વહાલો પ્રગટ પ્રમાણની પેર્ય, લીલાલેહેર કરે;
આપે પરચા ઘેરો ઘેર્ય, લીલાલેહેર કરે...૫
કોઈ પ્રેમીજનને સાથ, લીલાલેહેર કરે;
બોલે પ્રેમાનંદનો નાથ, લીલાલેહેર કરે...૬

પદ-૪

વહાલો ભક્તિધર્મસુત શ્યામ, વરતાલના વાસી;

તેનુ રણછોડ કેશવ નામ, વરતાલના વાસી. ૧
તેમને પરતાપે જીવ, વરતાલના વાસી;
થયા જીવ મટીને શિવ, વરતાલના વાસી. ૨
જે જન સેવે કરી પ્યાર, વરતાલના વાસી;
આપે ધર્માદિક ફલ ચાર, વરતાલના વાસી. ૩
જેમ સાત પુરી ચાર ધામ, વરતાલના વાસી;
તેમ વરતાલ કીધી શ્યામ, વરતાલના વાસી. ૪
કીધી વર્તાલ વૈકુંઠ તુલ્ય, વરતાલના વાસી;
મૂક્તિમય ધામ અમૂલ્ય, વરતાલના વાસી. ૫
પ્રેમાનંદ કહે નરનારી, વરતાલના વાસી;
ભજે વૃંદાવનવિહારી, વરતાલના વાસી. ૬

રઢીયાળો રણછોડ શ્રીવડતાલે

પદ-૦૧

રઢીયાળો રણછોડ શ્રી વડતાલે આવ્યા,
મનમોહન મુનિવૃંદને મનડે ઘણું ભાવ્યા...૧
ભક્ત એકાંતિક દેશમાં ભાવ ભક્તના રસિયા,
તે માટે મારો વાલમો વરતાલમાં વસીયા..૨
મધ્ય ચરોતર ચોક છે વાલો એમ વિચારી,
અલબેલો વર આવીયા પોતે જન હીતકારી..૩
ભક્ત વાલા ભગવાને વૃત નૈષ્ઠિક ધારી,
નૈષ્ઠિક આ સતસંગમાં દીઠા બહુ નરનારી...૪
સંદેહ કાંઇ મળે નહિ સૌ જાણે વિખ્યાત,
વાલમ એમ વિચારીને આવ્યા સાક્ષાત..૫
વાલો આવ્યા તેની વાત કહું સંક્ષેપે કરીને,
પૂર્ણાનંદ કે સાંભળો સૌ ધ્યાન ધરીને..૬

જદુપતિ જગદાધાર રે વરતાલે વાલો પધાર્યા

પદ-૦૧

જદુપતિ જગદાધાર રે વરતાલે વાલો પધાર્યા...જદુપતિ.
મુક્ત અનંત કરે બહુ મુખથી, જે જે શબ્દ ઉચાર રે...વરતાલે.૧
દર્શન અર્થે આવે દેશ દેશના, લોક હજારૂં હજાર રે...વરતાલે.૨
દુરીજનીઆં ઘોળ્યાં દાઝી છોને મરતાં, તેનો તુ શું છે હવે ભાર રે...વરતાલે.૩
રૂકમણી કંથ રસીલા ઉપર પૂર્ણાનંદ બલીહાર રે...વરતાલે. ૪

પદ-૨

ભક્ત વત્સલ ભગવાન રે, વરતાલે વાલો વસ્યા છે...ભક્ત
નિજ જન મન અતિ આતુર દેખી દેવા દરશન દાન રે...વરતાલે.૧
રૂપાળો રણછોડ છોગાળો, સુંદર શામ સુજાન રે...વરતાલે. ૨

ચોક ચરોતર પાવન કરવા, હરવા દુરીજન માન રે...વરતાલે. ૩
પૂર્ણાનંદ કે રૂકમણિ સહીતા ત્રીકમજી એક તાન રે... વરતાલે. ૪

પદ-૩

વરતાલે વનમાળી રે છોગાળો રણછોડ રયા છે. વરતાલે
સંત અનંત પોતાના અલૌકીક, દ્રઢવ્રત નૈષ્ઠિક ભાળી રે... છોગાળો ૧
રીતી પ્રીતિ સહીત પોતાની, અલબેલે આવીને પાળી રે... છોગાળો ૨
ગોમતી છાપ લાવીને છબીલે, વાલીડે વેહદ વાળી રે... છોગાળો ૩
પૂર્ણાનંદ આનંદ અતીશે નિશદિન નાથ નિહાલી રે...છોગાળો ૪

પદ-૪

દ્વારાવતીથી દયાલરે આવીને વરતાલ વિરાજ્યા...દ્વારાવતીથી
જન મન માંઇ ગમે નિષ્કામી, સુંદર સંત મરાઇ રે..આવીને ૧
કલીમલહારી મંગલ કારી, જુગ જુગ જન પ્રતિપાળ રે...આવીને ૨
શોભા સાગર રૂપ ઉજાગર, ભ્રકુટિ ભાલ વિશાળ રે...આવીને ૩
પૂર્ણાનંદનો નાથ પધાર્યા, ત્યાંથી વાલો તતકાળ રે...આવીને ૪

ચટકાળી સુંદર ચાલ રે, રણછોડ રંગીલો, ચાલી આવ્યા છે વરતાલે

પદ-૦૧

ચટકાળી સુંદર ચાલ રે, રણછોડ રંગીલો, ચાલી આવ્યા છે વરતાલે,
રણછોડ રંગીલો, વાલો આવ્યા મનડે ભાવ્યા મોહનવર મરમાળો રે,
રૂક્ષ્મણી કંથ રસીલો વાલો સુંદર છેલ છોગાળો રે...રણછોડ૦૧
સુંદર શોભા અંગની રે, સુંદર અતિ શણગાર રે,
સુંદર શિર પર પાઘ બીરાજે, હૈઠે સુંદર હારરે...રણછોડ૦૩
સુંદર બાજુ બેરખા ને સુંદર પોંચી સાર રે,
સુંદર નેપુર નાથને નીરખે સુંદર નરનાર રે...રણછોડ૦૩
સુંદર કુંડલ કાનમાં રે, સુંદર તોરા માથ રે,
સુંદર મંદિર માંઇ, રાજે પૂરણાનંદનો નાથ રે...રણછોડ૦૪

પદ-૨

દામાદર દ્વારકાવાસી રે, વાલો વરતાલે, આવી અખંડ રહ્યા અવીનાશી રે,
વાલો વરતાલે વરતાલે વાલો અખંડ બિરાજે, અખંડ ઉછવ થાય રે,
અખંડ નૌતમ આરતી જન અખંડ મંગલ ગાય રે...વાલો૦૧
અખંડ ભક્ત અનોપમ આગે, અરપીત પુષ્પ અપાર રે,
મુક્ત અખંડ કરે બહુમુખથી જય જય વારંવાર રે...વાલો૦૨
દાસ મળ્યા બહુ દરશન કારણ પાવન નેણ રે,
કહ્યું હતું તે સત્ય કર્યું સ્વામી સચ્ચિદાનંદને વેણ રે...વાલો૦૩
નૌતમ તીરથ ગોમિ ને નૌતમ સુંદર છાપ રે,
પૂર્ણાનંદ કે રણછોડજી લઇ આવ્યા પોતે આપ રે...વાલો૦૪

પદ-૩

લટકાળો લાલ વિહારી વરતાલે વસીયા,
વાલો નીજજનના હીતકારી રે વરતાલે વસીયા,
હીતકારી સૌ નરનારીના ભક્ત વત્સલ ભયહારી રે,
પ્રીતમ જીવન પ્રાણ છે મારા ગુણવંતા ગીરધારી રે...વરતાલે૦૧
મહીમા મુનિવર ગાય છે ધરે શંકર જેનું ધ્યાન રે,
તે વાલો વરતાલમાં ત્યાંથી આવ્યા છે એક તાંન રે...વરતાલે૦૨
શુકનારદ શનકાદિક જેના દરશન કરવા આવે રે,
તે વાલો વરતાલમાં પ્રેમીજનને લાડ લડાવે રે...વરતાલે૦૩
શેષ શારદા પાર ન પાવે નેતિ નીગમ વતાવે રે,
રાતદિવસ તે રણછોડજીના પૂર્ણાનંદ ગુણ ગાવે રે...વરતાલે૦૪

પદ-૪

વરતાલે વાલો બીરાજે રે, રણછોડ રંગીલો,
પોતે પ્રેમીજનને કાજે રે, રણછોડ રંગીલો,
ધરમ સહાયક સબ સુખ દાયક જુગ જુગ જનપ્રતિ પાલ રે,
મંગલકારી મોરારી છે જો કંસ તણો એ કાળ રે...રણછોડ૦૧
ચોક ચડોતર પાવન કરવા, હરવા ભવદુ:ખ ફંદ રે,
કેશવ નિજજન કારણે, ત્યાંથી આવ્યા સુખકંદ રે...રણછોડ૦૨
દરશન કરવા દેશદેશના આવે લોક અપાર રે,
દેખી દીનદયાળને સુખ પાંમે સૌ નરનાર રે...રણછોડ૦૩
જનમ સંગાતિ જાદવો મારા જીવન પ્રાણ આધાર રે,
પૂર્ણાનંદ કે પાતળિયો વર હૈઠા કેરો હાર રે...રણછોડ૦૪

તિથિ પુન્યમ તે પુન્ય રૂપ છે રે, જેમાં રાસ રમ્યા વ્રજરાજ

પદ-૦૧

તિથિ પુન્યમ તે પુન્ય રૂપ છે રે, જેમાં રાસ રમ્યા વ્રજરાજ,
આજ દરશનનું ફળ બહુ ઘણું રે,
જેમાં દેવ આવે બહુ દરશને રે, સંગે લૈને પોતાનો સમાજ. આજ....૧
તેમાં ની'મ સહિત દરશન કરે રે, હૈયે લાવી અધિક હુલ્લાસ....આજ....
તેતો વાંછીત ફળને પામશે રે, સર્વે પુરી થાશે મન આશ. આજ...૨
તે તો નાગો ભૂખ્યો કે'દિ નૈ રહે રે, સુખી રેશે સદા બારે માસ....આજ....
વળી સંકટ સર્વે ટળી જશે રે, મટી જાશે ભારી ભવ પાસ. આજ...૩
અતિ ભક્તિ સહીત પૂનમજે કરે રે, એ તો ઉત્તમ હરિના દાસ...આજ...
પૂર્ણાનંદ પુનમીયા પામશે રે, વળી અક્ષરમાંઇ નીવાસ. આજ....૪

પદ-૨

સુંદર-સોરઠ-દેશમાં એક ગઢપુર ગામ. ભૂપ અનૂપ તે ગામનો શુભ ગુણ કેરું ધામ.૧
ભક્ત ઉત્તમ ભગવાનનો ભાળ્યો ભાવિકભારી, સદ્‌ગુરુ સહજાનંદજી ત્યાં રયા સુખકારી...૨

શિષ્ય હજારૂં પોતતણા બહુ આવે ને જાય, ડંકા વાગ્યા દેશદેશમાં જીવન મુક્ત કેવાય...૩
એક સમે સ્વામી બોલીયા સુંદર સુખરાશિ, ચાલો જઈએ દ્વારિકા થાયેં તીરથવાસી...૪
પછે સંબંધી પ્રેરીઆ પ્રીતે સુખકંદ, સમ્રથ સાથે ભોમિયા સ્વામી સચ્ચિદાનંદ...૫
ગયા તે સરવે ગોમતી, અતિ અંગ ઉમંગ, પૂર્ણાનંદ દીઠો નહિ તીર્થ ગોરનો ઢંગ...૬

પદ-૩

સંઘ તે નાયો ગોમતી સૌ પૈસા આપી, નાવા ન દીધા ત્યાગીને રોકીરયા પાપી..૧
સંઘ ગયો આરંભડે ધન દૈ છાપું લીધી, પછે ગયા શંખોધારમાં ત્યાં યથા વિધિ કીધી....૨
ધન ત્રિયા ત્યાગી મુનિ તણું બહુ અપમાન કરીયું, મુનિ મહામતિ અંતરેએક રંચ ન ધરીયું...૩
છાપું ન દીધી આરંભડે મુનિ ગયા શંખોધરે, દેખીને દરવાણી બોલીયા અલ્યા ઉભો રે બારે...૪
ઝાલીને હાથે ઝંઝેડીઆ છાપું દેખીને જ્યારે, પેસવા દેશું પોલમાં ધન આપીશ ત્યારે...૫
સામે હાટે સમાધિમાં મુનિ બેઠા સુજાણ, પૂર્ણાનંદ કે નાથના દરશન કેરી તાણ...૬

પદ-૪

ધ્યાન કરે મુનિ સ્તવન કરે રણછોડનું ભારી, ચીર પંચાલીના પુરીયાં લીધો ગજને ઉગારી.૧
એકાદશ ઉપવાસ થયા તોય ખબર અમારી, પ્રીતમજી પૂછી નહિ જાશે ટેક તમારી. ૨
ભક્ત વત્સલ ભગવાન છે હરિ હેતે બંધાણા, રૂદીયામાં રણછોડજી તત્કાલ દેખાણા. ૩
અંતરમાં તેમ બાહેરે દેખ્યા કૃષ્ણ કોડીલો, પુલકીત તનમન પ્રેમથી જોયા છેલ છબીલો. ૪
વીતી તે સરવે વારતા કીધી કૃષ્ણજી આગે, રીઝ્યા ઘણું રણછોડજી મુનિવર કેવું માગે. ૫
દરશન તીરથ ગોમતી છાપ વિના ન ચાલે, પૂર્ણાનંદના નાથજી આવો વરતાલે. ૬

પદ-૫

હરિ હસી હેતે બોલીઆ મારી ઈચ્છા છે એમ, ધન્ય મુનિ તેંપણ માગીયું જોને તેમનું તેમ.૧
એક કૈને અલબેલડો વસ્યા અંતર આવી, સ્વપ્રમાં સૌ સંઘને છબી પ્રગટ દેખાવી. ૨
સંઘ સહીત ચુંપે આવીયા મુનિ સદ્‌ગુરુ પાસ, પ્રીતે ખબરૂં પૂછીયું પૂરી થૈ મન આશ. ૩
મુનિને સંઘ લઈ કરી વેગે વરતાલે આવ્યા, રંગભીના રણછોડને પ્રીતે પધરાવ્યા. ૪
મુનિને કિધિ મોજ તે વરતાલમાં આવી, દ્વારાવતિ વડતાલ કરી ધારૂં ગોમતી થાપી. ૫
છૂટી દર્શન છાપની કીધી મંગલકારી, પૂર્ણાનંદ આનંદ ઘણો જોયા હરિ સુખકારી. ૬

પદ-૬

મંગળરૂપ અનુપ છે છબી નૌતમ જેની, સુંદરવર સુખકંદજી શોભા શી કહું તેની. ૧
દ્વારાવતીના દેવ જે રણછોડ રંગીલો, તે વરતાલે આવીઆ અતિ છેલ છબીલો. ૨
વેગેથી મારો વાલમો આવ્યા અંતરજામી, જાણે તે સરવે-રીતને સચ્ચિદાનંદ સ્વામી. ૩
રીતી રસીલા રાજની અતિ આનંદકારી, નિજ જન વૃંદ આનંદથી ગાવે નરનારી. ૪
ગીત પવિત્ર ગોપાળજી જગ ભઉભયહારી, શારદા નારદ શેષજી સમરે ત્રિપુરારી. ૫
તે વાલો વરતાલમાં પ્રગટ્યા બહુનામી, ગોમતી છાપ છતાં કર્યા પૂર્ણાનંદને સ્વામ. ૬

પદ-૭

દ્વારાવતિથી દયા કરી વાલો વરતાલે આવ્યા, જુગતિથી જીવન પ્રાણને મોતીડે વધાવ્યા. ૧
સિંહાસન પધરાવીયા રણછોડ રંગીલો, શોભે સુંદર શામળો અતિશે અલવીલો. ૨

પૂજા વિવિધ પ્રકાર શું કીધી હરખ સહીતી, પામ્યા સૌ આનંદ જોઈ રસિયાની રીતી. ૩
રૂક્ષ્મણી ને રણછોડજી પોતે પૂરણકામ, ભક્તની ભક્તિ જોઈને આવ્યા વરતાલ ગામ. ૪
દુરિજન મનમાં દાઝિયાં અતિશે મતિ મંદ, નિજ જન આનંદ પામીઆ દેખી સુખકંદ. ૫
આનંદ ઔચ્છવ આરતી નિત્ય નૌતમ થાય, પૂર્ણાનંદ તે દેવના ગુણ નીશદીન ગાય. ૬

પદ-૮

રણછોડજી જેમ આવીયા કીધી સંક્ષેપે રીતી, વાત એ કૃષ્ણપ્રસાદમાં વિસ્તાર સહીતી. ૧
મહીમા શ્રી વડતાલનો દેશ દેશમાં ભારી, સરવે તીરથ વાસ કરી ત્યાં રયાં સુખકારી. ૨
સાતપુરી તેમ આઠમી વરતાલને જાણો, ધામ ચારે તેમ પાંચમું વરતાલ પ્રમાણો. ૩
નૈષ્ટિક સંતના વૃંદ ત્યાં રે, હજારૂં હજાર, સંઘ ત્યાં સરવે દેશના આવે લોક અપાર. ૪
નિર્મળ ગોમતી નાઈને લીયે સુંદર છાપ, જોઈને જાદવરાયને જન થાય નિષ્પાપ. ૫
જે કોઈ શીખે ને સાંભળે મન વાંછિત પામે, પૂર્ણાનંદનો નાથજી તેનાં ભવદુઃખ વામે. ૬

બસત વરતાલ તખત ઘનશ્યામ

પદ-૦૧ રાગ-કાનડો ધ્રુપદ ચૌતાલ

બસત વરતાલ તખત ઘનશ્યામ,
ધર્મકુંવર પુરનકામ કમલાપતિ રૂપ રસાલ, બસ. ટેક.
ધવલનગર મેં મદનમોહન, ગઢપુર ગોપીનાથ,
જીરનનગર રાધારમનલાલ. બસ...૧
શ્રીનગર ભુજપુર નરનારાયન, સુંદર મૂળીમેં શ્રીકૃષ્ન ક્રિપાલ,
પ્રેમાનંદ કહે જો એહી ધામ પરસે, તાકે નાસ હોત સકલ દુઃખ
મુકત હોત તતકાલ. બસ. ...૨

ધન્ય ધામ શુભ ગામ વરતાલને જો;

પદ-૦૧ (રાગ ગરબી - મહા કોપ થયો તે કળી કાળમાં જો - એ ઢાળ પ્રમાણે)

ધન્ય ધામ શુભ ગામ વરતાલને જો; બહુ વહાલું છે દીનદયાલને જો...ધન્ય.(ટેક)
લખી શિક્ષાપત્રી વૃતપુરમાં રહી જો; અક્ષર તુલ્ય તે અમૂલ્ય ઉપમા કહી જો...ધન્ય. (૧)
સ્થાપ્યા કરૂણા કરીને કમળાપતિ જો; કરે કાજ મહારાજ એ રૂપે અતિ જો...ધન્ય. (૨)
કર્યા આચારજ બેઉ ગાદી આપીને જો; ધન્ય ધન્ય પ્રભુ પ્રગટ પ્રતાપીને જો... ધન્ય. (૩)
ગુણ સાગર તીરથ કર્યા ગોમતી જો; જેમાં ના'ય થાય અક્ષરની પ્રાપ્તિ જો...ધન્ય. (૪)
ધર્મ ભક્તિ રાધા કૃષ્ણ તણી જોડ છે જો પૂરે કોડ એવા દેવા રણછોડ છે જો...ધન્ય. (૫)
મુનિ નાથે હાથે સ્થાપી નિજ મૂર્તિ જો. કરે વિનંતી સદૈવ જેની સુરતી જો...ધન્ય. (૬)
વિશ્વવિહારીને દર્શને જે જાય છે જો, જીવનમુક્ત ભક્ત તેહ તો ગણાય છે જો...ધન્ય. (૭)

ઉત્સવ ઉપરે રે, શ્રીસદ્‌ગુરુ કીધી તયારી

પદ-૦૧

ઉત્સવ ઉપરે રે, શ્રીસદ્‌ગુરુ કીધી તયારી; ઓપે રૂડી રે, કાંઇ ઘોડલાંની અસ્વારી.૧
વાઘ ગ્રહી છે રે, વાજીની ડાબે હાથે; સાચા હરિજન રે, બહુ ક્ષત્રી બંકા સાથે.૨
સાજ બનાવ્યો રે, સુંદર નૌતમ સોનેરી; ભાલાં ઝળકે રે, ઉડે ડમરી રજ કેરી.૩
અંબર અંગેરે, અતિ શ્વેત મનોહર ધરિયાં; કેસર કંકું રે, લઇ તિલક અનુપમ કરિયાં.૪

મજલે મજલે રે, થાય ગામ બહાર ઉતારા; પૂજે પ્રીતે રે, પોતાના સેવક પ્યારા.૫
શુકલ એકાદશી રે, સ્વામી વરતાલ પધાર્યા; બ્રહ્માનંદ કહે રે, અતિ ફૂલડે ચોક સમાર્યા.૬

પદ-૨

દ્વારામતીથી રે, તે દી વરતાલે આવ્યા; રુક્મણી સહિતા રે, હરિ સંત તણે મન ભાવ્યા.૧
હરિજન મળીયા રે, બહુ દેશના બહુ હરખે; લક્ષ્મીનારાયણ રે, રુપે શ્રીકૃષ્ણને નીરખે.૨
છેલ છોગાળો રે, રણછોડ વરતાલે વસિયા; સ્વપ્ને સૌના રે, જોઈ વદન કમળ વિકસિયા.૩
ઉત્સવ કીધો રે, ફૂલડોલતણો અતિ ભારી; શિષ્યો સહિત ત્યાં રે, સ્વામી પૂજ્યા મોરારી.૪
દ્વારામતીથી રે, જ્યારે કૃષ્ણ વરતાલ સુહાવ્યા; ત્યારે સર્વે રે, સામગ્રી સાથે લાવ્યા.૫
ધારતલાઈ રે, ત્યાં ગોમતી સ્થાપી દીધી; બ્રહ્માનંદ કહે રે, વરતાલ દ્વારિકાં કીધી.૬

પદ-૩

અડખેપડખે રે, રહ્યા તીરથ બીજાં આવી; સૌથી અધિકી રે, વરતાલ હરિને મન ભાવી.૧
સ્વામીને સ્વપ્ને રે, કહ્યું વચનદ્વારિકાનાથે; આયુધ મારાં રે, લઈ છાપો સૌને હાથે.૨
જે અહીં આવી રે, લઈ છાપું ગોમતી નહાશે; તે જગ જીતી રે, મારા ધામનો વાસી થાશે.૩
વચન હરિનાં રે, સ્વામી મસ્તક ધારી લીધાં; પ્રભુને વચને રે, સહુ નર ત્રિય અંકિત કીધાં.૪
વાસુદેવ ચોથે રે, પૂન્નયા અતિ કોડ કરીને; વિમલા અગિઆરસ રે, વળી અરચ્યા તેજ હરિને.૫
મહિનો રહીને રે, સૌને ઉર હરખ વધાર્યા; બ્રહ્માનન્દ કહે રે, સ્વામી ગઢપુરમાંહી પધાર્યા.૬

પદ-૪

હરિજન ચાલ્યા રે, ઘેર સહુને સહિત સમાજે; છેલ છબીલો રે, રણછોડ વરતાલે બીરાજે.૧
ફાગણ શુદીની રે, ધાત્રી એકાદશી કહાવી; તેને દહાડે રે, વરતાલ વસ્યા હરિ આવી.૨
વધિયો જગમાં રે, વરતાલનો મહિમા વાધુ; છાપુ લાવ્યા રે, સચ્ચિદાનંદ મુનિવર સાધુ.૩
સાચી કહી છે રે આ વાત નજરની દીઠી; મહા પુણ્યવંતા રે, પ્રાણીને લાગે મીઠી.૪
એને ગાશે રે, પ્રીતે ચિત્ત દઈ સાંભળશે; ભવ-દુ:ખ જાશે રે, અતિ મનગમતું સુખ મળશે.૫
બીજી ઈચ્છા રે, કાંઈ મનમાં ન મળી ઝાઝી; બ્રહ્માનંદનો રે, વહાલોજી રહેજો રાજી.૬

સખી હોરી ખેલત વરતાલ

સખી હોરી ખેલત વરતાલ, ધર્મસુત લાલ પિયા રંગભીને...ટેક
સંગ મુનિરાજ સમાજ અલૌકિક, જારત અબીર ગુલાલ...૧
કંચનકી પિચકારી લિયે કર, ધુમ મચાઈ તતકાલ...૨
ગાવત હોરી સખા સંગ ડોરી, કરસેં બજાવત તાલ...૩
દેવાનંદ કહે ફુલ હીંડોરમેં, શોભિત રાજ મરાલ...૪

ધન્ય વ્રતપુર ધામ કીધું

પદ-૦૧ (રાગ-પૂર્વછાયો)

ધન્ય વ્રતપુર ધામ કીધું, અક્ષર તુલ્ય શ્રીહરિ;
અખંડ કરે ઉત્સવ સંત, પ્રગટ પ્રભુ ઉર ધરી...૧
માણેક ચોક વિશાલ મધ્યે, મંદિર મોટું શોભતું;
માંહી પધરાવ્યા દેવ, નીરખી ઠરે ચિત્ત લોભતું...૨
ત્રણ શિખર સોના કળશ, પતાકા છે જરી તણી;

મંડપ શોભે વિશાલ, બાંધ્યાં ઝુમર પંક્તિ ઘણી...૩
રૂપ ચોકિયું સુંદર શોભે, કહી નવ જાય મુખથી;
ચિત્ર વિચિત્ર અપાર રચના, રચી અતિ સુખથી...૪
વિશ્વકર્મા આવે નિત્ય, રાજી કરવા ઘનશ્યામને;
બ્રહ્મા ભવ ઈન્દ્ર કુબેર જોઈ, કહે ધન્ય આ ધામને...૫
આવે તેત્રીશ કોટિ દેવ, ત્રિયા સહિત જોવા કારણે;
સિદ્ધ ગંધર્વ સ્તુતિ ગાન કરે, શ્રી હરિને બારણે...૬
દેવ ત્રિયા ને અપછરા, નાચ કરે નારાયણ આગે;
નિત્ય વડતાલ જોઈ જોગી, સિદ્ધ ને ઋષિ જાગે...૭
રાધા લક્ષ્મી કોટિ મુક્ત, રિદ્ધિ સેવે સહજાનંદને;
સર્વે ધામ કેરા મુક્ત આવી, નીરખે સુખકંદને...૮
અક્ષર પ્રકૃતિ પુરુષ પ્રધાન, પુરુષ તત્ત્વ સર્વ;
સૂર્ય ચંદ્ર કાલ માયા, પાળે આજ્ઞા મૂકી ગર્વ...૯
આ મેં ગણ્યા તે સર્વ, દર્શને આવે વ્રતપુરમાં;
અનંત બ્રહ્માંડના નાથ પ્રગટ, રાજે મુનિ સુરમાં...૧૦
ભક્તિ ધર્મના બાલ થયા, તીર્થના અધર્મ ટાળવા;
શરણે આવે છે નરનાર, કામ ક્રોધાદિ બાળવા...૧૧
જ્ઞાનમુનિના સ્વામી દિવ્ય, ચરિત્ર કરે બહુ ભાતનાં;
પ્રેમે શીખે ને સુણે ગાય, દિવ્ય થઈ મટે જાતનાં...૧૨

૫૬-૦૨

વળી કહું જે લીલા સાર, હરિએ કરી વ્રતપુરમાં;
અનંત આવે નર ને નાર, લીલા ધારી રાખે ઉરમાં...૧
સભા કરી ધર્મકુમાર, દર્શન દે સર્વ લોકનો;
સમાધિઓ કરાવે અપાર, સુખ આપી હરે શોકને....૨
જેની જેવી ઈચ્છા ઉર, દેખાડે મહારાજ જીવને;
પૂર્વે થયા અવતાર દેખે, ધામ સહિત દિવને...૩
તે અવતારના ભક્ત જે, વિમાને દેખે નરનારિયો;
ઊઠી સમાધિથી કહે, તે વાત ઉર ધારિયો...૦૪
પરચા જોઈ અનેક નરનાર, શરણે થાય સહજાનંદને;
ભજે કંઠી માળા લઈ, સર્વ પામે આનંદને...૫
સર્વે મતના લીધા શિષ્ય, વાત ચાલી સર્વ દેશમાં;
દારૂ માંસ ચોરી જારકર્મ, છોડાવ્યાં વર્ણીવેશમાં...૬
તપ્યા ગુરુ ગૃહી ભેષ, ચાલો જાયે શિષ્ય વાળવા;
એનો શો ભાર કહી આવ્યા, સ્વામીના મત ટાળવા...૭
નાટક ને ચેટક અપાર, ગુરુ આવ્યા વ્રતપુરમાં;
પંડિત ને પુરાણી સાથ, જીતવા હિંમત ઉરમાં...૮
સ્વામિનારાયણ ભગવાન, સર્વે કહે છે મુખથી;
નવો ચલાવે છે પંથ એ, આપણ ઉખાડ્યું સુખથી...૯

આવી ઊતર્યા વ્રતપુર સર્વે, ફરતા ત્રણ કોશમાં;
ડેરા તંબુ તાણ્યા અપાર, બોલે ગર્વ કંપે રોષમાં...૧૦
સ્વામી રાજે સભા માંહી, ચંદણીઓ બાંધી ઘણી;
કર્યા બિછાના બહુ ભાતનાં, ચંદરવા બાંધ્યા મોતી મણિ...૧૧
જ્ઞાનમુનિ કેરા નાથજી, પોતે બન્યા લક્ષ્મીપતિ;
થયા ચતુર્ભુજ અષ્ટભુજ, હરવા સરવેની મતિ...૧૨

૫૬-૦૩

એ સમે બેઠા મહારાજ, સુંદર શોભે મંચ ઉપરે;
બ્રહ્મચારી સાધુ પાળા જન કોટિ, નિરખે છે હરિરૂપ રે...૧
સભામાં તેડ્યા સર્વે જેમ, ઘટે તેમ બેસારિયા;
હરિ કહે પૂછો કાંઈ એમ, પોતે શબ્દ ઉચ્ચારિયા...૨
જે જે પ્રશ્ન જેણે પૂછિયા, હરિએ ઉત્તર આપિયા;
કરી વાત અતિ એશ્વર્ય, દેખાડી સંશય કાપિયા...૩
પ્રશ્ન-ઉત્તર કડાકુટ ખૂબ, ચાલ્યા છે અતિ ઘણા;
ભવ બ્રહ્મા ને વિષ્ણુ શેષ, આવ્યા કહી નવ જાય મણા..૪
પૂછી પૂછી ને હાર્યા સર્વ, ગર્વ ગયા સર્વેના ગળી :
સ્વામીએ કર્યા ઉત્તર અને, થઈ સમાધિ પડ્યા ઢળી.....૫
પરચા જોઈને નરનાર, અહો અહો કહી ડોલિયા;
સ્વામિનારાયણની જય જય, એમ સર્વે બોલિયા...૬
જીવ ઈશ્વરને માયા બ્રહ્મ, પુરુષોત્તમ ભગવાન;
પૂછ્યા હરિએ રૂપ પંચના, ઉત્તર દ્યો સુજાણ...૭
પુરાણી શાસ્ત્રી ગુરુ શિષ્ય, સુણી તે વિસ્મય પામિયા;
થયો ન ઉત્તર એકેય, પછી સ્વામીને શિર નામિયા...૮
પછી એમ સર્વે બોલિયા, શ્રીજી તમે ભગવાન;
અમે તો બુદ્ધિહીન અતિ, ઘણા છીએ અઘવાન...૯
તમે શ્રીહરિ પૂરણ બ્રહ્મ, નર તનુ ધારી આવિયા;
સચ્ચિદાનંદ શુદ્ધ રૂપ, અમારે મન ભાવિયા...૧૦
અમે ભૂલ્યા બહુ અજ્ઞાન, મોટપ માંયે બૂડિયા;
તમે હરિ સહજાનંદ, તારો અમને જાણી કુડિયા...૧૧
દીન વચન એવાં સુણીને, દયાનિધિ નેમ આપિયાં;
જ્ઞાનમુનિના સ્વામી રીઝી, સંસૃતિ દુઃખ કાપિયાં...૧૨

૫૬-૦૪

ધર્મવાળા બુદ્ધિવાન શિષ્ય, થયા શ્રીહરિ તણા;
હતા જે અધર્મી અસુર, ડરી ભાગ્યા ભઠ્યા ઘણા...૧
તેનું કાંઈ નવ ચાલિયું, ધૂળ ફાંકતાં ભાગિયા;
હતા દૈવી જીવ અપાર, પ્રભુ ભજનમાં જાગિયા...૨
પછી સ્વામી પૂજા કરી, બહુવિધિ સર્વે મળી;
વસ્ત્ર અમૂલ ધરાવે અંગ, વેઢ વીંટીઓ આંગળી...૩

મોતી સોના માલ હીરા, લાલમ પેરાવે હેતમાં;
કડાં સાંકળાં રત્ન જડિત, બાજુ પોંચી વેતમાં...૪
કોઈ કપૂર કડાં તોડા, પેરાવી અત્તર છાંટિયાં;
કટાર જામો સુરવાળ, ધરી સાકર માટિયાં...૫
કોઈએ સોનેરી પાઘ મોતી, તોરે ધરાવી પ્રેમમાં;
વૈજયંતી માળા શિરપેચ, હરિને ધરે નેમમાં...૬
કુંડળ મુગટ રત્નજડિત, પ્રભુ ધારે ભક્ત કારણે;
કેસર ચંદન ચરચી, હરિનો જાણ વારણે...૭
વિવિધ પુષ્પના હાર તોરા, બાજુબંધ બહુ અર્પિયાં;
ધૂપ દીપ વિધિ સહિત કરી, આરતી ભક્ત હર્ખિયા...૮
સર્વે ધોઈ હરિ ચરણ, ચર્ચી છાતિએ ચાંપિયા;
સર્વે લીધો બહુ લાવ, જન્મ-મરણ દુઃખ કાપિયાં...૯
પ્રભુજીએ હાર આપ્યા, પ્રસાદીના નિજ હાથથી;
પેંડા પતાસાં સાકર સૌને, આપે દીના નાથજી...૧૦
સર્વે ભેટ બહુ લાવિયા, હરિ અંગે પ્રેમે ધરી;
સ્વામી જમે રાજી થઈ, પ્રસાદ આપે શ્રીહરિ...૧૧
વાત કરી બહુ મહારાજ, સૌએ તો ઉરમાં ધારી;
જ્ઞાન કહે વળી સર્વે પૂજ્યા, સાધુ અને બ્રહ્મચારી...૧૨

૫૬-૦૫

સર્વેને હાર પહેરાવિયા, કેસર ચંદન ચરચી;
ધન્ય સર્વે નરનારને, કરી આગળની ખરચી ...૧
પછી કર્યા છે પાક શાક, ભગવાનને જમવા;
જીવન થાળ બહુ જમીયા, ભક્ત તણે મન ગમવા...૨
જ્યાં જ્યાં થાળ કર્યા ભક્તોએ ત્યાં ત્યાં જઈ પ્રભુજી જમે;
લાખો ભક્તો નરનારીઓ, દર્શન કરે વાંસે ભમે...૩
જમી પોત ઘનશ્યામજી, સંત બહુ જમાડિયા;
જલેબી લાડુ મોતીચૂર, સ્વામી પીરસી રમાડિયા...૪
બ્રહ્મચારી મુકુંદાનંદ, ચમર કરે છે હરિને;
મૂર્તિ ચંચળ જોઈ પ્રભુની, નેણાં રહે છે ઠરીને...૫
પંક્તિમાં અજારી કેળ રોપી, કરી છે રંગોળીઓ;
વાજાં બજાવે છે અપાર, અગર ધૂપ ધરી સળીઓ...૬
શોભા કરી પંક્તિ માંહી, પ્રભુ સંતને જમાડવા;
નિત્ય સાધુને શ્રીહરિરાય, પીરસે જલેબી લાડવા...૭
શિવ બ્રહ્મા સર્વ દેવ મુક્ત, આવે છે પ્રસાદી લેવા;
આકાશમાં છાયો વિમાન, સમાધિવાળા દેખે દેવા...૮
બ્રહ્મ કિલ્લોલ નિત્ય થાય છે, વતપુરીના ચોકમાં;
દંદુભિ બજાવે દેવ અને, ચંદન વરસે શોખમાં...૯
શ્રીહરિ લક્ષ્મીપતિએ વાસ, કરિયો વડતાલે;

મોટા મુક્ત પરમહંસ, ધ્યાન ધરી ઘણા માંલે...૧૦
વ્રત કરે બહુ મુનિવૃંદ, નાનાવિધ વ્રતપુરમાં;
માટે વ્રતાલય નામ સાર્થક, પંડિત જાણે ઉરમાં...૧૧
અજાણે દેખ્યું વડતાલને, તે પણ થયા છે દેવતા;
જ્ઞાનમુનિ કહે જાણી આવ્યા, મુક્ત થયા હરિ સેવતા...૧૨

૫૬-૦૬

ધન્ય ધન્ય વડતાલને, ગાજે ત્રિલોકી ઉપરે;
રાજે પ્રગટ ભગવાન, સહજાનંદ ભૂપના ભૂપ રે...૧
ધન્ય આવે નરનાર, નિત્ય કરે હરિ દર્શન;
સંઘ આવે ને જાય છે, પ્રભુ મળે થાય પ્રસન્ન...૨
દેશોદેશ ને ગામોગામ, સ્વામિનારાયણ ગાવતાં;
હરખે બહુ નરનારીઓ, સર્વે વડતાલે આવતાં...૩
ઘનશ્યામ પૂરણકામ, બોલાવે સૌને હેતમાં;
જાણી પોતાના જનને, ઉતારાવે નિજ કેતમાં...૪
સૌની સેવા અંગીકાર, કરે કલ્યાણ કરવા;
પરમાર્થી નીલકંઠજી, જન્મ મરણ દુઃખ હરવા...૫
નિત નિત ધર્મલાલ નાવા, જાય વાલો ગોમતી;
અસવારી બહુ ભાત્યની, શાન પતાકા શોભતી...૬
મેદની બહુ ભરાય નેણે, નીરખે નિજ નાથને;
ઘણા ગાય ધોળ મંગળ, પ્રભુ જુવે ભક્ત સાથને...૭
ધરી છત્ર કરે ચામર, શોભા બણી અતિ ઘણી;
વાજાં વાજે સાર જોઈ, હસે છે સૌના ધણી...૮
ધન્ય ગોમતીની વાટને, ધન્ય ગોમતીના તીરને;
સખા સાથ હરિકૃષ્ણજી, વખાણે નિરમળ નીરને...૯
મુનિ ભેળા મનોહર, જળમાં ઝીલે ખેલતા;
તાલી વજાડી કીર્તન ગાય, એક બીજાને ઠેલતા...૧૦
નીરખે સૌ નરનાર નાહી, નીસરે પ્રભુ બારણે;
પૂજા કરી પેરાવે હાર, વધાઈ જાય વારણે...૧૧
કસ્તુરી અક્ષત સોનાફૂલ, લઈ વાલાને વધાવે;
જ્ઞાનમુનિ કેરા પ્રભુજી, સૌને આનંદ ઉપજાવે...૧૨

૫૬-૦૭

શી કહું શોભા સખી, કોટિ કામ પામે લાજને;
બ્રહ્મા ભવ સર્વે દેવ, દર્શને આવ્યા મહારાજને...૧
ગંગા આદિ સર્વ તીરથ, ગોમતીમાં આવ્યાં વસવા;
ગોમતીના વખણા કર્યા, સ્તુતિ કરી લાગ્યા હસવા...૨
અમારે સ્પર્શ શ્રીહરિનો, એકવાર થયો જાણીએ;
અમારામાં નિત થાય છે, પાવન કર્યા સારંગપાણિએ...૩
અમારામાં પાપી નાહીને, પાપ અમને આપિયાં;

હવે રે'શું તમ પાસ અમે, પાપ અમારાં કાપિયાં...૪
નાહીને શ્રી ઘનશ્યામજી, ઓટે બેઠા ગાદીએ;
બહુ ફોડી બંદૂક ત્યારે, રાજી થઈ પદાતીએ...૫
નારાયણ દેવના દેવ સર્વે, પૂજિયા બહુ હેતમાં;
પછી ઘોડી ચડી મહારાજ, આવ્યા નિજ નિકેતમાં...૬
પ્રભુ આવ્યા મંદિર માંહી, ઘોડાની ઘુમરે શોભતા;
હસે મુખે મંદ મંદ હરિ, નરત્રિયાનાં ચિત્ત લોભતા...૭
શોભે સોનેરી પાઘ કલંગી, તોરે અતિ ઓપતી;
આવ્યા દેવ ત્રિયાનાં વૃંદ, હરિમાં મતિ રહી લોભતી...૮
રાજી થયાં સર્વ સ્વામીને, વધાવ્યા પુષ્પ ચંદને;
ચંદન મંચે સભા માંહી, સુંદર શોભે ધર્મનંદન...૯
લીલા કરે અપાર હરિ, વ્રતપુરમાં નિત્ય નવી;
બ્રહ્માભવ શેષ કોટિ, લખી હરખે અનંત કવિ...૧૦
કથા વાર્તા અહોનિશ, ઉચ્છવ થાય વ્રતપુરમાં;
સત્શાસ્ત્રોનો સિદ્ધાંત હરિ, કહે સંત રાખે ઉરમાં...૧૧
જ્ઞાનમુનિ કહે દયાળે, દયા કરી અલબોલડે;
નિષ્કામી કર્યા બહુ મુનિરાજ, આજ તો રંગરેલડે...૧૨

૫૬-૦૮

કહું લીલા અનુપ સુણીને, પાપ પ્રલય પામશે;
ગાઈ જાશે અક્ષરધામ, વિમાને બેસી દુઃખ વામશે...૧
પ્રભુની લીલા જાણી દિવ્ય, કવિ મુનિવર ગાય છે;
અનંત ભક્ત નરનારી, ગાઈ સુણી દિવ્ય થાય છે...૨
એવું સુણી મારું મન, ચરિત્રમાં રે'છે રમતું;
મળ્યા હરિ હરિસંત હવે, બીજું નથી મને ગમતું...૩
શ્રીહરિ આજ પ્રગટ્યા, ધર્મકુળ સ્થાપવા;
અધર્મી પાપીને અસુર, એના મૂળને કાપવા...૪
છપૈયે ધારી નર દેહ, મળિયા તરગામમાં;
બાળલીલા ભગવાને કરી, સુણી જાયે છે ધામમાં...૫
દિવ્ય કર્યા માતાપિતા, અસુર કષ્ટથી ઉગારી;
અગિયાર વરસે ત્યાગિયું, ઘર કુટુંબ બ્રહ્મચારી...૬
સર્વ તીર્થ શામળે, પાવન કર્યાં પોતે હરિ;
સિદ્ધ જોગી તાર્યા અપાર, તપ પૂરાં કર્યાં ફરી...૭
પરચા ઐશ્વર્ય અપાર, વાલે દેખાડ્યા સર્વને;
ફરતાં આવ્યા ગુર્જર દેશ, હરે દુષ્ટના ગર્વને...૮
કંકનો પંચાલ કચ્છ, લીલા કરી અતિ ઘણી;
મહારુદ્ર ને યજ્ઞ કરિયા, દ્વિજ જમાડ્યા અગણી....૯
ગઢપુરનો અમદાવાદ, જેતલપુરમાં શ્રીહરિ;
કરી લીલા દિવ્ય વિષ્ણુયાગ, અતિ ડભાણમાં ફરી...૧૦

સુરત વડોદરે જઈને, દિગ્વિજય બહુ કીધલા;
શાસ્ત્ર બ્રહ્મવિદ્યાવાન, સંત સાથે બહુ લીધલા...૧૧
બહુ લીલા ગામોગામ કરી, વસ્યા છે વ્રતપુરમાં;
હરિ જમ્યા ઘેરોઘેર, જ્ઞાનમુનિ રાખે ઉરમાં....૧૨

બેની વડતાલ ગામના મધ્યમાં રે

પદ-૦૧ (ઢાળ - કર પ્રભુ સંગાથે દંટ પ્રીતડી રે)

બેની વડતાલ ગામના મધ્યમાં રે, બાંધ્યું આજ અલૌકિક ધામ;
સોના કળશ ગગનમાં શોભતા રે...ટેક
રત્ન જડિત સિંહાસન કરાવિયાં રે, તેમાં રાજે મૂર્તિઓ પૂર્ણકામ...સોના૦ ૧
રૂડી દશે અવતારની મૂર્તિઓ રે, હરિએ બેસારી કરીને કોડ...સોના૦ ૨
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ શોભતાં રે, લક્ષ્મીનારાયણ રણછોડ...સોના૦ ૩
ધર્મભક્તિ પૂરે કોડ સર્વેના રે, વળી વાસુદેવ સુખરૂપ...સોના૦ ૪
એને પૂજે ભજે સહુ પ્રેમથી રે, ત્યાગી ગૃહી રાવ મોટા ભૂપ...સોના૦ ૫
ઉત્સવ સમૈયા અહોનિશ થાય છે રે, નરનારી આવે ત્યાં અપાર...સોના૦ ૬
પૂજા સામગ્રી લાવે ભાત્ય ભાત્યની રે, વસ્ત્ર ઘરેણાં ફૂલ બહુ સાર...સોના૦ ૭
અનંત જીવનાં કલ્યાણ કારણે રે, આજ આવ્યા છે સહજાનંદ...સોના૦ ૮
અક્ષરધામના વાસી પોતે આવિયા રે, મનોહર મૂર્તિ સુખકંદ...સોના૦ ૯
મહામુનિમાં રાજે અલબેલડો રે, ભયહારી પુરુષોત્તમ શ્યામ...સોના૦ ૧૦
જ્ઞાનમુનિના સ્વામીને જોઈને રે, લાજે કોટિ રવિ ચંદ્ર કામ...સોના૦ ૧૧

પદ-૦૨

ચોકમાંહી સભા કરી શામળે રે, સંત આવી બેઠા ચારે પાસ;
મધ્યે શોભે સહજાનંદ મૂર્તિ રે...ટેક
બ્રહ્મચારી પાળા સૌ આવિયા રે, નરનારી આવ્યાં દર્શન...મધ્યે૦ ૧
ચંદન પાટ ઉપર ઘનશ્યામજી રે, ગાદી તકિયે બેઠા પૂર્ણકામ...મધ્યે૦ ૨
વા'લો જોઈ બોલ્યા ગંભીર વાણીએ રે, સંત હરિજન સુણો સર્વે વામ...મધ્યે૦ ૩
મારી વાણી સર્વે તમે પાળજો રે, દૃઢ કરી અતિ હરખાય...મધ્યે૦ ૪
તમો ઉપર અતિ હું રીઝિયો રે, તેડી જાઈશ અક્ષરમાંય...મધ્યે૦ ૫
સુખ દુઃખ ધારીએ નહિ મનમાં રે, જગજીવન સેવો આઠો જામ...મધ્યે૦ ૬
કાળ માયાદિ સર્વેના નિયંતા રે, પરમેશ્વર સુખના ધામ...મધ્યે૦ ૭
એવી સુણી હરિની વાતડી રે, હું તો રાજી થયો મનમાંય...મધ્યે૦ ૮
મને વાલે પોતાની કીધલી રે, આજ અંતર રાખ્યું નહિ કાંય...મધ્યે૦ ૯
મનમાં લાજ કોઈની નવ રાખીએ રે, જ્યારે ભજવા જાઈએ હરિરાય...મધ્યે૦ ૧૦
તન મન ધન પ્રભુને ઉપરે રે, જ્ઞાનવલ્લભદાસ વારી જાય...મધ્યે૦ ૧૧

પદ-૦૩

સખી હરિ રીઝયાની કહું વાતડી રે, ધારી લેજે તું અંતરમાંય;
ફરી ફરી ન આવે આવો સમો રે...ટેક
મળે પ્રગટ પ્રભુ ભૂમિ ઉપરે રે, તેને વરી સર્વે સુખી થાય...ફરી૦ ૧

નાણું ખરચ્યે હરિ નવ મળે રે, તે તો પોતે આવ્યા છે આજ...ફરી૦ ૨
માટે વરી લેવા બહુ હેતમાં રે, તેણે તારું સરશે સૌ કાજ...ફરી૦ ૩
પ્રભુ વર્યે અખંડ સુખ પામીએ રે, ટળી જાય ત્રિવિધિના તાપ...ફરી૦ ૪
દિવ્ય મૂર્તિ તું કૃષ્ણની જાણજે રે, તે તો સ્વામિનારાયણ આપ...ફરી૦ ૫
ચોરી જાર અભક્ષ સર્વે ત્યાગવું રે, કરવો નહિ પાપીનો સંગ...ફરી૦ ૬
ટેક રાખી ગોવિંદ ગુણ ગાવવા રે, હરિકૃષ્ણ ભજી રાખો રંગ...ફરી૦ ૭
માટે સમજીને ધારો સર્વે ને'મને રે, જાવું હોય અક્ષરધામ માંય...ફરી૦ ૮
રાધા લક્ષ્મી સેવે પૂર્ણકામને રે, માન રાખે નહિ મનમાં કાંય...ફરી૦ ૯
સખી આજ મોહન વનમાળીએ રે, ધાર્યું કર્યું સર્વે મારું માવ...ફરી૦ ૧૦
જ્ઞાનમુનિ કે' મહાસુખ આપિયું રે, આજ આવ્યો અલૌકિક દાવ...ફરી૦ ૧૧

પદ-૦૪

હેલી જોને હરિવર શામળો રે, રાજે રસિયો ધર્મના રાય;
શોભે મૂર્તિ મનોહર માવની રે...ટેક
વસ્ત્ર આભૂષણ પેર્યાં બહુ ભાતનાં રે, એની શોભા કહી નવ જાય...શોભે૦ ૧
તેજોમય શિર પર મોળિયું રે, તોરા મોતી મોગરાના સાર...શોભે૦ ૨
કાને ગુચ્છ કુંડળ રતને જડયાં રે, કોટે ઘરેણાંનો નહિ પાર...શોભે૦ ૩
કિનખાબ જામો હરિએ પેરિયો રે, કેડે શેલું અમૂલખ લાલ...શોભે૦ ૪
જરકસી ખભા પર ધારિયું રે, કરમાંયે રેશમી રૂમાલ...શોભે૦ ૫
સોના કંદોરો કટિને ઉપરે રે, સોના સાંકળી ઘૂઘરી ઘેર...શોભે૦ ૬
ચરણે ઝાંઝર પેર્યાં મારે નાથજી રે, તોડા કડાં ધાર્યાં કરી મેર...શોભે૦ ૭
સુરવાળ બુટાદાર પેરિયો રે, નાડી ફૂમકાવાળી છે લાલ...શોભે૦ ૮
હીરે જડયા બાજુ પોંચી વીંટિયું રે, કપૂર કડાં જોઈ વાધે વા'લ...શોભે૦ ૯
ઠરે નેણાં નીરખી નરનારનાં રે, જોને આવ્યાં જોવા દેવવૃંદ...શોભે૦ ૧૦
જ્ઞાનમુનિ ન ભજે મારા નાથને રે, તેને જાણો અતિ મતિમંદ...શોભે૦ ૧૧

સખી મેં તો ઘનશ્યામ રે, દીઠા ગોમતીને તીર

પદ-૦૧ (ઢાળ - ધર્મકુંવર હરિકૃષ્ણની રે)

સખી મેં તો ઘનશ્યામજી રે, દીઠા ગોમતીને તીર; નારાયણ શ્રીહરિ રે...ટેક.
પરબ્રહ્મ પોતે આવિયા રે, ગોપીપતિ બલવીર...નારા૦ ૧
શ્રીકૃષ્ણ એમ બોલિયા રે, બળદેવ પ્રત્યે વેણ;
અન્ય અવતારને ધારશું રે, તે આવ્યા સુખદેણ...નારા૦ ૨
અનેક જીવને તારવા રે, થયા છે મનુષ્યરૂપ;
રાધા રમાના નાથજી રે, દિવ્ય મૂર્તિ અનુપ...નારા૦ ૩
કૃતાદિક સર્વે જુગની રે, પ્રજા માગે છે એમ;
જનમ કલિયુગમાં રે, આપો હરિ કરી પ્રેમ...નારા૦ ૪
નારાયણ પરાયણ થાશે રે, સર્વે નિશ્ચે કરી જન;
એકાદશ સ્કંધમાં કહ્યું રે, નવ યોગી થઈ મગન...નારા૦ ૫
યુગે યુગે અવતાર ધરે રે, પોતાના ભક્તને કાજ;

તે ભેળા અનેક જીવને રે, તારી લે છે મહારાજ...નારા૦ ૬
આવ્યા અક્ષરધામથી રે, લાવ્યા ઘણા આજ મુક્ત;
એવાં નેમ બીજે નવ પળે રે, શાસ્ત્ર પ્રમાણે જુક્ત...નારા૦ ૭
નરનારી દેશદેશનાં રે, વડતાલે આવે અપાર;
સ્વામિનારાયણ નામનો રે, કરે છે સર્વે ઉચ્ચાર...નારા૦ ૮
પરચા આપે અતિ ઘણા રે, આ સમે અલબેલ;
જ્ઞાનમુનિને સ્વામીએ રે, મુક્તિની કરી છે રેલ...નારા૦ ૯

૫૬-૨

સજની પ્રભુ મને મળિયા રે, શ્રીપુરુષોત્તમ નાથ; વડતાલે શ્રીહરિ રે...ટેક.
કલ્પતરુ સર્વે જીવનાં રે, મુક્ત બહુ પોતા સાથ...વડ૦ ૧
સભા મોટી અતિશે ઘણી રે, મધ્યે બેઠા સુખદેણ;
વાર્તા કરે બહુ હેતમાં રે, બોલે મધુરાં વેણ...વડ૦ ૨
રૂપ જોઈ મહારાજનું રે, થઈ હું તો ગુલતાન;
વર્તમાન ધાર્યું સ્વામી તણું રે, મેલ્યું જૂઠું કુળમાન...વડ૦ ૩
રાજા દીવાન સૌ આવિયા રે, પંડિત પુરાણી અપાર;
ચાર વર્ણ ચાર આશ્રમી રે, સ્વામીનો કરે ઉચ્ચાર...વડ૦ ૪
મનુષ્ય તણો પાર નહીં રે, નીરખે ધર્મકુમાર;
ગરબા ગાયે ટોળે મળી રે, નોખાં નોખાં નરનાર...વડ૦ ૫
સંત ગાવે બહુ પ્રેમથી રે, તે ભેળા શ્રીઘનશ્યામ;
વિમાને બેસી દેવ આવિયા રે, જોવાને પૂરણકામ...વડ૦ ૬
ગાતા જોઈ દીનાનાથને રે, સમાધિ થઈ તે વાર;
સર્વે ઘણી નરનારીએ રે, દીઠી વિમાન કતાર...વડ૦ ૭
દેવ દુંદુંભિ વાગિયું રે, શબ્દ થયા જય જય;
ચંદન પુષ્પ થઈ વૃષ્ટિ રે, સર્વે પામ્યા વિસ્મય...વડ૦ ૮
બેની શી કહું હું વાતડી રે, નજરે દીઠી મેં આજ;
જ્ઞાનમુનિને સ્વામીએ રે, કર્યું સર્વેનું કાજ...વડ૦ ૯

૫૬-૩

રૂડી આ સમાની રીતડી રે, સુણાવું કરી પ્રીત; નારાયણ નાથની રે...ટેક.
અક્ષર થકી જે પર કહ્યાં રે, તે આજ પ્રગટયા અજિત...નારા૦ ૧
સર્વે મતપંથ ઉપરે રે, સ્થાપ્યો પોતાનો મત;
સ્વામિનારાયણ નામના રે, ડંકા વાગ્યા અતિ સત...નારા૦ ૨
શાસ્ત્રા રીતે સર્વે જીતિયા રે, આવ્યા'તા કરવા વાદ;
ભૂલ્ય નીકળી બીજા પંથમાં રે, પોતાની થઈ જાદ...નારા૦ ૩
કાળા મુખે વમાસી રહ્યાં રે, બોલી શક્યા નહિ કોઈ;
એવું જોઈ સર્વે માનવી રે, લીધાં ધારી નેમ તોઈ...નારા૦ ૪
બીજા તે મત ગયા બગડી રે, બોલ્યાં એમ નરનાર;
શરણું લીધું પરબ્રહ્મનું રે, ઊતર્યા સર્વે ભવપાર...નારા૦ ૫
અનાથ કેરા નાથજી રે, અઢળ ઢળ્યા છે આજ;

ભૂમિનો ભાર ઉતારિયો રે, ધર્મની બાંધી મોટી પાજ...નારા૦ ૬
રાવ રંક પર રીઝિયા રે, હરિ કરી મોટું મન;
સુખ આપ્યું અક્ષરધામનું રે, રાજી થયા ભગવન...નારા૦ ૭
ધર્મકુંવર નીલકંઠને રે, દેખે સમાધિને માંય;
કરુણા કરી આવે તેડવા રે, ગરુડ લઈ સુખદાય...નારા૦ ૮
કંચન મહોલ આપિયા રે, બ્રહ્મરૂપ કરી કાય;
કંચન વિમાને બેસીને રે, જ્ઞાનમુનિ કહે જાય...નારા૦ ૯

પદ-૪

અચલ ધણી શ્રીજી રે, સખી વર્યા મેં તો નાથ; મનોહર માવજી રે...ટેક.
જન્મ ધર્યા બહુ લોકમાં રે, આવ્યો નો'તો આવો દાવ...મનો૦ ૧
પ્રગટ પ્રભુ જયારે મળે રે, ત્યારે જાય સર્વે દુઃખ;
પૂર્ણકામ અનાદિ હરિ રે, મળ્યે થાય અતિ સુખ...મનો૦ ૨
જીવ ઈશ્વરના નિયંતા રે, કાળ માયાના નાથ;
બ્રહ્મા શિવ સૂર્ય ચંદ્રાદિ રે, આજ્ઞામાં રહે જોડી હાથ...મનો૦ ૩
જીવઈશ્વરકોટિ તણા રે, કૃષ્ણ જાણો આધાર;
પરમેશ્વર પરમાત્મા રે, સર્વેના છે કરતાર...મનો૦ ૪
અનંત બ્રહ્માંડ જેના તેજમાં રે, થાય છે સર્વે લીન;
એવા નટવર શામળો રે, તારવા આવ્યા જીવ દીન...મનો૦ ૫
અઘમોચન દીનેનાથજી રે, દયા કરી છે દયાળ;
રાધાવર ઘનશ્યામજી રે, ભક્ત તણા પ્રતિપાળ...મનો૦ ૬
દરશન દઈ સુખ આ સમે રે, આપ્યું હરિવરે આપ;
કરુણાનિધિ કરુણા કરી રે, ટાળ્યાં સર્વેનાં પાપ...મનો૦ ૭
નિષ્કામી સંત બહુ કર્યા રે, ફર્યા લઈ સર્વે દેશ;
અગણિત જીવને તારિયા રે, ધારી રૂડો વર્ણી વેશ...મનો૦ ૮
ખામી ભાંગી બહુ દિનની રે, મળ્યા છે જીવનપ્રાણ;
જ્ઞાનમુનિનો વાલમો રે, રેલ્યા સુખના મે'રાણ...મનો૦ ૯

બેની આજ વડતાલે સર્વે ચાલો રે

પદ-૦૧ (ઢાળ - સર્વે સખી જીવન જોવાને ચાલો રે...)

બેની આજ વડતાલે સર્વે ચાલો રે, રાજે ત્યાં તો સુખકારી ધર્મલાલો રે...૧
સંત મધ્યે શોભે વાલો અતિ ભારી રે, ચકિત થાય જોઈ જોઈ નરનારી રે...૨
આજ અનુપમ છે પૂનમ સારી રે, જગજીવન શોભે રત્ન મુગટ ધારી રે...૩
કાને કુંડળ હાર ઉર હજારી રે, મોગરા ચંપા ચમેલીના શોભે ભારી રે...૪
ઘેરી ફોર્યે લીધા સર્વના ચિત્ત ચોરી રે, હરિ મારી જીવલડા કેરી દોરી રે...૫
સર્વે મતવાદી જીતી કીધા ઘેર રે, શિષ્ય કરી રાખ્યા પોતે કરી મેર રે...૬
પરચા આપી સર્વેના સંશય કાપે રે, અક્ષરધામ દેખાડી પ્રભુ સુખ આપે રે...૭
રાજા રાવ રંક જોઈ રાજી થાય રે, સેવક થઈ સ્વામીના સેવે છે પાય રે...૮
ધર્મ પાળી પ્રભુને ભજે નરનારી રે, થયાં સર્વે નિષ્કામી અતિશે ભારી રે...૯
જ્ઞાનવલ્લભદાસ કહે કર જોડી રે, વડતાલે આવો નિત્યે દોડી દોડી રે...૧૦

પદ-૦૨

વ્રતપુરી કેરો મહિમા અપાર રે, પુરુષોત્તમ રહે જક્ત આધાર રે...૧
અક્ષરધામ પ્રભુ હોય ત્યાં જાણો રે, રસિયો વરી અખંડ સુખડા માણો રે...૨
જપ તપ વ્રત દાન ધર્મ આજ રે, ઉદે થયું મળિયા શ્રીમહારાજ રે...૩
એક હરિ તેનાં અનંત છે નામ રે, તેને ભજી પામે અચલ સુખધામ રે...૪
કૃષ્ણ કેશવ માધવ પ્રભુ મુરારી રે, દામોદર ઘનશ્યામ ભયહારી રે...૫
નીલકંઠ હરિ પરબ્રહ્મ સ્વામી રે, નારાયણ વિષ્ણુ અજ અંતરજામી રે...૬
કર્તા હર્તા પાલક જીવનદોરી રે, મનોહર ભક્તરંજન ધર્મધોરી રે...૭
સર્વ કારણ સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ રે, અક્ષરાતીત મૂર્તિ પરમ અનુપ રે...૮
વૈકુંઠ ને ગોલોકપતિ અવિનાશી રે, રાધા લક્ષ્મી અનંત મુક્તને ઉપાસી રે...૯
જ્ઞાનવલ્લભદાસ કહે સુખધામ રે, વર્યા મેં તો સહજાનંદ પૂરણકામ રે...૧૦

પદ-૦૩

વડતાલ ધામ કેરી શોભા બેની રે, નીરખી વાત કહી નવ જાયે એની રે...૧
મંદિર મોટાં શિખરે સોના કળશ રાજે રે, નગારાં ને ચોઘડિયાં અનાદિ વાજે રે...૨
મૂર્તિ કેરાં રૂપ શું હું વર્ણવું રે, દર્શન કરી આનંદમાં ગુણ ગાવું રે...૩
મુખ શોભા તેજ અંબાર કેરું ધામ રે, જોઈ જોઈ લાજે રવિ શશી કામ રે...૪
નવાં નવાં વસ્ત્ર ને ઘરેણાં હું જોઈ રે, પાઘ અનુપમ યે ચાલીમાં મોઈ રે...૫
કડાં બાજુ પોંચી મોતીમાળા પેરી રે, હાર ધાર્યા તેની ફોર આવે ઘેરી રે...૬
ધર્મ ભક્તિ વાસુદેવ પધરાવ્યાં રે, લક્ષ્મીનારાયણ રણછોડ આવ્યાં રે...૭
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ રે, બેસાડયાં છે સર્વેને શ્રીજીએ આજ રે...૮
નીરખે પૂજે તેના પૂરા કરે કોડ રે, બ્રહ્મચારી સાધુ પાળા સેવે ક્રોડ રે...૯
જ્ઞાનવલ્લભદાસ કહે દર્શન આપી રે, હરિજનનાં દુઃખ નાખ્યાં સર્વે કાપી રે...૧૦

પદ-૦૪

ધર્મ હોય ત્યાં આવે દેવ દેવાતન રે, બીજે કયાંઈ ન રે' પોતે ભગવાન રે...૧
દેવ દેવી આવ્યાં વડતાલ માંય રે, અધર્મથી ન રહે દૈવત કાંય રે...૨
નિમ યમ અષ્ટસિદ્ધિ નિધિ સોય રે, હરિ ચરણે રહે સદા જાણો મોય રે..૩
કૃષ્ણદેવ રાધા લક્ષ્મી દેવી જાણો રે, માટે કલ્યાણ વ્રતપુરીમાં પ્રમાણો રે...૪
વડતાલ નામે યમદૂત ભાગે રે, મહિમા એવો નથી આજ કોઈ જાગ્યે ૨...૫
સહજાનંદ સ્વામી આવ્યા પોતે જ્યારે રે, વાધ્યો પ્રતાપ અતિશે આજે ત્યારે રે...૬
સ્વામિનારાયણનું એ છે ધામ રે, અનંત સંત રહે નિત્ય નિષ્કામ રે...૭
આ તો સત્શાસ્ત્રનો કહ્યો સખી સાર રે, દઢ મારે સ્વામીનો નિશ્ચે અપાર રે...૮
આ પદ શીખે સુણે નિરંતર ગાય રે, તેની ઉપર શ્રીહરિ બહુ રાજી થાય રે...૯
જ્ઞાનવલ્લભદાસ ગાય અતિ પ્રીત રે, નારાયણમુનિ મળ્યા થઈ જીત રે...૧૦

વ્રતપુરને માંય, આવ્યા હરિ વ્રતપુરીને માંય

પદ-૦૧ (ઢાળ - સહજાનંદ હરિ પ્રગટ થયા)

વ્રતપુરીને માંય, આવ્યા હરિ વ્રતપુરીને માંય...ટેક.
ભક્તિ ધર્મ સુત શ્રી પુરુષોત્તમ, ધર્મધુંર મુનિરાય...આવ્યા૦ ૧

કોશલ દેશ છપૈયે તનુ ધારી, મોટા ધ્યાની ગુણ ગાય...આવ્યા૦ ૨
સર્વે તીર્થ ફરીને અલબેલે, અધર્મ ટાળ્યો ત્યાં જાય...આવ્યા૦ ૩
જ્ઞાનમુનિ કે' ચરોતર વચ્ચે, ધામ બાંધ્યું સુખદાય...આવ્યા૦ ૪

પદ-૨

સુખનિધિ ઘનશ્યામ, મળ્યા મને સુખનિધિ ઘનશ્યામ...ટેક.
અક્ષરપતિ દિવ્ય પરબ્રહ્મ સ્વામી, રટું નામ આઠું જામ...મળ્યા૦ ૧
ઘોર કળિ ટાળી સતયુગ સ્થાપ્યો, ધર્મભક્તિ ગામોગામ...મળ્યા૦ ૨
પ્રગટ પ્રતાપ છાયો ત્રિલોકમાં, અધર્મીનું કાઢયું ઠામ...મળ્યા૦ ૩
જ્ઞાનમુનિ કે' પ્રગટ સ્વામી સેવી, બહુ ગયા અક્ષરધામ...મળ્યા૦ ૪

પદ-૩

સહજાનંદ સ્વામી પ્રગટ ગાયે, સહજાનંદ સ્વામી...ટેક.
બહુ દયા કરી વ્રતપુરી વસ્યા, વાલો અંતરજામી...પ્રગટ૦ ૧
સર્વે ધામના મુક્ત સાથે લાવ્યા, કલ્યાણકારી અકામી...પ્રગટ૦ ૨
અગણિત જીવને તારી તે લીધા, સર્વે ધામના ધામી...પ્રગટ૦ ૩
જ્ઞાનમુનિ કેરા વાલાને ભજી, દુઃખ ગયાં સૌ વામી...પ્રગટ૦ ૪

પદ-૪

વડતાલે હરિ આજ, રાજે વા'લો વડતાલે હરિ આજ...ટેક.
સર્વ તીર્થ ફળ વ્રતપુરી દર્શને, તરત આપે મુનિરાજ...રાજે૦ ૧
સર્વ તીર્થ દૈવત વ્રતપુર આવ્યું, સહુ પર રહી ગાજ...રાજે૦ ૨
ગોમતીમાં નદી નદ સૌ આવ્યાં, નાહ્યાં તેનું સર્યું કાજ...રાજે૦ ૩
જ્ઞાનમુનિ કેરા નાથ નિરંતર, લીલા કરે મહારાજ...રાજે૦ ૪

વ્રતપુરીના ચોકમાં રે

પદ-૦૧ (ઢાળ - હરિ હૈયાના હાર છો જી રે તમે...)

વ્રતપુરીના ચોકમાં રે હરિ, વ્રતપુરીના ચોકમાં;
ચોકમાં ચોકમાં ચોકમાં રે...હરિ૦ ટેક.
સંત ગાન કરે ને હરિ તાન મેલે રે, અક્ષરથી આવ્યા આ લોકમાં રે...હરિ૦ ૧
બહુ લાડ લડાવે નિજજનને રે, સભા મધ્યે બેઠા શોખમાં રે...હરિ૦ ૨
મૂરતિ જોઈ મનોહર પ્યારી રે, સંતો તણા તે ઝોકમાં રે...હરિ૦ ૩
જ્ઞાનમુનિના સ્વામી બહુરંગી રે, હવેલીના જોયા ગોખમાં રે...હરિ૦ ૪

પદ-૨

ભક્તિ કુંવરના રૂપને રે જોયું, ભક્તિ કુંવરના રૂપને;
રૂપને રૂપને રૂપને રે...જોયું૦ ટેક.
લળી લળી પગે સહુ લાગે રે, મુનિવર કેરા ભૂપને રે...જોયું૦ ૧
અંગોઅંગ મૂર્તિ મેં નિહાળી રે, બ્રહ્મા ન દેખે સ્વપને રે...જોયું૦ ૨
કહી ન જાયે પ્રભુની શોભા રે, શું વર્ણવું અનુપને રે...જોયું૦ ૩
જ્ઞાનના પ્રભુજી ના'વા પધાર્યા રે, ગોમતી નાહ્યા કરી ખૂબને રે...જોયું૦ ૪

પદ-૩

સંત ભેળા ઝીલ્યા ગોમતી રે, પ્રભુ સંત ભેળા ઝીલ્યા ગોમતી;
ગોમતી ગોમતી ગોમતી રે...પ્રભુ૦ ટેક.
બહુ ક્રીડા જળમાં વાલે કીધી રે, છબી અલૌકિક શોભતી રે...પ્રભુ૦ ૧
ભીડ ભરાઈ અતિ ચારે કાંઠે રે, નીરખે મૂર્તિ અતિ ઓપતી રે...પ્રભુ૦ ૨
દેવ વિમાને બેસી જોવા આવ્યા રે, ચંચળ મૂર્તિ ચિત્ત લોભતી રે...પ્રભુ૦ ૩
જ્ઞાનમુનિના સ્વામીની લીલા રે, ત્રિયા થકિત થઈ જોવતી રે...પ્રભુ૦ ૪

પદ-૪

પ્રભુ પધાર્યા જમવા રે, નાહી પ્રભુ પધાર્યા જમવા;
જમવા જમવા જમવા રે...નાહી૦ ટેક.
પાક શાક બહુવિધ બનાવ્યાં રે, હરિ તણે મન ગમવા રે...નાહી૦ ૧
બહુજનના થાળ જીવન જમિયા રે, હરિજનનાં મન સમવા રે...નાહી૦ ૨
જમી મુખવાસ લૈ ઊઠયા રસિયો રે, સંત પંક્તિમાં રમવા રે...નાહી૦ ૩
જ્ઞાનમુનિને વાલે સંત જમાડયા રે, રાસ રમાડીને દમવા રે...નાહી૦ ૪

પ્રગટ હરિ રાજત વ્રતપુર આઈ

પદ-૦૧ (ઢાળ - પિયા મેરા પ્યારા મોહન મતવાલા...)

પ્રગટ હરિ રાજત વ્રતપુર આઈ...પ્રગટ૦ ટેક.
પ્રગટ પ્રભુ વિચરત સબ દેશ, સંત સખા સાથે લાઈ...પ્રગટ૦ ૧
દરશકું જાતે મહિમા અપાર હૈ, પદે પદે યજ્ઞ થાઈ...પ્રગટ૦ ૨
સબ તીર્થફળ વ્રતપુરી દરશકેં, હોય જાણો મનમાંઈ...પ્રગટ૦ ૩
જ્ઞાનમુનિ કે' વ્રતપુરી બિના, મન માને નહિ ક્યાંઈ...પ્રગટ૦ ૪

પદ-૨

સાચે પતિ સખી મિલે માંય આજ...સાચે૦ ટેક.
સાચે સ્વામી પ્રગટ હરિ સેવીકે, કરી લિયો અપનો કાજ...સાચે૦ ૧
પ્રત્યક્ષ પ્રભુ બિના કામ ન હોવે, કહે વેદ સંતરાજ...સાચે૦ ૨
વ્રત દાન જપ તપ જબ કીજે, તબ મીલે મહારાજ...સાચે૦ ૩
જ્ઞાનમુનિ કે' હરિકૃષ્ણ ભજ પ્રાની, અચલ નાહિ સુખસા...સાચે૦ ૪

પદ-૩

અબ મેરો ભાગ્ય ઉદે ભયો હે બેની...અબ૦ ટેક.
ઘેર બેઠે હરિ સંત મિલે મોયે, સનાતન સુખદેની...અબ૦ ૧
સગાં સંબંધી તજી હરિ ભજ હું, કોન માને શંકા તેની...અબ૦ ૨
પરબ્રહ્મ નારાયણમુનિ ગાવું, કરી હું સેવા નિત એની...અબ૦ ૩
જ્ઞાનમુનિ ઘનશ્યામ ચરણમેં, બુદ્ધિ અચલ મોરી ઠેની...અબ૦ ૪

પદ-૪

સાચી કહત હરિકી સુનો સબ રીતિ...સાચી૦ ટેક.
કામ ક્રોધાદિ શત્રુ તજી ભજે, તિનસે રાખે પ્રીતિ...સાચી૦ ૧

સાકાર પ્રભુ અચલ જાનત હે, તિનકી જાવે ભવભીતિ...સાચી૦ ૨
જીવ ઈશ્વરકો ભેદ જાની સેવે, તેહું જાયે જગ જીતિ...સાચી૦ ૩
જ્ઞાનમુનિ કે' નિજ દાસકું હરિ, રાખે પાસે કરી નીતિ...સાચી૦ ૪

ધન્ય વ્રતપુરી, ગોમતીના તીર રે

પદ-૦૧ (ઢાળ - સુણો ચતુર સુજાણ...)

ધન્ય વ્રતપુરી, ગોમતીના તીર રે જ્યાં હરિ નિત્ય બેસતા;
શ્રીધર્મ કુમાર, સંત લઈ સાથ ગોમતી નાવા પેસતા...ટેક.
વાલો જળમાં તે બહુ ક્રીડા કરે, મોટા મુનિવર નિત્ય ધ્યાન ધરે;
પ્રભુ ડૂબકી મારી ઊલટા ફરે...ધન્ય૦ ૧
સખા સંગે ગાતાં જળમાં ખેલે, હસતાં હસતાં જનને ઠેલે;
કોઈ ઉપર ચઢી ભૂસકો મેલે...ધન્ય૦ ૨
દેવ આવે નિત્યે વિમાને ચઢી, ચંદન પુષ્પની કરતા ઝડી;
ધન્ય નરનારી નીરખે એ ઘડી...ધન્ય૦ ૩
પ્રભુ નીસરે જ્યારે જળથી બારા, કરે દર્શન મગન થૈ જન સારા;
જ્ઞાનમુનિના સ્વામી અતિ પ્યારા...ધન્ય૦ ૪

પદ-૨

નાહીને શ્રીહરિ, વસ્ત્ર આભૂષણ પેરીને ઓટે આવતા,
સંત હરિજન, મળીને આનંદમાં બહુ કીરતન ગાવતા...ટેક.
હાર પેરાવે પુષ્પના બહુ ભારી, ઘણે હરખ ભર્યા સૌ નરનારી;
પ્રભુ મૂરતિને ચિત્તમાં ધારી...નાહીને૦ ૧
વિધવિધ ભેટ લાવે મન ભાવી, હરિ ચરણે મૂકે તે સૌ આવી;
કરે રસિયો ગ્રહણ પ્રીત ઉપજાવી...નાહીને૦ ૨
એહ લીલા દીઠી બેની જેણે, કામકાજ વિસાર્યા સૌ તેણે;
મનુષ્ય દેહનો લાભ લીધો એણે...નાહીને૦ ૩
આંબાની ઘટા ભારે જ્યાં છાજે, છાયા જોઈ જીવન નિત્ય બિરાજે;
જ્ઞાનમુનિ નીરખી સૌ હરખાજે...નાહીને૦ ૪

પદ-૩

સંત મગન થઈ, ધર્મકુંવરને પૂજે કેસર ચંદન ઘસી,
શ્રીભક્તિ કુમાર, નિજ જન પ્રત્યે બોલ્યા તે વારે હસી...ટેક.
સૌ સંત ધીરે ધીરે આવો, કોઈ મનમાં મત અકળાવો;
પૂજન કરી આજ લ્યો લાવો...સંત૦ ૧
સૌ હરખ ભર્યા પ્રભુને પૂજે, બ્રહ્મચારી સાધુ જૂજે જૂજે;
તે સમે દેહભાન નવ સૂજે...સંત૦ ૨
બહુ ચંદન ચરચ્યું હરિ અંગે, હાર કંકુ ને કેસર ઉમંગે;
ઘનશ્યામને અરપે પંચરંગે...સંત૦ ૩
કોઈ અત્તર ગુલાલ ચઢાવે, જોઈ પ્રેમ મોહન મન હરખાવે;
જ્ઞાનમુનિ તે છબી ઉર લાવે...સંત૦ ૪

પદ-૪

ઘનશ્યામ હસી, સાધુ બ્રહ્મચારીને મળિયા ચંદન ભર્યા,
શોભે સહજાનંદ, મનોહર મૂર્તિ શ્રીજી અંતરમાંય ગર્યા...ટેક.
એ લીલા અનંત જીવે નેણે ભાળી, સૌને જન્મ મરણની શંકા ટાળી;
કામ ક્રોધ શત્રુ નાંખ્યા સર્વે બાળી...ઘન૦ ૧
ભેટી રસિયે સહુને સુખ આપ્યું, કોઈની સાથે અંતર નવ રાખ્યું;
પ્રભુ પર તન ધન સૌએ વારી નાખ્યું...ઘન૦ ૨
પછી મંદિર ચાલ્યા હરિ ઘોડે ચડી, ત્યારે મૂર્તિ સૌને નજરે પડી;
બહુ ભીડ ભરાઈ સખી તેહ ઘડી...ઘન૦ ૩
અતિ વાજાં વાજે પ્રભુને આગે, બહુ બંદૂકો ફૂટે દિશાઓ ગાજે;
જ્ઞાનમુનિ કે' પાપી જોઈને લાજે...ઘન૦ ૪

ધર્મકુમાર સુંદરવર સ્વામી, વ્રતપુરી આવી મળ્યા બહુનામી

પદ-૦૧ (ટાળ - આજ સખી આનંદની હેલી...)

ધર્મકુમાર સુંદરવર સ્વામી, વ્રતપુરી આવી મળ્યા બહુનામી...૧
સભા કરી મધ્યે બેઠા સુખકંદ, મુનિવરનાં વીંટી વળ્યા છે વૃંદ...૨
ગાન કરે સાધુ પ્રભુજીને આગે, સતાર સારંગીઓ દોકડ બાજે...૩
નવીન મનોહર શિર પર પાઘ, છોગાં તોરા મોતીના અનુરાગ...૪
ગૌર મૂર્તિ રૂપાળી અતિ ભારી, નીરખી મગન થાય સૌ નરનારી...૫
મુખપંકજ નેણાં ભમર જેવાં, જોઈ જોઈ અંતર બેની ધારી લેવા...૬
લક્ષ્મીવાસ શાસ્ત્રમાં કહી છાતી, તે તો નીરખી નેણે કહી નથી જાતી...૭
જ્ઞાનમુનિના સ્વામી શોભાના દરિયા, જેણે નીરખ્યા તેના અંતરમાં ગરિયા...૮

પદ-૨

ધર્મપુત્ર થયા કૃષ્ણ હરિ આજ, માટે ધર્મ પળાવે શ્રીમહારાજ...૧
અધર્મ ટાળી ધર્મ સ્થાપન કીધો, ધર્મકુળે લાવો અલૌકિક લીધો...૨
ધર્મકુળ જેણે જેણે તનુ ધારી, તે નરનારી પુણ્યવાળા છે ભારી...૩
ધર્મ ધુરંધર નામ સત્ય કીધું, હરિ ઓળખ્યા તેનું કારજ સીધું...૪
કળિને માંયે ધર્મ ભારે સ્થાપી, અધર્મ મત નાંખ્યા છે ઉથાપી...૫
ધર્મ પાળી નરનારી સુખી થાય, ઘનશ્યામ બતાવે તે ઉપાય...૬
જે જે શરણે થાય સ્વામીને આજ, તેનાં પૂરણ થયાં સર્વે કાજ...૭
જ્ઞાનમુનિના નાથને સર્વે ભજી, જાય અક્ષરધામ દેહને તજી...૮

પદ-૩

પ્રભુ પ્રગટ મળે જાણો ભરતખંડે, એમ કે' છે કવિ વ્યાસાદિ અખંડે...૧
એવા જે પ્રભુ પ્રગટ થઈ આજ, વ્રતપુરીમાં આવ્યા મુનિરાજ...૨
જેનાં પુન્ય હોય તે વડતાલે આવે, પ્રગટ પ્રભુના નિત્ય ગુણ ગાવે...૩
વાલો બોલાવે મધુરાં તે વેણે, મૂર્તિનાં દરશન કરે સૌ નેણે...૪
દરશન કરે તેને સમાધિ થાય, સૌ તરત પરલોકમાં જાય...૫
અચરજ પામે બહુ નરનારી, થકિત થાય મોહન ઉર ધારી...૬

વૈકુંઠ ગોલોક બ્રહ્મપુરવાસી, દેખાડે હરિ નેક મુક્ત ઉપાસી...૭
જ્ઞાનમુનિના સ્વામી અઢળક ઢળિયા, ઘેર બેઠા આવી નારાયણ મળિયા...૮

પદ-૪

આજ બેની ગુણ હરિવરના ગાવો, ફરી ફરી નહિ આવે એહ દાવો...૧
બહુ જન્મનાં પુન્ય ઉદે થાય જ્યારે, અવિનાશી વર મળે તે ત્યારે...૨
ગોવિંદ શ્રીવાસુદેવ નીલકંઠ, રટો સ્વામિનારાયણ અખંડ...૩
અનંત નામના નામી છે જેહ, સહજાનંદસ્વામી જાણો એહ...૪
લોક લાજ ઉરમાં નવ લાવો, નારાયણ મુનિ નિત્યે ગાવો...૫
વિદ્યા તપ તીર્થ વ્રત દાન જેહ, હરિનામમાં આવે સર્વે તેહ...૬
દાન પુન્ય વ્રત તીરથ જોગ, પ્રભુ ભજ્યા વિના થાય સૌ ફોગ...૭
જ્ઞાનમુનિના નાથને સર્વે ભજો, ચોરી અવેરી હિંસા પાપ તજો...૮

ગઈતી ગઈતી વ્રતપુરી ધામ રે

પદ-૦૧ (ઢાળ - શોભે શોભે રસિકવર છેલ રે...)

ગઈતી ગઈતી વ્રતપુરી ધામ રે, હરિ દેખે સુંદર સુખકારી..ગઈતી૦ ટેક.
નરતનુ ધારી જન મનહારી, ધર્મકુંવર ઘનશ્યામ રે...હરિ૦ ૧
જીવનદોરી મોરી પ્રાન સનેહી, દીની ઉરથી ફૂલદામ રે...હરિ૦ ૨
સંતસભામાંહી રાજે સુખદાઈ, દર્શન દેત આઠુંજામ રે...હરિ૦ ૩
જ્ઞાનમુનિ કે' ધર્મકુળ ભૂષણ, રટણે ભયે નિષ્કામ રે...હરિ૦ ૪

પદ-૨

જોઈ જોઈ શ્રીજી છબી આજ રે, ચિત્તચોર નૂતન વેષ ધારે...જોઈ૦ ટેક.
દિનમાંયે તીન રૂપ દેખાયકે, બસ કીને સબ સમાજ રે...ચિત્ત૦ ૧
રવિ ઉદે ભયે દેખે કીશોર વયે, મૂરત માધુરી મહારાજ રે...ચિત્ત૦ ૨
તરુન મનોહર પ્રભુજી બપોરે, નીરખી હો ગયે સબ કાજ રે...ચિત્ત૦ ૩
જ્ઞાનમુનિ કે' સંધ્યાયે વૃદ્ધ જૈસે, નિહારે સબે શિરતાજ રે...ચિત્ત૦ ૪

પદ-૩

વરી વરી હું જીવનપ્રાણ રે, દુરિજન મોય કાહા કરી હો...વરી૦ ટેક.
નિશદિન ગુન ગાવું ધર્મલાલકે, ધરી ઉરમેં હરિ ધ્યાન રે...દુરિ૦ ૧
ઓર સબ આશ છોડી ઉરથી, નીલકંઠસુ લગી તાન રે...દુરિ૦ ૨
પ્રગટ હરિ મોરે શિર પર સ્વામી, કાહા જાનત મૂઢ અજાન રે...દુરિ૦ ૩
જ્ઞાનમુનિ કહે નારાયણ સેવી, કરના પ્રગટ જશ ગાન રે...દુરિ૦ ૪

પદ-૪

ભઈ ભઈ મોરે જગજીત રે, હરિ મિલે સનાતન સ્વામી...ભઈ૦ ટેક.
અનંત જન્મ ધરી દાન પુન્ય કીજે, તબ પાયે પુરુષ અજીત રે...હરિ૦ ૧
સુંદર મનોહર પરમ ચતુરવર, અધર્મકું કરે પુનિત રે...હરિ૦ ૨
સહજાનંદ પતિતજન પાવન, અવિનાશી શોભજો નિત રે...હરિ૦ ૩
જ્ઞાનમુનિ પુરુષોત્તમ ચરણમેં, લગાયે દૃઢ કરી ચિત્ત રે...હરિ૦ ૪

હરિ રાજે વૃતપુરી કે મૈયા

પદ-૦૧ (ઢાળ - હરિ મિલે બોરસડી કી છૈયા...)

હરિ રાજે વૃતપુરીકે મૈયાં...હરિ રાજે૦ ટેક.
ધર્મકુંવર મનોહર મૂર્તિ, નીરખી નીરખી દુઃખ ગૈયાં...હરિ૦ ૧
પ્રગટ બ્રહ્મ પુરુષોત્તમ સ્વામી, પુનિ પુનિ પરી મેં પૈયાં...હરિ૦ ૨
અનંત મુનિ બ્રહ્મરૂપ બ્રહ્મચારી, ચરણ સેવી સુખ લૈયાં...હરિ૦ ૩
જ્ઞાનમુનિ પ્રગટ પ્રભુ ગુણ ગાવે, રામ ઈચ્છારામ ભૈયાં...હરિ૦ ૪
કહું શોભા વ્રતાલય ધામની રે, આજ મુક્તિ આપે તત્કાળ,

પદ-૨

સખી દેખો ધર્મકુંવર લાલો...સખી૦ ટેક.
સંતસભા બીચ નટવર સોહે, નરનારીકું લાગે વાલો...સખી૦ ૧
સહજાનંદસ્વામી સદ્‌ગુન ધામી, હસી હસી બોલે હરિ કાલો...સખી૦ ૨
સુરવાળ જામો જરકસી પગિયાં, કુંડળ કાને ઓઢે દુસાલો...સખી૦ ૩
જ્ઞાનમુનિ કે' પ્રભુ ચરણ ચરચી, છતિયાં શિર લિયે ચાલો...સખી૦ ૪

પદ-૩

ધર્મલાલ જીવન પ્રાણ હમારો...ધર્મ૦ ટેક.
ધર્મકુળ ભૂષણ નિજજનપાવન, નેનનસે ન મેલું ન્યારો...ધર્મ૦ ૧
ગુલાબ ચંપાકે હાર હરિ પહેરે, મોગરેકો પાઘ અતિ પ્યારો...ધર્મ૦ ૨
ફૂલોકે ઝાંઝર બાજુ શિર તોરા, કેશર ચંદન ખોર સારો...ધર્મ૦ ૩
જ્ઞાનમુનિ કહે સહજાનંદસ્વામી, અંતર બીચ નિત્ય નિહારો...ધર્મ૦ ૪

પદ-૪

નારાયણ સ્વામી શિર મોરે...નારા૦ ટેક.
નરતનુ ધરી પ્રભુ વ્રતપુર આયે, સબકે ચિત્ત હરિ ચોરે...નારાયણ૦ ૧
શુક સનકાદિક મુનિવર પૂજે, મૂર્તિમાંહી મન જોરે...નારાયણ૦ ૨
સ્વામિનારાયણ ભજ્યા બિના પ્રાણી, સુમતિ ન પાવે સુનો રે...નારાયણ૦ ૩
જ્ઞાનમુનિ પ્રગટ પ્રભુ સંત સેવે, કામ ક્રોધાદિ કરી કોરે...નારાયણ૦ ૪

દેવ દિવાળી રે આજ આવી છે સારી

પદ-૦૧ (ઢાળ - પ્રથમ શ્રીહરિને રે...)

દેવ દિવાળી રે આજ આવી છે સારી, સમૈયો થાય રે અતિશે સુખકારી...૧
દીવાની પંક્તિ રે મણિને આકારે શોભે, નરત્રિયાના રે નીરખીને ચિત્ત લોભે...૨
આજ વડતાલે રે બેની સર્વે ચાલો, નીરખીએ પ્રીતે રે ધર્મ કેરો લાલો...૩
ઉત્સવ થાય રે સખી અતિશે ભારી, દેશ દેશનાં રે આવે છે નરનારી...૪
હરિને જોઈને રે રાજી થાય મનમાંઈ, આનંદે ગાય રે કીર્તન ગવૈયા ત્યાંઈ...૫
સભા રૂપાળી રે નટવર મધ્યે શોભે, જોતાં સજની રે સર્વેના મન લોભે...૬
શ્રીહરિવરને રે પૂજે ચંદન હારે, મનોહર મૂર્તિ રે હેત કરીને ધારે...૭
શિર પર શોભે રે મુગટ અલૌકિક આજ, કાને કુંડળ રે ધારે ભક્તજન કાજ...૮

હરિજન પેરાવે રે કાને વેલિયાં સારાં, કડછિયા કાને રે લટકે લાગે પ્યારા...૯
હૈયા ઉપર રે મોતીમાળા આવી, વૈજંતી ધરાવી રે પ્રેમી ભક્તે લાવી...૧૦
સોનાની દામ રે સાંકળી છે રૂપાળી, ભાત્ય ભાત્યનાં રે કંઠે ઘરેણાં ભાળી...૧૧
જ્ઞાનમુનિનો રે સ્વામી જોઈને બેની, નેણા ચોર મૂર્તિ રે શોભા શી કહું એની...૧૨

પદ-૨

સજની હરિએ રે જામો પેર્યો જરી તણો, કીનખાબનો રે સુરવાળ શોભે ઘણો...૧
કટીએ બાંધ્યું રે શેલું અનુપમ સારું, ખભા ઉપર રે નૌતમ લાગે પ્યારું...૨
કડાં ને બાજું રે સોના સાંકળાં બાંયે, કેડે સાંકળી રે ઘૂઘરી રણકે માંયે...૩
ચરણે શોભે રે કનક ઝાંઝર ભારી, તોડા ને કડાં રે ધાર્યા છે ભયહારી...૪
ઝળમળ ઝળકે રે મૂર્તિ કેરે તેજે, અંગીકાર કરે રે જીવન પોતે જે જે...૫
પ્રભુ ને પ્રભુના રે સાધુ છે પરમાર્થી, દેવ ને જીવ રે જાણો તે સૌ સ્વાર્થી...૬
પરમેશ્વર પૂર્ણ રે સદા જાણો બહુનામી, એ તો આવ્યા છે રે પોતે અંતરજામી...૭
કૃષ્ણ અનાદિ રે સચ્ચિદાનંદ સ્વામી, જેણે નીરખ્યા રે તે તો ગયા દુઃખ વામી...૮
જેને સેવે છે રે રાધા લક્ષ્મી માન મેલી, બ્રહ્મા શિવ કોટિ રે અવિનાશી ગાવે હેલી...૯
સર્વેના નિયંતા રે ભયહારી મહાપ્રભુ, શુક સનકાદિ રે ભજે યોગી ઋષિ ઋભુ...૧૦
હરિ યુગે યુગે રે અવતાર ધારી આવે, વેદશાસ્ત્ર કવિ રે કોટિ કોટિ ગાવે...૧૧
અક્ષર પર જેહ રે દિવ્ય સ્વરૂપ તે આવ્યા, જ્ઞાનમુનિનો રે વા'લો મુક્ત બહુ લાવ્યા...૧૨

પદ-૩

બેની રસિયો રે રૂપાળો અલબેલો, વડતાલે આવી રે જોયા સર્વે રંગરેલો...૧
હરિની વાતુ રે કરતાં નરનારી આવી, પગે લાગે રે ચરણે શીશ નમાવી...૨
બહુ મેલે સર્વે રે ભેટ સામગ્રી ભારી, નાલીકેર સાકર રે કેળાં દ્રાક્ષ અતિ સારી...૩
પેંડા બરફી રે પતાસાં બહુ લાવી, ખારેક ખજૂર રે લવિંગ પુગ લઈ આવી...૪
પૂજા આણી રે ગણતા આવે નૈ પાર, નીરખી પ્રભુને રે પગે લાગે વારંવાર...૫
ત્યાં તો આવ્યાં રે અતિ ઘણાં નરનારી, વડતાલ માંહી રે ભીડ થઈ બહુ ભારી...૬
જોઈ નારાયણ રે સમાધિ થઈ તે વારે, અચરજ પામ્યાં રે હરિવરને ઉર ધારે...૭
પરસ્પર બોલે રે આવું ક્યાંઈ નવ દીઠું, બીજા મતમાં રે પાપ અતિશે પીઠું...૮
હવે શરણું રે કરીએ સ્વામીનું આજ, સ્વામિનારાયણ રે ભજી કરો સહુ કાજ...૯
આવો અવસર રે ફરી ફરી નૈ આવે, વેદ સ્મૃતિ શાસ્ત્ર રે દેવમુનિ એમ ગાવે...૧૦
પ્રગટ પ્રભુજી રે જીવને ક્યાંથી મળે, જો મળે તો રે ભવોનાં પાપ બળે...૧૧
એમ વિચારી રે નિયમ ધાર્યા નરનાર, જ્ઞાનમુનિને રે નાથે કર્યા ભવપાર...૧૨

પદ-૪

વળી સર્વે બોલ્યાં રે નિશ્ચય કરી નરવામ, શિરને સાટે રે ભજવા શ્રી ઘનશ્યામ...૧
મનોહર મૂર્તિ રે નીરખો નેણા ભરીને, અમૂલખ અવસર રે આવે નહીં ફરીને...૨
ચરણ રાતાં રે સોળે ચિહ્ન બિરાજે, અષ્ટકોણ જાંબુ રે ઊર્ધ્વરેખા સ્વસ્તિ છાજે...૩
કેતુ ને પદ્મ રે વજ અંકુશને જોઈ, કળશ ત્રિકોણ રે દુઃખ નાખે તે ખોઈ...૪
ધનુષ ગોપદ રે અર્ધચંદ્ર મીન ભારી, વ્યોમને જોતાં રે કામને ટાળે જારી...૫
પાની ને પીંડી રે આંગળિયું રૂપાળી, નખચંદ્ર ઊગ્યા રે હરિવરના લો ભાળી...૬

જંઘા જાનુ રે સાથળ જુગલ જો સારા, કટિલંક શોભે રે બેઉ નિતંબ અતિ પ્યારા...૭
ઉદર નિહાળી રે જન્મ-મરણ દુઃખ જાવે, તુંદ સુંવાળી રે મળતાં તૃપ્ત ન થાવે...૮
છાતી ઝળકે રે ઊગ્યા જાણે કોટિ સુર, કંઠ રૂપાળો રે શોભે છે ભરપૂર...૯
મુખ શશી જોતા રે શીતળ થાયે સૌ અંગે, દંતની પંક્તિ રે હસતા દેખાય ઉમંગે...૧૦
મધુરે વેણે રે બોલે વા'લો ચિત્તચોર, નીરખે ભક્તો રે જેમ ચંદ ચકોર...૧૧
પ્રસન્ન થઈને રે સ્વામી બોલ્યા એમ, જ્ઞાનમુનિ કે' રે પાળજો મારા નેમ...૧૨

પદ-૧ વડતાલે રે વડતાલે રે

વડતાલે રે વડતાલે રે, સુંદર શ્રીઘનશ્યામ,
પૂરણકામ રે બેની વડતાલે...ટેક.
વડતાલે રે વડતાલે રે, અક્ષરધામના વાસી,
આવ્યા અવિનાશી રે...બેની૦ ૧
વડતાલે રે વડતાલે રે, ધર્મકુંવર સ્વામી,
મળે બહુનામી રે...બેની૦ ૨
વડતાલે રે વડતાલે રે, આવો સહુ મળી,
પાપ જાય બળી રે...બેની૦ ૩
વડતાલે રે વડતાલે રે, બહુજન આવે,
હરિગુણ ગાવે રે...બેની૦ ૪
વડતાલે રે વડતાલે રે, જે જે જીવ આવે,
તેનાં દુઃખ જાવે રે...બેની૦ ૫
વડતાલે રે વડતાલે રે, પ્રગટ આજ હરિ,
લેવા તેને વરી રે...બેની૦ ૬
વડતાલે રે વડતાલે રે, જ્ઞાનમુનિ કે' છે,
પરમેશ્વર રે' છે રે...બેની૦ ૭

કહું શોભા વ્રતાલય ધામની રે, આજ મુક્તિ આપે તત્કાળ

પદ-૧

કહું શોભા વ્રતાલય ધામની રે, આજ મુક્તિ આપે તત્કાળ,
અખંડ આવી વસ્યા ઘનશ્યામજી રે...ટેક.
સર્વે દેવના દેવ પોતે શ્રીહરિ રે, પ્રગટ પ્રભુ થયા પ્રતિપાળ...અખંડ૦ ૧
ઉત્સવ સમૈયા અહોનિશ થાય છે રે, નારાયણની ધૂન ઉચ્ચાર...અખંડ૦
ચાર ધામ પુરી સાત ઉપરે રે, વ્રતપુરી કીધી મુક્તિ દ્વાર...અખંડ૦ ૨
જેણે દરશન કર્યાં વડતાલનાં રે, તેને નડે નહીં માયા કાળ...અખંડ૦
કથા વાર્તા આઠો પો'ર થાય છે રે, કીર્તન ગાય ગવૈયા લૈ તાલ...અખંડ૦ ૩
બેની હું તો ગઈતી વડતાલમાં રે, આજ મળ્યા પુરુષોત્તમરાય...અખંડ૦
નેણા ભરી નીરખ્યા અલબેલડો રે, પૂજા કરી લાગી હું તો પાય...અખંડ૦ ૪
દયા કરી હસી હરિ બોલિયા રે, ઘેરે સાદે મધુરે વેણ...અખંડ૦
સર્વે લોકથી ન્યારી જેની મૂર્તિ રે, રાતાં અણિયાળાં કમળનેણ...અખંડ૦ ૫
મુખશોભા શી કહું વર્ણવી રે, જેની ઉપમા આવે નહિ કોઈ...અખંડ૦
જેનો કંઠ અલૌકિક ઓપતો રે, નરનારી રહ્યાં સર્વે જોઈ...અખંડ૦ ૬

છાતી જોઈ ઠરી મારી આંખડી રે, દુંદ ઊપડતી શોભાધામ...અખંડ૦
નાભી ઊંડી ત્રિવળી લળકતી રે, જોઈ જોઈ લાજે કોટિ કામ...અખંડ૦ ૭
કટિ સાથળ જાનુ જંઘા જોઈને રે, વળી ચરણ ચિહ્ન સહિત...અખંડ૦
જ્ઞાનમુનિનો વા'લો અઢળ ઢળ્યા રે, થઈ જન્મ-મરણથી રહિત...અખંડ૦ ૮

પદ-૨

સચ્ચિદાનંદ હરિની મૂર્તિ રે, જેને નિગમ નેતિ નેતિ ગાય,
તે આવી વસ્યા વડતાલમાં રે...ટેક
શ્રીકૃષ્ણ રાધાજીના નાથજી રે, શિવ બ્રહ્મા પડે જેને પાય...તે આવી૦ ૧
જ્યે પાળે હરે સર્વે લોકને રે, તેમાં બંધાય નહિ કોઈ દિન...તે આવી૦
કાળ માયા ને જીવના નિયંતા રે, રવિ ચંદ્ર વર્તે આધીન...તે આવી૦ ૨
સત્ સ્વરૂપ હરિને જાણજો રે, સત્ સંત પ્રભુના પરમ રૂપ...તે આવી૦
સત્ શાસ્ત્ર આઠો પો'ર સેવતા રે, સત્ ધર્મ પાળે છે અનુપ...તે આવી૦ ૩
સત્ શબ્દ કહ્યા ચાર ઉમંગથી રે, એને સેવો જાણીને સતસંગ...તે આવી૦
મનુષ્ય દેહે પ્રભુને ભજવા રે, તજી દેવો તે સર્વે કુસંગ...તે આવી૦ ૪
સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત વર્ણવ્યો રે, સર્વે જીવનાં કલ્યાણ કાજ...તે આવી૦
રાધા લક્ષ્મી સેવે જેના ચરણને રે, માન ચપળતા મેલી સર્વે લાજ...તે આવી૦ ૫
સખી શોભા શી કહું સહજાનંદની રે, લખી થાકે બ્રહ્મા કોટિ શેષ...તે આવી૦
દિવ્ય ચરિત્ર પ્રભુનાં સર્વે જાણવા રે, ગાન કરવા સર્વે હંમેશ...તે આવી૦ ૬
પુન્ય ઉદય થાય અનેક જન્મનાં રે, ત્યારે તેને મળે છે સતસંગ...તે આવી૦
પરબ્રહ્મ પુરુષોત્તમ નાથજી રે, મને મળ્યા ચડયો તેનો રંગ...તે આવી૦ ૭
ગાઈ સુણીને ચિત્તમાં ધારશે રે, તેનાં સરશે સર્વે રૂડાં કાજ...તે આવી૦
જ્ઞાનમુનિને વા'લે અલબેલડે રે, ભૂમિ પાવન કરી પોતે આજ...તે આવી૦ ૮

વાલો નિજજનને સુખ દેવા રે, આવ્યા છે વડતાલે

પદ-૦૧ (ઢાળ - તારી મૂરતિ લાગે છે મને પ્યારી)

વાલો નિજજનને સુખ દેવા રે, આવ્યા છે વડતાલે;
વળી સહુ જનનાં દુઃખ લેવા રે, આવ્યા છે વડતાલે૦૧
રૂડે અશ્વ થઈને અસવાર રે...આવ્યા૦
સંગ હરિજન સંત આપાર રે...આવ્યા૦૨
થયા સહુ જન હાલકલોલ રે...આવ્યા૦
આવી બિરાજ્યા છે હિંડોલ રે...આવ્યા૦૩
સિદ્ધાનંદ કે' શ્રીઘનશ્યામ રે...આવ્યા૦
દેવા દર્શન મહા સુખધામ રે...આવ્યા૦૪

પદ-૨

જોવા જીવન સુંદર શ્યામ રે...સહુ નરનારી રે;
આવ્યા ઘરનાં મેલીને કામ રે...સહુ નરનારી રે૦૧
ભાવે ભરી મોતીના થાળ રે...સહુ૦
એતો વધાવે પરમ દયાળ રે...સહુ૦૨

વળી ફૂલોના લઈને હાર રે...સહુ૦
ભાવે પે'રાવે હરિને અપાર રે...સહુ૦૩
સિદ્ધાનંદ કે' પ્રેમ મગન રે...સહુ૦
થયા નાથ જોઈને રંજન રે...સહુ૦૪

પદ-૩

હરિ નિત નૌતમ લીલા કરે રે...શી રૂડી વાત કહું;
વાલો નૌતમ અંબર અંગ ધરે રેપશી રૂડી વાત કહું૦૧
અંગે અલંકાર અતિ ઓપતા રે...શી૦
વળી શીશ કલંગી ખોસતા રે...શી૦૨
રૂડા કાનુમાં ગુચ્છ ગુલાબના રે...શી૦
ઉર હાર હજારી ફૂલના રે...શી૦૩
સિદ્ધાનંદ કે' જોઈ નેણાં ઠરે રે...શી૦
વાલો જોવા નિત મન ફરે રે...શી૦૪

પદ-૪

હું તો જોઈને જીવું ઘનશ્યામ રે...સુખના સિંધુ રે;
રૂડો બિંદુ શ્રવણ એક ઠામ રે...સુખના સિંધુ રે૦૧
એક નાસા નિકટ તિલ સાર રે...સુખ૦
તેને જોવું છું વારમવાર રે...સુખ૦૨
રૂડું મુખડું પૂરણ ચંદરે...સુખ૦
તેને નિરખીને થાય આનંદ રે...સુખ૦૩
સિદ્ધાનંદ કે' છે મહારાજ રે...સુખ૦
તમે કરુણા કરી બહુ આજ રે...સુખ૦૪

પદ-૫

વાલા જોઈ ને સુંદર ચાલ રે...મનડું મોહ્યું રે;
તમે પધાર્યા શ્રીવડતાલ રે...મનડું મોહ્યું રે૦૧
વૃંદાવનવાસી તમે શ્યામ રે...મનડું૦
આવ્યા હેતે વડતાલ ગામ રે...મનડું૦૨
તમે કીધું ધામ અનૂપ રે...મનડું૦
રૂડું અદ્ભુત ધરીને રૂપ રે...મનડું૦૩
સિદ્ધાનંદ કે' ધર્મકુમાર રે...મનડું૦
અતિ મહિમાનો નહિ પાર રે...મનડું૦૪

પદ-૬

તમે વૃંદાવનવાસી છેલ રે...સુંદર શોભો છો;
રૂડા છોગા ધરી અલબેલ રે...સુંદર શોભો છો૦૧
ધરી મુગટ સુંદર શિર રે...સુંદર૦
કાને કુંડળ પે'રી બલવીર રે...સુંદર૦૨

મુખ મોરલી વાતા સાર રે...સુંદર૦
તમે નટવર ધર્મકુમાર રે...સુંદર૦૩
સિદ્ધાનંદ કે' કરતા ગાન રે...સુંદર૦
નૌતમ તોડીને તાન રે...સુંદર૦૪

પદ-૭

વૃંદાવન વિહારીલાલ રે...વાલા લાગો છો;
રૂડી ઠમકે ચાલો ચાલ રે...વાલા લાગો છો૦૧
પાય નેપુર પે'રી કાન રે...વાલા૦
શોભો સુંદર છેલ ગુમાન રે...વાલા૦૨
પાયે ઘૂઘરડી ઘમકી રહી રે...વાલા૦
તેને જોઈ જોઈ મોહી રહી રે...વાલા૦૩
સિદ્ધાનંદનો જન્મ સુધારવા રે...વાલા૦
વળી ભવને પાર ઉતારવા રે...વાલા૦૪

પદ-૮

તમે ગોલોકવાસી કાન રે...છેલ છબીલાજી;
દેતા વડતાલ દરશન દાન રે...છેલ છબીલાજી૦૧
છો બ્રહ્માદિકના ઈશ રે...છેલ૦
રહ્યા વડતાલે જગદીશ રે...છેલ ૦૨
વડતાલે કરી નિજ ધામ રે...છેલ૦
છો ભક્તવત્સલ ઘનશ્યામ રે...છેલ૦૩
સિદ્ધાનંદ કે' શ્રી મહારાજરે...છેલ૦
રહ્યા નિજજન કરવા કાજ રે...છેલ૦૪

પદ-૧ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ચિત્તમાં ધારી

શ્રીહરિકૃષ્ણ મહારાજની, મૂર્તિ ચિત્તમાં ધારી;
મન કર્મ વચને હું વરી રે, વાલો ધર્મ વિહારી...૧
પ્રગટ પ્રમાણ શ્રીહરિનો, જે ભજે નરનારી;
મહિમાએ જુક્ત થૈ કરે રે, પ્રેમ ભક્તિને પ્યારી...૨
સર્વે તીરથ પાવન કર્યા, વાલો ભક્ત ભયહારી;
ધર્મનું થાપન કરીને રે, નાખ્યો અધર્મ ટાળી...૩
શુભમતિ જન રાખે પ્રીતશું, અનુવૃત્તિ તમારી;
ધર્માનંદના નાથનો સેવો, સમજી વિચારી...૪

પદ-૦૧ વરતાલવાસીને વિનવું

વરતાલવાસીને વિનવું, હરિકૃષ્ણજી મહારાજને...ટેક૦
અક્ષરપતિ લક્ષ્મીપતિ, સાધુપતિ સેવું અતિ;
ગોવિંદ ગુણ જહાજનો, હરિકૃષ્ણજી...૧
પ્રગટ્યા શ્રીભક્તિ ધર્મથી, ઉગારિયા તો અધર્મથી;

સુખી કીધો સંત સમાજનો, હરિકૃષ્ણજી...૨
અમાપ પ્રૌઢ પ્રતાપ છે, અવતારી આપો આપે છે;
કરે કોટી જનના કાજનો, હરિકૃષ્ણજી...૩
વૃષકુળ ભાણ સુજાણ છે, જન પ્રાણ સુખની ખાણ છે;
શ્રીભગવત સુત શિરતાજનો, હરિકૃષ્ણજી...૪

પદ-૦૧ અક્ષરવાસી વિલાસી વડતાલના રે

અક્ષરવાસી વિલાસી વડતાલના રે, ભલે આવ્યા ભુપર ધરી ભાવ;
મારા ઉરમાં આનંદ ઘણો વાધીયો રે...ટેક.
સુખ આપ્યા અલૌકિક આ સમેરે, મહામૂર્તિ મનોહર માવ...મા.
ઘણા પર્ચા પૂર્યા ઘનશ્યામજીરે, ઘણા ભકતોની પુરી છે હામ...મા.
ઘણા જીવોને જમથી છોડાવિયારે, ઘણા દુઃખીઓને આપ્યાં છે દામ...મા
ઘણા વેરી વશ કર્યા વાલમેરે, ઘણા માનીના ઉતાર્યા માન...મા.
ઘણા જીવોને અન્નધન આપીયાંરે, ઘણા ભકતોના વાળ્યા છે વાન...મા.
પરોપકારી પ્રભુજી પધારિયારે, દયા ધારી અધિક દિલ માંય...મા
મળ્યા નારણદાસના નાથજીરે, મારા મનમાં આનંદ ઉભરાય...મા.

પદ-૦૧ મહારાજ આજ વડતાલ પધાર્યા વાલો

મહારાજ આજ વડતાલ પધાર્યા વાલો; સખી ભરીને મોતિડે થાળ વધાવા ચાલો.૧
ઉરહાર શ્રી ધર્મકુમાર ગુલાબી પહેર્યા; જોઇ રસિયાજીનું રૂપ ટળ્યા ભવ ફેરા.૨
શિર પાઘ નિરખવા લાગ સમુદર સુખનો; વળી કાપે કષ્ટ અપાર ટળે ભય દુઃખનો.૩
વ્રજનાથ કડા બેઉ હાથ હેમના ભારી; જરકશીયો જામો લાલ ચાલ્ય શુભ સારી.૪
ભગવંત ભજો દઈ ચિત જન્મ વહી જાશે; નહિ માને મુરખ લોક માર બહુ ખાશે.૫
સુખધામ મળ્યા ઘનશ્યામ કે લગની લાગી; એમ કે'છે નારણદાસ ભ્રમણા ભાગી.૬

પદ-૧ નટવર નિરખ્યા રે વાલમજી વડતાલે

(રાગ : પ્રીતમ પધારોરે ઘેર મારે ગીરધારી)
નટવર નિરખ્યારે વાલમજી વડતાલે;
સભા કરી શામળીયે વાલે ગોમતીજીની પાળે.નટવર.૧
શિરપર પાઘ સોનેરી શોભે તિલક કર્યું છે ભાલે.નટવર.૨
આંખડલી અણિયાળી દીસે ટીબકડી તે ગાલે.નટવર.૩
મરમાળે મોજડીયોં પહેરી ચાલે ચટકતી ચાલે.નટવર.૪
નારણદાસના નાથજી મળ્યા દુઃખ નથી કોઈ કાળે.નટવર.૫

પદ-૦૧ રંગડાનો રસિયો વડતાલ વસીયો

રંગડાનો રસિયો વડતાલ વસીયો શામળીઓ સુખકારીરે;
દેશ વિદેશથી દર્શન કરવા સંગ ભરાય છે ભારીરે.૧
મંદિરની ઘણી શોભા વખાણે અચરજ પામે અપારરે;
પ્રભુનો નિશ્ચે કરી દ્રઢ મનમાં ભક્તિ કરે નરનારરે.૨
પરધન દેખીને પત્થર જાણે પરનારી માત સમાનરે;
માંસ મદિરા મુખમાં ન મેલે ભાવે ભજે ભગવાનરે.૩

પ્રગટ પ્રભુના મહિમાને પેખી નિત્ય નિત્ય વાધે ખુમારીરે;
નારણદાસનો નાથ પધાર્યા અવતારના અવતારી રે.૪

પદ-૧ રામનવમીનો સમૈયો રે વડતાલ જઈએ વેલા રે

રામનવમીનો સમૈયોરે આવ્યો વડતાલ જઈએ વેલારે;
થાઓ તૈયાર બની હોશિયાર હરિજન થઈને ભેળારે.૧
વાટે જતાં વાતો કરીયે વાલાની મગન થઈ મનમાંયરે;
મારગ જાતાં ને હરિગુણ ગાતાં કોટી જજ્ઞ ફળ થાયરે.૨
લક્ષ્મીનારાયણ દેવને નીર્ખી પાપી તે પાવન થાયરે;
આનંદ પામીને ભાંગવા ખામી ગોમતીમાં નાવા જાયરે.૩
બાઈ ને ભાઈ હરિજન સર્વે જુજવે આરે નાહ્યારે;
નિયમ ન ચુકે ટેક ન મુકે દાસ નારાયણ ગાયરે.૪

પદ-૦૧ વડતાલે વાલો જોવાને ચાલો

વડતાલે વાલો જોવાને ચાલો રંગ રમે હરિ હોળીરે;
રંગમાં રમતાને મનમાં ગમતા ચિત્તડું લે છે ચોળીરે.૧
સંત બ્રહ્મચારી વચ્ચે વનમાળી રંગ રમે લઈ પિચકારીરે;
સાધુનાં સંગમાં ને કેસરના રંગમાં અલબેલે હદ વાળીરે.૨
ગગનમાં દેવતા ને પ્રભુને સેવતા ફૂલની વૃષ્ટિ કરેરે;
ઈંદ્ર ને ચંદ્ર મેલીને મંદિર આવીને અંતર ઠરેરે.૩
તણ તણ તણ તણ તાતે બજાવે નારદ ને તુંબરૂ નાચેરે;
રંભા તે થેઈ થેઈ કાર કરે ને ઘણ ઘણ ઘુઘરી ગાજેરે.૪
શેષ ગણેશ ને શીવજી આવ્યા ડમ ડમ ડાક બજાવેરે;
આકાશમાં એવો ઉત્સવ માંડ્યો ગાંધર્વ કીર્તન ગાવેરે.૫
રંગ રમી આવ્યા ને ગોમતીમાં નાહ્યા મંદિર પધાર્યા મોરારીરે;
બાજઠીયો ઢાળી બેઠા વનમાળી ભોજન લાવ્યા બ્રહ્મચારીરે.૬
જીવન જમ્યા ને સંતને જમાડ્યા નવા નવા નેહ વધાર્યારે;
મેહેર કરી મોટી ને કામ કર્યા કોટી અગણિત જીવને ઉધાર્યારે.
ભક્તિના જાયા ભલે ધરી કાયા વિશ્વ વિષે વખણાયારે;
રાયાના રાયા ને લાગી તારી માયા નારણદાસે ગાયારે.૮

પદ-૧ સખી વડતાલ મોટું ધામ

સખી વડતાલ મોટું ધામ વસ્યા મારો વાલોરે; સખી વિસારીને ઘરકામ જોવા ઝટ ચાલોરે.૧
સખી વાટે વિચરતાં વખાણ વાલાજીનાં કરીયેરે; સખી નિરખીને નટવરનાથ ભવ જળ તરીયેરે.૨
સખી અક્ષરના આધાર પોતે પધાર્યારે; સખી તારવા જીવ અપાર સંત સુધાર્યારે.૩
એવા ભકતવત્સલ ભગવાન પર ઉપકારીરે; મળ્યા નારાયણદાસનો નાથ દેવ મોરારીરે.૪

પદ-૦૧ સખી ગુજરાતમાં એક ગામ વડતાલ

સખી ગુજરાતમાં એક ગામ વડતાલ કહીયેરે; ત્યાં વસિયા સુંદરશ્યામ જોવા જઈએરે.૧
છે લક્ષ્મીનારાયણ દેવની સંગાતેરે; રંગ રસિયો રાયરણછોડ જમણે હાથેરે.૨

છે મૂર્તિ રૂપ રસાળ મંગળકારીરે; બહુ ઝળકે સુંદર ભાલ જાવું બલહારીરે.૩
આ ગણપતિ ગુણ ભંડાર છે દરવાજેરે; વળી પવનસુત હનુમંત આપ બિરાજેરે.૪
બહુ નરનારી દર્શન કરવા આવેરે; દાસ નારાયણ નિર્મળ મન હરિગુણ ગાવેરે.૫

પદ-૦૧ શ્રીજીમહારાજ ભલે આવીયા વડતાલે રે

શ્રીજી મહારાજ ભલે આવીયા વડતાલે રે
બેઠા સભા રચી સુખધામ ગોમતી પાળેરે.ટેક.
આનંદ રસ વરસાવિયો વડતાલેરે પુરુષોત્તમ પૂરણકામ.ગો.
સમૈયે સંઘ ભરાય છે વડતાલેરે ગોમતીમાં નાવા જાય.ગો.
લક્ષ્મીનારાયણ દેવનાં વડતાલેરે કરી દર્શન મન હરખાય.ગો.
હરિ હરિજનના સંગમાં વડતાલેરે વાલો રમ્યા વસંતનો રંગ.ગો.
પિચકારી લઇ પ્રેમથી વડતાલેરે વાલે ભીજ્યાં છે ભક્તોનાં અંગ.ગો.
રમણ રેતી રસિયે કરી વડતાલેરે વાલો હર્યા ફર્યા ફૂલ બાગ.ગો.
નારાયણદાસનો નાથજી વડતાલેરે હરિભક્તોને ભજવા લાગ.ગો.

પદ-૦૧ વાલો વસ્યા વડતાલ

વાલો વસ્યા વડતાલ મારી બેની ઝટપટ જોવાને ચાલોરે;
દર્શન કરવાને ભવજળ તરવા ભેટવા ભક્તિનો લાલોરે.૧
ગોમતીમાં નાવને હરિગુણ ગાવા આનંદ અંતર આજરે;
ઘરડાનું કામ ગમે નહિ કરવું સેવીયે સંત સમાજરે.૨
સુરજ સહજાનંદ મારી બેની મુક્તમણી મહારાજરે;
હરિજન ગાજે ને દુરિજન દાઝે સત્સંગમા હરિ છાજેરે.૩
અક્ષરવાસી મળ્યા અવિનાશી ભય સઘળો મારો ભાંગ્યોરે;
નારણદાસના નાથ પધાર્યા દેશમાં ડંકો વાગ્યોરે.૪

પદ-૦૧ ધન્ય વૃતપુરી મહાધામ, બહુનામી બિરાજ્યા ઘનશ્યામ

ધન્ય વૃતપુરી મહાધામ, બહુનામી બિરાજ્યા ઘનશ્યામ.ટેક.
ધન્ય લક્ષ્મીનારાયણ જોડ, પાસે રસિયોરાય રણછોડ રે;
પૂરે હરિજન કેરી હામ.બહુનામી.૧
શોભા ડેરાની છે બહુ સારી, જોઈ આશ્ચર્ય પામે નરનારીરે;
કરે દર્શન આઠો જામ.બહુનામી.૨
અતિ સંઘ ભરાય છે સારો, આવે દર્શન કરવા હજારો રે;
ઘણા દુરથી ખરચી દામ.બહુનામી.૩
ધન્ય ગોમતી ગુણ ગંભીર, ઘણું નાહ્યા છે શામ શરીરરે;
નાહ્યા સંત મહંત તમામ.બહુનામી.૪
મહા તિરથ મોટું ગણાય, આજ અગણિત જન જેમાં નાહ્ય રે;
થાય પવિત્ર પુરુષને વામ.બહુનામી.૫
ઘેર ઘેર ફર્યા ગિરધારી, ઘણો રંગ રમ્યા અવતારી રે;
હરિ ભક્તોને ઠરવા ઠામ.બહુનામી.૬
ધન્ય સંત શિરોમણી સારા, ખરા કલ્યાણના કરનારા રે;

બ્રહ્મસ્થિતિમાં પૂરણકામ.બહુનામી.૭
વ્રતપુરીમાં જે જન જાશે, કરી દર્શન નિર્મળ થાશે રે;
દાસ નારણ તે સુખ પામે રે બહુનામી.૮

પદ-૦૧ લાગે વૈકુંઠથી રૂડું વરતાલ,

લાગે વૈકુંઠથી રૂડું વરતાલ, હિંડોળે હરિ ઝૂલતા રે,
ફૂલદોલનો ઉચ્છવ રસાલ... હિંડોળે હરિ૦
થઈને પરોણા પધાર્યા હરિ આંગણે, વારી વારી જાઉં હું તો વહાલાને વારણે;
હે... ઊડે હૃદિયામાં રંગ ગુલાલ... હિંડોળે હરિ૦૧
ફૂલ ગુલાબ ને મોગરાથી મહેંકતો, બાર બાર દ્વારનો હિંડોળો શોભતો;
હે... કરી નિષ્કુળાનંદે કમાલ... હિંડોળે હરિ૦૨
પ્રગટ પ્રભુને આજે હૈયે ઝુલાવો, જન્મોની પ્રીત મળે દર્શનનો લહાવો;
હે... કરે હરિભગતોને નિહાલ... હિંડોળે હરિ૦૩

પદ-૦૧ ધન્ય વરતાલ લક્ષ્મીપતિ બિરાજ્યા

(રાગઃ ગરબી. ધન્ય તારી મોરલીને ધન્ય તારી બંસરી એ રાગ)
ધન્ય વરતાલ લક્ષ્મીપતિ બિરાજીયા, જીયાં લીલા કરી છે મારે વાલે;
આકાશ દેવ આવી જુએ છે એ ૦ટેક
એક દિવસ પ્રભુને બ્રહ્માનંદજી, બેઉ સલાટ ધાટ જુએ આકાશ દેવ....૧
ધાટ તે મંદિર પર ચણવાનાં પૂતળાં, કર્યા તૈયાર કડિયે કોતરી.આકાશ...૨
સાથે વિવિધ જાત વાજાં કોતરિયા, ઝાંઝ ત્રાંસા શરણાઈ દુકડાદિ.આકાશ...૩
સુંદર કોતર કામ જોઈ કહે નાથજી, ફેર મનુજ આમાં તે પ્રાણ કેરો.આકાશ...૪
ત્યારે સ્વામી તે એમ બોલ્યા મર્મથી, હોય પ્રગટ પ્રભુ તો પ્રાણ લાવે.આ. ..૫
ઈચ્છા પૂરે છે વાલો પોતાના જનની, છડી નેતરની ઘા ટ ને અડાડી.આ .૬
ત્યાં સર્વે પૂતળાં નાચવાને લાગ્યાં, જેવાં વાજાં હતાં એવાં વાગ્યાં.આકાશ...૭
નરસિંહના સ્વામીએ મોહ પમાડ્યા, વાલે પથ્થરનાં પૂતળાં રમાડ્યાં. આકાશ...૮

પદ-૦૧ વડતાલ ધામે શોભાતા

વડતાલ ધામે શોભતા, હરિકૃષ્ણ છો પ્યારા (૨)
આ બ્રહ્માંડમાં આપ છો, હરિ સદા પ્રગટ રહેનારા...ટેક.
તમે દિલ છો સંપ્રદાયનું, એમ કહેવું છે બધાનું,
મહા સામર્થી તમારી, તમે અવતારના અવતારી;
આ બ્રહ્માંડે આપ જેવા ના કોઈ સુખદેનારા...વડ૦ ૧
તમે હસો છો મીઠું મીઠું, તમે બોલો રે મીઠું મીઠું,
આવી મનહર મૂર્તિ તારી, એ તો જીવનમૂડી મારી;
આ લોકે પરલોકે તમે સહુના તારણહારા...વડ૦ ૨
તમે છો હરિ સૌના આત્મા, તમે પૂરણ છો પરમાત્મા,
આવો ભેટો મુજને વાલે, હું ચૂમું તમારા ગાલે;
હૈયાની ધડકન છો મારા આંખલડીના તારા...વડ૦ ૩
હે જ્ઞાનજીવનના પ્યારા, તમે સર્વેમાં વસનારા,

તમે અવતારથી છો ન્યારા, મૂળ અવતારી આધારા;
વહાલ કરું છું રાત દિવસ હું તને પિયુડા મારા...વડ૦ ૪

પદ-૦૧ વડતાલે ગોમતીમાં સ્નાન કરે નાથ

વડતાલે ગોમતીમાં સ્નાન કરે નાથ,
નાથ કરે છે સ્નાન સંતો સંગાથ...ટેક.
સ્નાન કરાવે સંતો ભાવથી રે માવને,
થાય રાજી વાલો મારો જોઈ સંત ભાવને;
ચોળે અંગો પ્રેમે લિયે પિયુડાને બાથ...નાથ૦ ૧
જળક્રીડા કરે વાલો વિધવિધ રીતે,
રાજી કરે નિજ ભક્તો હરિવર પ્રીતે;
દર્શન કરે ને સહુ ગાય ગુણગાથ...નાથ૦ ૨
ભક્તોએ સોના કેરા કળશ મંગાવ્યા,
કળશધારાએ હરિવર નવરાવ્યા;
અભિષેક જોવા દેવો આવ્યા દારા સાથ...નાથ૦ ૩
ના'તાં-ના'તાં નાથ મારો જળને ઉડાડે,
નેહના નીરેથી હરિ સંતને નવાડે;
જ્ઞાનજીવન રાજી થઈ મેલ્યા માથે હાથ...નાથ૦ ૪

પદ-૦૧ વડતાલે બહુ સુખ આપો છે હરિકૃષ્ણ

વડતાલે બહુ સુખ આપો છો હરિકૃષ્ણ...ટેક.
આપો છો દર્શન થઈને પ્રસન્ન,
મનમોજીલા મનમોહન...છો હરિકૃષ્ણ૦ ૧
રૂપકડી મૂર્તિ ભૂલું ના ઉરથી,
સર્વે શોભાનું તમે ધામ...છો હરિકૃષ્ણ૦ ૨
અક્ષરધામમાં ને વડતાલધામમાં,
એક સ્વરૂપે દર્શન આપો...છો હરિકૃષ્ણ૦ ૩
જ્ઞાનજીવન તમે વાલા છો બહુ,
મારું તન ધન ધામ...છો હરિકૃષ્ણ૦ ૪

પદ-૦૧ વડતાલે લક્ષ્મીનારાયણ દેવ

વડતાલે લક્ષ્મીનારાયણ દેવ બિરાજો છો;
મધ્ય મંદિરે મધ્યે અતિશે શોભો છો;
તમોમાં બિરાજી હરિ, લે છે મારી સાર ખરી;
ટાળ્યાં દુઃખ જરીએ જરી, બહુ સુખ આપો છો...વડતાલે૦ ૧
આવે છે લાખો લોકો દર્શને પૂનમે;
મોટા મોટા દેવમુનિ સર્વે તમને નમે;
તમારાથી સુખી સહુ, પામ્યા ધન ધાન બહુ;
મહિમા મુખે કેમ કહું, સહુને પ્યારા લાગો છો...વડતાલે૦ ૨
દુઃખી ન રહે કોઈ આવી તવ દ્વારે;

જાય દુઃખ ભાગી જ્યાં તે તમને પોકારે;
તમારો પ્રતાપ મોટો, નથી તેનો જગે જોટો;
નમે તેને ન રે તોટો, અતિ કૃપા રાખો છો...વડતાલે૦ ૩
તમારા જેવા નહિ દેવ કોઈ દયાળુ;
કષ્ટ સહુનાં તમે કાપો છો કૃપાળુ;
જ્ઞાનજીવન કહે ભાવે, દર પૂનમે જે જે આવે;
આવે તે તો બહુ ફાવે, છૂટે હાથે આપો છો...વડતાલે૦ ૪

પદ-૦૧ પથ્થરનાં પૂતળાં નચાવ્યાં

પથ્થરનાં પૂતળાં નચાવ્યાં, વડતાલમાં પથ્થરનાં પૂતળાં નચાવ્યાં;
દેવો આકાશે જોવા આવ્યા...વડતાલમાં૦ ટેક.
મૂર્તિઓ નાચે ને વાજાં વગાડે, જોનારા જનને મોહ પમાડે;
દેવોએ ફૂલ વરસાવ્યાં...વડતાલમાં૦ ૧
સર્વોપરીપણું પ્રગટ કરિયું, બ્રહ્માનંદનું દિલ અતિશે ઠરિયું;
થયો પરચો ને ભક્તો ફાવ્યા...વડતાલમાં૦ ૨
ચેતનને જડ કરે જડને ચેતન, કરી બતાવ્યું વાલે જૂએ છે સહુ જન;
વાલીડો સહુને મન ભાવ્યા...વડતાલમાં૦ ૩
દેવે વખાણી ને ચંદન વરસાવ્યા, પથ્થરમાં પ્રાણ વાલે પૂરી બતાવ્યા;
જ્ઞાનજીવન હરખાવ્યા...વડતાલમાં૦ ૪

પદ-૦૧ પોતે પોતાના હાથે બેઠા વડતાલમાં

પોતે પોતાના હાથે બેઠા વડતાલમાં, સ્વામિનારાયણ સાક્ષાત,
હરિકૃષ્ણજી નામે બેઠા વડતાલમાં...સ્વા૦ ટેક
જેવા ધામે છે તેવા વડતાલમાં, આપે દર્શન અખંડ મારો વાલમાં,
આવે દર્શને ભક્તો લાખો...વડતાલમાં૦ ૧
જુઓ કેવા હસે છે મારો વાલમાં, કેવા ખંજન પડે છે બેય ગાલમાં,
એવા સદા વાલીડો શોભે...વડતાલમાં૦ ૨
મને શ્રદ્ધા ઘણી છે પ્રતિપાળમાં, આવા બ્રહ્માંડે નથી હરિ હાલમાં,
આજ આપે ભક્તોને મોક્ષ...વડતાલમાં૦ ૩
એવું પોતે બોલ્યા'તા મારો વાલમાં, સદા પ્રગટ રહીશ વડતાલમાં,
જ્ઞાનજીવન કે' માનો વાત સાચી...વડતાલમાં૦ ૪

પદ-૦૧ તીર્થ એક રૂડું છે વડતાલ ધામ

તીર્થ એક રૂડું છે વડતાલ ધામ, વ્હાલો મારો બિરાજે ત્યાં હરિકૃષ્ણ નામ... ટેક.
હરિકૃષ્ણ નામ, જપું આઠો જામ, થાય મારા કામ, પામું અંતે ધામ... તીર્થ૦ ૧
સર્વના જે સ્વામી, ધામના જે ધામી, સમર્થ બહુનામી, સહજાનંદ સ્વામી... તીર્થ૦ ૨
હરિકૃષ્ણ હરિ, મૂર્તિ સુખ ભરી, જોતા આંખો ઠરી, હૈયામાં ગયા ગરી... તીર્થ૦ ૩
મહિમા અતિ મોટો, જગમાં નથી જોટો, જ્ઞાનજીવન હું તો, રહીશ સદા ગાતો... તીર્થ૦૪

પદ-૦૧ લક્ષ્મીનારાયણ આદિ દેવો વડતાલધામે

લક્ષ્મીનારાયણ આદિ દેવો, વડતાલધામે બિરાજેજી;
સુખિયા થાય છે લાખો કરોડો, આ દેવ સેવ્યાથી આજેજી...૧
આવા પ્રગટ પ્રમાણ દેવો, સહજાનંદે આપ્યાજી;
એમાં બિરાજી શ્રીહરિવરે, સહુનાં સંકટ કાપ્યાંજી...૨
આવી મૂર્તિનાં દર્શન કરતાં, મન મોરલિયો નાચેજી;
દર પૂનમે દર્શને આવે, મળે તેને જે જાચેજી...૩
લક્ષ્મીનારાયણ દેવનો દરબાર, દિગંતે ડંકા વાગેજી;
આવી કોઈ પોકાર કરે તો, તેનાં દુઃખડાં ભાગેજી...૪
જ્ઞાનજીવન કહે સુખિયા થાવા, આવોને વડતાલધામેજી;
ભુક્તિ મુક્તિ આપીશ રીઝી, કહ્યું છે એમ ઘનશ્યામેજી...૫

પદ-૦૧ લક્ષ્મીનારાયણદેવ બિરાજે

લક્ષ્મીનારાયણ દેવ બિરાજે, અનુપમ વડતાલધામેજી;
હુનાં દુઃખ ટાળવાને કાજે, પધરાવ્યા ઘનશ્યામેજી...૧
લક્ષ્મીનારાયણ દેવનો મહિમા, મુખે કહ્યો નવ જાયેજી;
સર્વોપરી અવતારી શ્રીજી, રહ્યા છે એમાં સદાયેજી...૨
લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન, જે કરે વડતાલધામેજી;
વૈકુંઠમાં દર્શન કર્યાનું, ફળ તે અહીં જ પામેજી...૩
સ્વામિનારાયણે દયા કરીને, નિજ અવતાર પધરાવ્યાજી;
સહુનું માન વધારવા પોતે, આજ ધરા પર આવ્યાજી...૪
જ્ઞાનજીવન કહે સર્વોપરી છે, સ્વામિનારાયણ એકજી;
આત્યંતિક મોક્ષને માટે, એની જ રાખજો ટેકજી...૫



વડતાલધામના હરિભક્તો

અતિ પવિત્ર પાવન

- વડતાલ આધ આશ્રિત શ્રી બાપુભાઈ પટેલ
- પરમ ભક્તરાજ જોબનપગી
- નારાયણગિરિ બાવા
- વાસણ સુથાર
- જેસિંગભાઈ
- તખા પગી
- રૂડિયો રખડું
- વખતબા
- સુરજબા અને રળિયાતાબા
- જીજીબા
- ઉજમબા

વડતાલના હરિભક્તો : અતિ પવિત્ર પાવન

વ્હાલા ભક્તજનો ! ભારતીય સંપ્રદાયોમાં ભક્તોની ગાથાઓ ઘણી સાંભળવા મળે છે, પરંતુ જેને સાક્ષાત્-મુખોમુખ પ્રગટ ભગવાન મળ્યા હોય, જેણે તે ભગવાનને ઓળખીને તેમનો અનન્યભાવે આશ્રય કર્યો હોય, તેમને પોતાના ઈષ્ટદેવ માનીને તેમની પૂજા-આરાધના, ભક્તિ-સેવા કરી હોય, તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી હોય અને છતે દેહે મુક્તિની અવસ્થા જેઓ અનુભવતા હોય - એવા ભક્તોની ગાથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય ક્યાંય જોવા મળતી નથી.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન આ ભક્તોએ તન-મન-ધન પ્રગટ ભગવાન શ્રીહરિના ચરણે ન્યોછાવર કરી દીધાં હતાં. તેથી જ ભગવાન શ્રીહરિ આવા ભક્તો પર વારી જતાં. આશરો ને સ્વરૂપનિષ્ઠા, ભક્તિ ને વિરક્તિ, તપ અને ત્યાગ, સેવા અને સમર્પણ, શ્રદ્ધા અને મુમુક્ષુતા, ખપ અને નિર્માનિતા, દૃઢ નિશ્ચય, અટલ ટેક, કથાવાર્તા-સંતસમાગમનું વ્યસન, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંબંધવાળા નાના-મોટા સૌ સંતો-ભક્તોમાં આત્મબુદ્ધિ, દિવ્યભાવ-નિર્દોષભાવ, આત્મનિષ્ઠા, આજ્ઞાપાલનની તત્પરતા, ભગવાન શ્રીહરિની મરજી મુજબ જીવન વગેરે અનંત સદ્‌ગુણો આ ભક્તોમાં દર્શાય છે.

'ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ; સુખ સર્વે સંસારના, કરવાં જોઈએ હરામ...' આ કીર્તનની પંક્તિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તની યથાર્થ રૂપરેખા બાંધી છે. ભગવાન શ્રી સ્વામિારાયણ સમકાલીન ભક્તોના એક-એક ચરિત્રમાં ભગવદભિમુખતા અને સંસારસુખ-વિમુખતા દૃષ્ટિગોચર થાય છે.

આ ભક્તો પ્રત્યક્ષ સર્વોપરી શ્રીહરિના ઉપાસકો હતા. એમને મન સંસાર-સુખ તૃણવત્ થઈ ગયું હતું. આ ભક્તો ભગવદ્ ગીતામાં કહેલા 'સમલોષ્ટાશ્મકાંચન'ની સ્થિતિને વરેલા હતા. તેમને મન ધૂળનું ઢેફું ને સોનું બંને સમાન હતાં ! દેહ ટકાવવા પંચવિષય અંગીકાર કરતા પણ બુદ્ધિમાં સારા-નરસાનો ભેદ ભૂંસાઈ ગયેલો. ભગવાન સંબંધી પંચવિષયથી તેઓ પૂર્ણકામ હતા.

આ ભક્તો સંપત્તિમાં છલકાયા-મલકાયા નથી કે વિપત્તિમાં ઝાંખા-પાંખા થયા નથી. આપદાઓમાં ભીરુ-ગભરુ થયા નથી. અત્યંત ધીરજ ધરી છે. ઝઝૂમ્યા છે. એક કેવળ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો દૃઢ આશરો કરી એમની રુચિમાં જીવન જીવીને જીવતર ધન્ય બનાવ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની માળાના મણકા બની ગયા છે ! ભક્તિ ને ઉપાસના દ્વારા પોતાના આત્માને માયાના બંધનથી મુક્ત કરી અક્ષરધામના અધિકારી થઈ ગયા છે. એટલે જ ભગવાન શ્રીહરિ આ ભક્તોની અનન્ય ભક્તિને વશ થઈને રાતોરાત એમની રક્ષા કરવા પહોંચ્યા છે.

આ ભક્તોની એવી ધીરજ, નિષ્ઠા, બળ ને ખુમારી જોઈ સ્વંય ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ પોરસાઈ ગયા હતા. તેમની હાથછૂટી બલા થઈ ગઈ, જેથી નિરાવરણપણું, ષડ્‌ઊર્મિ-રહિતપણું, અંતર્યામીપણું - જેવી ભગવત્શક્તિઓ આ ભક્તોને સહેજે વરી ગઈ ! તેમ છતાં તેની મહત્તા આ ભક્તોએ કદી પણ કોઈ પાસે દાખવી નથી ! 'માયાથી મુક્ત થવું તે મહાન ઐશ્વર્ય છે' એવું સત્ય આ ભક્તોએ સિદ્ધ કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે દર્શાવેલ ખરા ભગવદ્‌ભક્તની વ્યાખ્યા આ ભક્તોએ જીવનમાં સાર્થક કરી હતી. ભગવાન શ્રીહરિએ પોતાના પ્રત્યક્ષસંગી આ ભક્તોમાં ઉચ્ચ પ્રકારની પ્રેરણાનું અમૃત સિંચીને ઊર્ધ્વજીવન જીવતાં કરી મૂક્યા હતા. આ જ સમર્પિત ભક્તો પૈકી કોઈક ક્યારેક માયા કે સ્વભાવને વશ થઈ સત્સંગથી વિમુખ પણ થયા, તેમ છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમનો અનન્ય આશ્રય જોઈને તેમને અક્ષરધામમાં નિવાસ કરાવ્યો છે.

વિપરીત પરિસ્થિતિમાં પણ મનનું સંતુલન જાળવી રાખવું એ માણસને પોતાના હાથમાં નથી. જેમનું આત્મસંતુલન સ્થિર હોય છે તે મહાપુરુષોની શ્રેણીમાં ગણાય છે. આ ભક્તો એક એક મહાપુરુષ હતા. ઐશ્વર્યવાન હતા, છતાં એમણે ઐશ્વર્યનો ગર્વ કર્યો નથી.

આવા ભક્તોનો મહિમા ગાતા ભગવાન શ્રીહરિ કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહે છે : "અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે સર્વપ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રાખલા જેવી છે."

વળી, ગઢડા મધ્ય પ્રકરણના ૨૮મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે : "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, એ જ મારે વિષે મોટો ગુણ છે..."

આવા ઉચ્ચકોટિના ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલીન મહામુક્તરાજ વડતાલના હરિભક્તોનો પરિચય કરાવતાં વૈરાગ્યમૂર્તિ

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'શ્રીભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

વંદુ વરતાલના હરિજન, અતિ પવિત્ર પરમ પાવન; જ્યાં હરિએ કરી બહુ લીલા, લઈ સંત સતસંગી ભેળા...૦૪
પટેલ ભક્ત મોટેરા બાપુજી, રણછોડે લીધા હરિ ભજી; બેચર દાજી ને જેસંગભાઈ, મૂળજી ને રાયજી કહેવાઈ...૦૫
દો ભાઈજી દાદોભાઈ કહીયે, જોરો નરશી નરોત્તમ લહીએ; કાનદાસ ડુંગર ને દલો, શામળ હરિ ઘોરી મીઠો ભલો...૦૬
લાલદાસ આદિ હરિજન, પટેલ વાલુ કંકુબા પાવન; દ્વિજ વનમાળી હરિદાસ, બા અવલને પ્રભુની આશ...૦૭
નકી ભક્ત નારણગર બાવો, જેણે કર્યો કુળનો અભાવો; પ્રેમી ભક્ત પગી ધન્ય ધન્ય, જનમાં શિરોમણી જોબન...૦૮
સુંદર ખોડો જુસો ને વખતો, જગો ભવાન જખતો હમતો; ઉજમ અમરા આદિ કોળી ભાઈ, જન એક રળિયાત બાઈ...૦૯
રઘો બેચર વાસણ ઠાર, બાઈ કંકુએ તજ્યો સંસાર; ઠકર ઊકા આદિ બહુ કહીએ, શુદ્ર સવાદિ વરતાલે લહીએ...૧૦

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૧૨૨)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ વડતાલના હરિભક્તોને 'અતિ પવિત્ર પરમ પાવન' ગણાવ્યા છે. નિષ્કુળાનંદ સ્વામીએ ઘણાં નામ ગણાવ્યાં છે. એમાંય સ્ત્રી હરિભક્તોની ભક્તિને બિરદાવતાં કહે છે :

પટેલ વાલુ કંકુબા પાવન', 'બા અવલને પ્રભુની આશા', 'જન એક રળિયાત બાઈ', તો 'બાઈ કંકુએ તજ્યો સંસાર.

નારાયણગર બાવાની ભક્તિને બિરદાવતાં સ્વામી કહે છે : **'નકી ભક્ત નારણગર બાવો, જેણે કર્યો કુળનો અભાવો.'** જોબનપગીને તો **'જનમાં શિરોમણી જોબન'** કહે છે. બાકી બધા પ્રેમી અને સમર્પિત ભક્તો હતા.

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથમાં વડતાલના નિષ્ઠાવાન હરિભક્તોની ભક્તિ પૂરા પ્રેમભાવથી ગાઈ છે :

ગોવિંદને ગમતું સદા, ગામ વડતાલ વિશેષ; જળ છાયા ફૂલે કરી, ગુણવંત ગુર્જર દેશ...૦૧
વડતાલના હરિજનનો, પુણ્ય તણો નહીં પાર; શ્રી સહજાનંદ સ્વામીને, કર્યા રાજી તે વારમવાર...૦૨
બાપુભાઈએ પૂજ્યા બહુનામી, રાજી થયા સહજાનંદસ્વામી; જોબન જુસો વજ્ઞ ખોડો સુંદર, પૂજ્યા પ્રભુ પ્રીતે માગ્યો વર...૦૩
નારાયણગીરે પૂજ્યા પ્રભુ પ્રીતે, વાસણ સુથારે તે રૂડી રીતે; રણછોડદાસ ને કાનદાસ, મૂળજી રાયજી દાજીદાસ...૦૪
બેચરભાઈ ને ભાઈજીભાઈ, પૂજ્યા સાતે ભાઈ સુખદાઈ; કિશોર દાદાભાઈ જેસંગભાઈ, નરોત્તમ ને વાલો જોરોભાઈ...૦૫
લાલદાસ ને વસનદાસ, ભઈજી દયાળજી બેચરદાસ; ભગવાનદાસ ને ઈશ્વરદાસ, એણે પ્રેમે પૂજ્યા અવિનાશ...૦૬
સવદાસ આદ્યે સર્વે પરિવાર, તેમણે પૂજ્યા પ્રભુ વારમવાર; નાના મોટા જે બાઈ ભાઈ, ભજે પ્રભુ સર્વે રાજી થઈ...૦૭
વનમાળી ડાહ્યો રૂગનાથ હરિરામ, ભોળાનાથાદિ પૂજ્યા શ્યામ; બ્રાહ્મણ ક્ષત્રી વંશ ચારે વરણ, સર્વે પૂજ્યા તે અશરણશરણ...૦૮

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૨૧)

વડતાલના ચારેય વર્ણના હરિભક્તોએ ભગવાન શ્રીહરિને મરજી અનુસાર સેવા કરીને વારંવાર રાજી કર્યા હતા. 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વડતાલના પગીભક્તોની ભક્તિનું વર્ણન કરતાં કહે છે :

એ તળાવનું જાણવું આમ, તેનું ચંદન તલાવડી નામ; પગી જોબને જગ્યા તે જોઈ, ઘણીવાર ત્યાં દીધી રસોઈ.
પગી સુંદર ને પગી દલો, ત્રીજો તો શકરો પગી ભલો; પગી જોબનના ઘરમાંય, ભક્ત ભીડ થતી હતી ત્યાંય.
ત્યારે ઝાલા પગી તેને ઘેર, પોઢતા પ્રભુ જઈ રૂડી પેર; વન ફરતા આવ્યા હરિ જ્યારે, પગી જોબન ભાઈ ત્યારે.
દેવકરણ પગી તણે ગેહ, જાણી એકાંત ઉતર્યા તેહ; જૂહુજી વખતો પગી જગનો, ઘેર તેડતા હરિ તે ભગતો,
વળી ઘર જે વજાપગી તણું, પ્રભુએ કર્યું પાવન ઘણું; તેની પુત્રી જે અમરબાઈ, સાંખ્ય યોગી તે સારી ગણાય.
પગી ગુણીયલ નામે ગેશ, તેને ઘેર જતા પરમેશ; રામબાઈ તેની સુતા જેહ, સાંખ્ય યોગી સારા હતા તેહ.
બામણોલીયા ઉજમ પગી, ભજતા પ્રભુને તે ઉમંગી; ગંગાબાઈ જેતલપુર તણા, વડતાલમાં આવતાં ઘણાં.
તે પગીને ફળીએ તે ઉતરતા, મહારાજને જમણ નોતરતા; પગી જોબનનું ઘર જે છે, ભીતી અધિક પ્રસાદીનું એ છે.
નારાયણ મહોલનો કહું જેવો, મહિમા તેના ઘરનો છે તેવો; મેડીની ઈતરાદિ જે બારી, ત્યાં બેસતા ભવભયહારી.
નીચે મેદાનમાં સભા થાતી, બ્રહ્મવિદ્યાની વાતો વંચાતી; ઘણી લીલા કરી તે ઠેકાણે, તે તો સર્વે જુના જન જાણે.
સૂરજબા તથા રળિયાતબાઈ, સાંખ્ય યોગી તે સારી ગણાઈ; પુત્રી જોબનની થાય બેય, મહામુક્ત સહુ કહે કોય.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭)

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ વડતાલના પગી પરિવારોની ભક્તિને અહીં બિરદાવી છે. જોબન પગીની મેડીને તો તેમણે નારાયણ મહોલ સમાન ગણી છે. આ મેડીએ શ્રીહરિ બેસતા ને નીચે મેદાનમાં સભાઓ થતી જેમાં બ્રહ્મવિદ્યાની વાતો વંચાતી. જોબન પગીની બે પુત્રીઓ સૂરજબા તથા રળિયાતબાઈ સારી સાંખ્યયોગી બાઈઓ હતી. તેમ, વજા પગીની પુત્રી અમરબાઈ બગવાપણ સારી સાંખ્યયોગી બાઈ હતી. રામબાઈ પગી પણ સારાં સાંખ્યયોગી ગણાતાં. જોબન પગીના ઘરમાં ભીડ થતી ત્યારે શ્રીહરિ ઝાલા પગીને ઘેર જઈ પોઢી જતા. જેતલપુરવાળા ગંગામા વડતાલ આવતાં ત્યારે પગી ફળિયે જ ઉતરતાં. સમગ્ર પગી પરુ ભગવાન શ્રીહરિનું ભજન કરતું હતું.

વડતાલના સર્વ જ્ઞાતિના લોકો ભગવાન શ્રીહરિના આશ્રિત સત્સંગી થઈને ભજન-ભક્તિ કરતા હતા. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખે છે :

'શ્રીહરિ આવે છે' એવું સાંભળીને વડતાલવાસી બધા જ લોકો સન્મુખ આવ્યા. કારણ કે બધા જ લોકો હરિભક્ત થયા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પર્યંત સમગ્ર મનુષ્યો આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તેને ગણવામાં આવે તો પણ પાર આવે તેમ ન હતું. હરિભક્તોમાં પાટીદાર મુખ્ય હતા. તે એટલા બધા હરિભક્ત થયા હતા કે તેમની ગણતરી થઈ શકે તેમ ન હતું. તે ભક્તો એકએકથી સરસ અધિક સત્સંગી થયા હતા. જેમ પોતાનાં કુળ અને કુટુંબ ઉપર ભાવના હોય તેમ વડતાલના પાટીદારોને શ્રીહરિ તથા સંતોના ઉપર હરખભરી અતિ ભાવના હતી. તેઓ બધા ફૂલહાર લાવ્યા હતા. તે શ્રીહરિને અને સંતોને પહેરાવી દીધા. જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ભેટ ધર્યા અને વારંવાર પગે લાગ્યા.

વર્ણી, દરબારો અને પાર્ષદો, સહુને હાર પહેરાવ્યા. કોઈ બાકી રહ્યા નહી. પાટીદારોમાં કુબેરદાસ અને કિશોરદાસ મુખ્ય સત્સંગી હતા. તેમના પરિવારના જે સત્સંગી થયા હતા, તેમના નામ પણ કહું છું. તેમાં કુબેરદાસને આઠ પુત્ર હતા અને બે પુત્રીઓ હતી. તેમાં મોટા પુત્રનું નામ બેચરદાસ હતું. દાજી અને રાયજી, તે બે તેથી નાના અને સુખી હતા. તે પછીના ભાઈજી, રણછોડદાસ, કહાનદાસ, વ્રજલાલ અને મૂળજી, એ આઠ પુત્ર હતા. મોટીબાઈ અને રૂપબાઈ બે પુત્રીઓ હતી. દસેની માતાનું નામ કહળબાઈ હતું. એ બધા જ સારા સત્સંગી હતા.

તેમાં બેચરદાસના પુત્ર ડુંગરભાઈ થયા અને ડુંગરભાઈના રામદાસ જેઠો અને ગોવિંદજી એ ત્રણ પુત્ર થયા. તે કુબેરદાસના બધા જ પૌત્રો સારા હરિભક્ત થયા. એક એકથી અધિક સત્સંગ અત્યારે પણ રાખે છે. દાજીભાઈને વાલજી નામે એક જ પુત્ર હતો. તેણે પણ સત્સંગની દૃઢ ટેક રાખી હતી. રાયજીભાઈના પુત્ર અજુભાઈ, જોરાભાઈ, જીજીભાઈ, લલ્લુભાઈ અને દાદાભાઈ હતા. ઘણો મોટો પરિવાર હતો. કેટલા નામ લખવા. જોરાભાઈના પુત્રનું નામ તુલસીદાસ હતું. ભાઈજીના પુત્રના નામ હવે કહું છું. એક હરિભાઈ અને બીજા કૃષ્ણદાસ હતા. હરિભાઈને એક પુત્રી હતી. કૃષ્ણદાસને ઈચ્છાભાઈ અને શંકરભાઈ એ બે પુત્ર હતા. રણછોડદાસ સારા હરિભક્ત હતા તેને એક પુત્ર મીઠાભાઈ હતા. શંકરભાઈ અને હરિદાસ એ મીઠાભાઈના બે પુત્ર હતા. કહાનદાસને દેસાઈભાઈ અને વસ્તાભાઈ, એ બે પુત્ર હતા. વસ્તાભાઈને ભગાભાઈ નામે શુદ્ધમનવાળો એક પુત્ર હતો.

કિશોરદાસને જીવાભાઈ, વેરી ભાઈ, ગોપાળજી, કાકુભાઈ અને ખુશાલભાઈ એ પાંચ પુત્ર હતા. બધા જ સારી રીતે સત્સંગને દૃઢ પણે રાખતા હતા. એ બધા પરિવારને સત્સંગની તુલનામાં બીજું કાંઈ અધિક ન હતું. બધો પરિવાર એવો દૃઢ સત્સંગી થયો હતો. દાદાભાઈ અને જેસંગભાઈ તે કિશોરભાઈ બીજાના પુત્ર હતા. દાદાભાઈને ભાઈબા અને ધોરીભાઈ બે પુત્ર હતા. ભાઈબાના પુત્ર દ્વારકાદાસ અને ધોરીભાઈને મોતીભાઈ તથા ઝવેરભાઈ નામે બે પુત્ર હતા. જેસંગભાઈને જીવાભાઈ, દલાભાઈ અને શામળદાસ એમ ત્રણ પુત્ર હતા. તેમાં દલાભાઈને ભીખાભાઈ અને ભવાનભાઈ બે પુત્ર હતા. ભીખાભાઈના પુત્ર હાંહજી (આશજી) અને વેણીભાઈ હતા. શામળદાસને પ્રાગદાસ અને લલ્લુભાઈ નામે બે પુત્ર હતા. થોભણદાસના લાલદાસ અને જોરાભાઈ પુત્ર હતા. લાલદાસના પુત્ર દ્વારકાદાસ અને ગોપાળ નામે હતા. મથુરભાઈ અને જેઠાભાઈ, એ બે જોરાભાઈના પુત્ર હતા.

થોભણદાસના પુત્ર વાસણજી, નરોત્તમદાસ અને નૃસિંહદાસ હતા. નરોત્તમદાસના પુત્ર ત્રિકમજી હતા અને નૃસિંહદાસના પુત્ર રણછોડભાઈ હતા. આ બધા એક જ ઘરનો પરિવાર હતા. બધા જ શ્રેષ્ઠ હરિભક્ત થયા હતા. ભાઈજીભાઈ નામે હરિભક્ત હતા તેને ગલાભાઈ, દલાભાઈ અને ગિરધર એ ત્રણ પુત્ર હતા. તેમાં દલાભાઈને પ્રભુદાસ, ગોવિંદ અને વાલદાસ, એવે નામે ત્રણ પુત્ર હતા. તે સારા હરિભક્ત થયા હતા. રાયજીના પુત્ર મૂળજીભાઈ હતા અને તે મૂળજીભાઈને રામદાસ, મથુરભાઈ અને ત્રિકમભાઈ એ ત્રણ પુત્ર હતા. વસનદાસને કહાનદાસ અને ધર્મદાસ નામે બે પુત્ર હતા. તે ઈટોલદાસ નામે થઈ ગયા હતા તેના પરિવારમાં કહેવાતા હતા. એ બધા પરિવારના પરિવાર સારા હરિભક્ત થયા હતા. તેઓ દિન પ્રતિદિન શ્રીહરિ અને સંતોના ઉપર અધિક

અધિક પ્રેમભાવ રાખતા હતા.

વિપ્રોમાં બે જણ સત્સંગી થયા હતા. એક વનમાળીભાઈ અને બીજા મહેતા ડાહ્યાભાઈ, વનમાળીની પુત્રીનું નામ અવલબાઈ હતું. અવલબાઈના પુત્રનું નામ હરિશંકર હતું. ગોસાઈમાં એક જ હરિભક્ત હતા. તેનું નામ નારાયણગિરિ હતું. તેના શિષ્ય માનગિરિ અને શંકરગિરિ ગૃહસ્થ કહેવાતા. તેમના સંબંધી જે ગોસાઈ હતા તે "મોગરી" વગેરે ગામોમાં રહેતા હતા. તેમાં જે રૂડી બુદ્ધિવાળા હતા તેઓ સત્સંગના ઉપર ઘણો સદ્‌ભાવ રાખતા હતા.

વડતાલમાં શેઠ રાયજી વણિક ઘણા પાકા સત્સંગી હતા અને તેમના બહેન અચરજબાઈ પણ તેવા જ દૃઢ હરિભક્ત થયા હતા. હવે ભાયા પગીના પરિવારના નામ લખું છું. ભાયા ભાઈને શંકર, સુંદર, દલો અને જોબન, એ ચાર પુત્ર હતા. શંકરના પુત્ર ખોડાભાઈ અને ભવાનભાઈ હતા. સુંદરપગીના પુત્ર ઓધારજી હતા. જોબનના પુત્ર જગમાલ અને અમરસિંહ હતા. એ બધા ઘણા સારા હરિભક્ત હતા. રળિયાતબા અને સૂરજબા, એ બે જોબન પગીની પુત્રીઓ હતી. તે બંનેએ સંસારના સુખનો ત્યાગ કરીને સાંખ્યયોગનું જીવન સ્વીકાર્યું હતું અને જીવનભર શ્રીહરિનું ભજન કર્યું હતું. જોબન પગીની 'મા' વખતબા પણ ઘણા શ્રેષ્ઠ સત્સંગી થયા હતા. તેણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી અને ઘરબાર વગેરે શ્રીહરિને અર્પણ કરી દીધું હતું.

બીજા એક વેણા પગી હતા તેને જુહાજી, ખોડો અને સુરતો, એ ત્રણ પુત્ર હતા. જુહાજીના પુત્રનું નામ વાલો હતું અને જુહાજીની 'મા'નું નામ અવલબા હતું. તે વખતબા (જોબનપગીના મા) ની બહેન હતા. તેમનો સત્સંગ સર્વોત્તમ હતો અને તેમણે શ્રીહરિને વારંવાર રાજી કર્યા હતા. બોઘા પગીના પુત્ર વખતો પગી હતા. તે સારા સત્સંગી હતા. ઉજમ અને ઓધાર, એ બે વખતા પગીના પુત્ર હતા. એક રામસિંહ પગી અને તેના પુત્ર અવલસિંહ, એ બધાએ અનીતિ છોડી દીધી હતી અને ઘણા સારા સત્સંગી થયા હતા.

વડતાલમાં દાલાભાઈ અને કાળાભાઈ નામે બે સગાભાઈ પગી સત્સંગી હતા. તેમની બહેનો અમરબા અને જીવીબા, એ બધા શુભ અને શુદ્ધ વર્તન રાખનારા ઉત્તમ સત્સંગી હતા. એક અન્ય કરણા પગી સત્સંગી હતા. તેના પુત્ર વિક્રમ પગી અને દીપા પગી હતા. તેમાં વિક્રમના પુત્ર હમીર અને રાયજી હતા. દીપા પગીના પુત્ર ઝાલા પગી હતા. તે સિવાય એક દેવકરણ પગી, ધર્મનિષ્ઠ આશજીપગી, ગુમાનજી અને આહકરણ પગી સારા સત્સંગી હતા.

સુરસિંહજીના પુત્ર ખોડા પગી અને બહેચરપગી હતા. એક મંગળ પગી અને થોભણ પગી હતા. થોભણના પુત્ર નથુ પગી અને નથુના પુત્ર પથુપગી હતા. હવે જે સુતાર હરિભક્તો થયા હતા તે બધાના વંશે સહિત નામને કહું છું. તેમાં વાસણ, ભવાન અને રઘુ એ ત્રણ ભાઈ હતા. તેમાં વાસણના પુત્ર નારાયણ, રણછોડ અને ગોપાળ એ ત્રણ હતા. ભવાનના પુત્ર જાદવ અને ખુશાલ હતા. ખુશાલની 'મા' વ્રજબાઈ હતા. એ બધા સુતાર હરિભક્તો શ્રીહરિની સેવા બહુ જ કરતા હતા. તે વર્ણવી શકાતી નથી. શ્રીહરિ વડતાલમાં જેટલી વખત આવ્યા તેટલી વખત આ સુતાર હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર ઉતાર્યા હતા.

તે બધી વાતો આગળના ચરિત્રોમાં કહેવાશે. અહીંયા બધું કહી શકાતું નથી. તેમનો એક ભાણેજ હતો. જેને ભાણો કહીને બોલાવતા હતા. તેણે શ્રીહરિની સેવા ઘણી કરી હતી. હિંડોળાના સ્તંભને તે રંગ કરી દેતા, તેમજ શ્રીહરિ જ્યારે ગામની બહાર બેઠક કરતા ત્યારે કઠોડાને પણ રંગી દેતા હતા. તે સિવાય પૂંજો, લાલો અને અમીદાસ એ ત્રણ ભાઈ પણ ઘણા સારા સત્સંગી થયા હતા. એટલા સુતાર હરિભક્તોના નામ કહ્યા. હવે લુહાર હરિભક્તોના નામ કહું છું. અમીદાસ, લાલદાસ અને ગણેશ, એ ત્રણે કાયમના સારા સત્સંગી હતા. વળી નરસિંહ અને રામજી નામે વાળંદ હરિભક્તો હતા. તેમણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી. એક કરશન નામે માળી સત્સંગી હતો તેણે શ્રીહરિને સુંદર ફૂલહાર બનાવીને ખૂબ જ પહેરાવ્યા હતા. વડતાલમાં હરિભક્તો ઘણા હતા પણ નામ તો થોડાના જ લખાયા છે. બધા નામ લખવા ધારીએ તો પણ લખી શકાય તેમ નથી. અખૂટ હરિભક્તોનું આ ગામ છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૭-૪૮)

ભગવાન શ્રીહરિએ વડતાલ ગામમાં સર્વ જ્ઞાતિઓના હરિભક્તોને બોલાવીને વડતાલ મંદિરના નિર્માણકાર્યની સેવા સોંપી હતી. જેની નોંધ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના કળશ-૮ વિશ્રામ-૭માં કરતાં લખે છે :

શાર્દૂલવિક્રીડિત :

કાશીદાસ કહે કૃપાનિધિ સુણો આ ગામમાં જે વસે, તે સૌ જો મળિને સહાય કરશે સૌ કામ તો સિદ્ધશે;
ગાડાંનો ખપ વાર વાર પડશે તે તો કૃષિકારનાં, તે રીતે વળિ કામ ખૂબ પડશે સુતાર લૂહારનાં...૮
માટે સૌ હરિભક્તને નિજ કને બોલાવિ આપે કહો, મોટાં મંદિર કેરું કામ કરવા સર્વે સહાયી રહો;
એવી વાણિ ગમી મહાપ્રભુજિને સત્સંગિ તેડાવિયા, તેનાં નામ હવે કહું નૃપ સુણો જે મુખ્ય ત્યાં આવિયા...૦૯

આવ્યા દાસ કુબેર જોબન પગી નારાયણાખ્યો ગિરી, તેઓને હરિએ ભલામણ ભલી તે કામ માટે કરી;
બોલ્યા સૌ કર જોડિ કૃષ્ણ સમીપે શા માત્ર છૈયે અમે, ધારો તો ધરણી થકી કનકનું મંદિર કાઢો તમે...૧૦
આપે તોપણ ભક્ત જાણિ અમને સેવા ભળાવી ભલી, તેથી તો અતિ ધન્ય ભાગ્ય ગણિયે ભક્તિ કરી એટલી;
જે જે કામ ભળાવશોજિ અમને તે તો કરીશું અમે, બીજા મુખ્ય જનો નિવાસી અહિંના તેને કહોજી તમે...૧૧
શ્રીજીએ વનમાળિ ગોર દ્વિજને ડાહ્યાખ્યને મોકલ્યા, તે તો જૈ પુરવાસિ મુખ્ય જનને માયાળુ થૈને મળ્યા;
સંદેશો કહી શ્યામનો સરવને તેડી તહાં લાવિયા, તેનાં નામ હવે કહું નૃપ સુણો જે જે જનો આવિયા...૧૨
આવ્યા દાસ નરોત્તમાખ્ય નરસી લાલાખ્ય જીવા દલા, જોરાભાઈ સુધોરિ શ્યામળ અને ધર્માખ્ય ભક્તો ભલા;
ભાઈબા રણછોડ બેચર અને દાજી તથા રાયજી, આવ્યા કાનજી મૂળજી વસનદાસાખ્યો ભલા ભાઈજી...૧૩

વંશસ્થવૃત્ત :

નારાયણાખ્યો શવદાસ જેહ છે, દયાળ ને ઈશ્વરદાસ તેહ છે;
આવ્યા વળી મૂળજિભાઈ જાણવા, પટેલ તે તો સઘળા પ્રમાણવા...૧૪
કહ્યું પ્રભુએ સહુ પાટીદારને, થજો સહાયી શુભ કર્મકારને;
કહે પ્રભુને સહુ પાટીદાર તે, અહીં ભલું મંદિર છે થનાર તે...૧૫
અમે અમારા કુળના પરંપરા, સહાયિ તેના જ થશું ખરેખરા;
પિતા તણો બોલ કુપુત્ર ટાળશે, સુપુત્ર તો પ્રેમ સહીત પાળશે...૧૬
તમે અમારા કુળદેવ આજથી, બીજો અમારો કુળદેવતા નથી;
કુપુત્ર કોઈ કુળ માંહિ જાગશે, મમત્વ તે મંદિરનો જ ત્યાગશે...૧૭
દ્વિજાતિ વંશે અસુરાંશ થાય છે, વિરુદ્ધ તે વેદથિ જેમ જાય છે;
સુપુત્ર તો સૌ રહેશે જ સેવતા, દિલે ગણીને નિજ કૂળદેવતા...૧૮
કુપુત્ર કોઈ કુળમાં નહીં થજો, વિરુદ્ધ આ મંદિરથી નહીં જજો;
સુણી રુદે રાજી થયા દયાનિધી, વિશેષ આશીષ દયા કરી દીધી...૧૯

પાટીદારોમાં - બાપુભાઈ, ભાઈબા, વહાલાભાઈ, રણછોડભાઈ, ભાઈજીભાઈ, નરોત્તમદાસ, નરસિંહદાસ, લાલભાઈ, જોરાભાઈ, જીવાભાઈ, દલાભાઈ, ધોરીભાઈ, શામળદાસ, ધર્મદાસ, રાયજીભાઈ, કાનજીભાઈ, મૂળજીભાઈ, શવદાસ, ઈશ્વરભાઈ, દયાળભાઈ વગેરે...

ઉપજાતિ :

ત્યાં શેઠિયા સાકરલાલ આવ્યા, સાથે વળી ગિર્ધરલાલ લાવ્યા; નથૂ તથા રાયજી જેષ્ઠ ચંદ, મોતી અને માણકજી સ્વચ્છંદ...૨૦
તેને પ્રભુએ કહ્યું એ જ રીતે, બોલ્યા સહૂ તે પરિપૂર્ણ પ્રીતે; ભાવે કરીને સહૂ બાઈ ભાઈ, સદા થશું મંદિરના સહાયી...૨૧

વણિકમાં - સાકરલાલ, મોતીચંદ, માણેકચંદ, નથુભાઈ, રામજીભાઈ, જેઠાલાલ, ગીરધરલાલ વગેરે...

પગી કહું સુંદરજી દલાજી, શક્રો તથા જૂસજી ત્યાં મળ્યાજી; ઝાલોજિ વક્ત્રોજિ વળી ગણેશ, ને દેવકર્ણાખ્ય સુણો નરેશ...૨૨
જક્તોજિ ને ઊજમજીય આવ્યા, મહાપ્રભુના મન માંહિ ભાવ્યા; કહે પ્રભુ સૌ પગિયો સદાય, આ કામ માટે કરજો સહાય...૨૩
બોલ્યા પગી સૌ કરિને પ્રણામ, કર્યું તમે બંધ અમારું કામ; અમે તમારે શરણે જ આવ્યા, ચોરી કર્યાના નિયમો ધરાવ્યા...૨૪
પુના સુધી સૌ નહિતો જતાતા, ફાડી ખજાનો ધન લાવતાતા; વાટે જનારા જનનેય કુટી, લેતા વળી વસ્ત્ર તમામ લૂંટી...૨૫
સેવ્યાં અમે તો ચરણો તમારાં, ખૂણે પડ્યાં ખાતરીયાં અમારાં; લૂંટી હવે દ્રવ્ય નહીં લવાય, દ્રવ્યે કરી કેમ સહાય થાય...૨૬
શ્રીજી કહે ભક્ત સુણો સુજાણ, જે ધર્મ પાળે વચન પ્રમાણ; માનું હું તેને મુજભક્ત મોટો, વિના ધને તે ન ગણાય છોટો...૨૭
અસંખ્ય નાણું ધર્મે ઉડાવે, મોટાં ભલાં મંદિર તો કરાવે; તથાપિ જો તે નહિ ધર્મ પાળે, કલ્યાણ પામે નહિ તર્તકાળે...૨૮
ધર્મી કરે પૂજન માનસીક, પ્રત્યક્ષથી તેહ ગણું અધિક; સુવર્ણપુષ્પે જ અધર્મિ પૂજે, તથાપિ તે છેક કનિષ્ટ સૂજે...૨૯
બીજા મતોમાં ધનવાન મોટો, ગણાય છે નિર્ધન છેક છોટો; ભલે સુદામા સમ ભક્ત હોય, મોટો ગણું છેક ગરીબ તોય...૩૦
શ્રીમંતને માન વિશેષ દૈયે, તે રીત સંસારિક જાણિ લૈયે; વાલો મને ભક્ત સુધર્મિ જેવો, ન સ્વલ્પ ધર્મી ધનવાન તેવો...૩૧

અધર્મથી જે ધન કોઈ લાવે, તે અર્પિને જો મુજને રિઝાવે; તેથી કદી હું ન પ્રસન્ન થાઉં, એના થકી તો ઉલટો રિસાઉં...૩૨
છે ધર્મ તે તો મુજ તાત સોય, તેનો કરે ભંગ લગાર કોય; મારા પિતાનો રિપુ તે ગણાશે, તે કેમ વાલો મુજને જ થાશે...૩૩
ધને કરે ભક્તિ ભલે હમેશ, દેહે કરે તેહ ગણું વિશેષ; તે માટ દેહે કરી અંબરીષ, કર્તા ભલી ભક્તિ મહા મહીષ...૩૪

વંશસ્થવૃત્ત :

તમે પગી તેમ જ આપ દેહથી, સહાયતા સૌ કરજો સનેહથી;
કહે પગી ત્યાં વિનતી વળી કરી, સહાયતા સૌ કરશું અહો હરી...૩૫
જનો અમારા કુળ માંહિ જે થશે, સપૂત તે જો સમજુ ભલા હશે;
પિતા તણું મંદિર તે પ્રમાણશે, મમત્વ મોટો મન માંહિ આણશે...૩૬
સુણી હરિ રંજન ચિત્તમાં થયા, સુખી થજો એમ કહ્યું કરી દયા;

પગીઓમાં - જોબનપગી, સુંદરજી, દલાજી, શકરાજી, ઝાલોજી, વખતાજી, ગણેશજી, દેવકરણ, જક્તોજી, ઉજમજી વગેરે ભક્તોને પણ શ્રીહરિએ ભલામણ કરી. ત્યારે સર્વે પગીઓ કહે : ''મહારાજ ! અમે તમારે શરણે આવ્યા છીએ. અમને તમે ચોરી નહિ કરવાના નિયમ ધરાવ્યા છે. અમે પુના સુધી ખજાનો ફાડી ધન લૂંટતા. વટેમાર્ગુને લૂંટતા. તમારા ચરણ સેવ્યા હવે લૂંટીને નહિ લાવીએ તેથી ધનથી સેવા કેમ કરી શકીએ?''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ધન ન હોવા છતાં તે કાંઈ નાના નથી થતાં. અસંખ્ય નાણું વાપરી મોટા મંદિર કરાવે છતાં જો ધર્મ ન પાળે તો તેનું કલ્યાણ ન થાય. ધર્મી માણસ માનસિક પૂજા કરે છતાં હું પ્રત્યક્ષ પૂજા માનું છું. અધર્મી સુવર્ણપુષ્પથી પૂજા કરે છતાં તે કનિષ્ઠ છે. સુદામા જેવો ભક્ત હોય તેને હું મોટો ગણું છું. શ્રીમંતોને માન આપવાની રીત સંસારી રીત છે. પણ મને ધર્મવાન ભક્ત વહાલો લાગે છે. અધર્મથી લાવેલા ધનથી હું રીઝતો નથી. જે ધર્મનો ભંગ કરશે તે મારા પિતાનો શત્રુ ગણાશે. ધન કરતા દેહથી જે સેવા કરે તેને હું વિશેષ માનું છું. અંબરીષ રાજા શરીરથી મારી સેવા કરતા. માટે તમે સર્વે પગીઓ દેહથી સહાય કરજો. અમે પ્રસન્ન થઈશું.''

વંશસ્થવૃત્ત :

પછી તહાં તો ગિરિ ચાર આવિયા, મહાપ્રભૂને મન તેહ ભાવિયા...૩૭
ગિરી પુરુષોત્તમ એક તો હતા, બિજા ગિરી તો રઘનાથજી છતાં;
ત્રિજા ગિરી તો કહું રામચંદ્ર તે, તથા રુડા રૂપગિરી ગિરિંદ્ર તે...૩૮
કહ્યું પ્રભૂયે સહુને સુખી હજો, સહાયિ આ કામ વિષે સહૂ થજો;
કહે સહૂ અંતરભાવ આણશું, અમારું છે મંદિર એમ જાણશું...૩૯
સુમુખ્ય તો વાસણ જેનું નામ છે, સુપુત્ર નારાયણ બુદ્ધિધામ છે...૪૦
સુતાર સદ્‌ભક્ત ભવાન ભાખિયે, સુપુત્ર તો જાદવજી જ દાખિયે;
સુતાર પુજા શુભ લાલદાસ જે, અને વળિ મુળજી અંબીદાસ તે...૪૧
લુહાર આવ્યા જન અંબીદાસ છે, સુપુત્ર તેના મુળજી સ્વપાસ છે;
લુહાર નારાયણદાસ નામના, નિવાસિ તે સૌ વરતાલ ગામના...૪૨

ગોંસાઈમાં - નારાયણગિરિ, પુરુષોત્તમગિરિ, રૂગનાથજીગિરિ, રામચંદ્રગિરિ તથા રૂપગિરિ વગેરે, સુથારમાં - વાસણ, નારાયણ, ભવાન, જાદવજી વગેરે, લુહારમાં - અંબાઈદાસ, મૂળજી, નારાયણદાસ વગેરે, ગોર વનમાળી, ડાહ્યાભાઈ મહેતા વગેરે ગામની બધી જ્ઞાતિના હરિભક્તો

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ સાચું જ ગાયું છે કે, **વડતાલના હરિજનનો, પુણ્ય તણો નહીં પાર; શ્રી સહજાનંદ સ્વામીને, કર્યા રાજી તે વારમવાર.**

સદ્‌ગુરુ માધવદાસજી સ્વામીએ 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર' ગ્રંથમાં વડતાલનાં હરિભક્તોનાં નામ અને તેમના ગુણ વર્ણવ્યા છે :

ચોપાઈ :

વડતાલધામના ભક્તોનાં નામ, આવ્યા સત્સંગને બહુ કામ; મોટા નાના જે સત્સંગી કેયે, શુદ્ધ રીતિએ વરણવી લૈયે..૦૧

કુબેરજી બેચર દાજીદાસ, રાઈજી ભાઈજી રણછોડદાસ; કાનદાસ ને મુળજી એહ, ડુંગર રામદાસ જેઠો તેહ..૦૨
ગોવિંદદાસ અને વાલોભાઈ, અજુ જોરો ને રામજીભાઈ; વળી દયા લલ્લુ હરિભાઈ, કરશનદાસે ભજ્યા સુખદાઈ..૦૩
વળી ઈચ્છાભાઈ બે મીઠાભાઈ, દેસાઈ મોટા અને વસ્તોભાઈ; જીવાભાઈ વેરીભાઈ ગોપાલ, બેચર ગોપાલે ભજ્યા ધર્મલાલ..૦૪
દાદોભાઈ ભાઈબા ધોરીભાઈ, મોટા ઝવેર સત્સંગ માંઈ; જેસંગભાઈ જીવોભાઈ એહ, દલાભાઈ શામળદાસ તેહ..૦૫
ભીખો ભવાન રામદાસ એ પણ, વળી નારાયણભાઈ તે પણ; રાયજી કૃષ્ણદાસ વિઠ્ઠલું, સ્વામી નામ લઈ કર્યું ભલું..૦૬
જોરાભાઈ મથુરભાઈ તેહ, લાલદાસ દ્વારકો રાઈજી જેહ; બીજા જોરો ને જીભાઈબાજી, ભગવાન ભજી થયા છે રાજી..૦૭
રણછોડ નરોત્તમ ને ત્રિકમ, પ્રેમ કરી ભજ્યા જેણે પ્રીતમ; વ્રજદાસ અને માધો ગોપાળ, ધોરી વ્રજભાઈએ ભજ્યા દયાળ..૦૮
ભાઈજી રાઈજી અને દયાળજી, ગોપાળદાસે લીધા હરિ ભજી; કાનદાસ અને ધર્મદાસ એહ, એ આદ્યે હરિ ભજ્યા છે તેહ..૦૯
ભગવાનદાસ ને રાઈજી તેહ, ઈચ્છો ગોપાળ વિઠ્ઠલ નામ એહ; નરસિદાસ પ્રભુદાસ લઈએ, વળી બીજા પ્રભુદાસ તે કઈએ..૧૦
શેઠ નથુ અને રાઈજી કાવે, હરિ મંદિરમાં તે નિત્ય આવે; વનમાળી શેઠ તો છે તે પણ, સ્વામિનારાયણ કહે એ પણ..૧૧
ડાહ્યો મહેતા અને હિરાલાલ, હરિ ભજીને થયા નિહાલ; વિપ્ર વનમાળી બે ભાણો એહ, હરિને કર જોડી રહ્યા તેહ..૧૨
નારાયણગર પુરુષોત્તમગર, રૂપગર ને બેચરગર; વળી માનગર ને શંકર તેહ, વળ્યા સ્વામીને મારગે એહ..૧૩
સુથાર વાસણ અને રૂગનાથ, વળી જાદવ નારણ છે સાથ; પ્રભુદાસ ને રણછોડ કઈએ, ગોપાલને તે ભેળા જ લઈએ..૧૪
ઠાર પુંજો બેચર એ પણ, લાલો ભક્ત અંબારામ તે પણ; મેલી અવળાઈને પાધરા ચાલ્યા, ત્યારે સતસંગમાં એ મહાલ્યા..૧૫
સુંદરપગી જોબનપગી કાવે, ઘેર પધરાવ્યા પ્રભુને ભાવે; આધારપગી પ્રતાપ સરદાર, પગી ખોડો તે તો ભક્ત ઉદાર..૧૬
જગમાલ ને અમરસંગ એ પણ, નારણ રામો ભવાન તે પણ; પગી ભાઈજી તે પણ બે કઈએ, જગતો વખતો પગી બે લઈએ..૧૭
જુસો ખોડો સુરતો સરદાર, આહજી અમરો અને ઝુઝાર; પગી તીતો અને બેચર કઈએ, ઝાલા દીપા આદ્યે ભક્ત લઈએ..૧૮
લાલદાસ અમૈદાસ ગણેશ એહ, કૃષ્ણ વના સહિતે માળી તેહ; એણે હરિને પેરાવ્યા હાર, ભાવે કરી ભજ્યા કરતાર..૧૯

(શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર : તરંગ-૫૨)

સદ્‌ગુરુ માધવદાસજી સ્વામી લખે છે કે, 'વડતાલ ધામના ભક્તો સત્સંગને બહુ કામ આવ્યા, આ સૌએ ભજ્યા સુખદાઈ. આમાંના ઘણા બધાએ 'સ્વામિનારાયણ નામ લઈ કર્યું ભલું.' આ સૌ ભગવાન ભજીને રાજી થયા. આ સૌએ 'પ્રેમ કરી ભજ્યા પ્રીતમ.' નિત્ય મંદિરમાં જાય. એમ કરીને સૌ નિહાલ થાય. ગામના ઘણા બધા અવળાઈ મેલી પાધરા ચાલેલા અને સત્સંગમાં મહાલ્યા. પગી ભાઈઓએ પણ ભાવે કરી ભજ્યા શ્રીહરિ.

સદ્‌ગુરુ માધવદાસજી સ્વામીએ વડતાલ ગામના હરિભક્તોએ ભગવાન શ્રીહરિની અને શ્રીલક્ષ્મીનારાયણદેવ મંદિરની કેવી કેવી સેવા કરી તે પણ વર્ણવ્યું છે :

ગામ વડતાલના જે લુવાર, આવ્યા સ્વામીનાં કામમાં તૈયાર;
આવે મંદિરમાં ઘાટ જ ઘડવા, ઘંટે કમાડે ગાડે ખૂંટા જડવા..૨૦
સુતાર મંદિરમાં કામે આવ્યા, કુંભાર ઘડી ઠામ તો લાવ્યા;
કોણેક ધરતી આલી હરિને, આપ્યાં લાકડાં ગાડાં ભરીને;
કોણેક ધર્મવરામાં ગોળ દીધા, કોઈ નામ કામમાં થયા સીધા..૨૧
કોણેક સ્વામી ને સંત જમાડ્યા, વળી સ્વામીએ રંગમાં રમાડ્યા;
ફળ જમાડ્યાં અને ફૂલહાર, કર્યા સ્વામીએ તે અંગીકાર..૨૨
સ્વામીના તે તો મુખડાની વાત, સાંભળીને થયા સહુ રળિયાત;
વાત સ્વામીની સાધુને મુખે, સાંભળીને પામ્યા બહુ જ સુખે..૨૩
વળી સ્વામીને દીધાં દૂધ દહીં, વળી ઘી પણ પીધાં હાથે લઈ;
ધર્મવરામાં પ્રેમે અપાવ્યું, કોઈને શ્રદ્ધામાં ઉપજાવ્યું..૨૪
વળી મંદિરમાં કોઈક આવ્યા, તે તો પોતાને મનમાં ભાવ્યા;
વળી મંદિરનો પક્ષ રખાવે, મંદિરનું તે કરે બહુ ભાવે..૨૫
વળી મંદિરના તે કામ માંઈ, ભાંગતી વાત કરે ન કાંઈ;

વળી પોતાની નાત ને જાત, કુળ કુટુંબ અને માત તાત..૨૬
તેથી વધુ હરિ સંતને રાખ્યા, હેતે ઝોળીઓમાં લોટ જ નાંખ્યા;
સ્વામી સંતને સાચા રે જાણી, પાયા નિત્ય ભરી ભરી પાણી..૨૭
સ્વામીને તો બહુ સમર્થ જાણ્યા, જાણી પુરુષોત્તમ પરમાણ્યા;
તેથી કપટ કાંઈ નવ કીધું, તન મન ધન અરપી દીધું..૨૮
સાધુ સ્વામીના સત્ય પ્રમાણ્યા, નિષ્કપટી ખરેખરા જાણ્યા;
સત્ય જાણીને સત્સંગ કીધા, કલ્યાણકારી ઓળખી લીધા..૨૯
જાણે મંદિરનો બહુ મહિમાય, દર્શન વિના તો અન્ન ન ખાય;
માથા સાટે ભાવે મંદિર કરાવ્યા, ધન દીધા સ્વામીને મન ભાવ્યા..૩૦
મંદિર કામમાં બળદિયા આલે, પોતે કામ કરવા ભેળા ચાલે;
સ્વામી વિના બીજાને ન માને, સ્વામિનારાયણ એક જ તાને..૩૧
હાલે ચાલે ને કામ કરતા, સ્વામિનારાયણ નામ ઉચ્ચરતા;
નાના મોટાને એક જ તાન, રાત દિવસ ભજે ભગવાન..૩૨

(શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર : તરંગ-૫૨)

વડતાલ ગામના હરિભક્તોએ શ્રીહરિને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જાણ્યા. તેથી તન-મન-ધન અર્પી દીધું. મંદિરનો મહિમા પણ ખૂબ સમજ્યા. દર્શન કર્યા વિના અન્ન ન ખાય. હાલતાં-ચાલતાં ને કામ કરતા સ્વામિનારાયણ નામ રટે. નાના-મોટા સૌને એક જ તાન - ભગવાન શ્રી સ્વામિનારાયણ કલ્યાણકારી છે. આ ભાવનાના બળે જ ભજ્યા. માટે મંદિરનું કામ હોંશે હોંશે કર્યું. પોતાના કુટુંબીજનો કરતાં પણ વધુ ભગવાન શ્રીહરિના આશ્રિત સંતો-હરિભક્તોને રાખ્યા. આથી, વડતાલ જે કોઈ આવે તે બધા આ ગામલોકોને ભાવે. મંદિરના તમામ કામ કર્યા. શ્રીહરિને ભજવાનું, એમનાં કામ કરવાનું તાન આ સૌને આઠે પહોર, બારે માસ રહેતું.

વડતાલપુરમાં ભગવાન શ્રીહરિ પધારે ત્યારે ગામના હરિભક્તોને થતા આનંદનું વર્ણન સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ વર્ણીએ 'શ્રીહરિલીલાસિંધુ' ગ્રંથમાં અનેકવાર કર્યું છે :

ચોપાઈ :

આપ ગયે વરતાલ અકામી ।।
વિષદપુર છબી વિષદ વરાકા, સ્વચ્છ સદનપુર રુચિર ફ રાકા ।
લતા લલિત તરુ વેષ્ટિત શોભે, લખી સુર મુનિ જન માનસ લોભે ।। ૩૭
પક્ષી વિવિધ ગન બોલત બાની, ધરા સ્વચ્છ વેલી લપટાની ।
પાવન સબ જન પુર નર નારી, પ્રગટ પ્રભુ પદ પ્રેમ અપારી ।। ૩૮
આવત જાની જગતપતિ સાંઇ, ધાવત આવત ગાત બધાઈ ।
ચરન કમલ ચારુ ચખ પરસી, મુદિત ભયે સબ જન ઉત્કર્ષા ।। ૩૯
જાવત જનપતિ જનજૂથ ભેરે, પુર નરનાર ઇરુખો હેરે ।
સજલ સહાસ સલજ સુકુમારી, નવિન નાથકું દ્રગંન નિહારી ।। ૪૦
સુભન કલિ કર સરસ સવારી, પ્રેમ મગન પ્રભુ પર સબ ડારી ।
રજત ફૂલ કરમે લદ્રે રમણી, પ્રભુ પર ડારત રતિ ધર બમણી ।। ૪૧

દોહા :

પ્રાનનાથ સંતન સહિત, પુર પ્રવેશ પ્રભુકીન । પ્રેમવંત પુર પ્રેમદા, દાસ જાની સુખ દીન ।। ૪૨
બાપુભાઈકે સદનસે, વાસકીન બલવીર । જામની રહી કહી બાત જન, ભક્તન હર ભવભીર ।। ૪૩
વારી નર મન મગન ભયો, નીરખી શ્યામ સુખધામ । કામ હરન મંગલ કરન, પોઢે રૈન તીન જામ ।। ૪૪

જગતના સ્વામી પોતાની ઈચ્છાથી પ્રભાતમાં વહેલા ઉઠી તૈયાર થઈ ત્યાથી વડતાલ ગામે પધાર્યા તે વડતાલ ગામ અતિ સ્વચ્છતાથી

શોભતું હતું એના ચોકો અને ચોતરાઓ ખુબ જ શોભતા હતા, ખુબ જ વેલીઓ વૃક્ષો ઉપર ચડેલી હતી એ શોભતી હતી તે શોભાને જોઈ દેવો મુનીજનોના મનને લોભાવતી હતી. તેથી ખુબ જ આકર્ષણ લાગતું હતું વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓ અલૌકીક વાણી બોલતાં હતાં અને ત્યાંની પૃથ્વી વેલીઓથી લપેટાયેલી શોભતી હતી વડતાલપુરના સર્વ પ્રજાજનો નરનારીઓ પ્રગટ પ્રભુના ચરણના આશ્રયવાળાં પ્રેમભાવથી ભજન કરતાં હતાં પ્રભુને આવતા જાણીને જગતપતીની સામે દોડીને સામા આવતા હતા. પ્રભુના ગુણ ગાતા ગતા જતા હતા પ્રભુ પાસે આવી ચરણ કમળનો સ્પર્શ કરી ખુબ જ રાજી થયા ખુબ આનંદ ઉત્સાહવાળા થયા જગતપતિ લોકોના સમુહની સાથે નગરમાં પધારતા હતા, ત્યારે પુરની નરનારી સર્વ મકાન ઉપર જરૂખે ચડીને પ્રભુનાદર્શન કરી આનંદ પામતા હતા અને મુખથી હાસ્ય કરતા થકા નેત્ર લક્ષ્મવાળા કરીને કુમારીકાઓ પ્રથમથી નાથને નીરખીને મનોહર મૂર્તિને જોઈ સ્થીર થઈ જતી હતી હાથમાં સોનાના ફુલ લઈને પ્રભુપર વરસાદ કરતી હતી પ્રેમથી પ્રભુને વધાવતી હતી કેટલીક સ્ત્રીઓ રજત ફુલો લઈ વર્ષા કરતી હતી. પ્રાણનાથ પ્રભુ સંતોની સાથે વડતાલપુરમાં પ્રવેશ કરતા હતા ત્યારે પુરની પ્રેમભરપુર સ્ત્રીઓ ભક્તજનોને પોતાના આશ્રિત જાણીને સુખ આપવા પધાર્યા.શ્રી હરિ વડતાલપુરમાં બાપુભાઈના ઘરમાં નિવાસ કરાવીને રાખતા હતા. પ્રભુ મોડી રાત સુધી ભક્તોને ઉપદેશની વાતો કરી ભવસાગરની ભીંડને હરતા હતા પ્રભુની વાર્તા સાંભળીને સર્વે નરનારીજનો મનમાં ખુબ જ આનંદ વ્યાપ્ત થઈ જતા હતા. ઘનશ્યામ સુખધામ પ્રભુના દર્શન કરી ખુબ સુખ પામ્યા શ્રી હરિ લોકોના દુઃખોને હરીએ સુખ આપ્યાં સર્વનું મંગળ કરવા પ્રભુ પોઢી ગયા પ્રભુ ત્રણ ઘડી સુધી પોઢતા હતા.

(શ્રીહરિલીલાસિંધુ : રત્ન-૮, તરંગ-૯)

સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ વર્ણી અર્ધ ભુજંગી છંદમાં ભગવાન શ્રીહરિની વડતાલ પધરામણીને અદ્‌ભુત રીતે વર્ણવી છે. કોઈ સ્થળ વિશેષના આવાં વર્ણન સંપ્રદાયના સાહિત્યની એક કલગી સમાન છે :

પ્રભુ જક્તપાલં, પધારે વ્રતાલં, સબે સંતસાથં, સુનાથં અનાથં ।। ૦૭
લતાપૂજં તાલં, સમીપે વિશાલં, તરુમાર તીરા, લસે સ્વચ્છ નીરા ।। ૦૮
નહિ પક લેશા, વિરાજે વિશેષા, જલસુત જાનું, ફૂલે પેખ ભાનું ।। ૦૯
ચહુકોર ચારુ, વિરાજે વિચારુ, અતિસે સુપાનાં, લખી મંન માના ।। ૧૦
તરુજૂક્ત તાલં, લખીકે વ્રતાલં, ભયે મંન મારી, સુ રાજી મુરારી ।। ૧૧
મગં રાજ રાજે, છબી છેક છાજે, વિશાલં વિરાજે, નિકેતં સમાજે ।। ૧૨
નરંજૂતનારી, જનુ દેહધારી, મનોભૂત મામા, લખે સુખધામા ।। ૧૩
સબે પ્રેમવંતા, ભજે ભાવવંતા, અયે દેવદેવા, સબે કાજ સેવા ।। ૧૪

સર્વ જગતનું પાલન કરનારા મહાપ્રભુ શ્રીહરિ વડતાલ ધામે પધાર્યા એમની સાથે સંતો પણ હતા અનાથને સનાથ કરવા પધાર્યા હતા. ગામની નજીકમાં તળાવની પાસે જ વૃક્ષો અતિ ભારથી શોભતા હતાં. છોડવાઓ વેલીઓની ઘટાઓ શોભતી હતી. એનું જળ સ્વચ્છ હતું. તળાવમાં લગારે કાદવ ન હતો એટલે શોભતું હતું. અનેક પ્રકારના જે કમળ તે સૂર્યનારાયણને જોઈને ખીલી ઉઠે છે તે કમળો ચારે બાજુ ખીલેલાં શોભે છે આવી રીતની શોભા જોઈને મનમાં અતિ આનંદ થતો હતો. વૃક્ષોથી શોભતું તળાવની બાજુમાં વચમાં વૃતાલયધામને જોઈને મુરારી પ્રભુનું મન અતિ રાજી થઈ ગયું માર્ગમાં પ્રભુ શોભતા હતા પ્રભુની છબી સુંદર લાગતી હતી ભકતોના વિશાળ ઘરોમાં વિરાજમાન થતા હતા. ત્યારે ગામનાં નરનારીજનો મનને દૃઢ કરીને સુખધામી પ્રભુનાં દર્શન કરતાં હતાં. બધાજ પ્રેમ ભાવવાળાં થઈને ભજન કરતાં હતાં અને પ્રેમથી સેવા પરિચર્ચા કરતાં હતાં. ભગવાન શ્રીહરિ વડતાલની શોભાને જોઈને રાજી થયા અને પુરના લોકો પ્રેમથી આવતાં હતાં. તેઓ સર્વે પોતપોતાના સમાજના આગેવાનોની સાથે આવ્યાં. મહારાજનાં દર્શન કરીને પ્રભુની પાસે ભેટ ધરતાં હતાં. સાથે પ્રભુને પુરમાં પ્રેમથી લાવતાં હતાં. વાજિંત્રો વગાડીને ઉત્સવ કરીને આનંદ ઉલ્લાસથી લાવ્યાં. જોબનપગીના ઘરની મેડી ઉપર મહારાજનો ઉતારો કરાવ્યો સુંદર રસદાર રસોઈ બનાવીને જન સમાજની સાથે પ્રભુ થાળ જમ્યા.ત્યારે દેશો દેશના સંઘો પણ પ્રભુનાં દર્શન કરવા આવતાં હતાં. આવી રીતે પ્રસિધ્ધ વડતાલ ધામમાં પ્રભુ વિરાજતા હતા તેથી શોભા વધતી હતી. પ્રભુએ ભકતજનોનાં મનને આનંદથી ભરી દીધાં. ત્યાર પછી સર્વસંતોને વિદાય થવાનું કહ્યું અને દેશોદેળમાં ફરવા જવાનું કહ્યું અને ભણનારા સંતોને રહેવાનું કહ્યું વડતાલમાં નિત્યાનંદ સ્વામી પાસે ભણવા માટે રાખ્યા, પ્રભુ વિરાજતા હતા તેથી શોભા વધતી હતી આશ્રિતજનોને દર્શન દેતા હતા અને ભવસાગરના ત્રાસને હરીને સુખ દેતા હતાં. મહાપ્રભુ કેટલાક દિવસ ત્યાં રહેતા હતા કૃપાળુ ભકતજનોના ભવદુઃખ દૂર કરીને સુખ આપ્યાં. (શ્રીહરિલીલાસિંધુ : રત્ન-૧૦, તરંગ-૩)

સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ વર્ણી સ્વામી આગળ લખે છે.

જોબનપગી આદિ હરિજન કા, સનમુખ આવત મુદભરમનવા ।। ૧૪
ભેરી ભુંગલ ભાવભર, ત્રાસા ઢોલ પખાજ । તાલ બજાવત તાન દે, ગાન કરત નભગાજ ।। ૧૫
ગુન ગાવત ગજ ગામિની, દામનિસમ છબીદેહ । શામની ગાવત શામ ગુન, નૌતમ ઉરધર નેહ ।। ૧૬
ભેટ ગ્રહી કર ભામનિ, કામની પૂરનકામ । જામનિ પતિ સમ બદન વર, ધરત ભેટ સુખધામ ।। ૧૭
હોત ભડાકા હેતસે, કરત શસ્ત્ર ધર કોટ । દોટ સુ દેત નિશાન પર, યું આવત ચલીચોટ ।। ૧૮
નરનારી છબી નેનભર, નિરખત નવધનનાથ । પાવન કરી પુર પ્રેમસે, ગાત જાત ગુનનાથ ।। ૧૯
નિજ ઉતારે નિરદસમ, શામ બાન સુખધામ । આય ગામ મહીં ગાત ગુન, પ્રીતમ પૂરનકામ ।। ૨૦
આસન ડાસન દાસ દીન્હ, કિન શામ સનમાન । ભાન ભૂલ નરભામની, માલી શ્રીભગવાન ।। ૨૧
જોબન પગીકી મેડી પર, રાજત જનમનરંજ । ભોજન જીમત ભાવભર, ભયહારી દુખ ભંજ ।। ૨૨

શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે જોબન પગી આદિક ભક્તજનો આનંદ પામતા થકા સામા આવતા હતા. મહાપ્રભુને વધાવવા ભેરી, ભુંગળો, ત્રાસા, ઢોલ, પખવાજ આદિના તાલ વગાડતાં તાનપૂર્વક વાતાવરણને ગજાવતાં હતાં. ગામની સ્ત્રીઓ મહાપ્રભુનાં કીર્તનોનું ગાન હતી. એમની છબી દામીની જેવી લાગતી હતી. ઘનશ્યામ પ્રભુના મનોહર સ્વરૂપને પોતાના હૃદયમાં ધારતી થકી પ્રેમ ગાતી હતી. પોતાની સાથે લાવેલ ભેટને શ્રીહરિને અર્પણ કરીને પોતાને પૂર્ણ કામ પણે માનતી હતી. વિવિધ ભેટ અર્પણ કરીને સુખના ધામ પ્રભુને રાજી કરતી હતી. એ પછી ગામના શૂરવીરો પ્રભુના આગમનને વધાવવા, એમનું સન્માન કરવા બંદૂકોનાં ભડાકા કરતા હતા. પોતાનાં હથિયારોને પોતાની કમર ઉપર ધારીને નિશાન ઉપર તાકીને દોટ દેતા હતાં. આમ મહાપ્રભુને સન્માનતા થકા ચાલ્યા આવતા હતા. ભક્તજનો દર્શન કરીને પ્રભુના સ્વરૂપમાં પોતાના દેહનું ભાન ભૂલી જતાં હતાં. આવા પ્રભુને ઉતારે લાવીને, સુંદર આસન પર બેસારીને ખૂબ જ સન્માન કરતાં હતાં. જોબન પગીની મેડી પર પ્રભુ બિરાજતા. અહીં ગામજનો પોતાના ભાવથી બનાવેલ થાળ શ્રીહરિને અર્પણ કરતા જે શ્રીહરિ પ્રેમથી જમતા.

(શ્રીહરિલીલાસિંધુ : રત્ન-૧૦, તરંગ-૩૨)

વળી, સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ વર્ણી સ્વામી આગળ લખે છે :

વડતાલધામની શોભા બહુ જ સુંદર રીતે શોભતી હતી. ગામના તળાવની પાળ ઉપર બહુ જ સુંદર જાતજાતનાં વૃક્ષો વેલીઓ ફૂલોથી ભરેલાં શોભતાં હતાં. વડતાલમાં બારેમાસ વસંતઋતુઓ શોભતી જ રહે છે. વડતાલની ચારેબાજુ ચારે દિશામાં ખૂબ જ ઘાટાં વૃક્ષો સારી રીતે શોભતાં રહેલાં છે. તે વૃક્ષો ઉપર પક્ષીગણ કલરવ કરતાં કીકીયારી કરે છે. ત્યાં શીતળ શાંત પવન વાતો હતો. પક્ષી સમુદાય કોલાહલ કરતાં હતાં. આંબા, કદમ, દાડમ, આસોપાલવ, અરણી, અશોકવૃક્ષ, રાયણ આદિક વૃક્ષો જોઈને. તે વૃક્ષો ઉપર વેલવેલી વીશાળ શોભતી હતી. જાણે કે જીવ માયાની સાથે લેપ થયો ન હોય ? મોહમાં ન બંધાયાં હોય ? તેમ લાગતાં હતાં. તે વૃક્ષો ઉપર નવાં પાંદડા આવેલાં હતાં. જાણે કે નવું જ્ઞાન સાંભળીને આનંદમાં આવેલાં ન હોય ? તેમ. તળાવની પાળ બહુ મોટી હતી. તેની ઉપર મોટાં વૃક્ષો સુંદર રીતે મનને હરતાં હતાં. તેની ઉપર પોપટ, મેના, મોર, કોયલ, ચકોર પક્ષીઓ બહુ જ કિલ્લોલ કરતાં શોભતાં હતાં. તે તળાવમાં આજુબાજુ અનેક કૂવાઓ હતા. પાણીથી ભરેલા સારા ઘાટથી સુંદર રીતે શોભતાં હતાં. જળકુકર આદિક જલચરો રહેતાં હતાં. તળાવમાં કાદવ લગારે ન હતો. આવી રીતની મનોહર શોભાથી શોભતું વડતાલપુર રહેલું છે. જાણે કે દેવનીપુરી અમરાવતી ન હોય ? તેમ શોભતી હતી. દેવસમાન સૌ નરનારીજનો તથા ઘરો પણ સુંદર રીતે શોભતાં હતાં.

(શ્રીહરિલીલાસિંધુ : રત્ન-૧૩, તરંગ-૨૦)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ વડતાલ ગામમાં ભગવાન શ્રીહરિ પધરતા ત્યારે હરિભક્તોના ઉત્સાહ-ઉમંગ-આનંદનું વર્ણન કરતાં લખે છે :

વરતાલે વાલમ આવિયા, હરિજનને કર્યું જાણ; નરનારી એમ ચાલિયાં, જેમ નદી મળવા મેરાણ...૧૫
બાળ વૃદ્ધ બેસી વાહને, આવ્યાં દર્શન કારણે; પ્રભુ પધાર્યા સાંભળી, કોઈ રહ્યું નહિ ઘરબારણે...૧૬
સંત સર્વે તેડાવિયા, આવિયા મુનિજન મંડળી; નાથ નીરખી હૈયે હરખી, લાગ્યા પાયે લળી લળી...૧૭
સતસંગી સર્વે મળ્યા, નરનારી નિરમળ છે ઘણાં; પુરુષનો નહિ પાર ગણતાં, મળ્યાં યૂથ યુવતી તણાં...૧૮
તેણે દર્શન કરી હરિનાં, પ્રેમે લાગિયા પાય; ભલે પધાર્યા ભાગ્ય મોટાં, આજ કહ્યાં નવ્ય જાય...૧૯

સર્વે જનને સુખી કીધાં, દીધાં દરશન દાન; અમે તમારે તમે અમારે, એમ બોલિયા ભગવાન...૨૦

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૬૬)

વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ; સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૪/૧૫)

ત્યાંથી વાલો આવ્યા વરતાલ, નીર્ખી જન થયા છે નિહાલ; જન જોઈ પામ્યા છે આનંદ, જય જય બોલે જનવૃંદ...૦૭
દિયે દર્શન પ્રસન્ન નાથ, નીર્ખી સુખ લિયે સહુ સાથ; હરિ હસી જોયું સહુ સામું, પૂરી જનના મનની હામું...૦૮
જન જોડી ઊભાં સહુ હાથ, આપો આગન્યા અમને નાથ; કરાવિયે રસોઈ તમ કાજ, જમો મહેર કરીને મહારાજ...૦૯
હરિએ ભાવ ભગતનો જોઈ, કહ્યું કરો ઉત્તમ રસોઈ; પછી જને ભોજન બનાવ્યાં, જમ્યા જીવન તે મન ભાવ્યાં...૧૦
પછી વસન ભૂષણ પહેરાવી, કરી આરતી તે મન ભાવી; પછી જન લાગ્યાં સહુ પાય, રહેજ્યો નાથજી અંતર માંય...૧૧
અમે છીએ નાથજી તમારાં, સગાં સંબંધી સહુ અમારાં; તેને કહે છે હસી જીવન, સારું કરજ્યો સહુ ભજન...૧૨

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૪)

એમ લાવો લીયે સહુ જન, પ્રભુ છે સહુ પર પ્રસન્ન; પછી એમ બોલ્યા અવિનાશી, સુણો સતસંગી મુનિ સંન્યાસી...૧૫
જુવો રાધાકૃષ્ણની મૂરતિ, અમારી પણ શોભે છે અતિ; તેમ નારાયણ લક્ષ્મીપતિ, સારાં શોભે છે ધર્મ ભગતિ...૧૬
થયો જે દિથી એહનો સ્થાપ, થયાં તે દિથી સહુ નિષ્પાપ; એમ વાત કરે છે મહારાજ, સુણે સત્સંગી મુનિરાજ...૧૭
સાંભળી જન હરખ્યાં અપાર, જય જય બોલે નરનાર્ય; તે દિ વ્રત હતું એકાદશી, પૂરી દીપમાળા તેહ નિશિ...૧૮

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૪)

વડતાલમાં ભગવાન શ્રીહરિ પધારે ત્યારે વડતાલ ગામના હરિભક્તોને થતાં આનંદનું વર્ણન કવિ દલપતરામે પણ 'શ્રી પુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથમાં કર્યું છે :

વરતાલે સંધ્યા સમૈ, આયે શ્રીઅવિનાશ; તબ હરખે નિજ હીય મેં, દર્શન કરિકે દાસ.
હાથ જોરિ હરિજન ઉચ્ચારે, કૃપાનાથ તુમ ભલે પધારે; બહુ દિન કી દર્શન કી પ્યાસા, આજ મિટી નિરખી અવિનાશા.

આમ વિચરણ કરતાં કરતાં પ્રગટ પ્રભુજી સંધ્યા સમયે વડતાલ પધાર્યા. ત્યારે શ્રીહરિનાં દર્શન કરીને વડતાલના સહુ ભક્તો પોતાનાં ઉરમાં આનંદ પામ્યા. પછી તે સહુ હરિભક્તો હાથ જોડીને કહેવા લાગ્યા, "હે કૃપાનાથ ! તમે ભલે પધાર્યા. હે અવિનાશી પ્રભુ ! અમારી ઘણા દિવસની આપનાં દર્શનની પ્યાસ આજે આપને નીરખીને શાંત થઈ."

(શ્રી પુરુષોત્તમ ચરિત્ર : અધ્યાય-૯૦, ૬-૭)

વડતાલના હરિભક્તો ભગવાન શ્રીહરિનું કેવા ભાવથી સ્વાગત કરે તે વાત સદ્‌ગુરુ પ્રસાદાનંદ સ્વામીએ વર્ણવી છે : 'પછી વડતાલમાં મહારાજ પધારે છે તે વાત સાંભળીને સંત બ્રહ્મચારી ને હરિભક્તો સામૈયું લઈ આવ્યા અને લાકડી પડે તેમ દંડવત કરવા લાગ્યા.'

(સદ્‌ગુરુ શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો, પેજ નં. ૧૨૬)

ભગવાન શ્રીહરિ પધારે ત્યારે વડતાલ ગામના હરિભક્તોને થતાં આનંદનું વર્ણન કરતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે :

બાપુજી નામે એક હરિભક્તે હાથ જોડીને શ્રીહરિને વડતાલ ગામમાં પધરાવ્યા. વિવિધ પ્રકારના જે વાજિંત્રો વાગતાં હતાં તેનો ધ્વનિ ઘણો જ થઈ રહ્યો હતો. વડતાલને અત્યંત શણગાર્યું હતું. તેની શોભા વર્ણવી શકાતી નથી. પૃથ્વી ઉપર તો અનેક ધામ છે પણ તે બધા વડતાલરૂપી સૂર્યની આગળ દીવા જેવા કહેવાય. વડતાલના પૂર્વ દરવાજાની સમીપે એક નિર્મળ જળથી ભરેલું સરોવર છે. તે સરોવરની પાળની ચારે બાજુ વિવિધ પ્રકારના અનેક વૃક્ષ હતા. તે બહુ સારા લાગતા હતા. તે વૃક્ષોના ઉપર ઘણી જાતના પંખીઓ રહેતાં હતાં. તે પક્ષીઓ જાતજાતના શબ્દો બોલતા હતા. તે વૃક્ષોના ઉપર જે વાનર બેઠા હતા તે પોતાની જાતિના શબ્દોથી તે વૃક્ષોને ગજવી દેતા હતા. શ્રીહરિને દેખીને તો તે વાનરો ખુશ ખુશાલ થઈ ગયા. તે એટલું બધું નાચવા કૂદવા લાગ્યા કે તે કહી શકાતું નથી. તેમને શ્રીહરિને રિઝવવાનું જ તાન હતું, માનો ફરી આવો અવસર ક્યારે આવશે ?

શ્રીહરિનાં દર્શન સારી રીતે કરી શકાય એવા ભાવથી કેટલાક મનુષ્યો પણ તે ઝાડ ઉપર ચડી-ભરાઈ બેઠા હતા. સહુ શ્રીહરિને આદરભાવથી હાથ જોડીને મસ્તક નમાવતા હતા. સહુને શ્રીહરિના ઉપર બહુ ભારે હેત હતું તેથી બધા ગામથી બહાર આવી ગયા

હતા. શ્રીહરિ જ્યારે ગામના દરવાજાની સમીપે આવ્યા હતા ત્યારે તેની શોભા ઘણી રીતે સજાવી હતી. જેટલા રાજમાર્ગો (બજારો) કહેવાતા તે બધાને વિચિત્ર રીતે શણગાર્યા હતા. બજારોને કાંઠે જેટલી દુકાનો અને મકાનો હતા, તેના બધા દરવાજાઓને વિચિત્ર રીતે સજાવ્યા હતા અને મોતીનાં તોરણ ત્યાં બાંધી દીધાં હતાં. બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતાં અને બિલોરી ઝાડ તો પાર વગરના બાંધ્યાં હતાં. પ્રત્યેક દરવાજા આગળ સુશોભિત સુવર્ણ કુંભ સ્થાપન કર્યા હતાં. મકાનોના જેટલા માળ હતા તે બધામાં દર્શનાર્થી લોકો ભીડમાં ઊભા હતા.

જે પુરુષો હતા તેમણે સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા અને સ્ત્રીઓ મોતીના થાળ હાથમાં લઈને રાહ દેખતી ઊભી હતી. શ્રીહરિ બજારમાં આવ્યા. અપાર સવારી શોભતી હતી. તે વેળાએ ડંકા અને જરિયાની નિશાન આગળ આગળ ચાલતાં હતાં. જેટલા વાજિંત્રો હતાં તે બધા સવારીમાં આગળ વાગતાં હતાં. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની આગળના ભાગમાં ચાલતા હતા. શ્રીહરિની આગળ જે પાર્ષદો હતા તે બધા બંદૂકોને ફોડતા હતા. ચોપદાર છડી બોલતા હતા. તેની શોભા પણ અનેરી બની હતી.

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વને પણ બધા સોનેરી શણગારોથી શોભાડ્યો હતો. અશ્વના ઉપર જેટલા સોનાનાં ઘરેણાં હતાં તે વર્ણવી શકાતા નથી. બધા જ અશ્વના માથા ઉપર કલગી હતી. બધાના પગમાં ઝાંઝર પહેરાવ્યા હતા. તે ઠમકતા પગમાં રહેલા ઝાંઝરના ઘમઘમાટથી વાતાવરણ અદ્‌ભુત બની ગયું હતું. બધા દરબારોએ પણ પોતાના શરીર ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. અને તેવા જ ઘરેણાં મહારાજાધિરાજ શ્રીહરિએ પહેર્યા હતાં. શ્રીહરિની મૂર્તિનો રંગ તો કાંઈક ઓર જ હતો. જો કોઈ તે મૂર્તિને ચિંતવે તો તુરંત તેનું ચિત્ત ચોરાઈ જાતું હતું. શ્રીહરિએ પોતાનાં સ્વરૂપ ઉપર જે વસ્ત્રાભૂષણ ધાર્યાં હતાં તે લોકોના મનને ખેંચી લેતાં હતાં. જે કોઈ પણ નરનારી, તે મૂર્તિને એકવાર પણ દેખે તો મૂર્તિ ચિત્તમાં ચોંટી જાતી હતી. જે ક્યારેય બહાર નીકળતી નહિ.

તે મૂર્તિમાં કાંઈ એવો પ્રતાપ રહ્યો હતો કે તે જડને પણ ચેતન કરી દેતી હતી. જે મનુષ્યને ક્યાંય હેત ન થાતું હોય તેવાને પણ મૂર્તિ હેત-પ્રીત કરાવી દેતી હતી. શ્રીહરિનાં મસ્તક ઉપર અમૂલ્ય છત્ર હતું કે જેની તુલના કોઈની સાથે થઈ શકતી નહિ. બંને પડખે બે ચામર મસ્તકના ઉપર ઢળી રહ્યાં હતાં. શ્રીહરિનું મુખારવિંદ એટલું શોભતું હતું કે કરોડો સૂર્ય ચંદ્ર તેમાં લોભાઈ જાતા હતા. શ્રીહરિનાં મુખમાં શીતળતા એટલી હતી કે કરોડો ચંદ્રની શીતળતા પણ તેની સમાનતા કરી શકતી નથી. તેમનાં હરેક અંગમાં એટલો બધો પ્રકાશ હતો કે તેની આગળ કરોડો સૂર્યનું તેજ અલ્પ દેખાતું હતું. દર્શન કરનાર મનુષ્યની પાત્રતા પ્રમાણે તેવાં દર્શન થાતાં હતાં.

શ્રીહરિ બજારમાં આવતા હતા ત્યારે બધા જ પુરુષો અત્યંત સ્નેહભાવથી તેમને ફૂલહાર પહેરાવતા હતા. ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને ઘણા જ સ્નેહભાવથી રસભર્યા વચન બોલીને શ્રીહરિને વધાવતી હતી. તે બોલતી હતી કે, આ વડતાલ ધામ આપનું જ છે. તે આપના પધારવાથી ઘણું શોભી રહ્યું છે. હરિભક્તોને સુખ આપનારું આવું બીજું કોઈ ધામ નથી. દેશદેશના હરિભક્તો જ્યારે અહીં વડતાલ આવે છે ત્યારે તેમનાં મન દર્શન કરીને અત્યંત પ્રસન્ન થાય છે અને આ ગામના લોકો પણ તે ભક્તોનાં દર્શન કરીને પ્રસન્ન થાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૮)

❁ વડતાલના આદ્ય આશ્રિત સત્સંગી શ્રી બાપુભાઈ પટેલ

બાપુભાઈ પટેલ વડતાલના મોભાદાર ગૃહસ્થ હતા. તેમનું મૂળ નામ કુબેરદાસ હતું. તેમને આઠ પુત્રો હતા - રણછોડભાઈ, બેચરદાસ, દાજીભાઈ, કાનદાસ, ભાઈજીભાઈ, રાઈજીભાઈ, વ્રજભાઈ, મૂળજીભાઈ.


આઠ તનુજ બાપુભાઈને, સેવે શ્રીજીને મળી સૌ સાથ; ભલા તે આઠે ભાઈનાં, કહું નામ સુણો નરનાથ.
દાસ રણછોડ બેચરદાસ, દાજીભાઈ તથા કાનદાસ; ભાઈજી રાઈજી વ્રજભાઈ, મૂળજી પણ ત્યાં આવે ધાઈ.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯/૩૬-૩૭)

એકવખત એક સંન્યાસી ફરતાં ફરતાં વડતાલ આવ્યા. હાલ જ્યાં લક્ષ્મીનારાયણ દેવનું મંદિર છે ત્યાં તંબુ આકારની સરસ મજાની બોરડી હતી, ત્યાં તેઓ ઊતર્યા. બાપુભાઈએ તેમને જોયા અને વિનંતી કરીને પોતાને ઘરે લઈ આવ્યા. આ સંન્યાસી પવિત્ર બ્રાહ્મણને ઘરે જઈને ભિક્ષા માગી લાવતા અને જમતા. બોરડીતળે જઈને સભા કરતા. પ્રભુનું ભજન કરતા. રાત્રે સૌ ભેગા થાય ત્યારે તેમને વાતો કરતા.

એક વાર અંધ ભગવાનદાસને આ સંન્યાસીએ દેખતા કર્યા. તેથી તેમનો મહિમા વધ્યો ને પ્રભુની પેઠે પૂજાવા લાગ્યા. બાપુભાઈ અને એમના પુત્ર રણછોડદાસે આ સંન્યાસીની ખૂબ ભાવથી સેવા કરી. આથી પ્રસન્ન થઈને સંન્યાસીએ બાપુભાઈને કંઈક વરદાન

માંગવા કહ્યું, ત્યારે ભક્તહૃદયી બાપુભાઈ કહે : ''મહારાજ ! અમારે નાશવંત એવું માયિક સુખ નથી જોઈતું. અમને ભગવાનની પ્રાપ્તિ કરાવો !



એટલે સંન્યાસી કહે : ''અનંત કોટિ બ્રહ્માંડના આધાર એવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પ્રગટ થયા છે. આજ સોરઠ દેશમાં તેઓ વિચરે છે. થોડા સમયમાં બોચાસણ ગામે આવશે, ત્યાં તમે દર્શન કરવા જજો.''

''તે ભગવાનને અમારે કેવી રીતે ઓળખવા ?''

''તેમનાં બંને ચરણારવિંદમાં સોળ ચિહ્ન તમને દેખાય તો તેમને તમે ભગવાન જાણજો.''

બીજે દિવસે વહેલી સવારે સંન્યાસી ત્યાંથી ચાલી નીસર્યા હતા.

થોડા માસ પછી બાપુભાઈને સમાચાર મળ્યા કે બોચાસણમાં ભગવાન પધાર્યા છે. આથી પિતા-પુત્ર બંને ભગવાન શ્રીહરિનાં દર્શને બોચાસણ ગયા. કાશીદાસે ભગવાન શ્રીહરિને તેમની ઓળખાણ કરાવી. શ્રીહરિએ તે બંનેને માથે હાથ મૂક્યા.

બાપુભાઈએ શ્રીહરિનો ચરણસ્પર્શ કરવા હાથ લાંબો કર્યો એટલે શ્રીહરિએ પોતાનાં બંને ચરણ પ્રસાર્યા, બાપુભાઈએ બંને ચરણમાં સોળ ચિહ્નો જોયાં. તેમને પ્રતીતિ થઈ કે નિશ્ચય આ ભગવાન છે.

થોડી વારે મુકુંદાનંદ વર્ણી ભગવાન શ્રીહરિ માટે થાળ લાવ્યા. શ્રીહરિ જમવા બિરાજમાન થયા.. બાપુભાઈ તથા તેમના પુત્ર રકાછોડદાસ પણ સામે બેઠા, શ્રીહરિ થાળ જમતા જાય અને સ્વાદુ પ્રસાદી આ બંને પિતા પુત્રને આપતા જાય.

શ્રીહરિની કૃપાદ્રષ્ટિ તેમના ઉપર પડી ગઈ. તેથી તે બંનેને તરત જ સમાધિ થઈ. સમાધિમાં તેમણે દિવ્ય અક્ષરધામના દર્શન થયાં. દિવ્ય સિંહાસન ઉપર આ જ શ્રીહરિને બિરાજેલા જોયા. અનંત કોટિ અક્ષરમુક્તોને શ્રીહરિની સેવામાં તેમણે જોયા. મોટા મોટા દેવોને પણ જે સ્વરૂપની ઝાંખી ન થાય તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનાં તેમને સહજમાં દર્શન થયાં. ધામની મૂર્તિ અને મનુષ્યમૂર્તિની એકતા જોઈ તેઓ કૃતકૃત્ય થઈ ગયા ! આંખોમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. થોડી વારે સમાધિમાંથી તેઓ જાગ્યા. શ્રીહરિની દિવ્યતા, પરપણું નિહાળી તેઓ અવાક્ બની ગયા !

શ્રીહરિ તેમની સામું જોઈ હસ્યા. સ્વસ્થ થયા પાછી બાપુભાઈ ઊઠીને શ્રીહરિના ચરણમાં પડી ગયા. વડતાલ પધારવા નિમંત્રણ આપ્યું.

શ્રીહરિએ કહ્યું : ''જાઓ, અમે આવતી કાલે વડતાલ આવીશું.''

શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું તેથી બાપુભાઈ અત્યંત રાજી થયા.

બીજે દિવસે શ્રીતરિ વડતાલ પધાર્યા. બાપુભાઈને મેડે ઉતારો કર્યો. શ્રીહરિએ ત્યાં ઉપદેશની કેટલીક વાતો કરી. કેટલાક ભક્તોને સમાધિ પણ કરાવી. શ્રીહરિનો અલૌકિક પ્રતાપ અને અષ્ટાંગયોગની સાધના વિના પણ સમાધિની સ્થિતિ કરાવતા જોઈ ત્યાં સૌને શ્રીહરિનો અપાર મહિમા સમજાયો,

તેથી 'શ્રીહરિ ભગવાન છે, બહુ જ પ્રતાપ બતાવે છે' - એવી વહેતી થયેલી વાતોથી, વડતાલમાં રહેતો જોબન પગી અકળાયો. તેને થયું કે આ ભગવાન પાસે પાણીદાર ઘોડો છે તે જ ઉપાડવો જોઈએ. જોઈએ કેવું ભગવાનપણું દેખાડે છે ?

અર્ધી રાત્રે જોબન ઊઠ્યો અને બાપુભાઈને ઘરે પહોંચ્યો. ધીરે રહીને તેણે ખંડકીનું કમાડ ઠેલ્યું. ફળિયામાં જ ચૂતેલા રાઈજીભાઈ અવાજ સાંભળતાં એકદમ જાગી ગયા. પાંગત્યે જ તલવાર હતી તે લઈને એ એકદમ કૂદ્યા. અંધારામાં કોણ છે તે તેને ન ઓળખાયું પણ જોબન તેમના હાથમાં ચળકતી તલવાર જોઈ દૂર ખસી ગયો. રાઈજીભાઈએ પૂછ્યું : ''કોણ છો ?''

તેણે કહ્યું : ''કાળી રાતે જોબન સિવાય બીજો કોઈ તમારે ત્યાં હોય ?''

રાઈજીભાઈ ચમક્યા. તેમણે જોબનને કહ્યું : ''અમારી છેડતી કરો છો પણ તે ભારે પડી જશે.''

જોબને કહ્યું : ''મોટા ! તમે તો ઘરના કહેવાવ, તમારી છેડતી કરવી એ અમારો ધરમ નથી, પણ તમારે ત્યાં જે ભગવાન આવ્યા

છે ને ! તેનો રોઝો ઘોડો જરૂર પડાવવો છે. આજે તો તમે જાગી ગયા છો પણ એ ગમે ત્યાં હશે ત્યાંથી હું એ ઘોડો લીધા સિવાય છોડવાનો નથી.''

એટલામાં દીવા થયા. જોબન હજુ પણ સ્થિર ઊભો હતો.

બાપુભાઈ પણ ત્યાં આવી ગયા. તેમણે જોબનને જોયો. તેમનું પાટીદારી ખમીર ઊછળ્યું, છલાંગ મારીને તે જોબનને પકડવા ગયા. જોબન એક ડગલું પણ ન ખસ્યો. તેણે કહ્યું : ''મોટા ! તમે મને ઓળખો છો. આ રીતે તો તમે નહીં ફાવો અને મારે પણ તમારી આમન્યા રાખવી પડે.''

બાપુભાઈએ તેનું માથું જોરથી પકડયું, ખૂબ હલાવ્યું અને કહ્યું : ''આવા પાપી જ રહેવું છે કે જન્મારો સુધારવો છે ?''

''જન્મારો તો તમારા ભગવાનનો ઘોડો મળશે ને એટલે સુધરી જ જશે. મોટા ! તમને તો પાયે પડે છું પણ તમારા ભગવાનને કદી હું છોડવાનો નથી.''

ભગવાન શ્રીહરિ આ અવાજથી જાગી ગયા. મહારાજે આ શબ્દો સાંભળ્યા અને મેડીની બારી પાસે આવીને કહ્યું : ''બાપુભાઈ! જોબનને કહેજો કે અમે પણ તેને છોડવાના નથી.''

જોબને આ શબ્દો સાંભળ્યા - ન સાંભળ્યા અને ત્યાંથી નીકળી ગયો. શ્રીહરિ વડતાલમાં ત્રણ દિવસ રહ્યા, નીકળતી વખતે બદરીવૃક્ષ નીચે બિરાજમાન થયા. બાપુભાઈએ પૂછયું : ''પ્રભુ ! આ સ્થાન આપને કેમ આટલું પ્રિય થઈ ગયું ?''

શ્રીહરિ કહે : ''પૂર્વે આ હિડંબા વન હતું. નારદજીના વચને ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીએ આ બદરીતળે તપ કર્યું હતું. તે તપથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું. ત્યારે લક્ષ્મીએ અહીં મંદિર થાય તેવું માગ્યું હતું. વિષ્ણુએ પણ 'તથાસ્તુ' કહ્યું હતું.

બાપુભાઈ પોતાની ભૂમિનો આવો મહિમા સાંભળી ખૂબ રાજી થયા.

❁ બાપુભાઈના ઘેરે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનો પ્રથમ ઉતારો થયો :

વડતાલની પ્રથમ મુલાકાત બાદ ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને વડતાલ જઈ સત્સંગ પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું. મુક્તાનંદ સ્વામી સંત મંડળ સહિત વડતાલ પધાર્યા. આ સૌ સંતોને બાપુભાઈએ પોતાના ઘરે ઉતારો આપ્યો.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ આ વાત 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં વર્ણવી છે :

વરતાલમાં જે થઈ વાત, મુક્તાનંદને કહી સાક્ષાત; વળી બોલ્યા જે તતપર થાઓ, વરતાલ વિષે તમે જાઓ.
દૈવી જીવ ઘણાક છે ત્યાંય, તે તો આવશે સત્સંગમાંય; કેટલાક અમે સમજાવ્યા, તેથી સત્સંગમાં તેઓ આવ્યા.
તમે જૈને કરો ઉપદેશ, તેથી આવશે અન્ય વિશેષ; અમદાવાદમાં અમે જાશું, પછી કચ્છને મારગે થાશું.
સુણી મુક્તમુનિ તો સિધાવ્યા, લઈ મંડળ વરતાલ આવ્યા; ભક્ત કુબેરદાસને ઘેર, આવી ઉતરિયા રુડીપેર.

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૩૨-૩૫)

❁ બાપુભાઈ જોબનપગીના પરિવર્તનથી રાજી થયા :

ઽભાણ યજ્ઞ પૂર્ણ કરીને બાપુભાઈ ગામના અન્ય સત્સંગીઓ સાથે વડતાલ પધાર્યા ત્યારે ગામમાં ઢોલ વાગતાં હતા. એમણે પૂછપ રછ કરી તો જાણવામાં આવ્યું કે, જોબનપગીની સૂચનાથી ઢોલ વગાડાય છે અને ભગવાન શ્રીહરિની પધરામણીની તૈયારીઓ ચાલે છે. બાપુભાઈ અન્ય ગ્રામજનો સાથે સીધા જોબનપગીના ઘરે પહોંચ્યા. જોયું તો, જોબનપગી તેમના ઘરની પરસાળમાં ઉઘાડે શરીરે પલાંઠી વાળી બેઠા છે અને માળા ફેરવે છે.

બાપુભાઈ સહીત અગ્રણીઓને પોતાના ઘરે પધારેલા જોઈ જોબનપગી માળા કરતાં કરતાં જ ઊભા થયા અને સામા ગયા. એ જોઈ, બાપુભાઈ પટેલ દોડીને ગયા અને જોબનપગીને ભેટીને બોલ્યા : ''ધન્ય છે જોબન! ધન્ય છે તમને.'' જોબન પગીએ નમ્રતાથી કહ્યું : ''બાપુ ! હું તો તમ જેવા હરિભક્તોની ચરણની રજ છું. મારા અહો ભાગ્ય કે આપ સર્વેના સહયોગથી મને ભગવાનનો યોગ થયો.'' જોબનપગીની બદલાયેલી વાણીથી સૌ આશ્ચર્યમાં પડી ગયા. બાપુભાઈ બોલી ઊઠ્યા : ''જોબન અમે તમારું પહેલાનું જીવન અને રહેણીકરણી જોયાં છે.

આજે એ જોબનપગી નથી. ચાર દિવસ પહેલાં તમે સત્સંગી થયા અને એટલામાં તો ભક્તિભાવમાં તમે અમારા બધા કરતાં આગળ નીકળી ગયા.'' બાપુભાઈએ જીવનમાં પહેલી વખત ચોર લૂંટારામાંથી ભક્ત બનેલા જોબન પગીને હાથ જોડીને કહ્યું.

જોબન પગીએ પોતાના સંકલ્પની વાત કરી અને એ સંકલ્પને પૂર્ણ કરવા ભગવાન શ્રીહરિ પોતાના ઘરે મેડીની બારીએ આવી બેઠા ને પ્રસાદી રૂપે રૂમાલ આપી ગયા તે ઐશ્વર્ય વિગતે જણાવ્યું. એ સાંભળી સૌ ધન્ય બની ગયા.

●

સંવત ૧૮૭૨માં ફૂલદોલનો ઉત્સવ ભગવાન શ્રીહરિએ વડતાલમાં કર્યો, તેના પાયામાં બાપુભાઈ તથા જોબનપગી બંને ભક્તોના પરિવાર વગેરે હતા.

જમ્યા પછી ભગવાન શ્રીહરિ થોડી વાર પોઢી ગયા. જ્યારે ઊઠ્યા ત્યારે ઢોલ ને તાસાં વાગતાં સાંભળ્યાં. શ્રીહરિએ પૂછ્યું : "આ કોણ વગાડે છે ?" બાપુભાઈએ કહ્યું : "મહારાજ ! અમદાવાદના ભક્તો આ ઢોલ-તાસાં વગાડનારાને લાવ્યા છે. બધા યવન છે." શ્રીહરિએ તરત જ કહ્યું : "હિંદુ, મુસલમાન એ બધામાં જે આત્મા છે તેને કોઈ નાત-જાત નથી. તે ભક્તિના રંગે રંગાયો હોય તો તેનું કલ્યાણ થઈ જાય." એમ કહીને બોલ્યા : "તેમને અહીં બોલાવો."

બાપુભાઈ તે આઠેય જણાને શ્રીહરિ પાસે લાવ્યા, શ્રીહરિ સન્મુખ આઠેય જણા ઢોલ-તાસાં વગાડવા લાગ્યા. શ્રીહરિ પ્રસન્ન થયા. પછી બોલ્યા : "દિલથી વગાડે છે એટલે તેમનાં અંતર રંગાયા છે." એમ કહીને ઢોલ વગાડનારને પોતે ગળામાં સોનાનો દોરો પહેર્યો હતો તે આપી દીધો. પછી તાસાં વગાડનાર છોકરાને હાથે પહેરેલ બાજુ આપ્યો અને સાથેનાને પણ ભેટ-સોગાદો આપી.

આ ઉત્સવ ઉપર નિષ્કુળાનંદ સ્વામીએ તથા વાસદા સુથારે હિંડોળો બનાવ્યો હતો. બે આંબા વચ્ચે આ હિંડોળો બાંધીને તૈયાર રાખ્યો હતો. શ્રીહરિ તે ઉપર બિરાજમાન થયા. સંતો-હરિભક્તોએ ભગવાન શ્રીહરિને ઝુલાવ્યા, કીર્તન-ભક્તિ કરી, રંગે રમ્યા અને શ્રીહરિની જ્ઞાનની વાતો પણ સાંભળી.

સંવત ૧૮૭૪માં શ્રીહરિએ દીપોત્સવ અન્નકૂટોત્સવ વડતાલમાં ઊજવ્યો ત્યારે ગામોગામથી હરિભક્તો ઊમટ્યા હતા, તે સૌને દર્શન દેવા શ્રીહરિએ ઈચ્છા કરી. શ્રીહરિએ બાપુભાઈને કહ્યું : "ચાલો, સંઘને દર્શન દેવા જઈએ. શું વ્યવસ્થા છે તે પણ જોઈ લઈએ. કોઈને કોઈ ચીજ-વસ્તુ, ખરચી જોઈતાં હોય તો આપીએ."

બાપુભાઈને થયું : "અહો ! મહારાજના અંતરમાં આ બધા હરિભક્તો પ્રત્યે કેવી વત્સલતા છે !" તેમણે નાણાંની થેલી સાથે લીધી. ભગવાન શ્રીહરિ માણકી ઉપર બિરાજ્યા. આખા સંઘમાં ફર્યા. શું વ્યવસ્થા છે તે જોયું.

હરિભક્તો ભગવાન શ્રીહરિને જોઈ 'મહારાજ પધાર્યા, દર્શન કરી લ્યો, ઝટ બહાર આવો' એમ બોલતાં બે હાથ જોડી શ્રીહરિની પાસે આવી જતા. કેટલાક દંડવત કરતા, સ્ત્રીઓ પંચાંગ-પ્રણામ કરી લેતી. શ્રીહરિના દર્શનથી સૌનાં હૈયાં ભર્યાં ભર્યાં થઈ જતાં. આમ, આ ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો.

● ભગવાન શ્રીહરિની પ્રત્યેક આજ્ઞા બાપુભાઈને શિરોમાન્ય હતી :

એ અરસામાં એક વેદાંતાચાર્ય ભગવાન શ્રીહરિ સાથે શાસ્ત્રાર્થ કરવા વડતાલ આવ્યો હતો. શાસ્ત્રાર્થ ગોઠવાયો. બાપુભાઈ તથા અન્ય ભક્તો પણ ત્યાં બેઠા હતા. બાપુભાઈએ કહ્યું : "મહારાજ ! આ કોણ છે ? મોઢા ઉપરથી તો ઘમંડી દેખાય છે."

ભગવાન શ્રીહરિએ બાપુભાઈને શાંત રાખ્યા. શાસ્ત્રાર્થમાં તે વેદાંતાચાર્ય કોઈ રીતે જીતે તેમ લાગતું નહોતું. તેના શરીરે પરસેવો વળી ગયો. સભામાં સૌને આચાર્યની પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો, પરંતુ શ્રીહરિએ વાત એકદમ ફેરવી દીધી. પછી સભા બરખાસ્ત કરી. શ્રીહરિએ વેદાંતાચાર્યને ત્રણ દિવસ રહેવાનું આગ્રહપૂર્વક કહ્યું, પણ તેમને તો હવે આ સ્થાન જ અકારું થઈ પડ્યું.

ભગવાન શ્રીહરિએ બાપુભાઈને બોલાવી કહ્યું : "આ આચાર્યને ત્રણ દિવસ રહેવાનું કહ્યું છે પણ તે વહેલી સવારે નીકળી જશે. માટે આપણે કંઈક પુરસ્કાર આપી સન્માનવા જોઈએ. તમે તેમને બસો રૂપિયા આપી આવજો."

બાપુભાઈ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આવા ઘમંડીનાં વળી સન્માન હોતાં હશે ?" છતાં શ્રીહરિએ આજ્ઞા કરી તેથી તેઓ તેમને બસો રૂપિયા આપી આવ્યા. આમ, બાપુભાઈ પટેલ અને તેમનો પરિવાર શ્રીજી મહારાજનો પડ્યો બોલ ઝીલતા.

● વડતાલ ગામનું સમર્પણ :

ભગવાન શ્રીહરિ સં. ૧૮૭૨માં ધરમપુર કુશળકુંવરબાને દર્શન આપવા ગયા તે પહેલાં વડતાલ ખાતે જોબન પગીના ઘરે એક માસ ગુપ્ત રહ્યા હતા. મહારાજે અજ્ઞાતવાસ પૂર્ણ કર્યાના સમાચાર જાહેર થતાં સંતો-હરિભક્તો દર્શને આવવા લાગ્યા. માગશર માસમાં એક દિવસ સભામાં મહારાજે કહ્યું : "અમને વડતાલ રહેવું ખૂબ ગમે છે પણ અહીં હરિભક્તો સમાતા નથી. સાધુઓને ઉતરવાની સંકડાશ પડે છે. એ ઉગમણે ઓટે આંબલીના વૃક્ષ નીચે ઉતરે છે. અહીં સંકડાશને કારણે સભા પણ ઉગમણે ઓટે આંબલીના વૃક્ષ

નીચે ભરવી પડે છે. વિશાળ જગ્યા હોય તો આ મુશ્કેલી ટાળી જાય.''

આ સભામાં ગામના બધા જ અગ્રણીઓ બેઠા હતા. બધા વતી બાપુભાઈ પટેલે હાથ જોડીને મહારાજને કહ્યું : ''મહારાજ ! ગામમાં ઘણી ખુલ્લી જગ્યા છે. ઘણા વાડાઓ અને ખેતરો ગામને અડીને આવેલા છે. અમે તો આપના ચરણકમળમાં તન, મન, અને ધન સર્વસ્વ સોંપેલું છે. આપની ઈચ્છા એ જ અમારી ઈચ્છા છે. ગામમાંથી જ્યાંથી જમીન જોઈએ, જેટલી જમીન જોઈએ તે આપ પસંદ કરો એટલે અમે એનો લેખ કરી આપીશું.''

ભગવાન શ્રીહરિની ઈચ્છાને પૂર્ણ કરવા, વડતાલ ગામના નરવાદારોએ ગામની બીજી જ્ઞાતિના આગેવાનોની સાક્ષીએ, વડતાલના ગામ તળિયાના વાડાની પોણાચાર વીઘા જમીન શ્રી લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરવા સારું સં. ૧૮૭૨ના ચૈત્ર સુદ ૪ના રોજ શ્રીકૃષ્ણાર્પણ કરી અને તે અંગેનું લખાણ ૧રૂા ના સ્ટેમ્પ પર કરી આપ્યું. આ દસ્તાવેજ પર પા. મુળજી કુબેરજી, પા. ભાઈબા દાદાભાઈ, પા. મેરાભાઈ થોભણજી, પા.નરોતમદાસ વાસણજી, પા. કહાનદાસ કુબેરજી, પા. વહાલાભાઈ દાજી તથા પટેલ સમસ્ત વતી વા.પા. ધોરીભાઈ દાદાભાઈએ સહી કરી અને તેના પર અમીન પા. અજુ કરશનદાસ, મહેતા હીરાલાલ ડાહ્યા, પા. ભાઈજી કાશીદાસ, પા. જીભાઈ કસુજી, ગોસાઈ રામચન્દ્ર ગીર પરસોત્તમદાસ, નડિયાદના નરસિંહ હરજીવન ગુલાબચંદ, પગી જોબન ભાયા, પગી જુસા વેણી, પગી ખોડા અજબા અને પગી વક્તા વસતાએ સાખ આપી. આ જગ્યા પર પાછળથી મંદિર, નારાયણમહેલ, હરિમંડપ,હવેલી તથા સાધુની ધર્મશાળા બંધાઈ. મંદિર કરવા ગામ સમસ્તે જમીન આપી હોય અને ધર્માદા લેખ કરી આપ્યો હોય એવો પ્રસંગ સંપ્રદાયમાં વડતાલ ખાતે પ્રથમ બન્યો.

• સત્સંગ સમર્પિત બાપુભાઈનો પરિવાર :

પાટીદારોમાં કુબેરદાસ અને કિશોરદાસ મુખ્ય સત્સંગી હતા. તેમના પરિવારના જે સત્સંગી થયા હતા, તેમના નામ પણ કહું છું. તેમાં કુબેરદાસને આઠ પુત્ર હતા અને બે પુત્રીઓ હતી. તેમાં મોટા પુત્રનું નામ બેચરદાસ હતું. દાજી અને રાયજી, તે બે તેથી નાના અને સુખી હતા. તે પછીના ભાઈજી, રણછોડદાસ, કહાનદાસ, વ્રજલાલ અને મૂળજી, એ આઠ પુત્ર હતા. મોટીબાઈ અને રૂપબાઈ બે પુત્રીઓ હતી. દસેની માતાનું નામ કહળબાઈ હતું. એ બધા જ સારા સત્સંગી હતા.

તેમાં બેચરદાસના પુત્ર ડુંગરભાઈ થયા અને ડુંગરભાઈના રામદાસ જેઠો અને ગોવિંદજી એ ત્રણ પુત્ર થયા. તે કુબેરદાસના બધા જ પૌત્રો સારા હરિભક્ત થયા. એક એકથી અધિક સત્સંગ અત્યારે પણ રાખે છે. દાજીભાઈને વાલજી નામે એક જ પુત્ર હતો. તેણે પણ સત્સંગની દૃઢ ટેક રાખી હતી. રાયજીભાઈના પુત્ર અજુભાઈ, જોરાભાઈ, જીજીભાઈ, લલ્લુભાઈ અને દાદાભાઈ હતા. ઘણો મોટો પરિવાર હતો. કેટલા નામ લખવા.

જોરાભાઈના પુત્રનું નામ તુલસીદાસ હતું. ભાઈજીના પુત્રના નામ હવે કહું છું. એક હરિભાઈ અને બીજા કૃષ્ણદાસ હતા. હરિભાઈને એક પુત્રી હતી. કૃષ્ણદાસને ઈચ્છાભાઈ અને શંકરભાઈ એ બે પુત્ર હતા. રણછોડદાસ સારા હરિભક્ત હતા તેને એક પુત્ર મીઠાભાઈ હતા. શંકરભાઈ અને હરિદાસ એ મીઠાભાઈના બે પુત્ર હતા. કહાનદાસને દેસાઈભાઈ અને વસ્તાભાઈ, એ બે પુત્ર હતા. વસ્તાભાઈને ભગાભાઈ નામે શુદ્ધમનવાળો એક પુત્ર હતો.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૩)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'શ્રીભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે : **'પટેલ ભક્ત મોટેરા બાપુજી, રણછોડે લીધા હરિ ભજી.'**

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામી 'હરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથમાં લખે છે : **'બાપુભાઈએ પૂજ્યા બહુનામી, રાજી થયા સહજાનંદ સ્વામી.'**

ભગવાન શ્રીહરિએ બદરીવૃક્ષની જગ્યા મંદિર કરવા પસંદ કરી તેમાં બાપુભાઈએ ખૂબ મદદ કરી હતી. મંદિર બાંધકામમાં પણ તેમની આર્થિક અને શારીરિક સેવાઓ ઈતિહાસમાં નોંધાઈ ગઈ ! વડતાલમાં ભગવાન શ્રીહરિએ જે જે ઉત્સવો કર્યા તેમાં બાપુભાઈ અને તેમનો પરિવાર સર્વપ્રકારે જોડાઈ જતા. આમ, ભગવાન શ્રીહરિનો રાજીપો તેમણે પ્રાપ્ત કરી લીધો હતો !

બાપુભાઈ પટેલના એક વંશજ શ્રી પરસોત્તમભાઈ કિશોરભાઈ પટેલની ઉદાર સખાવત થકી વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ હાઈસ્કૂલ બનેલ છે.

●●●

❁ પરમ ભક્તરાજ જોબનપગી



વડતાલમાં બારૈયા ઠાકોર ભાયાજીપગી રહેતા હતા. તેમની પત્નીનું નામ વખતબા હતું. તેમની કૂખે સં.૧૮૩૧માં એક પુત્રનો જન્મ થયો. તેમનું નામ 'જોબન' રાખ્યું. સં.૧૮૩૪માં બીજા પુત્રનો જન્મ થયો. તેમનું નામ 'શંકરજી' રાખ્યું. વળી, સમય જતાં બીજા બે પુત્રોનો જન્મ થયો. તેનાં નામ અનુક્રમે 'સુંદરજી' અને 'દલાજી' રાખ્યાં. આમ તેઓ ચાર ભાઈ હતા.

ક્ષત્રિયોના બારોટ રાવજી હેમંતસિંહના ચોપડાની વિગત મુજબ જોબન પગીનાં લગ્ન ૧૪ વર્ષની ઉંમરે સં.૧૮૪૪માં નાંદોલી ગામના માવજી રાઠોડની દીકરી તેજબા સાથે થયાં હતાં. જોબન પગીના પરિવારમાં (૧) મોટી પુત્રી ઉજમબા (૨) રળિયાતબા (૩) જગમાલજી (૪) અમરસંગ (૫) સુરજબા (સુરતબા). આમ તેમને પાંચ સંતાનો હતાં. તેમાં રળિયાતબા તથા સુરજબાએ પરણેલા પતિનો ત્યાગ કરી આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુ ભજ્યા હતા. મોટા પુત્ર જગમાલજીનાં લગ્ન ભૂમેલના ક્ષત્રિય નાનાજીની પુત્રી ઈચ્છતબા સાથે થયાં હતાં.

અમરસંગનાં લગ્ન લીંબાસીના ચાવડા માલાજીની પુત્રી નાથીબા સાથે થયાં હતાં. આ આખા પરિવારને જ્યારથી સત્સંગ થયો ત્યારથી શ્રીહરિ અને સંતોને સમર્પિત બની મન, કર્મ, વચને સત્સંગ, સેવા અને ભજન કરી પોતાનો જન્મ સાર્થક કર્યો. સમગ્ર સંપ્રદાયમાં તે સમયે આ પરિવારની સેવા અનોખી હતી. આ પરિવારે પોતાના બંને લોક સુધરે એવું જીવન બનાવ્યું હતું અને એવાં જ કાર્યો કર્યાં હતાં.

જોબનપગીનું પૂર્વ જીવન એક કુખ્યાત લૂટારું તરીકે પ્રસિદ્ધ છે. જોબનને જીવતો પકડી લાવે તેને મોટું ઈનામ ગાયકવાડ સરકારે જાહેર કર્યું હતું. છતાં કોઈએ આ બીડું ઝડપ્યું નહોતું !

એ જમાનામાં જોબનનું તીર કોલકતા સુધી ચાલતું. કોઈ સંઘ લઈને યાત્રાએ જવા નીકળે કે જાનનાં ગાડાં વરને પરણાવવા નીકળે ત્યારે રસ્તામાં લૂંટારું તેને લૂંટી લેતા.

એ લૂંટારુઓથી કે ધાડપાડુઓથી બચવા લોકો જોબનનું તીર માંગી લેતા. જોબન તેને પોતાનું નામ 'જોબનભાયા વડતાલો' કોતરેલું તીર આપે, એટલે કોઈ રખોપાની કે સિપાહી-સપરાની જરૂર નહીં. જોબનનું તીર એટલે જોબન પોતે જ તેની સહાયમાં છે - એવું જાણી, લૂંટારા લૂંટે તો નહીં પણ તેને મદદરૂપ થતા ! એવી જોબનની ધાક હતી. અરે ! કોઈ શેઠ-શાહુકારને ત્યાં ચોકીદાર રહે, તે જો જોબનનું તીર પોતાની પાસે રાખે તો તેની પાસે કોઈ ચોર ફરકે નહીં !

● જોબનપગીના ગુણો તથા સદાચાર :

જોબન પગી ચોરનો સરદાર બન્યો. બહારવટિયો બન્યો છતાં પૂર્વજન્મના સંસ્કારવશાત્ આદર્શ-ઉત્તમ બહારવટિયાના ઘણા ગુણધર્મ તેમનામાં હતા. તેથી વાઘેલા જોબન પગી 'ઉત્તમ બહારવટિયા' તરીકે ઈતિહાસનાં પાનાઓમાં અમર રહેશે. બહારવટિયાઓમાં પણ પોતાની નીતિ-રીતિ અને મર્યાદાઓ હતી. તેઓની પણ આચારસંહિતા હતી.

(૧) સાધુ-બ્રાહ્મણને લૂંટવા નહીં. જોબન પગી ક્યારેય સાધુ-સંતોને લૂંટતા નહીં.

(૨) ક્યારેય વહુ-દીકરીની આબરૂ લેવી નહીં. ક્યારેય કોઈ પરસ્ત્રીનાં ચેન-ચાળા કરતા નહીં. ચારિત્ર્યશુદ્ધિ રાખવી.

(૩) પોતાને આશરે આવનારને દાગીના તથા રૂપિયા આપવા. અર્થાત્ જે પોતાના કહ્યામાં હોય, શરણાગત હોય તેનું સદા ઘરના સભ્યની જેમ ધ્યાન રાખવું.

(૪) કદી જાન લૂંટવી નહીં. અને માનેલી બહેન કરી હોય તેને બાર મહિને 'પસલી(ભેટ)' મોકલવી.

(૫) ગામ લૂંટી બ્રાહ્મણોની ચોરાશી કરવી તથા ગાયોને નિરણ ખવડાવવી.

(૬) હનુમાનજીના મંદિરે, ઠાકોરજીના મંદિરે અને શિવાલયમાં દીપમાળા પુરાવવી તથા નાળિયેર-સાકર ધરી સહુને પ્રસાદી વહેંચવી.

(૭) વેપારીની દુકાનોમાંથી તેમના ચોપડા કઢાવી ચોક વચ્ચે જ સળગાવી દેવા.

તેનો હેતુ એટલો કે તેથી ગરીબો લેણામાંથી મુક્ત થાય. તે સમયે એવા ઘણા વેપારીઓ હતા કે, એકવાર ચોપડામાં નામ નાખ્યું હોય તે સાત પેઢી સુધી લેણું ચૂકતે થાય જ નહીં. ને લેણિયાત તરીકે નામ નીકળે જ નહીં. આમ પ્રજાનું શોષણ લુચ્ચા વેપારી ધનવાનો દ્વારા બહુ થાતું. તેથી ગરીબોને જોબન પગી આવી રીતે મદદ કરતા.

આ બધા નિયમોનું જે પાલન કરે તેને જોબન પગી ખૂબ મદદ કરતા. તેના ઉપર રાજી થતા અને પોતાના સાગરીત હોય છતાં જો આ નિયમોનું ઉલ્લંઘન કરે તો બંદૂકની ગોળીથી વીંધી નાખતા. જોબન પગી આવા ઉત્તમ નિયમો સાથે લૂંટફાટ કરતા હતા. એટલા માટે જોબન પગીના સાથીઓને તેમનો પૂર્ણ વિશ્વાસ રહેતો.

• જાનૈયા જીવણદાસને પાછા સોંપ્યા :

જોબન પગી ગૌરક્ષક, નારીરક્ષક, બ્રાહ્મણરક્ષક, સાધુરક્ષક હતા. વળી ક્યારેય જેસલ જાડેજાની જેમ જાન રોકતા, લૂંટતા નહીં. એક દિવસ તેઓ પોતાના સાથીદારો સાથે ખંભાતથી વડતાલ તરફ પ્રયાણ કરી રહ્યા હતા એવામાં રસ્તામાં કોઈ વરઘોડિયાંને પરણાવીને જાન લઈ પોતાને ગામ ઉંદેલ પાછા જતા હતા. અર્થાત્ માણસો જાન સાથે વરરાજાને પરણાવી પોતાને ઘેર જતાં હતાં. તેઓએ સારાં વસ્ત્રો-દરદાગીના પહેર્યાં હતાં. આ જાનવાળાઓને કોઈ વટેમાર્ગુએ ખબર આપ્યા કે, 'જોબન પગી ધાડ લઈને પાછળ આવી રહ્યો છે.'

વટેમાર્ગુ દ્વારા જોબનનું નામ સાંભળતાં જ બધાનાં હોંશકોશ ઊડી ગયાં. જાનના આગેવાનોએ વિચાર્યું કે, ઉંદેલ ગામ નજીક જ દેખાય છે. જો ગાડાં ઝડપી દોડાવીએ તો ગામ ભેગા થઈ જવાય અને બચી જઈએ. એવું વિચારી તેઓએ જાનના ગાડાં અને વરઘોડિયાના માફાને પૂરઝડપે દોડાવ્યાં. પરંતુ આમ અચાનક દોડધામ થતાં એક ગાડામાંથી એક વૃદ્ધ જાનૈયા જીવણદાસ પટેલ રસ્તામાં પડી ગયા. તેમને લેવા માટે કોઈએ પણ ગાડું ઊભું રાખ્યું નહિ અને બીકનાં માર્યા કોઈ માણસ રોકાયા પણ નહીં.

એ દરમ્યાન જોબન પગી પોતાની ધાડના માણસો સાથે ત્યાં આવી પહોંચ્યા. રસ્તામાં પડેલા અને જોબન પગીને જોઈને ધ્રૂજી રહેલો જીવણદાસને બધી વાત પૂછી. ત્યારે તેણે ઉપરોક્ત સર્વે વાત કહી. તેથી જોબન પગીને સાચી બાબતની જાણ થઈ. પછી જોબન પ ગીને દયા આવી. માનવધર્મને માનનાર જોબન પગી તરત જ એ વૃદ્ધને ઊંટ ઉપર બેસાડીને ઉંદેલ ગામે આવ્યા.

જોબન પગીની ધાડ આવતાં જ ગામના લોકો ડરના માર્યા સંતાઈ ગયા. આખું ગામ ધ્રૂજવા લાગ્યું. બધે જ નાસભાગ થવા લાગી. થોડી વારમાં તો ચારેબાજુ સૂમસામ થઈ ગયું. આ બધું જોઈને જોબન પગીએ ગામના ચોરે આવી મોટા અવાજે ગામલોકોને કહ્યું, 'હું અહીં જાન લૂંટવા કે ગામ લૂંટવા નથી આવ્યો; તમારા વૃદ્ધ જાનૈયા જીવણદાસ પટેલ રસ્તામાં પડી ગયા હતા તેને પહોંચાડવા અહીં આવ્યો છું. હવે તેને તમે તેના ઘેર તેડી જાઓ અને પાટાપીંડી કરાવો.' એમ કહીને વરઘોડિયાને ભેટ તરીકે હાથગરણું કરવા માટે બે સોનામહોર જીવણદાસ પટેલને આપી. આવું વર્તન જોઈને ગામના અમુક લોકો ભેગા થયા. તેમને પગી માટે ખૂબ આદર થયો. પછી જતાં જતાં જોબન પગીએ કહ્યું, 'હું જાન, સાધુ-સંતો, બ્રાહ્મણ, ચારણ વગેરેને કોઈ દિવસ લૂંટતો નથી. અને જો કોઈ લૂંટે તો મને સમાચાર દેજો તો વડતાલથી દોડતો આવીશ અને તેને ઠાર મારીશ.'

આમ જોબન પગીએ ચોરામાં ઊભા રહીને સહુને સંભળાવ્યું. પછી કહ્યું, 'તમારી જાન કોઈ મારા નામે લૂંટે તો મને સમાચાર દેજો. હું તેવા હરામીને છોડીશ નહીં.' ત્યારે ઉંદેલ ગામના લોકો કહે, 'સારું બાપુ; આપનો ખૂબ ખૂબ આભાર.' જોબન પગી આટલું કહીને સાથીદારો સાથે વડતાલ આવ્યા.

• ગૌરક્ષક જોબનપગી :

દિવસો પછી દિવસો જાય છે. જોબન પગીનું બહારવટું બરાબર ચાલે છે. ચારે દિશામાં જોબન પગીની ધાક જામી ગઈ છે. એક દિવસ જોબન પગી વડતાલમાં જ્ઞાનબાગ સામે કેદારનાથ મહાદેવનું મંદિર છે તેમાં દર્શન કરીને ડાયરો જમાવીને બેઠા હતા. ડાયરામાં સાથે તેમના બધા સાથીદારો હતા. બધા કસુંબા-પાણી કરતા હતા. અલક-મલકની વાતો કરતા અને તમામ સાગરીતો જોબન બાપાને વિવિધ પ્રકારના સમાચારો આપતા હતા.

એવામાં ત્યાં એકાએક હીરો ભરવાડ હાંફતો હાંફતો આવ્યો. ડાંગ હેઠી મૂકી ધા નાખતાં બોલ્યો, 'બાપા, ગજબ થઈ ગયો !'

જોબન પગી કહે, 'શું થયું ?' ત્યારે હીરો ભરવાડ કહે, 'મારી ગાયો સાથે આપણા ધણની બસો ગાયોને યાકુબખાન પઠાણ અને અલારખા મલેક ઘોડીની ઘુમરમાં લઈ ભાલા મારી ઉમરેઠ તરફ હાંકી ગયા છે. ઘરે વાછરું ભાંભરડા નાખે છે; હવે તમને ઠીક લાગે તેમ કરો.' એમ કહી ભરવાડે પોક મૂકી.

હીરાના આ શબ્દો સાંભળી જોબન પગીનાં રુવાંડાં ઊભાં થઈ ગયાં. આંખોમાં અંગારા ઝરવા લાગ્યા. મૂછના આંકડા થર થર ધ્રૂજવા લાગ્યા. પછી જોબન પગીએ હાંકલ મારી. પોતાના ભાઈઓ, ભત્રીજાઓ અને સાથીદારોને કહ્યું : 'ઊભા થાઓ. હથિયાર બાંધી સહુ તૈયાર થાઓ.' થોડીવારમાં સહુ તૈયાર થયા. જોબન પગી પણ બાણ તથા ભાથાને બાંધી હાથમાં ભાલો લઈ છલાંગ મારી ઘોડેસવાર થયા. સહુ સાથીદારોને સાથે લઈને મારતે ઘોડે ઉમરેઠ ગયા. જ્યાં ઉમરેઠમાં પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે, 'યાકુબખાન પઠાણ ગાયોને લઈ બાલાસિનોર તરફ ગયો છે.'

તે વખતે બાલાસિનોરમાં મુસ્લિમોનું રાજ હતું. જોબન પગીને વડતાલ વિભાગની ગાયો કતલખાને જાય તે અસહ્ય લાગ્યું. પોતાનું હળહળતું અપમાન લાગ્યું. તેમણે તરત જ સાથીદારોને ઇશારો કર્યો. ટૂંકે રસ્તે જઈ ડભોલી ગામે યાકુબખાન પઠાણને આંતરી લીધો. આજ ગાયો અર્થે મારીએ કાં મરીએ પણ પાછા ફરવું નથી.

આવા નિશ્ચય સાથે પઠાણ સાથે ધીંગાણું કર્યું. સહુ સાથીદારો કહેવા લાગ્યા કે, 'આજ આ ગાયોની રક્ષા માટે કૂરબાન થાવાનો સમય આવી ગયો છે. મા ભોમકાને આજ માથું દેવાનું ટાણું છે. આવા સારા કામ કરવા માટે જ આપણી માઉએ આપણને જનમ આપ્યો છે.' એમ પડકારા કરી સહુ 'યાહોમ' કહી તૂટી પડ્યા.

જોબન પગીએ યાકુબખાન પઠાણ અને અલારખા મલેકના તલવારના ઝાટકે કટકા કરી નાખ્યા. તેના ઘણાક સાથીદારોને પણ રેંશી નાખ્યા. બીજા બધા પ્રાણ લઈને ભાગી ગયા. આમ ૨૦૦ ગાયોને બચાવી જોબન પગી સાથીદારો સાથે વડતાલ આવ્યા. રડતા હીરા ભરવાડને તેની ગાયો સોંપી દીધી. તેથી તેના અંતરમાં નવો પ્રાણ આવ્યો હો. રુંવાડે રુંવાડે આનંદ થઈ ગયો. જોબન પગી આવા ગૌપ્રતિપાલક હતા.

● જોબનપગીની આપ કળાઓ :

રાગ પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય; તરવું તંતરવું ને તસ્કરવું, એ આઠે આપ કળાય.

આ દુનિયામાં આઠ પ્રકારની કળાઓ શ્રેષ્ઠ ગણાય છે. તેને 'આપકળાઓ' કે 'કોઠાસૂજ' કહેવાય છે અથવા આ આઠ 'કોઠાવિદ્યા' કહેવાય છે. જોબન પગી આ તમામ કળામાં પારંગત હતા.

(૧) **રાગ :** રાગ ગાતા જેને ન આવડે તેને તો આખી જિંદગી સંગીત વગેરે શીખવાડીએ છતાં ગાતા ન આવડે અને આવડે તેને તો સહજમાં રાગ અને સંગીતનું જ્ઞાન થાય છે. શીખ્યા વગર પણ સારા રાગ ગાઈ શકે તે કોઠાસૂજ એટલે કે ભગવાને આપેલી ભેટ કહેવાય.

(૨) **પાઘ :** પાઘડી બાંધવી એ પણ એક કળા છે. અમુક વ્યક્તિઓ પાઘડી બાંધે તો સરસ છોગાં મૂકે. ભગવાન શ્રીહરિની ત્રણ છોગાની પાઘ ઇતિહાસમાં અમર બની ગઈ. દુનિયામાં હજી કોઈને એવી ત્રણ છોગાની પાઘ બાંધતાં આવડતું નથી. આવી શ્રીહરિ બેનમૂન પાઘ બાંધતા.

(૩) **પારખું :** બીજાને ઓળખી લેવા એ કોઈકને જ આવડે. નહિતર અન્યનું પારખું કરવા જાય ત્યાં પોતાનું પારખું થઈ જાય.

(૪) **નાડી :** નાડી જોવાનું પણ બહુ ઓછાને આવડતું હોય. મહારાજ વખતે ભજનાનંદ સ્વામી આવા નાડીવૈદ્ય હતા. તેમ જ રામાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી પણ સારા નાડીપારખું હતા. માટે નાડી જોઈ શારીરિક તથા માનસિક બધા જ રોગને પારખી જાવું એ એક કળા છે.

(૫) **ન્યાય :** સરખો ન્યાય કરવો એ બુદ્ધિશાળી માણસનું કામ છે. આ દુનિયામાં સરખો ન્યાય કરતા કોઈકને જ આવડે છે. ઘણાને તો સમાધાન કરવા માટે બોલાવ્યા હોય અને પરસ્પર એકબીજામાં વધારે વેરઝેર ઊભા કરે; એવા પણ હોય છે. ઘણા એવા પણ હોય છે કે ન્યાય કરવા બેઠા હોય છતાં જે સમજુ હોય તેને જ કહે, 'સામાનો તો ૮૦% વાંક છે પણ સમજુ છો માટે મૂકી દો.' આ ન્યાય કર્યો ન કહેવાય. સમજુ વ્યક્તિને અન્યાય કર્યો કહેવાય. ઘણાને તો ન્યાય-અન્યાયનું કાંઈ જોવાનું હોતું જ નથી. એને તો એક પોતાનો અહં પોષવો હોય છે કે, મેં સમાધાન કરાવી નાંખ્યું. આવા સમાધાન કરાવનારા કેટલાયને અન્યાય કરતા હોય છે. ગરીબને દબાવીને પોતાનું માન વધારવા સમાધાન કરાવવા આંટા માર્યા જ કરતા હોય છે.

(૬) **તરવું :** પાણીમાં સહેલાઈથી તરી જાણવું એ પણ એક કૌશલ્ય છે. ઘણાને ઘણું તરતા શીખવાડો પણ આવડતું જ નથી. અને

ઘણાને પાણીમાં નાખી દો ત્યાં તરવા માંડે. અને પશુ, પ્રાણી, પક્ષી તે બધાને કુદરતે જ તરતા શીખવાડ્યું હોય છે. માટે એ પણ એક આપકળા છે.

(૭) **તંતરવું :** વાજિંત્રો વગાડી જાણવાં. તબલા, વાયોલીન, સિતાર, વાંસળી વગેરે સૂર સાથે વગાડવાં એ બધાને આવડે નહીં; આ એક કળા છે. અમુકને તબલા વગાડવા બેસાડો તો જાણે તબલા સાથે ઝઘડ્યા હોય અને તબલાને રીશના માર્યા મારવા મંડ્યા હોય એવું લાગે. પણ એવું લાગે જ નહીં કે એ તબલા વગાડે છે. તબલાને વગાડે છે એવું જ દેખાય.

(૮) **તસ્કરવું :** ચોરી કરવી. એ પણ કોઠાસૂજ છે. જેને આવડતું હોય તેને આવડે. અમુક તો ચોરી કરવામાં અને ખોટું બોલવામાં જન્મથી પાવરધા હોય. અને અમુકને ગમે એટલું શીખવાડો તોપણ તે ન આવડે તે ન જ આવડે. અને અમુક તો આખી જીંદગી ન પકડાય તે ન જ પકડાય. માટે એ આપકળા છે.

આ બધી જ કળાઓમાં જોબન પગી પાવરધા હતા. તેથી ભલભલા સેનાપતિઓ જોબન પગી પાસે ભૂ પી જતા હતા. વળી, તેઓ શુકનભેદ જાણનારા હતા. વેશ-પરિવર્તન કરવામાં હોશિયાર અને બાહોશ હતા. પ્રાણીઓની બોલી બોલનારા અને નિશાનબાજમાં અજોડ હતા. તેમનામાં વિશિષ્ટ પ્રકારનું શૌર્ય હતું. તેઓ જબરા સાહસિક હતા; છતાં કોઈ કાર્યમાં ઉતાવળ કરતા નહીં. માટે ધીરજવાન પણ હતા. આયોજનબદ્ધ સહુને સાજે એમ કાર્ય કરતા હતા. માટે આયોજનશક્તિ ધરાવનારા હતા.

• બાવા અને બહારવટિયાની ભાઈબંધી :

વડતાલમાં એક નારાયણગિરિ બાવાનો મઠ હતો. તે બાવો અને જોબન ખાસ મિત્રો હતા. મઠ વિશાળ હતો. ચૂનાબંધ ઓરડા હતા. એક ઓરડામાં ભોંયરું કરેલું. તેમાં જોબનપગી ચોરીનો ગુપ્ત માલ સંતાડી રાખતો. બંને મિત્રો રાત-દિવસ મઠમાં બેસતા. ગાંજો પીતા. ચલમ ફૂંકતા. કાવા-કસુંબા થતાં. ડાયરો ભરતા. ગોઠ કરતા. જોબનના બાતમીદારો તે ગુપ્ત જગ્યાએ આવી મળતા. નારાયણગિરિ શુકન જોઈ આપે, તે દિશામાં લૂંટ કરવા જોબન અને તેના સાગરીતો જતા. લૂંટ કરી લાવે તેમાંથી ધનનો ભાગ બાવાજીને મળતો.

• જોબનપગીના બાવન બાતમીદારો :

મહીકાંઠાનાં કોતરો અને જંગલ-ઝાડીમાં ભીલો રહેતા. તેમાં એકસો જેટલા ભીલો જોબનના મધ્ય ગુજરાતના બાતમીદાર હતા. તેના ઉપરી બાર મોટા ભીલો જમાદાર તરીકે દેખરેખ રાખતા. તે બધાનો એક અગ્રેસર કાનો કારસ્થાની હતો. તે અનગઢ ને કાનવાડીમાં રહેતો. સોરઠ, કાઠિયાવાડ, ચરોતર તથા ગુજરાત પ્રાંતમાં તેના ૩૦૦થી વધુ ગુપ્તમથકો હતા. દ્વારકાથી માંડી દક્ષિણમાં પૂના સુધી તેમના નામે બહારવટા ચાલતા. સર્વ સ્થળે તેઓના હિંમતબાજ અને વિશ્વાસુ બાતમીદારો હતા. તેમાં એક ભોજો ભારાડી હતો. તે ઓખા મંડળમાં વસઈ ગામે રહેતો. તે ચોરી કરવામાં પાવરધો ને બાહોશ હતો. તે વખતે ઓખામંડળ અને અમરેલી - બે મહાલો ગાયકવાડ સરકારના હતા. તેની રજેરજની બાતમી જોબનને પહોંચાડતો. પ્રભાસ પાટણમાં સોમો સોરઠિયો હતો. ઝાલાવાડમાં પાણશીણા ગામમાં કાળો કામળિયો બાતમીદાર હતો. ગોહિલવાડમાં ગેમો ગારડી, ઉત્તર ગુજરાતમાં લુણાવાડામાં ભીલનેહડામાં ઉકો ઊઠણો, સાબરકાંઠામાં લાખો વડગામો - જેવા માથું આપે એવા જોબનના બાવન બાતમીદારો હતા. આ બધાને નક્કી કરેલો લૂંટનો ભાગ મળતો.

એક રૂડિયો રખડુ હતો, તે બાવન બાતમીદારોની ગુપ્ત વાતો જોબનને પહોંચાડતો ને જોબનનો સંદેશો ગુપ્ત રીતે તે બાતમીદારોને પહોંચાડતો. તે જોબનનો અતિ વિશ્વાસપાત્ર વફાદાર સેવક હતો. જોબન તેને પોતાની પાસે રાખતો.

• બહારવટિયા અમરાજીએ કહેલી ત્રિશુળની વાત :

લુણાવાડાના મહારાજા વીરભદ્રસિંહ હતા. તે વખતે ઠાકોર અમરાજી નામે બહારવટિયા થયા હતા. તેમને મહારાજા વિરભદ્રસિંહે કહેવડાવ્યું કે, 'તમે રાજ્યને શરણે થઈ જાઓ; અમે તમારા તમામ ગુના માફ કરશું. કોઈ તમારું નામ નહિ લે.' એવું અભયવચન આપીને રાજ્યમાં રાખ્યા હતા. તેથી અમરાજી લુણાવાડામાં રહેતા. કવિ માવદાનજી પ્રથમ આ પંચમહાલ જિલ્લાના લુણાવાડાના રાજકવિ થયા હતા.

તે સમયે એક દિવસ માવદાનજીના કપાળમાં તિલક-ચાંદલો જોઈને અમરાજીએ કવિશ્રીને કહ્યું, 'તમારા સ્વામિનારાયણ પંથના ઠાકોર જોબનબાપા મારા દાદાના સગા મામા થતા હતા. તેમણે મારા દાદાને એટલે કે પોતાના ભાણિયાને રૂપાના પતરાથી મઢેલું એક ત્રિશૂળ આપેલું. તેના ત્રણેય પાંખડામાં 'જોબનાભાયા વડતાલો' એવું નામ કોતરેલું છે. એ ત્રિશૂળ હાલ પણ મારા ઘરમાં માતાજીના

મઢમાં અમે રાખીએ છીએ. અને તેને ધૂપ-દીપ કરીએ છીએ. જ્યારે ધાડ પાડવા જતા ત્યારે તેને સલામ કરી 'જોબનબાપાની જય' બોલીને નીકળતા; એટલે અમારું કામ ફતેહ થતું હતું.' એમ કહી અમરાજીએ કવિ માવદાનજીને તે ત્રિશૂળ દેખાડેલું.

પછી તેણે કહેલું કે, 'જોબનબાપાએ પોતાના તમામ બાતમીદારોને રૂપાના પતરાથી મઢેલું ને ત્રણ પાંખડાઓમાં 'જોબનભાયા વડતાલો' એવું નામ લખેલાં આવાં ત્રિશૂળો આપ્યાં હતાં. એને હાથમાં લઈને તેના સાથીદારો જાનમાં અથવા કોઈ સ્થાનમાં ચોકી કરવા જાય; ત્યાં ક્યારેય લૂંટ ન થાય; એવી જોબન પગીની હાંક વાગતી.'

• જોબનપગીની ધાક :

જોબનપગીને વિશ્રામનાં ૬૪ સ્થાનો હતાં. તેને તેઓ તેની ભાષામાં 'ચોસઠ જોગણી'ના નામથી ઓળખતા અથવા તેને ચાડીકાની જગ્યાઓ કહેતા. આ સ્થાનોની આસપાસ આદિવાસી કે ભીલોનાં ઝૂંપડાં રહેતાં. ત્યાં જઈ જોબન પગી અથવા રૂડિયો રખ્ડુ સાંકેતિક શબ્દ કરે એટલે અનેક ભીલો ભેગા થઈ જતા. ત્યાંથી તેઓ આયોજન કરી લૂંટવા જતા હતા. ૧૦ વર્ષમાં તો તેમણે લાખો રૂપિયાની લૂંટ કરી હતી. અનેક અમલદારો અને સેંકડો માણસોને મોતને ઘાટ ઊતાર્યા હતા. સર્વત્ર તેની ધાક વાગતી હતી. દ્વારકાથી પંઢરપુર સુધી તેનું બહારવટું ચાલતું. તેનું નામ સાંભળતા સહુ ધ્રૂજી ઊઠતા.

હાંક વાગે વડતાલાની, સર્વે પરગણામાંય; મોટા મુછાળા ધ્રૂજી ઉઠે, છોરુ રડતાં બંધ થાય.
નામ સાંભળતાં પગીનું, બહુ બહાદુરો મુંજાય; ગમે તેવા બળિયાના, છક્કા છૂટી જાય.
સો ને જીતે જે એકલો, તે જ બહાદુર વીર; જોબનને જીતે એવો, ન જડ્યો તેમાં ધીર.

સો માણસને એકલો જીતી લે તેને ગાયકવાડ સરકાર 'બહાદુર'નો ઈલ્કાબ આપતા હતા. એવા બહાદુરનો ઈલ્કાબ પામેલા શૂરવીરો સરકાર પાસે ઘણા હતા. એકવાર ગાયકવાડ સરકારે તે બહાદુરોને કહેલું કે, 'કોઈ જોબન પગીને પકડી લાવે તો એને પચાસ હજારનું ઈનામ આપીએ.' પરંતુ જોબન પગીને પકડવા કોઈ તૈયાર થયેલું નહીં. તેથી સયાજીરાવ સરકારના જોબન પગી સમકાલિન બારોટ રાવજી તેની બિરદાવલીમાં કહે છે,

જોબન તું જગ જાણતો, ને ભાયાનો ભડવીર; જેની ધાકે ધરણી ધ્રૂજે, ધ્રૂજે વડા અમીર.
જોબન વડતાલા તણી, ધાકે સહુ સંતાય; ધોળે દા'ડે નગરના, દરવાજા જાય દેવાય.
માતાનો સુત મોવડી, પીરાણાનો પીર; નામ સુણી નરપતિ વડા, ધરી શકે નહિ ધીર.

જોબન પગીનું નામ સાંભળતાં મોટા મોટા રાજાઓની પણ ધીરજ છૂટી જતી. આવી સર્વત્ર તેની હાંક વાગતી હતી. જોબન પગીને કોઈએ જોયેલો નહીં, પરંતુ રાજ-રજવાડામાં લોકો તેમને વિશે અનેક પ્રકારની વાતો કરતા હતા.

• જોબનપગી વિશે સાચી-ખોટી વાતો :

કોઈ કહેતાં 'જોબનને માથે કોઈ પીરનો હાથ છે. તેથી તેને કાંઈ થાતું નથી.' કોઈ કહેતાં 'માતાજીએ તેને કાળો પછેડો આપ્યો છે; તે ઓઢે એટલે તેને કોઈ ભાળી શકતું નથી.' કોઈ કહેતાં 'તે શકુનાવળી છે; તેથી શુકન જોઈને નીકળે એટલે ચોરી કરવામાં ફતેહ થાય છે અને ધોળે દિવસે સહુની આંખમાં ધૂળ નાંખી ગામ લૂંટી શકે છે.' ત્યારે કોઈ કહેતાં 'તેના માથે કોઈ બંદૂક ફોડે તો ગોળી નીચી પડી જાય, એવો તે મજબૂત છે. વળી, કોઈ તલવાર કે ભાલો મારે તો વાગે જ નહીં; ભટકાઈને હેઠાં પડે.' તો કોઈ કહેતાં 'તે મંત્રથી બીજાની તલવારની ધાર બુઠ્ઠી કરી દે છે, તેથી વાગતું નથી.' વળી કોઈ કહેતાં 'સાંભળો, જોબન તો છ હાથ ઊંચો છે; સાત મણ વજન છે અને બેય હાથે બંદૂકો ફોડે છે તથા તીર છોડે છે. વળી, ઝાડની ડાળે બાંધેલા લવિંગ વીંધે એવો નિશાનબાજ છે.' આમ, જોબન પગી વિશે અનેક પ્રકારની કિંવદંતિઓ લોકોની જીભે થતી હતી. આ બધી અફવાઓથી તેમની હાંક સર્વત્ર કેવી વાગતી હશે ?? તે સૂચવે છે.

• પેટલાદના કશિયાભાઈની તિજોરી લૂંટી :

પેટલાદમાં એક કશિયા પટેલ રહે. એ બહુ મોટા ઈજારદાર એટલે સૌ એમને કશિયા બાપુ કહેતા. ગામમાં ને આજુબાજુ એની ફે ફાટે. એનો પડ્યો બોલ ઝિલાય. એકવખત એના બોલની કેટલાકે અવગણના કરી. કશિયા બાપુએ એને દાઢમાં રાખ્યું. એક રાતે ગામ ફરતા કાંટાના ગળિયા મૂકી આગ ચાંપવાની તૈયારી કરી ત્યારે ગામના લોકો એને પગે પડેલા ને ગામ બચી ગયેલું ! આ ચાંપી હોત તો કોની હિંમત હતી કે કશિયા બાપુ સામે ઝઝૂમે ?

એકવખત જોબનપગીએ પેટલાદને ચોરે જાસાચિઠ્ઠી બાંધી. એમાં લખેલું કે ''અમુક રૂપિયા ફલાણી જગ્યાએ પહોંચતા નહીં કરો

તો આખું ગામ લૂંટીશ.''

કશિયા પટેલે જાસાચિઠ્ઠી પર ધ્યાન આપ્યું. નિયમ સમયે જોબનપગી પોતાના સાગરીતો સાથે પેટલાદ પર ત્રાટક્યો. કશિયા પટેલને ઘરે જઈ જોબને કશિયાની ડેલી ખખડાવી. એના તો મોતિયા મરી ગયા ! આંખ સામે મોત રમવા માંડ્યું. ડેલી બહાર જોબન હતો એટલે ભાગીને જવાય પણ કેમ ? કશિયા બાપુએ અનાજની કોઠીનો આશ્રય લીધો. ઘરના સૌને કહી દીધું કે 'પટેલ ગામતરે ગયા છે, એમ કહેજો.'

ડેલી ઊઘડી. ''કશિયા ! માટી થાજે !'' જોબને પડકાર કર્યો.

''પ..ણ ભાઈ ! એવાય નથી, નહીંતર તમને જોઈએ તેટલું આલી દેત.'' પટલાણીએ ધ્રૂજતાં કહ્યું.

''પટલાણી ! છે તો ઘર કશિયાનું ને ! લાવો ચાવીનો ઝૂડો ને બતાવો મિલકતનાં ઠામ-ઠેકાણાં...'' જોબન બંદૂકની નાળ બતાવતો રહ્યો. ચાવીઓ લઈ સાથીઓએ ઘર ફંફોસી લીધું. ઘરેણાં-ગાંઠાં ને રોકડ રકમનો ઢગ થઈ ગયો ! હાથફેરો કરી જોબન ઊપડી ગયો! જતાં જતાં કહેતો ગયો કે ''પટલાણી ! હું જાણું છું, પટેલ ઘરમાં સંતાયા છે. એમને કહેજો કે જોબને તમારી આબરૂ સાસરીમાં જઈ શેરીએ શેરીએ પાથરી દીધી છે. ઘર-જમાઈ થશો તો પાછી મળશે.''

કશિયા બાપુ એટલા તો લજવાયા કે બજારમાં કેટલાય દિવસ સુધી દેખાયા નહીં ! એને કોઈ પૂછતું ત્યારે કહેતા કે ''બહુ તેજ આદમી છે ! એને પહોંચાય ?'' ધૂળમાં ભળી ગયેલી આબરૂને જાણે ખોળતી હોય તેમ કશિયાભાઈની આંખો નીચે નમી જતી !

• જોબનપગીએ ગાયકવાડ સરકારની અમરેલીની તિજોરી લૂંટી :

એ જમાનામાં વડોદરાના ગાયકવાડ સરકારનું ૨૪૦૦ ગામમાં વિશાળ રાજ્ય હતું. તેમને દીવાન બાબાસાહેબ તથા બાપુભાઈ ગારદી જેવા બાહોશ પ્રધાનો હતા. તેઓ વિભાગ પ્રમાણે ૫૦૦-૫૦૦ ગામની ખંડણી ઉઘરાવતા હતા. અમરેલી પંથકની ખંડણી બાબાસાહેબ ઉઘરાવતા હતા.

આ બાબાસાહેબ માથાભારે અને અતિ આકરો માણસ હતો. પરંતુ શેર માથે સવાશેર હોય જ છે. આ દીવાને એકવાર અમરેલી પંથકની પાંચસો ગામની ખંડણી ઉઘરાવી. પછી તે તમામ મિલ્કત તિજોરીઓમાં ભરી અને ગાયકવાડ સરકારની આ તિજોરીઓને અમરેલીથી ગાડામાં ભરી વડોદરા તરફ રવાના કરી. આ તિજોરીઓમાં હજારો રૂપિયાનું નગદ નાણું હતું. તેથી સાથે તિજોરીઓના રક્ષણ કરવા માટે ઘણા શિરબંધી સ્વારો હતા.

આ વાતની અમરેલી પરગણાના જોબન પગીના બાતમીદાર ગેમા ગરાડીને ખબર પડી. તેણે જોબન પગીને કે'ણ મોકલ્યું : 'હે જોબનબાપા ! નગદ રોકડા રૂપિયા આઠ લાખની તિજોરીનાં ૨૦ ગાડાં ચોકીઓ જોડાવી આંહીંથી બાબાસાહેબ દીવાને રવાના કર્યા છે. એક એક ગાડામાં બે-બે હજાર રૂપિયા ભરેલી ૨૦-૨૦ થેલીઓ છે. અને એક ગાડે બે ખેડૂત, બે કટકિયા કહેતાં મહા શૂરવીર હથિયારધારી સિપાઈ છે. બે મશાલચી અને બે પડખે બે-બે શૂરવીર ઘોડેસવારો ચાલે છે. આમ એક એક ગાડે આઠ વ્યક્તિઓ છે. એટલે કુલ ૪૦ ઘોડેસવાર અને ૪૦ કટકિયા સિપાઈ એમ ૮૦ હથિયાર બંધ માણસો છે. તથા ૮૦ બીજા સહાયક સાથીદારો છે. કુલ ૨૦ તિજોરીના ગાડાઓ છે. સાથે મહેતા, રસોઈયા, પાગરણ, મોદીખાનું તથા પથારી વગેરે ઉપાડનારા ભોઈ આદિના ૬-૭ ગાડા છે. બધા થઈને કુલ ૨૦૦ ને આશરે માણસો સાથે છે. તે નિત્ય દશ-દશ ગાઉ પર મુકામ કરે છે. ઉનાળો હોવાથી કોઈક વખત રાતે પણ ચાલે છે. ચાલતી વખતે ભારખાનાના ૭-૮ ગાડા આગળ નીકળે છે. તે રસોઈ પકવે છે. તેમની સાથે બેત્રણ ઊંટસવારો પણ છે.

હું આપણા ૨૦ ભીલોને સાથે રાખી બબ્બે ગાઉને અંતરે આગળ-પાછળ ચાલી તેની બાતમી મેળવું છું. હવે કઈ જગ્યાએ થાપો મારવો તે નક્કી કરી આપ કે'ણ મોકલજો અને તૈયારી બરાબર રાખજો. આ હકીકત રૂડિયા રખ્હુ સાથે તેના બાતમીદારે આવી જોબન પગીને કહી સંભળાવી.'

પોતાના બાતમીદાર ગેમા ગરાડી પાસેથી આ હકીકત મળી. તેથી જોબન પગીએ પોતાના સાથીદારોને બોલાવ્યા. અતિ ચતુરાઈથી વ્યૂહરચના ગોઠવી. ગામમાં ખોડાભાભા શુકનપારખું હતા. જોબન પગી તેની પાસે ગયા. તેણે માતાજી પાસે વાસા વધાવાના દાણા જોઈ જારની ચપટી આપી. જોબન પગીએ તે એક ચીંથરીમાં બાંધી. તેથી તેમની ભાષામાં માતાજીની આજ્ઞા મળી કે 'ચરોતરની સીમમાં તમે ફાવશો; આગળ કે પાછળ નહિ ફાવો.'

પછી સોરઠ, હાલાર, ઝાલાવાડ, ગોહિલવાડ તથા ગુજરાતના તમામ બાતમીદારો સાથે જોબન પગી નારાયણગિરિના મઠમાં ભેગા થયા. ત્યાં જોબન પગીએ તિજોરી લૂંટવાની વ્યૂહરચના રચી. સહુને કહ્યું, 'તમારાં હથિયાર, પડિયાર અર્થાત્ મ્યાનમાં રહેતાં હથિયાર, ખાતરિયાં અર્થાત્ ચોરી કરવાનાં વિવિધ સાધનો વગેરે જે લોકો જે સાધનો વાપરી જાણતા હોય તેને સાથે રાખી-રખાવી

તમામ ભીલોને ચરોતરમાં બોલાવવા અને આયોજન પ્રમાણે ગોઠવણી કરવી.'

જોબનબાપાના કહેવાથી તમામ ભીલો ચોરી કરવામાં વપરાતાં સાધન જેવાં કે, ચંદન ઘોની ડબ્બી, ઘેનની વીંજણી, વિરૂપ થવાની મેશ, લુકાંજન કહેતાં જે આંખમાં આંજવાથી બીજા તેને જોઈ ન શકે એવું એક પ્રકારનું અંજન, વેષભૂષા, છીણા-છીણી, હથોડા-હથોડી, સાંગડી, ચકમક, કંપ, દીવડા વગેરે વસ્તુ-પદાર્થો તથા હથિયારોમાં મુખ્ય બાણનું ભાથું, તીર-કામઠી, છરા, કાતાં, નાના તમંચા, મોટી બંદૂકો, ભાલા, ખુડદમો અર્થાત્ એક છેડે સીસાનો ગઠ્ઠો જડ્યો હોય તેવો મોટો દંડો કે પટ્ટો, ચીપિયા વગેરે તમામ હથિયારો ધારણ કરી ભીલો તિજોરી લૂંટવાની પૂરી તૈયારી સાથે નિયત સ્થળે આવી પહોંચ્યા.

તિજોરીનો રસાલો ધીરે ધીરે સાબરમતી ઊતરીને ચરોતર પ્રદેશમાં આવી પહોંચ્યો. ત્યારે મુખ્ય બાતમીદાર ગેમા ગરાડીએ મોરથી આવી જોબન પગીને બધી હકીકત કહી. એટલે જોબન પગીએ પોતાના સાથીદારોને વ્યૂહરચના પ્રમાણે ગોઠવાઈ જવાની આજ્ઞા આપી. રાતનો વખત હતો. ત્રણેક ગાઉની ઉજાડ હતી. કોઈ માણસોની વસ્તી ન હોય એવો પ્રદેશ હતો. તેની વચ્ચે એક મોટું કોતર હતું. જેમાં હજી પાણી ચાલતું હતું. ત્યાં ભીલો બન્ને બાજુનાં ઝાડવાં ઉપર એક ગાઉમાં અલગ અલગ સ્થળે તીરે-કામઠાં લઈને ચડી ગયા. જોબન પગી પણ કાળિયા ઊંટ માથે કાળાં કપડાં પહેરી, રૂડિયા રખ્ડુની સાથે થાપો મારવાની તૈયારી સાથે પહોંચી ગયા. ગાડાં આવવાના શરૂ થયાં.

એકેક ગાડે બબ્બે મશાલવાળા હતા. તે આગળ-પાછળ ચાલી રસ્તો બતાવતા હતા. બે પડખે બે ઘોડેસવારો ચાલતા. બે કટકિયા સિપાઈ ગાડાં માથે ભરેલ બંદૂકો લઈ બેઠા હતા. તમામ ગાડાં પાણીવાળા સજીવન કોતરમાંથી કાંઠે ચડ્યે જતાં હતાં. તેમાંથી એક છેલ્લા ગાડાના બળદ નબળા હોવાથી તે પછવાડે રહ્યું હતું. તેની સાથે ઘોડેસવારો, કટકિયા ને મશાલચી વગેરે હતા. જેવું તે પાણીના વહેણમાં આવ્યું કે તુરત ગાડાનું પૈડું ખાડામાં ખૂંચી ગયું; એટલે ઉપર બેઠેલા નીચે ઊતરી ગયા અને સહુ મળી પૈડાને બહાર કાઢવા મંડ્યા. પણ ગાડામાં ૨૫ મણ વજન હોવાથી તેનું પૈડું બહાર ન નીકળ્યું. એટલે ઘોડેસવારો કોતરની બન્ને બાજુ ભેખડના કાંઠા ઉપર ચડી ગયા.

ફક્ત બે કટકિયા, બે ખેડૂત અને બે મશાલચી એમ છ જણા ત્યાં રહ્યા. આગળનાં ગાડાં તો ધીમે-ધીમે ચાલતાં થોડા દૂર ગયાં. એ વખતે જોબન પગીએ રૂડિયા પાસે લાળી કરાવી. તેથી બન્ને બાજુ ઝાડ માથે બેઠેલા ભીલોએ તીર મારી બેય ઘોડેસવારોને તથા એક મશાલચીને મારી નાખ્યો. બીજો મશાલ નાખીને ભાગી ગયો. એટલે ત્યાં અંધારું થતાં ૧૫-૨૦ સાથીદારો સાથે જોબન પગી ત્યાં ગયા ને કટકિયા સિપાઈઓને ઠાર માર્યા. ગાડાવાળા કરગરતા હતા. તેને બળદની રાશું છોડી ગાડાંની ઊંધ સાથે બાંધ્યા. ત્યાં જોબનપગીના ચાર ઊંટિયાં લાળી સાંભળી નજીક દોડી આવ્યાં. તેથી તેની માથે નગદ નાણાંની વીસ કોથળીઓ નાખી સહુ વડતાલ તરફ ખેતરોમાં આડેધડ રવાના થઈ ગયા. અને તેમનાં જે ગુપ્ત ઠેકાણાં હતાં, તેમાં જુદે-જુદે ઠેકાણે તમામ માલ દાટી દીધો.

વળી, જોબનપગીએ તમામ ભીલોને એક કોથળીમાંથી ખોબા ભરી ભરી રૂપિયા આપીને ભાગી જવા કહ્યું અને જ્યારે આજ્ઞા મળે ત્યારે આવીને ભાગ લઈ જવાનું પણ કહ્યું. તેથી સહુ ભીલો સહુ સહુનાં સ્થાનકે રવાના થયા. ગુજરાતના ભીલો વડતાલની સીમમાં રહી સરકારના માણસો હવે શું કરે છે ? તેની બાતમી જોબનપગીને આપવા લાગ્યા.

આમ ૪૦ હજાર રૂપિયાની ગાયકવાડ સરકારની તિજોરી લૂંટી. માતાજીના પ્રતાપે તેમનો બે મહિનાનો દાખડો સફળ થયો; એમ સહુએ માન્યું. સવાર થતાં આ વાત જાહેર થઈ. પછી ગાયકવાડના ફોજદારો, સુપરિટેન્ડેન્ટ, બીજા સૂબેદારો, સૂબાઓના ઘોડાઓ ચારેબાજુ દોડવા મંડ્યા ને તપાસ ચાલવા મંડી. એમાં એક દક્ષિણી અમલદારને કંઈક શંકા આવતાં વડતાલની આજુબાજુ બે દિવસથી ફરવા મંડ્યો. તેણે તેના આઠ-દશ સિપાઈઓ સાથે વડતાલને ઘેરી લીધું.

તે સમાચાર મળતા જોબનપગીએ લાળી કરી. તે લાળી સાંભળીને ભીલો રાતોરાત ત્યાં આવી પહોંચ્યા અને તે અમલદારને તેના સાથીદારો સહિત તીરથી વીંધી નાખ્યો. તેનો તંબુ સળગાવી ઠેકાણે કર્યો. તથા અન્ય કેટલાક સિપાઈઓને પણ મારી નાખ્યા. જોબનપગીના અનેક પરાક્રમોમાં આ એક મોટી સફળતા હતી. આ લૂંટથી ગાયકવાડ સરકાર પણ સ્તબ્ધ થઈ ગઈ. જોબનના આ પરાક્રમથી ગાયકવાડનું નાક કપાયું. જોબનપગીની નાની-મોટી અનેક લૂંટોમાં આ નોંધપાત્ર લૂંટ હતી.

• જોબનપગીએ ઓખામંડળની તિજોરી લૂંટી :

જોબન પગીએ જેમ અમરેલીની તિજોરી લૂંટી એવી જ રીતે ઓખામંડળની તિજોરી લૂંટી હતી. સામાન્ય લૂંટારાથી આ કામ થાય નહીં. અમરેલીની તિજોરી લૂંટ્યા બાદ એક મહિને ઓખામંડળના સૂબાએ ખંડણી ઉઘરાવી તેની તિજોરીઓનાં ગાડાં વડોદરા તરફ રવાના કર્યાં. તેનો બાતમીદાર ભોજો ભરાડી હતો. તે જોબનપગીના તમામ બાતમીદારોમાં એક નંબરનો બુદ્ધિશાળી હતો. તેણે

પહેલાની જેમ જ તમામ બાતમી આગળથી જોબનને પહોંચાડી.

વધારામાં કહ્યું : 'અમરેલીની તિજોરી લૂંટાયા પછી આ વખતે ગાયકવાડે રાજકોટમાંથી ૫૦૦ ઘોડેસવારોને સાથે રાખ્યા છે. તેમાંથી ૧૦૦ ઘોડેસવારો તિજોરી સાથે ચાલે છે. હું મારા માણસો સાથે આગળપાછળ ઘેરો ઘાલીને કોઈને ખબર ન પડે તે રીતે ગાડાંઓની સાથે ચાલું છું. હવે ક્યાં અને કેવી રીતે થાપો મારવો ? તે મને કહેજો.' જોબનપગીએ તેને ચરોતરમાં આવવા દેવાનું કેણ મોકલાવ્યું.

પહેલાંની જેમ જ બધી તૈયારી કરી ઓડો બાંધ્યો. રસ્તાની વચ્ચે સહુ ગોઠવાઈ ગયા. ખેડાથી આગળ બે-ચાર ગાઉ આવતાં એક ગાડાની ધરી ભાંગી અને પૈડું બળદના પગમાં લાગતાં બળદ પડી ગયો. આ વાતની જાણ થતાં સૂબેદારે બધાં ગાડાંઓ ત્યાં જ રોક્યાં. છાવણી નાંખી અને ફરતો પે'રો મૂકી દીધો. ધરી ભાંગેલા ગાડાને ખાલી કરી ખેડે સમું કરવા મોકલ્યું. તિજોરી ફરતાં પોલીસોની કડક ચોકી રાખી દીધી.

ભોજા ભરાડીએ ચાર છૂપા માણસોને ઓખામંડળની પોલીસની નોકરીમાં રાખેલા. તે ચારેય સિપાઈઓ ફોજમાં સાથે ચાલતા હતા. તેણે આ બધી બાતમી ભોજા ભરાડીને આપી. તેથી તેણે જોબનપગી સાથે આ બાબતની તમામ મસલત કરી. પછી સહુ ત્યાં આવ્યા. છાવણીની નજીકમાં સહુ જંગલી ભીલોનાં ઝૂપડાંમાં સંતાણા. અને ઊંટ, ઘોડા તથા માણસોને કોતરોમાં સંતાડી, લાળી સાંભળી આવવા કહ્યું.

ભોજા ભરાડીની શિખવણી પ્રમાણે ફોજમાં પોલીસ તરીકે ચાર ભીલો હતા, તેમાંથી એક ભીલે જ્યાં ઊંટ-ઘોડા બાંધ્યા હતા તેના ચાર(નિરણ)ના ઢગલા સળગાવ્યા. તેથી સહુ અગ્નિ ઓલવવા ત્યાં આવ્યા. તરત બીજા ભીલે પોલીસ ચોકીમાં રહેલી દારૂ-ગોળાની પેટીઓ સળગાવી. એટલે ચારેય બાજુ કોલાહલ થયો. અંધારી રાત્રીએ ઉપરી અમલદારો મશાલો સળગાવી ઊંટ-ઘોડા તરફ અગ્નિ ઓલવતા હતા. ત્યાં જોબનપગીએ સંકેત કર્યો.

જંગલી ભીલો તે સંકેત સાંભળી ત્યાં આવ્યા. જોબનપગીએ આવા વાતાવરણમાં તિજોરીને લૂંટવાનો સહુને હુકમ કર્યો. તેથી તમામ ભીલો જમીન પર રૂપિયાની કોથળીઓ હતી ત્યાં પહોંચ્યા અને તેના પહેરેદાર ચાર સિપાઈઓને તીરેથી વીંધી નાંખ્યા. પછી જેટલા લેવાય તેટલા રૂપિયાની કોથળીઓ લઈ ઝૂંપડામાં જ્યાં જોબનપગી અને ભોજો ભરાડી બેઠા હતા ત્યાં દસ-બાર જણા આવ્યા. કોઈ એક તો કોઈ બે કોથળીઓ લૂંટીને લાવ્યા હતા. જોબનપગીએ તરત નિર્ણય લીધો. એક વાંસડાની મજબૂત નનામી તૈયાર કરી. તેમાં ગોદડાના ગાભા પાથરી ઉપર કોથળીઓ મૂકી. માથે રાતું ખાંપણ ઓઢાડ્યું અને મડદાને બાળવા લઈ જાય તેમ, ઓ...ઓ... કરતાં સ્મશાન તરફ ચાલ્યા. પછી ત્યાં કોતરોમાં ઝુકાવેલા ઊંટિયા ઉપર રૂપિયા નાંખીને તેને વડતાલ તરફ રવાના કર્યા.

પાછળથી છાવણીમાં પહેરેગીરો માર્યા ગયાની જાણ થઈ. તેથી ઘણી મશાલો સળગાવી સહુ સૂબેદારોએ રાત્રે ઝૂંપડાં તપાસ્યાં અને ૧૫-૨૦ ભીલોને પકડ્યા. ઘણી મારકૂટ કરી. પણ કોઈ પત્તો ન લાગ્યો. પછી ઓખામંડળની તિજોરી સાથે ભોજા ભરાડીના મદદગાર ચાર માણસો હતા તે હથિયારો લઈ વડતાલની હદમાં આવી પહોંચ્યા. કોતરોના ભોંયરામાં જ્યાં રૂપિયાની કોથળીઓ રાખી હતી તેની પહેરેગીરી કરવા માટે તેઓ ત્યાં રોકાયા. એક જ માસમાં ફરીને ગાયકવાડની તિજોરી લુંટાણી તેથી ગાયકવાડ સરકાર તેના તમામ બહાદુર વીરો અને સૈનિકો અતિ ઊકળી ગયા.

સુપરિટેન્ડેન્ટ ઘાટગેનું મોત :

પછી વડોદરાથી સુપરિટેન્ડેન્ટ ઘાટગે સાહેબ પલટણ સાથે ત્યાં આવ્યા. તેણે ઘણા ભીલોને પકડ્યા, ખૂબ માર માર્યો, એકે-બેને તો મારી નાંખ્યા; છતાં ભીલોએ હકીકત ન કહી. તેથી કોઈ પત્તો ન લાગ્યો. પછી તેણે વડતાલ ફરતાં સો સિપાઈઓ સાથે ઘેરો નાખ્યો. ઘાટગેએ ખેડામાં તંબુ નાંખી પડાવ કર્યો અને મોટી રકમનું ઈનામ કાઢી રાત્રી-દિવસ જોબનપગીને પકડવા પાછળ ફરવા લાગ્યા. છતાં કોઈ ભીલનો છોકરો પણ તેનો બાતમીદાર ન થયો. મામલો કાંઈક થાળે પડ્યો. મોટી પલટણ પાછી વડોદરા આવી.

પછી એક દિ' જોબનપગીના સાગરીતોએ વડતાલ ફરતાં ઘેરો કરીને બેઠેલાં ૨૫-૩૦ સિપાઈઓને ઝાડની ઓથે છુપાઈને મારી નાંખ્યા. એક દિવસ ખેડામાં રાત્રે ઘાટગે દારૂ પી તંબુમાં સૂતો હતો. ત્યાં એક ભીલ રીંછનું ચામડું ઓઢી તેના તંબુની વાંસેની મેખ કાઢી અંદર પ્રવેશ્યો. અને ભરનિદ્રામાં પલંગ પર સૂતેલા ઘાટગેનું કાતું મારીને ગળું કાપી નાંખ્યું. ચાલાકીથી એક જ ઘાએ બે કટકા કરી રીંછની જેમ કૂદતો કૂદતો ત્યાંથી નીકળી ગયો અને કોતરોમાં જઈને સંતાઈ ગયો.

આ પ્રસંગ પછી વડોદરામાંથી કોઈએ જોબનપગીને જીવતો પકડવા કે મારવાનું બીડું ન ઝડપ્યું. ઘણીવાર સરકાર દ્વારા મોટું ઈનામ મળવા છતાં પણ આ બીડું ઝડપવા સરકારની કચેરીમાંથી એકપણ અમલદાર ઊભો ન થયો. હવે જોબનપગી શું કરશે ? એવી બીક સહુના અંતરમાં ઘોળાવા લાગી. સહુની ઊંઘ હરામ થઈ ગઈ. સર્વત્ર ત્રાસ ત્રાસ થઈ ગયો.

હવે સરકારને પણ મનમાં એમ થવા માંડ્યું કે, 'આ જોબનપગી કેવોક હશે ? મારે તેને જોવો છે. એકવાર તેને મળવું છે.' આ વિચારથી સરકારે જાહેરનામું બહાર પાડ્યું. તેમાં લખ્યું કે, 'જોબનપગી એકવાર પાઘ ઉતારી મને પગે લાગે તો તેના તમામ ગુના હું માફ કરીશ અને મારી પલટનનો ઉપરી અધિકારી બનાવીશ.'

જોબનને આ સમાચાર મળ્યા. પરંતુ તેણે વિચાર કર્યો કે, 'મોટા રાજાનો વિશ્વાસ કરાય નહીં. કેમ જે, મને લલચાવીને કદાચ માફી ન આપે અને જેલમાં પૂરે તો મારો મનખો હરામ થઈ જાય. તેથી તો મરવું સારું.' આ વિચારે તે લાલચમાં ન ફસાણા. પછી તેણે તપાસ કરાવી તો દગો ન હતો, વાત સાચી હતી. છતાં જોબનપગી કોઈનો ભરોસો કે વિશ્વાસ કરતા નહીં. કોઈ તેને સમજાવે તો કહેતાં 'હું કોઈ દિ' મોટા અમલદારને મળતો નથી. અને કોઈ પકડવા આવે તો તેનું રૂડિયા રખડુ વગેરે દ્વારા મોત કરાવતા. તેથી વડતાલથી પુના અને કાઠિયાવાડ તથા દ્વારકા સુધી જોબનના નામની હાંક સર્વત્ર વાગતી હતી.

• જોબનપગીને વડતાલમાં નીલકંઠ વર્ણી સ્વરૂપે ભગવાન શ્રીહરિના પ્રથમ દર્શન :

સં.૧૮૩૭ ચૈત્ર સુદ-૯ સર્વાવતારી શ્રીહરિ છપૈયામાં પ્રગટ્યા. ૧૧ વર્ષ બાળલીલા કરી. ત્યારબાદ વનવિચરણ કરવા માટે શ્રીહરિ ઘરબારનો ત્યાગ કરી વનની વાટે ચાલ્યા. કરોડો જીવોનું કલ્યાણ કરતા કરતા નીલકંઠ વર્ણી ઉમરેઠ થઈ વડતાલ આવ્યા ત્યારે સં.૧૮૫૫ ફાગણ સુદ બારશ ને સોમવાર હતો. આશરે વનવિચરણમાં નીલકંઠ વર્ણીને છ વર્ષ વીતી ગયા હતા. નીલકંઠવર્ણીની ઉંમર ત્યારે ૧૭ વર્ષની હતી.

આ દિવસે જોબન પગીનાં પૂર્વનાં પુણ્ય ઉદય થયાં. આજે તેના ઉદ્ધારનું બીજ રોપાયું. રાત્રીએ વગડામાં ચોરી કરી ગુમચરો સાથે મંત્રણા કરી વહેલી સવારે જોબન ગામમાં પ્રવેશતા તળાવમાં ઊતરી કોગળા કર્યા. નાની પોતડી પહેરી સ્નાન કર્યું અને કપડાં પહેરી તળાવની પાળે પશ્ચિમ દિશા તરફ પાંચ-સાત ડગલા ચાલ્યો. એ જ સમયે તેને હનુમાનજીની ડેરીએ બેઠેલા વર્ણીરાજનાં દિવ્ય દર્શન થયાં.

આંખો આંજી દે એવી બાલાજોગીની દિવ્ય મૂર્તિ સામું પગીએ નજર માંડીને જોયું. ત્યાં તો બાલાજોગીની મૂર્તિમાંથી દિવ્ય તેજની છટા છૂટવા લાગી. તેથી જોબનપગીની આંખો અંજાઈ ગઈ. તે મહાશૂરવીર હતા છતાં ક્ષણવાર મનમાં ભયને કારણે ધ્રૂજારી આવી ગઈ. આંખો મીંચી થોડીવાર ત્યાં જ બેસી ગયા. ભગવાનનું સ્મરણ કર્યું. પછી આંખો ખોલી ત્યાં નીલકંઠ વર્ણીએ ધીમે ધીમે તેજ પોતાની મૂર્તિમાં સમાવી લીધું.

તેજ ઓછું થયું, એટલે હિંમત એકઠી કરી ડેરીના ઓટલે બેઠેલા શ્રીહરિ પાસે આવ્યા. ઊગતા સૂરજના અજવાળાને ઝાંખા પાડે એવી શ્રીહરિની મનોહર મૂર્તિમાં તેનું ચિત્ત ખેંચાયું. જોબન લુંટારો હોવા છતાં નીલકંઠવર્ણીના તેજથી અને રૂપથી અતિ પ્રભાવિત થયો અને ત્યાં જ નીચે જમીન પર આળોટી પડ્યો.

ત્યારે ગંભીર અવાજે નીલકંઠ વર્ણી બોલ્યા, 'જોબન ! જમીન પર આળોટવાથી પાપ નાશ નથી થતાં.' આ સાંભળતાં જ જોબનને મહાઆશ્ચર્ય થયું. એક ક્ષણ આંચકો ખાઈ ગયા કે, 'આ અજાણ્યા પુરુષે મારું નામ કઈ રીતે જાણ્યું ? અને હું પાપી છું એમ પણ કેમ જાણ્યું ? માટે આ કોઈ સામાન્ય પુરુષ નથી.' પછી ઓટલે બેઠેલા નીલકંઠ વર્ણીને બે હાથ જોડીને પગે લાગ્યા. વર્ણીરાજના શરીરમાં લોહી-માંસ સુકાઈ ગયાં હતાં. માત્ર અસ્થિ અને ત્વચા જ દેખાતાં હતાં. શરીર ઉપર માત્ર કોપીન પહેરેલ. બધી જ નાડીઓ ઉઘાડી દેખાતી હતી.

આવી મનોહર મૂર્તિને થોડીવાર જોબન પગી જોઈ રહ્યા. પરંતુ હજી તેની લુટારુવૃત્તિ છે, એટલે મનમાં સંકલ્પ થવા મંડ્યા કે, 'આવી સૂકલકડી કાયા છે, એમાં શું બળ હોય ? આ મને શું કરી શકે ?' પરંતુ અંતર્યામી નીલકંઠ વર્ણીએ તેના આ સંકલ્પને જાણીને કહે, 'પગી ! સંકલ્પ કરો છો, પરંતુ શરીરથી અમારું માપ નહિ નીકળે. અમારું માપ તો મોટા મોટા દેવો પણ કાઢી શકતા નથી. અમે અમાપ છીએ. પરંતુ યાદ રાખો, સહુને પહેલાં પોતાનું પાપ જ નડે છે. હા.. અમે તમને નડવાના નથી. કેમ જે, આ દુનિયામાં કોઈ કોઈને નડતું નથી. પરંતુ સહુને સહુનું પાપ જ નડે છે.'

જ્યાં શ્રીહરિ આમ બોલ્યા ત્યાં જોબનના અંતરમાં પોતાના પાપની કતાર સામે દેખાઈ અને ઝબકારો થયો કે 'અહો..! આ તો મારાં બધાં પાપને પણ જાણે છે. માત્ર નામ નહિ કામને પણ જાણે છે.' એટલે હાથ જોડી જોબન કહે, 'હે જોગીરાજ ! મારી ભૂલ થઈ ગઈ, આપ મારા ઉપર દયા કરો. મારે ઘેર પધારો.' વર્ણી કહે, 'તારે ઘેર આવીશ, પરંતુ કાંઈ જમીશ નહીં.' જોબન કહે, 'જોગીરાજ, મારે ઘેર આવો અને કાંઈ ગ્રહણ ન કરો, એ તો મારું દુર્ભાગ્ય કહેવાય. છતાં આપ સમર્થ છો, સ્વતંત્ર છો, આપને યોગ્ય લાગે તેમ કરજો. પરંતુ મારું ઘર પાવન કરો.'

પગી જોબને તે જોગી જાણી, પદ વંદી કહી એમ વાણી; આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ.
સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા; અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે.

(શ્રીહરિલીલામૃત : ૩/૧૭)

પછી જઈ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન. તેમની વિનંતી સાંભળી શ્રીહરિ તેમની ઘેર પધાર્યા. વર્ણીએ જોબનની મેડી પાવન કરી. તેના ઘરમાં ઉપર-નીચે ફર્યા. ઓરડામાં પગલાં કર્યાં. ત્યાં જોબન પગીની ઊંચાઈથી એક હાથ વધારે ઊંચી એક માટીની કોઠી હતી. પ્રભુએ પૂછ્યું, 'જોબન, આમાં તેં શું ભર્યું છે ?'

પછી જોબન પગી માણસોને મારે ત્યારે એક કાંકરો તે કોઠીમાં નાંખતો. તે કોઠી ભરાઈ રહેવા આવી હતી. વર્ણીના પ્રશ્નનો શું ઉત્તર દેવો ? તેની મૂંઝવણમાં પડી ગયો હતો. ત્યાં વર્ણીરાજ બોલ્યા, 'જોબન ! પરમેશ્વર પાપના જે દિ' લેખા લેશે, ત્યારે ત્રાહિમામ્ પોકારવું પડશે. માણસ પાપકર્મ કરતાં પાછું વાળી જોતો નથી; પરંતુ તેનું ફળ ભોગવવું પડે ત્યારે ભયંકર પીડા થાય છે. જ્યારે પરમેશ્વર પાપકર્મનો જવાબ માંગે ત્યારે ભડવીર પણ ધ્રૂજી જાય છે. માટે પાપથી પાછા વળો; એમાં જ તમારું હિત છે.' આટલું કહી વર્ણીરાજ ત્યાંથી નીકળી ગયા અને બાજુમાં જ દેવકરણ પગીને ઘેર ગયા.

પછી નીલકંઠ વર્ણી બોચાસણ, ખંભાત, બુધેજ, ભીમનાથ, ગોપનાથ વગેરે ગામોમાં થઈ લોજ પધાર્યા. ત્યાંથી પીપલાણા ગયા. ત્યાં રામાનંદસ્વામીનો મેળાપ થયો. સં.૧૮૫૭, કારતક સુદ એકાદશીએ પીપલાણામાં સ્વામીએ વર્ણીરાજને દીક્ષા આપી 'સહજાનંદસ્વામી' અને 'નારાયણમુનિ' એવા બે નામ પાડ્યા. પછી સોરઠમાં વિચરણ કરતાં કરતાં વાળાના જેતપુર ગામે આવ્યા. ત્યાં ઉનડ ખુમાણના દરબારમાં સં.૧૮૫૮, કારતક સુદ એકાદશીએ ઉદ્ધવ સંપ્રદાયના તમામ આશ્રિતોને તેડાવી બહુ મોટો મહોત્સવ કર્યો. અને સહજાનંદસ્વામીને પોતાની ગાદીએ બેસાડ્યા. પછી ગુરુ શ્રીરામાનંદસ્વામી ફરેણી ગામે સ્વધામ પધાર્યા. પછી ભગવાન શ્રીહરિએ સમાધિપ્રકરણ ચલાવ્યું. અનેક લીલાઓ કરી. અનેક જનહિતનાં કાર્યો કર્યાં.

• જોબન પગી વડતાલમાં શ્રીહરિની ઘોડી ચોરવામાં નિષ્ફળ ગયા :

એકવાર બાકરોલના પટેલોએ પોતાને ત્યાં સારા પ્રસંગે જોબન પગીને બોલાવ્યા. જોબન પગી પાસે એક પરગંધીલી ઘોડી હતી. કોઈના પ્રસંગમાં જાય ત્યારે તે ઘોડી લઈને જતા. માલિક પર કોઈ પ્રકારનો દગો હોય તો તે ઘોડી ગંધથી પારખી જતી અને તરત સવાર માગતી. બાકરોલના પટેલોએ પોતાના પ્રસંગમાં બોલાવી જમણમાં ઝેર નાંખી જોબન પગીને મારી નાખવાનું કાવતરું કરેલું. તેથી ઘોડીએ તરત જ અસવાર માગ્યો. એટલે જોબન પગી ચાલુ પ્રસંગે જમ્યા વગર ત્યાંથી નીકળી ગયા. બીજે દિવસે તપાસ કરતા પટેલના કાવતરાની ખબર પડી. તેથી તેના કુટુંબને પણ ભીલો દ્વારા જોબન પગીએ જેર(નાશ) કરાવી નાંખ્યું. જેમ પોરબંદરના બાવાએ મગનીરામને કહ્યું હતું કે, 'દેડકા ડાંભે શું થાય ? સ્વામિનારાયણ પાસેથી પૈસા લે તો ખરો..!' તેમ તે સમયે શ્રીજીમહારાજ બોચાસણ ગામ આવ્યા હતા. તેની બાકરોલના પટેલને જાણ હોવાથી એક પટેલે જોબન પગીને પડકાર ફેંક્યો કે, 'સ્વામિનારાયણની ઘોડી ચોર તો ખરો મર્દ, અમારા જેવા ગરીબને માર્યાથી શું થાય ?' જોબન પગીને આ શબ્દો લાગી આવ્યા. તે વડતાલ આવ્યા. એવામાં તેને સમાચાર મળ્યા કે બે દિવસ પછી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં બાપુભાઈને ઘેર પધારવાના છે. આ બાજુ શ્રીહરિએ વિચાર કર્યો કે, 'આ લુંટારાને આ માર્ગેથી હવે મારે પાછો વાળવો હોય તો તેને હવે નબળા કામમાં સફળતા ન અપાય. કેમ જે, નબળા કામમાં વ્યક્તિને સફળતા મળે તો તે તેવાં કામ કરવા માટે વધુ ઉત્સાહિત બને છે.' માટે પ્રભુએ તેને નિષ્ફળતા આપી પાછા વાળવાનો સંકલ્પ કર્યો.

•

ગામધણી બાપુભાઈના આમંત્રણને માન આપી શ્રીહરિ વડતાલ પધાર્યા છે તેની જાણ થતાં જ જોબન પગીએ મહારાજની ઘોડી ચોરવાનું મનમાં નક્કી કર્યું. નબળા કામમાં થયેલી સફળતાને કારણે તેને કોઈનો ભય હતો નહીં. મિથ્યા અભિમાન હતું.

મોટા મહિપતિના મો'લ ફાડે, લૂંટે વાટમાં ધોળે દહાડે; સો સો ગાઉ સુધી જેનું નામ, જાણે રંક ને રાય તમામ.
પગી સુંદર શકરો ને દલો, ચારે ભાઈ વિષે સંપ ભલો; સગાં-વાલાંનો જથો વિશેષ, તેથી કોઈથી નવ ડરે લેશ.
ભાઈ સુંદરને જ બોલાવી, પગી જોબને વાત સુણાવી; પાટીદારના ફળિયા માંહી, એક બાવો આવેલો છે આંહીં.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

જોબન કહે, 'સુંદર ! આ પાટીદાર બાપુભાઈને ઘેર એક બાવો ઘોડી લઈને આવ્યો છે; તે ઘોડી લઈ લેવી છે.' સુંદરજી કહે,

'અરે ભાઈ ! એ તો ચમત્કારી છે, બહુ તેજસ્વી છે. વળી, પાટીદારો તેને ભગવાન કહે છે. માટે ભાઈ ! સાધુ-બાવાને ન લૂંટીએ તો સારું.' આમ તો જોબન પગીને સાધુ-બાવાને ન લૂંટવાનો નિયમ હતો. પરંતુ પટેલે મેણું માર્યું છે તેથી પગીને વટ ચડેલો છે. તેથી પોતાની ખાનદાની ભૂલ્યો છે. જ્યારે માણસ વટે ચડે ત્યારે નિયમો ભૂલી જાય છે.

જોબન કહે, 'હા ! એને સહુ ભગવાન કહે છે; એટલે જ મારે એનું ભગવાનપણું તપાસવું છે અને ઘોડી ચોરવી છે.' સુંદરજી કહે, 'મોટાભાઈ ! એવા મોટા પુરુષને છંછેડાય નહીં. કેમ કે, આજ દિવસ સુધી ઇતિહાસમાં મોટા પુરુષની સાથે અથડાતાં કાંઈક સામાન્ય માણસો ચૂરેચૂરા થઈ ગયા છે. વૈકુંઠમાં ભગવાનના પાર્ષદો પણ સંત સાથે અથડાણા તો અસુર થઈ ગયા હતા.'

મોટા પુરુષની છેડ ન કરિયે, એવાથી તો અંતર માંહી ડરિયે; એમ કહીને સુંદરજી ગયો, પગી જોબન શાંત ન થયો.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

જોબન પગીના અહંકારે તેના અંતરમાં તોફાન મચાવ્યું. તેના હૈયામાં શાંતિ ન રહી. અને બરોબર અર્ધી રાત્રે પોતાના ઘરથી ચાલ્યા. ને બાપુભાઈના ઘર તરફ ઘોડી ચોરવા આગળ વધ્યા. તેને ઘેર પહોંચી પછી ધીમે રહી બાપુભાઈ ઉર્ફે કુબેરભાઈની ખડકી ઠપકારી. એવામાં તેમના મોટા દીકરા રાયજીભાઈ ઝબકીને જાગી ગયા અને હાથમાં તલવાર લઈને કૂદ્યા.

કુદ્યા લૈ હાથમાં તરવાર, ઝટ ઉઘાડિયું જઈ દ્વાર; પગી જોબનને જોયો જ્યારે, કહે રાયજી ક્રોધથી ત્યારે.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

રાયજી કહે, 'જોબનભાઈ ! આ અર્ધી રાત્રે શું છે ? તમે બહુ માથાભારે અને ઝાઝા માણસો છો એટલે અહીં ચોરી કરવા આવ્યા છો ને ? પણ સાંભળી લો, અમે પણ ઝાઝા છીએ. આઠ ભાઈઓ છીએ.' જોબન કહે, 'મારે તમારા ભગવાનની પરીક્ષા લેવી છે.' રાયજી કહે, 'આ કામ તમે સારું કરતા નથી; સમજ્યા..! અમે તમારાથી બીતા નથી, અમે પણ બહુ મોટુ કુટુંબ છીએ. વધારે છંછેડશો તો લડાઈ થઈ જશે.'

ભાખે તે સમે જોબનભાઈ, જોવી છે પ્રભુની પ્રભુતાઈ; તમે આજ કદી આડા ફરશો, બીજે ગામ જશે ત્યાં શું કરશો ?
કહી એવું પગી ઘેર ગયા, પછી રાયજી તો પોઢી રહ્યા; ત્રણ દિવસ રહ્યા પ્રભુ ત્યાંય, થયા ચોથે દિ જમી વિદાય.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

પણ જોબન પગી વિચારમાં ચડી ગયા. તેની જિંદગીમાં ચોરી કરવામાં નિષ્ફળતા મળી હોય તેવો આ પહેલો પ્રસંગ હતો. આ નિષ્ફળતાથી તેના હૈયામાં અતિ આઘાત લાગ્યો. પરંતુ તરત મનોમન નિશ્ચય કર્યો, 'ગમે ત્યારે સ્વામિનારાયણ ભગવાનની ઘોડી ચોરું તો હું જોબન વડતાલો ખરો.' અડધી રાત્રે જોબન પોતાના ઘરે ચોરી કરવા આવ્યો. આ પ્રસંગથી બાપુભાઈના અંતરમાં અતિ ક્રોધ વ્યાપ્યો. તે વડોદરા ફરિયાદ કરવા જવા માટે તૈયાર થયા. ત્યારે શ્રીહરિએ તેમને સમજાવ્યા. જોબન પગી માટે તમે કશી કાર્યવાહી કરશો નહીં. હવે તેનું પરિવર્તન થવાની પળો પાકી ગઈ છે. બાપુભાઈ ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી જ રહ્યા. તેમના હૃદયમાં પૂર્ણ શ્રદ્ધા હતી, તેથી શ્રીહરિના પ્રત્યેક શબ્દ પર તેઓ પૂર્ણ વિશ્વાસ રાખતા હતા. તેથી થોડીવાર મૌન રહ્યા.

પછી વળીભગવાન શ્રીહરિએ કહ્યું, 'બાપુભાઈ ! ધીરજ રાખો. આ જોબન પગી એક દિવસ અમારો ભક્ત બની જશે ! એટલું જ નહીં પરંતુ 'ભક્તરાજ' બની અમારી તથા સંતો-ભક્તોની સેવા કરી તમારા ગામનું નામ આખાયે જગમાં પ્રખ્યાત કરશે..!'

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી બાપુભાઈ ગદ્‌ગદ થઈ ગયા ને ચરણોમાં પડી પગે લાગ્યા અને કહ્યું, 'હે પ્રભુ ! તો તો અમારા ધન્યભાગ્ય કહેવાય. કેમ કે, અત્યારે તો આ જોબન પગીનાં કાળાં કૃત્યોને કારણે કોઈ અમારા ગામમાં સારા માણસો સગાં થતાં નથી. પરંતુ આપ બોલ્યા કે, આને કારણે વડતાલ વિશ્વમાં પ્રસિદ્ધ થશે, તે ક્યારેય મિથ્યા નહિ થાય એવો મને વિશ્વાસ છે.'

મહારાજે બાપુભાઈને આશીર્વાદ આપી ભવિષ્યવાણી ભાખતાં કહ્યું, 'બાપુભાઈ, હવેથી જોબન પગીનાં કુકર્મો નિષ્ફળ થતાં જશે અને સદ્‌કર્મો સફળ થતાં જશે. અમને એની ખબર છે ! જોબન પગીને ઘોડી ચોરવામાં મળેલી આ નિષ્ફળતા જ તેને સદ્‌માર્ગે પ્રયાણ કરવાની શરૂઆત કરાવશે. હવે તે કોઈ પણ ખરાબ કાર્ય કરશે તો દરેક કાર્યમાં તેને નિષ્ફળતા મળશે. તેથી તે દિનપ્રતિદિન અંતરમુખી બનશે.'

• સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સત્સંગનું પોષણ :

જેતલપુરમાં એક દિવસ મહારાજે મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને કહ્યું, 'વડતાલમાં બહુ મુમુક્ષુઓ છે.' સંતો કહે, 'મહારાજ એ તો લૂંટારાઓનું ગામ કહેવાય છે.' ત્યારે શ્રીહરિ કહે, 'ત્યાં ઘણા સારા જીવો પણ જન્મ્યા છે. માટે તમે સત્સંગ કરાવવા માટે વડતાલ જાવ.'

દૈવી જીવ ઘણાક છે ત્યાંય, તે તો આવશે સત્સંગમાંય; કેટલાક અમે સમજાવ્યા, તેથી સત્સંગમાં તેઓ આવ્યા.
તમે જૈને કરો ઉપદેશ, તેથી આવશે અન્ય વિશેષ; અમદાવાદમાં અમે જાશું, પછી કચ્છને મારગે થાશું.

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦)

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી મંડળ સાથે વડતાલ આવ્યા. કુબેરદાસભાઈ પટેલને ઘેર ઉતારો કર્યો. ત્યાં નારાયણગિરિ બાવા નિત્ય કથા સાંભળવા આવતા. તેથી તેને સત્સંગનો રંગ લાગ્યો અને સ્વામી પાસે કંઠી બંધાવી સત્સંગી થયા. પછી એક દિવસ વિનંતી કરી, 'હે સ્વામી ! આપણે સાધુએ ગૃહસ્થના ઘરે રહેવું તે બહુ ફાવે નહીં. માટે જો તમને અનુકૂળ હોય તો માતાજીના મઠમાં આવો. ત્યાં હું એકાંત જગ્યા આપીશ. વળી, ત્યાં સત્સંગ થાય એવું મોટું ફળિયું છે. સત્સંગસભા સારી થશે. તેથી સહુને આનંદ આવશે.' ત્યારે સ્વામીએ હા કહી.

બીજે દિવસે વડેઉ માતાના મંદિરમાં સંતોએ ઉતારો કર્યો. સહુને ત્યાં ગમ્યું. સાંજે ત્યાં જ કથર-વાર્તા તથા કીર્તન-ભક્તિ કરી. માણસો સાંભળવા આવવા લાગ્યા. એક દિ' જોબન પગી પણ આવ્યા. સંતો ત્યારે રસોઈ બનાવતા હતા. થોડીવારે થાળ તૈયાર થયો એટલે ઠાકોરજીને થાળ ધરાવ્યો, સંતો જમ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ રાજી થઈને તે પ્રસાદી નારાયણગિરિ બાવાને તથા જોબનને આપી. સંતોના હાથની નિર્ગુણ પ્રસાદી તે બંને જમ્યા. તેથી તેનાં હૃદય નિર્મળ થયાં. સદ્‌વિચારો આવ્યા.

પછી મુક્તાનંદ સ્વામીએ સભા કરી. ઘણા માણસો સભામાં વાતો સાંભળવા આવ્યા. જોબન પગી પણ તે દિવસે કથા સાંભળવા બેઠા. પથ્થરને પણ પીગાળી નાખે એવી સ્વામીની વાતો સાંભળી અનેકના જીવનમાં અસર થઈ, તેથી તેઓની કસર ગઈ. ઘણા ભક્તો શ્રીહરિને શરણે થયા. સ્વામીએ તે ભક્તોને વર્તમાન ધરાવ્યા. ત્યારે તે ભેળા જોબન પગીએ પણ સ્વામી પાસે વર્તમાન ધરાવી કંઠી બંધાવી.

જેને સત્સંગ થયો તેનાં નામ આ મુજબ છે : વાસણ સુતાર, દાદાભાઈ, પ્રભુદાસ, વ્રજલાલભાઈ, થોભણદાસ, વાલાભાઈ, ભાઈજીભાઈ, વસનભાઈ, રાયજીભાઈ, દાજીભાઈ, ગોર વનમાળી, જોબન પગી તથા તેમના ત્રણેય ભાઈ સુંદરજી, શકરાજી અને દલાજી વગેરે સત્સંગી થયા. તેમ જ બામરોલીના તખાપગી પણ સત્સંગી થયા. આમ જોબન પગીએ મુક્તાનંદ સ્વામીને ગુરુ કર્યા; પણ તેમના પાપને તોડવા હજી મોટી સુરંગની જરૂર હતી. કેમ કે, બહુ ઝાઝાં પાપ કર્યાં હતાં તેથી તેને સદ્‌રસ્તે ચઢતા ઘણીવાર લાગે. પરંતુ સારા સંગની અસર તો જરૂર થઈ. જોબન પગીને મુક્તાનંદ સ્વામીનો ગુણ આવ્યો ત્યાં તેનું હૈયું નિર્મળ બની ગયું.

• ડભાણ યજ્ઞમાં લૂંટનું આયોજન :

એક દિવસ જોબન પગી વડતાલમાં પોતાના સાથીદારો સાથે અલક-મલકની વાતો કરતા હતા અને પોતાનાં પરાક્રમો સહુને કહેતા હતા. લૂંટવાના નવા પ્લાનો ઘડતા હતા. એવામાં મહિસાગરના કિનારે રહેનારો તેમનો બાતમીદાર લાખો વડગામો વગડામાંથી રૂડિયા રખડુને સાથે લઈને બાતમી આપવા આવ્યો. તેણે ડાયરામાં બેઠેલા જોબન પગીને કહ્યું, 'એક ખૂબ સારા સમાચાર છે. શું છે લાખા ? ડભાણમાં સ્વામિનારાયણ મોટો જગન કરે છે. તેમાં દેશોદેશથી હજારો શેઠ-શાહુકારો આવવાના છે, એવી ખબર મળી છે. અને તેઓ તેના ભગવાન માટે અનેક પ્રકારનાં કિંમતી વસ્ત્ર-ઘરેણાંઓ લાવશે. મોટા રાજા-રજવાડા જેવો માહોલ સર્જાશે.'

ત્યાં તો જોબન પગી વચમાં જ બોલી ઉઠ્યા, 'લાખા ! તો તો કાઠિયાવાડના કાઠી દરબારો પણ આવશે. ખરુને !' 'હા હા બાપુ. એના ભગવાન જગન કરતા હોય અને એ લોકો લાભ લીધા વગર થોડા રહે ?' જોબન કહે, 'અલ્યા ! તો તો મારું કામ થઈ જાહે.' બાપુ ઈ વળી તમારું શું કામ ? 'અલ્યા બધા સાંભળો. મારા મનમાં એ બાવાની ઘોડી ચોરવાનો સંકલ્પ છે. ઈ કેવા ચમત્કારી છે ઈ મારે જાણવું છે ! બધા લોકો એને ભગવાન કહે છે. મારે એનું ભગવાનપણું જોઈ લેવું છે. અને વળી કાઠિયાવાડના કાઠિ દરબારો આવશે તો એ પણ ભારે કિંમતી ઘોડા લાવશે. એ તમે બધા ચોરજો. પણ મારે તો ઈ સ્વામિનારાયણની માણેકવર્ણી માણકી ઉપર નજર છે.' આ બધી વાતો સાંભળી બધા લૂંટ કરવાના ઉમંગથી આનંદમાં આવી ગયા. અને તરત પોતાની લુટારુંમંડળી બોલાવી. તે બધા આવ્યા પછી સહુએ મળી લૂંટની મંત્રણા આદરી. એકબીજા પોતપોતાની બુદ્ધિ, ચાતુરી પ્રમાણે માંડ્યા વ્યૂહરચના ઘડવા.

લાખો કહે, 'પંદર દિવસનો જગન ચાલનારો છે; જો સાવધાન થઈને લૂંટફાટ કરશું તો ખૂબ માલ મળશે.' ત્યારે એક કહે, 'સાંભળો જોબન બાપા ! મેં વાત સાંભળી છે કે, સ્વામિનારાયણે આમાં ખૂબ બંદોબસ્ત કરેલો છે. અંગ્રેજ સરકારના સિપાઈઓ અને ઘોડાસરના રાજા જાલમસિંહ વગેરે અહીં આ યજ્ઞની ચોકી માટે આવેલા છે.'

તે સાંભળી જોબન કહે, 'વાત સાચી છે. જે ચોરવા જાઓ તે સાવધાન રહેજો. કોઈ પકડાઈ જાશો તો એની જવાબદારી મારી નહીં અને સાંભળો, મારે તો માત્ર સ્વામિનારાયણની માણકી ઘોડી ઉપર થાપો મારવો છે. કેમ કે, મારે તેમની પરીક્ષા કરવી છે.

તમારે તો પોટલાં, દાગીના વગેરે જે લૂંટવું હોય તે લૂંટજો; પણ ત્યાં તમારા કહેવા પ્રમાણે ઘોડાસરના રાજા જાલમસિંહ દશ હજાર ભીલોને લઈ તીરકાંમઠા સાથે આવવાના છે. માટે કોઈ ત્યાં ધીંગાણું કરતા નહીં. પેટલાદ કે આણંદ જેવું અહીંયાં નથી. મારામારી થશે તો આપણા ઓછા થશે અને એનું ઉપરાણું હું નહિ લઈ શકું. માટે વેશપલટો કરી સહુ જાજો. હું પણ ગુપ્તવેશે લાગ આવે ત્યારે સ્વામિનારાયણની માણકી ચોરવા સમયસર આવી પહોંચીશ. જે માલ મળે તે મહિસાગરની કોતરોમાં આપણી ચાડીકાની જગ્યામાં પહોંચતો કરજો.'

આવી બધી ચર્ચા ચાલતી હતી એમાં જોબન પગીએ લાખા વડગામાને અને રૂડિયા રખ્ડુંને આજ્ઞા કરી કે, 'અલ્યા તમે બંને જાવ. પશુ, પંખી મારીને હમાચો ભરીને લઈ આવો. આ ડાયરાને કાંઈક સારું તો ખવરાવવું પડશેને ! અને આજ તો શુભ સમાચાર આવ્યા છે માટે કાંઈક અનેરો જલસો કરીએ. માટે જલ્દી જઈ તમે જેટલા જડે એટલા પશુ, પક્ષીને જટ મારીને થેલા ભરી લાવો.'

• લાખા વડગામાએ પોતાનું વૃત્તાંત કહ્યું :

ત્યારે લાખા વડગામાએ કહ્યું, 'પણ જોબનબાપા ! હવે હું જીવડા નથી મારતો. મેં નિ'મ લીધું છે.' 'અલ્યા કાગડા ! તું કે દિ' ભગત થ્યો ? તું અને વળી નિયમ !' એમ હસતાં હસતાં જોબન પગીએ કહ્યું. ત્યારે લાખો વડગામો કહે કે, 'બાપુ ! આ તો એક દશકા પહેલાની વાત છે. ઈ... માથે ભૂરી જટાવાળા બાલુડા જોગી... ! આશરે સોળસત્તર વર્ષની ઉંમરના હશે.. આવા બાલુડા જોગીની મૂર્તિ મને એવી ને એવી સાંભરે છે હો...'

ત્યારે જોબન પગી કહે, 'અરે બહારવટિયા ! આ કઈ કથા આદરી તેં ? સાનામાના ઝટ તું ને રૂડિયો રખ્ડું ઉપડો. આપડે વળી નિ'મ શેના ? નિયમ-ફિયમ નેવે મૂકો; જાવ ! પશુ, પંખી મારી આવો.' 'અરે ! જોબનબાપા મારી પૂરી વાત તો સાંભળો. આ નિયમ મેં મારી મેળે નથી લીધું. મને ઈ બાલુડા જોગીએ આપ્યું છે. માટે ઈ નિયમ તો મારાથી નથી તોડી શકાય તેમ.'

ત્યારે જોબન કહે, 'ઈ જોગી વળી તને ક્યાં ભટકાઈ ગ્યા ? જરાક વિસ્તારથી વાત તો કર.' એમ કહી અન્ય ભીલો સાથે રૂડિયાને શિકાર માટે મોકલ્યો. અને લાખાને પોતાની પાસે રાખ્યો. પછી તે કહે, 'તો સાંભળો જોબનબાપા અને બધો ડાયરો' એમ કહી લાખે બાલા જોગીની વાત આરંભી.

'આજથી ૧૦ વર્ષ પહેલાની વાત છે. એટલે સં.૧૮૫૫ની સાલ ચાલતી. ફાગણ મહિનો હતો. દુષ્કાળનું વર્ષ હતું. ત્યારે એક દિવસ મેં સાબર નદીના શિકોતરને આરે નાનાં-મોટાં માછલાં માર્યાં. તેની જોળી ભરી, કાંધમાં ભરાવી, હું ગામ ભણી જતો હતો, ત્યાં એક બાલુડો જોગી મળ્યો. હજુ મુંછનો દોરો ફૂટુ ફૂટુ થઈ રહ્યો હતો, સુકલકડી કાયા હતી. પાસે ખભામાં એક જોળી હતી. બીજું ઓઢવા, પાથરવાનું કોઈ લુગડું નો'તું. એક લંગોટી વાળી હતી. હાથમાં માળા ફેરવતો, માથે ભુરી બાબરી હતી. તે જોગી મને સામો મળ્યો. એને જોઈ હું તેનાથી ચીલો તરીને આઘો હાલ્યો, એટલે તેણે મને જોઈને પૂછ્યું કે, 'લાખા ! જોળીમાં શું છે ?' તે સાંભળી મારા મનમાં થયું કે, 'આને મારું નામ કેમ આવડે ? હું તો તેને દીઠેય ઓળખતો નથી.

મારે તે મહાત્માને શું જવાબ દેવો ?' એમ વિચાર કરું છું. ત્યાં તો તે ફરીને બોલ્યા કે, 'કેમ લાખા..! તારી જોળીમાં માછલા છેને ?' મેં કહ્યું, 'હા બાપજી ! માછલા માર્યા છે.' સાંભળી તે કહે, 'તારા એક પેટ સારુ તેં કેટલાનાં પેટ ફોડ્યા ? આ પાપથી ક્યારે છૂટીશ ? કોળી તો શુદ્રમાં શ્રેષ્ઠ ગણાય.

કોળી તો કૈક ભક્ત થયા છે, તેના દિલમાં વિશેષ દયા છે; કેમ આટલાં મત્સ તેં માર્યાં ? ક્યાં તું છુટિશ કર્મ તે તારાં ?
આવા માર્યા તેં જીવ અનેક, લેશે વેર તે પ્રાણી પ્રત્યેક; અકરાકેર તેં કેમ કીધો ? ડર ઈંરનો તજી દીધો.
પ્રભુ પૂછશે તુજને જ્યારે, તું શો ઉત્તર આપીશ ત્યારે ? સૌને માથે નકી મરવાનું, નથી આંહીં સદા ઠરવાનું.

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

એવા એના તીર જેવા વેણ સાંભળી મારા નેણ ભીના થઈ ગયા. કઠણ કાળજું થરથર કંપ્યું. અને મેં હાથ જોડી કહ્યું, હે જોગીરાય !

આજ દેશમાં છે દુષ્કાળ, અન્ન મોંઘું છે દીનદયાળ; તેથી કર્મ હું આવું કરું છું, જેમ તેમ આ પેટ ભરું છું.

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

કહો હું આ પાપથી કેમ છૂટું ? આપ જેમ કહો એમ કરું. પણ મા-બાપ મારું સારું કરો. ત્યારે તે બાલાજોગી મને કહે કે, 'લાખા! જે કોઈ અન્નનો આહાર કરે છે તેને ઈશ્વર અન્ન જરૂર પુરું પાડે છે. જુઓને ! કોઈ વાણિયા, બ્રાહ્મણ ભૂખે મરે છે ? માટે મજુરી કર, ખેતી કર કે નોકરી કર પણ પાપ કરીશ નહીં. જો પાપ કરીશ તો તે તને મરવા ટાણે આડા આવશે, સુખી નહીં થા, પાપ કરીને પેટ ન ભરાય.'

આટલું સાંભળતાં હું મૂંઝાણો. હાથ જોડીને બોલ્યો કે, 'બાવાજી ! હવે આટલા બધા માછલાં માર્યા તેનું મારે શું કરવું ?' તે કહે પાછો હાલ નદી કાંઠે. અમે બંને નદી કાંઠે ગયા. નદીકાંઠે તેણે જોળી છોડાવી જોયું, તો તેમાં કોઈ માછલા વેંત વેંતનાં, તો કોઈ મોટાં-નાનાં હજારો માછલા મરેલા હતા. તેના સામું જોઈ બાલાજોગીએ નદીમાંથી પાણીની અંજલિ ભરી છાંટી. ત્યાં તો, તે બધાય માછલા જીવતા થઈ પાણીમાં ફટોફટ ઉછળી ઉછળીને પડવા મંડ્યાં. આવું પરભુ વિના કોણ દેખાડે ?

આ જોઈને હું તો આભો બની ગયો. પછી મેં કહ્યું કે, બાપજી, દિ' આથમવા આવ્યો છે માટે પાછા વળો ને મારે ઘેર વડગામમાં રાત રીયો. આગળ રસ્તો વસમો છે. અહીં પૂર્વમાંથી મહી નદી અને ઉત્તરમાંથી સાભ્રમતિ આવે છે. તે બંને અહીં સમુદ્રમાં ભળે છે. તેથી અહીંથી જવાનો રસ્તો નથી મળતો.

ત્યારે તે કહે કે, 'મારે ઉતાવળ છે, મારે હમણા જ સાંમે કાંઠે જાવું છે. મેં કહ્યું કે, બાપજી ! દરિયાની વેળ સામી ચઢતી આવે છે, ગાઉ અરધામાં પાણી સમથળ વાંસજાળ છે. વળી સામે કાંઠે 'જાળ' નામના વૃક્ષની જાડી છે. તેમાં મોટા વાઘ રહે છે. ને વળી અત્યારે દિવસ આથમે છે. ને આગળ ધોલેરા સુધી ઉજ્જડ છે. માટે બાપુ રોકાઈ જાવ, પાછા વળો.' તો તે કહે કે, પાછો નહિ વળું, પણ તું આજથી જીવડા નહિ મારવાનું નિયમ લઈને મારે પગે પાણી મેલ. મને તેનો ભરોસો થાતા મેં નદીમાંથી પાણીની અંજલી ભરી તેને પગે મેલ્યું ને કીધું કે, 'બાપજી ! આજથી હું હવે જીવડા નહિ મારું.'

તે સાંભળી તે રાજી થયા ને મને આશિષ દીધા કે, તું ભૂખે નહીં મરે. તને અન્ન, વસ્ત્ર પ્રભુ દઈ રે'શે. જા, આ શિકોતેરના મંદિરમાં ઉગમણે ખૂણે થોડુંક ખોદજે. ત્યાં માટલામાંથી જાર મળશે. રોજ જોઈએ એટલી લઈ જાજે. એમાંથી દળી ખાજો. વેચી મસાલા લેજો ને કાળ ઉતરજો. બીજા ગરીબ ગુરબાને પણ દેજે. પણ જોજે આ વાત બીજા કોઈને કહીશ નહીં. એમ કહીને જોગી ચાલતા થયા. ત્યારે મેં કહ્યું, 'અરે મારા પરભુ ! બસ તમે તો હાલ્યા. આગળ ઊંડી નદી ને વાઘ છે. પરભુ પાછા વળો. મારે ઘરે રાત રહો. મારો ગરીબનો રોટલો જમો.'

ત્યારે જોગી કહે, 'અમે નદીથી નથી ડરતા. અમે કંઈક મોટી નદી ઊતરીને આવ્યા છીએ અને વાઘ શું, કોઈ પણ હિંસક પ્રાણીની અમને બીક નથી. અમે ઘોર જંગલમાં એમની ભેળા જ સાત વર્ષથી ફરીએ છીએ. અમે નદી કેમ ઊતરીએ છીએ એ તમારે જોવું છે? તો જુઓ.' એમ કહ્યું. ત્યારે હું શિકોતેરને આરે ઊભો હતો.

ત્યાં તો ભરતી આવી હતી ભારી, તિથી પુનમની હતી સારી; રવિ આથમ્યો પશ્ચિમ પાસે, થયો ચંદ્રનો ઉદય આકાશે.
ઘણા ઘૂઘવે નદિઓના નિર, છૂટે ધીરજવાનની ધીર; મોજા આવે છે જોર કરીને, જાણે સ્પર્શવા ઇચ્છે હરીને.

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

જોર જોરથી મોજા આવતા હતા. જાણે કે બાવાજીના પગ પખાળવા ઉતાવળા ન થયા હોય ! દેડકા ને તમરા ચારેકોર બોલતા હતા. પાણીમાં મગરો ઉછળતી હતી. એવા તો કોણ હિંમતવાળા હોય કે આવે ટાણે જઈ શકે. ઓહોહો...

જોબનબાપા ! આજ એ વાતનો દશકો થયો છે પણ તે બાવોજી મારી નજરે તરે છે. પછી બાલાજોગી કહે કે, 'લાખા ! હવે તું મારી સામું જોઈ રાખજે, સામે કાંઠે જઈને આ ધોળું ગરણું છે તે વીંઝીશ એટલે જાણજે કે, સામે કાંઠે પહોંચી ગયા.' એમ કહીને તે તો પાણીમાં ચાલવા લાગ્યા. પણ જોબનબાપા ! હું શું કહું એ તો કમાનમાંથી જેમ તીર જાયને, તેમ તે પાણીમાં ચાલતા થયા. તેના કાંડા સુધી પગ પાણીમાં બુડતા જોયા ને આપણે જેમ છબછબિયા પાણીમાં ચાલીએ તેમ તે ચાલી સામે કાંઠે પહોંચી ગયા. અને તેમણે ધોળું લૂગડું વીંઝ્યું. તે મેં નજરોનજર જોયું. ને પછી તે અલોપ થઈ ગયા. એ જોઈ મારાથી બોલાઈ ગયું, 'અરે રે...હાથમાંથી પ રભુ ગીયા.' ઉપરની વાત સાંભળી જોબન કહે કે, 'લાખા, તેમ થયું હોય તો તે પરભુ ખરા.' લાખો કહે, 'મા સિકોતરીના સમ ખાઈને આ વાત કરું છું. એમાં એક વેણ ખોટું નથી. પણ મને અડધી નદીએ ગયા ત્યારે મગજમાં થ્યું કે, આ તો ભગવાન હાથમાંથી ગયા. હવે શું કરુ ? ગ્યા ઈ ગ્યા.

બાપા ! દશ વર્ષથી મારી આંખ્યું એને ગોતે છે. ક્યાંય એના દેખા થાતા નથી. એનો મેળાપ મને કોઈ કરાવી દેને તો મારું સર્વસ્વ એને ચરણે ધરી દઉં હો... ! જોબનબાપા ! એ તો ખરેખર પરભુ હતા. બસ ઈ મોટા પુરુષે મને નિયમ આપ્યું છે તે દિવસથી હું કોઈ જીવને મારતો નથી. આપ કાંઈ ખોટું નો લગાડતા. અને પછી મેં શિકોતેર માતાના મંદિરમાં જઈને જોગીના કહેવા પ્રમાણે ઉગમણા ખૂણામાં થોડી ધૂડ આઘી કરી ત્યાં એક માટલું નીકળ્યું. એનું ઢાંકણું લઈ અંદર જોયું તો સુંદર જુવાર જોઈ. પછી હું એમાંથી કાઢી જોળી ભરી ઘરે લઈ ગયો. એમાંથી વેચીને ઘી, ગોળ, મીઠું, મરચું વગેરે મસાલા લીધા. અને બાકીની દળીને રોટલા કર્યા. આ રીતે કાયમ ખૂટે એટલે ત્યાંથી જુવાર કાઢી જાતો. અમે આખું કુટુંબ એમાંથી જ ગુજરાન ચલાવતા. અને કેટલાય બીજા ગરીબને

પણ એમાંથી મેં મદદ કરેલી. આમ, ઈ જોગીએ અમને વગર પાપે ને વગર મહેનતે કાળ ઊતરાવ્યો.

પણ ઈ જોગીએ ચોખ્ખી ના પાડી હતી એટલે મેં કોઈને વાત નો'તી કરી. જેવો કાળ વિત્યો કે તરત જ ત્યાં માટલી કે જુવાર કાંઈ દેખાણું નહીં. બોલો જોબનબાપા ! આ પરભુ ખરા કે નહીં ?' 'હા લાખા હા. પરભુ ખરા હો... પણ તને ને મને ઈ હવે ક્યાં મળે? મનેય એક એવા જોગી મળ્યા'તા હો... એનેય લગભગ ૧૦ વર્ષ થયા છે. કદાચ એ જ તને મળ્યા હોય કે બીજા ? પરભુ જાણે. પણ હવે એને ક્યાં મળાય ?'

આમ ડાયરામાં વાત ચાલતી હતી ત્યાં રૂડિયો રખ્ડું અને બીજા ભીલો ઘણાય પશુ, પક્ષીને મારીને હમાચા ભરીને ત્યાં આવ્યા. પછી ભેળામળીને બધાએ જલસો કર્યો. ઉપર દારુ ઢીંચ્યો. આવી હતી આ જોબન પગીની મંડળી. પછી વ્યવસ્થિત આયોજન કરી તેઓ સર્વે ડભાણ યજ્ઞમાં ચોરી કરવા માટે પહોંચ્યા.

• ડભાણ યજ્ઞમાં જોબનપગીનું પરિવર્તન :

આ બાજુ શ્રીહરિ ડભાણમાં યજ્ઞ કરી રહ્યા છે. તે યજ્ઞ વિશ્વમાં જોટો ન મળે એવો ભવ્ય મોટો થઈ રહ્યો હતો. રોજે હજારો મણ ઘીના લાડુ બ્રાહ્મણો જમે છે. સેંકડો મણ ઘીની આહુતિઓ યજ્ઞનારાયણને અપાય છે. સર્વત્ર માનવ મહેરામણ ઊમટ્યો છે. આ યજ્ઞમાં જ શ્રીહરિએ પોષ સુદ બીજને દિવસ બદરિકાશ્રમથી આવેલા શતાનંદ સ્વામીને દીક્ષા આપી. વળી અનેકને સમાધિઓ કરાવે છે. અનેક પ્રકારે પ્રતાપ દેખાડે છે. તેથી સહુના હૈયે ખૂબ આનંદ છે. શ્રીહરિ નિત્ય નવા શણગાર સજે છે, સહુને દર્શન આપે છે. આ રીતે પાંચ-છ દિવસ જતાં જોબન પગી શ્રીહરિની માણકી ચોરવા માટે છૂપા વેશે આવ્યા.

ગામ બહાર યજ્ઞશાળા હતી. તેથી દક્ષિણમાં ઘોડાઓને બાંધવાની ઘોડશાળ હતી. તેમાં પ્રથમના જ ખીલે ભગવાન શ્રીહરિની સવારીની માણકી ઘોડી બંધાતી. તે પછી કાઠી દરબારોના જાતવાન ઘોડા બંધાતા. તે ઘોડશાળ પાછળ આંબાઓનું આંબાવાડિયું હતું. તેમાં એક મોટો બે થડિયાવાળો ઘેઘુર પાંદડાથી ઘેરાયેલો આંબો હતો. જે ડભાણિયા આંબા નામે ઓળખાતો હતો. એ આંબાની ઘાટી છાંયામાં જોબન પગી વેશપલટો કરી રાત્રે સંતાયા અને બાજુના આંબાઓમાં તેના ભાઈઓ સંતાયા. બરાબર અરધી રાત થઈ ત્યારે ઘોડશાળમાં જઈ ઘોડા ચોરવાનો વિચાર કર્યો. જ્યાં ઘોડશાળમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં ભગવાન સ્વામિનારાયણની તેજસ્વી મૂર્તિ તેના જોવામાં આવી.

અને એવા દર્શન થયા કે, શ્રીહરિ પોતાની ઘોડીના બરડા માથે હાથ ફેરવી નીરણ પગેથી સંકોરે છે. તેથી જોબન એકદમ દૂર જઈ સંતાઈ ગયો. અને ફરીને એક કલાક પછી પાછો ત્યાં આવ્યો. ત્યાં શ્રીહરિ ઘોડીને ખરેરો કરે છે. એ જોઈ વળી દૂર જઈ છૂપાયો. ને પછી મનમાં વિચાર થયો કે શું આટલી મોડી રાત્રે સ્વામિનારાયણ સુતા નથી ? ને ખરેખર અહીંયા આવ્યા હશે ! માટે એને ઉતારે જઈ તપાસ કરી આવું. એમ વિચારી લુકાંજન આંજી (લુકાંજન નામનું અંજન થાય છે તે આંજવાથી તેને કોઈ જોઈ શકે નહીં પણ પ ોતે બધું જુએ) ભગવાન શ્રીહરિ જ્યાં પોઢ્યા હતા ત્યાં આવીને ખાતરી કરી તો શ્રીહરિ પલંગ ઉપર માથે વસ્ત્ર ઓઢી ભર નિદ્રામાં આરામ કરે છે. અને ઢોલણીની બંને બાજુ બે પાળાઓ ચોકી કરતા.

તે અંગરક્ષકો હથિયારબંધ જાગૃત બેઠા છે. આ જોયું. એટલે જોબન પગી ત્યાંથી તરત પાછા વળી ઉતાવળે પગે ઘોડશાળમાં આવ્યા. ને જ્યાં ઘોડી નજીક આવે છે ત્યાં ભગવાન શ્રીહરિ ઘોડીને જોગાણનો તોબરો ચડાવે છે. (પાવરામાં દાણા ભરી પાવરો મોઢે બાંધી ખવરાવે તે) આ રીતે જોબન પગીએ સાત વખત ઘોડી ચોરવાનો પ્રયાસ કર્યો. સાતેય વખત ઘોડી પાસે આવે ને પાછા સંતાય જાય. ત્યાં સવાર થઈ ગયું.

બીજે દિવસે પણ તેમ જ દર્શન થયા. અને બે દિવસ અને બે રાતથી તેઓ ક્યાંય નિરાંત કરીને બેઠા નહીં. છતાં મહારાજની ઘોડી તો શું પરંતુ એક પણ ઘોડી તેના હાથમાં ન આવી. તેથી તેના અંતરમાં અફસોસ સાથે ઉચાટ વધવા લાગ્યા. ધારી ધાડ પાડનાર, રજવાડામાંયે રાડ મચાવનાર અને આજ સુધી ક્યાંય નિષ્ફળ ન ગયેલા જોબન પગી વિચારે ચડી ગયા. આ શું ?? પરંતુ જો હું આજે ઘોડી લીધા વિના પાછો જાવ તો માની કૂખ લાજે, હું માને પેટ પાણો પાક્યો ગણાવ.

આમ વિચારી પછી તો ત્રીજે દિવસે તેમણે જબરો મરણિયો પ્રયાસ કર્યો. અને વળી વિચાર્યું કે, 'સ્વામિનારાયણની ઘોડી નહીં તો બીજા ઘોડામાંથી બે-ચાર ઘોડા તો છોડી જ લેવા છે.' એમ નક્કી કરી અરધી રાત્રે ચારેય ભાઈઓ આંબાવાડિયામાંથી ઘોડશાળમાં આવ્યા. ત્યાં તો ચારેય જણાને ભગવાન શ્રીહરિના ઘોડે ઘોડે દર્શન થયા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી શ્રીભક્ત ચિંતામણિમાં લખે છે.

લાખો લોકો ભેળા થયા, નીરખવા નયણે નાથ, તેમાં નર તસ્કરા, આવ્યા'તા નાખવા હાથ.

જોયા સરવે સંઘને, ખબડદાર દીઠા ખરા, પછી અશ્વ ઉપરે, આવી તાંકિયા તસ્કરા.
ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા, નયણે નિદ્રા નવ કરી, આવીને જુએ અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દિઠ્યા હરિ.

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૫૯)

જ્યારે જોબન પગી પોતાના ચારેય ભાઈઓની સાથે ઘોડા ચોરવા ગયા ત્યારે દરેક ઘોડે ભગવાન શ્રીહરિ જુદી જુદી ચેષ્ટાઓ કરી રહ્યા હતા. શ્રીહરિ કોઈ ઘોડાને ખરેરો કરે તો કોઈને માલિશ કરે છે, કોઈને જોગાણ માટે મુખે પાવરો ચડાવે તો કોઈને પાણી પાય છે, કોઈ ઘોડાને ચારો નાંખે છે તો કોઈને બરડે હાથ ફેરવે છે, કોઈ ઘોડાને કેશવાળી સરખી કરે છે તો કોઈને વહાલ કરી પંપાળે છે.

આ રીતે જુદા જુદા વેશમાં શ્રીહરિ અદ્‌ભુત કાંતિથી શોભી રહ્યા હતા. શ્રીહરિનાં આવાં અલૌકિક દર્શન થતાં જોબનનું મન વિભ્રાંત થઈ ગયું. તે આંખો ચોળવા લાગ્યો. આ શું ?! સ્વામિનારાયણ ઘોડે ઘોડે દર્શન દે છે તે સત્ય છે કે સ્વપ્ન છે ?? પછી કોઈ ન ભાળે તેમ ત્યાંથી તે નીકળી ગયા. યજ્ઞશાળામાં જઈને જોયું તો ત્યાં પણ શ્રીહરિનાં દર્શન થયાં. પછી સભામંડપમાં જઈને જોયું તો ત્યાં પણ શ્રીહરિ અમુક સંતાર-ભક્તો સાથે રાત્રીએ વાતો કરતા હતા. ત્યાંથી રસોડામાં જઈને જોયું તો ત્યાં રસોઈયાઓને કામ ચીંધતા હતા. સંઘના ઉતારે આવીને જોયું તો શ્રીહરિ સહુ ભક્તોને સમાચાર પૂછતા હતા અને કહેતા હતા કે 'કેમ ઉતારા સરખા મળ્યા છેને..?'

પૂછે સંઘમાં કુશળક્ષેમ, બોધ સભામાં આપે છે એમ; જોતું કરતું પૂછે રસોડે, ઘૃત હોમે છે બ્રાહ્મણ જોડે.

આમ સર્વત્ર મહારાજનાં દર્શન થયાં. જેમ કૃષ્ણ ભગવાને ગોપીઓને રાસ રમાડી ત્યારે એક ગોપી ને એક કાન; એમ અનેક રૂપ લીધાં હતાં, એ જ રીતે મહારાજે જોબનને ઘોડે ઘોડે દર્શન આપ્યાં. એટલું જ નહીં એના સાગરીતો હતા તેને પણ જ્યાં પોટલું લેવા જાય ત્યાં પ્રભુનાં દર્શન થાય. શ્રીહરિ ખોખારો ખાય અથવા મંદમંદ હસે. આવો મહારાજનો પૌઢ પ્રતાપ જોઈ તેમનો ગર્વ ગળી ગયો. જોબન પગી, તેમના ભાઈ સુંદરજી વગેરે તથા સાથીદારો અચંબો પામી ગયા.

સુંદરજી કહે, ''મોટા ભાઈ ! જ્યારે તમે બાપુભાઈને ઘેર ઘોડી ચોરવા ગયા ત્યારે મેં કહ્યું હતું કે, 'આ મનુષ્ય નથી પરમેશ્વર છે.' માટે તેને છંછેડાય નહીં. હજી કહું છું 'જ્યાંથી ગુના છૂટવાના હોય ત્યાં આપણે ગુના કરીએ છીએ; પરંતુ ઝાઝું ડા'પણ ડોળવું સારું નથી.' હવે ચોરીનું કામ બંધ કરીએ અને સવારે સ્વામિનારાયણના પગમાં પડીએ તો સારું.'' આ વાત સાંભળી જોબન પગીના હૃદયનો પલટો થયો. સર્વત્ર ભગવાન શ્રીહરિનાં દર્શનથી બધી ભ્રાંતિ ટળી ગઈ.

• જોબનપગીએ ભગવાન શ્રીહરિનું શરણું સ્વીકાર્યું :

સં.૧૮૬૬, પોષ સુર-૧૦ને દિવસે સવારે જોબન પગી તેના ભાઈઓ સાથે સભામાં આવ્યા. મહારાજે હેતથી બોલાવ્યા અને કહ્યું, 'બહુ ઉજાગરા કર્યા; છતાં એકેય ઘોડું ન ચોરાણું ? અમારી પાસે માગ્યું હોત તો અમે વગર ઉજાગરે ઘોડું આપી દેત. માટે ચોરી ન કરો તો સારું.' આ વાત સાંભળી જોબનના અંતરમાં ઝબકારો થયો. શ્રીહરિ થોડીવાર તેની સામું અમીદૃષ્ટિથી જોઈ રહ્યા. પછી લાડુ મંગાવ્યા. ભગુજી જલ્દી લાડુ લાવ્યા. શ્રીહરિએ માન આપી તેમને જમાડ્યા.

મહાપ્રભુ છે કેવા ઉદાર, ચોર ચોરનો જે સરદાર; લાડુ આપી કર્યું બહુ માન, એવો કોણ બીજો ભગવાન.
એવો કોણ છે ક્ષમાનિધાન, અપરાધીને આપે જે માન; એનું શરણ જે ન સ્વીકારે, તેને વેદ પુરાણ ધિક્કારે.

શ્રીહરિએ જોબન પગીના ચોરી કરવાના ઘાટ કહ્યા તથા શ્રીહરિની કરુણા જોઈ તેને અંતરમાં ખૂબ પસ્તાવો થયો. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. ઊભા થઈ તે દંડવત કરવા લાગ્યા.

ભગવાન શ્રીહરિ સં.૧૮૫૫માં વર્ણિવેશે મળ્યા હતા ત્યારે ચેતવણી આપી હતી. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નામ તેણે સાંભળ્યું હતું વળી મુક્તાનંદ સ્વામીએ પણ વર્તમાન ધારણ કરાવીને કંઠી બાંધી હતી. પરંતુ આજ પોતાના અપરાધોનો સ્વીકાર કર્યો. અનેકને રડાવનારો જોબનપગી આજ શ્રીહરિના ચરણોમાં પડી ચોધાર આંસુએ રડી પડ્યો. નીતરતાં નેત્રે પ્રાર્થના કરતાં કહ્યું,

હે નાથ છો સમર્થ સર્વ વ્યાપ, જોઈ લીધો મેં નજરે પ્રતાપ; હતો મને સંશય સ્વલ્પ જેહ, ટળી ગયો તર્ક તમામ તેહ.
જાણ્યા હતા અન્ય મનુષ્ય જેવા, તેથી કર્યું અશ્વ ઉઠાવી લેવા; ઇચ્છ્યો હતો આપ તણી પરીક્ષા, મળી ગઈ સદ્ય સમગ્ર શિક્ષા.
કર્યું કસોટી કરવા કુકર્મ, જાણી લીધો પ્રૌઢ પ્રતાપ પર્મ; દેવો કરે વંદન મોક્ષ કાજે, એનો કર્યો મેં અપરાધ આજે.

હે ભગવાન ! મેં અપાર કુકર્મો કર્યા છે. બહુ લૂંટફાંટ કરી છે. મેં કેટલાયનાં મોત કર્યા છે. ગણી ન શકાય એટલા બધા પાપ કર્યા છે. એવો હું અપાર પાપી છું. પરંતુ હે શરણાગતવત્સલ ! આજ હું પાપનો પહાડ આપને શરણે આવ્યો છું. મને ક્ષમા કરો... ક્ષમા કરો... તમારા વિના મારો કોઈ તારણહાર નથી. આપ અધમઉદ્ધારક છો, અશરણશરણ છો. સર્વનું કારણ છો. સર્વના સાચા માતા-પિતા છો. છોરું કછોરું થાય પણ માવતર કુમાવતર ન થાય. એ ન્યાયે મારી રક્ષા કરો. મેં બહુ મોટી ભૂલ કરી છે. જ્યાંથી

ગુના છૂટવાના હોય ત્યાં મેં ગુના કર્યા છે. મારા અપરાધો માફ થાય એવા તો નથી જ. છતાં લળી લળી પગે પડી વિનંતી કરું છું, મારા અપરાધો માફ કરો. હે નાથ ! દયા કરીને મને ઉગારો.

જે જે જનને શર્ણ લીધું સ્વીકારી, તે કોઈની કર્ણી નથી વિચારી; આપ્યું અભેદાન બિરુદ ધારી, એવું ગણી નાથ લિયો ઉદ્ધારી.
એમ જોબને પાપ પોકારી, શુદ્ધ ભાવેથી સ્તુતિ ઉચ્ચારી; સુણી રાજી થયા ભગવાન, લૂંટારાને આપ્યાં વ્રતમાન.

જોબન પગીએ પોતાના ગુના સ્વીકાર્યા. પાપનો પશ્ચાતાપ કર્યો તેથી ભગવાન શ્રીહરિ રાજી થયા. તેમને શરણે લીધા. પછી શ્રીહરિએ બ્રહ્મચારી પાસે પાણી મંગાવ્યું. અને જોબનના હાથમાં પાણી આપ્યું ત્યારે વળી જોબનને એવા વિચારો આવ્યા કે, અરેરે! હું મહાપાપનો પહાડ છું. અને આ સ્વામિનારાયણ ભગવાન મને વર્તમાન ધરાવશે તો એમની પણ આબરુ ઓછી થશે. કેમ જે, મારા જેવા કાળપ ભરેલાને જે પડખે રાખે એય કાળા તો ચિતરાય જ. એમ વિચારી જોબન પગી કહે કે, ' રહેવા દ્યો પરભુ રહેવા દ્યો. મને તમારો ભગત કરવાનું રહેવા દ્યો. મને વર્તમાન ધરાવીને સત્સંગી કરવો રહેવા દ્યો. કારણ કે મેં એટલાં બધાં પાપ કર્યા છે કે સૂર્યનારાયણના તેજને ઝાંખુ કરી નાંખે એવું આપના મુખનું તેજ છે, આપના સત્સંગની આબરુ છે, તે મને વર્તમાન ધરાવી મારું પાપ લેશો, મને તમારા ભેળો ગણશો તો તમારા મુખનું તેજ, સત્સંગની શોભા નાશ પામશે.'

આવું જોબન પગીનું વચન સાંભળીને શ્રીહરિ કહે કે, 'પગી ! તમારું પાપ મારે શી ગણતીમાં છે ? હું અનંતકોટિ બ્રહ્માંડનું પાપ લઉં તોપણ મારા મુખનું તેજ ઝાંખું પડે નહિ. મારા સ્થાપેલા સત્સંગને ઉની આંચ આવે નહીં. મારે તો તમે ભલે ગમે એટલા કાળા હો તોપણ ધોઈને ધોળા કરવા છે. મારે શરણે આવ્યા એટલે મારી ફરજ થઈ ગઈ કે મારે તમને તમામ પાપથી, સંતાપથી, ભયથી ઉગારવા જ જોઈએ. મારે મારા સત્સંગની કે મારી આબરુની ચિંતા ન કરવી જોઈએ. મારે તમારું જ ભલું વિચારવું જોઈએ.' એમ કહી તેને વર્તમાન ધરાવી કંઠી પેરાવી સત્સંગી કર્યા.

જોબનપગીને પણ શ્રીહરિએ ભગત કર્યો. આ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા છે.' પછી શ્રીહરિ કહે, 'હવે પંચવર્તમાન પાળજો; દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર તજવા તથા વટલવું-વટલાવવું નહીં આ નિયમ રાખજો.' જુગાર રમવો નહિ વગેરે સત્સંગીના બીજા ધર્મ પણ સમજાવ્યા. ત્યારે જોબને હાથ જોડીને કહ્યું કે, 'હે મહારાજ ! આજથી હું એ નિયમને તો શિરસાટે પાળીશ, પણ એકવાર કૃપા કરી આ લુંટારાનું ઘર પાવન કરો. વડતાલમાં પગલાં કરો. મારે આંગણે સભા કરો. આ તપોમૂર્તિ, બ્રહ્મની મૂર્તિ એવા સંતો સાથે પધારી અમારે આંગણે ઉત્સવ કરો.' શ્રીહરિએ તેમની મનોભાવનાને સ્વીકારી અને કહ્યું, 'જોબન પગી ! ચિંતા ન કરો, અમે તમારે ત્યાં ચોક્કસ આવશું.' આવું વરદાન આપ્યું. આમ જોબન પગી, શકરો પગી, સુંદર પગી, દલો પગી વગેરે ચારેય ભાઈઓ ભગવાન શ્રીહરિના આશ્રિત થયા.

● લાખો કોળી તથા નારાયણગિરિ બાવા સત્સંગી થયા :

જોબન પગીને શરણે લીધા બાદ ભગવાન શ્રીહરિએ સભા સામું જોયું, ત્યાં તો લાખા વડગામાને જોયો. તેથી કહે, 'કેમ લાખા! કાંઈ ઓળખાણ પડે છે ?' ત્યારે લાખાને દશ વર્ષ પહેલા આ જ રીતે 'લાખા ! જોળીમાં શું છે ?' એમ લાખા સંબોધન, એ જ અવાજ, એ જ મીઠાશ મગજમાં સચેત થયા કે, ત્યારે પણ આ જ રીતે અચાનક જ એ અજાણ્યા જોગીએ અંતર્યામીપણે મારું નામ જાણી મને સંબોધન કર્યું હતું. આ એ જ હશે ! પણ એ તો બાલાજોગી હતા ! અને આ તો ... આમ જ્યાં વિચારે છે, ત્યાં ફરીવાર શ્રીહરિએ કહ્યું, 'કમે લાખા ! કાંઈ ઓળખાણ ન પડી ?' ત્યારે લાખો કહે, 'ક્યાંક જોયા હોય એવું તો લાગે છે. ક્યાંક તમારો અવાજ જાણીતો છે.'

'હે લાખા ! માછલાં સજીવન કરી પાણીમાં નખાવ્યા હતા અને પૃથ્વીની જેમ પાણી ઉપર ચાલ્યા હતા, એ જ અમે છીએ.' મહારાજની આ વાત સાંભળતાં જ લાખા કોળીની અંતરઆંખ ઊઘડી ગઈ. એને બધી સ્મૃતિ તાજી થઈ ગઈ. રાજાધિરાજ શ્રીહરિ અને વર્ણીરૂપ શ્રીહરિની આંખ્યો, મુખાકૃતિ અને આકૃતિ એક જણાણા. અને તરત જ 'અહોહોહો...! ગયેલા ભગવાન આજ પાછા મળ્યા. જોબનબાપા ! આ એ જ મૂર્તિ છે હો...! કે, જે મૂર્તિ પાણી ઉપર ચાલી હતી. આજ મને પ્રભુ મળી ગયા.'

એમ કહેતા ઊભો થઈને પ્રગટ પ્રભુના પગે બાઝી પડ્યો. પાઘડી પગમાં મૂકી રડતા નેત્રે બોલ્યો, 'હે નાથ ! તમે કૃપા કરીને દસ વર્ષે મારી સંભાળ લીધી. આજ હું ધન્યભાગ્યશાળી થઈ ગયો. અહો..! તે દા'ડાનો મારે તમને જમાડવાનો ભાવ હૈયામાં પડ્યો છે. મારું કાંઈક અંગીકાર કરો. મારા ઉપર દયા કરો.'

આમ વાત કરી ત્યારે શ્રીહરિએ નેત્ર દ્વારા અનુમતિ આપી એટલે તરત જ ગામમાં જઈ બશેર બરફી દુકાનેથી લઈ દોડતો આવ્યો. શ્રીહરિને અર્પણ કરી કહ્યું, 'મહારાજ ! મારા ગના માફ કરો. મારું કલ્યાણ કરો. આપે કહ્યું તે દિવસથી મેં હિંસા બંધ કરી છે. પણ હે પ્રભુ ! આ જોબનબાપાના કહેવાથી ચોરી કરતો હતો પણ હવે તો આજથી ચોરી વગેરે કુકર્મો પણ છોડી દઉં છું. માટે મનેય કંઠી

બાંધી તમારો ભગત બનાવો.'

ત્યારે શ્રીહરિએ તેને પણ વર્તમાન ધરાવી, નિયમ આપી સત્સંગી કર્યો. આ વૃત્તાંત જોઈને જોબનપગી તથા ત્યાં બેઠેલી આખી સભા આશ્ચર્યસાથે અશ્રુભીની આંખે શ્રીહરિની કરુણાભીની મૂર્તિને જોઈ રહી હતી. સહુના અંતરમાં ક્યાંય આનંદ સમાતો ન હતો. આમ શ્રીહરિએ ચરોતરમાં જોબન પગી, લાખા કોળી વગેરે ચોર, ડાકુઓને ભગત કર્યા, એ આખા પરગણામાં મોટો પરચો તે વખતે ગણાયો હતો. આ કાર્યથી હજારોનાં હૈયામાં શાંતિ અને સુખ થયું હતું. વડોદરા સરકાર તથા એના સુબાઓના મનમાં પણ સ્વામિનારાયણ ભગવાન પ્રતિ ભારે ભાવ જાગ્યો હતો. પછી સભા પૂરી થતા મહારાજ પોતાના ઉતારે પધાર્યા. સહુ સભાજનો પણ પોતપોતાને ઉતારે ગયા.

• બહાવટિયાના મિત્ર બાવા નારાયણગિરિ સત્સંગ થયો :

ડભાણના વિશ્વ પ્રસિદ્ધ મહાયજ્ઞમાં અનેક ગામોથી હજારો નરનારીઓ દર્શનાર્થે નિત્ય આવતા હતા. તેઓ દર્શન કરી આ બધો અલૌકિક માહોલ જાણી-માણી પરત પોતાને ગામ જતા ત્યારે જ્યાં જાય ત્યાં અને પોતાના ગામમાં આ મહાયજ્ઞના સૌની આગળ મુક્તકંઠે વખાણ કરતા હતા.

વડતાલથી પણ બાપુભાઈ વગેરે હરિભક્ત સમાજ તથા વડતાલ ગામના અનેક માણસો આ મહાયજ્ઞના દર્શને ડભાણ આવેલા. તેઓ પણ યથાનુકૂળ સમય ત્યાં રોકાઈ પરત જતા પોતાને ગામ અનેકને આ યજ્ઞની ખૂબ પ્રશંસા કરી અને જાણ કરતા હતા કે, 'એકવાર તો દર્શન કરવા જવું જ જોઈએ.' આવા બધા સમાચારોથી આકર્ષાઈને ઘણા બધા શ્રદ્ધાળુ, બીનશ્રદ્ધાળુ, જીજ્ઞાસુ, મુમુક્ષુ તથા કેટલાક તો હારેહારે આ યજ્ઞના દર્શને ઉમટ્યા હતા. એ જ રીતે જોબનપગીના લંગોટિયા મિત્ર બાવા નારાણગિરિ વગેરે પણ વડતાલથી ડભાણ મહાયજ્ઞના દર્શને આવ્યા.

ત્યાં તેમને જોબનપગી વગેરે મળ્યા. તેઓ નવા સત્સંગી થયા હતા, તે જાણ્યું. વાતચીતમાં જોબનપગીએ નારાણગિરિ બાવાને પોતે સત્સંગ સ્વીકારી સ્વામિનારાયણને શરણે થયા એ બધી વાત કરી. આ વાત સાંભળીને બાવા નારાણગિરિને અતિ આશ્ચર્ય થયું. તેણે કહ્યું, 'તમે પણ સ્વામિનારાયણની ઈન્દ્રજાળમાં ફસાઈ ગયા !' ત્યારે જોબનપગી કહે, 'બાવાજી ! એ તો પ્રગટ પરભુ છે. અંતરજામી નારાયણ છે, નહીં તો હું જોબન વડતાલો કોઈને નમી દઉં ખરો ?' એમ કહી પોતાને જે પરચો થયેલો તે વાત તેમણે વિસ્તારથી કહી બતાવી. નારાયણગિરિને જોબનપગીનો પૂરેપૂરો વિશ્વાસ હતો. બંનેના ખોળિયા જુદાં પણ જીવ એક હતો. એટલે તેને તે વાત તરત સાચી મનાણી.

પછી કહે, 'તો જોબનભાઈ ! મને પણ તે પ્રભુનો ભેટો કરાવોને ! મુક્તાનંદ સ્વામી તે દિવસે આપણને સાચું કહેતા કે, આજ ધરતી પર મનુષ્યાકારે મોરાર વિચરે છે. પણ તે'દિ આપણને મનાણું નહીં. માટે ચાલો આપણે હવે ફરી પ્રભુ પાસે જઈએ.અને જો તે સાક્ષાત્ ભગવાન જ છે તો તેને આપણે આંગણે પધરાવ્યા વિના હવે જાવા ન દેવાય હો..!' ત્યાં તો લાખો વડગામો બોલ્યો, 'સાચું કહો છો હોનારાણગિરિ બાવા ! એમને આપણે ઘરે પધરાવીને જમાડવા જોઈએ. ઈ તો મારેય મનસુબો છે.'

એટલે બાવાજી કહે, 'તું પણ ભગત થયો કે શું ?' ત્યારે જોબન પગી કહે, 'તે દિ' ડાયરામાં જે બાલુડા જોગીની આ વાત કરતો હતો એ જ તેને પાછા ૧૦ વર્ષે ભેટ્યા. પ્રગટ પ્રભુને ઓળખીને લાખે પણ મનખો સુધારી લીધો છે અને હવે બાવા તમારો વારો છે.'

જોબનપગીની તે વાત સાંભળી નારાયણગિરિજી તરત તૈયાર થયા. અને જોબનપગી વગેરે સાથે મળી શ્રીહરિને મળવા માટે ચાલ્યા. ચાલતા વચમાં નારાયણગિરિજી બોલ્યા જે, હું આ મારી ગોદડી બગલમાં સંતાડીને માથે લુગડું ઓઢીને ત્યાં પાસે બેસીશ અને તે ગોદડી જો મારી પાસેથી તે સ્વામિનારાયણ તાણી લઈને પોતે માથે ઓઢી લે, તો જાણું જે સ્વામિનારાયણ ભગવાન ખરા ! પ છી વર્તમાન લઈ સત્સંગી થાવ. હે જોબનપગી ! માત્ર તમારી વાતે કરીને હું સત્સંગી નહીં થાવ. તમે જેમ પરચો માગ્યો અને તમને પરચો આપ્યો, બહારવટિયાને બહારવટિયા જેવો આપ્યો તો મને મારા જોગો સ્વામિનારાયણ પરચો આપે તો જ મારે સત્સંગી થાવું છે. અને જો સ્વામિનારાયણ મને આવો પરચો આપે તો એને આપણે ઘેરે તેડ્યા વગર રહેવું નથી. રોઈ કરગરીને પણ સંતે સહિત એમને આપણે ગામ લાવી આપણે આંગણે ઝાઝું રોકવા છે અને પૂરો લાભ લઈ મનખો સફળ કરવો છે.'

ત્યારે જોબનપગી કહે, 'બાવા ! તમારોય મનોરથ પ્રગટ પ્રભુ પૂરો કરશે. ઝટ હાલો બાપા.' એમ વાતો કરતાં કરતાં ભગવાન શ્રીહરિ પાસે પહોંચ્યા ત્યારે સભામાં મહારાજ બેઠા હતા. જ્યાં તે લોકો તેમની પાસે પહોંચ્યા ત્યાં જ શ્રીહરિ તેમને જોતાવેંત બોલ્યા જે, "આવો નારાયણગિરિજી ! આંહિ આવો." ત્યારે તે મહારાજ પાસે જઈ પગે લાગીને બેઠા અને બોલ્યા જે, 'અમને તો આ જોબનેપગીએ બધી વાત કરીને આંહી સુધી પુગાડ્યા છે, તેથી આપના દર્શન થયા.'

ત્યારે મહારાજ કહે, "ભલે આવ્યા... અહીં સભામાં બેસો." ત્યારે તે સભામાં લુગડું ઓઢીને જ બેઠા. ત્યારે મહારાજ ઊઠ્યા અને નારાયણગિરિજી પાસે જઈને તેની કાંખમાંથી ગોદડી તાણી લીધી અને પોતે ઓઢીને પાછા પોતાને સ્થાને બેઠા. ત્યારે નારાયણગિરિજીએ તો પોક મૂકી, જોરજોરથી રડવા લાગ્યા. ત્યારે શ્રીહરિ કહે, "અરે બાવાજી ! આમ રુદન કેમ કરવા લાગ્યા ? અમે તમારા સંકલ્પ પૂરા કર્યા છતાં કેમ રડો છો ?" ત્યારે તે કહે, "આ બધાય સાધુઓને લઈને જો અમારે ઘેર પંદર દિવસ રહો તો હું રોતો છાનો રહું." ત્યારે શ્રીહરિ કહે, "ભલે બાવાજી ! અમે જરૂર આવશું."

ત્યારે નારાણગિરિએ કહ્યું, "હે મહારાજ ! અમારે ગામ સત્સંગ કરાવવા માટે આપે મુક્તાનંદ સ્વામીને મોકલ્યા હતા ત્યારે એણે અમને તમારો પ્રગટ પ્રભુપણાનો નિશ્ચય કરાવવા ઘણી વાત કરી હતી, પણ હું બાવો ને આ બહારવટિયો એકેય ગળેલા નહીં. પાછા અમે સૌની હારે ભગતવેડા તો કરતા જ. અને કંઠી પણ સ્વામી પાસે સૌની હારે હોરેહોરે બંધાવી લીધી હતી, પણ અંદર તો એકેયને કાંઈ ઉતરેલું નહીં હો ! આજથી મને તમારો પાકો નિશ્ચય થઈ ગયો છે માટે તમારે હાથે મને વર્તમાન ધરાવી કંઠી પેરાવો અને તમારો આશ્રિત બનાવો. હવે તમારી આજ્ઞા એ જ મારું જીવન હશે. તમને ગમતું જીવન જીવવા આજથી હું તમારી સાથે પ્રતિજ્ઞાબદ્ધ થાવ છું." આ વાત સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા અને હસતા હસતા બોલ્યા, 'બ્રહ્મચારી ! બાવા સારુ પાણી લાવો.' તરત બ્રહ્મચારી પાણી લાવ્યા. બાવાજીના જમણા હાથમાં જળ મૂકી શ્રીહરિએ વર્તમાનરૂપ નિયમ ધરાવ્યા. શ્રીહરિએ પોતાને હાથે કંઠી પેરાવી પોતાને શરણે વાસ આપ્યો.

ત્યારે નારાણગિરિ બોલ્યા, "હે મહારાજ ! હવે તમારા ભક્ત થયા માટે તમારી મોટાઈ અમને સારી રીતે સમજાય અને તમારા નિશ્ચયમાં ડગમગાટ ન થાય એવી કૃપા કરજો."

આ રીતે જોબનપગીના લંગોટિયા મિત્ર નારાયણગિરિ વગેરે ઘણા તેમના સાથીદારો સત્સંગી થયા. પછી જોબનપગી કહે, 'મહારાજ ! આ બાવાજીને સત્સંગ થયો તે બહુ સારું થયું. કેમ જે, તે તો ઘણાને સત્સંગ કરાવશે.' ત્યારે મહારાજ કહે, 'પગી ! આ નારાયણગિરિ તો અમને પામવા માટે બે-ત્રણ જનમથી દાન, પુણ્ય કરે છે. નારાયણગિરિ તથા તમે સહુએ મુક્તાનંદ સ્વામીને ગુરુ માન્યા છે. માટે હવે સહુ તે સંતો કહે તેમ કરજો.'

• ભગવાન શ્રીહરિને વડતાલ પધારવાનું આમંત્રણ આવવાનું છે :

પછી જોબનપગી વગેરે ફરીથી હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા, 'હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. માટે અમારા અપરાધ સામું જોશો મા અને કૃપા કરીને અમારે ઘેર પધારજો.' ત્યારે મહારાજ બોલ્યા કે, 'હે જોબનપગી ! તમે તો અમારા છો અને તમારે ઘેર આવ્યા વિના અમારે છૂટકો નથી; તમને અમે પ્રથમ વચન આપ્યું છે, પણ હમણાં તમે અમારી પાસે રહો ને સર્વે સંઘની ચોકી કરો.'

જોબનપગી હાથ જોડીને બોલ્યા જે, 'સારું મહારાજ.' પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'હે મહારાજ ! આ જોબનપગીને તમે ક્યારે વચન આપ્યું હતું ? તે તો આજ જ તમારે દર્શને આવ્યા છે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'જ્યારે અમે વનવિચરણ કરતાં કરતાં વડતાલના તળાવ ઉપર આવ્યા ત્યારે જોબન પગીએ અમને દેખ્યા હતા ને અમારા પગમાં પડ્યા હતા. અમને કહ્યું હતું કે, 'હે મહારાજ, તમે અહીં રહો. હું તમને એક ઓરડી બનાવી આપું અને જેમ તમે કહેશો એમ હું કરીશ.' ત્યારે અમે તેમને ના પાડી. એટલે જોબનપગી કહે, 'હે મહારાજ ! મને તમારો શિષ્ય કરો ને તમારી સાથે તેડી જાઓ.' તે વખતે અમે એમને વચન આપ્યું કે, 'અમે તીર્થ કરીને પાછા તમારે ઘેર આવીને રહીશું.'

પછી મહારાજ કહે, 'કેમ જોબનપગી, અમે વર્ણીરૂપે તમારે ત્યાં આવ્યા હતા ? એ વાત તમને સાંભરે છે ?' ત્યારે જોબનપગીની આંખમાં આંસુ આવી ગયાં અને બોલ્યા કે, 'હા મહારાજ ! હું તે દિવસનો તમારી વાટ જોતો હતો પણ હવે મેં તમને ઓળખ્યા.'

જજ્ઞ કર્યો જે ડભાણમાં, જમ્યા દ્વિજ હજારો હજાર; સર્વત્ર વાત પ્રસિદ્ધ થૈ, થયો જગમાં જયજયકાર.

(શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

આ રીતે શ્રીહરિએ અનંત જીવોના કલ્યાણ માટે મહાયજ્ઞ કર્યો. તેથી સર્વત્ર શ્રીહરિનો જયજયકાર થયો. આ યજ્ઞમાં રાજા-પ્રજાને માન્ય સાચા સિદ્ધ ને મહાજોગી એવા, મૂળ ગામ ઠીકરિયાના અને રણું ગામમાં સ્થાયી થયેલા પ્રભાતગિરિ બાવાને પણ એમના ગોદડી આદિના સંકલ્પો પૂરા કરીને શ્રીહરિએ પોતાના આશ્રિત કર્યા હતા.

સં.૧૮૬૬, પોષ સુદ પૂનમે યજ્ઞ પૂરો થયો. પછી સહુ ભક્તો શ્રીહરિ પાસે રજા લઈ પોતપોતાનાં ગામે જવા રવાના થયા.

• જોબનપગીનો સંશય ટાળવા અનેક સ્વરૂપે ભગવાન શ્રીહરિએ દર્શન આપ્યાં

ડભાણમાં યજ્ઞ પૂરો થયો તે સમે જોબનપગી, નારાયણગિરિ, બાપુભાઈ પટેલ, રણછોડદાસ, વાસણ સુથાર ને તખો પગી વગેરે ભગવાન શ્રીહરિ પાસે રજા લેવા માટે આવ્યા.

આ ભક્તોએ હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું, 'હે નાથ ! કૃપા કરી વડતાલ જલદી પધારજો.' મહારાજ કહે, 'તમે જાઓ, અમે આવીએ છીએ.' તેથી તે સહુ વડતાલના રસ્તે ચાલવા લાગ્યા. પરંતુ જ્યારે વડતાલ તરફ જતા હતા ત્યારે વળી રસ્તામાં જોબનપ ગીનું મન ડગ્યું અને તેને વિચારો આવવા લાગ્યા :

જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મન માંઈ; મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ.
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી; પછી જ્યાં નિજ શેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિએ બેઠા.

(શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

શ્રીહરિએ ઘોડીએ ઘોડીએ દર્શન આપ્યાં, વર્તમાન ધરાવ્યા છતાં જોબનપગીના મનમાં એમ થયું કે, હું વડતાલ પહોંચું અને મારી મેડીની બારીએ મહારાજ બેઠા હોય એવાં દર્શન થાય તો સ્વામિનારાયણ ભગવાન સાચા. આ મારો છેલ્લો સંકલ્પ છે. જો શ્રીહરિ પૂર્ણ કરશે તો જિંદગીભર તેમનો ગુલામ બનીને રહીશ. પ્રભુનું પારખું લેનારા જોબનને એકવાર વિશેષ દૃઢતા માટે પારખું લેવાનું મન થયું. મનોમન નક્કી કર્યું પછી ઘોડા દોડવતાં વડતાલ પહોંચ્યા.

જ્યાં પોતાની શેરીમાં ગયા ત્યાં સામે તેમની મેડીની બારીએ અનંત ભગવાન શ્રીહરિ બેઠા હતા. મહારાજનાં દર્શન થતાં જોબનપગીના રોમરોમમાં આનંદનો સાગર રેલાયો; રુવાંડાં ખડાં થઈ ગયાં. 'ડભાણમાં શ્રીહરિ છે એ સાચું કે આ શ્રીહરિ બેઠા છે તે સાચું ?' 'શું આ સ્વપ્ન છે ? કે મારી મતિનો કોઈ ભ્રમ છે ?' ત્યાં તો પોતાને તરત વિચાર આવ્યો કે, 'મેં રસ્તામાં જે સંકલ્પ કર્યો તે મારા પ્રભુએ પૂરો કર્યો.' તેથી આંખમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. કંઠ ગદ્‌ગદ થઈ ગયો. નીતરતાં નેત્રે શ્રીહરિ સામું જોઈ રહ્યા. ત્યાં મહારાજ ધીર ગંભીર અવાજે કહે, 'જોબન ! વહેલા નીકળ્યા છતાં મોડા કેમ આવ્યા ?' શ્રીહરિના આ શબ્દ સાંભળી જોબન પગીને અતિ આનંદ થયો. મહારાજને વંદન કરી કહ્યું,

વાલાજી કરો છો ભલી વિધ, નિજજનના મનોરથ સિદ્ધ; જેવું મેં ચિત્ત ચિંતવન કીધું, તેવું દર્શન મુજને દીધું.

(શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

પછી બારીએ બિરાજેલા મહારાજને જોઈને ઘોડે બેઠેલા જોબનપગીનો મન મોરલિયો નાચવા લાગ્યો. તેના જીવમાં હા પડી ગઈ કે, 'જે કોઈ પરમતત્ત્વ કહેવાય છે, અંતિમ સત્ય કહેવાય છે, શાસ્ત્રો જેને પરમેશ્વર પુરુષોત્તમનારાયણ કહે છે, સંતો જેને સર્વોપરી ભગવાન કહે છે, તે જ આ સ્વામિનારાયણરૂપે પ્રગટ છે.' પછી ઘોડેથી ઠેકડો મારી નીચે ઊતર્યા. તેમના બીજા ભાઈઓ તથા સાથીદારો પણ ત્યાં આવ્યા. બજારમાં મહારાજને દંડવત્ કર્યા અને આનંદમાં આવી નાચવા લાગ્યા. તે જોઈ ગામના અનેક લોકો ત્યાં આવ્યા. લોકોએ પૂછ્યું 'આ શું છે ?' ત્યારે જોબનપગી કહે, 'તમને આ ન સમજાય એવું છે. મારા વહાલાએ મારો મનોરથ પૂરો કર્યો છે. આ મારી બારીએ બહુનામી બેઠા છે. માટે દર્શન કરી લો આજ ટાણું છે.'

ભગવાન શ્રીહરિ જોબનપગીની મેડીએ બેઠા હતા અને જોબનપગી વગેરે ભક્તો નીચે બજારમાં નાચતા હતા. તે જોઈને ગામના લોકોને અતિ આશ્ચર્ય થયું. સહુ ટોળે-ટોળાં મળીને ત્યાં ભેગા થઈ ગયા. તે સમયે જોબનપગીની પત્ની તેજબાએ નીજપુત્રીઓને કહ્યું કે, 'બેટા સૂરજ ! બેટા રળિયાત ! બહાર જુઓ તો ખરા, આ અવાજ શેનો થાય છે ? અને આતા શું કરે છે ? અને લોકો શું કામ ભેગા થયા છે ?' તેથી તે બંને દીકરીઓએ બહાર આવીને જોયું અને ઘરમાં આવી પોતાની માતાને કહે, 'બા, એક બાવો બારીએ બેઠો છે અને આતા તેની આગળ નીચે બજારમાં પોતાના સાથીદારો સાથે નાચે છે. અને ગામ આખું આ બધું જોવા ભેળું થયું છે.'

ત્યારે જોબનપગીના માતુશ્રી વખતબા બોલ્યાં, 'એ બાવો નથી. એ તો પ્રગટ ભગવાન છે. આપણા તારણહાર છે. તે જ આપણા સહુનો ઉદ્ધાર કરશે.' આમ પગી પરિવારમાં વખતબા પ્રથમથી જ મહાન ભક્ત હતાં. તેથી તેઓ તરત શ્રીહરિને ઓળખી ગયાં. પગી પરિવારની તમામ સ્ત્રીઓમાં સત્સંગના સંસ્કાર રેડનારા અતિ બળિયા અને પવિત્ર જો કોઈ હોય તો તે જોબનપગીનાં માતા વખતબા હતાં. એમના રૂડા સંસ્કારોને કારણે જ જોબનપગીની આ બંને દીકરીઓએ પરણ્યા પતિનો ત્યાગ કરી, બ્રહ્મચર્ય પાળી, સાંખ્યયોગી બની આજીવન શ્રીહરિનું ભજન કર્યું હતું. આવા તે મહાન મુક્તાત્મા હતા.

જોબનપગી નીચે નાચતા હતા તે જોઈ મહારાજ કહે, 'પગી, મને ક્યાં સુધી બારીમાં બેસાડી રાખશો ? ઉપર તો આવો.' તેથી જોબનપગીએ વિચાર કર્યો કે, 'વાત સાચી છે.' તેથી પટારામાંથી ગાદલા વગેરે કઢાવી નીચે પથરાવ્યા અને પોતે મેડી ઉપર મહારાજ

પાસે ગયા ત્યાં તો શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા હતા. તેથી મહાઆશ્ચર્ય થયું. પછી સુંદર પગીને ઉપર બોલાવ્યા અને કહ્યું, 'મહારાજ ક્યાં ગયા ? અહીં ક્યાંય દેખાતા નથી. આ તેમના હાથમાં રેશમી રૂમાલ હતો, તે પડ્યો છે, પરંતુ મહારાજ ક્યાં ગયા ?'

સુંદરજીભાઈ કહે, 'ભગવાન ભક્તવત્સલ છે, તેથી આપનો સંકલ્પ જાણી દિવ્યરૂપે દર્શન આપ્યાં છે.' પછી બન્ને ભાઈ બારીને વંદન કરી નીચે આવ્યા. સાથીદારોને રૂમાલ બતાવી વાત કરી કે, 'મારો સંકલ્પ સિદ્ધ કરવા શ્રીહરિએ આ દિવ્ય દર્શન આપ્યાં હતાં.' તેથી સહુને આશ્ચર્ય સાથે આનંદ થયો. એવામાં સમાચાર આવ્યા કે, નમતા બપોરે ત્રણ વાગે મહારાજ વડતાલ પધારે છે.

આ સમાચાર મળતાં જ જોબન પગી પોતાના ભાઈઓને કહે કે, 'મહારાજના સ્વાગત-સામૈયાની તૈયારી કરો. શેરીઓ વળાવીને સાફ કરાવો. ટોડલે તથા શેરીઓમાં તોરણ બંધાવો.' એમ કહી જોબન પગીએ પાંચ મણ સાકર મંગાવી. અને એ જ રીતે બાપુભાઈએ પણ એના બધા ભાઈઓ તથા પુત્ર-પરિવારને વાત કરી અને પાંચ મણ સાકર મંગાવી. આખા વડતાલ ગામમાં સહુ કોઈને હૈયે ઉત્સાહ સમાતો નથી. અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ પ્રગટ પુરુષોત્તમનારાયણ આજ પોતાને આંગણે પધારે છે, તેથી પટેલ પરિવાર અને પગી પરિવાર અતિ ઉત્સાહમાં આવીને સામૈયાની તૈયારીઓ કરે છે.

શ્રીહરિ ડભાણથી વડતાલ તથા શ્રીહરિનું ભવ્ય સામૈયું આવી રીતે વડતાલમાં સામૈયાની તૈયારી થતી હતી ત્યાં શ્રીહરિ ડભાણથી વડતાલ પધાર્યા. ત્યારે વડતાલના ભાવિક ગામજનો સાથે ગામના મુખી પાટીદાર બાપુભાઈ તથા જોબનપગી વગેરે ભક્તો કુટુંબ સહિત મહારાજની સન્મુખ ગયા. વિવિધ પ્રકારનાં વાજાઓ વાગવા લાગ્યાં. સહુ પોતાનાં ધન્યભાગ્ય માની શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મહારાજ તેમની શુદ્ધ મનોભાવના જોઈ અતિ રાજી થયા.

પછી શ્રીહરિ બધા ગામજનો આગળ બોલ્યા, 'આ વડતાલ ગામ આખા ચરોતર પ્રદેશની મધ્યમાં છે. અહીંથી ચારે તરફ દસ દસ કોશ સુધી જાત જાતના અપાર વૃક્ષો છે. તેમાં પણ સહુથી સારા આંબાના વૃક્ષ તો અનંત છે. જાણે વૃંદાવનનો બધો પ્રદેશ અહીં આવીને પ્રકટ થયો હોય તેમ લાગે છે. અને પક્ષીઓમાં પ્રવેશ કરીને મોટા ઋષિઓ જાણે તપ કરતા હોય તેમ લાગે છે. ચારેબાજુ દસ દસ કોશ સુધી વિવિધ પ્રકારના પંખીઓ રહ્યા છે. જાણે તે બધા ધામના અપાર ઋષિઓ તપ કરવા માટે અહીંયાં આવ્યા હોય તેમ જણાય છે.'

શ્રીહરિની આવી આશ્ચર્યકારી વાત સાંભળીને તે સમયે જોબનપગી વગેરે બધા વડતાલના ભક્તો બોલ્યા, 'આપ ભગવાન છો, એટલે જે કહો છો તે ક્યારેય અસત્ય નહિ હોય. અમે તો અલ્પજ્ઞ મનુષ્ય છીએ એટલે કાંઈ જાણતા નથી. આપની ગતિ તો આપ જ જાણો છો. અહીંયાં કોઈ મોટું ધામ નથી અને ભગવાનના કોઈ અવતાર પણ અહીં આવીને રહ્યા નથી.

• ભગવાન શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા :

તબ શ્રીહરિ બોલત ભયેઉ, ઈહાઁ ધામ સર્વોપરી રહેઉ । અવતાર ભયે હે હરિ કે જેતે, સર્વોપરી ઈહાઁ આયે તેતે ॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ''અહીંયાં સર્વોપરિ ધામ રહ્યું છે અને ભગવાનના જે અવતાર થયા છે. તેમાં જે સર્વોપરિ છે તે અહીંયાં આવ્યા છે. અત્યારે ભગવાનની ઇચ્છાથી તે દેખ્યામાં આવતા નથી. આટલા પ્રદેશમાં અપાર મુક્તો ભર્યા છે. તેનો કોઈ પ ાર આવે તેમ નથી. જેટલી ઋષિપત્નીઓ, દેવાંગનાઓ અને ચારધામમાં રહેલી બધી દેવીઓ તેમ જ જેટલા ઋષિઓ અને દેવતાઓ કહેવાય છે તે બધા અહીંયાં મનુષ્ય દેહ ધરીને રહ્યા છે. કોઈને પોત પોતાના મૂળરૂપનું જ્ઞાન નથી. સહુ મનુષ્યભાવે વર્તે છે. જ્યારે તમને તે બધું જ્ઞાન થશે ત્યારે વાસ્તવિકતા તમારા જાણ્યામાં આવશે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૨)

વળી, જોબનપગી જેવો બીજો કોઈ ચોર નહીં. આખા પ્રદેશમાં સહુ તેને ઓળખે. અમારો પ્રતાપ દેખીને તેનું હૃદયપરિવર્તન થઈ ગયું અને તે નિષ્પાપ થઈ ગયા છે.''

આમ જ્યાં શ્રીહરિ બોલ્યા ત્યાં તેણે મહારાજને હાથ જોડીને કહ્યું, 'હે હરિ ! મેં બહુ ચોરી કરી છે. અપાર માણસોને માર્યા છે. સો સો ઠાકોરોનાં ટોળાં લઈને મોટાં મોટાં શહેર અનેકવાર લૂંટ્યાં છે. બધા દેશ રગદોળી નાખ્યા છે. અનેક લોકોને ભયભીત કરી હું આજ સુધી નિર્ભય થઈને ફર્યો છું. હું કોઈ રાજાને પણ ગણકારતો નહિ, પણ આપનાથી હું ભય પામ્યો છું. આપને દેખતાં જ તત્કાળ મારું મન મીણના જેવું ઢીલું થઈ ગયું છે. મને નજર આગળ કાળ દેખાય છે. હમણાં જ કાળ ખાઈ જશે કે શું ? એવો ડર લાગે છે. હે નાથ ! હવે મને ઝાઝું જીવવાની આશા નથી. હું આપને શરણે આવ્યો છું. આપ મારો હાથ પકડી લ્યો, તો જ મારો ભય ભાંગશે. આપ તો કાળના પણ મહાકાળ છો, એવા પ્રભુ આપ આજ પ્રગટ થયા છો. માટે હવે મારો ઉદ્ધાર કરો.'

પછી મહારાજે જોબનપગીના અંતરને શુદ્ધ મનવાળું જાણ્યું એટલે તેનો હાથ પકડ્યો. પછી જોબનપગીના ભયથી સહુએ તે સ્થળે

બધાં જ વ્યસનો છોડવાના નિયમ લીધાં અને જોબનપગી શ્રીહરિનાં શરણે થયા છે તે જાણીને ત્યાં આવેલા બીજા બધાએ શસ્ત્રોનો ત્યાગ કરી હાથમાં માળા ધારણ કરી. તેમના પરીવારના જેટલા સગાં-સંબંધીઓ હતા તે સર્વએ પણ સત્સંગના નિયમ ધારણ કર્યા. મહારાજના કહેવાથી જોબને સહુની પાસે આજીવન તે નિયમો પળાવ્યા હતા. આ રીતે પ્રગટ પ્રભુની ઓળખાણથી સહુ કૃતાર્થ થયા.

• વિશ્વકર્માએ વડતાલને સજાવ્યું :

તે જ સમયે વિશ્વકર્મા ત્યાં આવ્યા અને તેણે આખા વડતાલ ગામને સારી રીતે શણગારી દીધું. એક ક્ષણમાં આખા વડતાલની શોભા બદલાઈ ગઈ. વળી તે સમયે ભગવાનની શક્તિઓ જે રાધા અને રમાદિક કહેવાય છે તે સહુ દિવ્યરૂપ ધારણ કરી સેવા કરવા માટે સેવકના રૂપમાં ત્યાં હાજર થઈ. વડતાલની ચારે તરફ રહેલાં ગામો અનેક મુક્તો અને દેવતાઓથી ભરપૂર ભરાય રહ્યા. તે શ્રીહરિ એક જ પોતાના મનમાં જાણતા હતા તથા જે સમાધિવાળા સંતો હતા તે દેખતા હતા.

શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે મંગળમય વાતાવરણ અને અનુપમ શોભા બની હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. મહામુક્તો પણ સંતરૂપે શ્રીહરિની સાથે જ આવ્યા હતા. તે સૌ શ્રીહરિની આગળ ચાલી વેદસ્તુતિનું સમુહમાં ગાન કરતા હતા. સ્ત્રીઓના સમૂહમાં સ્ત્રીઓ અને પુરુષોના સમૂહમાં પુરુષો ચાલતાં હતાં. અને બાપુભાઈ તથા જોબન પગી બધાયને સાકર વહેંચાવતા હતા. બહેનો મધુર કંઠે કીર્તન ગાતાં હતાં.

આમ વડતાલમાં સર્વત્ર આનંદ છવાયો હતો, નાના મોટા બાઈઓભાઈઓ સહુ સામૈયામાં જોડાયાં હતાં. સહુના મન પ્રગટ મહારાજની મૂર્તિમાં એકાકાર થયા હતા. તેથી સહુના રોમેરોમમાં આનંદની છોળો છૂટતી હતી. સહુનાં ચિત્ત એક શ્રીહરિની મૂર્તિમાં જ જોડાયેલાં હતાં. તેથી તેઓ મૂર્તિ સિવાય અન્ય વસ્તુઓને દેખતા નહીં. મૂર્તિની અદ્‌ભુત રમ્યતાને દેખીને કેટલીક સ્ત્રીઓને તો પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું. શ્રીહરિ નજીક આવે ત્યારે વડતાલવાસી સહુ ઘણા જ પ્રેમમગ્ન થઈ પૂજા કરવા લાગ્યા. વૃદ્ધો અને બાળકો બધાય મહારાજની પૂજા કરતાં અને પુષ્કળ ગુલાલ ઉડાડતાં તથા જયજયકાર કરતાં હતાં. આ રીતે ધામધૂમપૂર્વક શ્રીહરિ જોબન પગીને ઘેર ઉતારે પધાર્યા.

• ભગવાન શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું :

પછી ભગવાન શ્રીહરિએ વિપ્રોને અન્ન-વસ્ત્રાદિકનાં બહુ જ દાન કર્યાં. કેટલાકને તો કરજથી પણ છોડાવ્યા. કેટલાકને તાંબાં-પિતળનાં વાસણો અપાવ્યાં. વિશ્વકર્માએ પોતાના નિવાસસ્થાનની તથા પુરની સુંદર રચના કરી હતી; તેથી મહારાજે તેને પોતાની પાસે બોલાવી અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં વગેરે ભેટ આપ્યાં.

પછી શ્રીહરિએ વડતાલમાં ઘરોઘર પધરામણી કરી સહુના મનોરથ પૂર્ણ કર્યા. આખા વડતાલ ગામને આમ પાવન કરી શ્રીહરિ પાછા ઉતારે પધાર્યા. જોબનપગીને ઘેર આવી થાળ જમ્યા. સહુ સંતો-ભક્તોને પ્રેમથી પીરસીને જમાડ્યા.

પછી સુંદર સભા થઈ. તેમાં મહારાજે કહ્યું : 'સાંભળો ભક્તો ! તમારામાંથી કોઈને પગે ઘૂઘરા બાંધી નૃત્ય કરીને નાચતા આવડે છે ? જો આવડતું હોય તો ઊઠો અને ઘૂઘરા બાંધીને નૃત્ય કરો. તેથી અમે રાજી થઈ અમૂલ્ય ભેટ આપીશું.' સહુ ભક્તો એકબીજા સામું જોઈ રહ્યા. કોઈ ઘૂઘરા બાંધીને નાચે તે બધાને ગમતું હતું, પરંતુ તે કળા આવડતી નહોતી. શ્રીહરિ કહે, 'નારદજી પણ નૃત્ય સાથે ગાન કરી ભક્તિ કરે છે. શિવજી પણ તાંડવ નૃત્ય કરી ભગવાનને રિઝાવે છે. માટે આજ ભક્તિ કરવાનો અવસર છે. જેને આવડતું હોય તે ઊઠો.' તે સમયે બાવનવર્ષીય વયોવૃદ્ધ અને સાધુતાની મૂર્તિ એવા મુક્તાનંદ સ્વામીને શ્રીહરિની મરજી જોઈ રાજીપો લેવાની ઇચ્છા થઈ. તેથી તેમણે કહ્યું, 'મહારાજ ! કહો તો હું નૃત્ય કરું.' શ્રીહરિએ સંમતિ આપી.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને રીઝવવા પગમાં ઘૂઘરા બાંધ્યા, હાથમાં ગુલાબના બાજુબંધ બાંધ્યા, સુંદર શણગાર સજ્યો. પછી મહારાજને રાજી જ કરવા છે એવા અંતરના ભાવ સાથે સ્વામીએ નૃત્યની શરૂઆત કરી. સંતોએ તબલાનો તાલ આપ્યો. વિવિધ પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. આજ જોબનપગીનું ઘર તથા વડતાલની ભૂમિ ધન્ય ધન્ય બની.

સદ્‌.આધારાનંદસ્વામી એવું લખે છે કે, જ્યારે સ્વામી પ્રેમભક્તિમાં તરબોળ બની નાચવા લાગ્યા ત્યારે એ નૃત્ય જોવા માત્ર મનુષ્યો કે સ્વર્ગલોકના દેવો જ નહિ, પરંતુ ગોલોક અને વૈકુંઠમાંથી રાધાજી અને લક્ષ્મીજી તેમની અસંખ્ય સખીઓ સાથે દિવ્ય દેહ ધરી ત્યાં હાજર થયાં. વિમાનમાં બેઠા બેઠા આકાશમાંથી રાધાજી વગેરે મહારાજની મૂર્તિમાં મસ્ત બની નૃત્ય કરતા મુક્તાનંદસ્વામીનાં દર્શન કરવા લાગ્યાં. આ રાધા-લક્ષ્મી જેવું નૃત્ય ત્રણ લોકમાં કોઈને આવડતું ન હતું. આનો અર્થ એ થાય કે આ બ્રહ્માંડમાં સર્વોત્તમ નૃત્ય રાધાજી તથા લક્ષ્મીજીને આવડે છે. તેઓ પણ મુક્તાનંદસ્વામીનું નૃત્ય જોઈને અતિ મૂર્છિત થઈ ગયા, આશ્ચર્યચકિત થઈ ગયા.

આવી મુક્તાનંદસ્વામીની અજોડ નૃત્યકળા હતી. સ્વામી જ્યારે ઘૂઘરા બાંધીને નૃત્ય કરતા ત્યારે નાચતાં નાચતાં પગથી હાથીનું ચિત્ર દોરી દેતા. આવા સ્વામી જ્યારે શ્રીહરિને રીઝાવવા નાચતા ત્યારે માત્ર રાધા-લક્ષ્મી જ નહિ, પરંતુ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા બીજા અનેક દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા ને સ્વામીનું નૃત્ય દેખીને તેઓ પણ વિસ્મિત થઈ ગયા.

જ્યારે સ્વામી નૃત્ય કરી પોતાની જગ્યાએ બેઠા ત્યારે મહારાજ એકદમ ઊઠ્યા અને કહે, 'ધન્ય છે સ્વામી ! તમને ધન્ય છે !!' એમ કહી વારંવાર તેમને ભેટી પડ્યા. પછી કહ્યું, 'દુર્લભમાં દુર્લભ જે મોજ હોય તે માંગો. આજ હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. જે માંગો તે આપીશ.'

જ્યારે શ્રીહરિએ મોજ માંગવાનું કહ્યું ત્યારે મુક્તાનંદસ્વામી બે હાથ જોડી કહે, 'હે મહારાજ ! હું આપની પાસે વારંવાર વિનંતિ કરી જે માંગું છું તે કૃપા કરીને મને આપો.' એમ કહીને સ્વામી એક પછી એક એમ નવ વરદાન માંગે છે. તો આપ કૃપા કરીને મને તે આપો.

ઐસી કી ઐસી મૂર્તિ રૂહા, અખંડ રહો નેન આગે તેહા; મૂર્તિ વિન ઘાટ ન હોવે કોઈ, ઐસી મોજ માગત મૈં સોઈ.
તવ મૂર્તિ અરુ વચન તુમારો, અનાદર કરે ન મન હમારો; મન કો ધાર્યો હોવે ન કબહુ, તુમારો ધાર્યો હોવે સબહુ.
દેહ ઇંદ્રિ અંતઃકરણ જેતે, જીય કે મિત્ર હોઈ વર્તત તેતે; તાકી મિત્રતા હોવે ન કબહી, ઈતની મોજ માગત હે અબહી.

(૧) અત્યારે જે મને આપનાં દર્શન થાય છે, તે આપની મૂર્તિ આવી ને આવી મારાં નેત્રોની આગળ અખંડ રહે. (૨) આપની મૂર્તિ સિવાય મનમાં બીજો કોઈ ઘાટ થાય નહિ. અત્યારે હું આપની પાસે આવી મોજ માગી રહ્યો છું. (૩) આપની મૂર્તિ અને આપનું વચન, આ બેનો અનાદર મારું મન ક્યારેય કરે નહિ, (૪) મારા મનનું ધાર્યું ક્યારેય ન થાય અને (૫) બધું આપનું ધાર્યું જ થાય. (૬) દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે છે. તે દેહાદિક સાથે મને ક્યારેય મિત્રતા ન થાય. આટલી મોજ હું અત્યારે માગું છું. (૭) આ દેહના જેટલા કુટુંબી છે તે બધા મને પરમ શત્રુરૂપ મનાય. અને (૮) સત્સંગમાં મને કુટુંબભાવ રહે. (૯) સત્સંગનો અભાવ ક્યારેય ન લઉં. (૧૦) નાના મોટા સત્સંગીઓ જે ધર્મકુળ, કહેતાં શ્રીહરિના જે આશ્રિત હોય અને મુખથી 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારતા હોય, આપના વિના બીજાને ન સંભારતા હોય. એવા જે સંતો-ભક્તો હોય તેનો સંગ મને હંમેશાં રહે. (૧૧) તેમજ સંતોની સેવામાં નિત્ય ભાવ રહે, અને (૧૨) મારા દેહનો અભાવ રહે. (૧૩) સંતોની સેવા બની આવે એટલો જીવમાં લાભ મનાય અને (૧૪) મારી સેવા કરાવવા માટે સંતોથી ક્યારેય મારો જીવ વિપરીત ન થાય, કહેતા મન નોખું ન પડી જાય. અર્થાત્ સંતોથી વિરુદ્ધ સંકલ્પ મન ક્યારેય કરે નહિ. (૧૫) શ્રીહરિ, સંત અને સત્સંગ એ ત્રણનો અભાવ લેવડાવે એવા બીજા કોઈ દેહમાં અથવા એવા દેહધારીમાં ક્યારેય ભાવ ન થાય. હું આટલી મોજ માગું છું. હે નાથ ! મને તે કૃપા કરીને આપો. હું હાથ જોડીને વારંવાર વિનંતી કરું છું.'' જે દુર્લભમાં અતિ દુર્લભ છે અને સારમાં પણ અત્યંત સાર છે. એવી મોજ મુક્તાનંદસ્વામીએ માગી.

ત્યારે શ્રીહરિએ મુક્તમુનિને કહ્યું, ''જ્યારે ભક્તનું હૃદય અત્યંત શુદ્ધ થાય ત્યારે તેને હું આ મોજ દઉં છું. એ વિના કરોડો જન્મ ખોવે તો પણ આવી મોજ બીજાને હું આપતો નથી. તમારું અતિ શુદ્ધ મન જોઈને હવે અમે તમને તે મોજ આપીએ છીએ. બધા મોટા મોટા આવી મોજ ઇચ્છે છે છતાં અમે કોઈને તે મોજ આપતા નથી.'' કૃપાળુ શ્રીહરિ આવું કહીને તત્કાળ ઊભા થયા અને સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા. આમ મળીને પોતાના ભવને પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૪)

આમ મહારાજ વડતાલમાં રહ્યાં ત્યાં સુધી જોબનપગીને ઘેર અનેક લીલાઓ કરતા અને ઘણા લોકોને ધારણા, ધ્યાન અને સમાધિ પણ કરાવતા. તેથી આખા ચરોતર પ્રદેશનાં ગામોમાં રહેલા બધા જ મુમુક્ષુ જીવ શ્રીહરિને શરણે થયા. મહારાજે તેઓને વર્તમાન-નિયમ ધરાવ્યા અને સહુને સુખિયા કર્યા.

• દુષ્કાળમાં જોબન પગી વગેરે ભક્તોની રક્ષા

સં.૧૮૬૯નો પ્રસિદ્ધ દુષ્કાળ પડ્યો ત્યારે એકવાર શ્રીહરિ નારદીપુરમાં હતા. ત્યાં શિવજીએ દર્શન આપી કહ્યું, 'હે મહારાજ ! આપ ધરતી ઉપર પ્રગટ થયા છો, છતાં અસંખ્ય જીવો અધર્મ અને કુકર્મો કરે છે. આપના સંતો-ભક્તોને હેરાન કરે છે, તેમનો દ્રોહ કરે છે અને આપને અને આપના મોક્ષદાતા સંતોને સ્વીકારી પોતાના જીવનું કલ્યાણ કરતાં નથી. માટે એવા માણસોનો નાશ કરવા હું ધરતી ઉપર કાળ પાડીશ; પરંતુ જે આપનો સત્સંગ કરશે તેની હું રક્ષા કરીશ.'

પછી શ્રીહરિ ફરતાં ફરતાં નાગડકા આવ્યા. ત્યાં લોયાના સુરાખાચરના ધર્મપત્ની શાંતાબા કહે, 'હે મહારાજ ! કાલ અહીં એક બાવો આવ્યો હતો તે કહેતો હતો કે, 'હવે ધરતી પર ડટ્ટણ સો પટ્ટણ હોગા' તે અમારું નાગડકા તો કુશળ રહેશેને ?' ત્યારે મહારાજ

કહે, 'એવું તો કાંઈ નહિ થાય પણ આવતા વર્ષે ભયંકર કાળ પડશે. માટે ગાયો, ભેંસો, ઘોડા કે દાગીના વેચી અનાજનો સંગ્રહ કરજો અને ગળે રુદ્રાક્ષનો પારો રાખજો તેથી શિવજી તમારી રક્ષા કરશે.' એમ કહી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

એવામાં ભગવાન શ્રીહરિને વડતાલ યાદ આવ્યું. જોબનપગી વગેરે ભક્તો યાદ આવ્યા. જોબનપગી આદિક હરિભક્તોને દુષ્કાળની ચેતવણી આપવા ભગવાન શ્રીહરિ છેક ગઢપુરથી ગામડે ફરતાં ફરતાં અને સહુને ચેતવણી આપતાં ડભાણ થઈ વડતાલ આવ્યા હતા.

વા'લો જૈને રહ્યા વરતાલ, થયા હરિજન નીરખી નિહાલ; પગી જોબન રણછોડદાસ, ત્રીજા તો નારાયણગિરિ પાસ.
એમ બોલિયા જનપ્રતિપાળ, કાળ પડશે ઘણો વિકરાળ; માટે મારું કહ્યું મન ધરજો, ઘણાં અન્નનો સંગ્રહ કરજો.
આસપાસ જે ભક્તનાં ગામ, જૈને પણ કહો વાત તમામ; એમ કહીને ચાલ્યા અવિનાશી, ગયા ચાંગે થઈને લિંબાસી.

(શ્રીહરિલીલામૃત : ૭/૩૧)

આમ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ જોબનપગી આદિ ભક્તોની ભવિષ્યના દુ:ખથી રક્ષા કરી તથા આજુબાજુનાં ગામોના ભક્તોને પણ ચેતવ્યા. પછી મહારાજ ચાંગા આદિક ગામોમાં ફરીને ત્યાંથી ગઢપુર પધાર્યા. શ્રીહરિલીલામૃત ગ્રંથમાં આનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

ભગવાન શ્રીહરિએ ઓગણોતેરા કાળમાં ભક્તોની ખૂબ રક્ષા કરી છે અને પોતે પણ ગઢપુરમાં રહેતા ત્યારે રાતે એક ધોતી અને કચ્છી ટોપી પહેરી ગરીબ લોકોને નિત્ય ખીચડી આપવા નીકળતા. સહુની સહાય કરતા. આમ ઘણો સમય ગયો. પછી શ્રીહરિને સંતો સાંભર્યા. તેથી ઉત્સવના નિમિત્તે બોલાવ્યા. સંતો ગુજરાતમાંથી આવે છે તે સાંભળી શ્રીહરિ કુંડળ સુધી સામા ગયા. સંતોને આવતા જોઈને સ્વયં પ્રભુજીએ દંડવત કર્યા અને ભાવથી ભેટી પડ્યા. પછી સહુ સંતોને સાથે લઈ રાયબાના દરબારમાં આવ્યા.

રાયબાએ મહારાજને ઠપકો દીધો, ''આપ ભગવાન થઈ આવી દાઢી રાખો છો, વરહો વેશ રાખો છો એ આપને શોભતું નથી; માટે આ બધું કાઢી નાખો. આપની મરજી વિના કોઈથી તરણું પણ ના તોડી શકાય, તો આપની આગળ ઈન્દ્ર તે વળી શું ગણતરીમાં? અને સાચું કહું, ધરતીમાતા આ સંતો માટે જ અનાજ પકવે છે. અને તમે સંતોને રસકસના નિયમ આપ્યા તેથી વરસાદ વરસતો બંધ થયો છે. માટે હવે આ રસકસના નિયમ છોડાવો અને સંતોને લાડવા જમાડો; એટલે સર્વત્ર સુકાળ થશે.'' પછી શ્રીહરિએ કુંડળમાં સંતોને પોતાને હાથે પીરસીને લાડુ આદિ ભોજન ખૂબ જમાડ્યા અને દુષ્કાળને વિદાય કર્યો. પછી મહારાજ સહુ સંતો સાથે ગઢપુર આવ્યા.

• જોબનપગીનો ગર્વ ઉતાર્યો :

જોબન પગી મહા લુંટારો મટી મહાન ભક્ત બન્યા હતા. પ્રભુપ્રેમ અને સમર્પણભાવની બધી જ તૈયારી હતી; પરંતુ એકાંતિકપણામાં હજુ થોડી કચાસ હતી. પ્રભુ તો બહુ મોટા એટલે ખૂબ પ્રેમ આપે, મોજ આપે, પણ હજી પૂરી પાત્રતા ન હોવાથી આ બધો રાજીપો પચ્યો નહીં. આવી રીતે મહારાજે તેમને ખૂબ રાજી કર્યા, હેત બતાવ્યું એટલે તેને થોડુંક પોતાને વિશે શ્રેષ્ઠપણું મનાવા લાગ્યું.

જોબન પગી જેવાને પણ મહારાજે અચાનક આવીને અતિ સુખ આપ્યું એટલે થોડો અહંનો અંકૂર ફૂટ્યો. જોબનના અંતરમાં આવેલ અહંની ગંધ ટાળવાનું શ્રીહરિએ મનોમન નક્કી કર્યું. એક દિવસ ગોમતીને કાંઠે આંબાવાડિયામાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા. મહારાજ પાસે નટથી પંડિત સુધી, કોળીથી કલાવિદ્ સુધી સહુ ભક્તો આવતા હતા. પોતાની કળાઓ રજૂ કરી, પ્રભુપ્રસન્નતા પામતા હતા. આજ વિશાળ સભાને સંબોધતાં મહારાજ કહે, 'કોઈ નિશાનબાજ હોય તો પોતાની કળા અજમાવે અને નિશાન પાડે, તો અમે એને શિરપાવ આપીએ.'

આખા ગુજરાતમાં શ્રેષ્ઠ નિશાનબાજ તરીકે પંકાયેલા જોબન પગી તથા તેના ભાઈઓએ બીડું ઝડપ્યું. ત્યારે મહારાજે પાર્ષદો પાસે ગોમતી કાંઠે આંબાના વૃક્ષ ઉપર છેલ્લી ડાળીએ નાળિયેર લટકાવડાવ્યું. પછી મહારાજે કહ્યું, 'સભામાં બેઠેલા સર્વે નિશાનબાજ ઊઠો અને આ નિશાન પાડો.' ત્યારે સભામાં ઊભા થઈ જોબન પગીએ હાંકલ કરી કે, 'આ સભામાં મૂછને તા દે એવો કોઈ કાઠી છે ? હોય તો આવો, નિશાન પાડો અને મોજ મેળવો.' જોબનને પોતાની કળાના અભિમાનમાં ઝાલ્યા ન રહેવાણું. જાણે કે 'હું જ શ્રેષ્ઠ છું.' એમ સહુ હરિભક્તો સાથે વર્તન થઈ ગયું. મહારાજને તેમનું આ વર્તન ન રુચ્યું.

જોબન પગીના શબ્દો સાંભળીને તલવારોને વાપરી જાણનારા કાઠીઓ; જોબન પગી જેવા નિશાનબાજ આગળ હાર થાય એવી બીકે હોડમાં ન ઊતર્યા. ત્યારે શ્રીહરિએ ફરી કહ્યું, 'કેમ બધા બેસી રહ્યા છો, ઊઠો કોઈ તો નિશાન પાડો.' તેથી જોબન પગી મૂછે હાથ નાંખી ગર્વથી ગાલ ફુલાવતા બે-ત્રણ વાર બોલ્યા, 'કોઈ નહિ ઊઠો ?' પછી તેણે પોતાના નાનાભાઈ શકરા પગીને કહ્યું, 'ઉઠાવ તીર-કામઠું અને નિશાન પાડ.' તેણે ઘણી વાર નિશાન પાડ્યા પરંતુ બધા નિશાન નિષ્ફળ ગયા. પછી તો સુંદર પગી અને દલા પગીએ પણ સાહસ કર્યું. તેઓ પણ નિશાન પાડવામાં નિષ્ફળ ગયા. એટલે જોબન પગીએ તીર-કામઠું હાથમાં લીધું. ભગવાન

શ્રીહરિ મંદમંદ હસતા જોબન પગીના અભિમાનને જોયા કરતા હતા.

જોબન પગીને બધા દરબારો જોઈ રહ્યા હતા. જોબને બરાબર નિશાન તાક્યું. અને છન..નન.. કરતું તીર ફેંક્યું. પરંતુ આ શું..?! નિશાન ફેલ ગયું ! શ્રીહરિ કહે, 'પગી ! ફરીવાર બરાબર નિશાન તાકો; જો જો હવે ફેલ ન જાય.' જોબને ફરીવાર નિશાન તાકી તીર છોડ્યું. તે પણ નિષ્ફળ ગયું. અરે, ત્રીજો ઘા પણ ખાલી ગયો ! જોબન પગી વિચારમાં ચડી ગયા. આ શું થયું ?? તે સમજાતું નથી.

આંબા શેઠે નિશાન પાડ્યું :

પછી મંદમંદ હસી મહારાજ કહે, 'જોબન પગી ! હવે તમે નીચે બેસી જાવ.' ત્યારે કાઠીઓ પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા, 'અલ્યા, મહારાજની મરજી હોય તો મૂંગો પણ વેદ ભણે અને મરજી ન હોય તો નિશાનબાજનેય નીચું જોવું પડે. ભણું, આ પરગટ પરભુની મરજી હોય તેમ થાય. તેમની મરજી ન હોય તો કોઈથી ધાર્યું નિશાન પડે નહીં. પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારામંડળો અને બ્રહ્માંડો બધું આ શ્રીહરિના હાથમાં છે. પ્રભુ કૃપા કરે તો પાંગળો પર્વત ચડે; બાકી કોઈથી કાંઈ ન થાય.'

પછી સભામાં મહારાજ કહે, 'લ્યો અમારા નિશાન પાડનારાને બોલાવીએ.' ત્યારે સભા વિચારે ચડી, 'કોણ હશે એ શ્રીહરિના નિશાન પાડનારા ?' ત્યાં શ્રીહરિ બોલ્યા, 'અમારો આંબો ક્યાં છે ?' તેથી આંબાશેઠ હાથ જોડી મહારાજને પગે લાગ્યા અને કહે, 'મહારાજ, આપની સેવામાં હાજર છું.' મહારાજ કહે, 'તમે નિશાન પાડો.'

જે ચોપડા લખનારા વાણિયા છે, જેણે તીરકામઠું હાથમાં ઝાલ્યું નથી, તેને શ્રીહરિએ નિશાન પાડવાનું કહ્યું. તેઓ મહારાજની મરજી તરત સમજી ગયા. તેણે જાણ્યું આજ આ કામ મારાથી થશે; છતાં જોબન પગીની સામે આ કાર્ય કરવાનું હોવાથી થોડા ખચકાયા. એટલે જોબન પગી કહે, 'શેઠ ! હાથમાં તીરકામઠું લો.' પછી મહારાજ સામે જોયું. શ્રીહરિએ સંમતિ આપી. તેથી હાથમાં તીરકામઠું લીધું.

આંબા શેઠે મહારાજની મૂર્તિ હૈયામાં ધારી નિશાન તાકી 'જય ન્યાલકરણ' કહી તીર ફેંક્યું. અને પહેલા જ ઘાએ તો તે તીર નિશાન વીંધી નાળિયેર સોતું દશ હાથ દૂર પડ્યું. સભામાં બેઠેલા સહુ ભક્તો આશ્ચર્યચકિત થઈ ગયા.

મહારાજ કહે, 'શાબાશ... શાબાશ... આંબા શેઠ ! શાબાશ... તમે તો જોબન પગીથી પણ આગળ નીકળ્યા.' ત્યારે શેઠ કહે, 'હે પ્રભુજી ! આ બધો આપનો પ્રતાપ છે. મેં તો જિંદગીમાંય તીરકામઠું હાથમાં લીધું નથી. પરંતુ આજ આપની ઇચ્છાથી નિશાન પડ્યું છે. નહિ તો સો ઘાએ પણ નિશાન ન પાડી શકું.' એમ કહી મહારાજને દંડવત્ કર્યા. પ્રભુએ પોતાના કંઠમાં હાર હતો તે તેમના ગળામાં પહેરાવ્યો. જોબન પગીનો ગર્વ ગળી ગયો. જોબન તથા તેમના ત્રણેય ભાઈઓ નતમસ્તકે મહારાજનાં ચરણમાં પડ્યા અને કહે, 'મહારાજ ! આંબા શેઠે આજ અમારી લાજ લીધી.' ત્યારે મહારાજ કહે, 'ગર્વ સર્વ સુખ નાશકાર છે, ગર્વ માંહિ દુઃખ તો અપ ાર છેર ગર્વવાન તૃણતુલ્ય થાય છે, ગર્વગંજન હરિ ગણાય છે.'

જોબનપગીની પ્રાર્થના, રસોઈ તથા નિષ્ઠાની વાત :

પછી જોબન પગી પ્રાર્થના કરતાં કહે છે કે, ''હે મહારાજ ! આપ તો સર્વોપરી પુરુષોત્તમનારાયણ છો. આપની લીલા અપાર છે. મારા પૂર્વનાં કાંઈક પુણ્યોથી આપ પ્રગટ પ્રભુ મને મળ્યા છો. આપ જ સર્વે અવતારોના અવતારી છો, સર્વનું કારણ છો, આપના જેવું અનંતકોટી બ્રહ્માંડમાં કોઈ નથી. અને આપની પ્રગટ નિષ્ઠાવાળા આ સંતો-ભક્તો જેવા મહાન આ બ્રહ્માંડમાં કોઈ નથી. નિશાન પાડવામાં ભલે ફેલ ગયો; પરંતુ તમારી કૃપાથી હું મારા અહંરૂપી દોષને જીતવામાં સફળ થયો છું. માટે આવતીકાલે મારી રસોઈ રાખો અને સહુને જમાડો.''

પછી બીજે દિવસે મહારાજે વડતાલમાં જોબન પગીની રસોઈ રાખી. પ્રથમ મહારાજ જમ્યા. પછી શ્રીહરિએ સંઘ સહિત સહુ સંતો-ભક્તોને અડદિયા, લાડુ વગેરે પ્રેમથી પીરસીને જમાડ્યા. પછી જોબન પગીએ મહારાજની પૂજા કરી, કપૂરથી આરતી ઉતારી, ભેટ ધરી. આ પ્રસંગ પરથી જોબન પગીએ પોતાની ભૂલ ઓળખીને નિર્માનીપણે સ્તુતિ કરી અને શ્રીહરિ, સંતો-હરિભક્તોને જમાડી શ્રીહરિ રાજી થાય એવું કામ કરી લીધું. આમ જોબન પગી અવાર-નવાર ભગવાન શ્રીહરિ-સંતની સેવા કરી પોતાની સંપત્તિ અને જીવનને સાર્થક કરતા.

● ભગવાન શ્રીહરિ સાથે જોબનપગીની ગોઠડી :

જોબન પગીના દરેક પ્રસંગો આપણને ઘણું શીખવી જાય છે. એકવાર શ્રીહરિ વડતાલ પધાર્યા. તે વખતે જોબન પગી તથા મહારાજનો સંવાદ થયો તે વાત સદ્‌ગુરુ આધારાનંદસ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં ખૂબ જ સરસ રીતે લખી છે.

સ્વામી કહે, અક્ષરાધિપતિ શ્રીહરિ ભક્તોની રક્ષા કરવા રાત્રીદિવસ સત્સંગમાં વિચરતા હતા. એકવાર વડતાલ આવ્યા. જોબન પગીને ઘેર ઉતારો રાખ્યો. ઘણા દિવસ ત્યાં રહ્યા. એક દિવસ સંધ્યા સમયે સર્વે પાર્ષદો તથા જોબન પગી વગેરે ભક્તોને લઈને શ્રીહરિ ગામ બહાર ટહેલવા નીકળ્યા. પછી પાર્ષદો સામું જોઈ શ્રીહરિ કહે, "અમે ૧૧ વર્ષની ઉંમરે ઘર છોડ્યું. પછી એકલા જ ઘોર વનમાં ૭ વર્ષ સુધી ફર્યા. જંગલમાં હાથી, સિંહ આદિ પ્રાણીઓ હોય પરંતુ અમને કોઈનો પણ લેશમાત્ર ડર લાગતો નહીં."

ત્યારે જોબન પગીએ કહ્યું, "હે મહારાજ ! આપ તો ભગવાન છો. એટલે આપને વળી ભય કોનો ? આવા તો અનંત અને અપ ાર બ્રહ્માંડો છે. તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી. તે બ્રહ્માંડોમાં જે જે દેવો, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત અને મનુષ્ય આદિક સર્વે છે. તેમ જ પશુ, પંખી આદિ જીવજંતુઓ છે. સ્થાવર અને જંગમ, જડ અને ચેતન, જળજંતુઓ, આકાશચારીઓ વગેરે અણુ જેવા હોય કે મહાન હોય, જેમાં જીવ રહેતો હોય, એ બધાં જ આપને આધીન છે. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધી સર્વ જગતમાં આપ જેવું ધારો તેવું જ બધું થાતું હોય છે. અત્યારે તે અંગે અમને પાકો વિશ્વાસસ છે. આપનો આવો મહિમા જાણ્યો છે તેમાં કોઈ દિવસ સંશય ન થાય તેવી કૃપા કરજો."

ત્યારે શ્રીહરિ કહે, 'જોબન પગી ! તમને અમારો આવો નિશ્ચય કેમ થયો ?' ત્યારે તે કહે, 'હે મહારાજ ! એકવાર ભાઈરામદાસજી સ્વામી અહીં વડતાલ આવ્યા હતા. તેમણે અમને સમજાવીને આપના સ્વરૂપનો આવો પાકો નિશ્ચય કરાવ્યો છે. સ્વામી આવી જે જે વાતો કરે તે અમને પૂરેપૂરી મનાતી. તેમનું વર્તન જ એવું હતું કે તેમની વાતો સાંભળતાં સહુને પ્રેમ થતો હતો અને વાત ગળે ઊતરી જાતી હતી. તેમનામાં વચનસિદ્ધિ હતી; તેથી જે કહે તે વાત તરત સત્ય દેખાતી.

જોબનપગીની સ્વરૂપનિષ્ઠા અને સમજણ :

હે નાથ ! હવે મને આપનો એવો અચળ વિશ્વાસ થયો છે કે,

અબ છોડાઈ ન છૂટે કબુ, અચલ પ્રતીતિ આઈ । જેસે પ્રતીતિ જાતીકિ, તેસે તુમારી કરાઈ ॥
ચરિત્ર કરો અબ જીતને, નિશ્ચે ન મીટે લેશ । વિમુખ કરો દોષ દેખ કબુ, કરહિ ન તુમારો દ્વેષ ॥

હે નાથ ! જેવી આ દેહમાં અચળ પ્રીતિ થઈ છે, એવી જ તમારામાં પરમેશ્વરપણાની દૃઢ પ્રતિતિ થઈ છે. જેમ વ્યક્તિને 'હું બ્રાહ્મણ છું', 'પટેલ છું', 'વણિક છું' કે 'ભરવાડ છું' આવી જ્ઞાતિની પ્રતીતિ રહે છે, એવી પ્રતીતિ મને સ્વામીના વચનથી આપમાં થઈ છે. હવે તમે ગમે તેવાં ચરિત્ર કરો છતાં મારો નિશ્ચય લેશમાત્ર પણ ટળે તેમ નથી.

કદાચ મારા દોષો કે સ્વભાવને દેખીને તમે મને વિમુખ કરો છતાં મને તમારો ક્યારેય દોષ ન આવે. અને આપ મને કાઢી મૂકો છતાં રંચપણ તમારો વિરોધ ન કરું; તમારી સાથે દ્વેષ ન રાખું; સદા તમારી જ ધ્યાન-ઉપાસના કરું. આવો મને પાકો નિશ્ચય છે. હજી મારા તમામ સ્વભાવો, વાસના કે ખામી ટળી નથી, પરંતુ સંતકૃપાથી તમને ઓળખ્યા છે.

જોબનપગીની સંતોમાં આત્મીયતા :

તુમ અદોષ સદાય, તુમારે સંત અદોષ સબ । હરિજન જે તે રહાય, તુમ સે હે અદોષ તેહિ ॥

હે મહારાજ ! તમે જેવા સદા નિર્દોષ છો, દિવ્ય છો તેવા જ આ તમારા સર્વે સંતો સદા દિવ્ય અને નિર્દોષ છે. અને જેટલા હરિભક્તો છે તે સર્વે તમારા યોગને કારણે તે પણ સદા નિર્દોષ છે. એમ મને મનાય છે. જો કે, મારામાં અપાર દોષ છે. આપ કહો કે, 'તમે ઘર છોડી દ્યો' તો કદાચ તેમાં વાર લાગે. કેમ જે, અમે હરિભક્ત થયા છીએ પણ તેમાં થોડા કાચા રહ્યા છીએ; પરંતુ હે નાથ! આપ તથા આપના સંતો-ભક્તો સદા નિર્દોષ છો, દિવ્ય છો, નિર્ગુણ છો, ચૈતન્યની મૂર્તિ છો. આ નિશ્ચય મારો ટળે તેમ નથી.

જોબન પગીએ વડતાલના પાદરમાં શ્રીહરિ સાથે ફરતાં ફરતાં વળી કહે છે કે,

તુમ અપમાન કરો સહે સબહુ, સંત કો દુઃખ ન લગે ઉર કબહુ ।
અંત સમે જીય કે હે યહ સંગી, યું જાની પ્રીત ભઈ હે અભંગી ॥

હે નાથ ! આપ ગમે તેટલું મારું અપમાન કરો, આપના સંતો ગમે ત્યારે ગમે તેવું મારું અપમાન કરે, સભામાં વઢે, મારી નિંદા કરે, છતાં તેનું મને દુઃખ ન લાગે. કેમ કે, મેં આપને તથા આપના સંતોને ઓળખી લીધા છે. હું તો દોષયુક્ત છું, પરંતુ આપ તથા આપના સંતો સદા નિર્દોષ છો, મોક્ષના દાતા છો. આ સંતો જ મારા અંત સમયના સાચા સગાં છે. એમ સમજીને મેં આ પ્રગટ સંતોમાં ગાઢ પ્રીતિ કરી છે. માટે તેને કોઈ તોડી શકે એમ નથી.

સંતકું સ્વારથ નહિં કબુ લેશા, મોક્ષ કરન સ્વારથ હે હંમેશા ।
પેટમેં અન્ન જોત હે જેતા, ઘર ઘરસેં માગી લાવત તેતા ॥

આ સંતોને લેશમાત્ર પણ પોતાનો સ્વાર્થ નથી. જીવનો મોક્ષ કરવો તે જ એક કાયમનો સ્વાર્થ છે. પેટ પૂરતું અન્ન જોઈએ તે પણ માધુકરી વૃત્તિથી માગી લાવે છે. જેમ ભમરા ફૂલને પીડતા નથી, માત્ર સુગંધ જ લે છે; તેમ સંતો વારેવારે એક ઘેર ભીક્ષા કરવા પણ જતા નથી. જે અનાજ મળે તેનાથી જીવનનિર્વાહ કરે છે અને અખંડ આપની ભક્તિ કરે છે, આપના ગુણગાન ગાય છે અને અમને આપનાં અલૌકિક ચરિત્રો સંભળાવે છે. માટે આ સંતો તો અમારાં સાચા સગાં છે; મોક્ષના દાતા છે. કોઈ મને કાપી નાખે છતાં અમે તેની નિંદા ન કરીએ. મને ક્યારેય તેમનો અભાવ ન આવે.

વળી તેઓ આગળ કહે છે કે,

સંત કો વર્તન કહાવત જેતો, દેખત ભાવ હિ ઉપજત તેતો।
લોભ ન દેખાવત કોઉ રીતા, તેહિ કરીકે ઉપજત અતિ પ્રીતા॥

હે નાથ ! સંતોનું વર્તન જોઈને જ તેમના ઉપર અમને અત્યંત પ્રેમ થાય છે. કેમ કે, તેમાં કોઈ પ્રકારનો લોભ દેખાતો નથી. કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના જ જીવનો ઉદ્ધાર કરે એવા સાધુ તો અમે ક્યાંય સાંભળ્યા નથી.

જ્યારે સંસારીને સંતમાં સ્વાર્થ જણાય, લોભ જણાય ત્યારે તેને સંતોમાંથી હેત ઊતરી જાય છે. કેમ કે, તેમને એમ લાગે છે કે, 'જેવા આપણે સ્વાર્થી છીએ તેવા જ આ લોકો છે.' માટે સંતોએ નિઃસ્વાર્થપણે સહુનું હિત કરવું જોઈએ. જ્યારે જોબન પગીએ સંતોને નિઃસ્વાર્થ જોયા ત્યારે ગાઢ પ્રીતિ થઈ અને બોલ્યા : **'કળિયુગ કે યહ કાલમેં, સત્યુગ જૈસે સંત; દર્શન સે સબ દુઃખ મિટે, આવે ચોરાસી અંત.'**

સદાચાર અને સંયમની મહત્તા :

હે મહારાજ ! સાંભળ્યું છે કે પૂર્વે નારદ, સનકાદિક, શુકદેવજી, કપિલજી, દત્તાત્રેય અને ગોરખનાથ સારા હતા. શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય નિષ્કામી અને નિર્લોભી આચાર્યો હતા. ઋષભદેવ ભગવાન, જડભરત અને દક્ષ પ્રજાપતિના અગિયાર હજાર પુત્રો પણ નિર્લોભી હતા. પરંતુ તે વાત યુગો પહેલાંની છે; તેને અમે નજરે દેખી નથી. અને આ સંતોની વાત તો આજ આપે નજરે દેખાડી છે. બાકી અત્યારે જગતમાં સ્ત્રી, ધન અને વ્યસનનો ત્યાગ કરી નિઃસ્વાર્થપણે સહુનું હિત કરે એવા સંત કોઈ દેખાતા નથી. બધા જ આશ્રમવાળા સ્ત્રી, ધન ને વ્યસનમાં આસક્ત થયા દેખાય છે. ત્યાગી થઈને પણ ધન ને સ્ત્રી રાખે છે, તો બીજાનું શું કહેવું ?

તે સાંભળીને શ્રીહરિ કહે, "એ કાંઈ શાસ્ત્રનો મત નથી, બધાએ શાસ્ત્રનો મત તજી દીધો છે. આજે ધર્મ પાળવો બહુ કઠણ છે. શસ્ત્રથી મરી જાવું કે અગ્નિમાં પડીને સળગી જાવું સુગમ છે, પણ ધર્મ પાળવો કઠણ છે. જેમ દેહમાંથી જીવ નીકળી જાય પછી તેનો કોઈ જ ઉપયોગ થતો નથી; તેવી જ રીતે જે નીતિ કે ધર્મ રહિત હોય તેમાં પરમેશ્વર ક્યારેય રહેતા નથી. પરમેશ્વરે એવો જ નિયમ કર્યો છે કે, જે નીતિમાં રહે તે જ સુખી રહે. અને નીતિમાન તથા પ્રામાણિક વ્યક્તિને જ પ્રભુ સહાય કરે છે. માટે આપણે પણ ધર્મ દૃઢપણે પાળવો.

મહારાજ કહે, હે જોબન ! અત્યારે જગતમાં આ સત્સંગ સમાન બીજો કોઈ મત કે સિદ્ધાંત નથી. જે માણસ જેટલો સત્સંગ કરે છે, તેને તેટલી સદ્‌બુદ્ધિ મળે છે. જે મનુષ્ય રાત્રી-દિવસ સત્સંગ કરતો રહે તે મૃત્યુ પછી ભગવાનના ધામને પામે છે, ને આલોકમાં પણ સુખી થાય છે. સત્સંગ રાખે છે તેને ભગવાન સહાય કરે છે. માટે જે સત્સંગ કરે છે તે બધા સભાગિયા છે અને કુસંગ કરે તે બધા દુર્ભાગિયા છે.

શ્રીહરિ જાકો જિય લેવ તાની, સમર્થ કછુ ન રહત સો પ્રાની।
તેહિ હિત સબ કારન હરિ કું જાનિ, હરિ કું ભજના અતિ હેત આની॥

મનુષ્ય રાત-દિવસ સત્સંગ કરતો રહે તે સુખી થાય છે. ભગવાન જો શરીરમાંથી જીવને ખેંચી લે, તો કોઈપણ પ્રાણી કાંઈપણ કરી શકે જ નહીં. એટલા માટે જ ભગવાનને સર્વના કારણ સમજીને ઘણા હેતથી તેમનું ભજન કરવું."

શ્રીહરિએ આ રીતે વાત કરી અને જોબન વગેરે ભક્તોને પ્રસન્ન કર્યા. પછી ઉતારે આવ્યા ને શ્રીહરિ પ્રેમથી પલંગ ઉપર પોઢી ગયા. આમ, મહારાજ જોબન પગીને ઘણીવાર તેમના હિતની વાતો કરતા હતા. પછી વડતાલથી મહારાજ ગઢપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૬૩)

• ભગવાન શ્રીહરિએ ધરમપુર જતાં જોબનપગીને સાથે લીધા :

સં.૧૮૭૨માં ભગવાન શ્રીહરિ કુશળકુંવરબાઈનો ભાવ પૂરવા માટે ધરમપુર ગયા ત્યારે પોતાના હજુરી પાર્ષદ નાજો જોગીયો,

કરીમભાઈ, ભગુજી વગેરે હતા અને વડતાલથી જોબનપગીને આજ્ઞા કરી કે, તમો તમારા આઠ-દસ માણસો સાથે લઈને ધરમપુર અમારી સાથે ચાલો. તેથી જોબન પગી, સુંદરજી પગી, તખો પગી, જુસાજી, બેચર પગી, ખોડો, ગલો, ભવાન, આસજી વગેરે પગીઓ લઈ અસ્ત્ર-શસ્ત્ર સજી સવારીમાં ભળ્યા. ઉધનેથી ધરમપુર જતાં રસ્તામાં મીંઢોળ નદી ઊતરીને આસોદરના વિશાળ વડલા નીચે ઉતારો કર્યો. સહુએ મળી ટીમણ કર્યું અને રાત્રી રહ્યા. શ્રીહરિ વેલ ઉપર પોઢ્યા છે.

પછી સહુએ પોતપોતાને સુવા માટે પથારીની તૈયારી કરી. સાથે માલસામાન માટે એક ગાડું રાખેલું. તેને ગાંડો તથા પારેવો નામના બે બળદ જોડતા. વાલજી ખેડૂત તેને ચલાવતો. તે બાજુમાં જ હતા. કોતરવાળી ભૂમિ હતી. હિંસક પ્રાણીઓનો ભય હતો. તે સમે ચીબરીઓ બોલતી હતી. અને શસ્ત્રધારી ભક્તો ચોકી કરતા હતા.

ત્યારે બરાબર અરધી રાત્રિ વિતી તે વખતે પૂર્વ દિશામાંથી શિયાળની લાળી સંભળાઈ (શિયાળ બોલી), અને તેના પછી તરત જ પશ્ચિમ દિશામાંથી ચીબરી(ભેરવ)ના બોલવાનો અવાજ આવ્યો. તેને સાંભળીને મહારાજ જાગી ગયા, અને પૂછ્યું કે, ભગુજી ! આ અવાજ કયાંથી આવે છે ? ભગુજી કહે કે, 'મહારાજ ! જંગલમાં શિયાળીયા બોલે છે, અને આપણાથી આથમણી બાજુના ઝાડે બેસી ભેરવ બોલે છે.'

તે સાંભળી મહારાજ કહે કે, 'જોબનપગીને બોલાવો.' જોબનપગી આવતાં મહારાજ કહે કે, 'તમો જયારે ચોરી કરવા જાવ છો ત્યારે શુકન જુવો છો, તો તે શુકન કેવી રીતે જુવો છો ? અને એ શુકન પ્રમાણે થાય કે નહીં ?'

જોબનપગી કહે, 'મહારાજ ! પક્ષીઓમાં તેતર, ભેરવ, ઘુવડ, કાગડો અને જાનવરોમાં શિયાળ, કૂતરો, ગધેડો વગેરેના શબ્દો કઈ દિશામાંથી આવે છે અને તે કઈ વેળા(ટાઈમ)નો છે તેનો હિસાબ કરી તેનું ફળ કેવું મળશે એમ વિચારીને અમો કહીએ છીએ. અને તે 'વસંતરાજ' કરીને એક સંસ્કૃતમાં ગ્રંથ છે, તેનો સાર ગુજરાતી ભાષામાં નારાયણગિરિના દાદાગુરૂએ એક ચોપડીમાં લખી લીધેલ તે હું નારાયણગિરિજી પાસેથી શીખેલ છું. તે પ્રમાણે કહું છું પણ મળતું તો કોઈક સમે જ આવે.'

સુણીને કહે કૃષ્ણ કૃપાળ, બોલી ચીબરી બોલી શિયાળ; કહો કેવાં શુકન તેહ છેય, ત્યારે બોલિયા તે પગી બેય.
પૂર્વ ઈશાન વચ્ચે સદાય, લોહિ કેરો પ્રવાહ ગણાય; તહાં બોલિ શિયાળ આ ટાણે, દેખશું લોહી કોઈ ઠેકાણે.
પછિ પશ્ચિમે ચીબરી બોલી, તેનો ભેદ કહું હવે ખોલી; વિપ્રનું ઘર પશ્ચિમ માંય, પરુણો આજ ક્ષત્રિ ગણાય.
માટે માણસને નહિ મારે, ભેદ શુકનનો એવો ઉચ્ચારે; એમ શુકન જાણે તે બતાવે, પણ મળતું કોઈ સમે આવે.
સર્વ જાણે છે અંતરજામી, પણ મનુષ્યલીલા કરે સ્વામી; એમ કરતાં થઈ કાંઈ વાર, એક વાઘ આવ્યો તેહ ઠાર.
તેણે બળદ ઉપર પંઝો માર્યો, કર્યો શ્રીહરિએ ત્યાં હોંકારો; વાઘ ત્રાસ પામી ગયો નાશી, પગી પ્રત્યે બોલ્યા અવિનાશી.
તમે શુકન કહ્યાં હતાં જેવાં, આજ તો દીશી આવીયાં એવાં; ઘણું બળદને લોહી નિકળિયું, કહ્યું એવું શુકન આજ ફળિયું.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૫૨)

ભગવાન શ્રીહરિએ જોબન તથા તખા પગીને પૂછ્યું. શુકનની વાત કરો. પગી કહે વસંતરાજ ગ્રંથમાં લખ્યું છે પણ અમે સંક્ષેપ જાણીએ. જો પૂર્વ ને ઈશાન વચ્ચે ચીબરી બોલે તો લોહીનો પ્રવાહ વહે. પશ્ચિમે ચીબરી બોલી તેનો ભેદ એમ કે માણસને નહિ મારે. એમ શુકન બતાવ્યા. અંતર્યાયી શ્રીહરિ બધું જ જાણતા હતા. મનુષ્યલીલા કરતા હતા. તેવામાં એક વાઘ આવ્યો ને બળદ પર પંજો માર્યો. શ્રીહરિએ હોકારો કર્યો તેથી ત્રાસ પામી વાઘ નાશી ગયો. શ્રીહરિ પગીને કહે, 'તમે કહ્યા તેવા શુકન થયા.' બળદને બહુ લોહી નીકળ્યું.

પછી જોબનપગી અને એમના બનેવી તખા પગીએ ભગવાન શ્રીહરિને એક ''શક્તિશુકનભેદ'' ની વાત સંભળાવી.

જોબનપગીએ કહેલી ખોડાભાભાની વાત :

હે મહારાજ ! અમારા કુટુંબમાં માતાનો એક મોટો ભૂવો હતો, તેનું નામ ખોડોભાભો હતું. માતા એને વેણે વાતું કરે છે, એમ સહુ અમે માનતા. તે ભારે ભૂવો હતો અને વળી ભારે શકનાવળી હતો. એ જયારે વૃદ્ધ થયો ત્યારે વડતાલથી થોડેક છેટે એક ટેકરા ઉપર તેની ઝૂંપડી મહુડાના ઝાડ તળે હતી, ત્યાં તે રાત્રિદિવસ રહેતો. રૂડો રખ્ડુ તેને શિકાર લાવી આપે, ગામમાંથી ટાઢુંશીળું લાવે તે ખાઈને પડયો રહે, રૂડિયો પણ અવારનવાર તેની પાસે રહેતો. આ ખોડેભાભે જિંદગી આખી ચોરી કરવામાં કાઢી નાંખી. હવે જીવનસંધ્યાએ આંખે ઝાંખપ આવતાં તે ઝૂંપડીમાં પડયો રહેતો હતો.

એક દિવસ તે રૂડિયાને કહે, ''એક હળની હાલ લઈ આવીને સૂરજનારાયણ સામી જમીનમાં ઊભી ખોડી દે; એમાં જે મોટા વિંધ હોય તે ઉપર રહે તેમ ખોડજે. તને એક હું માતાજીનું વાયક (શુકન) જોઈ દઉં.'' રૂડે તે પ્રમાણે કર્યું. પછી તે કહે મારી આંખે

બહુ આંધી આવી છે તેથી ઊંચી નજર ન પડે તો તું મંગળવારે અને દિતવારે(રવિવારે) આંહી રહી, એ હાલ ને મહુડાની ડાળ વચ્ચે જે દોરી મેં બંધાવી છે તે દોરી ઉપર મારી માતા મેલડી કાળીદેવી એટલે કે કાળી ચકલીનારૂપે આવીને બેસશે. અને પછી તે હળની હાલના ઠેબા ઉપર બેસશે. પછી તે હાલના મોટા વિંધમાંથી ત્રણવાર ગડકી જાય એટલે કે, સોંસરી નીકળી જાય અને પાછી દોરા માથે બેસે. આવું થાય અને જો તે'દી દિતવાર કે મંગળવાર હોય, અને તેની તને નજરે જોઈ ખાત્રી થાય, તો હું કહું તે દિશામાં મારા ભેળો હાલ તો એક ફેરો કરી આવીએ.

ત્યારે રૂડિયો રખ્ડું કહે, 'ભાભા તમે ભાળો નહિ ને ક્યાંક પકડાઈ જઈએ તો મરાઈ જઈએ.' તે સાંભળી, ખોડોભાભો કહે કે, 'જો કાળીદેવી એ હળની હાલના વિંધમાંથી ત્રણવાર જાય આવે અને દિતવાર કે મંગળવાર હોય, તો ધોળે દિ'એ આપણને કોઈ ભાળે જ નહિ. તું બીમા. મને એવું થાય તે દિ' વાત કરજે.'

પછી એકાદ મહિનો વિત્યે, બરાબર મંગળવારે બપોરે રોટલા ખાઈ બેય બેઠા છે, ત્યાં કાળીદેવી ઊડતી ઊડતી એ દોરા માથે બેઠી. રૂડિયો કહે, 'ખોડાભાભા ! કાળીદેવી દોરે આવીને બેઠી છે.' ભાભો કહે કે, 'હવે બરાબર જોઈ રાખ. તે હળની હાલના વિંધમાં સોસરવી કેટલી વાર નીકળે છે ? અને કઈ દશે ઊડીને જાય છે, તે બરાબર ધ્યાન દઈ જોજે. હું પણ જોવું છું.' એમ જ્યાં કહે છે ત્યાં કાળીકોશે લાકડાના ઠેબે બેસીને તેના વિંધમાંથી ત્રણ વખત આવ-જા કરી. પછી દોરા માથે બેસીને ઊડી ગઈ, તે બંનેએ જોયું.

એટલે ખોડોભાભો કહે કે, 'રૂડિયા ! મારી લાકડી દે અને હાલ મારા ભેળો, ભારે શુકન થયું છે, તારો મોવાળોય વાંકો નહિ થાય.' એમ કહેતા બંને જણા આણંદ તરફ ઉપડી ગયા. રાત્રે ક્યાંક બેય પડ્યા રહ્યા, ને બીજે દિવસે બજારમાં જતા જતા એક શાહુકારની દુકાને જ્યાં રૂપિયા ગણાતા હતા તે દુકાનને ઓટલે બેઠા. ચાર-પાંચ માણસ અને શેઠ હતા. પડખે બીજા રૂપિયાની કોથળીઓ સિવેલી પડી હતી. રૂપિયા ગણી થેલીઓ ભરતા હતા, તેવામાં તેની દુકાનના પટારા હેઠેથી એક મોટો સર્પ નીકળ્યો. તેને જોતા જ બધાય દુકાન બહાર નીકળી ગયા અને બીજી દુકાનમાં પેસી ગયા. એટલે ખોડોભાભો તે તક જોઈ દુકાનમાં પેસી ગયો. અને માંયલી કોર જઈને રૂપિયા ભરેલ ચાર કોથળીઓ પોતાની પછેડીમાં વીંટીને હાલી નીકળ્યો, અને રૂડિયાને કહે, 'તું ભેગો થઈ જાજે.'

પછી રૂડિયે તો દુકાનમાં જઈ સર્પને પકડ્યો, વાણિયા ભેળા થઈ ગયા ને રાજી થયા. રૂડિયે સર્પને ઊંચો કર્યો તો તેના પગથી માથા સુધી લાંબો કાળો નાગ જોઈને સહુ બીવા લાગ્યા. પછી રૂડિયો કહે, 'સર્પને મારી નાખું ?' વાણિયા કહે, 'ના.. ના.., એવું ના કરીશ. તેને ગામ બહાર આઘો મેલી દે, તને દસ રૂપિયા દેશું.' રૂડિયો દસ રૂપિયા લઈ સર્પ સોતો મસાણે ગયો, ત્યાં ખોડોભાભો વાટ જોઈ બેઠેલ. પછી બેય જણાએ ખભે કોથળીઓ નાખી અને મસાણમાં પડેલા લાકડાઓની ભારી વડે કોથળીઓને ઢાંકી વડતાલને માર્ગે ભાગ્યા. ભાગતા ભાગતા ભાભો થાક્યો, પછી ત્યાં એક નાનું ગામ દેખાણું. ત્યાં રોકાવાનું નક્કી કર્યું. પણ ભાભાના પગ ઉપડે નહીં તેથી પડી ગયો; એટલે પડખે એક ખેતરમાં બળદને ખાવાની ચારનું કાલરું(ઓઘો) હતું તે ખડ એકબાજુ કરી તેમાં બેય સંતાઈ ગયા. દિવસ ઝળવગળ રહ્યો અર્થાત્ દિવસ આથમ્યા ટાણું થઈ ગયું. ત્યારે એક પટેલિયો ગાડુ લઈ તે કાલરું ભરવા આવ્યો. રૂડો કહે, ભાભા ! કાલરું ભરવા ગાડી આવી, હમણા આપણે ઝલાઈ જશું.'

ભાભા કહે, 'કાળીદેવીનું કેમ છે ? બરાબર ત્રણવાર નીકળી ગઈ હતી ને ?' રૂડો કહે, ભાભા ! તેમાં ફેર નથી. ભાભો કહે, 'રામ રામ કર. જખ મારે કોઈ ન પકડે, આંધળા ભીંત સમજજે.' આમ વાત કરે છે ત્યાં ખેડુતે કાલરા પાસે આવી ગાડેથી બળદને છોડી ધોંસરે બાંધી, ગાડામાં નાડા લાંબા રાખી, કાલરામાંથી ઘાસ લઈ ભરોટિયું ભરવાની તૈયારી કરી. ત્યાં તો તેનું ગામ જે ઢૂંકડું હતું ત્યાં લાય લાગતા બૂંગિયો ઢોલ પીટાણો. ખેડુતે તે ગાડા માથે ચડી જોયું તે તેના વાડા તરફ આગ હતી. એવું ભાળતા તે તો ગાડુ બળદ પડ્યા મેલીને મુઠ્ઠીયું વાળીને ગામ તરફ ભાગ્યો. એટલે બંને ઓઘામાંથી બહાર નીકળ્યા.

પછી રૂડિયે એ બળદગાડાને જોડી ભાભાને ગાડામાં બેસાડી રૂપિયાની થેલિયું ગાડામાં મૂકી માથે ઘાસ ઢાંક્યું અને ગાડું વડતાલને માર્ગે હાંકી મેલ્યું. અને દોડાવતા દોડાવતા આવ્યા અને હે મહારાજ ! અમને એ થેલિયું સોંપી. અને પછી રૂડિયો તે ગાડુ-બળદ અમારા બીજા નાતીલાને આપી આવ્યો. તેણે જઈને અમદાવાદની ગુજરીમાં વેચી નાખ્યા. આમ હજારો રૂપિયા એ ખોડોભાભો ને રૂડિયો લઈ આવેલ. આવો તે શકુનાવલી હતો. અને આવો જબરો ચોર હતો.

પછી શ્રીહરિ જોબનપગીને કહે, 'તમે તો ભગવાનના સમોવડિયા છો. કેમ કે, તમે ચીબરીનો શબ્દ સાંભળીને કહ્યું હતું તે વાત સત્ય થઈ.' ત્યારે જોબનપગી કહે, 'હે મહારાજ ! અમે ભગવાનના સમોવડિયા નથી, અમે તો ભગવાનના દાસના પણ દાસ છીએ; પણ અમે ચોરી કરવા સારુ જાઈએ ત્યારે શુકન જોઈને જતા, તેથી થોડું જાણીએ છીએ.' એવી રીતે રમૂજ કરતાં કરતાં આખી રાત જાગ્યા. સવારે ત્યાંથી ચાલ્યા તે ગામ દોરે ગયા. આમ મહારાજની સાથે રહી ખૂબ સેવા કરી. તેથી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

• જોબન પગી અને અન્ય પાર્ષદોએ અનુભવી શ્રીહરિની લીલા :

એકવખત શ્રીહરિ વડતાલમાં બિરાજમાન હતા. રામનવમીના સમૈયા નિમિત્તે દેશ વિદેશથી હજારો હરિભક્તો વડતાલ આવ્યા હતા. એક દિવસ રાતે શ્રીહરિ સ્વંય ઊઠ્યા અને તૈયાર થયા. દસ બાર પાર્ષદોને સાથે લીધા. આ પાર્ષદોમાં ડુંગરજી મુખ્ય હતા. અન્ય અગ્રણી પાર્ષદો હતા ઉમાભાઈ, મૂળુભાઈ અને વેરાભાઈ. વડતાલ હતું એટલે મહાન શૂરવીર જોબનપગી, તખા પગી, જુસા પગી, ખોડા પગી અને સુંદર પગી પણ તલવાર ઢાલથી સજ્જ થઈ સાથે ચાલ્યા. રાત બરાબર જામી હતી. શ્રીહરિને સમૈયો કરવા આવેલ હરિભક્તોની સંભાળ લેવી હતી. તેમની ચોકી કરવી હતી. શ્રીહરિ સાથે સૌ ચાલ્યા.

શ્રીહરિ અને બધા પાર્ષદો ગામ બહાર નીકળ્યા. ઘનઘોર રાતે એકલાં કૂતરાં ભસતાં હતાં. એ સાંભળી શિયાળવાં પણ ભસી લેતાં. તમરાનાં અવાજ પણ સતત સંભળાતા રહેતા. તે વેળા શ્રીહરિએ પાર્ષદોની સામું જોયું અને બોલ્યા, 'અમે એકલા જ ઘોર વનમાં સાત વર્ષ સુધી ફર્યા છીએ. એમને લેશમાત્ર પણ કોઈનો ડર લાગતો નહિ. જંગલી હાથી અને સિંહોની સાથે અમે ફરતા. અગિયાર વરસની ઉંમર પછી ઘર છોડ્યું હતું. બાળયોગીન્દ્રના જેવો અમારો વેષ હતો.'

એ સાંભળી જોબન પગી બોલ્યા, 'આપ તો ભગવાન છો. એટલે આપને વળી ભય શાનો ? આપ જેવું ધારો, તેવું બધું થતું હોય છે. અત્યારે તે અંગે અમને પાકો વિશ્વાસ છે. ભાઈ રામદાસજી સ્વામી અહીં વડતાલમાં રહ્યા હતા. અને તેમણે અમને સમજાવીને આપના સ્વરૂપનો આવો નિશ્ચય કરાવ્યો છે. સ્વામી આવી જે જે વાતો કરે તે અમને પૂરેપૂરી મનાતી.'

શ્રીહરિ બોલ્યા, 'હે જોબનપગી ! વાડ વિનાનું જે ખેતર હોય તે ભેળાયા વિના રહે જ નહિ. જે સ્થળે ચોકિયાત દેખાય ત્યાં ચોર આવે જ નહિ, જ્યાં ચોકિયાત ન હોય ત્યાં ચોર જાય છે.'

શ્રીહરિ સાથે રહેલા પાર્ષદોને આવી વાતો કહેતા કહેતા બધા હરિભક્તોની સંભાળ લઈ આવ્યા. તેની બીજા કોઈને ખબર પડી નહિ. હરેક સંઘમાં ચોકીદાર રાખેલા હતા. તે ચોકીની ફરજ ઉપર હતા પણ શ્રીહરિ ત્યાં આવીને પસાર થઈ ગયા. તેની તે ચોકિયાતોને ખબર ન પડી. જે પાર્ષદો સાથે હતા, તેમને શ્રીહરિએ કહ્યું, 'હું અહીંયા હરિભક્તોની સંભાળ લેવા આવ્યો છું તેની વાત તમે ક્યારેય કોઈની આગળ કહેશો નહિ. તમને સહુને અમારાં ચરિત્ર સાંભરે એટલા માટે આજે તમને સાથે લીધા છે. તમારી સાથે પ્રેમ કરીને અમારે તમારો ઉધ્ધાર કરવો છે. તમારો ઉધ્ધાર કરવા સિવાયનું બીજું કોઈ પ્રયોજન હેત પ્રેમ કરવાનું તમારી સાથે નથી. તે વાત તમારે ચોક્કસ જાણવી.' શ્રીહરિએ આ રીતે જોબન પગી વગેરે પગીઓ અને ડુંગરજી સહિત અન્ય પાર્ષદોને પ્રસન્ન કર્યા અને પછી ઉતારે આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૬૪ના આધારે...)

• જોબન પગીના પ્રગટના નિશ્ચયની વાત :

જોબન પગીને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય મેરુ પર્વતની જેમ અડગ હતો. આવો અડગ નિશ્ચય થવો એ જ સર્વ સાધનનું ફળ છે. પ્રગટની આવી નિષ્ઠા અને કલ્યાણ બંને એક છે. આપણે પણ આવી નિષ્ઠા શીખવી. આ વાતને સમજાવતા અદ્‌ભુતાનંદસ્વામી પોતાની ૧૮૧મી વાતમાં કહે છે,

એક દિવસ મહારાજે વાત કરી કે, જોબન વડતાલો પોતાની બે દીકરીઓ સહિત વરતાલથી એકવાર અમારાં દર્શન કરવા સારુ ગઢડે આવતા હતા. ચાલતાં ચાલતાં ધોલેરા ગયા. ત્યાં દેવોનાં દર્શન કરી પોલારપર આવ્યા. ત્યાં તળાવને કાંઠે ઢેબરાં ખાઈ પાણી પીને થોડો સમય બેઠાં હતાં.

તેટલામાં ગામમાંથી દસ-વીસેક વાણિયા નીકળ્યા. તેમણે જોબનપગીને પૂછ્યું, 'ભાઈ ! ક્યાં રહેવું ?' ત્યારે જોબનપગી કહે, 'ગુજરાતમાં રહીએ છીએ.' ત્યારે તે વાણિયા કહે, 'ગુજરાતમાં જોબન વડતાલો કહેવાય છે, તેની બે દીકરીઓને સ્વામિનારાયણ લઈને ભાગી ગયા છે.' એવી વાત સંભળાય છે. એવું સાંભળીને જોબનપગી કહે, 'વાણિયાભાઈ ! સ્વામિનારાયણ બે દીકરીઓને જ લઈ ગયા છે કે વધારે ?' ત્યારે તે કહે, 'બે નું જ સંભળાય છે.'

તેથી જોબનપગી કહે, 'તમે વાણિયા જગતમાં વેપાર કરીને બહુ હોશિયાર છો. પરંતુ પ્રગટ ભગવાનને ઓળખવામાં અને તેનો આશરો કરવામાં તમે જ છેતરાયા છો. સાંભળી લ્યો... શ્રીકૃષ્ણ ભગવાને સોળ હજાર એકસો ને આઠ રાણીઓ કરી હતી. તે વાત તમે સાંભળી છે ?' તે કહે, 'હા.'

ત્યારે જોબનપગી કહે, ' સ્વામિનારાયણ ભગવાન તેટલી રાણીઓ કરશે ત્યાં સુધી તો હું તેમને શ્રીકૃષ્ણ ભગવાન જેવા જાણીશ.

ને એથી બમણી કરશે અથવા ત્રણ ગણી કરશે તો શ્રીકૃષ્ણ કરતાં બે-ત્રણ ગણા મોટા સ્વામિનારાયણ ભગવાનને જાણીશ.' એમ કહીને કહે, 'હું પોતે જ જોબન વડતાલો છું. આ બે મારી દીકરીઓ મારી સાથે છે; પણ તમારી મા-બેન, દીકરીઓને સાચવજો કોઈ લઈ જાય નહીં.' એવું તેમણે કહ્યું, ત્યાં વાણિયા ધ્રૂજવા લાગ્યા. હાથ જોડી કહેવા લાગ્યા, 'અમારી ભૂલ થઈ ગઈ, અમને માફ કરો.' એમ કહી બને એટલો જલદી રસ્તો પકડી લીધો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૨૮, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)

● ગધેડાની ગાય :

જેના હાથમાં તલવાર, તીરકામઠું કે ભાલો રહેતાં તેના હાથમાં હવે માળા ફરવા લાગી. જેની આંખો નશામાં લાલઘૂમ રહેતી તે હવે ભગવાન શ્રીહરિની ભક્તિના નશામાં નમ્ર થઈ ગઈ. જેનું જીવન સૌને માટે તિરસ્કારને પાત્ર હતું, એવા જોબનપગીને જોઈ લોકો હાથ જોડી વંદન કરવા લાગ્યા.

એકવાર જોબનપગી ગામ વડતાલથી કશિયાભાઈને મળવા ગામ પેટલાદ ગયા. તે ગામના પાદરમાં ગયા ત્યાં તો ગામના વેપારીઓને ખબર પડી કે, જોબનપગી આવે છે. તેથી બીકને લીધે દુકાનો બંધ કરીને સહુ સહુને ઘેર જતા રહ્યા. જોબનપગી કશિયાભાઈની ડેલીએ ગયા ત્યારે કશિયાભાઈએ નામ લઈને બોલાવ્યા ને પોતાની ગાદી પાસે બેસાર્યા ને ખૂબ મહેમાનગતિ કરી. ને પૂછ્યું, "કેમ તમે શું કામે આવ્યા છો ?" ત્યારે તેમને જે પૂછવાનું હતું તે પૂછી લીધું. પછી થોડીવાર વાતોએ વળગ્યા તેમાં કશિયાભાઈ કહે, "હે જોબનપગી ! તમે સ્વામિનારાયણના સત્સંગી થયા તે સ્વામિનારાયણે તમને શું પરચો આપ્યો ? વળી, મેં સાંભળ્યું છે, સ્વામિનારાયણ ભગવાન ગધેડાની ગાય કરે છે; તે વાત સાચી છે કે ખોટી ?"

ત્યારે જોબનપગી કહે, "તે વાત સાવ સાચી છે. અને તમે પણ જોયેલું તથા અનુભવેલું છે. કશિયાભાઈ મારા શરીરમાં જેટલા રુંવાડાં છે એટલા ઘા વાગેલા છે. એવો હું પાપી અને ગધેડા જેવો હતો. આ હું ગધેડા જેવો હતો તે મને સત્સંગી કરી નાખ્યો એ જ ગધેડાની ગાય કર્યા બરોબર છે. કલકત્તા સુધી મારી હાંક વાગતી. મારે કોઈ પ્રકારનો આચાર-વિચાર નહોતો. હું એક નહિ મારા જેવા અનેક પશુ જેવું જીવન જીવતા તેમને સ્વામિનારાયણ ભગવાને ગાયો જેવું પવિત્ર જીવન જીવતા કર્યા છે. જે મુખમાં ગાળો નીકળતી હતી તે મુખમાં હવે ભગવાનનો મંત્ર જપાવા લાગ્યો છે.

જ્યાં દારૂ-માંસના અડ્ડા જામતા તે સ્થાને સ્વામિનારાયણ ભગવાને સત્સંગસભાઓ અને સંસ્કારની પાઠશાળાઓ કરી છે. આમ અનેક ગધેડા જેવાને સ્વામિનારાયણ ભગવાને ગાયો જેવા બનાવ્યા છે. દેવોને પણ વંદન કરવા યોગ્ય બનાવ્યા છે. માટે લોકો કહે છે કે 'સ્વામિનારાયણ ભગવાન ગધેડાની ગાય બનાવે છે.' તે વાત પૂર્ણ સત્ય છે.

વળી, બીજો પરચો એ જ અમે ચારેય ભાઈ ડભાણમાં સ્વામિનારાયણ ભગવાન યજ્ઞ કરતા હતા ત્યારે તેમના ઘોડા ચોરવા ગયા હતા તે વખતે સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અમને ઘોડે ઘોડે દેખાયા અને અમે ત્રણ દિવસ દાખડો કર્યો પણ એકેય ઘોડું ન લેવાણું. વળી હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી થયો ત્યારે તમે મને તમારી ગાદી પાસે બેસાર્યો એ ત્રીજો પરચો." તે સાંભળીને કચેરીના સહુ માણસો બોલ્યા કે, "હા, એ વાત ખરી છે."

આમ, જોબનપગીએ જડબાતોડ જવાબ આપ્યો. આ સાંભળી કશિયાભાઈ કહે, 'તમે ખરા સત્સંગી થયા છો. તમારી વાત પૂર્ણ સત્ય છે. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજાનું આ કામ નથી. માટે તમોને તથા તમારું પરિવર્તન કરનારા સ્વામિનારાયણ ભગવાન બંનેને હું હવે હૃદયથી ચાહું છું.' ત્યારે જોબનપગી કહે, 'આજ આવો મનુષ્યદેહ મળ્યો છે. માટે તમે પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. એ સર્વે ગુરુના ગુરુ છે. અંતર્યામી પરમાત્મા છે.

મોક્ષ પામવાની આ તક સમજી તમે પણ સત્સંગ કરો. ભગવાન તથા સંતોના ગુણલા ગાઈ જીવન સાર્થક કરો.' તે વાત કશિયાભાઈને સમજાઈ. તેઓ પણ સત્સંગ તરફ વળ્યા. તેથી કશિયાભાઈ અને જોબનપગી આ બંને વચ્ચે ગાઢ મિત્રાચારી બંધાણી. બંને એકબીજાનાં કામ કરતા. એકબીજાના પૂરક બનીને રહેતા.

આ બંનેને મિત્રાચારી થઈ તે વાત આખા પરગણામાં તથા વડોદરા પ્રાંતમાં પ્રસિદ્ધ થઈ ગઈ. સહુને ખ્યાલ આવી ગયો કે પેટલાદના કશિયાભાઈ અને જોબન વડતાલો, આ બંને ભારે વૈરી હતા તે હવે પરમ મિત્ર થઈ ગયા છે. આ વાત ગાયકવાડ સરકારના કાન સુધી પહોંચી. સરકારના મનમાં ઘણા સમયથી જોબનપગીને વડોદરા બોલાવવાની અને આ નરબંકાને એકવાર જોવાની ઈચ્છા હતી.

સરકારને પણ એ પાકો નિશ્ચય થઈ ગયો હતો કે 'મારા અનેક અમલદારો અને ઈન્સ્પેક્ટરોને મારી નાખનાર બહાદૂર બહારવટિયો હવે ભક્ત થઈ ગયો છે. તે કોઈને મારતો નથી; તેથી હવે તેમને પકડવાનો કોઈ અર્થ નથી. પરંતુ મારે વીરપુરુષને એકવાર જોવો

છે. લોકો કહે છે, જેવું એ શૂરવીરતાથી બહારવટું ખેડતો હતો એવી જ શૂરવીરતાથી હવે એ ભક્તિ કરે છે. એમની પ્રામાણિકતા, નીતિમત્તા, ધ્યાન, ભજન, સેવા, પૂજા, સત્સંગ આ બધું જ અજોડ છે. માટે એકવાર મારે તેને મળવું છે.

• જોબનપગી પ્રથમવાર વડોદરામાં ગાયકવાડ સરકારને રૂબરૂ મળ્યા :

જોબનપગી અને કશિયાભાઈ પાક્કા ભાઈબંધ થયા છે. હવે જોબનપગીનું ખોળિયું બદલાઈ ગયું છે, તેથી ગાયકવાડ સરકારને તેમને રૂબરૂ મળવાની તથા તેમની વીરતાની વાતો જાણવાની અતિ ઇચ્છા થઈ. જોબન પગીની શક્તિની અને લૂંટફાટની વાતો સાંભળવાની તીવ્ર ઇચ્છા થતાં ગાયકવાડ સરકારે કશિયાભાઈને એક કાગળ લખ્યો. કાસદ તે પત્ર લઈ પેટલાદ આવ્યો.

પત્રમાં લખ્યું હતું કે, 'તમે જોબનના જામીન થાઓ અને કાંઈ પણ બીક ન રાખવાનું તમારા ગળામાં (માથે) લઈ તેમને વડોદરા સરકારની સલામે તેડી લાવો. તે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થયા છે. ચોરી, ખૂન વગેરેનો ત્યાગ કર્યો છે. માટે તેના તમામ ગુન્હાની હું માફી આપું છું. મારા મનમાં કોઈ દગો નથી, કપટ નથી. મારે તેને જેલમાં પૂરવો નથી. એકવાર પ્રેમથી તેને જોવો છે. તે કામ તમારા દ્વારા થઈ શકે તેમ છે. માટે મારી પુનઃ પુનઃ વિનંતી છે કે, જોબન પગીને વિશ્વાસ આપી તમો અહીં વડોદરા લાવજો. મારે એનું વડોદરાની ભરબજારમાં ભવ્ય સ્વાગત-સન્માન કરવું છે. કચેરીમાં મારી સાથે બેસાડી ભારે ઇનામ આપવું છે. એનું સન્માન કરી માન વધારવું છે. કોઈથી ન જિતાય એવા અને કોઈથી ન મરે એવા જોબનપગીને સ્વામિનારાયણ ભગવાને જીત્યો છે. માટે તેમને પણ લાખો ધન્યવાદ કહું છું.'

કશિયાભાઈએ સરકારનો કાગળ વાંચ્યો. પછી તેમણે જોબનપગીને સમાચાર આપ્યા કે, 'મારે આપનું અગત્યનું કામ છે. માટે આપ તત્કાળ એકવાર પેટલાદ પધારો તો સારું.' સમાચાર મળતાં જોબનપગીને એમ થયું 'કશિયાભાઈ મારા મિત્ર છે. તેણે મારાં ઘણાં કામ કર્યાં છે. માટે મારે ત્યાં તેમને અગત્યનું કામ હોય તો જવું પડે.' આમ વિચારી કશિયાભાઈના કહેવાથી જોબનપગી પેટલાદ ગયા. કશિયાભાઈએ જોબનપગીને વડોદરા સરકારના તમામ સમાચાર આપ્યા અને પત્ર વાંચી સંભળાવ્યો. પછી તેમણે જોબનપગીને કહ્યું, 'તમે કહો ત્યારે આપણે વડોદરા જઈએ. તમામ જવાબદારી મારે માથે છે.' ત્યારે જોબનપગી કહે, 'જો જો હો કશિયાભાઈ, એ રાજા કહેવાય... તમને જામીન રાખી મને જેલમાં પૂરે તો મારો મનખો હરામ થઈ જાય. જો દગો થાય તો તમારે માથે માથું નહીં રહે. ભરસભામાં હું તમને મારી પછી મારા પેટમાં જમૈયો નાંખી આત્મહત્યા કરીશ. માટે વિચારીને પગલું ભરજો.'

ત્યારે કશિયાભાઈ કહે, 'શું બોલો છો, જોબનભાઈ..! હું ખાનદાન માણસ છું, તમારો વાળ વાંકો નહિ થાય. માટે મનમાં ધરપત રાખો; હું તમને મોટું સન્માન અપાવીશ.' તેથી જોબન પગીને વિશ્વાસ આવ્યો. એટલે કહ્યું, 'તમે વડોદરા જવા નીકળો પછી તેના મને સમાચાર મોકલજો.' સમાચાર આવે હું ત્રીજે દિવસે મારા ઊંટીયા પર બેસી નીકળીશ. અને વડોદરા તમારા ઉતારામાં આવીને મળીશ. પછી આપણે બંને સાથે મળી સરકારની કચેરીમાં જાશું. એમ કહી જય સ્વામિનારાયણ કહી તે વડતાલ આવ્યા.

પછી કશિયાભાઈએ પત્ર લઈને આવનાર કાસદને કહ્યું, 'હું એક મહિનામાં જોબનપગીને તેડીને વડોદરા આવીશ.' એમ જવાબ લખી તેને રવાના કર્યો. તેણે વડોદરા સરકારને જોબનપગી એક મહિનામાં આવશે એવા સમાચાર આપ્યા; તેથી તેમને આનંદ થયો.

આ બાજુ થોડો સમય ગયો, પછી કશિયાભાઈ આઠ-દશ હથિયારબંધી માણસો સાથે લઈ વડોદરા જવા નીકળ્યા. જોબનપગીને તે સમાચાર પહોંચાડ્યા. સમાચાર લાવનાર માણસની સાથે જોબનપગીએ કહી મોકલ્યું કે, 'કશિયાભાઈને કહેજો હું જરૂર આવીશ અને તમને ત્યાં મળીશ.' પછી તે માણસે આ સમાચાર કશિયાભાઈને આપ્યા.

સમાચાર મળ્યા બાદ જોબનપગી ઊંટ ઉપર બેસી ત્રીજે દિવસે ભગવાન શ્રીહરિને સંભારી વડોદરા જવા નીકળ્યા. જોબનપગીને હજુ પૂરો વિશ્વાસ નથી. મનમાં એમ થાય છે કે, રાજા વાજા ને વાંદરા, કદાચ મને આવા કાવતરાથી જેલ ભેગો કરી દે. માટે મારે પોતે જ સાચી તપાસ કરી લેવી જોઈએ. એમ વિચારી બે જાસૂસોને અગાઉ વડોદરા મોકલ્યા. વળી, અનગઢ વિસ્તારના બાતમીદાર કાના કારસ્તાનીનો વડોદરામાં ઉતારો હતો, તેને ત્યાં હાજર રહેવા કે'વરાવ્યું. પછી જોબનપગી વડોદરા પહોંચ્યા ત્યારે પ્રથમ ખાનગીમાં તેને મળ્યા અને તેને ત્યાં જ ઉતારો કર્યો અને તેના દ્વારા પણ બધા સમાચાર જાણી લીધા.

કશિયાભાઈ પણ મુકામ કરતાં કરતાં ચોથે દિવસે વડોદરા આવ્યા. તે પોતાના ઉતારામાં ત્યાં ઊતર્યા. જોબનપગીએ મૂકેલા જાસૂસે આ સમાચાર તેમને આપ્યા. તેથી બીજે દિવસે બપોરે જોબનપગી તેને મળવા કશિયાભાઈને ઉતારે ગયા. તપાસ કરતાં જાણ થઈ સરકારના મનમાં કોઈ કૂડ-કપટ કે દગા જેવું નથી; માત્ર મને નજરે જોવા માગે છે. આવી ખાતરી થઈ તેથી બીજે દિવસે કશિયાભાઈની સાથે સરકાર પાસે જવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સોમવાર હોવાથી કોર્ટ-કચેરીમાં રજા હતી. ગાયકવાડ સરકારે પોતાના તમામ નાના-મોટા અમલદારો, શેઠ-શાહુકારો

તથા અધિકારીઓને કહ્યું, 'જોબન પગીને જોવાનો કાલે દરબાર ભરાશે.'

એમ કહી ઢોલ પીટાવી આખા વડોદરામાં તેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. 'ભરાડીમાંથી મહાન ભક્ત બનેલા જોબન વડતાલાનું વડોદરા સરકાર કાલે મોટું સન્માન કરશે. તેની બજારમાં ભવ્ય સવારી નીકળશે. પછી દરબાર ભરાશે. માટે જેને જોબનપગીને જોવો હોય તે બધા હાજર રહે.' આ રીતે આખા વડોદરાની જનતાને ઢોલ વગાડીને જાણ કરી.

બીજા દિવસે કશિયાભાઈના ઉતારે સરકારે પ્રધાનોને ફોજ સાથે મોકલ્યા. અને કહેવરાવ્યું વાજતે-ગાજતે સન્માન સાથે જોબનપગીને લાવવા માટે આ સામૈયું મોકલાવ્યું છે. ત્યારે જોબનપગીએ લીલી અતલસનો પાયજામો પહેર્યો. માથે અતલસની આસમાની રંગની સોનેરી બુટ્ટાવાળી ડગલી પહેરી. માથે નવધરું મંડીલ બાંધ્યું. કમર ઉપર કસુંબલ રેંટાની ભેટ વાળી. તેમાં જમૈયા, છરી તથા કટાર ખોસ્યાં. ડોકમાં સોનાના બે ગંઠા પહેર્યા. કાનમાં ઠોળિયાં, હાથમાં વેઢ-વીંટી અને પગમાં રૂપાના તોડા પહેર્યા. કમરે રૂપાની મૂંઠવાળી તલવાર બાંધી. એક ખંભે તીરકામઠું અને બીજા ખંભે જોટાવાળી બંદૂક ધારી. હાથમાં મહારાજે આપેલી માળા, કપાળમાં તિલક-ચાંદલો અને મુખમાં સ્વામિનારાયણનું નામ જપતા આવાં હથિયાર ધારણ કરી બનીઠની બાહોશ બહારવટિયાના રૂપમાં જિંદગીમાં પ્રથમવાર વડોદરા શહેરમાં જોબનપગીએ પ્રવેશ કર્યો.

ગાયકવાડ સરકારે કરેલ જોબનપગીનું સન્માન :

જોબનપગી જ્યારે વડોદરા આવ્યા ત્યારે તેમણે કાંઈ દગા જેવું જણાય તો જેટલા મરે તેટલાને મારીને પછી મરી જવાનો મનમાં નિશ્ચય કર્યો હતો. આ તરફ સરકારે ચાર બળદ જોડેલું વેલડું તેમની માટે મોકલાવ્યું હતું. તેમાં ઊંચી બેઠકવાળી રંગતપાટ પર ગાદી-તકિયા બિછાવ્યાં હતાં. અમલદારોએ જોબનપગીને વિનંતી કરી કે આપ સરકારના માન ખાતર આ ઊંચા આસને બેસો.

પછી કશિયાભાઈ સાથે જોબનપગી તે વાહનમાં ગાદી-તકિયા ઉપર બેઠા. સામે ગાદલાઓ ઉપર તેડવા આવેલા સરકારી અમલદારો અને પ્રધાનો બેઠા. આ રીતે સરકારી નોબતો સાથે જોબનપગીનું સામૈયું વડોદરાની મુખ્ય બજારે નીકળ્યું. જ્યારે તેઓ શહેરમાં નીકળ્યા, ત્યારે આંગળી ચીંધી ચીંધી લોકો તેમને જોતા હતા અને કહેતા હતા કે 'આ વાંકડી મૂંછોવાળો નરબંકો એ જ જોબન વડતાલો છે.' તે વખતના વડોદરાના પ્રસિદ્ધ ક્ષત્રિયોના બારોટ હેમતસંગ ત્યાં હાજર હતા. તેમણે જોબનપગીની બિરદાવલીઓ આ રીતે ગાઈ હતી :

વડોદરાની બજારમાં, જોબન જોવા કાજ; હલકી ઊઠી મેદની, અસવારીમાં આજ.
નીરખવા નર બંકડો, જોબન જોવા કાજ; ચતુરા ચડી ઝરૂખડે, અસવારીમાં આજ.
પાંચ હથાલો પેખીઓ, જોબન પગી જુવાન; સાવજ જેવો શોભતો, ભાળ્યો ભીનેવાન.
તિલક ચાંદલિયો સહિત, ભળકે રૂડું ભાલ; કેડે હથિયારો કસિયાં, જમણે હાથે માળ.
વાંસે ઢાલું હીંડળે, કમરે છે કરવાળ; બંદૂક ડાબા હાથમાં, જમણે હાથે માળ.

બારોટો આવી બિરદાવલીઓ ગાતા. સર્વત્ર આનંદ ઉત્સવ થતા. વડોદરાના અસંખ્ય નરનારીઓ જોબનપગીને જોવા ટોળેટોળાં ઊભાં હતાં. વાજતે-ગાજતે સવારી આગળ ચાલતી હતી. તે સામૈયું સૂબા સાહેબ તથા મહેતા સાથે ઊભી બજારે માંડવી સોંસરા થઈ હજૂરીબાગમાં ગયું. ત્યાંથી સવારી ગાયકવાડને આંગણે આવીને ઊભી રહી. ચોપદારો આગળ હતા. તેઓ નીચે ઊતર્યા. પછી કશિયાભાઈ અને તેની પાછળ જોબનપગી ગાડીમાંથી નીચે ઊતર્યા અને પ્રધાનમંડળની પાછળ કશિયાભાઈની સાથે જોબનપગી વડોદરાની રાજકચેરીમાં દાખલ થયા. તેમની બેઠક કશિયાભાઈની બાજુમાં જ રાખી હતી.

તેથી કશિયાભાઈએ કહ્યું, 'આવો જોબનપગી ! આ બાજુ આપની બેઠક છે. તેને ગ્રહણ કરો.' તેથી વિરાસન રાખી જોબનપગી ત્યાં બેઠા અને બંદૂક તથા તલવાર ખોળામાં રાખી. કેમ કે, કાંઈક થાય તો પોતાના નિર્ણય પ્રમાણે લડી લેવાનું હતું.

પછી ગાયકવાડ સરકાર ઝરુખેથી નીચે ઊતરી કચેરીમાં આવ્યા. સહુ સાથે જોબનપગીએ પણ સલામ કરી. પછી કશિયાભાઈના કહેવા મુજબ રાજરીત પ્રમાણે ભેટ મૂકી સરકારને મુજરો કર્યો. અને બે હાથ જોડી ઊભા રહ્યા. ત્યારે સરકાર કહે, 'કેમ જોબનપગી! તમે હવે સ્વામિનારાયણના ભગત થયા છો, ખરુંને..!' ત્યારે તેણે કહ્યું, 'હા, નામદાર ! હું હવે ભગત થયો છું.' પછી સરકાર થોડીવાર તેની સામે એક નજરે જોઈ રહ્યા. પછી બેસવાનું કહેતાં જોબનપગી પોતાના આસને બેઠા. સરકારે પણ પોતાનું આસન સ્વીકાર્યું.

ત્યારબાદ ગોઠવણી મુજબ સભામાં નાચગાનનો હુકમ થયો. એટલે રાજરીતિ પ્રમાણે રાજ્યની ગાયિકાઓ નૃત્ય કરવા આવી. તબલાના તાલ અને સંગીતના સૂરો સાથે ગાયન અને નૃત્ય શરૂ થયાં. સહુ ગાન સાંભળે છે પરંતુ બધાની નજર જોબનપગી સામું સ્થિર

હતી. પરંતુ જોબનપગીનું ધ્યાન ભગવાન શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરવામાં હતું. એ તો નીચી દૃષ્ટિએ માળા ફેરવી જપ કરતા હતા.

આમ જેની ઇન્દ્રિયો કાબુમાં હોય, મન કાબુમાં હોય તેને ભગવાન વશ થાય છે. તેમના માટે જ આ કાર્યક્રમ ગોઠવાયો હતો છતાં તેમને પરસ્ત્રી સામું ન જોયું. તેથી સરકાર તથા તેમના તમામ માણસો તેમના સંયમ અને સદાચાર જોઈને ફીદા ફીદા થઈ ગયા. સહુને ગુણ આવ્યો.

નાચગાન પૂરા થયા. પછી સન્માન સભાનો આરંભ થયો. સરકારે સેવકોને ઇશારો કરતા જોબનપગીને આપવાના શિરપાવનો ભરેલો થાળ લઈ એક માણસ આવ્યો. સરકારે તે થાળમાંથી લઈ જોબનપગીને પોતાના હાથથી બહાદુર પુરુષના નામવાળો મોટા ચગદામાં કોતરાવેલ સોનાનો કંઠો આપ્યો. તેમજ બીજી અનેક ભેટો આપી.

પછી સરકારે કહ્યું, 'આજથી તમે અમારા રાજ્યના એક અમીર છો. હું તમારી બહાદુરીથી ખુશ છું. તમારા તમામ ગુના માફ કરું છું. અને હું મારા રાજ્યના એક 'બહાદુર પુરુષ'નો તમને ઇલકાબ આપું છું.' એમ કહી સરકારે ફરી ઇશારો કર્યો તેથી લાઈનબદ્ધ બીજા કપડાંના, રૂપિયાના અને ઘરેણાંના થાળો હતા તે લઈને સરકારના માણસો આવ્યા. સરકારે તેને હાથ અડાડી બધું જ જોબનપગી પાસે મેલાવ્યું. આ રીતે જોબનપગીને ભેટ ધરી, સત્કાર કરી સરકાર ખૂબ ખુશ થયા.

પછી કશિયાભાઈએ તે તમામ ભેટના થાળો પોતાના માણસો દ્વારા ઉપડાવી ઉતારે મોકલાવ્યા. રાજ્યના ચિહ્નવાળો મોટા ચગદાનો હાર સરકારના કહેવાથી જોબનપગીએ ત્યાં જ ડોકમાં પહેર્યો. પછી કચેરી બરખાસ્ત કરી અને જોબનપગી તથા કશિયાભાઈને સરકાર બીજા ખંડમાં તેડી ગયા. જોબનપગીના મનમાં વિચાર થયો : કદાચ... દગો કરી મને પકડે તો..?

ત્યાં તો સરકારે પોતે હોકો પીતાં હતા તેવા તે બન્ને જણ માટે રૂપેરી હોકા મંગાવ્યા. અને પીવાની આજ્ઞા કરતાં કહે, 'જોબન! મારા વતી બે દમ લો.' ત્યારે જોબનપગીએ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરતાં કહ્યું, 'નામદાર ! જ્યારથી સ્વામિનારાયણ ભગવાન મને મળ્યા ને કંઠી બાંધી હું ભગત થયો ત્યારથી મેં હોકા, જરદા, તમાકુ, અફીણ, દારૂ, ચરસ, ચંડુલ વગેરે નશો કરું તો હિંદવાણી ગાય ને મુસલમાનને સુવર. કહેતા હિંદુ ગાય મારે અને મુસલમાન સુવર મારે તેનું પાપ મને લાગે. આ મારા નિયમ છે. માટે તે વાત નહિ બને.'

તેથી સરકારે શાબાશી આપતાં કહ્યું, 'જોબનપગી તમને ધન્યવાદ છે. તમારી ટેકને ધન્યવાદ છે. પરંતુ તમારે એ બધાં વ્યસન કેમ છૂટ્યાં ? શરીરમાં કાંઈ મુશ્કેલી ન થઈ ?' ત્યારે જોબનપગીએ કહ્યું, 'શરૂઆતમાં એક મહિનો પીડા થઈ પણ કાળજું કઠણ રાખ્યું તથા દૃઢ મનોબળ રાખ્યું તેથી હવે શાંતિ છે. કોઈ વાતનું દુઃખ નથી. હવે હું શાંતિથી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરું છું. અંતરમાં બહુ આનંદ આવે છે.'

આ રીતે વડોદરા સરકાર તથા જોબનપગીએ થોડીવાર ચર્ચા કરી, ત્યાં માણસોએ આવીને કહ્યું, 'મહારાજા, ભોજન તૈયાર છે. તેથી સરકાર, જોબનપગી અને કશિયાભાઈ ત્રણેય ભોજનખંડમાં ગયા. ત્રણેય સાથે જમવા બેઠા. સરકારે ખૂબ આગ્રહ કરી જોબનપગીને જમાડ્યા. પછી ચળું કરી પાનબીડાંના મુખવાસ લીધા. વળી, પાછા કચેરીમાં આવ્યા. ત્યાં સહુ દરબારી ડાયરો એકત્રિત થયો હતો.

આજ સરકાર ખૂબ ખુશ હતા. એટલે કહે, 'જોબનપગી ! મારે તમારા જૂનાં પરાક્રમોની વાતો સાંભળવાની ઇચ્છા છે. તમે લૂંટફાટ કેવી રીતે કરતા ? કઈ રીતે ગામો ભાંગતા ? શું કરવાથી તમારા બધા માણસો તમને વફાદાર રહેતા ? વગેરે તમારાં પરાક્રમો સંભળાવો.' પછી જોબનપગી સરકારી ડાયરામાં પોતાની જૂની વાતો કરવા લાગ્યા.

જોબનની વાતો સાંભળવાની સહુને બહુ મજા આવતી. આમ બે દિવસ ગયા પછી જોબનપગીએ જવા માટે રજા માગી. ત્યારે સરકાર કહે, 'એમ ન હોય જોબન ભાયા..! થોડા દિવસો અહીં રોકાઓ.' સરકારનો અતિ આગ્રહ તથા ભાવ જોઈ જોબનપગી બીજા પંદર દિવસ ત્યાં રહ્યા. સરકાર સાથે બેસી થાળ જમતા, પાનબીડાં લેતા અને નિત્ય અનેક પ્રકારનાં પરાક્રમોની વાતો કહેતા. ઘણીવાર પોતાને ભગવાન સ્વામિનારાયણે ઘોડે ઘોડે દર્શન આપ્યાં, પોતાની મેડીએ દિવ્યરૂપે દર્શન આપ્યાં, વળી રંગોત્સવમાં અનેકરૂપે અનેકને દર્શન આપ્યાં વગેરે શ્રીહરિનાં ઐશ્વર્ય-પ્રતાપની પણ ઘણી વાતો કરતા. તેથી સરકાર અને તેમના માણસો સહુ ખૂબ ખુશ થતા. આમ, દિવસો ઉપર દિવસો જવા લાગ્યા.

ગાયકવાડની ગંધીલી ઘોડી ગૂમ કરી :

એક દિવસ ગાયકવાડ સરકારે ભરડાયરામાં જોબનપગીને કહ્યું, 'તમારા ચોરીના પરાક્રમ વગેરેની વાતો સાંભળી હું ખુશ ખુશ થયો છું. પરંતુ મારા મનમાં એમ છે કે, 'તમે આ દરબારમાંથી કાંઈક ચોરી કરી બતાવો તો હું તમને ખરા ચતુર અને મર્દ કહું.' જોબનપગી કહે, 'માફ કરજો સરકાર ! ચોરી ન કરવાનો મેં નિયમ લીધેલ છે.

ત્યાં તો ડાયરો બોલી ઊઠ્યો, 'અરે જોબન ભાયા ! આ તો માલિકને ખુશ કરવા તમારી ચાતુરીનો પ્રયોગ કરવાનો છે. તેનાથી કાંઈ નિયમનો ભંગ થયો ન કહેવાય. અને કોઈને કળા દેખાડવી તેને ચોરી પણ ન કહેવાય. માટે તમારી ચાતુરી દેખાડો. અમનેય બધાને સરકારની જેમ જ તમારી ચાતુરી ને બહાદૂરી જોવા-જાણવાનો ભારે શોખ થયો છે.'

જોબનપગી કહે, 'આપની ઇચ્છા હોય તો હું મારી કળા દેખાડું; પરંતુ મારી બે શરત છે : પહેલી શરત એક મહિનાની મુદત આપો અને બીજી શરત એ કે, મને દરબારગઢમાં રહેવા દો, મારા ઉતારે નહીં.' સરકારે કહ્યું, 'બંને શરત મને મંજૂર છે. આજથી આપનો ઉતારો દરબારગઢમાં કરો.' આ પ્રમાણે કબૂલાત કરી.

પછી જોબનપગીએ સરકારના મહેલમાં ધામા નાખ્યા. રોજ સરકારને મળતા રહે. સરકાર તેમને પોતાના ઓરડા, ઘોડા, ખજાનો, તોપખાનું, શસ્ત્રો રાખવાના ઓરડાઓ, સૂવા-બેસવાના ઓરડાઓ આ બધું ઘરનો જ એક સભ્ય ગણીને બતાવતા હતા. આમ, પરસ્પર બંનેને અતિ મનમેળ થયો. બીજીબાજુ જોબનપગી ઉપર સરકારે જાસૂસ દ્વારા ચાંપતી નજર કડકપણે રખાવી હતી. અને તેમના બધા માણસોને પણ આ બાબતની સૂચના કરી દીધી હતી.

એકવખત જોબનપગી ઓરડામાં સૂતા હતા. ત્યાં વહેલા ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. તેથી તેના મનમાં થયું કે, 'અત્યારે આ ઘોડાના ડાબલાનો અવાજ ક્યાંથી આવે છે ?' પછી ઊભા થઈ જાળી ખોલીને જોયું તો સરકાર ઘોડેસવાર થયા હતા. પછી તેમણે દરવાજે સૂતેલા દરવાણીને સોટી અડાડીને જગાડ્યા. દરવાણી ઊભો થયો. તેણે દરવાજો ખોલ્યો. એટલે સરકાર બહાર ગયા.દોઢ-બે કલાકે સૂર્ય ઊગતાં પહેલા પાછા આવ્યા અને પોતાના હાથે ઘોડીને ઘોડારમાં બાંધી. પછી અગાશીમાં આવીને સૂઈ ગયા. વળી ચોથે દિવસે ફરી તે જ રીતે ગયા અને આવ્યા. આ બધું જોબનપગીએ બરાબર નીરખ્યું.

હવે તેની મુદતને એક અઠવાડિયું બાકી હતું. તપાસ કરતાં જણાણું કે સરકાર જેની ઉપર બેસીને જતા એ ગંધીલી જાતની ઘોડી હતી. તે માલિકના પસીનાની ગંધને સૂંઘી તેને જ પાસે જવા દે; બીજાને બટકાં ભરવાં લાગે. તેથી તેની ચાકરી કરનાર માણસો દૂરથી ઘાસચંદી ફેંકતા. આ રીતે તેની સંભાળ રાખતા. આ ઘોડી સરકારની ગંધ જોઈને માલિક ઓળખતી અને તેને જ પાસે આવવા દેતી. તેથી તેનું નામ ગંધીલી ઘોડી હતું. જોબનપગીએ આ ઘોડી જ ઉઠાવી લેવાનો નિર્ણય કર્યો.

જોબનપગી રોજ સાંજે પાંચ વાગે ઘોડું લઈ વડોદરા શહેરમાં વિશ્વામિત્રી સુધી ફરવા જતા હતા. ચારેય બાજુનાં સ્થાનકો જોતા. તેમાં એકવાર વડોદરાથી બે ગાઉ ઉપર એક ઊંડી કોતર નજરે આવી. ત્યાં કોઈ માણસની અવર-જવર થતી નહીં. તેથી તે જગ્યા તેમણે પસંદ કરી. પછી આસપાસનાં સ્થળ તથા રસ્તાથી પોતે વાકેફ થયા. ગાયકવાડ સરકાર વહેલી સવારે આવી ઘોડી છોડે છે ને બાંધે છે તેનો બારીકાઈથી અભ્યાસ કર્યો. સરકાર નિત્ય ચોથા દિવસે નગર તપાસ માટે જતા હતા તે પણ જાણી લીધું.

પછી ત્રીજે દિવસે જોબનપગી વહેલા રાત્રે બે વાગે ઊઠ્યા. તેલ ભરેલા દીવા બળતા હતા તે બુઝાવ્યા. પછી જે અગાશીમાં પલંગ પર સરકાર પોઢ્યા હતા તે અગાશીને કઠોડે ચંદનઘોને ડાબલામાંથી કાઢી અને જોરથી ઘા કર્યો. તેથી ચંદનઘોએ કઠોડો બરાબર પકડી લીધો. પછી જોબન પગીએ હીરની દોરી ખેંચીને બરાબર પકડાણી છે કે નહિ તેની તપાસ કરી. ઘોએ બરાબર કઠોડો પકડી લીધો છે તેની ખાતરી થતાં તેને આધારે તેઓ અગાશી ઉપર ચઢી ગયા.

પછી સરકારનો મોટો ઝભ્ભો, ગાયકવાડી પાઘડી અને હાથમાં રાખવાની સોટી - આ ત્રણ વસ્તુ લીધી. પછી દોરી પકડી નીચે ઊતર્યા. પછી ઝભ્ભો તથા પાઘડી પહેરી લીધી. ભગવાન શ્રીહરિને સંભારીને ગંધીલી ઘોડી પાસે ગયા. માલિકના પરસેવાની ગંધ આવવાથી ગંધીલી ઘોડી શાંત રહી. પછી જોબનપગીએ સરક છોડી. પછી ગળે લગામ બાંધી. જીનલગામ એટલે કે ઘોડી ઉપર પલાણ માંડ્યું.

પછી જોબનપગી ગંધીલી ઘોડી ઉપર સવાર થઈ બહાર નીકળ્યા. સરકારની જેમ દરવાણીને સોટી અડાડીને જગાડ્યો. તે જાગ્યો અને તેને સરકાર જાણી સલામ કરી દરવાજો ખોલી આપ્યો. પછી જોબનપગી પસંદ કરેલી કોતરમાં ઘોડીને લઈ ગયા. ત્યાં ઘોડીને પાણી પાઈ ખીજડાના ઝાડ સાથે હીરની સરકથી બાંધી દીધી. પછી ઘોડીને બરડે હાથ ફેરવ્યો. ત્યાં તેણે કરેલ સૂચના મુજબ તેના માણસો ઘોડાઓ સાથે ગદબનું પોટલું લઈને આવ્યા. તે ઘોડીના મોઢા આગળ નાંખ્યું અને જીનલગામ ઉતારી થોડે દૂર મૂક્યું. પછી પોતાના માણસોએ લાવેલા ઘોડા ઉપર સવાર થઈ દિવસ ઊગ્યા પહેલાં પાછા આવ્યા. ત્યારે દરવાણી સુતો હતો અને કમાડ અધખુલ્લું હતું. તેમાંથી અંદર આવી પછી માણસને ઘોડું સોંપી તેને રવાના કર્યો.

પોતે ઉતારે આવી ચંદનઘો બાંધેલી રસીથી ઉપર ચઢી સરકારનો ઝભ્ભો, પાઘ ને સોટી જેમ હતાં તેમ રાખી દીધાં. અને નીચે ઊતરી ગયા. પછી કડાથી બાંધેલી ઘોની દોરીને ઢીલી કરી તેથી તરત ઘો નીચે પડી. તેને સંકેલી પેટીમાં પૂરી દીધી. પછી જોબનપગી

ઉતારે જઈ સૂઈ ગયા ત્યારે દિવસ ઉગવાની બે કલાકની વાર હતી.

સવારે ઠાણદાર ઘોડીનું જોગાણ લઈ ત્યાં ગયા. પણ ઘોડી ન જોતાં જાણ્યું જે સરકાર બારા ગયા હશે. એમ જાણી કૂંડીમાં પાણી ભરી તે જતો રહ્યો. સવારે દિવસ ઊગ્યા પછી એક કલાકે સરકાર જાગ્યા. નાહી ધોઈને નિત્યવિધિ કર્યા. પછી કપડાં પહેરી નીચે ખાનગી હોલમાં આવ્યા. જોબનપગી પણ પૂજો-પાઠ આદિક નિત્યવિધિ કરી, તિલક-ચાંદલો કરી હાથમાં માળા લઈ સરકાર પાસે આવ્યા.

ત્યારે સરકાર કહે, 'જોબનપગી ! આજ તો અમને બહુ નિદ્રા આવી.' આમ થોડીવાર વાતો કરી. નાસ્તા-પાણી કર્યા. ત્યાં અમલદારે આવી મુજરો કરી કહ્યું, 'નામદાર ! આજ આપની ઘોડીને ઠાણમાં નહીં બાંધતાં બીજે ક્યાંય બાંધી છે ? કેમ કે, ઘોડી ઠાણમાં નથી.' એવા સમાચાર મળતાં સરકાર અને સહુ જોવા માટે ત્યાં ગયા.

ઘોડીને ત્યાં નહિ જોતાં સરકાર કહે, 'અજબ થયો, ઘોડી મારા વિના કોઈને ખીલેથી છોડવા ન દે, તે ઘોડી સરક તથા જીનલગામ સહિત ક્યાં ગુમ થઈ ?' પછી સરકારે સેનાધિપતિ તથા સૂબેદારોને હુકમ કર્યો કે 'જાઓ ગમે ત્યાંથી મારી ઘોડી ગોતી લાવો.' સરકારની ગંધીલી ઘોડી જીનલગામ સહિત ગુમ થઈ, તેથી સહુને પણ મહાઆશ્ચર્ય થયું. ચારેય તરફ તપાસ શરૂ કરી. અમુક સવારો સુરત બાજુ ગયા. તો અમુક પંચમહાલ તરફ ગયા. આમ ચારેય દિશામાં સવારો ગયા. સહુ માણસો ગોતી ગોતીને થાક્યા ને પાછા આવ્યા. આવીને સરકારને કહ્યું : 'નામદાર ! આપની ગંધીલી ઘોડીનો પત્તો ક્યાંય લાગતો નથી.'

ત્યારે દેવઘરના પૂજારી વગેરે કહે, 'રાજવી ! આપની ઘોડી દેવાંશી હતી. તેથી આજ સુધી આપની સેવા કરી હવે અદૃશ્ય થઈ ગઈ.' બારોટ કહે, 'એ તો ઇન્દ્રની અપ્સરા અવતાર લઈને આવી હતી, તેની ઇચ્છા પૂરી થતાં ઇન્દ્રપુરીમાં ઊડી ગઈ હશે.' આમ સહુ અનેક પ્રકારની વાતો કરતા હતા. બપોર થતાં થાળ જમવા આવ્યા. ત્યારે સરકાર કહે, 'મારે તો તે ઘોડી કેમ અલોપ થઈ ? કેવી રીતે ઊડી ગઈ ? જીનલગામ ચડાવી કોણ લઈ ગયું ? તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી અન્ન જમવું હરામ છે.'

તેથી સરસૂબાએ જોશ જોવરાવ્યો. જોષી ટીપણું કાઢી આમ તેમ જોઈને કહે, 'કામધેનુ અહીં ઘોડીરૂપે જન્મી હતી, તે હવે અલોપ થઈને સ્વર્ગમાં ગઈ છે. જેમ ભીષ્મપિતાના માતા ગંગાજી તેમની ઇચ્છા મુજબ રહી ગંગાના જળમાં અદૃશ્ય થઈ ગયા હતા; તેવું જ કાંઈક આ ઘોડીનું સમજો. કોઈ મનુષ્યથી સરકારની આ ઘોડીને અડી ન શકાય, તો લઈ તો શકે જ કેમ ?' પછી જોષીને સાથે લઈ સહુ રાજા પાસે આવ્યા. તે સહુએ સરકારને ભોજન આરોગવા વિનંતી કરી, પણ સરકાર કશું બોલ્યા નહીં. તરત કચેરી બરખાસ્ત કરવાનો હુકમ થયો; તેથી સહુ ત્યાંથી ગયા.

પછી સરકાર જોબનપગીને ખાનગીમાં લઈ જઈને કહે, હે જોબન ! તું હવે ભગત થયો છો. મારો મહેમાન છો ને મારી ઘોડી ચોરાય જાય એ તને કલંક ચડે. માટે કાંઈક થાય તો સારું.' ત્યારે જોબનપગીએ કહ્યું, 'નામદાર ! મારું પગેરું ખોટું ન પડે, પણ આપણા દરબારમાં બધે કાળા પથ્થર ચોંટાડેલા છે; તેથી પગેરું કેમ ચાલે ? અને પગેરું કાઢ્યા વિના કોઈ નિર્ણય ન આવે.'

ત્યારે સરકાર કહે, 'તમે શુકન જોવાની કળાને સારી રીતે જાણો છો તો શુકન જોઈને કહો, મને ઘોડી મળશે કે નહીં મળે ? ને અત્યારે ક્યાં હશે ?' એમ જ્યાં વાત થાય છે ત્યાં દરબારગઢના દેવઘરની ધજાની માથે કાગડો આવીને બેઠો અને બોલ્યો.

પછી જોબનપગીએ મહારાજનું ધ્યાન કરી બે મિનિટ મૌન રહી કહ્યું, 'સરકાર ઘોડીનું મળવું ન મળવું તે તો ભગવાનના હાથમાં છે પણ આ દેવઘરની ધજા ઉપર કાગઋષિ બોલ્યા માટે ઘોડી વડોદરાની સીમ બહાર નથી; જરૂર તમને પાછી મળશે.' વળી, થોડીવારે ફરી કાગડો ગદ્‌ગદ કંઠે બોલ્યો. તેથી સહુને તેમની વાતમાં શ્રદ્ધા બેઠી.

પછી જોબનપગીને થયું, સરકારને ભૂખ્યા નથી રાખવા. તમામ અમલદારોની નજર તેમની સામે હતી. જોબનપગી બોલે તે સાક્ષાત્ બ્રહ્મા બોલે એમ માનતા હતા. જોબનપગીએ કહ્યું, 'નામદાર ! મારું શુકન અત્યારે તમારી તરફેણ કરે છે. માટે પલટણના ઉપરીને અહીં હાજર કરો ને પૂછો શું તપાસ કરી ? જો એમ કહે કે, ઘોડીનો કશો પત્તો નથી, તો આંહીં એક રૂમમાં નજરકેદ કરો એટલે આપોઆપ રસ્તો નીકળશે.'

તરત સરકારનું ફરમાન થતાં મોટા અમલદારો આવીને ઊભા રહ્યા. સરકારે તેમને પૂછ્યું, 'ઘોડીનો કાંઈ પત્તો લાગ્યો કે નહિ?' ત્યારે સહુએ કહ્યું, 'ઘોડીનો કોઈ પત્તો નથી.' એવા સમાચાર સાંભળી સરકાર કહે, 'આ બધાને અત્યારે રાજમહેલના એક ઓરડામાં નજરકેદ કરો.' પછી તેમ કર્યું. ઓરડાની જાળીને તાળાં દીધાં. આમ જોબનપગીએ હોંશિયારી વાપરી સહુને કેદ કરાવ્યા જેથી નડે નહિ.

પછી જોબનપગીએ સરકારશ્રીને કહ્યું, 'અત્યારે ગોધૂલી વેળાનું શુકન છે. માટે ઘોડી સહી સલામત મેળવવી હોય તો મારી સાથે ચાલો.' સરકાર કહે, 'કઈ બાજું જશું ?' જોબન કહે, 'હું જ્યાં કહું ત્યાં ચાલો.' પછી બન્ને ઘોડેસ્વાર થઈને ચાલ્યા. જોબનપગી તેમને લઈને બે માઈલ દૂર જે કોતરમાં ઘોડી બાંધી હતી, ત્યાં ધીરે ધીરે પહોંચ્યા.

તેમના ઘોડાના ડાબલાના અવાજ સાંભળીને ગંધીલી ઘોડી હણહણવા લાગી. અવાજ સાંભળી સરકાર કહે, 'જોબન ! આ હાવળ મારી ઘોડીની જ છે. આટલામાં જ તે હશે. પણ કેમ દેખાતી નથી ?' ત્યારે જોબને કહ્યું, 'નામદાર ! જગ્યા બહુ ચોખ્ખી છે. ધીમેથી ઘોડું કોતરમાં ઉતારો. નહીં તો ઘોડું પડી જાશે અને આપને ઈજા થશે. મારી પાછળ પાછળ ઘોડું ચલાવો. હું આગળ ચાલી જેમ સહેલો ઉતરાણ, ચડાણ આવે તેમ ઉતરી, ચડી તમને આગળ લઈ જાવ.

પછી મોટા સાંઢિયા ગારત થાય તોય ન દેખાય તેવા ઊંડા કોતરમાં જોબનપગી સરકારને લઈ ગયા. ત્યાં તો ઘોડી તેઓના ઘોડા જોઈને હાવળો નાંખી કૂદવા લાગી. પછી જોબનપગી જેવા નીચે ઉતરી ઘોડી પાસે ગયા ત્યાં તો ઘોડી ચાર પગે કૂદી. તેને કરડવા કાનબઠિયા કરી લંબાવવા લાગી. ત્યારે સરકાર કહે, 'અલ્યા જોબન ! દૂર રહે, દૂર રહે. તને હમણા લાત મારી દેશે. માટે તું ત્યાંથી છેટો રહે અને મારો ઘોડો ઝાલ.'

એમ કહી સરકારે પાસે જઈ 'બાપો ગંધેલી બાપો ગંધેલી' કહી હેતનાં વચન કહ્યાં. માલિકનો પસીનો સૂંઘી ગંધ આવતાં ઘોડી ખુશ થઈ અને ગેલ કરવા લાગી. પછી બાજુમાં પડેલ જીનલગામ ચડાવી સયાજીરાવ ખીજડેથી સરક છોડવા લાગ્યા. પણ છૂટે નહીં કેમ જે, હિરની ગાંઠ ખેંચાઈ ખેંચાઈને દૃઢ થઈ ગયેલી. ખિજડી પણ અડધી ભાંગી ગયેલી. ધૂળમાં વેંત વેંતના ખાડા પડી ગયેલા. અને ભૂખી તરસી ઘોડી છૂટવા માટે આંચકા મારતી હતી. અતિ અધિરી થઈ ગઈ હતી.

પછી જોબનપગીએ દૂરથી છરીનો ઘા કર્યો. તે લઈ સરકારે સરક કાપી નાંખી. પછી ગંધીલી ઘોડી ઉપર સરકાર સવાર થયા. જોબનપગી પોતાના ઘોડા ઉપર સવાર થયા. અને સરકારનો ઘોડો સરક ઝાલી જોબનપગીએ સાથે લઈ લીધો. બંનેએ વચ્ચે નદીમાં ઘોડીને પાણી પાયું. અને રસ્તે ચડ્યા. સંધ્યાવેળા વીતિ ગઈ હતી અને અંધારુ થવા માંડ્યું હતું. અડધો કલાકમાં રાજમહેલમાં પહોંચ્યા. ઘોડીને ઘોડારમાં બંધાવી તમામ અમલદારોને મુક્ત કર્યા. પછી સરકાર જોબનપગીની સાથે સાંજે ભોજન જમ્યા. ઘોડી મળી જવાથી સહુને ખૂબ આનંદ થયો.

જોબન પગીએ સરકારને પોતાની કળા કહી :

બીજે દિવસે સરકાર તરફથી આખા શહેરમાં સાકર અને મીઠાઈઓ વહેંચાવી. દેવમંદિરોમાં દીપમાળા પુરાવી, ગાયોને લીલાં ઘાસ નંખાવ્યાં, શહેરમાં બ્રાહ્મણોની ચોરાશી કરાવી. હજારો રૂપિયાનાં દાન-ખેરાત કરાવ્યાં; અને તે દિવસે પણ સરકાર જોબનપગી સાથે મિષ્ટાન્ન જમ્યા. પછી સાંજે ખાનગી કચેરી ભરાણી. તેમાં જોબનપગીએ સરકારને કહ્યું, 'હું ઘણા દિવસ અહીં રોકાયો. માટે હવે મને વડતાલ જવા રજા આપો.' ત્યારે સરકારે કહ્યું, પણ તમે કાંઈ તમારી ચોરી કરવાની કળા તો બતાવી નહીં. મારે તમને કળા ન બતાવો તે પહેલા જાવા દેવા નથી. ત્યારે જોબનપગીએ કહ્યું, 'નામદાર ! તમારી ઈચ્છા પૂરી કરવા ગંધીલી ઘોડીની ચોરી મેં જ કરી હતી. '

જોબનપગીની વાત સાંભળતાં સહુને નવાઈ લાગી. સહુની આંખો પહોળી થઈ ગઈ. સહુ સજ્જડ થઈ ગયા. ગાયકવાડ સરકાર કહે, 'જોબન ! તમે અમારો આટલો રાજ્યમાં કડક બંદોબસ્ત હોવા છતાં ઘોડી ચોરી કેવી રીતે ?' ત્યારે જોબનપગીએ તમામ હકીકત કહેતાં કહ્યું, 'તમારી ઘોડીની જેમ હું સ્વામિનારાયણ ભગવાનની ઘોડી ચોરવા મથેલો. આ ગંધીલી ચોરાણી પણ સ્વામિનારાયણ ભગવાનની ઘોડી ન ચોરાણી. તેથી જ મેં સ્વામિનારાયણને પ્રગટ ભગવાન માન્યા છે. કેમ કે, તમે માણસ છો અને એ પરમેશ્વર છે. માણસની વસ્તુ ચોરવી મારે મન સહજ છે, પણ સર્વના માલિક શ્રીહરિની ઘોડી ચોરવી મને અશક્ય થઈ પડી. તેથી જ હું તેમનો ભગત થયો છું.'

ત્યારે સરકાર કહે, 'પરંતુ જોબન ! મારી ગંધીલી ચોરી કઈ રીતે ? તે વર્ણવીને વાત કરો. કેમ જે, મને નવાઈ લાગે છે. આ ઘોડી ગંધીલી છે. કોઈને મારા સિવાય પાસે ન જવા દે. તે કેવી રીતે છોડી ? કેમ જીનલ માંડ્યું ? ઊંડા કોતરમાં તમે તેની નજીક ગયા ત્યાં જ તમને તે પગની લાતો મારવા લાગી હતી તે મેં નજરે જોયું છે. માટે આ હકિકત કેમ બની ? તે વાતની અમને ખાતરી કરાવો.'

ત્યારે જોબનપગી કહે, 'સરકાર ! મારો એક ગુનો માફ કરો તો હું ચોખવટ કરું.' ત્યારે સરકારે ગુનો માફ કરવા કબુલ કર્યું. એટલે જોબનપગી કહે, 'સરકાર ! પ્રથમ તો મારે ચોરી કરવામાં જે સાધન જોઈએ તે એકઠા કર્યા.' એમ કહી દોરી સહિત ચંદન ઘોની ડબી બતાવી. અને કહ્યું, 'આ ઘોને અગાશીને કઠોડે ચોંટાડી હું તમારા શયનખંડમાં આવ્યો.' પછી ઘેનની વિંઝણી એક વેંતની હતી તે બતાવી. અને કહ્યું, 'આ સુંઘવાથી ઘેન ચડે. તે મેં તમને સુંઘાડી.'

ત્યારે સરકાર કહે, 'તેમાં શું શું આવે ?' એટલે જોબનપગી કહે, 'ખસખસના બી ને ગાંજો વાટીને ભાંગ્યના રસમાં પલાળવાના. બીજે દિવસે કાઢી તેને ભેંસના ફીણવાળા દૂધમાં પલાળવાના. પછી તેનો ઘાટો લેપ સુગંધી વાળાની વિંઝણીને ચોપડવાનો. અને

સૂકાવા દેવાનો. પછી ઉપયોગ કરતી વખતે માથે પાણી છાંટીને ત્રણ-ચાર વખત નશકોરા આગળ પવન નાંખવાથી સુતેલા માણસને ઘાટી ઊંઘ આવી જાય છે. તે આ વિંઝણી છે.' તે સાંભળી સરકાર કહે, 'એટલે જ મને કાલે બહુ ઘાટી ઊંઘ આવી હતી. ઉઠવાનું મન કરતો છતાંય ન ઉઠાય. હા... પછી તેં શું કર્યું ?'

ત્યારે જોબનપગીએ આગિયા અંગૂઠી બતાવી અને કહ્યું, 'જંગલમાં આગિયા જીવડાઓ ઊડે તેને પકડી તેની પાંખોને ગંધરકમાં પલાળી પછી તેને ચકમકના પાણાથી ખરલ કરવાનું. ને તે અંગૂઠીને ચોપડી સૂકવી દેવાની. પછી લુગડામાં વીંટી રાખવાની. આ અંગૂઠી પહેરવાથી જ્યાં જરૂર પડે ત્યાં એક હાથ સુધી થોડું થોડું અંજવાળુ પડે તે આ આગિયાઅંગૂઠી છે.

પછી લોહચુંબકનું એક શેરનું મોટું બાણ બતાવ્યું. અને કહ્યું, 'આ ગમે તેવું ઈસ્કોતર, પેટી હોય તેને ખૂણે ફેરવતા તેની તમામ ચૂંકું, ખીલા તણાઈ આવે. પછી તેના અંદરનો માલ લઈ લેવાય. તે દ્વારા તિજોરીઓ તોડતો હતો. આમ, ચાર-પાંચ સાધનો બતાવ્યા. અને કહ્યું, 'આ સાધનોના મદદથી હું આપના શયનખંડમાં આવ્યો. પછી આપનો ઝભ્ભો, પાઘ અને સોટી લઈ લીધા. તે પહેરી હું ગંધીલી ઘોડી પાસે ગયો. તે કપડામાં તમારા પરસેવાની ગંધ આવવાથી ઘોડીએ મને પોતાનો માલિક જ સમજ્યો. પછી આપણે ગયા તે સ્થાને કોતરમાં મેં ઘોડીને સંતાડી હતી.'

ત્યારે સરકાર કહે, 'આ સાધનો તમે અહીં ક્યાંથી લાવ્યા ? કેવી રીતે લાવ્યા ? તે સમજાણું નહીં.' ત્યારે જોબનપગી કહે, 'હું વિશ્વામિત્રી કિનારે ઘોડો લઈ ફરવા જતો ત્યારે મારા બાતમીદાર માણસો દ્વારા મેં તે સાધન મંગાવી લીધા હતા અને અહીં આપના મહેલમાં જ રાખ્યા હતા.' આવી જોબનપગીની ચોરી કરવાની ચાતુરતા અને બાહોશતાની વાત સાંભળી ગાયકવાડ સરકાર તથા તેમના માણસો ખૂબ રાજી થયા.

પછી ખુશ થયેલા સરકારશ્રીએ રાત્રે ગંધીલી ઘોડી ચોરવા માટે પહેરેલા ઝભ્ભો, પાઘ, સોટી આ ત્રણ પ્રથમ જોબનપગીને ભેટ આપ્યા. પછી એ સિવાયનું બીજું ઘણું મોટું ઈનામ આપી શિરપાવ બંધાવ્યો. એક બિકાનેરી ઊંટિયો, બે ઘોડા, કપડાં, ઘરેણાં, બાબાશાહી રૂપિયાનો થાળ વગેરે ભેટ આપ્યું. જ્યારે જોબનપગી વડોદરા રોકાયા ત્યારે તેમની સાથે પોતાના બે માણસો પણ હતા. તેનેય સરકારે પોશાક આપી ખુશ કર્યા. પછી સહુને જમાડીને ભાવભીના હૃદયે વિદાય આપી. આશરે સં.૧૮૭૭-૭૮માં બનેલી આ વાત છે. પછી જ્યારે વડતાલમાં મંદિર બંધાતું હતું ત્યારે એકવાર જોબન પગીએ આ બધી વાત બ્રહ્માનંદ સ્વામીને કહી હતી. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી તેમની હિંમત, હોંશિયારી અને ચાતુરીથી ખૂબ પ્રસન્ન થયા હતા. અને તેને ધન્યવાદ સાથે રૂડા આશીર્વાદ આપ્યા.

ત્યારે જોબન પગી કહે, 'સ્વામી ! આ બધો પ્રતાપ પ્રગટ ભગવાન શ્રીહરિનો છે. તે વિના તો મારા પાપ ધોઈને કોણ મારો હૃદયનો પલટો કરી શકે ? એ કામ તો પ્રગટ ભગવાન હોય તેનાથી જ થઈ શકે. લૂંટારુમાંથી મને ભગત બનાવ્યો.'

આ વાત મહારાજ જ્યારે વડતાલ આવ્યા ત્યારે સ્વામીએ જોબનપગી દ્વારા મહારાજને કહેવરાવી. તેથી મહારાજ પણ અતિ રાજી થયા અને જોબનનો વાંસો થાબડી કહે, 'આજથી તમારાં અનેક જન્મોનાં પાપ નાશ પામે છે.'

આમ, સવારમાં જેનું સ્મરણ થાય ત્યાં દિવસ સુધરી જાય એવા સ્વામિનારાયણ ભગવાને ચપટી વગાડતામાં જોબનપગીને પ્રાતઃસ્મરણીય ભગત બનાવી દીધા.

• જોબન પગીની કડવી કાકી મીઠી કાકી બની :

સદ્‌ગુરુ નિર્ગુણદાસજીસ્વામીની ૪૪૭મી વાતમાં જોબન પગીની કાકી સત્સંગી થયાં તેવો પ્રસંગ છે. જોબન પગીના પિતરાઈ કાકા તપોધન પગી હતા. તેમની પત્નીનું નામ કડવીબાઈ હતું. તે પાંચ હાથ પૂરી, શરીરે જાડી, દેખાવમાં કાળીમશ જેવી, આંખો ભેરવ જેવી, સાદે નરવી અને માતાજીની ભગત હતી. મેલડી માતા તેને હાજરાહજૂર હતી. મોટા મોટા ભૂવાઓ તેના પગમાં પડતા. જંત્રમંત્ર ઉતારવા, કોઈના ઉપર કામણટૂમણ કરવા, મારણમોહનના મંત્રો દ્વારા લોકોને મારવા વગેરેમાં તે પાવરધી હતી.

દર વર્ષે કાળીચૌદશની આખી રાત જાગી તે માતાજીની સાધના કરતી. અને તેનાથી ગામના પાટીદાર વગેરે માણસોને ડરાવતી. તેથી આખા ચરોતર પ્રદેશમાં કડવી ડાકણ નામે તે પ્રસિદ્ધ હતી. આખી જિંદગી તેણે અનેક પાપકર્મ કર્યા હતાં. વાંદરો વૃદ્ધ થાય છતાં ગુલાંટ ન ભૂલે તેમ આ કડવી કાકી વૃદ્ધ થઈ છતાં પાપકર્મ કરતા ડરતી નહીં. ઊડતા પંખીને પાડતી. તેનું ઘર ગામથી છેવાડે હતું. આંગણામાં મોટો ઉકરડો હતો. તેના માથે એક લાકડું ખોડ્યું. ત્યાં હાંડલાનો કાંઠો દોરાથી બાંધ્યો અને તે નિત્ય તેને ફર્યા કરતી. તેની માથે જે પંખી ઊડે અને તેનો પડછાયો કાંઠામાં બરાબર પડે તો તે પંખી આકાશમાંથી ગોથું ખાઈને નીચે પડતું. પછી તેને તે બાફીને ખાઈ જતી.

તેને બે દીકરા હતા. જ્યારથી જોબન પગી સત્સંગી થયા ત્યારથી તેમના દીકરાઓ પણ જોબન પગીની સાથે વર્તમાન ધરાવી સત્સંગી થયેલા. દીકરાઓ પૂજા-પાઠ કરે, તિલક ચાંદલો કરે, સત્સંગીની સેવા કરે તે આ ડોસીને જરાય ગમતું ન હતું. કેમ કે, બાર મહિને હજારો રૂપિયા લૂંટીને દીકરા લાવતા તે હવે બંધ થયા. તેથી કડવી કાકી અનેકવાર તેમના દીકરાઓને તથા મહારાજને પણ ગાળો દેતી હતી. એકવાર તેના દીકરાઓને કહે, 'સત્સંગ છોડતા નથી. પરંતુ આ વખતે તારા સ્વામિનારાયણ અહીં વડતાલમાં આવે ત્યારે જોજે તેના કેવા હાલ કરું છું.' એમ કહીને દીકરાઓને ડરાવતી.

તેવામાં એક સમયે શ્રીહરિ સભૈયો કરવા વડતાલ આવ્યા. રાત્રીએ જોબન પગીના ચોકમાં સભા કરીને વિરાજમાન થયા. સંતો વાજિંત્રો વગાડી કીર્તનગાન કરતા હતા. હજારો માણસો મહારાજના મુખારવિંદ સામે બેઠા હતા. ત્યારે શ્રીહરિએ અંગો ઉપર ધારણ કરેલા જરિયાની વસ્ત્રો અને મુખારવિંદમાંથી તેજના અંબાર છૂટતા હતા. સહુ ભક્તો તેનો આનંદ માણતા હતા. તેવામાં અભિચાર મંત્ર જાણનારી આ જોબન પગીની કડવી કાકી સંતાતી સંતાતી ત્યાં સભામાં આવી.

ભગવાન શ્રીહરિની પાછળ પાર્ષદો ઊભા હતા. તેની વાંસે આવીને ઊભી રહી. અને ત્યાં ઊભી રહીને મંત્રેલા અડદના દાણા મહારાજ ઉપર નાખવા લાગી. આમ ત્રણવાર મહારાજ ઉપર અડદની મૂઠ નાખી. પરંતુ શ્રીહરિને કોઈ અસર ન થઈ. મહારાજ અંતર્યામીપણે તેને જાણી ગયા અને બોલ્યા કે, 'માસી પૂતના જેવી આવી છે. તે અમને મારવા માટે અડદ નાખે છે. તેણે મંત્રેલા અડદથી અનેકને માર્યા છે. પણ તેનું કાંઈ ચાલશે નહિ. કેમ કે, અમે તો સર્વોપરી પરમેશ્વર છીએ. તેથી અમને કાંઈ થવાનું નથી. છતાં અડદ શા સારુ નાખતી હશે ?'

આમ જ્યાં શ્રીહરિ બોલ્યા ત્યાં એનું શરીર બળવા લાગ્યું, એટલે એ આગળ આવીને ઊભી રહી અને બોલી કે 'હે મહારાજ ! તમે તો ભગવાન છો અને હું તો બહુ પાપણી છું. મેં સત્યાવીશ માણસોને આ રીતે અભિચારથી મારેલા છે તથા મારા પાપનો પાર નથી. પણ હવે હું તમારે શરણે આવી છું. તે તમે મારું કલ્યાણ કરો.' પછી મહારાજે તેને સમાધિ કરાવી અને જમપુરીનાં દુઃખ દેખાડ્યાં તથા ધામનાં સુખ પણ દેખાડ્યાં. જ્યારે સમાધિમાંથી તે જાગ્રત થઈ ત્યારે તરત જ પોક મૂકીને રડવા લાગી. અપરાધોની ક્ષમા માગી. તેથી મહારાજે તેને નિયમ ધરાવીને ભક્ત કરી. એનું કલ્યાણ કર્યું.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી ભક્તિનિધિમાં કહે છે :

આપ ઇચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ; દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ.
અઢળ ઢળ્યા અલબેલડો, કહું કસર ન રાખી કાંય; કૈક જીવ કૃતાર્થ કીધા, મહાઘોર કળિની માંય.

જ્યારે તે કડવી કાકી સભામાંથી ગઈ ત્યારે મહારાજ કહે, 'અમે તો પશુ પંખીનું કલ્યાણ કરીએ છીએ. અમારા યોગમાં આવેલા ખાખરા અને રાયણ જેવાં વૃક્ષનું તથા ભૂતનું પણ કલ્યાણ કરીએ છીએ. તો માણસનું કલ્યાણ કરીએ તેમાં શું કહેવું ?' આ રીતે શ્રીહરિએ જોબન પગીની પિતરાઈ કડવી કાકીનાં પાપો છોડાવીને મહાન ભક્ત બનાવી મીઠી કરી તેનો ઉદ્ધાર કર્યો હતો.

લે'રી આવ્યા બહુ લે'રમાં, અતિ મે'ર કરી મે'રવાન; દુઃખિયા જીવ સુખિયા કર્યા, વળી પાપી કર્યા પુણ્યવાન.
કોટ ઉઘાડ્યા કલ્યાણના, ભાગ્યના ખોલ્યા ભંડાર; ભૂખ ભાંગી ભૂખ્યા જનની, જગે કર્યો જેજેકાર.
ડંકા દીધા જગે જીતના, શ્યામે સહુને ઉપર; પ્રબળ પ્રતાપ જણાવિયો, દેશ ગામ ને ઘરોઘર.
બૃહદ રીત આ વિધિમાં, વરતાવી છે બહુવિધ; ચાલી વાતો ચારે દેશમાં, પ્રભુપણાની પ્રસિદ્ધ.
સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ; ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.
એમ અનેક અભય કર્યા, પોતાતણે પરસંગ; અખંડ ધામ તેને આપિયું, સહુ કરી શુદ્ધ અંગ.

આવા મહાદયાળુ સર્વાવતારી શ્રીહરિનો દૃઢ આશરો રાખવો અને એમની આજ્ઞામાં રહીને સતત તેમનું ભજન સ્મરણ કરવું. એમાં જ આપણું કલ્યાણ છે.

● જોબન પગીને અખંડસ્મૃતિનો વર

ભગવાન શ્રીરામના ચરણસ્પર્શથી શલ્યામાંથી અહલ્યા બની, શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી કાળીનાગ નિર્વિષ થયો. વળી, ચરણરજનો મહિમા સમજી અક્રૂર ગોકુળ જતાં રસ્તામાં આળોટ્યા તો તેમના તમામ પાપ નાશ થઈ ગયા. અને વિરાટપુરુષે તેના પચાસ વર્ષ અને દોઢ પહોર પૂજા-સ્તુતિ કરી ત્યારે સર્વાવતારી પુરુષોત્તમનારાયણનાં ચરણ આ બ્રહ્માંડમાં આવ્યાં છે. તે આ સર્વોપરી શ્રીહરિની ચરણરજ મને મળે તો મારા કેવા ભાગ્ય ?

આ દેહે અનેક પાપ કર્યા છે, માટે એ ચરણરજ સંઘરી રોજે પ્રસાદીનો ઉપયોગ કરું અને જ્યારે જમવા બેસું ત્યારે થાળીમાં થોડી

ચરણરજ લઈને જમું તો મારું અંતર શુદ્ધ થાય, ચિત્તમાં શાંતિ થાય અને અખંડ ભગવદ્‌મય રહેવાય. આ વિચારથી જોબનપગી એકવાર ગઢપુર આવ્યા.

જ્યારે તે ગઢપુરમાં આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિ અનેક સંતોભક્તોને સાથે લઈ ઘેલાનદીમાં સ્નાન માટે જવા નીકળ્યા હતા. જોબનપગીને પરિવાર સાથે દૂરથી આવતા શ્રીહરિએ જોયા. તેથી શ્રીહરિ ઉતાવળા તેમની સન્મુખ દોડ્યા. મોટા યોગેશ્વરો જેમની ચરણરજમાં આળોટે છે, એવા શ્રીહરિ જેમ હંસ માનસરોવર તરફ ઉતાવળા જાય; તેમ જોબનપગીની પાસે ઉતાવળા ચાલીને પહોંચ્યા. મધુર વચને બોલાવી તેમની સંભાવના કરી. પછી જોબનપગીને સાથે લઈ શ્રીહરિ ઘેલાનદીએ સ્નાન કરવા માટે ગયા.

ભગવાન શ્રીહરિ મહા પ્રેમીભક્ત જોબનપગીનું કાંડું હાથમાં ઝાલી સ્નાન માટે જળમાં ઊતર્યા. સંતો-ભક્તો સાથે શ્રીહરિએ સ્નાન કર્યું. જોબનપગીએ પણ સ્નાન કરવા માટે ડૂબકી મારી, એ જ સમયે શ્રીહરિની ઇચ્છાથી તેમને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. આગલા જન્મે કરેલાં પાપરૂપ દુષ્ટ કર્મો તેમને દેખાવાં લાગ્યાં. તેથી અંતર ખિન્ન થઈ ગયું. મનમાં અતિ દુઃખ થયું. આ રીતે શ્રીહરિએ જોબનપ ગીને પાણીમાં સમાધિ કરાવી તેના પૂર્વજન્મનું વૃત્તાંત બતાવ્યું. તેથી તેમના અંતરમાં એમ થયું જે, 'હું પૂર્વે બહુ મોટો પાપી હતો. મારે આમાંથી જલદી છૂટવું જોઈએ.'

પછી સુખસાગર શ્રીહરિને કહ્યું, 'હે મહારાજ ! મને મારા પૂર્વજન્મનું સ્મરણ થતાં હૃદયમાં ઘણું જ દુઃખ થાય છે. આપનો સ્વભાવ સહુને સુખ-શાંતિ આપવાનો છે. જે આપને શરણ આવે તેનાં તમામ પાપને તમે નાશ કરો છો. માટે મારાં પૂર્વજન્મના સ્મૃતિરૂપી પાપ ટળે અને હૈયામાં શાંતિ વળે, એવી કૃપા કરો'

શ્રીહરિ કહે, 'જોબન! આપણે અહીં સ્નાન કર્યું, તેથી આ સ્થળનું નામ હવેથી 'જોબનપગી ઘાટ' કહેવાશે. તમો એક મહિનો અહીં રહો. આ સ્થળે નિત્ય સ્નાન કરો અને એક ચાંદ્રાયણ વ્રત કરો. ચાંદ્રાયણ પૂરું થાય ત્યારે વડતાલમાં અમારી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે; તેમને સારાં વસ્ત્રો તથા ઘરેણાં પહેરાવજો. તેમજ સંતોભક્તોને સારી રસોઈ કરી જમાડજો. તેથી તમારા પૂર્વજન્મનાં સ્મૃ તિરૂપ તમામ પાપો નષ્ટ થશે. તમારા હૈયામાં અખંડ અમારી મૂર્તિ દેખાશે.' પછી જોબનપગીએ શ્રીહરિને પ્રસન્ન કરવા જેમ મહારાજે કહ્યું તેમ કર્યું. એક મહિનો ઘેલામાં સ્નાન કર્યું. ચાંદ્રાયણ વ્રત કર્યું. વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજને સારાં વસ્ત્રાભૂષણો અર્પણ કર્યાં. તથા સંતો ભક્તોને સારી રસોઈ કરીને જમાડ્યા. તેથી શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. એટલે તેના અંતરમાં ક્યારેક ક્યારેક પૂર્વના કરેલાં પાપ કર્મોની સ્મૃતિ થતી તે સઘળી નાશ પામી.

હવે જોબનપગીના દિલમાં અખંડ શ્રીહરિની મૂર્તિ રહેવા લાગી. હરપળ તેમને પોતાના અંતરમાં શ્રીહરિની હાજરી અનુભવાવા લાગી. તેથી અંતરમાં ખૂબ આનંદ રહેવા લાગ્યો. ખરેખર ભગવાનની સ્મૃતિ એ જ આનંદ છે, સુખ છે, પુણ્ય છે. ભગવાનની વિસ્મૃ તિ એ જ દુઃખ છે, પાપ છે. માટે સુખી થાવું હોય તો સતત શ્રીહરિની સ્મૃતિ રાખો. ભગવાનની પ્રાપ્તિ કરતા પણ તેમની અખંડ સ્મૃ તિ રહે એ મોટી પ્રાપ્તિ છે. કેમ જે, ભગવાન તો સદા આપણી સાથે જ છે. તેમની સ્મૃતિ નથી રહેતી એટલે પરોક્ષ જણાય છે. સ્મૃતિ રહે તો સદા પ્રગટ જ અનુભવાય. અને સ્મૃતિ જ સર્વે સુખનું મૂળ છે. માટે હાલતાં-ચાલતાં સતત શ્રીહરિને સંભારવા.

● ચરણરજનો મહિમા :

જ્યારે જ્યારે જોબનપગી ગઢપુરમાં આવે ત્યારે તેમનો ઉતારો અક્ષરઓરડીની બાજુમાં જ ગંગાજળિયા કૂવાની દક્ષિણ બાજુ છાપરી હતી, તેમાં હંમેશાં રહેતો હતો. જોબનપગી ગઢપુર આવે ત્યારે હજૂરી પાર્ષદોને કહેતા, હું જ્યાં સુધી અહીં હોઉં ત્યાં સુધી તમે આરામ કરજો. રાજાઓના સેવકોની જેમ હું ખડે પગે ઊભો રહી રાજાધિરાજ શ્રીહરિની અખંડ ચોકી કરીશ. આ ક્રમ મુજબ આ વખતે પણ જોબનપગી શ્રીહરિની સુરક્ષાની સેવામાં જોડાયા અને દ્વારપાળ બનીને રહ્યા. આ સમયે તેમના હૈયામાં શ્રીહરિની ચરણરજ લેવાનો મહિમા અતિશય વધી ગયો.

દિલમાં સતત થવા લાગ્યું કે 'આવા સર્વોપરી પુરુષોત્તમનારાયણની ચરણરજ મને મળી જાય તો મારું મોટું કામ થઈ જાય.' આમ વિચારી તેણે ત્યાં એક મહિનો રોકાવાનું નક્કી કર્યું. સમય પૂરો થવા આવ્યો પરંતુ ચરણરજ ન મળી. તેમણે વચ્ચે ત્રણ દિવસ શ્રીહરિની ચરણરજ મેળવવા મહેનત પણ કરી. પણ રજ લેવાની કાંઈ તક જ મળી નહીં. કેમ જે, જ્યારે મહારાજ સભામાં જાય, ગામમાં જાય, લક્ષ્મીવાડીએ જાય કે ઘેલે નહાવા માટે બહાર જાય ત્યારે તરત સેવકો મહારાજને મોજડી કે ચાંખડી આપતા અને શ્રીહરિ તે પહેરી લેતા. તેથી શ્રીહરિ અડવાણે પગે ચાલે જ નહિ તો ચરણરજ કેમ લેવી ? પછી જોબનપગીને વિચાર આવ્યો કે, 'મારા જૂના સ્વભાવ મુજબ કાંઈક કરું તો જ ચરણરજ લેવાની તક મળશે.' આમ સંકલ્પ થયો કે, 'જો ચાખડી ઢોલિયા નીચેથી ઉપાડી અને કાંઈક સંઘરી દઉં તો કામ થાય.'

પછી એક દિવસ શ્રીહરિની મોજડી ચોરી. અને ઉગમણા બારણાના ખૂણામાં મહારાજ સ્નાન કરતા ત્યાં મોટા પથ્થરનો બાજોઠ હતો તેની નીચે સંઘરી દીધી.

સવાર થયું. ભગવાન શ્રીહરિ જાગ્રત થયા. સ્નાનાદિક ક્રિયા કરી જળપાન કર્યું. પોશાક પહેર્યો. પણ આજ મોજડી ન મળી. તેથી રતનજીબાપુ વગેરે સેવકો મોજડી ખોળવા લાગ્યા. ઘણી તપાસ કરી. પરંતુ મોજડી ન મળી. ત્યાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે આવ્યા. તેમણે મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, 'હે હરિ ! ચાલો ગોપીનાથજી મહારાજના મંદિરે દર્શને.'

ત્યારે મહારાજ તેમને કહે, 'મારી મોજડી લાવી આપો અથવા મોજડીના ચોરને હાજર કરો. પછી જ અહીંથી મંદિરે જવું છે.' ત્યારે રતનજીબાપુ કહે, 'મહારાજ ! ઘણી ગોતી પરંતુ મળતી નથી.' શ્રીહરિ કહે, 'તમે પાર્ષદો અહીં હાજર છો, જોબનપગી અહીં હાજર છે અને મોજડી જાય ક્યાં ? જલદી ચોરને શોધો.' જોબનપગી બાજુમાં જ ઊભા હતા. તેને મનમાં વિચાર થયો કે, 'ચોરી મેં કરી છે, અને મહારાજે હઠ લીધી છે. હવે જો હું નિખાલસપણે કબૂલાત નહિ કરું તો પ્રભુ મારા ઉપર નારાજ થશે.' આમ વિચારી જોબનપગીએ રડતાં રડતાં નિખાલસપણે શ્રીહરિને દિલની વાત કહી. 'હે મહારાજ ! આપની મોજડીનો ચોર હું છું. હે મહારાજ ! માફ કરજો. આપની ચરણરજ લેવા માટે હું ઘણા સમયથી પ્રયત્ન કરતો. તે માટે તો હું અહીં એક મહિનાથી રહ્યો છું. પરંતુ આપ નિત્ય મોજડી પહેરીને જ ચાલતા. તેથી મને ચરણરજ લેવાની તક જ ન મળી; એટલે મેં આ કૃત્ય કર્યું છે.' એમ કહી જોબનપગીએ માફી માગી. અને તરત મોજડી લાવી આપી. તેથી શ્રીહરિ અતિશય રાજી થયા. પછી મંદિરે દર્શને જવા તૈયાર થયા.

ત્યારે જોબનપગીને કહ્યું, 'આજ હું અક્ષરઓરડીથી મંદિર સુધી પાદુકા વિના ચાલું છું. તમે મારી પાછળ ચાલો. અને ચરણરજને લેવા મંડો.' તેથી જોબનપગી બહુ રાજી થયા. નેત્રમાં હર્ષાશ્રુ વહેવા લાગ્યા. મહારાજ તરત ઊભા થયા. ઉઘાડા પગે ચાલવા માંડ્યા. જ્યાં મહારાજ પગલું મૂકે ત્યાંથી જોબનપગી ખોબો ભરી ચરણરજ લે અને ફાળિયામાં મૂકે. આમ અક્ષરઓરડીથી ગોપીનાથજી મહારાજના મંદિર સુધી શ્રીહરિનાં દરેક પગલાંની ચરણરજ જોબનપગીએ લીધી.

પછી ભગવાન શ્રીહરિ કહે, 'હવે રાજી થયા ?' ત્યારે તે કહે, 'હા.' શ્રીહરિ કહે, 'આ રજને તમે શું કરશો ?' ત્યારે તે કહે, 'મહારાજ ! આ આપની ચરણરજ તો દિવ્ય બ્રહ્મરસ ગણાય. માટે નિત્ય હું જમીશ ત્યારે અન્ન સાથે પ્રથમ આ ચરણરજ જમીશ.' આ રીતે જોબનપગીનું જીવન હવે શ્રીહરિની ચરણરજ સાથે જોડાયું. તેમણે તે ચરણરજને કપડેથી ચાળી એક પાત્રમાં ભરી લીધી. પછી તે લઈને વડતાલ ગયા. અને પરિવારને ચરણરજ અર્પી કહ્યું કે, 'આ ચરણરજને જીવ જેમ સાચવજો. અને જ્યારે હું જમવા બેસું ત્યારે થાળીમાં ભૂલ્યા વિના આ ચરણરજ કાયમ પીરસજો.' ત્યાર પછી તે નિયમ કાયમી બની ગયો હતો. જોબનપગી નિત્ય જમવા બેસે ત્યારે ઘરના સભ્યો ચરણરજમાંથી ચપટી ભરી થાળીમાં મૂકે પછી જ થાળી જોબનપગીની આગળ જમવા માટે મેલતા. અને જોબનપગી પણ પ્રથમ કોળિયો તે રજ સાથે ભેળવીને જ લેતાં. દરેક કોળિયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતાં જાય અને જમતાં જાય. આ તેમનો નિત્યક્રમ થઈ ગયો હતો. જોબનપગી આવો ચરણરજનો અદ્‌ભુત મહિમા સમજતાં હતા.

જોબન પગીને મહારાજની ચરણરજ સાથે અદ્‌ભુત પ્રીતડી હતી. ચરણરજ જ તેમનું જીવન બની ગઈ. અનેક અવતારો થયા પરંતુ આવી રીતે પ્રગટ પ્રભુની ચરણરજનો મહિમા સમજનારા ભક્ત માત્ર જોબનપગી થયા છે. તેમની પાસે ભગવાન શ્રીહરિની પ્રસાદીનાં અનેક વસ્ત્રો હતાં. ચરણારવિંદની અનેક જોડો હતી. ચાખડિયો, નખ, કેશ, માળા, કંકુ વગેરે પ્રસાદીની વસ્તુઓ હતી. તેને નિત્ય તેઓ દર્શન કરતા, આંખે અડાડતા, પરંતુ તેનો આવો ઉપયોગ ન થાય તેથી ચરણરજનો મહિમા સમજી નિત્ય તેને જમતા. આ તેમનો રોજંદો અટળ નિયમ હતો.

• જોબનપગીના નિયમની દૃઢતા :

જોબનપગી જેવા શૂરવીર હતા, એવા જ મહાપ્રેમી ભક્ત હતા. જ્યારથી ભગત થયા ત્યારથી સેવા,પૂજા-પાઠનો પાકો નિયમ રાખતા. પૂજા કર્યા વિના ક્યારેય અન્ન જમતા નહીં. ભગવત્ સ્મરણ વિના વિતેલી પળ તેમને અતિ વસમી લાગતી હતી. એકપળ પણ વ્યર્થ જાય તો તેના મનમાં કાંઈક ગુમાવ્યું હોય એવું દુઃખ થતું. અખંડ ભજન, ભક્તિમાં તલ્લીન રહેતા. નિત્ય એક પહોર (ત્રણ કલાક) મહારાજનું ધ્યાન તથા પૂજા કરતા. નિયમ, નિશ્ચય અને પક્ષ શિરસાટે રાખતા. તેથી જ શ્રીહરિ સ્વધામમાં ગયા પછી પણ તેમને પ્રેમાધીન થઈ ઘણીવાર દર્શન આપતા, તેમની પૂજા સ્વીકારતા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

કરે સહાય હરિ કષ્ટમાં, નિજ સેવકની નરવીર; વસમી વેળાએ વાલમો, સુખ આપે શ્યામ સુધીર.
સુખકારી દુઃખહારી, ધારી ટેક એ ધૈર્યની; દાસના અવિનાશ ત્રાસ, વિનાશન રીત ઘરની.

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૧૩૬/૨-૩)

એકવાર જોબનપગી વ્યવહારિક કામે પેટલાદ ગયા હતા. કામ પતી જાશે એવી આશાથી પૂજા લઈ ગયા ન હતા. પરંતુ કામ પ ત્યું નહિ, તેથી ત્યાં રાત રોકાવું પડ્યું. પૂજા કર્યા વિના જમવું નહિ એવો તેમનો નિયમ હતો. તેથી ઉપવાસ કર્યો. ત્યાં કાર્ય પૂરું ન થતાં ત્યાંથી બીજે દિવસે બોચાસણ જવું પડ્યું. ત્યાં કાશીદાસભાઈને ઘેર ઉતારો કર્યો. તેથી કાશીદાસભાઈ બહુ રાજી થયા. તરત જમવા માટે રસોઈ બનાવી. અને અતિ પ્રેમથી જમવાનું કહ્યું.

ત્યારે જોબનપગી કહે, 'કાશીદાસભાઈ ! હું પૂજા ઘેર ભૂલી ગયો છું અને પૂજા કર્યા વિના અન્ન ન જમવું એવો મારો નિયમ છે. માટે મને તાણ કરશો નહીં' એમ કહી ત્યાં ગામમાં કામકાજ હતું તે કરવા ગયા. ત્યાં સાંજ પડી ગઈ. ત્યાંથી કામ પતાવી વડતાલ જતા રસ્તામાં રાત્રી પડતા આણંદ પહોંચ્યા. ત્યાં પોતાના જ્ઞાતિજનોને ઘેર ઉતારો કર્યો. તે લોકોએ પણ જમવાનો ખૂબ આગ્રહ કર્યો. પણ નિયમ હોવાથી ન જમ્યા. અને ત્યાં રાત્રી રોકાણા.

અને ત્રીજે દિવસે સવારે નાહી ધોઈ ઘોડે સવાર થઈને નીકળ્યા બીજા પહોરમાં વડતાલની સીમમાં આવ્યા. તે વખતે તેમને અતિ ભૂખ લાગી. પેટમાં અતિશય લાય બળવા લાગી. શરીરના ગાત્ર શિથિલ થવા લાગ્યા. તેથી ઘોડા માથે બેઠા બેઠા ચક્કર આવવા લાગ્યા. પછી સુધ ન રહેતા મૂર્છાવશ થઈ ગયા. અને જેવા બેભાન થઈને ઘોડેથી નીચે પડતા હતા ત્યાં તત્કાળ મહારાજે પ્રગટ થઈને તેમને તેડી લીધા. ઘોડેથી નીચે ઉતારી રસ્તાની બાજુમાં ઝાડને છાંયે લઈ ગયા.

ભગવાન શ્રીહરિ આજ તેમના નિયમની દઢતા જોઈને અતિ પ્રસન્ન હતા. મારો ભક્ત જોબન આજે મારી આ રીતની નવિન પરીક્ષામાં સંપૂર્ણ ઉત્તીર્ણ થયા છે. આજ શ્રીહરિને હૈયામાં હેત સમાતું નથી. મનોમન મહારાજ ગણગણતા રહ્યા છે. 'હે જોબન ! તેં તો મનખો ધન્ય કર્યો. કોઈ વાતે જીવનમાં કચાશ રાખી નહીં. સેવામાં પણ નહીં. ભક્તિ કરવામાં નહીં. ધર્મ પાળવામાં નહીં. સમર્પણમાં નહીં. મારી મૂર્તિ ધારવામાં નહીં. તમે મૂર્છા ખાઈને ઘોડેથી પડવાનું મંજૂર રાખ્યું પણ નિયમમાંથી પડવાનું તો તમને ન જ રુચ્યું. વાહ જોબન પગી ! વાહ...' એમ મનોમન વિચારી બાથમાં ઘાલીને ભેટ્યા. પછી ત્યાં ઝાડના છાંયે બેસાર્યા અને અતિ સ્નેહથી છાતીમાં ચરણારવિંદ આપ્યાંર અને તરત જ શ્રીહરિના સંકલ્પથી ત્યાં સુંદર મજાનો ફોરમદાર તાજી રસોઈથી ભરેલો થાળ પ્રગટ થયો. વ્હાલપ વરસાવતા શ્રીહરિએ બહારવટિયામાંથી બદલાઈને પ્રગટને ઓળખી પ્રેમ-નેમમાં ડૂબેલા જોબનને મુખમાં કોળિયા દઈને પ્રેમથી જમાડ્યા. પછી શ્રીહરિ નેહ નીતરતા નેણે જોબનપગીને જોતા મુખમાં કોળીયા દેતા વાલપના વેણે બોલી ઊઠ્યા, 'હે જોબન ! હું તમને શાબાશી આપું છું. તમારી જેમ જે મને પ્રસન્ન કરવા માટે નિયમ રાખશે, મનને જીતીને ધર્મની દઢતા રાખશે, સ્નેહથી મને ભજશે તો હું તમારી જેમ જ એ સર્વના યોગક્ષેમનું વહન કરીશ. સર્વ રીતે સુખી કરીશ.'

ત્યારે જોબનપગી કહે, 'હે મહારાજ ! બસ હવે આપ રાખો. હું મારે હાથે જમી લઈશ. આપ મારી સેવા કરો તે મને છાજતું નથી. ત્યારે શ્રીહરિ જમાડતા બંધ રહ્યા. અને જોબનપગી જમી રહ્યા ત્યાં સુધી તેમની પાસે સામુ જોઈને બેસી રહ્યા. ભોજન બાદ ઠંડા પાણીનો લોટો શ્રીહરિએ પ્રગટ કરી આપ્યો. જોબનપગીએ ચળુ કરી અને પાણી પી તૃપ્ત થઈ જ્યાં લોટો હેઠો મૂક્યો ત્યાં થાળ, લોટો ને શ્રીહરિ સહિત બધું જ અદૃશ્ય થઈ ગયું.

પછી જોબનપગી થોડીવાર તે ઝાડ નીચે શરીર લંબાવી વિશ્રાંતિ લેતા લેતા પણ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા. પછી ઘોડે બેસી વડતાલ પોતાને ઘેર પહોંચ્યા. પરંતુ ઘેર પહોંચ્યા ત્યાં સુધી નેણે નેહના નીર વરસતા રહ્યા. ઘેર આવી ભગવાન શ્રીહરિની આ દિવ્ય અનુભૂતિની વાતો આખા પરિવારને ભેળા કરીને ગળગળતા હૃદયે સંભળાવી. આ વાત સાંભળીને વખતબા, બીજા ભાઈઓ, બંને દીકરીઓ બધાયની આંખમાંથી ચોધાર આંસુડા વહી ગયા.

પછી તરત જોબનપગી વડતાલ મંદિરે પધાર્યા. ત્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજ-લક્ષ્મીનારાયણ આદિ દેવોના દર્શન કર્યા. અને હરિકૃષ્ણ મહારાજ આગળ હાથ જોડી નિતરતા નેત્રે ગદ્‌ગદ કંઠે બહુવાર સુધી સ્તુતિ કરી. પછી હેતવાળા સંતોને પણ આ દિવ્ય સુખાનુભૂતિના સહભાગી બનાવ્યા. આનંદનો કોઈ પાર રહ્યો નહીં. આવી રીતે જોબન પગીની દઢતા અને ભક્તિ જોઈને શ્રીહરિ તેમને અવારનવાર દર્શન દેતા હતા.

• જોબનપગીનો અક્ષરવાસ :

જોબનપગીનો જન્મ સં.૧૮૩૧માં થયો હતો. ભગવાન શ્રીહરિ કરતા પણ તે છ વર્ષ ઉંમરમાં મોટા હતા. ૧૫ વર્ષ તેમના બાળપણમાં વીત્યા. ત્યારબાદ સં.૧૮૪૬ થી ૧૮૬૬ આમ ૨૦ વર્ષ બહારવટિયું ખેડ્યું. સં.૧૮૫૬માં મહારાજ તેમને ઘેલા હનુમાનજીને મંદિરે વર્ણિવેશે મળ્યા હતા. આમ શ્રીહરિનાં દર્શન થયા બાદ પણ તેમણે દશ વર્ષ બહારવટિયું ખેડ્યું હતું. અને વળી મુક્તાનંદ સ્વામીના હાથે તેમણે કંઠી પણ બાંધી હતી પણ પછી સં.૧૮૬૬માં ડભાણયજ્ઞમાં શ્રીહરિએ ઘોડીએ ઘોડીએ દર્શન આપ્યા

ત્યારે સાચા સત્સંગી થયા. ત્યારથી આરંભી ૫૧ વર્ષ સુધી સત્સંગમાં રહ્યા. તેમાં ૨૦ વર્ષ સુધી શ્રીહરિની સાથે રહ્યા. શ્રીહરિ ધામમાં ગયા પછી પણ તેઓ ૩૧ વર્ષ સુધી સત્સંગમાં રહ્યા. તેમાં તેમણે અનેક પ્રકારની સત્સંગની સેવાઓ કરી. શિરસાટે સત્સંગનો પ ક્ષ રાખ્યો. મન જીતીને નિયમ ધર્મ પાળ્યા. અખંડવૃત્તિ સિદ્ધ કરી. આવા અનેક સદ્‌ગુણોથી અસંખ્ય ભક્તોના આદર્શ બની ગયા.

સં.૧૯૧૭માં એક દિવસ જમવા માટે બેઠા. ત્યાં થાળીમાં શ્રીહરિની ચરણરજ ન દેખી. તેથી તેમની દીકરી પીરસતા હતા તેમને તેનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે જવાબમાં કહ્યું કે, 'બાપા ! મહારાજની ચરણરજ ખૂટી ગઈ છે, તેથી મૂકી નથી.' ચરણરજ જ તેમનું જીવન હતું. જ્યારથી ગઢપુરમાં મહારાજે તેમને ચરણરજ આપી ત્યારથી આરંભી નિત્ય તેઓ પ્રથમ કોળિયો ચરણરજ સાથે જમતા. પછી તેઓ ભોજન કરતા.

આવી જીવનદોરીરૂપ ચરણરજ ખૂટી ગઈ છે. એવા શબ્દો જ્યાં સાંભળ્યા ત્યાં જોબનપગી ઊંડા ઊતરી ગયા. અંતરવૃત્તિ થઈ ગઈ. મનમાં વિચાર થવા લાગ્યા કે, 'મહારાજે રાજી થઈ ગઢપુરમાં મને ચરણરજ આપી. તેને આજ એકત્રીશ એકત્રીશ વર્ષનાં વાણાં વાઈ ગયાં. હું તે ચરણરજને આધારે આજ સુધી આ લોકમાં જીવન ટકાવી શક્યો. આજ ચરણરજ ખૂટી તો હવે મારી આયુષ્ય પણ ખૂટે છે. એમ તેણે મનમાં નક્કી કર્યું.

છ્યાસી વર્ષની વયોવૃદ્ધ ઉંમરે થાળી ઉપર સ્થિર થઈને બેઠેલા તેમને જોઈને દીકરીઓએ કહ્યું, 'બાપા ! કેમ જમતા નથી ?' ત્યારે જોબનપગીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. તે આંસુ લૂછતા કહે, 'દીકરી ! આજ મહારાજની ચરણરજ ખૂટી એટલે મારી આયુષ્ય ખૂટી.' ત્યારે દીકરીઓ કહે, 'શું બોલો છો બાપા..?' ત્યારે તે કહે, 'સાચું કહું છું. હવે મારા ગળા નીચે અનાજ નહિ ઊતરે. મહારાજ મને કાલે ધામમાં તેડી જશે.' એમ કહી થાળી ઉપરથી ઊઠી ગયા અને સહુને ધીરજ આપી તત્કાળ મંદિરે આવ્યા. લક્ષ્મીનારાયણાદિક દેવનાં દર્શન કર્યા.

પછી વડતાલવિહારી પ્રગટ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી ખૂબ સ્તુતિ કરી તથા દિલથી પ્રાર્થના કરી, 'હે મહારાજ ! હવે મારે આલોકમાં રહેવું હરામ છે. માટે કૃપા કરી મને હવે આવતીકાલે જ આપ તેડવા પધારો. અક્ષરધામમાં આપની અખંડ સેવા આપો.' તે જ વખતે ભક્તાધિન ભક્તપતિ શ્રીહરિએ તેમને આંતરિક સંકેત આપ્યો અને કહ્યું, 'આવતીકાલે દશ વાગે હું તમને તેડવા આવીશ. આપ તૈયાર રહેજો.'

પછી જોબનપગીએ મંદિરમાં સહુ સંતોને કહ્યું કે, 'કાલે મારા તરફથી દેવોને થાળ તથા સહુ સંતો-ભક્તોને માટે રસોઈ રાખજો. દેવોનો થાળ વહેલો કરજો. સહુ સંતો-ભક્તો પણ વહેલા જમી લેજો. કેમ કે, કાલે સવારે દશ વાગે વ્હાલા મહારાજ મને તેડવા આવશે. હું ધામમાં જઈશ.' એમ કહી ઘરે આવ્યા. આખા કુટુંબને ભેગું કર્યું. તેમને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના રાખવાની તથા નિયમ ધર્મની દૃઢતા રાખવાની ભલામણ કરી અને કહ્યું, 'જો તમે સત્સંગ રાખશો, નિષ્ઠા રાખશો તો સ્વામિનારાયણ ભગવાન સદા તમારી સહાય કરશે.' એમ કહી પોતે મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા.

બીજે દિવસે જોબનપગીના કહેવા મુજબ મંદિરમાં સંતોએ વહેલી રસોઈ કરી. સહુએ મંદિરમાં દેવોને અને હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવ્યો. અને સંતો-હરિભક્તોની પંક્તિ કરી સહુને જમાડી દીધા. જમી લીધા બાદ અમુક સંતો-હરિભક્તો પણ વાત જાણતા હોવાથી તરત જ જોબનપગીને ઘેર પહોંચ્યા. સવારના દશ વાગ્યાનો સમય થયો. જોબનપગી હાથમાં માળા રાખી, આંખો મીંચી મહારાજનું સ્મરણ કરતા હતા. સાચે જ તે દિવસે સવારે દશ વાગ્યે સાક્ષાત્ ભગવાન શ્રીહરિ જોબનપગીને અનેક મુક્તો-સંતો સાથે તેડવા પધાર્યા. તેઓ અચાનક ઝબકીને બોલ્યા, 'આ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ અનેક મુક્તમંડળ સહિત મહારાજ વિમાન લઈ મને તેડવા પધાર્યા છે. મારો નાથ મારી સામે જોઈ રહ્યા છે.'

સહુ જોબનપગીની સામે હાથ જોડીને જોઈ રહ્યા હતા. કેમ કે, બધાને ભગવાન શ્રીહરિ અને સંતોના દર્શન થતાં ન હતા. પછી જોબનપગીએ પણ સમીપ રહેલા સર્વ સંતો-ભક્તોને કહ્યું, 'સહુ સત્સંગ રાખજો. સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ વિશ્વાસ અને અડગ નિશ્ચય રાખજો. અને ભગવાન શ્રીહરિની આજ્ઞામાં સાવધાનપણે વર્તીને તેમને સર્વોપરી જાણીને ધ્યાન, ભજન, ઉપાસના કર્યા કરજો. શ્રીહરિ તમારા સહુનું કલ્યાણ કરશે અને હવે હું અક્ષરધામમાં મહારાજની ચરણરજ લેવા માટે જાઉં છું. મહારાજનાં ચરણોમાં રહેવા માટે જાઉં છું. મારી પાછળ કોઈ રડશો નહીં.'

એમ કહી હાથ જોડી સહુને જય સ્વામિનારાયણ કહ્યા. એટલું બોલ્યા ત્યાં એમનું મસ્તક ઢોલિયા ઉપર ઢળી પડ્યું. આ રીતે સહુના દેખતા ૮૬ વર્ષની ઉંમરે જોબનપગીએ ભૌતિક દેહનો અને આ દુનિયાનો ત્યાગ કર્યો. દિવ્ય દેહ ધરી મહારાજની સાથે વિમાનમાં બેઠા અને અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા.

• જોબનપગી પરિવારનું સમર્પણ :

જોબનપગીએ એકવાર જન્માષ્ટમી ઉત્સવ, એકવાર અન્નકૂટ ઉત્સવ તથા બે વાર મોટો રંગોત્સવ કરાવી ખૂબ સેવાનો લાભ લીધો હતો. શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા હતા. સંતો-ભક્તોનો ખૂબ રાજીપો લીધો હતો. વડતાલ મંદિરમાં દેવોની ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ ત્યારે જોબનપગીએ પોતાનું એક ખેતર દેવના થાળમાં કૃષ્ણાર્પણ કર્યું હતું.

તેથી મહારાજ અતિ રાજી થઈને કહે, 'હે જોબન ! તમોએ જે ખેતર દેવોને અર્પણ કર્યું, તે આપણે જોવા માટે જઈએ.' જોબનપગી કહે, 'બહુ સારું મહારાજ, પરંતુ જોવા જ જવું હોય તો ત્યાં નજીકમાં જ કૂવો છે. માટે ત્યાં જ સંતો-ભક્તો મારા તરફથી રસોઈ કરે અને આપ સહુ સાથે ત્યાં જ કૃપા કરી જમો. એવી મારી ભાવના છે.'

તેમનો શુદ્ધભાવ જોઈ મહારાજ બહુ રાજી થયા. પછી શ્રીહરિ જોબન પગીને ખભે બેસીને ખેતર જોવા ગયા હતા. એવો સંતોનો મત છે.

પગી સાથે તે જોવાને કાજ, સંત સહિત ગયા મહારાજ; બહુ રાજી થયા હરિ જોઈ, દીધી ત્યાં જોબને રસોઈ.
આખા ખેતરમાં પ્રભુ ફર્યા, અડવાણે પગે જ વિચર્યા; વળી એમ બોલ્યા અવિનાશ, તમે સાંભળો જોબન દાસ.
આપ્યું ઠાકોરને આ રૂપાળું, નામ આજથી ઠાકોરવાળું; રાજી થૈ બોલ્યા સૌ તતખેવ, જય લક્ષ્મીનારાયણદેવ.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૯-૧૦-૧૧)

પછી જોબનપગી તથા તેમના પરિવારે આ ખેતરનો લક્ષ્મીનારાયણ દેવના નામનો પાકો દસ્તાવેજ કરાવેલો છે. તેમાં લખ્યું છે કે, 'સૂરજ ચંદ્ર તપે ત્યાં સુધી દેવોની દિવેટ માટે તથા સાધુના ખર્ચ માટે અમો આ ખેતર ધર્માદામાં આપીએ છીએ. આ ખેતર ઉપર અમારી વંશપરંપરાનો કોઈ દરદાવો નથી. જે આ લખત પ્રમાણે ધર્મનું કામ જાણી પાળશે કે પળાવશે તેનું આલોક અને પરલોકમાં રૂડું થાશે. તેના વંશપરંપરાની વૃદ્ધિ થાશે. આ લખ્યા પ્રમાણે પાળે-પળાવે તેને કાશીએ ગાય આપ્યાંના પુણ્ય થશે' આવો પાકો દસ્તાવેજ કરાવી આપેલો છે. જે હાલ વડતાલ મંદિરના કબજામાં છે. આ સમયે ભગવાન શ્રીહરિએ જોબનપગીને રાજી થઈ ચરણારવિંદ પાડી આપ્યાં હતા. તેને તેઓ આજીવન પૂજતા રહ્યા હતા.

સુંદરજી પગીના પુત્ર ઓધારજી પગી હતા. તેમના વંશમાં હરમાનભાઈ થયા. તેઓ વડતાલમાં ૩૫ વર્ષ સુધી સરપંચ રહ્યા હતા. ગામની તથા મંદિરની ખૂબ સેવા કરી હતી. આ તમામ ભક્તોએ ઘરબાર સહિત સર્વે શ્રીહરિને અર્પણ કરેલું હતું. તેઓ શ્રીહરિ અને સંતોમાં જેવો કુટુંબ ઉપર ભાવ હોય તેવો જ એક એકથી સરસ ભાવ રાખતા હતા. પરિવાર જેવી સંતો-ભક્તોમાં તેમની પ્રીતિ અને સેવાથી શ્રીહરિ તેમના ઉપર અતિ પ્રસન્ન રહેતા હતા. આમ જોબનપગી તથા તેમના પરિવારના તમામ સભ્યોએ આ સત્સંગની તથા મંદિરની ખૂબ જ સેવા કરેલી છે.

●

• જોબન પગીના વહીવંચાના ચોપડાની હકીકત :

આ પ્રસંગ જોબન પગીના ભક્તત્વનો અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસનો અજોડ પુરાવો છે તથા સ્વામિનારાયણ ભગવાનના ભગવાનપણાને સમજાવે એવો અને અતિ પ્રમાણભૂત છે. સંવત ૧૮૮૧માં વડતાલ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવોની સ્થાપના થઈ. આચાર્યની સ્થાપના થયા બાદ એકવાર શ્રીહરિ વડતાલમાં હતા.

તે સમયે જોબન પગીએ ક્ષત્રિયોના બારોટને વડોદરાથી બોલાવી પોતાનું વૃત્તાંત બારોટના ચોપડે લખાવેલું. તે તેમના શબ્દોમાં જ વાંચવા જેવું છે. પ્રથમ તો તેમણે બારોટને તેડાવવા માટે પત્ર લખ્યો. આ પત્ર આપવા અને બારોટને તેડવા માટે ધોળા બળદ જોડેલું વેલડું વડતાલથી વડોદરા મોકલ્યું. પત્ર આ મુજબ છે.

જય શ્રીસ્વામિનારાયણ. ગામશ્રી વડોદરા મધ્યે શ્રીબારોટજી હેમંતસિંહજી તથા તેમના પુત્ર ગુમાનસિંહજી વગેરે ભાઈઓ તથા સકળ કુટુંબીઓ. વડતાલથી લિ.જોબનજી ભાયાજીના જે સ્વામિનારાયણ વાંચશો.

આપને કંકોત્રી પાઠવતા આનંદ મંગલ થાય છે. અમારે ત્યાં ભગવાન સહજાનંદજી પધારેલ છે. જેથી કરીને અમારી વંશાવલીમાં શ્રીહરિની આજ્ઞા થકી પરચા લખવા હોય (છે માટે) જરૂર પધારશો. ભગતમંડળી ને સગાં-વ્હાલાં તેડાવ્યાં છે, હરિભગતોને પણ કંકોત્રી લખી છે. માટે શ્રીહરિજીનો રાજીપો પામવા જરૂર જરૂર પધારશોજી.

આ કંકોત્રી વડોદરા પહોંચી, બારોટજીએ સમાચાર સાંભળ્યા. તેથી જોબનજીના વહીવંચા રાવ શ્રીહિંમતસિંહ રસાલા સાથે

વડતાલ આવ્યા. જોડે તેમના દીકરા ગુમાનસિંહજીને લાવ્યા. છડીદાર અને બંદૂકધારી એમ બે ઘોડેસવાર, રામસંગ ને હલુભા હતા. સાંઢણીસવાર ખુમાણજી હતા અને રાંધનારા ગોપાલ ભટ્ટ હતા. ધોળા બળદો જોડેલ સીગરામ સહિત બારોટશ્રી આવ્યા. જોબનજી અને તેમના સર્વે ભાઈઓએ સામૈયું કર્યું. બારોટજીને ઉતારે લાવ્યા. થોડીવાર વિસામો કર્યો. બપોરે ચૂરમું જમ્યા. સાંજની સંધ્યા આરતી કરી.

પછી બારોટજીએ જોબન પગીને કહ્યું, મારે શ્રીહરિની ઝાંખી કરવી છે કહેતાં દર્શન કરવા છે. જોબન પગી કહે, 'શ્રીજીમહારાજ અહીં મોડા પધારશે. મારો વહાલો કાલે તમારા મનોરથ પૂર્ણ કરશે. તમતમારે વાળું કરીને પોઢો. આ મીઠાભાઈ રાતે તમારી ચાકરીમાં રહેશે.'

બીજે દિવસે એક પહોર જતાં શણગારેલા માંડવામાં બેઠકો બનાવી છે. ગાદી બિછાન કરી છે. ગામના બાઈઓ, ભાઈઓ, હરિભક્તો હકડેઠઠ છે. સહુ હરિભજનમાં મગન છે. તેવા સમયે મહારાજ પધાર્યા. કેવી રીતે ? તો જોબનજી, શંકરજી, સુંદરજી તથા દલોજી, તેમના કાકા હેમંતજી તથા પાટીદાર ભાઈજીભાઈ વગેરે શ્રીજીમહારાજ સાથે ઉત્સવ કરતાં કરતાં જ્યાં જોબન પગીને ઘેર બેઠક કરી હતી ત્યાં પધાર્યા. ત્યારે ત્યાં હેમંતસિંહજી ને પુત્ર ગુમાનસિંહજી બેઠા હતા.

પછી જોબન પગી ચાંદીનો થાળ તથા લોટામાં કેસરજળ લાવ્યા. હિંમતસિંહજીએ કેસરજળથી મહારાજના પાય પખાળ્યા. તે વેળાએ બારોટજીએ શ્રીહરિની ચરણરેખાઓનાં દર્શન કર્યાં. તીર્થજળ આચમન કરી માથે ચઢાવ્યું અને આ સાક્ષાત્ પરમેશ્વર છે તેમ જાણ્યું. પછી જોબન પગી, તેમના બે દીકરા જગમાલજી તથા અગરસંગજી તથા રાવશ્રી હિંમતસિંહજી, બારોટ ગુમાનસિંહજીએ શ્રીજીમહારાજની અર્ચના કરી પૂજન કર્યું.

ત્યારે શ્રીહરિએ મરક મરક હસતાં રાવશ્રીને શિરપાવમાં ખેસ, દુપટ્ટો, શેલું ને પાનનું બીડું આપ્યું. ગુમાનસિંહજીને જરકશી સાફો ને પાનનું બીડું આપ્યું. ને કહ્યું, 'તમો રાજવંશી છો, તમારો માન મરતબો સદાને માટે રહેશે. તમને જે માન દેશે તે સુખિયા થાશે. પણ તમો સત્સંગી રહેજો.' આમ શ્રીહરિએ તેમને સત્સંગ રાખવા કહેલું. પછી જોબન પગીએ તથા તેમના બન્ને દીકરા જગમાલજી અને અમરસંગજીએ વંશાવળીના ચોપડાનું પૂજન કર્યું અને રાવશ્રીનું પૂજન કરી વૃત્તાંત લખાવ્યું.

(૧) તે બારવટું ખેડતા ને હીરા ભરવાડે સમાચાર કહ્યા કે યાકુબખાન પઠાણ અને અલ્લારખા મલેક ગાયોનું ધણ હાંકી ગયા વગેરે. (૨) ખંભાતથી આવતા વચમાં જાનના ગાડામાંથી ડોસો જીવણદાસ પડી ગયો'તો તે. (૩) બાકરોલમાં પોતાના મિત્ર બાથાજી મરાણા તે. (૪) ડભાણમાં ઘોડી ચોરવા ગયા તે. આનો વિસ્તાર આપણે પૂર્વે વાંચી ચૂક્યા છીએ. (૫) લક્ષ્મીનારાયણદેવનું મંદિર થયા બાદ શ્રીહરિએ સંપ્રદાય સંબંધી ધર્મોપદેશ કર્યો. શું..? તો જેમાં નિત્ય સત્સંગ કરવો; વેદ, ભાગવત્, પુરાણ, ભગવદ્ગીતાદિકનું જ્ઞાન મેળવવું; શિક્ષાપત્રી પ્રમાણે આચરણ કરવું;

સદાચારી થઈને રહેવું; માંસ, મદિરા ખાવુંપીવું નહીં; દેવમંદિરમાં નમસ્કાર કરવા; માળા કરવી; કોઈ જાતનું વ્યસન કરવું નહીં; દાન-ધર્મ કરતા રહેવું; ગુરુદ્રોહ ક્યારેય કરવો નહીં; ગાળ્યા વિના દૂધ તથા પાણી પીવું નહીં; સૂર્ય ઊગતા પહેલાં ઊઠી સ્નાન કરવું. સેવા, પૂજા ને તિલક કરીને જ બહાર નીકળવું; પોતપોતાના ધર્મનું પાલન કરવું; સત્સંગી થઈ સત્સંગનું જ્ઞાન મેળવવું; સદા ભક્તિપરાયણ રહેવું; વગેરે ધર્મોપદેશ આપ્યો.

વળી, (૬) ત્યારે દેવના ઘીના દિવા માટે ૧૨ વિઘાનું ખેતર આપ્યું. (૭) શ્રીજીમહારાજ પધારેલા તે મેડીવાળા ઘરમાં મેં સેવાપૂજા રાખી છે. માટે મારા કુટુંબે આ મકાન વેચવું નહીં. ફાવે તેવી આપત્તિ આવે તોય કોઈ દીકરાએ આ મકાન વેચી દેવું નહીં. સાફસૂફી કરાવી કાયમ સેવા રાખવી. જો શ્રીજીમહારાજની સેવા કરશો તો તમે કોઈ નાગા, ભૂખ્યા રહેશો નહીં. આવાં આશિષ લખાવ્યાં. અને છેલ્લે (૮) શ્રીહરિનું જન્મથી આરંભી મંદિરો બંધાવ્યાં ત્યાં સુધીનું ટૂંકું વર્ણન લખાવ્યું છે.

આમ જોબન પગીએ શ્રીજીમહારાજ સમક્ષ સભાસમસ્ત તથા હરિભગત મંડળની હજૂરમાં બારોટશ્રી ગુમાનસિંહ, હિંમતસિંહજીને વડતાલ મધ્યે તેડાવી વૃત્તાંત તથા પેઢી પ્રકાશ લખાવ્યું. અંતે સહુએ શ્રીજીમહારાજનો જય જયકાર કર્યો. મહારાજે બધા ઉપર અમીદૃષ્ટિ કરી. પછી હિંમતસિંહજી, જોબન પગી તથા સાધુ સત્સંગીને શ્રીજીમહારાજ ભેટ્યા. ને મંડપમાંથી સાથે પ્રસ્થાન કર્યું કહેતાં ઉતારે આવ્યા. પછી સર્વએ સાથે મળી પ્રસાદ લીધો.

આ હકિકત ક્ષત્રિયોના બારોટ રાવ દીપસિંહ ફતેસિંહ તથા ભાનુસિંહ ફતેસિંહ - આ બંને વડોદરામાં રહેતા બારોટોએ વર્ષો જૂના ચોપડા ખોળીને ખૂબ લાગણીની ભાવનાથી આપી છે. તેમની પાસે ચોપડા છે તેમાં પૂર્વોક્ત લખાણ છે.

આ જ રીતે બીજા ઐતિહાસિક ઘટનાના બે લેખો પ્રાપ્ત થયા છે :

• પગીઓએ વડતાલમાં મંદિર તથા સંતોની રક્ષાનો શ્રીહરિને લખી આપેલો દસ્તાવેજ :

સંવત્ ૧૮૮૩ના વર્ષે વૈશાખ સુદી બીજના દિને સ્વામીશ્રી સહજાનંદજી પ્રત્યે લખીતંગ ગામ વડતાલના પગી જોબન ભાયા તથા પગી માલા દીપા તથા પગી અજબાગેર સીંઘ તથા પગી વખતા વસતા તથા ભાઈ સમસ્ત તથા

ગામ બામણોલિ પગી જગુ કાલા તથા પગી બાદર કશલા તથા પગી ઝાલ મહેમા તથા પગી ભાઈજી નાહાના તથા ભાઈ સમસ્ત

ગામ પીપલગના પગી ઝાલા વખતા તથા પગી વજા અજબાજી તથા પગી દેવકરણ જીતાભાઈ સમસ્ત તથા

ગામ આખડોલના પગી ઝાલમ વસતા તથા પગી ગલા દલા તથા પગી વાસજી પુજા તથા ભાઈ સમસ્ત તથા

ગામ સંજાયાના પગી ઊજમ ગમાન તથા પગી અખા નાથા તથા પગી લેમજી ભવાન તથા પગી ભુરા ગોકળ તથા ભાઈ સમસ્ત તથા

ગામ વલોટવાના પગી થોભણ માનસીંઘ તથા પગી બેચર ઘુસતા તથા ભાઈ સમસ્ત તથા ગામ પાલજના પગી હાથી હમિર તથા પગી દેતાર ઉમેદ તથા ભાઈ સમસ્ત તથા

ગામ કેરિયાવીના બારીઆ (બારૈયા) ફુલજી અવલા તથા બારીઆ ઊમેદ નાગજી તથા કોટવાલ ઝાલજી વેણા તથા ભાઈ સમસ્ત

બીજું તમોએ ગામ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણનું મંદિર કરાવ્યું છે તેની સેવા અમો સમસ્ત ગામના પંચ થઈ કરશું તથા ચાકરી કરશું અમારા પુત્ર પુત્રાદિક જે કોઈ અમારા વંશમાં થાશે તે સર્વે લક્ષ્મીનારાયણ દેવની તથા મંદિરની સેવા કરશે. બીજું લક્ષ્મીનારાયણનાં દર્શને સંઘ આવે તેની અમો કોઈ સંઘના માણસની કોઈ ચોરી કરીએ નહીં, કોઈ પાસે કરાવીએ નહીં તથા અમારા વંશમાં જે થાશે તે લક્ષ્મીનારાયણના સંઘની ચોરી કરશે નહીં અને કરાવશે નહીં. સંઘની આવતા જાતા અમારી સામરથી પરમાણે અમો સર્વે બરદાશવલી (સારી રીતે સંભાળ) રાખીશું.

ઉપર લખ્યા પ્રમાણે અમો પાળીશું ને ઉપર લખ્યા પ્રમાણે ન પાળે ને ચોરી કરી લૂંટે, તેને અમો ધારાળા પંચ મળીને અમારી નાત બહાર કાઢીશું તથા અમારા વંશના હશે તેપણ તેને નાત બહાર કાઢશે. આ લખ્યા પ્રમાણે જે નહીં પાળે તેને અન્ને-વસ્ત્ર નહીં મળે. તથા આ પરથવી(પૃથ્વી)માં પાપ થાય તે તેને માથે છે. આ લખ્યા પરમાણે અમે રહીએ તો લક્ષ્મીનારાયણ દેવ અમને અન્ન-વસ્ત્રે કરીને સુખિયા રાખજો તથા અમારાં બાળ ગોપાળને સુખિયાં રાખજો.

આ અમો રાજી થઈને લખી આપ્યું છે. બીજું અમને અન્ન-વસ્ત્ર તથા રૂપૈયા મેલતમાંથી(મિલ્કતમાંથી) અમારી સામરથી પ્રમાણે વરશો વરશ લક્ષ્મીનારાયણને અરથે આપીશું એ ઉપર લખતની શાહી છે. સં.૧૮૮૩ વૈશાખ સુદ બીજના દિવસે આ દસ્તાવેજ લખેલ છે. (આ સિવાયના અન્ય નવ જણની તેઓના અક્ષરમાં સહીઓ છે પણ તે અક્ષર ઉકલતા નથી.)

• ચરોતરના ક્ષત્રિયોની નાતે કરેલો બંદોબસ્ત

સં.૧૮૮૪ના માગશર વદ બીજ ને બુધવારે ચરોતર પ્રાંતના તમામ ક્ષત્રિયોની નાતે ભેગા મળીને આ બંદોબસ્ત કરેલો છે. તે તમામ ક્ષત્રિયોને લાગુ પડે છે.

શ્રીલક્ષ્મીનારાયણની સેવાને અર્થે અમે પંચ સર્વે ધારાળાનું નાત સમસ્ત ચોબલાના(ચરોતરના) પંચ મળીને આજથી આપણી નાતે આવો બંદોબસ્ત કર્યો છે. હે મહારાજ ! હવેથી જે શ્રીલક્ષ્મીનારાયણનો સંઘ દર્શન કરવા સારુ આવે, જાય તેનું તથા મંદિર વગેરે ગામનું તથા રસ્તે તથા સીમમાં રાત વરતે (રહે તેને) તથા દિવસે કોઈ ચોરે તથા લૂંટે તો તે ચોર ઝાહર પડે (જાહેર થાય, પકડાય) તો તે ધરમનો ગુનેગાર ને તેહને હોકો તથા પાણી બાઅબવરાયે (આપવા નહીં) તથા દીકરી દેવી લેવી નહીં, એ રીતે નાત બહાર મૂકવો. તે માંહીં કોઈકની વગ રાખે ને લખ્યા પરમાણે ન ચાલે તો શ્રીલક્ષ્મીનારાયણનો ગુનેગાર છે. એ લખ્યું તે સર્વે પંચ મળીને રાજી રજાવન(ખુશી) થઈને લખ્યું છે, તે સહી છે. સં.૧૮૮૪ના માગશર વદ બીજને બુધવાર. (લખાવનારાની સહીઓ)

ગામ બામણોલીના : ૧ પગી ભાયસીંઘ ગુમાનજી સહી, ૧ પગી જગમાલ સરદારજી સહી, ૧ પગી દોલા ખનાભઈ સહી, ૧ કોટવાલ રાયજી ભીખા સહી, ૧ પગી બાદર તેજા સહી તથા પંચ સમસ્ત સહી.

ગામ પીપલાડુ (પીપલગ) : ૧ પગી ઝાલા વખતા સહી, ૧ પગી વજા અજબાજી સહી, ૧ પગી દેવકરણ જેતા સહી, ૧ પગી જાલમ નવલ સહી તથા પંચ સમસ્ત મળી સહી.

ગામ આખડોલના : ૧ પગી ગલા ડાલાની સહી, ૧ પગી જગતા વસતા સહી, ૧ પગી આધાર જીસા સહી, ભાઈ સમસ્તની સહી

ગામ બામણોલી ઝાલા પગીની : ૧ પગી જાલુ કાલ સહી, ૧ પગી બાદર કશલા સહી, ૧ પગી નાહાના મુલજી સહી, ૧ પગી જાલમ હેમાની સહી, ગામ ભાઈ સમસ્ત સહી

ગામ સંજાઆના(સંજાયાના) : ૧ પગી અકા નાથાની સહી, ૧ પગી ઊજમ ગુમાન સહી, ભાઈ સમસ્ત સહી

ગામ વરતાલના : ૧ પગી જોબન ભાયાની સહી, ૧ પગી જાલા દીપાની સહી, ૧ પગી અજબાગર સીંઘ સહી, ભાઈ સમસ્ત સહી

ગામ દાવડાના : ૧ પગી અવલા કાલાની સહી, ૧ પગી મેરા ભુદર સહી, પગી જોમાભાઈ સહી, ગામ ટુંડેલના પગી ગામ વલેટવા તથા ગામ કેરિયાવી વગેરે સમસ્ત પંચ સહી લી.

પગી જગમાલ સરદારજી ઊપર લખી તે બાબત કજિયો-ટંટો થાય તો એને પંચ સર્વે ચોબલાવાલા(ચરોતરવાળા) ભોગવે પટેલ પ્રાગદાસ લાલદાસની શાખ.

આ લખાણ ૧૮૮૪ની સાલમાં કરીને આ લોકોએ શ્રીહરિને અર્પણ કર્યું હતું. અમે સહુ લક્ષ્મીનારાયણદેવની સેવા કરીશું તથા સંતોની તથા હરિભક્ત સંઘની રક્ષા કરીશું.

હે વ્હાલા ભક્તો ! આજે કહેતા આનંદ થાય છે કે, 'સેંકડો વર્ષો ગયા છતાં આ પગી પરિવારના સભ્યો મંદિર તથા સાધુ સંતોની રક્ષા શિરસાટે કરતા આવ્યા છે. આ મંદિરને કાંઈપણ થાય તો પહેલા પગી પરિવારના શૂરવીર ભક્તો માથું આપે. એમનાં મસ્તક પહેલાં પડે પછી જ મંદિરને કોઈ અડી શકે. આવો સ્વામિનારાયણ ભગવાનનો તથા મંદિરનો શિરસાટે પક્ષ તેમના વંશ વારસામાં આજ દિવસ સુધી જોવા મળે છે. તે ખરેખર ભગવાનની મોટી કૃપા કહેવાય.

●●●

❁ નારાયણગિરિ બાવા

નારાયણગિરિ મૂળ વડતાલના નિહંગ મઠના મહંત હતા. ત્યાગી હતા, છતાં સ્ત્રીઓ સાથે બોલવાની છૂટ હતી. ધીરધારનો ધંધો કરતા. જમીનો પણ ઘણી હતી. તેઓ જોબનપગીના સાગરીત હતા. તેમના મઠમાં જોબનપગીની લૂંટનો માલ સંઘરાતો. હોકા, ચલમ, ગાંજો ફૂંકાતા, અફીણ ઘોળાતા. પોતાના મઠને નારાયણગિરિએ જોબનના સંગે કુસંગના ડાયરામાં ફેરવી દીધો હતો.

ભગવાન શ્રીહરિએ સં. ૧૮૬૬માં ડભાણમાં મહાયજ્ઞ કર્યો. તેમાં જોબન વડતાલો ઘોડા ચોરવા આવેલો, પરંતુ શ્રીહરિના દિવ્ય ચમત્કારથી લૂંટફાટ, ચોરીનો ધંધો મૂકીને તે શ્રીહરિના આશ્રિત થયો. જોબનનું પરિવર્તન થઈ ગયું.

જોબનપગીના પ્રસંગથી નારાયણગિરિને પણ સત્સંગનો રંગ લાગ્યો. તેમણે હોકા અને ચલમું ફોડી નાખ્યાં, ગાંજા અને અફીણને જાકારો દીધો. ડાયરાની રંગત હવે ભજનમાં માણવા લાગ્યા.

સંવત ૧૮૬૭માં ભગવાન શ્રીહરિ ચૈત્ર મહિનામાં વડતાલ પધાર્યા હતા. મહારાજનો ઉતારો નારાયણગિરિના મઠમાં રાખ્યો હતો. શ્રીહરિ પધાર્યા અને નારાયણગિરિ સેવામાં તત્પર બની ગયા. હજુ તો સત્સંગ થયાને એક વરસ જ થયું હતું, ત્યાં જ શ્રીહરિ કૃપા કરીને પોતાના મઠને ઘર માનીને તેમાં ઊતર્યા એટલે નારાયણગિરિ કૃતકૃત્ય થઈ ગયા !

નારાયણગિરિ અને પ્રભાતગિરિ બંને ભાઈઓ જોબનપગીના પરમ મિત્રો હતા. સત્સંગના રંગે તે પણ એવા જ રંગાઈ ગયા હતા. ભગવાન શ્રીહરિનો યોગ થતાં આ બંને અતીત બાવાઓ શ્રીહરિના દૃઢ સત્સંગી થઈ ગયા. શ્રીહરિ વડતાલ પધારતા ત્યારે તેમના મઠમાં અવશ્ય પધારતા.

આ બંને ભાઈઓને ભગવાન શ્રીહરિ સાથે ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ હતી. શ્રીહરિએ પણ ધીરે ધીરે પોતાના સ્વરૂપની વાત કરવાનો નિશ્ચય કર્યો.

એકવાત ગોમતીકાંઠે સભામાં ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા હતા. ત્યાં નારાયણગિરિ અને પ્રભાતગિરિ બંને આવ્યા. શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાર્યા. પછી પ્રભાતગિરિએ કહ્યું : "મહારાજ ! જોબન તો તમારા મહિમાની બહુ વાતો કરે છે !"

તે સાંભળી શ્રીહરિએ પૂછ્યું : "કેવી વાતો કરે છે ?"

પ્રભાાતગિરિએ કહ્યું : "તે તો કહે છએ મહારાજે સ્વયં મને કહ્યું છે કે અમે તો સર્વ અવતારના કારણ અવતારી છીએ, અમે બ્રહ્માંડથી પાર જે અક્ષરધામ ત્યાંથી આવ્યા છીએ અને અનેક જીવોનાં કલ્યાણ કરીને અક્ષરધામમાં લઈ જવા છે. વળી, સર્વે અવતારો અમારી ભેગા સાધુ થઈને રહ્યા છે અને અમારું ભજન કરે છે."

આ સાંભળી શ્રીહરિ હસ્યા અને કહ્યું : "તમને વાત મનાણી ?"

ત્યારે તે પ્રભાતગિરિ અને નારાયણગિરિ બંને મહારાજ સામું જોઈ રહ્યા. સભામાં બેઠેલા સંતો પણ શ્રીહરિના સ્વરૂપની વાત

સાંભળી આશ્ચર્યવત્ શ્રીહરિ સામે જોઈ રહ્યા ! તેમને લાગ્યું કે બીજા અવતારોની જેમ શ્રીહરિનો પણ આ અવતાર છે - એવી તેમની સમજણ ભૂલ ભરેલી હતી.

ભગવાન શ્રીહરિ સભામાં પોતાનું સ્વરૂપ સમજાવવા તત્પર હતા તેમ સૌને લાગ્યું. નારાયણગિરિએ કહ્યું : "મહારાજ ! અમે તો બાવા કહેવાઈએ, 'નમો નારાયણ' બોલી જાણીએ પણ નારાયણ કેવા હોય, કેવો તેમનો મહિમા, પ્રતાપ હોય તેવું કાંઈ જાણીએ નહીં. પરંતુ આપનો પ્રતાપ જોઈ અમને નિશ્ચય થયો છે કે તે નારાયણ આપ છો."

ભગવાન શ્રીહરિને લાગ્યું કે પોતાના સર્વોપરી સ્વરૂપની વાત જીરવી શકે તેવી ભક્તોના અંતરમાં દૃઢતા થાય પછી પોતાનું યથાર્થ સ્વરૂપ ઓળખાવવું.

પછી શ્રીહરિએ સભાને સંબોધીને કહ્યું : "દેહરૂપ પોતાને માનીને પરમેશ્વરને ભજે તો અહંગ્રંથિ વૃદ્ધિ પામે છે, પોતાની મોટપ મનાય છે. આ પ્રકારના ભાવમાં પોતાના દોષ ઓળખાય નહીં. પરંતુ જો આત્મારૂપ થઈ, અંતર્વૃત્તિ રાખી પરમેશ્વરનું ભજન કરે, તો પોતાના ગુણ અને દોષ બંને ઓળખાશે, કોઈ વાતની ખોટ રહેશે નહીં અને શુદ્ધ એકાંતિક ભાવ પમાશે."

આમ, ભગવાન શ્રીહરિએ પોતાના સર્વોપરી સ્વરૂપની વાતનું બીજ આ બંને ભાઈઓમાં રોપી દીધું.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૮ના આધારે...)

ભગવાન શ્રીહરિ અવારનવાર વડતાલ પધારતા અને સમૈયા-ઉત્સવકરતા. રંગની રેલમછેલ કરતા. કથાવાર્તા રેલાવતા. આ પ્રત્યેક પ્રસંગના બંને ભાઈઓ જીવનભર સાક્ષી બની રહ્યા. એટલું જ નહીં, શ્રીહરિએ જ્યારે જ્યારે જે જે સેવાઓ માંગી તે બંનેએ એક અદના સત્સંગીની છટાથી ગૌરવભેર કરી, શ્રીહરિનો રાજીપો તેમણે પ્રાપ્ત કરી લીધો.

એકવખત નારાયણગિરિ ગઢડે સંતોને રસોઈ આપવા આવ્યા. શીરાની રસોઈ કરાવી. શ્રીહરિ થાળ જમ્યા. પછી સંતોને શ્રીહરિએ પીરસીને જમાડ્યા. શ્રીહરિ સંતોને શીરો પીરસતા હતા ત્યારે નારાયણગિરિ કહે : "મહારાજ ! જમાડવામાં કસર રાખશો નહીં..."

શ્રીહરિ કહે : "સંતોને ખૂબ જમાડ્યા છે. કાંઈ કસર રાખી નથી, તમારે કસર હોય તો શીરો દઈએ." એમ કહી શ્રીહરિ તેમની તરફ ફર્યા. આથી નારાયણગિરિ દોડ્યા. શ્રીહરિ તેમની પાછળ શીરો ઉડાડતાં દોડ્યાં.

આમ, ભગવાન શ્રીહરિએ તેમને ખૂબ સ્મૃતિ આપી.

●

એકવખત ચૈત્ર મહિનામાં ભગવાન શ્રીહરિએ વડતાલમાં નારાયણગિરિને ત્યાં મઠમાં રોકાઈને હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવા કર્યા. દૂર દેશાવરથી લાંબો પંથ કરીને આવેલા હરિભક્તોને ફક્ત એક દિવસ ઉત્સવ કરી રજા દેવી તે શ્રીહરિને ઠીક ન લાગ્યું. તેથી સૌને પૂનમ સુધી રોક્યા. હરિભક્તોએ પણ દર્શનનું, સેવાનું અને કથાવાર્તાનું સુખ લીધું.

નારાયણગિરિએ આ ઉત્સવોમાં ખર્ચ કરવામાં પાછું વાળીને જોયું નહીં. તેથી જોબનપગીએ હસતાં હસતાં કહ્યું : "હવે જોબન દૂઝશે નહીં."

આ સાંભળી નારાયણગિરિએ કહ્યું : "જોબન નહીં દૂઝે એ તો બરોબર પણ જોબનના સંબંધે મહારાજ તો દૂઝે છે ને ! તેમને રાજી કરવા વાપરીએ છીએ, એટલે પૂરવાનું તેમને જ રહેશે."

ભગવાન શ્રીહરિ આ સાંભળી બોલ્યા : "ભગવાન અને તેમના ભક્તને અર્થે જ વાપરે તેમાં ખોટ આવે જ નહીં."

●

વડતાલમાં મંદિર કરવા ભગવાન શ્રીહરિ પાસે વડતાલના હરિભક્તો જોબનપગી, બાપુભાઈ, નારાયણગિરિ, વાસણ સુથાર વગેરેએ ભેગા થઈ પ્રસ્તાવ મૂક્યો. શ્રીહરિએ જળ-છાયાની વ્યવસ્થા જોઈ અહીં મંદિર બાંધવાનો કોલ આપ્યો. સ્થાન નક્કી થયું. બ્રહ્માનંદ સ્વામીને મંદિર બાંધવા મૂક્યા. પૈસાની તંગી પડતી ત્યારે બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિ પાસે ધા નાખતા. શ્રીહરિ કહેતા : "તમારા મિત્ર નારાયણગિરિ છે ને ...!"

અને ખરેખર, અણીના સમયે આ નારાયણગિરિએ ધનની પણ ખૂબ મદદ કરી હતી.

●

ભગવાન શ્રીહરિએ વડતાલમાં દીપોત્સવ-અન્નકૂટોત્સવ ધામધૂમથી ઊજવ્યો. તે વખતે ગામડે વિચરણ કરતા બધા જ સંતોને તેડાવ્યા હતા. નારાયણગિરિના મઠમાં પણ શ્રીહરિ માટે એ જ પ્રકારે સામગ્રીઓનો અન્નકૂટ રચ્યો હતો. શ્રીહરિએ પૂછ્યું : "આ શું ?"

નારાયણગિરિએ હાથ જોડી કહ્યું : "અન્નકૂટ !" "ત્યારે ત્યાં મંડપમાં શું હતું ?" શ્રીહરિએ પૂછ્યું.

નારાયણગિરિએ કહ્યું : "ત્યાં પણ અન્નકૂટ હતો. પણ તે દેવનો, અહીં સાક્ષાત્ ઈષ્ટદેવ ભગવાનનો !"

આ સાંભળી ભગવાન શ્રીહરિ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા.

આ સમૈયામાં શ્રીહરિએ સંતોના મંડળો તેડાવ્યાં હતાં. તેમને સ્વસ્વરૂપની વાતો કરી હતી. શ્રીહરિ પાંચ-પાંચ વાર પંગતમાં ફરીને મિષ્ટાન્ન પીરસતા. જેમ જેમ વધુ તાણ કરતા તેમ નારાયણગિરિ ખૂબ રાજી થતાં. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

બહુ ભાત્યનાં કર્યાતાં અન્ન, હતો અન્નકોટનો એ દન; ફર્યા પંગત્યમાં પંચ વાર, ઘણી ઘણી કરી મનુવાર...૨૨
જમો સંતો કંસાર છે કેવા, માલપુડા છે જમવા જેવા; એમ નાથ કરે તાણ્ય ઝાઝી, તેમ નારાયણગિર રાજી...૨૩

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭)

ભગવાન શ્રીહરિ સંતોને નિત્ય કથાવાર્તા કરતા. તેનો લાભ નારાયણગિરિ વગેરે વડતાલવાસી હરિભક્તોને પણ મળતો. શ્રીહરિના અંતરમાં એક સંકલ્પ સદા રમ્યા કરતો : "સૌ સંતો-ભક્તોને પોતાના પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય." અને તે માટે મહારાજે ખૂબ અદ્‌ભુત વાતો કરી હતી. તેના પ્રત્યક્ષ દૃષ્ટા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં તે શબ્દશઃ વર્ણિત કરી છે :

પછી વીત્યા થોડા ઘણા દન, આવ્યા વરતાલે જગજીવન; આસો વદિ અમાસને દન, કર્યું દીપ ઉત્સવનું મન. ૧
આવ્યા તેડાવ્યા સર્વે દાસ, જોઈ જીવન મન હુલાસ; કરે નિત્ય નવી લીલા લાલ, જોઈ જન થાય છે નિહાલ. ૨
જેમ અન્ય લોક થાય ભેળા, એમ સમજશો મા એહ લીળા; જેને કહું છું ફરી ફરી અમે, તેની રીત્ય સાંભળજ્યો તમે. ૩
નર ઈચ્છે છે નરેશ થાવા, રાજા ઈચ્છે અમરલોક જાવા; અમર ઈચ્છે ઈન્દ્રપદવી, ઈન્દ્ર ઈચ્છે થાવા આદ્ય કવિ. ૪
વિધિ પર તે વિરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લઈએ; તે પર મૂળ પ્રકૃતિપુરુષ, તેથી પર અક્ષર સુજશ. ૫
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ; તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી. ૬
જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ; અતિ દુર્લભ દર્શન જેનાં, કહું છું આ ચરિત્ર હું તેનાં. ૭
જે કોઈ જાણે અજાણ્યે સાંભળશે, તેનાં જન્મમરણ તાપ ટળશે; જે કોઈ સમજે જથારથ જન, તેનું થાશે તેજોમય તન. ૮
માહાત્મ્ય સહિત સમજશે સ્વરૂપ, તે તન મૂકતાં અક્ષરરૂપ; છે તો વાત મોટી એવી ઘણી, નાવે પ્રતીત કહેતાં તે તણી. ૯

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭)

આમ, ભગવાન શ્રીહરિએ વડતાલમાં આ દીપોત્સવમાં બ્રહ્મ-પરબ્રહ્મની અલૌકિક મહિમા અદ્‌ભુત વાતો કરી હતી. આ મહિમાની વાતોને નારાયણગિરિ આદિક વડતાલવાસી ભક્તોએ આત્મસાત્ કરી લીધી.

●

વડતાલ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ થયા બાદ એક દિવસ શ્રીહરિએ નારાયણગિરિને કહ્યું, 'લાવો, તમારું નામું ચૂકવી દઈએ.' નારાયણગિરિ મંદિર બાંધકામ માટે જ્યારે જરૂર પડે ત્યારે પૈસા આપતા હતા. નારાયણગિરિ ચોપડા લાવ્યા અને ભગવાન શ્રીહરિ સમક્ષ તેના ઉપર તુલસી પત્ર મૂક્યાં અને બોલ્યા, 'આ આપને શ્રીકૃષ્ણાર્પણ.' મહારાજ તેમના પર ખુબ રાજી થયા. શ્રીહરિએ કહ્યું, 'નારાયણગિરિ ! તમારે આ ફળ બહુ મોટું થયું. કારણ કે આ મંદિર કરતાં બધું ખર્ચ તમે ચૂકવ્યું ને પાછું વળી શ્રીકૃષ્ણાર્પણ કર્યું. માટે અમે તમને અક્ષરધામમાં અમારી સમીપે બેસાડીશું.'

નારાયણગિરિની આ સેવા અમૂલ્ય હતી. પ્રથમ મુક્તાનંદ સ્વામી અને પછી શ્રી હરિ પ્રત્યે તેમણે દાખવેલી ભક્તિ-સેવાએ વડતાલને ગૌરવ બક્ષ્યું.

●●●

❁ વાસણ સુથાર

વડતાલના વાસણ સુથારનું નામ સત્સંગમાં મૂર્ધન્ય હરિભક્ત તરીકે પ્રસિદ્ધ છે. ભગવાન શ્રીહરિ પ્રથમવાર નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા. પછી સં.૧૮૬૦માં બાપુભાઈના આમંત્રણથી વડતાલ પધાર્યા, તે વખતે બાપુભાઈના આઠ પુત્રો સહિ સમગ્ર પરિવાર

તથા વાસણ સુથાર તથા તેનો પરિવાર ભગવાન શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા હતા. વાસણ સુથાર પૂર્વના મુમુક્ષુ જીવ હોઈ શ્રીહરિમાં અનન્ય નિષ્ઠાથી જોડાઈ ગયા હતા. ત્યારપછી શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે વાસણ સુથારને ઘરે જ ઉતારો રાખતા. વિશાળ ફળિયું, લીમડો અને દાડમડી જેવા વૃક્ષો અને શાંત એકાંત વાતાવરણ હોવાથી ભગવાન શ્રીહરિને વાસણ સુથારના ઘરે રહેવું બહુ ગમતું. વાસણ સુથારનો પરિવાર ચુસ્ત સત્સંગી હતો. તેમના ધર્મપત્ની અને પુત્રો શ્રીહરિમાં દૃઢ ભક્તિ ધરાવતાં. તેઓ સત્સંગ ઉપર ઘણો ભાવ દેખાડતાં. વાસણ સુથારના ભાઈઓ પણ પાકા હરિભક્ત હતા.



એક દિવસ ભગવાન શ્રીહરિ વાસણ સુથારના ઘરે દાડમડીના ઝાડ નીચે ઢોલિયા પર બિરાજમાન થયા હતા. તે વખતે વાસણ સુથારે શ્રીહરિની ભાવપૂર્વક પૂજા કરી અને પ્રાર્થના કરી કે, "હે મહારાજ ! આપના ચરણકમળનું નિત્ય ધ્યાન રહે એવી કૃપા કરો." વાસણ સુથારની ભક્તિથી શ્રીહરિ ખૂબ પ્રસન્ન થઈ ગયા. કરુણા વરસાસી શ્રીહરિએ તેમને ઈચ્છિત વરદાન આપી કૃતાર્થ કરી દીધા.

સંવત ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ વાસણ સુથારના ઘરે દસ દિવસ સુધી રોકાઈને આજુબાજુના ગામોના હરિભક્તોને દર્શન-સમાગમ માટે તેડ્યા હતા. વાસણ સુથાર આ સૌની સરભરામાં ઓછાઓછા થઈ જતા.

'વાસણ સુથારની મેડીએ મહારાજ બિરાજે છે' એવી ખબર ભક્તોને જેમ જેમ થતી ગઈ તેમ તેમ આવવા લાગ્યા. સભા ધીરે ધીરે મોટી થવા માંડી. એટલે શ્રીહરિએ ગોમતી કિનારે સભા કરી. શ્રીહરિ આંબના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. મોટા મોટા સંતો-હરિભક્તો પણ સભામાં બેઠા હતા. અહીં શ્રીહરિએ વાત કરતા કહ્યું : "ભગવાનની ભક્તિ કરવી તે આત્મારૂપ થઈને કરવાની છે. આત્માના ભાવમાં સદા જાણપણું રહે અને અંતરમાં રહેલા ગુણદોષ ઓળખાય; પરંતુ દેહભાવે જે ભક્તિ કરતા હોય તેને અહંગ્રંથિ વધે છે અને પોતાના દોષ તેથી ઓળખાતા નથી અને મુમુક્ષુ મોક્ષમાર્ગમાંથી પડી જાય છે."

તે સભામાં માંગરોળના ગોરધનભાઈ શેઠ આવ્યા. તેમની ક્રિયા લોકોને ગાંડા જેવી જણાતી, પરંતુ તેમની ઉપશમ સ્થિતિનું રહસ્ય કોઈને સમજાતું નહીં. તેમની એકાંતિક સ્થિતિનો સૌને ખ્યાલ આપવા ભગવાન શ્રીહરિએ સાકર અને મીઠું ભરેલી થાળી ગોરધનભાઈને આપી અને કહ્યું : "આ જમી જાઓ."

તે તો બંને થાળમાંથી બે હાથે સાકર અને મીઠું લઈને જમવા લાગ્યા. તેથી શ્રીહરિએ તેમને પૂછ્યું : "ગોરધન ! આમાં સાકર કઈ અને મીઠું ક્યું ?"

ત્યારે ગોરધનભાઈએ કહ્યું : "મહારાજ ! મને તો આ બેય સરખાં લાગે છે."

તેમની આ વાત સાંભળી સભાજનોને આશ્ચર્ય થયું !

તે વખતે ખંભાતમાં હરિભક્તો સૂતરફેણીની માટલી લાવ્યા હતા, તે માટલી શ્રીહરિએ ગોરધનભાઈને આપી અને કહ્યું : "અમને આ સૂતરફેણી જમાડો."

ગોરધનભાઈ તો પોતે જમવા માંડ્યા. તે જોઈ હરિભક્તોએ કહ્યું : "સૂતરફેણી તો મહારાજને જમાડવાની હતી, તમે ક્યાં જમવા માંડ્યા ?"

તેણે કહ્યું : "મહારાજ જ જમે છે." આ સાંભળી શ્રીહરિ હસ્યા.

પછી ગોરધનભાઈએ તે સૂતરફેણીની માટલી શ્રીહરિને આપી ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું : "ગોરધનભાઈ ! તમે તો જમો."

ગોરધનભાઈએ કહ્યું : "મહારાજ ! હજુ મેં તો સ્નાન પણ નથી કર્યું."

આ સાંભળી સભાજનોને વિશેષ આશ્ચર્ય થયું ! શ્રીહરિએ તેમને સૌને કહ્યું : "ગોરધનભાઈની આ ઉપશમ સ્થિતિ છે. ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખતા નથી. આવી એકાંતિક સ્થિતિ તમારી સૌની કરવા માટે અમે આ પૃથ્વી ઉપર

પ્રગટ થયા છીએ.'' આમ, વાસણ સુથારના ઘરે શ્રીહરિએ પોતાનું રહસ્ય કહ્યું.

વાસણ સુથાર ભગવાન શ્રીહરિની સામે જ બેઠા હતા. તેમણે આ વાત પોતાના હૃદયમાં સ્થિર કરી લધી અને નિશ્ચય કર્યો કે મારે પણ આવી સ્થિતિ સિદ્ધ કરવી જ છે. પછી તો શ્રીહરિ વડતાલ જ્યારે જ્યારે પધારતા ત્યારે વાસણ સુથાર શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન થઈ જતા.

વડતાલના નારાયણગિરિને સત્સંગ થયો. તેથી શ્રીહરિ તેમની મેડીએ ઊતર્યા, પરંતુ ત્યાંથી જમવા માટે રોજ વાસણ સુથારને ઘેર આવતા. આ પરથી ખ્યાલ આવે છે કે શ્રીહરિ વાસણ સુથારની અનન્ય ભક્તિને વશ થઈ ગયા હતા.

વડતાલમાં સં. ૧૮૭૨માં રંગોત્સવ ભગવાન શ્રીહરિએ ભવ્યતાથી ઊજવ્યા હતો. તે વખતે સૌ હરિભક્તોના ઉતારાનું આયોજન શ્રીહરિએ જાતે કર્યું હતું. અને પોતે વાસણ સુથારને ઘરે ઊતરશે - તેવું પોતે જ જાહેર કર્યું હતું. શ્રીહરિ ઉત્સવના દસ દિવસ અગાઉ પધાર્યા હતા, ઉત્સવ આવતા સુધી શ્રીહરિ જુદાં જુદાં સ્થાને સવાર-સાંજ સભા કરતા. વાસણ સુથારના ઘરની સામે વિશાળ ચોગાનમાં, ગોમતી સરોવરને કાંઠે, આંબાવાડિયામાં એમ જુદી જુદી દિશામાં શ્રીહરિ સભા કરતા.

આ ઉત્સવ જ્ઞાનબાગમાં રાખ્યો હતો. મોટા બે રંગના કુંડ તૈયાર કર્યા હતા. શ્રીહરિએ તેમાં પોતાના બંને ચરણારવિંદ બોળ્યાં અને રંગ પ્રસાદીનો કરી દીધો. પછી તો પિચકારીઓ છૂટી. આકાશ અને ધરતી લાલ બની ગયાં. તેમાં કેસરી વસ્ત્ર ધારણ કરીને રંગે રમતા શ્રીહરિ શોભતા હતા. સુવર્ણ પિચકારી લઈ ઘડીક સંતોના વૃંદમાં તો ઘડીક હરિભક્તો સાથે ચપળતાથી હોળી ખેલતા હતા. ઢોલ-શરણાઈ વાગતાં હતાં. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ શ્રીહરિએ સૌને કરાવ્યો. વાસણ સુથારે રંગે રમતી શ્રીહરિની આ મૂર્તિને કાયમ માટે પોતાના અતંરમાં જ જડી દીધી.

સાંજે જ્ઞાનબાગમાં નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો હિંડોળો કર્યો હતો. તેમાં શ્રીહરિએ બિરાજમાન થઈને બાર સ્વરૂપ ધારણ કરીને સૌના મનોરથ પૂર્ણ કર્યા હતા.

વળી, આ જ વરસે શ્રીહરિએ કેરી ટાણે પણ વડતાલ પધાર્યા અને વાસણ સુથારને ઘરે બિરાજી ભવ્ય આમ્રોત્સવ કર્યો હતો.

બીજે વર્ષે પણ શ્રીહરિએ વડતાલમાં ફૂલદોલ ઊજવ્યો. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી તથા વાસણ સુથારે મળીને હિંડોળો બનાવ્યો હતો. જ્ઞાનબાગમાં બે આંબા વચ્ચે બાંધેલા આ હિંડોળા પર શ્રીહરિ બિરાજ્યા. સંતોએ, હરિભક્તોએ શ્રીહરિને ઝુલાવ્યા, કીર્તન-ભક્તિ કરી, રંગે રમ્યા અને શ્રીહરિની જ્ઞાનની વાતો પણ સાંભળી.

સંવત ૧૮૭૮માં ચૈત્ર સુદ નોમનો સમૈયો ભગવાન શ્રીહરિએ વડતાલમાં ધામધૂમથી ઊજવ્યો. પછી અહીં ભવ્ય શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્તનું આયોજન કર્યું. તે વખતે વિચરણ કરતા પરમહંસોનાં મંડળોને તેડાવ્યા હતાં. ગોવિંદરામ જોશીએ ખાતવિધિનું મુહૂર્ત ચૈત્ર સુદ તેરસનું આપ્યું હતું. ઉમરેઠના નરોત્તમ દવેએ વિધિ કરાવ્યો. આમ, વડતાલ મંદિરના શ્રીગણેશ થયા. મંદિર બાંધકામની સેવામાં વાસણ સુથારના પરિવાર બહુ જ સેવા કરી હતી.

• વાસણ સુથાર અને તેના પરિવારના સદ્‌ગુણો :

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખે છે : ''...વાસણ, ભવાન અને રઘુ એ ત્રણ ભાઈ હતા. તેમાં વાસણના પુત્ર, નારાયણ, રણછોડ અને ગોપાળ એ ત્રણ હતા. ભવાનના પુત્ર જાદવ અને ખુશાલ હતા. ખુશાલની 'મા' વ્રજબાઈ હતા. એ બધા સુતાર હરિભક્તો શ્રીહરિની સેવા બહુ જ કરતા હતા. તે વર્ણવી શકાતી નથી. શ્રીહરિ વડતાલમાં જેટલી વખત આવ્યા તેટલી વખત આ સુતાર હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર ઉતાર્યા હતા.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૮)

વળી, સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી વાસણ સુતારની સંપયુક્ત પ્રગટ ભક્તિની પ્રશંસા કરતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખે છે : ''મંદિરની સમીપમાં જ સુતાર જ્ઞાતિના વાસણ નામે હરિભક્ત રહેતા હતા. સં.૧૮૭૨ના વરસથી શ્રીહરિ વડતાલમાં દર વર્ષે સમૈયા કરતા હતા. આગળ કહેલા વાસણ સુતારના ઉગમણા બારનાં ત્રણ ચાર ઘર હતાં અને તેની આગળના ભાગમાં વિશાળ ચોક હતો.. ઘરની આગળના ચોકમાં એક લીમડાનું ઝાડ હતું. શ્રીહરિના મનમાં ગમે તેવી આ સુંદર જગ્યા હતી. ઘરની પાછળ વાડો હતો. તે શ્રીહરિના મનમાં ગમતો હતો.

ભવન કે પીછે વાડે રહાયે, હરિ કે મન મેં રુચત રહે તાયે; હરિ કુ પ્રસન્ન કરને હીતા, સુતાર કે મન મહીં ખચીતા...૦૬
તાકે બંધુ રહાયે જેતા, તાકે પુત્ર કહાવત તેતા; તાકે ઘર મેં નારી હિ જેતી, રૂક મન સબ રહાયે તેતી...૦૭
હરિ ઉપર સબકુ રહે ભાવા, હરિ સે અંતર જુદે ન રહાવા; રૂસે હરિજન રહેઉ તિનકે, ભવન મેં હરિ રહત હે ઈનકે...૦૮
ભાવ ન દેખાવત હે જબહી, હરિજન તાકે મન મેં તબહી; તિહાઁ હરિ પલ રૂક ન રહાતા, ભાવ રહત તિહાઁ લગ ટિકાતા...૦૯

ભાવ તિતના રસ જોઉ તાકૂ, શ્રીહરિ માનત રહેઉ વાકૂ; શ્રદ્ધા તિતના ભાવ હિ તિનકૂ, અંગિકાર કરત હરિ હિ ઈનકૂ...૧૦

વાસણ સુતારના મનમાં શ્રીહરિને રાજી કરવાનું દૃઢ તાન રહેતું હતું. તેના તમામ ભાઈઓ, તેના પુત્રો તથા ઘરમાં જેટલી સ્ત્રીઓ હતી તે બધાં એક મનવાળાં હતાં. અર્થાત્ સહુ સંપીને રહેતાં હતાં. સહુને શ્રીહરિ ઉપર ભક્તિભાવ હતો. કોઈનું અંતર શ્રીહરિથી જુદું-અંતરાયવાળું ન હતું. આવા નિષ્કપટ હરિભક્તના ઘરમાં શ્રીહરિ આવીને રહેતા હતા. જ્યારે હરિભક્તના મનમાં ભાવ ન દેખાતો હોય, ત્યારે શ્રીહરિ ત્યાં એક પળવાર પણ રહેતા નહિ. જ્યાં સુધી ભાવ રહે, ત્યાં સુધી જ શ્રીહરિ ત્યાં ટકે છે. જેટલો ભાવ હોય તેટલો જ રસ-આનંદ રહે છે; એમ શ્રીહરિ માનતા. જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે શ્રીહરિ ભાવ અંગીકાર કરતા હતા. આવી રીતે સમજીને શ્રીહરિ જ્યારે વાસણ સુતારને ઘેર આવતા, ત્યારે એમ જણાતું કે, તેણે પૂર્વ જન્મમાં કોઈ વખતે શ્રીહરિને રાજી કરવા ઘણાં વરસ સુધી તપ કર્યું હશે. તે તપનું પરમ પવિત્ર ફળ દેવા માટે શ્રીહરિ પ્રગટ થયા છે. શ્રીહરિ જ્યારે હરિભક્તને સુખ આપતા હતા, ત્યારે તે હરિભક્તનું પૂર્વનું તપ પ્રગટ દેખાઈ આવતું હતું. શ્રીહરિને મેળવવા માટે તપ ન કર્યું હોય, તો શ્રીહરિનો યોગ થવો કઠણ છે; એમ હૃદયમાં જોતાં દેખાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૨૬)

• ભગવાન શ્રીહરિનું પ્રાસાદિક વાસણ સુથારનું ઘર : હવેલી

ભગવાન શ્રીહરિ વડતાલના બાપુભાઈ વગેરેના આમંત્રણથી સંવત ૧૮૬૫ના પોષ માસમાં વડતાલ પધાર્યા. બીજા દિવસે ભગવાન શ્રીહરિએ૨ વાસણ સુથારના ઘરે પધરામણી કરી. વાસણ સુથારનું ઘર 'વાસણ સુથારની હવેલી' તરીકે વધુ જાણીતું હતું. આ પધરામણી દમિયાન શ્રીહરિ વાસણ સુથારના ઘરમાં બધે ફર્યા.

ભગવાન શ્રીહરિએ ત્યારે કહ્યું, 'બાપુભાઈ! આજે આ સુથારનું ઘર છે. અહીં લાકડાં ઘડવાનું કામ આજે થાય છે; પણ વરસો પહેલાં અહીં માણસો ઘડવાનું કામ થતું હતું. આ જ્ઞાની પુરુષોની કથાકીર્તનની ભૂમિ છે. જેમ તમારા ખેતરનું બદરીવૃક્ષ એ તપોભૂમિ છે તેમ, આ જ્ઞાનભૂમિ છે. ભવિષ્યમાં અહીં અખંડ કથાવાર્તા અને હરિનામ સંકીર્તન થશે.'

એ દિવસે ભગવાન શ્રીહરિએ કૃપા કરી, બ્રાહ્મણોએ બનાવેલી રસોઈ, વાસણ સુથારને ત્યાં જમ્યા. 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખતાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

સારા સુતાર વાસણ નામ, આવ્યા તે કથા સુણવા કામ; દૈવી જીવ મુમુક્ષુ છે તેહ, થયા તરત જ આશ્રિત એહ. ૪૪
કર જોડિને વિનતી કરી, મારે ઘેર પધારો શ્રીહરિ; ત્યારે ભક્તવત્સલ ભગવાન, ગયા તેહ સુતારને સ્થાન. ૪૫
ઘર પાછળ કીધેલી વાડ્ય, હતું દાડમડીનું ત્યાં ઝાડ; તળે તેને પલંગ બિછાવી, પૂજ્યા ત્યાં પ્રભુને પધરાવી. ૪૬
ચર્ચી ચંદન હાર ચડાવ્યા, તોરા પાગમાં સરસ ધરાવ્યા; ધૂપ દીપ ને આરતી કરી, ભાવે ભેટ પ્રભુ પાસે ધરી. ૪૭
પછી પ્રેમથી કીધો પ્રણામ, પૂજ્યા સંતને પણ તેહ ઠામ; મુખે માગ્યું વળી વરદાન, પ્રભુ તવ પદનું રહે ધ્યાન. ૪૮
તથા અસ્તુ કહી મુનિનાથે, મુક્યો હાથ સુતારને માથે; એનો અર્થ એ રીતે સુધારી, ગયા ઉતારે શ્રીગિરિધારી. ૪૯

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

વાસણ સુથારના ઘર માટે ભગવાન શ્રીહરિએ જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે થોડાં વર્ષો બાદ સાચી પડી. જ્યારે વડતાલમાં શિખરબધ્ધ મંદિર થયું તે પછી થોડા સમય બાદ, વાસણ સુથારના ઘરનો ઉપયોગ સાંખ્યયોગી બાઈઓના મંદિર તરીકે થવા લાગ્યો. એ ઉપયોગ હજુ આજે પણ ચાલુ છે.

ભગવાન શ્રીહરિ વડતાલ પધારતા ત્યારે વાસણ સુથારના આ મકાનમાં ઉતારો કરતા. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે કે, 'ભગવાન શ્રીહરિ લાગ લાગટ બાર તેર વર્ષ સુધી વર્ષમાં બે-ત્રણ વખત દસબાર દિવસ સુધી શ્રીહરિ વાસણ સુથારને ઘરે નિવાસ કર્યો છે.' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૨)

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કહે છે :

ગામ વરતાલમાં જ્યારે જ્યારે, આવતા હતા શ્રીહરિ ત્યારે; ભક્ત વાસણ સુતાર ઘેર, પ્રભુ ઊતરતા શુભ પેર.
એક ઓરડિમાં વાસ કરી, દેતા દર્શન સર્વને હરી; થઈ જગ્યા તે પરમ પવિત્ર, એનું માહાત્મ્ય તો છે વિચિત્ર.
પ્રભુને લાગિ જગ્યા તે પ્યારી, વાત એક દિન એવી ઉચ્ચારી; હવેલી એહ જગ્યાયે થાશે, એનું માહાત્મ્ય મોટું મનાશે.

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૯)

શ્રી લક્ષ્મીનારાયણદેવનું મંદિર થતાં બહેનો માટેનું મંદિર બનાવવા વાસણ સુથારે પોતાનું પ્રસાદીનું ઘર અર્પણ કર્યું. શ્રીહરિએ

તો અહીં હવેલી થાશે એમ કહેલું. તે વાતનું સ્મરણ કરી તૃતીય આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ અહીં હવેલી બનાવવાનું નક્કી કર્યું. આ માટે વાસણ સુથારના ઘરની આસપાસનાં ઘર પણ જર આપીને લીધાં.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીના પ્રયત્નો થકી વાસણ સુથાર અને આસપાસનાં ઘરોના સ્થાને પૂર્વાભિમુખવાળી હવેલીનું નિર્માણ થયું. જ્યાં શ્રીહરિ બિરાજતા હતા ત્યાં સિંહાસન મૂકાયું. શ્રીહરિની પાદુકાઓ પણ તેમાં પધરાવવામાં આવી. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં ધર્મત્ની ગાદીવાળાંશ્રી વિરજાદેવી જે ચરણારવિંદની પૂજા કરતાં હતાં તે પણ પધરાવવામાં આવ્યાં. શ્રીહરિની મનોહર ચિત્રપ્રતિમા પ્રતિષ્ઠિત કરાઈ.

આમ, પ્રસાદીના વાસણ સુથારનું ઘર હવેલી બન્યું. એનું માહાત્મ્ય વધ્યું.

●●●

❁ જેસિંગભાઈ પાટીદાર

વડતાલમાં ભગવાન શ્રીહરિએ અનેક ઉત્સવો કર્યા તે અરસામાં ગામના પાટીદાર જેસિંગભાઈને શ્રીહરિનો યોગ થયો. તેઓ પાકા સત્સંગી થઈ ગયા.

જેસિંગભાઈ સાધન-સંપન્ન હતા. બહોળી ખેતીવાડી હતી. વિશાળ ભવન હતું. તેમાં ઘણા ઓરડા હતા, તેમાં સંતોનો ઉતારો કરાવતા.

જેતલપુરમાં શ્રીહરિ સંતોના મંડળ બાંધતા હતા. તે વખતે જેસિંગભાઈ ત્યાં હાજર હતા. અન્ય ગામોના હરિભક્તો જુવાન સંતોને પોતાને ગામ આવવાની માંગણી કરતા. તે જોઈ વડતાલના જેસિંગભાઈ બોલ્યા : "હે મહારાજ ! અમારે ગામ માંદા હોય, ઘરડા હોય તેવા સાધુને મોકલો."

શ્રીહરિ કહે : "ઘરડા, માંદાને શું કરશો ?"

જેસિંગભાઈ કહે : "મહારાજ ! સાજા હોય તે તો પાણી ભરી લાવે, ભિક્ષા માંગી લાવે, તેમાં અમારે શી સેવા થાય ? માટે માંદા હોય તો એમના માટે રસોઈ કરાવીએ, કાંઈ જોઈતું હોય તો લાવીએ, પાણી ભરી આપીએ. આમ, અનેક પ્રકારે એમની સેવાનો અમને લાભ મળે."

આ સાંભળી ભગવાન શ્રીહરિ રાજી થયા.

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખે છે : "જેસિંગભાઈ સંતથી પળમાત્ર દૂર રહેતા નહીં. શ્રીહરિની મૂર્તિમાં ચિત્ત રાખી, શ્વાસોચ્છ્વાસે સ્વામિનારાયણ નામ લેતા. સંતની ચરણરજ મસ્તકે ધારતા અને વારંવાર તેમાં આળોટતા. લોકલાજથી દબાયા વિના આવો નિયમ તેમણે રાખ્યો હતો. તે ટેક જીવ્યા ત્યાં સુધી રાખી. એવા દૃઢ હરિભક્ત હતા."

આ પરથી ખ્યાલ આવે છે કે જેસિંગભાઈ સત્સંગમાં મહિમા, દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિથી જોડાઈ ગયા હતા.

●●●

❁ તખા પગી (બામરોલી)

વડતાલ પાસે બામરોલી ગામ આવેલું છે. જોબનપગીના ભાયાતો આજુબાજુના ગામોમાં વસતા હતા. તેમાં બામરોલીમાં તખો પગી રહેતા હતા. જોબનપગીએ સત્સંગ સ્વીકાર્યો તેની સાથે તખાપગીએ પણ લૂંટફાટ અને વ્યસન વગેરે છોડી મુક્તાનંદ સ્વામી પાસે વર્તમાન સ્વીકાર કંઠી ધારણ કરી સત્સંગના નિયમો સ્વીકાર્યા હતા.

પૂર્વ જન્મના સંસ્કારથી તખાપગીના પત્ની ઉજમબા તથા બે પુત્રીઓ પ્રાણબા અને ફૂલીબા સહિત સમગ્ર પરિવાર સત્સંગના રંગે રંગાઈ ગયો. મા-દીકરીઓ સાંખ્યયોગી બહેનોના પરિચયમાં જેમ જેમ આવતાં ગયાં તેમ તેમ સત્સંગનો મહિમા સમજતાં થયાં અને થોડા જ સમયમાં સત્સંગના રંગે રંગાઈ ગયા.

તખાપગીની આર્થિક સ્થિતિ મધ્યમ હતી. તેઓ સાદું અને સાત્ત્વિક જીવન જીવતા. સત્સંગની સેવામાં જ પોતાની સંપત્તિ વાપરતા. શ્રીહરિ તથા સંતો-ભક્તોને આદરપૂર્વક પોતાને ગામે લઈ જતા. પોતાને ઘરે રાખીને સેવા-સરભરા કરતા. કથાવાર્તા સાંભળીને તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરતા. ખેતી અને ફળફૂલોની આવકમાંથી જીવન-નિર્વાહ કરતા.

એકવખત તેના ખેતરમાં ડાંગરનો પાક ઘણો થયો. ત્રણેય મા-દીકરીઓએ ડાંગરમાંથી ચોખા કાઢ્યા અને તેમાંથી પૌંઆ બનાવ્યા. એ વર્ષમાં ભગવાન શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો મોટો સમૈયો કર્યો. દશેરા સુધીના ઉત્સવો પણ વડતાલમાં કર્યા. તે ઉત્સવના દર્શન કરવા માટે બામરોલીથી તખાપગી અને તેનો પરિવાર વડતાલ આવ્યો હતો.



ઉત્સવ પૂર્ણ થયા પછી તખાપગીએ શ્રીહરિને વિનંતી કરી : "મહારાજ! આપ બામરોલી પધારો અને શરદપૂનમનો ઉત્સવ બામરોલીમાં કરો અને સંતો તથા હરિભક્તો સહિત પધારીને આપ અમારા ગામને પાવન કરો. શરદપૂનમના ઉત્સવ માટે મારા પત્ની અને દીકરીઓએ પૌંઆ પણ તૈયાર કર્યા છે."

તખાપગીની પ્રાર્થના સ્વીકારીને ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો અને હરિભક્તો સહિત બામરોલી પધાર્યા. તખાપગીને ઘરે શરદપૂનમનો ઉત્સવ કર્યો. શરદપૂનમની સ્વચ્છ ચાંદનીના પ્રકાશમાં ઠાકોરજી દૂધપૌંઆ જમ્યા. સર્વને તેની પ્રસાદી પ્રાપ્ત થઈ. કીર્તન-ભક્તિ કરીને સંતો રાસ રમ્યા. શ્રીહરિને હિંડોળામાં ઝુલાવ્યા.

સ્ત્રીભક્તોની ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તખાપગીને પોતાના વસ્ત્રો પૂજવા આપ્યાં.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખતાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

પુંવા જેણે કરેલા તૈયાર, તેનાં પુણ્ય તણો નહિ પાર; ધન્ય ધન્ય તે બાઈઓ ધર્મી, કહેવાય તે તો સત્કર્મી.
તખાની નારી ઉજમ છેય, ફૂલબા પ્રાણબા પુત્રી બેય; પુંવા તેણે તૈયાર કરેલા, સાચવી શુભ પાત્રે ભરેલા.

●

ભગવાન શ્રીહરિ અને કાઠી હરિભક્તોનું વૃંદ આણંદ નગરમાંથી પસાર થયું ત્યારે આણંદના દ્વેષી લોકોએ શ્રીહરિનું અપમાન કર્યું. શ્રીહરિએ સૌને આજ્ઞા કરી હતી કે કોઈએ સામો પ્રતિકાર કરવાનો નથી, સહન કરવાનું છે. ગામલોકોએ કાદવ અને ઢેખાળાં સંઘ ઉપર ઉછાળ્યાં ત્યારે કોઈ કશું બોલ્યા નહીં, કારણ કે શ્રીહરિની મનાઈ હતી.

ત્યાંથી શ્રીહરિ વડતાલ આવ્યા. ત્યારે તખાપગી કહે : "મહારાજ ! આપને આણંદના લોકોએ ઉપાધિ કરી, તેથી અમે તે ગામના લોકોને મારીશું."

આ સાંભળી તરત શ્રીહરિએ મૂઠી દાણા ચોકમાં નાખ્યા. ચકલાં ચણવા આવ્યાં. શ્રીહરિએ તેમને સમાધિ કરાવી. શ્રીહરિ કહે : "જુઓ, તખાપગી ! આ પ્રમાણે પ્રાણીમાત્રનાં નાડી-પ્રાણ અમારા હાથમાં છે. તે ખેંચી લઈએ તો આટલી વાર લાગે. માટે જે થયું છે તે અમારી ઈચ્છા પ્રમાણે જ થયું છે - એમ જાણી કોઈને હરકત કરશો નહીં."

તખાપગી શૂરવીર હતા. છતાં ભગવાન શ્રીહરિ ની આજ્ઞાથી મૌન રહ્યા.

ભગવાન શ્રીહરિ જેટલીવાર વડતાલ પધારતા તેટલી વાર બામરોલી પણ આવતા. એકવખત શ્રીહરિ આવતાં પૂર્વે તખાપગીએ બ્રાહ્મણો બોલાવીને રસોઈ કરાવી હતી. ત્યાંના પવિત્ર બ્રાહ્મણો જેરામ શ્રીહરિના ભક્ત હતા. તેઓ પોતાના સંબંધીઓને લઈને રસોઈ બનાવવા માટે આવ્યા હતા.

બીજે દિવસે શ્રીહરિ બામરોલી જવા નીકળ્યા. માર્ગે ચાલતાં શ્રીહરિ સૌને કહે : "મહારાજો ! માર્ગે ચાલજો, કોઈના ખેતરમાં પગ દેશો મા."

શ્રીહરિની આજ્ઞા હોવા છતાં એક હરિભક્ત ખરસાણીની વાડ સોંસરા ખેતરમાં ગયા. તે ખેતરમાં કોઈક બાઈ હતી તેણે આમને ગાળી દીધી. ત્યારે શ્રીહરિએ કહ્યું : "કોઈના ખેતરમાં પડો, તે કંઈ પાઘડી બંધાવે છે ?"

તે હરિભક્ત કહે : "મહારાજ ! અમારે ગૃહસ્થને કંઈ લાગે નહીં."

એક હરિભક્તે ખેતરમાંથી ચોળાફળીનો થેલો ભર્યો. પછી તે ચોળાફળી લઈને શ્રીહરિને પાસે મૂકવા આવ્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું : ''અમારી પાસે લાવીશ મા. આ ચોરીની વસ્તુ અમારે નથી જોઈતી.'' એમ શ્રીહરિએ નારાજગી બતાવી.

ભગવાન શ્રીહરિના આ વલણથી તખાપગીએ પોતાના હૃદયમાં આ વાતને નોંધી લીધું. ત્યારથી તેઓ પારકી વસ્તુ ધૂળ સમાન માનતા.

બ્રાહ્મણો રસોઈ તૈયાર કરી દીધી હતી. પ્રથમ શ્રીહરિ જમ્યા. પછી સાથે રહેનારા પાર્ષદો અને કાઠી-દરબાર ભક્તોને પંગતમાં બેસાડ્યા ને વારંવાર સંભારીને પીરસ્યું. શ્રીહરિ પંગતમાં પાંચ વાર ફર્યા. જ્યારે સૌ તૃપ્ત થઈ ગયા ત્યારે શ્રીહરિએ પીરસવાનું બંધ કર્યું.

તખાપગીના ખેતરમાં રાયણ હતી ત્યાં સંતો-હરિભક્તોની સભા થઈ. શ્રીહરિ હિંડોળા ઉપર બિરાજમાન થયા. તખાપગી કેસરયુક્ત ચંદનનો કટોરો ભરીને લાવ્યા. બહુ પ્રકારના ફૂલના હાર લાવ્યા. પહેલા શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને લાલડના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો. મોગરાના મોટા મોટા હાર શ્રીહરિને પહેરાવ્યા. ફૂલના બાજુ અને પોંચીઓ ભુજાઓ ઉપર બાંધી દીધાં. ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા, પાઘમાં તોરા ધરાવ્યાં અને હાથમાં ફૂલની છડી આપી. કેસરયુક્ત ચંદન બંને ચરણો ઉપર ખૂબજ ચરચ્યું. પછી તેને હરખભર્યે હૈયે છાતીમાં લીધાં. બાવાજી આદિક તખાપગીના પુત્ર અને તેમના ભાઈઓએ પણ શ્રીહરિની તેવી જ રીતે પૂજા કરી. પછી આરતી કરી. સંતોએ કીર્તન પદોની રમઝટ બોલાવી.

તખાપગીએ પોતાના સગાં-સ્નેહીઓને તેડાવીને શ્રીહરિનો યોગ કરાવ્યો હતો અને સત્સંગી કર્યા હતા. સૌએ નજીકમાં જ્યાં પોતાના ઘર હતા ત્યાં બધે શ્રીહરિને પધરાવ્યા. બાઈ-ભાઈ હરિભક્તોએ શ્રીહરિના દર્શન કર્યાં. તેમના ઘરમાં જે કાંઈ પણ સારી સારી વસ્તુઓ હતી, તે બધી તેઓ શ્રીહરિને અર્પણ કરતા. જાણે પોતાના પ્રાણ પણ અર્પણ કર્યાં !

ભગવાન શ્રીહરિ બામરોલીથી વડતાલ પધાર્યા, ત્યારે માલિકને પૂછ્યા વગર ચોળાફળી લીધી હતી તે હરિભક્ત નજરે ચઢ્યા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''આ હરિભક્ત ક્યા ગામનો છે ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''આ તો ગાના ગામના ધનજી સુથાર છે.''

શ્રીહરિએ કહ્યું : ''એવડાં વખાણ કરો છો, પણ જેનું ચોળાફળી દેખીને ચિત્ત ચળ્યું તે બીજું શું ન કરે ?''

આ સાંભળી તે હરિભક્તે શ્રીહરિના ચરણોમાં માથું મૂકી પોતાની ભૂલ ક્ષમા કરવા પ્રાર્થના કરી. ફરી આવી ભૂલ ન થાય તે માટે પ્રતિજ્ઞા લીધી.

ભગવાન શ્રીહરિએ ધર્મપાલન કરવાની દૃઢતા અંગે ખૂબ વાતો કરી. તેમાં તખાપગી વગેરેને યાદ કર્યા, કારણ કે તેઓ તો ચોરી-લૂંટફાટ જ કરતા, છતાં શ્રીહરિને પ્રસન્ન કરવા બધું મૂકી દીધું. ઝીણા એવા જીવ ન મરે, તેની પણ તેઓ કાળજી લેતા હતા. એટલે જ તેમના પર શ્રીહરિનો રાજીપો રહેતો. તેમની ભાવનાને લઈને શ્રીહરિ ત્યાં વારંવાર પધારતા હતા.

●

એકવખત તખાપગીએ ઉનાળામાં કેરી ટાળે સંતો સહિત શ્રીહરિને પોતાને ગામ પધરાવ્યા. રસ-રોટલીને રસોઈ કરાવીને સર્વને જમાડ્યા તથા રાત્રી રોક્યા. ઉપરાંતમાં સંતો અને હરિભક્તોને કેરીઓ અર્પણ કરી.

વળી, એકવાર શ્રીહરિ અને સંતો-હરિભક્તોને આમંત્રણ આપીને તખાપગીએ પોતાને ઘરે વસંતપંચમીનો ઉત્સવ કરાવેલો. રાયણના વૃક્ષ નીચે શ્રીહરિ અને સંતો રંગે રમ્યા તથા તખાપગીએ સર્વને જમાડ્યા. તખાપગીને ઘરે શ્રીહરિ પધાર્યા ત્યારે તેમના ધર્મપત્ની ઉજમબા અને તેની બંને પુત્રીઓએ શ્રીહરિને સોના-રૂપાના ફૂલો અને મોતીડાંથી વધાવ્યા હતા.

જેની નોંધ લેતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

પછી ઘોડે થયા અસવાર, સંગે સખા હજારોહજાર; પછી ગયા બામણોલી ગામ, દેવા દર્શન સુંદર શ્યામ...૨૮
દેઈ દર્શન ને દુઃખ કાપ્યાં, અતિ અલૌકિક સુખ આપ્યાં; જન કહે ભલે હરિ આવ્યા, સોના રૂપાને ફૂલે વધાવ્યા...૨૯
પછી મુનિ પૂજ્યા મન ભાવ્યા, ભરી થાળ મોતીડે વધાવ્યા; તિયાં રાણ્ય સુંદર રૂપાળી, બેઠા હિંડોળે ત્યાં વનમાળી...૩૦

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૬૯)

●

શ્રીજી મહારાજ એક સમે વડતાલની આસપાસનાં ગામોમાં હરિભક્તોની લાગણી અને માગણી સ્વીકારી આમ્ર રસોત્સવ કરવા આવેલા તખા પગીના આમંત્રણથી બામરોલી પણ ગયા હતા. શ્રીહરિ અને સંતો-ભક્તો માટે આઠ ગાડાં ભરી કેરીઓ તખા પગી લાવ્યા હતા. રસ-રોટલી જમાડ્યા બાદ પણ ખૂબ કેરીઓ વધી. તખા પગીએ શ્રીહરિને આ કેરીઓ સૌને પ્રસાદ રુપે આપવા પ્રાર્થના

કરી ને શ્રીહરિએ હાજર સૌને સાત-સાત કેરીઓ આપી.

તખાભક્તનો નેહ નિહાળી, બામરોલી ગયા વનમાળી; બાંધ્યો રાયણે હિંડોળો સારો, ઝૂલ્યા તે વિષે ધર્મદુલારો...૪૩
રસપોળી જમ્યા રુડી રીતે, પછી પોઢ્યા થોડી વાર પ્રીતે; પ્રભુ પોઢી ઊઠ્યા જ્યારે, તખાભક્તે કહ્યું વળી ત્યારે...૪૪
ગાડાં આઠ આણી હતી કેરી, વધી છે હજી તેમાં ઘણેરી; વેચી આપો સમાજને સ્વામી, મારી ઈચ્છા પુરો બહુનામી...૪૫
પછી શ્રીહરિએ સાક્ષાત, આપી સૌને કેરી સાત; વાલો ત્યાંથી આવ્યા વરતાલ, પુરુષોત્તમ જનપ્રતિપાળ...૪૬

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૬૫)

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે, 'શ્રીહરિ જેટલીવાર વડતાલ પધારતા તેટલીવાર બામરોલી પણ આવતા અને તખા પગીના જેટલા સગાઓ હતા, તે બધા પણ સત્સંગી કહેવાતા હતા. જેટલી જગ્યામાં તેમનાં ઘર હતાં, ત્યાં બધે શ્રીહરિ તે વખતે ફર્યા. ત્યારે જે બાઈ ભાઈ હરિભક્ત હતા, તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં અને માનો પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા. તેમના ઘરમાં જે કાંઈ પણ સારી સારી વસ્તુઓ હતી, તે બધી તેઓ શ્રીહરિને અર્પણ કરતા. તેમને શ્રીહરિ ઉપર ઘણો જ ભાવ હતો. અને એ ભાવનાને લઈને જ શ્રીહરિ ત્યાં વારંવાર આવતા હતા.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૭)

તખા પગીએ પ્રથમ મુક્તાનંદ મુનિનું શરણ લીધું હતું. એમ રામચન્દ્ર ઠાકુરે 'હરિકૃષ્ણાયન'માં નોંધ્યું છે.' પછી એવા સત્સંગી બન્યા કે મેરુ ચળે પણ એ ન ચળે. તખા પગીને બહુ બોલતાં ન આવડતું. એમની ભક્તિ અબોલ હતી; પણ અંદર ને અંદર સમૃધ્ધ થતી હતી. પોતાનાં ઘરબાર, ખેતરો, સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરી દીધાં હતાં.' એક વખત શ્રીહરિએ પૂછ્યું હતું, 'ભગત ! તમે તો તમારાં ઘર, ખેતર અને ધન અમને અર્પણ કર્યાં છે. હવે ખાશો શું ?' તખા પગીએ હાથ જોડી કહ્યું, 'હજાર હાથવાળો મારો બાપ બેઠો છે. મને શાની ચિંતા ? એ તો એને હોય.' તે દિવસે આ અભણ ભક્તની અચળ શ્રદ્ધાને સંતો ચકિત બની નીરખી રહેલ.

●

તખાપગીની બે દીકરીઓ પ્રાણબા અને ફૂલીબા પુખ્ત વયની થઈ ત્યારે યોગ્ય મુરતિયાઓ સાથે બંનેને પરણાવી. બંને બહેનો પોતપોતાને સાસરે ગઈ. ત્યાં બંનેએ પોતપોતાના પતિઓને ભગવાન શ્રીહરિનો અપરંપાર મહિમા કહ્યો. મનુષ્યદેહની દુર્લભતા અને સત્સંગની મહત્તા વિષયક અદ્‌ભુત વાતો કરી, મોક્ષ સાધી લેવા કહ્યું. તેમની વાતોની ઘેરી અસર થઈ.

વળી, બંને બહેનોએ અગાઉથી નક્કી કરેલું તે મુજબ બંનેએ પોતાના પતિઓને 'ભાઈ' કહ્યા. તેથી તે બંનેએ આ બહેનોને ભગવાન ભજવા પાછી મોકલી દીધી, એટલું જ નહીં, બંનેને વાતની એવી તો ચોટ લાગી કે તે બંને પુરુષોએ સંસાર ત્યજી દીધો ! અને આજીવન ભગવાન શ્રીહરિ પાસે આવીને અંગરક્ષક પાર્ષદ તરીકે સેવામાં રહી ગયા.

ગઢપુરમાં સાંખ્યયોગી બાઈઓનો અવારનવાર સમાગમ કરીને આ બંને બહેનો પણ પોતાને ગામ બામરોલીમાં સાંખ્યયોગી થઈને રહ્યાં.

આજીવન તપશ્ચર્યા-પરાયણ આ બહેનોને રહેવા માટે નાની ઓરડી હતી, તે ઓરડીમાં અનાજ ભરવા માટેની નાની કોઠી હતી. અગનોતરા દુષ્કાળ પૂર્વે ભગવાન શ્રીહરિએ આ બંને બહેનોને કહ્યું હતું : "આવતું વર્ષ કઠિન છે, અનાજ મળશે નહીં. માટે તમે આ કોઠીમાં અનાજ ભરીને કોઠીને સાણેથી દાણા કાઢજો. કોઠીનું ઉપરનું ઢાંકણું બંધ રાખજો એટલે દુષ્કાળમાં પણ તમારે અનાજનો વાંધો આવશે નહીં."

ભગવાન શ્રીહરિની આજ્ઞાપરાયણ બંને બહેનોએ એ રીતે રહીને દુષ્કાળ પાર કરેલો.

નોંધ : અનાજ ભરવાની એ કોઠી અત્યારે પણ વિદ્યમાન છે તેમજ રાયણનું વૃક્ષ પણ સુકાયેલું દર્શનાર્થે રાખ્યું છે.

●●●

❁ સુંદર પગી : પ્રથમ નજરે શ્રીહરિમાં ભગવાન ભાખ્યા

જોબન પગી અને તેમના ત્રણ ભાઈઓ સુંદર પગી, શકરો પગી અને દલો પગીમાં ભારે સંપ. એમનાં સગાં-વહાલાંની પણ સંખ્યા ઘણી મોટી. આથી, આ પરિવારનું કોઈ નામ ન લે. આ પરિવારનો કોઈ સભ્ય કોઈથી ડરે નહિ.

સહજાનંદ સ્વામી વડતાલના બાપુભાઈ પટેલના નિમંત્રણ થકી જ્યારે બોચાસણથી વડતાલ પધાર્યા ત્યારે જોબન પગીએ સહજાનંદ

સ્વામીની ઘોડી ચોરવાનું નક્કી કર્યું. આ વાત તેણે પ્રથમ પોતાના ભાઈ સુંદર પગીને જણાવી. ત્યારે, સુંદર પગીએ કદાચ પ્રથમ વખત સ્પષ્ટ શબ્દમાં જોબન પગીને સહજાનંદ સ્વામીની ઘોડી ચોરવામાં રસ નથી એમ જણાવ્યું.

સુંદરજી પગીએ જોબન પગીને પોતાની અનિચ્છા અંગે કારણ પણ આપ્યું. એણે જણાવ્યું કે, તેણે સહજાનંદ સ્વામીનાં દર્શન કર્યા છે. સહજાનંદ સ્વામી ચમત્કારી છે. એમનું તેજ ભારે છે. એમને જોતાં જ તેઓ ભગવાન લાગે છે.

મારું વચન તમે મન ધરો, કામ એટલું તો આજ કરો; સુણી બોલ્યા પગી સુંદરજી, એવું કરવા નથી મારી મરજી...૫૭
એનાં દર્શન કીધાં છે મેંય, મહામૂર્તિ ચમત્કારી છેય; તેનું પોતાનું તેજ પ્રકાશે, ભાળતાં જ તે ભગવાન ભાસે...૫૮
મોટાપુરુષની છેડ ન કરિયે, એવાથી તો અંતર માંહિ ડરિયે; એમ કહિને સુંદરજી ગયો, પગી જોબન શાંત ન થયો...૫૯

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧/૫/૭-૮-૯)

આમ, સુંદરજી પગી જરુર જોબન પગીનો ભાઈ અને સાગરીત હતો પણ ભગવાન શ્રીહરિના પ્રથમ દર્શને તેને શ્રીહરિ ભગવાન લાગેલા. એણે એમ પણ કહ્યું કે, મોટાપુરુષની છેડ ન કરિયે, મોટા પુરુષને સતાવીએ નહીં! એ ભક્ત હૃદયી પણ હતો. એણે જોબન પગીને કહ્યું, મોટા પુરુષથી અંતરથી ડરવું જોઈએ

શ્રીજી મહારાજે ધરમપુર પ્રવાસમાં સુંદર પગીને પોતાની સાથે લીધા હતા. વડતાલમાં પ્રથમ વખત ફૂલદોલનો ઉત્સવ એક રંગ સાતમે ઉજવેલ ત્યારે. શ્રીહરિ સંતો-ભક્તો સાથે સુંદરજી પગીના કૂવે સ્નાન કરવા ગયેલા. થાળામાં બેસી શ્રીહરિએ સ્નાન કરેલ. એ સમયે સંતોએ કીર્તન ગાયેલાં. શ્રીહરિએ સ્નાન કરેલ થાળામાંના પાણીને હરિભક્તોએ પ્રસાદી તરીકે કૂવામાં નાખેલું.

પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય; રંગે ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે...૪૮
પગી સુંદરનો કુવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય; નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ...૪૯
કૃપાનાથે કોરાં વસ્ત્ર ધાર્યારૂં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં; હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી...૫૦

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૪૦)

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ ગાયું છે : **જોબન જુસો વન્ન ખોડો સુંદર, પૂજ્યા પ્રભુ પ્રીતે માગ્યો વર.**
સુંદર પગીએ અન્ય પગી ભાઈઓ સાથે ભગવાન શ્રીહરિને પૂજ્યા હતા.
સદ્‌ગુરુ માધવદાસજી સ્વામીએ ગાયું છે : **સુંદર પગી જોબન પગી કાવે, ઘેર પધકાવ્યા પ્રભુને ભાવે.**

●●●

❁ જગમાલ પગી :

જોબન પગીની બે પુત્રો - જગમાલ અને અમરસંગ. ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂરૂપે વનવિચરણ કરતા જ્યારે હિમાલય પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ ગામે શ્રીહરિ ત્યાંના શિવ મંદિરે ગયા. શિવ મંદિરમાં વર્ણીને રાતવાસો કરવા મંદિરવાળાઓએ ના પાડી. તો પણ વર્ણી તે મંદિરમાં જ રોકાયા. આથી મંદિરનો પૂજારી ખીજાયો. તેણે વર્ણીનું આસન મંદિર બહર ફેંકી દીધું. આથી નારાજ થયેલ વર્ણી મંદિરની બહાર જઈ બેઠા. ત્યારબાદ પૂજારીએ મંદિર બંધ કરી દીધું ને સૂઈ ગયો.

શિવ મંદિરના ઓટલે બેસી નીલકંઠ વર્ણીએ કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજને યાદ કર્યા. સદા સેવામાં હાજર શ્રી હનુમાનજી મહારાજ વર્ણીની વ્યથા જાણી પૂજારી પાસે ગયા અને એને ધોકેને ધોકે મારવા લાગ્યા. માર મારતા શ્રી હનુમાનજી મહારાજને પૂજારી કરગર્યો ને બોલ્યો, 'આપ કોણ છો ને મને કેમ માર મારો છો?' શ્રી હનુમાનજી મહારાજ બોલ્યા, 'હું રામભક્ત હનુમાન છું અને આ બહાર બેઠા તે અમારા ઈષ્ટદેવ રામચન્દ્ર ભગવાન છે. તે મંદિરમાં ઉતારો ન આપ્યો અને તેમનું અપમાન પણ કર્યું. સુખી થવું હોય તો બહાર જા, તેમની માફી માગ અને તેમનું સન્માન કર.' પૂજારીએ તેમ કરવા જણાવ્યું. તે પહેલાં હનુમાનજી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

પૂજારીએ દરવાજો ખોલ્યો. અને વર્ણીનાં દિવ્ય દર્શન થયાં. એને ખૂબ આશ્ચર્ય થયું. એણે વર્ણીને પ્રણામ કરી પ્રાર્થના કરી, 'હે રામચન્દ્ર પ્રભુ! મારો અપરાધ માફ કરો. મેં આપને ઓળખ્યા ન હતાં. તેથી મંદિરમાં ઉતારો આપ્યો નહિ. ઉપરાંત, આપનું આસન પણ ફગાવીને બહાર ફેંકી દીધું. આપની ઓળખાણ શ્રી હનુમાનજીએ મન ધોકા મારી કરાવી છે. હું આપની માફી માંગુ છું. માપો અપરાધ માફ કરો. હવે આપ મંદિરમાં પધારો. મારું અન્ન જમો અને મારું કલ્યાણ કરો.'

નીલકંઠ વર્ણી મંદિરમાં પધાર્યા. મંદિરના દરવાજા આપો આપ બંધ થઈ ગયા. પૂજારીને ફરી આશ્ચર્ય થયું. તેણે વર્ણીની બહુ સેવા,

પૂજા કરી. તેની ભાવના જોઈ નીલકંઠ વર્ણી પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે, આવતા જન્મે તે ગુજરાતમાં વડતાલ ગામે જોબન પ ગીના ઘરે જન્મ ધારણ કરશે.અને ત્યારે તેને પ્રગટ પુરુષોત્તમની સેવાનો લાભ મળશે. તેનું કલ્યાણ થશે અને અક્ષરધામને પામશે.

હિમાલયના શિવ મંદિરના આ પૂજારી બીજા જન્મે વડતાલમાં જોબન પગીના પુત્ર તરીકે જન્મ લીધો. એ પૂજારી તે જ જગમાલ જોબન પગી. આ જગમાલ પગીએ શ્રીહરિ, સંતો તથા મંદિરની ખૂબ સેવા કરીને એક સાચા હરિભક્ત બની રહ્યા.

●●●

❁ રૂડિયો રુખડું :

સં.૧૮૮૦-૮૧ના વર્ષમાં વડતાલમાં મંદિર બંધાતું હતું. આ મંદિરનો તમામ કારભાર શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યો હતો. સ્વામી તે કારભાર સંભાળતા, તે સમયે કોઈ વાર આર્થિક જરૂરિયાત ઊભી થાય તો સ્વામી જોબન પગીને સાથે લઈ આજુ બાજુના પ્રાંતના ગામડાઓમાં ફાળો કરવા જતા અને લોકો ઉદારભાવે ખૂબ જ ધન, ધાન્ય આદિ આપતા હતા. કેમ કે, સ્વામી ચરોતર પ્રાંતમાં અનેક લોકોના શાંતિના કેન્દ્રસમું ભગવાનનું ધામ બંધાવતા હતા અને આ પ્રાંતની પ્રજામાં ભગવાન અને ભગવાનના સંતો પ્રત્યે શુદ્ધ ભાવ હતો અને ભગવાનને અર્થે વાપરવું તેમાં તેઓ ગૌરવ માનતા. એવા એ સંસ્કારી હતા.

આ મુજબ એકવાર બ્રહ્માનંદ સ્વામી, બે સંતો, પાર્ષદ વજાભગત તથા જોબન પગીને સાથે લઈને આજુબાજુના ગામડામાં ટેલ નાખવા માટે ગયા. લોકોને કહ્યું, 'સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી હું અહીં વડતાલમાં કલ્યાણના સદાવ્રતસમું મંદિર બાંધું છું. તમારાથી જેટલી થઈ શકે એટલી સેવા કરો. આ ધર્મનું કામ છે. આમાં તમે થોડું આપશો તોપણ ભગવાન તમને અનંતગણું પ ાછું આપશે.' સ્વામીના એક અવાજે લોકોએ ખૂબ યોગદાન આપ્યું.

પછી સ્વામી સંતો તથા જોબન પગીની સાથે પાછા વડતાલ તરફ વળ્યા. રસ્તામાં ઘણાં સ્થળે ઊંચી ટેકરીઓ જોવામાં આવી. ઘાટી ઝાડી અને નદીની કોતરો વગેરે સ્થળે ઝાડના થડિયે મોટા પથરા કે પાળિયા હોય; તેના ઉપર સિંદૂરના મોટા ત્રિશૂળો કરી ધજાઓ રોપેલી તથા આજુબાજુ નાળિયેરના કાચલા વગેરે જોવામાં આવ્યા. તેથી બ્રહ્માનંદ સ્વામીએ જોબન પગીને પૂછ્યું, 'આ પ્રદેશમાં ઘણાં સ્થળે ત્રિશૂળ, ધજા વગેરે જોવામાં આવે છે. તે શું અહીં આટલા બધા દેવોનાં સ્થાનક છે ? કે અઘોરી બાવાનાં સ્થાનક છે ? આવી ભયંકર જગ્યામાં આટલાં બધાં દેવ સ્થાનો કોણે કર્યા ?' આમ સ્વામીએ આશ્ચર્ય સાથે પૂછ્યું ત્યારે જોબનપગી હાથ જોડી હસતા હસતા કહે, 'સ્વામી ! આ કોઈ દેવના કે પાળિયાના સ્થાનકો નથી. આ તો ચાડીકાની જગ્યાઓ છે.'

સ્વામી કહે, 'જોબનભાઈ ! ચાડીકાની જગ્યામાં હું કાંઈ સમજ્યો નહીં.' ત્યારે તે કહે, 'સ્વામી ! ચાડીકાની જગ્યા એટલે અમારા જેવા ચોર-લૂંટારાનાં બેસણાનાં સ્થાનકો. ચરોતરમાં આવી ૬૪ જોગણીના નામે ૬૪ જગ્યાઓ છે. તેને અમે ચાડીકાની જગ્યાઓ કહીએ છીએ. જ્યાં જ્યાં આવી જગ્યાઓ હોય તેથી થોડે દૂર અમારા જંગલી ભીલોના રહેઠાણ હોય. અમે જ્યારે આ ચાડીકાની જગ્યા ઉપર જઈ લાળી કરીએ કહેતાં શિયાળિયાના જેવા અવાજમાં સાંકેતિક શબ્દ કરીએ એટલે તમામ ભીલો સમજે કે અમને જોબનબાપા બોલાવે છે. તેથી સહુ આવીને ભેગા થાય.'

સ્વામી કહે, 'તમામ ભીલોને ભેગા કરી તમે શું કરો ?' ત્યારે જોબન પગી નિખાલસપણે કહે, 'સ્વામી ! અમારે કઈ તરફ લૂંટ કરવા જાવાનું ? કોને કોને જાવાનું ? કોણ કોણ તેની સાથે જશે ? આ બધા જ નિર્ણયો પછી મારી હાજરીમાં નક્કી થાય. આમ દેવીને આગળ રાખી અમે આવાં નબળાં કાર્યોના નિર્ણયો અહીં લેતા હતા. વળી, ભીલો લૂંટફાટ કરીને માલ લાવે તે અમે અમુક જગ્યાએ દાટેલો હોય, આ માલની જ્યારે સહુને મહેનત પ્રમાણે વહેંચણી કરવાની હોય ત્યારે અમે ઝાડ ઉપર ચઢી લૂગડું ફરકાવીએ. તેથી તમામ આગેવાન ભીલો ભેગા થાય. પછી ડાયરામાં ભેગા મળી અફીણ, દારૂ પીએ. શિકારમાં આવેલું માંસ રાંધીને ખાઈએ. આવા અમારા ૬૪ બેસણાં હતાં. માટે આ કોઈ દેવ, દેવી કે પીરનાં સ્થાનક નથી. પરંતુ બીજા માણસો સિંદૂરના ત્રિશૂલ, ધજા જોઈ, દેવસ્થાન માની દૂર રહે.

વળી, હું દર વર્ષે આ સ્થાનકોમાં પાંચ શેર સિંદૂર ને એક તાકો ધજા ચડાવતો હતો. મારું આ કામ મારો વિશ્વાસુ સાથીદાર રૂડિયો રખડું કરતો હતો. મારી લૂંટ ચરોતરથી વડોદરા, પુનાથી પંઢરપુર, સુરતથી ઉત્તર ગુજરાતમાં ગોધરા, લુણાવાડમાં બનાસકાંઠા, કાઠિયાવાડમાં દ્વારિકા સુધી અને સાબરકાંઠો, મહીકાંઠો વગેરે તમામ દેશોમાં ચાલતી. ત્યાં મારા અનેક મદદગાર સાથીદારો રહેતા હતા.

મારા કુલ બાવન શૂરવીર સાગરીતો હતા. આ બાવન વીર સમાન બળિયા હતા. તે બધાની પોતપોતાની એક એક લૂટારું ભીલોની ટૂકડી હતી. આ ટોળીને સાથે લઈ તેઓ લૂંટ કરવા જતા અને એનો અમુક હિસ્સો મને પહોંચાડતા હતા. કેમ જે, આ બધા મારા નામે લૂંટ કરતા હતા. આ તમામ વીરોને રૂપાના પતરાથી મઢેલું એક ત્રિશૂલ મેં આપેલું હતું. આ ત્રિશૂળના ત્રણેય પાંખડામાં 'જોબન ભાયા વડતાલો' એવું નામ લખેલું હતું. વળી, અમે અમુક સારાં કામ પણ કરતા હતા. કોઈ આવીને મને કહે, 'જોબનબાપા દીકરો પરણાવવો છે. પરંતુ જાન લૂંટાવાનો ભય છે. માટે મદદ કરો તો સારું.' ત્યારે આ મારા નામનું ત્રિશૂળ હાથમાં લઈને મારા માણસ જાનમાં આગળ ચાલે તો પછી તેને કોઈ લૂંટતા નહીં. વળી, આ ત્રિશૂળ રાખી કોઈ શેઠ-શાહુકારને ઘેર ચોકીદાર તરીકે રહે તો તેને પણ કોઈ ચોર, ડાકુ લૂંટતા નહીં અને મારા નામનું ત્રિશૂળ હોય છતાં જો કોઈ ત્યાં લૂંટ કરે તો એ માણસોને પછી થોડા દિવસમાં હું મારી નંખાવતો. આવી મારી હાંક વાગતી હતી. મારું નામ સાંભળે એટલે કોઈ ચોરી કરતા નહીં.

વડોદરા મહિકાંઠાના ગામોમાં અનઘટ અને કાનવાડી વિસ્તારમાં મારા સો બસો ભીલો રહેતા. તેમાં ૧૨ મોટા સરદારો હતા. તે સહુનો અગ્રેસર કાનો કારસ્તાની હતો. ઓખા મંડળ તથા દ્વારિકા વિસ્તારમાં વસઈ ગામે ભોજો ભરાડી હતો. તે બહુ અક્કલવાળો અને ચોરી કરવામાં પાવરધો હતો તથા અતિ બાહોશ અને મારો વિશ્વાસુ હતો. તેની ચોરી કરવાની રીત સહુથી જુદી હતી. કાઠિયાવાડનો તે મારો મોટો બાતમીદાર હતો. ઓખા મંડળ અને અમરેલી, એ બે વિસ્તારની ગાયકવાડ સરકારની તિજોરી લૂંટી તેમાં તેનો જબરો સાથ હતો. પ્રભાસ પાટણમાં સોમો સોરઠિયો, ઝાલાવાડ પ્રાંતમાં લીંમડી નજીક પાણીશીણા ગામે કાળો કામળિયો, ગોહિલવાડમાં ગેમો ગારડી, લુણાવાડ વિસ્તારમાં ઉકો ઉઠાણો, સાંબર કાંઠા વિસ્તારમાં વડગામમાં લાખો વડગામો.

આવા મારા વફાદાર વિશ્વાસુ કુલ બાવન બાતમીદારો હતા. તે બધા સુબા સમાન હતા. લૂંટારાની ટોળીઓના તે રાજા હતા. કોઈ ચોથો, કોઈ પાંચમો, કોઈ આઠમો તો કોઈ દસમો ભાગ આ સહુ મને આપતા હતા. મોટો ખજાનો કે રાજાની તિજોરી તોડે તેનો તમામ ધનમાલ પ્રથમ મને આપતા. હું તેને સાચવતો. તેની મુદ્દત પાકે એટલે કે રાજ તરફથી થતી ચોરીની તપાસ મોળી પડે પછી હું આ ચાડીકાના સ્થાનકે જઈ રૂડિયા રખડું પાસે સાંકેતિક શબ્દ કરાવું તેથી સહુ ભેગા થતા. પછી મહેનત પ્રમાણે સહુને ઘણું વળતર આપતો હતો. બીજો માલ વડતાલ ઊંટિયા ઉપર નાખી મારા ઘેર પહોંચાડતો. સ્વામી ! હવે તો હું ભગત થયો પરંતુ પહેલા આ મારા કરેલા પરાક્રમની ઓળખાણ તમને કહી.

• રૂડિયા રખડુંનું જીવન તથા પરાક્રમ :

સ્વામી ! રૂડિયા રખડુંની તમને વાત કરું. તે વડતાલમાં હંમેશા મારી પાસે રહેતો. મારો વફાદાર અને વિશ્વાસું હતું. તે જંગલી અને ભીલ જેવો એકલો બ્રહ્મચારીની જેમ રહેતો. તેનું અતિ કાળુ શરીર હતું. ફક્ત રૂડિયો માણસની જેમ બોલી શકતો એટલો જ પશુ અને રૂડિયામાં ફરક હતો.'

વળી, આગળ વાત કરતા જોબન પગી કહે, 'હે સ્વામી ! તે હનુમાનજીનો મહા ભક્ત હતો. રૂડિયાનું પહાડી શરીર હતું. તે કેડે કસોટો વાળતો, હંમેશાં ઉઘાડે માથે, ઉઘાડે પગે અને ઉઘાડા શરીરે જ રહેતો. ખંભામાં તીર-કામઠું ત્રણેય ઋતુમાં રાખતો અને રાત દિ' જંગલમાં રખડ્યા કરતો. તેથી તેનું નામ મેં રૂડિયો રખડું રાખેલું. ગામમાં મારે ઘેર જમવા કે સમાચાર દેવા આવે ત્યારે કમર ઉપર કસોટો વાળે, ટૂંકી બંડી પહેરે અને માથે દોરડા જેવી પાઘ બાંધે. ગામ બહાર જાય એટલે તરત પાઘડી તથા બંડીને ગમે ત્યાં સંતાડી દે. ચરોતરના ઝાડે ઝાડ, નદી-નાળા, ઊંડા કોતરો, ગુપ્ત ભોંયરાઓ અને પાણે પાણાનો તે ભોમિયો હતો. ક્યાં કયો પાણો કેવી રીતે પડ્યો છે ? તેની તેને ખબર હોય.

વળી, પગ પારખવામાં ભારે ચાલાક હતો. આ કાર્યમાં રૂડિયો રખડું ભારે હોશિયાર હતો. તેનું કાઢેલું પગેરું ખોટું પડતું નહીં. રાત દિવસ જંગલમાં રખડે. અંધારામાં ગમે ત્યાં દોડ્યો જાય છતાં તેને કાંટા કે પાણા વાગતા નહીં. બપોરે તથા રાત્રે આમ બે વખત મારે ઘેર ખાવા માટે આવતો. જ્યારે આવે ત્યારે શિકાર કરી અમારા બધા માટે માંસનો હમાચો ભરીને લાવતો. (હમાચો એટલે હરણિયાને મારી તેનું ચામડું સૂકવી તેમાંથી બનાવેલો મજબૂત કોથળો-થેલો.) આ માંસ રંધાતું અને ડાયરામાં અમે સહુ ભેળા મળીને ખાતા. આવાં કામ રૂડિયો કરતો.'

સ્વામી કહે, 'જોબન પગી શું બોલો છો ?' તે કહે, 'સાવ સાચી વાત તમને કહું છું. વળી, મારા બાવન બાતમીદારો તેને જંગલમાં મળે એટલે તેના જે સમાચાર હોય તે રૂડિયો મને આપતો. અને હું જે હકીકત કહું તે રૂડિયો મારા બાતમીદારોને પહોંચાડતો. તે એકલવ્ય જેવો શબ્દવેધી હતો. રાત્રે અંધારામાં અવાજની દિશા તરફ નિશાન તાકી તીર છોડે એટલે તેનો ઘા ક્યારેય નિષ્ફળ જતો નહીં. ભારે નિશાનબાજ હતો. જિંદગીભર તેણે પગમાં પગરખું પહેર્યું ન હતું. તેના પગના તળિયાં ઘોના ચામડાં જેવાં જાડાં હતાં.

પગ પડે તો કાંટો ભાંગી જાય પણ તેને કાંઈ ન થાય, એવા મજબૂત હતા. રાત્રે સૂવે ત્યારે હરણનિદ્રા કરતો. સહેજ ખખડાટ થાય તો તરત ઝબકીને જાગી જાય. વળી, દોડતા કાંઈક વાગે તો જંગલી ઝાડની દવા પોતાની મેળે કરી લેતો. વનઔષધિઓની દવાઓનો તે જાણકાર હતો. તેથી અન્ય દવા ક્યારેય કરતો નહીં. જબરો વ્યસની હતો તેથી તેની આંખો હંમેશાં લાલઘૂમ રહેતી. અખંડ દારૂ અને ગાંજાના નશામાં ઘૂમ્યા કરતો. તેણે હજારો પશુ-પંખી અને માણસોને માર્યા હશે એવો તે પાપનો સરદાર હતો.

આ રૂડિયો મારા નામથી સર્વત્ર લૂંટ કરતો. પછી તો મારી સર્વત્ર હાંક વાગવા લાગી. મને જીવતો પકડવા ગાયકવાડ સરકારે અડધા લાખનું ઈનામ જાહેર કર્યું. માથું લાવી આપે તો પચ્ચીસ હજારનું ઈનામ આપવાનું કહ્યું. અમુક પલટણોના પોલીસ, અમલદાર મને પકડવા ઘણો સમય પાછળ ફર્યા. પણ વડતાલના ઝાપામાં આવી શકતા નહીં. તે વડતાલની સીમમાં પ્રવેશ કરે કે તરત રૂડિયો જંગલમાં ઘાટી ઝાડી માથે સંતાઈને બેઠો હોય ત્યાંથી તેના ઉપર ઓચિંતા નિશાન તાકી તીર મારે. પહેલા તીરે અધિકારીઓનો નાશ કરે.

આમ રૂડિયાએ તથા મારી લુટારું ટોળિયોએ અનેક અધિકારીઓનો નાશ કર્યો હતો. ઘણાને ઓચિંતા તે છાવણીમાં છાપો મારીને તે અધિકારીઓને મારી નાખેલા અથવા તો રાત્રે તે સહુ નશો કરીને સૂતા હોય ત્યાં તેની આખી છાવણીને સળગાવી દેતા. આ રીતે સેંકડો જમાદારો, પચાસ ફોજદારો, અનેક સૂબેદારો તથા એક સુપ્રીટેન્ડેન્ટ ધાડગેનો રૂડિયે તથા મારી લુટારું ટોળીએ નાશ કર્યો હતો. તેથી કોઈ માયનો બેટો ઈનામ મેળવવા ફોજમાંથી પછી તૈયાર થયો ન હતો. આમ હે સ્વામી..!!

પછી સરકારે એકવાર મને ગોતવા માટે જાહેરનામું બહાર પાડ્યું કે 'જોબન પગી પાઘ ઉતારી મારે પગે પડે તો તેના તમામ ગુના હું માફ કરીને મારી પલટનના ઉપરી અધિકારી બનાવીશ.' મને આ સમાચાર મળ્યા. પછી મેં વિચાર કર્યો કે મોટો રાજા કદાચ મને લલચાવી માફી ન આપે અને જેલમાં નાંખે તો મારો મનખો હરામ થઈ જાય. તેથી તો મરવું સારું.' એમ જાણી હું તેની લાલચમાં ન ફસાણો.

પછી તપાસ કરાવતા જાણવા મળ્યું કે દગો નથી. છતાં મને ભરોસો ન આવ્યો. તેથી હું કોઈ દિવસ મોટા અમલદારને મળતો નહીં. કોઈ મને મળવા આવે તો તેનું રૂડિયા વગેરે દ્વારા મોત કરાવતો. તેથી સર્વત્ર મારા નામની હાંક વાગતી. ચરોતરમાં રહેલા ભીલોને કોઈ વસ્તુ, પદાર્થ વગેરે જોઈતું હોય તો તે બધા મળી જંગલમાં રૂડિયા મારફત મને સમાચાર આપતા. પછી અમે ચાડીકાઓનાં સ્થાને ભેળા થતા અને લૂંટ કરવા જતા.

એમ કહી જોબન પગીએ ધોળા દિવસે પેટલાદ લૂંટ્યું હતું તેની સ્વામીને વિસ્તારથી વાત કહી. જ્યારે પેટલાદ ભાંગવા ગયા ત્યારે કસિયાભાઈના મુખ્ય અમલદારને રૂડિયા રખડુંએ પહેલા જ તીરે ઠાર કર્યો હતો અને અમે પેટલાદ ભાંગીને આવ્યા પછી મેં કસિયાભાઈને જાહો મોકલ્યો. તેની બીકના માર્યા તે વડોદરા ફરિયાદ કરવા પણ ગયા ન હતા. આવાં તો અમે અનેકવાર મહાપાપો કર્યા છે.

જોબન પગી કહે, 'સ્વામી ! આવા મારી જિંદગીમાં અનેક બનાવો બન્યા છે, તેનો કહેતા પાર ન આવે. પરંતુ બે-ત્રણ મોટા બનાવોની વાત કહું.' એમ કહી અમરેલીની તથા ઓખા મંડળની ગાયકવાડ સરકારની તિજોરી વડોદરા જતી હતી. તેની રૂડિયા દ્વારા બાતમી મળતા રાત્રે લૂંટ કરી અનેકની કતલ કરી; તે વાત કહી. પછી કહ્યું, 'અરે સ્વામી ! પ્રભાસ પાટણ, સોમનાથ મહાદેવનું સવામણ સોનાનું ઈંડું અમે ચોર્યું હતું પણ એ બધી વાત અત્યારે નથી કરવી. મારે અત્યારે તો રૂડિયાની વાત કરવી છે. સ્વામી ! રૂડિયો જીવતા સર્પ પકડતો. તેનું વેંત મોઢું તથા વેંત પૂછડું કાપી નાખતો. પછી તેને બાફીને લોકો સીંગ ખાય તેમ તે સર્પને ખાઈ જતો.

વળી તે હનુમાનજી સિવાય અન્ય કોઈ દેવ, દેવી, પીર, પેગમ્બરને ક્યારેય માનતો નહીં. પડે, આખડે, ઘા વાગે, લોહી નીકળે તેની તેને પીડા થાતી નહીં. નીકળતા લોહીને વગડાની વનસ્પતિ લગાડી દેતો. શારીરિક દુઃખને ગણતો નહીં. કાળી ચૌદશને દિ' મારે પાંચ શેર સિંદૂર, ધજા માટે એક રાતો મધરાશીનો તાકો ચાડીકાને સ્થાને ચડાવવાનો હોય. રૂડિયો ગમે તે વેપારીની દુકાનેથી તે લૂંટી લાવતો. ખોટા દેવસ્થાને કહેતાં ચાડીકાની જગ્યાએ સિંદૂર ચોંપડતો, વાંસ સાથે બધે ધજાઓ બાંધતો, બાજુમાં ત્રિશૂળ દોરી દેતો અને સો નાળિયેર ફોડી સર્વત્ર કાચલા વેરી નાખતો. તે ભારે ચકોર અને અતિ ચાલાક હતો.' આમ વાત કરતાં કરતાં જોબન પગીનું હૈયું ભરાઈ આવ્યું.

સ્વામી કહે, 'જોબન ! કેમ રૂડિયો મૃત્યુ પામી ગયો છે '

જોબન પગી કહે, 'સ્વામી ! હજુ તો મર્યો નથી પણ તે ભૂંડી પીડા ભોગવે છે. ત્રણ-ચાર મહિનાથી માંદો છે. સવાર-સાંજમાં મરશે એવી પરિસ્થિતિ છે. ખાટલાવશ છે. હું ત્રણ-ચાર દિવસ પહેલા તેની ખબર કાઢવા ગયો હતો. તે અત્યારે કાળી વેદના વેઠી રહ્યો છે. ભડવીર માણસનું હૈયું પણ ધ્રૂજી જાય એવી તે ભયંકર વેદના ભોગવે છે, કાળી રાડ્યો પાડે છે.'

● બ્રહ્માનંદ સ્વામીની કરુણા :

ત્યારે સ્વામી કહે, 'અત્યારે તે છે ક્યાં ?' જોબન પગી કહે, 'બામરોલીમાં તખા પગીને ઘેર ચાકરી માટે રાખ્યો છે.' બ્રહ્માનંદ સ્વામી અતિ દયાળુ સંત હતા. વાત સાંભળતા સ્વામીના અંતરમાં કરુણાનો સાગર રેલાયો. મનમાં થયું આ જોબન પગી તો ભક્ત થયો. પરંતુ રૂડિયો જો ભગત થાય અને સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારે તો એનો પણ બેડો પાર થઈ જાય. મનુષ્યજન્મ સાર્થક થઈ જાય.

પછી સ્વામીએ કહ્યું, 'જોબન પગી ! જો તે જીવતો હોય તો ચાલો આપણે ત્યાં તેને દર્શન દેવા જઈએ.' જોબન પગી કહે, 'ઓહો હો..! તો તો બહુ સારું. એણે જાનની જોખમે મારાં બહુ કામ કર્યા છે. ભલે સારાં કામ નથી કર્યા પરંતુ હું ભગત થયો તેથી મને પણ તેના ઉપર દયા આવે છે કે, આપ જેવા સંતના એને દર્શન થાય તો એના જીવની સદ્ગતિ થાય. પણ સ્વામી આપ તેને દર્શન દેવા પધારો છો ને કદાચ તે મરી ગયો હશે તો...?!'

સ્વામી કહે, 'ભગવાનની ઇચ્છા હશે તો જરૂર જીવતો હશે. આપણે જરૂર એને મળશું.' ત્યારે જોબન પગી કહે, 'તો સ્વામી ચાલો. પરંતુ એક ખેદની વાત છે.' સ્વામી કહે, 'શું ખેદની વાત છે ભાઈ ?' પગી કહે, 'શરીરમાં મોટાં મોટાં ઘારાં પડ્યાં છે. તેમાં જીવડાં ખદબદે છે. એ બધાં જીવડા તેને કરડે છે. તેને ખાય છે. તેની પીડાને કારણે તે ભયંકર રાડો પાડે છે. જોઈએ તો તેની પથારીમાં પણ જીવડાં પડ્યાં હોય છે. પણ હે સ્વામી ! તે પીડા ઓછી થાય તે માટે સેવકો ઘારામાં માંસના ટૂકડા ભરે છે. જેથી જીવડા તે ખાય અને રૂડિયાની પીડા ઓછી થાય. પરંતુ તેની દુર્ગંધ બહુ આવે છે. તેને નવરાવી ધોવરાવીને કોણ સાફ કરે ? ત્રણ દિ' પહેલા હું ખબર લેવા માટે ગયો હતો. તેથી મને ખબર છે. તેને અડીને પણ નાહવું પડશે. માટે તમે કહો તેમ કરીએ.'

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'કાંઈ વાંધો નહિ. ચાલો જઈએ. શરીર તો બધાના અંતે મળ-મૂત્રના ભરેલા જ છે ને ! તેને દર્શન આપીશું અને તેનું સારું કરીશું.' પછી સ્વામી બામરોલી આવ્યા. ત્યાં રૂડિયો જીવે છે તેવા સમાચાર મળ્યા. તેથી સ્વામી તખા પગીને કહે, 'મારે તેને જોવા માટે જાવું છે.' પછી તખા પગીએ થોડા દૂરના બીજા ઘરમાં સારી પથારી કરી ત્યાં તેને સુવાડ્યો. અને થોડું માંસ વગેરે ઓછું ગંધાય એવી વ્યવસ્થા કરી. પછી સ્વામી અને જોબન પગીની પાસે આવીને કહ્યું, 'ચાલો.' એમ કહી તે બંનેને રૂડિયા રખડું પાસે તેડી ગયા. સારી પથારીમાં સુવાડ્યો છતાં અતિ દુર્ગંધ મારતો હતો અને પીડાને કારણે ઉકારા કરતો હતો. આંખો ઊઘડતી નહિ. કરેલા પાપની વેદના ભયંકર રીતે ભોગવતો હતો. જોબન પગીએ સ્વામીને કહ્યું, 'સ્વામી ! મહારાજને પ્રાર્થના કરો અને મારી જેમ રૂડિયાનો ઉદ્ધાર કરો.' પછી સ્વામીએ તખા પગીને કહ્યું, 'કાંઈ છાલિયું કે વાટકો હોય તો લાવો. થોડું તેને પાણી પીવડાવીએ. અમારા સંતના હાથનું પાણી પીશે તો તેનું રૂડું થશે.' તરત તખા પગી છાલિયું લાવ્યા. સ્વામીએ તેમાં પાણી લીધું. પછી તખા પગીએ તેનું માથું પકડી, મોઢું પહોળું કર્યું. સ્વામીએ તેમાં થોડું જળ રેડ્યું અને તેના ઉપર છાંટ્યું. સંતના હાથનું પ્રસાદીનું જળ તેના પેટમાં જતા પાપ બળવા લાગ્યાં. પાપ બળ્યાં તેથી પીડા ઓછી થઈ.

વ્યક્તિ પાપ કરતા પાછું વાળી જોતો નથી. પરંતુ એનું જ્યારે દુઃખ ભોગવવું પડે ત્યારે આવી કારમી વેદના વેઠવી પડે છે. માણસ હસતાં હસતાં પાપ કરે છે પરંતુ તેનું ફળ તેથી અનંતગણું રુદન કરીને ભોગવવું પડે છે. કોઈનું પાપ કોઈને ક્યારેય છોડતું નથી. માટે પાપ કરતા નહીં. પ્રભુથી અને પાપથી ડરીને ચાલજો.

પીપા પાપ ન કિજીરૂ, તો પૂન્ય કિયા સો બાર । જો કિસીકા લિયા નહિ, તો દિયા વાર હજાર ॥

પાપ ન કરવું એ જ દુનિયા ઉપર મોટો ઉપકાર કર્યા જેવું છે. જીવતા માણસ માટે પાપથી ભરેલી આંતરિક પીડા એ જ નરક છે. છુપાઈને કરેલું પાપ પણ માણસને જીવનભર કાંટાની જેમ સતત દુઃખ્યા કરે છે. એક પાપ બીજા અનેક પાપના દરવાજા ખોલી આપે છે. માટે નાના એવા પાપથી પણ ડરજો. પાપ અને સાપ, આ બંને લપાઈ લપાઈને જ આગળ વધે છે. પછી વ્યક્તિનો નાશ કરે છે. માટે જિંદગીમાં કોઈ પાપ થયું હોય તો સંતને મળી તેનું પ્રાયશ્ચિત કરી લેજો. નકામા કાર્યો કરીને વળી એવા કાર્યોનો ગર્વ કરવો તે કરતા પાપનું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈ જવું તે જ વધુ હિતકારી છે.

પાપ તો મનુષ્યે પોતે જ પોતાના નાશ માટે ગળામાં બાંધેલો પથ્થર છે અને પુણ્ય એટલે પ્રભુએ આપેલી દિવ્ય પાંખ છે. પરને પીડા કરવી એ મોટું પાપ છે અને બીજાને સુખી કરવા, પરોપકાર કરવો એ મોટું પુણ્ય છે. બીજી રીતે કહીએ તો જે કાર્ય આપણને ભગવાન અને સંતથી દૂર લઈ જાય તે પાપ છે. જે કરવાથી આપણે ભગવાન અને સાચા સંતોની નજીક થઈએ એ મોટું પુણ્ય છે. ગમે તેવો અધમ અને મહાપાપી હોય તેને પણ કોઈ મોટા સંતનો યોગ થઈ જાય તો એકાદ ક્ષણમાં પણ તેના ભાગ્યની રેખા પલટી નાખે છે, તેને પુણ્યવાન બનાવી દે છે. ગમે તેટલી પાપની પીડા વ્યક્તિ ભોગવતો હોય પરંતુ ભગવાન કે સાચા સંત મળે અને

હૃદયથી માફી માગે તો તેનાં તમામ પાપ નાશ પામે છે, તે જીવનો ઉદ્ધાર થાય છે.

બ્રહ્માનંદ સ્વામીનાં સ્પર્શથી રૂડિયાને થોડી શાંતિ થઈ. તેથી તેની આંખો ઊઘડી અને તે જોબન પગીને ઓળખતો હતો. જેવા જોબન પગીને ભાળ્યા એવો એ તરત બેઠો થઈ ગયો અને કહે, 'ઓ મારા જોબનબાપા...! ઓ મારા જોબનબાપા...!' એમ કહી બે હાથ જોડી તેના પગમાં પડવા પ્રયત્ન કર્યો. પણ અતિ મંદવાડને કારણે ઉઠી શક્યો નહીં. ત્યારે જોબન પગી કહે, 'મારે લઈને તારે આ દુ:ખ વેઠવાં પડે છે. અને મારા પગમાં ક્યાં પડવા જા છો ? હું તો સ્વામિનારાયણ ભગવાનના યોગમાં આવતા સુધર્યો. પરંતુ આ તેમના જેવા જ મોટા સંત છે. માટે આ બ્રહ્માનંદ સ્વામીના પગમાં પડ. તારો ઉદ્ધાર થશે.'

પછી રૂડિયા રખડુએ સ્વામીના દર્શન કરી પગ પકડ્યા અને કહે, 'સ્વામી...!' એમ કહેતા તો આંખોમાંથી આંસુની ધારા થઈ. સ્વામીએ તેને મસ્તકે હાથ ફેરવી છાનો રાખ્યો. પછી તેણે બે હાથ જોડી પોતાના બધા ગુનાની માફી માગી ને કહે, 'જેમ જોબનબાપ ાનો ઉદ્ધાર કર્યો તેમ હવે મારો ઉદ્ધાર કરો.' નિષ્કપટભાવે સહુની હાજરીમાં બધાં પાપ બોલવા લાગ્યો. આવો તેનો નિખાલસભાવ જોઈ સ્વામી કહે, 'હવે તું તારા બધાં પાપ નહિ કહે તો ચાલશે. મને જોબનબાપાએ વાત કરી છે.'

ત્યારે તે કહે, 'હે સ્વામી ! તમે તો મારા પરભુ છો. હું પરભુને ઓળખતો નથી. હું તો તમને પરભુ જાણું. તમે મારા ઉપર કૃપા કરી મારા ગના માફ કરો. તમે મહાદયાળુ છો. જેથી અંત વખતે અહીં મને દર્શન આપવા આવ્યા.' એમ કહી કહે, 'જોબનબાપા ! તમારો પણ બહુ મોટો ઉપકાર છે. જેથી આવી મારી કપરી વેળાએ તમે મને ભગવાન જેવા સંતનાં દર્શન કરાવ્યા. બહુ દયા કરી.' એમ કહી વળી, જોબનબાપાના પગમાં પડી રોવા લાગ્યો.

સ્વામીએ ફરી તેને ધીરજ આપી, આશ્વાસન આપ્યું. પછી જોબન પગીએ તેના હાથ પકડ્યા. સ્વામીએ તેમના જમણા હાથમાં પાણી લેવડાવી વર્તમાન ધરાવ્યા અને કહ્યું, 'જેમ ડભાણના યજ્ઞમાં સ્વામિનારાયણ ભગવાને જોબન પગીનાં તમામ પાપ મુકાવ્યાં હતાં તેમ આજ હું તને તમામ પાપથી મુક્ત કરાવું છું' એમ કહી સ્વામીએ મંત્ર બોલી પાણી નીચે મુકાવ્યું. એ જ વખતે તેનાં તમામ પાપો ધુમાડાના ગોટા નીકળે તેમ બળી ગયાં. તેથી એ થોડો વધારે સ્વસ્થ થયો.

પછી સ્વામીએ તેને કહ્યું, 'રૂડિયા ! હવે જો તું આમાંથી જીવતો રહે તો હું કહું એ પ્રતિજ્ઞા લે.' તે કહે, 'સ્વામી ! તમે જે કહો તે મને મંજૂર છે.' ત્યારે સ્વામી કહે, 'આ રોગમાંથી ઉગરી જા તો તારે વડતાલ મંદિરની સેવા કરવી અને ભગવાનનું ભજન કરવું.'

રૂડિયા પ્રતિજ્ઞા લીધી અને સ્વામીને રૂડિયો કહે, 'સ્વામી ! માથું જાય તોપણ મારું આ વચન નહિ જાય.' શૂરવીર હતો એટલે શૂરવીરતાપૂર્વક બોલ્યો, 'જો હું ઊગરીશ તો વડતાલ આવીશ, મંદિરની સેવા કરીશ અને અખંડ ભજન કરીશ.' તેથી સ્વામી અતિ રાજી થયા. પછી સ્વામી કહે, 'તખા પગી ! હવે આને સુવાડી દો.' તેથી તેને પથારીમાં સુવાડ્યો.

ત્યારબાદ સ્વામી તથા જોબન પગી ઉતારે આવ્યા. ત્યાં સ્વામીએ સ્નાન કર્યું. પછી તખા પગીને ઘેરથી સીધુ મંગાવ્યું. રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી સંતો સાથે સ્વામી જમ્યા. થોડી પત્તરની પ્રસાદી તખા પગીને આપી અને કહ્યું, 'આ પ્રસાદ રૂડિયાને જઈને જમાડજો.'

સ્વામીએ પ્રસાદી મોકલાવી. તે પ્રસાદી રૂડિયો જમ્યો. તેથી તેનાં તમામ પાપ નાશ પામ્યાં અને પીડા તરત જ સાવ ઓછી થઈ ગઈ.

સ્વામી તો પછી ત્યાંથી વડતાલ આવ્યા. ત્યાં ત્રીજે દિ' સમાચાર આવ્યા કે, રૂડિયાને આખા શરીરે ચામડીની ખોળ ઊતરી ગઈ છે. અને ઘારાં રૂઝાવા લાગ્યાં છે. માથાના મોવાળા ખરી ગયા છે. નવા વાળ ઊગતા હોય એવું દેખાય છે. હવે થોડું અન્ન જમવા લાગ્યો છે. તેથી હવે વળતા દિવસો થયા હોય તેવું જણાય છે.

પછી તો તેની તબિયતમાં રાત્રી દિવસ સુધારો થવા લાગ્યો. ત્રણ મહિનામાં તો તે સંપૂર્ણ સાજો થઈ ગયો. આમ સંતકૃપા થાય તો અશક્યનું શક્ય થાય. ગમે તેવો પાપી હોય તે પુણ્યવાન થાય, રોગી હોય તે નીરોગી થાય.

શ્રીહરિએ વચ.ગ.મ.૪૫ માં કહ્યું છે કે, ''ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે; અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે. માટે જે સમજું હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું.

● રૂડિયા રખડુમાંથી રૂડો ભગત બન્યા :

ત્યાર પછી સંપૂર્ણ સાજો થઈ રૂડિયો રખડું એક દિવસ તખા પગીની સાથે ગાડામાં બેસી વડતાલ આવ્યો. જોબન પગીને મળ્યો. જોબન પગીએ તેને બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યો. સ્વામીના પગ પકડીને વળી રૂડિયો રડવા લાગ્યો અને કહે, 'હે સ્વામી ! તમે મારી

છેલ્લી જિંદગીમાં સંભાળ લીધી. નહિ તો હું દુઃખી દુઃખી થઈ ભૂંડે હાલે મરત.' સ્વામીએ બે-ત્રણ દિવસ મંદિરમાં રાખ્યો. તેની સેવાની શ્રદ્ધા, સંતો-ભક્તો પ્રત્યેની ભાવના, મહિમા અને અજોડ સરળતા જોઈ. પછી એક દિવસ સ્વામીએ તેને માથે મુંડન કરાવ્યું. નવરાવ્યો અને ધોળી ધોતી પહેરાવી, ધોળી બંડી, માથે ધોળી પાઘડી પહેરાવી. પછી તેને પૂજા શીખવાડી અને પૂજા આપી કહ્યું, 'હવે નિત્ય પૂજા કરજે.' આ રીતે સ્વામીએ તેને ભગત બનાવી મંદિરની સેવામાં રાખ્યો. જ્યારથી તે ભગત થયો અને સ્વામીના મંડળમાં તેમનો શિષ્ય થઈને રહ્યો. ત્યારથી તેને સહુ રૂડો ભગત કહીને બોલાવતા હતા.

જોબન પગીની રૂડિયાભગતને ભલામણ :

પછી રૂડિયાભગતને મહિમા સમજાવતા જોબન પગી કહે, 'રૂડા ! જેમ મારો શ્રીહરિએ ઉદ્ધાર કર્યો તેમ તારો ઉદ્ધાર આ બ્રહ્માનંદ સ્વામીએ કર્યો છે. તેથી સ્વામીના વચનમાં ખબરદાર થઈને રહેજે અને અખંડ ભજન કરજે.'

ત્યારે રૂડો ભગત બોલ્યા : 'જોબનબાપા ! આ વાત હું ક્યારેય નહીં ભૂલું. જેમ સ્વામી કહે તેમજ કરીશ. સેવા કરીને સ્વામીને રાજી કરીને મારા તમામ પાપોનો નાશ કરીશ.'

વળી કહે, 'હે જોબનબાપા ! હવે આ જિંદગીના રહેલા શ્વાસો સ્વામીની આજ્ઞામાં જ વિતાવીશ. જેમ સ્વામી કહેશે તેમ કરીશ. આ મારી પ્રતિજ્ઞા છે. તે ક્યારેય નહિ બદલું.' પછી બ્રહ્માનંદ સ્વામી રૂડાભગતને કહે, 'સહુ સંતો બપોરે જમી પત્તર ધોવે ત્યારે તારે સંતોની પર્ણકુટીર બહાર ઊભા રહેવું. હાથમાં થાળી રાખવી. હું સહુ સંતોને કહું છું તેથી એક-એક કોળિયો પત્તરની પ્રસાદી તને આપશે, પછી પત્તર ધોવા જશે. તે તું જમજે. બીજી વધારે વસ્તુ જોઈએ તે ભંડારેથી લાવી જમજે. જમતાં જમતાં કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલજે. હવેથી સ્વામિનારાયણ નામની જ માળા ફેરવજે. વહેલો ઊઠી મંદિરમાં વાસીદું વાળજે. સંતો-ભક્તોની ચરણરજ માથે તથા છાતીએ ચઢાવજે. સંતો જેમ કહે તેમ શક્તિ પ્રમાણે સેવા કરજે. સેવા કરતાં કરતાં પણ સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરજે. મનધાર્યું કાંઈ કરતો નહીં. આજથી તારાં તમામ પાપ નાશ પામે છે.'

પછી તે કહે, 'હે સ્વામી ! પહેલા પણ હું મનધાર્યું કાંઈ કરતો નહિ. જેમ જોબનબાપા કહે તેમ જ કરતો.' પછી તો સ્વામીએ જેમ કહ્યું તેમ રાત-દિવસ કરવા લાગ્યો. કેમ જે, મનધાર્યું કરવાની તો ટેવ જ ન હતી. તે તેને સત્સંગમાં કામ લાગી.

મોટા સંતનો આવો અપાર મહિમા છે. એની આજ્ઞામાં રહે તો કોઈ દિવસ દુઃખ ન આવે અને મોટા સંતો રાજી થાય તો જ ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો જીવનું કામ થાય. શ્રીહરિ વ.ગ.મ.૫૧માં કહે છે 'સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે, તે જ રૂડા દેશ-કાળાદિકને વિશે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડા દેશ-કાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'

બ્રહ્માનંદસ્વામી વગેરે સંતોની આજ્ઞા મુજબ રૂડિયો સેવા કરવા લાગ્યો. તેથી સહુ તેને રૂડો ભગત કહીને બોલાવવા લાગ્યા. મંદિરના ચણતર કામમાં તે ખૂબ સેવા કરતો. તેનું શરીર પ્રથમના જેવું મજબૂત બની ગયું. તેથી ભારે મહેનતનું કામ પણ અતિ શ્રદ્ધાથી દોડી દોડીને રાત્રી દિવસ કરતો. લાકડાં તથા પાણા ચડાવવા જેવી આકરી સેવા પણ હસતા મોઢે કરતો. સેવામાં કોઈ દિવસ થાક કે આળસ કરતો નહીં. જેવો પહેલા પાપી હતો એવો જ મહાન ભક્ત બની ગયો.

વળી, સંતોની મરજીમાં રહીને સેવા કરતો. તેથી સહુ બહુ રાજી થતા. તેનો કંઠ અતિ સારો હતો. તેથી તેનો તે ગુણ બ્રહ્માનંદ સ્વામીએ ભક્તિમાં વાળી દીધો. સ્વામી નિત્ય તેને સારા સારા રાગનાં કીર્તનો એક એક કડી કરીને શીખવતા. તેથી તેને ઘણાં કીર્તનોના ચોરસા કંઠસ્થ થઈ ગયા. પછી તો સેવા કરતાં કરતાં પડછંદા રાગે કીર્તનો બોલે. તે સાંભળીને સહુ સંતો-ભક્તો ખૂબ રાજી થતા.

કોઈ સારાં કીર્તનના રાગ ઢાળ કોઈની પાસેથી તે સાંભળે તો તે તરત એવો રાગ સ્વામી પાસે ગાતો અને કહેતો કે 'સ્વામી ! મને આવા રાગનાં કીર્તન બનાવી આપો ને.' પછી સ્વામી એવા રાગનાં કીર્તન બનાવતા.

એટલે સ્વામીને નવા રાગોનું નોટેશન મળતું અને સહુને તે જમાનાને અનુરૂપ નવા નવા રાગ ઢાળનાં કીર્તનો ગાવાની ખૂબ મજા આવતી. આ રીતે સહુ પ્રેમથી ભક્તિ કરતા.

બ્રહ્માનંદસ્વામીને પણ એક નવા રાગ ગોતી આપનાર વ્યક્તિ મળી ગઈ. તેથી સ્વામી પણ તેના ઉપર રાજી થતા. સહુની શક્તિ ભક્તિમાં વળે એ રીતે નવાં નવાં કીર્તનો બનાવતા.

આમ સહુ સાથે મળી સત્સંગ, સેવા, ભજન, ભક્તિ કરતા. પરસ્પર એકબીજામાં આત્મીયતા, દિવ્યભાવ અને મહિમાની દૃઢતા કરતા. તેથી સહુને બહુ જ આનંદ આવતો.

• રૂડાભગત ઉપર ભગવાન શ્રીહરિનો રાજીપો :

આવી રીતે રૂડાભગત મંદિરમાં રાત્રી દિવસ તનતોડ અને મનમોડ સેવા કરતા. સંતોની પ્રસાદી જમતા. ઉંચા સાદે કીર્તનો બોલતા. હાલતાં ચાલતાં શ્રીહરિનું સ્મરણ કરતા. એવામાં એક દિવસ ભગવાન શ્રીહરિ વડતાલ આવ્યા. એટલે તરત બ્રહ્માનંદ સ્વામીએ રૂડા ભગતને બોલાવ્યા અને કહ્યું, 'રૂડા ભગત ! હાલો આજ હું તમને સર્વોપરી શ્રીહરિનો પ્રગટ ભેટો કરાવી દઉં.'

એમ કહી મહારાજ પાસે લાવ્યા અને કહ્યું, 'મહારાજના ચરણનો સ્પર્શ કર.' તેથી તે મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે, 'સ્વામી ! આ નવા પાર્ષદ ક્યારે કર્યા ? આનો વાન કાળો અને લૂગડાં ધોળાં બહુ સરસ શોભે છે ?' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! આ જોબન પગીનો વિશ્વાસુ રૂડિયો રખડું છે. તે હવે ભગત થયો છે' એમ કહી બધી વાત કરી.

તેની સેવાના વખાણ કરતા કહે, 'હે મહારાજ ! આ રૂડાભગત મંદિરમાં રાત-દિવસ તનતોડ સેવા કરે છે. મોટા મોટા પાણા, લાકડાં વગેરે ચડાવવાના કામમાં તે બહુ જ આવે છે. ક્યારેય તેને થાક લાગતો નથી. સેવામાં આળસ કરતો નથી. તેનો કંઠ પણ ઘણો સારો છે. તેથી ઘણાં કીર્તનો કંઠસ્થ કર્યા છે.' એમ કહી સ્વામી કહે, 'સાચું છે ને રૂડાભગત..!'

ત્યારે તે કહે, 'સ્વામી ! આ બધી આપની દયા છે.' ત્યારે મહારાજ કહે, 'રૂડા..! એકાદું કીર્તન મને સંભળાવીશ ?' એટલે બ્રહ્માનંદ સ્વામીએ ઇશારો કર્યો. તેથી પડછંદા રાગે રૂડાભગતે કીર્તન લલકાર્યું :

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન...તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાઉ બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

આમ મોટા સંતની કૃપા થાય તો જીવનો એક પળમાં બેડો પાર થાય. મોટા સંતની અમીદૃષ્ટિ જ જીવનું અધૂરું પૂરું કરે છે. બાકી ગમે તેટલા સાધન કરે તોપણ આ માર્ગમાં મેળ ખાય તેમ નથી.

રૂડાભગતને કીર્તનના રાગ શોધવાની સેવા :

એકવાર મહારાજ ગઢપુરમાં સવારના પહોરમાં ઊગમણાબારની ઓસરીએ ઊગમણા મુખે સભા કરીને બિરાજમાન હતા. સહુ સંતોભક્તો મહારાજની સન્મુખ બેઠા હતા. આજ ચાતુર્માસનો પ્રારંભ થવાનો હતો. તેથી મહારાજે સહુને કહ્યું કે, 'પોતાની શક્તિ પ્રમાણે સહુ ભગવાનને રાજી કરવા ચાતુર્માસના નિયમ લો.' એમ કહી મહારાજ જ સહુને નિયમ આપવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહ્યું, 'સ્વામી ! તમારે દરરોજ ચાર કીર્તન કરવા.'

ત્યારે સ્વામી કહે, 'હું નિત્ય નવા રાગ ક્યાંથી લાવું ?' ત્યારે હસતા હસતા મહારાજ કહે, 'સ્વામી ! તમારો ઓલ્યો રૂડો ભગત શિષ્ય થયા છે ને ! તેને તમે કહેજો તેથી તે નિત્ય નવા નવા રાગ ગોતી લાવશે. તમે તે પ્રમાણે કીર્તન બનાવજો.'

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, 'મહારાજ ! સારુ. ભલે હું ઈ નિયમ રાખું છું. રૂડા ભગત નિત્ય નવાં રાગ લાવશે, હું નિત્ય નવા નવા ચાર કીર્તનો બનાવીશ. પણ હે નાથ ! તમારે પણ એક નિયમ લેવું પડશે. તે તાજા તાજા કીર્તનો તમારે રોજ સાંભળવાની અમ ઉપર કૃપા કરવી. એટલી કૃપા કરો. આમ આપણે બધા સાથે નિયમ રાખીએ.' સ્વામીની ભાવના જોઈ મહારાજ રાજી થયા.

બ્રહ્માનંદ સ્વામી મહાદયાળુ સંત હતા. એટલે મહારાજ તેમને પ્રસાદી આપે તેમાંથી રૂડા ભગતને તેના મહેનતાણારૂપે નિત્ય મહારાજની પ્રસાદી આપતા. મોટા મોટા દેવોને, ઈશ્વરોને અને ઋષિમુનિઓને જે સેવા તથા ધામ મળતું નથી. તે સેવા અને તે અક્ષરધામનું પદ રૂડા ભગત સહેજે પામી ગયા. કેમ કે, રૂડા ભગતને મોટા સંતો-ભક્તો સાથે સ્નેહ થયો. તેથી તેનો છેડો સુધરી ગયો.

જોબન પગીની જમણી ભુજા જેવો આ રૂડિયો રખડુ પણ ઈતિહાસમાં અમર બની ગયો. જેમ જોબન પગી સુધર્યા પછી મહાન ભક્ત થયા. આખું જીવન બદલી નાખ્યું. તેમ જ રૂડિયાએ પણ ભગત થયા પછી તેનું આખું જીવન બદલી નાખ્યું.

●●●

❁ વખતબા

વડતાલ ગામના નિવાસી ભાયાભાઈ પગીની મેડી, એ જમાનામાં સમગ્ર પંથકમાં ઊંચી ગણાતી. તેમના પત્નીનું નામ વખતબા હતું. તેમના પુત્ર જોબનપગી ભગવાન શ્રીહરિના અનન્ય ભક્ત તરીકે સત્સંગમાં પ્રસિદ્ધ છે. ભગવાન શ્રીહરિએ જોબનપગીનું જીવન-પરિવર્તન કર્યું, ત્યારપછી તેમના કુટુંબમાં સત્સંગ, નિયમ-ધર્મ પાલન તથા ભક્તિનો રંગ ઉત્તરોત્તર ચઢતાં ગયાં.

વખતબાને જ્યારથી ભગવાન શ્રીહરિનો યોગ થયો ત્યારથી તેમનો આત્મા શ્રીહરિમય થઈ ગયો હતો. શ્રીહરિ પણ તેમની મેડીએ અવારનવાર પધારતા, થાળ જમતા, બારીએ બિરાજમાન થતા. નીચે ઊભેલા સૌને દર્શનદાન દેતા.

વખતા શ્રીહરિના પ્રતાપથી ક્રાંતિકારી વિચારવાળા હતા. પોતાના જ્ઞાતિ અને કુળની પરંપરાથી જે રીત-રિવાજો ચાલ્યાં આવતા, તેમાં કેટલાક રિવાજોમાં અધર્મ પેસી ગયો હતો. વખતબાએ એ કુરિવાજોને જડમૂળથી કાઢવા કમર કસી હતી. પ્રથમ તો પોતે સત્સંગના નિયમોનું પાલન કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. પછી પોતાની પુત્રવધુઓને સમજાવીને તેઓના જીવન-વ્યવહારમાં વણાયેલા જ્ઞાતિ અને કુળધર્મના કુરિવાજો દૂર કરાવ્યા.

વખતબાને ચાર પુત્રો. સૌથી મોટા જોબનપગી, પછી સુંદરપગી, દલાપગી, ભલાપગી - આમ, ચારેય પુત્રોને વખતબાએ સત્સંગનો રંગ લગાડ્યો.

વખતબાએ પોતાના પતિ ભાયાપગીને પણ સત્સંગમાં ઓતપ્રોત કર્યા. પોતાની ચારેય પુત્રવધુઓએ સત્સંગ દૃઢ કરીને પોતાના પિયરમાં પણ લસણ-ડુંગળી વગેરે ન ખાવાં - ન પીવાંના નિયમો દૃઢ કરાવ્યા અને સત્સંગી કર્યા.

વખતબાએ પ્રથમ પોતાના ઘરમાં અને પછી ગામમાં સત્સંગી બાઈઓમાં એવી ટેવ પાડી કે સવારમાં ઊઠીને ભગવાનનું સ્મરણ કરી, દેહશુદ્ધિ કરી, સ્નાન-પૂજા કર્યા પછી જ ઘરકામ કરવું.

આમ, વખતબાએ એ જમાનામાં જીવનશુદ્ધિ સાથે સત્સંગનો પ્રચાર પોતાના પરિવાર અને પોતાની જ્ઞાતિના બહેનોમાં અદ્‌ભુત રીતે કર્યો હતો.

વખતબા ધર્મનિયમના પાલનમાં દૃઢ રહેતા. સત્સંગમય રહેણીકરણી, શાંત સ્વભાવ, સદ્‌ગુણો અને વિનયથી પ્રભાવિત થઈને જીવુબા, રાજબા વગેરે સાંખ્યયોગી બાઈઓ પણ વારંવાર વડતાલ આવતા. કથાવાર્તા કરતાં. વખતબા તેમની સેવા અને સમાગમ કરીને તેઓના આશીર્વાદ મેળવતાં.

ભગવાન શ્રીહરિ વડતાલમાં વખતબાના ઘરે ઊતરતા અને રામનવમી, જન્માષ્ટમી, અન્નકૂટ, પ્રબોધિની, વસંતપંચમી, ફૂલદોલોત્સવ વગેરે વિવિધ ઉત્સવ કરતા. મંદિર થયા પછી આ સમૈયાઓ ભગવાન શ્રીહરિ મંદિરમાં કરતા ત્યારે પણ કેટલાક ઉત્સવોનો બધો જ ખર્ચ જોબનપગી અને તેના ભાઈઓ આપતા.

સત્સંગ અને સેવા માટે તન, મન, ધન સમર્પિત કરનાર વડતાલના સત્સંગી પરિવારનાં બહેનો પણ શ્રીહરિ, સંતો અને હરિભક્તોની સેવામાં જોડાઈ જતાં.

●

સંવત ૧૮૭૨ની સાલમાં ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા અને કોઈ જાણે નહિ તે રીતે જોબનપગીની મેડીમાં એક મહિનો રહ્યા. શ્રીહરિના આ ગુપ્તવાસ દરમ્યાન શ્રીહરિ માટે નિત્ય સ્નાન કરવા, વસ્ત્રો ધોવાં તેમજ પીવા માટે નિત્ય સ્વચ્છ જળ ભરી લાવવું; વાસણ-વસ્ત્રો સાફ કરવાં; અન્ન, લોટ, શાકભાજી સ્વચ્છ કરીને તૈયાર કરવાં વગેરે સેવાથી શ્રીહરિ વખતબા આદિક સ્ત્રીભક્તો ઉપર પ્રસન્ન થયા હતા.

વખતબા ઉત્સવ-સમૈયા નિમિત્તે શ્રીહરિને માટે વસ્ત્રો-આભૂષણો બનાવીને શ્રીહરિને વિશેષ પૂજા પણ કરાવતાં.

એકવખત ભગવાન શ્રીહરિ વડતાલ સમૈયો કરવા પધાર્યા હતા. તે સમૈયો કરીને ચાલવા તૈયાર થયા ને ઘોડેસવાર થઈ બહાર નીકળ્યા, ત્યાં તો સુરતથી સંઘ આવ્યો. તેમણે શ્રીહરિના દર્શન કર્યા. પછી શ્રીહરિએ તેમને કહ્યું : ''હવે અમે ચાલશું ને તમે સહુ ગઢડે આવજો.''

એમ કહીને ભગવાન શ્રીહરિ તો સર્વે સવારો સહિત ચાલી નીસર્યા. તે બે ગાઉ પહોંચ્યા ત્યારે સુરતથી આવેલા એક ઘરડા માજી સંઘની સાથે વડતાલ પહોંચી ન શક્યાં. સંઘથી તેઓ એકલા જ પાછળ ચાલતાં આવતાં હતાં. તેઓ આવ્યા તેટલામાં તો શ્રીહરિ ઘોડીએ અસવાર થઈને હજુ નીકળ્યા જ હતા. તે માજી વખતબાને મળ્યા અને રડવા લાગ્યાં.

વખતબાએ કહ્યું : ''તમારો ભાવ હશે તો મહારાજ સામેથી આવી મળશે. માટે છાનાં રહો. તેથી તેઓ શાંત થયાં, પણ તેમી ધીરજ ખૂટી ગઈ. એટલે શ્રીહરિ જે રસ્તે નીકળેલા, તે રસ્તે માજી પણ દોડવા લાગ્યાં. તે રડતાં જાય ને બોલતાં જાય : ''અરે દયાળુ! મને અભાગણીને દર્શન દીધાં વગર તમે જતા રહ્યા !''

આમ, ઘડપણને લીધે દોડી શકે નહિ ને ખેતરમાં બેસી પડ્યાં. રડતાં થકાં માટીમાં ગુલાટિયાં ખાવા લાગ્યાં.

તે માજીની ભક્તિએ શ્રીહરિને ખેંચ્યા. શ્રીહરિએ પોતાની સાથેના સવારોને કહ્યું : ''તમે સૌ આગળ ચાલવા લાગો, અમારે જરા પાછું જવું પડશે. હમણાં જ તમારી ભેગા થઈ જઈશું.''

એમ કહીને શ્રીહરિએ માણકી ઘોડીને પાછી વડતાલ ભણી દોડાવી ને વખતબાએ કહેલું તે મુજબ શ્રીહરિ સામેથી આવી મળ્યા. અભયહસ્ત કરીને તે માજીને કહ્યું : ''મા ! હવે તમે રોશો નહીં. અમે તમને દર્શન દેવા વેગળેથી આવી ગયા છીએ. માટે વિલાપ બંધ કરો. દર્શન કરી લો.''

આ સાંભળી માજી તો હર્ષઘેલા થઈ ગયા. તે વારંવાર શ્રીહરિના ચરમોમાં માથું અડાડતાં જાય અને પગે લાગ્યાં કરે. શ્રીહરિએ કંઠમાં ફૂલના હાર પહેર્યા હતા, તે બધા એ માજીને આપ્યાં ને કહ્યું : ''હવે અમને રજા આપો તો ચાલીએ.''

માજી કહે : ''હે મારા નાથ ! તમે મારા ઉપર ખૂબ કૃપા કરી, દર્શનદાન દીધાં. હવે સુખેથી પધારો.''

પછી શ્રીહરિ માણકીને દોડાવીને બધા સવારોની ભેગા થયા. આમ, વખતબાનું વચન સત્ય કરી શ્રીહરિએ માજીને દર્શન દીધાં.

●

એકવખત ભગવાન શ્રીહરિ વડતાલમાં વખતબાને ત્યાં બિરાજમાન હતા. તે વખતે મહારાજના દર્શન કરવા માટે ઝાલાવાડનો સંઘ વડતાલ આવતો હતો. તે સંઘ નડિયાદ આવ્યો ત્યારે શ્રીહરિને તેની ખબર પડી. તેથી શ્રીહરિએ વિચાર કર્યો કે 'એ સંઘ જો આજ ને આજ અહીં આવશે તો તેને બહુ મોડું થઈ જાશે. માટે એક સવાર મોકલીને નડિયાદ રોકાવીએ તો ઠીક.'

પછી સુરાખાચરને આજ્ઞા કરીને એક ઘોડેસવાર મોકલી તે સંઘને નડિયાદ રોકાવ્યો.

વખતબાને આ વાતની જાણ થઈ. તેમણે મહારાજને વિનંતિ કરીને કહ્યું : ''મહારાજ ! ભલે સંઘ અહીં આવે.

અમને સેવા કરવા દો.''

એટલે વળી, શ્રીહરિએ સુરાખાચરને કહ્યું : ''વખતબાની ઈચ્છા છે અને વળી હજુ ઘણી વેળા છે, તે સંઘ તો અહીં પહોંચી જાત, પણ આપણે ના કહેવરાવી તે આજ અહીં નહીં આવે ને પારકે પાદર રાત્રિના હેરાન થાશે. માટે બીજો અસવાર મોકલીને સંઘને વડતાલ તેડાવો.''

તરત સુરાખાચરે બીજો ઘોડેસવાર મોકલ્યો.

બીજે દિવસે સવારમાં એ સંઘ વડતાલ આવ્યો. વખતબા અને તેની પુત્રવધૂઓએ સૌ માટે સ્નાન-ભોજનની સારી સુવિધા તૈયાર કરી હતી. સૌ પરવારીને શ્રીહરિના દર્શને કરવા ગયા. તે વખતે શ્રીહરિ ગોમતીને કાંઠે સભા કરીને બિરાજ્યા હતા. તે સંઘમાં એક માજી સ્વભાવે બહુ તીખા હતા. તે શ્રીહરિ પાસે જઈને શ્રીહરિને વઢવા માંડ્યાં : ''કાલ તો અમને હેરાન કરી નાખ્યાં. ઘડીકમાં વેલડાં જોડાવ્યાં ને ઘડીકમાં છોડાવ્યાં, ને વળી આવશો તો બીક લાગશે - એમ બતાવ્યું. તે એવું શું તોફાન લઈ બેઠા છો ? બીક કેની લગાડી લાગે છે ને કેની મટાડી મટે છે ? એ શું બીજા કોઈના હાથમાં છે ? માટે અમને તો એવી રીસ ચડી જે, જાણીએ તમારું મોઢું ન જોઈએ, પણ શું કરીએ બીજો કોઈ ભગવાન હોય તો તેની આગળ રાવ કરત, પણ બીજા તો કોઈ ભગવાન ન મળે ! તે ક્યાં જોઈએ ?''

એમ એ માજી વઢતાં રહ્યાં અને ભગવાન શ્રીહરિ તો મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા લાગ્યા.

પછી શ્રીહરિ બોલ્યા : ''અરે માજી ! વખતબાએ તમારા સૌ માટે સુવિધા ગોઠવી દીધી હતી, પરંતુ રાત્રે કોઈ તકલીફ ન પડે તેથી સવારે આવવા જણાવ્યું. હવે તો તમે જોજો ને ! સોનામહોરની થાળી ભરીને કાશી સુધી કોઈ ચાલ્યો જાય તો પણ રસ્તે કોઈ તેને લૂંટે નહિ, મારગ પણ કોઈને પૂછવો પડે નહિ, પહોંચતા વાર પણ ન લાગે એવો રાજા તમારી રક્ષા કરવા આવી રહ્યો છે.''

તે પછી બ્રિટિશ રાજ્ય થયું. તેમના રાજ્યમાં તેણે શ્રીહરિએ કહ્યું તેવો જ બંદોબસ્ત કર્યો.

●

ભગવાન શ્રીહરિની આજ્ઞા અનુસાર સેવા કરનાર, વ્યવહારકુશળ વખતબાએ પોતાના જીવનનિર્વાહ માટેની પોતાની જીવનમૂડી સાચવી રાખી હતી. પોતાને પ્રાપ્ત થયેલી એ શુભ સંપત્તિનો ઉપયોગ તેમણે સત્સંગ સેવા માટે કર્યો. તેમણે અંતિમ અવસ્થામાં પોતાની

બધી જ મિલકત શ્રીલક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરી દીધી. પોતાને રહેવાનું મકાન, સુવર્ણ કે ચાંદીના આભૂષણો, વાસણ વગેરે પોતાનું સર્વસ્વ શ્રીલક્ષ્મીનારાયણદેવને અર્પણ કરનાર વખતબા ખરેખર વંદનીય હતાં.

●●●

❁ જીજીબા

મધ્ય ગુજરાતના પગી પરિવારો ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ થયા પછી ખેતીનો પોતાનો મૂળ વ્યવસાય કરવા લાગ્યા હતા.

વડતાલના જોબનપગીને ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ રંગ લાગ્યો અને તેમણે પોતાના સગાં-સ્નેહી ભાયાતોને સ્વામિનારાયણી પંચવર્તમાન ધારણ કરાવ્યાં. પગી પરિવારના જે લોકો માંસાહાર કરતા, તે હવે માંકડ-ચાંચડ મારવામાં પણ પાપ સમજવા લાગ્યા. કપાળમાં તિલક-ચાંદલો કરતા થયા. હાથમાં શસ્ત્રો હતાં તેની જગ્યાએ માળા આવી ગઈ !

જે મુખથી અપશબ્દો અને બીભત્સ ગાળો બોલાતી તે મુખમાં હવે સ્વામિનારાયણ મહામંત્રનો જપ શરૂ થઈ ગયો !

આવા સુઘડ પવિત્ર જીવન જીવતા આ પગી પરિવારોમાં ભગવાન શ્રીહરિ છવાઈ ગયા.

વડતાલના એવા જ એક પગી પરિવારમાં જગતો પગી અને વખતો પગી હતા. તેમની માતાનું નામ જીજીબા હતું. જોબનપગીના યોગથી તેમને સત્સંગ થયો હતો. જીવન પરિવર્તન થયું પછી પોતાના બંને દીકરાઓ ખેતી કરીને ગુજરાન ચલાવતા.

જગતો પગી અને વખતો પગી બંને પોતાની માતા જીજીબાના પગલે સત્સંગના નિયમ-ધર્મો યથાર્થપણે પાળવા લાગ્યા.

માતા જીજીબા ઉત્સવ, સમૈયામાં અને વડતાલ મંદિરના બાંધકામમાં તન, મન અને ધનથી યથાશક્તિ સેવા કરવા મોકલતાં અને પોતે પણ સેવામાં તત્પર રહેતાં.

પોતાના બંને દીકરાઓને ભગવાન શ્રીહરિના અનન્ય ભક્ત બનાવવામાં જીજીબાનો સિંહફાળો હતો. બંને ભાઈઓ માતા જીજીબાનું વચન ઉથામતાં નહિ. ખેતીના પાકમાંથી દશમો ભાગ ધર્માદો કરવાનું ચૂકતા નહિ.

આ પગી પરિવાર ઘણું કરીને વાડીએ જ ઘર બાંધીને રહેતો.

●

જીજીબાના ઉમેડાવાળા ખેતરમાં એક છેડે સરસ મજાનું રાયણનું વૃક્ષ હતું. રાયણનાં ફળો નીચે પડતાં અને જીજીબા તેને સૂકવીને રાયણકોકડી બનાવતાં.

એકવખત જીજીબા પોતાના ખેતરનાં એ રાયણનાં ફળો વીણીને ભેગાં કરતાં હતાં. મધ્યાહ્ન સમય થયો તેથી ભોજન કરીને જીજીબા રાયણની છાયામાં વિશ્રાંતિ લેતાં બેઠાં હતાં.

એ સમયમાં ઉત્તરસંડાથી વડતાલ જવા નીકળેલા ભગવાન શ્રીહરિને દૂરથી જીજીબાએ જોયાં. શ્રીહરિ સાથે પાર્ષદો પણ હતા. વૃક્ષની છાયામાંથી ઊભાં થઈને જીજીબા શ્રીહરિના માર્ગની નજીકમાં આવ્યાં.

જીજીબાએ શ્રીહરિને પ્રણામ કર્યા અને કહ્યું : "મહારાજ ! આવા ધોમધખતા તડકામાં આપ નીકળ્યા ! અહીં મારું ખેતર છે, રાયણનો છાયો છે, આપ પધારો. વૃક્ષની છાયામાં વિશ્રાંતિ કરો. મારા ખેતરને તથા રાયણને પવિત્ર કરો."

જીજીબાની વિનંતી સ્વીકારીને ભગવાન શ્રીહરિ તેના ખેતરમાં ગયા અને રાયણના વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠા.

તે વખતે જીજીબાએ શ્રીહરિને કહ્યું : "મહારાજ ! આપનું સ્વાગત કરવાનું મન તો થાય, પરંતુ આપ જમો તેવા પદાર્થો મારી પાસે છે નહિ. વળી, આ રાયણનાં ફળો છે, પણ તેમાં ઇંખ પડેલા છે, તે સડી ગયેલા ફળો આપને કેમ અપાય ? અમ સત્સંગ સ્વીકાર્યો તેથી જીવજંતુને મારતા ખચકાટ થાય છે. ધતૂરાની ધૂણીથી જંતુ મરી જાય પણ તેનું પાપ માથે ચઢે."

આ સાંભળી ભગવાન શ્રીહરિની આંખોમાં કરુણા છલકાઈ ગઈ.

ભગવાન શ્રીહરિ કહે : "જીજીબા ! હવેથી તમારા આ રાયણના ઝાડવે ફળોમાં જંતુ નહીં બેસે. અત્યાર સુધી આ ફળો ભગવાનન કે ભગવાનના સંતને મુખે ગયાં નથી, આજે એ અવસર આવ્યો છે. આ ફળોમાંથી સારી સારી રાયણો શોધીને થાળ ભરો. અમે અને સંતો જમીશું. તેથી તેનાં પુણ્ય થશે. પછી જે ફળો આવશે તેમાં ઇંખ નહિ પડે. વળી, તમે રાયણના ફળો વેચો તે આવકમાંથી પણ દશમો ભાગ ભગવાનનો કાઢજો, એટલે તમારે આવકમાં પણ ભગવાન બરકત દેશે અને તમે સુધી થશો."

ભગવાન શ્રીહરિની વાણી સાંભળીને આનંદિત થયેલા જીજીબાએ સારાં સારાં ફળો વીણીને શ્રીહરિને આપ્યાં અને દશાંશ ભાગ મંદિરમાં આપવાનો નિયમ પણ રાખ્યો. ત્યારથી તેઓ આર્થિક રીતે સુખી થયાં.

આ વિગત 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખતાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

પછી ડોશિયે તે ફળ દીધાં, કૃપાનાથે કૃપા કરી લીધાં; ફળ રાયણનાં થયાં મીઠાં, તે તો દૃષ્ટિએ બહુ જને દીઠાં.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭/૩૬)

●●●

❁ સુરજબા અને રળિયાતબા

ભગવાન શ્રીહરિએ સંવત ૧૮૬૬માં ડભાણમાં મહાયજ્ઞ કરી રહ્યા હતા. આ યજ્ઞમાં દૂર દૂરથી હરિભક્તો પધાર્યા હતા.

અઢાર દિવસ ચાલુ રહેલા આ મહાયજ્ઞ એટલો બધો પ્રસિદ્ધ થયો કે વડતાલના ખૂનખાર લૂંટારા જોબનપગી શ્રીહરિનો ઘોડો ચોરવા આવ્યા અને કાયમ માટે તેમણે તલવાર મૂકીને હાથમાં માળા લીધી. શ્રીહરિના અનન્ય ભક્ત બની ગયા. તેમનું આવું પરિવર્તન જોઈ તેમના સાગરીતો પણ સત્સંગી થયા.

આ મહાન ભક્તરાજ જોબનપગીને બે પુત્રીઓ હતી.

એકનું નામ સૂરજબા અને બીજાનું નામ રળિયાતબા હતું.

બંને બહેનોએ પિતાનું પરિવર્તન જોઈને શ્રીહરિમાં અનન્ય પ્રીતિ કરી હતી. તે વખતે પોતાના દાદીમાં વખતબાએ પણ શ્રીહરિનો આશ્રય કરેલો. દાદીમાની છત્રછાયામાં ઊછરેલી બંને બહેનોએ જીવનો સત્સંગ કરી લીધો. સમગ્ર જીવન શ્રીહરિના ચરણોમાં ન્યોછાવર કરી દીધું.

ભગવાન શ્રીહરિએ આ અનન્ય ભક્તની ભક્તિને વશ થઈને વડતાલમાં ભવ્ય મંદિર બાંધ્યું.

સૂરજબા અને રળિયાતબા બંને બહેનોએ અનેક વખત શ્રીહરિ, સંતો, પાર્ષદો તથા હરિભક્તોને પોતાને ઘેર પધરાવ્યા હતા અને મિષ્ટાન્ન ભોજન કરાવીને સર્વેને જમાડ્યા હતા. વસ્ત્ર-આભૂષણો અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી હતી. સંતોને પણ ધોતિયા અર્પણ કરાવીને તેમની પૂજા કરાવી હતી અને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

●

ગઢડામાં સાંખ્યયોગી બાઈઓ જીવુબા, લાડુબા, રાજબા, ગંગામા વગેરે સમૈયા-ઉત્સવોમાં અવાનનવાર વડતાલ આવતાં. તે વખતે બંને બહેનો તેમની સેવા કરતી. સૌનો સમાગમ કરીને શ્રીહરિની નવધા ભક્તિમાં ઓતપ્રોત થઈ જતી. સત્સંગની કથાવાર્તા સાંભળતી. નિયમ અને સ્વધર્મનું પાલન કરતી. પોતે પણ કથાવાર્તા યાદ રાખતી.

આ બંને બહેનોએ કથાવાર્તામાંથી સાર કાઢીને નક્કી કરી લીધું હતું કે શાશ્વત સુખના નિધિ પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ છે. તેમની ભક્તિ બ્રહ્મરૂપે કરનારાઓ ભવબંધનથી છૂટીને માયાપાર થાય છે ને મુક્ત પદવીને પામે છે અને અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં શાશ્વત સુખને પામે છે.

આ પ્રકારના વિવેક-જ્ઞાનની દૃઢ નિષ્ઠા કરીને આ બંને બહેનોએ નક્કી કર્યું કે આજીવન તપ કરીને આપણે ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરી લેવા છે. તે માટે સાંખ્યયોગી દીક્ષા ગ્રહણ કરીને આજીવન શ્રીહરિના ચરણોમાં સમર્પિત થઈને સત્સંગની સેવા કરવી છે. વ્રત, જપ, તપ કરીને નિષ્કામભાવથી ભગવાનને ભજવા છે અને છેલ્લો જન્મ કરીને મોક્ષ સુધારી લેવો છે.

આમ, બંને બહેનોએ નિર્ણય કરીને પોતાનો આ શુભ વિચાર પોતાના દાદીમાં વખતબાને તથા પોતાના માતા-પિતાને કહ્યો.

પોતાની પુત્રીઓનો આ પ્રકારના શુભ વિચાર સાંભળીને જોબનપગી તથા તેના કુટુંબીજનો પ્રસન્ન થયાં અને કહ્યું : "દીકરીઓ! તમે ભગવાન ભજવા માટે જે વિચાર કર્યો છે, તેમાં અમે રાજી છીએ અને તેમે ખુશીથી સાંખ્યયોગી થાઓ અને ભજન-ભક્તિ કરો તેમજ સત્સંગની સેવા કરો. તમારા જીવનનિર્વાહની જરાપણ ચિંતા કરશો નહિ."

આ રીતે પોતાના માતા-પિતા અને વડીલોની સંમતિ અને આશીર્વાદ પ્રાપ્ત કરીને આ બંને બહેનોએ સત્સંગની સાંખ્યયોગી દીક્ષા લીધી. વળી, આ બંને બહેનો સાથે વડતાલના જ વજા પગીની પુત્રી અમરબાઈ પણ સાંખ્યયોગી થયાં હતાં. તેમજ ગણેશ પગીની દીકરી રામબા પણ સાંખ્યયોગી થયાં હતાં. તથા માનબા, જીતબા, નવલબા, વડતાલના વિપ્ર વનમાળીના પુત્રી અવલબા વગેરે

અનેક બહેનોને વખતબાએ સત્સંગ કરાવ્યો હતો.

પિતા જોબનપગીની જેમ આ બંને સાંખ્યયોગી બહેનોએ વડતાલના મંદિરમાં જ રહીને અન્ય મહિલાઓને શ્રીહરિનો મહિમા કહી સત્સંગનો પ્રચાર કર્યો.

આ રીતે સ્નેહ, સમર્પણભાવ અને એક રહેણીકહેણીવાળું જીવન જીવી બંને બહેનોએએ એક આદર્શ ભક્તનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખતાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

સૂરજબા તથા રળિયાતબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઈ; પગી જોબનની પુત્રી બેય, મહામુક્ત સહુ તો કહેય.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭/૫૬)

●●●

❁ ઉજમબા :

તખા પગીનાં પત્ની ઉજમબા. તખા પગીના પગલે પગલે એ સત્સંગી બન્યાં. પોતનાં ગામ બામરોલીમાં ભગવાન શ્રીહરિ પધારે; એમની સાથે સંતો અને સાંખ્યયોગી બાઈઓ પધારે. આ સૌની આગતા-સ્વાગતા, દર્શન અને સત્સંગ થકી ઉજમબાનું ઘડતર થવા લાગ્યું.

પોતાના પતિ તખા પગી ઉચ્ચ કોટિનું સાત્ત્વિક જીવન જીવતા હતા. ઉજમબા પણ એવું જીવન જીવવા લાગ્યા. સવારે વહેલા ઊઠવું, સ્નાન પૂજા, પાઠ, નિત્યનિયમ કરવાં એ બધી બાબતો જીવનમાં વણાઈ ગઈ. એમના થકી સમગ્ર પરિવાર ભક્તિમય બન્યો. શ્રીહરિનો રાજીપો મેળવવા હરઘડી ભક્તિ કરે.

એક વર્ષે ડાંગરનો પાક સારો થયો. ઉજમબા અને એમની બે દીકરીઓએ સંકલ્પ કર્યો આ ડાંગરના ચોખા બનાવી શ્રીહરિના ઉત્સવમાં વાપરવા. એમણે તો પૌઆ બનાવી દીધા. શ્રીહરિ જન્માષ્ટમીનો સમૈયો ઉજવવા વડતાલ પધાર્યા. ઉજમબાએ પોતાનો મનોરથ તખા પગી દ્વારા શ્રીહરિને પહોંચાડ્યો.

તખા પગીએ શ્રીહરિને અરજ કરી, 'હે મહારાજ ! અમારે ત્યાં મારા ધર્મપત્ની તથા દીકરીઓએ શરદ પૂનમનો ઉત્સવ ઉજવવાના હેતુથી પૌંઆ તૈયાર કરી રાખ્યા છે. તો આપ પધારો અને આ ઉત્સવ નિમિત્તે અમારા નાનકડા ગામને પાવન કરો.' શ્રીહરિએ તખા પગી પરિવારની વિનંતી સ્વીકારી.

ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સહિત બામરોલી પધાર્યા.શ્રીહરિએ પોતાનો ઉતારો તખા પગીને ત્યાં જ રાખ્યો. શ્રીહરિ અને સંતોની ઉપસ્થિતિમાં બામરોલીનાં ગામ જનોએ અનોખો શરદ પૂર્ણિમાં ઉત્સવ માણ્યો. ઠાકોરજીને દૂધ પૌંઆ ધરાવવામાં આવ્યા. પ્રત્યેકને દૂધ પૌંઆની પ્રસાદી આપવામાં આવી.


સંતો-હરિભક્તો અને બહેનો અલગ અલગ રાસ રમ્યા. ઉજમબા અને તેમના પરિવારની ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાનાં વસ્ત્રો તેમને પૂજવા આપ્યાં.

ભક્ત બોલ્યા તખોપગી ત્યારે, આવો હે પ્રભુ ગામ અમારે; કરો શરદપુનમ તહાં શ્યામ, ઇચ્છે જન બામણોલીના આમ...૩૦
નવા પુંવા કર્યા છે તૈયાર, આવીને કરો તે અંગીકાર; એવી વિનતિ સુણીને અતોલ, બહુનામી ગયા બામણોલ...૩૧
હતો શરદપુનમ દિન સારો, કર્યો ખેતર માંહિ ઉતારો; તખો બાદર જોરો ને બાજી, વનેસંગ થયા બહુ રાજી...૩૨
ભલા ભક્ત અમરસિંહ એવા, મળી સૌએ સજી ભલી સેવા; દૂધ સાકર ને પુંવા લાવ્યા, ધર્મનંદન પાસે ધરાવ્યા...૩૩
ભગવંત જમ્યા જમ્યા સંત, જમ્યા પાર્ષદ આદિ અનંત; પુંવા જેણે કરેલા તૈયાર, તેના પુણ્ય તણો નહિ પાર...૩૪
ધન્ય ધન્ય તે બાઈયો ધર્મી, કહેવાય તે તો સતકર્મી; તખાની નારી ઉજમ છેય, ફુલબા પ્રાણબા પુત્રી બેય...૩૫
પુંવા તૈયાર તેણે કરેલા, સાચવી શુભ પાત્રે ધરેલા; કોટિ બ્રહ્માંડના કરતાર, પુંવા તેણે કર્યા અંગિકાર...૩૬

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

❁ વડતાલના અન્ય ભક્તોના પ્રસંગો :

• વડતાલમાં ભગવાન શ્રીહરિ કાશીરામભાઈનો થાળ જમ્યા :



ગામ વડતાલના બ્રાહ્મણ કાશીરામભાઈ ભગવાન શ્રીહરિના અનન્ય ભક્ત હતા. તે કાશીરામભાઈ શ્રીહરિની મૂર્તિ ધારીને નિરંતર માળા ફેરવતા હતા. તેમની ઘણી ગરીબ સ્થિતિને લઈને શ્રીહરિને જમાડવા માટે બહુ સંકલ્પ કરતા હતા. જેની પાસે ધન હોય તે ઉત્તમ પ્રકારના થાળ કરીને જમાડે પણ આપણી પાસે ધન ન હોવાથી શી રીતે થાળ કરીને જમાડીએ ?

આવી પોતાના પતિની વાણી સાંભળીને તેમની સ્ત્રી કહે જે યથા દેહે તથા દેવે. માટે આપણે જે ખાઈએ તે શ્રીહરિને જમાડવા; માટે થાળ કરીએ. પછી કાશીરામભાઈએ પોતાની સ્ત્રી પાસે કોદરાના રોટલા તથા મઠની દાળ કરાવી. પછીથી તે બ્રાહ્મણનો જમાડવાનો ભાવ જોઈને શ્રીહરિ મુકુંદાનંદ બ્રહ્મચારી સહિત કાશીરામભાઈને ઘેર પધાર્યા ને પછી સ્નાન કરી એક પીતાંબર પેરી તથા એક ઓઢીને ભંડારમાં જમવા બેઠા.

ત્યારેશ્રીહરિ આગળ થાળમાં કોદરાના રોટલા તથા મઠની દાળ મૂકી તે જોઈને શ્રીહરિએ કહ્યું કે જે, "હે કાશીરામભાઈ ! તમે અંતર્યામિપણે અમારો સંકલ્પ જાણીને આ થાળ કર્યો છે કારણ કે બહારગામના હરિભક્તોના ગળપણવાળા થાળ જમીને ગળપણવાળા થાળ જમવાની અમને અરુચિ થઈ હતી માટે અમારી ઈચ્છા પ્રમાણે થાળ થયો છે." એમ કહીને ભગવાન શ્રીહરિ કોદરાનો રોટલો તથા મઠની દાળ જમીને તે કાશીરામભાઈ ઉપર પ્રસન્ન થયા. માટે જેનો ભાવ હોય તેનું શ્રીહરિ ઘણાં પ્રેમથી જમે છે માટે સદ્‌ભાવથી જમાડીએ તો શ્રીહરિ જરૂર જમે છે.

(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર : વાત-૧૮૯)

• વડતાલમાં ભગવાન શ્રીહરિ બાઈઓ હરિભક્તોનો થાળ જમ્યા :

પછી વડતાલે આવ્યા અને મહારાજ જોબનપગીની મેડીએ ઊતર્યા અને સાધુ ધર્મશાળામાં ઊતર્યા. અને મહારાજને અર્થે બાઈયું થાળ કરતા, ત્યાં મહારાજ જમવા જાય. તે રોજ બે બે ગુરુને વારાફરતી તેડી જાતા, એવું પ્રકરણ કર્યું હતું. તેમાં એક દિવસ તો આત્માનંદસ્વામીને અને અનંતાનંદસ્વામીને, એ બેને મહારાજ જમવા તેડી ગયા, અને ત્યાં જમવા બેઠા, તે મહારાજને આસન નાંખી દીધું, તે ઉપર બેઠા. પછી મહારાજને જમવાનું થાળમાં પીરસતા હતા. ત્યારે એક બાઈ કહે જે, "ઓલ્યું પીરસો," ત્યારે બીજી કહે જે, "પેલું પીરસો," ત્યારે ત્રીજી કહે જે, "કોણ ?" ત્યારે મહારાજ કહે જે, "તમારું ઓલ્યું, પેલું ને કાણું, તે સર્વે" રહેવા દ્યો અને જમવાનું લાવો." પછી બાઈયુ હસી.

પછી મહારાજને જમવા સારું આગળ થાળ ધર્યો અને સાધુની આગળ થાળી મેલી, તે મહારાજ ને સાધુ જમ્યા. પછી મહારાજ કહે, "ખીચડી ઊની છે, તે કાંઈ ઠારવાનું લાવો." પછી તે બાઈએ પિત્તળની કડછી આપી. પછી મહારાજે લઈને પોતાની થાળીમાં ખીચડી પહોળી કરી, અને પછી આત્માનંદ સ્વામીની થાળીમાં પહોળી કરવા માંડી અને એમ બોલ્યા જે, "જુઓ, કોણ વટલે છે?" એમ રમૂજ કરતાં કરતાં જમી રહ્યા.

પછી ચળુ કરીને બેઠા ત્યારે બાઈએ દાડમ ફોલીને કટોરામાં ઘાલીને મહારાજ આગળ મેલ્યો. તે મહારાજે લઈને સાધુને આપ્યો. તે સાધુ જમી ગયા. પછી તે બાઈએ કહ્યું જે, "કોઈ પ્રસાદીયે રહેવા દેતા નથી! અમે તો પ્રસાદી સારુ મેલ્યો હતો !"

પછી મહારાજ કહે જે, ''અમે શું જાણીયે જે તમારે પ્રસાદી જોઈએ છે ! અને જેને પ્રસાદી જોઈતી હોય તો હજારો માણસમાં માગી લઈએ, તેની લાજ શી રાખવી ?'' પછી મહારાજ ઉતારે પધાર્યા અને સાધુ ધર્મશાળામાં આવ્યા. અને અનંતાનંદ સ્વામીએ કહ્યું જે, ''પ્રસાદી તો હજારો માણસમાં માગી લેવી એમ મોકળા કરી.'' પછી રામદાસજીએ આત્માનંદ સ્વામીને પૂછ્યું જે, ''પ્રસાદી માગ્યાની મોકળ કરી છે?'' ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે, '' એ તો બાઈયુંને ખપે(બાઈઓ માંગી શકે) નહીં તે સારું 'માગી લઈએ, શી લાજ રાખીએ?' એમ શ્રીજીમહારાજ બોલ્યા હતા.''

(સદ્‌ગુરુ શ્રી ભાયાત્મનંદ સ્વામીની વાતો : વા-૧૪૩)

● વડતાલના મીનળ કોળીની ભાવના :

એક સમે શ્રીજીમહારાજ વડતાલમાં બિરાજે. શ્રીજીમહારાજને રોજ રોજ હરિભક્તો નીત નવા થાળ જમાડે. એ જોઈ મીનળ કોળી મણમણના નિસાસા નાખે. એને થાય માણહનો દેહ મળ્યો. શ્રીજીમહારાજનો જોગ થયો. પણ, દરિદ્ર ભારે નડે છે. બધા શ્રીજીમહારાજને જમાડે છે ને હું જોઈ રહું છું.

મીનળ કોળી એ સોંડો કોળીની ઘરવાળી, સોંડો કોળી એ જોબન પગીનો ચાકર. જોબન પગીનાં ઢોર સાચવે. પણ આ ચાકરીમાં માંડ માંડ રોટલા મળે.

મીનળ કોળીને ચેન ના પડે. કામમાં જીવ ના ચોંટે. કરવાનું કામ ના કરે અને આડું અવળું કરે. એનો ઘરવાળો જુએ અને અને ટોકે. સોંડો કહે, મનમાં હોય એ કહે તો સમજણ પડે.

મીનળથી ડુંસકું ભરાઈ ગયું. બોલી, શ્રીજીમહારાજ દસ દિવસથી પધાર્યા છે. સૌ એમને થાળ કરે છે. આપણે જ એક અભાગિયા છીએ કે થાળ નથી કરી શકતા. બસ આ દુખ છે.

સોંડો કોળી કહે, 'તારી વાત હાચી, હું ય આ વિચારું છું. હવે એ જ ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણને કંઈક મદદ કરે.'

અને, બીજે દિવસે સોંડા કોળીએ તેની ઘરવાળીને કહ્યું, 'આજ આપણે મહારાજને થાળ કરીએ'.

એ સાંભળી મીનળે છણકો કર્યો, 'શું ધૂળ જમાડશું? આપણા ઝૂંપડામાં તો હાંલ્લાં કુસ્તી કરે છે?'

સોંડાએ ઘરવાળીને આશ્વાસન આપ્યું. કહે, 'મહારાજ તો ભાવના ભૂખ્યા છે. જે મળે એ જમે ને પરસાદી કરી આપે.'

ભગવાનના ભાવને મનમાં ધરી મીનળ કોળીએ કોદરાનો રોટલો ને કદળીની ભાજી બનાવી. એ લઈ મહારાજ સમક્ષ ગઈ ને બોલી, 'મહારાજ આજ મારો થાળ જમો.'

શ્રીજી મહારાજે થાળ લીધો. રોટલાનો કટકો કર્યો ને ભાજીમાં બોળ્યો. ખાધો, બોલ્યા, 'આજ તો આ થાળથી મોજ આવી ગઈ. થોડીક વારમાં તો મહારાજ અડધો રોટલો જમી ગયા. બધા વિચારે, આ થાળ કેવો સ્વાદિષ્ટ હશે?

બ્રહ્માનંદ સ્વામીથી ના રહેવાયું. ઊભા થયા ને જોયું તો થાળમાં કોદરાનો રોટલો ને કદળીની ભાજી. કહે, 'મહારાજ! રાખો હવે. આખો થાળ એકલાથી ન ખવાય. કોઈને માટે પ્રસાદી રાખો. આટલા બધાની નજર લાગશે તો પેટમાં દુખશે.'

શ્રીજી મહારાજ કહે, 'સ્વામી! પેટમાં ન દુખે ને કોઈની નજર પણ ન લાગે. લ્યો, તમેય ચાખો.' એમ કહી શ્રીજીમહારાજે બટકું રોટલો ભાજીમાં બોળી બ્રહ્માનંદ સ્વામીને આપ્યો. પછી પોતે આખો રોટલો જમી ગયા ને સૂવા પધાર્યા.

મીનળ તો સહેજ દૂર ઊભી હતી. એ તો પોતાનો થાળ જમતા શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગઈ હતી. શ્રીજીમહારાજ સભા છોડી ગયા એની પણ એને ખબર ન પડી. કોઈકે જગાડી એટલે એ પણ ઘર તરફ ઉપડી.

એ દિવસે કોંડો કોળી અને મીનળ કોળીએ સાચે જ અનુભવ્યું - આજનો દિવસ રળિયામણો.

● વડતાલના એક વણિકને સંપત્તિ મળતા સત્સંગ ગયો :

વડતાલ ગામના વણિકની વાત છે. જ્યારે જ્યારે શ્રીજીમહારાજ વડતાલ પધારે ત્યારે આ વણિક ભક્ત શ્રીજીમહારાજની રાત દિવસ સેવા કરે. શ્રીજીમહારાજ જ્યારે ગઢડાથી વડતાલ પધારે ત્યારે દસ બાર ગાઉ સામે લેવા જાય. અને પરત પધારે ત્યારે પણ દસ બાર ગાઉ વળાવવા જાય.

વડતાલ ખાતે એક સમે શ્રીજીમહારાજ બિરાજમાન હતા. એક દિવસ મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે બેઠા હતા. તે સમયે તે વણિક ભક્ત ત્યાં દર્શને આવ્યો.શ્રીજીમહારાજ બોલ્યા, 'સ્વામી ! આ ભક્ત બહુ સારા છે ને બહુ પ્રેમી છે.'

શ્રીજીમહારાજની મરજી જોઈ, મુક્તાનંદ સ્વામી બોલ્યા, 'હા મહારાજ ! એ ભક્ત તો બહુ સારા છે ને પ્રેમી છે પણ વ્યવહારે

બહુ દુર્બળ છે.'

એથી, શ્રીજીમહારાજને થયું જે, મુક્તાનંદ સ્વામીને એ વણિકનો વ્યવહાર સુધારવાની મરજી છે. તેથી પોતે તે ભક્ત સામું જોયું. એ કૃપાદૃષ્ટિ થકી થોડા જ દિવસમાં તે ભક્ત દસ હજારનો આસામી થઈ ગયો ને પછી વ્યવહારમાં બહુ ગુંચાણો.

થોડા સમય બાદ શ્રીજીમહારાજ પુનઃ એક વખત ગઢડાથી વડતાલ પધાર્યા. ત્યારે તે ભક્ત રાત્રિના દસ વાગે દર્શને આવ્યો. તે સમયે મુક્તાનંદ સ્વામી પણ મહારાજ પાસે બેઠા હતા. શ્રીજીમહારાજે પૂછ્યું, 'કેમ ભક્ત ! આટલા મોડા આવ્યા ? કંઈ ગયા હતા કે શું ?'

એ વણિક ભક્ત બોલ્યો, 'ના મહારાજ ! ક્યાંઈ ગયો નહોતો પણ વ્યવહારમાં ગુંચાણો હતો. તેથી સમય ન મળ્યો ને આવી ન શકાયું.'

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી સામે જોઈ બોલ્યા, 'આ જીવને આપીએ તોય દુઃખી થાય છે ને ન આપીએ તોય દુઃખી થાય છે.'

ત્યારબાદ તે વણિકની સ્થિતિ પ્રથમ હતી તેવી થઈ ગઈ. (શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૫)

• વડતાલના ઠાકોરપગીને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો :

શ્રીજીમહારાજે વડતાલમાં ભવ્ય ફૂલદોલોત્સવ ઉજવ્યો તે પ્રસંગની વાત છે.

શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો-હરિભક્તો સાથે ધના તલાવડીએ સ્નાન કરવા ગયા. સ્નાન વિધિ પત્યા બાદ શ્રીહરિ ઘોડી ઉપર બેસવા જતા હતા ત્યારે એક ઠાકોર પગી આવ્યા અને બોલ્યા, 'મહારાજ ! તમે ભગવાન કહેવાતા હોવાથી સર્વેના અંતરની વાત જણાવી શકો છો. તો તમે કહો કે મારા ખેતરમાં શું છે ?'

શ્રીજીમહારાજે જવાબ આપ્યો, 'પગી ! તમે તમારા ખેતરમાં ત્રણ ખડબુચાં જમીનમાં દાટ્યાં છે. તેમાં એક તમારા મામાને આપ વા દાટ્યું હતું તે સડી ગયું છે. અને અમારા માટે દાટ્યું હતું તે સારું છે તે લઈ આવો.'

શ્રીજીમહારાજની વાત સાંભળી ઠાકોર પગી ખેતરમાં ગયા અને જોયું તો શ્રીજીમહારાજે કહ્યું તે પ્રમાણે જ હતું. તેમના મામા માટેનું ખડબુચ સડી ગયું હતું. ઠાકોર પગીએ શ્રીજીમહારાજ માટે હતું તે લીધું અને તેઓ જ્યાં બિરાજમાન હતા ત્યાં જઈ વંદન કરી અર્પણ કર્યું. ઠાકોર પગી બોલ્યા, 'મહારાજ ! હવે તમે ભગવાન સાચા.'

ઠાકોર પગીને શ્રીજીમહારાજે આ રીતે ભગવાનપણાનો નિશ્ચય કરાવેલ.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની કૃત વાર્તા : નં. ૬૭)

• બામરોલીના ઠાકોરોએ વૈરાગીઓને મારી ભગાડ્યા :

એક સમયની વાત. મુક્તાનંદ સ્વામી, અદભૂતાનંદ સ્વામી સહિત ઘણા સાધુઓ વડતાલ સત્સંગ અર્થે પધારેલા. આ સહુ સાધુઓ નારણગર બાવાજીના ઘરની પાછળ આવેલ માતાની ધર્મશાળામાં ઊતર્યા હતા.

એ જ સમયે વડતાલ ખાતે ચારસો વૈરાગી બાવાઓની એક જમાત આવી. એમને ખબર પડી કે, સ્વામિનારાયણના મુંડિયા ગામમાં ઉતર્યા છે. એ બાવાઓને થયું, સરસ તક છે. સ્વામિનારાયણના મુંડિયાઓને પતાવી દેવાની. એ બાવાઓ સાંજે હુમલો કરવાનું ગોઠવ્યું.

નારણગર બાવાને આ વૈરાગીઓની મેલી મુરાદની ખબર પડી ગઈ. એણે ચિંતાથી સ્વામિનારાયણના સંતોને કહ્યું, 'તમે બધા અંદર રહેશો કે બહાર પણ, આ બાવાઓ તમને મારશે જ.' નારણગર બાવાજી તો મુક્તાનંદ સ્વામી પાસે બેસી બહુ ગળગળા થઈ ગયા.

આ સમયે જોબન પગી હરિભક્ત થયા ન હતા.

પણ, એ વખતે બામણોલીના સો જેટલા ઠાકોરોનું રાવણું સ્વામિનારાયણના સંતોના દર્શને આવેલ. એ બધા સંતો સામે બેઠેલા. નારણગર બાવાજીની વાત સાંભળી એ સૌ ઠાકોરો ધર્મશાળાની બહાર નીકળ્યા.

તે જ સમયે વૈરાગી બાવાઓ ગાળો બોલતા આવ્યા. ઠાકોરભાઈઓએ રોક્યા. એમને ટોક્યા. વૈરાગી બાવાઓ ન માન્યા તો પછી ઠાકોર ભાઈઓએ ઝપાઝપી શરુ કરી. ઠાકોરો અને વૈરાગીઓ વચ્ચે યુધ્ધ જેવું જ થઈ ગયું. સંતો તો બારણું બંધ કરી શ્રીજી મહારાજનું સ્મરણ કરવા લાગ્યા. ઠાકોરો લગભગ હથિયાર વગરના હતા પણ શ્રીજી મહારાજની કૃપા થકી એવા જુસ્સામાં આવી ગયા કે, બાવાઓનાં હથિયારથી એમને જ ઝૂડ્યા. કંઈકનાં માથાં ફૂટ્યા ને કંઈકના હાથપગ કપાયા. ઘણા બધા બાવા ભાગી છૂટ્યા.ભાગતા ભાગતા બે ચાર બાવા તો તળાવના કૂવામાં પડ્યા. બચેલા બાવાઓ હાથે પગે થઈ નાઠા.

એ વૈરાગી બાવાઓનો સામાન ને શાસ્ત્રો પડ્યાં રહ્યા. જોબન પગીના કહેવાથી તેનાં સાથીઓ એ બધું લઈ ગયા.

શ્રીજી મહારાજની કૃપા અને બામરોલીના ઠાકોરોની હિંમતને કારણે એ વૈરાગી બાવાઓ તે દિવસે સ્વામિનારાયણના સંતોને કશું કરી ન શક્યા. (આધાર - અદભૂતાનંદ સ્વામી કૃત વાર્તા, વા - ૧૮૪)

●●●

● વડતાલના ભક્તો દ્વારા ૨૬ વર્ષની એકધારી ભગવાન શ્રીહરિની ભક્તિ :

આ વડતાલ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ્રથમ વખત સંવત ૧૮૫૫ (ઈ.સ. ૧૭૯૯)માં વનવિચરણ દરમ્યાન, નીલકંઠ વર્ણીસ્વરૂપે ઉમરેઠથી પ્રભાતકાળે પધારી જોબનપગીને ઘરે જઈ ફળાહાર કર્યું હતું. ત્યારબાદ જેતપુરમાં ગાદીપદારુઢ થયા પછી રાજાધિરાજ સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ, સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)માં બોચાસણથી સંતો-પાર્ષદો સાથે વડતાલના નરવાદાર શ્રી બાપુભાઈ પટેલના નિમત્રંણ થકી વડતાલ પધાર્યા અને સંવત ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)માં અંતિમ વખત પધાર્યા. ઈ.સ. ૧૮૦૪થી ઈ.સ. ૧૮૩૦ના ૨૬ વર્ષના આ સમયગાળા દરમ્યાન, ભગવાન શ્રી સ્વામિનારાયણ ચાલીશથી વધુ વખત વડતાલ પધાર્યા હતા અને તેમાં એક દિવસથી માંડીને ચારથી વધુ માસ સુધી રોકાયા છે. ઈ.સ. ૧૭૯૯માં જોબનપગીએ અને અન્ય ભક્તોએ જે ભાવ શ્રીહરિ માટે દેખાડેલ તે પ્રતિદિન વધુ ને વધુ બળવત્તર બનતો ગયેલો. ભગવાન શ્રીહરિની ભક્તિ અને સત્સંગ માટે સમર્પણ એ ગામ સમસ્તનો ધર્મ બની રહેલ.

● સંતોની સેવા :

ભગવાન શ્રીહરિએ સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)ની પધરામણી દરમ્યાન બાપુભાઈ પટેલ સહિત અગિયાર વ્યક્તિઓને વ્રતમાન ધરાવેલ. એમાં વાસણજી સુથાર અને વનમાળી ગોર પણ હતા. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી સત્સંગના પ્રચાર - પ્રસાર માટે વડતાલ વિસ્તારમાં પધારેલા. એમની ભક્તિ અને જ્ઞાનથી પ્રભાવિત થઈ નારણગર ગોસાઈ એમને પોતાના મઠમાં બોલાવતા, સત્સંગ રાખતા, થાળ આપતા અને પછી તો મઠમાં જ રાખતા.

ભાઈરામદાસ સ્વામી પણ વડતાલમાં સત્સંગ પ્રચાર - પ્રસાર માટે રહેલા. મંદિર નિર્માણ કાર્ય માટે બ્રહ્માનંદ સ્વામી અને અન્ય સંતો ખાસ્સો સમય વડતાલમાં રહેલા. આ અને અન્ય સંતોની આગતા સ્વાગતા ને સરભરા સમસ્ત ગામ દ્વારા થતી. ભગવાન શ્રીહરિ અને અન્ય સંતો - ભક્તો માટેનું ગામ સમસ્તનું સમર્પણ અનન્ય રહેલું. વડતાલ ગામની આસપાસ આવેલ બામરોલી, મહુડીયાપરા જેવાં પરાંઓ પણ ભગવાન શ્રીહરિની ભક્તિના રંગે પૂરાં રંગાયેલ.

● નોખી માટીનું વડતાલ ગામ :

વડોદરા રાજ્યના પેટલાદ પરગણા અંતર્ગત વડતાલ ગામ આવેલ. એ સમયે હજાર - પંદરસોની વસ્તી;જેમાં તમામ જ્ઞાતિના લોકો રહે. ગામની આસપાસ તળાવો-કૂવા-કૂઈઓ. ગામ ફરતે ખેતીની ઉત્તમ જમીન. વૃક્ષોની વનરાજી એવી કે, શતાનંદ મુનિ એને 'વૃંદાવન' કહે. ગામમાં તમામ જ્ઞાતિઓ વચ્ચે સંપ. પણ, જોબન પગી અને એના સાથીઓનાં પરાક્રમો થકી વડોદરા રાજ્યનું લશ્કર પણ ગામનું નામ દેતાં ડરે.

શ્રી બાપુભાઈ પટેલ પરમાત્માના દર્શનની અદમ્ય ઝંખના ધરાવે ને પ્રગટ પરમાત્મા ભગવાન શ્રીહરિને મેળવીને જ ઝંપે. તો જોબન પગીની ધાક ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી વાગે. વડોદરા રાજ્યની તીજોરી બે વખત સફળતાપૂર્વક લૂંટે. પણ, ડભાણ ખાતે તે ભગવાન શ્રીહરિની ઘોડી કે અન્ય કોઈની વસ્તુ ચોરી ન શકે. ચોર લૂંટારાના રાજા ગણાતા જોબન પગી એક જ ક્ષણમાં ભગવાન શ્રીહરિની શરણાગતી સ્વીકારી, ભક્તરાજ બની જાય. વડતાલ ગામની માટી જ નોખી.

● ભવ્યાતિભવ્ય તર્પણ :

વડતાલ ગામનું તર્પણ ભવ્યાતિભવ્ય રહ્યું. એ બાબતે પ્રથમથી જ શ્રી બાપુભાઈ પટેલ મોભી બની રહ્યા. સાથી બન્યા વાસણ સુથાર, જોબન પગી, નારણગર ગોસાઈ અને અન્ય. ગામ સમસ્તે શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર માટે જમીન અર્પણ કરી. પછીથી ગોમતી તળાવ, ઓટાની જમીન વગેરે.

વડતાલ મંદિરના પાયામાં જ બે લાખ ઈંટો પૂરાઈ. એ દિવસોમાં જેનો પાયો આવો ભવ્ય તે સોનાનું જ બને. સંપ્રદાયના ગ્રંથોમાં જાણવા મળતી માહિતી મુજબ, ભગવાન શ્રીહરિ સમૈયો કરે ત્યારે અંતે આવક જાવક સરખી રહે. વડતાલ ગામે મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા

બાદ ૨૫ હજાર જેટલી રકમ વધેલી. સાત શિખરનું મંદિર વડતાલની ભક્તિનો પૂરાવો છે. માટે જ, ભગવાન શ્રીહરિએ વડતાલને સંપ્રદાયના એક વિભાગની ગાદીનું સ્થાન બનાવ્યું. વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની બનેલ છે.

• સૌની સેવા :

વડતાલ ગામના તર્પણનાં ઉદાહરણ યાદ કરતાં આજે પણ વડતાલવાસીઓ જ નહીં, ચરોતરવાસીઓ પણ ગૌરવ લે છે. નારણગર ગોસાઈ મંદિર નિર્માણ દરમ્યાન અવાર નવાર જેટલી રકમની જરુર પડે તે પૂરી પાડતા. મૂર્તિ પ્રતિષ્ઠા પછી ભગવાન શ્રીહરિએ હિસાબ કરવા કહ્યું તો, નારણગર ગોસાઈએ હિસાબના ચોપડા પર તુલસીપત્ર મૂકયાં ને એ હિસાબ ભગવાન શ્રીહરિને અર્પણ કરી દીધો. એમ કહેવાય છે કે, ખાસ્સી મોટી રકમનું તર્પણ હતું.

વડતાલની પ્રથમ મુલાકાત વખતે ભગવાન શ્રીહરિએ વાસણ સુતારના ઘરે પધરામણી કરી. ત્યારે કહેલ કે તે ઘર જ્ઞાન ભક્તિનું કેન્દ્ર બનશે. શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર નિર્માણ બાદ તેમનું ઘર બહેનોનું મંદિર બન્યું. શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરના ઠાકોરજીનાં થાળ માટે જોબન પગીએ પોતાનું રાવલીવાળું ૧૨ વીઘાનું ખેતર અર્પણ કર્યું. વડતાલની આસપાસની સેંકડો એકર જમીન ગામલોકોએ મંદિરને અર્પણ કરેલી.

• પ્રસંગોની ઉજવણીને પોતાનું સદ્‌ભાગ્ય માન્યું :

ભગવાન શ્રીહરિએ વડતાલમાં તમામ એકાદશીઓ ઉજવી. કોઈ એક ગામે તમામ એકાદશી ઉજવી હોય તો માત્ર વડતાલ ગામે જ. કાર્તિકી અને ચૈત્રી સમૈયા ઉજવી ભગવાન શ્રીહરિએ આજ્ઞા જાહેર કરી કે, પ્રતિ વર્ષ કાર્તિકી અને ચૈત્ર સમૈયામાં હરિભક્તોએ વડતાલ વણતેડાવ્યા આવવું. વડતાલ ગામે તમામ ઉત્સવો ઉજવ્યા. એમાંય ફૂલદોલોત્સવ તો ન ભૂતો ન ભવિષ્યતી. જ્ઞાનબાગ ખાતે એના માટે બે ભવ્ય કુંડ બનાવ્યા ને ભગવાન શ્રીહરિને લાડ લડાવવા અલૌકિક ૧૨ બારણાંનો હીંડોળો સમસ્ત ગામે નિષ્કુળાનંદ સ્વામી પાસે બનાવડાવ્યો.

શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરની સંતોની ધર્મશાળામાં ભગવાન શ્રીહરિએ ૪૯૬ વખત સંતોને પીરસ્યું. વડતાલ ખાતે ધર્મકુળના બાળકને જનોઈ દેવાઈ. અહીં જ ધર્મકુળ પરિવાર ભગવાન શ્રીહરિના દર્શને પધાર્યો ને રહ્યો. ભગવાન શ્રીહરિ પધારે, ગામમાં ઉત્સવ કરે ને રહે એને સમસ્ત ગામ પોતાનું સૌભાગ્ય માનતું. ભગવાન શ્રીહરિ પણ અહીં ઉત્સાહથી પધારતા.

• હજાર-પંદરસોની વસ્તીએ હજારોની સરભરા વર્ષો સુધી કરી :

વડતાલ પણ એવી જ ભવ્ય તૈયારીઓ કરે. ભગવાન શ્રીહરિ ક્યારેય એકલા ન આવે. એમના રસાલામાં સંતો પાર્ષદો દરબારો હરિભક્તોની મોટી સંખ્યા રહે. હજાર પંદરસોની વસ્તીના ગામ વડતાલે ૨૫ વર્ષમાં હજારો માણસોની ભગવાન શ્રીહરિ સાથે આગતા-સ્વાગતા કરી. જયારે જયારે સમૈયા હોય ત્યારે હજારોની સંખ્યામાં હરિભક્તો આવે. જેવો હરિભક્ત એવી આગતા સ્વાગતા વડતાલ ગામ કરે ને તેથી ભગવાન શ્રીહરિ અને હરિભક્ત બંને પ્રસન્ન થાય. આ વર્ષો દરમિયાન સેંકડો દિવસો સુધી વડતાલ ગામ નાના મોટા ઉતારાની છાવણીઓથી ઘેરાઈ જાય. આ સૌની પ્રાથમિક જરુરિયાત ગામ સમસ્ત પૂરી પાડે. ભગવાન શ્રીહરિ આવે ત્યારે દૂર સુધી જઈ સામૈયું કરવું ને એ જ રીતે દૂર સુધી જઈ વિદાય આપવી.

તેને ગામ લોકો ધર્મ માને. ગામ હજારનું સંભાળ હજારોની. આ વર્ષો દરમિયાન કોઈ દૂર્ઘટના ના બની કે ન કોઈ રોગચાળો થયો. જોબન પગી અને તેમના ભાયતોએ તમામને સુરક્ષા પૂરી પાડી. એક સાદી વાત વિચારીએ તો દીવા બત્તીના આયોજનમાં જ વડતાલ ગામે હજારો રૂપિયા ખર્ચ્યા હશે! આ બધાનું બાપુભાઈ પટેલ જોબન પગી અને અગ્રણીઓએ આયોજન કર્યું. એક વાર નહીં અનેકવાર; પચ્ચીસ વર્ષો સુધી. રઘુવીરજી મહારાજે તો ચાર માસ ચાલે એવા મોટા ભવ્ય પારાયણનું આયોજન કરેલ. વડતાલનો ઉમંગ આ તમામના પાયામાં.

• નોબત વાદનની અનોખી સેવા :

વડતાલના હરિભક્તોએ શ્રીહરિની પ્રસન્નતા અર્થે ઘણું અવનુવું કર્યું. બાર બારણાંના હિંડોળાની જેમ શ્રીહરિના આગમનની વધામણી નોબત વાદનથી કરી. વડતાલ અને આસપાસનાં ગામોના હરિભક્તોના લાભાર્થે શ્રીહરિના આગમન અને સત્સંગની જાણ નોબત વાદનથી થતી. જ્ઞાનબાગ પાસે તે સમયમાં એક બાવળના વૃક્ષ પર નોબત મૂકાતી અને ચિદાનંદ લહરી સ્વામી નોબતવાદન કરતા. વડતાલના ભક્તોની નોબતવાદન જેવી સેવા પણ અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.


● વડતાલવાસીઓની ભક્તિ થકી બિરાજ્યા શ્રીહરિકૃષ્ણ મહારાજ :

વડતાલના હરિભક્તોની ભક્તિને દર્શન માટેની માગણી પૂરી કરવા ભગવાન શ્રીહરિએ બદરી વૃક્ષ પાસે એક ઓરડી બનાવી જેમાં શ્રીનરનારાયણ દેવ પ્રથમ પધરાવેલા. ત્યારબાદ અમદાવાદ મંદિરમાં તેમની વિધિવત પ્રતિષ્ઠા કરેલી. (શ્રી લક્ષ્મીનારાયણદેવનું મંદિર બદરી વૃક્ષના સ્થાને બનતાં આ નરનારાયણદેવની મૂર્તિઓ પછી ધરગામ અને બુરહાનપુરનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત કરાયેલ.) જોબન પગી અને તેમના ભાયાતોની લાગણી અને માગણી થકી ભગવાન શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી દ્વારા સૂર્યદેવને વડોદરાથી લાવી વડતાલ પ્રતિષ્ઠિત કર્યા.

વડતાલની ભક્તિને બિરદાવવા જ ભગવાન શ્રીહરિએ પોતાનું સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ રૂપે પોતાના સ્વહસ્તે વડતાલમાં પ્રતિષ્ઠિત કર્યું. કોઈપણ વ્યક્તિ કે ગામની ભક્તિની આનાથી વધુ કદર કે અંજલિ ના હોઈ શકે ! વડતાલના ભક્તોના લાભાર્થે ભગવાન સ્વયં અહીં બિરાજ્યા છે.

શ્રીહરિએ વડતાલ ગામને સ્વામિનારાયણ સંપ્રદાયના દક્ષિણ દેશની ગાદી બનાવેલ છે. હાલ તો વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની સમાન સ્થાન ભોગવે છે. શ્રી હરિકૃષ્ણ મહારાજ અહીં સાક્ષાત હાજરાહજૂર છે. વડતાલના ગામજનોની ભક્તિનું એ પરિણામ છે. પૌરાણિક ગાથા અનુસાર વડતાલ એ લક્ષ્મીજીની તપશ્ચર્યા ભૂમિ છે. વર્તમાન ગાથા અનુસાર વડતાલ એ શ્રીહરિ પ્રત્યેના તર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વડતાલના શ્રી બાપુભાઈ પટેલની આગેવાનીમાં ઈ.સ.૧૮૦૪થી શરુ થયેલ આ તર્પણનાં સ્મરણ 'વડતાલ મહિમા લીલાગાથા' છે. એ તર્પણને અંજલિ આપવાનો એક નાનકડો પ્રયાસ કર્યો છે.

●●●



વડતાલધામ તીર્થદર્શન

અદ્યતન આ વિશ્વમાં સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે નિર્માણ થયેલું પુરાતન ધામ અને

ઉપાસનાનું કેન્દ્ર શ્રી વડતાલ મંદિર

સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જો કોઈ સ્થળે મંદિર બાંધવા માટે જગ્યા પોતે જોઈને પસંદ કરી હોય,
મંદિરનું ચિત્ર અને નકશો પોતે તૈયાર કરાવીને પસંદ કર્યો હોય,
મંદિરના ખાતમુહૂર્તની વિધિ પોતે કરી હોય,
મંદિરના બાંધકામ માટે પોતાના મસ્તકે ઈંટો અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય, અને
આ બ્રહ્માંડમાં એકમાત્ર પોતાનું સ્વરૂપ સ્વહસ્તે પધરાવ્યું છે એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર છે વડતાલ મંદિર...
આ મંદિરમાં સેંકડો સંતોએ, અસંખ્ય હરિભક્તો - સ્ત્રીપુરુષ - આબાલવૃદ્ધ સૌ કોઈએ ચેતના પ્રાપ્ત કરી છે.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી અને જોબનપગી, દલાભાઈ, વાસણ સુતાર તથા કુબેરભાઈ જેવા વડતાલના નરવાદારો ભક્તોના સમર્પણની સેવાથી સર્જાયેલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉપાસનાનું કેન્દ્ર શ્રી વડતાલ મંદિર...



શ્રી હરિકૃષ્ણ મહારાજ
વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્

સર્વાવતારી, સર્વોપરી સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં **યાવત્ ચંદ્ર દિવાકરૌ** પોતાના આશ્રિતોને ઉપાસના દર્શન માટે પોતાના સ્વરૂપની પ્રતિષ્ઠા કરી આપી હોય તેવો વિશ્વના અધ્યાત્મજગતનો એકમાત્ર ઈતિહાસ છે. અને એ છે વડતાલમાં કમલાકાર નવ શિખરોથી શોભાયમાન મંદિરના દક્ષિણખંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિર કરાવી વિ.સં. ૧૮૮૧ કારતક સુદ - ૧૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલું પોતાનું જ દિવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવેલ છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે : **'तदन्तिके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये । धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ।।'** ભગવાન શ્રીહરિ સ્વમુખે કહે છે : "દક્ષિણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણની સમીપે મારી મૂર્તિ મારા એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે છે. તેમજ ઉત્તર મંદિરમાં પણ ધર્મ ભક્તિએ સહિત મારી મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે છે." (શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૬)

જે જે લોકોએ આરાધન કરેલું છે તે તે જનોને મનોવાંછિત ધર્મ, અર્થ, કામ મોક્ષ વગેરે ફળને આપતા થકા ભૂભાર ઉતારવાના નિમિત્તે પામર - પતિત મનુષ્યોને સમાશ્રય કરવા યોગ્ય અને સકળમનુષ્યને નયન ગોચર, શ્રેષ્ઠ અને પતિત, સર્વે સ્ત્રી પુરુષોને દર્શન આપતાં થકાં વૃત્તાલય ધામમાં કાયમને માટે પ્રગટ સ્વરૂપે બિરાજમાન છે. તે શ્રી સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના અધ્યાય ૬૮માં કહ્યું છે : **'वृतालये स भगवान् जयतीह साक्षात् ।'**

● ભગવાન શ્રીહરિએ ૧૧ રૂપો ધારણ કર્યા :

સંવત્ અઢાર શતે તથા શુભ સાલ એકાશી તણી, કાર્તિક શુદી તિથિ દ્વાદશી ઉત્તમ થકી ઉત્તમ ઘણી;
બુધવાર સૌથી સાર ને નક્ષત્ર નિરમળ તે કહું, ભલું ભાદ્રપદ જે ઉત્તરા વળિ યોગ હર્ષણ શુભ બહુ...૧૬
ધનલગ્નમાં દિન પ્રહર ચડતાં કામ તે ઉત્તમ કર્યું, આશ્ચર્યકારી એ સમે ત્યાં રૂપ ધર્મસુતે ધર્યું;
સ્થાપનકરણ થળ જેટલાં હરિ તેટલાં રૂપો ધરી, સહુ મૂર્તિયોની એક કાળે ત્યાં પ્રતિષ્ઠા તો કરી...૧૭

(શ્રીહરિલીલામૃત : ૮/૨૮)

સંવત ૧૮૮૧ કારતક સુદ બારસ ને બુધવાર (તા. ૩-૧૧-૧૮૨૪)ને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં અને ધન રાશીમાં સવારે પહેલા પ્રહરમાં (૬ થી ૯ વચ્ચે) ભગવાન શ્રીહરિએ એક સાથે ૧૧ સ્વરૂપો ધારણ કરીને અગિયાર સ્થાનોમાં એક સાથે મૂર્તિ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી હતી !

ત્રણ શિખરના ખંડોમાં ત્રણ રૂપ ધારણ કરી આઠ સ્વરૂપોની આરતી ઉતારી. છ નાના શિખરના ખંડના છ દેવો આગળ છ રૂપો

ધારણ કરી આરતી ઉતારી અને ગણપતિજી અને હનુમાનજીના બે સ્થાનોમાં બે સ્વરૂપો ધારણ કરી ચાર દેવોની આરતી ઉતારી હતી. કારણ કે ગણપતિની સાથે જ શિવ-પાર્વતીની મૂર્તિ જોડાયેલી છે.

ભગવાન શ્રીહરિ જ્યારે એક સાથે અગિયાર સ્વરૂપો ધારણ કરી અઢાર દેવોની પ્રતિષ્ઠાની આરતી ઉતારતા હતા ત્યારે અનેક પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા હતા. દરબારો અને પાર્ષદો એક સાથે બંદૂકોના ભડાકા કરતા હતા. આકાશમાં દેવો આવી પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ગાંધર્વો ગાન કરતા હતા અને સંતો-હરિભક્તો ઊંચા સ્વરથી આરતી બોલી રહ્યા હતા.

• શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ છે :

અમારા હે ઈષ્ટ પ્રગટ હરિકૃષ્ણ પ્રભુ તમે, સદા દ્યો સ્વાભીષ્ટ તવ પદ તણા આશ્રિત અમે;
અનેક બ્રહ્માંડ સ્થિતિ લય તણા કારણ અહો, અમારે ચિત્તે આ મૂરતિ રજની વાસર રહો...૩૯

(શ્રીહરિલીલામૃત : ૮/૨૮)

પ્રતિષ્ઠા પૂર્ણ થયા પછી સંતો શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્તુતિ કરતા કહે છે કે, "હે મહારાજ ! તમે અમારા ઈષ્ટદેવ છો. અમે તમારા ચરણકમળના સેવક છીએ. તમને જે પ્રિય હોય એવું અમોને તમે આપજો. હે પ્રભુ ! તમે તો અનંતકોટિ બ્રહ્માંડના ઉત્પત્તિ કરનારા, પોષણ કરનારા અને સંહાર કરનારા છો, આપની મોટાઈ અમે શું કહી શકીએ ? માટે અમારી એટલી માગણી છે કે, આ તમારી મૂર્તિ અમારા અંતરમાં હંમેશાં રહે અને આ હરિકૃષ્ણ સ્વરૂપનું જ અમારા ચિત્તમાં સદાય ચિંતન થયા કરે."

એકવખત ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને સાથે લઈને મંદિર ઉપર દર્શન કરવા પધાર્યા. દેવોના દર્શન કર્યા બાદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ ઊભા રહીને મહારાજ મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા : "સ્વામી ! આ અમારું સ્વરૂપ હરિકૃષ્ણમાં, તમારી આગળ મનુષ્યરૂપે રહેલા અમારામાં અને અક્ષરધામમાં રહેલી અમારી દિવ્ય મૂર્તિમાં એક રોમનો પણ ભેદ નથી. જે ભેદ માનશે તેના નિશ્ચયમાં ભેદ માનજો અને એના કલ્યાણમાં પણ ભેદ માનજો."

આ પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા ! ઘણીવારે બહાર ન નીકળ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી ગદ્‌ગદ્‌ સ્વરે સ્તુતિ કરવા લાગ્યા ત્યારે બહાર નીકળ્યા અને બોલ્યા : "સ્વામી ! અમારા ત્રણેય સ્વરૂપની તમને એકતા બતાવી." આવું સાંભળી સ્વામી અતિશય રાજી થયા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પ્રગટ મૂર્તિનો મહિમા જણાવતાં 'હરિસ્મૃતિ' ગ્રંથમાં લખે છે :

પ્રગટ મૂર્તિનો મહિમાય, અચ૦ સર્વે સુખતણી સીમાય, અચરજકારી છે
આ મૂર્તિની જે મોટાઈ, અચ૦ નાવે નાવે કહ્યાં માંઈ, અચરજકારી છે
આ મૂર્તિ સહુથી ન્યારી, અચ૦ શું હું કહું વડાઈ વિસ્તારી, અચરજકારી છે
આ મૂર્તિ સહુથી નોખી, અચ૦ ચોકસ વાત કહું છું ચોખી, અચરજકારી છે
આ મૂર્તિ નહિ અન્ય જેવી, અચ૦ હરિ ધરી ન ધરશે એવી, અચરજકારી છે
આ મૂર્તિ છે અલૌકી, અચ૦ માનો માન મનનું મૂકી, અચરજકારી છે
આ મૂર્તિ નહિ કોય સરખી, અચ૦ જુવો અંતર ઉંડું નિરખી, અચરજકારી છે
આ મૂર્તિનો મહિમાય, અચ૦ કોટિ કવિયે કેમ કહેવાય, અચરજકારી છે
આ મૂર્તિનું પરમાણું, અચ૦ લખતાં કેણે ન લખાણું, અચરજકારી છે
કૈક કહિ કહિ કે'છે ઘણું, અચ૦ બળ બહુ દેખાડે બુદ્ધિતણું, અચરજકારી છે
તોય જથારથ જાણવા, અચ૦ નથી કોય જુના નવા, અચરજકારી છે
એવી મૂર્તિ છે આજની, અચ૦ હરિજનના સુખ સાજની૨, અચરજકારી છે
સહુને પા૨૩ આવ્યા છે પોતે, અચ૦ જન સુખિયા થાય સહુ જોતે, અચરજકારી છે
એહ મૂર્તિને પ્રસંગે, અચ૦ કૈક સુખિયા થયા અંગે, અચરજકારી છે
એવી મૂર્તિ સુખમય સારી, અચ૦ તેતો દ્વિજ ધર્મ ઘ૨ ધારી, અચરજકારી છે
ધન્ય ધન્ય દ્વિજ ધર્મકુમાર, અચ૦ કર્યા બહુ જીવ ભવપા૨, અચરજકારી છે
તે ગણતાં ન ગણાય, અચ૦ કહ્યો મૂર્તિનો મહિમાય, અચરજકારી છે
મોટપ્ય કહેવા મૂર્તિતણી, અચ૦ હતી હામ હૈયામાં ઘણી, અચરજકારી છે

પૂરી થઈ પામ્યો આનંદ, અચ૦ એમ કહે નિષ્કુળાનંદ, અચરજકારી છે

(શ્રીનિષ્કુળાનંદ કાવ્ય - હરિસ્મૃતિ : ચિંતામણી-૭)

● શ્રીહરિકૃષ્ણ મહારાજ બોલ્યા :

ભગવાન શ્રીહરિની સેવામાં મૂળજી બ્રહ્મચારી સાથે જયરામ બ્રહ્મચારી પણ હતા. સંવત ૧૮૮૬માં ભગવાન શ્રીહરિ મનુષ્યલીલા સંકેલી સ્વધામમાં પધાર્યા. પછી જયરામ બ્રહ્મચારી વડતાલમાં આવી શ્રીહરિકૃષ્ણ મહારાજની સેવા કરવા લાગ્યા. પરંતુ શ્રીહરિ ધામમાં પધારી ગયા હોવાથી બ્રહ્મચારીને બહુ ઉદ્વેગ રહેતો હતો, એના કારણે કાયમ ઉદાસ રહ્યા કરતા હતા.

એકવખત ઉદાસ ચહેરે બ્રહ્મચારી પોતાના આસને બેઠા હતા. ત્યારે ભગવાન શ્રીહરિની સ્મૃતિ થઈ આવતાં રડવા લાગ્યા. તે સમયે ત્યાં સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં અને બોલ્યા : "બ્રહ્મચારી ! ચાલો મારી સાથે મંદિર ઉપર." આ પ્રમાણે કહીને લક્ષ્મીજી હરિકૃષ્ણ મહારાજ આગળ બ્રહ્મચારીને લઈ ગયા અને બોલ્યા : "તમે શ્રીહરિને ધામમાં જતા રહ્યા માનો છો, પણ એ તો આ હરિકૃષ્ણ સ્વરૂપે રહીને આખા સંપ્રદાયના આશ્રિતોને કાયમ માટે દર્શન આપી રહ્યા છે. આ મહારાજને તમે શું મૂર્તિ માનો છો ?"

લક્ષ્મીજી આ રીતે બોલ્યા ત્યાં તો હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બોલી : "બ્રહ્મચારી ! લક્ષ્મીજી સાચું બોલે છે. અમે ફક્ત મનુષ્યરૂપે અંતર્ધાન થયા છીએ, પરંતુ હરિકૃષ્ણ સ્વરૂપે તો વડતાલમાં અખંડ રહીને દર્શન આપીએ છીએ, માટે અમોને પ્રત્યક્ષ માની સેવા કરજો."

આ પ્રમાણે કહીને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બોલતી બંધ થઈ ગઈ. આવી દિવ્ય વાણી સાંભળીને જયરામ બ્રહ્મચારીની આંખોમાં પ્રેમના આંસુ વહેવા લાગ્યા. એ સમયે જ લક્ષ્મીજી હરિકૃષ્ણ મહારાજની આગળ ઊભા હતા ત્યાંથી બહારની કોળીમાં ધીરે ધીરે ચાલીને બ્રહ્મચારીના દેખતાં જ વચ્ચેના સિંહાસનમાં પધરાવેલ પોતાની મૂર્તિમાં લીન થઈ ગયાં !

આ પ્રસંગ પછી જયરામ બ્રહ્મચારી અતિ આનંદમાં આવી ગયા અને સર્વે દેવો સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રત્યક્ષ માની સેવા કરવા લાગ્યા અને પોતાને લક્ષ્મીજીએ દર્શન આપી શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહિમા સમજાવ્યો હતો તે વાત સર્વે સંતો-ભક્તોને કહી.

●●●

શ્રી લક્ષ્મીનારાયણ દેવ



ભારતના નંદનવનસમા ગુજરાતના મધ્યે આવેલ ચરોતરની ચારું કમનીય મખમલસમ ધરતીમાં વૃતાલય ગામમાં પૂર્વે આ જગ્યાએ લક્ષ્મીજીએ શ્રી નારાયણ પ્રભુને પ્રસન્ન કરવા માટે અતિ ઉગ્ર આકરુ તપ કર્યું હતું. તેમના ફળરૂપે અત્રે શ્રી લક્ષ્મીનારાયણદેવ બિરાજે છે. **'वृत्तस्य तपोरूप व्रतस्य आलयं स्थानं वृत्तालयम् ।'** - શ્રી લક્ષ્મીજીના તપરૂપી વ્રતનું સ્થાન છે માટે વૃત્તાલય એવું નામ ભગવાને જ રાખેલું છે.

વડતાલમાં મંદિર થતું હતું ત્યારે લક્ષ્મીનારાયણદેવની યુગલમૂર્તિ જેવી જોઈએ તેવી ઘડાતી ન હતી. તેથી શ્રીજીમહારાજે કહ્યું કે લક્ષ્મીનારાયણની મૂર્તિઓ તો વડોદરામાં છે. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી આ યુગલમૂર્તિ લેવા વડોદરા ગયા. ત્યાં શ્રીજી મહારાજે સ્વપ્નમાં દર્શન આપી; મૂર્તિ ક્યાં મળશે તે કહ્યું ને મૂર્તિ લઈને વડોદરાથી વરતાલ આવતા હતા ત્યાં નિત્યાનંદ સ્વામીને સંકલ્પ થયો કે આ મૂર્તિ ગઢપુરમાં પધરાવવા જેવી છે એવું જાણીને ગાડાને ગઢપુરના માર્ગે વાળ્યું. ત્યાં મૂશળધાર વરસાદ નડ્યો ને મૂર્તિને બોચાસણમાં કાશીદાસને ઘરે મૂકી; શ્રીજીમહારાજની વડતાલ પધરાવવાની જ ઇચ્છા જાણી સંવત ૧૮૮૧ના કારતક સુદ -૧૨ના રોજ મંદિરના મધ્યખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ને શ્રીહરિએ કહ્યું : "જેવી વૈકુંઠમાં મૂર્તિ છે તેવી આ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે. **બ્રહ્મચર્ય રાખી સો વર્ષ સુધી ચાર ધામમાં ફરે તેનાથી એકવાર**

અહીં દર્શન કરે તેને અધિક ફળ મળે છે તેવું દૈવત આ મૂર્તિમાં છે. ભાવ વિના પણ દર્શન કરશે તે ફરી મનુષ્યતન પામશે અને સત્સંગ કરી અવિનાશી સુખ મેળવશે. શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે પોતાના ભક્તોને સુખ, સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર, પરિવાર, વિદ્યા, બળ, બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ વિગેરે તમામ મનોવાંછિત ફળને આપે છે.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે :

लक्ष्मीनारायणादीनां स्वरूपाणां तु दर्शनम् । प्रत्यहं ये करिष्यन्ति ते मोक्ष्यन्त्येव संसृतेः ।।५७।।
यस्तु श्रीद्वारिकाधीशो लक्ष्मीनारायणः स हि । भेदोऽत्र नैव विज्ञेयः सत्यं हि वचनं मम ।।६१।।
संशयोडत्रापि यच्चिते सम्भवेत्तमपि स्वयम् । कालेनाल्पेन भगवानेष एवापनेष्यति ।।६२।।

જે મનુષ્યો લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન દરરોજ કરશે તે જનો સંસારબંધનથી મુક્ત થશે જ. જે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ તે જ આ લક્ષ્મીનારાયણ છે આ બેમાં ભેદ જાણવો નહિ. આ મારું વચન સત્ય જ છે. આ પરમ સત્ય મારા વચનમાં જેમના ચિત્તમાં સંશય થાય તે સંશય પણ થોડા સમયમાં સકલ ઐશ્વર્યસંપન્ન આ સ્વયં લક્ષ્મીનારાયણ જ નાશ કરશે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭)

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવનો મહિમા કહેતા લખે છે : **'लक्ष्मीनारायणादीनां कुर्वतामत्र दर्शनम् । एकाहेन फलं हि स्याच्चन्द्रपर्वशतोद्भवम् ।।'** - અહીં શ્રી લક્ષ્મીનારાયણાદિના દર્શન કરનારાઓને એક દિવસમાં સો ચંદ્ર પર્વથી થતું ફળ થાય છે. સો ચંદ્રગ્રહણોમાં કરોડ ગાયોના દાન કુરુક્ષેત્રમાં અર્પણ કરવાથી જે પુણ્ય થાય છે તે અહીં શ્રી લક્ષ્મીનારાયણના એક દિવસના ક્ષણમાત્રના દર્શનથી થાય છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬)

પ્રતિષ્ઠા કર્યા પછી વિશાળ સભામાં ભગવાન શ્રીહરિ સર્વે સંતો-ભક્તોને સંબોધતા કહે છે :

આ મંદિરે સ્થાપિત રૂપ જેહ, છે પૂજવા જોગ્ય સમસ્ત તેહ; એ તો સહૂ છે અવતાર મારા, અર્ચ્યા થકી વાંછિત આપનારા...૦૫
આ લક્ષ્મીનારાયણરૂપ જે છે, શ્રી દ્વારિકાધીશ સ્વરૂપ તે છે; ઇત્યાદિ મારા અવતાર જાણી, પૂજો ધરો ધ્યાન ઉમંગ આણી...૦૯
મેં મૂર્તિયો સ્થાપિત જેહ સ્થાને, જે તેહને આદરથી ન માને; ન જાણવો આશ્રિત તે અમારો, તે તો મરીને નરકે જનારો...૧૦
પ્રત્યેક માસે તિથિ પૂર્ણિમાયે, જો આ સ્થળે નિયમથી અવાયે; આ દેવનાં દર્શન એહ ટાણે, કર્યા થકી સિદ્ધિ અભીષ્ટ માણે...૧૨

(શ્રીહરિલીલામૃત : ૮/૩૦)

''અમે આ વડતાલ મંદિરમાં અમારા સ્વરૂપો અને અમારા અવતારોના સ્વરૂપો પધરાવ્યાં છે, એ બધા જ પૂજવા યોગ્ય છે અને માનવા યોગ્ય છે. તેમનું પૂજન-અર્ચન કરવાથી સર્વે મનોકામના પૂર્ણ થશે. આ લક્ષ્મીનારાયણ દેવ એ જ દ્વારિકાધીશ છે, એમ માનજો. આ દેવનું દર્શન-પૂજન કરવાથી દ્વારિકાધીશનાં દર્શન-પૂજનનું પણ ફળ મળશે. આ વૈકુંઠપતિ અને દ્વારિકાપતિ બંને છે, તેથી પ્રેમથી આ દેવને તેમજ અન્ય ડેરાઓમાં પધરાવેલા મારા અવતારોને મહિમાથી માનજો. અમે પધરાવેલ મૂર્તિઓને જે આદર થકી માને નહિ, તેને મારો આશ્રિત જાણવો નહિ, તે તો મરીને નરકમાં જ જશે, માટે મારા અવતારોની ક્યારેય નિંદા કરવી નહિ.''

શ્રી રણછોડરાયજી



પ્રતિષ્ઠા કરી પૂજન કીધું, ચરણોદક પ્રેમથી પીધું;
શણગાર અમૂલ્ય સજાવ્યા, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યા.
આરતી પછી હેતે ઉતારી, શોભા તે સમે થૈ બહુ સારી;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, નભમાં દેવદુંદુભી ગાજે.

(શ્રીહરિલીલામૃત : ૯/૧૩/૪૫-૪૬)

ભગવાન શ્રીકૃષ્ણે ભૂ-ભારરૂપ અનંત અસુરોનો નાશ કરી દ્વારિકાને પોતાની રાજધાની બનાવી રણછોડરાય રૂપે વિખ્યાત થઈ અને દ્વારિકામાં કાયમને માટે નિવાસ કરીને રહ્યા. તેજ ભગવાન સર્વ તીર્થ શિરોમણીરૂપ ગોમતીજી તથા પોતાનાં અપરિમિત કલ્યાણકારી દિવ્યાયુધ શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિત સ.ગુ. શ્રી સચ્ચિદાનંદ સ્વામીની સાથે સપરિવાર સ્વભક્તોનાં સમગ્ર પાપ ોનો સમૂળો નાશ કરવાને માટે વડતાલ ધામમાં પધાર્યા. આ સ્વરૂપ વડતાલધામ મંદિરના મધ્ય

દેરામાં શ્રી લક્ષ્મીનારાયણદેવ સમીપે પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે વિ.સં. ૧૮૮૨ ચૈત્ર વદ - ૭ના રોજ શ્રી રણછોડરાયજીની મૂર્તિની વેદોક્ત વિધિથી આનંદોલ્લાસભર્યા વાતાવરણમાં પ્રતિષ્ઠા કરી હતી.

આ સ્વરૂપનાં દર્શન, મનન, ચિંતવનથી મનુષ્યનાં કળિનાં તમામ કલ્મષ (પાપ) નાશ થાય છે. માટે જ આ સ્વરૂપનાં સબંધથી ગોમતી સ્નાનનો મહિમા અને તપ્તમુદ્રાનો મહિમા અપરંપાર છે.

મુંબૈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.

(શ્રીહરિલીલામૃત : ૯/૧)

શ્રી રાધાકૃષ્ણ દેવ



અનંત કોટિ બ્રહ્માંડના પતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વસ્વરૂપ હરિકૃષ્ણ મહારાજની પડખે પોતાનું અવતાર સ્વરૂપ રાધાકૃષ્ણ પધરાવ્યું. રાધા નામે પોતાની શક્તિ તેનું શ્રીહરિ શિક્ષાપત્રીમાં સર્વપ્રથમ સ્મરણ કરે છે. 'વામ યસ્ત સ્થિતા રાધા' રાધા એટલે શું ? રાધા શબ્દનો 'ર્' કાર અનેક જન્મના પાપ અને કર્મ શુભાશુભનો નાશ કરે છે. 'આ' કાર ગર્ભવાસ અને મૃત્યુરોગનો નાશ કરે છે. 'ધ્' કાર આયુષ્યની હાનિનો નાશ કરે છે 'આ' કાર ભવબંધનનો નાશ કરે છે. તથા 'ર્' કાર કૃષ્ણની નિશ્ચલ ભક્તિ અને ભગવાનના ચરણારવિંદમાં દાસત્વપ ણું ઈચ્છિત આનંદ તથા સર્વસિદ્ધિ આપે છે. 'ધ્' કાર સાયુજય, સારુપ્ય અને તત્ત્વજ્ઞાન સંબંધી સુખ આપે છે. 'આ' છે તે તેજ, દાન, શક્તિ, યોગશક્તિ, અને સર્વ સમયને વિશે ભગવાન શ્રીહરિની સ્મૃતિ ને આપે છે.

કૃષ્ણ એટલે સદાનંદ સ્વરૂપ હોવાથી સ્વાશ્રિતોના સકલ કહેતાં બધાજ દુઃખોનું ઉલ્મૂલન કરે છે. જે ભગવાને પૂતના, શકટ, યમલાર્જુન, અરિષ્ટ, પ્રલંબ ધેનુક, કાલીય, કેશી, કુવલયાપીડ, ચાણુર, મુષ્ટિક, તોમલ, કંસ વિગેરેનો નાશ કરી અનવધિકાતિશય દયા, સૌહાર્દ અનુરાગ બતાવીને તેઓને (અસુરોને) પણ મુક્તિ આપી. નિરતિશય સૌંદર્ય - સૌશીલ્યાદિ ગુણગણનાં આવિષ્કારથી અક્રૂર, માળી, કુબ્જા વિગેરેને પરમભાગવત શ્રેષ્ઠ પદ પમાડી પાંડવોને યુદ્ધ પ્રોત્સાહનનાં નિમિત્તથી પરમ પુરુષાર્થ લક્ષણ મોક્ષ સાધન સ્વરૂપ, વેદાંત જ્ઞાનથી યુક્ત સ્વવિષયક, જ્ઞાન અને કર્મથી અનુગ્રહ કરાયેલ ભક્તિયોગને આપીને આલોક અને પરલોકમાં પોતાનાં ભક્તોને ઈચ્છિત તમામ સુખ આપતા થકા સ્વાવતારી સ્વરૂપ, ભક્તોનાં પરમ ધ્યેય સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની સમીપે રાધાકૃષ્ણ સ્વરૂપે સદાય વિરાજમાન છે.

શ્રી ધર્મ-ભક્તિ, શ્રી વાસુદેવનારાયણ

વડતાલ મંદિરના ઉત્તરખંડમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી સાથે વાસુદેવ સ્વરૂપે બિરાજમાન થઈને દર્શન દાન આપી રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણે પિતા ધર્મદેવ તથા માતા ભક્તિદેવીનું પ્રતિષ્ઠા-પૂજન- અર્ચન કરી 'માતૃદેવો ભવ' તથા 'પિતૃ દેવોભવ' ના ઔપનિષદ આદર્શનું સ્થાપન કર્યુ છે. સાથે વાસુદેવ સ્વરૂપે પોતે સ્વયં દર્શન આપી ભક્તોના દુઃખ, કલેશ, ચિંતા, ભય, આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મમરણ, લખ ચોરાશી વિગેરે દૂર કરી ભક્તોને સુખ-સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર પ રિવાર, વિદ્યા, બળ બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ વગેરે મનોવાંછિત ફળને આપી રહ્યા છે.

પોતાના એકાંતિક ભક્તોનાં સમગ્ર દુઃખ કલેશ, ચિંતા, ભય, આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ મરણ લખચોરાશી, ગર્ભવાસનો સદાને માટે સમગ્રપણે સમૂળ નાશ કરવા માટે તથા પોતાના ભક્તના સકળ કાર્યના મંગળને સર્વથા વિસ્તારવા માટે અને સ્વભક્તોના આત્યંતિક કલ્યાણ ને માટે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી સાથે વાસુદેવ સ્વરૂપે બિરાજમાન છે.

● શ્રીવાસુદેવ અને શ્રીહરિકૃષ્ણની એકતા :




પ્રતિષ્ઠાની આરતી ઉતારીને પછી ભગવાન શ્રીહરિ યજ્ઞશાળામાં પધાર્યા. ત્યાં પૂર્ણાહુતિ કરાવી સંતો-ભક્તો સાથે વાજિંત્રો સહિત અવભૃથ સ્થાન (યજ્ઞ પૂર્ણાહુતિનું સ્નાન) કરવા ગોમતીજીએ ગયા. ત્યાં સ્નાન કરી આવીને સભામાં બિરાજમાન થયા અને તાળી વગાડી હાથ ઊંચા કરીને સૌ સંતો-હરિભક્તોને કહેવા લાગ્યા :

તે માંહિ મૂર્તિ વળિ વાસુદેવ, તથા હરિકૃષ્ણ તણી;
એ બેયમાં ભેદ કશો ન જાણો, પ્રત્યક્ષ મારી મૂરતિ પ્રમાણો...૦૬
તેમાં રહી હું સુખ સર્વ દૈશ, પૂજા કરે તે પણ માનિ લૈશ;
એ મૂર્તિ દ્વારે અગણીત કેરું, કલ્યાણ થાશે જગમાં ઘણેરું...૦૭
પ્રત્યક્ષ દેખે મુજને ન જેહ, તે મૂર્તિનું ધ્યાન કરે જ તેહ;
જો માનસી પૂજન તેનું થાય, પ્રત્યક્ષ પૂજા સમ છે સદાય...૦૮

(શ્રીહરિલીલામૃત : ૮/૩૦)

"હે સંતો-ભક્તો ! સૌ સાંભળો. મેં પધરાવેલા વાસુદેવ અને હરિકૃષ્ણ આ બંને મારાં જ સ્વરૂપ છે, માટે તેમાં ભેદ માનશો નહિ. એ બંને સ્વરૂપોને પ્રત્યક્ષ માનીને જ દર્શન કરજો. તેમાં રહીને અમો સર્વેને અમારી મૂર્તિનું સુખ આપીશું અને જે જે પૂજા કરશે તેને અંગીકાર કરીશું. આ બંને સ્વરૂપો દ્વારા અમારે અગણિત મુમુક્ષુઓના કલ્યાણ કરવા છે. વળી, જ્યારે અમે પ્રત્યક્ષ મનુષ્યાકારે ન હોઈએ ત્યારે આ મારા સ્વરૂપોનું જે ધ્યાન ધરશે અને માનસીપૂજા કરશે, તેની અમો પ્રત્યક્ષ પૂજાની જેમ જ સ્વીકાર કરીશું, માટે આ મારા સ્વરૂપોને મૂર્તિ ન માનતાં, પણ પ્રત્યક્ષ જ માનજો."

શ્રી લક્ષ્મીનારાયણ દેવનો મંડપ



સં.૧૮૮૨ ના મહા સુદ - ૧ને દિવસે શ્રીજીમહારાજ શ્રી વડતાલ મધ્યે સંધ્યા આરતી થઈ ગયા પછી શ્રી લક્ષ્મીનારાયણના મંડપમાં ગાદી તકિયા નંખાવીને વિરાજમાન થયા. પોતાની ચારેકોરે મંડપને ઉપર તથા હેઠે પરમહંસ સર્વે તથા દેશદેશના હરિભક્ત સર્વે બેઠા હતા. શ્રીજીમહારાજ આ મંદિરના મંડપમાં અનેક વખત પોઢેલા છે, થાળ જમેલા છે, સભા ભરી કથાવાર્તા કરેલી છે. દંડવત કરેલા છે, તેથી આ મંદિર તુલ્ય બીજુ કોઈ સ્થાન આવતું નથી. આ મંદિરના ઘુમ્મટમાં શ્રીજીમહારાજના જીવન પ્રસંગોની મૂર્તિઓનું સુંદર કામ થયેલું છે. જે પૂતળા નચાવ્યા હતા તે આ ઘુમ્મટમાં છે.

મંદિરની પ્રદક્ષિણામાં આવેલી છત્રી



મંદિરે છે પ્રદક્ષિણા જેહ, જાણો પ્રભુપદ અંકિત એહ;
એક માસ સુધી રુડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે.
એક માસ સુધી રૂડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે;
નિજદાસને શિક્ષણ કામ, કરે એવી ક્રિયા ઘનશ્યામ.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણ, મંદિર બંધાવી તેમાં પોતાના સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી મનુષ્યનાટ્ય કરતા એવા શ્રીજીમહારાજ દરરોજ ૧૦૦ પ્રદક્ષિણા કરતા અને વિશ્રાંતિ માટે મંદિરના પાછળના ભાગમાં બેસતાં ને અહીં બેસીને ગોમતી ગળાવવાનો, શિક્ષાપત્રી લખવાનો ને પાપ અને સંસૃતિને નાશ કરનારી તમમુદ્રા (છાપો) આપવાનો સંકલ્પ અહીં કરેલ છે. અને તેની સ્મૃતિ માટે અહીં છત્રી બનાવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલ છે. મંદિરની પ્રતિષ્ઠા કરીને આ સ્થળે વેદિકા ઉપર વિરાજમાન થઈને મંદિરમાં પધરાવેલ મૂર્તિઓનો મહિમા સ્વમુખે વર્ણવેલ છે.

વળી હરિ મંદિરને ફરતા, દંગે૦ સો સો પ્રદક્ષિણા કરતા, દંગે દીઠા છે.
જોતા મૂર્તિ સુંદર સારી, દંગે૦ ધાતુ પાષાણની પટ પ્યારી, દંગે દીઠા છે.
તેને દંડવત જો કરતા, દંગે૦ વળી સામું જોઈ બહુ રહેતા, દંગે દીઠા છે.

(શ્રીનિષ્કુળાનંદ કાવ્ય - હરિસ્મૃતિ : ચિંતામણી-૪)

શ્રી હરિમંડપ

लिखामी सहजानंदस्वामी सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ।।

(શિક્ષાપત્રી : શ્લોક-૨)



વડતાલ ધામમાં આવેલા અગત્યના પ્રસાદિના સ્થાનોમાં સૌથી વધુ વૈશિષ્ટ્ય ધરાવતું કોઈ સ્થાન હોય તો તે હરિમંડપ છે. શ્રીહરિએ પોતાના નિવાસથી આ મંડપને તીર્થોત્તમનું સૌભાગ્ય આપ્યું છે. એટલુંજ નહિ સત્સંગની પ્રસિદ્ધિ પ્રમાણે વડતાલ વિહારીના વાઙમય સ્વરૂપ શિક્ષાપત્રી પણ આપણને અહિંથી જ પ્રાપ્ત થઈ છે.

જ્યારથી આ વિશ્વનું સર્જન થયુ અને આધ્યાત્મિકતાનો સૂર્યોદય થયો ત્યારથી આજ સુધીમાં સ્વયં પરબ્રહ્મના હસ્તે આલેખાયેલ કોઈ ગ્રંથ રત્ન હોય તો તે આપણી આચાર સંહિતા ''શિક્ષાપત્રી'' જ છે અને તેનું આ મંડપમાં જ પ્રાગટ્ય થયું છે એવો પવિત્ર આ હરિમંડપ છે.

રુડો હરિમંડપ નૈરુતે છે, પ્રસાદીનું સ્થાન પવિત્ર એ છે;
જહાં બીરાજી જનને પ્રબોધિ, શિક્ષાની પત્રી ઘનશ્યામ શોધિ.

(શ્રીહરિલીલામૃત : ૧/૫/૩૪)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા 'શિક્ષાપત્રી' ગ્રંથનું સંશોધનકાર્ય આ સ્થળે થયું હોવાથી સંપ્રદાયમાં હરિમંડપનું વિશેષ સ્થાન છે. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પણ લખે છે : '**अक्षरे धाम्नी सदृशे स्थितं च हरिमंडपे**' - અક્ષરધામ સમાન આ હરિમંડપ છે.

મંદિરથી નૈઋત્ય ખુણામાં પૂર્વે અહિં એક કોઠી હતી. તેને પડાવીને સ્વયં શ્રીહરિએ આ મંડપની રચના કરાવી છે :

હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય; પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિયે કરાવ્યો.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

હરિમંડપ ત્યારે કરાવ્યો, ધ્યાન ધરવા તે સર્વને ફાવ્યો.
મોટા સંત તથા હરિભક્ત, ધરે ધ્યાન વિષયથી વિરક્ત; બિજા અક્ષરધામના મુક્ત, આવી ધ્યાન ધરે પ્રીતિયુક્ત.
અમે તેઓને પૂછિયું જ્યારે, બોલ્યા મુક્ત મગન થઈ ત્યારે; અતિ ઉત્તમ એહ જગ્યા છે, એને અક્ષરને એકતા છે.
આંહિ રૂપ તમારું છે જેહ, દિસે ત્યાં પણ તેહનું તેહ; આવી આ સ્થળે એટલા સારુ, ધ્યાન તો અમે ધરિયે તમારું.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)

આ સ્થાને એક કોઠો હતો. તે કોઠો ભગવાન શ્રીહરિએ પડાવી નાખ્યો અને એના સ્થાને હાલમાં હરિમંડપ છે તે બનાવ્યો હતો. આ હરિમંડપમાં મોટા મોટા સંતો ને હરિભક્તો વિષયોથી વૈરાગ્ય પામીને ધ્યાન કરતા હતા. કારણ કે એકાંતમાં બેસીને ધ્યાન કરવાની અનુકૂળતાવાળું આ સ્થાન છે.

એકવાર ભગવાન શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી આદિક ભણનારા સંતોને બોલાવી કહ્યું કે ''અમે સૌને ધ્યાન કરવા માટે યોગ્ય અને એકાંત સ્થાન નારાયણ મહોલ કરાવેલ તે રામપ્રતાપભાઈને ધ્યાન કરવા અને રહેવા આપ્યો પછી હરિમંડપ કરાવ્યો તે સૌને ધ્યાન કરવા માટે અનુકૂળ છે. અક્ષરધામના મુક્તો હરિમંડપમાં બેસીને ધ્યાન કરે છે, તેથી અમે એનું કારણ પૂછ્યું કે, 'તમે અક્ષરધામ છોડીને અહીં કેમ ધ્યાન કરવા આવો છે ?' ત્યારે અમોને મુક્તોએ કહ્યું, 'મહારાજ ! અક્ષરધામને અને આ હરિમંડપને એકતા છે. તમારું અહીં મનુષ્ય સ્વરૂપ છે, એ જ સ્વરૂપ અમે અક્ષરધામમાં પણ દેખીએ છીએ, એટલા માટે અમે અહીં હરિમંડપમાં ધ્યાન કરવા આવીએ છીએ.'' એમ કહી શ્રીહરિએ ભણનારા સંતોને આજ્ઞા કરી કે, તમે સૌ ભણનારા કલ્યાણ માટે હરિમંડપમાં મારી મૂર્તિમાં ચિત્ત રાખી ધ્યાન કરજો.

ત્યારે ભગવદાનંદ સ્વામી કહે :

એવું સુણીને ઉચર્યા, ભગવદાનંદ ભણનાર; અખંડવૃત્તી આપમાં, કેમ રાખિયે ધર્મકુમાર ?..૩૧
વૃત્તિ જો તમમાં રાખિયે, ભણવાનું ભૂલિ જવાય; જો ભણવામાં રાખિયે, ત્યારે ધ્યાન અખંડ ન થાય...૩૨

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)

અમે અખંડ વૃત્તિ કેવી રીતે રાખી શકીએ ? તમારામાં વૃત્તિ રાખીએ તો ભણેલું ભૂલી જવાય ને ભણવામાં રાખીએ તો અખંડ ધ્યાન કેમ થાય ?

ભગવાન શ્રીહરિ કહે :

શ્રીજી કહે તમે સાંભળો, જેમ પાણિ ભરે પાણિયાર; પગ ધરે છે પાવઠે, ધરે કુંભ કુવા મોઝાર...૩૩
ઘટ ઉપર ને પગ ભણી, મનવૃત્તિ રાખે બે ઠામ; ધ્યાન તણું ભણવા તણું, તેમ કરવું તમારે કામ...૩૪

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)

સ્વામીની વાત સાંભળી ભગવાન શ્રીહરિ કહે : ''પણિયારી જેમ પાણી ભરે છે ત્યારે પગ પાવઠે ધરે છે ને ઘડો કૂવામાં રાખે છે. ઘડા ઉપર ને પાવઠાના પગ પર એમ બંને તરફ મનની વૃત્તિ રાખે છે. તેમ તમારે ભણવામાં ને ધ્યાન કરવામાં મનોવૃત્તિ રાખવી.''

વિદ્યાભ્યાસનો મહિમા કહેતા સંતોને ભગવાન શ્રીહરિ કહે : ''સંતો ! વિદ્યાભ્યાસ કરનાર સંતો ઉપર મને અતિશય સ્નેહ થાય છે. તેથી તમે સર્વે નિરંતર વિદ્યાભ્યાસ કરજો.

શ્રીજી સ્વામિ કહે સુસંત અમને વિદ્યા ભણે તે ગમે, માટે સ્નેહ સમેત નિત્ય ભણજો વિદ્યા વિશેષે તમે;
પુષ્ટી સંતત સંપ્રદાય તણિ તો વિદ્વાનથી થાય છે, જો વિદ્વાન ન હોય સાધુજન તો તે પંથ નિંદાય છે...૩૫
આવે વાદિજનો વિવાદ કરવા જો તે ભણેલા હશે, શાસ્ત્રજ્ઞાન વિના સુશાંતિ મનની તેની શિ રીતે થશે;
સેનામાં સરદાર હોય સરસા તો સૈન્ય તે જીતશે, તે રીતે જય સંપ્રદાય તણી તો શાસ્ત્રી જનોથી થશે...૩૬
તે માટે વિદવાન સંત જનને વાલા વિશેષે ગણું, માનું પ્રાણસમાન સ્નેહિ મનમાં તેથી કહું શું ઘણું;
જેને બુદ્ધિ વિશેષ હોય મુનિ તે ગીર્વાણ વાણી ભણો, બીજા પ્રાકૃત ગ્રંથનો જ કરજો અભ્યાસ નિત્યે ઘણો...૩૭
પુષ્ટી શ્રીસતસંગની જ કરવા ધારી હૃદે ધારણા, જો કાવ્યાદિ અનેક ગ્રંથ ભણશો તેની નથી વારણા૨;
તે તો કીર્તનભક્તિ તુલ્ય મનમાં માનીશ હું તો મુદા, છાંડી આળસ અંગથી સુજન સદ્‌વિદ્યા ભણો સર્વદા...૩૮

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)

વિદ્વાન સંતો દ્વારા સંપ્રદાયનો વિજય થાય છે. સારા સરદાર સૈન્યમાં હોય તો તે સૈન્યનો વિજય થાય છે. માટે વિદ્યાભ્યાસ કરનારા વિદ્વાન સંતો મને અતિશય વહાલા છે.

''માનું પ્રાણ સમાન સ્નેહિ મનમાં તેથી કહું શું ઘણું'' ''એને હું મારા પ્રાણ સમાન માનું છું.'' આથી વિશેષ બીજું શું કહું. એથી જે બુદ્ધિમાન હોય તેમણે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરવો. બીજા સંતો પ્રાકૃતભાષાના ગ્રંથોનો અભ્યાસ કરે. મારા અંતરમાં સંપ્રદાયની પુષ્ટિ કરવાનો સંકલ્પ છે. તેથી કાવ્યાદિ ગ્રંથોનો અભ્યાસ કરવામાં મારી સહમતી છે. સંસ્કૃતના અભ્યાસને હું કીર્તનભક્તિ તુલ્ય માનીશ.

ભગવાન શ્રીહરિના વચનો સાંભળી ભણનારા સંતો રાજી થયા ને કહ્યું તમને રાજી કરવા અમે અવશ્ય વિદ્યાભ્યાસ કરીશું. આ પ્રકારે જ્યાં વાતો થતી હતી તેવામાં મુક્તમુનિ પધાર્યા. શ્રીહરિની સન્મુખ સ્વામી બોલ્યા :

ગીર્વાણવાણીષુ વિશેષબુદ્ધિસ્તથાપિ ભાષારસલોલુપોઽહમ્ । યથા ત્વમર્ત્યા અમૃતેષુ સત્સુ, ગંગોદકે સન્તિ સદૈવ લુબ્ધાઃ ॥

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪/૪૧)

''મને સંસ્કૃતનું જ્ઞાન છે. પ્રાકૃતભાષાના કાવ્યોની રચના પણ કરું છું. સ્વર્ગ લોકમાં અમૃત હોવા છતાં જેમ દેવતાઓ ગંગા જળનું પાન કરવા સદૈવ લોભાયેલા રહે છે તેમ સંસ્કૃતભાષાના ગ્રંથોની રચના કરું છું.''

ભગવાન શ્રીહરિ કહે : ''પ્રાકૃતભાષામાં રુચિ હોય તેમણે કીર્તન વગેરેની રચના કરવી. પ્રાકૃત ગ્રંથની રચના કરવી.''

આ હરિમંડપ સ્થાનની અનેક દિવ્ય લીલાઓ છે. એકવાર શ્રીહરિ શુકાનંદ સ્વામી પાસે પત્ર લખાવી રહ્યા હતા તેવામાં પવનની લેરખી આવી ને દીવો બુજાય ગયો.... અંધકારના આ સમયે શ્રીહરિએ પોતાના જમણા ચરણમાંથી ધવલ તેજ રશ્મિઓ પ્રગટ કરીને શુકાનંદ સ્વામી પાસે પત્ર પૂર્ણ કરાવ્યો.

આ પ્રમાણે શ્રીહરિનું અતિ પ્રિય નિવાસસ્થાન હોવાથી આ સ્થળનું મહત્ત્વ ખૂબજ વધારે છે. શ્રીહરિમંડપની અન્ય લલિત લીલાઓ સાંપ્રદાયિક ગ્રંથો દ્વારા માણવા જેવી છે.

ભગવાન શ્રીહરિએ હરિમંડપ કરાવ્યાં પછી જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે ત્યારે આ હરિમંડપમાં જ ભગવાન શ્રીહરિ ઊતારો કરતા હતા.

આજે અહિં શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટ પ્રતિમા - પ્રસાદીની ૬૩ જેટલી અર્ચા છબિઓ અને સુખશય્યાના દર્શન થાય છે. નીચેના ભાગે શિક્ષાપત્રી આલેખનની દિવ્ય ક્ષણોને જીવંત બનાવતી શ્લોકાત્મક સ્મૃતિઓ કંડારવામાં આવી છે.

ભગવાન શ્રીહરિ અહિં નિવાસ કરીને રહેતા તેની ચિરંતન સ્મૃતિ રૂપે આજે પણ સ્નાન માટેની ચોકડી, સ્નાન માટે પાણીની તાંબા કુંડી, પાણી ગરમ કરવાનું દેગડું અને અનેક પ્રસાદિની વસ્તુઓ વગેરે દર્શકોની આંખોને શાતા આપી રહ્યા છે.

શ્રી અક્ષર ભુવન

દેવાલય થકી દક્ષિણ ભાગ, જોઈ શ્રીહરિયે સારિ જાગ્ય; બોલ્યા શ્રીમુખે શ્રીહરિ ત્યાંઈ, થાશે અક્ષરભુવન આંઈ...૧૫
મારિ પ્રસાદી વસ્તુ અપાર, સ્થપાશે એહ ભુવન મોઝાર; નર નારિયો દરશન કરશે, મારી મૂર્તિને અંતર ધરશે...૧૬

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

પરબ્રહ્મ પરમાત્માના પ્રાગટ્યથી અવનિ ધરા મટીને ધામ બને છે. તેમના સંયોગમાં આવેલી પ્રત્યેક વસ્તુ, વ્યક્તિ યા સ્થળ કાળથી પર થઈને ચિરંતન દિવ્ય બની, દર્શનીય બનીને યાવત્ ચંદ્રદિવાકરૌ દર્શકોના કર્મબંધન છોડાવતી રહે છે.



આ અક્ષરભૂમિના મસ્તકે મુકુટરૂપે સંપ્રદાયના ઈતિહાસ ગગનમાં પૂર્ણ ચંદ્રવત્ શીતળ - શાંત પ્રકાશ પાથરતા વરતાલ ધામના મુખ્ય મંદિરની પાસે જ એક-બે માળનું મકાન આવેલું છે; જેને આપણે અક્ષરભુવનના નામથી ઓળખીએ છીએ.

આ અક્ષરભુવન પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના કાર્યમંદિરના સુવર્ણકળશ સમુ ઉત્તમોત્તમ કાર્ય છે. સંસ્કૃત પ્રાકૃત ગ્રંથ રચના, હજારો હરિભક્તોને કથા - વાર્તાથી તૃપ્ત કરી સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરનાર આચાર્ય પ્રવરે શ્રીહરિના સાક્ષાત સંબંધથી પાવન થયેલી, દિવ્યાનંદ બક્ષતી અને અપ્રાપ્ય બનતી જતી પ્રસાદીભૂત નાનાવિધ વસ્તુઓનું સંકલન કર્યું. નખકેશ - અસ્થિ - ચરણારવિંદ-હાર - મુગટ - ઘરેણાઓ - વસ્ત્રો - રજાઈઓ - ચાખડીઓ - વાસણો - કંઠી - માળા - બેરખાઓ - રૂપિયાઓ - લાકડીઓ વિગેરેનું સંકલન કરવામાં ગામડે ગામડે સત્સંગીઓના ઘેર - ઘેર ફરીને પ્રચંડ પુરુષાર્થ કર્યો.

મંદિરથી દક્ષિણે આવેલ બે માળનું અક્ષરભુવન અને નિત્ય સ્મરણ કરવા જેવું પવિત્રતમ સ્થાન છે. પહેલા અને બીજા માળે ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવેલી અતિ પ્રસાદીભૂત વસ્તુઓ ગાદલા, રજાઈઓ, વાસણો, વસ્ત્રો, રૂપાના અલંકારો, સુવર્ણ, મોતી વગેરેના કિંમતી અલંકારો, કંઠીઓ, માળાઓ, બેરખા, મણકા, ચિત્રો, પુસ્તકો, સિક્કા, રૂપિયા, લાકડીઓ વગેરે અનેક વસ્તુઓ ભારે પરિશ્રમ કરીને ભેગી કરીને સુરક્ષિત રાખવામાં આવેલી છે. તેનો બધો જ ઈતિહાસ દર્શાવવો અશક્યછે. એનો ઈતિહાસ એટલે એ વસ્તુઓ ક્યારે, કેવા પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવી અને પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કોની પાસેથી ક્યારે કેવી રીતે મેળવી એ ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. એ આલેખવામાં આવે તો બીજુ એક મોટું પુસ્તક ભરાય.

ભગવાન શ્રીહરિ જ્ઞાનબાગમાં બે આંબા વચ્ચે જે બાર બારણાના હિંડોળામાં ઝૂલ્યા હતા તે પણ વચલા બારણાંઓ વિનાની હાલતમાં અક્ષરભુવનમાં સચવાયેલો છે. જોબનપગી મહારાજને જે વેલડામાં (રથમાં) બેસાડીને વડતાલ લાવેલા તે વેલડું પ્રસાદીનું અહીં રાખવામા આવેલ છે. જે આરતી વડે ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિપ્રતિષ્ઠા વખતે આરતી ઉતારી હતી તે આરતીની બાજુમાં નીલકંઠવર્ણીએ વનમાં સાથે રાખેલ સર્વશાસ્ત્રના સારરૂપ ગુટકો, મહાભારતનું ઐતિહાસિક પુસ્તક, જુદાં જુદાં પ્રસંગે પહેરેલી ચાખડીઓ તથા હરિભક્તોને પાડી આપેલાં ચરણારવિંદો છે. જે રથમાં બેસીને ભગવાન શ્રીહરિ

બોચાસણથી વડતાલ આવ્યા હતા તે રથ છે તેમજ શ્રીહરિએ કારિયાણીમાં ઉડાડેલ રોકડા રૂપિયા છે તે રૂપિયા પહેલા માળે શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનની નીચેની બે થાંભલીઓમાં જડેલા છે. તેનો ઈતિહાસ તો સૌ કોઈએ જાણવા અને સમજવા જેવો છે. વચનામૃતમાં ઉલ્લેખાયેલા ચોફાળો અને રજાઈઓ પૈકી કેટલીક અક્ષરભુવનમાં હજી જળવાઈ રહી છે.

ત્રીજા માળે ભગવાન શ્રીહરિની પ્રસાદીની મૂર્તિઓ, નકશીકામવાળા દરવાજા, પાલખી, બાજોઠ વિગેરે વસ્તુઓ સાચવી રાખેલ છે. (૧) કુશળ કુંવરબાઈએ આપેલ મુગટ અને (૨) પોતે નિત્ય પૂજતા તે વાસુદેવનારાયણની મૂર્તિ પણ સાચવવામાં આવેલ છે.

વડતાલમાં અક્ષરભુવનની યોજના થઈ ત્યાર બાદ તે ઉપરથી અન્ય મંદિરોમાં પણ એવી યોજના થયેલી છે. પણ એનું પ્રમાણ અલ્પ છે. જ્યારે અક્ષરભુવનમાં સંગ્રહાયેલી વસ્તુઓનું વૈવિધ્ય અને પ્રમાણ વિશાળ અને અતિ રસપ્રદ છે. એનું અખંડ સ્મરણ, ચિંતન કરનારા આત્યંતિક કલ્યાણના નિઃશંક અધિકારી બને છે.

સત્સંગીઓના હૃદયમાં અમીર છાપ પ્રગટાવતું આ અક્ષરભુવન પ્રત્યેક અનુયાયીઓને ગૌરવ બક્ષે છે... વિશ્વના ઈતિહાસમાં આજ સુધી આટલા વિશાળ પ્રમાણમાં પ્રાસાદિક વસ્તુઓનું સંગ્રહસ્થાન બન્યું હોય તો તે માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ છે કારણકે, સેંકડો સંતો અને હજારો હરિભક્તો પ્રગટ પુરુષોત્તમ તરીકે તેમની ઉપાસના ને ભજન કરતા તથા તેમના સંબંધે આનંદ માણતા... એટલે પ્રત્યેક વસ્તુઓ સંગ્રહાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાસાદિક સ્મૃતિ સંગ્રહ સ્થાન

અલૌકિક અક્ષરભુવન (મ્યુઝિયમ) - વડતાલ

ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત વસ્તુઓ માયિક અને લૌકિક જેવી દેખાતી હોવા છતાં પણ તે અમાયિક અને અલૌકિક છે. તેમનાં દર્શન, સ્પર્શ અને સ્મરણથી આજે પણ ભગવાન શ્રીહરિની દિવ્ય ચેતનાની દિવ્ય અનુભૂતિ હજારો શ્રદ્ધાળુ ભક્તોને આ પ્રાસાદિક વસ્તુઓમાં થાય છે. માટે તે જડ હોવા છતાં ચૈતન્ય છે ! એનો મહિમા અપરંપાર છે. પરંતુ જ્યાં શબ્દની સીમા પૂર્ણ થાય ત્યાંથી દિવ્યતાની શરૂઆત થતી હોય છે. માટે એ અણમોલ જણસોનો મહિમા ગાતા શબ્દો પાંગળા લાગે છે. માટે તેમના મહિમાનો હવાલો શબ્દ પાસેથી લઈને સ્વાનુભવને સુપ્રત કરીએ. એ જ સાચો વિનય અને વિવેક ગણાય.

કદાચ એટલે જ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સૂર્ય સમાન તેજસ્વી તૃતીય આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના સાક્ષાત્ સંબંધથી પાવન થયેલી દિવ્યાનંદ બક્ષતી અને અપ્રાપ્ય બનતી જતી પ્રસાદીભૂત નાનાવિધ વસ્તુઓનું સંકલન કર્યું. નખ-કેશ-અસ્થિ-ચરણારવિંદ-હાર-મુગટ-માળાઓ-બેરખાઓ-રૂપિયા-લાકડીઓ વગેરે અસંખ્ય અમૂલ્ય વસ્તુઓનું સંકલન કરવા માટે ગામડે-ગામડે સત્સંગીઓના ઘેર-ઘેર જઈને તેઓએ પ્રચંડ પુરુષાર્થ કર્યો. પછી વડતાલ મંદિરની દક્ષિણ બાજુએ બે માળની તે જમાનામાં આધુનિક ઈમારતનું નિર્માણકાર્ય કરાવીને તેના હજારો મુમુક્ષુ જીવાત્માઓને આ પ્રાસાદિક દુર્લભ વસ્તુઓનાં દર્શન થાય તે માટે તેમાં રાખવામાં આવી. જેનાં દર્શન કરીને આજે પણ નર-નારીઓ ધન્યભાગી બને છે. આ પ્રાસાદિક ભવનમાં દર્શનાર્થે મુકાયેલી પ્રસાદીની વસ્તુઓના દર્શનથી તે વસ્તુઓમાં ભગવાન શ્રીહરિની એ દિવ્ય ચેતનાનો અનુભવ પણ કરે છે.



આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજની આગવી સૂઝ-બૂઝ અને પ્રચંડ પુરુષાર્થના પ્રતીક સમી એ ઈમારતને સૌ કોઈ 'અક્ષરભુવન'ના નામથી ઓળખે છે.

વડતાલમાં ભગવાન શ્રીહરિની પ્રાસાદિક વસ્તુઓની જાળવણી માટે ઈમારતનું

નિર્માણકાર્ય થયું ત્યારપછી સંપ્રદાયના અન્ય મંદિરોમાં પણ આ જ રીતે પ્રાસાદિક ભવનોનું નિર્માણકાર્ય થયેલું છે. તેમ છતાં અક્ષરભુવનમાં સંગ્રહાયેલી પ્રાસાદિક વસ્તુઓનું વૈવિધ્ય અને પ્રમાણ અતિ વિશાળ તેમજ અતિ રસપ્રદ છે. વિશ્વના ઈતિહાસમાં આજ સુધી આટલા વિશાળ પ્રમાણમાં પ્રાસાદિક વસ્તુઓનું સંગ્રહસ્થાન બન્યું હોય તો તે માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનું 'અક્ષરભુવન' જ છે. કારણ કે, ભગવાન શ્રીહરિ સમકાલીન હજારો સંતો-ભક્તો પ્રગટ પુરુષોત્તમનારાયણ તરીકે તેઓની ઉપાસના-ભક્તિ કરતા તથા તેઓના સંબંધે આનંદ માણતા. માટે તે શ્રદ્ધાવાન સંતો-ભક્તો દ્વારા ભગવાન શ્રીહરિના ઉપયોગમાં આવેલી પ્રત્યેક વસ્તુઓ ખૂબજ મહિમાપૂર્વક સંગ્રહી રાખેલી તેમાંથી ઘણી બધી વસ્તુઓ અત્યારે અક્ષરભુવનમાં દર્શન આપે છે. તેમ છતાં હજુ ઘણી બધી વસ્તુઓ તે તે સંતો-ભક્તોના વારસદારો જીવની જેમ જતન કરીને પોતાની પાસે રાખે છે. એમના એ મહિમાને લાખ-લાખ વંદન !! પરંતુ જો તે પ્રાસાદિક વસ્તુઓ અલૌકિક અક્ષરભુવનમાં દર્શનાર્થે મૂકવા માટે આપવાની ઉદારતા દાખવવામાં આવે તો તે પ્રાસાદિક વસ્તુઓના લાખો હરિભક્તોને દર્શન થશે અને વસ્તુઓ આપનારને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની અતિ પ્રસન્નતા પ્રાપ્ત થશે.

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ જે પવિત્ર ભૂમિને વૃંદાવનની ઉપમા આપી છે એવી ધરા એટલે વડતાલ ધામ. જે વડતાલ ધામમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ, મંદિરમાં વિરાજિત થઈ સમગ્ર ભૂમંડળને પોતાના તેજપુંજથી પ્રકાશી રહ્યા છે. આ પુણ્યમયી ભૂમિમાં દક્ષિણ વિભાગ ગાદી વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની આજ્ઞાથી એવં સૌ સંતોના અથાગ પુરુષાર્થ-પ્રયત્નથી વડતાલધામમાં આકાર લઈ રહ્યું છે એક અદ્‌ભુત, અલૌકિક, અદ્વિતીય, મૂળસ્વરૂપ અને દર્શનીય 'પ્રાસાદિક સ્મૃતિ સંગ્રહ સ્થાન.'

આ સ્મૃતિ સંગ્રહ પ્રાસાદિક એટલા માટે છે કે, અહીં સંગ્રહિત સર્વ પ્રસાદિભૂત વસ્તુઓમાં ભગવાન શ્રીહરિના સ્પર્શની સુવાસ છે. અહીંની એક-એક પ્રાસાદિક વસ્તુઓ સાથે જોડાયેલો છે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો સુવર્ણ ઈતિહાસ. પ્રત્યેક પ્રાસાદિક વસ્તુઓનું દર્શન કરતા એવો અહેસાસ થાય કે જાણે સાક્ષાત્ ભગવાન શ્રીહરિની પ્રતીતિ થઈ હોય. પ્રાસાદિક એક-એક વસ્તુઓમાં સૃષ્ટિ સર્જનકર્તા શ્રીહરિના અસ્તિત્વની ઝાંખી નયનગોચર થાય છે.

આ પ્રાસાદિક સ્મૃતિ સંગ્રહ સ્થાન નિર્માણ કરવાનો હેતુ એટલો જ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણની તમામ પ્રસાદીરૂપ વસ્તુઓના દર્શન કરી સર્વ હરિભક્તોના હૃદયમાં ભગવાન શ્રીહરિના સાક્ષાત્કારની અનુભૂતિ જીવંત બને. પરમેશ્વરની સત્તા નિત્ય છે. **'अस्ति इति सत्'** જેનું અસ્તિત્વ સદા-સર્વદા છે એવા પરમેશ્વરને ક્યારેક જીવ સાંસારિક વિટંબણાઓને કારણે વિસરી જાય છે ત્યારે અહીં સ્થિત તમામ પ્રાસાદિક વસ્તુઓ જીવને સાંસારિક વિટંબણાઓના બંધનથી મુક્ત કરી ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષપણાનું પરમ જ્ઞાન આપે છે. ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષપણાનું ભાન થતાં જ જીવ સંસારની માયિક વાસનાઓથી વિમુક્ત બની, સહજાનંદી મસ્તીમાં ભાવમગ્ન બની, શ્રીહરિના સ્વરૂપમાં ગુલતાન થાય છે. આ પ્રાસાદિક વસ્તુઓ ભક્ત અને ભગવાનના દિવ્ય સંબંધને અખંડ જોડશે, તેમજ નિત્ય શ્રીહરિની સાયુજ્યતા અને સામીપ્યતાના ભાવને અકબંધ રાખવાનું કામ કરશે. ભક્તિમાર્ગમાં મહાપ્રભુના પ્રાસાદિક અવલંબનો ભક્તને માટે જીવન આધારરૂપ હોય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પ્રસિદ્ધ થયો એના મૂળમાં પણ પ્રાસાદિક અવલંબન પૌરાણિકરૂપથી જોડાયેલ છે. શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુના સ્વધામગમન સમયે ઉદ્ધવજી આવ્યા. પ્રભુએ પોતાનું ભાગવતી જ્ઞાન ઉદ્ધવજીને આપ્યું. તદનંતર પોતાની ચરણ પાદુકારૂપ અવલંબન આપતાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, ''આ અમારું પ્રાસાદિક અવલંબન છે જેને આપ મસ્તક પર પધરાવી ભાગવત ધર્મનો પ્રચાર-પ્રસાર કરજો.'' એજ ઉદ્ધવજી એટલે સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી કે જેમણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિશ્વને આપ્યો. જે સંપ્રદાય સંપૂર્ણપણે વૈદિક અને સનાતની પરંપરાને વરેલો છે. ભગવાન શ્રીહરિના આ સર્વે પ્રાસાદિક અવલંબનો અવ્યક્ત બની પ્રાયઃ નષ્ટ ન થઈ જાય, એ હેતુથી સમગ્ર પ્રાસાદિક વસ્તુઓને અહીં પૂર્ણ સંરક્ષણ સાથે અને દર્શનમાત્રથી જીવોના કલ્યાણાર્થે પ્રસ્થાપિત કરાશે. આ 'પ્રાસાદિક સ્મૃતિ સંગ્રહ સ્થાન' દ્વારા સાંપ્રદાયિકી તેમજ ઐતિહાસિકી શ્રી સ્વામિનારાયણીય ધરોહરને અખંડ રાખવાનો નિર્મળ પ્રયાસ કરવામાં આવ્યો છે.

અહીં ઉપસ્થિત તમામ પ્રસાદીભૂત વસ્તુઓ સ્વતઃ સિદ્ધ મહત્ત્વતા ધરાવે છે. એક-એક પ્રાસાદિક ચીજોનો સ્વયં ભગવાન શ્રીહરિએ સ્પર્શ કરેલો છે. સ્વયં ભગવાનનો સ્પર્શ થવાને કારણે ઉપસ્થિત તમામ પ્રસાદીભૂત વસ્તુઓ દિવ્યતાને પામી છે. જેનું દર્શન કરવામાત્રથી ભક્તના હૃદયને વિષે શ્રીહરિ પ્રત્યે ભક્તિભાવ સ્થિર થાય છે. આ પ્રસાદીભૂત વસ્તુઓમાં અમુક તો સ્વયં શ્રીહરિનાં અંગરૂપ પ્રસાદી છે, જેમ કે શ્રીહરિના પવિત્ર કેશ, પુનિત ચરણારવિંદ, પાવન નખમણી તેમજ દિવ્ય અસ્થિ વગેરે; તથા અમુક પ્રાસાદિક અવલંબનો સ્વયં ભગવાન શ્રીહરિએ ઉપયોગમાં લીધેલાં પ્રસાદીરૂપ છે, જેમ કે - દંત શલાકા, દાતણ, માળા, મણકા,

બેરખા વગેરે; એવં કોઈ-કોઈ પ્રાસાદિક વસ્ત્રો પણ દર્શનીય છે, જેમ કે - ધોતી, ડગલો, જામા, ફેંટો, સુરવાળ, અંગરખું, ટોપી, પાઘ તથા અન્ય વસ્ત્રો. સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણની શ્રૃંગારરૂપ પ્રાસાદિક વસ્તુ પણ સંગ્રહિત છે, જેમ કે - મોતી, વીંટી, કડાં, તોડા, રૂમાલ, મોજડી, કંઠી, કંકુ, ચંદનની ગોટી, ગુલાબના બી, ચણોઠી વગેરે; તો કોઈ પ્રાસાદિક વાસણો છે જેનો ઉપયોગ સ્વયં ભગવાન શ્રીહરિ કરતા જે અહીં દૃષ્ટિગોચર થાય છે. ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત તલવાર, કટારી, છરી, ઢાલ વગેરેના દર્શન કરતા આજે પણ એવો ભાસ થાય કે શ્રીહરિ પ્રત્યક્ષ આપણી રક્ષા માટે પ્રગટ છે. આવી તો અનેકાનેક પ્રાસાદિક વસ્તુ-ચીજો અહીં પ્રસ્થાપિત થશે. દરેક વસ્તુઓ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્ય રમણીય ચરિત્ર ભક્તોને આહ્લાદ આપનારું છે. આ તમામ પ્રસાદીભૂત વસ્તુઓ, કોઈ ભગવાન શ્રીહરિ પાસે સ્વધામગમન સુધી પાસે જ રહી, તો કોઈ વસ્તુને શ્રીહરિએ પોતાના સમકાલીન સુપાત્ર ભક્તોને ભેટ આપી, તો અમુક વસ્તુઓ સંપ્રદાયના સંતને કૃપાપ્રસાદના રૂપમાં ભેટ મળી છે.

ભગવાન શ્રીહરિની પ્રસાદીની દરેક વસ્તુઓ પૈકી કોઈપણ વસ્તુના દર્શન કરીએ અને આ પ્રસાદી વસ્તુના અનુંસંધાન સાથે શ્રીહરિનું ધ્યાન કરીએ તો સાચા અને શ્રદ્ધાળુ મુમુક્ષુજનોને ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શનની અનુભૂતિ થાય છે. સરળતાથી સમજવા માટે જોઈએ તો ભગવાન શ્રીહરિની પ્રાસાદિક મોજડીના દર્શન કરીએ ત્યારે, આ મોજડી મહારાજે પોતાના પુનિત ચરણકમળમાં ધારણ કરેલ છે અને સાથે તમામ વસ્ત્રો અને મસ્તક ઉપર સુંદર પાઘ ધારણ કરી શ્રીહરિ ચાલી રહ્યા છે એવા માનુષિક લીલાના દર્શનની અનુભૂતિ થાય છે. એવી જ રીતે જ્યારે ભગવાન શ્રીહરિની દાઢ અને દાંત ખોતરવાની ચાંદીની સળીના દર્શન કરીએ ત્યારે જાણે સાક્ષાત્ ભગવાન શ્રીહરિ થાળ જમીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા છે અને ચાંદીની સળી વડે પોતાના દાંત ખોતરે છે. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાના પદની સ્મૃતિ થઈ આવે છે :

ચળું કરે રે, મોહન તૃપ્ત થઈને; દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને.૦૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે; પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે.૦૨

(સ્વાભાવિક ચેષ્ટા પદ - ૧૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદનાં દર્શન, ચાખડી અને મોજડીનાં દર્શન, શ્રીહરિએ ધારણ કરેલ પીતાંબર, ધોતી, ખેસ, કેડિયું, સુરવાળ, જામો, શાલ, પાઘ વગેરે વસ્ત્રોનાં દર્શન, શ્રીહરિની સેવામાં વપરાયેલ વાસણો અને સાધનોના દર્શન, શ્રીહરિ થાળ જમતા તે વાસણોના દર્શન, શ્રીહરિ સમકાલીન ચલણી સિક્કાનાં દર્શન, શ્રીહરિએ ધારણ કરેલ સોના-ચાંદી, હીરા-મોતી વગેરેનાં આભૂષણોનાં દિવ્ય દર્શન, શ્રીહરિ સમકાલીન ભગુજી આદિક પાર્ષદો દ્વારા વપરાયેલ શસ્ત્રોનાં દર્શન, અશ્વો માટેના શણગારના દર્શન, શ્રીહરિ સમકાલીન લહિયા સંતો દ્વારા લખાયે અનેક હસ્તલેખિત ગ્રંથોના દર્શન, શ્રીહરિના નખ-કેશ વગેરેનાં દર્શન, શ્રીહરિ સમકાલીન ચિત્રામણ થયેલ મૂર્તિઓનાં દર્શન.

પ્રાસાદિક સ્મૃતિ સંગ્રહ સ્થાન કોઈ પ્રદર્શનનું સ્થાન નહિ, પણ દર્શનીય સ્થળ થશે. અહીં માત્ર મૂર્તિ જ નહીં, પણ ભગવાન શ્રીહરિના સ્વરૂપને પંચભૌતિક દેહનો સ્પર્શ પામેલ અંબર-પાત્ર આદિક વસ્તુઓ છે. એટલું જ નહિ પરંતુ સાક્ષાત્ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણના પંચભૌતિક દેહના નખ-કેશ, દાઢ-દાંત ઈત્યાદિક છે. જેના દર્શન માત્રથી જ એક અલૌકિક આનંદ, રોમાંચ તન-મનમાં વ્યાપી જાય છે. પ્રસાદીની સર્વે ચીજ-વસ્તુઓ માયિક નથી, પરંતુ અલૌકિક છે અને આપણા કલ્યાણને કરનારી છે. પ્રસાદીની આટલી બધી ચીજ-વસ્તુઓ વાતાવરણને પવિત્રતાથી ભરી દે છે. તેમાંથી ઉત્પન્ન થતી કલ્યાણકારી ઊર્જા આપણને શ્રીહરિની સમીપ લઈ જાય છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન સંતો-ભક્તોએ પરાભક્તિ સાથે દિવ્યભાવથી સંગ્રહીત કરેલ વસ્ત્ર-અલંકાર વગેરે દિવ્ય પ્રાસાદિક વસ્તુઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વૈશ્વિક ધરોહર છે. જો સાંપ્રદાયિક વિરાસતની દૃષ્ટિએ જોઈએ તો આ વિશ્વ વિરાસતનું પ્રથમ વિરાટ સર્જન - એટલે આપણું અલૌકિક અક્ષરભુવન. 'યાવત્ ચંદ્રદિવાકરૌ' દર્શન-સ્પર્શથી આંખોના પાપ બાળે, અંતરમાં ટાઢક વાળે, એવી મોક્ષદાયી પ્રાસાદિક વસ્તુઓ નવનિર્મિત અલૌકિક અક્ષરભુવન (મ્યુઝિયમ)માં દર્શન આપશે. સહજાનંદ ચંદ્રએ ઉદય થઈને આ ધરતી પર જે શીતળ ચાંદની પાથરી છે તેનો અલૌકિક અનુભવ દર્શનાર્થીને જરુર થશે.


પૃથ્વી પરના અક્ષરધામતુલ્ય વડતાલધામમાં હૃદયને પુલકિત કરતા નયનરમ્ય દૃશ્યો સર્જાશે. યાત્રિકજનોને આકર્ષતા અનેક પ્રકલ્પો-આયામો ઉમેરાશે. વિશ્વભરમાં પથરાયેલ સહજાનંદી સત્સંગીઓની નજર યાત્રાના સમયે પ્રાસાદિક સ્થાનો તરફ હોય છે. આ ભુવન તેમને આત્મતૃપ્તિનો ઓડકાર આપશે.

●●●

આચાર્યશ્રી સ્થાપના સ્મૃતિ સ્થાન

હરિયે દત્તપુત્રોને જ્યારે, બેય આચારજો કર્યા ત્યારે; હવેલી કહી બે માળી જેહ, તેનો ઉગમણો ચોક તેહ...૩૬
તહાં પાટ્યો બે સરસ ઢળાવી, ગાદી આચાર્ય બેની ઠરાવી; સ્થાપ્યા દક્ષિણે શ્રીરઘુવીર, સામા અવધ્યપ્રસાદજી ધીર...૩૭
વેદમંત્રે કરી અભિષેક, વેંચી આપીયા દેશ પ્રત્યેક; પોતપોતાના દેશના જન, કરે આચાર્ય કેરું પૂજન...૩૮
આચાર્યોનું દીક્ષા જન્મસ્થાન, તેમ માનવું એહ નિદાન; એક ક્યારા વિષે છોડ બેય, દૃઢ વાવેલા જેમ દિસેય...૪૧
જેને સતસંગની વાત ભાવી, તે તો જાત્રા કરે અહીં આવી; જાણે માહાત્મ્ય મનમાં સહી, તે તો આવ્યા વિના રહે નહી...૪૫

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)




ભગવાન શ્રીહરિએ સંપ્રદાય સંચાલનમાં પાયારૂપ ત્રણ સંકલ્પો કર્યા હતા તે પૈકી ભાવિ મનુષ્યોને ભક્તિ માર્ગની પુષ્ટિ માટે મંત્ર દીક્ષાની આવશ્યકતા પૂર્ણ કરવા આચાર્યપદનું સ્થાપન કરવાનો સંકલ્પ મહત્વપૂર્ણ હતો. પોતાનો સંકલ્પ સંતોને જણાવ્યો ત્યારે નિવૃતિ ધર્મપરાયણ સંતોએ ગુરુપદનો ભાર ધર્મવંશમાં આચાર્યપદ સ્થાપન કરવા આગ્રહ સાથે જણાવ્યું હતું. તદ્નુસાર સં. ૧૮૮૨ ના કાર્તિક સુદ - ૧૧ ના શુભદિને અપરાહ્ન સમયે (હાલ શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિર પાછળ ચોકમાં આરસનો ઓટો છે ત્યાં) સભા થઈ હતી. ભગવાન શ્રીહરિએ પોતાના બંને ભાઈઓને કહ્યું : ''મારી ઈચ્છા ન હોવા છતાં ગુરુની આજ્ઞાથી અદ્યાપિ પર્યન્ત મેં ધર્મધુરા વહન કરી છે. હવે નિવૃત્તિ લેવી છે માટે તમો બંને એક એક પુત્ર મને આપો. બંને ભાઈઓએ સંમતિ આપી, તુરંત વૈદિક બ્રાહ્મણો પાસે દત્તવિધિ કરાવી મોટા ભાઈ શ્રી રામપ્રતાપજીના પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી અને નાનાભાઈ શ્રી ઈચ્છારામજીના પુત્ર શ્રી રઘુવીરજીને દત્તપુત્ર તરીકે સ્વીકાર્યા - બે લેખ તૈયાર કરાવી 'ઉત્તર વિભાગ' - 'દક્ષિણ વિભાગ' એ રીતે ભારત દેશના વિભાગ કરી આપ્યા. બંને લેખમાં પુત્રોના હસ્તાક્ષર કરાવ્યા. પોતાના હાથમાં બંને પુત્રને એકેક પત્રિકા લઈ લેવા કહ્યું. તે પ્રમાણે કરતા શ્રી રઘુવીરજીને શ્રી લક્ષ્મીનારાયણ દેવનો દેશ અને શ્રી અયોધ્યાપ્રસાદજીને શ્રી નરનારાયણ દેવનો દેશ મળ્યો. આ પ્રમાણે બંને દત્તપુત્રોને સંપ્રદાયના આશ્રિત ત્યાગી-ગૃહી ભક્તોના ગુરુપદે સ્થાપ્યા. મંદિર પાછળ ઓટો છે, તે સ્થળે બિરાજીને ભગવાન શ્રીહરિએ દત્તવિધાન જેવું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેથી આ સ્થળ પવિત્ર દર્શનીય અને પાપોને નાશ કરનારું છે, અંતકાળે પણ આની સ્મૃતિ થઈ આવે તો ગમે તેવો પાપી જીવ પણ પાપથી મુકાશે તેમાં લેશ માત્ર સંશય નથી.

શ્રી સભામંડપ

અભેસિંહ સુણો ધરી પ્યાર, સભામંડપ છે જેહ ઠાર; તહાં તો એક ખેતર હતું, સંઘને ત્યાં ઉતરવાનું થતું...૨૨
જૂનાગઢ ને વડોદરા કેરા, ઉતર્યા હતા ભક્ત ઘણેરા; તેહ જગ્યા વિષે બહુવાર, જમ્યા છે જઈ ધર્મકુમાર...૨૩
તેથી પૃથ્વિ પ્રસાદિની થૈ છે, ધ્યાનીના ધ્યાનમાં રહી ગૈ છે; સભામંડપને વામ ભાગે, કૂવો સંતનો સુંદર લાગે...૨૪

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શિખરબંધ મંદિરો પૈકી વડતાલના મંદિરમાં જેવો વિશાળ અને કલાત્મક સભામંડપ છે. તેવો અન્યત્ર ક્યાંયે હજુ સુધી બંધાયેલો નથી આપણે જો એમ કહીએ કે ગુજરાત અને મહારાષ્ટ્રનાં મંદિરોમાં પણ આવો મોટો સભામંડપ ક્યાંયે જોવા મળતો નથી તો તેમાં ભાગ્યેજ અતિશિયોક્તિ કરી લેખાશે. મંદિર નિર્માણ માટે જે જમીન પ્રથમ સંવત ૧૮૭૨ માં ગામના નરવાદારોએ (ઈજારદારોએ ગામની વહીવટી સુગમતા માટે જેમને તમામ જમીન સોંપેલી હોય તેમણે) ધર્માદાય આપી હતી. તેની આથમણી હદ જ્ઞાનકૂપ આગળ પૂરી થતી હતી. સભામંડપ બંધાયો તે પહેલાં સભાઓ કાંતો મંદિરની પાછળના ચોકમાં થતી કાંતો આચાર્યશ્રી ની હવેલીના પહેલામાળે વિશાળ સભાખંડ છે ત્યાં થતી હતી. હાલ જ્યાં સભાખંડ છે ત્યાં પહેલા ગામના એક નરવાદાર પટેલ ત્રિકમભાઈ નરોત્તમદાસ અને પટેલ રણછોડભાઈ નરસિંહદાસનું પાટડી નામનું અર્ધા વીઘાનું ખેતર હતું.



સભામંડપ બાંધવા માટે મંદિર પાસેથી બદલામાં બીજી જમીન લઈને આ બન્ને પટેલોએ પોતાની જમીન મંદિરને આપ વાનું સં ૧૯૧૨ના ચૈત્ર માસમાં નક્કી કરેલું જણાય છે. એટલે કે સભામંડપ માટે જમીન બદલામાં લેવાનું પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સમયમાં જ નક્કી થયું હતું પણ એનો દસ્તાવેજ માંદગીને કારણે એમણે આચાર્ય પદ સંવત્ ૧૯૧૩ના કાર્તિક સુદ ૧૫ના રોજ છોડ્યું તે પછી ત્રણ મહિના બાદ થયેલો છે પણ એ બંધાઈને ઉપયોગ માટે ખૂલ્લો મુકાયો સં. ૧૯૨૫ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજના શુભ હસ્તે. મંદિર નિર્માણના શ્રમ યજ્ઞમાં અક્ષરાનંદસ્વામી, આનંદાનંદ સ્વામી અને બ્રહ્માનંદસ્વામી નિમિત્ત બન્યા હતા. તેમજ આ સભામંડપના નિર્માણ કાર્યમાં પવિત્રાનંદ બ્રહ્મચારી નિમિત્ત બનેલા છે. કલાત્મક પથ્થરની કોતરણીવાળી કુંભીઓ ઉપર મજબુત ટકાઉ અને અખંડ સાગી સિત્તેર થાંભલાઓ ઉપર (જે પૈકી. ૨૪ દિવાલ સાથે જડાયેલા છે.) ઉભા કરાયેલા આ સભા મંડપ પાછળ આશરે રૂપિયા એંશી હજાર જેટલું ખર્ચ થયેલું છે. સભામંડપ બે માળ નો છે. અને બીજો માળ સંતો પાર્ષદો વગેરેના ઉતારા માટે ઉપયોગમાં લેવાય છે જ્યારે ભોંયતળિયા નો ભાગ સભાખંડ તરીકે વપરાય છે. સભામંડપની બાંધણી જમીનથી પાંચ ફૂટ ઉંચી છે. સમાંતર ઠેકાણે મૂકેલા પગથિયા ચઢીને તેમાં દાખલ થવાય છે. દરેક થાંભલાની ઉંચાઈ ૧'-૯૱૫'-૯-વાળી ચોરસ કુંભી પાટડા સાથે ૧૪'-૩'' ફીટ છે અને વ્યાસ ૧'-૧'' છે ગોળ થાંભલા ઉપર ગોળ નકશી કિનાર છે સભામંડપ પૂર્વ -પશ્ચિમ પહોળો ૫૮ ફુટ અને ઉત્તર - દક્ષિણ લાંબો ૧૪૩'-૯'' ફુટ છે.

સભામંડપની ઉંચાઈ પહોળાઈ અને લંબાઈ એ બધુ સભામાં હવા, પ્રકાશ અને પ્રતિધ્વનિની વૈજ્ઞાનિક યોજના મુજબ થયેલું છે. એટલે સભામાં કથા પ્રવચન સભામંડપમાં વ્યાસપીઠથી દૂર બેઠેલો શ્રોતા પણ વિના પ્રયાસે સાંભળી શકે છે એના સ્થળ પસંદગી પણ મંદિર, ઉપર વાજંત્ર સાથે ઉત્સવ થતો હોય તોપણ કથા શાંતિથી કરી શકાય અને સાંભળી શકાય એવી રીતે મંદિરને પાછળને સ્થાને કરવામાં આવેલી છે. મંદિર, આચાર્યોની સ્થાપનાનું સ્થાન (ઓટો) હરિમંડપ અને જ્ઞાનકૂપ પછી સભામંડપનું થયેલુ આયોજન દર્શનાર્થીઓને એક બીજા સાથે સંકળાયેલા રાખવાની દ્રષ્ટિએ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે થયેલુ જણાય છે.

આ સભામંડપમાં પ.પ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી માટે કાયમી ગાદી રાખવામાં આવેલ છે. અને કાયમ શ્રીહરિની કથાવાર્તા, ભજન-કીર્તન-ધૂન્ય થાય છે. અને ભગવાન શ્રીહરિના લીલાચરિત્રના મોટા તકતાઓ પણ પધરાવેલા છે. જેનું સ્મરણ કરવાથી તન મનના તાપ શમી જાય છે.

સભામંડપમાં પ.પ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ને બેસવા માટે વડોદરાના દ્વારકાદાસ નામના સોનીએ સુંદર શીશમની પાટ આપી છે. તે પાટ ઉપર શ્રીજી મહારાજ ઘણીવાર બિરાજ્યાં છે. તે પાટ સભામંડપમાં કાયમને માટે મૂકવામાં આવી છે.

જ્ઞાન કૂપ



ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ;
ભાઈ રામદાસે નિજહાથ, નવરાવ્યા કૂપોદકે નાથ.
ચરણામૃત તે બધું લઈ, જ્ઞાનકૂપમાં નાખિયું જઈ;
ધન્ય ધન્ય કહું જ્ઞાનકૂપ, એ તો ઉત્તમ તીર્થ અનૂપ.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૩૪-૩૫)

મંદિરના પાછળના ભાગમાં એક વિશાળ ચોક છે. આ ચોકમાં બરાબર મધ્યભાગે ફુવારા દેખાય છે. તેની નીચે એક કૂઈ આવેલ છે. આ કૂવાનું નામ જ્ઞાનકૂપ છે આ કૂવાના જળથી સંત હરિભક્તોએ ભગવાન શ્રીહરિને ઘણીવાર સ્નાન કરાવેલ છે. અને તે સ્નાન કરાવેલ પ્રસાદીનું જળ કૂવામાં નાખેલ છે.

ભગવાન શ્રીહરિ કહે છે કે, 'આ ઠેકાણે અમે બહુ બહુ જ્ઞાનવાર્તા કરી છે. માટે આ કૂવાનું નામ જ્ઞાનકૂપ કહેવાશે વળી આ કૂવાના જળથી કોઈ સ્નાન કરશે તેને પરમાત્માનું જ્ઞાન થશે. કોઈ આ કૂવાના પાણીનું સેવન કરશે તેને મગજની બિમારી હશે તો જશે.' આ કૂવાના જે દર્શન અને ચિંતન કરે છે તેનાં અજ્ઞાનનો નાશ થાય છે.

સંતોની ધર્મશાળા

ધર્મશાળા બે વચ્ચે ચણાવી, ભાળી ભક્તજનો મન ભાવી; તહાં સંતની પંક્તિયો થાય, પ્રભુ પોતે પીરસવા જાય...૨૮
મછીયાવ તણા દરબાર, બાપુભાઈ જે દિલના ઉદાર; શેવદળ ગાડાં બે ભરી લાવ્યા, તેથી સંતોને તૃપ્ત કરાવ્યા...૨૯
ત્યારે પણ તેહ ધર્મશાળામાં, પ્રભુયે પીરશું તે સમામાં; ગામ ધૂવા તથા બરૈ નામ, ત્યાંના ભક્ત લુવાર તે ઠામ...૩૦
ધર્મશાળાને પશ્ચિમ ભાગે, તેણે પૂજ્યા પ્રભૂ અનુરાગે; માથે મંડિલ મોટું બંધાવ્યું, વળી વાંકડું તે તો ધરાવ્યું...૩૧
એ જ ધર્મશાળાની મોઝાર, પંગતિ થઈ'તી તેહ વાર; પછી તે હરિભક્તોયે ત્યાંય, પૂજ્યા પ્રેમ સહિત હરિરાય...૩૫
ધન્ય ધન્ય તે ધર્મશાળાને, વાલો વિચર્યા બહુ એહ સ્થાને; ચારસેંય અને છન્નુંવાર, ફર્યા ત્યાં પ્રભુ પંક્તિ મોઝાર...૩૭

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬/૩૭)




ભગવાન શ્રીહરિ સાથે વિચરનારા મહાસમર્થ સંતો સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા વિદ્વદ્વર્ય શ્રી નિત્યાનંદસ્વામી અને ભાઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામીનાં આસન (બેઠકના સ્થળ) જ્યાં આવેલા છે તે જગ્યાએ સાધુની ધર્મશાળા છે. આ ધર્મશાળાને પૂર્વ અને પશ્ચિમ છેડે બે બુરજ હતાં પૂર્વ તરફનો બુરજ હાલ મોજુદ છે. ત્યાં સ.ગુ. મુક્તાનંદ સ્વામી રહેતાં હતાં આ ધર્મશાળામાં વર્ણિઓ, સંતો, પાર્ષદોની પંક્તિ કરાવીને વિવિધ જાતના પકવાનો બનાવરાવી શ્રી હરિ જાતે પીરસતા, અધિક શ્રમથી થાકી જાય ત્યારે વચ્ચેના સિંહાસને હાલ ચરણારવિંદ છે ત્યાં આવીને બેસતા, હાસ્ય વિનોદ કરી સંતોને આનંદ પમાડતા, સભા કરી સંતો સાથે પ્રશ્નોત્તર કરતા, સંતોને એકેકને આસને ફરી ફરીને સૌને દર્શન દેતા, ખબર અંતર પૂછતા. આ ધર્મશાળામાં ચારસો છન્નુવાર પોતે પીરસીને સંતોને જમાડ્યા છે. આવી પવિત્ર અને મહાપ્રસાદીની આ ધર્મશાળા છે.

બૂરજ

પૂર્વ કોઠા માંહિ મુક્તાનંદ, રહેતા ઉર ધારી આનંદ; ઘણીવાર તહાં ઘનશ્યામ, પોતે વિચર્યા છે પૂરણકામ.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬/૩૮)

ધર્મશાળાની પૂર્વ તરફની લાંબી ઓસરી પૂરી થાય ત્યાંથી બરાબર ઉપરના ભાગે અને ત્રણ દરવાજાથી બહાર ઊભા રહીએ એટલે આ બૂરજના દર્શન થાય છે. વડતાલમાં જ્યારે મોટા ઉત્સવ સમૈયા થાય ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌને દર્શન દેવા તથા કથા વાર્તા કરવા માટે અહીં બિરાજતા હતા તે 'બૂરજ' નામથી ઓળખાય છે અને આ સ્થાન ધર્મશાળામાં 'ત્રણ ખૂણીયા' તરીકે ઓળખાય છે.



શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ જ્યારે વડોદરાથી બોચાસણ અને ત્યાંથી વડતાલ લાવવામાં આવી ત્યારે આ બૂરજના ઓરડામાં રાખવામાં આવી હતી. તેના ઉપર કપડું ઢાંકીને નિત્યાનંદ સ્વામી ભગવાન શ્રીહરિ પાસે ગયા અને બોલ્યા : ''મહારાજ ! નારાયણના આયુધો અવળાં છે, માટે આપ જોવા પધારો.'' ત્યારે શ્રીહરિ તે ઓરડામાં પધાર્યા ને લક્ષ્મીનારાયણની મૂર્તિ ઉપરથી કપડું દૂર કર્યું ત્યાં તો આયુધો સવળાં થઈ ગયાં હતાં ! એવું ઐશ્વર્ય આ બૂરજની નીચેના ઓરડાનું છે અને એ ઓરડામાં મુક્તાનંદ સ્વામી રહેતા હતા.

મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા પછી એમના શિષ્ય આધારાનંદ સ્વામી એ ઓરડામાં રહેતા

હતા અને તે ઓરડામાં જ સ્વામીએ હિન્દુ ધર્મનો સૌથી વિશાળ ગ્રંથ કહી શકાય એવો હિન્દી ભાષામાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ તે ઓરડામાં રહીને લખેલ છે. આ ગ્રંથમાં ૯૮,૧૫૪ છંદ-ચોપાઈ-દુહા-સોરઠા વગેરે છે.

આચાર્યશ્રીની હવેલી તથા ગાદીવાળો મેડો



મંદિરની ઉત્તર બાજુએ ધર્મવંશી આચાર્યોની હવેલી છે શ્રીજી મહારાજની આજ્ઞાથી સંતોએ આચાર્યવર્ય શ્રી રઘુવીજીમહારાજને રહેવા માટે આ હવેલી બંધાવી આપી છે. હાલ જે ગાદીવાળો મેડો કહેવાય છે. તે મેડે પ્રસાદીની ગાદી છે. તે ઉપર આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શ્રી હરિને બેસાડીને પૂજન આરતી કરેલ ત્યાર બાદ તે ગાદી ઉપર શ્રીરઘુવીરજી મહારાજને બેસાડી આચાર્યપદ આપ્યું હતું. આજે પણ જે આચાર્ય શ્રી નિવૃત્ત થાય તેમને સ્થાને આવનાર આચાર્યશ્રીને આ પ્રસાદીની ગાદી પર બેસાડીને ગાદી અભિષેક કરવામાં આવે છે.

આ સ્થળે ભૂતપૂર્વ આચાર્યોનું પૂજાસ્થાન સિંહાસન છે.જેમાં શ્રી હરિની ચિત્ર પ્રતિમા તથા તેમના વપરાશમાં આવેલ વસ્તુઓના દર્શન થાય છે.


એકવાર ધર્મવંશીની હવેલી અને મંદિરની વચ્ચેના ભાગમાં ચોમાસામાં ખૂબ પાણી ભરાયું શ્રીજી મહારાજ તે પાણીમાં ખૂબ ફર્યા ત્યાં એક આશ્ચર્યકારક ઘટના બની તે સ્થળે પાતાળ સુધી ઉંડાણવાળું વિવર છિદ્ર થયું અને જેટલું પાણી ભરાયું હતું તે બધું એકી સાથે તે વિવરમાં સમાઈ ગયું. શ્રીજીમહારાજે ઘટસ્ફોટ કરતાં કહ્યું : ''પ્રસાદીનું ચરણોદક જાણી શેષનારાયણ પાન કરી ગયા છે.'' આવું અલૌકિક આશ્ચર્ય આ સ્થળે બતાવ્યું હતું.

લીંબડાવાળો ઓટો (છત્રી)

દરવાજાથી ઉત્તર માંય, લીલો લીંબડો છે એક ત્યાંય; સજી શ્યામે સભા ઘણીવાર, તહાં આપ્યા છે પરચા અપાર...૧૬
તહાં વાતો કરી વળી જેહ, વચનામૃત માંહિ છે તેહ; રુડું બુરાનપુર છે નામ, ગામ સાવદા ને માલેગામ...૧૭
ધુળિયા ધુવા ને બરૈ જાણો, લખનોર શેહેર પ્રમાણો; ત્યાંના હરિજનનો એહ ઠાર, કર્યો પોશાગ લૈ અંગિકાર...૧૮

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬)

મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં શ્રી હનુમાનજીથી જમણી બાજુ ઓટો હતો ત્યાં હાલ છત્રી છે તે જગ્યાએ ભગવાન શ્રીહરિ અનેકવાર સભા ભરીને બેસતા હતા. વચનામૃતો પણ કહ્યાં છે. અહીં લીમડાનું વૃક્ષ હતું. નીચેનાં કુલ સાત વચનામૃત છે : વડતાલ પ્રકરણ - ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬ અને ૨૦.



આ લીંબતરુ નીચે એકવાર ભગવાન શ્રીહરિ સભા કરીને બેઠા હતા. ત્યારે શ્રીહરિને પકડવા માટે વડોદરાથી દક્ષિણી બાપુભાઈ ગારડી સૈનિકો લઈને આવ્યા. તેઓ સયાજીરાવ સરકારના ઉપસેનાપતિ હતા. આવીને તે બોલ્યા : ''ચલો સ્વામિનારાયણ મૈં તુમકું પકડનેકે લિયે આયા હું. દેખો એ મેરા કટશસ્ત્ર, નહિ આવોંગે તો એ છોડુંગા.''

આ પ્રમાણે કહી બાપુભાઈ બરછીને ગોળ ગોળ ફરેવવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રીહરિ હાથમાં માળા લઈને સુદર્શન ચક્રની જેમ ગોળ ગોળ ફેરવવા લાગ્યા ને બોલ્યા : ''બાપુભાઈ ! દેખો યે હમારા બ્રહ્મશસ્ત્ર હૈ !'' આ પ્રમાણે બોલ્યા ત્યાં તો માળામાંથી અપાર તેજ નીકળવા લાગ્યું અને માળાની અંદરથી સ્વામિનારાયણ નામનો ધ્વની સંભળાવવા લાગ્યો. એ સમયે બાપુભાઈને શ્રીહરિએ ચતુર્ભુજ સ્વરૂપે દેખાવા લાગ્યા ! તુરંત દંડવત્ કરવા લાગ્યા અને સત્સંગી થઈને ઘેર ગયા અને આખી જિંદગી શ્રીહરિનું ભજન કર્યું. એ સિવાય આ સ્થાને અહીં વડોદરાના શાસ્ત્રીને ચતુર્ભુજ રૂપે દર્શન દઈ સમાધિ કરાવી હતી. અહીં ભગવાન શ્રીહરિએ સીતારામજી મહારાજને જનોઈ આપી હતી.

જ્યારે માળામાંથી તેજ નીકળીને લીમડા ઉપર તે તેજ ગયું, તુરંત તે લીમડાની મોટી ડાળ કડવી મટીને મીઠી થઈ ગઈ ! જ્યાં સુધી લીમડો રહ્યો, ત્યાં સુધી તે ડાળાનાં પાંદડાં કડવાં થયા નહોતા, તેમ સદ્‌ગુરુ સંતો કહે છે. આ જ સ્થાને ઓટો હતો ત્યાં હાલ છત્રી કરેલી છે. આ સ્થાને ભગવાન શ્રીહરિએ કરેલ દિવ્યલીલા ચરિત્રોનું સ્મરણ કરતા કરતા પ્રદક્ષિણા કરવામાં આવે તો અનંત જન્મના પાતક બળીને ભસ્મ થઈ જાય છે.

શ્રી નારાયણ મહોલ

ધ્યાને ધરવાને આત્મસ્વરૂપ, અમે જગ્યા કરાવી અનૂપ;
નામ રાખ્યું નારાયણમહેલ, જાણી એકાંત રુડો રચેલ...૨૫
આપ્યો રામપ્રતાપને એહ, ધ્યાન ધરવાને કારણ તેહ;

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)



મંદિરના પૂર્વ દિશાના પગથિયાં ઉતરીએ એટલે ગરુડજીના સ્તંભની બાજુનું મકાન એટલે નારાયણમહોલ. આ મકાન ભગવાન શ્રીહરિએ ધ્યાન કરવા માટે પસંદ કર્યું હતું. પરંતુ ધર્મકુળ આવ્યું એટલે આ મકાન શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપભાઈને રહેવા માટે અને ધ્યાન કરવા માટે આપી દીધું હતું. તેથી આજે 'રામપ્રતાપ ભાઈનો બંગલો' એ નામે પણ ઓળખાય છે.

આ નારાયણમહોલના માળ ઉપર ઊભા રહીને ભગવાન શ્રીહરિએ રંગોત્સવ કર્યો હતો :

બંગલાની ઓશરિયે બિરાજી, સૌને રંગ છાંટ્યો થઈ રાજી;
મોલ આગળ ચોક રહેલો, તે તો છે પ્રભુચરણ અંકેલો.૧૪

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪)

નારાયણ મોલમાં ઊભા રહી, રંગ ઉડાડ્યો શ્રીજીએ તહીં; તેથી સંત ને સતસંગી તણાં, તન ને મન રંગાયા ઘણાં.૩૧

(શ્રીહરિલીલામૃત : ૮/૫૩)

દેશ-વિભાગ કરી આચાર્યોની સ્થાપના કરી ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે રામપ્રતાપભાઈ અમદાવાદથી રામનવમીના સમૈયે વડતાલ દર્શન કરવા આવે ત્યારે મંદિરમાં કટી ભાગ સાથે મૃદંગ બાંધી ભાવ વિભોર બની કીર્તન ભક્તિ કરે ત્યારે પ્રેમીજન પરવશ પરમાત્મા શ્રી હરિ પોતે મૂર્તિમાંથી પ્રત્યક્ષ થઈ મોગરાના પુષ્પનો હાર અથવા ગુલાબના પુષ્પનો હાર કંઠમાંથી કાઢી મોટા ભાઈ ને પહેરાવે. અને કહે મોટાભાઈ! કીર્તન ભક્તિ રાખો અને ઉતારે જાવ ત્યારે રામપ્રતાપ ભાઈ નારાયણ મહોલમાં ઉતારો કરતા. આ બંગલા નીચેના ઓરડામાં રાસમંડળના પુતળા (જે મંદિરમાં મૂકવા માટે શિલ્પશાસ્ત્રને આધારે તૈયાર કરેલાં તે) મૂક્યાં હતાં. ભગવાન શ્રીહરિ ત્યાં પધાર્યા અને તૈયાર થયેલા પુતળા જોઈ બહુ પ્રશંસા કરી, બ્રહ્માનંદ સ્વામી સાથે હતાં. તેમણે કહ્યું : "કોઈ જગતનો કરતાર પ્રભુ હોય તો આ પુતળામાં પ્રાણ પૂરે." સ્વામીનો સંકલ્પ પૂર્ણ કરવા શ્રી હરિએ સોટીથી પૂતળાઓનો સ્પ ર્શ કર્યો તુરત પૂતળા નાચી ઉઠ્યાં, આવું ઐશ્વર્ય ને આશ્ચર્ય શ્રીજીમહારાજે આ સ્થાનમાં બતાવેલ છે. આ લીલા મોતીથી ભરેલી સોટી હાલ અક્ષરભુવનમાં છે.

આ સ્થાન વડતાલના પાટીદાર દલાભાઈનું હતું. તેઓએ ભગવાન શ્રીહરિને આ મકાન ભેટ આપ્યું હતું. ભગવાન શ્રીહરિએ કારતક મહિનાથી શિક્ષાપત્રીની રચનાનો પ્રારંભ આ નારાયણમહોલમાં બેસીને કર્યો હતો. તે વસંતપંચમી સુધી અર્થાત્ ત્રણ મહિના સુધી શિક્ષાપત્રી વિષે લખ્યું. પછી તે બધા લખેલા પાના લઈ હરિમંડપમાં પધાર્યા અને લખાણમાંથી સંશોધન કરી ૨૧૨ શ્લોકનું સંશોધનપૂર્વક શિક્ષાપત્રી પ્રસિદ્ધ કરી હતી :

કૃપાનાથે કૃપા કરી ત્યાંય, કર્યો આરંભ કાર્તિકમાંય; નારાયણ મો'લ માંહિ પ્રભાતે, લખે પત્રિ પ્રભુ ભલિ ભાતે.

(શ્રીહરિલીલામૃત : ૮/૪૮)

અગ્નિખૂણે મંદિરથી દિસે છે, અખંડ નારાયણમોલ એ છે; જહાં બીરાજી અઘના અરિએ, શિક્ષાની પત્રી રચિ શ્રીહરીયે.

(શ્રીહરિલીલામૃત : ૧/૫)

નારાયણ નામનો મોલ જે છે, અતિ પરમ પ્રસાદિનો તે છે; પ્રભુ તેમાં રહી પૂરી પ્રીતે, શિક્ષાપત્રી રચી શુભ રીતે.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

વર્તમાન કાળે આ સ્થાને શિક્ષાપત્રી લેખક શ્રી સહજાનંદ સ્વામીની ભવ્ય ચિત્ર પ્રતિમા તેમજ અન્ય પ્રતિમાઓ પણ સ્થાપન કરેલ છે. તેમજ જમણે ભાગે પ્રસાદીની પાટ પણ છે.

શ્રી હનુમાનજી-શ્રી ગણપતિજી

રુપચોકી ઉગમણિ વિશાળ, તેથિ ઉત્તરમાં એક કાળ...૪૭
હરિભક્ત હીરાજી શલાટ, ઘડે હનુમાન મૂર્તિનો ઘાટ; જોવા આવ્યા ત્યાં ધર્મદુલારો, કહ્યું ઘાટ ઘડ્યો ઘણો સારો...૪૮
પ્રભુ થૈને પ્રસન્ન અપાર, આપ્યો પુષ્પપ્રસાદિનો હાર; વળી તે મુરતીના હૃદયમાં, ચાંપ્યા ચરણ બે તેહ સમયમાં...૪૯

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)



શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિર સન્મુખ મુખ્ય પ્રવેશદ્વારમાં ભીડભંજન હનુમાનજી અને વિઘ્નવિનાયક ગણપતિજીદેવ ભક્તોની વિઘ્નબાધાઓને દૂર કરવા શ્રી હરિએ પોતેજ પધરાવ્યા છે. આ બન્ને મૂર્તિઓ વડોદરાના પ્રસિધ્ધ સલાટ કારીગરોને વડતાલ બોલાવી શ્રીજીએ પોતાની જાત દેખરેખ નીચે પોતાને મનગમતી બનાવરાવી છે. ઊમરેઠના વિદ્વાન વિપ્રો પાસે વેદોક્ત વિધિથી પોતેજ પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. મહાનીરાજન કરી નિર્નિમેષ દૃષ્ટિથી આ મૂર્તિઓ સામું જોઈ રહ્યા તેથી આ મૂર્તિઓ અતિ ચમત્કારી છે.




મંદિરેથી તે પૂર્વ દિશાની, હતી બારી જવા આવવાની...૧૪
તહાં મારગ મોટો મુકાવ્યો, કૃષ્ણે તહાં દરવાજો કરાવ્યો;
ગણનાથ તથા હનુમાન, નિજ હાથે થાપ્યા એહ સ્થાન...૧૫

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬)

યજ્ઞશાળા

શ્રશ્રીજી મહારાજે શ્રી લક્ષ્મીનારાયણદેવ, ધર્મ-ભક્તિ વાસુદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ રાધાકૃષ્ણની મૂર્તિ આ યજ્ઞશાળામાં પધરાવી પોતે આ બધી મૂર્તિઓનું વેદોક્ત વિધિ પ્રમાણે હોમ કરીને પૂજન કરેલ આ ભૂમિ મંદિરથી અગ્નિખૂણે અને રામપ્રતાપભાઈના બંગલાની સામે આવેલ છે.





આચાર્યશ્રી સ્મૃતિમંદિર

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને આરૂઢ કરેલ એવા દક્ષિણ વિભાગ વડતાલ દેશના પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના દેહનો અગ્નિ સંસ્કાર જ્યાં કરવામાં આવેલો તેની સ્મૃતિ માટે ત્યાં મોટું મંદિર બનાવેલ છે. આ સ્થાને દરેક આચાર્યશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે (તેના મંદિર કરીને તેની પ્રતિકૃતિ પધરાવેલ છે.) કપડા ચાખડી મૂર્તિ વગેરે દર્શન કરવા માટે રાખવામાં આવેલ છે.

જોબનપગીની મેડી



જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મનમાંઈ;
મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ.
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી;
પછી જ્યાં નિજશેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિએ બેઠા.

(શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

મહાન ભક્તરાજ શ્રીજોબનપગીનું મકાન જે જોબનપગીની હવેલીના નામે ઓળખાય છે. હાલ તે મકાન મોજુદ છે ઈંટોનુ બનાવેલું મકાન તે સમયમાં કોઈને નહી હોય તેથી તે સમયમાં હવેલી એવું રુડું નામાભિધાન થયું જણાય છે. આ મકાન જૂનું જર્જરીત અવસ્થામાં હાલ છે. શ્રીજીમહારાજ ડભાણના યજ્ઞ વખતે બીજું રૂપ ધારણ કરીને આ મેડીની બારીએ આવીને બિરાજ્યા હતા. તેમજ મહાપ્રભુ અહિં ઘણીવાર પધાર્યા છે. એકવાર ગઢડાના પ્રેમી ભક્તોની પરીક્ષા કરવા એક માસ સુધી ગુપ્તપણે ત્યાં રહ્યા હતાં, તેથી આ હવેલી દર્શનીય છે.

જમ્યા છે કોઈને ઘેર હરિ, કોઈને ઘેર જૈ સભા ભરી; પગી જોબનનું ઘર જે છે, અતિ અધિક પ્રસાદીનું એ છે.
નારાયણમોલને કહું જેવો, મહિમા તેના ઘરનો છે તેવો; મેડીની ઉત્તરાદી જે બારી, તહાં બેસતાં ભવભયહારી.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭)

વડેઉ માતાની ધર્મશાળા (નારાયણગિરિ બાવાનો મઠ)

ધર્મશાળા વડેઉ માતાની, પ્રસાદીની છે તે નથી છાની; મુક્તાનંદ આદિક મુનિરાય, ઘણી વાર ઉતરતા ત્યાંય.
નારાયણગર બાવાનો મઠ, પ્રસાદીનો છે તે તો ઝપટ; ઘણીવાર બિરાજ્યા છે સ્વામી, સહજાનંદ અંતરજામી.
ઘણીવાર જમ્યા ગિરિધારી, ઘણીવાર સભા સજી સારી; ભાળી ગોસાઈનો ભાવ સારો, મુક્તાનંદાદિ કરતા ઉતારો.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭/૪૦)



વડેઉમાતાની ધર્મશાળા અને નારાયણગિરિ ગોંસાઈનો મઠ બન્ને જગ્યા, શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિર સામે મુખ્ય પ્રવેશદ્વારથી બહાર નીકળતાં જમણી તરફ પૂર્વ તરફના માર્ગે જતાં આવે છે. આ માતાજીની મૂર્તિને ભગવાન શ્રીહરિએ ઘણી વખત રંગે નવરાવી હેતથી પૂજા કરી છે જ્યારે મંદિરની જગ્યા ન હતી ત્યારે સંતોના ઉતારા તરીકે આ ધર્મશાળાનો ઉપયોગ થતો હતો. આ વડેઉમાતાની પૂજા ગોસાંઈ ભક્ત નારાયણગિરિ કરતા હતા. માતાની પડખેની જગ્યા હાલ બેઠક છે બધી નારાયણગિરિના મઠ તરીકે ઓળખાતી હતી, ગોસાંઈ નારાયણગિરિ ભગવાન શ્રી હરિની ભક્તિ કરતા તેમણે શ્રીજીમહારાજને વડતાલ લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો નારાયણગિરિને માનગિરિ અને શંકરગિરિ નામના બે શિષ્યો હતા. તેઓ ગૃહસ્થ કહેવાતાં ત્રણેયના સંબંધવાળા ગૃહસ્થ મોગરી આદિક ગામોના હતા તે પણ સત્સંગ ઉપર ભાવ રાખતા હતા. નારાયણગિરિના મઠમાં ભગવાન શ્રીહરિ ઘણીવાર પધાર્યા છે. જમ્યા છે મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પણ ઉતરતા અને છ છ મહિના સુધી રહેતા સં. ૧૮૬૨ના ચૈત્ર સુદી નવમીનો સમૈયો કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે નારાયણગિરિએ શ્રીહરિની પધરામણી મઠમાં કરાવી સંતોને માલપૂડાં દૂધપાકની રસોઈ આપી હતી. હિંડોળા પર ભગવાન શ્રીહરિને બેસારી કેસર ચંદનાદિકથી પૂજા કરી હતી ફુલહાર અપર્ણ કરી મઠમાં કુમકુમના પગલા પડાવ્યાં હતાં. આ પ્રમાણે વારંવાર પધરાવી અપાર લાભ લીધો છે તેઓ ભગવાન શ્રીહરિ અને સંતથી જરાય જુદું રાખતા નહીં ભગવાનને જેવા જાણવા જોઈએ તેવા સ્વરૂપે ભગવાન શ્રીહરિને યથાર્થ જાણતાં હતાં.

ભગવાન શ્રીહરિ ગઢપુરથી વડતાલ પધાર્યા ત્યારે નારાયણગિરિના મઠમાં ઉતર્યા હતા. તેનું વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથમાં કરવામાં આવ્યું છે :

નારાયણગર બાવાની મેડી, તહાં લઈ ગયા સૌ જન તેડી; કર્યો ત્યાં રૂડી રીતે ઉતારો, રીઝ્યા જોઈને ધર્મદુલારો.

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭)



શ્રી ઘેલા હનુમાનજી

હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામશરીર;
હનુમાન પ્રસાદીના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮/૪)

અનંતકોટિ બ્રહ્માંડના પતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ણિવેશે ફરતા ફરતા વડતાલ પધાર્યા ત્યારે મંદિરથી ઉગમણું તળાવ છે તેને કાંઠે હનુમાજીનું મંદિર છે. ત્યાં રાતવાસો કરેલો અને પોતાના બંને વરદ હસ્ત હનુમાનજી માથે મૂકેલા તેથી આ સ્થાન મહાપ્રસાદીનું ગણાય છે. અને આ હનુમાજી ઘેલા હનુમાનજી કહેવાય છે. આ દિવસ હતો વિ.સં. ૧૮૫૫ ફાગણ સુદ ૧૨ ને સોમવાર, એ દિવસે જોબપગીને પણ મળેલા અને જોબનપગી જ્યારે ચોરી કરવા જતો ત્યારે પ્રથમ આ હનુમાનજીની મૂર્તિ ઉપર તેલ અને સિંદૂર ચઢાવતો.

ગંગાજળીયો કૂવો

ત્રણ દરવાજેથી પશ્ચિમ તરફને રસ્તે આગળ જતા મંદિરના સભા મંડપની પાછળ ગંગા જળીયો કૂવો છે. જ્યારે મંદિરમાં પ ણીની સગવડ નહોતી ત્યારે આ કૂવામાંથી પાણી લાવવામાં આવતું, દેવના વપરાશમાં તેમજ સંતો હરિભક્તો માટે પીવાનું તેમજ સ્નાનાદિક માટે આ પાણીનો વપરાશ હતો. સં.૧૮૬૯નો ભયંકર કાળ પડ્યો ત્યારે આ કૂવામાં પાણી સૂકાવા લાગ્યું, સંતો ઘણાં ચિંતાતુર થયા તે દરમિયાન ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા હતા સંતોએ પાણીની મુશ્કેલીની વાત કરી. મંદિરના ચોક વચ્ચે જ્ઞાનકૂપ અને સાધુના ભંડાર પાસે કૂવો ખોદાવવાનું શરૂ કર્યું પણ તાત્કાલિક પાણીની અગવડ મટાડવા શું કરવું ? સંતોની સાથે શ્રીજીમહારાજ ગંગાજળીએ કૂવે પધાર્યા. ઘડો માંડ માંડ ડુબે તેટલું જળ હતું, આ જળવડે શ્રીજીમહારાજને સ્નાન કરાવ્યું. સ્નાન કર્યા પછી બળીયા દેવની ડેરી પાસે બિછાવેલ આસન પર ભગવાન શ્રીહરિ બિરાજ્યા. થોડીવાર ધ્યાનમુદ્રામાં બેસી કૂવા ઉપર પધાર્યા અંદર થી પાણીનો જોરદાર ફૂવારો છૂટ્યો. આખો કૂવો ભરાઈને ઉભરાઈ ગયો પાણી બહાર પૃથ્વી પર વહેવા લાગ્યુ. પછી કુવામાં સમાઈ ગયું, પછી માથોડું પાણી રહ્યું, આ અદ્‌ભુત પરચો જોઈ સંત હરિભક્તોએ વિસ્મય પામી શ્રીજીમહારાજને કારણ પૂછ્યું, પાણીનું દુઃખ દૂર કરવા અમારી આજ્ઞાથી સાક્ષાત ગંગાજીનો વાસ આ કૂવામાં થયો છે. હવે પાણીની તંગી નહી જણાય, આવું ભગવાન શ્રીહરિનું વચન સાંભળી સૌ આનંદ પામ્યા ત્યારથી આ ગંગાજળીયા કૂવામાં ક્યારેય પાણી ખૂટ્યુ નથી. આવો મહાન પ્રસાદી નો કૂવો છે. બળીયાદેવની દેરી પાસે જ્યાં ભગવાન શ્રીહરિ બિરાજ્યા હતા ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવવામાં આવ્યા છે.



ગંગાજળિયો કુવો છે પ્રસિદ્ધ, પ્રભુયે તેને પાવન કીધ;
ત્યાં થકી સભામંડપ જ્યાં છે, જગ્યા સર્વે પ્રસાદિની ત્યાં છે.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૧૫)

જ્ઞાનબાગ

જ્ઞાનબાગમાં સંત સમાજે, કરી તૈયારી ખેલવા કાજે; કૂપ મૂળજી પટેલ કેરો, જળ નિર્મળવાળો ઘણેરો...૩૯
કોસ કંતાનના ત્યાં જોડાવ્યા, ત્યાંથી હોજ વિષે જળ લાવ્યા; હોજ રંગે ભર્યા તેહ ઠામ, નિરધારિયાં જૂજવાં નામ...૪૦
હોજ પૂર્વનો સંતને સારુ, સંતકુંડ તેનું નામ ધાર્યું; હરિનો કુંડ પશ્ચિમ ઠામ, તેનું ધાર્યું હરિકુંડ નામ...૪૧
રુડા હોજ દિસે મનરંજ, પિચકારિયોનો કર્યો ગંજ; સંતે જૈને કહ્યું પ્રભુ પાસ, આવો ખેલવા શ્રી અવિનાશ...૪૨
છોળ્યો રંગની ઉછળે એવી, મહામેઘની ધારાઓ જેવી; અન્યોઅન્ય ઉડાડે ગુલાલ, દીસે અવની ને આકાશ લાલ...૧૦
રમ્યા એવી રીતે ઘણીવાર, પછી બોલિયા પ્રાણઆધાર; હવે બે બે તણી થાઓ જોડ, કરો ખેલ ધરી મનકોડ...૧૩

(શ્રીહરિલીલામૃત : ૭/૬૧)



સંપ્રદાયનાં ઐતિહાસિક પ્રસંગો મુજબ જ્ઞાનબાગની આજુબાજુ પાણીની વિપુલતા અને ઘટાદાર આમ્રવૃક્ષો અપાર હોવાથી પૂણ્યભૂમિ વૃંદાવન સમાન આ પ્રદેશ શ્રીહરિને અતિપ્રિય હતો. સંપ્રદાયનો પ્રખ્યાત અને સૌથી મોટો **'પુષ્પદોલોત્સવ-રંગોત્સવ'** શ્રી હરિએ જ્ઞાનબાગમાં કર્યો હતો. આ પ્રસંગે નિષ્કુળાનંદ સ્વામીએ 'બાર બારણાનો હિંડોળો' બનાવીને ભગવાનને બાર સ્વરૂપે ઝુલાવ્યા હતા. શ્રીહરિ સંતો તથા હરિભક્તો એવા રંગ અને ગુલાલથી રમ્યા હતા કે જમીનની ઉપર ચાર આંગળ ગુલાલ છવાઈ ગયો હતા. એ પ્રસંગનું વર્ણન નંદ સંતોકૃત કીર્તનોમાં આલેખાયેલું છે. હાલમાં શ્રીહરિ અને સંતો જે હોજમાં રંગ ને ગુલાલે કરીને રમતા તે પ્રસાદીનો હોજ છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો હિંડોળો જે બે આંબાની ડાળે બાંધી ભગવાન શ્રીહરિને ઝુલાવ્યા હતા. તે આંબા પડી જવાથી હાલ તે જ સ્થાને નવીન ઉછરેલા છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'પુરૂષોત્તમ પ્રકાશ' ગ્રંથરાજમાં તેનો મહિમાં ગાતા કહ્યું છે :

અતિ અમૂલ્ય આંબલા છાયરે, બેઠા હરિ કરી જ્યાં સભાય રે;
આંબા ઉભે શોભે છે અતોલે રે, જિયાં હરિ બેઠા હિંડોળે રે.
જે જે જન એ જાયગા એ જોશે રે, તેતો અતિ મોટી ખોટ ખોશે રે;
લેશે અલભ્ય લાભ અપાર રે, તે તો નિશ્ચય જાણો નિર્ધાર રે.

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૨૬)

શ્રીહરિ જ્યારે આ જ્ઞાનબાગમાં પધારીને જે આંબલા નીચે સભા કરીને બેસતા તે દિવ્ય અલૌકિક આંબલો પણ દર્શનદાન આપી રહ્યો છે. આ રીતે બેઠકસ્થાને જ્ઞાન બાગમાં શ્રીહરિએ દિવ્યલીલા કરેલી તેની સ્મૃતિમાં રંગના હોજ, બેઠક અને હિંડોળાને સ્થાને છત્રી કરી તે સ્થળ ચીર સ્મરણીય બનાવ્યા છે. શ્રીહરિએ રંગ કીડા કરી હિંડોળે ઝુલ્યા તે સર્વે લીલાઓનું સ્મરણ કરતાં કરતાં દર્શન કરનાર વ્યક્તિ આધ્યાત્મિક ઉન્નતિને પંથે અગ્રેસર થાય છે.

જ્ઞાનબાગમાં આમલો સારો, જોઈ સંતે કર્યોતો ઉતારો; તહાં હીંડોળો એક બંધાવ્યો, ભાળતાં ભક્ત સર્વને ભાવ્યો...૦૨
સંતે વિનતિ કરી હરિ પાસ, અહો નાથ અજર અવિનાશ; કૃષ્ણજન્મ સમો થાય જ્યારે, ત્યારે આવી અમારે ઉતારે...૦૩
હીંડોળામાં ઝુલો હરિરાય, પુરો એવી અમારી ઈચ્છાય; સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધરાત...૦૪
જ્ઞાનબાગે આવ્યા ગિરધારી, ઝુલ્યા હીંડોળે વિોંવિહારી; સૌએ હીંડોળામાં તેહ વાર, દીઠો અકળિત તેજઅંબાર...૦૫
જાણે એ જ છે અક્ષરધામ, દેખે તે રીતે લોક તમામ; તેજમાં દિસે મૂર્તિ અનૂપ, પુરુષોત્તમ પ્રગટ સ્વરૂપ...૦૬

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

ગઢપુરથી ભગવાન શ્રીહરિ જન્માષ્ટમીનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા હતા. શ્રીહરિએ એ વખતે નારાયણગિરિના મઠમાં રહેતા અને જમવા માટે વાસણ સુથારને ઘેર જતા હતા. સંતોના ઉતારા જ્ઞાનબાગમાં હતા. તે સમયે જન્માષ્ટમી આવી. ત્યારે સંતોએ જ્ઞાનબાગમાં એક મોટા આંબલે સુંદર હિંડોળો બાંધ્યો અને શ્રીહરિને શ્રીકૃષ્ણ પ્રાગટ્ય સમયે ત્યાં પધારવા વિનંતી કરી. તેથી શ્રીહરિ

ત્યાં પધાર્યા અને હિંડોળે બેસી ઝુલ્યા હતા. જન્માષ્ટમીની અડધી રાત્રે સંતો-ભક્તોએ હિંડોળે હીંચકતા શ્રીહરિની મૂર્તિને તેજોમેય જોઈ ! સૌએ ત્યાં તેજ ફેલાયેલું જોયું. જાણે કે સાક્ષાત્ અક્ષરધામ જ તેજનું રૂપ લઈને આવ્યું હોય ને શું ! એમ સૌને દેખાવા લાગ્યું. અને એ તેજમાં શ્રીહરિના પણ દિવ્યસ્વરૂપે દર્શન થયા ! આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી તેના પણ સંતો-ભક્તોને દર્શન થયાં.

વળી, શ્રીહરિએ જેને બંને દેશનાં મધ્યસ્થી તરીકે સ્થાપ્યા હતા તે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા જેમણે અનેક પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી સંપ્રદાયની ઉજ્જ્વળ કીર્તિ વધારી હતી એવા મહામુનિ સ.ગુ. નિત્યાનંદ સ્વામીનો અંગ્નિસંસ્કાર વિધિ આ જ્ઞાનબાગમાં કરાવવામાં આવ્યો હતો. હાલમાં ત્યાં તે બંને જગ્યાએ છત્રીઓ છે.



પ્રસાદિભૂત શ્રી કેદારેશ્વરજી મહાદેવજી

જ્ઞાન બાગની સામે તળાવને કિનારે કેદારેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ મહાદેવજીનું પૂજન ભગવાન શ્રીહરિએ કરેલું છે. તેથી આ સ્થાન પ્રસાદીનું છે ને કહેવાય છે કે અહીં આ મહાદેવજીના જે ભાવપૂર્વક દર્શન કરે છે તેને કેદારનાથની યાત્રાનું સંપૂર્ણ ફળ મળે છે.

તાડણ તળાવ

રસ્તે આવે જતાં જોળ્ય ગામ, સરોવર શુભ તાડણ નામ; તેમાં સંત સખા લઈ સાથ, ઘણીવાર નાહ્યા મુનિનાથ...૫૬
તેનો પશ્ચિમનો જે કિનારો, મધ્યભાગ કિનારાનો સારો; ધર્મકુળ તણો પ્રથમ મેળાપ, કર્યો તે સ્થળમાં પ્રભુ આપ...૫૭
મળ્યા દુર્ગપુરે કોઈ વાર, જુદા મેળાપના છે પ્રકાર; પણ પ્રથમ મેળાપ જે થયો, તે તો તાડણને તીર કહ્યો...૫૯
માટે તે સ્થળ માહાત્મ્ય મોટું, નથી પુષ્કરરાજથી છોટું; પંપાસરોવર તો શા હિસાબે ?, માનસરોવરને પણ દાબે...૬૦

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮)



વડતાલ ગામના ઉગમણા પાદરના તળાવથી દક્ષિણ તરફ જોળ ગામનો રસ્તો છે. ત્યાં રસ્તામાં તાડણ તળાવ (ટાડણ તળાવ) આવ્યું છે. ભગવાન શ્રીહરિએ સંતો-હરિભક્તોને સાથે ઘણીવાર સ્નાન કર્યું છે તેમજ અહીં ભક્તો સાથે ઘોડા ખેલવવાં પણ પધારતા હતા.

દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે બાળસ્વરૂપે વૃંદાવન રહેતા હતા, ત્યારે ભાદરવા સુદ એકાદશીના દિવસે તેમણે મથુરા માખણ વેચવા જતી ગોપીઓ પાસેથી દાણના રૂપે માખણ લીધું હતું અને એની ખુશાલીમાં ગોપ બાળકોએ કનૈયાને હોડકામાં બેસાડી યમુના નદીમાં નૌકાવિહાર કરાવ્યો હતો. આ યમુના કિનારે ઊગેલ ચિભડાંના વેલામાંથી કાકડી તોડીને ગોવાળિયાઓએ કાનાને આપી હતી. પછી તે કાકડી કાનાએ બાળકો ઉપર ઉડાડી હતી. તેથી બાળકો કાકડી ઝીલીને ખાતા હતા.

એ લીલાને ભગવાન શ્રીહરિએ ઉત્સવનું રૂપ આપીને દર વર્ષે જલઝીલણી ઉત્સવ શરૂ કર્યો હતો. શ્રીહરિ પણ દર વર્ષે લાલજીને લઈ નદી કે તળાવે જઈ હોડકામાં બેસાડી નદી-તળાવમાં ફરતો એક ગોળાકારે ફરીને પાંચ આરતી કરી કાકડી લાલજીને ધરાવી સૌ ભક્તો ઉપર ફેંકતા હતા.

એ પરંપરા પ્રમાણે ભાદરવા મહિનામાં ભગવાન શ્રીહરિ વડતાલમાં પધાર્યા હોવાથી ઠાકોરજીને લઈને તાડણ તળાવે પધાર્યા હતા. તેની વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથમાં કરવામાં આવ્યું છે :

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વસી;
સારી રીતે સજી અસાવરી, ગયા ટાડણસર ગિરધારી.
કર્યું મજ્જન તેમાં ઉમંગે, જળકેળી કરી સખા સંગે.

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

આ તળાવનું અનેરુ મહત્ત્વ ભગવાન શ્રીહરિ અને તેમના સંબંધી જનોનો પ્રથમ મેળાપ અહીં થયેલો તેને લીધે છે : ભગવાન શ્રીહરિ બાલસ્વરૂપે ઘરનો ત્યાગ કરી વનમાં તપ કરવા નીકળ્યા હતા ત્યારથી તેમના વિયોગે મોટા ભાઈ રામપ્રતાપજી અને નાનાભાઈ ઇચ્છારામજી અને તેમના કુટુંબીજનો બહુ ઉદાસ રહેતા હતા. એવામાં શ્રીહરિની ઈચ્છા શક્તિથી પ્રેરાયેલા સંત શ્રી માયાતીતાનંદજી અયોધ્યા ગયા. ત્યાં ભગવાન શ્રીહરિના કુટુંબીજનો મળ્યા વાતચીતથી એકબીજાનો પરિચય થયો સંતના મુખે શ્રીજીમહારાજનો અપાર મહિમા સાંભળી સૌ કુટુંબીજનો તેમને મળવા અધીરા બન્યા. તુરંત સંતની સાથે અયોધ્યાવાસી ભગવાન શ્રીહરિના સંબંધીજનો તેમને મળવા ચાલી નીકળ્યા; તે ફરતાં ફરતાં ઘણાં દિવસો પછી વડતાલ આવ્યા. તે તાડણ તળાવે વિશ્રાંતિ લેવા બેઠા. ફૂલદોલનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા હતા. સભામાં કોઈએ સમાચાર આપ્યા કે અયોધ્યાવાસી આપના સંબંધી જનો આવ્યા છે. શ્રીજીમહારાજ આ સાંભળી ને બહુ પ્રસન્ન થયા તુરંત માણકી ઘોડીએ સવાર થઈ તાડણતળાવે સામા આવ્યા. ભગવાન શ્રી રામચંદ્રજી અને ભરતનું મિલન થયું હતું તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બંને ભાઈઓ આંખમાં હર્ષના આંસુ સાથે પ્રેમથી એકબીજાને ભેટ્યા, કુશળ સમાચાર પૂછ્યા. પછી ગામમાં આવી સારી સરભરા કરાવી ઉતારો આપ્યો. આ પ્રમાણે તાડણ તળાવે પોતાના સંબંધી જનોનો પ્રથમ મેળાપ થયો હતો તેથી આ તળાવ અતિ પવિત્ર અને દર્શનીય છે.

ધના તલાવડી

ગામથી દિશા નૈરુતમાંય, ધના નામે તળાવ છે ત્યાંય; હરિ ત્યાં બહુ નાહ્યા ઉમંગે, કોઈવાર રંગાયેલે અંગે.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૨)

ધન્ય ધન્ય તે ધના તળાવ, ના'યા જે વિષે નટવર નાવ; જળ કેરી કરી સખા સંગે, કોરાં વસ્ત્રો ધર્યા પછી અંગે.

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭)



તાડણ તળાવથી પશ્ચિમ તરફ થોડે દૂર ધના તળાવડી છે. શ્રીજીમહારાજ તેમાં ઘણી વખત નાહ્યા છે. આ તળાવડીની સુંદર જગ્યા જોઈ જોબન પગીએ ભગવાન શ્રીહરિ અને સંતોને ઘણીવાર જમાડ્યા છે.

એકવાર ભગવાન શ્રીહરિએ માફો(વેલડું) જોડાવી મુક્તાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુઓને તેમાં બેસાડી પોતે માફો હાંકીને ધનાતળાવડી પ ધાર્યા હતાં. આમ શ્યામ સુંદર ભગવાન શ્રીહરિ સંતોના સારથી બન્યા હતા. ઘણી વખત તો ભગવાન શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરી મંદિરથી ધૂન્ય કરતા ચાલે, તાળી પાડી પોતે ગાય સંતો ફરતાં ચારે તરફ ગાય, ઘડીભર ઉભા રહેને ચાલે એમ ધના તળાવડીએ આવે. સ્નાન કરી સભા કરે સંતો પાસે બપોર સુધી કીર્તન ગવરાવે એવી અનંત લીલાઓ કરી છે. તેથી ધનાતળાવડી અવશ્ય દર્શનીય છે. આ તળાવડીનું બીજું નામ 'ચંદન તળાવડી' પણ છે.

અહીં નજીકમાં શવજી કૂવો છે. શ્રીહરિ અહીં પધારતા. તેની પાસેનાં ખેતરમાં શ્રીહરિ અડવાણા પગે (ઉઘાડા પગે) ફર્યા છે. સંતોના મંડળો પણ આ ખેતરમાં ઉતરતા. શવજી કૂવાથી દક્ષિણમાં આવેલ ખેતર આજે ઠાકોરવાળુ ખેતર કહેવાય છે, જે મૂળે જોબનપ ગીનું ખેતર હતું. શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે જોબન પગીએ તે ખેતર દેવને ભેટ કર્યું હતું.

હિન્દુ ધર્મમાં ચાર વેદ છે. તેમાં યજુર્વેદ, અથર્વવેદ, ઋગ્વેદ અને સામવેદ. આ ચાર વેદમાં જેનો સામવેદ હોય એવા સંતો અને બ્રાહ્મણો ભાદરવા સુદ ત્રીજના દિવસે જનોઈ બદલે છે. બાકીના બ્રાહ્મણો શ્રાવણી પૂનમે અર્થાત્ બળેવના દિવસે જનોઈ બદલે છે. ભગવાન શ્રીહરિ ભાદરવા મહિનામાં વડતાલમાં બિરાજમાન હતા. શ્રીહરિનો વેદ સામવેદ હતો તેથી ઉપાકર્મ કરવા એકાંત જગ્યા શોધી રહ્યા હતા. આ ધના તળાવને એકાંત સ્થાન જાણી શ્રીહરિ જનોઈ બદલવાનો વિધિ કરવા માટે અહીં પધાર્યા હતા.

ભલો માસ ભાદરવો આવ્યો, ચંદ્ર હસ્ત નક્ષત્રે સુહાવ્યો; ઉપાકર્મ ક્રિયા કરવાને, શોધી એકાંત શ્રીભગવાને.
તેવું જાણિયું ધના તળાવ, ગયા ત્યાં મનમોહન માવ; સારા ગોભિલસૂત્ર પ્રમાણે, ઉપાકર્મ કર્યું તેહ ટાણે.

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

સોનારકુઈ

રુડી સોનારકૂઈ જે કહી, ત્યાંથી દક્ષિણમાં જુઓ સહી; ખરી માતા છે ત્યાં ખોડિયાર, તહાં વિચર્યા છે ધર્મકુમાર.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮)



મંદિરથી ઉગમણી તરફ દોઢ માઈલ દૂર સોનારકુઈ છે. તેનું જળ શ્રીહરિએ ઘણીવાર પાન કરીને તે કુઈ ને પ્રસાદીની કરી છે. શ્રીજી ઉમરેઠ તરફથી આવતા ત્યારે કુઈ પાસે બે મોટા વડ હતા તેની નીચે ભગવાન શ્રીહરિ ઉતારો કરી વિસામો લેતા હતા. અને આ કૂઈનું જળ પીતા તેથી અતિપવિત્ર છે.

એક સોનાર કૂઈ છે સારી, પ્રસાદીની કરી છે મુરારી;
વળી ત્યાં છે રૂડા વડ બેય, જાણો તેહ પ્રસાદીના છેય.
ઉમરેઠથી આવતા જ્યારે, વડ હેઠે ઉતરતા ત્યારે;
એ જ કૂઈ તણું જળ પીતા, તેથી જાણવી પરમ પુનિતા.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮)

ગોપી તળાવ

ત્યાંથી ઉત્તરે ગોપીતળાવ, તેમાં નાહ્યા મનોહર માવ.
પૌવા દૂધ સંતોને જમાડ્યા, વળિ રાત્રિયે રાસ રમાડ્યા;
એવી લીલા કરી છે અમૂલ્ય, તેથી તે તો વૃંદાવન તુલ્ય.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮)



સોનારકૂઈથી ઉત્તર દિશામાં ગોપી તળાવ આવેલ છે. તેમાં પણ ભગવાન શ્રીહરિ ઘણીવાર નાહ્યા છે. ભગવાન શ્રીહરિ જ્યારે શરદપૂનમનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા ત્યારે આ ગોપી તળવો સંતો-હરિભક્તોની સાથે પધાર્યા હતા. તળાવના કિનારે માંડવી બાંધી ઠાકોરજીની પાંચ આરતી કરી સંતોને રાસ રમાડ્યા હતા. અને દૂધ પૌવા જમાડ્યા છે.

ગોપી તળાવની જગ્યાને વૃંદાવનની ઉપમા આપવામાં આવી છે. કારણ કે વૃંદાવનમાં ૫૧૦૦ વર્ષ પહેલા શ્રીકૃષ્ણચંદ્ર ભગવાન શરદપૂર્ણિમાની રાત્રિએ ગોપીઓ સાથે મહારાસ રમ્યા હતા. એ જ રીતે વડતાલમાં આવેલ આ ગોપી તળાવે પણ ભગવાન શ્રીહરિ સંતો સાથે રાસ રમ્યા હતા. તેથી સંતોને ગોપીની ઉપમા આપી અને તે સ્થાનને વૃંદાવનની ઉપમા આપવામાં આવી છે.

શ્રી ગોમતીજી (ધારુ તળાવ)

स्नानं येऽत्र करिष्यन्ति ते मोक्ष्यन्त्यघसङ्घतः । तर्पयिष्यन्ति ये पितॄंस्मृप्तिस्तेषां च भूयसी ।।

"જે જનો ગોમતી સરોવરમાં સ્નાન કરશે તે જનો સમગ્ર પાપસમૂહથી મુક્ત થશે. જે જનો પોતાના પૂર્વજોને શ્રાદ્ધક્રિયાથી તૃપ્ત કરશે તેમના પિત્રીઓની અતિશય તૃપ્તિ થશે." (શ્રી સત્સંગિજીવન : ૪/૩૩/૧૨)

જે ગોમતી સરોવરને કિનારે શ્રીજીમહારાજે અબુધ ચંચળ વાંદરાઓ પાસે માળા ફેરવાવી હતી. જે સરોવરને કાંઠે શ્રીહરિએ શમીપૂજા કરી હતી. આવી અનેક અદ્‌ભૂત લીલાઓનું કેન્દ્ર સ્થાન ગોમતી સરોવર છે. ઐતિહાસિક તથા સાંપ્રદાયિક દૃષ્ટિએ ગોમતી સરોવર અતિ પરમ પવિત્ર તીર્થ છે.

ગોમતી સરોવરનું પૂર્વનું નામ ધારૂ તળાવ હતું. સંવત ૧૮૭૫ ની સાલમાં ગામના પટેલે શ્રી લક્ષ્મીનારાયણ દેવને કૃષ્ણાર્પણ

કર્યું ને સંવત ૧૮૭૯ ના વર્ષમાં શ્રીહરિએ ખોદાવ્યું. ધારૂ તળાવને કાંઠે (ગોમતીથી પશ્ચિમ દિશામાં હાલ જ્યાં છત્રી ત્યાં) એક કદમ્બનું વૃક્ષ હતું. તેની નીચે બેસીને શ્રીહરિ પોતાની દેખરેખ નીચે તળાવ ખોદાવતા. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ મહારાજ તથા મોટાભાઈ રામપ્રતાપભાઈને કદમ્બ વૃક્ષ નીચે ઊભા જોઈને દર્શન હૃદયકમળમાં અંકિત કરી. પોતાના ભાવવાહી શબ્દોમાં આલેખી સંકીર્તનની રચના કરી હતી. તે રચના **'दोउ ठाडे वे कदम्बउ की छैयां'** શ્રીજીમહારાજને સંભળાવી હતી. આ સ્થાને બીજી પણ અનેક લીલાઓ કરી છે.

સંવત ૧૮૮૨ના વર્ષમાં સચ્ચિદાનંદ સ્વામી ઉપર પ્રસન્ન થઈને દ્વારકાધીશ વડતાલ આવ્યા. તેમની સાથે ગોમતીજી પણ ધારૂ તળાવમાં નિવાસ કરીને રહ્યા.


ગોમતી ખોદાવતા શ્રીહરિ ઘણીવાર કહેતા કે, ''જલ્દી તળાવ ખોદો. અહિં તો પ્રત્યક્ષ પુરૂષોત્તમનારાયણ જળક્રીડા કરશે. અડસઠ તીર્થ નિવાસ કરશે.'' તેથી અક્ષરધામના મુક્તો પણ આ તળાવ ખોદવા રાત્રે પધારતા સમાધિસ્થિતિવાળા ભક્તો દર્શન કરતા.

આ ગોમતી તળાવમાં શ્રીહરિ તથા પાંચસો પરમહંસોએ અનેકવાર જળક્રીડા કરી છે. આ સરોવરમાં સ્નાન કરનારના સમગ્ર પાપ નાશ પામે છે. પશુ પક્ષી પણ આ પવિત્ર જળના સ્પર્શથી મોક્ષ પામે છે. પિતૃશ્રાદ્ધ કરવાથી પિતૃઓ મોક્ષ મેળવે છે. બ્રહ્મચર્ય પાલન પૂર્વક ગોમતી સરોવરમાં સ્નાન કરી દેવ દર્શન કરનાર પુત્રાર્થીને પુત્ર, વિદ્યાર્થીને વિદ્યા, ધનાર્થીને ધન , કીર્તિની ઈચ્છાવાળાને કીર્તિ અને મોક્ષની ઈચ્છાવાળા મોક્ષને પામે છે. આ પવિત્ર સરોવરમાં સ્નાન કરનારે શૌચક્રિયા કરવા દૂર જવું, દાતણ પણ છેટે જઈ કરવું, માથાના કેશ કે નખ કાપીને ગોમતીમાં નાંખવા નહિ, જ્યારે સ્નાન કરવું હોય ત્યારે પ્રથમ લોટામાં કે અન્ય પાત્રમાં જળ ભરી બહાર આવી હાથપગ ધોવા, કોગળા કરીને પછી જ સ્નાન કરવા જળમાં પડવું આ રીતે મહિમા પૂર્વક સ્નાન કરનારાના સર્વે મનોરથો સિદ્ધ થાય છે.

ગોમતીજી મધ્યે છત્રી

મધ્યભાગ તળાવનો જ્યાંય, ઝાડ કોઠી તણું હતું ત્યાંય; તહાં જૈ બેસતા ઘનશ્યામ, જોતા ખોદ્યાનું ચાલે તે કામ...૩૦
તેહ જગ્યાનું માહાત્મ્ય જાણી, અતિ અંતરમાં મુદ આણી; ભગવત્પ્રસાદે ભલી રીતે, એક ઓટો કરાવ્યો છે પ્રીતે...૩૧

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯)



ગોમતીજીનું ખોદકામ જ્યારે ચાલતું હતું ત્યારે સ્વયં ભગવાન શ્રીહરિ ગોમતીજીના મધ્ય ભાગમાં જતા અને ત્યાં બેસીને જે જે સંતો-હરિભક્તો સેવા કરતા હોય તેને જોતા અને રાજી થતા. આ જગ્યાએ કોઠીનું એક મોટું ઝાડ હતું તેની છાયામાં બેસી ભગવાન શ્રીહરિ ગોમતીજીની ચારેતરફ નિરીક્ષણ કરીને જે જે સુચનો કરવાના હોય તે તે કરતા હતા.

આજે ગોમતીજીના મધ્ય ભાગમાં મોટી છત્રી છે ત્યાં નીલકંઠ વર્ણીપ્રભુની મૂર્તિ દર્શનાર્થે રાખવામાં આવી છે. હાલમાં ત્યાં સુધીની ચાલી જઈ શકાય છે. આ સ્થાનનો મહિમા જાણી આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ત્યાં પ્રથમ ઓટો કરાવ્યો હતો.

સં.૧૮૮૫માં દ્વારિકાથી પધારેલ ગોમતીજીને ધારુ તળાવમાં પધરાવી, ધારુ તળાવને ગોમતીજી બનાવેલ. આ ઘટનાના ૬૫ વર્ષ બાદ તૃતીય આચાર્યશ્રી ૫.પૂ.ધ.ધૂ. વિહારીલાલજી મહારાજશ્રીએ રાજુલાના પથ્થરથી એના ત્રણ ઘાટનું નિર્માણ કર્યું. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વિશતાબ્દી જન્મજયંતિ મહોત્સવ - ૨૦૧૨ નિમિત્તે ગોમતીજીનો ભવ્ય જીણોધ્ધાર કરાયો. ગોમતીજીના ચોથા ઘાટનું નિર્માણ, ગોમતીજીના મધ્યમાં છત્રીનું નિર્માણ, છત્રીએ જવાનો માર્ગ, ગોમતીજી ફરતે પ્રદક્ષિણા થઈ શકે એવો સરસ આરસીસી રોડ, ધોબીઘાટ, હરિભક્તો માટે સ્નાન કરવાની તથા પૂજા-પાઠ કરવાની વ્યવસ્થા, ચારેય ખૂણે ફુવારા, પાણી શુદ્ધિકરણ વ્યવસ્થા જેવી અનેક સુવિધાઓનું આયોજન વડતાલ ટેમ્પલ બોર્ડ કરીને ગોમતીજીને એક નયનરમ્ય તીર્થ બનાવ્યું.

ગોમતીજી કાંઠે પ્રાસાદિક છત્રી

ગોમતીતણે ઉત્તર તીર, એક આંબો છે ગેર ગંભીર; બિરાજ્યા છે તહાં બહુનામી, અક્ષરાતીત અંતરજામી.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૧)



ગોમતીજીનું ખોદકામ કરતા બહુ સંત હરિભક્તોને ભગવાન શ્રીહરિ બાથમાં ઘાલીને મળતા પ્રસાદ આપતા, જાતે ખોદકામ કરતા ને ધૂળના ટોપલા ઉપાડતા ત્યારે સૌ ભગવાન શ્રીહરિના દર્શન કરતા હતાં. પછી શ્રીજીમહારાજ ગોમતીકાંઠે આંબાના મોટા વૃક્ષ નીચે સભા કરતા, (જે જ્ઞાનોપદેશને વડતાલ પ્રકરણના ૧, ૨, ૫ વચનામૃતોમાં ગૂંથી લેવામાં આવ્યો છે.) ભોજન કરવા બિરાજતા, તેની બાજુમાં કૂવો હતો તેના જળથી ભગવાન શ્રીહરિ સ્નાન કરતા, અહીં સંત-હરિભક્તોએ ભગવાન શ્રીહરિનું પૂજન કરેલું છે, પ્રશ્ન-ઉત્તર કરેલા છે તેમજ કાઠી દરબારોના આગ્રહથી (ગોમતીથી પૂર્વ બાજુની છત્રીએ) વાંદરાઓ પાસે માળા ફેરવાવી હતી તે સ્થળોની સ્મૃતિ માટે છત્રી કરાવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા છે. તેના દર્શનથી પાપ નાશ પામે છે. આ સ્થાન પાણીની ટાંકી પાસે ગોમતીથી ઉત્તરમાં આવેલુ છે.

નાવા ધારુસરે જવા કાજે, ઉર ઇચ્છા કરી મહારાજે; અતિ સારી સજી અસવારી, ચાલ્યા ધારુસરે ગિરધારી...૨
કરી સ્નાન દીધાં બહુ દાન, સભા પાળે સજી ભગવાન; જહાં બેઠક છે ભલી આજ, બિરાજ્યા તહાં શ્રીમહારાજ...૩
આવ્યો વાંદરો એક એ ટાણે, ઠેકી ઝાડે ચડ્યો તે ઠેકાણે; કાઠિયો તેનું જોઈ વદન, બોલવા લાગ્યા મર્મ વચન...૫
રામચંદ્ર પાસે હનુમાન, નળ નીલ હશે આ સમાન; પણ રાક્ષસ સાથે તે વાર, લડ્યા હાથે ધરી હથિયાર...૬

(શ્રીહરિલીલામૃત : ૮/૫)

શમીપૂજન છત્રી (ગોમતીજીને કાંઠે)

આવ્યો દસરા તણો દિન જ્યારે, સમી પૂજવા નીસર્યા ત્યારે...૧૫
ભલું ધારુ તળાવ જે ઠામ, આજ છે જેનું ગોમતી નામ; હાલ છત્રી કરાવી છે જ્યાંય, શ્રીજી ને સંત જૈ બેઠા ત્યાંય...૨૧
ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં; જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય...૨૨
હતો ખીજડો ઉત્તરમાંય, પૂજવાને પ્રભૂ ગયા ત્યાંય; ગોર ડાયા મેતા વનમાળી, તેણે પૂજા કરાવી રુપાળી...૨૫

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)



ભગવાન શ્રીહરિએ ગોમતીજીને કિનારે શમી પૂજન કરવા આવતા હતા. મંદિરમાંથી ઢોલ-ત્રાસા વગેરે વાજિંત્રો સાથે શોભાયાત્રા કાઢીને ગોમતી કિનારે શ્રીહરિ પધાર્યા. અહીં વેદોક્તવિધિથી વિપ્રોએ શમીપૂજન અને શસ્ત્રપૂજન કરાવ્યું. આ સમયે કાઠી ભક્તોએ ખૂબ ઘોડાં ખેલાવ્યાં અને ભગવાન શ્રીહરિને રાજી કર્યાં. હાલમાં શમી (ખીજડા)નું વૃક્ષ હતું તે સ્થળની સ્મૃતિ માટે છત્રી કરાવી શ્રીહરિના ચરણારવિંદ પધારાવેલ છે.

પાંડવોએ વિરાટનગરીમાં એક વર્ષ ગુપ્તવેશે રહેવા માટે ખીજડા ઉપર પોતાના શસ્ત્રો રાખ્યાં હતા. અને એક વર્ષ પૂરું થયું એટલે આ દિવસે શમી વૃક્ષ (ખીજડા) ઉપરથી પોતાના શસ્ત્રો ઉતારી વિરાટ રાજાની

ગાયો હરી જતાં દુર્યોધનના સૈન્યને હરાવી હરણ કરેલી ગાયોને પાછી વાળી હતી. ગાંડિવધારી અર્જુને વિજયટંકાર પણ આ જ દિવસે કર્યો હતો. શિવાજીએ ઔરંગઝેબને હરાવવા આ જ દિવસે પ્રયાણ કર્યું હતું. બુદ્ધનો જન્મ પણ આ જ દિવસે થયો હતો. અનેક પૌરાણિક કથાઓની સ્મૃતિ કરાવતો આ ઉત્સવ બાહ્ય તથા આંતરિક વિજયનો આનંદ મનાવવાનો દિવસ છે. રામાયણ કાળપર્યંતથી અનેક કથાઓ આ ઉત્સવના મૂળમાં છે. આમ, દશેરા અધર્મ પર ધર્મનો, અહંકાર પર સારપનો, અસત્ય પર સત્યના વિજયનો દિવસ છે. આ દિવસે શસ્ત્રો અને વાહનોની પૂજા કરવામાં આવે છે. જેથી આ ઉત્સવ ભારતને દિગ્વિજયી થવાનો સંદેશ આપે છે. શસ્ત્રોની પૂજા દ્વારા આ ઉત્સવ સ્વવિજયી થવાનો પણ સંદેશ આપે છે. આ દિવસે લોકો અનેક નવા કાર્યનો પ્રારંભ પણ કરે છે. જેમાં ચોઘડિયું જોવાની પણ જરૂર રહેતી નથી.

આ દશેરાના દિવસે શમીપૂજન કરવામાં આવે છે. આ શમીપૂજન કરવાનો શાસ્ત્રોક્ત એવો હેતુ જાણવા મળે છે કે, વિશ્વામિત્ર ઋષિનો શિષ્ય કૌત્સ ગુરુદક્ષિણા માટે ધન લેવા રઘુરાજા પાસે ગયો. રઘુરાજાએ વિશ્વજિત યજ્ઞ માટે પોતાની બધી જ સંપત્તિનું દાન કરી દીધેલું અને પોતે માટીના પાત્રમાં જમતા હતા. કૌત્સને ખાલી હાથે જવું ન પડે તેથી રઘુરાજાએ આ દશેરાના દિવસે કુબેર ઉપર ચડાઈ કરી. કુબેરે હારીને શમી વૃક્ષ ઉપર ચૌદ કરોડ સોનામહોરો વરસાવી. કૌત્સે તે ધન ગુરુને દક્ષિણામાં સમર્પિત કર્યું. ગુરુએ તે ધન ગરીબોને વહેંચી દીધું. આ પછી શમી વૃક્ષના પાન સુવર્ણતુલ્ય ગણાયાં. આમ, શમીએ ધન આપ્યું તેથી લોકો શમીપૂજન કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ દશેરા પર્વને ઉજવી અનેક લીલાચરિત્રો કરી ભક્તજનોને સુખ આપ્યું હતું. આ દિવસે અશ્વદોડની સ્પર્ધાઓ પણ ભગવાન શ્રીહરિ કાઠી ભક્તો સાથે કરી અશ્વારોહણ-લીલાની સ્મૃતિ પોતાના ભક્તોને આપતા હતા.

જળક્રિડા છત્રી (ગોમતીજીને કાંઠે)



ગોમતીજીના સામે કાંઠે કદંબનું મોટુ વૃક્ષ હતું તેની ઉપર ચઢીને ભગવાન શ્રીહરિ ગોમતીમાં ખૂબ ધૂબકા મારીને જળક્રીડા કરતા. વડતાલમાં આવેલ ગોમતીજીને વિશેષ તીર્થત્વ આપવા માટે અને સંતો-ભક્તોને રાજી રાખવા માટે શ્રીહરિએ અનેકવાર ગોમતીજીમાં સ્નાન કરેલ છે અને બહુ સમય સુધી જળક્રીડાઓ પણ કરેલ છે. ગોમતીજીમાં જળક્રીડા કર્યા પછી ભગવાન શ્રીહરિ આ સ્થાને વિસામો લેતા હતા. આ સ્થાનમાં શ્રીહરિની સ્મૃતિ માટે છત્રી બનાવી શ્રીહરિ સોળેચિહ્નયુક્ત ચરણારવિંદ પધરાવ્યા છે. તેના દર્શનથી પાપ નાશ પામે છે.

શ્રી રઘુવીર વાડી

ગોમતી થકી વાયવ્ય ભાગ, રુડો છે ત્યાં રઘુવીરબાગ;
પગી જોબન આદિક તણાં, હતાં ખેતર ત્યાંકણે ઘણાં.
વૃષનંદન ત્યાં વિચર્યા છે, બધા ખેતરમાં તે ફર્યા છે;

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯)

ગોમતીથી વાયવ્યખૂણામાં રઘુવીરબાગ છે, તે જગ્યાએ જોબનપગી આદિકના ખેતરો હતાં. શ્રીહરિ બધાં ખેતરોમાં ફર્યા છે. બાગથી આથમણો કૂવો છે. ત્યાંથી પૂર્વ દિશામાં એક વિશાળ આંબાનું વૃક્ષ હતું ત્યાં વરીયાળી બાઈએ હિન્દુસ્તાની રસોઈ બનાવી શ્રીહરિને તથા સંતોને જમાડ્યા હતા. આ પ્રમાણે અનેક વખત જે સ્થળે શ્રીહરિ વિચર્યા છે.

• શ્રી રઘુવીર વાડીમાં સ્મૃતિછત્રી :



રઘુવીર વાડીમાં આમળીના ઝાડ નીચે ઓટો હતો હાલ ત્યાં છત્રી કરવામાં આવેલી છે. આ જગ્યા મહાપ્રસાદીની છે. અહીં જેતલપુરના ગંગામાએ થાળ કરીને શ્રીજીમહારાજને અનેકવાર જમાડ્યા છે તથા શ્રીહરિએ જ્ઞાન વાર્તા કરી છે.

• સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો આશીર્વાદ - 'બ્રાહ્મી વનસ્પતિ'

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી મહાન યોગીરાજ અને સત્સંગમાં મૂર્ધન્ય સંત હતા અને તેઓ શ્રીજી મહારાજની અનુવૃત્તિ યથાર્થ જાણતા હતા. અને પોતે ખૂબ જ સમર્થ અને મહા દયાળુ હતા. એમણે સત્સંગમાં અનેક ઉપકાર કાર્ય કર્યા

છે. જેનું વર્ણન થઈ શકે તેમ નથી. સારંગપુરમાં શ્રી હનુમાનજી પધરાવ્યા તેવી જ રીતે અતિશય દયાયે કરીને વડતાલમાં કોઈ પણ ભક્તજનને મગજની બિમારી હોય તો તેના માટે રઘુવીર વાડીમાં બ્રાહ્મી વનસ્પતિ વાવી આપી છે, તે બ્રાહ્મી વનસ્પતિના ઢેબરા ભાજી વગેરે ગમે તે રીતે ખાય તો ગમે તેવી મગજની બિમારી હોય તો તે મટે છે. પણ જો તે બ્રાહ્મી કોઈ ચોરી છૂપી થી લઈ જાય અને ખાય તો તેની કંઈ અસર થતી નથી પણ ઉલ્ટાનું ચોરીનું પાપ લાગે છે.

શ્રી નારાયણ બાગ અને કૂવો

મંદિરેથી જે ઉત્તરભાગ, બન્યો જ્યાં છે નારાયણબાગ; જુઓ જગ્યા તહાં સુધી જે છે, હરિચરણથી અંકિત એ છે.
ગામ પટેલ આદિકે જ્યારે, આપી તે બાગની ભૂમિ ત્યારે; શ્રીજીયે કહ્યું દાદાગુરૂને, કરિ બાગ શોભાવો આ ભૂને...૧૭
પ્રભુતાનંદજી સંત જેહ, કહેવાતા દાદાગુરુ તેહ; કુવો ખોદાવ્યો શ્રીજિયે ત્યાંય, નાહ્યા તે જળથી હરિરાય...૧૮
સ્નાનનું જળ તે બધું રાખ્યું, દાદાગુરુયે તે કૂપમાં નાંખ્યું; તહાં બાગ બનાવિયો સારો, દેખી બોલિયા ધર્મદુલારો...૧૯
આનું નામ નારાયણબાગ, નારાયણ કૂપ જાણો આ જાગ; બાગ તે સ્થળમાં મન ભાવ્યો, પ્રભુયે પાસે રહિને કરાવ્યો...૨૦
નારાયણબાગની ભૂમિ જેહ, જાણો સર્વે પ્રસાદિની તેહ; મીઠો કૂવો છે બાગ બહાર, પ્રસાદિનો સદા સુખકાર...૨૩

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯)

મંદિરથી ઉત્તરમાં વરંડામાં હાલ જ્યાં ગૌશાળા અને આચાર્યોનું સ્મૃતિમંદિર(અગ્નિસંસ્કાર સ્થળ) છે ત્યાં શ્રીહરિની આજ્ઞાથી એક બગીચો બનાવવામાં આવ્યો હતો તેમાં શ્રી ઠાકોરજીના ઉપયોગ માટે ફળ ફુલના વૃક્ષો ઉછેરવામાં આવ્યા હતાં. ગૌશાળામાં જ્યાં ભીંત ઉપર શ્રીહરિની, શ્રીજી સમકાલીન નંદસંતોએ થાળ જમતી પ્રતિમા આલેખી છે ત્યાં શ્રીહરિ બેસતા. થાળ જમતા અને કથા વાર્તા કરતા હતા. બગીચાની દેખભાળ માટે દાદાગુરુ સંજ્ઞાથી ઓળખાતા પ્રભુતાનંદસ્વામી ને રાખ્યાં હતા. દેવના થાળમાં દૂધ માટે ગાયો પણ ત્યાંજ રાખતા હતા ત્યાં એક મોટી ધર્મશાળા બાંધેલી હતી જેમાં શ્રીહરિની આજ્ઞાથી ઘણાં વૃધ્ધ સંતો અને પાર્ષદો રહેતાં હતાં. બાજુમાં નારાયણ કૂપ છે ત્યાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તે પ્રસાદીનું જળ સંતોએ કૂવામાં નાખેલું છે. આ બગીચાનું નામ પોતાના નામ ઉપરથી 'નારાયણ બાગ' રાખેલુ હતું. હાલમાં ત્યાં ગૌશાળા છે. અહીં શ્રીહરિની સ્મૃતિ માટે આરસની છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યા છે.



સુંદરપગીનો કૂવો

પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય; રંગે ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે...૪૮
પગી સુંદરનો કુવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય; નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ...૪૯
કૃપાનાથે કોરાં વસ્ત્ર ધર્યાં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં; હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી...૫૦

(શ્રીહરિલીલામૃત : ૭/૪૦/૪૮-૫૦)



આ સ્થાન વડતાલ રેલ્વે સ્ટેશનથી ઉતર તરફ નજીકમાં છે. સુંદર પગી જોબનપ ગીના ભાઈ હતાં. સુંદરપગીને કૂવે શ્રીજીમહારાજે ઘણીવાર સ્નાન કર્યું છે સ્નાન કરી જળ કૂવામાં નાખીને પ્રસાદીનો ક્ર્યો છે. આ કૂવાના થાળામાં શ્રીહરિ ઘણીવાર બેઠેલા છે તેથી પ્રસાદીનું થાળું આજે પણ જાળવી રાખ્યું છે આ સ્થળે સ્મૃતિ માટે ઓટો પણ કરાવ્યો છે. તેથી સુંદર પગીનો કૂવો દર્શનીય છે.

એકવખત ગઢપુરમાં ફૂલદોલોત્સવ ઉજવીને ભગવાન શ્રીહરિ વડતાલ રંગોત્સવ કરવા પધાર્યા. જોબન પગીએ રંગ તૈયાર કરી રાખ્યો હતો. પછી મહારાજને વિનંતી કરી એટલે તૈયાર થઈ ગયા. ફાગણ વદ સાતમને દિવસે જોબન પગીને મેડીની બારીયે બેસી ગયા અને ચોકમાં ઊભેલા સંતો-ભક્તો

ઉપર અબીલ-ગુલ્લા ઉડાડીને અને રંગીની પીચકારીઓ ભરી સૌને ખૂબ જ રંગ્યા હતા. રંગોત્સવ પૂર્ણ કરીને ભીનાં વસ્ત્રોમાં જ સંતો-ભક્તો સાથે ભગવાન શ્રીહરિ જોબનપગીના ભાઈ સુંદર પગીના ખેતરમાં જઈ તેના કૂવાના થાળામાં બેસીને નાહ્યા હતા. એ સમયે સંતોએ કીર્તન ભક્તિ કરીને સૌને રાજી થાય હતા.

ભગવાન શ્રીહરિએ નાહ્યા પછી વસ્ત્રો બદલી કોરાં પહેર્યા અને ભીનાં વસ્ત્રો સુંદરજી પગી માટે થાળામાં જ રહેવાં દીધાં હતા. પ્રગટ પ્રભુએ ત્યાં સ્નાન કર્યું એટલે તે પ્રસાદીનું પાણી થાળામાંથી લઈ હરિભક્તોએ કૂવામાં નાખી તે કૂવો પ્રસાદીનો કર્યો હતો.

અન્ય કૂવાઓ : વડતાલની સીમમાં ઘણા બધા કૂવાઓ પ્રસાદીના છે. ત્યાં ભગવાન શ્રીહરિએ સંતો સાથે સ્નાન કરેલ છે. (૧) કર્ણા પગીનો કૂવો (૨) અંટોળદાસનો કૂવો (૩) જેડિયો કૂવો (૪) ફાજીવાળો કૂવો(બોરડીવાળો) (૫) નારાયણકૂપ (૬) મીઠો કૂવો (નારાયણ બાગની બહાર)

શાવજી કુવો છે વળિ સારો, કરતા પ્રભુ ત્યાં તો ઉતારો; પછી ત્યાંથી સજી અસવારી, આવતા વરતાલ મુરારી...૦૬
એક કર્ણાપગી તણો કૂવો, બિજો અંટોળદાસનો જૂવો..૧૩
ત્રિજો જંડિયો જે કહેવાય, ફાજીવાળો તે ચોથો ગણાય; તેને બોરડીવાળો કહે છે, કુવા સર્વે પ્રસાદિના એ છે...૧૪

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/)

પ.ભ. વાસણ સુથારનું ઘર

સારા સુતાર વાસણ નામ, આવ્યા તે કથા સુણવા કામ; દૈવી જીવ મુમુક્ષુ છે તેહ, થયા તરત જ આશ્રિત એહ.
કર જોડીને વિનંતી કરી, મારે ઘેર પધારો શ્રીહરિ; ત્યારે ભક્તવત્સલ ભગવાન, ગયા તેહ સુતારને સ્થાન.

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯/૪૪-૪૫)



ભગવાન શ્રીહરિ વિષે સર્વોપરિ ભગવાનની નિષ્ઠા અનન્ય પણે રાખનારા વાસણભાઈ નામે સુથાર ભક્ત, વડતાલમાં જ્યાં હાલ લીંબડાવાળો વરંડો છે ત્યાં જુની હવેલીની જગ્યા છે તે ઠેકાણે તેમને રહેવાનું ઘર હતું. ભગવાન શ્રીહરિની સેવા કરવામાં વાસણ સુથાર ઘણાં ઉમંગી હતા. તેમની સેવાથી શ્રીહરિ બહુ રાજી થતાં હતા. આ ભક્તે પોતાની અંતિમ અવસ્થામાં ઘર વખરી સાથે પોતાનું મોટું ઘર શ્રીહરિને અર્પણ કરી દીધું હતું. આ સ્થળે સાંખ્યયોગી બાઈઓને ભજન કીર્તન-કથા-વાર્તા કરવા માટે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હવેલી બંધાવી આપી છે. ત્યાં ગાદીવાળાની સેવામાં રહેનાર સેવક સાંખ્યયોગી બાઈઓ રહે છે.

જ્યાં ભગવાન શ્રીહરિ બિરાજમાન થતા હતા ત્યાં સિંહાસન પધરાવીને તેમાં શ્રીહરિની ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રીહરિની પાદુકાઓ પણ પધરાવવામાં આવી છે. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના ધર્મપત્ની વિરજાદેવી ચરણારવિંદની પૂજા કરતાં હતાં, તે પણ ત્યાં પધરાવવામાં આવે છે. એટલા માટે આ ઘરને ગઢપુરના વાસુદેવનારાયણના ઓરડા તુલ્ય શ્રીહરિલીલામૃત ગ્રંથમાં સરખાવવામાં આવેલ છે :

વળી વાસણ નામે સુતાર, પ્રસાદીનું છે એનું અગાર; વાસુદેવ નારાયણ કેરો, જે છે ઓરડો પુનીત ઘણેરો.
ગઢપુર માંહિ તે તો પ્રમાણો, એવું વાસણનું ઘર જાણો; ઘણીવાર સભા સજી શ્યામ, ઘણીવાર જમ્યા તેહ ઠામ.

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭/૩૨-૩૩)

પ્રભુ કેરિ પ્રસાદીની લાવી, પાદુકાઓ તહાં પધરાવી; વિરજ્યા રઘુવીરનિ નારી, પૂજતાં ચરણ જે પ્રેમ ધારી...૪૭
તેહ ચરણ તહાં પધરાવ્યાં, ભાળિ સૌ હરિભક્તને ભાવ્યાં; ચિત્રમૂર્તિ મહાપ્રભુ કેરી, પધરાવી તે શોભે ઘણેરી...૪૮
એહ સ્થાન તણો મહિમાય, મુખે બોલ્યા સહુ મુનિરાય; એહ સ્થાન પ્રસાદિનું જાણી, કરે દર્શન જે ભાવ આણી...૪૯
તેનાં પાપ પ્રલય થઈ જાય, પ્રભુના પદમાં પ્રેમ થાય; જપ તપ પુરશ્ચરણ કરાવે, અગણિત ફળ એહને આવે...૫૦
અતિ પાવન આખ્યાન એહ, પ્રતિદિવસ કરે પાઠ જેહ; તેનાં વિઘ્ન સરવ દુર વામે, ધન ધાન્ય ને પુત્ર તે પામે...૫૧

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૯

પ.ભ. કુબેરભાઈનું ઘર

વડતાલના પાટીદાર કુબેરભાઈ ઘણાં સેવાભાવી અને શ્રીજીમહારાજના અનન્ય દાસ હતાં. પોતાના ઘરમાં શ્રીજીમહારાજને તેમજ સંતોને ઉતારા આપી સારી સેવા કરતાં હતા. તન, મન અને ધન શ્રીહરિને ચરણે ધરી સેવકની જેમ વર્તતા હતાં. આવા નિઃસ્વાર્થી સમર્પણની ભાવનાવાળા આ ભક્તોને ત્યાં શ્રીજીમહારાજ વારંવાર પધારતા હતા. શ્રીહરિના પ્રસંગથી પાટીદાર શ્રી કુબેરભાઈનું ઘર પાવન બન્યું હતું.

તળાવ અને કૂવાનું મહાત્મય

ગોમતી તળાવ, ગોપી તળાવ, ધના તળાવ, તાડણ તળાવ અને જ્ઞાનકૂપનું માહાત્મ્ય વર્ણવતાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃતમ્'માં લખે છે :

ગંગા રહી ગોમતિને સ્વરૂપે, ભાનુસુતા દૈવત જ્ઞાનકૂપે; સરસ્વતી ગોપીતળાવ ભાવે, ત્રિવેણીનું તત્ત્વ ધનાતળાવે.
એ ચાર જે ગોમતીતીર્થ આદિ, પ્રત્યક્ષ કૃષ્ણે કરી છે પ્રસાદિ; તેથી મહિમા અતિ શ્રેષ્ઠ એનો, વિસ્તારથી ભેદ કહીશ તેનો.
જુવો વળિ ઉત્તમ તીર્થ જેહ, તડાગ છે ટાડણ નામ તેહ; શ્રીભક્તિપુત્રે બહુ વાર સ્નાન, જેમાં કર્યું જાહ્નવિ તે સમાન.

(શ્રીહરિલીલામૃત : ૧/૫/૭-૮-૯)

ત્રણ દરવાજા



શ્રીજીમહારાજે શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરના અને વડતાલધામના પ્રવેશદ્વાર તરીકે એક મોટો દરવાજો કરવાનો સંકલ્પ કરેલો ત્યાં સંત હરિભક્તોએ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એક મહા મોટો દરવાજો કરેલો છે. તે હાલમાં 'ત્રણ દરવાજા'ના નામે ઓળખાય છે. આ દરવાજાનું દર્શન કરીને જે તેનું ચિંતન કરે છે, તેનો યમના દ્વારમાં પ્રવેશ નથી.

તખાપગીની બામરોલી

● પ્રસાદીની રાયણ

વડતાલ થી ઉત્તર દિશામાં મહુડીયાપરાથી આગળ તખાપગીની બામરોલી છે. બામરોલી ગામ પાસે જ તખાપગીના ખેતરો છે. ગામ પાસેના ખેતરમાં રાયણનું વૃક્ષ છે. આ વૃક્ષની ડાળે સુંદર હિંડોળો બાંધી શ્રીહરિને ઘણી વખત ઝૂલાવ્યા છે. અપાર લીલાઓ કરી છે.



એકવાર બામરોલીમાં શ્રીહરિ માણકી ઘોડી મંગાવી એક મોટા ખેતરમાં આવ્યાં તે ખેતરમાં વચ્ચે એક સોનાનો વેઢ મૂક્યો પછી શ્રીહરિ ઘોડીએ સ્વાર થઈ તેને કુંડાળે નાખી, ઘોડી ખૂબ વેગથી ગોળ ઘેરાવે ફરવા લાગી, એમ કરતા ઘોડી ખૂબ વેગથી ગોળ ઘેરાવે ફરવા લાગી. એમ ફરતા ઘોડી લાંબી છલાંગો ભરતા જમીન સરસી થઈ કે તુરત શ્રીજીએ વેઢમાં આંગળી નાખી વેઢ ઉપાડી લીધો. તે વખતે સૂરતથી એક ડોશીમાં ગાડુ ભરી ગુલાલ લાવ્યાં અને શ્રીહરિને ગુલાલ ઉડાડવા વિનંતી કરી. શ્રીજી ગાડા ઉપર ચડી ગુલાલ ઉડાડવા માંડ્યા સૌને ગુલાલ મય કરી દીધાં વનરાઈ પણ ગુલાલથી છવાઈ ગઈ. દેવતાઓ પણ પોતાના વિમાનમાં બેસી આ લીલા જોવા આવ્યા હતા.

એક વાર અન્નકુટને બીજે દિવસે શ્રીહરિ બામરોલી પધાર્યા. સોનેરી વસ્ત્રાભુષણ તથા છત્ર ધારણ કર્યા હતાં. શ્રીહરિ તથા સંતો માટે વજેરામ નામના વિપ્રભક્ત પાસે રસોઈ કરાવી હતી. આ પ્રમાણે જ્યારે જ્યારે શ્રીહરિ વડતાલ પધારતા ત્યારે બામરોલી અચૂક જતાં, તખાપગીના બધાં સંબંધી સત્સંગી હતાં, બધાને ઘેર શ્રીહરિ પધારતા, બાઈ ભાઈ સૌ ઘરમાં જે પ્રિય વસ્તુ હોય તે અર્પણ કરતાં હતાં.

● પ્રસાદીની કોઠી

સંવત્ ૧૮૬૯ ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. અંતર્યામી પરમાત્મા શ્રીહરિ અગાઉથી જ પોતાના ભક્તોને ગામો ગામ ફરીને દુષ્કાળની ચેતવણી આપતા, અનાજ સંઘરવા માટે કહી રહ્યા હતા, બામરોલી ના તખાપગીને પણ સંદેશો મળ્યો પણ ઉદાસીનતા



રાખી અનાજનો સંગ્રહ ન કર્યો. તે વર્ષમાં ચોમાસામાં વરસાદનું એક ટીપું પણ ન પડ્યું. ચારે તરફ હાહાકાર વર્તી ગયો, આવી કઠિન પરિસ્થિતિ આવતા તખાપગી મુંઝાયા, ઢોર ઘાસ વગર મરવા લાગ્યા. ઘરમાં અન્ન સંગ્રહ ખૂટી ગયો. છેવટમાં એક માટીની કોઠીમાં એક મણ બાજરી વધી હતી. ત્યારે કિંકર્તવ્યમૂઢ બની દુઃખીયાઓના ભેરૂ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા, કોઈ રસ્તો મળતો નથી છેવટે મુંઝાઈને શ્રીહરિની પાસે ગયા. શ્રીહરિના દયાળુ સ્વભાવનુ વર્ણન કર્યું છે કે ''અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય'' આવા દયાળુ ભગવાને રામાનંદ સ્વામી પાસે પણ તેવા જ બે વર માગ્યા હતા કે ''તમારા ભક્તના પ્રારબ્ધમાં રામપાત્ર હોય તો તે મને મળે અને તમારા ભક્તો અન્ન વસ્ત્રેથી સુખી રહે, તમારા ભક્તને એક વિંછીનું દુઃખ થવાનું લખ્યું હોય તો મને રુંવાડે રુંવાડે કોટિ વિંછીની વેદના થાય પણ તમારા ભક્તને દુઃખ ન આવે'' આવા દીન દયાળું પરમાત્મા તખાપગીનું દુઃખ દૂર કરવા પ ોતાના પાર્ષદો સાથે બામરોલી પધાર્યા. ઘરમાં માટીની કોઠીમાં અડધોમણ બાજરી હતી. શ્રીહરિએ કોઠી ઉપરનું ઢાંકણ બંધ કરાવ્યું કોઠી ઉપર પોતાના હસ્તકમળ રાખી બોલ્યા કે હે ભક્ત! આ કોઠી ઉપરથી ન ઉઘાડતા નીચેના સાણેથી બાજરી કાઢજો તમો જેટલી બાજરી કાઢશો તેટલી મળ્યાં કરશે આ બાજરી અન્નાર્થીઓ જે કોઈ આવે તેને આપશો તેમ જ ગાય ભેંસ વિગેરે પશુઓને માટે પણ વાપરજો. જરાય સંકોચ કરશો નહિ. આમ પોતાના ભક્તને જીવતદાન આપી પાછા વડતાલ પધાર્યા. કપરોકાળ વ્યતિત થઈ ગયો પોત પોતાના વર્ણાશ્રમના કર્મોથી વિરત થઈને મનુષ્યો આળસુ અને પ્રમાદી ન બની જાય અને કર્તવ્યનિષ્ઠ રહે તેવી કાળજી પણ પરમાત્મા રાખે છે. વરસાદ પણ વરસ્યો. અનાજ મળવા લાગ્યું. ત્યારે તખાપગી તો અડધોમણ બાજરી હતી છતાં હજુ ખૂટતી નથી. જોઈએ તો ખરા કે અંદર કેટલી બાજરી ભરી છે. આમ કોઠી ખોલીને જોવાની ઈચ્છા થઈ. ઉપરથી ઢાંકણ ખોલ્યું તો અડધોમણ બાજરી દેખી પરિણામે અખૂટ બાજરી મળતી તે બંધ થઈ ગઈ.

આવી મહાન પ્રસાદીની કોઠી રીપેર કરાવીને બામરોલીમાં હરિમંદિર માં દર્શનાર્થીઓને દર્શન કરવા માટે રાખી છે. આ પ્રમાણે ભગવાને પોતાના ભક્તોનું આપત્તિ કાળમાં રક્ષણ કર્યું હતું. તેની યાદ કોઠીના દર્શન કરતા થઈ આવે છે. અને ભગવાન શ્રીહરિની દયા દૃષ્ટિને યાદ કરતાં ભક્તિભાવથી મસ્તક નમી પડે છે.

શ્રીજીમહારાજ જ્યારે બામરોલી પધારે ત્યારે તખાપગી સુંદર રૂપાળી રાયણના વૃક્ષની ડાળે હિંડોળો બાંધી શ્રીજી મહારાજને ઝુલાવતા, તે રાયણનું વૃક્ષ હાલમાં પણ છે તેની બાજુના ખેતરમાં શ્રીહરિ એ સંતોને જમાડેલા અને ઘોડી પર બેસી આ સ્થાને ફરેલા છે. આ સ્થાને ઓટો બનાવી તેમાં શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલા છે.

● વડતાલમાં પ્રસાદીના સ્થાનોનું અન્ય ગ્રંથોમાં વર્ણન ●

શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ વડતાલમાં આવેલા ભગવાન શ્રીહરિના એક-એક પ્રાસાદિક સ્થાનોનું બહુ સુંદર રીતે વર્ણન કર્યું છે :

ઉપજાતિ :

શી વર્ણવું વૃતપુરીનિ શોભા, જે દેખવા દૃષ્ટિ દિસે સલોભા; શ્રીલક્ષ્મિનારાયણ જ્યાં વસે છે, તેથી જ સર્વોત્તમ તે દિસે છે...૦૪
વસ્યા જહાં અક્ષરના નિવાસિ, તે તુલ્યતા કોણ કહે જ કાશી; માહાત્મ્ય તેનું મનમાં વિચારે, દ્વારાવતીને વળતી વિસારે...૦૫
નક્ષત્ર કોઈ રવિ તુલ્ય ના'વે, મેરૂ સમો પર્વત ના કહાવે; ચિંતામણીથી ધન સર્વ છોટું, સર્વેથિ વૃત્તાલય તીર્થ મોટું...૦૬

ગંગા રહી ગોમતિને સ્વરૂપે, ભાનુસુતા દૈવત જ્ઞાનકૂપે; સરસ્વતી ગોપિતળાવ ભાવે, ત્રિવેણિનું તત્ત્વ ધનાતળાવે...૦૭
એ ચાર જે ગોમતિતીર્થ આદિ, પ્રત્યક્ષ કૃષ્ણે કરી છે પ્રસાદિ; તેથી મહીમા અતિ શ્રેષ્ઠ એનો, વિસ્તારથી ભેદ કહીશ તેનો...૦૮
જુવો વળિ ઉત્તમ તીર્થ જેહ, તડાગ છે ટાડણ નામ તેહ; શ્રીભક્તિપુત્રે બહુ વાર સ્નાન, જેમાં કર્યું જાહ્નવિ તે સમાન...૦૯
શ્રીનાથનું મંદિર શોભિતું ઘણું, વેગે કરૂં વર્ણન આજ તે તણું; પ્રાકારનું પૂરવ દ્વાર શ્રીધરે, જોવા નિશાનાથ દિનેશ સંચરે...૧૦
વિઘ્નેશ સામા હનુમાન ત્યાં રહે, ભક્તો તણાં સંકટ ભાગવા ચહે; ભૂતાદિ ચૂડેલ ડરે જ દૂરથી, વેગેથી નાસે વળગાડ ઉરથી...૧૧
શ્રીભક્તિપુત્રે કરુણા કરીને, તે મૂર્તિયો સ્થાપિ કરે ધરીને; તેથી ઘણું દૈવત તેહમાં છે, આશ્ચર્ય મોટાં બહુ એહમાં છે...૧૨
અગ્નિ ખુણે મંદિરથી દિસે છે, અખંડ નારાયણમોલ એ છે; જહાં બિરાજી અઘના અરીયે, શિક્ષાનિ પત્રી રચિ શ્રીહરીયે...૧૩
અહો નિહાળો શુભ નિંબ એહ, જનમ્યો હશે શું વટવંસિ તેહ; અસંખ્ય બ્રહ્માંડ તણા નિવાસ, પ્રત્યક્ષ બેઠા પ્રભુ જેનિ પાસ...૧૪

મંદિરનું વર્ણન :

દેવાલયે જે શિખરો દિસે છે, શું શૃંગ હિમાચલનાં જ એ છે; ધોળી ભલી ધન્ય ધજા વિરાજે, વિદ્યુલ્લતા ચંચળતાથિ લાજે...૧૫
ધજા ફરુકે સમશ્યાથિ જેમ, બોલાવતી હોય સમીપ તેમ; આવો અહિં સૌ જનને કહે છે, કલ્યાણ તો આજ અહિં રહે છે...૧૬
પૂર્વાભિ છે મંદિરદ્વાર એહ, મુખ્યત્વ તેમાં ત્રણ ખંડ તેહ; સિંહાસનો રુક્મ તણાં વિરાજે, તે દેખિ ગોલોક નિવાસ લાજે...૧૭
જુઓ રુડો ઉત્તરખંડ જ્યાંય, રુડી દિસે છે ત્રણ મૂર્તિ ત્યાંય; શ્રીધર્મભક્તિ વળિ વાસુદેવ, ટાળે જનોનાં દુઃખ તર્તખેવ...૧૮
ભલો જુવો મધ્યમખંડ ભાઈ, વિશેષ તેમાં છબિ છે છવાઈ; જ્યાં લક્ષ્મિનારાયણ છે ઉભાય, પાસે રુડા છે રણછોડરાય...૧૯
જુવો વળિ દક્ષિણ ખંડ ધારી, રાધાજિ વૃંદાવનના વિહારી; તેની જ જોડે હરિકૃષ્ણ રાજે, શય્યા જુદા ખંડ વિષે જ છાજે...૨૦
જો મત્સ્ય માર્તંડ સુકૂર્મ રૂપ, શ્રીશેષશાયી નરસિંહ ભૂપ; વરાહની મૂર્તિ મનોજ્ઞ ભાસે, તે મૂર્તિયો મંડપમાં પ્રકાસે...૨૧
જો ધર્મવંશી તણિ આ હવેલી, રુડી રિતે છે રચના રચેલી; છે ઈંદ્રના વૈભવ તુલ્ય તેમાં, સર્વે પ્રકારે સુખસાજ જેમાં...૨૨
હતી તહાં શીતળ નિંબ છાંય, પૂર્વે પ્રભુ ત્યાં કરતા સભાય; તે સ્થાનમાં તે થઈ છે હવેલી, વંદે મહર્ષિ મુનિ માન મેલી...૨૩
જો સંતનું આશ્રમ શુદ્ધ આ છે, ભલું વિશાળાશ્રમ તુલ્ય ભાસે; નિરન્નમુક્તો સમ સાધુ સારા, યોગી વસે સાધન સાધનારા...૨૪
સિદ્ધાસને કોઈ કરે સમાધિ, પદ્માસને કોઈ તજે ઉપાધિ; કોઈક ઊંચા કર બે કરીને, જપે પ્રભુ એક પગે ઠરીને...૨૫
કોઈ હરિના ગુણ ઉચ્ચરે છે, કોઈ જનોને ઉપદેશ દે છે; બ્રહ્માંડ ને પિંડ થકી વિરક્ત, ભલા પ્રભુના જ અનન્યભક્ત...૨૬

વૈતાલીય :

તપસી તપસા તહાં કરે, પ્રભુતા શ્રીપ્રભુની દિલે ધરે; રસના રસ નામ લે નહિ, ધનને બંધન તે ગણે સહિ...૨૭
દુઃખમાં દુઃખ માનિ લે નહિ, સુખને તે સુખ ના ગણે સહિ; હરિ હે હરિ નામ ભાખતા, તનથી પ્રીત નથી જ રાખતા...૨૮

ઉપજાતિ :

કોઈ ભણે શાબ્દિક શાસ્ત્ર શુદ્ધ, કોઈ ભણી ન્યાય બને સુબુદ્ધ; વેદાંત નિર્ભ્રાંત ભણે ભણાવે, પુરાણ કોઈક સુણે સુણાવે...૨૯
કોઈ મુનિ શુદ્ધ સતાર વીણ, ઇત્યાદિ વાજિંત્ર વિષે પ્રવીણ; વાજિંત્ર લૈ ગાન શરૂ કર્યું છે, જાણે મુનિ નારદ તુંબરુ છે...૩૦
ષડ્જાદિ સાતે સ્વરભેદ જાણે, ત્રિગ્રામની રીત પુરી પ્રમાણે; છે મૂર્છનાઓ વળિ એકવીશ, છ રાગ ને રાગણી જાણ ત્રીશ...૩૧
જો તુંબિપાત્રો લટકે ઘણેરાં, ભવાબ્ધિનાં નાવ મુમુક્ષુ કેરાં; કાં તો અખંડામૃત આપનારાં, કમંડલુ અક્ષરથી ઉતાર્યાં...૩૨
ભલો સભામંડપ પશ્ચિમે છે, શું યજ્ઞશાળા અદ્‌ભુત એ છે; મહાત્મ્ય તેનું કહિ શું શકાય, જ્યાં જ્ઞાનનો જજ્ઞ અખંડ થાય...૩૩
રુડો હરીમંડપ નૈરુતે છે, પ્રસાદિનું સ્થાન પવિત્ર એ છે; જહાં બિરાજી જનને પ્રબોધિ, શિક્ષાનિ પત્રી ઘનશ્યામ શોધિ...૩૪
આંહીં વસે નૈષ્ઠિક વર્ણિવૃંદ, ભણે ભલા ઋગ્યજુ સામ છંદ; ત્રિકાળ સંધ્યા વળિ વૈશ્વદેવ, ગાયત્રિનો જાપ જપ્યાની ટેવ...૩૫
મંદિરથી ઉત્તરમાં ઉદામ, આરાર નારાયણબાગ નામ; વિરાજિયા જ્યાં વૃષવંશ રાજ, સાથે લઈ સંત તણો સમાજ...૩૬
તેમાં અમે મંદિર છે કરાવ્યું, ભલું સુભક્તો મન માંહિ ભાવ્યું; નિહાળતાં તેનિ કૃતિ નવીની, સ્મૃતિ કરાવે રઘુવીરજીની...૩૭
ત્યાંથી વળી ઉત્તરમાં અનૂપ, છે ગોમતી તીર્થ તડાગરૂપ; દ્વારાવતીથી અહિં એહ આવ્યાં, જે સચ્ચિદાનંદ મુનીંદ્ર લાવ્યા...૩૮
જુવો બની બેઠક પૂર્વ તીરે, લીલા કરી જ્યાં નરદેવ વીરે; વસંતમાં રંગ બહુ રમ્યા છે, જ્ઞાની જનોના મનમાં ગમ્યા છે...૩૯
સોપાન શોભે સુઘડેલ સારાં, પવિત્ર મુક્તિપદ આપનારાં; સ્થળે સ્થળે ત્યાં બહુ તીર્થ થાન, ભાવે કરે સ્નાન સુભાગ્યવાન...૪૦
ગંગાથિ છે નિર્મળ નીર જેમાં, પેખ્યાં ઘણાં પદ્મ પવિત્ર તેમાં; હંસો વસે માનસરોવરે છે, તે દેખિ સંદેહ દિલે ધરે છે...૪૧
નિરન્નમુક્તો મુનિવેશ ધારી, કરે સદા સ્નાન અહિં પધારી; નાયા જહાં અક્ષરના નિવાસિ, તે તુલ્ય શું થાય પ્રયાગ કાશી...૪૨

સ્ત્રિયો ભરે નીર તડાગ૨ તીરે, તેનાં પડે છે પ્રતિબિંબ નીરે; શું નાગકન્યા મહિમા વિચારી, પાતાળમાંથી અહિંયાં પધારી...૪૩
પાણી ભરી કાવડ કોઈ લાવે, શું તીર્થવાસી કરિ તીર્થ આવે; આ તીર્થને અન્ય તુલાથિ તોલે, આ તીર્થનું પુણ્ય બહુત્વ બોલે...૪૪
ત્યાંથી વળી વાયુદિશા વિભાગ, રુડો દિસે છે રઘુવીર બાગ; જહાં બિરાજી જગદીશ આપ, પુરો જણાવ્યો જનને પ્રતાપ...૪૫

વૈતાલીય :

સદળી કદળી વળી ફળી, ન ફળી વેત્રલતાપ નહીં દળી; અકળીત કળી મળી મળી, લતિકા લુંબિ રહી લળી લળી...૪૬
ફળ દાડમ દાડિમી વિષે, રસદાયી રસદાર તે દિસે; દશનાકૃતિદ્ર કૃષ્ણની હવી, કળિ તેની કળિ શું શકે કવી...૪૭
કમળો વિમળો સ્થળો તણાં, સુદિશે ને વિદિશે દિસે ઘણાં; કળના કળનાર શું કરે, હઠિલાની હઠિલાઈને હરે...૪૮
નિરખી નિરખી ઉદ્યાનને, કહું સૃષ્ટિ સ્રજ સૃષ્ટિવાનને; અજતા અજર તારી ધન્ય છે, રચના આ રચનાથિ અન્ય છે...૪૯
બહુ ઉદભવ ઉદ્ભિભજો ધરે, ગણના ત્યાં ગણનાર શી કરે; નજરો નજરે નિહાળતાં, ન વળે દૃષ્ટિ તહાંથિ વાળતાં...૫૦
ચકવા ચકવી તહાં ઠરે, ચરવાનું ચરવા હરે ફરે; સુર માનવ માનવા સહિ, ખગજાતિ ખગ જાણવા નહિ...૫૧

ઉપજાતિ :

અશોક ને અંબ કદંબ છાજે, દ્રાક્ષાલતા ને કદળી વિરાજે; સીતાફળી જામફળી અપાર, બકુલ જંબુફળ ને અનાર...૫૨
નારંગિ પૂગીફળ અંજિરો છે, અખોડ એલાફળ જંબિરો છે; બદામડિ ને પનસો બહુ છે, લવિંગ શોભામય તે સહુ છે...૫૩
ચંપા જુઈ ચંદનવૃક્ષ ચારુ, ગુલાબ ને જાઈ વિશેષ ધારું; સુકર્ણિકા પુષ્કળ પારિજાત, ભલાં દિસે પુષ્પ અનેક ભાત...૫૪
ભૃંગાવળી ત્યાં ભમતી ભમે છે, અનેક પુષ્પો થકી ગંધ લે છે; જાણે લિધો શ્રી હરિનો સુવાસ, ભમે બિચારા ધરિ એવિ આશ...૫૫
વૃક્ષોપરે કુંદલતા છવાઈ, જાણે શિરે પુષ્પ પછેડિ છાઈ; તે ભાળીને ભક્ત ઉમંગ લાવે, શ્રીજીનિ મૂર્તિ સ્ફુરિ ઊર આવે...૫૬
જે વૃક્ષ પામ્યાં પ્રભુનો પ્રસંગ, ફૂલ્યાં તહાં શબ્દ કરે સુભૃંગ; પ્રભુ ન ભેટ્યા વનમાં વસે છે, શું તે જનોને તરુઓ હસે છે...૫૭
શુકાદિ પક્ષી સ્વર શુદ્ધ બોલે, શી ઉપમા શોભિત તેનિ તોલે; જાણે મુનીમંડળ ઠીક ઠાઠ, પ્રેમે પઢે છે શ્રુતિ સામ પાઠ...૫૮
સ્વર્ગાદિનાં સૌ સુખ સ્વલ્પ જાણી, માહાત્મ્ય મોટું અહિંનું પ્રમાણી; આશ્ચર્ય પક્ષી ઉર માંહિ લાવે, માટે બહુ મસ્તકને ધુણાવે...૫૯
ઉંચે સ્વરે મોર મુખે ઉચારે, તેનું કવિ કારણ એમ ધારે; છે સ્નેહ તેને ઘનશ્યામ સંગે, માટે રટે નામ મહા ઉમંગે...૬૦
વાડી વિષે હર્મ્ય દિસે વિશાળ, શું બ્રહ્મવિદ્યા તણી તે નિશાળ; વૈકુંઠથી એક નિવાસ લાવી, જાણે મુક્યો છે મહિમા ઠરાવી...૬૧
પુરીથિ ઈશાન પ્રદેશ ભાગ, જ્યાં છે વિશાળાખ્ય વિશાળ બાગ; જેનાં ફળો શ્રીહરિજી જમ્યા છે, વિરાજિને ત્યાં જનને ગમ્યા છે...૬૨
પુરી થકી પૂર્વ તડાગ તીર, દેરી વિષે છે હનુમાન વીર; જહાં મહારાજ વિરાજિયા છે, પ્રસાદિની પાવન તે જગ્યા છે...૬૩
મહાપ્રભૂ મજજન ત્યાં ક્ર્યું છે, સુતીર્થ તેથી જ તહાં ઠર્યું છે; પવિત્ર જે પુષ્કર તીર્થરાજ, આવી વસ્યું શું અહિંયાં જ આજ !..૬૪
જ્યારે સમૈયો જનનો ભરાય, ત્યારે જનો તે પુરમાં ન માય; સમુદ્રમાં ભર્તિ ભરાય જેમ, ચારે દિશે સંઘ છવાય તેમ...૬૫
નાવા મળીને જનજૂથ જાય, ઉંચે સ્વરે કીર્તન તેહ ગાય; શબ્દોથિ ભૂગોળ ખગોળ ગાજે, જોવા વિમાને સુરવૃંદ છાજે...૬૬
જાતી જુદી દેશ જુદા વિશેષ, ભાષા જુદી ને વળિ ભિન્ન વેષ; શું નાટકી નાટક વેષ લાવ્યા, પોતા તણા વેષ ભલા ભજાવ્યા...૬૭
ભાળો પુરીથી વળિ પૂર્વભાગ, બન્યો બહૂ સુંદર જ્ઞાનબાગ; મુનીશ જ્યાં શીશ કિરીટ ધાર્યો, તે ભૂમિકાનો મહિમા વધાર્યો...૬૮
છે હોજ બે વિશ્વપ્રસિદ્ધ જેહ, રંગે ભરાવિ હરિરાય તેહ; હોરિ રમ્યા ત્યાં જન સાથ હેતે, લીલા કરી કૃષ્ણ કૃપાનિકેતે...૬૯
અહિં હતો અદ્ભુત આંમલો જે, સુભાગ્યશાળી સઉથી ભલો તે; જે નાથને જોગિ જનો ન ભાળે, હેતે હિંચ્યા તે હરિ જેની ડાળે...૭૦
જ્યાં પીજવાસી શિવલાલ આવી, બહૂ રુડી બેઠક છે રચાવી; સત્સંગના સંઘ અસંખ્ય આવે, નારી નરો મસ્તક ત્યાં નમાવે...૭૧

પુષ્પિતાગ્રા :

વૃષજ ચરિત વર્ણવા વિચારી, વૃષજ સદંઘ્રિ સરોજ ચિત્ત ધારી;
પ્રથમ કથન યોગ્ય જે વિચાર્યું, વરણન વૃત્તપુરી તણું ઉચાર્યું...૭૨

ઈતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમ કળશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે વૃત્તપુરિ વર્ણનનામ પંચમો વિશ્રામઃ ॥૫॥

શ્રી ભૂમાનંદ સ્વામી કહે : "હે ભક્તરાજ વાઘજીભાઈ ! ઈન્દ્રિયો ને મનને એકાગ્ર કરી જે સ્થાનમાં બિરાજીને વર્ણીન્દ્ર અચિંત્યાનંદજી અને અભેસિંહ રાજવી વચ્ચે સંવાદ થયો. તેનું તમે શ્રવણ કરો. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે જે સ્થાનનું વર્ણન કર્યું છે તેનો મહિમા હું તમને ઉમંગથી સંભળાવું છું."

વૃત્તાલયનો મહિમા : આચાર્યશ્રી કહે, તમે સર્વે હરિકૃષ્ણ ભગવાનના દાસ છો. હું તમને વૃત્તાલય ધામનું વર્ણન કરું છું. મારા અંતરમાં બહુ જ મોટો મહિમા સમજું છું. વડતાલની શોભા હું શું વર્ણવું ? વૃત્તાલયના દર્શન કરવા મારી દૃષ્ટિ હમેશાં તલસે છે. શ્રી લીક્ષ્મીનારાયણદેવના બિરાજવાથી વૃત્તાલયનો અપરંપાર મહિમા છે. જ્યાં અક્ષર ભુવનના અધિપતિનો નિવાસ થયો તેની તુલ્ય કાશી તીર્થ પણ ન આવે. તેનું માહાત્મ્યનો વિચાર જ્યાં આવે ત્યાં દ્વારિકાતીર્થ પણ પાછુ રહી જાય. રવિ તુલ્ય કોઈ નક્ષત્ર નથી. મેરૂ સમાન કોઈ પર્વત નથી. ચિંતામણી સમાન કોઈ મોટું ધન નથી. એ જ રીતે વૃત્તાલય સર્વેથી શ્રેષ્ઠ મહાન તીર્થ છે.

ચાર તીર્થો : ચાર સ્વરૂપે : ગંગાજી જ્યાં ગોમતીના સ્વરૂપમાં બિરાજ્યા છે. યમુના ને તાપી જ્યાં જ્ઞાનકૂપના રૂપમાં અવતર્યા છે. સરસ્વતી જ્યાં ગોપી તળાવના સ્વરૂપમાં પ્રગટ્યા છે ને ત્રિવેણી સંગમ જ્યાં ધનાતળાવના રૂપમાં દર્શન આપે છે. આ ચારે તીર્થોને ભગવાન શ્રીહરિએ પ્રસાદી ભૂત કર્યા છે. એથી એનો અધિક મહિમા છે. ટાડણ નામના તળાવનો પણ અપરંપાર મહિમા છે. ભક્તિપુત્ર ભગવાને તેમાં સ્નાન કરીને ગંગાજી તુલ્ય તીર્થ બનાવ્યું છે.

પૂર્વ દિશાના દ્વારનું શ્રીનાથજીનું રમણીય મંદિર આવેલું છે. જેમાં દર્શન કરવા સૂર્ય ને ચંદ્ર પધારે છે. ભક્તોના સંકટ નિવારવા શ્રીવિઘ્નેશ્વર વિનાયકદેવની સામેના ભાગે હનુમાનજી બિરાજ્યા છે. જેની હાંકથી ભૂત, પ્રેત, ચુડેલ વગેરે ડરે છે. તેમના પ્રભાવથી વડગાળ નાસે છે.

દેવનું દૈવત : ભગવાન શ્રીહરિએ શ્રી લક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવોની મૂર્તિની સ્થાપના કરી છે. તેમાં બહુ જ દૈવત મૂક્યું છે. એ મૂર્તિઓના માધ્યમથી બહુ જ આશ્ચર્યકારી આશ્ચર્યો પ્રગટે છે.

અક્ષરભુવન : મંદિરથી અગ્નિખૂણે નારાયણ મોલ આવેલ છે. તેમાં બિરાજી વૃષવંશીનાથે શિક્ષાપત્રિનું લેખન કર્યું છે. જ્યાં વડલાનો વંશજ હોય તેવો પવિત્ર નિંબવૃક્ષ શોભે છે. જેની તરુતળે બ્રહ્માંડોના નિવાસી પ્રત્યક્ષ શ્રીહરિ બિરાજ્યા છે.

મંદિરના શિખરો : શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરના શિખરો જાણે હિમાલયના શિખરો હોય તેવા શોભે છે. તે શિખરો પર ચંચળ વિદ્યુલ્લતા જેવી ધોળી ધજાઓ ફરકે છે. ફરકતી એ ધજાઓ જાણે આવેલા મુમુક્ષજનોને બોલાવીને એમ કહેતી હોય કે અહીં આવો ! કલ્યાણ અહીં જ છે. મોક્ષ અહીં જ છે. પૂર્વાભિમુખ રહેલા મંદિરના ત્રણ ખંડ છે. તેમાં ગોલોકના નિવાસ જેવા સુવર્ણ સિંહાસનો શોભી રહ્યા છે.

મંદિરના ઉત્તરખંડમાં બિરાજતા દેવો : મંદિરના ઉત્તરાદા ભાગના ખંડમાં દર્શન કરનારાના દુઃખ ટાળનાર શ્રીધર્મભક્તિ ને વાસુદેવ આ ત્રણ મૂર્તિઓ બિરાજે છે.

મધ્યમ ખંડમાં બિરાજમાન મૂર્તિઓ : મધ્યમ ખંડમાં વિશેષ સ્વરૂપે શ્રી લક્ષ્મીનારાયણ દેવ તેમજ રણછોડ ત્રિકમરાય વગેરે મૂર્તિઓ સ્થાપિત થયેલી છે.

દક્ષિણ ખંડમાં બિરાજમાન મૂર્તિઓ : દક્ષિણ ભાગના ખંડમાં રાજાધિરાજ વૃંદાવન વિહારી ને રાધાજી બિરાજે છે. તેમની જોડે આપણા સૌના ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ બિરાજે છે. તેમના પડખે શયનખંડ શોભે છે.

મત્સ્યાવતાર, સૂર્ય, કૂર્માવતાર, શેષશાયી ભગવાન, નૃસિંહાવતાર, વરાહાવતાર વગેરે રમણીય મૂર્તિઓ મંદિરના મંડપમાં શોભે છે.

ધર્મવંશીની હવેલી : અદ્‌ભુત રચનાથી રચેલી ધર્મવંશીઓની હવેલી જાણે ઈન્દ્રના વૈભવતુલ્ય સુખનો સાજ હોય તેવી ભાસે છે. એ હવેલીની જગ્યાએ પૂર્વે નિંબવૃક્ષની શીતળ છાયા હતી. શ્રીહરિ તે તરુતલની છાયડીમાં સભા ભરતા. તે સ્થાનમાં ધર્મવંશીની હવેલી બનાવી છે. મહર્ષિ સંતો તેને વંદન કરે છે.

સંતાશ્રમ : વિશાલ આશ્રમ તુલ્ય સંતોનું સંતાવાસ છે. નિરન્નમુક્ત સમાન યોગ સાધનારા યોગી સંતો તેમાં નિવાસ કરીને રહે છે. કોઈ સિહાસને બેસી સમાધિ સાધે. કોઈ પદ્માસને બેસી ઉપાધિનો ત્યાગ કરે. કોઈ એક પગે ઊભા રહી બે હાથ ઊંચા કરી પ્રભુના મંત્રનો જપ કરે. કોઈ હરિના ગુણોચ્ચાર કરે. કોઈ મનુષ્યોને ઉપદેશ કરે. આ સંતો શ્રીહરિના અનન્ય ઉપાસક સંતો છે. બ્રહ્માંડને પિંડથી વિરક્ત પુરુષો છે.

સંતોની વિવિધ કલામાં નિપુણતા : તનમાંથી પ્રીતિ તોડી હરિના નામનો જપ જપનારા કોઈ સંત વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કરતા, કોઈ સુબુદ્ધિમાન સંતો ન્યાય શાસ્ત્રનો અભ્યાસ કરતા, કોઈ સંતો વિશિષ્ટાદ્વેત વેદાંતનો અભ્યાસ કરતા અને કરાવતા. કોઈ સંતો પુરાણ સાંભળતા અને અન્યને સંભળાવતા. કોઈ સંતો સિતાર, વીણાવાદન વગેરે વાજિંત્રમાં પ્રવીણ હતા. જાણે વાજિંત્ર કલામાં નિપુણ નારદ ને તુંબરુ હોય ને શું તેમ ષડ્‌જાદિ સ્વર ભેદના જ્ઞાતા હતા.

એકવીસ મૂર્છનાઓ, છ રાગ ને ત્રીસ રાગણિમાં નિપુણ સંતો સંગીતશાસ્ત્રમાં પ્રવીણ હતા.

સંત આશ્રમમાં ભવસિંધુ પાર કરવામાં મુમુક્ષજીવોની નૌકા સમાન તુંબીપાત્રો લટકતા હતા. સાક્ષાત્ અક્ષરધામથી અમૃત રસધારા વહેવડાવતા કમંડલું શોભી રહ્યા હતા.

પશ્ચિમ ભાગમાં અદ્‌ભુત યજ્ઞશાળા જેમાં અખંડ જ્ઞાનનો યજ્ઞ થઈ રહ્યો તેનું અપાર મહિમાનું ગાન કોણ કરી શકે ?

નૈઋત ભાગમાં હરિમંડપ આવેલો છે. અતિ પવિત્ર પ્રસાદીભૂત એ સ્થાન છે. શ્રીહરિએ ત્યાં બિરાજીને શિક્ષાપત્રિનો બોધ આપ્યો છે.

ઋગ્વેદ અને સામવેદના છંદોનો અભ્યાસ કરનારા નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો આ ધામમાં નિવાસ છે. જેઓ હરહંમેશ ત્રિકાલ સંધ્યા, વૈશ્વદેવ ને ગાયત્રી મંત્રનો જાપ કરતા.

મંદિરથી ઉત્તર ભાગમાં નારાયણબાગ આવેલો છે. સંતવૃંદ સાથે શ્રીહરિ ત્યાં બિરાજ્યા છે. તેમાં અમે મંદિર કરાવ્યું છે. શ્રીરઘુવીરજી આચાર્યશ્રીની સ્મૃતિ કરાવે તેવી નવીન કૃતિઓ અમે રચી છે. ભક્તોના મનને અતિશય સરાહનીય છે.

ત્યાંથી ઉત્તર ભાગે તડાગના સ્વરૂપમાં શ્રીગોમતીજી બિરાજ્યા છે. મુનીન્દ્ર શ્રી સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકાથી અહીં વૃત્તાલયમાં લાવ્યા છે. તેના પૂર્વ તટે શ્રીહરિએ બહુ લીલા કરી છે. જ્ઞાનિજનોના મનભાવન ભગવાન શ્રીહરિ ત્યાં બહુ વાર રંગે રમ્યા છે. મુક્તિપદને પ્રાપ્ત કરાવનાર એના સોપાન રૂડી રીતે ઘડ્યા છે. ભાગ્યવાન ભક્તો તે ગોમતીમાં ભાવથી સ્નાન કરે છે. ગોમતીમાં ગંગાજી કરતા પણ નિર્મળ નીર ભર્યું છે. તેમાં પવિત્ર શ્વેત કમળો ખીલ્યા છે. તે નિહાળી ભક્તજનોના મનમાં સંદેહ થાય છે કે માનસરોવરથી હંસોની મંડળી તો અહીં નથી આવીને ? મુનિઓના વેષમાં નિરમુક્તો તેમાં સદા સ્નાન કરે છે. જેમાં અક્ષરના અધિપતિએ સ્નાન કર્યું હોય તેના તુલ્ય કાશી કે પ્રયાગ કેમ આવે ?

ગોમતીના તીરે જ્યારે પનીહારીઓ પાણી ભરે ત્યારે તેના પ્રતિબિંબ તેના નીરમાં પડે. તે નિહાળી એમ લાગે કે પાતાળમાંથી સાક્ષાત્ નાગકન્યાઓ પધારી નથી ને ?

કોઈ યાત્રાળુઓ તીર્થયાત્રા કરીને કાવડ ભરીને લાવે તેની સાથે આ તીર્થજળની તુલના કરે તો આ ગોમતી તીર્થના જળનું અનંતગણું મહાત્મ્ય ઉપસી આવે.

રઘુવીરબાગ : કેળા ઝૂમતી રસદાર કદળી, રસદાયી રસદાર દાડમીમાં મંદમંદ મુસ્કાન કરતા દાડમના ફળો જાણે કૃષ્ણની દંતપંક્તિનું દર્શન કરાવતા હોય તેની કવિજનો પણ કલ્પના કેવી રીતે કરી શકે ? આવી શોભાનો ધરનાર રઘુવીર ઉધાન. ચારે તરફ વિશુદ્ધ જળ ભરેલા સરોવરમાં ખીલેલા કમળોની અપરંપાર શોભાથી શોભતો રઘુવીર બાગ.

રઘુવીર ઉદ્યાનને નિહાળતા હે બ્રહ્માજી ! તારી આ અદ્‌ભુત રચનાને ધન્ય છે. ઉદ્‌ભિજ જાતિના અપાર પક્ષીઓની પંક્તિ ચકલા ચકલીનો પાર નહીં. આ ઉદ્યાનમાં ફરતા, ચરતા પક્ષીજાતિના પક્ષીઓને સામાન્ય જાણવા નહિ. તેઓને દેવ ને માનવાના રૂપ જાણવા.

ઉદ્યાનના વિવિધ ફળદ્રુપ વૃક્ષો : આ રઘુવીર ઉદ્યાન આસોપાલવ, આમ્રવૃક્ષ, કદંબવૃક્ષ, દ્રાક્ષ, કેળાં, સીતાફળી, જામફળી, બકુલ, જાંબુના વૃક્ષો ને દાડમના વૃક્ષોથી શોભી રહ્યો છે. નારંગી, સોપારી, અંજિર, અખરોડ, એલચી, બદામ, પનસ, લવીંગ વગેરેની અપાર શોભાનો ભંડાર એટલે આ રઘુવીર બાગ. ચંપા, જુઈ, ચંદન, ગુલાબ, પારિજાત, વગેરે પુષ્પોની પુષ્પાવલીમાં ગુંજારો કરતા ભમરાઓની પંક્તિથી ગુંજતો આ રઘુવીર બાગ.

રઘુવીર બાગના પુષ્પોની સુગંધી લેતા આ ભ્રમરો જાણે શ્રીહરિની સુગંધીનો સ્વીકાર કરવા આમ તેમ ભમતા હોય ને શું ? વૃક્ષ પર છવાયેલી લત્તા જાણે મસ્તક પરની પછેડી બનીને શોભતી હોય ને શું ? તેને નિહાળી ભક્તોના મનમાં શ્રીહરિની મૂર્તિનું સ્મરણ થઈ આવે છે.

ઉદ્યાનમાં શુક વગેરે પક્ષીઓના મુખે ગવાતા શુદ્ધ સ્વરોચ્ચારથી જાણે મુનીઓના મંડળો ભેગા મળી સામવેદનું ગાન ન કરી રહ્યા હોય તેમ લાગે છે. સ્વર્ગના સુખોને પણ તુચ્છ જાણી, રઘુવીર ઉદ્યાનના મહિમાને જાણનારા પક્ષીઓ આશ્ચર્યમગ્ન બની પોતાના મસ્તક ધૂણાવે છે.

ઉચ્ચ સ્વરે ટહુકા કરતા મયૂરોને નિહાળી કવિઓ વિચારે છે કે એને ઘનશ્યામ સંગાથે પ્રીતડી છે તેથી તેના નામનું રટણ કરે છે.

બ્રહ્મવિદ્યાની પાઠશાલા : આ વાડીમાં વિશાળ હવેલી છે જાણે તે હવેલી બ્રહ્મવિદ્યાના અભ્યાસની પાઠશાળા હોય તેવી શોભે છે. સાક્ષાત્ વૈકુંઠથી ઉતરેલી આ હવેલીનો અપરંપાર મહિમા છે.

વડતાલ પુરથી ઈશાન ભાગે એક વિશાલ બાગ છે. ત્યાં બિરાજી શ્રીહરિ તેના ફળો આરોગ્યા છે. નગરથી પૂર્વ ભાગે એક તળાવ છે. તેને ઉપકંઠે એક હનુમાનજીની ડેરી છે. શ્રીહરિ ત્યાં બિરાજમાન થઈને એ જગ્યાને પાવન બનાવી છે. તળાવમાં સ્નાન કરી તીર્થત્ય પ્રદાન કર્યું છે. જાણે તેમાં પવિત્ર પુષ્કરરાજ તીર્થ આવીને વસ્યું હોય તેવું શોભે છે.

જે સમયે વૃત્તપુરીમાં સમૈયો ભરાય ત્યારે હજારોની જનમેદની એકત્ર થાય. નગરમાં ક્યાંય મનુષ્યો સમાય નહિ. ચારે દિશામાં જનમેદની ભરાય ત્યારે સમુદ્રમાં ભરતી આવે તેવું દૃશ્ય સર્જાય. મનુષ્યોના સમૂહો સાથે મળી ઉચ્ચ સ્વરે કીર્તન કરતાં કરતાં સ્નાન કરવા જાય ત્યારે તેના શબ્દોથી ખગોળ ને ભૂગોળ ગાજવા લાગે. એની કીર્તન ભક્તિને નંદનવનના પુષ્પથી વધાવવા સુરવૃંદની વિમાનપંક્તિઓ આકાશમાં છવાય જાય.

ઉત્સવમાં આવનાર મનુષ્યોની જાતિ જુદી - દેશ જુદા - ભાષાઓ જુદી - વેષ જુદા જાણે કોઈ નાટક ખેલનારો ભિન્ન-ભિન્ન વેષમાં વેષ ભજાવે તેમ ભગવાન શ્રીહરિ આ બધો વેષ ભજાવા અવતર્યા છે. નગરથી પૂર્વ ભાગે સુંદર જ્ઞાનબાગ છે. શ્રીહરિએ ત્યાં બેસીને મસ્તક પર મુકુટ ધાર્યો છે. તેથી તેનો અપાર મહિમા છે. તેમાં બે હોજ બનાવી રંગ ભરાવી રસેશ્વર સંત હરિભક્તો સાથે રંગે રમ્યા છે. ત્યાં એક આમલાનું વૃક્ષ હતું. તેમાં શ્રીહરિ હિંડોળો રચાવી હિંચક્યા છે. પીજના શિવલાલભાઈએ એ જગ્યાએ બેઠક બનાવી આપી છે. અપાર સત્સંગીઓના સંઘ ત્યાં આવીને મસ્તક નમાવી એ પ્રસાદીભૂત સ્થાનને વંદન કરે છે.

●

પૂર્વછાયો :

ભૂપ કહે બ્રહ્મચારિને, અહો વિચક્ષણ વરણીશ; સ્થાન કહો વરતાલનાં, જહાં જહાં ફર્યા જગદીશ...૦૧
ક્યાં ક્યાં કૃષ્ણ બિરાજિયા, ક્યાં જમ્યા સભા ભરી ક્યાંય ? આપી પ્રસાદી ક્યાં રહી, કહો જે જે ક્રિયા કરી જ્યાંય...૦૨

ચોપાઈ :

બ્રહ્મચારી કહે સુણો ભૂપ, તમે પૂછિયો પ્રશ્ન અનૂપ; ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી, વાલા તમને છે વિશ્વવિહારી...૦૩
વરતાલ માંહિ જે જે સ્થાને, કરી ભિન્ન ક્રિયા ભગવાને; તે હું સંક્ષેપે તમને સુણાવું, બધાં સ્થાન શી રીતે બતાવું...૦૪
કૃપાસિંધુ શ્રીધર્મકુમાર, વરતાલ આવ્યા ઘણી વાર; ગામમાં સીમમાં સર્વ ઠામ, ઘણીવાર ફર્યા ઘનશ્યામ...૦૫
સ્થળ જે જે પ્રસિદ્ધ હું જાણું, તમ આગળ તેહ વખાણું; કહ્યાં છે તે ફરી કહેવાશે, પુનરુક્તિ તો તેથકિ થાશે...૦૬
પણ કૃષ્ણકથા કહેવાય, પુનરુક્તિનો બાધ ન થાય; મોટું મંદિર છે આજ જ્યાંય, પહેલાં બદરી હતી ત્યાંય...૦૭
ધર્મપુત્રે ધરા શુચિર ધારી, ઘણીવાર સભા સજી સારી; તહાં ઓરડો કરિ તતખેવ, સ્થાપ્યા નર ને નારાયણ દેવ...૦૮
ત્યારે ત્યાં થકિ પશ્ચિમ પાસ, રહેતા ભાઈ શ્રીરામદાસ; હતી બે ઓરડી તેહ ઠાર, વાલો બેઠા તેમાં ઘણીવાર...૦૯
માંડ્યું મંદિર ચણાવાને જ્યારે, દેવ નર ને નારાયણ ત્યારે; ઓરડા માંહિથી તો ઉઠાવ્યા, એક ઓરડીમાં પધરાવ્યા.૧૦
ચાલે ચણવાનું કામ જે દાડે, સતસંગિયો ઈંટો ઉપાડે; ભક્તિ ભાવ ધરી કરે સંત, મનમાં સૌને મમત અંત્યત...૧૨
શ્રીજિ પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઈ ઉમંગ આવે; મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ...૧૩
ગણી સંતે તે તો સાડત્રીશ, પડઘીમાં ચણી પાંતરિશ; એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે...૧૩
ત્રણે ખંડમાં મૂર્તિયો માટે, કર્યા સિંહાસનો શુભ ઘાટે; બેઠા તેમાં પ્રથમ વૃષલાલ, સ્થિર થૈને જમ્યા તહાં થાળ...૧૪
ત્રણે ખંડના ઉમરા માથે, બેશી વાત કરી જન સાથે; વચલે ઉમરે તો વિશેષ, આપે બેઠા છે શ્રીઅક્ષરેશ...૧૫
એક અવસરે આનંદસ્વામી, આવ્યા શ્રીપુરથી મુદ પામી; અન્નકૂટનો સામાન લાવ્યા, દેવને ભલા ભોગ ધરાવ્યા...૧૬
મધ્ય ભાગ ને ઉત્તર ભાગ, એ બે ખંડ વચ્ચે રહે માગ; તહાં બેશીને ધર્મકુમાર, અન્નકૂટ જમ્યા કરી પ્યાર...૧૭
એ જ કોળી વિષે અવિનાશી, ઘણીવાર બેઠા સુખરાશી; મધ્યમંડપનું જહાં દીપે, તહાં કૂર્મના વદન સમીપે...૧૮
કૃત ગોમય ગોવરધન, પૂજા કીધી છે જગજીવન; વારાહાદિક જે અવતાર, પ્રતિમા છે મંદિર મોઝાર...૧૯
તેની પ્રત્યેક ઓરડીમાંય, બિરાજ્યા છે પ્રગટ પ્રભુ ત્યાંય; દેવ નૃસિંહ શીશ અગાશી, બેઠા ત્યાં જઈ શ્રીઅવિનાશી...૨૦
નથુભક્ત પીતા હરિભાઈ, બેને દીધાં ચરણ હરખાઈ; ઠાઠ શિખર ત્રણે તણો કીધો, પાયો ઘૂમટનો પૂરી લીધો...૨૧
તહાં સૌનાં ગારાળાં શરીર, પેખી પ્રેમે મળ્યા નરવીર; દક્ષણાદું મંદિર તણું દ્વાર, તહાં બેશીને ધર્મકુમાર...૨૨
ભક્તિ સંતો તણી ભલી ભાળી, હૈયે ચરણ દીધાં વનમાળી; રુપચોકી ઉગમણી છે જ્યાંય, એક દિવસ વિરાજિયા ત્યાંય...૨૩
સાધુ ભગવદાનંદ આદિક, ભણનારા બોલાવ્યા અધિક; સૌને શ્રીમુખથી સાક્ષાત, સંભળાવી ત્યાં અદભુત વાત...૨૪

ધ્યાને ધરવાને આત્મસ્વરૂપ, અમે જગ્યા કરાવી અનૂપ; નામ રાખ્યું નારાયણમહેલ, જાણી એકાંત રુડો રચેલ...૨૫
આપ્યો રામપ્રતાપને એહ, ધ્યાન ધરવાને કારણ તેહ; હરિમંડપ ત્યારે કરાવ્યો, ધ્યાન ધરવા તે સર્વને ફાવ્યો...૨૬

ચોપાઈ :

સુણો ભૂપ ધરીને ઉમંગ, કથા મેં કહી પામી પ્રસંગ; હવે જગ્યાઓ બીજી બતાવું, કથા ચાલતી તેહ ચલાવું...૪૪
ધર્મદેવથી પૂર્વે છે બારી, તેહ સ્થાને બિરાજી મુરારી; કરી છે સંત પ્રત્યે જે વાત, વચનામૃતમાં છે વિખ્યાત...૪૫
જ્યાં છે ઉગમણી રુપચોકી, જેની શોભા દિસે છે અલોકી; તેનો દક્ષિણાદો પરથાર, ત્યાં બિરાજીને ધર્મકુમાર...૪૬
આપ્યા મિસ્ત્રીયોને સરપાવ, કહું નામ સુણો ધરી ભાવ; પુરુષોત્તમ ને દામોદર, જેહનાં વટપુર માંહિ ઘર...૪૭
કહું બીજા કુબેર શ્રીપુરના, ત્રણે શિલ્પી શ્રીહરિ હજુરના; કડાં કંઠિયો પાઘડી શાલ, આપ્યાં રાજી થઈ તતકાળ...૪૮
ત્યાં જ તેથિ નિચા પરથારે, પ્રભુ બેઠા સભા સજી ભારે; બેઠા ગોપાળજી તહાં આવી, તેને શ્યામે સમાધિ કરાવી...૪૯
રઘુવીરજીના વડા ભ્રાત, મોટા મુક્ત તે તો સાક્ષાત; રુપચોકી ઉત્તર તણી ધારો, તેની નીચે ખૂણો પડે સારો...૫૦
રૂપચોકીથિ પૂર્વ દિશાય, બહુ બેસતા ત્યાં હરિરાય; ચાલતું તે જોવા જતા કામ, પાછા બેસતા આવી એ ઠામ...૫૧
છત્રી મંદિર પાછળ જે છે, જગ્યા પરમ પ્રસાદીની તે છે; હતો પ્રથમ ત્યાં સુંદર ઓટો, મહિમા તેનો જાણવો મોટો...૫૨
તહાં બેસતા શ્રીઘનશ્યામ, નીચે બેસતા સંત તમામ; વસોના જન જે વા'લાભાઈ, તેની પત્નિ તો અવલબાઈ...૫૩
મળી બેય ત્યાં દર્શને આવ્યાં, બહુનામીયે હેતે બોલાવ્યાં; બોલ્યાં બાઇ હે ગરીબ નિવાજ !, મારે પુત્ર નથી મહારાજ...૫૪
સુણી બોલ્યા અખિલ આધાર, આપું તમને હું પુત્ર તૈયાર; એમ બોલિને શ્રીઅવિનાશ, તેનો ભત્રીજો જે હતો પાસ...૫૫
ત્રણ વર્ષનો તુલસીદાસ, તેને તેડ્યો કરી મંદ હાસ; વા'લાભાઈને ખોળે બેસાર્યો, બાઇ અવલનો શોક નિવાર્યો...૫૬
કહ્યું બાઈ આ પુત્ર તમારો, સતસંગિ થશે બહુ સારો; એનું પાલન પોષણ કરજો, પુત્રભાવ એના પર ધરજો...૫૭
એવું સાંભળિને રાજી થયાં, આજ્ઞા શીશ ધરી ઘેર ગયાં; સુણો ભૂપ કહે બ્રહ્મચારી, તેની વાત કહું બીજી સારી...૫૮
સાલ અઠોતેરા તણી જ્યારે, વાલા ભાઈયે ધર્યું વ્રત ત્યારે; જ્યારે દ્વાદશીનો દિન આવે, પારણાં સંત સૌને કરાવે...૫૯
વસોમાં હોય મંડળ જેવું, દ્વાદશી દિન પારણું દેવું; તુલસીભાઈયે પણ તેહ, વ્રત રાખ્યું સદા ધરી સ્નેહ...૬૦

પુષ્પિતાગ્રા :

પ્રભુપદ રજ હોય જેહ ઠામ, સતત વસે જઈ તીર્થ ત્યાં તમામ; અગમ નિગમ સર્વ એમ ગાય, પરમ પવિત્ર સુપૃથ્વિ તે ગણાય...૬૧

ઈતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રીલક્ષ્મીનારાયણ મંદિરે શ્રીહરિપ્રસાદીસ્થાનનિરૂપણનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥

અભેસિંહ રાજવી કહે હે વિચક્ષણ વર્ણીન્દ્ર ! શ્રીહરિ વરતાલમાં જ્યાં જ્યાં ફર્યા હોય તે પ્રસાદીભૂત જગ્યાઓ જણાવો. જ્યાં બિરાજ્યા હોય, જ્યાં ભોજન આરોગ્યા હોય, જ્યાં સભા ભરી હોય, જ્યાં બિરાજી પ્રસાદી આપી હોય તે સર્વવિધ કથાઓ કહો. અચિંત્યાનંદજી કહે હે રાજવી ! તમે અનૂપ પ્રશ્ન પૂછ્યો છે. તમારી બુદ્ધિને ધન્ય છે. તમને વિશ્વવિહારી શ્રીહરિ વહાલા છે.

વરતાલમાં શ્રીહરિના પ્રસાદીભૂત લીલાના સ્થાનો : હે રાજવી ! વરતાલમાં બિરાજી શ્રીહરિએ જે જે સ્થાનોમાં લીલાઓ કરી તે હું તમને સંક્ષેપમાં જણાવું છું. કૃપાસિંધુ કીરતાર ધર્મકુમાર બહુ વખત વરતાલ પધાર્યા છે. ગામની સીમમાં બહુ વાર ફર્યા છે. તે પ્રસિદ્ધ સ્થળોના નામ જણાવું છું. પૂર્વે કહ્યા હોય છતાં ફરી કહીશ. કૃષ્ણકથામાં પુનરુકિત દોષ લાગતો નથી.

વરતાલમાં આજે જ્યાં વિશાળ મંદિર છે ત્યાં પહેલા બદરીનું વૃક્ષ હતું. એ પવિત્ર જગ્યામાં શ્રીહરિએ બહુવાર સભા સજી છે. તે સ્થળે ઓરડો બનાવી તેમાં નરનારાયણ દેવની સ્થાપના કરી છે. મંદિરથી પશ્ચિમ ભાગે જ્યાં રામદાસભાઈનો નિવાસ છે ત્યાં બે ઓરડી હતી. શ્રીહરિ તેમાં બિરાજ્યા છે. મંદિર નિર્માણ કાર્ય થયું ત્યારે તેમાંથી નરનારાયણ દેવને બીજા ઓરડામાં પધરાવ્યા.

મંદિર નિર્માણ સેવામાં સ્વયં ઈંટો ઉપાડતા શ્રીહરિ : મંદિર ચણવાનું કામ ચાલતું હતું. સત્સંગી હરિભક્તો ઈંટો ઉપાડીને લાવતા. તેઓના મનમાં મંદિર પ્રત્યેનું મમત્વ હતું. ભાવથી સંતોભક્તો સેવા કરતા. શ્રીહરિ અન્યને સેવાનો ઉમંગ જગાડવા સ્વયં ઈંટો લાવતા. મુખ્ય મંદિરના ચણતરમાં સાડત્રીશ ઈંટો લાવ્યા. પડઘીમાં પાંત્રિસ ઈંટો ચણી. બે વધી તે પાછડના ગોખલામાં ચણાવી. ત્રણે ખંડમાં મૂર્તિઓ પધરાવવા માટે સિંહાસનો બનાવ્યા. સર્વ પ્રથમ સ્વયં ત્યાં બિરાજ્યા ને થાળ આરોગ્યા. ત્રણે ખંડના ઉંમરા પર બેસી ભક્તજનોની સાથે વાર્તાલાપ કર્યો. તેમાં પણ અક્ષરાધિપતિ વચલા ઉંમરા પર વિશેષ બિરાજ્યા છે.

આનંદસ્વામી અમદાવાદથી વડતાલ પધાર્યા. સાથે અન્નકૂટનો સામાન લાવ્યા. દેવોને ભોગ ધરાવ્યા. મધ્ય ને ઉત્તરખંડ ભાગની

વચ્ચે રહેલી જગ્યામાં બેસી ધર્મકુંવર પ્રેમથી અન્નકૂટ આરોગ્યા છે. મધ્યમંડપ પાસે કૂમ ભગવાનના વદન સમીપે ગોમય ગોવર્ધન કરી જગજીવને પૂજા કરી છે. મંદિરમાં બિરાજતા વારાહાદિક અવતારોની પ્રત્યેક જગ્યામાં શ્રીહરિ બિરાજ્યા છે. અગાશી પર નૃસિંહજીના સમીપમાં અવિનાશી બિરાજ્યા છે. નથુભક્ત પિતા હરિભાઈ આ બંનેને હરખાઈને ચરણ આપ્યા છે. શ્રીહરિએ ત્રણે શિખરોનું કામ સુંદર રીતે સજયું. ઘુમટના પાયાનું કામ પૂર્ણ કર્યુ. સેવા કરનારાના ગારાળા શરીર નિહાળી શ્રીહરિ તેમને ભાવથી ભેટતા. સંતોની સેવા ભક્તિ જોઈ શ્રીહરિએ છાતીમાં ચરણ છાપ્યા. મંદિરથી ઉગમણી બાજુ રૂપચોકી છે ત્યાં શ્રીહરિ એક દિવસ બિરાજ્યા. ભગવદાનંદ સ્વામી વગેરે ભણનારા સંતોને બોલાવી અદ્‌ભુત વાતો સંભળાવી.

ધ્યાન ધરવાનો મહોલ : શ્રીહરિ કહે અમે આત્મસ્વરૂપનું ધ્યાન ધરવાને અર્થે એક અનુપમ જગ્યા બંધાવી છે. નારાયણ મહોલ નામ છે. એકાંત જગ્યા જાણી ત્યાં બંધાવ્યો છે. અમે શ્રીરામપ્રતાપજીને ધ્યાન ધરવા અર્પણ કર્યો છે. હરિમંડપ પણ તે સમયે કરાવ્યો. ધ્યાન કરવા માટે એ સૌને પસંદ આવ્યો. મોટા મોટા સંતો ને મહંતો વિષયથી વિરક્ત બની તેમાં બેસી ધ્યાન ધરતા. અક્ષરધામના મુક્તો પણ ત્યાં આવી પ્રેમપૂર્વક ધ્યાન ધરતા. મુક્તોને અમે પૂછ્યું કે અહીં ધ્યાન કરવા કેમ આવો છો ? ત્યારે મુક્તો કહે આ જગ્યા ને અક્ષરધામની જગ્યા એક જ છે. ધ્યાન ધરવા ઉત્તમ છે. તમારું સ્વરૂપનું જે અહીં દર્શન થાય છે તે ત્યાં અક્ષરધામમાં પણ થાય છે. એટલા માટે અમે અહીં આવીને ધ્યાન ધરીએ છીએ.

ભણનારા સંતોને ધ્યાન કરવાની પ્રેરણા : શ્રીહરિ કહે ભણનારા સર્વે સંતો તમે સાંભળજો. હું તમારા કલ્યાણને અર્થે કહું છું તમે તે નારાયણ મહોલમાં જઈને ધ્યાન ધરજો. મારામાં અખંડ મનોવૃત્તિ રાખજો. સ્વામી કહે પ્રભુ ! અમે અખંડ વૃત્તિ કેવી રીતે રાખી શકીએ ? તમારામાં વૃત્તિ રાખીએ તો ભણેલું ભૂલી જવાય ને ભણવામાં રાખીએ તો અખંડ ધ્યાન કેમ થાય ?

પનિહારીની જેવી ધ્યાન ને અભ્યાસમાં વૃત્તિ : સાંભળી શ્રીહરિ કહે પણિયારી જેમ પાણી ભરે છે ત્યારે પગ પાવઠે ધરે છે ને ઘડો કૂવામાં રાખે છે. ઘડા ઉપર ને પાવઠાના પગ પર એમ બંને તરફ મનની વૃત્તિ રાખે છે. તેમ તમારે ભણવામાં ને ધ્યાન કરવામાં મનોવૃત્તિ રાખવી.

વિદ્યાભ્યાસનો મહિમા : ભગવાન શ્રીહરિ કહે સંતો ! વિદ્યાભ્યાસ કરનાર સંતો ઉપર મને અતિશય સ્નેહ થાય છે. તેથી તમે સર્વે નિરંતર વિદ્યાભ્યાસ કરજો.

વિદ્વાન શાસ્ત્રી સંતો દ્વારા સંપ્રદાયનો વિજય થાય છે. સારા સરદાર સૈન્યમાં હોય તો તે સૈન્યનો વિજય થાય છે. માટે વિદ્યાભ્યાસ કરનારા વિદ્વાન સંતો મને અતિશય વહાલા છે.

''માનું પ્રાણ સમાન સ્નેહિ મનમાં તેથી કહું શું ઘણું'' ''એને હું મારા પ્રાણ સમાન માનું છું.'' આથી વિશેષ બીજું શું કહું. એથી જે બુદ્ધિમાન હોય તેમણે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરવો. બીજા સંતો પ્રાકૃતભાષાના ગ્રંથોનો અભ્યાસ કરે. મારા અંતરમાં સંપ્રદાયની પુષ્ટિ કરવાનો સંકલ્પ છે. તેથી કાવ્યાદિ ગ્રંથોનો અભ્યાસ કરવામાં મારી સહમતી છે. સંસ્કૃતના અભ્યાસને હું કીર્તનભક્તિ તુલ્ય માનીશ.

શ્રીહરિના વચનો સાંભળી ભણનારા સંતો રાજી થયા ને કહ્યું તમને રાજી કરવા અમે અવશ્ય વિદ્યાભ્યાસ કરીશું. આ પ્રકારે જ્યાં વાતો થતી હતી તેવામાં મુક્તમુનિ પધાર્યા. શ્રીહરિની સન્મુખ સ્વામી બોલ્યા. મને સંસ્કૃતનું જ્ઞાન છે. પ્રાકૃતભાષાના કાવ્યોની રચના પણ કરું છું.

સ્વર્ગ લોકમાં અમૃત હોવા છતાં જેમ દેવતાઓ ગંગા જલનું પાન કરવા સદૈવ લોભાયેલા રહે છે તેમ સંસ્કૃતભાષાના ગ્રંથોની રચના કરું છું.

શ્રીહરિ કહે પ્રાકૃતભાષામાં રુચિ હોય તેમણે કીર્તન વગેરેની રચના કરવી. પ્રાકૃત ગ્રંથની રચના કરવી.

શ્રી અચિત્યાનંદજી કહે હે અભેસિંહ ! પ્રસંગોચિત આ કથા મેં તમને સંભળાવી. હવે પ્રસાદીભૂત જગ્યાઓ તમને દર્શાવું છું. મંદિરમાં પધરાયેલા ધર્મદેવથી પૂર્વ ભાગે બારી છે. શ્રીહરિ ત્યાં બિરાજી સંતોને સદ્‌બોધ આપ્યો છે. તે વાત વચનામૃતમાં પણ વિખ્યાત છે. ઉગમણા ભાગે રૂપચોકી છે. તેના દક્ષિણાદે પરથારા પર બિરાજી ધર્મકુમાર શ્રીહરિએ મિસ્ત્રીઓને શિરપાવ આપ્યા છે. તેમના નામ સંભળાવું છું.

પુરુષોત્તમ ને દામોદર જે વડોદરાના નિવાસી છે. અમદાવાદના કુબેરજી. આ ત્રણે શિલ્પીઓ શ્રીહરિ સમકાલિન હતા. તેમને મહાપ્રભુએ કડાં, કંઠીઓ, પાઘડી, શાલ વગેરે પ્રસાદીભૂત વસ્તુઓ અર્પણ કરી છે.

દક્ષિણાદે પરથારાથી નીચેના પરથારે મહાપ્રભુ સભા ભરીને બિરાજ્યા. તે સમયે ગોપાળજી ત્યાં આવ્યા. શ્રીજીએ તેમને

સમાધિ કરાવી. તેઓ રઘુવીરજીના મોટા બંધુ થાય. મોટા મુક્ત સમાન તેમની સ્થિતિ હતી. રૂપચોકીથી પૂર્વ દિશા તરફ શ્રીહરિ બહુવાર બિરાજતા. મંદિરનું કામ ચાલતું તેને વારે વારે નિહાળવા જતા ને પાછા ત્યાં આવીને બેસતા. મંદિર પાછળ છત્રી છે તે શ્રીજીની પ્રસાદીભૂત જગ્યા છે. ત્યાં એક સુંદર મોટો બેસવાનો ઓટો હતો. શ્રીહરિ તેના પર બિરાજતા. સંતો નીચે બેસતા.

દીકરો આપી દુઃખ ટાળ્યું : એ સમયે વસોના વાલાભાઈ ને ધર્મપત્ની અવલબાઈ શ્રીહરિના દર્શને આવ્યા. દર્શન કરી અવલબાઈએ કહ્યું પ્રભુ ! મારે પુત્ર નથી. અખિલના આધાર શ્રીહરિ કહે હું તમને તૈયાર પુત્ર આપું. આ પ્રકારે કહી અવિનાશ ભગવાન શ્રીહરિએ તેમની પાસે રહેલા ત્રણ વર્ષના તુલસીદાસ ભત્રીજાને મંદમંદ હાસ્ય કરી તેડ્યો ને વાલાભાઈને ખોળે બેસાડ્યો. અવલબાઈનો શોક દૂર થયો. શ્રીહરિ કહે, આ તમારો પુત્ર બહુ જ સારો સત્સંગી થાશે. પુત્રભાવ રાખી તેનું પાલન-પોષણ કરજો. શ્રીહરિના વચનો મસ્તક પર ધરી બંને પુત્રને લઈ ઘેર પાછા ફર્યા.

અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! વસોના વાલા ધ્રુવનો બીજો એક પ્રસંગ કહું છું. અઠોતેરની સાલમાં વાલાભાઈએ એકાદશીનું વ્રત ધારણ કર્યું ને સંકલ્પ કર્યો કે દ્વાદશીના દિવસે સર્વે સંતોને પારણા કરાવું. એ પ્રકારનું વ્રત તુલસીભાઈએ પણ રાખ્યું.

●

પૂર્વછાયો :

હે નૃપ જે ઓટો કહ્યો, મોટા મંદિર પાછળ ઠાર; સભા સજીને બિરાજતા, બહુવાર ત્યાં જગદાધાર...૦૧

ચોપાઈ :

સાલ પંચોતેરા તણી જ્યારે, એક ઓરડામાં તેહ વારે; નરનારાયણ પધરાવ્યા, પ્રબોધનિયે ફરિ હરિ આવ્યા...૦૨
થયો તો ત્યારે સમૈયો સારો, આવ્યા'તા હરિભક્ત હજારો; ત્યારે ઓટા ઉપર હરિ બેઠા, બેઠા સંત હરિજન હેઠા...૦૩
બોલ્યા શ્રીમુખે શ્રીમહારાજ, સુણો હરિજન સંત સમાજ; અમે કરતા સમૈયા જ્યારે, લખિ પત્ર તેડાવતા ત્યારે...૦૪
કર્યો આજ થકી નિરધાર, કરવા સમૈયા બે આ ઠાર; હરિનૌમી પ્રબોધિની જ્યારે, આંહિ આવજો સૌ જન ત્યારે...૦૫
સુણી હરિજન સૌ ખુશિ થયા, દીનબંધુ તણી દીઠી દયા; વસો નિવાસી તુલસીદાસ, આવ્યા શ્રીપરમેશ્વર પાસ...૦૬
તેના પુત્ર જે વાઘજીભાઈ, તેની ઉમર તો લઘુતાઈ; તેડ્યા વાંસજીભાઈયે તેને, હરિચરણે લગાડિયા એને...૦૭
રુપૈયો એક ભેટ મુકાવ્યો, હરિનો શિર હાથ ધરાવ્યો; કેના પુત્ર પુછ્યું સુખદાઈ, ત્યારે બોલિયા ગોકળભાઈ...૦૮
તે તો સોજિતરાના નિવાસી, પોતે પ્રગટ પ્રભુના ઉપાસી; અહો નાથ પ્રણત પ્રતિપાળ, તુલસીભાઈનો આ છે બાળ...૦૯
કહે કૃષ્ણ તે તો સારો થાશે, તાત તુલ્ય તે ભક્ત ગણાશે; સુણી રાજી થયા સર્વે જન, પછી સૌ ગયા આપ સદન...૧૦
હવે સ્થાન બીજા તણી વાત, કહું તે તમે સાંભળો ભ્રાત; મંદિરે છે પ્રદક્ષિણા જેહ, જાણો પ્રભુપદ અંકિત એહ...૧૧
એક માસ સુધી રુડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે; નિજદાસને શિક્ષણ કામ, કરે એવી ક્રિયા ઘનશ્યામ...૧૨
નારાયણ નામનો મોલ જે છે, અતિ પરમ પ્રસાદિનો તે છે; પ્રભુ તેમાં રહી પૂરી પ્રીતે, શિક્ષાપત્રી રચી શુભ રીતે...૧૩
બંગલાની ઓશરિયે બિરાજી, સૌને રંગ છાંટ્યો થઈ રાજી; મોલ આગળ ચોક રહેલો, તે તો છે પ્રભુચરણ અંકેલો...૧૪
દેવાલય થકી દક્ષિણ ભાગ, જોઈ શ્રીહરિયે સારિ જાગ્ય; બોલ્યા શ્રીમુખે શ્રીહરિ ત્યાંઈ, થાશે અક્ષરભુવન આંઈ...૧૫
મારિ પ્રસાદી વસ્તુ અપાર, સ્થપાશે એહ ભુવન મોઝાર; નર નારિયો દરશન કરશે, મારી મૂર્તિને અંતર ધરશે...૧૬
હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય; પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિયે કરાવ્યો...૧૭
જગ્યા તે છે પ્રસાદિની સહી, શિક્ષાપત્રી શોધી તહાં રહી; હરિમંડપમાં એક વાર, બિરાજ્યા હતા ધર્મકુમાર...૧૮
ત્યાં તો અવધ્યપ્રસાદજી આવ્યા, રઘુવીર આવ્યા મન ભાવ્યા; જન બેયને પુછિયું ત્યારે, તમે દેશમાંથી આવ્યા જ્યારે...૧૯
ઉતર્યા મહીનો કીયો આરો ? એ તો વાત તમારી ઉચ્ચારો; કહે અવધ્યપ્રસાદ હે શામ !, હું તો ઉતર્યો બામણગામ...૨૦
પછી બોલિયા શ્રીરઘુવીર, ઉતર્યો હુંય પણ તેહ તીર; મને સંકટ પડિયું અપાર, નોતી જીવ્યાની આશા લગાર...૨૧
નદીમધ્ય હું આવિયો જ્યારે, લાગ્યો તરત તણાવાને ત્યારે; કર્યું સ્મરણ મેં ત્યાં તો તમારું, એક નાવ આવ્યું મુજ સારુ...૨૨
મને ઝાલી લિધો કર્ણધારે, પછી મુક્યો ઉતારી આ આરે; તેનું મેં પૂછિયું નામ ઠામ, કહે નામ તણું શું છે કામ ?..૨૩
પછી ત્યાં થકી નાવ તે ગયું, જોતાં જોતાંમાં અદરશ થયું; હશી બોલિયા સુંદર શામ, કર્યું એ તો અમે આવી કામ...૨૪
સુણી બેયનાં મન મુદ પામ્યાં, ધન્ય ધન્ય કહી શિર નામ્યાં; એહ જગ્યાનો મહિમા અપાર, ભૂપ શું કહું વારંવાર...૨૫
હરિમંડપ થકી ઉત્તરમાં, જ્ઞાનકૂપ છે ચોક સુંદરમાં; તહાં સુધી હતી જે હવેલી, બેય માળની રુડી રચેલી...૨૬

તે હવેલીમાં સર્વ ઠેકાણે, વિચર્યા હરિ સૌ જન જાણે; નીચે ઓરડા ત્યાં હતા બેય, બેશી તેમાં પ્રભુ જમ્યા છેય...૨૭
બાઈ જમનાં વસોનાં નિવાસી, પોતે પ્રગટ પ્રભુનાં ઉપાસી; ગંગાબાઈ જેતલપુર તણાં, રુડી કરતાં રસોઈ બે જણાં...૨૮
અતિ હેતે આરોગતા નાથ, કોઈ સમય સખા પણ સાથ; કુવાથી વળિ ઉત્તર ભાગ, તેર કદમ સુધી હતો માગ...૨૯
સભામંડપ થળ અડકેલી, ત્રણ માળની હતી હવેલી; બ્રહ્માનંદ મુનિયે કરાવી, ભાળી શ્રીહરિને મન ભાવી...૩૦
ઉષ્ણકાળ સમા માટે એમાં, જળ હોજ કર્યા હતા તેમા; તે હવેલીમાં કરતા શયન, પરમેશ્વર પ્રાણજીવન...૩૧
હેઠે ઓરડે કડિયા હિરાજી, કરતા પ્રતિમાઓને તાજી; મત્સ્ય કચ્છ નૃસિંહાદિ જેહ, અવતારની મૂર્તિયો તેહ...૩૨
નાખી ખુરશી બિરાજતા નાથ, મૂર્તિ ઉપર ફેરવે હાથ; જોઈ તે કડિયા તણું કાજ, હૃદે રાજી થતા મહારાજ...૩૩
ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ; ભાઈ રામદાસે નિજ હાથ, નવરાવ્યા કૂપોદકે નાથ...૩૪
ચરણામૃત તે બધું લઈ, જ્ઞાનકૂપમાં નાખિયું જઈ; ધન્ય ધન્ય કહું જ્ઞાનકૂપ, એ તો ઉત્તમ તીર્થ અનૂપ...૩૫
હરિયે દત્તપુત્રોને જ્યારે, બેય આચારજો કર્યા ત્યારે; હવેલી કહી બે માળી જેહ, તેનો ઉગમણો ચોક તેહ...૩૬
તહાં પાટ્યો બે સરસ ઢળાવી, ગાદી આચાર્ય બેની ઠરાવી; સ્થાપ્યા દક્ષિણે શ્રીરઘુવીર, સામા અવધ્યપ્રસાદજી ધીર...૩૭
વેદમંત્રે કરી અભિષેક, વેંચી આપીયા દેશ પ્રત્યેક; પોતપોતાના દેશના જન, કરે આચાર્ય કેરું પૂજન...૩૮
માળ બેની હવેલી ઉપર, કઠોડામાં બેઠા હરિવર; પૂજા થાય તે નજરે નિહાળે, પ્રભુ દિસે પ્રસન્ન તે કાળે...૩૯
એહ પૃથ્વિનો અતિ મહીમાય, કહું શું તુજ આગળ રાય; દીક્ષા જન્મભૂમિ હરિવરની, પીપલાણાની ને જેતપરની...૪૦
આચાર્યોનું દીક્ષા જન્મસ્થાન, તેમ માનવું એહ નિદાન; એક ક્યારા વિષે છોડ બેય, દૃઢ વાવેલા જેમ દિસેય...૪૧
એક ઉત્તરમાં વધી જાય, બિજો દક્ષિણ માંહિ ફેલાય; મૂળ બેયનું તો એક ક્યારો, સમઝે એમ સમઝુ જે સારો...૪૨
બેય દેશમાં સતસંગ થાય, તેનું મૂળ આ સ્થાન ગણાય; બેય દેશ તણા જન જેહ, ગણે ઉત્તમ આ સ્થાન એહ...૪૩
ગામ માણજના પાટીદાર, મુળજીભાઈ ભક્ત ઉદાર; તેણે કરાવ્યો છે તહાં ઓટો, તેનો જાણવો મહિમા મોટો...૪૪
જેને સતસંગની વાત ભાવી, તે તો જાત્રા કરે અહીં આવી; જાણે માહાત્મ્ય મનમાં સહી, તે તો આવ્યા વિના રહે નહી...૪૫
જ્ઞાનકૂપથી ઉત્તર માંય, એક દિન પાટ ઉપર ત્યાંય; બિરાજ્યા હતા શ્રીબહુનામી, સહજાનંદ અંતરજામિ...૪૬
અન્નકૂટ તણો દિન જાણી, મળ્યા સંતોને સારંગપાણી; રુપચોકી ઉગમણિ વિશાળ, તેથિ ઉત્તરમાં એક કાળ...૪૭
હરિભક્ત હીરાજી શલાટ, ઘડે હનુમાન મૂર્તિનો ઘાટ; જોવા આવ્યા ત્યાં ધર્મદુલારો, કહ્યું ઘાટ ઘડ્યો ઘણો સારો...૪૮
પ્રભુ થૈને પ્રસન્ન અપાર, આપ્યો પુષ્પપ્રસાદિનો હાર; વળી તે મુરતીના હૃદયમાં, ચાંપ્યા ચરણ બે તેહ સમયમાં...૪૯
તહાં બોલિયા મસ્તક નામી, અક્ષરાનંદ આનંદસ્વામી; નારાયણમોલ નીચેનો ભાગ, તહાં ઓરડો ઓપે અથાગ...૫૦
પુતળાં હીરાભક્તે બનાવ્યાં, તે તો તે ઓરડામાં મુકાવ્યાં; રાસમંડળનાં પુતળાં છે, સિંહ વાઘનાં રૂપ રચ્યાં છે...૫૧
કોઈ મંડપમાં મુકવાનાં, કોઈ મંદિરમાં ચણવાનાં; દિસે ઘાટ ઘડ્યો ઘણો સારો, જગજીવન જોવા પધારો...૫૨
પછી જોવા ગયા મુનિભૂપ, જોયાં રાસમંડળ તણાં રૂપ; કોઈના કરમાં શોભે તાલ, કોઈ પાસે છે વીણા વિશાલ...૫૩
કરમાં ધર્યું કોયે મૃદંગ, કોઈયે તો ઉપંગ કે ચંગ; લીધું ભુંગળ કોઈયે બજાવા, કોઈયે વાંસળી કૃષ્ણ રિઝાવા...૫૪
જોઈ રાજી થયા મહારાજ, કહ્યું સારું છે શિલ્પનું કાજ; જોતાં ખામી કશી નથિ એમાં, જીવમાત્ર નથિ એક તેમાં...૫૫
હોય જો જીવ પુતળાં વિષે, શિલ્પી સ્રષ્ટામાં શો ભેદ દિસે; કવી શિખાઉ રસ લાવી જાણે, કોણ સારા કવીને વખાણે...૫૬
હાસ્યમૂર્તિ બ્રહ્માનંદસ્વામી, આવિ બોલ્યા પગે શિર નામી; આંહિ જો કોઈ ઈશ્વર આવે, તો આ પુતળામાં પ્રાણ લાવે...૫૭
માંસનાં પુતળાંને રમાડે, કેમ પથ્થરનાં ન જીવાડે; પણ જો કરુણા ઉર આણે, એવી લીલા દેખાડે આ ટાણે...૫૮
એવાં સાંભળી મર્મવચન, મંદ મંદ હસ્યા ભગવન; હતી નેતરની છડી હાથે, પુતળાંને અડાડી તે નાથે...૫૯
જીવતાં થઈ નાચવા લાગ્યાં, વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યાં; સુણી જોવા આવ્યા ઘણા જન, થયા નિરખીને મનમાં મગન...૬૦
એવી લીલા કરી એ ઠેકાણે, મોટા મોટા મુનિજન જાણે; એહ સ્થાનનો મહિમા અપાર, શું વખાણું હું વારમવાર...૬૧

પુષ્પિતાગ્રાવૃત્ત :

પરમ પુનિત પૃથ્વિ પૃથ્વિપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ; પુનિત સુપુરિ સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય...૬૨

ઈતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે પ્રસાદિ સ્થાનવર્ણનનિરૂપણનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥

વિશ્વના આધાર ભગવાન શ્રીહરિ મંદિરના પાછળના ભાગે ઓટા પર સભા ભરી બહુવાર બિરાજતા. પંચોતેરની સાલમાં એક ઓરડામાં નરનારાયણદેવને પધરાવ્યા. બહુ સારો સમૈયો ઉજવ્યો. દેશદેશાંતરથી હજારો હરિભક્તો પધાર્યા. ઓટા પર શ્રીહરિ બિરાજયા. નીચે સર્વે સંતો ને હરિભક્તો બેઠા. શ્રીહરિ કહે અમે જયારે સમૈયા ઉત્સવ કરીએ ત્યારે પત્રિકાઓ લખીને સર્વેને નિમંત્રણ આપતા.

વડતાલમાં બે સમૈયા કરવાનો શ્રીહરિનો સંકલ્પ : આજે અમે સંકલ્પ કર્યો છે કે હરિનૌમી અને પ્રબોધિની એકાદશી આ બે સમૈયા અહીં ઉજવવા. તેમાં તમે સર્વે આવજો. શ્રીહરિનો સંકલ્પ જાણી હરિભક્તો પ્રસન્ન થયા. આ સમૈયાના માધ્યમથી અનંત જીવોના કલ્યાણ કરવા રૂપ શ્રીહરિની અપાર કરુણા ને દયાના દર્શન થયા.

વસોના તુલસીભાઈના પુત્ર વાઘજીભાઈને શ્રીહરિના આશીર્વાદ : એ સમયે વસોના વાસી તુલસીદાસ શ્રીહરિના સમીપે આવ્યા. નાની ઉંમરના પુત્ર વાઘજીભાઈ પણ સાથે લાવ્યા. વાંસજીભાઈ તેને તેડીને શ્રીહરિના ચરણનો સ્પર્શ કરાવ્યો. એક રૂપિયો ભેટ ધરાવી તેના મસ્તક પર શ્રીહરિનો કરકમલ પધરાવ્યો. શ્રીહરિ કહે આ કોના પુત્ર છે ? ત્યારે સોજિત્રાના નિવાસી ગોકળભાઈ કહે હે શરણાગત વત્સલ આ તુલસીભાઈનો પુત્ર છે. શ્રીહરિ કહે એ પિતાતુલ્ય મહાન ભક્ત થશે. સાંભળી સર્વે રાજી થયા ને પોતાના નિવાસસ્થાને આવ્યા.

શ્રી અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! શ્રીહરિની પ્રસાદીભૂત અન્ય સ્થાનોની વાત કહું છું. મંદિરની પ્રદક્ષિણા શ્રીહરિના ચરણથી અંકિત થયેલી છે. એક મહિના સુધી શ્રીહરિએ દરરોજ સો સો પ્રદક્ષિણા કરી છે. પોતાના લાડલા ભક્તોને બોધ આપવા લાડીલો લાલ શ્રીહરિ અનંત લીલાઓ કરતા.

નારાયણ મોલ પરમ પ્રસાદીભૂત છે. શ્રીહરિએ તેમાં બિરાજી પૂરણ પ્રીતથી શિક્ષાપત્રિનું લેખન કર્યું છે. બંગલાની ઓસરીમાં બિરાજી સર્વ ઉપર રંગ છંટકાવ કર્યો છે. મોલની આગળ ચોકમાં ચરણ અંકિત કર્યા છે. મંદિરના દક્ષિણ ભાગમાં સુંદર જગ્યા નિહાળી શ્રીહરિ સ્વમુખે બોલ્યા કે અહીં અક્ષરભુવન થશે. મારી પ્રસાદીની અપાર વસ્તુ સામગ્રીની તેમાં સ્થાપના થશે. હજારો નરનારીઓ મારી મૂર્તિને અંતરમાં ધારી દર્શન કરશે.

નદીમાં નૌકા બની રઘુવીરજીની રક્ષા કરી : હાલમાં જ્યાં હરિમંડપ છે ત્યાં એક કોઠો હતો. તે પડાવીને શ્રીહરિએ હરિમંડપ રચાવ્યો. ત્યાં શિક્ષાપત્રિનું સંશોધન કર્યું એ પ્રસાદીભૂત જગ્યા છે. ધર્મનંદન એક સમયે તે હરિમંડપમાં બિરાજયા હતા. તેવામાં અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી બંને આચાર્યો પધાર્યા. શ્રીહરિ કહે તમે જ્યારે દેશમાંથી આવ્યા ત્યારે ક્યાં ઉતર્યા હતા. અયોધ્યાપ્રસાદજી કહે હું બામણ ગામ ઉતર્યો હતો. રઘુવીરજી કહે, હું પણ ત્યાં જ ઉતર્યો હતો. ત્યાં મને મોટું સંકટ આવ્યું. જીવવાની આશા પણ પૂરી થઈ ગઈ. નદીના મધ્યે ચાલ્યો ને તણાવા લાગ્યો. તે સમયે મેં તમારું સ્મરણ કર્યું. તેવામાં એક નૌકા આવીને ઊભી રહી. કર્ણધારે પકડી મને નદીના સામે આરે મૂકી દીધો. તેને મેં નામ પૂછ્યું તો કહે તમારે નામનું શું કામ ? એમ કહીને નાવ ત્યાંથી ચાલ્યું ને જોતજોતામાં જ અદૃશ્ય થયું. ત્યારે મંદમંદ મુસ્કાન કરી શ્રીહરિ બોલ્યા એ તો અમે જ આવ્યા હતા તમારી રક્ષા કરવા. સાંભળી બંને પ્રસન્ન થયા ને મસ્તક નમાવી વંદન કર્યા. આ જગ્યાનો અપરંપાર મહિમા છે તેનું હું વારે વારે શું વર્ણન કરું.

હરિમંડપની ઉત્તર ભાગે જ્ઞાનકૂપ આવેલો છે. ત્યાં સુંદર ચોક છે. બે માળની સુંદર હવેલી હતી. તેમાં સર્વત્ર શ્રીહરિ વિચર્યા છે. તેમાં નીચે ઓરડા હતાં તેમાં બિરાજી શ્રીહરિ ભોજન આરોગ્યા છે. શ્રીહરિને અર્થે શ્રીહરિના પ્રગટ ઉપાસી વસોના જમનાબાઈ, જેતલપુરના ગંગાબાઈ સાથે મળીને રસોઈ બનાવતા. શ્રીહરિ હેતથી આરોગતા. ક્યારેક સખાઓને પણ જમાડતા.

કુવાથી ઉત્તર ભાગમાં તેર કદમ દૂર ને સભામંડપના મૂળ સાથે જોડાએલી ત્રણ માળની હવેલી હતી. એનું નિર્માણ સદ્ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ કરાવેલું. શ્રીહરિને આ હવેલી બહુ જ પસંદ આવી. ઉનાળાના સમય માટે તેમાં જળનો હોજ બનાવ્યો હતા. પ્રાણજીવન પરમેશ્વર શ્રીહરિ તે હવેલીમાં શયન કરતા.

નીચેના ઓરડામાં હિરજી કડિયા મત્સ્ય, કચ્છ, નૃસિંહાદિ અવતારોની પ્રતિમાઓનું નિર્માણ કરતા. શ્રીહરિ ત્યાં ખુરશી નંખાવી બિરાજતા. મૂર્તિઓ ઉપર કરકમલ ફેરવતા. કડિયા હિરજીભાઈની કારીગરી નિહાળી શ્રીહરિ તેમના પર બહુ જ પ્રસન્ન થતાં. ચોકમાં શ્રીહરિએ જ્ઞાનકૂપ ગળાવ્યો. ભાઈ રામદાસજી કૂપોદકથી શ્રીહરિને સ્નાન કરાવતા. શ્રીહરિનું એ ચરણોદક જ્ઞાનકૂપમાં પધરાવ્યું તેથી એ ઉત્તમ તીર્થ બન્યું. શ્રીહરિએ જયારે બંને ભાઈઓના પુત્રને દત્તક લઈ આચાર્યપીઠે સ્થાપ્યા ત્યારે બે માળની હવેલીની સમીપે ચોકમાં બે પાટો ઢળાવીને દક્ષિણ ભાગે રઘુવીરજીને બેસાડ્યા. તેમની સામેના ભાગે અયોધ્યાપ્રસાદજીને બેસાડ્યા.

વેદમંત્રોના બ્રહ્મનાદ સાથે અભિષેક કર્યો. બંનેને બે દેશ વિભાગ કરી દેશવિભાગની વ્યવસ્થા કરી. બંને દેશના ભક્તો પોતપોતાના દેશવિભાગમાં આચાર્યશ્રીઓની સેવાનો અલભ્ય લાભ સ્વીકારે છે.

બે માળની હવેલીના ઉપરના ભાગના કઠોડામાં હરિવર બિરાજી દેવોની પૂજાના દર્શન કરી પ્રસન્ન થતાં. અન્ય સ્થાનોની વાત કહું છું. મંદિરની પ્રદક્ષિણા શ્રીહરિના ચરણથી અંકિત છે. એક મહિના સુધી શ્રીહરિએ દરરોજ સો સો પ્રદક્ષિણા કરી છે. પોતાના ભક્તજનોને બોધ આપવા શ્રીહરિ આ પ્રકારની લીલાઓ કરતા.

હે અભેસિંહ ! આ પૃથ્વીનો મોટો મહિમા છે. શ્રીહરિની દીક્ષાભૂમિ પીપલાણા ને ગાદીસ્થાન જેતપુર તેવું જ આ આચાર્યશ્રીઓનું ગાદીસ્થાન સમજવું. એક જ ક્યારાના બે છોડ વાવ્યા છે. એક ઉત્તર દેશમાં બીજો દક્ષિણ દેશમાં ફેલાયો છે. બંનેનું મૂળ તો એક જ ક્યારો છે. સમજું લોકો એ રીતે સમજે છે. બંને દેશના સત્સંગનું મૂળ સ્થાન તો આ વડતાલ જ છે. બંને દેશના હરિભક્તો આ સ્થાનને ઉત્તમ સ્થાન ગણે છે. માણજ ગામના પાટીદાર મૂળજીભાઈએ એ સ્થાને ઓટો કરાવ્યો છે. હરિભક્તો આ સ્થાનની યાત્રા કરે છે.

જ્ઞાનકૂપથી ઉત્તર ભાગે શ્રીહરિ એક દિવસ પાટ ઉપર બિરાજમાન થયા. અન્નકૂટનો દિવસ હતો. સારંગપાણી શ્રીહરિએ સંતોને દર્શન આપ્યા.

ઉગમણા ભાગે રૂપચોકી હતી તેના ઉત્તરાદા ભાગમાં હિરજી હરિભક્ત કડિયા હનુમાનજીની મૂર્તિ ઘડી રહ્યા હતા તે નિહાળવા ધર્મનંદન પધાર્યા. શ્રીહરિ કહે મૂર્તિનો સરસ ઘાટ ઘડ્યો છે. પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાના કંઠનો પુષ્પહાર શિલ્પીના કંઠમાં પહેરાવ્યો. શ્રીહનુમાનજીની મૂર્તિના હૃદય સ્થાનમાં પોતાના બંને ચરણ ચાપ્યા.

પૂતળામાં પ્રાણ પૂર્યા : એ સમયે અક્ષરાનંદ સ્વામી તેમજ આનંદાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું પ્રભુ ! નારાયણ મહોલના નીચેના ઓરડામાં શિલ્પી હિરજીભાઈએ રાસમંડળના પૂતળા રચ્યા છે. સિંહ, વાઘ વગેરેના રૂપમાં બનાવ્યા છે તમે નિહાળવા પધારો. શ્રીહરિ પૂતળા નિહાળવા પધાર્યા. રાસમંડળના રૂપ નિહાળ્યા. કોઈ પૂતળાના હાથમાં તાલ શોભતી હતી. કોઈના હસ્તે વીણા હતી. કોઈ કરમાં મૃદંગ ધરી રહ્યા હતા. કોઈ કિખ્નને રીઝવવા વાંસળી વાદન કરી રહ્યા હતા. શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા કે શિલ્પીનું કાર્ય અતિશય સારું છે. તેમાં કોઈ પ્રકારની ખામી નથી. એક માત્ર જીવ તેમાં પૂર્યો નથી. પૂતળામાં જો જીવ હોય તો સર્જન કરનાર શિલ્પી ને તેમાં કોઈ ભેદ ન રહે.

શ્રીહરિની છડીનો સ્પર્શ થતાં સર્વે પૂતળાં નાચવા લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. હજારો લોકો એ દૃશ્ય જોવા આવ્યા. આ પ્રકારનો શ્રીહરિનો ચમત્કાર નિહાળી મનમગન થયા.

આ પ્રકારે શ્રીહરિએ અદ્‌ભુત લીલા કરી. આ સ્થાનનો મહિમા અપરંપાર છે. તેની હું શું પ્રશંસા કરી શકું ?

●

પૂર્વછાયો :

વળિ કહું વરતાલમાં, પ્રભુ પ્રસાદિનાં જે સ્થાન; સુણો અભેસિંહ સ્નેહથી, હરિકૃષ્ણ કથા ધરી કાન...૦૧

ચોપાઈ :

ગામ માણજના પાટીદાર, નામે ગોવિંદદાસ ઉદાર; ધર્મવંત બિજા ધોરિભાઈ, ગામ પીપલગ ગયા ચાઈ...૦૨
તહાં તેના સગાનો નિવાસ, તેનું નામ તો શ્રીધરદાસ; સતસંગી હતા તે તો સહી, તેણે સતસંગનિ વાત કહી...૦૩
ત્યારે ત્રણે જણા મળી સંગ, આવ્યા વરતાલે આણી ઉમંગ; નારાયણમોલનો ઓરડો છે, તેની આગળ ચોક રુડો છે...૦૪
તહાં ખૂરશિયે ઘનશ્યામ, પોતે બેઠેલા પૂરણકામ; જઈ ત્રણે જણા પગે લાગ્યા, છબિ જોતાં જ સંશય ભાગ્યા...૦૫
થયાં દર્શનથી મન શાંત, તથા ભાગી ગઈ મન ભ્રાંત; નિશ્ચે જાણ્યા એ તો અવિનાશ, ત્યારે બોલિયા ગોવિંદદાસ...૦૬

વસંતતિલકાવૃત્ત :

હે કૃષ્ણ તીર્થ કરવા બહુ હું ફર્યો છું, કાશી પ્રયાગ મથુરા પુર સંચર્યો છું;
દ્વારામતિ જઈ સ્વગેહ વળી વિરામ્યો, કોઈ સ્થળે મન વિષે નહિ શાંતિ પામ્યો...૦૭
જાત્રા કરી અધિક સંશય તો ન જાય, કલ્યાણનો સુદૃઢ નિશ્ચય તો ન થાય;
ક્યાં જાઉં કેમ કરિ મુક્તિ અરે પમાય ? એવા ઉચાટ ઉર માંહિ રહે સદાય...૦૮
તીર્થાટનાદિ વળિ યજ્ઞ તણી સમાપ્તિ, તે સર્વનું ફલ પ્રભો તવ પાવપ્રાપ્તિ;

જેને તમે પ્રગટ મૂર્તિ મળ્યા મહેશ, તેને કશુંય કરવું રહિયું ન શેષ...૦૯
જૈને મળે સરિત જેહ સમુદ્રમાંઈ, તેને બિજે સ્થળ જવાનું રહ્યું ન ક્યાંઈ;
જો આપના ચરણને જન કોઈ પામે, એથી નથી અધિક ઉત્તમ કોઈ ઠામે...૧૦

ચોપાઈ :

એમ બોલિયા ગોવિંદભાઈ, દયા લાવો દિલે સુખદાઈ; વર્તમાન નિયમ મને આપો, મને આપનો આશ્રિત થાપો...૧૧
પછી પ્રભુયે નિયમ તેને આપ્યા, મંત્ર આપીને આશ્રિત થાપ્યા; સતસંગી થયા ધોરીભાઈ, શ્યામે દીક્ષા દીધી સુખદાઈ...૧૨
વળિ બોલિયા ધર્મદુલારા, પુત્ર પૌત્ર જે થાશે તમારા; સારાં સારાં તે કરશે કામ, રહે જેથી જગતમાં નામ...૧૩
કર્યું કૃષ્ણે ત્યાં એવું ચરિત્ર, માટે તે સ્થળ પરમ પવિત્ર; મંદિરેથી તે પૂર્વ દિશાની, હતી બારી જવા આવવાની...૧૪
તહાં મારગ મોટો મુકાવ્યો, કૃષ્ણે તહાં દરવાજો કરાવ્યો; ગણનાથ તથા હનુમાન, નિજ હાથે થાપ્યા એહ સ્થાન...૧૫
દરવાજાથી ઉત્તર માંય, લીલો લીંબડો છે એક ત્યાંય; સજી શ્યામે સભા ઘણીવાર, તહાં આપ્યા છે પરચા અપાર...૧૬
તહાં વાતો કરી વળી જેહ, વચનામૃત માંહિ છે તેહ; રુડું બુરાનપુર છે નામ, ગામ સાવદા ને માલેગામ...૧૭
ધુળિયા ધુવા ને બરૈ જાણો, લખનોર શેહેર પ્રમાણો; ત્યાંના હરિજનનો એહ ઠાર, કર્યો પોશાગ લૈ અંગિકાર...૧૮
લીંબડાથિ પશ્ચિમ દિશ જોઈ, સીતારામને દીધી જનોઈ; દિશા મંદિરથી તો ઈશાન, ધર્મકુળની હવેલી તે સ્થાન...૧૯
તે હવેલીને મંદિર પાસે, ઘણું પાણી ભરાયું ચોમાસે; પ્રભુ તેમાં ફર્યા એકવાર, ત્યારે વિવર પડ્યું તેહ ઠાર...૨૦
તેમાં નીર ગયું તે સમાઈ, ત્યારે બોલ્યા સદા સુખદાઈ; અમારું ચરણોદક જાણી, શેષનાગે પીધું તે તો પાણી...૨૧
અભેસિંહ સુણો ધરી પ્યાર, સભામંડપ છે જેહ ઠાર; તહાં તો એક ખેતર હતું, સંઘને ત્યાં ઉતરવાનું થતું...૨૨
જૂનાગઢ ને વડોદરા કેરા, ઉતર્યા હતા ભક્ત ઘણેરા; તેહ જગ્યા વિષે બહુવાર, જમ્યા છે જઈ ધર્મકુમાર...૨૩
તેથી પૃથ્વિ પ્રસાદિની થૈ છે, ધ્યાનીના ધ્યાનમાં રહી ગૈ છે; સભામંડપને વામ ભાગે, કૂવો સંતનો સુંદર લાગે...૨૪
ત્યાંથી વાયુની દીશ મોઝાર, એક કોઠો હતો એહ ઠાર; લખે શુકમુનિ શાસ્ત્રનો લેખ, હરિ રાખતા જૈ દેખરેખ...૨૫
સંત કૂવાથિ પશ્ચિમમાંય, હતો સંતનો ભંડાર ત્યાંય; તેની ઓસરીયે પ્રભુ આવી, ધર્મ ભક્તિની મૂર્તિ ઓપાવી...૨૬
નારાયણજિ જે સારા સુતાર, એહ મૂરતિના ઓપનાર; કોઠા પૂરવ પશ્ચિમ કેરા, બેય શોભિત સરસ ઘણેરા...૨૭
ધર્મશાળા બે વચ્ચે ચણાવી, ભાળી ભક્તજનો મન ભાવી; તહાં સંતની પંક્તિયો થાય, પ્રભુ પોતે પીરસવા જાય...૨૮
મછીયાવ તણા દરબાર, બાપુભાઈ જે દિલના ઉદાર; શેવદળ ગાડાં બે ભરી લાવ્યા, તેથી સંતોને તૃપ્ત કરાવ્યા...૨૯
ત્યારે પણ તેહ ધર્મશાળામાં, પ્રભુયે પીરશું તે સમામાં; ગામ ધૂવા તથા બરૈ નામ, ત્યાંના ભક્ત લુવાર તે ઠામ...૩૦
ધર્મશાળાને પશ્ચિમ ભાગે, તેણે પૂજ્યા પ્રભૂ અનુરાગે; માથે મંડિલ મોટું બંધાવ્યું, વળી વાંકડું તે તો ધરાવ્યું...૩૧
કેડે ભાથો બંધાવિયો બેશ, ધરાવ્યો નરસિંહનો વેશ; છાશિયાની સાલે વરતાલ, છેલીવારે આવ્યા વૃષલાલ...૩૨
હતો તે સમે કાર્તિક માસ, ઘણા દર્શને આવિયા દાસ; વટપત્તનના હરિજન, વનમાળી ને જગજીવન...૩૩
પ્રભુદાસ ઈશ્વર આદિ આવ્યા, તે તો સંત માટે સીધું લાવ્યા; રુડા લાડુ જલેબી કરાવી, હરિકૃષ્ણ હાથે પીરસાવી...૩૪
એ જ ધર્મશાળાની મોઝાર, પંગતિ થઈ'તી તેહ વાર; પછી તે હરિભક્તોયે ત્યાંય, પૂજ્યા પ્રેમ સહિત હરિરાય...૩૫
હેમ માદળીયું પહેરાવ્યું, લક્ષ્મીવરને હરીયે ધરાવ્યું; એવી લીલા કરી બહુવાર, તેથી તે સ્થળ મહિમા અપાર...૩૬
ધન્ય ધન્ય તે ધર્મશાળાને, વા'લો વિચર્યા બહુ એહ સ્થાને; ચારસેંય અને છત્રૂંવાર, ફર્યા ત્યાં પ્રભુ પંક્તિ મોઝાર...૩૭
પૂર્વ કોઠા માંહિ મુક્તાનંદ, રહેતા ઉર ધારી આનંદ; ઘણીવાર તહાં ઘનશ્યામ, પોતે વિચર્યા છે પૂરણકામ...૩૮

પૂર્વછાયો :

એ જ ઉગમણા બૂર્જથી, દક્ષિણાદિ દિશે હતું દ્વાર; ત્યાં સંતને આવતાં જતાં, અડચણ પડી ઘણીવાર...૩૯
ત્યારે સંતને જવા આવવા, વૃષનંદને કરિને વિચાર; ત્યાં દરવાજો બિજો કર્યો, એવા કૃષ્ણ કૃપાળુ અપાર...૪૦

ચોપાઈ :

દ્વાર આગળ ઓરડો જે છે, જેમાં પુસ્તક સંતોનાં રે'છે; તે ઠેકાણે તો લીંબડો હતો, અતિ સુંદર તેહ શોભતો...૪૧
તહાં કાંકરીનો હતો ગંજ, બેસતા બહુ ત્યાં ભયભંજ; ડેલું ગાડિયોનું જ્યાં છે આજ, સભા ત્યાં ભરતા મહારાજ...૪૨
આજ કોઠાર છે જેહ ઠાર, હતું મેદાન ત્યાં કોઈવાર; સભા ભરતા ભલી ભગવાન, સંત ગાતા ત્યાં સંગીત ગાન...૪૩

દેવો આવતા બેશી વિમાન, પુષ્પવૃષ્ટિ થતી તેહ સ્થાન; અહો ભાગ્ય અહો મહાભાગ્ય, એવી જગમાં જડે નહિ જાગ્ય...૪૪
આજ છે અન્નની ખળી જ્યાંય, ત્રણ્ય ઓરડા તો હતા ત્યાંય; રહેતા સંત માંદા તે ઠાર, જતા જોવાને જગદાધાર...૪૫
ધર્મકુળની હવેલી મોઝાર, એક કૂપ છે આજ જે ઠાર; હતો લીંબડો ત્યાં શુભ એક, કરી લીલા ત્યાં હરિયે અનેક...૪૬
સભા સજતા તહાં ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ; જમના બાઈયે એકવાર, શેલડી સુધારી કરી ખ્યાર...૪૭
ભ્રાતપુત્ર ચતુર દવે નામ, મોકલી તે સાથે તેહ ઠામ; ભલો ભાવ તે ભક્તનો ભાળી, જમ્યા શેલડી ત્યાં વનમાળી...૪૮
ખડકી હવેલીની છે જ્યાંય, બીજો લીંબડો પણ હતો ત્યાંય; સભા ત્યાં સજતા કદિ શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ...૪૯
હવેલીની જગ્યા પાસે નક્કી, ચુનો પીલવાની હતી ચક્કી; આવી બેસતા ત્યાં ઘનશ્યામ, જોતા જે ચાલતું તેહ કામ...૫૦
પદ અંકિત એ સ્થળ એથી, ધરે ધ્યાનમાં મુનિજન તેથી; પૂર્વ ચોક જે મંદિર કેરો, પ્રસાદિનો છે તે તો ઘણેરો...૫૧
તહાં પૂરિ હતી દીપમાળ, જોઈ રાજી થતા વૃષલાલ; સ્થાપ્યા લક્ષ્મીનારાયણ જ્યારે, યજ્ઞકુંડ કર્યો હતો ત્યારે...૫૨
મોટો યજ્ઞ કર્યો મુનિનાથે, હુતદ્રવ્ય હોમ્યાં નિજ હાથે; એવી લીલા કરી એહ ઠામ, કોટિ જીવ ઉદ્ધારવા કામ...૫૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, કથા મેં કહિ છે સુખકારી; જગ્યા જે જે છે મંદિર પાસ, જ્યાં જ્યાં બેઠા ફર્યા અવિનાશ...૫૪
મેં તો સંક્ષેપમાં વાત કહી, હશે બીજી ઘણી બાકિ રહી; જન જાત્રાયે આવે નિદાન, તેણે જાણવાં એટલાં સ્થાન...૫૫
તે તે સ્થળની લીલાને સંભારી, નમે પ્રેમ સહિત નરનારી; જે જે જગ્યામાં જૈ ન શકાય, તેને વંદન દૂરથી થાય...૫૬
જેમ જન દેવદર્શન કરે, અંગોઅંગ અંતરમાં ન ધરે; તે તો દર્શન નવ કહેવાય, લેશમાત્ર તેનું ફળ થાય...૫૭
તેમ જાત્રાયે જે સ્થળ જાવું, ત્યાંના સ્થાનથી જાણિતા થાવું; પુછી કારણ ત્યાં નમે જ્યારે, થાય જાત્રા તો પૂરણ ત્યારે...૫૮
નહીં તો પશુ તીર્થમાં જાય, તેનું ફળ તેને કાંઈક થાય; પણ જાણ્યા થકી ફળ જેવું, અણજાણ્યાને નવ થાય એવું...૫૯
કહ્યાં સ્થાન તે તો તીર્થ અંગ, માટે જાણવાં આણી ઉમંગ; હવે ગામ વિષે જે જે સ્થાન, ભાવે બેઠા ફર્યા ભગવાન...૬૦
કથા તે તમને હું કહીશ, સુણજો ધરી સ્નેહ મહીશ; ઘેર ઘેર ફર્યા ઘનશ્યામ, સ્થાન મુખ્યનાં લૈશ હું નામ...૬૧

પુષ્પિતાગ્રાવૃત્ત :

સુણ નૃપ શુભ પામિને પ્રસંગ, પુર વરતાલ તણાં સુતીર્થ અંગ; વૃષસુત કૃત જે પ્રસાદિ સ્થાન, વરણન તેહ કરું હવે નિદાન...૬૨

ઈતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રીલક્ષ્મીનારાયણમંદિરસમીપ પ્રસાદિસ્થાન નિરૂપણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥

માણજાના ગોવિંદદાસજીના અંતરમાં શાંતિ : શ્રી અચિંત્યાનંદજી બ્રહ્મચારી કહે હે અભેસિંહ ! વરતાલમાં શ્રીજી પ્રસાદીના જે જે સ્થાનો છે તેનું સ્નેહથી શ્રવણ કરો. ગામ માણજાના પાટીદાર ગોવિંદદાસ, ધર્મવાન્ ધોરીભાઈ આ બંને ભક્તો પીપલગ ગામ આવ્યા. ત્યાં તેમના સંબંધી શ્રીધરદાસ રહેતા હતા. તેઓ સારા સત્સંગી હતા. તેમણે શ્રીહરિના મહિમાની વાતો કરી. તેથી ત્રણે સાથે મળી વરતાલ આવ્યા. શ્રીહરિ નારાયણમોલના ઓરડાના આગળ ચોકમાં ખુરશી પર બિરાજમાન હતા. ત્રણેએ ચરણવંદન કર્યા. દર્શન કરતાં મનમાં શાંતિ થઈ. મનની ભ્રમણા ભાંગી. શ્રીહરિને પરમેશ્વર જાણ્યા. ગોવિંદદાસ કહે હે ભગવન્ ! મેં બહુ જગ્યાએ તીર્થયાત્રા કરી. કાશી ને પ્રયાગ યાત્રા કરી. મથુરા ને દ્વારામતિ યાત્રા કરી. છતાં ક્યાંય મારા મનમાં શાંતિ ન થઈ. યાત્રા કરવા છતાં મારા મનના સંશય ન ટળ્યા. કલ્યાણનો કોઈ માર્ગ ન મળ્યો. મન સદૈવ ઉચ્ચાટમાં રહેતું.

તીર્થાટન કે યજ્ઞ વગેરેનું ફળ શ્રીહરિના ચરણની પ્રાપ્તિ છે. આપની પ્રાપ્તિ જેને થઈ તેને કંઈ પણ કરવાનું બાકી રહેતું નથી. જે નદી સમુદ્રને મળે તેને બીજે મળવાનું રહેતું નથી. આપના ચરણને જે પામે તેને એથી બીજું કંઈ અધિક પામવાનું રહેતું નથી. આ પ્રકારે કહીને શ્રીહરિને વિનંતી કરી પ્રભુ ! મને વર્તમાન નિયમ આપી આપનો આશ્રિત બનાવો. શ્રીહરિએ તેમને નિયમ આપ્યા. મંત્ર પ્રદાન કરી શરણે લીધા. શ્રીહરિ કહે તમારા કુળમાં જે પુત્ર કે પૌત્ર જન્મ લેશે તે બહુવિધ સારા કાર્યો કરશે. તેની જગતમાં નામના રહેશે. શ્રીહરિએ આ પ્રકારનું દિવ્ય ચરિત્ર તે સ્થળે કર્યું છે તેથી એ પરમ પ્રસાદીભૂત સ્થાન છે.

મંદિરથી પૂર્વદિશાની બારી હતી તે સ્થળે શ્રીહરિએ વિશાળ માર્ગ મુકાવી દરવાજો કરાવ્યો. તે જગ્યાએ ગણપતિ અને હનુમાનજી પધરાવ્યા. દરવાજાથી ઉત્તર દિશામાં એક લીંબડો આવેલો છે. શ્રીહરિએ તેની શીતળ છાયામાં સભા ભરી છે. અપાર પરચા પૂર્યા છે. ત્યાં જે જ્ઞાનવાર્તા કરી તે વચનામૃતમાં લખી છે.

તે સ્થળે બુરાનપુર, સાવદા, માલેગાવ, ધુલિયા, ધુવા, બરૈ, લખનોર વગેરે ગામના હરિભક્તોએ અર્પેલા પોષાક સ્વીકાર્યા છે. લીંબડીથી પશ્ચિમ દિશામાં સીતારામને જનોઈ અર્પી છે. મંદિરથી ઈશાન ખૂણે ધર્મકુળની હવેલી આવેલી છે.

શેષનાગે ચરણોદકનું પાન કર્યું : હવેલી પાસે ચોમાસામાં બહુ પાણી ભરાયું. શ્રીહરિ તેમાં વિચર્યા. તેમાં એક મોટું છિદ્ર પડ્યું ને બધું જ નીર તેમાં સમાઈ ગયું. શ્રીહરિ કહે શેષનાગે અમારું ચરણોદક જાણી તેનું પાન કર્યું.

હે અભેસિંહ ! અત્યારે જ્યાં સભામંડપ છે ત્યાં એક ખેતર હતું. તીર્થયાત્રાળુના સંઘો તેમાં ઉતરતા. જૂનાગઢ ને વડોદરાના ભક્તો તેમાં ઉતરતા. શ્રીહરિ એ જગ્યામાં બહુ વાર જમ્યા છે. એ ધરતી પ્રસાદીરૂપ બની. ધ્યાનીઓના ધ્યાનનું કેન્દ્ર બની. સભામંડપના ડાબા ભાગે સંતો માટે કૂવો છે. ત્યાંથી વાયુ દિશામાં એક કોઠો હતો. તેમાં શુકમુનિ શાસ્ત્રનો લેખ લખતા. શ્રીહરિ તેની દેખરેખ રાખતા. કૂવાથી પશ્ચિમ ભાગ તરફ સંતો માટે ભંડાર હતો. તેની ઓસરીએ આવી શ્રીહરિએ ધર્મભક્તિની મૂર્તિઓ બનાવડાવી. નારાયણજી સુથાર એ મૂર્તિને ઘડતા. પશ્ચિમ બાજુ બે કોઠા હતા તેની વચ્ચે ધર્મશાળા બનાવી. તેમાં સંતોની પંક્તિ થતી. શ્રીહરિ સ્વયં પિરસવા જતાં દિલના દિલાવર મછિયાવના બાપુ ભાઈ સેવદળના બે ગાડા ભરીને લાવ્યા. સંતોને જમાડી તૃપ્ત કર્યા. તે સમયે પણ શ્રીહરિએ સંતોને પીરસીને જમાડ્યા. ધૂવા અને બરૈ ગામના લુવાર ભક્તે ધર્મશાળાના પશ્ચિમ ભાગે બિરાજતા શ્રીહરિની પૂજા કરી. મસ્તક પર મંડિલ બંધાવ્યું. કેડ પર સુંદર ભાથો બંધાવ્યો. નૃસિંહ ભગવાનનો વેષ ધરાવ્યો. છ્યાસીની સાલમાં શ્રીહરિ અંતિમ વખત વડતાલ પધાર્યા. કાર્તિક માસ હતો. હજારો ભક્તો દર્શને આવ્યા. વડોદરાના જગજીવન, વનમાળી, પ્રભુદાસ, ઈશ્વર વગેરે ભક્તો આવ્યા. સંતોને અર્થે સીધું લાવ્યા. લાડુ ને જલેબી બનાવી સંતોને શ્રીહરિ પાસે પીરસાવી જમાડ્યા. એ ધર્મશાળાની પંક્તિમાં શ્રીહરિનું ભક્તોએ ભાવથી પૂજન કર્યું. સુવર્ણનું માદળીયું પહેરાવ્યું. શ્રીહરિએ તે લક્ષ્મીનારાયણ દેવને પહેરાવ્યું. એ ધર્મશાળાને ધન્ય છે જ્યાં વાલમજી વિચર્યા છે. ચારસો ને છન્નુ વખત શ્રીહરિ પંક્તિમાં ફર્યા છે.

પૂર્વ કોઠામાં મુક્તાનંદ સ્વામી નિવાસ કરીને રહેતા. ત્યાં શ્રીઘનશ્યામ ઘણી વાર વિચર્યા છે. ઉગમણા ભાગના દરવાજેથી દક્ષિણ ભાગમાં દરવાજો હતો. સંતોને આવવા જવાની અડચણ પડતી તેથી ત્યાં કરુણાના સિંધુ શ્રીહરિએ બીજો દરવાજો બનાવ્યો. દ્વાર પાસે ઓરડામાં સંતોના પુસ્તક રહેતા. ત્યાં એક સુંદર લીંબડો શોભતો હતો. તેની બાજુમાં કાંકરીનો ગંજ હતો તેના પર શ્રીહરિ બિરાજતા. ગાડિયો રાખવાના ડેલામાં શ્રીહરિ સભા ભરતા. આજે જ્યાં કોઠાર છે ત્યાં મેદાન હતું. શ્રીહરિ ત્યાં સભા ભરતા. સંતવૃંદ સંગતના સૂર રેલાવતા. વિમાનમાં બેસી દેવતાઓ આવતા. નંદનવનના પુષ્પની વૃષ્ટિ કરતા. આવી પ્રસાદીભૂત જગ્યા શોધવા જતાં પણ ક્યાંય ના મળે. આજે જ્યાં અન્નની ખળી છે ત્યાં ત્રણ ઓરડા હતા. માંદા સંતોનો ત્યાં નિવાસ હતો. શ્રીહરિ તેમની સારસંભાળ લેવા જતાં. ધર્મકુળની હવેલીમાં એક કૂપ છે ત્યાં એક લીંબડો હતો. તે સ્થળે શ્રીહરિએ બહુ લીલા કરી છે. પુરુષોત્તમ પૂરનકામ ભગવાન ત્યાં સભા ભરતા. જમનાબાઈએ પોતાના હાથે શેરડી સુધારી ભાઈના દીકરા ચતુર દવે સાથે મોકલી. ભક્તનો ભાવ નિહાળી ભાવથી ભગવાન શેરડી આરોગ્યા.

હવેલીની ખડકી પાસે બીજો લીંબડો હતો શ્રીહરિ ત્યાં સભા ભરતા. હવેલીની જગ્યા પાસે ચુનો પીલવાની ચક્કી હતી. શ્રીહરિ ત્યાં બેસીને સેવાનું કાર્ય નિહાળતા એ ચરણઅંકિત જગ્યાને સંતો ધ્યાનમાં યાદ કરતા. પૂર્વ તરફનો ચોક હતો ત્યાં દીપમાળા પુરાતી. નિહાળી શ્રીહરિ રાજી થતાં. લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના થઈ ત્યારે ત્યાં યજ્ઞકુંડ કર્યો હતો. તેમાં સ્વયં શ્રીહરિએ હુતદ્રવ્યો હોમ્યા. અનંત જીવોના ઉદ્ધાર કરવા શ્રીહરિ આ પ્રકારની લીલા કરતા.

શ્રી અચિંત્યાનંદજી બ્રહ્મચારી કહે હે અભેસિંહ રાજવી ! શ્રીહરિ જ્યાં જ્યાં બિરાજ્યા તે સર્વે જગ્યા મેં સંક્ષેપમાં કહી છે. યાત્રા કરવા આવનાર યાત્રિકે અવશ્ય આ પ્રસાદીભૂત જગ્યાના દર્શન કરવા. તે તે સ્થળોને યાદ કરી પ્રેમપૂર્વક વંદન કરવા. દેવદર્શન કરે ને જો હૃદયમાં એનું ધારણ ન કરે તો દર્શન એ દર્શન નથી. તેનું લેશમાત્ર ફળ મળે. જાત્રાએ જનારે તે તે સ્થળોની માહિતી પ્રાપ્ત કરવી. તેનો મહિમા જાણી વંદન કરે તો યાત્રા પૂર્ણ થાય. એમ ન હોય તો પશુઓ પણ તીર્થમાં જાય છે. તેને તેનું ફળ થતું નથી. આ પ્રકારે મેં તીર્થના અંગ રૂપ સ્થાનો કહ્યા. હવે જે વડતાલ ગામની અંદર જે જે તીર્થસ્થાનો છે તે જણાવું છું.

●

પૂર્વછાયો :

હવે મંદિર થકી બાહરે, વળિ ગામ વિષે જેહ સ્થાન; જે જે પ્રભુની પ્રસાદિનાં, સુણો ભૂપ થઈ સાવધાન...૦૧

ચોપાઈ :

હનુમાનના દ્વાર બહાર, દક્ષિણોત્તર ઓટલા સાર; બહુવાર પ્રસંગને પામી, તહાં બેઠા ઉઠ્યા બહુનામી...૦૨
ત્યાંથી દક્ષિણ માંહિ રહેતા, નાતે સાઠોદરા ડાહ્યા મે'તા; તેનું ઘર છે પ્રસાદિ કેરું, પદ અંકિત પુનિત ઘણેરું...૦૩
અહીં મંદિર નવ હતું જ્યારે, તહાં ઉતરતા વર્ણિ ત્યારે; વળિ ત્રીકમભાઈનું ફળિયું, કૃષ્ણે વિચરીને કીધું ઉજ્વળિયું...૦૪

ત્યાંથી દક્ષિણમાં ધોરીભાઈ, ભાઈબાનાં છે ઘર સુખદાઈ; તેના ફળિયામાં કૃષ્ણ ફર્યા છે, સંત વર્ણી સહિત વિચર્યા છે...૦૫
ત્યાંથી પશ્ચિમમાં પછિ ધારું, ઘર શામળભાઈનું સારું; પ્રભુયે તે કર્યું છે પાવન, તેનાં ભાગ્ય ભલાં ધન્ય ધન્ય...૦૬
વળી અંટોળદાસનું ફળિયું, પુણ્યશાળી તે જાણો પ્રબળિયું; વસનદાસ ને દયાળદાસ, તેનો તે ફળિયામાં નિવાસ...૦૭
ભાઈજી રાઈજી પાટિદાર, તેઓનાં ઘર પણ તેહ ઠાર; મહારાજ ધરી મન મેહેર, વિચર્યા છે તે પ્રત્યેક ઘેર...૦૮
હનુમાનના દ્વારથી પૂર્વે, ઘર છે એક જાણે છે સર્વે; હતો ત્યાં શવદાસનો વાડો, કૃષ્ણ નાહ્યા છે ત્યાં કોઈ દા'ડો...૦૯
બોચાસણના વાસિ કાશિદાસ, જ્યારે આવતા શ્રીપ્રભુ પાસ; શવદાસને ઘેર ઉતરતા, જમવા હરિને ત્યાં નોતરતા...૧૦
શવદાસ તથા તેના ભ્રાત, નામે નારણદાસ વિખ્યાત; બેયને ઘેર શ્રીબહુનામી, વિચર્યા સહજાનંદ સ્વામી...૧૧
તેનું પામ્યા તરત ફળ તેહ, કહું આખ્યાન સાંભળો એહ; એક દિન શવદાસ શરીરે, મંદવાડ વધ્યો ધીરે ધીરે...૧૨
અંતકાળે લેવા જમ આવ્યા, જીવ લૈ જમપુરમાં સિધાવ્યા; તેને જોઈ બોલ્યા ધર્મરાજ, શીદ લાવ્યા એને અહિં આજ...૧૩
ત્યારે કિંકરે ત્યાં વાત કહી, એની આવરદા આવી રહી; લેખું પુણ્ય ને પાપનું લેવા, અમે લાવ્યા એને તતખેવા...૧૪
ધર્મરાય કહે સુણો દૂત, પ્રભુ પ્રગટ થયા છે અચ્યુત; કહ્યો તેણે અહિંસાનો ધર્મ, શવદાસે સુણી લીધો મર્મ...૧૫
શવદાસ ગયા સીમમાંય, જીવ મારતો પારધી ત્યાંય; શવદાસે તેને સમઝાવ્યો, પાસલામાંથી મૃગને મુકાવ્યો...૧૬
કોઈ વાટે જતા હતા સંત, તેણે જૈ કહ્યું જ્યાં ભગવંત; સુણી બોલિયા ધર્મકુમાર, એની આયુષનો આવ્યો પાર...૧૭
તજી દેહને સ્વર્ગમાં જાશે, જીવ ઉગર્યાનું ફળ થાશે; કહે સંત અહો પરમેશ, એવા જનને જીવાડો વિશેષ...૧૮

ચોપાઈ :

વળિ વાસણ નામે સુતાર, પ્રસાદીનું છે એનું અગાર; વાસુદેવ નારાયણ કેરો, જે છે ઓરડો પુનીત ઘણેરો...૩૨
ગઢપુર માંહિ તે તો પ્રમાણો, એવું વાસણનું ઘર જાણો; ઘણીવાર સભા સજી શ્યામ, ઘણીવાર જમ્યા તેહ ઠામ...૩૩
નડીયાદના નાગર નામ, ગંગારામ ને મોહનરામ; ઘેર વાસણને તે ઉતરતા, નાથને જમવા તે નોતરતા...૩૪
તેમની બેન જે રેવાબાઈ, કરતાં રસોઈ સરસાઈ; ભાવથી જમતા ભગવાન, તેથી ઉત્તમ છે તેહ સ્થાન...૩૫
વળી જાદવ નામે સુતાર, જાણો તેવું જ તેનું અગાર; નાગરાણી વડોદરા કેરાં, મોંઘીબા ત્યાં ઉતરતાં ઘણેરાં...૩૬
ઘણીવાર તેણે તેહ સ્થાન, જમવા તેડિયા ભગવાન; ગોર વનમાળીનું ઘર જે છે, પ્રભુજીની પ્રસાદીનું તે છે...૩૭
પૂર્વચોક મંદિરનો છે જ્યાંય, તેનું અસલ હતું ઘર ત્યાંય; શ્રીજીએ તેની પાસેથી લીધું, તેને બીજું ચણાવીને દીધું...૩૮
તેની પુત્રી જે અવલબાઈ, જમાડ્યા તેણે ત્યાં સુખદાઈ; સતસંગના સંન્યાસી જેહ, તેને ઘેર ઉતરતા તેહ...૩૯
ધર્મશાળા વડેઉ માતાની, પ્રસાદીની છે તે નથી છાની; મુક્તાનંદ આદિક મુનિરાય, ઘણીવાર ઉતરતા ત્યાંય...૪૦
રહેનાર જે બુધેજ ગામ, ખોડાભાઈ હઠીભાઈ નામ; તેઓને ધર્મશાળા મુકામે, સારો પર્ચો દિધો ઘનશ્યામે...૪૧
એ જ ધર્મશાળા તણી પાસ, હરીભાઈ નરોત્તમદાસ; તેઓનાં ઘર ત્યાં કણે જે છે, હરિ ચરણથી અંકિત એ છે...૪૨
ધર્મશાળાથી દક્ષિણ પાસ, જ્યાં છે કુબેરદાસ નિવાસ; તેના ફળીયા વિષે ઘણીવાર, વિચર્યા સંત સહિત મુરાર...૪૩
બોચાસણથી જ્યારે આવેલા, ત્યારે શ્રીહરિ ત્યાં ઉતરેલા; ત્યાં છે રણછોડદાસનું ઘર, તેમાં પણ ઉતર્યા હરિવર...૪૪
રંગબાઈ તેની ઘરનારી, તેણે સેવા સજી ઘણી સારી; વિપ્ર પાસે રસોઈ કરાવી, જમાડ્યા પ્રભુને પ્રેમ લાવી...૪૫
રહે ત્યાં થકી પશ્ચિમ માંઈ, દલાભાઈ તથા જોરાભાઈ; તેનું ફળીયું કર્યું છે પવિત્ર, વાલો વિચર્યા સાથે લઈ મિત્ર...૪૬
નારાયણગર બાવાનો મઠ, પ્રસાદીનો છે તે તો ઝપટ; ઘણીવાર બિરાજ્યા છે સ્વામી, સહજાનંદ અંતરજામી...૪૭
ઘણીવાર જમ્યા ગિરિધારી, ઘણીવાર સભા સજી સારી; ભાળી ગોસાઈનો ભાવ સારો, મુક્તાનંદાદિ કરતા ઉતારો...૪૮
છ છ માસ સુધી કર્યો વાસ, કર્યો ત્યાં રહિ જ્ઞાનપ્રકાશ; નારાયણગરજી તણા ચેલા, પરશોત્તમગરજી થયેલા...૪૯
તેના રગનાથગર રુપગર, સૌયે સેવ્યા સદા હરિવર; મઠ છે રામચંદ્રગિરીનો, જાણો તે પણ છે પ્રસાદીનો...૫૦
પ્રભુ ત્યાં જઈ પેંડા જમ્યા છે, રામચંદ્રગિરીને ગમ્યા છે; મહાભક્ત મુળજી સુતાર, અતિ ચતુર તેના પુત્ર ચાર...૫૧
પુંજો બેચર ને ત્રીજો લાલો, ચોથો અંબાઈદાસ દયાળો; ચારેને ઘેર જૈ ભગવાન, કર્યા છે તે પ્રસાદિનાં સ્થાન...૫૨
જમ્યા છે કોઈને ઘેર હરિ, કોઈને ઘેર જૈ સભા ભરી; પગી જોબનનું ઘર જે છે, અતિ અધિક પ્રસાદિનું એ છે...૫૩
નારાયણમોલને કહું જેવો, મહિમા તેના ઘરનો છે તેવો; મેડીની ઉત્તરાદી જે બારી, તહાં બેસતાં ભવભયહારી...૫૪
નીચે મેદાનમાં સભા થાતી, બ્રહ્મવિદ્યાની વાતો વંચાતી; ઘણી લીલા કરી તે ઠેકાણે, તે તો સર્વે જૂના જન જાણે...૫૫

સૂર્જબા તથા રળિયાતબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઈ; પગી જોબનની પુત્રી બેય, મહામુક્ત સહૂ કો કહેય...૫૬
પગી સુંદર ને પગી દલો, ત્રીજો તો શકરો પગી ભલો; તેઓને ઘેર વિચર્યા છે હરિ, કૃપાનાથ કૃપા ઉર ધરી...૫૭
પગી જોબનના ઘરમાંય, ભક્તભીડ થતી હતી ત્યાંય; ત્યારે ઝાલા પગી તણે ઘેર, પોઢતા પ્રભુ જૈ રુડી પેર...૫૮
વન ફરતા આવ્યા હરિ જ્યારે, પગી જોબનભાઈએ ત્યારે; દેવકરણ પગી તણે ગેહ, જાણી એકાંત ઉતાર્યા તેહ...૫૯
જુહજી વખતો પગી જગતો, ઘેર તેડતા હરિને તે ભગતો; વળી ઘર જે વજા પગી તણું, પ્રભુએ કર્યું પાવન ઘણું...૬૦
તેની પુત્રી જે અમરબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઈ; પગી ગુણીયલ નામે ગણેશ, તેને ઘેર જતા પરમેશ...૬૧
રામબાઈ તેની સુતા જેહ, સાંખ્યયોગી સારાં હતાં તેહ; બામણોલિયા ઉજમ પગી, ભજતા પ્રભુને તે ઉમંગી...૬૨
ગંગાબાઈ જેતલપુર તણાં, વરતાલમાં આવતાં ઘણાં; તે પગીને તે ફળિયે ઉતરતાં, મહારાજને જમવા નોતરતાં...૬૩
ત્રણ વિપ્રના પુત્રોને જોઈ, દીધી શ્રીહરિયે ત્યાં જનોઈ; તેહ બાળકનાં કહું નામ, જોશી ડભાણના દયારામ...૬૪
બીજા નાગર માણસા ગામ, એનું નામ તો અનોપરામ; ત્રીજા વડથલના વલાદરા, નામે જાદવજી દ્વિજ ખરા...૬૫
શામે દીધી જનોઈ તે જ્યારે, કર્યો ઉત્તમ ઉત્સવ ત્યારે; વિપ્ર કેરી જમાડી ચોરાશી, ધન્ય અક્ષરધામના વાશી...૬૬
સમૈયો જ્યારે સારો ભરાતો, ત્યારે ઉતારો ઘેર ઘેર થાતો; જમવા પ્રભુજીને નોતરતા, ઘેર ઘેર તેથિ હરિ ફરતા...૬૭

પુષ્પિતાગ્રા :

પ્રભુપદ પરશ્યા વિનાનું ક્યાંઈ, નથિ ઘર તો વરતાલ ગામમાંઇ; પણ ઘર અતિમુખ્ય તે ગણાવ્યાં, સ્મૃતિ અનુસાર સનેહથી સુણાવ્યાં...૬૮

ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયનૃપસંવાદે વૃત્તાલયે શ્રીહરિપ્રસાદી કૃતગૃહનિરૂપણનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥

વડતાલ ગામમાં પ્રસાદીના સ્થળો : શ્રી અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! હવે તમને હું મંદિરથી બહાર ગામમાં જે જે પ્રભુ પ્રસાદીના સ્થાનો છે તે જણાવું છું. હનુમાનજીના દ્વારની બારે દક્ષિણોત્તર ઓટલા પર બહુનામી બહુ વાર બિરાજ્યા છે. ત્યાંથી દક્ષિણ ભાગમાં સાઠોતરા ડાયાભાઈ મહેતાનું ઘર છે. શ્રીહરિએ પોતાના ચરણથી અંકિત કર્યું છે. જ્યારે અહીં મંદિર ન હતું ત્યારે શ્રીહરિ ત્યાં ઉતરતા. તેમજ ત્રિકમભાઈના ફળિયાને પણ ઉજાગર કર્યું છે. શ્રીહરિ સંતવર્ણિ સાથે તેના ફળિયામાં ફર્યા છે ને ઉતર્યા છે. ત્યાંથી પશ્ચિમ ભાગે શામળભાઈના ઘરને પ્રભુએ પાવન કર્યું છે. તેના મહત્ ભાગ્ય છે. તેને ધન્ય ધન્ય છે. રાયજી પાટીદારનું ઘર પણ ત્યાં આવેલું છે. શ્રીહરિ મન મહેર કરી પ્રત્યેક ઘેર પધાર્યા છે. અંટોળદાસ, વસનદાસ ને દયાળદાસના ફળિયામાં પણ શ્રીહરિ ફર્યા છે. હનુમાનજીના દ્વારથી પૂર્વે ત્યાં શવદાસનો વાડો હતો તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું છે. બોચાસણના નિવાસી કાશીદાસ જ્યારે શ્રીહરિના સમીપે આવતા ત્યારે શવદાસને ઘેર ઉતરતા. શ્રીહરિને ત્યાં જમવા નોતરું આપતા. શવદાસ અને તેમના ભાઈ નારણદાસ આ બંનેને ઘેર શ્રીહરિ ઉતર્યા છે. તેને તેનું તુરંત ફલ મળ્યું તેની કથા સંભળાવું.

શવદાસને યમયાતનામાંથી ઉગાર્યા : શવદાસના શરીરે મંદવાડ આવ્યો. અંત સમય આવ્યો. યમના દૂતો તેને લેવા આવ્યા. શરીરમાંથી બહાર કાઢી યમસદન લાવ્યા. શવદાસને જોઈ ધર્મરાજ બોલ્યા કે આ જીવને અહીં કેમ લાવ્યા ? સેવકો કહે સ્વામી! એનું આયુષ્ય પૂર્ણ થયું છે. પાપપુણ્યના લેખા લેવા અમે તમારી પાસે આવ્યા છીએ. ધર્મરાજ કહે સેવકો ! આજ કલિયુગમાં પ્રગટ ભગવાન અવતર્યા છે. શ્રીહરિએ ઉપદેશ કરેલા અહિંસા ધર્મને એમણે અંતરમાં ધાર્યો છે. એક વાર શવદાસ સીમમાં ગયા, ત્યાં પારાધીને જીવ હિંસા કરતો જોયો. શવદાસે તેને સમજાવી મૃગને પાસલામાંથી મુક્ત કરાવ્યો. કોઈ સંત એ સમયે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમણે શ્રીહરિને કહ્યું. સાંભળી શ્રીજી કહે એના આયુષ્યનો અંત આવ્યો છે તે હવે સ્વર્ગમાં જશે. જીવને ઉગાર્યાનું પુણ્ય મળશે. સંતો કહે પ્રભુ ! આવા દયાલુ જીવને વિશેષ આયુષ આપી જીવાડો.

જેનો યશ જગમાં ગવાતો હોય તે જીવવા લાયક છે. જેને સૌ ચિત્તમાં અધિક ચાહતા હોય તે જીવવા લાયક છે. જે બીજાના ક્લેશ કાપતા હોય તે જીવવા લાયક છે. જે કોઈનું દિલ ન દુઃખવતા હોય તે જીવવા લાયક છે. જેનું અંતર કુકર્મ કરવામાં લજ્જા પામતું હોય તે જીવવા લાયક છે. જેના દ્વારા કુળમાં ઉજાશ પથરાતો હોય તે જીવવા લાયક છે.

સર્વેનું કલ્યાણ કરનારી વ્યક્તિ વિશેષ જીવવા લાયક છે. તેથી જે શવદાસે મૃગલાને પાશમાંથી મુક્ત કરાવ્યો ને અહિંસા ધર્મ નિભાવ્યો તે વ્યક્તિ દૈવી જીવ હોય. હે પ્રભુ ! તમે તેનું આયુષ્ય વધારો. તમે સમર્થ છો. તમારો કોઈ માલિક નથી. તમે જ સર્વેના માલિક છો. કારણ તમે ગિરિશિખર પર બેઠેલી ટિંટોળીને માટે જળ પ્રલય કર્યો. તમે તૃષાતુર ટિંટોળીને પાણી પાયું.

સંતોની વિનંતી સાંભળી શ્રીહરિ કહે સંતો ! આ શવદાસ બાર વર્ષ વિશેષ આયુષ્ય ભોગવશે.

યમરાજ કહે દૂતો ! શ્રીહરિએ એને આયુષ્ય અર્પ્યું છે તેને તમે કેમ લાવ્યા ? શ્રીહરિના તમે ગુનેગાર થશો. માટે તેના શરીરમાં પાછા મૂકી આવો. યમદૂતો પાછા ફર્યા. નનામીમાં શબ બાંધ્યું હતું. તેમાં યમદૂતોએ જીવને પાછો પ્રવેશ કરાવ્યો. શરીરમાં હલન-ચલન થવા માંડ્યું. સંબંધીઓએ બંધનો છોડ્યા ને હાથ જોડી સૌ ઊભા રહ્યા. શવદાસે સ્વપ્ન તુલ્ય બનેલી આ ઘટના સર્વેને સંભળાવી. શવદાસે શ્રીહરિને સાક્ષાત્ પ્રગટ પરમાત્મા જાણ્યા ને દૃઢ સત્સંગી બની દુર્ગપુરમાં નિવાસ કરીને રહ્યા. શેષ જીવન શ્રીજીની સેવામાં પસાર કર્યું. અજ્ઞાની લોકોએ એની વાતને ભ્રમ માની સ્વીકારી નહિ.

વાસણ સુતાર નામે ભક્ત થયા. શ્રીહરિ તેના ઘેર પધાર્યા. તેનું ભુવન પ્રસાદીભૂત થયું. વાસુદેવ નારાયણ ઓરડો જેમ ગઢપુરમાં છે તેમ વાસણ સુતારનો ઓરડો જાણવો. કારણ શ્રીહરિએ ત્યાં બહુવાર સભા ભરી છે. બહુ વાર ત્યાં ભોજન આરોગ્યા છે. નડિયાદના નાગર ગંગારામ ને મોહનરામ વાસણ સુતારને ઘેર ઉતરતા ને શ્રીહરિને જમવા નોતરું આપતા. તેની બેન રેવાબાઈ હતા. તે સુંદર સ્વાદિષ્ટ રસોઈ કરતા. ભગવાન તેના હાથની રસોઈ ભાવથી જમતા. તેથી એ ઉત્તમ સ્મરણીય સ્થાન થયું.

તેવા જ જાદવ સુથાર ભક્ત થયા. તેને ઘેર વડોદરાના નાગરાણી મોંઘીબા ઉતરતા. શ્રીહરિને બહુવાર ભોજન કરવા નિમંત્ર્યા છે. અન્ય વનમાળી ગોરનું ઘર હતું. મંદિરના પૂર્વભાગના ચોકમાં તેનું ઘર હતું. શ્રીજીએ તેમની પાસેથી એ ઘર લઈ તેમને બીજું ઘર બનાવી આપ્યું. તેની અવલબાઈ નામે પુત્રી હતી. તેમણે શ્રીહરિને ત્યાં ભોજન કરાવ્યું. સત્સંગના સંન્યાસી સંતો તેના ઘેર ઉતરતા.

વડેઉ માતાની ધર્મશાળા શ્રીહરિના ચરણથી અંકિત બની છે. મુક્તાનંદ સ્વામી વગેરે સંતો ત્યાં ઉતરતા. બુધેજના ખોડાભાઈ અને હઠીભાઈને શ્રીહરિએ એ ધર્મશાળામાં દિવ્ય પરચો આપ્યો હતો.

એ ધર્મશાળાની નજીક હરિભાઈ તથા નરોત્તમભાઈના ઘર શ્રીહરિના ચરણથી અંકિત થયા છે. ધર્મશાળાથી દક્ષિણ ભાગમાં કુબેરદાસનો નિવાસ છે. શ્રીહરિ સંત સહિત તેના ફળિયામાં વિચર્યા છે. શ્રીહરિ જ્યારે બોચાસણથી આવ્યા ત્યારે ત્યાં ઉતર્યા હતા. ત્યાં રણછોડદાસનું ઘર હતું તેમાં શ્રીહરિ ઉતરેલા. તેમની ધર્મપત્ની રંગબાઈએ શ્રીહરિની ભાવથી સેવા કરી ને વિપ્ર પાસે રસોઈ બનાવી પ્રભુને પ્રેમથી જમાડ્યા. તેના ઘરથી પશ્ચિમ ભાગે દલાભાઈ ને જોરાભાઈનું ફળિયું પણ શ્રીહરિએ વિચરીને પાવન કર્યું છે.

નારાયણગર બાવાનો મઠ પણ શ્રીહરિએ પાવન કર્યો છે. સહજાનંદ સ્વામી અંતરજામી પ્રભુ શ્રીહરિ ત્યાં બહુવાર બિરાજ્યા છે. બહુવાર ભાવતા ભોજન જમ્યા છે. બહુવાર ત્યાં સભા ભરી છે. ગોસાઈનો ભાવ જાણી મુક્તાનંદ સ્વામી પણ ત્યાં ઉતરતા. છ માસ સુધી ત્યાં રહી સ્વામી જ્ઞાનની વાતો કરતા.

નારાયણગરજીના શિષ્ય પરષોત્તમગરજી, તેના રગનાથગરજી ને રૂપગરજી વગેરેએ શ્રીહરિની ભાવથી સેવા કરી છે. રામચંદ્રગિરીના મઠમાં પણ પ્રભુના પાવન પગલા પડ્યા છે. શ્રીહરિ ત્યાં પેંડા જમ્યા હતા. મૂળજી સુતારને ત્યાં પુંજોજી, બેચરજી, લાલો ને અંબાઈદાસ આ ચાર પુત્રો હતા, તેને ત્યાં શ્રીહરિ પધારી પાવન પગલા પાડ્યા છે. કોઈના ઘેર શ્રીહરિ ભોજન જમ્યા. કોઈના ઘેર સભા ભરતા. જોબન પગીનું ઘર પણ શ્રીહરિના ચરણથી અંકિત થઈ પાવન બન્યું છે. જેવો નારાયણમોલનો મહિમા તેવો જ જોબનપગીના ઘરનો મહિમા છે. ઉત્તર દિશા તરફની મેડીની બારીએ શ્રીહરિ બિરાજમાન થયા છે. નીચેના મેદાનમાં શ્રીહરિ સભા ભરતા. બ્રહ્મવિદ્યાની વાતો થાતી. એ સ્થળે બહુનામીએ બહુ લીલા કરી છે.

સૂરજબા ને રળિયાતબાઈ આ બે સાંખ્યયોગી બહેનો જોબન પગીની પુત્રીઓ હતી. તેઓ મહામુક્ત હતા. સુંદર પગી, દલા પગી ને ત્રીજા શકરો પગી. આ ત્રણેને ઘેર શ્રીહરિ ઉતર્યા છે. જોબન પગીના ઘરમાં ભક્તોની ભીડ જામતી તે સમયે શ્રીહરિ ઝાલા પગીના ઘેર પોઢતા. શ્રીહરિ વન-વિચરણ કરતા કરતા વરતાલ આવ્યા ત્યારે જોબનપગીએ દેવકરણ પગીના ઘેર એકાંતમાં વાસ કરાવ્યો હતો. જુહજી પગી, વખતા પગી, જગતો પગી વગેરે શ્રીહરિને પોતાના ઘેર નિમંત્રણ આપતા. વજા પગીનું ઘર પણ શ્રીહરિએ પાવન કર્યું છે. તેની પુત્રી અમરબાઈ સાંખ્યયોગી થયા હતા. ગુણિયલ ગણેશ પગીના ઘેર પણ શ્રીહરિ ઉતરતા. તેની પુત્રી રામબાઈ સાંખ્યયોગી થયાં હતાં. આમણોલીયાના ઉજમ પગી પણ શ્રીહરિની ભાવથી ભક્તિ કરતા. જેતલપુરના ગંગાબાઈ વરતાલ આવતા ત્યારે તે પગીના ફળિયામાં ઉતરતા ને શ્રીહરિને જમવાનું નોતરું આપતા. ત્રણ વિપ્રના પુત્રોને શ્રીહરિએ ત્યાં જનોઈ અપાવી. એક ડભાણના દયારામ જોષી, બીજા માણસા ગામના નાગર અનોપરામ ને ત્રીજા વડથલના વલાદરા જાદવજી વિપ્ર. આ ત્રણેને જ્યારે જનોઈ આપી ત્યારે મોટો મહોત્સવ કર્યો. બ્રાહ્મણોની ચોરાસી કરાવી. અક્ષરધામના ધામીને ધન્ય છે. જેમણે હજારોને મોક્ષના સદાવ્રત ખોલી આપ્યા. મોટા મોટા સમૈયાઓ થતાં ત્યારે ઘેર ઘેર ઉતારા થતાં. શ્રીહરિને જમવા નોતરું આપતા. શ્રીહરિ પણ ઘેર ઘેર ફરતા ને પાવન પગલાં કરતા.

પૂર્વછાયો :

વળિ કહું વરતાલનાં, ગામ બહાર જે જે સ્થાન; જ્યાં વિચર્યા કે જ્યાં વસ્યા, ભક્તિતનુજ ભગવાન...૦૧

ચોપાઈ :

ગામથી પૂર્વ દિશનું તળાવ, તેમાં નાયા મનોહર માવ; ઘણીવાર ત્યાં નટવર નાથે, જળકેળી કરી સખા સાથે...૦૨
હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામશરીર; હનુમાન પ્રસાદિના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા...૦૩
સમૈયાને દિને એકવાર, આવ્યા દર્શને લોક અપાર; હનુમાનને ધાબે બિરાજી, કૃષ્ણે દર્શન સૌને દીધાંજી...૦૪
કુવો કાંઠે તળાવને જેહ, પ્રભુની છે પ્રસાદીનો તેહ; પ્રભુ પ્રથમ પધાર્યા જે કાળે, તે કુવા થકી પશ્ચિમ પાળે...૦૫
પોતે બેઠા હતા ધરી ધ્યાન, પગી જોબન આવ્યા તે સ્થાન; કોઈ મોટા જોગીરાજ જાણી, ગામમાં લૈ ગયા ભાવ આણી...૦૬
તે તલાવથી ખુણ ઈશાન, એક આંબો હતો શોભામાન; અમદાવાદના હરિજને, દીધિ રસોઈ ત્યાં એક દને...૦૭
રંગદાર રંગોળિ પુરાવી, શામહસ્તે સેવો પીરસાવી; જમ્યા સંત તથા સહુ પાળા, પ્રભુ કીધી પવિત્ર રસાળા...૦૮
એ જ આંબે હીંડોળો બંધાવી, ઝુલ્યા છે જગજીવન આવી; ગામથી પૂર્વમાં જ્ઞાનબાગ, પ્રસાદિનો છે એ તો અથાગ...૦૯
હાલ બેઠક છે જે જગ્યામાં, હતો આંબલો વાયુ દિશામાં; ન ફળે એવી આંબલી જેહ, કહેવાય છે આંબલો એહ...૧૦
તેની ડાળ તણી તો લંબાઈ, હતી બેઠક સુધી છવાઈ; તેહ ડાળે હીંડોળો બંધાવી, અક્ષરાધીશ ઝુલ્યા છે આવી...૧૧
સજીને ત્યાં સભા ઘણીવાર, બિરાજ્યા છે શ્રીધર્મકુમાર; ચારે પાસ તે આંબલા ફરતા, ટાંગી ઝોળિયો સંત ઉતરતા...૧૨
ત્યાંથિ ઉગમણી બે આંબલિયો, ભભકાદાર દીસતી ભલિયો; તહાં બેશીને ભક્તિનો લાલ, જમ્યા છે જગજીવન થાળ...૧૩
ત્યાંથી પૂર્વમાં રાયણ હતી, જમ્યા થાળ ત્યાં સંતના પતિ; ત્યાંથી પૂર્વમાં એની જ ઓળે, આંબે નાથ ઝુલ્યાતા હિંડોળે...૧૪
જુઓ બેઠકથી પૂર્વ ભાગે, હોજ બે જોતાં સુંદર લાગે; રુડો તેમાં ભરાવિને રંગ, રમ્યા શ્રીહરિ સંતને સંગ...૧૫
હોજ પૂર્વનો સંતને આપ્યો, તેથી પશ્ચિમે પોતાનો થાપ્યો; અગ્નિખૂણમાં બેઠક થકી, આંબા બેય રહ્યા હતા ઝુકી...૧૬
બાંધ્યો હીંડોળો ત્યાં બહુ સારો, તેમાં ઝુલ્યા છે ધર્મદુલારો; ફુલડોળનો દિવસ તે હતો, થયો ઉત્સવ શ્રેષ્ઠ શોભતો...૧૭
ત્યાંથી બાવળ પશ્ચિમમાંય, માથે નોબત મૂકતા ત્યાંય; શ્રીજિ જ્યારે સભામાં પધારે, તે નોબત બજાવતા ત્યારે...૧૮
કાં તો ઉત્સવની ઘડી આવે, ચિદાનંદ નોબત બજાવે; આંબલા થકી નૈરૂત માંય, કેદારેશ્વર છે શિવ ત્યાંય...૧૯
કૃપાનાથે કૃપા ઉર ધરી, તેની જગ્યા પ્રસાદિની કરી; દિશ બેઠકથી જે ઈશાન, કુવો મોઈડિયાનો તે સ્થાન...૨૦
કુવો મૂળજી પટેલ કેરો, આજ પ્રખ્યાત છે તે ઘણેરો; વસ્ત્ર રંગવાળાં ધરી અંગે, તેમાં નાહ્યા છે નાથ ઉમંગે...૨૧
દક્ષિણાદો બેઠક થકી ભાળો, કુવો વિખ્યાત વેરાગીવાળો; પ્રભુ કેરી પ્રસાદિનો છેય, મોટા મુનિજન એમ કહેય...૨૨
ભલો ગામથી ઈશાન ભાગ, રુડો છે જહાં વિશાળબાગ; હરિચરણથી અંકિત એ છે, વૃંદાવન થકી ઉત્તમ જે છે...૨૩
લક્ષ્મીનારાયણ પધરાવ્યા, કંકોતરિયા ત્યારે મોકલાવ્યા; ત્યારે ગાયકવાડની વતી, નારુપંત આવ્યા સેનાપતી...૨૪
વિશાળાબાગે કીધો ઉતારો, ભાગ ભૂમિનો ભાળિને સારો; હેતથી ત્યાં તેડાવિયા હરિ, બાગમાં પધરામણી કરી...૨૫
હાલ મોટો કુવો છે જે ઠામ, પધરાવિયા ત્યાં ઘનશ્યામ; પુરા પ્રેમ વડે પૂજા કરી, હેત દેખીને રીઝિયા હરી...૨૬
ધન્ય ધન્ય વિશાળાબાગ, ધન્ય ધન્ય તે ભૂમિનાં ભાગ્ય; ધ્યાની ધ્યાનમાં તેને ધરે છે, સદા તેહ સમયને સ્મરે છે...૨૭

ભુજંગીછંદ :

બિજા બાગમાં ઝાડનાં ઝુંડ થાય, સમો વીતતાં તેહ સુકાઈ જાય;
શુચી બાગમાં પુણ્યનાં બીજ વાવે, ઉગી નીકળે લક્ષધા લાભ આવે...૨૮
ભલે હોય હેમંત કે ગ્રીષ્મ રત્ય, ફળો બારમાસી ફળે ત્યાં અમૃત્ય;
જઈ જાણિને સ્વાદ લે એહ ઠામે, ફરી જન્મ કે મૃત્યુ તે તો ન પામે...૨૯

ચોપાઈ :

નરસંડા થકી એક વાર, આવતા હતા ધર્મકુમાર; વિશાળાબાગથી પૂર્વ ભાગે, એક ખેતર સુંદર લાગે...૩૦
વખતો જગતો પગી ભ્રાત, તેનું ખેતર તેહ વિખ્યાત; તેનું નામ ઉમૈડાવાળું, રાયણોથી દિસે છે રૂપાળું...૩૧
જીજીબા વખતા તણી માય, તે તો તે અવસર હતાં ત્યાંય; ફળ રાયણનાં તે સંઘરતાં, સૂકવીને કોકડિયો કરતાં...૩૨
બોલ્યાં તે પ્રભુને શિર નામી, ભલે આવિયા અંતરજામી; ક્યાંથી ભેટ કરૂં ફળ સારાં, ફળ આ તો છે ડાંસર દેનારાં...૩૩

મારા મનમાં તો છે ઘણો ભાવ, પણ શું કરું શ્રીહરિરાવ ! એવો ભાળીને ભાવ અપાર, બોલ્યા પ્રીતમ પ્રાણ આધાર...૩૪
લાવો તે તો છે ફળ બહુ સારાં, હવેથી સદા સારાં થનારાં; હવે તેમાં નહિ રહે ડાંસ, દેજો લક્ષ્મીપતીને દશાંશ...૩૫
પછી ડોશિયે તે ફળ દીધાં, કૃપાનાથે કૃપા કરી લીધાં; ફળ રાયણનાં થયાં મીઠાં, તે તો દૃષ્ટિયે બહુ જને દીઠાં...૩૬
એક અવસરે શ્રી મહારાજ, રંગ ઉત્સવનું કરી કાજ; પીપળાદે કુવે જઈ નાહ્યા, તહાં સંતોયે હરિગુણ ગાયા...૩૭
પ્રભુ મજ્જનનું જળ લૈને, નાખ્યું સંતોયે કૂપમાં જૈને; તહાં વિપ્ર બે કરતા રસોઈ, તેણે ધાર્યું પ્રભુ સામું જોઈ...૩૮
હોયે ઉત્તમ અન્ન જો આજ, બોલાવિ જમાડું મહારાજ; કોદરા રોટલો મઠ દાળ, જમો કેમ કહું ધર્મલાલ ?..૩૯
જાણી અંતરજામીયે વાત, વિપ્ર પાસે ગયા સાક્ષાત; દાળ રોટલો માગીને લીધો, ભાવ લાવિને બ્રાહ્મણે દીધો...૪૦
જમ્યા જુગતીયે જગજીવન, માની લીધું તે ઉત્તમ અન્ન; ભાવથી જ રીઝે ભગવાન, વિના ભાવે તજે પકવાન...૪૧

ચોપાઈ :

હવે સાંભળો સુજ્ઞ રાજન, પ્રસાદીનાં કહું સ્થાન અન્ય; એક સોનારકૂઈ છે સારી, પ્રસાદીની કરી છે મુરારી...૪૭
વળી ત્યાં છે રુડા વડ બેય, જાણો તેહ પ્રસાદિના છેય; ઉમરેઠથી આવતા જ્યારે, વડ હેઠે ઉતરતા ત્યારે...૪૮
એ જ કૂઇ તણું જળ પીતા, તેથી જાણવી પરમ પુનીતા; ત્યાંથી ઉત્તરે ગોપીતળાવ, તેમાં નાહ્યા મનોહર માવ...૪૯
પૌવા દૂધ સંતોને જમાડ્યા, વળિ રાત્રિયે રાસ રમાડ્યા; એવી લીલા કરી છે અમૂલ્ય, તેથી તે તો વૃંદાવન તુલ્ય...૫૦
રુડી સોનારકૂઈ જે કહી, ત્યાંથી દક્ષિણમાં જુઓ સહી; ખરી માતા છે ત્યાં ખોડિયાર, તહાં વિચર્યા છે ધર્મકુમાર...૫૧
રંગ ઉત્સવ ગામમાં કરી, ઘોડે બેસી પધારિયા હરી; પગી જોબન આદિક મિત્ર, હતા સાથે તે પરમ પવિત્ર...૫૨
છાંટ્યો જૈ ખોડિયારને રંગ, કર્યું રંગમાં રસબસ અંગ; તેથી ભક્ત થઈ તે તો દેવી, તેની વાત સુણો કહું કેવી...૫૩
કોઈ ભીલ્લે જઇ બાધા લીધી, પશુ હણવાની માનતા કીધી; તેને સ્વપ્નમાં દેવી દેખાઈ, કહ્યું ભક્ત થઈ હું તો ભાઈ...૫૪
હવે હિંસા કરે મુજ પાસ, તેનું કાઢીશ હું સત્યાનાશ; ઇચ્છા એવી દેવી તણી જોઈ, તહાં હિંસા કરે નહિ કોઈ...૫૫
રસ્તે આવે જતાં જોળ્ય ગામ, સરોવર શુભ ટાડણ નામ; તેમાં સંત સખા લઈ સાથ, ઘણીવાર નાહ્યા મુનિનાથ...૫૬
તેનો પશ્ચિમનો જે કિનારો, મધ્યભાગ કિનારાનો સારો; ધર્મકુળ તણો પ્રથમ મેળાપ, કર્યો તે સ્થળમાં પ્રભુ આપ...૫૭
ધર્મકુળના પુરુષ અને નાર, ગયાં આવ્યાં દેશે ઘણીવાર; કોઈવાર મળ્યા લોયા ગામે, કદિ તો કારિયાણીને ઠામે...૫૮
મળ્યા દુર્ગપુરે કોઈ વાર, જુદા મેળાપના છે પ્રકાર; પણ પ્રથમ મેળાપ જે થયો, તે તો ટાડણને તીર કહ્યો...૫૯
માટે તે સ્થળ માહાત્મ્ય મોટું, નથી પુષ્કરરાજથી છોટું; પંપાસરોવર તો શા હિસાબે ? માનસરોવરને પણ દાબે...૬૦

પુષ્પિતાગ્રાવૃત્ત :

હરિ વિચરણ ભૂમિ હોય જેહ, પરમ પવિત્ર ગણે મુનીંદ્ર તેહ; જપ તપ વ્રત દાન ત્યાં કરાય, ફળ અવિનાશિ અનંત તેનું થાય...૬૧

ઇતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયનૃપસંવાદે વૃત્તાલયે સીમ્નિશ્રીહરિવિ ચરણસ્થાનનિરૂપણનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥

અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! વડતાલ ગામ બહારના જે જે સ્થાનોમાં ભક્તિતનુજ ભગવાન જ્યાં જ્યાં વિચર્યા છે તે તમને જણાવું છું. ગામથી પૂર્વ દિશામાં તળાવ છે તેમાં શ્રીહરિ નાહ્યા છે. સખા સાથે નટવર જડક્રીડા કરી છે. તેના કાંઠે હનુમાનજીની ડેરી છે. ત્યાં શ્રીહરિ બિરાજ્યા છે. હનુમાનજીના મસ્તક પર કરકમલ પધરાવી મૂર્તિ પ્રસાદીભૂત કરી છે. સમૈયામાં જ્યારે હજારો લોકો આવ્યા ત્યારે હનુમાનજી મંદિરના ધાબા પર બિરાજી સૌને દર્શન આપ્યા હતા. તળાવના કાંઠે કૂવો પણ શ્રીહરિના પ્રસાદીભૂત છે. જ્યારે સર્વ પ્રથમ શ્રીહરિ પધાર્યા હતા ત્યારે કુવાના પશ્ચિમ ભાગની પાળ ઉપર ધ્યાનમાં બિરાજમાન થયા હતા. તે સમયે જોબન પગી ત્યાં આવ્યા. મોટા યોગીરાજ જાણી ગામમાં પધરાવ્યા. તળાવથી ઈશાન ખૂણામાં એક સુંદર આંબાનું વૃક્ષ હતું. તે સ્થળે અમદાવાદના હરિભક્તે રસોઈ આપી હતી તે શ્રીહરિ ને સંતો જમ્યા. સુંદર સેવો પીરસાવી સૌને તૃપ્ત કર્યા. સુંદર રંગોથી ભરેલી રંગોળી પુરાવી. એ આંબા પર હિંડોળે શ્રીહરિ ઝુલ્યા. ગામથી પૂર્વ દિશામાં જ્ઞાનબાગ આવેલો છે. શ્રીહરિના ચરણથી પ્રસાદીભૂત એ જ્ઞાનબાગમાં બેઠક છે ત્યાં આંબલાનું વૃક્ષ હતું. તેની ડાળો બેઠક સુધી લાંબી હતી. તેની ડાળે હિંડોળો બંધાવી હરિવર ઝુલ્યા છે. બહુવાર સભા સજીને ત્યાં બિરાજમાન થયા છે. આંબલાના વૃક્ષની ચારે તરફ ડાળીએ ઝોળી ટીંગાળી સંતો ત્યાં ઉતરતા. ત્યાંથી ઉગમણા ભાગે બે આંબલીઓની નીચે બેસી જગજીવન થાળ જમ્યા છે. તેનાથી પૂર્વ દિશામાં રાયણનું ઝાડ હતું. શ્રીહરિ ત્યાં થાળ જમ્યા છે. ત્યાંથી પૂર્વ ભાગે રાયણના ઝાડથી સમીપે આમ્રવૃક્ષની ડાળે હિંડોળે ઝુલ્યા છે. બેઠકની

પૂર્વ ભાગમાં સુંદર બે હોજ છે તેમાં રંગ ભરાવી રસેશ્વર સંતોના સંગે રંગે રમ્યા છે. પૂર્વ ભાગનો હોજ સંતોને આપ્યો ને પશ્ચિમ ભાગનો પોતે રાખ્યો ને દિવ્ય રંગક્રીડા કરી.

અગ્નિ ખૂણામાં બેઠક પાસે બે આંબાના વૃક્ષ હતા. ફૂલદોલનો દિવસ હોવાથી હિંડોળો બાંધી હરિવર ઝુલ્યા હતા. ત્યાંથી પશ્ચિમ ભાગે એક બાવળનું વૃક્ષ હતું. તેની માથે નોબત મુકેલી. શ્રીહરિ જ્યારે સભામાં પધારે ત્યારે ભક્તો નોબત બજાવતા અથવા જ્યારે ઉત્સવના દિવસો આવે ત્યારે ચિદાનંદજી નોબત વગાડતા. આંબલાથી નૈઋત્ય દિશામાં કેદારેશ્વર શિવજી બિરાજે છે. કૃપાના સિંધુ ભગવાને તે જગ્યા પણ પ્રસાદીરૂપ કરી છે. બેઠકથી ઈશાન ખૂણામાં મૂળજી પટેલનો મોઈડિયાનો કુવો છે. તેમાં રંગેલા વસ્ત્ર પરિધાન કરી શ્રીહરિ નાહ્યા છે. બેઠકથી દક્ષિણ ભાગે વૈરાગીયો કુવો છે તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું છે. ગામથી ઈશાન ભાગે સુંદર વિશાળ બગીચો છે. શ્રીહરિના ચરણથી અંકિત થયેલો હોવાથી વૃંદાવનથી પણ વિશેષ છે.

જ્યારે લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ ને પત્રિકાઓ મોકલી ત્યારે વડોદરા રાજ્યના પ્રતિનિધિરૂપે સેનાપતિ નારૂપંત નાના પધાર્યા ત્યારે એ બગીચામાં ઉતર્યા હતા. શ્રીહરિને ત્યાં તેડાવી પધરામણી કરાવી. એ બાગને ધન્ય છે. એ ભૂમિના ભાગ્યને ધન્ય છે. ધ્યાનીઓ તેનું ધ્યાન ધરે. સ્નેહીઓ સદા એનું સ્મરણ કરે.

વખતાપગીના માતુશ્રીના ભાવથી રાયણના ફળ મીઠાં કર્યાં : અન્ય બાગમાં ઝાડના ઝુંડના ઝુંડ થાય. સમય પસાર થતાં સુકાય જાય. પવિત્ર બાગમાં જે પુણ્યના બીજ વાવે છે તેને લક્ષધા લાભ મળે. હેમંતઋતુ હોય કે ગ્રીષ્મ બારમાસી ફળો અમર બની ફળે છે. જેઓ એનો સ્વાદ લે તેને જન્મ મૃત્યુનો ભય ટળી જાય. જન્મ-મૃત્યુના ચક્રમાંથી બહાર નીકળી જાય.

શ્રીહરિ એક વાર નરસંગથી આવ્યા. બગીચાથી પૂર્વ ભાગે એક સુંદર ખેતર હતું. તે વખતાપગીનું ખેતર હતું. તેનું ઉમૈડાવાળું નામ હતું. અંદર રાયણોના ઝાડ હતા તેથી સુંદર લાગતું. વખતા પગીના માતુશ્રી જીજીબા તે સમયે તે ખેતરમાં હતા. રાયણના ફળ ભેળા કરી સુકવી કોકડીયો બનાવતા. શ્રીહરિ સમીપે આવીને કહ્યું પ્રભુ ! આપ ભલે પધાર્યા. સારા ફળો નથી તેથી તમને શું ભેટ કરું ? મારા મનનો ભાવ બહુ જ છે પણ શું કરું ? ત્યારે શ્રીહરિ તેમનો અપાર ભાવ જાણી કહે એ ફળો અમને આપો. એ બહુ જ સારા છે. હવેથી તેમાં કોઈ પ્રકારનો ઠાંસ રહેશે નહિ. શ્રીલક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરજો. માજીએ શ્રીહરિને રાયણના ફળો અર્પણ કર્યા. કૃપાનાથે તેનો સ્વીકાર કર્યો તેથી તે ફળ મીઠાં થયા. તેને બહુ લોકોએ નજરે નિહાળ્યા.

કોદરાના રોટલા ને મઠની દાળ આરોગ્યા : એક સમયે શ્રીહરિએ રંગોત્સવ ઉજવી પીપળાદ ગામે કુવામાં જઈ સ્નાન કર્યું. સંતોએ હરિગુણનું ગાન કર્યું. શ્રીહરિના સ્નાનનું પ્રસાદીભૂત જળ લૈ સંતોએ કુવામાં નાખ્યું. ત્યાં બે વિપ્રો રસોઈ કરતા હતા. તેઓએ શ્રીહરિની સામે નિહાળીને સંકલ્પ કર્યો કે આપણી પાસે સારું અન્ન હોત તો શ્રીહરિને ભોજન કરાવત. કોદરાનો રોટલો ને મઠની દાળ શ્રીહરિ કેમ જમે ? તેની અંતરની વાત અંતર્યામીએ જાણી. શ્રીહરિ વિપ્ર પાસે આવ્યા. દાળ-રોટલો માંગી લીધો. ભૂદેવોએ ભાવથી અર્પણ કર્યો. ઉત્તમ અન્ન માની જગજીવન જુગતીથી જમ્યા. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. ભાવ ન હોય તો પકવાનનો પણ ત્યાગ કરી દે છે.

સાચો ભાવ આદરથી આપે તેમાં છે. ઘી, ગોળ કે સાંકરમાં નથી. શૂળીએ ચઢાવીને કોઈ સુખડીનું દાન કરે તો મીઠી હોવા છતાં કડવી ઝેર લાગે છે. પ્રેમથી કોઈ માત્ર જળ પાન કરાવે તો પણ મિષ્ટાન્નથી મધુરું લાગે છે. કુભાવથી દૂધ આપે તો પણ તે મીઠું લાગતું નથી.

દાનના ત્રણ પ્રકાર : (૧) માગ્યા વિના સ્વયં પ્રાપ્ત થાય તે દૂધ સમાન (૨) માગીને મળે તે જળતુલ્ય છે. (૩) અતિશય આગ્રહથી ખેંચીને લે તે શોણિત-રુધિર સમાન દાન છે. ભાવથી જે દાન થાય તે શ્રેષ્ઠ ગણાય છે. અભાવથી કે લોક લાજથી આપે તે દાન નિષ્ફળ જાય છે.

કોઈ પણ પ્રકારનું કામ કરાવી દાન આપે, સડેલી વસ્તુનું દાન આપે, ફુલાઈને દાન આપે તે દાન નિષ્ફળ જાય છે.

શ્રી અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! હવે હું તમને શ્રીહરિના અન્ય પ્રસાદી સ્થાનોની વાત કહું છું તે તમે શ્રવણ કરો. તે જગ્યાએ બે વડ છે. ઉમરેઠથી પ્રભુ પધારતા ત્યારે ત્યાં શ્રીહરિ ઉતરતા. તે કુઈનું પાણી પીતા. તેથી તે પરમ પુનિતા જાણવી. ત્યાંથી ઉત્તર ભાગમાં ગોપીતળાવ છે તેમાં શ્રીહરિ સ્નાન કરતા. તે સ્થળે સંતોને રાસ રમાડી શ્રીહરિએ દૂધપૌવા જમાડ્યા છે. એવી અલૌકિક લીલા ત્યાં કરી તેથી તે તીર્થ વૃંદાવન તુલ્ય બન્યું. ત્યાંથી દક્ષિણ દિશામાં સોનાર કુઈ આવેલી છે. ત્યાં ખોડિયાર માતાજીની રૂડી જગ્યા છે. શ્રીહરિએ ત્યાં પાવન પગલાં કર્યા છે. ખોડિયાર માતાજીને રંગનો છંટકાવ કરેલો. રસેશ્વર તે રંગમાં અંગોઅંગ રસબસ થયા. મા ખોડિયાર શ્રીહરિની ભક્ત બની.

દેવીની આગળ હિંસા બંધ થઈ : કોઈ ભીલે મા ખોડિયાર પાસે જઈ બાધા લીધી ને પશુના નિવેદની માનતા રાખી. તેથી સ્વપ્નમાં દેવીએ આવીને કહ્યું, હું હવે શ્રીહરિની ભક્ત થઈ છું. તમે જો મારી પાસે હિંસા કરશો તો તમારું નિકંદન કાઢીશ. આ પ્રકારની દેવીની ઇચ્છા જોઈ હિંસા કરવાનું બંધ થયું.

જોળ ગામ જતાં ટાઢણ સરોવર આવે. સંત સખા સંગે શ્રીહરિ તેમાં બહુ વાર નાહ્યા છે. પશ્ચિમ કિનારાના મધ્યભાગે શ્રીહરિએ સર્વપ્રથમ ધર્મકુળનો મેળાપ કર્યો. ધર્મકુળ બહુવાર આવતું. લોયા, કારિયાણી, દુર્ગપુર વગેરે ગામે શ્રીજીનો મેળાપ થતો. સર્વ પ્રથમ મેળાપ ટાઢણ તળાવનાં કાંઠે થયો. તેથી એ સ્થાનનો અતિશય મહિમા છે. એ સ્થળ પુષ્કરરાજ સમાન છે. પંપા સરોવર કે માનસરોવર કરતા પણ વિશેષ તેનો મહિમા કહ્યો છે.

●

પૂર્વછાયો :

વળિ સુણો વરતાલની, શુચિ સીમ વિષે જે સ્થાન; જ્યાં જગજીવન વિચર્યા, ભયભંજન શ્રીભગવાન...૦૧

ચોપાઈ :

ગામથી દિશા નૈરુતમાંય, ધના નામે તળાવ છે ત્યાંય; હરિ ત્યાં બહુ નાહ્યા ઉમંગે, કોઈ વાર રંગાયેલે અંગે...૦૨
એક વાર શ્રીધર્મકુમાર, માફો જોડાવી કીધો તૈયાર; મુક્તાનંદાદિ સદ્‌ગુરુ જેહ, માવે માફામાં બેસાર્યા તેહ...૦૩
શ્રીજી પોતે તો સારથી થયા, નાવા ધના તળાવે તે ગયા; હાંક્યો અર્જુનનો રથ જેમ, હાંક્યો સંત તણો રથ તેમ...૦૪
તે તળાવનું જાણવું આમ, બીજું ચંદનતળાવડી નામ; પગી જોબને જગ્યા તે જોઈ, ઘણીવાર ત્યાં દીધી રસોઈ...૦૫
શાવજી કુવો છે વળિ સારો, કરતા પ્રભુ ત્યાં તો ઉતારો; પછી ત્યાંથી સજી અસવારી, આવતા વરતાલ મુરારી...૦૬
તેનિ પાસેનાં ખેતર જેહ, પ્રભુચરણ અંકિત છે એહ; સંતમંડળ પણ ત્યાં ઉતરતાં, દીનબંધુનાં દર્શન કરતાં...૦૭
પધરાવ્યા લક્ષ્મીપતિ જ્યારે, પગી જોબન ભક્તે તે વારે; શાવજીકુવાથી તો દક્ષિણમાં, કર્યું ખેતર ભેટ તે ક્ષણમાં...૦૮
પગી સાથે તે જોવાને કાજ, સંત સહિત ગયા મહારાજ; બહુ રાજી થયા હરિ જોઈ, દીધી ત્યાં તે પગિયે રસોઈ...૦૯
આખા ખેતરમાં પ્રભુ ફર્યા, અણવાણે પગે જ વિચર્યા; વળિ એમ બોલ્યા અવિનાશ, તમે સાંભળો જોબનદાસ...૧૦
અર્પ્યું ઠાકોરને આ રુપાળું, નામ આજથી ઠાકોરવાળું; રાજી થૈ બોલ્યા સૌ તતખેવ, જય લક્ષ્મીનારાયણદેવ...૧૧
દિશા નૈરુતર મંદિર થકી, એક વત્સાતળાવ છે નક્કી; દુર્ગપુરે જતાં એકવાર, તહાં બેઠા'તા ધર્મકુમાર...૧૨
ઘણી કેરિયો ત્યાં ભેટ આવી, નાથે સંતોને દીધી વેં'ચાવી; એક કર્ણાપગી તણો કૂવો, બિજો અંટોળદાસનો જૂવો..૧૩
ત્રિજો જંડિયો જે કહેવાય, ફાજીવાળો તે ચોથો ગણાય; તેને બોરડીવાળો કહે છે, કુવા સર્વે પ્રસાદિના એ છે...૧૪
ગંગાજળિયો કુવો છે પ્રસિદ્ધ, પ્રભુયે તેને પાવન કીધ; ત્યાં થકી સભામંડપ જ્યાં છે, જગ્યા સર્વે પ્રસાદિની ત્યાં છે...૧૫
મંદિરેથી જે ઉત્તર ભાગ, બન્યો જ્યાં છે નારાયણબાગ; જુઓ જગ્યા તહાં સુધી જે છે, હરિચરણથી અંકિત એ છે...૧૬
ગામ પટેલ આદિકે જ્યારે, આપી તે બાગની ભૂમિ ત્યારે; શ્રીજીયે કહ્યું દાદાગુરૂને, કરિ બાગ શોભાવો આ ભૂને...૧૭
પ્રભુતાનંદજી સંત જેહ, કહેવાતા દાદાગુરુ તેહ; કુવો ખોદાવ્યો શ્રીજિયે ત્યાંય, નાહ્યા તે જળથી હરિરાય...૧૮
સ્નાનનું જળ તે બધું રાખ્યું, દાદાગુરુયે તે કૂપમાં નાંખ્યું; તહાં બાગ બનાવિયો સારો, દેખી બોલિયા ધર્મદુલારો...૧૯
આનું નામ નારાયણબાગ, નારાયણ કૂપ જાણો આ જાગ; બાગ તે સ્થળમાં મન ભાવ્યો, પ્રભુયે પાસે રહિને કરાવ્યો...૨૦
તેનાં ફળ પરમેશ્વર જમ્યા, જમતા જનને મન ગમ્યા; આજ મંદિર છે જેહ ઠામ, હતો તે સ્થળમાં તે આરામ...૨૧
તહાં ધર્મશાળા દિસે જ્યાંય, તેમાં ઉત્તમ ઓટો છે ત્યાંય; તહાં બેશી જમ્યા છે જીવન, તે તો જાણે છે સૌ મુનિજન...૨૨
નારાયણબાગની ભૂમિ જેહ, જાણો સર્વે પ્રસાદિની તેહ; મીઠો કૂવો છે બાગ બહાર, પ્રસાદિનો સદા સુખકાર...૨૩
ત્યાંથી વાયુની દિશા મોઝાર, હતું ધારુ તળાવ તે ઠાર; પંચોતેરાની સાલમાં તેહ, આપ્યું ગામ પટેલોયે એહ...૨૪
અગ્નિખૂણની આપી જમીન, અતિ પ્રેમ વિષે થઈ લીન; પ્રભુયે તે કરી અંગિકાર, અનુકંપા કરીને અપાર...૨૫
તે તળાવ વિષે જળ કાજે, ખોદાવ્યો વિરડો મહારાજે; કર્યો ઓટો તળાવની પાળે, સભા ત્યાં ભરતા તેહ કાળે...૨૬
તેથી પ્રથમ તો જ્યાં જ્ઞાનબાગ, સભા ભરતા ભાળી ભલો ભાગ; અગન્યાએશીનું વર્ષ આવ્યું, ત્યારે ધારુ તળાવ ખોદાવ્યું...૨૭
હતું ઝાડ કદંબનું ત્યાંય, તેને થડ બેસતા જગરાય; ચાલતું જે ખોદવાનું કામ, જોતા ત્યાં રહી સુંદરશામ...૨૮

પૂર્વછાયો :

એક સમે અક્ષરપતી, ભાઈ રામપ્રતાપ સહીત; કદંબ તળે ઉભા હતા, તેનું પ્રેમસખિયે કર્યું ગીત...૨૯

ચોપાઈ :

મધ્યભાગ તળાવનો જ્યાંય, ઝાડ કોઠી તણું હતું ત્યાંય; તહાં જૈ બેસતા ઘનશ્યામ, જોતા ખોદ્યાનું ચાલે તે કામ...૩૦
તેહ જગ્યાનું માહાત્મ્ય જાણી, અતિ અંતરમાં મુદ આણી; ભગવત્પ્રસાદે ભલી રીતે, એક ઓટો કરાવ્યો છે પ્રીતે...૩૧
દક્ષિણાદે કાંઠે આંબા બે છે, પ્રભુજીની પ્રસાદિના તે છે; ત્યાંથી દક્ષિણમાં બીજા બેય, આંબા તે પ્રસાદિ તણા છેય...૩૨
ગોમતી કામ ચાલતું જ્યારે, એક ઝુંપડી ત્યાં કરી ત્યારે; રહેતા તહાં માધવદાસ, તેમાં પોઢ્યા જમ્યા અવિનાશ...૩૩
માટે તે અતિ ઉત્તમ સ્થાન, જહાં બેઠા ઘણું ભગવાન; જ્યારે આવી એકાશીની સાલ, માસ ચૈત્ર વસંત રસાળ...૩૪
સચ્ચિદાનંદ સ્વામી ત્યાં આવ્યા, દ્વારિકા થકી ગોમતી લાવ્યા; સ્થિર ધારુતળાવમાં સ્થાપી, પ્રાપતી પ્રભુપદ તણિ આપી...૩૫
ત્યારે અદભૂત ઉત્સવ કીધો, ડંકો જીતનો દેશમાં દીધો; તેહ દિવસથી ત્યાં જ હમેશ, સજતા સભા શ્રીપરમેશ...૩૬
છત્રિ ગોમતિથી પૂર્વે જે છે, અતિશે જ પ્રસાદિની એ છે; ત્યાંથી ઉત્તરમાં ખીજડો છે, દશરા દિને તેને પૂજ્યો છે...૩૭
છત્રિથી તો આથમણે કિનારે, હતી રાયણો બે અતિ ભારે; તહાં પણ પ્રભુ બેસતા ક્યારે, કામ થાતું તળાવનું જ્યારે...૩૮
ત્યાંથિ પંદર પગલાં ઉત્તરમાં, હતી કોઠી ત્યાં તે અવસરમાં; પ્રભુ જૈ બેસતા તેને છાંયે, પૃથ્વિ કીધી પ્રસાદિની ત્યાંયે...૩૯
ગોમતી તણે ઉત્તર તીર, એક આંબો છે ગેર ગંભીર; બિરાજ્યા છે તહાં બહુનામી, અક્ષરાતીત અંતરજામી...૪૦
ગોમતી થકી વાયવ્ય ભાગ, રુડો છે ત્યાં રઘુવીરબાગ; પગી જોબન આદિક તણાં, હતાં ખેતર ત્યાં કણે ઘણાં...૪૧
વૃષનંદન ત્યાં વિચર્યા છે, બધા ખેતરમાં તે ફર્યા છે; બાગથી જે આથમણો છે કૂવો, ત્યાંથી પૂર્વદિશા જઈ જુઓ...૪૨
હતો આંબો ત્યાં એક રૂપાળો, ગેર ગંભીર વિસ્તારવાળો; તહાં વર્યાળી બાઈયે આવી, હિંદુસ્તાની રસોઈ બનાવી...૪૩
જમ્યા ભાવ સહિત ભગવંત, જમાડ્યા વળી સર્વે સુસંત; પોંક બાજરી આદિક કેરો, જમ્યા બાગમાં હરિ બહુ ફેરો...૪૪
ગોમતીથી ઈશાનમાં જુવો, પગી સુંદરનો ત્યાં છે કૂવો; જઈ નાહ્યા છે શ્રીહરિ ત્યાંય, રંગખેલ કરી ગામમાંય...૪૫
એહ આદિક અગણિત સ્થાન, વિચર્યા છે અહિં ભગવાન; જે જે મારી સ્મૃતી વિષે આવ્યાં, મુખ્ય મુખ્ય મેં તમને સુણાવ્યાં...૪૬

ઉપજાતિવૃત્ત : જાત્રાળુના ધર્મ વિષે :

જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ; તે સ્થાન તો ઉત્તમ તીર્થ થાય, પવિત્ર તે તીર્થ વિષે થવાય...૪૭
રજે જળે થાય પવિત્ર તન, માહાત્મ્યથી થાય પવિત્ર મન; જે તીર્થયાત્રા કરવા જ જાવું, માહાત્મ્ય તેનું સુણવા ચહાવું...૪૮
માહાત્મ્ય મધ્યે શુભ હોય જ્ઞાન, અનિત્યને નિત્ય તણું નિદાન; તે જ્ઞાનથી તો પ્રભુભક્તિ ભાવે, વૈરાગ્ય તો અંતર માંહિ આવે...૪૯
તો વાસના અંતરમાંથિ તૂટે, તેથી જ ભારે ભવબંધ છૂટે; તીર્થે જઈ જ્ઞાન લીધું ન લેશ, તો ગંગમાં ગર્દભનો પ્રવેશ...૫૦
જો તીર્થ માટે ઘર છોડિ ચાલે, તો બ્રહ્મચર્યાદિક વ્રત પાળે; જો તે ન પાળે ફળ તો ન પામે, તીર્થે કરે તે દઢ પાપ જામે...૫૧
જે અન્યક્ષેત્રે કૃત પાપ હોય, તે તીર્થ કીધાથિ રહે ન કોય; જો તીર્થમાં પાપ કદિ કરાય, તે કોઈ કાળે નહિ રે છુટાય...૫૨
તીર્થે જઈને પરઅન્ન ખાય, તેને જ તે તીર્થનું પુણ્ય જાય; તીર્થે જવું ત્યાં જમિ એકવારે, ભોંય પથારી કરવી જ ત્યારે...૫૩
તીર્થે જવું ત્યાં સુણવી કથાય, જવા ન દેવી ઘડિયે વૃથાય; જઈ વળી તીરથ ભૂમિમાંઈ, ધંધો બિજો તો કરવો ન કાંઈ...૫૪
જગ્યા પ્રસાદી વિણ જેહ હોય, જવું ન જોવા શુભ હોય તોય; નટાદિના ખેલ તહાં ન જોવા, જો તીર્થ જઈયે નિજપાપ ખોવા...૫૫
તીર્થે જવું સદ્‌ગુરુ ગોતવાને, તીર્થે જવું તે પ્રભુ પામવાને; ત્યાં મોજ કે શોખ કરે જઈને, તે આવશે પાપ પુરૂ લઈને...૫૬
તીર્થે જઈને નહિ જ્ઞાન પામ્યો, તેણે બધો કાળ વૃથા જ વામ્યો; પ્રભૂ તણું જ્ઞાન તહાં પમાય, ત્યારે જ જાત્રા પરિપૂર્ણ થાય...૫૭

પુષ્પિતાગ્રાવૃત્ત :

સુણ નરપતિ વાત પૂછિ જેહ, મુજ મતિ તુલ્ય કહી વિચારિ તેહ; ગણિ ગણિ તુજને કહ્યાં નિદાન, પુર વરતાલ તણાં પ્રસાદિસ્થાન...૫૮

ઇતિ શ્રીવિહારિલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પ્રથમકળશે અચિંત્યાનંદ-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે સીમ્નિશ્રીહરિવિચરણસ્થાનનિરૂપણનામા એકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥

શ્રી અચિંત્યાનંદજી કહે હે અભેસિંહ ! ભયભંજન ભગવાન શ્રીહરિ વરતાલની સીમમાં જ્યાં જ્યાં વિચર્યા તે સર્વે પ્રસાદીભૂત સ્થાનો તમને જણાવું છું.

ઠાકોરીયું ખેતર : વરતાલ ગામથી નૈઋત્ય દિશા તરફ ઘના તળાવ છે. તેમાં શ્રીહરિ રંગાયેલા રંગવાળા અંગે ઉમંગથી નાહ્યા

છે. એક સમયે શ્રીહરિએ માફો (રથ) જોડાવી તૈયાર કર્યો. મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોને માવાએ માફામાં બેસાર્યા. શ્રીહરિ સ્વયં તેના સારથી બની ઘના તળાવે પધાર્યા. અર્જુનનો જેમ રથ ચલાવ્યો તેમ સંતોનો રથ શ્રીહરિએ ચલાવ્યો. ઘના તળાવનું બીજું નામ ચંદન તલાવડી હતું. જોબન પગીએ ત્યાં બહુવાર શ્રીહરિને રસોઈ આપી છે. શાવજી નામથી કુવો વિખ્યાત છે ત્યાં શ્રીહરિ ઉતરતા. તેની પાસેના ખેતર શ્રીહરિ ચરણરજથી અંકિત થયા છે. સંતોના મંડળો પણ ત્યાં આવીને ઉતરતા. શ્રીહરિના દર્શન કરતા. શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ ત્યારે જોબન પગીએ શાવજીકુવાથી દક્ષિણ દિશાનું ખેતર શ્રીહરિને સમર્પિત કર્યું. જોબન પગી ને સંતોની સાથે શ્રીહરિ એ ખેતર જોવા પધાર્યા હતા. ખેતર નિહાળી શ્રીહરિ પ્રસન્ન થયા. જોબન પગીએ રસોઈ આપી. આખા ખેતરમાં ઉઘાડા પગે પ્રભુ ફર્યા. શ્રીહરિ કહે જોબન ! આ રૂપાળું ખેતર ઠાકોરજીને અર્પ્યું તેથી આનું નામ આજથી ઠાકોરવાળું. ત્યારે સૌએ લક્ષ્મીનારાયણ દેવના નામનો ઉચ્ચ સ્વરે જયઘોષ કર્યો.

નારાયણ કૂપ : નારણબાગ ને મંદિરથી નૈઋત દિશા તરફ વત્સા તળાવ આવેલું છે. શ્રીહરિ દુર્ગપુર જતા હતા ત્યારે ત્યાં બિરાજમાન થયા હતા. હરિભક્તો બહુ કેરીઓ લાવ્યા. તે સર્વે સંતોને આપી દીધી. ત્યાં એક કર્ણાપગીનો ને અંટોળદાસનો કુવો હતો. ત્રીજો જંડિયો કુવો ને ચોથો સજીવાળો કુવો. એ બોરડીવાળો કુવો કહેવાતો. આ ચારે કુવાને શ્રીહરિએ પ્રસાદીભૂત કર્યા છે. ગંગાજળિયો કુવો પણ શ્રીહરિએ પાવન કર્યો છે. ત્યાંથી આગળ સભામંડપ છે તે પણ પ્રસાદીભૂત છે. મંદિરથી ઉત્તર ભાગે નારાયણબાગ છે તે સર્વત્ર સ્થળ શ્રીહરિના ચરણથી અંકિત થયેલ છે. ગામના પટેલે જ્યારે જગ્યા આપી ત્યારે શ્રીહરિએ દાદાગુરુને એ જગ્યા સુશોભિત કરવા પ્રેરણા કરી. પ્રભુતાનંદજી સ્વામી દાદાગુરુ કહેવાતા. શ્રીજીએ એ બાગમાં કુવો ગળાવ્યો ને તેમાં નાહ્યા. સ્નાનનું જળ પ્રભુતાનંદજીએ કૂપમાં પધરાવ્યું. ત્યાં સુંબર બાગ બનાવ્યો. નિહાળી શ્રીહરિ કહે આનું નામ નારાયણબાગ ને કૂપ પણ નારાયણ કૂપ, નારાયણ બાગના વૃક્ષના ફળો શ્રીહરિ આરોગતા. આજે જ્યાં મંદિર છે ત્યાં એ બાગ હતો. ત્યાં ધર્મશાળા હતી. તેમાં ઓટા પર બેસી શ્રીહરિ ભોજન આરોગ્યા છે. બગીચાથી વાયુ દિશા તરફ ધારું તળાવ છે. ગામના પટેલોએ પંચોતેરની સાલમાં શ્રીજીને અર્પણ કર્યું. અતિશય સ્નેહથી પટેલોએ અગ્નિખૂણાની જમીન અર્પણ કરી. શ્રીહરિએ કૃપા કરી તેનો સ્વીકાર કર્યો. તે તળાવમાં પાણી માટે વિરડો ગળાવ્યો. તળાવની પાળ પર ઓટો બનાવ્યો. શ્રીહરિ ત્યાં દિવ્ય સભા ભરતા. તે પૂર્વે જ્ઞાનબાગમાં સભા ભરતા. ઓગણએંસીના વર્ષે ધારું તળાવ ગળાવ્યું. ત્યાં એક કદંબનું વૃક્ષ હતું. તેના થડ નીચે શ્રીહરિ બિરાજતા. તળાવ ખોદવાનું કામ ચાલતું તેને શ્રીહરિ ત્યાંથી નિહાળતા.

એક સમયે અક્ષરાધિપતિ શ્રીહરિ અને રામપ્રતાપભાઈ કદંબના તળે ઊભા હતા. આવું દિવ્ય દૃશ્ય નિહાળી પ્રેમસખીએ સુંદર ગીત બનાવ્યું. તળાવના મધ્ય ભાગમાં કોઠીનું ઝાડ હતું. શ્રી ઘનશ્યામ ત્યાં બિરાજતા. તે જગ્યાનું મહાત્મ્ય સમજી આચાર્ય પ્રવર શ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજે ત્યાં સુંદર ઓટો કરાવ્યો. દક્ષિણ ભાગમાં બે આમ્રના વૃક્ષ પ્રભુ પ્રસાદીના છે. ગોમતીનું કામ ચાલતું ત્યારે ત્યાં એક ઝુંપડી બનાવી હતી. માધવદાસ સંત તેમાં નિવાસ કરતા. શ્રીહરિ ત્યાં જમ્યા ને પોઢ્યા પણ છે. તેથી તે ઉત્તમ સ્થાન છે.

ઓગણાએસીની સાલ આવી. ચૈત્ર માસ ને વસંત ઋતુ. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી ત્યાં પધાર્યા. દ્વારિકા તીર્થ સ્થાનેથી ગોમતીજીને સાથે લાવ્યા. શ્રીહરિએ તેમની ધારુ તળાવમાં સ્થાપના કરીને પ્રભુપદની પ્રાપ્તિ કરાવી. ભવ્ય ઉત્સવ ઉજવાયો. દેશ દેશાંતરમાં જીતનો ડંકો વાગ્યો. તે દિવસથી શ્રીહરિ તે સ્થળે જ સભા ભરતા. ગોમતીથી પૂર્વ ભાગમાં પ્રસાદીની છત્રી છે. ત્યાંથી ઉત્તર ભાગે ખીજડો છે. દશેરાના દિવસે શ્રીજીએ તેની પૂજા કરી છે. છત્રિથી આથમણે કિનારે બે રાયણોના વૃક્ષ હતા. શ્રીહરિ ત્યાં બિરાજતા. ત્યાંથી પંદર ડગલા દૂર ઉત્તર ભાગે કોઠી હતી. તેની છાયામાં શ્રીહરિ બિરાજતા. ગોમતીથી ઉત્તર કિનારે એક આંબાનું વૃક્ષ છે. તેની નીચે અક્ષરાતીત અંતર્યામી શ્રીહરિ બિરાજ્યા છે. ગોમતીથી વાયવ્ય ભાગમાં રઘુવીરબાગ છે. જોબન પગી વગેરેના ત્યાં ખેતરો હતા. ધર્મનંદન શ્રીહરિ બધાં જ ખેતરમાં વિચર્યા છે. બગીચાથી આથમણા ભાગે એક કૂવો ને ત્યાંથી પૂર્વદિશા તરફ એક આંબાનું વૃક્ષ હતું. ત્યાં વર્યાળી બાઈએ હિંદુસ્તાની રસોઈ બનાવી શ્રીહરિને જમાડ્યા. ભગવાન ને સંતભક્તો ભાવથી રસોઈ જમ્યા. બાજરીનો પોંક પણ શ્રીહરિ બહુવાર એ બાગમાં આરોગ્યા છે. ગોમતીથી ઈશાન ખૂણે સુંદરપગીનો કુવો છે. ગામમાં રંગક્રીડા કરી શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું છે. આ અગણિત સ્થાનોમાં શ્રીહરિ વિચર્યા છે. મને જેટલા યાદ આવ્યા તે મુખ્ય સ્થાનોના નામ તમને જણાવ્યા.

યાત્રા ધામનો મહિમા : જે જે સ્થળે ભગવાન કે તેના સંતો વિચર્યા હોય તે ઉત્તમ તીર્થ ગણાય છે. તે તીર્થના દર્શન કરવાથી પવિત્ર બનાય છે. તેની રજથી કે જળથી શરીર પવિત્ર બને છે. તીર્થનો મહિમા સમજવાથી મન પવિત્ર બને છે. જે તીર્થમાં જવાનું

હોય તેનો મહિમા સાંભળવો. અનિત્ય ને નિત્યનું જ્ઞાન હોય તો તેવા જ્ઞાનથી પ્રભુ ભક્તિ પ્રગટે છે. વૈરાગ્યની જ્યોત જલે છે. તેનાથી અંતરની વાસનાઓ તૂટે છે. વાસના તૂટવાથી ભવબંધન છૂટે છે. ઘર છોડી તીર્થયાત્રા કરવા જાય ત્યારે બ્રહ્મચર્યનું પાલન કરવું. તે વિના ફળ પ્રાપ્ત થતું નથી. તીર્થમાં થયેલું પાપ વજ્રલેપ થાય છે. અન્ય ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થમાં નષ્ટ થાય છે. તીર્થમાં કરેલું પાપ ક્યારેય નષ્ટ થતું નથી. તીર્થમાં જઈને પારકું અન્ન જમે છે તેનું પુણ્ય નષ્ટ થાય છે. તીર્થમાં એક વાર ભોજન કરવું. પૃથ્વી પર પથારી કરવી. કથા શ્રવણ કરવું. વ્યર્થકાળ ન નિર્ગમવો. તીર્થમાં અન્ય વ્યાપાર ન કરવો. પ્રસાદી વગરની જગ્યા હોય તે જોવા ન જવી. નટના ખેલ ન જોવા. તીર્થમાં જઈને સદ્‌ગુરુને શોધી ઈશ્વરની પ્રાપ્તિ કરવી.

●●●

● શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર :

'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સદ્‌ગુરુ માધવદાસજી સ્વામીએ વડતાલમાં આવેલા ભગવાન શ્રીહરિના પ્રાસાદિક સ્થાનોનું સુંદર રીતે વર્ણન કર્યું છે :

નારાયણગરની જગ્યા[૧] ત્યાંઈ, નાયા મંદિરના ચોક માંઈ[૨]; અન્નકોટ જમાડે બ્રહ્મચારી, મુક્તાનંદે આરતી ઉતારી...૧૪
નાયા સંતોની ઓરડી માંઈ, જમ્યા એ ચોક ફળિયું ત્યાંઈ; વળી ઓરડાની તે ઓસરી, નાયા ને થાળ જમિયા હરિ...૧૫
સંતની જગ્યાનો ચોક તિંયા[૩], બેસી નાયા નારાયણ ઈંયાં; બાપુ સિંજીવાડાવાળાનો થાળ, પોતે જમ્યા જમાડ્યા મરાળ...૧૬
બારોટ સિંજીવાડાવાળા એહ, જેનું નામ છે જગરૂપ તેહ; તેણે કહ્યું જે હે મહારાજ, મારી રસોઈ જમો તમે આજ...૧૭
સભામાં જાવાની બારી ત્યાંઈ[૪], આવી નાહ્યા નારાયણ યાંઈ; આવ્યાં પ્રથમનાં વંતાક, તેનું પોતે બનાવ્યું છે શાક...૧૮
શીરો બનાવિયો મારે સ્વામી, વળી ભાત કર્યો બહુનામી; હરિ કે છે રસોઈ કરી અમે, સંતો મોરે જમો વળી તમે...૧૯
મુક્તાનંદ જગરૂપ એહ, કે છે પેલા જમો તમે તેહ; પછી મોરે જમ્યા હરિ જ્યારે, રાજી થયા હરિજન ત્યારે...૨૦
એમ રાજી નિજજન કરી, પુરુષોત્તમ નારાયણ હરિ; પછી સંતને શ્યામ જમાડે, એવી રીતે આનંદ પમાડે...૨૧
આવ્યા વલાસણ[૫] લઈ સાથ, ત્યાં નાયા[૬] જમ્યા પોતે નાથ; નારાયણગરને મેડે જમ્યા, પ્રેમી ભક્ત તણે મન ગમ્યા...૨૨
આંબલાથી ઉગમણી રાયણ, ત્યાં નાહીને જમ્યા નારાયણ[૭]; નાની ઉગમણી આંબલી ત્યાંઈ, તિંયા નાયા જમ્યા સુખદાઈ...૨૩
મોટા આંબલાની આથમણી પાસ, નાહીને થડે જમ્યા અવિનાશ; મુકુંદ બ્રહ્મચારી તે નવરાવે, નિત્ય થાળ હરિને જમાવે...૨૪
વાહણ ઠારના લીંબડા હેઠ, નાયા થાળ જમ્યા તિંયા[૮] ઠેઠ; તેના ઘરમાં તે ઘણી વાર, વળી નાયા જમ્યા કરતાર...૨૫
જૂની સંતોની ધર્મશાળા[૯] ત્યાંઈ, હરિ નાયા ને જમિયા યાંઈ; જૂની હવેલીમાં[૧૦] ઘણી વાર, તેમાં નાયા જમ્યા કરતાર...૨૬
ઉગમણા તે બંગલા માંઈ[૧૧], ઓસરીએ નાયા જમ્યા ત્યાંઈ; વળી ઉપલે માળે[૧૨] બહુ વાર, તિંયા નાયા ને જમ્યા કરતાર...૨૭
વળી લક્ષ્મીનારાયણની એહ, કોળીમાં આવ્યા નાહીને તેહ; તિંયા દયા કરીને દયાળ, ત્યાં પણ થાળ જમ્યા પ્રતિપાળ...૨૮
બ્રહ્મચારીની ચોકડી તિંયા[૧૩], આવી નાયા મારો વાલો ઈંયાં; મંદિર વાંસે ઓટો છે તે જિયાં, જમ્યા ઠાકોરનું રસોડું તિંયા...૨૯
ઉગમણે તે બંગલે[૧૪] નાઈ, આવે રૂમાલ લઈ સુખદાઈ; જમણે હાથે તે રૂમાલ ઝાલે, ડાબો હાથ કેડ પર આલે...૩૦
લટકાં કરતા રૂમાલ લે'કાવે[૧૫], એમ થકા તે જમવા આવે; એમ જમવા આવે અહોનિશ, પ્રેમી ભક્તને ગમે જગદીશ...૩૧
વળી ઉપલે બંગલે[૧૬] નાઈ, આવે સુખસજ્યા[૧૭] સુખદાઈ; સામા સંતનાં મંડળ બેસારી, જમે સન્મુખ દેવ મોરારી...૩૨
વળી બ્રહ્મચારીની ઓસરીએ[૧૮], તિંયા નાયા જમ્યા ઘણું હરિએ; ત્યાં તો બહુ જમ્યા કરતાર, તેનો ગણતાં ન આવે પાર...૩૩
સંતની ધર્મશાળામાં વ્હાલો, તિંયા નાયા જમ્યા ધર્મલાલો; બુંદેલ ખંડીએ[૧૯] પૂજા કરી, તિંયા થાળ જમ્યા મારો હરિ...૩૪
હવેલીના હેઠા ચોક માંઈ[૨૦], મુને મળી નાયા હરિ ત્યાંઈ; પછી જમ્યા છે સુંદરશ્યામ, જમી પોઢ્યા સંતોના વિરામ...૩૫
બારે જૂની વાડી[૨૧] છે તે તિંયા, નાથ નાહ્યા એ કૂવે ઈંયાં; સંતની ઓરડીની ઓસરી, તિંયા થાળ જમ્યા મારો હરિ...૩૬

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : અધ્યાય-૧૧૯)

---

૧. વડેઉ માતાનું મંદિર. ૨.નારાયણગિરિના મઠના ફળિયામાં મહારાજ નાયા-જમ્યા છે. ૩. વડતાલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં આવેલ સંતોની ધર્મશાળાની આગળના ચોકમાં. ૪. બુરજની નીચે બહાર જવા માટે એક નાની બારી હતી ત્યાં. ૫. વડતાલથી ૬ કિ.મી. (તા.જિ.આણંદ) ૬. ગામના તળાવમાં ૭. જ્ઞાનબાગમાં પહેલાં રાયણ અને આંબલીનાં વૃક્ષો હતાં. તેની નીચે બેસીને

મહારાજ ઘણી વખત નાયા-જમ્યા છે. ૮.વાસણ સુથારનું ઘર વડતાલ મંદિરના દરવાજાની સામે આવેલું છે. તેમના ફળિયામાં લીંબડો હતો ત્યાં અને ઘરમાં મહારાજ ઘણી વાર નાયા-જમ્યા છે. ૯. વડતાલમાં હાલ જે સંતોની ધર્મશાળા છે તેનો ગોપાળાનંદ સ્વામીએ જીર્ણોદ્ધાર કરાવેલ છે. તે પહેલાં ત્યાં જ જે ધર્મશાળા હતી તેનો માધવદાસ સ્વામીએ જૂની ધર્મશાળા તરીકે ઉલ્લેખ કર્યો છે. સંતોની ધર્મશાળામાં મહારાજ જમ્યા છે અને સંતોને ૪૯૬ વખત પીરસીને જમાડ્યા છે. ૧૦. મંદિરમાં હાલ જ્યાં થાળ-ભેટ ઓફિસ છે, ત્યાં જૂની(ધર્મકુળની) હવેલી હતી. પ્રથમ શ્રીજીમહારાજ આ હવેલીમાં બહુ રહેતા અને થાળ જમતા અને વળી ઉનાળો હોય ત્યારે હવેલીના વચલા ચોકને ધોવરાવીને તેમાં જ્ઞાનકૂપનું જળ ભરાવી તેમાં નાતા. ૧૧. નારાયણ મહોલ (રામપ્રતાપભાઈનો બંગલો) તેની ઉગમણી ઓસરીએ ચોકડીમાં મહારાજ સ્નાન કરતા. એક વખત એ પ્રસાદીના પાણીથી નીચે છોકરા નાતા હતા તેને ઈન્દ્રપદ આપ્યું હતું. એ બંગલાની આથમણી ઓસરીએ રવેશમાં મહારાજ જમ્યા છે. ૧૨. નારાયણ મહોલના ઉપરના માળે. ૧૩. હરિમંડપની ઉગમણી બાજુમાં બ્રહ્મચારી નિવાસ હતો. તેની વચ્ચે ફળિયામાં એક કૂવો અને ચોકડી હતા ત્યાં. ૧૪. રામપ્રતાપભાઈના બંગલે. ૧૫.ફરકાવે. ૧૬. રામપ્રતાપભાઈના બંગલાના ઉપલે માળે ઉગમણી ઓસરીએ. ૧૭. જ્યાં શ્રીહરિ શયન કરતા તે હરિમંડપમાં. ૧૮. હરિમંડપ અને સભામંડપની દક્ષિણ દિશામાં બ્રહ્મચારીઓની ઓરડીઓ હતી ત્યાં. ૧૯. ગ્વાલિયર પાસેના ધુવા અને બરાઈ આ બે ગામના લુવાર ભક્તોએ. ૨૦. ધર્મકુળની હવેલી વચ્ચે ચોકવાળી હતી ત્યાં નીચે. ૨૧. ગોમતી કાંઠે આચાર્ય-સ્મૃતિ મંદિરથી ગૌશાળા સુધીના ભાગમાં પહેલાં ફૂલવાડી હતી, જેને જૂની વાડી કહેતા. પછી તેનું મહારાજે નારાયણ બાગ નામ પાડ્યું હતું. ત્યાં ગૌશાળાના ગેટ બહાર હાલ પણ કૂવો છે. ત્યાં મહારાજ નાયેલા છે.

• વડતાલમાં ભગવાન શ્રીહરિની સ્નાન લીલાઓ :

સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથમાં વડતાલમાં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે જે જે સ્થળે સ્નાન લીલાઓ તેમજ જ્યાં જ્યાં શ્રીહરિ થાળ જમ્યા તેનું વર્ણન કરતાં લખે છે :

નાહ્યા વડતાલમાં વા'લો એહ, સ્વામી સહજાનંદ વળી તેહ; સુંદર પગીને કૂવે શ્યામ, નાહ્યા રંગે રમી સુખધામ...૧૦
આંબલે હોળી રમીને એહ, નાહ્યા મૂળજીને કૂવે તેહ; વળી આંબલે હોળી રમ્યા નાથ, નાહ્યા પિપળાતાને કૂવે સાથ...૧૧
નાહી આંબલે જમ્યા અલબેલ, જમાડ્યા ત્યાં સાધુ રંગરેલ; વેલ્યે બેસી ગયા સુખધામ, નાહ્યા ધના તળાવીમાં શ્યામ...૧૨
અલબેલો અતિ રાજી થાય, નાતાં સંત સખા ત્યાં તો ગાય; જોળે રામદાસને કૂવે જાઈ, નાહ્યા સહજાનંદ સુખદાઈ...૧૩
ત્યાં જઈ જમ્યા તે ઝાઝીવાર, શ્રીસહજાનંદજી કરી પ્યાર; ગાંડો મુજિયો બળદ કે'વાય, વા'લો વેલ્યે બેસે રાજી થાય...૧૪
નાહ્યા તાડણ તળાવીમાં હરિ, સ્વામિનારાયણ તે દયા કરી; ગયા સંજાયે મહાસુખધામ, નાહી જમ્યા તે પૂરણકામ...૧૫
નાહ્યા ગોમતીજીમાં તે સ્વામી, સંત સખા સોતા બહુનામી; વેલે બેસીને નટવર નાવ, ગયા મહુડિયેપરે માવ...૧૬
ગયા બામણોલી બહુનામી, તખા પગીને ત્યાં અંતરજામી; બેઠા રાયણે થઈ રળિયાત, જમ્યા સાધુ સર્વે અને નાથ...૧૭
તખાપગીને કૂપે નાહી હરિ, જમ્યા થાળ તે દયા કરી; આવ્યા વડતાલે વળી નાથ, જમ્યા બ્રહ્મચારીને હરિ હાથ...૧૮
વળી વેલ્યે બેસીને મોહન, આવ્યા જેંડવેપરે જીવન; તિયાં બેઠા હિંડોળે દયાળ, પછી નાહીને જમ્યા થાળ...૧૯
વેલે બેસીને નીસર્યા વઈ, આવ્યા નરસંડે મંડળ લઈ; તિયાં નાહ્યા જમ્યા રાત રહ્યા, આવ્યા વડતાલે કરી દયા...૨૦
નારણગિરિની જાગ્ય ત્યાંઈ, નાહ્યા મંદિરના ચોકમાંઈ; અન્નકોટ જમાડે બ્રહ્મચારી, મુક્તાનંદજી આરતી ઉતારી...૨૧
નાહ્યા સંતની ઓરડીમાંઈ, જમ્યા એ ચોક ફળિયું ત્યાંઈ; વળી ઓરડીની તે ઓસરી, નાહી થાળ જમ્યા ત્યાં હરિ...૨૨
સંતની જાયગાનો ચોક ત્યાંઈ, બેસી નાહ્યા હરિ તે માંઈ; નાહ્યા મોટા તળાવમાં નાથ, શ્રીસહજાનંદ સુખપાથ...૨૩
સિંજીવાડા વા'લાનો થાળ, જમ્યા બાપુનો દીનદયાળ; સિંજીવાડાના બારોટ એહ, જેનું નામ છે જગરૂપ તેહ...૨૪
તેણે કહ્યું જે હે મહારાજ, મારી રસોઈ જમોને આજ; સભામાં જવાની બારી સારી, ત્યાં આવીને બેઠા સુખકારી...૨૫
આવ્યા પ્રથમનાં વૃંતાક, તેનું મહારાજે બનાવ્યું શાક; શેરો બનાવ્યો સુંદર સ્વામી, ભારે ભાત કર્યો બહુનામી...૨૬
મુક્તાનંદજી જગરૂપ એહ, કે'છે પે'લા જમો પ્રભુ તમે તેહ; પછી પે'લા જમ્યા હરિ જ્યારે, રાજી થયા હરિજન ત્યારે...૨૭
એમ રાજી નિજ જન કરી, પુરુષોત્તમ પોતે શ્રીહરિ; પછી સંતને શ્યામ જમાડે, એવી રીતે આનંદ પમાડે...૨૮
આવ્યા વલાસણ લઈ સાથ, તિયાં નાહી જમ્યા પોતે નાથ; નારણગિરિને મેડે જમ્યા, પ્રેમી ભક્તને મનડે ગમ્યા...૨૯
આંબલાથી ઉગમણી રાયણ, ત્યાં નાહી જમ્યા નારાયણ; નાની ઉગમણી આંબલી ત્યાંઈ, નાહી જમ્યા તિયાં સુખદાઈ...૩૦

મોટા આંબલાની આથમણી પાસ, નાહી થડમાં જમ્યા અવિનાશ; બ્રહ્મચારી મુકુંદ નવરાવે, નિત્ય થાળ હરિને જમાવે...૩૧
જૂની સાધુની ધર્મશાળામાંઈ, હરિ નાહ્યા ને જમ્યા ત્યાંઈ; જૂની હવેલીમાં ઘણીવાર, તેમાં નાહ્યા જમ્યા કીરતાર...૩૨
ઉગમણા તે બંગલામાંઈ, ઓસરિયે નાહ્યા જમ્યા ત્યાંઈ; વળી ઉપલે માળે બહુવાર, નાહ્યા ને જમ્યા કીરતાર...૩૩
લક્ષ્મીનારાયણની તે એહ, કોળીમાં આવ્યા નાહી તેહ; ત્યાં દયા કરીને દયાળ, થાળ જમ્યા જન પ્રતિપાળ...૩૪
બ્રહ્મચારીની ચોકડી છે તિયાં, આવી નાહ્યા વહાલોજી ઈયાં; મંદિર વાંસે ઓટો છે ઈયાં, જમ્યા ઠાકોરનું રસોડું તિયાં...૩૫
ઉગમણે તે બંગલે નાઈ, લઈ રૂમાલ આવે સુખદાઈ; જમણે હાથે તે રૂમાલ ઝાલે, ડાબો હાથ કેડે દીધો વા'લે...૩૬
એવી રીતે તે જમવા આવે, મુખે રૂમાલ દઈ હરિ હસાવે; એમ અહોનિશ આવે જમવા, પ્રેમી ભક્તનાં મનમાં ગમવા...૩૭
વળી ઉપરલે બંગલે નાઈ, આવે સુખશૈયાએ સુખદાઈ; સામા સંતનાં મંડળ બેસાડી, જમે સન્મુખ તે સુખકારી...૩૮
વળી બ્રહ્મચારીની જે ઓસરી, તિયાં નાહી જમ્યા મારો હરિ; ત્યાં તો બહુ જમ્યા કીરતાર, તેનો ગણતાં ન આવે પાર...૩૯
સંતની ધર્મશાળામાં વા'લો, તિયાં નાહી જમ્યા ધર્મલાલો; બુદેલ ખંડિયે તે પૂજા કરી, તિયાં થાળ જમ્યા મારો હરિ...૪૦
હવેલી હેઠા ચોકની માંઈ, મુને મળી નાહ્યા હરિ ત્યાંઈ; પછી જમ્યા છે સુંદરશ્યામ, જમી પોઢ્યા કર્યો વિશરામ...૪૧
બહાર જૂની વાડી છે તિયાં, નાથ નાહ્યા છે કૂપે ઈયાં; સંતની ઓરડીની ઓસરી, તિયાં થાળ જમ્યા મારો હરિ...૪૨

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૧૧૧)

તપ્તમુદ્રા (છાપ) મહિમા

વૃત્તાલ દ્વારામતિથી વિશેષ, છે લક્ષ્મિનારાયણ દ્વારિકેશ; આ ગોમતી ઉત્તમ તીર્થદેવી, આંહીં જ શંખાદિક છાપ લેવી.
જે તપ્તમુદ્રા અહિં આવિ લેશે, દૂરે ડરીને જમડા રહેશે; તેને જ સત્સંગિ ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો.
જ્યાં દ્વારિકા ગોમતિ તીર્થ જ્યાં છે, છાપો તણો તો અધિકાર ત્યાં છે; જે મારિ આજ્ઞા જ વિષે રહેશે, તે આવિને છાપ અહીં જ લેશે.
તેને જ હું ભક્ત ગણીશ મારો, એ રીત બોલ્યા વૃષનો દુલારો; વૃતાલના વાસિ કુબેરદાસ, તથા પગી જોબન તેહ પાસ.

(શ્રીહરિલીલામૃત : ૮/૪૪)

સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામીને આપેલા વરદાનને અનુસરીને શ્રી રણછોડરાયજી દ્વારિકાથી બધાં તીર્થો અને મુદ્રા સાથે વડતાલ પધાર્યા ત્યારે 'ગોમતી તીર્થ' ધારુ તળાવમાં સ્થાપિત કર્યું હતું. ભગવત્સ્વરૂપના દિવ્ય આયુધો શંખ,ચક્ર,ગદા અને પદ્મ એ ચાર આયુધોની છાપ, તપ્ત નહિ પણ શીત છાપ આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું હતું.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી તપ્તમુદ્રાનો મહિમા કહેતા લખે છે : **'ये गोमतीतडागे च स्नात्वाऽस्यां पुरि मानवाः । तप्तमुद्रा ग्रहीष्यन्ति तेषां नास्ति यमाद्भयम् ।।'** - જે મનુષ્યો આ પુરીમાં ગોમતી તળાવમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરશે તે મનુષ્યોને યમનો ભય નથી.

(શ્રી સત્સંગિજીવન : ૪/૩૩/૨૨)

શિક્ષાપત્રી ભાષ્યમાં શ્લોક નં. ૪૧માં તપ્તમુદ્રા વિષે પ્રમાણરૂપ કહેલ તમામ શાસ્ત્રોના સારરૂપે 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વમુખે શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ ચાર દિવ્યાયુધોવાળી ચાર તપ્તમુદ્રાઓનું માહાત્મ્યનું વર્ણન કરતાં કહે છે :

"મારા આશ્રિત સર્વ ભક્તોએ મહાફળને આપનારી એવી આ ચાર તપ્તમુદ્રાઓ ધારણ કરવી. જે જનો અહીં પોતાના બાહુના મૂળમાં તપ્તમુદ્રાનું ચિહ્ન લે છે તે નિશ્ચય પુનર્જન્મથી રહિત બની વિષ્ણુના પરમપદને પામે છે. માટે ચાર વર્ણના વૈષ્ણવજનો વિષ્ણુલોકની પ્રાપ્તિ માટે અગ્નિથી તપાવેલી શંખ, ચક્ર, ગદા, પદ્મની છાપો ધારણ કરે."

"જે જનો શ્રી વિષ્ણુની આ શંખ, ચક્ર વગેરે આયુધો રૂપી પવિત્ર છાપો અગ્નિથી તપાવી આ સ્થળ (વડતાલ ધામ)માં ધારણ કરશે, તે સંસાર સાગર તરશે. હે ભક્તજનો ! જે જનો તપ્તમુદ્રાથી ચિહ્નિત થાય તે જનોના પાપ નષ્ટ થશે. અને તેનું તેજ તથા બળ વૃદ્ધિ પામશે અને ભગવાન શ્રીહરિનો શુભ દિવ્યલોક પામશે. સર્વ વિપ્રો તથા અન્ય મનુષ્યો જેમને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા છે તેમણે બંને બાહુઓના મૂળમાં અગ્નિથી તપાવેલી શંખ, ચક્રાદિની શુભ છાપ લેવી." "જે મનુષ્ય તપ્તમુદ્રાને ધારણ કરેલા બ્રાહ્મણને અન્ન આપે તે અન્ન મેરુ તુલ્ય થાય છે. તે અન્ન આપનાર સ્વર્ગમાં દેવની માફક અમૃતભાવ પામેલું અન્ન પ્રાપ્ત કરે છે."

"અગ્નિથી તપેલા વિષ્ણુના ચક્રાદિ આયુધો ધારણ કરેલો વિપ્ર યમપુરીનો ત્યાગ કરીને પ્રકાશમાન વિષ્ણુના લોકને પામે છે. બ્રહ્મપુરાણમાં કહ્યું છે : **'अग्नितप्तं पवित्रं च धृत्वा वे बाहुमूलयोः । व्यक्त्वा यमपुरं घोरं याति विष्णोः परं पदम् ।।'** તથા ઋગ્વેદ સંહિતાના

સાતમાં અષ્ટકના ત્રીજા અધ્યાયમાં, સામવેદનાં દ્વિતીય પ્રપાઠકમાં **'देवायेविधृतेन बाहुना'** ઇત્યાદિ અથર્વવેદમાં તથા હરિભક્તિ વિલાસમાં તથા પદ્મોત્તર ખંડમાં, પ્રપન્નામૃતમાં તથા દ્વારિકા માહાત્મ્યમાં વિસ્તાર પૂર્વક તપ્તમુદ્રા ધારણ કરવા માટેના પ્રમાણો છે. શ્રુતિ-સ્મૃતિથી વિરુદ્ધ તપ્તમુદ્રા ગ્રહણ કરવાનું ખંડન કરનારા પાસે કાંઈ પ્રમાણ નથી.''

''હે ભક્તો ! અહીં (વડતાલ) જે મનુષ્ય તપ્તચક્રાદિથી ચિહ્નિત થાય તેના હૃદયમાં પ્રસન્ન મનવાળા ભગવાન શ્રીહરિ નિત્ય વસે છે. વિષ્ણુના આયુધોથી લાંછિત મનુષ્યને જોઈને ભય પામેલા યમ પણ શંકા યુક્ત મત્સર શૂન્ય થઈ તેને પ્રણામ કરીને તત્કાળ દૂરથી જ ચાલ્યા જાય છે.''

''જે મનુષ્ય ચક્રાદિથી અંકિત દેહવાળા, રૂડી બુદ્ધિવાળા બ્રાહ્મણોને ફક્ત ભિક્ષા જ આપે છે તે મનુષ્ય વિષ્ણુનું પદ પામે છે. જેમના બાહુ મૂળમાં તપ્તચક્રાદિના ચિહ્નો છે તે મનુષ્યો પાપથી મુક્ત થઈ દેવની ઉપમા પામે છે.''

''જે મનુષ્યો તપ્તચક્રાદિથી અંકિત થાય છે, તે પોતાના કુળનો નરકથી ઉદ્ધાર કરી શોક રહિત થઈ વિષ્ણુના લોકમાં પૂજાય છે. જે મનુષ્યો આ વૃતાલયમાં તપ્તચક્રાદિ ચિહ્નોથી અંકિત થાય છે તે જનોને તો ભગવાનને પ્રિય શુકદેવજી વગેરે મુનિઓ તુલ્ય જાણવા.''

''ચક્રાદિથી અંકિત મનુષ્યના સમીપે જે પ્રાણીઓ તપ, દાન, ધ્યાન, જપ વગેરે કરતાં હોય છે, તે સર્વે અક્ષય થાય છે. હે જનો! જેનું શરીર વિષ્ણુના ચક્રાદિક આયુધોથી અંકિત થાય છે, તેનું તે શરીર ગંગાજળ સમાન પવિત્ર જાણવું. હે ભક્તો ! આ વ્રતપુરીમાં જે ભક્ત ચક્રાદિથી અંકિત શરીરવાળા થાય છે તે મનુષ્યના પાપ, સૂર્યના ઉદયથી જેમ અંધકાર નાશ થાય છે તેમ નાશ થાય છે. હે ભક્તો ! જે ચક્રાદિથી ચિહ્નિત થયેલા વિપ્રને એક દિવસ પોતાને ઘેર નિવાસ કરાવે છે તે મનુષ્ય નિશ્ચય વિષ્ણુના લોકમાં વાસ કરવા યોગ્ય તથા પૂજ્ય થાય છે.'' ''ચક્રાદિથી અંકિત થયેલા મનુષ્યોના નામ જે સ્નેહપૂર્વક લે છે તે મનુષ્યો પાપથી મુક્તિ પામે છે અને વિષ્ણુને પ્રિય થાય છે. આ વ્રતપુરીમાં જેનું શરીર ચક્રાદિથી ચિહ્નિત છે એવા ભક્ત જે દેશમાં નિવાસ કરે છે તે દેશ પણ અતિ પુણ્યશાળી છે. અને તે મારા ઉપાસકોને તથા મને પ્રિય છે.

''જે બ્રાહ્મણ તપ્તમુદ્રા તથા ઉર્ધ્વપુંડ્ર ચિહ્નો ધારણ કરે છે ત્યારે તે શ્રાદ્ધાદિ કર્મો કરવા યોગ્ય થાય છે એવી રીતે ઉત્તમ શ્રુતિ છે. બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે : **'शंख चक्रोर्ध्वपुंड्रादि धारयेद् ब्राह्मणो यदि । श्राद्धादि सर्व कर्मार्ह इत्येषा परमा श्रुतिः ।।'**

''આ વ્રતપુરીમાં તપ્તમુદ્રા ધારણ કરનારા મનુષ્યોને હજાર અશ્વમેધ યજ્ઞ તથા સો વાજસનેય યજ્ઞ સમાન ફળ થાય છે. અહીં ચક્રાદિ મુદ્રાઓથી જે અંકિત થાય છે તે બ્રાહ્મણો જે દેશમાં નિવાસ કરે છે તે દેશનો દેવતાઓ અને ઋષિઓ હંમેશા આશ્રય કરે છે.''

''ચક્રાંકિત ભુજાવાળા મનુષ્યને જોઈને જે મનુષ્ય તેને પ્રણામ કરતો નથી તે મનુષ્ય સો પશુયોનિ પામીને વિષ્ટાનો કીડો થાય છે. ચક્રાદિના ચિહ્નથી રહિત બ્રાહ્મણનું જે જપ, તપ, દાન, અર્ઘ્ય, પિતૃ તર્પણ તે સમગ્ર નિષ્ફળ છે.''

''બ્રાહ્મણ યજ્ઞોપવિત વિના અબ્રાહ્મણ છે તેમ વૈષ્ણવ તપ્તમુદ્રાના ચિહ્ન વિના અવૈષ્ણવ છે. માટે આ પ્રકારના ધર્મથી બહિર્મુખ થયેલો બ્રાહ્મણ પરિત્યાજ્ય થાય છે. જે બ્રાહ્મણો તપ્તમુદ્રાના ચિહ્નથી રહિત છે તે સર્વધર્મથી રહિત થઈ કઠોર નરકને પામે છે.''

''જે મનુષ્ય તપ્તમુદ્રાથી ચિહ્નિત થઈ નિત્ય તથા નૈમિત્તિક દેવ સંબંધિ તથા પિતૃ સંબંધિ કર્મ કરે છે તે મનુષ્યનું તે તે કર્મનું ફળ હંમેશા અક્ષય થાય છે. તપ્તમુદ્રાથી અંકિત ઉત્તમ બ્રાહ્મણ જે પંક્તિમાં જમે તે સર્વે પંક્તિ જેમ ગંગાના પ્રવાહમાં મળતા નદીઓના પ્રવાહ પવિત્ર થાય છે, તેમ પવિત્ર થાય છે.''

''શ્રાદ્ધ કરનારાના શરીરમાં શંખાદિ ચિહ્નો જોઈ શ્રાદ્ધકાળમાં રાક્ષસો તથા દાનવો નાસી જાય છે. તપ્તમુદ્રાના ચિહ્ન વગરના માણસને શ્રાદ્ધમાં નોતરવાથી શ્રાદ્ધ નકામું જાય છે અને પિત્તૃઓ નિરાશ થઈ પાછા વળી જાય છે.''

તપ્તમુદ્રાના ચિહ્ન ધારણ કરવામાં શૂદ્રને અધિકાર છે બીજા કોઈને નથી તેવું કેટલાક કહે છે. તે જનો વેદશાસ્ત્રનો સિદ્ધાંત સર્વથા જાણતા નથી માટે સર્વપ્રકારે આગ્રહથી વિવાદ કરે છે. તેમણે કહેલું જો સત્ય હોય તો વેદાદિમાં બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાં એમ કહ્યું છે. હે જનો ! તે કેમ બંધ બેસતું થાય ? ઋગ્વેદમાં, સામવેદમાં અથર્વ શ્રુતિ તથા શતપથ શ્રુતિમાં બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાનું સ્પષ્ટ કહ્યું છે આ પ્રમાણે તમો જાણો.

રામાર્ચન ચંદ્રિકા નામનો જે ગ્રંથ પ્રસિદ્ધ છે તેમાં તેમજ ભક્તિચંદ્રોદય ગ્રંથમાં તથા પદ્મપુરાણના ઉત્તરખંડમાં શ્રીમાર્ગશીર્ષ માહાત્મ્યમાં તથા કાશીખંડમાં એ આદિક સેંકડો ગ્રંથોમાં બ્રાહ્મણાદિ જનોને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાનું પ્રતિપાદન કર્યું છે.

હે ભક્તો ! માટે અમારા આશ્રિત બ્રાહ્મણાદિ સકળજનોએ તથા ત્યાગીજનોએ સદા શુભ કરનારી તપ્તમુદ્રાઓ ધારણ કરવી.

પછી ભગવાન શ્રીહરિએ તપ્ત મુદ્રાની છાપો નારાયણજી ભાઈ પાસે કરાવી તેમણે બાર છાપો લાવીને આપી. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૫)

(નોધ :- આ છાપો લક્ષ્મીનારાયણ દેવની પુજાના વારાવાળા બ્રહ્મચારી આપે છે.)

●●●

વૃત્તાલયે સ ભગવાન જયતીહ સાક્ષાત્ ।

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૫/૬૮/૮૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૮૧ને કાર્તિક સુદ ૧૨ના મંગળ દિને વડતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે બે વખત અતિ મહત્ત્વની વાત પોતાના આશ્રિતજનોને પ્રત્યક્ષ સમજાવી છે. શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ આગળ ઊભા રહીને શ્રીહરિએ આશ્રિતોને ઉદ્દેશીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : ''જીવનમાં ભૌતિક દૃષ્ટિએ સુખ મેળવવા માટે તમે જે કંઈ સંકલ્પો, આ લક્ષ્મીનારાયણની મૂર્તિ સન્મુખ ઊભા રહીને દાસભાવે કરશો તે બધા મનોરથો હું આ લક્ષ્મીનારાયણની મૂર્તિમાં પ્રત્યક્ષ હાજર રહીને પૂરા કરીશ, એ નિશ્ચિત માનજો.'' સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિના આ વચનો શ્રીસત્સંગિજીવન ગ્રંથમાં અમૃતાક્ષરે નોંધેલા છે.

શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ ઊભા રહીને ભગવાન શ્રીહરિએ આશ્રિતજનોને ઉદ્દેશીને કહ્યું : ''જો તમે આત્યંતિક શ્રેય મેળવવાના હેતુથી અમારા આ હરિકૃષ્ણ નામના સ્વરૂપની અનન્યભાવે સેવાભક્તિ, ઉપાસના કરશો તો, આ જન્મમાં જ હું તમારું આત્યંતિક કલ્યાણ કરીશ.''

ભગવાન શ્રી સ્વામિનારાયણ, વડતાલ જેવા નાના ગામ ઉપર, ગામના લોકો ઉપર અને આશ્રિતો ઉપર જાણે અઢળક ઢળ્યા હોય, ઢળતા હોય તેમ પોતાની વાણીરૂપા મહાગ્રંથ શિક્ષાપત્રીમાં પ્રારંભ કરતા અતિગંભીર વદને પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કર્યું કે છે કે, હું વડતાલ ગામમાં રહેલો છું. **'વૃત્તાલયસ્થિતઃ'** (શ્લોક-૨)

વડતાલ મહિમાની વાત અહીં અટકતી નથી. વડતાલ મૂર્તિ પ્રતિષ્ઠા થયા પછી જ્યારે જ્યારે રામપ્રતાપભાઈ વડતાલ આવતા ત્યારે સૌપ્રથમ શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન કરવા અચૂક જતા અને ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં રહીને, પોતાના મોટાભાઈને અતિ પ્રેમ અને આદરથી આવકાર આપતા અને બોલાવતા : ''બડે ભૈયા ! આપ પધારે ! કુશળ તો હો !'' આ શબ્દો સાંભળતાં જ રામપ્રતાપભાઈનો બધો થાક ઊતરી જતો. એમના અંતરમાં ત્યારે આનંદના ઓઘ ઊછળતા.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીના જીવનમાં એક જ મહત્ત્વકાંક્ષા હતી કે, પ્રગટ પરબ્રહ્મ નારાયણની માનુષી લીલાના દર્શન કરવા, તેનું સવિસ્તાર ગાન કરવું અને એ ગાનને ગ્રંથસ્થ કરવું. પચીસ વર્ષ જેટલા લાંબા કાળ સુધી તપ અને ત્યાગનું સેવન કરીને રાહ જોયા પછી એક દિવસ પ્રસન્ન થઈને ભગવાન શ્રીહરિએ પોતાની જીવનલીલાનું ગાન કરવા અને ગ્રંથસ્થ કરવા માટે પ્રેરણા કરી.

'મદીયગુણગાનેચ્છા વર્તતે તવ હૃદ્યતઃ । તસ્ય મે ત્વં ચરિત્રાણાં ગ્રન્થકર્તા ભવિષ્યસિ ।।' - તમારા મનમાં મારા ગુણોનું વર્ણન કરવાની ઈચ્છા રહે છે તેથી તમો શ્રીહરિ એવો હું તે મારા ચરિત્રોના ગ્રંથના કર્તા થશો. (શ્રીસત્સંગિજીવન : ૧/૩/૧૮) આ વરદાનના પ્રતાપે મળેલી શક્તિને કારણે શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિની બધી લીલાઓ નજરે નિહાળીને અતિ આનંદપૂર્વક મહાગ્રંથની રચના કરી. સત્સંગી માત્રના પ્રાણાધાર એવા એ ગ્રંથનું નામ 'શ્રીસત્સંગિજીવન' રાખ્યું. પછી જેમ વ્યાસમુનિએ પોતે રચેલ શ્રીમદ્ ભાગવત શુકદેવજીને ભણાવ્યું તેમ એ સત્સંગિજીવન ગ્રંથ પોતાના શિષ્ય સુવ્રતમુનિને શતાનંદ સ્વામીએ ભણાવ્યો. ભગવાન શ્રીહરિની દિવ્યલીલાનું ગાન કરતાં કરતાં સુવ્રતમુનિ જગન્નાથપુરીમાં આવ્યા. ત્યાં એક દિવસ ચક્રતીર્થ નામના અતિ પવિત્ર ક્ષેત્રમાં બેઠાં બેઠાં એ પૂજા કરી રહ્યા હતા, તે સમયે સૌરાષ્ટ્રના ભાડેર ગામના એક નાના રજવાડાંના રાજવી પ્રતાપસિંહ ત્યાં આવ્યા. પ્રગટ પ્રભુના દર્શન કરવાની ઈચ્છાથી તીર્થોમાં ફરતાં ફરતાં એ આવ્યા હતા. સુવ્રતમુનિને પૂજા કરતા અને જે પૂજા-દ્રવ્ય ભગવાનને અર્પણ કરતા હતા તેનો હસીને ભગવાનની પ્રતિમા સ્વીકાર કરતા જોઈને એના આશ્ચર્યનો અને આનંદની કોઈ સીમા ન રહી. સુવ્રતમુનિને દંડવત્ પ્રણામ કરીને એકબાજુ તેઓ શાંતિથી બેઠા.

થોડીવાર પછી સુવ્રતમુનિ પૂજામાંથી નિવૃત્ત થયા એટલે હાથ જોડી યાચના કરી : ''મુનિરાજ ! હું કાઠિયાવાડનો એક નાનો રાજા છું. ભગવાન પ્રત્યક્ષ મળે એવી ઈચ્છાથી તીર્થોમાં ફરતો ફરતો અહીં આવ્યો છું. જો કે આજે ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થયું નથી પણ આપની પૂજા ભગવાને સ્વહસ્તે સ્વીકારી છે એ મેં નજરોનજર જોયું છે. આપ મારા ઉપર કૃપા કરો કે જેથી મને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થાય, અને હું જે પૂજા કરું તે એ પોતે હર્ષથી સ્વીકારે.''

''રાજન્ ! તારું કલ્યાણ થાઓ. તમે જે માગો છો એ તો ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની જીવનલીલાનું અખંડ ગાનકીર્તન કરે ત્યારે જ શક્ય બને છે.'' સુવ્રતમુનિએ કહ્યું.

''મુનિરાજ ! કૃપા કરીને એ જીવનલીલાનું ગાન આપ મને સંભળાવો અને શીખવો એવી મારી વિનંતી છે.'' પ્રતાપસિંહ રાજાએ અતિ નમ્રભાવે બે હાથ જોડીને વિનંતી કરી.

સુવ્રતમુનિ રાજાની આ વાત સાંભળી પ્રસન્ન થયા. એમણે સત્સંગિજીવન ગ્રંથના પાંચ પ્રકરણ, ત્રણસો ઓગણીશ અધ્યાય, સત્તર હજાર છસ્સો શ્લોકની કથા પ્રતાપસિંહ રાજાને અથેતિ સંભળાવી.

ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રો સાંભળીને પ્રતાપસિંહ રાજાએ પ્રસન્ન થકા હાથ જોડી કહ્યું :

धन्योऽहं मुनिशार्दूल ! सफलं मे नृजन्म च । समागमेन भवतो जातमेव न संशयः ।।५४।।
नारायणचरित्राणि श्रुत्वानन्दो महान् हृदि । महामुनेऽद्य जातो मे वक्तुं शक्नोमि तं न हि ।।५५।।
त्वं तु धन्योऽसि येनेह साक्षात्संसेवितो हरिः । वशीकृतः स भक्त्या च कृपापात्रं तथाऽस्य च ।।५६।।
सतां परोपकारित्वमस्ति स्वाभाविकं मुने !। अस्मादृशां हि बोधाय चरसि त्वं धरातले ।।५७।।
अहं च तव शिष्योऽस्मि त्वामेव शरणं गतः । कुरु मेऽनुग्रहं येन साक्षादीक्षेय तं प्रभुम् ।।५८।।

હે મુનિશાર્દુલ ! હું ધન્ય છું, મારો મનુષ્ય અવતાર તમારા સમાગમથી સફલ થયો, આ વિષયમાં સંશય નથી જ. હે મહામુને ! નારાયણચરિત્રોને સાંભળી મારા મનમાં હાલમાં મહાઆનંદ થયો છે તે મહાનંદને કહેવા હું શક્તિમાન નથી જ. હે સુવ્રતમુને ! તમો તો ધન્ય છો. જે તમોએ આ લોકમાં સાક્ષાત્ હરિ, પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાન દર્શન, સ્પર્શ, અર્ચનાદિથી ઉપાસના કરાયેલા છે. અને તે શ્રીહરિ ભક્તિથી વશ કરાયેલા છે તથા શ્રીહરિના તમો કૃપાપાત્ર છો. તમારા સમાન સાધુઓનું પરોપકારીપણું સ્વાભાવિક છે, કારણ કે તમો અમારા સમાન જનોને સાક્ષાત્ ભગવાનના સ્વરૂપના જ્ઞાનોપદેશ માટે પૃથ્વીમાં વિચરણ કરો છો. હું તમારો શિષ્ય છું, તમારા જ શરણને પામેલો છું માટે મારા ઉપર અનુગ્રહ કરો. જે તમારા અનુગ્રહથી પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ પ્રભુના મને દર્શન થાય.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૫/૭૦/૫૪-૫૮)

રાજા પ્રતાપસિંહની પ્રાર્થનાથી સુવ્રતમુનિએ કહ્યું :

इति प्रतापसिंहेन सोऽर्थितो मुनिराह तम् । यथाश्रुतं हरिं राजन् ! ध्याय दास्यति दर्शनम् ।।५९।।
ग्रन्थमेतं तु ये प्रीत्या शृणुयुस्तेभ्य ईश्वरः। दद्यात्स्वदर्शनं चेति शतानन्द उवाच माम् ।।६०।।

"હે રાજન્ ! આ સત્સંગિજીવન ગ્રંથ પ્રમાણે જેવા સાંભળ્યા છે તેવા ભગવાન શ્રીહરિને એકાગ્ર મનથી ચિંતન કરો. તમોને દર્શન આપશે."

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૫/૭૦/૫૯-૬૦)

વળી, સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને કહ્યું હતું કે, મેં જે પરબ્રહ્મ પરમાત્માના જીવનના લીલાચરિત્રો સંભળાવ્યા છે તે પરમાત્મા અંતર્ધાન થયા નથી. એમની જે તિરોધાનલીલા મેં તમને સંભળાવી તે તો એમની માનુષીલીલા છે. એ પરબ્રહ્મ શ્રીહરિકૃષ્ણ સદા સર્વદા પ્રત્યક્ષ જ છે. આ પ્રત્યક્ષ ભગવાનના ચરિત્રોલીલા ભક્તિપૂર્વક પાઠ કરે અને જે ભક્તિથી શ્રવણ કરે તે બંને શ્રીહરિના પ્રતાપથી યમના પાશથી મુક્ત થાય છે.

उन्मूलितस्वकवृषध्रुगधर्मसर्गः सम्पोषिताखिलवृषान्वय आत्मतन्त्रः ।
आत्मीयभक्तजनकल्पमहीरुहाभो वृत्तालये स भगवान् जयतीह साक्षात् ।।

મૂલે સહિત ઉખાડી નાખ્યો છે, પોતાને અતિપ્રિય એકાંતિક ધર્મનો દ્રોહ કરનારો અધર્મસર્ગ જેમણે એવા; અને સારી રીતે વૃદ્ધિ પમાડ્યો છે જ્ઞાન-વૈરાગ્યાદિ સ્વરૂપ ધર્મસર્ગ જેમણે એવા, સ્વતંત્ર, પોતાના જે ભક્તજનો તેમના સમગ્ર મનોરથ પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ભગવાન શ્રીહરિ આ ભારતભૂમિમાં **વૃત્તાલયપુર**માં પ્રત્યક્ષપણે સર્વોત્કર્ષપણે વર્તે છે. (શ્રીમદ્ સત્સંગિજીવન : ૫/૬૮/૮૮)

સદ્ગુરુ શતાનંદ સ્વામીએ 'શ્રીસત્સંગિજીવન'ના ઉપરોક્ત ચરણમાં **'स भगवान्'** શબ્દો, શાસ્ત્રો જેને નેતિ નેતિ કહીને વર્ણવે છે અને જેમના જીવનનું વર્ણન સત્સંગિજીવન ગ્રંથના અધ્યાયોમાં પોતે પદેપદે કરેલું છે એમને માટે વાપરેલા છે અને એમનો પ્રત્યક્ષ પરિચય આપવા માટે **'जयती'** એ શબ્દ સમજી વિચારીને સ્વામીએ વર્તમાનકાળના ક્રિયાપદનો વાપરેલો છે. તે સાથે **'इह'** શબ્દ એમણે પોતાના વિધાનનું અતિ મક્કમપણે પ્રતિપાદન કરવાના હેતુથી વાપરેલો છે.

શતાનંદ સ્વામીએ સંપ્રદાયમાં એકમાત્ર વડતાલ ક્ષેત્ર માટે જ આ મહાસૂત્ર વાપરેલું છે એ માટે બીજા પણ શાસ્ત્રસમંત કારણો ગણાવી શકાય છે. આથી જ સુવ્રતમુનિએ પ્રતાપસિંહ રાજાને વર્ષો પહેલાં ત્રિકાળાબાધિત સત્ય વચન કહ્યું છે કે,

वृत्तालये स भगवान् जयतीह साक्षात् ।।

સુજ્ઞ વાચકજનો ! 'વડતાલધામ મહિમા લીલાગાથા'નો આ ગ્રંથનું વાંચન કરી જો વડતાલ જઈને ભક્તિભાવ-શ્રદ્ધાપૂર્વક પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન કરશો તો તમે પણ અંતરના નાદથી કહેશો - **वृत्तालये स भगवान् जयतीह साक्षात् ।।**

●●●

ગ્રંથ સંદર્ભ સૂચિ

આ **'વડતાલ મહિમા ગાથા'** ગ્રંથમાં સંપ્રદાયના તેમજ અન્ય જે જે ગ્રંથોનો **આધાર** લેવામાં આવ્યો છે તેની **સૂચિ** નીચે પ્રમાણે છે.

૦૧. **શ્રીમદ્ સત્સંગિજીવન :**
રચયિતા : સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી, સંશોધક :- સ્વામી આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૭.

૦૨. **શ્રીહરિચરિત્રામૃતસાગર :**
રચયિતા : સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી, ભાષાંતરઃ- શા. સ્વા. જ્ઞાનપ્રકાશદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ. ઈ.સ. ૨૦૧૩.

૦૩. **શ્રી ભક્તચિંતામણિ :**
રચયિતા : સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં. ૨૦૪૦ સને ૧૯૮૪

૦૪. **શ્રીહરિલીલામૃત :**
રચયિતા : પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં.૧૯૮૪ , ઈ.સ. ૧૯૨૮

૦૫. **શ્રી વચનામૃત :**
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. ઈ.સ. ૨૦૦૨.

૦૬. **શ્રી શિક્ષાપત્રી :**
લેખક : ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

૦૭. **શ્રી નિષ્કુળાનંદ કાવ્ય :**
રચયિતા : સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં. ૨૦૪૧, સને ૧૯૮૫

૦૮. **શ્રીહરિલીલાકલ્પતરુ :**
રચયિતા : પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી, પ્રકાશક : શેઠ માણેકલાલ ચુનીલાલ - મુંબઈ, સં. ૨૦૨૦

૦૯. **શ્રીહરિદિગ્વિજય :**
રચયિતા : સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, પ્રકાશક : મૂળજીભાઈ માણેકલાલ ચોકસી, સં. ૧૯૯૦, ઈ.સ. ૧૯૩૪

૧૦. **શ્રીહરિલીલાસિંધુ :**
રચયિતા : સ.ગુ. શ્રી વૈષ્ણવાનંદ વર્ણી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - જેતલપુર

૧૧. **શ્રીહરિચરિત્રમ્ (સંસ્કૃત) :**
રચયિતા : સ.ગુ. શ્રી અખંડાનંદ વર્ણી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - ગાંધીનગર

૧૨. **શ્રી ઘનશ્યામલીલામૃત સાગર :**
રચયિતા : સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી, પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ

૧૩. **શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર :**
રચયિતા : સ.ગુ. શ્રી માધવદાસજી સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ. ઈ.સ. ૨૦૨૪

૧૪. **શ્રીજીમહારાજના ચરિત્રો - ગઢપુરલીલા :**
રચયિતા : સ.ગુ. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ. ઈ.સ. ૨૦૧૩

૧૫. **સ.ગુ. બ્રહ્મ.શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો :**
સંપાદક : બ્રહ્મ. સ્વામી કૃષ્ણાનંદજી - ગઢપુર, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ. ઈ.સ. ૨૦૧૫

૧૬. **સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો :**
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ, ઈ.સ. ૨૦૧૩

૧૭. **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ (ભાગ - ૧,૨,૩) :**
ગ્રંથકર્તા :- સ્વામી રૂગનાથચરણદાસજી - જૂનાગઢ, પ્રકાશક : સ્વામી ચંદ્રપ્રસાદદાસજી (શ્રી સ્વા. મંદિર - જૂનાગઢ)

૧૮. **કીર્તનામૃત :**
નંદસંતો રચિત કીર્તનો. સંશોધક :- સ્વામી આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦.

૧૯. **શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ :**
રચયિતા : વૈદ્ય શાસ્ત્રી મૂળજી શર્મા, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ, ઈ.સ. ૨૦૧૫

૨૦. **સુરત સત્સંગ :**
કો. સ્વામી શ્રી હરિકેશવદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - રામપુરા સુરત. ઈ.સ. ૨૦૧૦

૨૧. **સુરતમાં શ્રીહરિ :**
લેખક : શાસ્ત્રી હરિબળદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - રાજકોટ. ઈ.સ. ૨૦૧૧

૨૨. **શ્રી સહજાનંદ સ્વામિ ચરિત્ર :**
પ્રકાશક :- પ્રભા હનુમાનજી શ્રી સ્વામિનારાયણ મંદિર - જમીયતપુરા

૨૩. **વડતાલ દર્શન (સચિત્ર) :**
લેખક : રમેશચંદ્ર લા. પંડ્યા, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ. ઈ.સ. ૧૯૯૯

૨૪. **ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત્રગાથા**
લેખક : શા. સ્વામી શ્રી માધવપ્રિયદાસજી, પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., ઈ.સ. ૨૦૧૫

૨૫. **ભક્ત આખ્યાન :**
રચયિતા : શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળ, ઈ.સ. ૨૦૧૬

૨૬. **આપણું વડતાલધામ :**
લેખક : પૂ. બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ, ઈ.સ. ૨૦૧૯

૨૭. **વડતાલધામ : ગામ સંદર્ભ (ભાગ ૧ થી ૩) :**
લેખક : હરેન્દ્ર પ્ર. ભટ્ટ - આણંદ, ઈ.સ. ૨૦૨૦

૨૮. **સ્વામિનારાયણ તીર્થ : ઉમરેઠ સંદર્ભ :**
લેખક : હરેન્દ્ર પ્ર. ભટ્ટ - આણંદ, શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉમરેઠ, ઈ.સ. ૨૦૨૦

૨૯. **શ્રીમદ્ ભાગવત :**
રચયિતા : શ્રીવેદ વ્યાસજી, પ્રકાશક : ગીતા પ્રેસ - ગોરખપુર

૩૦. **સ્કંદપુરાણ-વાસુદેવ માહાત્મ્ય :**
રચયિતા : શ્રીવેદ વ્યાસજી, પ્રકાશક :- શ્રીવેંકેટેશ્વર (સ્ટીમ્) મુદ્રણાલય - મુંબઈ

૩૧. **શ્રીમદ્ ભગવદ્ ગીતા :**
પ્રકાશક : ગીતા પ્રેસ - ગોરખપુર

૩૨. **Asiatic Researches Magazine :**
લેખક : જોનાથન ડંકન (Jonathan Duncan), ઈ.સ. ૧૭૯૯

●●●

ગ્રંથ સમાપ્તિ સ્તુતિ

અહો શ્રીજી સ્વામી શુભ અચળધામી પ્રભુ તમે, કૃપાના હે સિંધુ તવ ચરણના સેવક અમે;
તમારી લીલાનું સ્મરણ સુખદાતાર કરિએ, તમારી મૂર્તિનું ચિતવન ચિરં ચિત્ત ધરિયે...૧૯

તમારી લીલાનું વરણન રુડી રીત કરવા, તમે બુદ્ધિ પ્રેરી તતપર રહ્યા વિઘ્ન હરવા;
ઘણાં વિઘ્નો આવ્યાં પણ તવ કૃપા ધીરજ ધરી, કર્યો પૂરો ગ્રંથ પ્રભુ તવ પ્રતાપે મુદ ભરી...૨૦

રઘૂવીરાચાર્યે ભગવતપ્રસાદે પણ વળી, રચ્યા રૂડા ગ્રંથો મુનિજનનિ સાથે હળિમળી;
તમે તેનાં વિઘ્નો વિષમ સમયે વારણ કર્યાં, મહાવિઘ્નો મારાં હરિવર તમે તેમ જ હર્યાં...૨૧

પગે લાગું માગું વરદ તવ પાસે વર સદા, તમારી માયાથી મન નવ થશો ક્ષોભિત કદા;
અહંતા આ લોકે તનધન વિષે તો નવ થશો, તમારા અંઘ્રીમાં મુજમન સુખે સંતત વસો...૨૨

તમારા ભક્તોનો અવગુણ ન આવે ઉર વિષે, તમારી આજ્ઞાઓ કદિ પણ ઉલંઘી નવ દિસે;
તમારા સંતોનું સતત મુજથી સેવન થજો, તમારા ભક્તોમાં હરિવર સદા હેત જ હજો...૨૩

સહૂ સત્સંગીને સુખદ સુખ દેજો સહુ સમે, પડે જ્યાં આપત્તિ તરત હરિ આવો તહિં તમે;
દયાળુ દૃષ્ટીથી વિઘન સઘળાં વારણ કરો, મરીચ્યાદી કેરી હરકત હરી તેમ જ હરો...૨૪

હરિવર ગુણ ગ્રંથ પંથ એહ, પુરણ થયો પ્રભુની કૃપાથિ તેહ;
સકળ જન કહો સ્વશીશ નામી, જયજય શ્રીસહજાખ્ય નંદસ્વામી...૩૪

વિશ્વના કારણં વિશ્વઉદ્ધારણં, સૌખ્યવિસ્તારણં દુઃખવીદારણં;
દુષ્ટતાખંડનં શુદ્ધતામંડનં, ધર્મના નંદનં હું કરું વંદનં...૩૫

(શ્રીહરિલીલામૃત : ૧૦/૨૦)

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત



200

શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ
સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024

-: પ્રકાશક :-

વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,

મુખ્ય કોઠારીશ્રી ડો.શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Lit.)

મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫(ગુજરાત)

Email : vadtaldhamvikas@gmail.com • Website : www.vadtalmandir.org